
પ્રકરણ (૨૫)

સૂરએ ફુરકાન

સૂરએ ફુરકાન મક્કામાં નાઝિલ થઈ, તેની ૭૭ આયતો અને ૬ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૧–૨–૩)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

ઘણી બરકત છે તેની જેણે ફૈસલાનું પુસ્તક (ફુરકાન–કુર્આન) પોતાના બંદા ઉપર ઉતાર્યું જેથી દુનિયાઓવાળા માટે ડરાવનાર રહે. (૧) તે કે જેની બાદશાહત આસમાનો અને જમીનમાં છે અને ન જ તેણે કોઈને બેટો બનાવ્યો અને બાદશાહતમાં કોઈ તેનો ભાગીદાર નથી અને દરેક વસ્તુનું સર્જન કર્યું, પછી તેને પ્રમાણસર ઠીકઠાક કર્યું. (૨) અને લોકોએ તેને છોડીને કેટલા મઅ્બૂદો બનાવી રાખ્યા છે જેઓ કોઈ વસ્તુનું સર્જન નથી કરી શકતા

VISIT…

LANZAROTE
Caliente.com

અને તેઓ પોતે બનાવવામાં આવ્યા છે અને પોતાના માટે ન તો નુકસાનના માલિક છે અને ન જ ભલાઈના અને ન તો મોતના માલિક છે અને ન જ જિંદગીના અને ન જ સજીવન થવાના. (૩)

તફસીર :

તે ઘણી મહાન જાત છે જેણે ફેંસલાનું પુસ્તક (એટલે કે કુર્આન) પોતાના ખાસ બંદા (એટલે કે રસૂલે કરીમ ﷺ) ઉપર નાઝિલ કર્યું જેથી તેઓ સમગ્ર દુનિયાઓવાળા માટે (ઈમાન ન લાવવાના સ્વરૂપમાં અલ્લાહ તઆલાના અઝાબથી) ડરાવનાર થાય, એવી જાત જેના માટે આસમાનો અને જમીનની હુકૂમત પ્રાપ્ત છે અને તેણે કોઈને (પોતાની) અવલાદ ઠરાવી નથી અને ન જ કોઈ તેનો બાદશાહતમાં ભાગીદાર છે અને તેણે દરેક વસ્તુનું સર્જન કર્યું પછી બધાનો અલગ અલગ અંદાજો રાખ્યો (કે કોઈ વસ્તુના લક્ષણો અને ખાસિયતો અમુક પ્રકારની છે તો કોઈના બીજા પ્રકારના) અને તે મુશ્રિકોએ અલ્લાહને છોડીને અન્ય એવા મઅ્બૂદો ઠરાવી દીધા છે જેઓ (કોઈપણ રીતે મઅ્બૂદ બનવાના પાત્ર જ નથી કારણ કે તેઓ) કોઈ વસ્તુના સર્જનહાર નથી અને બલકે તેઓ પોતે સર્જાયેલા (મખ્લૂક) છે અને પોતે પોતાના માટે ન તો કોઈ નુકસાન (દૂર કરવા)નો અધિકાર ધરાવે છે અને ન જ કોઈ લાભ (પ્રાપ્ત કરવા)નો અને ન તો કોઈના મરણનો અધિકાર ધરાવે છે (કે કોઈ સજીવનો પ્રાણ કાઢી શકે) અને ન જ કોઈને જીવાડવાનો (અધિકાર ધરાવે છે કે કોઈ નિર્જીવમાં પ્રાણ ફૂંકી દે) અને ન જ કોઈને (કયામતમાં) ફરીવાર સજીવન કરવાનો (અધિકાર ધરાવે છે અને જે વ્યક્તિ એવી વસ્તુઓ ઉપર કાબૂ કે શક્તિ નથી ધરાવતો તે કદાપિ મઅ્બૂદ નથી હોઈ શકતો).

મસ્અલા અને બોધપાઠ :

સૂરતની વિશેષતાઓ :

આ સંપૂર્ણ સૂરત જમહૂર મુફસ્સિરોના મતે મક્કી છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને કતાદહ (રદિ.)એ ત્રણ આયતો વિશે વર્ણન કર્યું છે કે તે મક્કી નથી મદની છે, બાકી સૂરત મક્કી છે અને અમુક લોકોએ કહ્યું છે કે આ સૂરત મદની છે અને તેમાં અમુક આયતો મક્કી છે. (કુર્તુબી) અને આ સૂરતના

વિષયોનો ખુલાસો કુર્આને કરીમની શ્રેષ્ઠતા અને રસૂલે કરીમ ﷺની નુબુવ્વત તથા રિસાલતની સચ્ચાઈનું વર્ણન તથા દુશ્મનો તરફથી તેમના ઉપર જે વાંધાઓ ઉઠાવવામાં આવતા હતા તેનો જવાબ છે.

تَبَارَكَ (તબારક) એ بَرَكَتْ (બરકત)થી બનેલ શબ્દ છે. "બરકત"નો અર્થ "ભલાઈની વધારે માત્રા" થાય છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે આયતનો ભાવાર્થ એ છે કે દરેક ભલાઈ અને બરકત અલ્લાહ તઆલા તરફથી છે, فُرْقَانْ (ફુરકાન) કુર્આને કરીમનો લકબ છે, તેનો શાબ્દિક અર્થ "જુદું પાડનાર અથવા ફરક કરનાર" થાય છે. પોતાના સ્પષ્ટ ફરમાનો દ્વારા કુર્આને કરીમ સત્ય અને અસત્ય (હક અને બાતિલ)માં તફાવત અને ફરક બતાવે છે તથા મોઅ્જિઝાઓ દ્વારા સત્યવાદીઓ અને જુઠ્ઠાઓમાં ફરક કરી આપે છે એટલા માટે તેને "ફુરકાન" કહેવામાં આવે છે. لِلْعٰلَمِيْنَ (લિલ્ આલમીન)થી સાબિત થાય છે કે રસૂલે કરીમ ﷺની રિસાલત અને નુબુવ્વત સમગ્ર વિશ્વ માટે છે, તે અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)થી અલગ છે કે તેમની નુબુવ્વત અને રિસાલત કોઈ ખાસ સમૂહ અથવા ખાસ સ્થળ માટે હતી. સહીહ મુસ્લિમની હદીષમાં રસૂલે કરીમ ﷺએ જે પોતાની ખાસ છ વિશેષતાઓ વર્ણન કરી છે તેમાંથી એક એ પણ છે કે રસૂલે કરીમ ﷺની બઅ્ષત સમગ્ર વિશ્વ માટે સર્વસામાન્ય છે.

فَقَدَّرَهٗ تَقْدِيْرًا દરેક વસ્તુના સર્જન પછી تَقْدِيْر (તકદીર)નું વર્ણન કરવામાં આવ્યું છે. تَخْلِيْق (તખ્લીક)નો અર્થ છે કે કોઈ પ્રથમથી ઉપસ્થિત ભૌતિક પદાર્થ કે તત્ત્વ ન હોય છતાં એક વસ્તુને ન હોવામાંથી અસ્તિત્વમાં લાવવામાં આવે પછી તે ગમે તેવી મોટી કે વિશાળ હોય.

સર્જન (મખ્લૂક)માં દરેક વસ્તુની ખાસ ખાસ હિકમતો :

تَقْدِيْر (તકદીર)નો ભાવાર્થ એ છે કે જે વસ્તુને પણ પેદા કરી તેના વિભાગોની, અંગો-ઉપાંગોની શકલ અને સૂરત (કદ અને સ્વરૂપ) અને લક્ષણો તથા ખાસિયતો ખૂબ હિકમતસભર તે કામ માટે યોગ્ય ઉત્પન્ન કરવામાં આવ્યું કે જે કાર્ય માટે તે વસ્તુનું સર્જન કરવામાં આવ્યું છે. આસમાનનું સ્વરૂપ તેના વિભાગો અને તેના લક્ષણો એ કાર્ય પ્રમાણે છે જેના માટે અલ્લાહ તઆલાએ

આસમાન બનાવ્યું છે. ગ્રહો અને તારાઓના સર્જનમાં તે વસ્તુઓ મૂકવામાં આવી જે તેમના અસ્તિત્વના હેતુ પ્રમાણે યોગ્ય છે. જમીન અને તેના પેટાળમાં પેદા થનાર દરેક વસ્તુ ઉપર દષ્ટિ નાંખો દરેકનું સ્વરૂપ, કદ-કાઠી, નરમ હોવું, કઠણ હોવું તે કાર્ય અનુરૂપ બનાવવામાં આવ્યું કે જે કાર્ય માટે કુદરતે તેને પેદા કરી છે, જમીનને ન તો એટલી પ્રવાહી બનાવી કે જેથી પાણીની જેમ હોય કે જે કંઈ તેના ઉપર મૂકવામાં આવે તે તેની અંદર ડૂબી જાય અને ન જ એટલી કઠણ પથ્થર અને લોઢા જેવી બનાવી કે તેને ખોદી પણ ન શકાય, કારણ કે તેનાથી એ જ જરૂરતો સંલગ્ન છે કે તેને ખોદીને પાણી પણ કાઢી શકાય, તેમાં પાયાઓ ખોદીને ઊંચી-ઊંચી ઈમારતો ઊભી કરી શકાય. પાણીને પ્રવાહી બનાવ્યું, તેમાં હજારો હિકમતો છે, હવા પણ વાયુ સ્વરૂપ છે પરંતુ પાણી જેમ પ્રવાહી નથી, પાણી દરેક સ્થળે આપોઆપ પહોંચી નથી જતું, તેમાં મનુષ્યને થોડી મહેનત પણ કરવી પડે છે. હવાને કુદરતે પોતાના હુકમના તા'બે ઈનામ સ્વરૂપે અર્પણ કરી કે તે કોઈ મહેનત અને પ્રવૃત્તિ કર્યા વિના જ દરેક સ્થળે પહોંચી જાય છે, બલકે કોઈ વ્યક્તિ હવાથી બચવા ઈચ્છે તો તેના માટે તેણે ઘણી મહેનત કરવી પડે છે. આ સ્થળે અલ્લાહના સર્જનની હિકમતોની વિગત વર્ણન કરવાનો અવસર નથી, એક એક મખ્લૂક (સર્જન)ને જુઓ; તે દરેક પોતે કુદરત અને હિકમતનો જીવતો જાગતો નમૂનો છે. ઈમામ ગઝાલી (રહ.)એ પોતાની એક આગવી કિતાબ આ વિષય ઉપર લખી છે જેનું નામ اَلْحِكْمَةُ فِىْ مَخْلُوْقَاتِ اللّٰهِ تَعَالٰى છે.

આ આયતોમાં શરૂથી જ કુર્આનની શ્રેષ્ઠતા અને જે મહાન હસ્તી એટલે કે રસૂલે કરીમ ﷺ ઉપર તે નાઝિલ થયું છે તેમને عَبْــــدَهٗ (અબ્દહ)નો ખિતાબ આપીને તેમની ઇજ્જત અને સન્માનનું આશ્ચર્યજનક વર્ણન કર્યું છે, કારણ કે કોઈપણ મખ્લૂક માટે એનાથી મોટી કોઈ પ્રતિષ્ઠા નથી હોઈ શકતી કે સર્જનહાર તેને એવું કહી દે કે આ મારું છે.

بندہ حسن بصد زباں گفت کہ بندۂ توام　　　تو بزبانِ خود بگو بندہ نواز کیستی

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૪ થી ૯)

معانقة ١٠ عند المتاخرين ١٢

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ هٰذَآ اِلَّآ اِفْكُ ِۨافْتَرٰىهُ وَاَعَانَهٗ عَلَيْهِ قَوْمٌ اٰخَرُوْنَ ۚ
فَقَدْ جَآءُوْ ظُلْمًا وَّزُوْرًا ﴿٤﴾ وَقَالُوْٓا اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ اكْتَتَبَهَا فَهِيَ تُمْلٰى
عَلَيْهِ بُكْرَةً وَّاَصِيْلًا ﴿٥﴾ قُلْ اَنْزَلَهُ الَّذِيْ يَعْلَمُ السِّرَّ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ اِنَّهٗ
كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿٦﴾ وَقَالُوْا مَالِ هٰذَا الرَّسُوْلِ يَاْكُلُ الطَّعَامَ وَيَمْشِيْ
فِي الْاَسْوَاقِ ۭ لَوْلَآ اُنْزِلَ اِلَيْهِ مَلَكٌ فَيَكُوْنَ مَعَهٗ نَذِيْرًا ﴿٧﴾ اَوْ يُلْقٰٓى اِلَيْهِ كَنْزٌ
اَوْ تَكُوْنُ لَهٗ جَنَّةٌ يَّاْكُلُ مِنْهَا ۭ وَقَالَ الظّٰلِمُوْنَ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا مَّسْحُوْرًا ﴿٨﴾
اُنْظُرْ كَيْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا فَلَا يَسْتَطِيْعُوْنَ سَبِيْلًا ﴿٩﴾ ع

તરજુમો :

અને જેઓ ઈન્કારી (કાફિર) છે કહેવા લાગ્યા; આ બીજું કંઈ નથી માત્ર જૂઠાણું (તોફાન) ઘડી લાવ્યો છે અને તેમાં તેનો બીજા લોકોએ સાથ આપ્યો છે; બસ અન્યાય અને જૂઠ ઉપર ઊતરી આવ્યા. (૪) અને કહેવા લાગ્યા, આ આગલાઓની નકલો (કહાણીઓ) છે જેને તેણે લખી રાખ્યું છે; બસ તે જ સવાર સાંજ તેની પાસે લખાવવામાં આવે છે. (૫) તમે કહો; તેને તેણે ઉતાર્યું છે જે આસમાનોમાં અને જમીનમાં ગુપ્ત રહસ્યોને જાણે છે, નિઃશંક તે બખ્શનારો મહેરબાન છે. (૬) અને કહેવા લાગ્યા, આ કેવા રસૂલ છે ? ખોરાક ખાય છે અને બજારોમાં ફરે છે ! કેમ તેના તરફ કોઈ ફરિશ્તો ન ઊતર્યો કે તેની સાથે ડરાવવા માટે રહ્યો હોત ? (૭) અથવા તેની પાસે ખજાનો આવી પડયો હોત અથવા તેના માટે એક બગીચો બની ગયો હોત કે એમાંથી ખાતો રહે અને કહેવા લાગ્યા જુલમીઓ; તમે માત્ર જાદૂમાં સપડાયેલ એક પુરુષનું અનુસરણ કરો છો ! (૮) જુઓ ! તમારા ઉપર કેવા કેવા દૃષ્ટાંતો બેસાડે છે ! બસ ભટકી ગયા, હવે માર્ગ પામી નથી શકતા. (૯)

તફસીર :

અને કાફિર લોકો (કુર્આન વિશે) એવું કહે છે કે આ (કુર્આન) તો કંઈ પણ નથી નર્યું જૂઠ (જ જૂઠ) છે જેને તે વ્યક્તિ (એટલે કે પયગમ્બર ﷺ)એ ઘડી લીધું છે અને બીજા લોકોએ તે (ઘડવા)માં તેની સહાય કરી છે (ભાવાર્થ તે અહલે કિતાબ લોકો છે જેઓ મુસલમાન થઈ ગયા હતા અથવા આપ ﷺની સેવામાં એ જ પ્રમાણે હાજર થયા કરતા હતા) બસ, (આવી વાત કહેવાથી) આ લોકો મોટા જુલમ અને જૂઠના સંવાહક થયા (તેનું જુલમ અને જૂઠું હોવાનું આગળ વર્ણન છે) અને આ (કાફિર) લોકો (પોતાના આવા જ વાંધાઓના સમર્થનમાં) એવું કહે છે કે આ (કુર્આન) પ્રમાણ વિનાની વાતો છે જે આગલા લોકો દ્વારા નકલ થતી ચાલી આવી છે જેમને તે વ્યક્તિ (પયગમ્બર અલૈ.)એ (ઉત્તમ લખાણમાં વિચારી વિચારીને પોતાના સહાબાઓના હાથે) લખાવી લીધી છે (જેથી સુરક્ષિત રહે) પછી તે જ (વિષયો) તેને સવાર સાંજ પઢીને સંભળાવવામાં આવે છે (જેથી યાદ રહે, પછી તે યાદ કરેલ વિષયો એકઠા થયેલ લોકોમાં વર્ણન કરીને અલ્લાહ તરફ તેનો સંબંધ જોડવામાં આવે છે), તમે (તેના જવાબમાં) કહી આપો કે આ (કુર્આન)ને તો તે (પવિત્ર) જાતે ઉતાર્યું છે જેને બધી જ ગુપ્ત વાતોની ભલે તે આસમાનોમાં હોય અથવા જમીનમાં હોય ખબર છે (જવાબનો ખુલાસો એ છે આ કલામનું સન્માન તેની ખુલ્લી દલીલ છે કે કાફિરોનો આ વાંધો અને વિરોધ ગલત અને જૂઠો છે તથા જુલમ છે, કારણ કે જો કુર્આન اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ એટલે કે પ્રાચીન લોકોની કહાણીઓ હોત અથવા કોઈ અન્યની સહાયથી લખવામાં આવ્યું હોત તો સમગ્ર દુનિયા તેની મિસાલ બનાવી લાવવાની લાચાર કેમ હોત ?) ખરેખર અલ્લાહ તઆલા ગફૂરોરહીમ છે (એટલા માટે આવા આવા જૂઠ અને જુલમ ઉપર તાત્કાલિક સજા નથી આપતો).

અને આ કાફિર લોકો (રસૂલુલ્લાહ ﷺ વિશે) એવું કહે છે કે આ રસૂલને શું થયું કે તે (અમારી જેમ જ) ખોરાક (પણ) ખાય છે અને (રોજીરોટીની વ્યવસ્થા માટે અમારી જેમ જ) બજારોમાં હરેફરે છે (કહેવાનો હેતુ એ છે કે રસૂલ અને પયગમ્બર મનુષ્યના બદલે ફરિશ્તો હોવો જોઈએ જે ખાવા પીવા વગેરેની જરૂરિયાતોથી બાકાત હોય અને ઓછામાં ઓછું એટલું તો જરૂર જ હોવું જોઈએ કે રસૂલ જો પોતે ફરિશ્તો નથી તો તેનો સાથી અને સહાયક કોઈ ફરિશ્તો હોવો

જોઈએ એટલા માટે કહ્યું કે) એ(રસૂલ)ની પાસે કોઈ ફરિશ્તો કેમ નથી મોકલવામાં આવ્યો કે તે એની સાથે રહ્યા કરે (લોકોને અલ્લાહના અઝાબથી) ડરાવે (અને જો એ પણ ન હોત તો ઓછામાં ઓછું રસૂલને પોતાના ખાવા પીવાની જરૂરિયાતથી તો નચિંતતા હોવી જોઈતી હતી એ પ્રમાણે) કે તેની પાસે (ગયૂબથી) કોઈ ખજાનો આવી પડ્યો હોત અથવા તેની પાસે કોઈ બગીચો હોત જેનાથી એ ખાતા(–પીતા) હોત અને (મુસલમાનોને) આ જાલિમો એવું (પણ) કહે છે કે (જ્યારે ન તો તેમની પાસે કોઈ ફરિશ્તો છે, ન જ ખજાનો, ન જ બગીચો અને છતાં પણ આ નુબુવ્વતનો દા'વો કરે છે તો જાણ થાય છે કે તેમની બુદ્ધિમાં જ કોઈ ખામી છે એટલા માટે) તમે લોકો એક બુદ્ધિહીન વ્યક્તિના માર્ગ ઉપર ચાલી પડ્યા છો (હે મુહમ્મદ ﷺ !) જુઓ તો આ લોકો તમારા માટે કેવી અજબ ગજબ વાતો વર્ણન કરી રહ્યા છે ! બસ, (આ મ્હોં માથા વિનાની વાતોથી) તેઓ (બિલકુલ) ગુમરાહ થઈ ગયા ફરી તેઓ માર્ગ નથી પામી શકતા.

મસ્અલા અને બોધપાઠ :

કાફિરો અને મુશ્રિકો જેઓ રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને કુર્આને કરીમ ઉપર વાંધાઓ ઉઠાવ્યા કરતા હતા અહીંયાંથી તેમના વાંધાઓ અને તેના જવાબોનો ક્રમ શરૂ થઈને અમુક દૂર સુધી ચાલ્યો છે.

પ્રથમ વાંધો એ હતો કે કુર્આન કોઈ અલ્લાહ તઆલા તરફથી ઊતરેલ કલામ નથી બલકે નઊઝુબિલ્લાહ રસૂલે કરીમ ﷺએ તેને પોતે જ જૂઠું ઘડી લીધું છે અથવા ભૂતકાળના લોકોના કિસ્સા–કહાણીઓ યહૂદીઓ અને નસારા વગેરે પાસેથી સાંભળીને પોતાના સહાબા (રદિ.) પાસે લખાવી લે છે અને કારણ કે પોતે નિરક્ષર (ઉમ્મી) છે, ન તો લખવાનું જાણે છે અને ન જ વાંચવાનું એટલા માટે આ લખેલ કિસ્સાઓને સવાર–સાંજ સાંભળતા રહે છે જેથી તે યાદ થઈ જાય પછી લોકો સામે જઈને એવું કહી આપે છે કે આ અલ્લાહનું કલામ છે.

આ વાંધાઓનો જવાબ કુર્આને قُلْ اَنْزَلَهُ الَّذِىْ يَعْلَمُ السِّرَّ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ આપ્યો. આ જવાબનો ખુલાસો એ છે કે આ કલામ પોતે એ બાબતની સાક્ષી છે કે તેને ઉતારનાર તે પવિત્ર હસ્તી અલ્લાહ જલ્લ શા'નુહૂની છે જે આસમાનો અને જમીનના બધા ગુપ્ત રહસ્યોથી વાકેફ અને જાણકાર છે, એટલા જ માટે કુર્આનને

એક ચમત્કારિક (મોઅ્જિઝા સ્વરૂપ) કલામ બનાવ્યું અને સમગ્ર દુનિયાને પડકાર કર્યો કે જો તેને તમે અલ્લાહનું કલામ નથી માનતા, કોઈ મનુષ્યનું કલામ સમજો છો તો તમે પણ માનવી છો, તેના જેવું કલામ વધારે નહીં તો એક સૂરત બલકે એક આયત બનાવીને બતાવી આપો અને આ પડકાર જેનો જવાબ આપવો અરબના ઊંચા ગજાના સાહિત્યકાર લોકો માટે પણ માત્ર મુશ્કેલ જ ન હતો બલકે તેમણે તેનાથી પલાયન અપનાવ્યું, કોઈની એટલી હિંમત ન થઈ કે કુર્આનની એક આયતના મુકાબલામાં તેના જેવી બીજી આયત લખી લાવે, જ્યારે કે રસૂલે કરીમ ﷺના વિરોધમાં પોતાના માલ-દોલત બલકે પોતાના સંતાન અને પોતાના પ્રાણ સુદ્ધાં ખર્ચી નાંખવા તૈયાર થઈ ગયા પરંતુ એ નાની સરખી વાત ન કરી શક્યા કે કુર્આનના ઉદાહરણ સ્વરૂપ એક સૂરત લખી લાવે. આ એ બાબતની સ્પષ્ટ દલીલ છે કે આ કલામ કોઈ માનવીનું નથી નહિતર બીજો મનુષ્ય પણ આવું કલામ લખી શક્યો હોત અને માત્ર અલ્લાહ તઆલા જ સમગ્ર વસ્તુ જાણનાર અને દરેક વસ્તુની ખબર રાખનાર છે, તેની ઉચ્ચ કક્ષાની વર્ણન અને સાહિત્યિક શૈલી ઉપરાંત તેના બધા જ પ્રકારના અર્થો અને વિષયો પણ એવા જ્ઞાન ઉપર આધારિત છે કે જે માત્ર તે અલ્લાહ તબારક વ તઆલાની પવિત્ર હસ્તી તરફથી જ હોઈ શકે છે જે દરેક જાહેર અને ગુપ્તનો જાણનારો છે, (આ વિષયની સંપૂર્ણ વિગત સૂરએ બકરહમાં કુર્આનની પ્રતિષ્ઠાના વિષય હેઠળ સંપૂર્ણ ચર્ચા સ્વરૂપે વર્ણન થઈ ચૂકી છે, તેને "મઆરિફુલ કુર્આન"ના પ્રથમ ભાગમાં જોઈ શકાય છે.)

બીજો વાંધો એ હતો કે જો આ રસૂલ હોત તો સામાન્ય મનુષ્યોની જેમ ખાતા-પીતા ન હોત બલકે ફરિશ્તાઓની જેમ ખાવા-પીવાની આવશ્યકતાથી જ બાકાત અને જુદા હોત અને જો એવું પણ ન હોત તો ઓછામાં ઓછું તેમની પાસે અલ્લાહ તરફથી એટલો ખજાનો અથવા બગીચાઓ હોત કે તેમને પોતાની રોજી-રોટીની ફિકર-ચિંતા ન કરવી પડી હોત, બજારોમાં હરવું-ફરવું ન પડત, તદુપરાંત તેઓ અલ્લાહ તરફથી રસૂલ હોવાનું કેવી રીતે માની લઈએ કે પ્રંથમ તો તેઓ ફરિશ્તા નથી, બીજું કે કોઈ ફરિશ્તો પણ તેમની સાથે નથી રહેતો કે જે તેમના કલામનું સમર્થન કર્યા કરે એટલા માટે એવું લાગે છે કે તેમના ઉપર કોઈએ જાદૂ કરી દીધો છે જેના કારણે તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે અને આવી મ્હોં માથા વિનાની વાતો કહે છે. આ બધા વાંધાઓનો ટૂંકમાં જવાબ તો આ

આયતમાં આપવામાં આવ્યો اُنْظُرْ كَیْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا فَلَا یَسْتَطِیْعُوْنَ سَبِیْلًا એટલે કે જુઓ તો ! આ લોકો તમારી શા'નમાં કેવી કેવી અજબ ગજબની વાતો કરે છે, જેનું પરિણામ એ છે કે આ બધા માર્ગ ભટકી ગયા અને હવે તેમને માર્ગ મળવાનું કોઈ સ્વરૂપ ન રહ્યું. વિગતવાર જવાબ આગલી આયતોમાં આવ્યો છે.

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૧૦ થી ૨૦)

تَبٰرَكَ الَّذِیْٓ اِنْ شَآءَ جَعَلَ لَكَ خَیْرًا مِّنْ ذٰلِكَ جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ
وَیَجْعَلْ لَّكَ قُصُوْرًا ﴿١٠﴾ بَلْ كَذَّبُوْا بِالسَّاعَةِ ۟ وَاَعْتَدْنَا لِمَنْ كَذَّبَ
بِالسَّاعَةِ سَعِیْرًا ﴿١١﴾ اِذَا رَاَتْهُمْ مِّنْ مَّكَانٍۭ بَعِیْدٍ سَمِعُوْا لَهَا تَغَیُّظًا وَّزَفِیْرًا ﴿١٢﴾
وَاِذَآ اُلْقُوْا مِنْهَا مَكَانًا ضَیِّقًا مُّقَرَّنِیْنَ دَعَوْا هُنَالِكَ ثُبُوْرًا ﴿١٣﴾ لَا تَدْعُوا الْیَوْمَ
ثُبُوْرًا وَّاحِدًا وَّادْعُوْا ثُبُوْرًا كَثِیْرًا ﴿١٤﴾ قُلْ اَذٰلِكَ خَیْرٌ اَمْ جَنَّةُ الْخُلْدِ الَّتِیْ
وُعِدَ الْمُتَّقُوْنَ ؕ كَانَتْ لَهُمْ جَزَآءً وَّمَصِیْرًا ﴿١٥﴾ لَهُمْ فِیْهَا مَا یَشَآءُوْنَ
خٰلِدِیْنَ ؕ كَانَ عَلٰی رَبِّكَ وَعْدًا مَّسْـُٔوْلًا ﴿١٦﴾ وَیَوْمَ یَحْشُرُهُمْ وَمَا یَعْبُدُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ فَیَقُوْلُ ءَاَنْتُمْ اَضْلَلْتُمْ عِبَادِیْ هٰۤؤُلَآءِ اَمْ هُمْ ضَلُّوا السَّبِیْلَ ﴿١٧﴾ قَالُوْا
سُبْحٰنَكَ مَا كَانَ یَنْۢبَغِیْ لَنَآ اَنْ نَّتَّخِذَ مِنْ دُوْنِكَ مِنْ اَوْلِیَآءَ وَلٰكِنْ مَّتَّعْتَهُمْ
وَاٰبَآءَهُمْ حَتّٰی نَسُوا الذِّكْرَ ۚ وَكَانُوْا قَوْمًۢا بُوْرًا ﴿١٨﴾ فَقَدْ كَذَّبُوْكُمْ بِمَا تَقُوْلُوْنَ ۙ فَمَا
تَسْتَطِیْعُوْنَ صَرْفًا وَّلَا نَصْرًا ۚ وَمَنْ یَّظْلِمْ مِّنْكُمْ نُذِقْهُ عَذَابًا كَبِیْرًا ﴿١٩﴾ وَمَآ
اَرْسَلْنَا قَبْلَكَ مِنَ الْمُرْسَلِیْنَ اِلَّآ اِنَّهُمْ لَیَاْكُلُوْنَ الطَّعَامَ وَیَمْشُوْنَ فِی
الْاَسْوَاقِ ؕ وَجَعَلْنَا بَعْضَكُمْ لِبَعْضٍ فِتْنَةً ؕ اَتَصْبِرُوْنَ ۚ وَكَانَ رَبُّكَ بَصِیْرًا ﴿٢٠﴾ ع ٢ ١١ ١٤

તરજુમો :

ઘણી બરકત છે તેની જો ઈચ્છે તો તમારા માટે તેનાથી ઉત્તમ બગીચા બનાવી આપે કે તેની નીચે નહેરો વહે અને તમારા માટે મહેલો બનાવી આપે. (૧૦) બલકે એ લોકો કયામતને જૂઠાડે છે અને અમે તેના માટે આગ (દોઝખ) તૈયાર કરી રાખી છે કે જે કયામતને જૂઠાડે છે. (૧૧) જ્યારે તે દૂરના સ્થળેથી તેમને જોશે તેની ભડભડાટ અને ચિત્કાર (ગુસ્સો) સંભળાશે. (૧૨) અને જ્યારે તેની અંદર નાંખવામાં આવશે એક સાંકડા સ્થળે એક સાંકળમાં અનેક બંધાયેલા (ત્યારે) તે સ્થળે મોતને પોકારશે. (૧૩) ન પોકારો આજના દિવસે એક મૃત્યુને અને પોકારો ઘણા બધા મૃત્યુને ! (૧૪) તમે કહો; ભલા આ બહેતર છે અથવા હંમેશા રહેવાના બગીચા જેનો વાયદો પરહેઝગારોને થઈ ચૂક્યો છે !? તે તેમનો બદલો હશે અને પાછા ફરવાનું સ્થળ. (૧૫) તેમના માટે ત્યાં છે જે તેઓ ઈચ્છે, હંમેશા (તેમાં) રહ્યા કરે, તારા પરવરદિગારના જિમ્મે વાયદો દરખાસ્તને લાયક (માંગેલું મળવાનો) થઈ ચૂક્યો. (૧૬) અને જે દિવસે એકઠા કરી તેમને અને જેમને તેઓ અલ્લાહના સિવાય પૂજે છે બોલાવશે; પછી તેમને કહેશે, શું તમે બહેકાવ્યા મારા આ બંદાઓને અથવા તેઓ આપમેળે માર્ગથી ભટકી ગયા ? (૧૭) તેઓ કહેશે, તું પવિત્ર છે અમારા માટે ઘટિત ન હતું કે કોઈને તારા સિવાય રફીક (કાર્યસાધક) બનાવીએ પરંતુ તું તેમને અને તેમના વડવાઓને લાભ પહોંચાડતો રહ્યો, એટલે સુધી કે તારી યાદ ભૂલાવી બેઠા અને આ તબાહ થનાર લોકો હતા. (૧૮) બસ, તેઓ તો જૂઠાડી ચૂક્યા તમને તમારી વાતમાં, હવે ન તમે (અઝાબ) પાછો ફેરવી શકો છો અને ન જ સહાય કરી શકો છો અને જે કોઈ તમારામાં ગુનેહગાર છે તેને અમે મોટો અઝાબ ચખાડીશું. (૧૯) અને જેટલા અમે તમારાથી પહેલાં રસૂલ મોકલ્યા બધા ખોરાક ખાતા હતા અને બજારોમાં ચાલતા ફરતા હતા અને અમે રાખ્યા છે તમારામાં એકબીજાને કસોટીમાં, જોઈ લઈએ મક્કમ પણ રહો છો (કે કેમ)? અને તમારો પરવરદિગાર સઘળું કંઈ જુએ છે. (૨૦)

તફસીર :

તે જાત ઘણી ઊંચી શા'નવાળી છે, જો તે ઇચ્છે તો તમને (કાફિરોની) આ (ફરમાઇશ)થી (પણ) વધારે સારી વસ્તુ આપી દે, એટલે કે ઘણા બધા (ગયૂબી) બગીચાઓ જેમની નીચે નહેરો વહેતી હોય (વધારે સારી વસ્તુ એટલા માટે કહ્યું કે તે તો માત્ર બાગની ફરમાઇશ કરતા હતા ભલે એક જ હોય અને અનેક વિવિધતા સભર બગીચાઓનું એક બગીચા કરતાં ઉત્તમ હોવું દેખીતું છે) અને (બલકે તે બગીચાઓની સાથે જ અન્ય પણ યોગ્ય વસ્તુઓ આપીએ જેમની તેઓએ ફરમાઇશ પણ કરી નથી એટલે કે) તમને ઘણા મહેલો આપી દઈએ (જે તે બગીચાઓમાં બન્યા હોય અથવા બહાર હોય જેનાથી તેમની ફરમાઈશ ઔર પણ વધારે નેઅ્મતોની સાથે પૂર્ણ થઈ જાય, મતલબ એ છે કે જે જન્નતમાં મળશે, જો અલ્લાહ ઇચ્છે તો તે તમને દુનિયામાં પણ આપી દે પરંતુ અમુક હિકમતોના કારણે એવું ઇચ્છ્યું નહીં વાસ્તવમાં તે જરૂરી પણ ન હતું. બસ, શંકા માત્ર વાહિયાત અને બેહૂદી છે, તે કાફિરોની આ પ્રસ્તુત શંકાઓનું એ કારણ નથી કે તેઓ સત્યની તલબ અને ચિંતા કરે છે અને આ સત્યની તલબની કાર્યવાહીમાં સંશોધન સ્વરૂપે આવી શંકાઓ ઉપસ્થિત થઈ ગઈ છે, બલકે આ વાંધાઓ ઉઠાવવાનું કારણ માત્ર તેમની શરારત છે અને સત્યના સંશોધનથી લાપરવાહી છે અને આવી લાપરવાહી અને શરારતનું કારણ એ છે કે) આ લોકો નેઅ્મતને જૂઠું સમજી રહ્યા છે (એટલા માટે તેમને પરિણામની ચિંતા નથી જે મનમાં આવે છે કરે છે અને બકે છે) તથા (તેનું પરિણામ એ આવશે કે) અમે એવા વ્યક્તિ(ની સજા)ના માટે કે જે કયામતને જૂઠું સમજે દોઝખ તૈયાર કરી રાખી છે (કારણ કે કયામતને જૂઠાડવી અલ્લાહને અને રસૂલને જૂઠાડવા સમાન છે જે દોઝખમાં જવાનું મૂળ કારણ છે અને આ દોઝખનું એ સ્વરૂપ હશે કે) તે (દોઝખ) તેમને દૂરથી જોશે તો (જોતાં જ ગઝબનાક થઈને એ પ્રમાણે જુસ્સો મારશે કે) તે લોકો (દૂરથી જ) તેનો જોશ અને ભડભડાટ સાંભળશે અને (પછી) જ્યારે તેઓ એ (દોઝખ)ની કોઈ તંગ જગ્યામાં હાથ પગ જકડીને નાંખી દેવામાં આવશે તો ત્યાં મોત જ મોત પોકારશે, (જેમકે મુસીબતમાં સ્વાભાવિક રીતે મોતને પોકારે છે, તેની તમન્ના કરે છે, તે વખતે તેમને કહેવામાં આવશે કે) એક મોતને ન પોકારો બલકે ઘણા બધા મોતોને પોકારો (કારણ કે મોતને પોકારવાનું કારણ મુસીબત છે

અને તમારી મુસીબત અનંત છે અને દરેક મુસીબતનો તકાદો મોતને પોકારવું હોય તો તેનું પોકારવું પણ મોટા પ્રમાણમાં થયું અને આ જ વધારે પ્રમાણમાં મોતને પોકારવાનું કહેવામાં આવ્યું, તેમને આ મુસીબત સંભળાવીને) એ કહી આપો કે (એ બતાવો કે) શું આ (મુસીબતની) હાલત સારી છે (કે જે તમારા કુફ્ર અને ઈન્કારનું પરિણામ છે) અથવા તે હંમેશા રહેનારી જન્નત (સારી છે) જેનો અલ્લાહથી ડરનારાઓને (એટલે કે ઈમાનવાળાઓને) વાયદો કરવામાં આવ્યો છે કે તે તેઓના માટે (તેમની આજ્ઞાપાલનનો) બદલો છે અને તેમનું (અંતિમ) ઠેકાણું; (અને) તેમને ત્યાં તે બધી વસ્તુઓ મળશે જે કંઈ તેઓ ઈચ્છશે (અને) તેઓ (તેમાં) હંમેશા રહેશે, (હે પયગમ્બર ﷺ !) આ એક વાયદો છે જે (કૃપા અને ઈનામ સ્વરૂપે) તમારા પરવરદિગારના જિમ્મે છે અને દરખાસ્તને લાયક છે (અને દેખીતું છે કે જન્નત જ ઉત્તમ છે બસ તેમાં કેળવણી પછી ઈમાનનું પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું) અને (તે દિવસની તેમને યાદ અપાવો કે) જે દિવસે અલ્લાહ તઆલા તે (કાફિર) લોકોને અને જેમને તે લોકો અલ્લાહના સિવાય પૂજતા હતા (જેમણે પોતાના અધિકારથી કોઈને ગુમરાહ નથી કર્યા ભલે માત્ર મૂર્તિ ભાવાર્થ તરીકે હોય અથવા ફરિશ્તા વગેરે પણ) તે (બધા)ને ભેગા કરશે પછી (તે જૂઠા મઅ્બૂદોને અને તેમના પૂજારીઓને અપમાનિત કરવા માટે) ફરમાવશે શું તમે મારા આ બંદાઓને (સત્ય માર્ગથી) ભટકાવી દીધા હતા અથવા તેઓ (પોતે જ સત્ય) માર્ગથી ભટકી ગયા હતા ? (મતલબ એ કે તેમણે તમારી પૂજા જે વાસ્તવમાં ગુમરાહી છે તમારા હુકમ અને ખુશીથી કરી જેમકે તે લોકોની માન્યતા હતી કે આ મઅ્બૂદો અમારી આ પૂજાથી ખુશ થાય છે અને ખુશ થઈને અલ્લાહ તઆલા પાસે મારી ભલામણ કરશે અથવા પોતાના ખોટા અભિપ્રાયથી એવું માની લીધું હતું), તે (મઅ્બૂદો) અરજ કરશે કે અલ્લાહની પનાહ ! અમારી શું મજાલ હતી કે અમે તારા સિવાય અન્ય કાર્યસાધકોને (પોતાની માન્યતા માટે) તજ્વીઝ કરીએ (તો પછી અમે પોતે કઈ રીતે કાર્યસાધક બન્યા ? મતલબ એ કે જ્યારે અમે પોતે જ પોતાને મખ્લૂક સમજીએ છીએ અને તું જ અમારો ખાલિક છે તો પછી શિર્ક કરનારાઓથી કઈ રીતે ખુશી જાહેર કરીએ ?) અને પરંતુ (તેઓ પોતે જ ગુમરાહ થયા અને ગુમરાહી પણ એવી અયોગ્ય રીતે કે ઉપકાર માનવાના સામાનને જ તેમણે કુફ્રનો સામાન બનાવી લીધો એટલા માટે કે) તમે

(તો) તેમને અને તેમના વડવાઓને (ખૂબ) રાહત આપી (જેનો તકાદો એ હતો કે નેઅ્મત આપનારને ઓળખે અને તેનો ઉપકાર માને તથા તેની આજ્ઞાનું પાલન કરે પરંતુ આ લોકો) અહીંયાં સુધી (મનેચ્છાઓ અને રસાસ્વાદમાં સંડોવાઈ ગયા) કે (તારી) યાદને (જ) ભૂલાવી બેઠા અને આ લોકો પોતે જ બરબાદ થયા (મતલબ એ છે કે તેમનો જવાબ જાહેર છે કે બંને સ્વરૂપમાંથી એક સ્વરૂપને અપનાવ્યું કે તેઓ પોતે જ માર્ગ ભટકી ગયા અને અમે તેમને ગુમરાહ નથી કર્યા અને તેમની ગુમરાહીને અલ્લાહની મોટી નેઅ્મતો તેમના ઉપર ઉતારવાનું વર્ણન કરીને ઔર વધારે સ્પષ્ટ કરી દીધી. તે સમયે અલ્લાહ તઆલા તે પૂજારીઓને જવાબવિહોણા કરવા માટે કે જે પ્રસ્તુત સવાલનો મૂળ હેતુ છે ફરમાવશે) તો તમારા આ મઅ્બૂદોએ તો તમને તમારી (બધી) વાતોમાં જૂઠા (જ) ઠરાવી દીધા (અને તેમણે પણ તમારો સાથ ન આપ્યો અને અપરાધ સંપૂર્ણ રીતે સ્થાપિત થઈ ચૂક્યો) બસ, (હવે) તમે ન તો પોતે (અઝાબને પોતાના ઉપરથી) ટાળી શકો છો અને ન જ (કોઈ બીજાના તરફથી) મદદ મેળવી શકો છો (એટલે સુધી કે જેમના ઉપર સંપૂર્ણ ભરોસો હતો તે પણ ચોખ્ખો જવાબ આપી રહ્યા છે અને તમારો ખુલ્લો વિરોધ કરી રહ્યા છે) અને જે તમારામાં જાલિમ (એટલે કે મુશ્રિક) હશે અમે તેમને મોટો અઝાબ ચખાડીશું (અને જો કે તે સમયે સંબોધન માત્ર મુશ્રિકોને જ થશે પરંતુ આ પ્રમાણે કહેવાનું એ કારણ છે કે જુલમનો તકાદો અઝાબ હોવું વર્ણન કરવાનો હેતુ છે) અને અમે તમારાથી પહેલાં જેટલા પયગમ્બર મોકલ્યા બધા ખોરાક પણ ખાતા હતા અને બજારોમાં ચાલતા ફરતા હતા (મતલબ એ છે કે નુબુવ્વત અને ખોરાક ખાવું વગેરેમાં કોઈ વિરોધાભાસ નથી એટલા માટે જેમની નુબુવ્વત દલીલોથી સાબિત છે ભલે વાંધા ઉઠાવનારા સ્વીકાર ન કરે, આ બધાને એ બાબતની શંકા થઈ છે, બસ તમારા ઉપર પણ આ વાંધો ખોટો છે) અને (હે પયગમ્બર અને હે પયગમ્બરના અનુયાયીઓ ! તે કાફિરોની આવી બેહૂદા વાતોથી ગમગીન ન થાઓ કારણ કે) અમે તમારા (સમગ્ર લોકો)માં એકને બીજાના માટે કસોટી બનાવ્યા છે (બસ આ જ સ્વાભાવિક ટેવ પ્રમાણે અંબિયા અલૈ.ને એવી હાલત પ્રમાણે બનાવ્યા કે ઉમ્મતની આજમાઇશ થાય કે કોણ તેમની માનવીય પરિસ્થિતિઓ ઉપર દૃષ્ટિપાત કરી તેમને જૂઠાડે છે અને કોણ તેમની નુબુવ્વતની વિશેષતાઓ ઉપર નજર કરીને સમર્થન કરે છે ? બસ, જ્યારે

આ વાત જાણ થઈ ગઈ તો) શું તમે (હવે પણ) સબ્ર કરશો (એટલે કે સબ્ર કરવી જોઈએ) અને (એ વાત નિશ્ચિત છે કે) તમારો પરવરદિગાર સઘળું જોઈ રહ્યો છે (તે નિશ્ચિત સમય ઉપર તેમને સજા આપશે પછી તમે કેમ ગમમાં પડો છો ?).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં કાફિરો અને મુશ્રિકો તરફથી રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલત ઉપર જે શંકાઓ રજુ કરવામાં આવી હતી અને ત્યાં તેમનો ટૂંકમાં જવાબ આપવામાં આવ્યો હતો આ આયતોમાં તેની અમુક વિગત ઉપસ્થિત છે જેનો ખુલાસો એ છે કે તમે પોતાની અજ્ઞાનતા કારણે અને વાસ્તવિકતાની ઓળખથી દૂર હોવાના કારણે એક વાત એવી કહી રહ્યા છે કે જો આ અલ્લાહનો રસૂલ હોત તો તેમની પાસે ઘણી દોલતની ખજાનાઓ હોત, ઘણી મોટી જાયદાદ અને બગીચાઓ હોત જેથી તેઓ રોજી-રોટીની ફિકરથી લાપરવાહ રહ્યા હોત. તેનો જવાબ એ આપવામાં આવ્યો કે એવું કરી આપવું અમારા માટે કોઈ મુશ્કેલ કામ નથી કે પોતાના રસૂલને દોલતના ખજાનાઓ આપી દઈએ બલકે મોટામાં મોટી હુકૂમત અને રાજ્યશાસનના માલિક બનાવી આપીએ જેમકે આથી અગાઉ હઝરત દાવુદ અને હઝરત સુલયમાન (અલૈ.)ને આવી જ દોલત અને સંપૂર્ણ દુનિયા ઉપર અજોડ સત્તા અર્પણ કરીને પોતાની તે સંપૂર્ણ કુદરતની જાહેરાત પણ કરી ચૂક્યા છે પરંતુ જાહેર સર્જનનું હિત અને અસંખ્ય હિકમતોનો તકાદો એ છે કે અંબિયા (અલૈ.)ને ભૌતિક અને દુનિયવી માલ અને દોલતથી અલગ જ રાખવામાં આવે, ખાસ કરીને સય્યિદુલ મુરસલીન સય્યિદુલ અંબિયા ﷺ માટે અલ્લાહ તઆલાને એ જ પસંદ છે કે તેઓ સામાન્ય ગરીબ મુસલમાનોની હરોળમાં અને તેમના જ જેવી પરિસ્થિતિમાં રહે અને પોતે રસૂલે કરીમ ﷺએ પોતાના માટે એવી જ હાલત પસંદ કરી જેમકે મુસ્નદે અહમદ, તિરમિઝીમાં હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અમારા પરવરદિગારે મને ફરમાવ્યું કે હું આપના માટે સંપૂર્ણ મક્કાની ભૂમિ અને આજુબાજુના પહાડોને સોનાના બનાવી આપું છું તો મેં વિનંતી કરી કે નહીં ! હે મારા પરવરદિગાર ! મને તો એ પસંદ કે મને એક દિવસે પેટ ભરીને ખાવા મળે (જેના ઉપર અલ્લાહનો શુક્ર અદા કરું) અને એક દિવસ ભૂખ્યો રહું (તેના ઉપર સબ્ર કરું) અને હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ફરમાવે

છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જો હું ઈચ્છું તો સોનાનો પહાડ મારી સાથે ફર્યા કરતો હોત. *(મઝહરી)*

ખુલાસો તેનો એ છે કે અંબિયા (અલૈ.)નું સામાન્ય રીતે ગરીબાઈ અને ફકીરીમાં રહેવું અલ્લાહ તઆલાની હજારો હિકમતો અને સામાન્ય મનુષ્યોના હિતના લીધે છે અને તેમાં પણ તે આવી હાલત ઉપર મજબૂર નથી હોતા, જો તેઓ ઈચ્છે તો અલ્લાહ તઆલા તેમને મોટા માલદાર અને જાયદાદના માલિક બનાવી શકે છે પરંતુ તેમની જાતને અલ્લાહ તઆલાએ એવી બનાવી છે કે તેઓ માલ-દોલતથી કોઈ દિલચસ્પી જ નથી રાખતા, ગરીબી અને ભૂખને જ પસંદ કરે છે.

બીજી વાત કાફિરોએ એ કહી હતી કે તે પયગમ્બર હોત તો સામાન્ય માનવોની જેમ ખાતા-પીતા ન હોત અને રોજી રોટી માટે બજારોમાં ન ફરતા હોત. આ વાંધાનો આધાર એ છે કે ઘણા બધા કાફિરોની એવી માન્યતા છે કે રસૂલ મનુષ્ય નથી હોઈ શકતો, ફરિશ્તો જ રસૂલ હોઈ શકે છે જેનો જવાબ કુર્આને કરીમમાં અનેક ઠેકાણે આવ્યો છે અને અહીંયાં તેનો એ જવાબ આપવામાં આવ્યો કે જે અંબિયા (અલૈ.)ને તમે પણ નબી અને રસૂલ માનો છો તે પણ તો માનવો જ હતા, માનવોની જેમ ખાતા-પીતા હતા અને બજારોમાં હરતા-ફરતા હતા જેનાથી તમારે એ પરિણામ કાઢી લેવું જોઈતું હતું કે ખાવું-પીવું અથવા બજારોમાં હરવું-ફરવું નુબુવ્વત અને રિસાલતના હોદ્દાની વિરુદ્ધ નથી. પ્રસ્તુત આયતમાં وَمَا اَرْسَلْنَا قَبْلَكَ مِنَ الْمُرْسَلِيْنَ اِلَّا اِنَّهُمْ لَيَاْ كُلُوْنَ الطَّعَامَ.... માં આ વિષયનું વર્ણન છે.

લોકોમાં આર્થિક સમાનતા ન હોવી મહાન હિકમત ઉપર આધારિત છે

وَجَعَلْنَا بَعْضَكُمْ لِبَعْضٍ فِتْنَةً તેમાં ઈશારો એ તરફ છે કે અલ્લાહ તઆલાની કુદરતમાં તો બધું જ હતું, તે તમામ માનવોને એકસરખા માલદાર બનાવી શકતો હતો, બધાને તંદુરસ્ત રાખી શકતો હતો, કોઈ બીમાર ન હોત, બધાની ઈજ્જત અને મરતબા ઉચ્ચ કક્ષા ઉપર કરી દીધા હોત, કોઈ નીચા હોદ્દાનો અથવા ઓછા દરજ્જાનો ન રહી ગયો હોત પરંતુ વૈશ્વિક વ્યવસ્થામાં તેના કારણે ઘણી અડચણો ઊભી થઈ હોત એટલા માટે અલ્લાહ તઆલાએ

કોઈને માલદાર બનાવ્યો, કોઈને ગરીબ અને મુફ્લિસ, કોઈને તાકતવર, કોઈને કમજોર, કોઈને તંદુરસ્ત, કોઈને બીમાર, કોઈને ઈજ્જત-આબરૂ અને મરતબાવાળો તો કોઈને ગુમનામ; આ ભિન્ન ભિન્ન પ્રકારના વિરોધાભાસ ખાસિયતો અને વિભિન્ન પરિસ્થિતિઓમાં દરેક તબકાની પરીક્ષા અને કસોટી છે. માલદાર માટે શુક્રનું, ગરીબ માટે સબ્રનું ઈમ્તિહાન છે. આ જ પ્રમાણે બીમાર અને તંદુરસ્તની પરિસ્થિતિ છે એટલા માટે રસૂલે કરીમ ﷺની તા'લીમ એ છે કે જ્યારે તમારી દષ્ટિ કોઈ એવા વ્યક્તિ ઉપર પડે તો તમે તરત એવા લોકો ઉપર નજર કરો જે તે વસ્તુઓમાં તમારાથી ઓછી હેસિયત ધરાવે છે. (જેથી તમે અદેખાઈના ગુનાહથી પણ બચી જાઓ અને પોતાની વર્તમાન પરિસ્થિતિમાં અલ્લાહ તઆલાનો ઉપકાર માનવાની તક પણ મળે.) (રવાહુ બુખારી વ મુસ્લિમ)

(મઝહરી)

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૨૧-૨૨)

પારહ : ૧૯

19 وَقَالَ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا لَوْلَا أُنزِلَ عَلَيْنَا الْمَلَائِكَةُ أَوْ نَرَىٰ رَبَّنَا ۗ لَقَدِ
اسْتَكْبَرُوا فِي أَنفُسِهِمْ وَعَتَوْ عُتُوًّا كَبِيرًا ﴿٢١﴾ يَوْمَ يَرَوْنَ الْمَلَائِكَةَ لَا
بُشْرَىٰ يَوْمَئِذٍ لِّلْمُجْرِمِينَ وَيَقُولُونَ حِجْرًا مَّحْجُورًا ﴿٢٢﴾

તરજુમો :

અને તે લોકો બોલ્યા જેઓ ઉમ્મીદ નથી રાખતા કે અમને મળશે, કેમ ન ઊતર્યા અમારા ઉપર ફરિશ્તા ? અથવા અમે અમારા પરવરદિગારને જોઈ લીધો હોત, (તેઓ) પોતાની જાતમાં ખૂબ અભિમાન રાખે છે અને મોટી શરારતમાં માથે ચઢી રહ્યા છે. (૨૧) જે દિવસે ફરિશ્તાઓને જોઈ લેશે તે દિવસે ગુનેહગારો માટે કોઈ ખુશખબરી નથી અને કહેશે ક્યાંક કોઈ સુરક્ષિત આશ્રયસ્થાન ઊભું કરવામાં આવે! (૨૨)

તફસીર :

અને જે લોકો અમારી સામે રજુ થવાની ઉમ્મીદ નથી રાખતા (કારણ કે તેઓ કયામત અને તેના હિસાબ માટે રજુ થવાના ઈન્કારી છે) તેઓ (રિસાલતના ઈન્કાર માટે) એવું કહે છે કે તમારી પાસે ફરિશ્તાઓ કેમ નથી આવતા (કે જો ફરિશ્તાઓ આવીને અમને કહે કે આ રસૂલ છે) અથવા અમે પોતાના પરવરદિગારને જોઈ લઈએ (અને તે પોતે અમને એવું કહી આપે કે આ રસૂલ છે ત્યારે અમે ખરાઈ કરી લઈએ, તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે) આ લોકો પોતાના દિલોમાં પોતાને ઘણા મોટા સમજી રહ્યા છે (કે પોતાને એ પાત્ર સમજે છે કે ફરિશ્તા આવીને તેમને સંબોધન કરે અથવા પોતે અલ્લાહ તઆલા તેમની સાથે વાતચીત કરે) અને (ખાસ કરીને અલ્લાહ તઆલાને દુનિયામાં જોવા અને તેનાથી વાતચીત કરવાની ફરમાઈશમાં તો) આ લોકો (માનવતાની) હદથી ઘણે દૂર નીકળી ગયા છે (કારણ કે ફરિશ્તા અને મનુષ્યની તો અમુક બાબતોમાં સમાનતા છે, દાખલા તરીકે બંને અલ્લાહની મખ્લૂક-સર્જન છે પરંતુ અલ્લાહ તઆલા અને માનવીમાં તો કોઈ સમાનતા કે ભાગીદારીનો સવાલ જ નથી અને આ લોકો અલ્લાહને જોવાના પાત્ર તો ક્યાંથી હોય પરંતુ ફરિશ્તાઓ તેમને એક દિવસે દેખાશે પરંતુ જે રીતે તેઓ ઇચ્છે છે એ પ્રમાણે નહીં બલકે તેમના માટે અઝાબ અને મુસીબત તથા પરેશાની લઈને) એટલા માટે જે દિવસે આ લોકો ફરિશ્તાઓને જોશે (અને તે દિવસ કયામતનો છે) તે દિવસે મુજરિમો (એટલે કે કાફિરો)ના માટે કોઈ ખુશીની વાત (નસીબ) ન થશે અને (ફરિશ્તાઓને જ્યારે અઝાબના સામાન સાથે આવતા જોશે તો ગભરાઈને) કહેશે, પનાહ છે ! પનાહ છે !

મસ્અલા અને બોધપાઠ :

وَقَالَ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآئَنَا શબ્દ رَجَآءٌ (રજાઅ)નો સામાન્ય અર્થ કોઈ પ્રિય અને આકર્ષિત કરનાર વસ્તુની આશા માટેનો થાય છે અને ક્યારેક આ શબ્દનો "ડર"ના અર્થમાં પણ ઉપયોગ થાય છે, જેમકે ઇબ્નુલ અંબારીએ "કિતાબુલ અજદાદ" (Arabic Lexicon)માં લખ્યું છે, આ સ્થળે પણ આ જ ડર તરીકેનો અર્થ વધારે સ્પષ્ટ છે, એટલે કે "તે લોકો જેઓ અમારી સામે રજુ

થવાથી ડરતા નથી'' તેમાં એ વાત તરફ ઈશારો છે કે હાસ્યાસ્પદ અને અજ્ઞાનતાભર્યા સવાલો અને ફરમાઈશોની હિંમત એવા જ વ્યક્તિની હોઈ શકે છે જે આખિરતનો બિલકુલ ઈન્કારી હોય, આખિરતમાં આસ્થા ધરાવનાર ઉપર આખિરતની ફિકર એવી છવાયેલી હોય છે કે તેને આવા સવાલ-જવાબની ફુરસદ જ નથી મળતી. આજકાલ જે આધુનિક શિક્ષણના પ્રભાવથી ઈસ્લામ અને તેના હુકમો વિશે ઘણા બધા લોકો શંકાઓ, ચર્ચાઓ તથા દલીલબાજીઓમાં પ્રવૃત્ત નજરે પડે છે એ પણ એની જ નિશાની છે કે નઊઝુબિલ્લાહ દિલમાં આખિરતનું સાચું યકીન નથી અને જો તે હોત તો આ પ્રકારના વાહિયાત સવાલો દિલમાં પેદા જ ન થયા હોત.

حِجْرًا مَّحْجُوْرًا માં શબ્દ حِجْر (હિજ્ર)નો શાબ્દિક અર્થ ''સુરક્ષિત સ્થળ''નો છે અને مَحْجُوْرًا (મહ્જૂરન) તેની તાકીદ છે. આ શબ્દ અરબના રૂઢિપ્રયોગોમાં તે વખતે બોલવામાં આવતો હતો જ્યારે કોઈ મુસીબત સામે હોય, તેનાથી બચવા માટે લોકોને કહેતા હતા કે, ''પનાહ છે ! પનાહ છે !'' એટલે કે અમને આ મુસીબતથી પનાહ (શરણ) આપો તો કયામતના દિવસે પણ જ્યારે કાફિરો ફરિશ્તાઓને અઝાબનો સામાન લાવતા જોશે તો દુનિયાની ટેવ પ્રમાણે આ શબ્દો કહેશે અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ શબ્દનો અર્થ નકલ થયો છે. حَرَامًا مُحَرَّمًا અને ભાવાર્થ એ છે કે કયામતના દિવસે જ્યારે આ લોકો ફરિશ્તાઓને અઝાબની સાથે જોશે અને તેમને મા'ફ કરવાની અને જન્નતમાં જવાની દરખાસ્ત કરશે અથવા તમન્ના જાહેર કરશે તો ફરિશ્તા તેના જવાબમાં કહેશે, حِجْرًا مَّحْجُوْرًا એટલે કે જન્નત કાફિરો ઉપર હરામ અને પ્રતિબંધિત છે.

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૨૩ થી ૩૧)

وَقَدِمْنَآ اِلٰى مَا عَمِلُوْا مِنْ عَمَلٍ فَجَعَلْنٰهُ هَبَآءً مَّنْثُوْرًا ﴿٢٣﴾ اَصْحٰبُ الْجَنَّةِ
يَوْمَئِذٍ خَيْرٌ مُّسْتَقَرًّا وَّاَحْسَنُ مَقِيْلًا ﴿٢٤﴾ وَيَوْمَ تَشَقَّقُ السَّمَآءُ بِالْغَمَامِ وَنُزِّلَ
الْمَلٰٓئِكَةُ تَنْزِيْلًا ﴿٢٥﴾ اَلْمُلْكُ يَوْمَئِذِ ِالْحَقُّ لِلرَّحْمٰنِ ۚ وَكَانَ يَوْمًا عَلَى الْكٰفِرِيْنَ

عَسِيْرًا ﴿٢٦﴾ وَيَوْمَ يَعَضُّ الظَّالِمُ عَلٰى يَدَيْهِ يَقُوْلُ يٰلَيْتَنِى اتَّخَذْتُ مَعَ الرَّسُوْلِ
سَبِيْلًا ﴿٢٧﴾ يٰوَيْلَتٰى لَيْتَنِىْ لَمْ اَتَّخِذْ فُلَانًا خَلِيْلًا ﴿٢٨﴾ لَقَدْ اَضَلَّنِىْ عَنِ الذِّكْرِ بَعْدَ
اِذْ جَآءَنِىْ ۭ وَكَانَ الشَّيْطٰنُ لِلْاِنْسَانِ خَذُوْلًا ﴿٢٩﴾ وَقَالَ الرَّسُوْلُ يٰرَبِّ اِنَّ قَوْمِى
اتَّخَذُوْا هٰذَا الْقُرْاٰنَ مَهْجُوْرًا ﴿٣٠﴾ وَكَذٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِىٍّ عَدُوًّا مِّنَ الْمُجْرِمِيْنَ ۭ
وَكَفٰى بِرَبِّكَ هَادِيًا وَّنَصِيْرًا ﴿٣١﴾

તરજુમો :

અને અમે પહોંચ્યા (લક્ષ આપ્યું) તેમના કામો ઉપર જે તેમણે કર્યા હતા, પછી અમે તેને ઉડતી રાખ (રજકણ) કરી નાંખ્યા. (૨૩) જન્નતના લોકોનું તે દિવસે ઘણું સારું ઠેકાણું છે અને (બપોરના) આરામનું ઘણું સારું સ્થળ છે. (૨૪) અને જે દિવસે આસમાન વાદળથી ફાટી જાય અને ફરિશ્તાઓ હારબંધ ઉતારવામાં આવે (૨૫) તે દિવસે બાદશાહી રહમાનની સત્ય છે અને તે દિવસ ઈન્કારીઓ ઉપર ઘણો અઘરો છે. (૨૬) અને જે દિવસે ગુનેહગાર પોતાના હાથોને (પસ્તાવાથી) કરડી કરડીને કહેશે, હાય અફસોસ! મેં રસૂલની સાથે માર્ગ પકડયો હોત ! (૨૭) હાય મારી દુર્ગતિ ! કે મેં ફલાણાને મિત્ર તરીકે ન પકડયો હોત ! (૨૮) ખરેખર, તેણે તો મને નસીહતથી બહેકાવી દીધો મારા સુધી પહોંચી ચૂકયા બાદ; અને શયતાન મનુષ્યને ખરા સમય ઉપર દગો આપનારો (જ) છે. (૨૯) અને રસૂલે કહ્યું, હે મારા પરવરદિગાર ! મારી કોમે આ કુર્આનને (ત્યજવા લાયક) બકવાસ ઠરાવ્યું છે. (૩૦) અને આ જ પ્રમાણે અમે દરેક નબી માટે ગુનેહગારોમાંથી દુશ્મન રાખ્યા છે અને તમારો પરવરદિગાર માર્ગ બતાવવા માટે અને સહાય કરવા માટે પૂરતો છે. (૩૧)

તફસીર :

અને અમે (તે દિવસે) તેમના (એટલે કે કાફિરોના) તે (નેક) કર્મોની તરફ કે જે તેઓ (દુનિયામાં) કરી ચૂકયા હતા લક્ષ આપીશું બસ તેમને (જાહેર સ્વરૂપે)

એવા (બેકાર) કરી નાંખીશું કે જેમકે ઉડતી ધૂળ (કે કોઈ કામ નહીં આવે, એ જ પ્રમાણે તે કાફિરોના કર્મો ઉપર કોઈ જ સવાબ ન થશે, અલબત્ત) જન્નતવાળા તે દિવસે થોભવાના સ્થળોમાં પણ સારા રહેશે અને આરામ કરવાના સ્થળોમાં પણ ઘણા સારા હશે. (مُّسۡتَقَرّ અને مَقِيۡل નો ભાવાર્થ જન્નત છે, એટલે કે જન્નત તેમના માટે થોભવાનું અને આરામ કરવાનું સ્થળ હશે અને તેનું ઉત્તમ હોવું દેખીતું છે) અને જે દિવસે આસમાન એક વાદળ ઉપરથી ફાટી જશે અને (તે વાદળની સાથે આસમાનથી) ફરિશ્તાઓ (પૃથ્વી ઉપર) મોટા પ્રમાણમાં ઉતારવામાં આવશે (અને તે જ સમયે અલ્લાહ તઆલા હિસાબ કિતાબ માટે તજલ્લી ફરમાવશે અને) તે દિવસે સાચી હુકૂમત રહમાનની (જ) હશે (એટલે કે આ હિસાબ કિતાબ બદલો અને શિક્ષામાં કોઈની દખલગીરી નહીં હોય, જેમકે દુનિયામાં અમુક કામોમાં થોડી ઘણી અન્યની પણ દખલગીરી હોય છે) અને તે (દિવસ) કાફિરો ઉપર ઘણો કઠણ દિવસ હશે (કારણ કે તેમના હિસાબનું પરિણામ જહન્નમ જ છે) અને જે દિવસે જાલિમ (એટલે કે કાફિર વ્યક્તિ પસ્તાવાના માર્યા) પોતાના હાથ કરડી ખાશે (અને) કહેશે, કેવું સારું થાત હું રસૂલની સાથે (દીનના) માર્ગ ઉપર લાગ્યો હોત ! હાય મારી શામત ! (કે એવું ન કર્યું અને) કેવું સારું થાત કે મેં ફલાણા વ્યક્તિને મિત્ર ન બનાવ્યો હોત ! તેણે (એટલે કે તે કમ્બખ્ત મિત્રએ) મને નસીહત આવ્યા બાદ તેનાથી બહેકાવી દીધો (અને હટાવી દીધો) અને શયતાન તો મનુષ્યને (ખરાબ વખત ઉપર) મદદ કરવાથી દગો આપે છે (એટલા માટે તે કાફિરના અફસોસના સમયે તેની કોઈ હમદર્દી ન કરી, જો કે તેની હમદર્દી કરવાથી પણ કંઈ ન થાત, તે માત્ર દુનિયામાં જ બહેકાવવા માટે હતો) અને (તે દિવસે) રસૂલ (ﷺ અલ્લાહ તઆલાથી કાફિરોની ફરિયાદ સ્વરૂપે) કહેશે કે હે મારા પરવરદિગાર ! મારી (આ) કોમે આ કુર્આનને (કે જેના ઉપર અમલ કરવો વાજિબ હતો) બિલકુલ જ ઉપેક્ષિત કરી રાખ્યું હતું (અને તેના ઉપર ધ્યાન જ ન આપતા હતા, અમલ કરવો તો દૂરની વાત ! મતલબ એ કે પોતે કાફિરો પણ પોતાની ગુમરાહીનો સ્વીકાર કરશે અને રસૂલ ﷺ પણ ગવાહી આપશે, અલ્લાહ તઆલાના ફરમાન પ્રમાણે وَجِئۡنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيۡدًا અને અપરાધની સાબિતીના આ જ બે સ્વરૂપો નિશ્ચિત છે સ્વીકાર અને ગવાહી; અને બંનેના ભેગા થવાથી આ સાબિતી ઔર પણ વધુ પાકી થઈ જશે અને તેઓ શિક્ષા

પાત્ર ઠરશે) અને અમે એ જ પ્રમાણે અપરાધી લોકોમાંથી દરેક નબીના દુશ્મન બનાવતા રહીએ છીએ (એટલે કે આ લોકો જેઓ કુર્આનનો ઈન્કાર કરીને તમારો વિરોધ કરી રહ્યા છે તે કોઈ નવી વાત નથી જેનો ગમ કરવામાં આવે) અને (જેને હિદાયત દેવું મંજૂર હોય તેની) હિદાયત કરવા માટે અને (જે હિદાયતથી વંચિત છે તેના મુકાબલામાં તમારી) મદદ કરવા માટે તમારો પરવરદિગાર પૂરતો છે.

મસ્અલા અને બોધપાઠ :

خَيۡرٌ مُّسۡتَقَرًّا وَّاَحۡسَنُ مَقِيۡلًا માં مُسۡتَقَرّ (મુસ્તકર્ર) એ આગવી થોભવાની જગ્યાને કહેવામાં આવે છે અને مَقِيۡل (મકીલ) એ બપોરના સૂવા (કયલુલ્લાહ) માટે બોલવામાં આવે છે, એટલે કે બપોરે આરામ કરવાના સ્થળને "મકીલ" કહેવામાં આવે છે. આ સ્થળે મકીલનું વર્ણન ખાસ કદાચ એટલા માટે પણ થયું છે કે એક હદીષમાં આવ્યું છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા બપોરના સમયે મખ્લૂકોના હિસાબ–કિતાબથી ફારેગ થઈ જશે અને બપોરે સૂવાના સમયે જન્નતવાળાઓ જન્નતમાં પહોંચી જશે અને જહન્નમવાળા જહન્નમમાં.

تَشَقَّقُ السَّمَآءُ بِالۡغَمَامِ، اَىۡ عَنِ الۡغَمَامِ (قرطبى) અર્થ એ છે કે આસમાન ફાટીને તેમાંથી એક પ્રવાહી વાદળ નીકળશે જેમાં ફરિશ્તાઓ હશે, આ વાદળ છત સ્વરૂપે આસમાનથી આવશે અને તેમાં અલ્લાહ તઆલાની તજલ્લી હશે અને તેની આજુબાજુ ફરિશ્તાઓ હશે આવું હિસાબ શરૂ થવાના સમયે થશે અને તે સમયે આસમાનનું ફાટવું માત્ર તેના ખુલવા સ્વરૂપે હશે, આ તે ફાટવું નહીં હોય જે પ્રથમ વખતે પહેલા સૂરના સમયે આસમાન અને જમીનને ફના કરવા માટે હશે કારણ કે આ نُزُوۡلِ غَمَام જેનું વર્ણન આયતમાં છે બીજા વખતના સૂર પછી છે જ્યારે કે બધી જમીન અને આસમાન ફરીવાર ઠીકઠાક થઈ ચૂક્યા હશે.

(બયાનુલ કુર્આન)

يَقُوۡلُ يٰلَيۡتَنِىۡ لَمۡ اَتَّخِذۡ فُلَانًا خَلِيۡلًا આ આયત એક ખાસ પ્રસંગના સંદર્ભમાં નાઝિલ થઈ છે પરંતુ તેનો હુકમ જાહેર છે, ઘટના એ હતી કે ઉકબહ બિન અબી મુઈત મક્કાના મુશ્રિક સરદારોમાંથી હતો, તેની આદત હતી કે જ્યારે કોઈ મુસાફરીથી પાછો આવતો તો શહેરના સન્માનનીય લોકોની દા'વત કરતો હતો અને મોટે ભાગે રસૂલે કરીમ ﷺને પણ મળ્યા કરતો હતો. એક વખતે ટેવ

પ્રમાણે તેણે શહેરના સન્માનનીય લોકોની દા'વત કરી અને રસૂલુલ્લાહ ﷺને પણ બોલાવ્યા, જ્યારે તેણે રસૂલે કરીમ ﷺની સામે ખાવા મૂક્યું તો આપે ફરમાવ્યું, હું તમારું ખાવા તે સમય સુધી નથી ખાઈ શકતો જ્યાં સુધી કે તમે એની ગવાહી ન આપો કે અલ્લાહ તઆલા એક છે, ઈબાદતમાં તેનો કોઈ ભાગીદાર નથી અને એ કે હું અલ્લાહ તઆલાનો રસૂલ છું. ઉકબહે આ વાક્યો પઢી લીધા અને રસૂલુલ્લાહ ﷺએ શરત પ્રમાણે ખાવું ખાઈ લીધું.

ઉકબહનો એક ગાઢ મિત્ર ઉબય બિન ખલફ હતો, જ્યારે તેને ખબર મળી કે ઉકબહ મુસલમાન થઈ ગયો તો તે ખૂબ ક્રોધે ભરાયો, ઉકબહે બહાનું રજુ કર્યું કે કુરૈશના સન્માનનીય મહેમાન મુહમ્મદ (ﷺ) મારા ઘરે આવ્યા હતા, જો તેઓ ખાધા વિના મારા ઘરેથી ચાલ્યા ગયા હોત તો એ મારા માટે ઘણું મોટું અપમાન હોત એટલા માટે મેં તેમના માટે આ શબ્દો કહી દીધા. ઉબય બિન ખલફે કહ્યું કે હું તારી આવી વાતો સ્વીકાર કરતો નથી જ્યાં સુધી કે તું તેમના મોઢાં ઉપર જઈને ન થૂંકે. આ કમ્બખ્ત બદ્નસીબ મિત્રના કહેવાથી આવી ગુસ્તાખી કરવા માટે તૈયાર થઈ ગયો અને એવું કરી ચૂક્યો. અલ્લાહ તઆલાએ દુનિયામાં પણ તે બંનેને ઝલીલ કર્યા કે ગઝ્વએ બદ્રમાં બંને માર્યા ગયા. (બગવી) અને આખિરતમાં તેમના અઝાબનું વર્ણન આ આયતમાં આવ્યું છે કે જ્યારે આખિરતનો અઝાબ સામે જોશે તો તે સમયે પસ્તાવા અને અફસોસથી પોતાના હાથ કરડવા લાગશે અને કહેશે, હાય અફસોસ, કાશ ! મેં ફલાણાને એટલે કે ઉબય બિન ખલફને દોસ્ત ન બનાવ્યો હોત. *(મઝહરી અને કુર્તુબી)*

દુષ્ટ અને બેદીન મિત્રોની દોસ્તી કયામતના દિવસે અફસોસ અને પસ્તાવાનું કારણ બનશે :

તફસીરે મઝહરીમાં છે કે આ આયતો જો કે ખાસ ઉકબહ બિન અબી મુઈતની ઘટનામાં નાઝિલ થઈ હતી પરંતુ જેમકે આયતના શબ્દો જાહેર છે એટલા માટે હુકમ પણ સર્વસામાન્ય છે અને કદાચ આ સ્થળે તે મિત્રના નામના બદલે કુર્આનમાં "ફલાણા" શબ્દનો આ જ જાહેર અર્થ તરફ ઈશારો કરવા માટે ઉપયોગ થયો છે. આ આયતોએ એ બતાવ્યું છે કે જે મિત્ર કોઈ મુસીબત અને ગુનાહ ઉપર એકઠા થાય અને શરીઅત વિરુદ્ધના કાર્યમાં એકબીજાની મદદ કરતા હોય તે બધાનો એ જ હુકમ છે કે કયામતના દિવસે તે ગાઢ મિત્રની મિત્રતા ઉપર

રડશે. મુસ્નદે અહમદ, તિરમિઝી, અબૂ દાવુદ વગેરેએ હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, لَا تُصَاحِبْ اِلَّا مُؤْمِنًا وَلَا يَاْكُلُ مَالَكَ اِلَّا تَقِيٌّ (مَظْهَرِى) એટલે કે, કોઈ ગેરમુસ્લિમને પોતાનો મિત્ર ન બનાવો અને તમારો માલ (મિત્ર સ્વરૂપે) માત્ર મુત્તકી લોકો ખાય, એટલે કે મુત્તકી ન હોય એવા લોકોની દોસ્તી ન કરો અને અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَلْمَرْءُ عَلٰى دِيْنِ خَلِيْلِهٖ فَلْيَنْظُرْ مَنْ يُّخَالِلُ (رَوَاهُ الْبُخَارِى)

"દરેક મનુષ્ય (સ્વાભાવિક રીતે) પોતાના મિત્રના દીન અને તરીકા ઉપર ચાલ્યા કરે છે એટલા માટે મિત્ર બનાવતા પહેલાં ખૂબ વિચાર કરી લો કે કોને મિત્ર બનાવી રહ્યા છો."

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે રસૂલે કરીમ ﷺને પૂછવામાં આવ્યું કે અમારી મજલિસની મિત્રતામાં કોણ લોકો ઉત્તમ છે ? આપ ﷺએ ફરમાવ્યું,

مَنْ ذَكَّرَكُمْ بِاللّٰهِ رُؤْيَتُهٗ وَزَادَفِىْ عِلْمِكُمْ مَنْطِقُهٗ وَذَكَّرَكُمْ بِالْاٰخِرَةِ عَمَلُهٗ

(رَوَاهُ الْبَزَّارُ - قُرْطُبِى)

"તે વ્યક્તિ જેને જોઈને અલ્લાહ યાદ આવી જાય અને જેની વાતચીતથી તમારું જ્ઞાન વધે અને જેના કર્મોને જોઈને આખિરતની યાદ તાજી થાય."

وَقَالَ الرَّسُوْلُ يٰرَبِّ اِنَّ قَوْمِى اتَّخَذُوْا هٰذَا الْقُرْاٰنَ مَهْجُوْرًا એટલે કે, કહેશે રસૂલ હે મારા પરવરદિગાર ! મારી કોમે આ કુર્આનને ભૂલાવી દીધું અને છોડી દીધું.

રસૂલે કરીમ ﷺની આ ફરિયાદ હક તઆલા શા'નુહૂની બારગાહમાં કયામતના દિવસે થશે અથવા આ જ દુનિયામાં રસૂલે કરીમ ﷺએ આ ફરિયાદ કરી તફસીરના ઈમામોમાં આ બાબતે મતભેદ છે, બંનેની શક્યતા છે. આગલી આયતમાં દેખીતો ઈશારો એ બાબતનો છે કે આ ફરિયાદ આપ ﷺએ દુનિયામાં જ રજુ કરી હતી જેના જવાબમાં રસૂલે કરીમ ﷺને દિલાસો આપવા માટે

આગલી આયતમાં ફરમાવ્યું, وَكَذٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِيٍّ عَدُوًّا مِّنَ الْمُجْرِمِيْنَ એટલે કે, જો તમારા દુશ્મન કુર્આનને નથી માનતા તો તમારે એના ઉપર સબ્ર કરવી જોઈએ કારણ કે અલ્લાહની સુન્નત હંમેશાથી એ જ રહી છે કે દરેક નબી (અલૈ.)ના અમુક અપરાધી લોકો દુશ્મન રહ્યા કરે છે અને અંબિયા (અલૈ.) તેના ઉપર ધૈર્ય દાખવતા રહે છે.

કુર્આનને કર્મોની દષ્ટિએ છોડી દેવું પણ મોટો ગુનોહ છે :

દેખીતું એ છે કે કુર્આનને ભૂલાવી દેવા અથવા છોડી દેવાથી ભાવાર્થ કુર્આનનો ઈન્કાર છે જે માત્ર કાફિરોનું જ કામ છે પરંતુ અમુક રિવાયતોમાં એવું પણ આવ્યું છે કે જે મુસલમાન કુર્આન ઉપર ઈમાન તો ધરાવે છે પરંતુ તેની તિલાવતની પાબંદી કરતો નથી, ન જ તેના ઉપર અમલ કરવાની પાબંદી કરે છે તો તે પણ આ હુકમમાં સામેલ છે. હઝરત અનસ (રદિ.)એ ફરમાવ્યું કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે,

مَنْ تَعَلَّمَ الْقُرْاٰنَ وَعَلَّقَ مُصْحَفَهٗ لَمْ يَتَعَاهَدْهُ وَلَمْ يَنْظُرْ فِيْهِ جَاءَ يَوْمَ الْقِيٰمَةِ مُتَعَلِّقًا بِهٖ يَقُوْلُ يَارَبَّ الْعٰلَمِيْنَ اِنَّ عَبْدَكَ هٰذَا اتَّخَذَنِىْ مَهْجُوْرًا فَاقْضِ بَيْنِىْ وَبَيْنَهٗ.

ذَكَرَهُ الثَّعْلَبِىُّ (قرطبى)

"જે વ્યક્તિએ કુર્આન પઢ્યું પરંતુ પછી તેને બંધ કરીને ઘરમાં અધ્ધર કરી દીધું ન તેની તિલાવતની પાબંદી કરી, ન જ તેના હુકમોમાં ચિંતન કર્યું; કયામતના દિવસે કુર્આન તેના ગળામાં પડેલું આવશે અને અલ્લાહ તઆલાની બારગાહમાં ફરિયાદ કરશે કે તારા આ બંદાએ મને છોડી દીધું, હવે તું મારો અને તેના મા'મલાનો ફેંસલો કરી આપ."

આયત : (સૂરએ ફુરકાન : આયત નં. ૩૨)

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَوْلَا نُزِّلَ عَلَيْهِ الْقُرْاٰنُ جُمْلَةً وَّاحِدَةً ۚ كَذٰلِكَ ۚ لِنُثَبِّتَ بِهٖ فُؤَادَكَ وَرَتَّلْنٰهُ تَرْتِيْلًا ﴿٣٢﴾

તરજુમો :

અને તે લોકો કહેવા લાગ્યા જેઓ ઈન્કારી છે, કેમ તેના ઉપર સમગ્ર કુર્આન એકી સાથે ન ઊતર્યું ? (તે) એ જ પ્રમાણે ઉતાર્યું (કે) જેથી અમે તેનાથી તમારું મન મક્કમ રાખીએ અને અમે તેને થોભી થોભીને સંભળાવ્યું. (૩૨)

તફસીર :

અને કાફિર લોકો એવું કહે છે કે એ (પયગમ્બર)ના ઉપર કુર્આન એક જ સમયે કેમ ઊતારવામાં ન આવ્યું ? (આ વાંધાથી તેમનો હેતુ એ છે કે જો આ અલ્લાહનું કલામ હોત તો ક્રમે ક્રમે ઉતારવાની શું જરૂરત હતી ? આ ક્રમબદ્ધ ઉતારવાથી આ શંકા થાય છે કે રસૂલુલ્લાહ ﷺ પોતે જ તેને વિચારી વિચારીને થોડું થોડું ઘડી કાઢે છે, આ વાંધાનો આગળ જવાબ છે કે) આ રીતે (ક્રમબદ્ધ) એટલા માટે (અમે ઉતાર્યું) છે જેથી અમે તેના દ્વારા તમારા દિલને મજબૂત રાખીએ અને (એટલા માટે) અમે તેને ખૂબ થોભી થોભીને ઉતારીએ છીએ (એટલા માટે ૨૩ વર્ષોના સમયગાળામાં ધીમે ધીમે પૂર્ણ થયું).

મસ્અલા અને બોધપાઠ :

આ તે જ કાફિરો અને મુશ્રિકોના વાંધાઓ અને તેના જવાબોનો ક્રમ છે જે સૂરતની શરૂઆતથી ચાલી આવ્યો છે. આ વાંધાના જવાબમાં કુર્આનને ક્રમે ક્રમે નાઝિલ કરવાની એક હિકમત અત્રે એ વર્ણન કરવામાં આવી છે કે તેના દ્વારા તમારા દિલને મજબૂત રાખવાનો હેતુ છે, ક્રમબદ્ધ નાઝિલ થવામાં રસૂલે કરીમ ﷺના દિલને મજબૂતી પ્રદાન થવાના અમુક કારણો છે. પ્રથમ એ કે તે યાદ રાખવામાં સરળ બની ગયું. એક મોટો ગ્રંથ એકી સાથે ઊતરી ગયો હોત તો આ સરળતા ન રહી શકી હોત અને સરળતાની સાથે યાદ થતા રહેવાથી દિલમાં કોઈ પરેશાની નથી રહેતી, બીજું જ્યારે કાફિરો તમારા ઉપર કોઈ વાંધો ઉઠાવતા હતા અથવા તમારી સાથે કોઈ અપ્રિય વ્યવહાર કરતા હતા તો તે જ સમયે તમને દિલાસો આપવા માટે કુર્આનમાં આયતો નાઝિલ થઈ જતી હતી અને જો સમગ્ર કુર્આન એકી સાથે આવી ગયું હોત અને એક ખાસ ઘટના ઉપર સાંત્વનાનું વર્ણન પણ કુર્આનમાં આવી ગયું હોત તો કદાચ તેને કુર્આનમાં શોધવાની આવશ્યકતા પડી હોત અને દિમાગ તે તરફ કેન્દ્રિત થઈ જવું પણ સ્વાભાવિક રીતે જરૂરી ન

હતું, ત્રીજું અલ્લાહનો હુકમ આવવો એક તાજી ગવાહી છે જે અલ્લાહ તઆલા તરફથી દિલની મજબૂતીનો એક મોટો આધાર પણ છે અને આ સ્થળે જે દિલની મજબૂતીની હિકમત બતાવવામાં આવી છે માત્ર ક્રમબદ્ધ ઊતરાણની હિકમત તેના ઉપર આધારિત નથી બલકે બીજી હિકમતો પણ છે જેમાંથી અમુક સૂરએ બની ઈસ્રાઈલની આયત وَقُرْاٰنًا فَرَقْنٰهُ لِتَقْرَاَهٗ عَلَى النَّاسِ عَلٰى مُكْثٍ માં અગાઉ આવી ચૂકી છે.

(બયાનુલ કુર્આન)

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૩૩ થી ૩૬)

وَلَا يَاْتُوْنَكَ بِمَثَلٍ اِلَّا جِئْنٰكَ بِالْحَقِّ وَاَحْسَنَ تَفْسِيْرًا ﴿٣٣﴾ اَلَّذِيْنَ يُحْشَرُوْنَ
عَلٰى وُجُوْهِهِمْ اِلٰى جَهَنَّمَ ۙ اُولٰٓئِكَ شَرٌّ مَّكَانًا وَّاَضَلُّ سَبِيْلًا ﴿٣٤﴾ وَلَقَدْ اٰتَيْنَا
مُوْسَى الْكِتٰبَ وَجَعَلْنَا مَعَهٗٓ اَخَاهُ هٰرُوْنَ وَزِيْرًا ﴿٣٥﴾ فَقُلْنَا اذْهَبَآ اِلَى الْقَوْمِ
الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۭ فَدَمَّرْنٰهُمْ تَدْمِيْرًا ﴿٣٦﴾

તરજુમો :

અને તમારી પાસે કોઈ કપોળકલ્પિત વાત(નો સવાલ) નથી લાવતા પણ અમે તમને (જવાબમાં) સત્ય વાત પહોંચાડી આપીએ છીએ અને ઉત્તમ વિવરણ (ખુલાસો કરીને). (૩૩) જે લોકો કે ઘેરીને લાવવામાં આવશે પોતાના મોઢાંભેર ઊંધા પડેલા દોઝખ તરફ; તેમનો જ બુરો દરજ્જો છે અને માર્ગથી ભટકેલા છે. (૩૪) અને અલબત્ત અમે મૂસા (અલૈ.)ને કિતાબ આપી અને અમે તેમની સાથે તેમના ભાઈ હારૂન (અલૈ.)ને વઝીર (સહાયક) બનાવ્યા. (૩૫) પછી અમે કહ્યું, તમે બંને તે લોકો પાસે જાઓ જેમણે અમારી નિશાનીઓને (તવહીદની દલીલોને) જૂઠાડી છે, પછી અમે તેઓને (જૂઠાડનારાઓને) ઉખેડી ફેંક્યા. (૩૬)

તફસીર :

અને આ લોકો ગમે તેવા વિચિત્ર સવાલ તમારી સામે રજુ કરે પરંતુ અમે (તેનો) ઠીક જવાબ અને સારો ખુલાસો તમને એનાયત કરી આપીએ છીએ (જેથી

તમે વિરોધીઓને જવાબ આપી શકો, આ દેખીતી રીતે તે હૃદયની મજબૂતીનું વર્ણન છે જેનું વર્ણન આનાથી આગલી આયતમાં આવી ચૂક્યું છે કે કુર્આનને ક્રમબદ્ધ ઉતારવામાં રસૂલે કરીમ ﷺ દિલને મક્કમ અને મજબૂત કરવાની હિકમત છે કે જ્યારે કાફિરો તરફથી કોઈ વાંધો આવે તો તે જ વખતે અલ્લાહ તઆલા તરફથી તેનો જવાબ ઊતારી દેવામાં આવે), આ તે લોકો છે જેઓ પોતાના ચહેરાઓભેર ઊંધા પડેલા જહન્નમ તરફ લઈ જવામાં આવશે (એટલે કે ઘસેડીને), આ લોકો સ્થળમાં પણ અત્યંત ખરાબ અને તરીકામાં પણ ઘણા જ માર્ગ ભટકેલા છે. (અહીંયાં સુધી રિસાલતના ઈન્કાર ઉપર ધમકીઓ અને કુર્આનના વાંધાઓના જવાબ હતા, આગળ તેના સમર્થનમાં ભૂતકાળના અમુક પ્રસંગો નકલ કરવામાં આવ્યા છે જેમાં રિસાલતના ઈન્કારીઓનું પરિણામ અને બોધપાઠયુક્ત પરિસ્થિતિઓ ઉપસ્થિત છે અને તેમાં પણ રસૂલે કરીમ ﷺની સાંત્વના અને દિલની મજબૂતીનો સામાન છે કે અગાઉ થઈ ચૂકેલા અંબિયા અલૈ.ની અલ્લાહ તઆલાએ જે પ્રમાણે મદદ કરી અને દુશ્મનો ઉપર વર્ચસ્વ આપ્યું તે તમારા માટે પણ થવાનું છે, તેમાં પ્રથમ કિસ્સો હઝરત મૂસા અલૈ.નો વર્ણન કરવામાં આવ્યો કે) અને ખરેખર અમે મૂસા (અલૈ.)ને કિતાબ (એટલે કે તવરાત) આપી હતી અને (આ કિતાબ મળતા પહેલાં) અમે તેમની સાથે તેમના ભાઈ હારૂન (અલૈ.)ને (તેમના) સહાયક (અને મદદગાર) બનાવ્યા હતા, પછી અમે (બંનેને) હુકમ આપ્યો કે બંને જણા તે લોકો પાસે (માર્ગદર્શન કરવા માટે) જાઓ જેમણે અમારી (તવહીદની) દલીલોને જૂઠાડી છે (તેનો ભાવાર્થ ફિરઔન અને તેની કોમ છે એટલા માટે આ બંને જણા ત્યાં પહોંચ્યા અને તેમને ઘણા સમજાવ્યા પરંતુ તેઓ ન માન્યા) બસ, અમે તેમને (પોતાના ક્રોધથી) બિલકુલ જ ગારત કરી નાંખ્યા (એટલે કે દરિયામાં ડૂબાડી દેવામાં આવ્યા).

મસ્અલા અને બોધપાઠ :

اَلَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا તેમાં ફિરઔનની કોમ વિશે એ ફરમાવ્યું કે તેમણે અમારી આયતોને જૂઠાડી છે જ્યારે કે તે સમયે હઝરત મૂસા (અલૈ.) ઉપર તવરાત નાઝિલ પણ થઈ ન હતી એટલા માટે આ જૂઠાડવાથી તવરાતની આયતો જૂઠાડવાનો ભાવાર્થ નથી હોઈ શકતો બલકે આ આયતોનો ભાવાર્થ યા તો તવહીદની તાર્કિક અને બૌદ્ધિક દલીલો છે જે દરેક મનુષ્યને પોતાની બુદ્ધિ પ્રમાણે

સમજમાં આવી શકે છે, તેમાં ચિંતન અને મનન ન કરવાને આયતોનું જૂઠાડવું કહેવામાં આવ્યું અથવા તો આ કે અગાઉ થઈ ચૂકેલા અંબિયાઓના તરીકાઓ જે કોઈને કોઈ રીતે દરેક કોમમાં ચાલતા આવતા હોય છે, તેનો ઇન્કાર ભાવાર્થ તરીકે છે જેમકે કુર્આનમાં ફરમાવવામાં આવ્યું وَلَقَدْ جَاءَكُمْ يُوْسُفُ مِنْ قَبْلُ بِالْبَيِّنَاتِ તેમાં અગાઉ થઈ ચૂકેલા અંબિયાઓની તા'લીમનું તે લોકો સુધી નકલ થતું ચાલ્યું આવવું બતાવવામાં આવ્યું છે. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૩૭ થી ૪૪)

وَقَوْمَ نُوْحٍ لَّمَّا كَذَّبُوا الرُّسُلَ اَغْرَقْنٰهُمْ وَجَعَلْنٰهُمْ لِلنَّاسِ اٰيَةً ۭ وَاَعْتَدْنَا
لِلظّٰلِمِيْنَ عَذَابًا اَلِيْمًا ﴿٣٧﴾ ۚ وَّعَادًا وَّثَمُوْدَا۟ وَاَصْحٰبَ الرَّسِّ وَقُرُوْنًۢا بَيْنَ
ذٰلِكَ كَثِيْرًا ﴿٣٨﴾ وَكُلًّا ضَرَبْنَا لَهُ الْاَمْثَالَ ۡ وَكُلًّا تَبَّرْنَا تَتْبِيْرًا ﴿٣٩﴾ وَلَقَدْ اَتَوْا
عَلَى الْقَرْيَةِ الَّتِيْٓ اُمْطِرَتْ مَطَرَ السَّوْءِ ۭ اَفَلَمْ يَكُوْنُوْا يَرَوْنَهَا ۚ بَلْ كَانُوْا لَا يَرْجُوْنَ نُشُوْرًا ﴿٤٠﴾
وَاِذَا رَاَوْكَ اِنْ يَّتَّخِذُوْنَكَ اِلَّا هُزُوًا ۭ اَهٰذَا الَّذِيْ بَعَثَ اللّٰهُ رَسُوْلًا ﴿٤١﴾ اِنْ كَادَ
لَيُضِلُّنَا عَنْ اٰلِهَتِنَا لَوْلَآ اَنْ صَبَرْنَا عَلَيْهَا ۭ وَسَوْفَ يَعْلَمُوْنَ حِيْنَ يَرَوْنَ الْعَذَابَ
مَنْ اَضَلُّ سَبِيْلًا ﴿٤٢﴾ اَرَءَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ ۭ اَفَاَنْتَ تَكُوْنُ عَلَيْهِ
وَكِيْلًا ﴿٤٣﴾ ۙ اَمْ تَحْسَبُ اَنَّ اَكْثَرَهُمْ يَسْمَعُوْنَ اَوْ يَعْقِلُوْنَ ۭ اِنْ هُمْ اِلَّا
كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ سَبِيْلًا ﴿٤٤﴾

તરજુમો :

અને નૂહ (અલૈ.)ની કોમને; જ્યારે તેમણે સંદેશ લાવનાર (રસૂલો)ને જૂઠાડ્યા અમે તેમને ડૂબાડી દીધા અને લોકો માટે નિશાની (સ્વરૂપ) બનાવી દીધા અને અમે ગુનેહગારો માટે કષ્ટદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે. (૩૭) અને આદને અને ષમૂદને અને કૂવાવાળાઓ (અસ્હાબે રસ્સ)ને અને તેની મધ્યે ઘણા બધા સમુદાયોને. (૩૮) અને સૌને અમે દૃષ્ટાંતો કહી

સંભળાવ્યા અને સૌને અમે ખોઈ નાંખ્યા સદંતર નાશ કરીને. (૩૯) અને આ લોકો તે વસ્તી પાસે જઈ આવ્યા છે જેના ઉપર ઘણો ખરાબ (અઝાબનો) વરસાદ વરસ્યો, શું તેને જોતા ન હતા ? નહીં ! બલકે પુનઃજીવીત થવાની ઉમ્મીદ (ધારણા) નથી ધરાવતા. (૪૦) અને જ્યાં પણ તમને જુએ તમારાથી તેમને કોઈ કામ નથી પરંતુ ઠઠ્ઠો મશ્કરી કરવા સિવાય; શું આ જ છે જેને અલ્લાહે સંદેશ આપીને મોકલ્યો ? (૪૧) એણે તો અમને અમારા મઅ્બૂદોથી ભટકાવી જ દીધા હોત જો અમે તેના ઉપર મક્કમ ન રહ્યા હોત ! અને આગળ જાણી લેશે જે સમયે અઝાબને જોશે કે કોણ વધારે માર્ગ ભટકેલું છે. (૪૨) ભલા જુઓ તો એ વ્યક્તિને જેણે પોતાની મનેચ્છાને મઅ્બૂદ બનાવ્યો, શું તમે તેની જવાબદારી લઈ શકો છો ? (૪૩) અથવા તમે એવું ધારો છો કે તેમનામાં ઘણા બધા સાંભળે અથવા સમજે છે ? બીજું કંઈ નથી તેઓ જાનવરો સમાન છે; બલકે તેઓ માર્ગથી વધારે ભટકેલા છે.(૪૪)

તફસીર :

અને નૂહની કોમનો પણ (તેમના સમયમાં) અમે નાશ કરી ચૂક્યા છે (જેમના નાશનું કારણનું વર્ણન એ છે કે) જ્યારે તેમણે પયગમ્બરોને જૂઠાડ્યા તો અમે તેમને (જળપ્રલયથી) ડૂબાડી દીધા અને અમે તેઓ(ની ઘટના)ને લોકો(ના બોધપાઠ) માટે નિશાની બનાવી દીધા (આ તો દુનિયામાં સજા થઈ) અને (આખિરતમાં) અમે (તે) જાલિમોના માટે કષ્ટદાયક સજા તૈયાર કરી રાખી છે અને અમે આદ અને ષમૂદ તથા અસ્હાબુર્રસનો અને તેમની વચ્ચે વચ્ચે ઘણી બધી ઉમ્મતોનો નાશ કર્યો અને અમે (પ્રસ્તુત ઉમ્મતોમાંથી) દરેક(ના માર્ગદર્શન) માટે અનેકાનેક (એટલે કે પ્રભાવી અને ખુલાસાવાર) વિષયો વર્ણન કર્યા અને (જ્યારે ન માન્યું તો) અમે બધાને બિલકુલ જ બરબાદ કરી નાંખ્યા અને આ (કાફિરો શામ પ્રદેશની મુસાફરીમાં આ) વસ્તીઓ ઉપર થઈને પસાર થાય છે જેના ઉપર ખરાબ રીતે પથ્થરો વરસાવવામાં આવ્યા હતા (ભાવાર્થ કોમે લૂતના અવશેષોનો છે) બસ શું આ લોકો તેને જોતા નથી રહેતા ! (પછી પણ બોધપાઠ નથી ગ્રહણ કરતા કે કુફ્ર અને જૂઠાડવાનું છોડી દે જેના કારણે લૂતની કોમને સજા થઈ, બસ વાત એમ છે કે બોધપાઠ ગ્રહણ ન કરવાનું કારણ એવું નથી કે તેઓ

આ અવશેષોને જોતા ન હોય) બલકે (મૂળ કારણ તેનું એ છે કે) આ લોકો મૃત્યુ પછી સજીવન થવાની સંભાવનાને જ માનતા નથી (એટલે કે આખિરતના ઈન્કારી છે એટલા માટે કુફ્રને સજાપાત્ર ઠરાવતા નથી અને એટલા માટે તેમના નાશને કુફ્રનો વબાલ સમજતા નથી બલકે એક અચાનક આવી પડેલ આફત સમજે છે અને આ કારણે બોધપાઠ ગ્રહણ કરતા નથી) અને જ્યારે આ લોકો તમને જુએ છે તો બસ તમારાથી ઠટ્ઠો મશ્કરી કરવા લાગે છે (અને કહે છે) કે શું આ જ (મોટા વ્યક્તિ) છે ? તેને અલ્લાહે રસૂલ બનાવીને મોકલ્યા છે !? (એટલે કે આવા ગરીબ રસૂલ ન હોવા જોઈએ, જો રિસાલત કોઈ વસ્તુ છે તો કોઈ રઈશ અથવા માલદાર હોવો જોઈતો હતો, બસ તેઓ રસૂલ નથી અલબત્ત) આ વ્યક્તિ(ની વાક્છટા એવી ગજબની છે કે તેઓ)એ તો અમને અમારા મઅ્બૂદોથી હટાવી જ દીધા હોત જો અમે તેના ઉપર (મજબૂતીથી) કાયમ ન રહ્યા હોત (એટલે કે અમે તો હિદાયત ઉપર છે અને આ અમને ગુમરાહ કરવાની કોશીશ કરતો હતો, અલ્લાહ તઆલા તેના રદિયામાં ફરમાવે છે કે જાલિમ હજુ તો પોતાને હિદાયત પામેલ અને અમારા પયગમ્બરને ગુમરાહ બતાવે છે) અને (મૃત્યુ પછી) જલદી જ તેમને જાણ થઈ જશે જ્યારે અઝાબને નજરે જોશે કે કોણ વ્યક્તિ ગુમરાહ હતો (શું તે પોતે અથવા નઊઝુબિલ્લાહ પયગમ્બર !?... તેમાં તેમના બેહૂદા વાંધાઓના જવાબ તરફ પણ ઈશારો છે કે નુબુવ્વત અને માલદારીમાં કોઈ મેળ નથી, માલદાર ન હોવાના કારણે નુબુવ્વતથી ઈન્કાર નરી અજ્ઞાનતા અને ગુમરાહી સિવાય કંઈ જ નથી પરંતુ દુનિયામાં જે ઈચ્છે ધારણા બાંધી લે પરંતુ કયામતમાં બધી હકીકત ખુલી જશે) હે પયગમ્બર ! તમે તે વ્યક્તિની હાલત પણ જોઈ જેણે પોતાના ખુદા પોતાની મનેચ્છાને બનાવી રાખ્યા છે બસ શું તમે તેમની દેખરેખ રાખી શકો છો અથવા તમે વિચાર કરો છો કે તેમનામાં મોટા ભાગના સાંભળે અથવા સમજે છે ? (મતલબ એ છે કે તેમની હિદાયત ન થવાથી ગમ અને ચિંતામાં ન પડો કારણ કે તમે તેમના ઉપર થોપવામાં નથી આવ્યા કે તમારું ઈચ્છવું, ન ઈચ્છવું તેમને માર્ગ ઉપર લાવે અને ન જ હિદાયતની તેમનાથી આશા રાખો કારણ કે ન તો તેઓ સત્ય વાતને સાંભળે છે અને ન જ તેમનામાં બુદ્ધિ છે કે વિચાર કરે), એ તો માત્ર જાનવરો જેવા છે (કે તેઓ ન તો વાતને સાંભળે છે અને ન જ સમજે છે) બલકે આ તેમનાથી પણ

વધારે માર્ગ ભટકેલા છે (કારણ કે તે દીનના હુકમોના જવાબદાર નથી તો તેમનું ન સમજવું નીંદાપાત્ર નથી અને આ તો જવાબદાર છે પછી પણ નથી સમજતા ? પછી એ કે તેઓ જો જરૂરિયાતે દીનની માન્યતા નથી ધરાવતા તો ઈન્કારી પણ નથી તો આ તો ઈન્કાર જ છે અને أَرَءَيْتَ માં તેમની ગુમરાહીનું કારણ પણ વર્ણન કરી દેવામાં આવ્યું કે કોઈ સંદેહ અથવા દલીલથી તેમને શંકા નથી થઈ બલકે તેઓ પોતાની મનેચ્છાઓના અનુસરણના કારણે આવું કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

નૂહ (અલૈ.)ની કોમ વિશે આ ઈરશાદ છે કે તેમણે રસૂલોને જૂઠાડ્યા જ્યારે કે પ્રથમ રસૂલ ન તેમના સમયમાં હતા અને ન જ તેમણે જૂઠાડ્યા તો કહેવાનો આશય એ છે કે તેમણે હઝરત નૂહ (અલૈ.)ને જૂઠાડ્યા અથવા જે પ્રમાણે દીનના મુખ્ય સિદ્ધાંતોમાં બધા જ અંબિયા (અલૈ.) એકસમાન છે એટલા માટે એકને જૂઠાડવું પણ બધાને જૂઠાડવાના હુકમમાં છે.

أَصْحَٰبَ ٱلرَّسِّ (અસ્હાબર્રસ્સિ)માં رَسّ (રસ્સ) શાબ્દિક અર્થના આધારે "કાચા કૂવા"ને કહેવામાં આવે છે. કુર્આને કરીમ અને કોઈ સહીહ હદીષમાં તે લોકોની હાલતની વિગત ઉપસ્થિત નથી, ઈસ્રાઈલી રિવાયતો વિવિધ પ્રકારની છે. મોટે ભાગે એવું છે કે કોમે ષમૂદના અમુક બાકી બચેલા લોકો હતા જે કોઈ કૂવા ઉપર વસવાટ કરતા હતા. (કઝા ફિલ કામૂષ વદૂર્ર અન ઈબ્ને અબ્બાસ રદિ.) તેમના અઝાબનું સ્વરૂપ પણ કુર્આનમાં નુસૂસથી અને કોઈ સહીહ હદીષમાં પણ ઉપસ્થિત નથી. *(બયાનુલ કુર્આન)*

શરીઅત વિરુદ્ધ મનેચ્છાઓનું અનુસરણ એક પ્રકારની મૂર્તિપૂજા છે :

أَرَءَيْتَ مَنِ ٱتَّخَذَ إِلَٰهَهُۥ هَوَىٰهُ આ આયતમાં તે વ્યક્તિને કે જે ઈસ્લામી શરીઅત વિરુદ્ધ પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરતો હોય એવું કહેવામાં આવ્યું છે કે તેણે પોતાની મનેચ્છાઓને મઅ્બૂદ બનાવી દીધો છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે શરીઅત વિરુદ્ધ મનેચ્છાઓ પણ એક મૂર્તિ છે જેની પૂજા કરવામાં આવે છે, પછી દલીલમાં આ આયત તિલાવત કરી. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૪૫ થી ૬૨)

أَلَمْ تَرَ إِلَىٰ رَبِّكَ كَيْفَ مَدَّ الظِّلَّ ۚ وَلَوْ شَاءَ لَجَعَلَهُ سَاكِنًا ۚ ثُمَّ جَعَلْنَا
الشَّمْسَ عَلَيْهِ دَلِيلًا ﴿٤٥﴾ ثُمَّ قَبَضْنَاهُ إِلَيْنَا قَبْضًا يَسِيرًا ﴿٤٦﴾ وَهُوَ الَّذِي جَعَلَ
لَكُمُ اللَّيْلَ لِبَاسًا وَالنَّوْمَ سُبَاتًا وَجَعَلَ النَّهَارَ نُشُورًا ﴿٤٧﴾ وَهُوَ الَّذِي
أَرْسَلَ الرِّيَاحَ بُشْرًا بَيْنَ يَدَيْ رَحْمَتِهِ ۚ وَأَنْزَلْنَا مِنَ السَّمَاءِ مَاءً
طَهُورًا ﴿٤٨﴾ لِنُحْيِيَ بِهِ بَلْدَةً مَيْتًا وَنُسْقِيَهُ مِمَّا خَلَقْنَا أَنْعَامًا وَ
أَنَاسِيَّ كَثِيرًا ﴿٤٩﴾ وَلَقَدْ صَرَّفْنَاهُ بَيْنَهُمْ لِيَذَّكَّرُوا فَأَبَىٰ أَكْثَرُ النَّاسِ إِلَّا
كُفُورًا ﴿٥٠﴾ وَلَوْ شِئْنَا لَبَعَثْنَا فِي كُلِّ قَرْيَةٍ نَذِيرًا ﴿٥١﴾ فَلَا تُطِعِ الْكَافِرِينَ
وَجَاهِدْهُمْ بِهِ جِهَادًا كَبِيرًا ﴿٥٢﴾ وَهُوَ الَّذِي مَرَجَ الْبَحْرَيْنِ هَٰذَا عَذْبٌ
فُرَاتٌ وَهَٰذَا مِلْحٌ أُجَاجٌ وَجَعَلَ بَيْنَهُمَا بَرْزَخًا وَحِجْرًا مَحْجُورًا ﴿٥٣﴾ وَهُوَ الَّذِي
خَلَقَ مِنَ الْمَاءِ بَشَرًا فَجَعَلَهُ نَسَبًا وَصِهْرًا ۗ وَكَانَ رَبُّكَ قَدِيرًا ﴿٥٤﴾ وَيَعْبُدُونَ
مِنْ دُونِ اللَّهِ مَا لَا يَنْفَعُهُمْ وَلَا يَضُرُّهُمْ ۗ وَكَانَ الْكَافِرُ عَلَىٰ رَبِّهِ ظَهِيرًا ﴿٥٥﴾ وَمَا
أَرْسَلْنَاكَ إِلَّا مُبَشِّرًا وَنَذِيرًا ﴿٥٦﴾ قُلْ مَا أَسْأَلُكُمْ عَلَيْهِ مِنْ أَجْرٍ إِلَّا مَنْ شَاءَ
أَنْ يَتَّخِذَ إِلَىٰ رَبِّهِ سَبِيلًا ﴿٥٧﴾ وَتَوَكَّلْ عَلَى الْحَيِّ الَّذِي لَا يَمُوتُ وَسَبِّحْ بِحَمْدِهِ ۚ
وَكَفَىٰ بِهِ بِذُنُوبِ عِبَادِهِ خَبِيرًا ﴿٥٨﴾ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَمَا
بَيْنَهُمَا فِي سِتَّةِ أَيَّامٍ ثُمَّ اسْتَوَىٰ عَلَى الْعَرْشِ ۚ الرَّحْمَٰنُ فَاسْأَلْ بِهِ
خَبِيرًا ﴿٥٩﴾ وَإِذَا قِيلَ لَهُمُ اسْجُدُوا لِلرَّحْمَٰنِ قَالُوا وَمَا الرَّحْمَٰنُ أَنَسْجُدُ
لِمَا تَأْمُرُنَا وَزَادَهُمْ نُفُورًا ﴿٦٠﴾ تَبَارَكَ الَّذِي جَعَلَ فِي السَّمَاءِ بُرُوجًا وَ
جَعَلَ فِيهَا سِرَاجًا وَقَمَرًا مُنِيرًا ﴿٦١﴾ وَهُوَ الَّذِي جَعَلَ اللَّيْلَ وَالنَّهَارَ خِلْفَةً لِمَنْ
أَرَادَ أَنْ يَذَّكَّرَ أَوْ أَرَادَ شُكُورًا ﴿٦٢﴾

તરજુમો :

તમે પોતાના પરવરદિગાર તરફ જોયું નથી પડછાયાને કેવો લાંબો કર્યો ? અને જો ઈચ્છયું હોત તો તેને થોભાવી રાખ્યો હોત, પછી અમે સૂર્યને તેનો માર્ગ બતાવનાર નક્કી કર્યો. (૪૫) પછી અમે તેને પોતાના તરફ ધીરે ધીરે સમેટીને ખેંચી લીધો. (૪૬) અને તે જ છે જેણે તમારા માટે રાતને ઓઢવાનું બનાવી અને ઊંઘને આરામ અને દિવસને ઉઠી નીકળવા માટે બનાવ્યો. (૪૭) અને તે જ છે જેણે તેની રહમતથી પહેલાં ખુશખબરી લાવનારી હવાઓ ચલાવી અને અમે આસમાનથી પવિત્ર (સ્વચ્છ) કરનારું પાણી વરસાવ્યું. (૪૮) કે જીવીત કરી આપીએ તેનાથી મૃત પ્રદેશને અને તેને પોતાના પેદા કરેલા ઘણા બધા પ્રાણીઓ અને મનુષ્યોને પીવડાવીએ. (૪૯) અને અમે તેની તેમની વચ્ચે પ્રકારે પ્રકારે વહેંચણી કરી જેથી (તેઓ) ધ્યાન રાખે છતાં પણ ઘણા લોકો નાશુક્રી કર્યા વિના નથી રહેતા. (૫૦) અને જો અમે ઈચ્છયું હોત તો દરેક વસ્તીમાં કોઈ ડરાવનાર મોકલ્યો હોત. (૫૧) બસ તમે ઈન્કારીઓનું કહેવું ન માનો અને તેમનો મુકાબલો કરો ખૂબ જોશભેર તેના વડે (કુર્આન વડે). (૫૨) અને તે જ છે જેણે બે દરિયા મેળવીને ચલાવ્યા, આ મીઠો છે તરસ છીપાવનાર (તૃપ્ત કરનાર) અને આ ખારો છે કડવો ! અને તે બંનેની મધ્યે પડદો છે અને (એક) આડશ રોકાયેલી. (૫૩) અને તે જ છે જેણે પાણીથી મનુષ્ય બનાવ્યો, પછી તેના માટે પિતૃપક્ષ અને સાસરીપક્ષ ઠરાવ્યો અને તારો પરવરદિગાર સઘળું કંઈ કરી શકે છે. (૫૪) અને અલ્લાહને છોડીને તે વસ્તુને પૂજે છે જે તેમનું ન તો ભલું કરે ન જ બુરું ? અને કાફિર પોતાના પરવરદિગાર તરફથી પીઠ ફેરવી રહ્યો છે ! (૫૫) અને અમે તમને આ જ ખુશી અને ડર સંભળાવવા માટે મોકલ્યા છે. (૫૬) તમે કહો ! હું તમારી પાસેથી તેના ઉપર કોઈ મજૂરી નથી માંગતો પરંતુ જે કોઈ ઈચ્છે પોતાના પરવરદિગાર તરફ માર્ગ પકડી લે. (૫૭) અને તે જીવીત ઉપર ભરોસો કરો જે મરતો નથી અને તેની ખુબીઓ યાદ કરો અને તે પૂરતો છે પોતાના બંદાઓના ગુનાહોથી ખબરદાર (ખબર રાખનાર). (૫૮) જેણે આસમાન અને જમીન બનાવ્યા અને જે કંઈ તેની મધ્યે છે; છ દિવસમાં, પછી અર્શ ઉપર કાયમ થયો તે મહાન

રહમતવાળો, બસ તેને પૂછો જે તેની જાણકારી ધરાવે છે. (૫૯) અને જ્યારે તેમને કહેવામાં આવે (કે) રહમાનને સિજ્દહ કરો; (તેઓ) કહે છે, રહમાન શું છે ? શું અમે સિજ્દહ કરવા લાગીએ જેને તું કહે ? અને તેમનું ભડકી જવું (અણગમો) વધી જાય છે. (૬૦) મોટી બરકત છે તેની જેણે આસમાનમાં બુર્જ (Stellar formations) બનાવ્યા અને તેમાં દીવો (સૂર્ય) રાખ્યો અને ચંદ્ર અજવાળું કરનારો. (૬૧) અને તે જ છે જેણે રાત અને દિવસ વારાફરતી આવનાર બનાવ્યા તે વ્યક્તિના માટે કે (જે) સમજવા ચાહે અથવા શુક્ર કરવા (ચાહે). (૬૨)

તફસીર :

(હે શ્રોતા !) શું તેં પોતાના પરવરદિગાર(ની આ કુદરત) ઉપર નજર નથી કરી કે તેણે (જ્યારે સૂર્ય ક્ષિતિજથી નીકળ્યા કરે છે તે વખતે ઊભેલી વસ્તુઓના) પડછાયાને કેવી રીતે (દૂર સુધી) ફેલાવ્યો છે ? (કારણ કે સૂર્ય ઊગવાના સમયે દરેક વસ્તુનો પડછાયો લાંબો હોય છે) અને જો તેણે ઈચ્છયું હોત તો તેને એક પરિસ્થિતિ ઉપર થોભાવી રાખ્યો હોત (એટલે કે સૂર્યના ઊંચા થવાથી પણ તે ઘટયો ન હોત, એ જ પ્રમાણે કે આટલે દૂર સુધી સૂર્યની કિરણોને ન આવવા દીધી હોત કારણ કે સૂર્યના કિરણોને જમીનના વિવિધ ભાગો સુધી પહોંચાડવું અલ્લાહના ઈરાદાથી છે ન કે કોઈ અનાયાસે બનેલ ઘટના, અમે પોતાની હિકમતથી તેને એક પરિસ્થિતિ ઉપર નથી રાખ્યો બલકે તેને ફેલાયેલો બનાવીને) પછી અમે સૂર્યને (એટલે કે તેના ક્ષિતિજની પાસે હોવાને અને પછી ક્ષિતિજથી ઊંચા થવાને) એ (પડછાયાના લાંબા અથવા ટૂંકા થવા) ઉપર (એક દેખીતી) નિશાની નક્કી કર્યો (મતલબ એ છે કે જો કે પ્રકાશ અને પડછાયો અને તેના ઘટવા વધવાનું મૂળ કારણ અલ્લાહ તઆલાનો ઈરાદો અને ઈચ્છા છે, સૂર્ય અથવા અન્ય કોઈ બીજી વસ્તુનો વાસ્તવમાં પ્રભાવ જ નથી પરંતુ અલ્લાહ તઆલાએ દુનિયામાં પેદા થનારી વસ્તુઓ માટે અમુક ભૌતિક નિયમો બનાવી આપ્યા છે અને ભૌતિક નિયમોની સાથે તેના કાર્ય કારણનો એવો સંબંધ જોડયો છે કે કારણ બદલાવાથી કાર્યમાં પણ ફેરફાર થાય છે) પછી (આ ભૌતિક નિયમોના કારણે) અમે એ(પડછાયા)ને પોતાના તરફ ધીમે ધીમે સમેટી લીધો (એટલે કે જેમ જેમ સૂર્ય ઊંચો થયો તે છાંયડો ટૂંકો અને ટૂંકો થતો ગયો અને કારણ કે તેનું

અદશ્ય થવું માત્ર અલ્લાહની કુદરતથી કોઈપણ પ્રકારની અન્યની ભાગીદારી વિના હોય છે અને સામાન્ય લોકોની દષ્ટિથી અદશ્ય થવા છતાં અલ્લાહના જ્ઞાનથી અદશ્ય નથી એટલા માટે એવું કહેવામાં આવ્યું કે પોતાના તરફ સમેટી લીધો) અને તે એવો છે જેણે તમારા માટે રાતને પડદાની વસ્તુ અને ઊંઘને રાહતની વસ્તુ બનાવી અને દિવસને (એ આધારે કે સૂવું મોત સમાન હોય છે અને દિવસે જાગવાનું છે જેમકે) જીવીત થવાનો સમય બનાવ્યો અને તે એવો છે કે પોતાના રહમતના વરસાદથી પહેલાં હવાઓને મોકલે છે કે તે (વરસાદની ઉમ્મીદ જગાવીને દિલને) ખુશ કરી આપે છે અને અમે આસમાનથી પાણી વરસાવીએ છીએ જે પવિત્ર-સ્વચ્છ કરવાની વસ્તુ છે જેથી તેના દ્વારા મૃત જમીનમાં જીવ નાંખી દઈએ અને પોતાના સર્જનમાંથી ઘણા ચાર પગવાળા અને ઘણા મનુષ્યોને તૃપ્ત કરીએ અને અમે તે (પાણી)ને (હિત પ્રમાણે) તે લોકો વચ્ચે વહેંચી આપીએ છીએ જેથી લોકો વિચાર કરે (કે આ બધી પ્રવૃત્તિ કોઈ મહાશક્તિશાળીની છે કે તે જ ઈબાદતનો હકદાર છે) બસ, (હોવું તો એવું જોઈતું હતું કે તેઓ ચિંતન કરીને તેનો હક અદા કરે પરંતુ) ઘણા લોકો નાશુક્રી કર્યા વિના ન રહ્યા (જેમાં સૌથી વધીને કુફ્ર અને શિર્ક છે પરંતુ તેમની અને ખાસ કરીને ઘણા લોકોની આ નાશુક્રીને સાંભળીને અથવા જોઈને તબ્લીગની પ્રવૃત્તિથી હિંમત ન હારજો કે હું એકલો આ બધાથી કેવી રીતે કામ પાર પાડીશ બલકે તમે એકલા જ પોતાનું કાર્ય કરતા જાઓ કારણ કે તમને એકલા જ નબી બનાવવાથી પોતે અમારો હેતુ એ છે કે તમારો સારો બદલો અને અલ્લાહની નિકટતા વધે) અને જો અમે ઈચ્છયું હોત તો (તમારા સિવાય આ જ પૃથ્વી ઉપર) દરેક વસ્તીમાં એક એક પયગમ્બર મોકલી આપ્યો હોત (અને એકલા તમને બધા જ કાર્યો ન સોંપ્યા હોત પરંતુ કારણ કે તમારો સારો બદલો વધારવાનો હેતુ છે એટલા માટે અમે એવું નથી કર્યું તો આ રીતે એટલું કામ તમને સોંપવું અલ્લાહ તઆલાની મહાન નેઅ્મત છે) બસ (આ નેઅ્મતના શુક્રિય્યહમાં) તમે કાફિરોની ખુશીના કાર્ય ન કરજો (એટલે કે કાફિર તો તેનાથી ખુશ થશે કે તબ્લીગ ન થાય અથવા તેમાં ઘટાડો થઈ જાય અને તેમની સ્વતંત્રતાથી કોઈ વાંધો ન ઉઠાવવામાં આવે) અને કુર્આન(માં જે સત્યની દલીલો ઉપસ્થિત છે જેમકે આ સ્થળે તવહીદની દલીલોનો ઈરશાદ છે તેના)થી તેમનો જોરશોરથી મુકાબલો કરજો (એટલે કે જાહેર અને

સંપૂર્ણ દા'વત અને તબ્લીગનું કાર્ય કરો અને બધાને કહો, વારંવાર કહો અને મજબૂત હિંમત રાખો, જેમકે અત્યાર સુધી તમે કરતા રહ્યા છે તેના ઉપર કાયમ રહો. આગળ પણ તવહીદની દલીલોનું વર્ણન છે) અને તે એવો છે જેણે બે દરિયાઓને (એક સ્વરૂપે) મિલાવી દીધા જેમાં એક(નું પાણી) તો મીઠું તૃપ્ત કરનાર છે અને એક(નું પાણી) ખારું કડવું છે અને (આ બંને પ્રવાહોના મળવા છતાં વાસ્તવમાં) તેમની વચ્ચે (પોતાની કુદરતથી) એક પડદો અને (મિશ્રણ થઈ જવાથી) એક મજબૂત આડશ રાખી દીધી (જે પોતે અદષ્ય અને અનુભવી નથી શકાતી પરંતુ તેનો પ્રભાવ એટલે કે બંને પાણીના સ્વાદનો તફાવત અનુભવી શકાય છે અને તેનો સાક્ષાત્કાર કરી શકાય છે, તેનાથી ભાવાર્થ બે દરિયાઓના તે સ્થળો છે જ્યાં મીઠી નદીઓ અને નહેરો વહીને સમંદરમાં આવીને મળે છે ત્યાં ઉપરથી બંનેની સપાટી એક જેવી જણાતી હોવા છતાં અલ્લાહની કુદરતથી તેમનામાં એક એવો અદષ્ય પડદો છે કે પ્રવાહની એક બાજુથી પાણી લેવામાં આવે તો મીઠું અને બીજી બાજુથી કે જે મીઠા પ્રવાહની બિલકુલ બાજુમાં છે, જો પાણી લેવામાં આવે તો ખારું કડવું છે, દુનિયામાં જ્યાં જે પણ સ્થળે મીઠા પાણીની નહેરો, ઝરણા સમંદરના પાણીમાં ભળે છે ત્યાં તેની સાબિતી જોઈ શકાય છે કે માઈલો દૂર સુધી મીઠા અને ખારા પાણીના અલગ અલગ પ્રવાહો વહે છે, જમણી બાજુ મીઠો પ્રવાહ, ડાબી બાજુ કડવો ખારો પ્રવાહ અથવા ઉપર મીઠું અને નીચે ખારું અને કડવું પાણી જોવા મળે છે, હઝરત મવલાના શબ્બીર ઉસ્માની રહ.એ આ આયત હેઠળ લખ્યું છે કે બયાનુલ કુર્આનમાં બે ભરોસાપાત્ર બંગાળી ઉલમાની સાક્ષી નકલ કરી છે કે અરકાનથી ચકગાંવ સુધી દરિયાનું સ્વરૂપ એ છે કે તેની બંને બાજુ બિલકુલ અલગ અલગ પ્રકારના બે પ્રવાહો નજરે પડે છે, એકનું પાણી લાભદાયક છે અને એકનું કાળું. કાળામાં સમંદરની તરફ તોફાની મોજાંઓ અને તોફાની પ્રવાહો હોય છે જ્યારે સફેદ બિલકુલ શાંત રહે છે, નાવડી સફેદ અને શાંત પાણીમાં ચાલે છે અને બંનેની વચ્ચે એક ધારી જેવું સમાંતર ચાલ્યું ગયું છે જે બંનેને અલગ પાડતી દેખાય છે, લોકો કહે છે કે સફેદ પાણી મીઠું છે અને કાળું કડવું; અને મને બારીસાલના અમુક વિદ્યાર્થીઓએ કહ્યું કે બારીસાલ જિલ્લામાં બે નદીઓ છે જે એક જ નદીના બે ફાંટા છે, એકનું પાણી ખારું અને બિલકુલ કડવું અને એકનું અત્યંત મીઠું અને સ્વાદિષ્ટ છે, અત્યારે ગુજરાતમાં હું

જે સ્થળે સ્થાયી થયો છું, ડાભેલ સિમલક, જિલ્લા સૂરત; ત્યાંથી દરિયો લગભગ દશ-બાર માઈલના અંતરે છે આ બાજુની નદીઓમાં બરાબર ભરતી ઓટ થતી રહે છે, મોટા ભાગના સાચા ગવાહોએ વર્ણન કર્યું છે કે ભરતી સમયે જ્યારે દરિયાનું પાણી નદીમાં આવી જાય છે તો મીઠા પાણીનું સપાટી ઉપર ખારું પાણી ખૂબ જોરથી ચઢી જાય છે પરંતુ તે વખતે પણ બંને પાણીનું મિશ્રણ થતું નથી ઉપર ખારું પાણી રહે છે અને નીચે મીઠું અને ઓટ વખતે ઉપરથી ખારું પાણી ઉતરી જાય છે અને જેમનું તેમ મીઠું જ બાકી રહે છે. -વલ્લાહુ અઅ્લમુ. આ ગવાહીઓ જોતા આયતનો અર્થ બિલકુલ સ્પષ્ટ છે, એટલે કે અલ્લાહની કુદરત જુઓ કે ખારા અને મીઠા દરિયાઓના પાણી ક્યાંકને ક્યાંક ભેગા થવા છતાં પણ કઈ રીતે એકબીજાથી અલગ રહે છે) અને તે એવો છે જેણે પાણીથી (એટલે કે નુત્ફાથી) મનુષ્યને પેદા કર્યો, પછી તેને કુટુંબવાળો અને પછી સાસરીપક્ષવાળો બનાવ્યો (એટલા માટે બાપ દાદા વગેરે શરઈ કુટુંબ વગેરે માં નાની વગેરે ઉર્ફી કુટુંબ છે જેનાથી જન્મની સાથે જ સંબંધો પેદા થઈ જાય છે, પછી શાદી પછી સાસરીપક્ષ સાથે સગાઈ સંબંધ બંધાઈ જાય છે, આ કુદરતની પણ દલીલ છે કે નુત્ફો શું વસ્તુ હતી, પછી તેને કેવો બનાવ્યો કે તે આટલો જલદી લોહીના સંબંધોવાળો થઈ ગયો અને એક પ્રકારની નેઅ્મત પણ છે કે આ સંબંધો ઉપર પ્રગતિ અને પરસ્પર સહાયનો પાયો સ્થાપિત છે) અને (હે શ્રોતા !) તારો પરવરદિગાર મહાન કુદરતવાળો છે અને (તે છતાં અલ્લાહ તઆલા પોતાની જાત અને સિફતોમાં એવો સંપૂર્ણ છે જેમકે વર્ણન થયું અને આ વિશેષતાઓનો તકાદો એ છે કે તેની જ ઈબાદત કરવામાં આવે પરંતુ) આ (મુશ્રિક) લોકો (એવા) અલ્લાહને છોડીને તે વસ્તુઓની પૂજા કરે છે જે (પૂજા કરવાથી) ન તો તેમને કોઈ લાભ પહોંચાડી શકે છે અને ન જ (ઈબાદત ન કરવાના કારણે) તેમને કોઈ નુકસાન પહોંચાડી શકે છે અને કાફિર તો પોતાના પરવરદિગારના વિરોધી છે (કે તેને છોડીને અન્યોની પૂજા કરે છે અને કાફિરોનો વિરોધ જોઈને તમે ન તો તેમના ઈમાન ન લાવવાથી દિલગીર થાઓ કારણ કે) અમે તમને માત્ર એટલા માટે મોકલ્યા છે કે (ઈમાનવાળાઓને જન્નતની) ખુશખબરી સંભળાવો અને (કાફિરોને દોઝખથી) ડરાવો; (તેમના ઈમાન ન લાવવાથી તમને શું નુકસાન થવાનું છે ? પછી તમે શા માટે ગમ કરો છો અને ન તો તમે તેમનો વિરોધ જોઈને ચિંતામાં

પડો કે જ્યારે આ લોકો અલ્લાહના વિરોધી છે તો હું જે અલ્લાહ તઆલા તરફ દા'વત આપું છું તે દા'વતને આ લોકો તેમની ભલાઈ ક્યારે સમજશે ? બલકે તેને મારો સ્વાર્થ ગણીને તે બાજુ ધ્યાન પણ નહીં આપે તો તેમના આવા ભ્રમની કઈ રીતે સુધારણા કરવામાં આવે જેથી તેઓ અઝાબથી બચી જાય. બસ, જો તમે તેમનો આ વિચાર નિશાનીઓથી અથવા મૌખિક વાતચીતથી જાણો તો) તમે (જવાબમાં) એટલું કહી આપો (અને બેફિકર થઈ જાઓ) કે હું તો આ (તબ્લીગ) ઉપર કોઈ વળતર (આર્થિક અથવા હોદ્દાની રૂએ) નથી માંગતો, હા ! જે વ્યક્તિ એવું ઇચ્છે છે કે પોતાના પરવરદિગાર સુધી (પહોંચવાનો) માર્ગ અપનાવી લે (તો અલબત્ત એવું જરૂર ઇચ્છું છું, ભલે તેને વળતર કહો અથવા ન કહો) અને (ન જ તે કાફિરોનો વિરોધ જોઈને તેમનાથી કોઈ નુકસાન પહોંચવાનો ભય સેવો બલકે, તબ્લીગમાં) તે અમર જીવીત (حَیٌّ لَّا یَمُوْتُ હય્યુલ્લા યમૂતુ) ઉપર ભરોસો રાખો અને (સંતોષની સાથે) તેની તસ્બીહ અને વખાણમાં લાગેલા રહો અને (ન તો તેમનો વિરોધ જોઈને અઝાબની એ વિચારે તમન્ના કરો કે તેમનું નુકસાન અન્યોને પહોંચી જાય કારણ કે) તે (અલ્લાહ તઆલા) પોતાના બંદાઓના ગુનાહોથી સંપૂર્ણ (રીતે) ખબરદાર છે (તે જ્યારે યોગ્ય સમજશે સજા આપશે. બસ, આ વાક્યમાં રસૂલે કરીમ ﷺને ભય, ચિંતા તથા તેમનો ડર સમાપ્ત કર્યો. આગળ ફરી તવહીદનું વર્ણન છે) તે એવો છે જેણે આસમાન અને જમીન અને જે કંઈ તેની વચ્ચે છે બધું છ દિવસ (જેટલા સમય)માં પેદા કર્યું, પછી અર્શ ઉપર (જે સલતનતના તખ્ત સમાન છે એ રીતે) કાયમ (અને બિરાજમાન) થયો (કે જે તેની શા'નના લાયક છે જેનું વર્ણન સૂરએ અઅ્રાફના સાતમાં રુકૂઅ્ની શરૂઆતની આયતમાં આવી ચૂક્યું છે) તે ઘણો મહેરબાન છે, (બસ તેની શા'ન કોઈ જાણકારને પૂછવી જોઈએ કે તે કેવો છે, કાફિર મુશ્રિક શું જાણે અને આ સાચો પરિચય ન હોવાના કારણે શિર્ક કરે છે, અલ્લાહ તઆલાના ફરમાન وَمَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدْرِهٖ પ્રમાણે) અને જ્યારે તેમને (એટલે કે કાફિરોને) કહેવામાં આવે છે કે રહમાનને સિજ્દહ કરો તો (અજ્ઞાનતા અને દુશ્મનાવટના કારણે) કહે છે કે રહમાન શું વસ્તુ છે ? (જેની સામે તમે સિજ્દહ કરવાનું કહો છો?!) શું અમે તેને સિજ્દહ કરવા લાગીશું જેને સિજ્દહ કરવા માટે તમે અમને કહેશો ? અને તેનાથી તેમની નફરત ઔર વધી જાય છે. (શબ્દ "રહમાન"

તેમનામાં ઓછો પ્રખ્યાત હતો પરંતુ એવું નથી કે તેઓ જાણતા ન હતા પરંતુ ઈસ્લામી તા'લીમથી તેમનો વિરોધ ખૂબ વધેલો હતો એટલા માટે રૂઢિપ્રયોગો અને બોલચાલમાં પણ વિરોધ નિભાવતા હતા, કુર્આનમાં જે આ શબ્દ મોટા પ્રમાણમાં આવ્યો તો તેનો પણ તેઓ વિરોધ કરી બેઠા) તે જાત ઘણી જ આલીશાન છે જેણે આસમાનમાં મોટા મોટા તારા બનાવ્યા અને (તે તારાઓમાંથી બે મોટા પ્રકાશિત અને લાભદાયક તારાઓ બનાવ્યા, એટલે કે) તે(આસમાન)માં એક ચિરાગ (એટલે કે સૂર્ય) અને નૂરાની ચંદ્ર બનાવ્યો (કદાચ સૂર્યને "સિરાજ" પોતાના ખૂબ સ્વયં પ્રકાશિત તેજના કારણે કહ્યો) અને તે એવો છે જેણે રાત અને દિવસ એકબીજાની પાછળ આવનારા જનારા બનાવ્યા (અને આ બધી દલીલો દ્વારા તવહીદ અને અલ્લાહની નેઅ્મતોનું વર્ણન થયું છે) તે વ્યક્તિના (સમજવા) માટે (છે) જે સમજવા ઈચ્છે અથવા ઉપકાર માનવા ઈચ્છે (કે તેમાં સમજનારાઓની દૃષ્ટિમાં મોટી મોટી દલીલો છે અને ઉપકાર માનનારાઓની દૃષ્ટિમાં મોટા મોટા ઈનામો છે, નહિતર

اگر صد باب حکمت پیش ناداں   بخوانی آیدش بازیچہ در گوش

મસ્અલા અને બોધપાઠ :

અલ્લાહના સર્જનમાં કાર્ય અને કારણનો સંબંધ હોવો અને તે બધું જ અલ્લાહની કુદરતના તા'બે હોવું :

પ્રસ્તુત આયતોમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને બંદાઓ ઉપર તેના ઈનામો અને ઉપકારોનું વર્ણન છે જેનાથી અલ્લાહ તઆલાની તવહીદ અને તેના ઈબાદતપાત્ર હોવામાં કોઈ ભાગીદાર ન હોવાનું પણ સાબિત થાય છે.

اَلَمْ تَرَ اِلٰى رَبِّكَ كَيْفَ مَدَّ الظِّلَّ તડકો અને છાંયડો બંને એવી નેઅ્મતો છે કે તેના વિના માનવીની જિંદગી અને તેનો કારોબાર ચાલી નથી શકતો. દરેક સમયે, દરેક સ્થળે તડકો જ તડકો થઈ જાય તો માનવી અને દરેક સજીવ માટે કેવી મુસીબત ઊભી થઈ જાય તે તો દેખીતું છે અને પડછાયાની પણ એ જ પરિસ્થિતિ છે કે જો દરેક સ્થળે દરેક સમયે છાંયડો જ રહે, ક્યાંય તડકો જ ન નીકળે તો મનુષ્યની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય ઠીક રહી શકતું નથી અને બીજા પણ હજારો કાર્યોમાં દખલગીરી ઊભી થાય. અલ્લાહ તઆલાએ આ બંને નેઅ્મતો

પોતાની સંપૂર્ણ શકિતથી પેદા કરી અને મનુષ્યો માટે તેમને રાહતનું અને સંતોષનું કારણ બનાવી પરંતુ અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ હિકમતથી આ દુનિયામાં પેદા થનાર દરેક વસ્તુઓને ખાસ ખાસ કારણો સાથે જોડી દીધા છે કે જ્યારે તે કારણો ઉપસ્થિત થઈ જાય છે તો આ વસ્તુઓ હાજર થઈ જાય છે, જ્યારે નથી હોતું તો આ વસ્તુઓ પણ નથી રહેતી, કારણો મજબૂત અથવા વધારે હોય છે તો તેના કાર્યોનું અસ્તિત્વ પણ મજબૂત અને વધારે થાય છે, તે અશક્ત અથવા ઓછા હોય તો કાર્યો પણ અશક્ત અને ઓછા થઈ જાય છે, ખોરાક અને ઘાસ ઊગવાનું કારણ જમીન અને પાણી તથા હવાને બનાવી રાખ્યું છે. પ્રકાશનું કારણ સૂર્ય અને ચંદ્રને બનાવી રાખ્યું છે, વરસાદનું કારણ હવાઓને બનાવી રાખ્યું છે અને તેના દ્વારા ઉપસ્થિત થનાર અસરોમાં એવો મજબૂત અને સ્થાયી વ્યવસ્થાપનતંત્રનો સંબંધ સ્થાપિત કર્યો છે કે હજારો વર્ષોથી પણ કોઈપણ પ્રકારના નાના સરખા ફરક વિના ચાલી રહ્યું છે, સૂર્ય અને તેની ગતિઓ તથા તેનાથી પેદા થનાર દિવસ-રાત અને તડકા-છાંયડા ઉપર દષ્ટિ નાંખો તો એવી મજબૂત વ્યવસ્થા છે કે સદીઓ બલકે હજારો વર્ષોમાં એક મિનિટ બલકે એક સેકંડનો ફરક નથી પડતો, ન તો ક્યારેય સૂર્ય અને ચંદ્ર વગેરેની મશીનરીમાં કોઈ કમજોરી આવે છે અને ન જ કયારેય તેને સુધારવાની કે રિપેરીંગની આવશ્યકતા ઊભી થાય છે, જ્યારથી વિશ્વ અસ્તિત્વમાં આવ્યું છે એક જ શૈલી, એક જ ગતિથી ચાલી રહ્યું છે, હિસાબ લગાવીને હજારો વર્ષો પછીના સમયને પણ નિશ્ચિત રીતે બતાવી શકાય છે.

કાર્ય અને કારણની આ મજબૂત વ્યવસ્થા જે અલ્લાહ તઆલાની સંપૂર્ણ શક્તિનો આશ્ચર્યજનક નમૂનો અને તેની સંપૂર્ણ શક્તિ તથા ઉચ્ચ કક્ષાની હિકમતની ઠોસ ખુલ્લમ ખુલ્લી દલીલ છે, તેના સ્થાયિત્વએ જ લોકોને ગફલતમાં નાંખી દીધા કે તેમની દષ્ટિમાં એ માત્ર જાહેર કારણો બનીને રહી ગયા અને આ જ કારણોને બધી જ વસ્તુઓ અને પ્રભાવોના સર્જક અને માલિક સમજી બેઠા પરંતુ આ સમગ્ર કાર્ય અને કારણની અસલી શક્તિ જે આ કારણોથી પેદા થનારી છે તે કારણોના પડદાઓમાં અદષ્ય થઈ ગઈ, એટલા માટે અંબિયા (અલૈ.) અને આસમાની કિતાબો મનુષ્યને વારંવાર એ બાબત ઉપર સૂચિત કરે છે કે જરા દષ્ટિને વધારે ઊંચી અને ધારદાર બનાવો, કારણના પડદાઓની પાછળ જુઓ,

કોણ આ વ્યવસ્થાને ચલાવી રહ્યું છે ? જેથી હકીકત સુધી માર્ગ પામો. આ જ ક્રમના આ ફરમાનો છે જે પ્રસ્તુત આયતોમાં આવ્યા છે. આયત اَلَمْ تَرَ اِلٰى رَبِّكَ كَيْفَ مَدَّ الظِّلَّ માં ગાફેલ માનવીને એ બાબતે સૂચિત કરવામાં આવ્યો છે કે તું દરરોજ જુએ છે કે સવારે દરેક વસ્તુનો પડછાયો પશ્ચિમ દિશાએ લાંબો હોય છે પછી તે ઘટવાનું શરૂ થાય છે, એટલે સુધી કે મધ્યાહ્નના સમયે ઘટીને બિલકુલ માથા નીચે આવી જાય છે, ત્યારબાદ બપોર પછી આ જ પડછાયો તે ક્રમબદ્ધ ગતિ સાથે પૂર્વ દિશાએ ફેલાવાનું શરૂ થાય છે, દરેક મનુષ્ય આ તડકા અને છાંયડાના લાભો દરરોજ પ્રાપ્ત કરે છે અને તેની આંખો જુએ છે કે આ સઘળું સૂર્યના ઊગવાના, પછી તેના ઊંચા થવાના, પછી તેના પશ્ચિમ તરફ ઢળવાના આવશ્યક પરિણામે અને કારણે છે પરંતુ સૂર્યના ગોળાનું સર્જન ત્યારબાદ તેને એક ખાસ વ્યવસ્થા હેઠળ સ્થાપિત રાખવાનું કાર્ય કોણે કર્યું તે આંખોથી દેખાતું નથી, તેને જોવા માટે દિલની આંખો અને સમજદારીની દીર્ઘદૃષ્ટિ આવશ્યક છે, પ્રસ્તુત આયતમાં આ જ સમજદારી મનુષ્યને આપવાનો હેતુ છે કે આ પડછાયાઓનું વધવું-ઘટવું જો કે તમારી નજરોમાં સૂર્ય સાથે સંબંધ ધરાવે છે પરંતુ એના ઉપર ચિંતન કરો કે સૂર્યને આવી શા'ન સાથે કોણે પેદા કર્યો અને તેની ગતિઓને એક ખાસ વ્યવસ્થાતંત્ર હેઠળ કોણે ચલાવ્યો ? જેની સંપૂર્ણ શક્તિએ આ બધું કંઈ કર્યું છે તે જ વાસ્તવમાં આ તડકા-છાંયડાની નેઅ્મતોને અર્પણ કરનારો છે, જો તેણે ઈચ્છ્યું હોત તો આ તડકા-છાંયડાને એવી સ્થિતિ ઉપર કાયમ કર્યો હોત જેનાથી જ્યાં તડકો છે ત્યાં હંમેશા તડકો જ રહ્યો હોત, જ્યાં છાંયડો છે ત્યાં હંમેશા છાંયડો જ રહ્યો હોત પરંતુ તેની હિકમતે મનુષ્યની આવશ્યકતાઓ અને લાભો ઉપર દૃષ્ટિ કરીને એવું કર્યું નથી. وَلَوْ شَآءَ لَجَعَلَهٗ سَاكِنًا નો આ જ ભાવાર્થ છે.

માનવીને આ જ હકીકતથી સૂચિત કરવા માટે પડછાયાના પાછા ફરવાને અને ઘટવાને પ્રસ્તુત આયતમાં આ વિષયથી ઓળખાવ્યો છે, قَبَضْنٰهُ اِلَيْنَا قَبْضًا يَّسِيْرًا એટલે કે પછી પડછાયાને અમે પોતાના તરફ સમેટી લીધો. એ સર્વવિદિત્ બાબત છે કે અલ્લાહ તઆલા શરીર અને શારિરીક સંબંધો અને દિશા તથા સ્થળથી ઉચ્ચ છે, તેના તરફ છાંયડાનું સમેટાવાનો ભાવાર્થ એ જ છે કે આ બધું કાર્ય તેની સંપૂર્ણ શક્તિથી જ થયું.

રાત્રે ઊંઘ અને દિવસે કામની વિશેષતા પણ મોટી હિકમત ઉપર આધારિત છે :

وَهُوَ الَّذِىْ جَعَلَ لَكُمُ الَّيْلَ لِبَاسًا وَّالنَّوْمَ سُبَاتًا وَّجَعَلَ النَّهَارَ نُشُوْرًا આ આયતમાં રાતને لِبَاس (લિબાસ)ના શબ્દથી ઓળખાવવામાં આવ્યો કે જે પ્રમાણે "લિબાસ" (પોશાક) મનુષ્યના સમગ્ર શરીરને ઢાંકે છે એ જ પ્રમાણે રાત એક કુદરતી પડદાની ચાદર છે જે સંપૂર્ણ સૃષ્ટિ ઉપર નાંખવામાં આવે છે. سُبَاتًا (સુબાતન) એ سَبْت (સબ્ત)થી બનેલ છે જેનો મૂળ અર્થ કાપી નાંખવાનો થાય છે, سُبَاتٌ (સુબાત) તે વસ્તુ છે જેનાથી કોઈ બીજી વસ્તુને કાપવામાં આવે.

ઊંઘને અલ્લાહ તઆલાએ એવી વસ્તુ બનાવી છે કે દિવસભરની મહેનત અને થાક તથા અશક્તિ તેનાથી કપાઈ જાય છે, વિચારો અને પ્રવૃત્તિઓ કપાઈને દિમાગને આરામ મળે છે એટલા માટે سُبَاتٌ (સુબાત)નો તરજુમો "રાહત"નો કરવામાં આવે છે. આયતનો અર્થ એ થશે કે અમે રાત્રિને એક સંતાડનારી વસ્તુ બનાવી, પછી તેમાં મનુષ્ય અને સમગ્ર સજીવો ઉપર ઊંઘ થોપી દીધી જે તેમના આરામ અને રાહતનો સામાન છે.

અત્રે ઘણા બધા વિચાર માંગી લેતા મુદ્દાઓ ઉપસ્થિત છે, પ્રથમ એ કે ઊંઘનું રાહત હોવું બલકે રાહતનો પ્રાણ હોવું તો દરેક વ્યક્તિ જાણે છે પરંતુ માનવીનો સ્વભાવ એવો છે કે પ્રકાશમાં તેને ઊંઘ આવવી મુશ્કેલ હોય છે અને જો આવી પણ જાય તો જલદીથી આંખ ખુલી જાય છે, અલ્લાહ તઆલાએ રાતને અંધારી પણ બનાવી અને ઠંડી પણ જેથી ઊંઘ માટે યોગ્ય રહે, એ જ પ્રમાણે રાત પોતે જ એક નેઅ્મત છે અને ઊંઘ બીજી નેઅ્મત છે અને ત્રીજી નેઅ્મત એ છે કે સમગ્ર દુનિયાના મનુષ્યો, પ્રાણીઓની ઊંઘ એક જ સમયે રાતમાં ફરજિયાત કરી દીધી નહિતર જો દરેક મનુષ્યની ઊંઘના સમયો બીજા મનુષ્યો કરતાં ભિન્ન ભિન્ન હોત તો જે સમયે અમુક લોકો સૂવા ઇચ્છે બીજા લોકો કામોમાં પ્રવૃત્ત થતા હોત અને શોરબકોર, કોલાહલનું કારણ બનતા હોત, એ જ પ્રમાણે જ્યારે બીજાઓને સૂવાનો વારો આવતો હોત તો તે સમયે કામ કરનારા તેમની ઊંઘમાં ખલેલ પાડતા હોત તદુપરાંત દરેક મનુષ્યની હજારો જરૂરિયાતો બીજા મનુષ્યો સાથે જોડાયેલી હોય છે, પરસ્પર સહકાર અને મદદ તથા અન્ય કામોમાં પણ સહાયતાની સખત

ખલેલ ઉપસ્થિત થઈ હોત કે જે વ્યક્તિથી તમને કામ છે તેનો સૂવાનો સમય છે અને જ્યારે તેનો જાગવાનો સમય આવશે તો તમારો સૂવાનો સમય થશે.

જો આ મકસદ અને હેતુઓની પૂર્ણતા માટે કોઈ આંતરરાષ્ટ્રીય કરાર દ્વારા કાર્ય લેવામાં આવે કે બધા લોકો પોતાના સૂવાના સમય એક જ નક્કી કરી લે તો પ્રથમ તો મનુષ્ય આવા કરારો માટે અબજો, કરોડો મનુષ્યો વચ્ચે સહમતી સાધવું જ સરળ ન હતું, પછી તે કરાર ઉપર કાર્યરત રાખવા માટે હજારો ખાતાઓ ખોલવા પડ્યા હોત એમ છતાં સામાન્ય કાનૂની અને કરાર સંબંધી પદ્ધતિઓથી નક્કી થનાર વસ્તુઓમાં જે ખલેલ દરેક જગ્યાએ લાંચ અને લાગવગ વગેરે જોવા મળે છે તે પણ બાકી રહ્યું હોત.

અલ્લાહ જલ્લ શા'નુહૂએ પોતાની સંપૂર્ણ કુદરત વડે નિંદ્રાને એક સયમે ફરજિયાત સ્વરૂપે નિશ્ચિત કરી દીધી છે કે દરેમ મનુષ્ય અને દરેક પ્રાણીને તે જ સમયે ઊંઘ આવે છે જ્યારે કોઈ આવશ્યકતાથી જાગૃત રહેવા પણ ઈચ્છે તો તેના માટે મુશ્કેલીથી વ્યવસ્થા કરી શકે છે. فَتَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ

એ જ પ્રમાણે وَجَعَلَ النَّهَارَ نُشُوْرًا માં દિવસને نُشُوْر (નુશૂર) એટલે કે "જીવન" કહ્યું, કારણ કે તેનો વિરુદ્ધાર્થી એટલે કે "ઊંઘ" એક પ્રકારનું મૃત્યું છે અને આ જીવનના સમયને પણ દરેક મનુષ્ય માટે ફરજિયાત સ્વરૂપે એક નિશ્ચિત સમયમાં કરી દીધો છે નહિતર અમુક કારખાના અને દુકાનો દિવસે બંધ રહેતા હોત અને રાત્રે ખુલતા હોત તો બીજા બંધ થઈ જતા હોત, આ કારણે બંનેમાં કારોબારની મુશ્કેલીઓ પડતી હોત.

જે પ્રમાણે રાતને ઊંઘ માટે નક્કી કરી એક મોટું ઈનામ અર્પણ કર્યું એ જ પ્રમાણે જીવનની અન્ય આવશ્યકતાઓ માટે કે જે પરસ્પર ભાગીદારીથી થતી હોય છે તેના માટે પણ પોતાની કૃપાથી એવો જ એકસમાન એક સરખો સમય નિશ્ચિત કરી દીધો, દાખલા તરીકે ભૂખ અને ખાવાની જરૂરતનો સમય સવાર–સાંજ એકસમાન રીતે નક્કી કર્યો છે, સૌને આ સમયમાં એની જ ચિંતા હોય છે જેના પરિણામે બધી જ જરૂરિયાતની પૂર્તિ દરેકના માટે સરળ બની જાય છે, ખાવા માટે હૉટલ અને દુકાનો તે સમયોમાં તૈયાર ખોરાકથી ભરેલા નજરે પડે છે, દરેક ઘરમાં આ સમયોમાં ખાવાના કાર્યક્રમ માટે સમય નક્કી હોય છે, આ

નિશ્ચિત કાર્યક્રમ ઘણી મોટી નેઅ્મત છે જે અલ્લાહ તઆલાની જ ઉચ્ચ કક્ષાની હિકમત આધારે સ્વાભાવિક રીતે મનુષ્યની પ્રકૃતિમાં મૂકવામાં આવી છે.

وَاَنۡزَلۡنَا مِنَ السَّمَآءِ مَآءً طَهُوۡرًا માં طَهُوۡر (તહૂર)નો શબ્દ અરબી ભાષામાં અતિશયોક્તિનો અલંકાર છે, તહૂર તેને કહેવામાં આવે છે જે પોતે પણ પવિત્ર અને સ્વચ્છ છે અને અન્ય વસ્તુઓને પણ તેનાથી સ્વચ્છ કરી શકાય. અલ્લાહ તઆલાએ પાણીને આ ખાસ ખાસિયત અર્પણ કરી છે જેમકે તે પોતે પણ પાક અને સાફ રહે છે અને જેનાથી બીજી દરેક પ્રકારની નાપાકી અને નાની-મોટી ગંદકી પણ દૂર કરી શકાય છે અને જે પાણીનો વ્યક્તિ ઉપયોગ કરે છે તે મોટે ભાગે તે જ છે જે આસમાનથી ઊતરેલું હોય છે, ક્યારેક વરસાદ સ્વરૂપે, ક્યારેક બરફ અથવા કરા સ્વરૂપે, પછી આ જ પાણી પહાડોના ઝરણાઓ દ્વારા કુદરતી પાઈપલાઈન સ્વરૂપે સમગ્ર જમીન ઉપર ફેલાય છે જે ક્યાંક આપોઆપ ઝરણાઓના સ્વરૂપમાં ફૂટી નીકળી જમીન ઉપર વહેવા લાગે છે, ક્યાંક જમીનને ખોદીને કૂવાઓના સ્વરૂપમાં કાઢવામાં આવે છે, આ બધું પાણી પોતે પણ સ્વચ્છ અને પાક છે તથા બીજી વસ્તુઓને પણ સ્વચ્છ અને પાક કરનાર છે, તેના ઉપર કુર્આન અને સુન્નતની નુસૂસ પણ જાહેર છે અને ઉમ્મતની સર્વસહમતી (ઈજ્માઅ્) પણ છે.

આ પાણી જ્યાં સુધી મોટા પ્રમાણમાં હોય જેમકે તળાવ, હોજ, નહેરોનું પાણી; જો તેમાં કોઈ નાપાકી પણ પડી જાય તો તે નાપાક નથી થતું, તેના ઉપર બધાની સહમતી છે એ શરતે કે પાણીમાં નાપાકીની અસર જાહેર ન થાય અને તેનો રંગ, સ્વાદ અને ગંધ બદલાઈ ન જાય પરંતુ થોડું પાણી હોય અને તેમાં નાપાકી પડી જાય તો તેનો શું હુકમ છે ? આ મસ્અલામાં મુજ્તહિદીન ઈમામોનો મતભેદ છે, એ જ પ્રમાણે પાણીનું વધારે અથવા ઓછું પ્રમાણ નક્કી કરવા માટે પણ વિવિધ અભિપ્રાયો છે. તફસીરે મઝહરી અને કુર્તુબીમાં આ સ્થળે પાણી વિશે બધા જ મસ્અલાઓ વિગતવાર લખવામાં આવ્યા છે અને આ મસ્અલાઓ સામાન્ય ફિક્હની કિતાબોમાં પણ ઉપસ્થિત છે એટલા માટે અત્રે વર્ણન કરવાની આવશ્યકતા નથી.

وَنُسۡقِيَهٗ مِمَّا خَلَقۡنَاۤ اَنۡعَامًا وَّ اَنَاسِىَّ كَثِيۡرًا માં اَنَاسِىّ (અનાસિય્ય) એ اِنۡسِىٌّ

નું બહુવચન છે અને અમુકે ફરમાવ્યું કે તે માનવીનું બહુવચન છે. આયતમાં એ બતાવ્યું છે કે આસમાનથી ઉતારવામાં આવેલ પાણીથી અલ્લાહ તઆલા જમીનને પણ તૃપ્ત કરે છે અને પ્રાણીઓને પણ અને એ જ પ્રમાણે ઘણા બધા મનુષ્યોને પણ, અત્રે એ વાત વિચાર કરવાપાત્ર છે કે જે પ્રમાણે જાનવરો સઘળા આ પાણીથી તૃપ્ત થાય છે એ જ પ્રમાણે બધા જ માનવો પણ આ પાણીથી ફાયદો ઉઠાવે છે અને તૃપ્ત થાય છે પરંતુ તેમાં તફાવત એ છે કે એવું કહેવામાં આવ્યું "ઘણા બધા મનુષ્યને તૃપ્ત કર્યા" તેનાથી તો એ જરૂરી બની જાય છે કે ઘણા મનુષ્યો તૃપ્ત થવાથી વંચિત અને મહરૂમ પણ છે, જવાબ એ છે કે અત્રે "ઘણા બધા મનુષ્યો"થી ભાવાર્થ તે જંગલમાં વસનારા લોકો ભાવાર્થ તરીકે છે જેમનું મોટા ભાગે ગુજરાન પાણી ઉપર જ નભતું હોય છે, શહેરમાં વસવાટ કરનારાઓ તો નહેરોના કિનારાઓ ઉપર અથવા કૂવાઓની પાસે વસેલા હોય છે તેમને વરસાદની રાહ જોવી પડતી નથી.

وَلَقَدْ صَرَّفْنٰهُ بَيْنَهُمْ આયતનો ભાવાર્થ એ છે કે વરસાદને અમે બદલતા અને ફેરવતા રહીએ છીએ ક્યારેક એક શહેરમાં, ક્યારેક બીજામાં. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે લોકોમાં જે એવું પ્રખ્યાત છે કે આ વર્ષે વરસાદ વધારે થયો અને આ વર્ષે ઓછો થયો. આ વાસ્તવિકતાના આધારે સાચું નથી બલકે વરસાદનું પાણી તો દરેક વર્ષે અલ્લાહ તઆલા તરફથી એકસમાન ઊતરતું હોય છે, અલબત્ત અલ્લાહનો હુકમ એ રહે છે કે તેનું પ્રમાણ કોઈ શહેર અથવા વસ્તીમાં વધારે કરવામાં આવે તો કોઈમાં ઓછું કરવામાં આવે છે, અમુક સમયે ઓછું કરીને કોઈ વસ્તીના લોકોને શિક્ષા આપવાનો અને તેમને ચેતવણી આપવાનો હેતુ હોય છે અને અમુક સમયે અતિવૃષ્ટિ પણ અઝાબ બની જાય છે તો આ જ પાણી જે માત્ર રહમત છે જે લોકો અલ્લાહ તઆલાની નાશુક્રી અને આજ્ઞાનું પાલન ન કરે તેમના માટે તેને જ અઝાબ અને શિક્ષા બનાવી દેવામાં આવે છે.

جِهَادٌ بِالْقُرْاٰنِ (જિહાદ બિલ કુર્આન) કુર્આનની દા'વત (આમંત્રણ)નો પ્રચાર-પ્રસાર કરવો મોટો જિહાદ છે :

وَجَاهِدْهُمْ بِهٖ جِهَادًا كَبِيْرًا આ આયત મક્કી છે, જ્યારે કે કાફિરો સાથે

યુદ્ધનો અને લડાઈનો હુકમ નાઝિલ થયો ન હતો એટલા માટે અત્રે જિહાદને بِهٖ (બિહી)ની શરત સાથે લાવવામાં આવ્યો છે. بِهٖ (બિહી)ની ઝમીર કુર્આન તરફ ઢળે છે, આયતનો અર્થ એ છે કે "કુર્આન દ્વારા ઈસ્લામના વિરોધીઓ સાથે જિહાદ કરો; મોટો જિહાદ તે કુર્આન દ્વારા." આ જિહાદનો ખુલાસો તેના હુકમોનો પ્રચાર અને અલ્લાહની મખ્લૂકને તેના તરફ ધ્યાન અપાવવાનો દરેક પ્રકારનો પ્રયત્ન છે, ભલે જીભથી હોય અથવા કલમથી હોય અથવા અન્ય કોઈ પદ્ધતિથી; તે બધાને અત્રે મોટો જિહાદ કહેવામાં આવ્યો છે.

وَهُوَ الَّذِىْ مَرَجَ الْبَحْرَيْنِ هٰذَا عَذْبٌ فُرَاتٌ وَّهٰذَا مِلْحٌ اُجَاجٌ وَّجَعَلَ بَيْنَهُمَا بَرْزَخًا وَّحِجْرًا مَّحْجُوْرًا માં શબ્દ مَرَجَ (મરજ) એ સ્વતંત્ર છોડી દેવાના અર્થમાં આવે છે, એ જ કારણે مَرَجَ (મરજ) પ્રાણીઓના ચરવાના મેદાનો (ગોચર)ને પણ કહે છે જ્યાં પ્રાણીઓ સ્વતંત્રતાથી હરે ફરે અને ચરે છે. عَذْبٌ (અઝબ) એ મીઠા પાણીને કહેવામાં આવે છે અને فُرَاتٌ (ફુરાત) એ સ્વાદિષ્ટ અને આહ્‌લાદકને અને مِلْحٌ (મિલ્હ) ખારાને અને اُجَاجٌ (ઉજાજ) તેજ અને કડવાને કહે છે.

અલ્લાહ તઆલાએ પોતાની કૃપા અને ઉચ્ચ કક્ષાની હિકમતથી દુનિયામાં બે પ્રકારના દરિયાઓ પેદા કર્યા છે, એક સૌથી મોટો "બહ્‌રે મુહીત" (ખૂબ મોટા વિસ્તારમાં ફેલાયેલ) જેને સમંદર કહે છે અને પૃથ્વીની ચારે દિશાઓ તેમાં ઘેરાયેલી છે. એક ચતુર્થાંશ જેટલો પૃથ્વીની સપાટીનો ભાગ છે જે તેનાથી ખુલ્લો છે, તેમાં સમગ્ર દુનિયા (ભૂચર અને ખેચર) વસે છે. આ બધાથી મોટો દરિયો તકાદાની હિકમતના કારણે ભારે ખારો અને કડવો તથા સ્વાદમાં સારો નથી. જમીનના વસવાટ થયેલા વિભાગમાં આસમાનથી ઊતરેલા પાણીના ઝરણા, નદીઓ, નહેરો અને મોટા-મોટા સરોવરો છે, આ બધા મીઠા આહ્‌લાદક તથા સ્વાદિષ્ટ હોય છે. મનુષ્યને પોતાના પીવા અને તરસ છીપાવવા તથા દરરોજના ઉપયોગમાં આવા જ મીઠા પાણીની આવશ્યકતા છે જે અલ્લાહ તઆલાએ જમીનના વસવાટ થયેલ વિભાગમાં વિવિધ સ્વરૂપોમાં ઉપલબ્ધ કરાવ્યું છે, પરંતુ બહ્‌રે મુહીત એટલે કે વિશાળ સમંદર જો મીઠા હોત તો મીઠા પાણીની ખાસિયત છે કે તે ઘણું જ જલદી સડી જાય છે, ખાસ કરીને સમંદર જેમાં પૃથ્વીની સપાટીની વસ્તીથી વધારે જળચર પ્રાણીઓની વસ્તી જે તેમાં મરણ પામે છે અને ત્યાં જ

સડી-ગળીને માટી બની જાય છે અને સમગ્ર જમીનનું પાણી અને તેમાં વહેનારી ગંદકીઓ પણ અંતે સમંદરમાં જઈને પડે છે, જો આ પાણી મીઠું હોત તો અમુક જ દિવસોમાં તે સડી ગયું હોત અને આ સડેલા પાણીની દુર્ગંધથી પૃથ્વીની સપાટી ઉપર રહેનાર લોકો માટે રહેવું મુશ્કેલ બની ગયું હોત, એટલા માટે અલ્લાહની હિકમતે તેને એટલું સખત ખારું અને કડવું તથા તેજ બનાવી દીધું કે દુનિયાભરની ગંદકીઓ તેમાં જઈને દ્રવી જાય છે અને પોતે તેમાં રહેનાર પ્રાણીઓ પણ જે તેમાં જ મૃત્યું પામે છે તે પણ સડતા નથી.

પ્રસ્તુત આયતમાં એક તો આ ઈનામ અને અહેસાનોનું વર્ણન છે કે મનુષ્યની જરૂરતને ધ્યાને રાખી બે પ્રકારના દરિયાઓ પેદા કર્યા, બીજું આ સંપૂર્ણ કુદરત દ્વારા જે સ્થળે મીઠા પાણીના દરિયા અથવા નહેર સમંદરમાં જઈને ભળે છે અને મીઠું તથા કડવું પાણી બંને પાણી એક સ્થળે ભેગું થઈ જાય છે ત્યાં આ પ્રત્યક્ષ દર્શન કરી શકાય છે કે બંને પાણી માઈલો દૂર સુધી એવી જ રીતે સાથે-સાથે વહે છે કે એક બાજુ મીઠો પ્રવાહ અને બીજી બાજુ કડવો પ્રવાહ વહે છે અને તેઓ આ જ રીતે વહેતા રહે છે અને એકબીજામાં મિશ્રિત થઈ જતા નથી જ્યારે કે આ બંને દરમિયાન કોઈ આડશ પણ હોતી નથી.

وَهُوَ الَّذِىْ خَلَقَ مِنَ الْمَآءِ بَشَرًا فَجَعَلَهٗ نَسَبًا وَّصِهْرًا માં શબ્દ نَسَبْ (નસબ) તે સગાઈ અને સંબંધને કહેવામાં આવે છે જે બાપ અથવા માં તરફથી હોય અને صِهْر (સિહ્ર) તે સગાઈ અને સંબંધ છે જે પત્ની તરફથી હોય, જેને બોલચાલમાં સાસરી પક્ષ કહેવામાં આવે છે, આ બધા સંબંધો અને સગાઈઓ અલ્લાહ તઆલાની આપેલી નેઅ્મતો છે જે મનુષ્યને સારું જીવન વ્યતિત કરવા માટે આવશ્યક છે, એકલો વ્યક્તિ કોઈ કાર્ય પણ કરી શકતો નથી.

قُلْ مَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ اِلَّا مَنْ شَآءَ اَنْ يَّتَّخِذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا એટલે કે, તમને ઈમાનની દા'વત અને અલ્લાહ તઆલાના હુકમો પહોંચાડવામાં તથા દુનિયા અને આખિરતમાં તમારા માટે સફળતાનો પ્રયત્ન કરવામાં મારો કોઈ દુનિયવી ફાયદો નથી, હું પોતાની આ મહેનતનું તમારી પાસે કોઈ વળતર કે બદલો નથી માંગતો, મારો ફાયદો એ સિવાય બીજો નથી કે જેનું મન ચાહે અલ્લાહનો માર્ગ ધારણ કરી લે અને દેખીતું છે કે કોઈ વ્યક્તિ માર્ગ ઉપર આવી

જાય તો તેનો જ ફાયદો છે, તેને પોતાનો લાભ ઠરાવી દેવો પયગમ્બર તરીકેની લાગણી તરફ ઈશારો કરે છે કે હું તમારા ફાયદાને જ પોતાનો ફાયદો સમજું છું. આ એવું છે જેમકે કોઈ વૃદ્ધ કમજોર પિતા સંતાનોને કહે કે તમે ખાઓ-પીઓ અને ખુશ રહો, આ જ મારું ખાવું-પીવું અને ખુશ રહેવું છે અને એ પણ સંભાવના છે કે તેને પોતાનો ફાયદો એ સંદર્ભમાં કહ્યો હોય કે તેનો સવાબ તમને મળશે, જેમકે સહીહ હદીષોમાં આવ્યું છે કે જે વ્યક્તિ કોઈને ભલા કાર્યનું માર્ગદર્શન કરે છે અને તે તેના કહેવા પ્રમાણે ભલી પ્રવૃત્તિ આચરે તો તે કર્મનો સવાબ પોતે કરનારને પણ પૂરેપૂરો મળશે અને એટલો જ સવાબ તે માર્ગદર્શન કરનાર વ્યક્તિને પણ મળશે. *(મઝહરી)*

فَسْـَٔلْ بِهٖ خَبِيْرًا એટલે કે આસમાનો-જમીનોને પેદા કરવું, પછી પોતાની શા'ન પ્રમાણે તેના ઉપર બિરાજમાન થવું બધું અલ્લાહ રહમાનનું જ કાર્ય છે, તેની ખરાઈ અને તહકીક કરવા ઈચ્છતા હોય તો કોઈ જાણકારને પૂછી લો. જાણકારથી ભાવાર્થ અલ્લાહ તઆલા અથવા હઝરત જિબ્રઈલ (અલૈ.) છે અને એ સંભાવના પણ છે કે તેનો ભાવાર્થ અગાઉ આવી ચૂકેલ કિતાબોના ઉલમા હોય જેમને પોતપોતાના પયગમ્બરો દ્વારા આ બાબતની જાણકારી મળી છે. *(મઝહરી)*

قَالُوْا وَمَا الرَّحْمٰنُ માં શબ્દ رَحْمٰنُ (રહમાન) અરબી ભાષામાં તેનો અર્થ બધા અરબ લોકો જાણે છે પરંતુ આ શબ્દ તેઓ અલ્લાહ તઆલા માટે ન બોલતા હતા એટલા માટે અત્રે આ પ્રશ્ન કર્યો કે રહમાન કોણ અને શું છે ?

تَبٰرَكَ الَّذِىْ جَعَلَ فِى السَّمَآءِ بُرُوْجًا وَّجَعَلَ فِيْهَا سِرٰجًا وَّقَمَرًا مُّنِيْرًا ۝ وَهُوَ

الَّذِىْ جَعَلَ الَّيْلَ وَالنَّهَارَ خِلْفَةً لِّمَنْ اَرَادَ اَنْ يَّذَّكَّرَ اَوْ اَرَادَ شُكُوْرًا ۝

આ આયતોનો હેતુ મનુષ્યને એ બતાવવાનો છે કે અમે આસમાનમાં મોટા મોટા તારાઓ અને સૂર્ય-ચંદ્ર તથા તેમના દ્વારા રાત-દિવસના પરિવર્તનો અને તેમના અંધકાર અને પ્રકાશ તથા પૃથ્વી અને આસમાનની બધી જ સૃષ્ટિ એટલા માટે પેદા કરી છે કે ચિંતન અને મનન કરનારને તેમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને તવહીદની દલીલો પ્રાપ્ત થાય અને શુક્ર (ઉપકાર) માનનારા માટે ઉપકાર માનવાની તક મળે તો જે વ્યક્તિનો સમય આ બંને વસ્તુઓથી ખાલી

પસાર થઈ ગયો તેનો સમય વ્યર્થ બેકાર થઈ ગયો અને તેની સઘળી મૂડી બરબાદ થઈ ગઈ. اَللّٰهُمَّ اجْعَلْنَا مِنَ الذّٰكِرِيْنَ الشّٰاكِرِيْنَ

ઈબ્ને અરબી (રહ.) ફરમાવે છે કે મેં શહીદે અકબર પાસેથી સાંભળ્યું છે કે ઘણી ખોટ અને નુકસાનમાં છે તે વ્યક્તિ જેની ઉંમર ૬૦ વર્ષની થઈ, તેમાંથી અડધો સમય ૩૦ વર્ષ રાત્રે સૂવામાં પસાર થઈ ગયો અને છઠ્ઠો ભાગ એટલે કે ૧૦ વર્ષ દિવસે આરામ કરવામાં પસાર થયો તો ૬૦ માંથી માત્ર ૨૦ વર્ષ કામે લાગ્યો, કુર્આને હકીમે આ સ્થળે મોટા મોટા તારાઓ અને ગ્રહો તથા ખગોળીય પદાર્થોનું વર્ણન કર્યા પછી એ પણ બતાવ્યું કે કુર્આન તે વસ્તુઓનું વર્ણન વારંવાર એટલા માટે કરે છે કે તમે તેમના સર્જન અને તેમની ગતિઓ દ્વારા અને તેનાથી પેદા થનાર પ્રભાવોમાં ચિંતન કરીને તેની ઉત્પત્તિ કરનાર અને તેને ચલાવનારને ઓળખો અને આભારની સાથે તેને યાદ કરતા રહો, બાકી રહ્યો એ મસ્અલો કે અવકાશી પદાર્થો અને ખગોળીય પદાર્થોની વાસ્તવિકતા અને તેનું સ્વરૂપ શું છે ? આ આસમાનોના એક ભાગ તરીકે તેમાં સમાયેલા છે અથવા તેની બહાર અવકાશમાં તરે છે ? મનુષ્યની પાયાની જરૂરિયાતોનો કોઈ મસ્અલો આ પ્રશ્ન સાથે જોડાયેલો નથી, તેની વાસ્તવિકતા જાણવી મનુષ્ય માટે સરળ પણ નથી, જે લોકોએ પોતાની જિંદગીઓ આ કાર્યમાં ખપાવી છે તેમના સ્વીકારથી સાબિત છે કે તેઓ પણ કોઈ ચોક્કસ અને અંતિમ સ્થાપિત સત્ય કે ફેંસલા સુધી નથી પહોંચી શકયા, તેમણે જે કંઈ પણ સિદ્ધાંતો તારવ્યા તે પણ પોતે અન્ય સંશોધકોથી વિરોધી મત ધરાવનાર અને અન્યોના સંશોધનોને ખોટા સાબિત કરે છે એટલા માટે કુર્આનના વિવરણ માટે હું આવી કોઈ લાંબી ચર્ચા કરવામાં નથી પડતો અને તે કુર્આનની કોઈ જરૂરી સેવા પણ નથી પરંતુ આ યુગના વિજ્ઞાનના નિષ્ણાતોએ કૃત્રિમ ઉપગ્રહો અવકાશમાં તરતા મૂકવા અને ચંદ્ર સુધી પહોંચી જવાના અને ત્યાંની માટી-પથ્થર, ગુફાઓ અને પહાડોના ફોટાઓ પાડવામાં નિઃશંક ઘણું આશ્ચર્યજનક કાર્ય કર્યું છે પરંતુ કુર્આન આ વસ્તુઓથી મનુષ્યને જે વાસ્તવિકતાની ઓળખની શીખ આપવા ઈચ્છે છે તેનાથી આ લોકો પોતાના સંશોધનના કાર્યક્રમોના અભિમાનમાં મસ્ત થઈને વધારે દૂર થઈ ગયા છે અને સામાન્ય લોકોના દિમાગોને પણ ઘણી ખરાબ રીતે મૂંઝવણમાં નાંખી દીધા, કોઈ આ વસ્તુઓને કુર્આનની વિરોધી સમજીને વૈજ્ઞાનિક તથ્યોનો જ ઈન્કાર કરી બેસે

છે તો કોઈ કુર્આને કરીમમાં તા'વીલો કરવા મંડી પડે છે એટલા માટે આવશ્યક જણાય છે કે જરૂરત પ્રમાણે ખુલાસાની સાથે આ મસ્અલો સ્પષ્ટ કરવામાં આવે, સૂરએ હિજ્રની આયત وَلَقَدْ جَعَلْنَا فِي السَّمَاءِ بُرُوْجًا હેઠળ એનો વાયદો પણ કરવામાં આવ્યો હતો કે સૂરએ ફુરકાનમાં તેની વિગત ક્યાંક લખવામાં આવશે તો તે નીચે પ્રમાણે છે. وَاللّٰهُ الْمُوَفِّقُ

તારાઓ અને ગ્રહો આસમાનોના દળ (Mass)ની અંદર છે અથવા બહાર ? પ્રાચીન અને આધુનિક ખગોળશાસ્ત્રના દષ્ટિકોણો અને કુર્આને કરીમના ફરમાનો :

جَعَلْنَا فِي السَّمَآءِ بُرُوْجًا શબ્દોથી દેખીતી રીતે એવું સમજવામાં આવે છે કે આ بُـــرُوْجُ (બુરૂઝ–Stellar formations) એટલે કે તારાઓ આસમાનોની અંદર છે કારણ કે શબ્દ حرف فى ظرفيت ના માટે ઉપયોગ થાય છે, એ જ પ્રમાણે સૂરએ નૂહમાં છે, اَلَمْ تَرَوْا كَيْفَ خَلَقَ اللّٰهُ سَبْعَ سَمٰوٰتٍ طِبَاقًا، وَّجَعَلَ الْقَمَرَ فِيْهِنَّ, وَّجَعَلَ الْقَمَرَ فِيْهِنَّ نُوْرًا وَجَعَلَ الشَّمْسَ سِرَاجًا તેમાં فِيْهِنَّ (ફીહિન્ન)ની ઝમીર سَبْعَ سَمٰوٰتٌ (સબ્અ સમાવાત્) તરફ ઢળેલી છે જેનાથી દેખીતી રીતે આ જ ભાવાર્થ થાય છે કે ચંદ્ર આસમાનોની અંદર છે પરંતુ અત્રે બે વાતો વિચારપાત્ર છે, પ્રથમ તો એ કે કુર્આને કરીમમાં શબ્દ سَمَاءٌ (સમાઅ્) જે રીતે આ મહાન અને કલ્પનાની બહાર વિશાળતા ધરાવનારી મખ્લૂક માટે ઉપયોગ થાય છે જેમાં કુર્આનના ખુલાસાઓ પ્રમાણે દરવાજાઓ છે અને દરવાજાઓ ઉપર ફરિશ્તાઓના પહેરા છે જે ખાસ ખાસ સમયોમાં ખોલવામાં આવે છે અને જેની સંખ્યા કુર્આને કરીમે સાત બતાવી છે, આ જ રીતે આ શબ્દ سَـــمَـــاءٌ (સમાઅ્) દરેક ઊંચી વસ્તુ જે આસમાન તરફ હોય તેના માટે પણ બોલવામાં આવે છે. આસમાન અને પૃથ્વી વચ્ચેના વાતાવરણ અને તેની આગળ જેને અત્યારની પરિભાષામાં અવકાશ કહેવામાં આવે છે, આ બધું બીજા અર્થના આધારે શબ્દ "સમાઅ્"ના ભાવાર્થમાં સામેલ છે. وَاَنْزَلْنَا مِنَ السَّـــمَـــاءِ مَـــاءً طَهُوْرًا અને આ જ રીતે બીજી આયતો જેમાં આસમાનથી પાણી વરસાવવાનું વર્ણન છે તેને મોટા ભાગના વિવરણકારોએ આ જ બીજા અર્થ ઉપર આધારિત હોવાનું ઠરાવ્યું છે, કારણ કે સામાન્ય ગવાહીથી પણ સાબિત છે કે વરસાદ તે વાદળોમાંથી વરસે છે જેને આસમાનની ઊંચાઈઓ સાથે કોઈ સંબંધ નથી અને પોતે કુર્આને કરીમે પણ બીજી આયતોમાં પણ વાદળોમાંથી પાણી

વરસાવવાનો ખુલાસો કર્યો છે. ઈરશાદ છે, ءَاَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ તેમાં مُزْن (મુઝ્ન) એ مُزْنَة (મુઝ્નહ)નું બહુવચન છે જેનો અર્થ "સફેદ વાદળ"નો થાય છે, અર્થ એ છે કે "શું વરસાદ સફેદ વાદળોથી તમે ઉતાર્યો છે અથવા અમે ?" બીજી જગ્યાએ ઈરશાદ છે وَاَنْزَلْنَا مِنَ الْمُعْصِرَاتِ مَآءً ثَجَّاجًا તેમાં مُعْصِرَاتٌ (મુઅ્સિરાત)નો અર્થ "પાણીથી ભરેલા વાદળો" થાય છે અને આયતનો અર્થ એ છે કે "અમે જ પાણી ભરેલા વાદળોથી મોટા પ્રમાણમાં પાણી વરસાવ્યું." કુર્આને કરીમના આ સ્પષ્ટ ખુલાસાઓ અને જાહેર સાબિતીઓની બીનાએ જે કુર્આનની આયતોમાં વરસાદનું આસમાનથી વારસાવવાનું વર્ણન ઉપસ્થિત છે તેમાં પણ મોટા ભાગના વિવરણકારોએ શબ્દ سَمَآءٌ (સમાઅ્)નો આ જ બીજો અર્થ લીધો છે એટલે કે, "વાતાવરણની ઊંચાઈઓ"

ખુલાસો એ છે કે જ્યારે કે કુર્આને કરીમમાં શબ્દકોષના ખુલાસાઓ પ્રમાણે શબ્દ سَمَآءٌ (સમાઅ્) આકાશી વાતાવરણ માટે પણ બોલવામાં આવે છે અને પોતે جِرْمِ آسْمَان (Mass of Sky) માટે પણ ઉપયોગ થાય છે તો આવા સ્વરૂપમાં જે આયતોમાં તારાઓ અને ગ્રહો માટે فِى السَّمَآءِ (ફિસ્સમાઅ્)નો શબ્દ ઉપયોગ થયો છે તેના ભાવાર્થમાં બંને સંભાવનાઓ ઉપસ્થિત છે કે આ તારાઓ અને ગ્રહો આસમાનના દળ (Mass)ની અંદર હોય અથવા તો આસમાનના વાતાવરણમાં આસમાનોની નીચે હોય અને બંને સંભાવનાઓના ઉપસ્થિત હોવાનો કોઈ ઠોસ ફૈસલાનો સંબંધ કુર્આન તરફ જોડી શકાતો નથી કે કુર્આને તારા અને ગ્રહોને આસમાનના દળ (Mass)ની અંદર હોવાનું ઠરાવી દીધું છે અથવા તેની બહાર અવકાશી વાતાવરણમાં, બલકે કુર્આનના શબ્દોના આધારે બંને સ્વરૂપો શક્ય છે, સૃષ્ટિનું સંશોધન અને અનુભવ તથા સાબિતીઓથી જે સ્વરૂપમાં પણ હોવાનું સાબિત થઈ જાય કુર્આનનો કોઈ ખુલાસો તેનો નકાર કરતો નથી.

બ્રહ્માંડ (Universe)ની વાસ્તવિકતા અને કુર્આન :

અત્રે એક વાત સૈદ્ધાંતિક સ્વરૂપે સમજી લેવી જરૂરી છે કે કુર્આને કરીમ કોઈ ફિલોસોફી અથવા ખગોળશાસ્ત્રનું પુસ્તક નથી જેનો વિષય સંશોધનોની ચર્ચા અથવા આસમાનો અને સૃષ્ટિ તથા તારાઓની ખગોળીય ગણતરીઓ

વગેરેનું વર્ણન કરવાનો હેતુ હોય પરંતુ તેની સાથે જ તે આસમાન અને પૃથ્વી તથા તેમની વચ્ચેની સમગ્ર સૃષ્ટિનું વર્ણન વારંવાર કરે છે, તેમાં ચિંતન અને મનન કરવાનું આમંત્રણ પણ આપે છે. કુર્આને કરીમની આ બધી આયતોમાં વિચાર કરવાથી સ્પષ્ટ રીતે આ સાબિત થઈ જાય છે કે કુર્આને કરીમ આ બ્રહ્માંડની વાસ્તવિકતા વિશે મનુષ્યને માત્ર તે વસ્તુઓ બતાવવા ઇચ્છે છે જેનો સંબંધ તેની માન્યતા અને દૃષ્ટિકોણની દુરુસ્તી સાથે હોય અથવા તેનાથી દીન અને દુનિયાનો લાભ સંલગ્ન હોય, દાખલા તરીકે કુર્આને કરીમે આસમાન અને પૃથ્વી તથા તારાઓ અને ગ્રહોનો અને તેમની ગતિઓ અને ગતિઓથી પેદા થનાર અસરોનું વર્ણન વારંવાર એક તો એ હેતુથી કર્યું છે કે મનુષ્ય તેની આશ્ચર્યજનક કારીગીરી અને મહાન અસ્વાભાવિક નિશાનીઓ જોઈને એ વિશ્વાસ કરે કે આ વસ્તુઓની ઉત્પત્તિ આપમેળે નથી થઈ ગઈ, તેને પેદા કરનાર કોઈ સૌથી મોટો હકીમ, સૌથી મોટો જાણકાર અને સૌથી મોટો શક્તિ અને સામર્થ્યવાળો છે અને આ વિશ્વાસ માટે કદાપિ એ આવશ્યકતા નથી કે આસમાનો અને સૃષ્ટિ તથા વાતાવરણ અને તારાઓ અને ગ્રહોના દળ (Mass)ની વાસ્તવિકતા અને તેનું વાસ્તવિક ખગોળીય સ્વરૂપ અને તેની સંપૂર્ણ વ્યવસ્થાની પૂરેપૂરી જાણકારી તેને મળી જાય, બલકે માનવી માટે માત્ર એટલું જ પૂરતું છે જેને દરેક વ્યક્તિ સાબિતીઓથી જુએ અને સમજે છે કે સૂર્ય અને ચંદ્ર તથા અન્ય તારાઓ ક્યારેક સામે આવે છે અને ક્યારેક ગાયબ થઈ જાય છે, વળી ચંદ્રના વધવા અને ઘટવાથી, વળી રાત-દિવસના પરિવર્તનોથી, પછી વિવિધ પ્રકારની ઋતુઓ અને વિવિધ પ્રદેશોમાં દિવસ-રાતના વધવા-ઘટવાની આશ્ચર્યજનક કુદરતી વ્યવસ્થા છે જે હજારો વર્ષોથી ક્યારેય એક મિનિટ કે સેકંડના ફરક વિના ચાલે છે, આ બધી બાબતોથી એક સામાન્ય બુદ્ધિ અને સમજદારી ધરાવનાર મનુષ્ય એ વિશ્વાસ કરવા ઉપર મજબૂર થઈ જાય છે કે આ બધું વ્યવસ્થિત ચાલતું વ્યવસ્થાપનતંત્ર આમ આપમેળે જ ઊભું નથી થઈ ગયું અથવા ચાલી નથી રહ્યું બલકે કોઈ તેને બનાવનારો અને ચલવાનારો અને બાકી રાખનારો પણ છે અને આટલું સમજવા માટે મનુષ્યને ન તો કોઈ ફિલસૂફીયુક્ત રીસર્ચ કે ખગોળીય વેધશાળાઓ કે સંયંત્રોની જરૂર પડે છે અને ન જ કુર્આને તે બાબત તરફ આમંત્રણ આપ્યું છે. કુર્આનનું આમંત્રણ માત્ર એટલી હદ સુધી તે વસ્તુઓમાં ચિંતન અને મનન

કરવાનું છે જે સામાન્ય સાબિતીઓ અને અનુભવોથી પ્રાપ્ત થઈ શકે છે, આ જ કારણ છે કે રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)એ ખગોળીય સંયંત્રો બનાવવા અથવા ઉપલબ્ધ કરવા અને હિસાબી ખગોળીય ગણતરીઓ જાણવાની સદંતર કોઈ પ્રથા ન અપનાવી. જો આ બ્રહ્માંડને લગતી આયતોમાં ચિંતન અને મનન કરવાનો એ અર્થ હોત કે તેની વાસ્તવિકતાઓ અને ગણતરીઓ તથા તેની ગતિઓની ફિલસૂફી જાણવામાં આવે તો એ અશક્ય હતું કે રસૂલે કરીમ ﷺએ તેની કાળજી ન લીધી હોત, ખાસ કરીને જ્યારે કે આ કળાઓનો રિવાજ અને તેના શીખવા શિખવાડવાનો ક્રમ દુનિયામાં તે સમયે ઉપસ્થિત પણ હતો. ઈજિપ્ત, સિરીયા, ભારત, ચીન વગેરેમાં આ કળાઓના જાણકારો અને તેના ઉપર કામ કરનારા મોજૂદ હતા, હઝરત મસીહ (અલૈ.)થી પાંચસો વર્ષ પહેલાં પાયથાગોરસનો અને તેનાથી અમુક સમય પછી ટૉલેમી (ઈ.સ. ૧૩૯)નો સિદ્ધાંત દુનિયામાં પ્રચલિત અને પ્રસારિત થઈ ચૂક્યો હતો અને તે સમયકાળમાં પરિસ્થિતિ અનુસાર વેધશાળાને લગતા યંત્રો વગેરેનું સંશોધન પણ થઈ ચૂક્યું હતું પરંતુ જે પવિત્ર હસ્તી ઉપર આ આયતો નાઝિલ થઈ અને જે સહાબએ કિરામ (રદિ.)એ પ્રત્યક્ષ આપ ﷺ પાસેથી તા'લીમ મેળવી, તેમણે ક્યારેય તે બાજુ દ્દષ્ટિપાત સુદ્ધાં નથી કર્યો. એનાથી નિશ્ચિત રીતે જાણ થાય છે કે આ ખગોળશાસ્ત્રને લગતી આયતમાં ચિંતન અને મનન અને વિચાર કરવાનો તે હેતુ બિલકુલ નથી કે જે આજકાલ અમુક આધુનિકતાવાદી ઉલમાઓ યુરોપ અને તેના સંશોધનોથી પ્રભાવિત થઈને અપનાવી રહ્યા છે કે અવકાશી મુસાફરી ચંદ્ર અને ગ્રહો ઉપર વિહરવું કુર્આનના તકાદાઓને પૂરા કરવું છે.

બસ સાચી વાત એ છે કે કુર્આને કરીમ ન તો તે ફિલસૂફીઓ અને પ્રાચીન અથવા અર્વાચીન વૈજ્ઞાનિક સંશોધનો તરફ લોકોને આમંત્રણ આપે છે અને ન જ તેની ચર્ચા કરે છે અને ન તો તેનો વિરોધ કરે છે. કુર્આને કરીમનો હિકમતપૂર્ણ સિદ્ધાંત અને શૈલી સૃષ્ટિ અને સર્જન વિશે બધી જ વિદ્યાકળાઓ બાબતે આ જ છે કે દરેક હુનર અને કળાની વસ્તુઓનું માત્ર એટલે સુધી જ વર્ણન અને ઉલ્લેખ કરે છે જેટલું પ્રમાણ મનુષ્યની દીની અથવા દુનિયવી આવશ્યકતાઓથી સંલગ્ન છે અને જેને મનુષ્ય સરળતાથી પ્રાપ્ત પણ કરી શકે છે અને જેની પ્રાપ્તિ થવાથી લગભગ તેને સંતોષ પણ થઈ શકે છે, ફિલસૂફીઓ ડહોળવાથી અથવા આવી

ચર્ચાઓ અને સંશોધનોમાં પડવાથી જે સામાન્ય મનુષ્યના કાબૂ બહારની વાતો છે અને જેને કંઈક પ્રાપ્ત કરી લેવા પછી પણ નિશ્ચિત રીતે એવું ન કહી શકાય કે તે ચોક્કસ સાચું અને સ્થાપિત સત્ય છે બલકે તેનાથી આશ્ચર્ય અને શંકાઓ વધે છે. આવી બહસોમાં કુર્આન માનવીને ગુંચવતું નથી, કારણ કે કુર્આનની દૃષ્ટિમાં માનવીની ઈચ્છિત મંઝિલ તે સમગ્ર જમીની અને આસમાની સૃષ્ટિ અને મખ્લૂકથી આગળ પોતાના સર્જનહારની મરજી ઉપર ચાલીને જન્નતની કાયમી નેઅ્મતો અને રાહતો પ્રાપ્ત કરવાની છે, સૃષ્ટિની વાસ્તવિકતાઓની બહસ ન તો તેના માટે જરૂરી છે અને ન જ તેના ઉપર મનુષ્યનો સંપૂર્ણ કાબૂ છે. દરેક યુગમાં ફિલોસોફરો અને ખગોળશાસ્ત્રના નિષ્ણાતોના દૃષ્ટિકોણોમાં સતત વિરોધાભાસો અને દરરોજ નવા નવા સંશોધનો અને થિયરીઓ એ બાબતની સ્પષ્ટ દલીલ છે કે કોઈપણ દૃષ્ટિકોણ અને સંશોધનને નિશ્ચિત અને અંતિમ કહી શકાય નહીં, મનુષ્યની આવશ્યકતાઓથી સંબંધિત બધી જ કળાઓ અને હુનરો જેમકે અવકાશશાસ્ત્ર,ખગોળશાસ્ત્ર, સૃષ્ટિ અને વાતાવરણ, વાદળ અને વરસાદ, પૃથ્વીના ભૂ-ભાગો, પછી જમીનમાંથી ઉત્પન્ન થનાર મખ્લૂકો, ભૂચર, જળચર, ખેચર, વનસ્પતિ વગેરેથી અને માનવજગત તથા માનવસર્જિત વિદ્યાકળાઓ અને હુનર, વેપાર, ઉદ્યોગ, કળા-કારીગીરી વગેરે આ બધામાંથી કુર્આને કરીમ માત્ર તેમની રૂહ (આત્મા) અને સ્થાપિત સત્ય હોય એવો ભાગ એટલા પ્રમાણમાં લે છે જેનાથી માનવીની દીની અથવા દુનિયવી જરૂરિયાત જોડાયેલી છે, મોટા મોટા કાબૂ બહારના સંશોધનોના દલદલમાં કુર્આન મનુષ્યને ફસાવતું નથી, અલબત્ત ક્યાંક ક્યાંક કોઈ ખાસ બાબત તરફ ઈશારો અથવા ખુલાસો પણ જોવા મળે છે.

કુર્આનના વિવરણ (તફસીર)માં ફિલસૂફીયુક્ત દૃષ્ટિકોણોની મદદ અથવા વિરોધનું સાચું માપદંડ :

પ્રાચીન અને અર્વાચીન ઉલમાએ હક્ક (સત્યવાદી વિદ્વાનો) એ બાબત ઉપર સહમત છે કે આ બાબતો વિશે જે વાતો કુર્આને કરીમમાં નિશ્ચિત સ્વરૂપે સાબિત છે જો કોઈ પ્રાચીન અથવા અર્વાચીન દૃષ્ટિકોણ તેનાથી વિરુદ્ધ હોય તો તેના કારણે કુર્આનની આયતોમાં ખેંચતાણ અથવા તા'વીલ કરવી જાઈઝ નથી, આ દૃષ્ટિકોણને જ ખોટો ઠરાવવામાં આવશે. અલબત્ત જે મસ્અલાઓમાં કુર્આને કરીમનો કોઈ ખુલાસો ઉપસ્થિત નથી કુર્આનના શબ્દોમાં બંને અર્થોની સંભાવના

હોય છે, ત્યાં જો સાબિતીઓ અને અનુભવથી કોઈ એક દષ્ટિકોણને બળ પ્રાપ્ત થાય તો કુર્આનની આયતો પણ તે જ અર્થ ઉપર સ્થાપિત કરવામાં કોઈ વાંધો નથી, જેમકે આ જ આયત جَعَلْنَا فِي السَّمَاءِ بُرُوْجًا માં છે કે કુર્આને કરીમે આ વિષયમાં કોઈ સ્પષ્ટ ફેંસલો નથી આપ્યો કે તારાઓ આસમાનના દળ (The Mass of Sky)નો ભાગ છે અથવા તેની બહાર આસમાનના વાતાવરણમાં છે ? આજકાલ જ્યારે કે અવકાશી સંશોધનોએ એ સાબિત કરી દીધું છે કે તે ગ્રહો સુધી પહોંચી શકાય છે તો તેનાથી પાયથાગોરસના દષ્ટિકોણનું સમર્થન થઈ ગયું કે તારાઓ આસમાનોના દળમાં સામેલ નથી, કારણ કે કુર્આને કરીમ અને સ્પષ્ટ હદીષોના ખુલાસાઓની રૂએ આસમાન એક એવો ભાગ છે જેમાં દરવાજા છે અને દરવાજાઓ ઉપર ફરિશ્તાઓનો પહેરો છે, તેમાં દરેક વ્યક્તિ પ્રવેશ નથી કરી શકતો. આ સાક્ષાત્કાર અને અનુભવની બીનાએ પ્રસ્તુત આયતનો એ ભાવાર્થ ઠરાવવામાં આવશે કે તારાઓને આસમાનના વાતાવરણ (અવકાશ)માં પેદા કરવામાં આવ્યા છે અને આ કોઈ તા'વીલ નથી, બલકે બે ભાવાર્થમાંથી એકને લીધો છે પરંતુ જો કોઈ મૂળેથી આસમાનોના અસ્તિત્વનો જ ઇન્કાર કરે જેમકે અમુક આધુનિક ખગોળશાસ્ત્રીઓ કરે છે અથવા કોઈ એવો દા'વો કરે કે રોકૅટો અને હવાઈજહાઝો દ્વારા અસામાનોની અંદર પ્રવેશ કરી શકાય છે તો કુર્આનની રૂએ તેનો દા'વો જૂઠો ઠરાવવામાં આવશે, કારણ કે કુર્આને કરીમની અનેક આયતમાં આ વાત સ્પષ્ટ રીતે બતાવવામાં આવી છે કે આસમાનોમાં દરવાજા છે અને તે દરવાજા ખાસ ખાસ પરિસ્થિતિઓમાં ખોલવામાં આવે છે, તે દરવાજાઓ ઉપર ફરિશ્તાઓના પહેરાઓ લાગેલા છે. આસમાનોમાં દરેક વ્યક્તિનો પ્રવેશ જ્યારે ઇચ્છે નથી થઈ શકતો, આ દા'વાના કારણે તે આયતોમાં કોઈ તા'વીલ (યુક્તિપૂર્વકની બાંધછોડ) કરવામાં નહીં આવે અને તે દા'વાને જૂઠો ઠરાવવામાં આવશે.

એ જ પ્રમાણે જ્યારે કે કુર્આને કરીમની આયત كُلٌّ فِي فَلَكٍ يَّسْبَحُوْنَ થી (તારાઓ)નું ગતિ કરવું સાબિત છે તો આ મા'મલામાં ટૉલેમીના દષ્ટિકોણને ખોટો ઠરાવવામાં આવશે જેની રૂએ તારાઓ આસમાનના દળ (Mass)માં સમાયેલા છે, તે પોતે ગતિ નથી કરતા બલકે આસમાનની ગતિના તા'બે તેની ગતિ હોય છે.

એનાથી જાણ થઈ કે પ્રાચીન વિવરણકારોમાં તે અમુક લોકો જે ખગોળશાસ્ત્ર વિશે ટૉલમીના દષ્ટિકોણને સાચો માનનારા હતા તેમણે તે કુર્આનની આયતોમાં તા'વીલોથી કામ લીધું જેનાથી ટૉલમીના દષ્ટિકોણ વિરુદ્ધ કોઈ વસ્તુ સમજવામાં આવતી હતી, એ જ પ્રમાણે આજના અમુક લેખકો જે આયતોને આધુનિક ખગોળશાસ્ત્રની થિયરીઓથી વિરુદ્ધ સમજે છે તેમાં તા'વીલો કરીને તે દષ્ટિકોણ અને થિયરીઓ પ્રમાણે બનાવવાની ચિંતા કરે છે આ બંને સ્વરૂપો યોગ્ય નથી બલકે પુરોગામી બુઝુર્ગોના તરીકા વિરુદ્ધ અને રદપાત્ર છે. અલબત્ત વાત એમ જ છે કે અત્યાર સુધી આધુનિક ખગોળશાસ્ત્રના જે નવા સંશોધનો રજુ થયા છે તેમાં આસમાનોના ઈન્કાર સિવાય કોઈપણ બાબત કુર્આન અને સુન્નતથી વિરુદ્ધ નથી, અમુક લોકો પોતાના અધૂરા જ્ઞાનથી તેને કુર્આન અને સુન્નતની વિરુદ્ધ સમજીને તા'વીલો કરવા મંડી પડે છે.

આધુનિક યુગના સૌથી મોટા કુર્આનના તફસીરકાર સય્યિદ મુહમ્મદ આલૂસી બગદાદી (રહ.) જેમની તફસીર રૂહુલ મઆની ઉલમાએ સલફ (પુરોગામી વિદ્વાનો)ની તફસીરનો સૌથી શ્રેષ્ઠ ખુલાસો તથા અરબ અને બિનઅરબમાં, પૂર્વ અને પશ્ચિમમાં સ્વીકૃત અને પ્રમાણિત તફસીર છે તેઓ જે રીતે કુર્આન અને સુન્નતના મહાન આલિમ છે એ જ પ્રમાણે ફિલસૂફી અને પ્રાચીન-અર્વાચીન ખગોળશાસ્ત્રના પણ મોટા જાણકાર છે, તેમણે પોતાની તફસીરમાં ફિલસૂફીયુક્ત સંશોધનો વિશે આ જ સિદ્ધાંત ઠરાવ્યો છે જે ઉપર વર્ણન કરવામાં આવ્યો છે અને તેમના પૌત્ર અલ્લામહ સય્યિદ મહમૂદ શકરી આલૂસીએ આ બાબતો ઉપર એક આગવું પુસ્તક લખ્યું છે. مَـادَلَّ عَلَيْهِ الْقُرْاٰنُ مِمَّا يَعْضُدُ الْهَيْئَةَ الْجَدِيْدَةَ الْقَوِيْمَةَ الْبُرْهَانَ જેમાં આધુનિક ખગોળશાસ્ત્રના દષ્ટિકોણોનું સમર્થન કુર્આને કરીમની રોશનીમાં કરવામાં આવ્યું છે પરંતુ બીજા આધુનિકતાવાદી ઉલમાની જેમ કુર્આનની આયતોમાં કોઈપણ પ્રકારની તા'વીલ કરવાને યોગ્ય સમજ્યું નથી. તેમના અમુક વાક્યો આ સ્થળે નકલ કરવું પૂરતું છે જે આધુનિક ખગોળશાસ્ત્રના સમર્થનમાં લખ્યા છે તેઓ કહે છે,

رَأَيْتُ كَثِيْرًا مِّنْ قَوَاعِدِهَا لَا يُعَارِضُ النُّصُوْصَ الْوَارِدَةَ فِى الْكِتَابِ وَالسُّنَّةِ عَلٰى اَنَّهَا لَوْ خَالَفَتْ شَيْئًا مِنْ ذٰلِكَ لَمْ نَلْتَفِتْ اِلَيْهَا وَلَمْ نُؤَوِّلِ النُّصُوْصَ لِاَجْلِهَا

وَالتَّاوِيْلُ فِيْهَا لَيْسَ مِنْ مَذَاهِبِ السَّلَفِ الْحُرِّيَّةِ بِالْقَبُوْلِ بَلْ لَا بُدَّ اَنْ نَّقُوْلَ اِنَّ
الْمُخَالِفَ لَهَا مُشْتَمِلٌ عَلٰى خَلَلٍ فِيْهِ فَاِنَّ الْعَقَلَ الصَّرِيْحَ لَايُخَالِفُ النَّقَلَ الصَّحِيْحَ
بَلْ كُلٌّ مِنْهُمَا يُصَدِّقُ الْاٰخَرَ وَيُؤَيِّدُهُ (ما دلّ عليه القرآن)

"મેં આધુનિક ખગોળશાસ્ત્રના ઘણા બધા નિયમોને જોયા છે જે કુર્આન અને સુન્નતની નુસૂસ વિરુદ્ધ નથી અને તે છતાં જો તે કુર્આન અને સુન્નતની કોઈ નસ વિરુદ્ધ હોય તો અમે તેના તરફ વલણ દાખવીશું નહીં અને કુર્આન તથા સુન્નતની નુસૂસમાં તેના કારણે તા'વીલ કરીશું નહીં, કારણ કે આવી તા'વીલ સલફે સાલિહીનના સ્વીકૃત મઝહબમાં નથી, બલકે અમે તે સમયે એવું કહીશું કે જે દષ્ટિકોણ કુર્આન અને સુન્નત વિરુદ્ધ છે તેમાં જ કોઈ ક્ષતિ છે કારણ કે અકલે સલીમ અને સાચા વર્ણનોમાં ક્યારેય વિરોધાભાસ નથી હોતો બલકે તેઓ એકબીજાનું સમર્થન કરે છે."

ખુલાસો એ છે કે ખગોળશાસ્ત્ર તથા તારાઓ અને ગ્રહોની ગતિઓ તથા તેની કળાઓ વિશે સંશોધન અને ચર્ચા કોઈ નવો હુનર નથી. હજારો વર્ષો પહેલાંથી આ બાબતો ઉપર સંશોધનોનો ક્રમ ચાલું છે. ઈજિપ્ત, સિરીયા, હિન્દુસ્તાન, ચીન વગેરેમાં આ કળાઓની ચર્ચા પ્રાચીન સમયથી ચાલી આવી રહી છે. હઝરત મસીહ (અલૈ.)ના પાંચસો વર્ષ પહેલાંથી આ વિદ્યાનો નિષ્ણાત પાયથાગોરસ થઈ ચૂક્યો છે જે ઇટાલીના વિદ્યાલય ક્રોટોનામાં કાયદેસર તેનું શિક્ષણ આપતો હતો, ત્યારબાદ હઝરત મસીહ (અલૈ.)ના જન્મથી લગભગ ૧૪૦ વર્ષ પહેલાં આ કળાનો બીજો નિષ્ણાત ટૉલેમી રૉમથી આવ્યો અને તે સમયમાં એક બીજો ફિલોસોફર હીરખુશ પ્રખ્યાત થયો જેણે زاویے માપવાના યંત્રો બનાવ્યા.

પાયથાગોરસ અને ટૉલેમીના સિદ્ધાંતો ખગોળીય પદાર્થો અને તેની સ્થિતિ વિશે બિલકુલ એકબીજાથી વિરોધાભાસી હતા. ટૉલમીને પોતાના સમયની સરકાર અને સામાન્ય જનતાની સહાય પ્રાપ્ત થઈ, તેની થિયરીઓ એટલી પ્રખ્યાત થઈ કે પાયથાગોરસની થિયરીઓ ગુમનામીની ગર્તામાં ખોવાઈ ગઈ અને જ્યારે ગ્રીક (યુનાની) ફિલસૂફીનો અરબી ભાષામાં તરજુમો થયો તો આ જ

ટૉલેમીની તે થિયરી આ પુસ્તકોમાં નકલ થયા અને વિદ્વાનોમાં સામાન્ય રીતે આ જ થિયરીઓ અને સિદ્ધાંતોની ઓળખ થઈ, ઘણા બધા વિવરણકારોએ કુર્આનની આયતોની તફસીરમાં પણ આ જ સિદ્ધાંતોને અને થિયરીઓને સામે રાખીને તફસીર કરી છે. અગિયારમી સદી હિજરી અને પંદરમી સદી ઈસ્વી જેમાં યુરોપની કોમોની પ્રગતિની શરૂઆત થઈ અને યુરોપીય સંશોધનકારોએ આ બાબતો ઉપર કામ કરવાનું શરૂ કર્યું જેમાં સૌ પ્રથમ કૉપરનીક્સ, પછી જર્મનીમાં કૈલર અને ઈટાલીમાં ગૅલૅલિયો વગેરેના નામો આવે છે તેમણે નવેસરથી આ ચર્ચાઓની સમીક્ષા કરી. આ બધા એ બાબત ઉપર સહમત થઈ ગયા કે ખગોળીય પદાર્થો અને તેની ગતિઓ વિશે ટૉલેમીની થિયરી ખોટી અને પાયથાગોરસની થિયરીઓ સાચી છે. ઈ.સ.ની ૧૮મી સદીમાં અને હિજરી ૧૩મી સદીમાં ઈઝ્ઝાક ન્યુટન પ્રખ્યાત થયો, તેના સંશોધનોએ એ બાબતને વધારે બળ પહોંચાડ્યું. તેણે એવું સંશોધન કર્યું કે વજનદાર વસ્તુઓ જો વાતાવરણમાં છોડી દેવામાં આવે તો તેનું જમીન ઉપર પડવાનું કારણ તે નથી જે ટૉલેમીની થિયરીમાં બતાવવામાં આવ્યું છે કે પૃથ્વીની મધ્યમાં વિશ્વનું કેન્દ્ર છે અને દરેક વજનદાર વસ્તુ કેન્દ્ર તરફ સ્વાભાવિક રીતે આકર્ષિત થતી રહે છે. બલકે તેણે બતાવ્યું કે જેટલા તારાઓ અને ગ્રહો છે બધામાં એક પ્રકારનું ગુરૂત્વાકર્ષણ રહેલું છે, પૃથ્વી પણ આ જ પ્રમાણેનો એક ગ્રહ છે તેમાં પણ ગુરૂત્વાકર્ષણ છે, જેટલી મર્યાદા સુધી પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની અસર રહે છે ત્યાંથી દરેક વજનદાર વસ્તુ પૃથ્વી ઉપર આવશે પરંતુ જો કોઈ વસ્તુ તેના ગુરૂત્વાકર્ષણના ક્ષેત્રથી બહાર નીકળી જાય તો પછી તે નીચે પૃથ્વી ઉપર નહીં આવે.

હાલમાં રશિયન અને અમેરિકન નિષ્ણાતોએ પ્રાચીન ઈસ્લામિક ફિલોસોફર અબૂ રયહાન બીરૂની (અલ બીરૂની)ના સંશોધનોની મદદથી રૉકૅટ વગેરે બનાવીને તેનો પ્રાયોગિક ધોરણે અખતરો કરી લીધો કે રૉકૅટ જ્યારે પોતાની સખત શક્તિ અને તેજ ગતિના કારણે જમીન ઉપરથી પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની કક્ષાને ભેદીને તે ક્ષેત્રની બહાર નીકળી ગયું તો પછી તે નીચે નથી આવતું બલકે એક કૃત્રિમ ઉપગ્રહનું સ્વરૂપ ધારણ કરી લે છે અને પોતાની કક્ષામાં ચક્કર લગાવે છે પછી આ કૃત્રિમ ઉપગ્રહોનો અનુભવ કરતાં કરતાં આ નિષ્ણાતોએ

ગ્રહો સુધી પહોંચવાની યુક્તિઓ શરૂ કરી અને અંતે ચંદ્ર ઉપર પહોંચી ગયા જેનું સમર્થન આ યુગના બધા જ ખગોળશાસ્ત્રના નિષ્ણાતોએ તે વિરોધી હોય કે સમર્થક; કર્યું છે અને અત્યાર સુધી ચંદ્ર ઉપર વારંવાર જવાનો અને ત્યાંથી પથ્થર, માટી વગેરે નમૂના લાવવાનો તથા ત્યાંના ફોટા વગેરે પાડવાનો ક્રમ સતત ચાલું છે. બીજા ગ્રહો સુધી પહોંચવાના પણ પ્રયત્નો થઈ રહ્યા છે અને અવકાશી યાત્રાઓના મિશનો સતત ચાલુ છે.

તેમાંથી એક અમેરિકન અવકાશયાત્રી જ્હોન ગ્લૅમ જે સફળતાપૂર્વક અવકાશની યાત્રાએથી પાછો આવ્યો અને તેની સફળતા ઉપર તેના સમર્થકો અને વિરોધીઓએ બધાએ ભરોસો કર્યો, તેનું એક નિવેદન અમેરિકાના પ્રખ્યાત માસિક "રીડર ડાયજેસ્ટ"માં અને તેનો ઉર્દૂ તરજુમો અમેરિકાના ઉર્દૂ માસિક "સેરબીન"માં ખુલાસાવાર વિગતે પ્રકાશિત થયો છે, અત્રે તેના અમુક મહત્ત્વના અવતરણો "સેરબીન" માસિકમાંથી નકલ કરવામાં આવે છે જેનાથી આપણી ચર્ચાના મુદ્દા ઉપર પૂરતો પ્રકાશ પડે છે, જ્હોન ગ્લૅમે પોતાના લાંબા લેખમાં અવકાશની અજાયબીઓનું વર્ણન કરતા લખ્યું છે કે,

"આ જ તે એકમાત્ર વસ્તુ છે જે અવકાશમાં ખુદાના અસ્તિત્વ ઉપર દલીલ કરે છે અને એ કે કોઈ શક્તિ અવશ્ય છે જે આ બધાનું કેન્દ્ર છે જે તેને કાબૂમાં રાખે છે."

આગળ લખે છે કે,

"તદુપરાંત અવકાશમાં જે વ્યવસ્થા પ્રથમથી ઉપસ્થિત છે તેને જોઈને આપણા પ્રયત્નો અતિતુચ્છ છે, વૈજ્ઞાનિક પરિભાષાઓ અને માપદંડોમાં અવકાશની વ્યાખ્યા અશક્ય છે."

આગળ વિમાનો અને રૉકૅટોની શક્તિનું વર્ણન કરીને લખે છે,

"પરંતુ એક ચોક્કસ અને અનુભવી ન શકાય એવી શક્તિ વિના તેનો ઉપયોગ પણ મર્યાદિત અને નિરર્થક થઈને રહી જાય છે એટલા માટે કે હવાઈ જહાઝને પોતાના હેતુની પૂર્ણતા માટે નિશ્ચિત દિશાની આવશ્યકતા હોય છે અને આ કામ હોકાયંત્રથી લેવામાં આવે છે, તે શક્તિ જે હોકાયંત્રને ગતિમાં રાખે છે તે આપણી બધી ઈન્દ્રિયો (Senses) માટે એક ઉઘાડો પડકાર છે, તેને ન તો

આપણે જોઈ શકીએ છીએ, ન સાંભળી શકીએ છીએ, ન સ્પર્શ કરી શકીએ છીએ, ન ચાખી શકીએ છીએ, ન સુંઘી શકીએ છીએ. જ્યારે કે પરિણામનું જાહેર થવું તેના ઉપર સ્પષ્ટ દલીલ કરી રહ્યું છે કે અત્રે કોઈ શક્તિ અવશ્ય ઉપસ્થિત છે."

આગળ બધી અવકાશયાત્રાઓના નિચોડ સ્વરૂપે લખે છે,

"ઈસાઈયતના સિદ્ધાંતો અને માન્યતાની વાસ્તવિકતા પણ ઠીક આવી જ કંઈ છે, જો આપણે તેમને પોતાનો માર્ગદર્શક બનાવીએ તો એ છતાં કે આપણી ઈન્દ્રિયો (Senses) તેના મૂળ સુધી પહોંચવાથી લાચાર હોય છે પરંતુ તે માર્ગદર્શક શક્તિના પરિણામો અને પ્રભાવો પોતાના અને પોતાના બીજા ભાઈઓની જિંદગીઓમાં ખુલ્લી આંખોએ જોઈશું, આ જ કારણ છે કે આપણે જાણીએ છીએ અને આ બીનાએ કહીએ છીએ કે આ સૃષ્ટિમાં એક માર્ગદર્શક શક્તિ અવશ્ય ઉપસ્થિત છે."

આ છે અવકાશયાત્રીઓ અને ગ્રહો ઉપર અવકાશયાનો મોકલનારાઓની કમાણી અને તેનો અંતિમ ખુલાસો જે તમે અમેરિકી અવકાશયાત્રીના નિવેદનમાં વાંચી લીધો કે આ બધી જ દોડધામ અને પ્રયત્નોના પરિણામે સૃષ્ટિના રહસ્ય અને તેની વાસ્તવિકતા સુધી પહોંચવું તો દૂરની વાત બલકે અનહદ અને બેહિસાબ ગ્રહો, તારાઓ અને તેમના પોતાની કક્ષાના ભ્રમણોની જાણકારી જોઈને તેનું આશ્ચર્ય ઔર વધી ગયું. વૈજ્ઞાનિક ઉપકરણોથી તેની સાચી ઓળખ કરવી અશક્ય હોવાની અને પોતાના બધા પ્રયત્નોની તેના મુકાબલામાં તુચ્છ હોવાની જાહેરાત કરવી પડી, બસ ખુલાસો એટલો પ્રાપ્ત થયો કે આ સમગ્ર બ્રહ્માંડનું વ્યવસ્થાપનતંત્ર તથા તારાઓ અને ગ્રહોની ગતિઓ તે આપોઆપ સર્જાયેલું નથી, બલકે કોઈ મહાન અને જેને પ્રત્યક્ષ અનુભવી ન શકાય એવી શક્તિના હુકમ હેઠળ ચાલી રહ્યું છે, આ જ તે વાત છે જેને અંબિયા (અલૈ.)એ પ્રથમ ડગલે સામાન્ય મનુષ્યોને બતાવી દીધું હતું અને કુર્આને કરીમની અનેક આયતોમાં આ જ વસ્તુનો વિશ્વાસ અપાવવા માટે આસમાન અને જમીન, તારાઓ અને ગ્રહો વગેરેની પરિસ્થિતિ ઉપર વિચાર અને ચિંતન કરવાનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

તમે જોઈ લીધું કે જે પ્રમાણે પૃથ્વી ઉપર બેસીને આસમાનના વાતાવરણ તથા ગ્રહો, તારાઓનું સંશોધન અને તેની કક્ષાઓ, ગતિઓ ઉપર ફિલસુફીયુક્ત ચર્ચાઓ કરનાર તે વસ્તુઓની મૂળ વાસ્તવિકતા સુધી પહોંચી નથી શક્યા અને અંતે પોતાની લાચારી અને અસહાયતનો સ્વીકાર કર્યો એ જ પ્રમાણે આ પૃથ્વીથી લાખો માઈલ ઉપરની મુસાફરી કરનારા અને ચંદ્ર ઉપરથી પથ્થર અને માટી તથા ત્યાંના ફોટા લાવનારા પણ વાસ્તવિકતાને ઓળખવાના મેદાનમાં તેનાથી કંઈક આગળ ન વધી શક્યા.

આવા સંશોધનોએ માનવી અને માનવતાને શું આપ્યું ? :

જ્યાં સુધી મનુષ્યનો સંઘર્ષ તથા તેની વૈચારિક ક્રાંતિ તથા તેના આશ્ચર્યજનક અને વિસ્મયકારી સંશોધનોનો મા'મલો છે તે પોતાની જગ્યાએ યોગ્ય અન ઠીક છે, સામાન્ય દષ્ટિના આધારે વખાણવા લાયક પણ છે પરંતુ જો તેના ઉપર વિચાર કરવામાં આવે તો તેમાંથી ઘણું બધું માત્ર નિરર્થક તમાશો અને વ્યર્થ ચર્ચાઓ છે જેનાથી માનવ કે માનવતાનો કોઈ મોટો ફાયદો કે લાભ ન હોવાથી તે બુદ્ધિશાળીઓ અને વિદ્વાનોનું કાર્ય નથી. જોવું એ જોઈએ કે આ પચાસ વર્ષોની મહેનતો અને અરબો ખરબો રૂપિયા જે ઘણા બધા માનવીઓની મુસીબતો અને તકલીફોને દૂર કરવા માટે પૂરતા હોત તેને આગને હવાલે કરી દેવા અને ચંદ્ર સુધી પહોંચીને ત્યાંની માટી પથ્થર સમેટી લાવવાથી માનવોનું કે માનવતાનું શું ભલું થયું ? માનવોની ઘણી મોટી સંખ્યા એવા લોકોની છે જેઓ ભૂખે મરે છે, તેમને કપડાં અને માથું છુપાવવા માટે જગ્યા ઉપલબ્ધ નથી, શું આ મહેનતોથી તેમની ગરીબી અને મુસીબતનો કોઈ હલ કાઢ્યો ? અથવા તેમની બીમારીઓ અને આફતો માટે તંદુરસ્તી અથવા રાહતની કોઈ વ્યવસ્થા કરી ? અથવા તેમના માટે મનના સંતોષ અને શાંતિનો કોઈ સામાન ઉપલબ્ધ કરાવ્યો ? સાચે જ કોઈપણ વ્યક્તિ પાસે તેનો જવાબ નકાર સિવાય હશે નહીં.

એ જ કારણ છે કે કુર્આન અને સુન્નત મનુષ્યને એવી નિરર્થક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થવાથી દૂર રાખે છે અને વિશ્વની સૃષ્ટિમાં વિચાર, ચિંતન અને મનન કરવાનું આમંત્રણ માત્ર બે સ્વરૂપોમાં આપે છે. પ્રથમ સ્વરૂપ જે મૂળ હેતુ છે તે એ છે કે આ આશ્ચર્યજનક નિશાનીઓને જોઈને અદ્વિતિય અને સાચા સૃષ્ટા અને

જેને પામી ન શકાય એવી શકિતનો વિશ્વાસ કરી લે જે આ સમગ્ર વ્યવસ્થાપનતંત્ર ચલાવી રહ્યો છે તેનું જ નામ અલ્લાહ છે. બીજું આ પૃથ્વી અને આસમાની મખ્લૂકોમાં અલ્લાહ તઆલાએ મનુષ્યના લાભ માટે દરેક જરૂરતની વસ્તુઓ ઉપલબ્ધ કરાવી દીધી છે. મનુષ્યનું કામ એ છે કે પોતાની બુદ્ધિ અને સમજદારીથી તથા સંઘર્ષ કરીને તેનાથી કામ લે અને તે વસ્તુઓને જમીનના ખજાનાઓમાંથી કાઢે અને ઉપયોગ કરવાની પદ્ધતિઓ શીખી લે, પ્રથમ સ્વરૂપ મૂળ હેતુ છે અને બીજું સ્વરૂપ બીજો હેતુ પૂર્ણ કરવા માટે એટલે કે પોતાની જરૂરતો સંતોષવા માટે છે એટલા માટે આવશ્યકતાથી વધારે તેમાં ઓતપ્રોત થવું પસંદ કરવામાં આવ્યું નથી અને વૈશ્વિક સૃષ્ટિમાં ચિંતન, મનન અને વિચાર કરવાના બંને સ્વરૂપો મનુષ્ય માટે સરળ પણ છે અને પરિણામલક્ષી પણ છે અને બંને સ્વરૂપોના પરિણામોમાં પ્રાચીન અને અર્વાચીન ફિલોસોફીઓનો કોઈ મતભેદ પણ નથી, તે બધા મતભેદો અને વિરોધાભાસો ખગોળશાસ્ત્ર, અવકાશી પદાર્થો, ગ્રહો, નક્ષત્રોની ગતિઓ તથા તેની વાસ્તવિકતાના સંદર્ભમાં છે જેને કુર્આને વ્યર્થ અને પામી ન શકાય એવું ઠરાવીને ઉપેક્ષિત કર્યું છે. અલ્લામહ નજીત મુફતીએ મિસરે પોતાની કિતાબ "તવફીકુર્રહમાન"માં ખગોળશાસ્ત્રના જ્ઞાનને ત્રણ વિભાગોમાં વહેંચી દીધું છે. એક વિભાગ ખાસિયતો આધારિત છે જે અવકાશી પદાર્થોની ગતિઓ અને તેના હિસાબો ઉપર આધારિત છે, બીજું તે પ્રાયોગિક જ્ઞાન છે જે તે હિસાબોને જાણવા માટે પ્રાચીન અને અર્વાચીન સંયંત્રોના સંદર્ભમાં છે અને ત્રીજો સ્વાભાવિક જે ખગોળીય પદાર્થો તારાઓ, ગ્રહો વગેરેની પરિસ્થિતિઓ અને હકીકત વિશે છે અને લખ્યું છે કે પ્રથમ બંને પ્રકારોમાં પ્રાચીન અને આધુનિક નિષ્ણાતોમાં મતભેદ બિલકુલ નથી, યંત્રો અને તેના ઉપયોગમાં ઘણા બધા મતભેદ હોવા છતાં પરિણામો ઉપર મોટે ભાગે બધાની સહમતી છે તેનો સખત મતભેદ માત્ર ત્રીજા પ્રકારમાં છે.

વિચાર કરો તો મનુષ્યની જરૂરત વિશે પણ આ જ પ્રથમ બે પ્રકારો છે. ત્રીજો પ્રકાર મનુષ્યની પહોંચની બહાર પણ છે અને અતિમુશ્કેલ પણ એટલા માટે કુર્આન અને સુન્નત તથા બધા જ અંબિયા (અલૈ.)ના શિક્ષણમાં મનુષ્યને આ ત્રીજા પ્રકારની ચર્ચામાં ઉલજાવવામાં આવ્યા નથી તથા પુરોગામી વિદ્વાનોએ આ બોધપાઠ આપ્યો છે.

زباں تازہ کردن باقرارِ تو   نینگیختن علّت از کارِ تو

مہندس بسے جویداز رازِ شاں   نداند کہ چوں کردی آغارِ شاں

સુફિયાએ કિરામ જે કશ્ફની દષ્ટિથી તે વસ્તુઓને જુએ છે તેમનો ફૈસલો પણ અંતે તે જ છે જે શૈખ સઅ્દી (રહ.)એ કહ્યું,

چہ شبہا نشستم دریں سیر گُم   کہ حیرت گرفت آستینم کہ قُم

હાફિઝ સિરાઝીએ પોતાની લયમાં કહ્યું,

سخن از مطرب و می گوئ و راز دہر کمتر جو   کہ کس نکشو د و نکشا ید بحکمت ایں معمّا را

આ બધી જ વિગતોનો ખુલાસો એ છે કે અવકાશી પદાર્થોની સૃષ્ટિ તથા પૃથ્વીની સૃષ્ટિમાં ચિંતન મનનના સ્વરૂપે તેમના પેદા કરનારના અસ્તિત્વ તથા તવહીદ અને તેના અજોડ જ્ઞાન અને શક્તિ ઉપર દલીલ કરવામાં આવે એ જ કુર્આનનો મુખ્ય હેતુ છે અને કુર્આને કરીમ ઠેકાણે ઠેકાણે એનું આમંત્રણ આપી રહ્યું છે અને એ સ્વરૂપે કે જે વસ્તુઓમાં મનુષ્યની સામાજિક સમસ્યાઓનો સંબંધ છે તે પણ જરૂરતની મર્યાદા સુધી કુર્આને કરીમનો હેતુ છે અને કુર્આને કરીમ તે તરફ આમંત્રણ પણ આપે છે પરંતુ એ તફાવતની સાથે કે આર્થિક અને સામાજિક આવશ્યકતાઓને મૂળ મકસદ ઠરાવીને એ બાબતોમાં ઓતપ્રોત થઈ જવામાં ન આવે બલકે આ હાલના જીવનને અસલી જીવન તરફ એક મુસાફરીનો દરજ્જો ઠરાવે કે એ પ્રમાણે પોતે પ્રવૃત્ત થાય અને ત્રીજું સ્વરૂપ કારણ કે મનુષ્યની આવશ્યકતાથી વધારે પણ છે અને તેને પ્રાપ્ત કરવું મુશ્કેલ પણ છે, તેમાં જિંદગી પસાર કરવાથી દૂર રહેવાનો ઈશારો કરે છે. અત્રે એ પણ સ્પષ્ટ થઈ ગયું કે આધુનિક વિજ્ઞાનની નવી નવી પ્રગતિ અને સંશોધનોનો મૂળ હેતુ કુર્આનનો મૂળ હેતુ સમજવું પણ ખોટું છે, જેમકે અમુક આધુનિકતાવાદી વિદ્વાનો લખે છે અને કુર્આને કરીમને તેનું વિરોધી કહેવું પણ ખોટું છે જેમકે અમુક જુનવાણી વિચારધારા ધરાવતા લોકો કહે છે, બલકે હકીકત એ છે કે કુર્આને કરીમ ન તો આ વસ્તુઓના વર્ણન માટે આવ્યું છે અને ન જ એ ચર્ચાનો કોઈ મુદ્દો છે અને ન જ મનુષ્ય માટે તેનું પ્રાપ્ત કરવું સરળ છે તથા મનુષ્યની આવશ્યકતા સાથે તેનો

કોઈ સંબંધ પણ નથી, કુર્આન તે જાણકારીઓમાં મૌન છે, પ્રયોગો સાક્ષાત્કારોથી કોઈ વસ્તુ સાબિત થઈ જાય તો તેને કુર્આનના વિરુદ્ધ કહેવું પણ સાચું નથી, ચંદ્ર ઉપર પહોંચવું, રહેવું, વસવું અને ત્યાંના ભૌતિક પદાર્થોથી લાભ ઉઠાવવો વગેરે બધું તેમાં સામેલ છે. તેમાંથી કોઈ વસ્તુ અનુભવથી અથવા પ્રયોગોથી સાબિત થઈ જાય તો તેના ઇન્કારનું કોઈ કારણ નથી અને જ્યાં સુધી સાબિત ન થાય ફોગટમાં આવી કલ્પનાઓ અને અનુમાનો કરવા અને તેમાં કિંમતી જિંદગી ખર્ચ કરવી પણ કોઈ બુદ્ધિનું કામ નથી. વલ્લાહુ અઅ્લમુ.

ઇબાદુર્રહમાન

[અત્રે આ મથાળુ એટલા માટે બાંધવામાં આવ્યું છે કે તેને એક આગવી પુસ્તિકા સ્વરૂપે આ નામથી પ્રકાશિત કરી શકાય છે અને જ્યારે એવું કરવામાં આવે તો તેની શરૂઆતમાં બિસ્મિલ્લાહ લખી આપવામાં આવે.]

(હઝરત મવલાના મુફતી) મુહમ્મદ શફીઅ્ (સા. રહ.)

આયતો : (સૂરએ ફુરકાન : આયત નં. ૬૩ થી ૭૭)

وَعِبَادُ الرَّحْمٰنِ الَّذِيْنَ يَمْشُوْنَ عَلَى الْاَرْضِ هَوْنًا وَّاِذَا خَاطَبَهُمُ الْجٰهِلُوْنَ
قَالُوْا سَلٰمًا ﴿٦٣﴾ وَالَّذِيْنَ يَبِيْتُوْنَ لِرَبِّهِمْ سُجَّدًا وَّقِيَامًا ﴿٦٤﴾ وَالَّذِيْنَ
يَقُوْلُوْنَ رَبَّنَا اصْرِفْ عَنَّا عَذَابَ جَهَنَّمَ ۖ اِنَّ عَذَابَهَا كَانَ غَرَامًا ﴿٦٥﴾ اِنَّهَا
سَآءَتْ مُسْتَقَرًّا وَّمُقَامًا ﴿٦٦﴾ وَالَّذِيْنَ اِذَآ اَنْفَقُوْا لَمْ يُسْرِفُوْا وَلَمْ يَقْتُرُوْا
وَكَانَ بَيْنَ ذٰلِكَ قَوَامًا ﴿٦٧﴾ وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ وَلَا
يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ وَلَا يَزْنُوْنَ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ
يَلْقَ اَثَامًا ﴿٦٨﴾ يُّضٰعَفْ لَهُ الْعَذَابُ يَوْمَ الْقِيٰمَةِ وَيَخْلُدْ فِيْهٖ مُهَانًا ﴿٦٩﴾ اِلَّا مَنْ

تَابَ وَاٰمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ ؕ وَكَانَ اللّٰهُ
غَفُوْرًا رَّحِيْمًا ۝٧٠ وَمَنْ تَابَ وَعَمِلَ صَالِحًا فَاِنَّهٗ يَتُوْبُ اِلَى اللّٰهِ مَتَابًا ۝٧١
وَالَّذِيْنَ لَا يَشْهَدُوْنَ الزُّوْرَ ۙ وَاِذَا مَرُّوْا بِاللَّغْوِ مَرُّوْا كِرَامًا ۝٧٢ وَالَّذِيْنَ اِذَا ذُكِّرُوْا
بِاٰيٰتِ رَبِّهِمْ لَمْ يَخِرُّوْا عَلَيْهَا صُمًّا وَّعُمْيَانًا ۝٧٣ وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا
هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا ۝٧٤
اُولٰٓئِكَ يُجْزَوْنَ الْغُرْفَةَ بِمَا صَبَرُوْا وَيُلَقَّوْنَ فِيْهَا تَحِيَّةً وَّسَلٰمًا ۝٧٥ خٰلِدِيْنَ
فِيْهَا ؕ حَسُنَتْ مُسْتَقَرًّا وَّمُقَامًا ۝٧٦ قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّيْ لَوْلَا دُعَآؤُكُمْ ۚ فَقَدْ
كَذَّبْتُمْ فَسَوْفَ يَكُوْنُ لِزَامًا ۝٧٧

તરજુમો :

અને રહમાનના બંદાઓ તે છે જે જમીન ઉપર દબાયેલા પગલે ચાલે છે અને જ્યારે તેમનાથી અણસમજુ (જાહિલ) લોકો વાત કરવા લાગે તો કહે (જનાબ) સલામ ! (૬૩) અને તે લોકો જેઓ રાત્રિ પોતાના પરવરદિગારની સામે સિજ્દહમાં અને ઊભા રહી (કિયામમાં) કાપે છે. (૬૪) અને તે લોકો કે કહે છે, હે પરવરદિગાર ! અમારા ઉપરથી દોઝખનો અઝાબ હટાવી દે, બેશક ! તેનો અઝાબ (ચોંટી જનાર) સંપૂર્ણ બરબાદી છે. (૬૫) તે થોભવાનું બુરું સ્થળ છે અને બુરું સ્થળ છે રહેવાનું. (૬૬) અને તે લોકો કે જેઓ ખર્ચ કરવા લાગે અયોગ્ય જગ્યાએ ન ઉડાવે અને ન જ તંગી (ઓછો ખર્ચ) કરે અને તેની વચ્ચે એક સીધો (મધ્યમ) માર્ગ (અપનાવે). (૬૭) અને તે લોકો કે અલ્લાહની સાથે બીજા હાકિમ (મઅ્બૂદ)ને નથી પોકારતા અને ન જ જેની અલ્લાહે મનાઈ કરી તે પ્રાણને હણે છે પરંતુ જ્યાં હક સાથે હોય; અને બદકારી (વ્યભિચાર) નથી કરતા અને જે કોઈ આવું કામ કરે તે ગુનાહમાં જઈ પડશે. (૬૮) તેને કયામતના દિવસે બમણો અઝાબ થશે અને તેમાં અપમાનિત થઈને પડયો રહેશે. (૬૯) પરંતુ જેણે

તવબહ કરી અને ઈમાન (યકીન) લાવ્યો અને નેક કામો કર્યા; બસ, તેમને અલ્લાહ બદલી આપશે બુરાઈઓની જગ્યાએ ભલાઈઓ ! અને અલ્લાહ બખ્શનારો મહેરબાન છે. (૭૦) અને જે કોઈ તવબહ કરે અને નેક કામ કરે, બસ તે અલ્લાહ તરફ પાછો ફરે છે પાછા ફરવાના (સારા) ઠેકાણે. (૭૧) અને જે લોકો જૂઠા (બેહૂદા) કામમાં સામેલ નથી થતા અને જ્યારે વ્યર્થ (અયોગ્ય) વાતોએથી પસાર થાય છે તો સ્વમાનભેર (સહનશીલતાપૂર્વક) પસાર થઈ જાય છે. (૭૨) અને તે લોકો કે જ્યારે તેમને તેમના પરવરદિગારની વાતો સમજાવવામાં આવે તેના ઉપર બહેરા આંધળા થઈને ન પડે. (૭૩) અને તે લોકો જેઓ કહે છે, હે અમારા પરવરદિગાર ! અમને અમારી સ્ત્રીઓ તરફથી અને અવલાદ તરફથી આંખોની ઠંડક આપ અને અમને પરહેઝગારોના ઈમામ (આગેવાન) બનાવ. (૭૪) તેમને હવેલીઓના ઝરૂખાઓનો બદલો મળશે એટલા માટે કે તેઓ મક્કમ રહ્યા અને તેમને ત્યાં (ફરિશ્તા) દુઆ અને સલામ કહેતાં(-કહેતાં) લેવા આવશે. (૭૫) હંમેશા તેમાં રહ્યા કરે, થોભવાનું ઘણું સારું સ્થળ છે અને ઘણું સારું સ્થળ છે રહેવાનું. (૭૬) તમે કહો ! મારો પરવરદિગાર તમારી પરવા નથી રાખતો જો તમે તેને ન પોકાર્યા કરો; બસ તમે તો જૂઠાડી ચૂક્યા હવે આગળ મૂઠભેડ (વબાલ) થશે. (૭૭)

તફસીર :

અને રહમાનના (ખાસ) બંદા તે છે જે જમીન ઉપર વિનમ્રતાની સાથે ચાલે છે (મતલબ એ છે કે તેમના સ્વભાવમાં નમ્રતા છે, બધા જ કામોમાં વિનમ્ર છે અને એ જ વિનમ્ર સ્વભાવ તેમના ચાલવામાં પણ જાહેર થાય છે અને ખાસ ચાલવાની રીતભાત વર્ણન કરવાનો હેતુ નથી, કારણ કે વંઠેલ સ્વભાવની સાથે ધીમી ગતિથી ચાલવું વખાણપાત્ર નથી પરંતુ વિનમ્ર લોકોની આ ખાસ ચાલઢાલ છે કે તે પોતાના અમલોના કારણે છે) અને (બીજાઓની સાથે તેમનો વ્યવહાર એ છે કે) જ્યારે તેમનાથી અજ્ઞાની લોકો (અજ્ઞાનતાની) વાત(ચીત) કરે છે તો તેઓ શિર્ક દૂર કરવાની વાત કરે છે (મતલબ એ છે કે પોતાની જાત માટે કોઈ નિવેદન અથવા પ્રવૃત્તિ બદલાની ભાવનાથી કરતા નથી પરંતુ જે વ્યવહાર સભ્યતા, સુધારણા અને શરીઅતના હિત પ્રમાણે અલ્લાહની ખુશનૂદી માટે હોય તેનો નકાર

નથી) અને જે (અલ્લાહની સાથે પોતાનો એવો વ્યવહાર રાખે છે કે) રાત્રે પોતાના પરવરદિગારની સામે સિજ્દહ અને કિયામ (એટલે કે નમાઝ)માં લાગેલા રહે છે અને જે (અલ્લાહના હકો અને બંદાના હકો પૂરા કરવા છતાં અલ્લાહ તઆલાથી એ પ્રમાણે ડરે છે કે) દુઆઓ માંગે છે કે હે અમારા પરવરદિગાર ! અમારાથી જહન્નમના અઝાબોને દૂર રાખ, કારણ કે તેનો અઝાબ સંપૂર્ણ તબાહી છે બેશક ! તે જહન્નમ બુરું ઠેકાણું અને બુરું સ્થાન છે (આ તો તેમની શારીરિક આજ્ઞાપાલનની પરિસ્થિતિ છે) અને (આર્થિક આજ્ઞાપાલનમાં તેમની રીતભાત એ છે કે) તેઓ જ્યારે ખર્ચ કરવા લાગે છે તો ન તો વ્યર્થ (ફુઝૂલ) ખર્ચ કરે છે (કે ગુનાહોમાં ખર્ચ કરવા માંડે) અને ન જ ઓછું કરે છે (કે જરૂરી આજ્ઞાપાલનમાં પણ ખર્ચ કરવાની ઉણપ રાખે અને ફુઝૂલખર્ચીમાં તે ખર્ચ પણ સામેલ છે જે જરૂરત વિના અને પોતાની શક્તિથી વધારે મુબાહમાં અથવા બિનજરૂરી આજ્ઞાપાલનમાં ખર્ચ કરે જેનું પરિણામ અંતે અધીરાઈ અને લાલચ તથા ખોટી નિય્યત હોય કારણ કે આ કાર્યો ગુનાહના છે અને જે વસ્તુઓ ગુનાહનું કારણ બને તે પણ ગુનોહ છે એટલા માટે તે પણ ગુનાહમાં ખર્ચ કરવું ગણાશે, આ જ રીતે જરૂરી આજ્ઞાપાલનમાં બિલકુલ ખર્ચ ન કરવાની નીંદા لَمْ يَقْتُرُوْا નો ભાવાર્થ થઈ ગયો કારણ કે જ્યારે ખર્ચમાં કમી કરવી જાઈઝ નથી તો બિલકુલ જ ખર્ચ ન કરવો તો નાજાઈઝ જ ગણાશે, બસ એ સંદેહ ન રહ્યો કે ખર્ચમાં કમી કરવાનો તો નકાર થઈ ગયો પરંતુ ખર્ચ બિલકુલ જ ન કરવાનો નકાર ન થયો, મતલબ કે તે ખર્ચમાં અતિશયોક્તિ અથવા તો બિલકુલ ઉણપ બંનેથી બચે છે) અને તેમનું ખર્ચ કરવું તે (ઈફરાત અને તફરીત –અતિશયોક્તિ અને ઉણપ)ના વચ્ચે મધ્યમસર હોય છે (અને આ પ્રસ્તુત પરિસ્થિતિ તો આજ્ઞાપાલનની અદાયગી વિશે હતી) અને જે (ગુનાહોથી બચવામાં એ શા'ન ધરાવે છે) કે અલ્લાહ તઆલાની સાથે કોઈ અન્ય મઅ્બૂદની પૂજા નથી કરતા (જે ગુનાહથી સંબંધિત માન્યતાઓ છે) અને જે વ્યક્તિ(ની હત્યા કરવા)ને અલ્લાહ તઆલાએ (શરીઅતના કાયદાની રૂએ) હરામ ફરમાવ્યું છે તેની હત્યા નથી કરતા, હા ! પરંતુ હક્ક ઉપર (એટલે કે જ્યારે કતલ કરવાના કારણો અથવા તેને મારવાનું કોઈ શરઈ કારણ સાબિત થાય તે વખતે બીજી વાત છે) અને તે વ્યભિચાર નથી કરતા (કે આ હત્યા અને વ્યભિચાર મોટા ગુનાહોમાંથી છે) અને જે વ્યક્તિ આવા કામ કરશે (કે શિર્ક કરે અથવા શિર્ક

કરવાની સાથે નાહક હત્યા પણ કરે અથવા વ્યભિચાર પણ કરે, જેમકે મક્કાના મુશ્રિકો હતા તો તેમને સજાની સાથે વાસ્તો પડશે કે કયામતના દિવસે તેમનો અઝાબ વધતો ચાલ્યો જશે (જેમકે કાફિરો માટે બીજી આયતોમાં આવ્યું છે زِدْنَا هُمْ عَذَابًا فَوْقَ الْعَذَابِ) અને તે એ(અઝાબ)માં હંમેશા હંમેશા અપમાનિત (અને ઝલીલ) થઈને પડ્યો રહેશે (જેથી શારીરિક અઝાબની સાથે રૂહાની અઝાબનું અપમાન પણ થાય અને અઝાબની કઠોરતા એટલે કે તેની કઠોરતાનું પ્રમાણ પણ વધતું રહેશે, એટલે કે તેની સજા વધતી ચાલશે. وَمَن يَّفْعَلْ ذٰلِكَ થી ભાવાર્થ તરીકે કાફિરો અને મુશ્રિકો છે, જેમકે ઈશારો છે يُضَاعَفْ અને يَخْلُدْ અને مُهَانًا તથા آمَنَ થી ભાવાર્થ મો'મિન ગુનેહગારો છે કે તેમના અઝાબમાં વધારો અને خُلُوْدْ ન થશે, બલકે તેમનો અઝાબ તેમને પવિત્ર કરવા માટે થશે, ન કે તેમને અપમાનિત કરવા માટે અને તેના માટે ઈમાનના નવીનીકરણની જરૂરત નથી માત્ર તવબહ પૂરતી છે જેનું આગળ વર્ણન છે. ....وَمَنْ تَابَ وَعَمِلَ વળી, પ્રસ્તુત ઈશારાઓ સિવાય સહીહૈનમાં ઈબ્ને અબ્બાસ રદિ. દ્વારા તેનો શા'ને નુઝૂલ પણ નકલ થયો છે કે મુશ્રિકો વિશે આ આયત નાઝિલ થઈ) પરંતુ જે (શિર્ક તથા ગુનાહોથી) તવબહ કરી લે અને (આ તવબહની સ્વીકૃતીની શરત એ છે કે) ઈમાન (પણ) લઈ આવે અને નેક કામ કરતો રહે (એટલે કે જરૂરી આજ્ઞાપાલન કરતો રહે) તો (તેને જહન્નમની હંમેશા હંમેશની સજા નહીં થાય, તેને જહન્નમ જરા પણ અડકશે નહીં બલકે) અલ્લાહ તઆલા એવા લોકોના (પાછલા) ગુનાહો(ને દૂર કરીને તે)ની જગ્યાએ (ભવિષ્યમાં) નેકીઓ એનાયત કરશે (એટલે કારણ કે પાછલા કુફ્ર અને ગુનાહોના સમયમાં કરેલ કુફ્ર ઈસ્લામની બરકતથી મા'ફ થઈ જશે અને ભવિષ્યમાં નેક અમલોની ભલાઈઓ લખવામાં આવતી રહેશે અને તેના ઉપર સવાબ મળશે એટલા માટે તેમને જહન્નમ સાથે કોઈ લેવા દેવા ન રહેશે, બસ અત્રે અપવાદ નથી અને مَنْ تَابَ ની ખબર فَأُولٰٓئِكَ સુધી છે તથા હેતુ આ ગુનાહોને નેકીઓથી બદલી નાંખવાનો તે છે જે ઈમાન અને તવબહ તથા નેક અમલોના મિશ્રણનું પરિણામ છે તથા જહન્નમની આગથી સુરક્ષિત રહેવું તેની આવશ્યક અસર છે અને જહન્નમમાં પ્રવેશ જ નથી તો પછી તેમને કાયમી અપમાન ન થવું દેખીતું છે, આ اِسْتِثْنَاءِ مُتَّصِل "ઈસ્તિસ્નાએ મુત્તસિલ" હોય અથવા عَدَمِ خُلُوْدْ "અદમે ખુલૂદ" હોય તેના માટે

ઈમાન, તવબહ અને નેક અમલોના મિશ્રણની શરત ન હોય પરંતુ આ મિશ્રણની સાથે عَـدَمِ خُـلُـوْدْ નું હોવું આ આયતમાં પ્રસ્તુત થયું અને માત્ર ઈમાન ઉપર عَـدَمِ خُلُوْدْ નું લાગુ પડવું બીજી દલીલોથી સાબિત છે) અને (આ ગુનાહોને દૂર કરી તેને નેકીઓથી બદલવાનું એટલા માટે થયું કે) અલ્લાહ તઆલા કૃપાળુ છે (એટલા માટે ગુનાહોને દૂર કરી દીધા) અને દયાળુ છે (એટલા માટે નેકીઓને કાયમ કરી, આ તો કુફ્રથી તવબહ કરનારાઓનું વર્ણન હતું) અને (આગળ તે મો'મિનનું વર્ણન છે જે ગુનાહથી તવબહ કરે જેથી તવબહનો વિષય પૂર્ણ થઈ જાય અને વળી સ્વીકૃત બંદાઓના બાકી લક્ષણોનું વર્ણન છે કે તે લોકો હંમેશા આજ્ઞાપાલનના પાબંદ અને ગુનાહોથી પરહેઝ કરવાની ટેવ ધરાવે છે પરંતુ જો ક્યારેક કોઈ ભૂલેચૂકે ગુનોહ થઈ જાય તો તવબહ કરી લે છે, તેના માટે તવબહ કરનારાઓની હાલત વર્ણન કરવામાં આવી એટલે કે) જે વ્યક્તિ (જે ગુનાહથી) તવબહ કરે છે અને નેક કામ કરે છે (એટલે કે હવે પછી ભવિષ્યમાં ગુનાહથી બચે છે) તો તે (પણ અઝાબથી બચેલો રહેશે કારણ કે તે) અલ્લાહ તઆલા તરફ ખાસ રીતે રુજૂઅ્ કરી રહ્યો છે (એટલે કે ડર અને નિખાલસતાની સાથે તવબહની શરત છે, આગળ ફરી અલ્લાહના બંદાના લક્ષણો વર્ણન કરે છે એટલે કે) અને (તેમનામાં એ વાત છે કે) તેઓ બેહૂદા વાતોમાં (જેમકે વ્યર્થ અને શરીઅતની વિરુદ્ધ વાતોમાં) સામેલ નથી થતા અને જો (અચાનક વિના ઈરાદે) બેહૂદા પ્રવૃત્તિઓની પાસેથી પસાર થાય છે તો ગંભીરતા (અને શરાફત)ની સાથે પસાર થઈ જાય છે (એટલે કે ન તો તેમાં પ્રવૃત્ત થાય છે અને ન જ પોતાના વર્તનથી ગુનેહગારોની હકારત અને પોતે મોટો હોવાનું કે પોતાનું અભિમાન જાહેર કરે છે) અને તે એવા છે કે જે સમયે તેમને અલ્લાહના હુકમો દ્વારા બોધપાઠ કરવામાં આવે છે તો તે (હુકમો) ઉપર બહેરા આંધળા થઈને નથી પડતા (જે પ્રમાણે કાફિર કુર્આન ઉપર એક નવી વાત સમજીને તમાશા સ્વરૂપે અને વળી તેમાં વાંધા વિરોધ ઊભા કરવા માટે તેની સચ્ચાઈઓ અને ગૂઢાર્થોથી આંધળા બહેરા થઈને અંધાધૂંધ કોઈ અરાજક ટોળા ઊભા કરી લેતા હતા, જેમકે કુર્આનમાં બીજી જગ્યાએ તેનો ઈરશાદ છે, كَادُوْا يَكُوْنُوْنَ عَلَيْهِ لِبَدًا – અમુક તફસીરો પ્રમાણે : બસ, પ્રસ્તુત બંદાઓ એવું નથી કરતા બલકે બુદ્ધિ અને સમજદારીની સાથે કુર્આન ઉપર ધ્યાન આપી તેના તરફ દોડે છે જેનો લાભ વધારે ઈમાન અને હુકમો

ઉપર અમલનો છે, બસ આયતનો હેતુ આંધળા અને બહેરા થવાનું નકાર છે, ન કે કુર્આન તરફ શોખની સાથે ધ્યાન ધરીને તેના ઉપર પડવાનું કારણ કે એ ઇચ્છનીય છે અને તેનાથી કાફિરો માટે પણ કુર્આન ઉપર પડવું તો સાબિત થાય છે પરંતુ તે વિરોધ અને રિવાજ સ્વરૂપે અને આંધળા બહેરા જેવું હતું એટલા માટે તે નીંદનીય છે) અને તેઓ એવા છે કે (જેમકે દીનના આશિક છે, એ જ પ્રમાણે પોતાના બાલ બચ્ચાં માટે પણ તેના પ્રચારક અને આમંત્રક છે એટલા માટે તેઓ પ્રેક્ટિકલ પ્રયત્નોની સાથે સાથે અલ્લાહ તઆલાથી પણ) દુઆ કરતા રહે છે કે હે અમારા પરવરદિગાર ! અમને અમારી પત્નીઓ અને અમારી અવલાદ તરફથી આંખોની ઠંડક (એટલે કે રાહત) અર્પણ કર (એટલે કે તેમને દીનદાર બનાવી દે અને અમને અમારા આ દીનદારીના પ્રયત્નોમાં સફળતા આપ, તેમને દીનદારીની હાલતમાં જોઈને રાહત અને ખુશી થાય) અને (તેં અમને અમારા કુટુંબના મોટા તો બનાવ્યા જ છે પરંતુ અમારી દુઆ એ છે કે આ સૌને મુત્તકી બનાવીને) અમને મુત્તકીઓના અગેવાન બનાવી દે (તો મૂળ અહીંયાં આગેવાની માંગવાનો હેતુ નથી જો કે તેમાં પણ કોઈ ખોટું નથી પરંતુ અત્રે દલીલનું સ્થળ નથી. બલકે, અસલ હેતુ પોતાના કુટુંબને મુત્તકી કરવાની દરખાસ્ત છે, એટલે કે અમે કુટુંબના આગેવાન તો છે જ પરંતુ અમને મુત્તકી ખાનદાનના આગેવાન બનાવી આપ. આટલે સુધી અલ્લાહના બંદાના લક્ષણોનું વર્ણન હતું, આગળ તેના બદલાનું વર્ણન છે એટલે કે) એવા લોકોને (જન્નતમાં રહેવા માટે) હવેલીઓમાં ઝરૂખાઓ (તેમના દીન અને આજ્ઞાપાલન ઉપર) અડગ રહેવાના કારણે મળશે અને તેમને તે (જન્નત)માં (ફરિશ્તાઓ તરફથી) હંમેશા બાકી રહેવાની દુઆ અને સલામ મળશે (અને) એ(જન્નત)માં તેઓ હંમેશા હંમેશા રહેશે, તે કેવું સારું ઠેકાણું અને સ્થળ છે (જેમકે જહન્નમ વિશે سَاءَتْ مُسْتَقَرًّا وَّمُقَامًا ફરમાવ્યું હતું. હે પયગમ્બર ﷺ !) તમે (જાહેર રીતે લોકોને) કહી આપો કે મારો પરવરદિગાર તમારી જરા પણ પરવા કરશે નહીં જો તમે ઈબાદત નહીં કરો, બસ (તેનાથી સમજી લેવું જોઈએ કે હે કાફિરો !) તમે તો (અલ્લાહના હુકમોને) જૂઠા સમજો છો તો નિકટમાં આ (જૂઠું સમજવું તમારા માટે તમારા જીવનો) વબાલ હશે (ભલે તે દુનિયામાં થાય, જેમકે બદ્રની ઘટનામાં કાફિરો ઉપર મુસીબત આવી અથવા આખિરતમાં મુસીબત આવવી તો નિશ્ચિત જ છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ ફુરકાનના મોટા ભાગના વિષયો રસૂલે કરીમ ﷺની રિસાલત અને નુબુવ્વતની સાબિતીઓ તથા કાફિરો અને મુશ્રિકો તેના ઉપર વાંધા ઉઠાવતા હતા તેના જવાબો ઉપર આધારિત હતી અને તેમાં કાફિરો, મુશ્રિકો અને હુકમોની નાફરમાની કરનારાઓ ઉપર અઝાબ અને સજાનું વર્ણન હતું. સૂરતના અંતે પોતાના તે ખાસ અને સ્વીકૃત બંદાઓનું વર્ણન કરવામાં આવ્યું છે જેમનું રિસાલત ઉપર ઈમાન પણ સંપૂર્ણ છે અને તેમની માન્યતાઓ, કર્મો, ચારિત્ર્ય, ટેવો બધું જ અલ્લાહ અને રસૂલ ﷺની મરજીના તા'બે અને શરીઅતના હુકમો પ્રમાણે છે.

કુર્આને કરીમે આવા ખાસ બંદાઓને عِبَادُ الرَّحْمٰنِ (ઈબાદુર્રહમાન) ''રહમાનના બંદાઓ''નો લકબ આપ્યો જે તેમનું સૌથી મોટું સન્માન છે. આમ તો સમગ્ર મખ્લૂક તક્વીની અને ફરજિયાત સ્વરૂપે અલ્લાહની બંદગી અને તેની ઈચ્છા તથા ઈરાદાના તા'બે છે, તેના ઈરાદા વિના કોઈ કંઈ જ કરી શકતું નથી પરંતુ અત્રે બંદગીનો ભાવાર્થ સ્વૈચ્છિક અને જે અધિકાર આપવામાં આવ્યો છે તેની રૂએ છે, એટલે કે તે પોતાના અધિકારથી પોતાના અસ્તિત્વ અને પોતાની બધી જ ઈચ્છાઓ અને પોતાના બધા જ કર્મોને અલ્લાહ તઆલાની મરજીના તા'બે બનાવી આપે, આવા ખાસ ખાસ બંદાઓ જેમને અલ્લાહ તઆલાએ પોતે પોતાના બંદા કહીને સન્માન બખ્શ્યું છે તેમના લક્ષણો સૂરતના અંત સુધી વર્ણન કરવામાં આવે છે, વચ્ચે કુફ્ર અને ગુનાહોથી તવબહ અને તેની અસરોનું વર્ણન આવ્યું છે.

અત્રે તે ખાસ બંદાઓને પોતાના બંદાઓ કહીને તેમને સન્માનનીય લકબ આપવો હતો પરંતુ પોતાના તરફ સંબંધ જોડવા માટે અલ્લાહ તઆલાએ બધા જ પવિત્ર નામો અને શ્રેષ્ઠ ગુણ લક્ષણોમાંથી આ સ્થળે શબ્દ رَحْمٰنِ (રહમાન)ને એટલા માટે ચૂંટી લીધો કે સ્વીકૃતીપ્રાપ્ત બંદાઓની ટેવો અને સિફતો અલ્લાહ તઆલાની રહમાનિયતની સિફતનું પ્રતિનિધિત્વ કરે અને તે તેની પ્રતિકૃતિ બનવી જોઈએ એ તરફ ઈશારો કરવાનું મંજૂર હતું.

અલ્લાહ તઆલાના સ્વીકૃત બંદાઓના ખાસ ખાસ લક્ષણો અને નિશાનીઓ :

પ્રસ્તુત આયતોમાં અલ્લાહ તઆલાના ખાસ અને સ્વીકૃતિપ્રાપ્ત બંદાઓના ૧૩ લક્ષણો (સિફતો) અને નિશાનીઓ વર્ણન કરવામાં આવી છે જેમાં અકીદાઓની દુરુસ્તી અને પોતાના વ્યક્તિગત કર્મોમાં ભલે તે શારીરિક હોય અથવા આર્થિક બાબતો હોય બધામાં અલ્લાહ અને રસૂલ ﷺના હુકમો અને મરજીની પાબંદી તથા અન્ય મનુષ્યોની સાથે સામાજિકતા અને સંબંધોનું સ્વરૂપ, રાત-દિવસની ઈબાદત સાથે અલ્લાહનો ડર, બધા જ ગુનાહોથી બચવાની કાળજી અને પોતાની સાથે પોતાની અવલાદ તથા પત્નીઓની સુધારણાની ફિકર ચિંતા વગેરે સામેલ છે.

(૧) આ બધામાં સૌ પ્રથમ લક્ષણ عِبَادٌ (ઈબાદ) બંદો હોવું છે. "ઈબાદ" એ عَبد (અબ્દ)નું બહુવચન છે, "અબ્દ"નો તરજુમો "બંદો" થાય છે જે પોતાના માલિકની મિલકત હોય. તેનું અસ્તિત્વ અને તેના બધા જ અધિકારો તથા કર્મો માલિકના હુકમ અને મરજીના વર્તુળમાં હોય છે.

અલ્લાહ તઆલાનો બંદો કહેવડાવવાનો અધિકારી માત્ર તે હોઈ શકે છે જે પોતાના અધિકારો અને વિચારોને અને પોતાના દરેક ઈરાદાઓ અને ઈચ્છાઓને તથા પોતાની દરેક પ્રવૃત્તિ અને આરામને પોતાના પરવરદિગારના હુકમ અને મરજીના તા'બે રાખી દરેક સમયે તૈયાર રહે કે જે કામનો પણ હુકમ મળે તે તરત કરું !

(૨) બીજું લક્ષણ يَمْشُوْنَ عَلَى الْاَرْضِ هَوْنًا એટલે કે તેઓ જમીન ઉપર વિનમ્રતાથી ચાલે છે. શબ્દ هَــــوْن (હવ્ન)નો ભાવાર્થ આ સ્થળે "પરમ શાંતિ, સભ્યતા અને વિનમ્રતા" છે કે અકડીને ન ચાલે, ડગલાં અભિમાની અંદાજથી ન મૂકે, ઘણું ધીમે ચાલવાનો ભાવાર્થ નથી કારણ કે તે વિના જરૂરતે હોય તો સુન્નત વિરુદ્ધ છે. રસૂલે કરીમ ﷺની ચાલવાની જે સિફત "શમાઈલે નબવિય્યહ"માં નકલ કરવામાં આવી છે તેનાથી જાણ થાય છે કે રસૂલે કરીમ ﷺનું ચાલવું ખૂબ ધીમે ન હતું બલકે અમુક હદે ઝડપી હતું, હદીષમાં છે كَـاَنَّـمَـا الْاَرْضُ تُطْوٰى لَهٗ એટલે કે રસૂલે કરીમ ﷺ એવું ચાલતા હતા કે જાણે જમીન આપના માટે

સમેટાય છે. (ઈબ્ને કષીર) એટલા માટે સલફે સાલિહીને કોઈ તકલીફ અથવા બીમારી વિના ધીમા ચાલવાને અભિમાન અને કૃત્રિમતાનું કારણ બતાવી મકરૂહ ઠરાવ્યું છે. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ એક નવયુવાનને જોયો કે ખૂબ ધીમે ચાલી રહ્યો છે; પૂછ્યું, તમે બીમાર છો ? તેણે કહ્યું, ના ! તો હઝરત ફારૂક (રદિ.)એ તેના ઉપર દુર્રે ઉઠાવ્યો અને હુકમ આપ્યો કે તાકાતથી ચાલ્યા કરો.

(ઈબ્ને કષીર)

હઝરત હસન બસરી (રહ.)એ આ આયતની તફસીરમાં يَمْشُوْنَ عَلَى الْاَرْضِ هَوْنًا ફરમાવ્યું કે નિખાલસ મો'મિનના બધા જ અવયવો અને અંગો આંખ, કાન, હાથ, પગ સૌ અલ્લાહ તઆલાની સામે લાચાર અને આજિઝ હોય છે, નાવાકેફ લોકો તેમને જોઈને મા'ઝૂર અને લાચાર સમજે છે જ્યારે કે ન તો તેઓ બીમાર છે અને ન જ મા'ઝૂર, બલકે તંદુરસ્ત અને શક્તિશાળી છે પરંતુ તેમના ઉપર અલ્લાહ તઆલાનો ડર એવો છવાયેલો છે જે બીજાઓ ઉપર નથી, તેમને દુનિયાના ધંધાઓથી આખિરતની ફિકરે રોકેલા છે અને જે વ્યક્તિ અલ્લાહ તઆલાનો ભરોસો નથી કરતો અને તેની સમગ્ર ફિકર ચિંતા દુનિયાના જ કાર્યોમાં લાગેલી રહે છે તો તે હંમેશા અફસોસ જ અફસોસમાં રહે છે. (કારણ કે દુનિયા સંપૂર્ણ મળતી નથી અને આખિરતમાં તેણે ભાગ ન લીધો) અને જે વ્યક્તિ અલ્લાહની નેઅ્મત માત્ર ખાવા-પીવાની જ વસ્તુઓને સમજે છે અને ઉચ્ચ નૈતિકતા તરફ ધ્યાન જ નથી આપ્યું, તેનું જ્ઞાન ઘણું અલ્પ છે અને તેના માટે અઝાબ તૈયાર છે. *(ઈબ્ને કષીરમાંથી ટૂંકાવીને)*

(૩) ત્રીજું લક્ષણ وَاِذَا خَاطَبَهُمُ الْجَاهِلُوْنَ قَالُوْا سَلَامًا છે, એટલે કે જ્યારે અજ્ઞાનતાવાળાઓ તેમને સંબોધન કરે છે તો જવાબમાં કહે છે "સલામ !" અત્રે جَاهِلُوْنَ (જાહિલૂન)નો અનુવાદ "અજ્ઞાનતાવાળા"થી કરીને એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે તેનો ભાવાર્થ જ્ઞાન વિનાનો માનવી નહીં બલકે તે જે જહાલતના કાર્યો અને અજ્ઞાનતાભરી વાતો કરે, ભલે વાસ્તવમાં તે જ્ઞાની પણ હોય અને શબ્દ سَلَام (સલામ)થી ભાવાર્થ અહીંયાં રિવાજ પ્રમાણેની સલામ નથી બલકે સલામતીની વાત છે. કુર્તુબીએ નહ્હાસથી નકલ કર્યું છે કે આ સ્થળે સલામ تَسْلِيْم (તસ્લીમ)થી બનેલ નથી બલકે تَسَلُّم (તસલ્લુમ)થી બનેલ છે, જેનો અર્થ "સલામત રહેજો !" થાય છે, ભાવાર્થ એ છે કે જાહિલોના જવાબમાં તેઓ

સલામતીની વાત કહે છે જેનાથી બીજાઓને કષ્ટ ન પહોંચે અને તે ગુનેહગાર ન બને, આ જ તફસીર હઝરત મુજાહિદ, મકાતિલ વગેરે દ્વારા નકલ થઈ છે.

(મઝહરી)

ખુલાસો એ છે કે બેવકૂફ અને મૂર્ખતાપૂર્ણ વાતો કરવાવાળાઓથી આ માણસ બદલો લેવાની ભાવના કેળવતો નથી બલકે તેમનાથી દરગુજર કરે છે.

(૪) ચોથું લક્ષણ وَالَّذِيْنَ يَبِيْتُوْنَ لِرَبِّهِمْ سُجَّدًا وَّقِيَامًا છે, એટલે કે તેઓ રાત પસાર કરે છે પોતાના પરવરદિગારની સામે સિજ્દહ કરતાં કરતાં અને કિયામ કરતાં કરતાં. ઈબાદતમાં રાત્રે જાગવાનું વર્ણન ખાસ એટલા માટે કરવામાં આવ્યું કે, આ સમય સૂવા અને આરામ કરવાનો છે, તેમાં નમાઝ અને ઈબાદત માટે ઊભા થવું ખાસ મહેનતનું કાર્ય પણ છે અને તેમાં દેખાડો કે નામનાનો ભય પણ નથી હોતો. ખુલાસો એ છે કે તેમની રાત અને દિવસ અલ્લાહની આજ્ઞામાં પ્રવૃત્ત રહી પસાર થાય છે, દિવસે તા'લીમ અને તબ્લીગ તથા અલ્લાહના રસ્તામાં સંઘર્ષ વગેરેના કાર્ય કરે છે, રાત્રે અલ્લાહની સામે ઈબાદતગુઝારી કરે છે, તહજ્જુદની નમાઝની હદીષમાં ઘણી ફઝીલત આવી છે. તિરમિઝીએ હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી હદીષ વર્ણન કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "કિયામુલ્લયૂલ તહજ્જુદની પાબંદી કરો, કારણ કે તે તમારાથી પહેલાં પણ બધા નેક બંદાઓની ટેવ રહી છે અને તે અલ્લાહ તઆલાથી તમને નિકટ કરનારી છે તથા ગુનાહોનો કફ્ફારો છે અને ગુનાહોથી રોકનારી વસ્તુ છે." *(મઝહરી)*

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિએ ઈશા પછી બે અથવા વધારે રકા'તો પઢી લીધી તે પણ આ હુકમમાં સામેલ છે કે, بَاتَ لِلّٰهِ سَاجِدًا وَّقَائِمًا (મઝહરી અઝ બગવી) અને હઝરત ઉસ્માન (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, જે વ્યક્તિએ ઈશાની નમાઝ જમાઅત સાથે અદા કરી લીધી તો અડધી રાત ઈબાદતમાં પસાર કરવાના હુકમમાં થઈ ગયું અને જેણે સવારની નમાઝ જમાઅત સાથે અદા કરી લીધી તો બાકી અડધી રાત પણ ઈબાદતમાં પસાર કરનારો સમજવામાં આવશે.

(રવાહુ અહમદ વ મુસ્લિમ ફી સહીહહુ અઝ મઝહરી)

(૫) પાંચમું લક્ષણ وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا اصْرِفْ عَنَّا عَذَابَ جَهَنَّمَ.... છે,

એટલે કે આ સ્વીકૃતિપ્રાપ્ત બંદાઓ રાત્રે અને દિવસે ઈબાદત અને આજ્ઞાપાલનમાં પ્રવૃત્ત રહેવા છતાં નિર્ભય થઈને નથી બેસી રહેતા, બલકે દરેક સમયે અલ્લાહનો ડર અને આખિરતની ચિંતા રાખે છે જેના માટે પોતાના કર્મો દ્વારા પ્રયત્નો પણ ચાલુ રાખે છે અને અલ્લાહ તઆલાથી દુઆઓ પણ કરતા રહે છે.

(૬) છઠ્ઠું લક્ષણ....وَالَّذِيْنَ اِذَآ اَنْفَقُوْا છે, એટલે કે અલ્લાહ તઆલાના સ્વીકૃત બંદાઓ માલ ખર્ચ કરવાના સમયે ન તો અતિરેક અને વ્યર્થ ખર્ચ કરે છે અને ન જ કંજૂસાઈ અને ઉણપ રાખે છે, બલકે બંને વચ્ચેના મધ્યમ માર્ગ ઉપર કાયમ રહે છે. આયતમાં اِسْــــرَافٌ (ઈસ્રાફ) અને તેનો વિરુદ્ધાર્થી اِقْتَــــارٌ (ઈક્તાર)ના શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

''ઈસ્રાફ''નો શાબ્દિક અર્થ ''હદથી વધી જવું'' છે, શરીઅતની પરિભાષામાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ (રદિ.), કતાદહ (રદિ.) અને ઈબ્ને ઝુરૈઝની નજીક ગુનાહમાં ખર્ચ કરવું ઈસ્રાફ છે, ભલે એક પૈસો પણ કેમ ન હોય અને અમુક લોકોએ કહ્યું, જાઈઝ અને મુબાહ કાર્યોમાં આવશ્યકતાથી વધારે ખર્ચ કરવું જે વધારાનું એટલે કે ફુઝૂલખર્ચીની હદમાં દાખલ થઈ જાય તે પણ ઈસ્રાફ એટલે કે અતિરેકના હુકમમાં છે, કારણ કે અતિરેક કરવો એટલે કે ફુઝૂલખર્ચી કરવી કુર્આનની નસથી હરામ અને ગુનોહ છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا اِخْوَانَ الشَّيٰطِيْنِ "નિઃશંક ફુઝૂલખર્ચી કરનારાઓ શયતાનોનાના ભાઈઓ છે." (૧૭:૨૭) આ આધારે આ તફસીરનો ખુલાસો પણ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) વગેરેની પ્રસ્તુત તફસીર પ્રમાણે થઈ ગયો, એટલે કે ગુનાહમાં જે કંઈ ખર્ચ કરવામાં આવશે તે ઈસ્રાફ છે. *(મઝહરી)*

અને اِقْتَــارٌ (ઈક્તાર)નો અર્થ ''ખર્ચમાં કમી અને કંજૂસી કરવું'' થાય છે, શરીઅતની પરિભાષામાં તેનો અર્થ એ છે કે જે કાર્યોમાં અલ્લાહ અને રસૂલે કરીમ ﷺએ ખર્ચ કરવાનો હુકમ આપ્યો છે તેમાં ખર્ચ કરવાથી હાથ ખેંચવો (અને બિલકુલ ખર્ચ ન કરવો તો અવ્વલ નંબરે સામેલ છે). આ તફસીર પણ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), કતાદહ વગેરેથી નકલ થઈ. આયતનો ભાવાર્થ એ થયો કે અલ્લાહ તઆલાના સ્વીકૃત બંદાઓની સિફત માલ ખર્ચવામાં એ હોય

છે કે ઈસ્રાફ-ફુઝૂલખર્ચી અને ઈક્તાર-કંજૂસી વચ્ચેના મધ્યમ અને દરમિયાની માર્ગ ઉપર અમલ કરે છે.

રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, مِنْ فِقْهِ الرَّجُلِ قَصْدُهٗ فِىْ مَعِيْشَتِهٖ એટલે કે, મનુષ્યની અકલમંદીની નિશાની એ છે કે ખર્ચ કરવામાં મધ્યમ માર્ગ અપનાવે. (ન તો અતિરેકમાં સંડોવાય અને ન જ બખીલાઈમાં).

(રવાહુ ઈમામ અહમદ અન અબી દરદાઅ્ -ઈબ્ને કષીર)

એક બીજી હદીષમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, مَاعَالَ مَنِ اقْتَصَدَ એટલે કે, જે વ્યક્તિ ખર્ચમાં મધ્યમ માર્ગ અને દરમિયાની રસ્તા ઉપર કાયમ રહે છે તે ક્યારેય ફકીર અને મોહતાજ નથી હોતો. *(રવાહુ ઈમામ અહમદ -ઈબ્ને કષીર)*

(૭) સાતમું લક્ષણ وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ છે. પ્રથમ છ લક્ષણો-સિફતોમાં આજ્ઞાપાલન તથા ફરમાંબરદારીના સિદ્ધાંતો આવી ગયા છે, હવે ગુનાહ અને નાફરમાનીનું વર્ણન છે જેમાંથી પ્રથમ બાબત અકીદહ (માન્યતા) વિશે છે કે આ લોકો અલ્લાહની સાથે કોઈ અન્યની ઈબાદત નથી કરતા જેનાથી શિર્ક સૌથી મોટો ગુનાહ હોવાની જાણ થઈ.

(૮-૯) આઠમી અને નવમી સિફત ....لَا يَقْتُلُوْنَ النَّفْسَ છે. આ કરવામાં આવતા ગુનાહોમાંથી મોટા મોટા અને સખત ગુનાહોનું વર્ણન છે કે અલ્લાહના સ્વીકૃતિપ્રાપ્ત બંદાઓ તે ગુનાહોની પાસે પણ નથી જતા, કોઈની નાહક હત્યા નથી કરતા અને વ્યભિચારની પાસે ફરકતા પણ નથી. આ ત્રણ અકીદહ અને પ્રવૃત્તિના મોટા ગુનાહો વર્ણન કર્યા પછી આયતમાં ફરમાવ્યું છે, وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ يَلْقَ اَثَامًا એટલે કે જે વ્યકિત આ પ્રસ્તુત ગુનાહો આચરશે તે તેની સજા પામશે. અબૂ ઉબયદહે આ સ્થળે શબ્દ اَثَامٌ (અષામ)ની તફસીર "ગુનાહની સજા"થી કરી છે અને અમુક વિવરણકારોએ કહ્યું કે, اَثَامٌ (અષામ) જહન્નમની એક ખીણનું નામ છે જે કઠોર અને ભારે અઝાબોથી ભરેલી છે, હદીષની અમુક રિવાયતોમાં પણ તેની ગવાહી લખાયેલી છે. *(તફસીરે મઝહરી)*

આગળ અઝાબોનું વર્ણન છે જે પ્રસ્તુત ગુનાહો કરનારાઓ ઉપર થશે અને આયતોની શૈલી અને લઢણથી એ વાત નિશ્ચિત છે કે આ અઝાબ કાફિરો

માટે ખાસ છે જેમણે શિર્ક અને કુફ્ર પણ કર્યું અને તેની સાથે હત્યાઓ કરવામાં તથા વ્યભિચારમાં પણ સંડોવાયા, કારણ કે પ્રથમ તો يُضٰعَفْ لَهُ الْعَذَابُ નો શબ્દ મુસલમાન ગુનેહગારો માટે નથી હોઈ શકતો, કારણ કે તેમને એક ગુનાહ ઉપર એક જ સજાનો વાયદો કુર્આન અને સુન્નતની નસ પ્રમાણે સાબિત છે. સજામાં تَضَاعُفْ (તુઝાઉફ) એટલે કે, તેના સ્વરૂપ અને તેના ઓછાપણામાં વધારો થતો રહેવો મો'મિનો માટે નહીં હોય. આ કાફિરોની વિશેષતા છે કે કુફ્ર ઉપર જે અઝાબ થવાનો હતો, જો કુફ્રની સાથે અન્ય ગુનાહો પણ કર્યા તો અઝાબ બેવડાઈ જશે. બીજું, આ અઝાબમાં આ વસ્તુ પણ છે, وَيَخْلُدْ فِيْهٖ مُهَانًا એટલે કે ''હંમેશા હંમેશા રહેશે આ અઝાબમાં અપમાનિત અને ઝલીલ થઈને !'' કોઈ મો'મિન હંમેશા હંમેશા અઝાબમાં રહેશે નહીં ભલે કેટલોય મોટો ગુનેહગાર હોય પોતાના ગુનાહોની સજા ભોગવ્યા પછી જહન્નમમાંથી કાઢી લેવામાં આવશે. ખુલાસો એ છે કે જે લોકો કુફ્ર અને શિર્કમાં સંડોવાયા તથા હત્યા અને વ્યભિચારમાં પણ; તેમના અઝાબનો વધારો પણ થશે એટલે કે તેમનો અઝાબ બેવડાઈ જશે અને સખત પણ હશે અને પછી આ અઝાબ કાયમી પણ રહેશે. આગળ એ વર્ણન છે કે આવા સખત અપરાધીઓ જેમને અત્રે અઝાબ થવાનું વર્ણન થયું જો તેઓ તવબહ કરી લે અને ઈમાન લાવીને નેક અમલ કરવા લાગે તો અલ્લાહ તઆલા તેમની સચ્યિઆતને હસનાતથી એટલે કે બુરાઈઓને ભલાઈઓથી બદલી નાંખશે, મતલબ એ છે કે આ તવબહ કર્યા પછી તેમના આ'માલનામામાં ભલાઈઓ જ ભલાઈઓ રહી જશે, કારણ કે શિર્ક અને કુફ્રથી તવબહ કરવા ઉપર અલ્લાહ તઆલાનો વાયદો એ છે કે શિર્ક અને કુફ્રની હાલતમાં જેટલા ગુનાહો કર્યા હોય ઈસ્લામ અને ઈમાન સ્વીકાર કરવાથી તે પાછલા બધા ગુનાહો મા'ફ થઈ જાય છે, એટલા માટે પાછલા સમયમાં જે તેમનું નામએ આ'માલ ગુનાહો અને બુરાઈઓ જ બુરાઈઓથી ભરપૂર હતું હવે ઈમાન લાવવાથી તે તો બધું મા'ફ થઈ ગયું, હવે આગળ આ ગુનાહો અને બુરાઈઓની જગ્યા ઈમાન અને ત્યાર પછીના નેક અમલોએ લઈ લીધી. સચ્યિઆતને હસનાતમાં તબ્દીલ કરવાની આ તફસીર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હસન બસરી (રહ.), સઈદ બિન ઝુબૈર, મુજાહિદ (રહ.) વગેરે તફસીરના ઈમામો દ્વારા નકલ થઈ છે. *(મઝહરી)*

ઈબ્ને કસીરે તેની એક બીજી તફસીર એ પણ નકલ કરી છે કે તેમણે

જેટલા ગુનાહો કુફ્ર અને અજ્ઞાનતાના સમયમાં કર્યા હતા ઈમાન લાવ્યા પછી તે બધા ગુનાહોના બદલે નેકીઓ લખવામાં આવશે અને તેનું કારણ એ છે કે ઈમાન લાવ્યા પછી જ્યારે કદી તે લોકોને પોતાના પાછલા ગુનાહો યાદ આવશે તો તેનાથી પસ્તાવો થશે અને તવબહનું નવીનીકરણ કરશે અને તેમની આ પ્રવૃત્તિથી ગુનાહો નેકીઓમાં તબદીલ થઈ જશે, તેની દલીલમાં હદીષની અમુક રિવાયતો પણ રજુ કરી.

وَمَنْ تَابَ وَعَمِلَ صَالِحًا فَإِنَّهُ يَتُوبُ إِلَى اللَّهِ مَتَابًا દેખીતી રીતે આ આયત પ્રસ્તુત વિષયનું જ પુનરાવર્તન છે જે આનાથી પહેલી આગલી આયતમાં આવ્યું છે, إِلَّا مَنْ تَابَ وَآمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا અને કુર્તુબીએ કિફાલથી એ નકલ કર્યું છે કે આ તવબહ પહેલી તવબહ કરતાં અલગ અને ભિન્ન પ્રકારની છે, કારણ કે પ્રથમ મા'મલો કાફિરો અને મુશ્રિકોનો હતો જે હત્યા અને વ્યભિચારમાં પણ સંડોવાતા હતા પછી ઈમાન લઈ આવ્યા તો તેમની બુરાઈઓ ભલાઈઓથી બદલી નાંખવામાં આવી અને અત્રે મુસલમાન ગુનેહગારોની તવબહનું વર્ણન છે, એટલા માટે પ્રથમ તવબહ સાથે وَآمَنَ (વઆમન) એટલે કે તેમના ઈમાન લાવવાનું વર્ણન હતું, આ બીજી તવબહમાં તેનો ઉલ્લેખ નથી જેનાથી જાણ થાય છે કે આ તવબહ તે લોકોની વર્ણન કરવામાં આવી છે જે પ્રથમથી મો'મિન જ હતા પરંતુ ગફલતના કારણે હત્યા અથવા વ્યભિચારમાં સંડોવાય ગયા હતા તો તેમના વિશે આ આયત ઊતરી કે એવા લોકો જો તવબહ કરી લીધા પછી માત્ર મૌખિક તબવહને પૂરતી નથી સમજતા બલકે હવે પછી ભવિષ્ય માટે પણ પોતાના કર્મો નેક અને ઠીકઠાક કરી લે તો તેમની તવબહ કરવી સાચી અને ઠીકઠાક સમજવામાં આવશે, એટલા માટે શરત સ્વરૂપે તવબહ કરી લેવાની શરૂઆતની પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યા પછી તેના બદલામાં ફરી يَتُوبُ (યતૂબુ)નો ઉલ્લેખ કરવો સાચો ઠર્યો, કારણ કે શરતમાં જે તવબહનો ઉલ્લેખ છે તે માત્ર મૌખિક તવબહ છે અને બદલામાં જે તવબહનું વર્ણન છે તે નેક કર્મો ઉપર આધારિત છે, મતલબ એ થયો કે જેણે તવબહ કરી લીધી પછી પોતાના કર્મોથી તે તવબહની સાબિતી આપી દીધી તો તે સાચી રીતે અલ્લાહના શરણે ગયેલો સમજવામાં આવશે, તેનાથી વિપરીત કે જેણે પાછલા ગુનાહોથી તવબહ તો કરી પરંતુ ભવિષ્યના કર્મોમાં તેની કોઈ સાબિતી ન આપી તો તેની તવબહ જાણે

તવબહ જ નથી, આ આયતના વિષયનો ખુલાસો એ થયો કે જે મુસલમાન ગફલતથી ગુનાહોમાં સંડોવાય ગયો પછી તવબહ કરી લીધી અને આ તવબહ પછી પોતાના અમલોની પણ એવી સુધારણા કરી લીધી કે તેના અમલથી તવબહની સાબિતી મળવા લાગે તો આ તવબહ પણ અલ્લાહ પાસે સ્વીકૃત થશે અને દેખીતી રીતે તેનો લાભ પણ એ જ થશે જે પહેલી આયતમાં બતાવવામાં આવ્યું છે કે તેની બુરાઈઓને ભલાઈઓથી બદલી આપવામાં આવશે.

અલ્લાહ તઆલાના ખાસ અને સ્વીકૃત બંદાઓના ખાસ લક્ષણોનું વર્ણન ઉપરથી ચાલી આવી રહ્યું હતું, વચ્ચે ગુનાહો પછી તવબહ કરી લેવાના હુકમોનો ઉલ્લેખ આવ્યો ત્યારબાદ બાકી સિફતોનું વર્ણન થયું.

(૧૦) દશમું લક્ષણ وَالَّذِيْنَ لَا يَشْهَدُوْنَ الزُّوْرَ છે, એટલે કે આ લોકો જૂઠ અને બાતિલની સભાઓમાં સામેલ નથી થતા. સૌથી મોટું જૂઠ અને બાતિલ તો શિર્ક અને કુફ્ર છે, ત્યારબાદ જાહેર જુઠાણાઓ અને ગુનાહના કાર્યો છે, આયતનો મતલબ એ છે કે અલ્લાહ તઆલાના સ્વીકૃત બંદાઓ એવી મજલિસો કે સભાઓમાં સામેલ થવાથી પણ દૂર રહે છે, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે તેનો ભાવાર્થ મુશ્રિકોના તહેવારો અને મેળાવડાઓ છે અને મુજાહિદ (રહ.) અને મુહમ્મદ બિન હનફિય્યહ (રહ.)એ ફરમાવ્યું કે તેનો ભાવાર્થ ગાવા વગાડવાની મહેફિલો છે. અમ્ર બિન કૈસે કહ્યું કે નિર્લજ્જતા અને નાચગાનની મહેફિલો ભાવાર્થ તરીકે છે, ઝહરી અને ઈમામ માલિક (રહ.)એ ફરમાવ્યું કે દારૂ પીવા-પીવડાવવાની મહેફિલો ભાવાર્થ સ્વરૂપે છે. (ઈબ્ને કષીર) અને હકીકત એ છે કે આ નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી. આ બધી જ મજલિસો مَجْلِسِ زُوْر (મજલિસે ઝૂર) છે. અલ્લાહના નેક બંદાઓએ આવી મજલિસો અને સભાઓથી બચવું જોઈએ કારણ કે વ્યર્થ અને બાતિલને ઈરાદાપૂર્વક જોવું પણ તેમાં સામેલ થવાના હુકમમાં છે. (મઝહરી) અને અમુક વિવરણકારોએ لَا يَشْهَدُوْنَ الزُّوْرَ માં يَشْهَدُوْنَ (યશહદૂન)ને ગવાહીના અર્થમાં લીધું છે અને આયતનો અર્થ એ ઠરાવ્યો કે આ લોકો જૂઠી ગવાહી નથી આપતા, જૂઠી ગવાહી ગુનાહે કબીરહ (જઘન્ય અપરાધ) અને મહાન વબાલ હોવું કુર્આન અને સુન્નતમાં ખૂબ પ્રખ્યાત છે, બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસ (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ

ﷺએ જૂઠી ગવાહીને اَكْبَرِ كَبَائِرْ (અકબરે કબાઈર) "અતિ જઘન્ય અપરાધ" કહ્યો છે.

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ વિશે સાબિત થઈ જાય કે તેણે જૂઠી ગવાહી આપી છે તો તેને ચાલીસ કોરડાની સજા આપવામાં આવે અને તેનું મોઢું કાળું કરી બજારમાં ફેરવવામાં આવે અને અપમાનિત કરવામાં આવે, પછી લાંબા સમય સુધી કેદમાં રાખવામાં આવે.

(રવાહુ ઈબ્ને અબી શયબહ અને અબ્દુર્રઝ્ઝાક –મઝહરી)

(૧૧) અગિયારમું લક્ષણ وَاِذَا مَرُّوْا بِاللَّغْوِ مَرُّوْا كِرَامًا છે, એટલે કે જો બેકાર અને બેહૂદા મજલિસોથી ક્યારેક તે અચાનક પસાર થઈ જાય તો તે ગંભીરતાથી અને શરાફતથી પસાર થઈ જાય છે, મતલબ એ છે કે આવી મજલિસોમાં આ લોકો જે પ્રમાણે ઈરાદાપૂર્વક પોતાની સ્વેચ્છાએ સામેલ નથી થતા એ જ પ્રમાણે જો ક્યાંક અચાનક તેમને કોઈ આવી મજલિસમાં પસાર થવાનું થાય તો તે આવી બેહૂદા અને વાહિયાત તથા ગુનાહોની મજલિસ ઉપરથી શરાફત સાથે પસાર થઈ જાય છે, એટલે કે તેમના આ કૃત્યને બુરું અને સૂગપાત્ર જાણીને ન તો ગુનાહોમાં સંડોવાયેલા લોકોને અપમાનિત કરે છે અને ન જ પોતે પોતાની જાતને તેમનાથી શ્રેષ્ઠ અને ઉત્તમ સમજીને અભિમાનમાં સંડોવાય છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ને સંજોગોવસાત્ એક દિવસે કોઈ બેહૂદા અને બેકાર મજલિસ ઉપરથી પસાર થવાનું થયું તો ત્યાં થોભ્યા નહિ, પસાર થઈ ગયા. રસૂલે કરીમ ﷺને એ જાણ થઈ તો ફરમાવ્યું કે, "ઈબ્ને મસ્ઊદ કરીમ થઈ ગયા." અને એ આયત તિલાવત કરી જેમાં બેહૂદા મજલિસથી કરીમો અને શરીફોની જેમ પસાર થઈ જવાનો હુકમ છે. *(ઈબ્ને કસીર)*

(૧૨) બારમું લક્ષણ وَالَّذِيْنَ اِذَا ذُكِّرُوْا بِاٰيٰتِ رَبِّهِمْ لَمْ يَخِرُّوْا عَلَيْهَا صُمًّا وَّعُمْيَانًا છે, એટલે કે તે સ્વીકૃત બંદાઓની એવી શા'ન છે કે જ્યારે તેમને અલ્લાહ તઆલાની આયતો અને આખિરતની યાદ અપાવવામાં આવે છે તો તેઓ આ આયતો તરફ આંધળા-બહેરાઓની જેમ ધ્યાનિત થતા નથી, બલકે سَمِيْعٌ وَبَصِيْرٌ (સમીઉ વ બશીર) સાંભળનાર અને સમજદાર માનવીની જેમ તેમાં વિચાર કરે છે અને તેના ઉપર અમલ કરે છે, ગાફેલ અને બેદરકાર લોકોની જેમ એવો

વ્યવહાર નથી કરતા કે જાણે તેમણે સાંભળ્યું જ નથી અથવા જોયું જ નથી. આ આયતમાં બે વસ્તુઓ ઉપસ્થિત છે; એક, અલ્લાહની આયતો ઉપર પડવું; એટલે કે કાળજીપૂર્વક કેન્દ્રિત થવું. આ તો સારી અને ઇચ્છનીય પ્રવૃત્તિ છે અને ઘણી મોટી નેકી છે. બીજું, આંધળા–બહેરાઓની જેમ પડવું કે કુર્આનની આયતો ઉપર ધ્યાન તો આપે પરંતુ યા તો તેના ઉપર અમલ કરવામાં એવો વ્યવહાર કરે કે જાણે તેમણે સાંભળ્યું અને જોયું જ નથી અને યા તો કુર્આને કરીમની આયતો ઉપર અમલ પણ કરે પરંતુ તેના સાચા સિદ્ધાંતો અને સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ની તફસીર વિરુદ્ધ પોતાના અભિપ્રાયથી અથવા કહેલી સાંભળેલી વાતોને તા'બે થઈને ખોટા અમલ કરે. આ પણ એક પ્રકારે આંધળા બહેરા થઈને પડવાના જ હુકમમાં છે.

ભિન્ન હુકમોનો માત્ર અભ્યાસ પૂરતો નથી બલકે પુરોગામી બુઝૂર્ગોના વિવરણોને પ્રમાણિત સમજીને અમલ કરવો આવશ્યક છે :

પ્રસ્તુત આયતોમાં જે રીતે એ બાબતની સખત ટીકા છે કે અલ્લાહની આયતો તરફ ધ્યાન જ ન આપે, આંધળા બહેરાઓ જેવો વ્યવહાર કરે એ જ પ્રમાણે એ બાબતની ટીકા પણ છે કે ધ્યાન તો આપે, અમલ પણ કરે પરંતુ વિના સમજ્યે અને સમજદારી વિના પોતાના અભિપ્રાયથી જે પ્રમાણે ઇચ્છે અમલ કરવા લાગે. ઇબ્ને કષીર (રહ.)એ ઇબ્ને ઊન (રહ.)થી નકલ કર્યું છે કે તેમણે હઝરત શુઅ્બી (રહ.)ને પૂછ્યું કે જો હું કોઈ મજલિસમાં પહોંચું જ્યાં લોકો સિજ્દહમાં પડ્યા છે અને મને ખબર નથી કે કેવો સિજ્દહ છે તો શું હું પણ તેમની સાથે સિજ્દહમાં સામેલ થઈ જાઉં ? હઝરત શુઅ્બી (રહ.)એ ફરમાવ્યું કે, નહીં ! મો'મિન માટે એ ઠીક નથી કે વિના સમજ્યે કોઈ કાર્યમાં મંડી પડે, તેના ઉપર જરૂરી છે કે સમજદારી સાથે અમલ કરે, જ્યારે તમે તે આયતે સિજ્દહ સાંભળી જ નથી જેની બીનાએ આ લોકો સિજ્દહ કરી રહ્યા છે અને તમને તેમના સિજ્દહની હકીકત પણ ખબર નથી તો આ પ્રમાણે તેમની સાથે સિજ્દહમાં સામેલ થઈ જવું જાઇઝ નથી.

આ યુગમાં આ વાત તો શુક્ર કરવાપાત્ર છે કે નવયુવાન અને આધુનિક શિક્ષણ પામેલા વર્ગમાં કુર્આન પઢવા અને તેના સમજવા તરફ અમુક ધ્યાન પેદા

થયું છે તે હેઠળ તેઓ પોતાની જાતે કુર્આનનો અનુવાદ અથવા કોઈની તફસીર જોઈને કુર્આનને પોતે સમજવાનો પ્રયત્ન પણ કરે છે પરંતુ આ પ્રયત્ન બિલકુલ સિદ્ધાંતવિહોણા હોય છે, એટલા માટે કુર્આનને સાચી રીતે સમજવાને બદલે ઘણી બધી ગેરસમજોના શિકાર થઈ જાય છે. સૈદ્ધાંતિક વાત એ છે કે દુનિયાની કોઈ મા'મૂલીથી મા'મૂલી કળા પણ માત્ર પુસ્તકના અભ્યાસથી કોઈને ક્યારેય પ્રાપ્ત નથી થઈ જતી જ્યાં સુધી તે કોઈ શિક્ષક પાસેથી તેનું ઔપચારિક શિક્ષણ ન લે, ખબર નહીં કુર્આન અને કુર્આનના જ્ઞાનને જ શા માટે એવું સમજી લેવામાં આવ્યું છે કે જેનું મન ચાહે પોતે તરજુમો જોઈને જે ઈચ્છે પોતાનો ભાવાર્થ નક્કી કરી લે. આવા સિદ્ધાંતવિહોણા અભ્યાસથી કે જેમાં નિષ્ણાત ઉસ્તાદોનું માર્ગદર્શન સામેલ ન હોય એ પણ અલ્લાહની આયતો ઉપર આંધળા બહેરા થઈને પડવાના ભાવાર્થમાં સામેલ છે. અલ્લાહ તઆલા આપણ સૌને સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ)ની તવફીક આપે.

(૧૩) તેરમું લક્ષણ وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَاهَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا છે, તેમાં પોતાની અવલાદ અને પત્નીઓ માટે અલ્લાહ તઆલા પાસે આ દુઆ છે કે તેમને મારા માટે આંખોની ઠંડક બનાવી આપ, આંખોની ઠંડક બનાવવાથી ભાવાર્થ હઝરત હસન બસરી (રહ.)ની તફસીર પ્રમાણે એ છે કે તેમને અલ્લાહના આજ્ઞાપાલનમાં પ્રવૃત્ત જોવા જ મનુષ્ય માટે આંખોની અસલી ઠંડક છે અને જો અવલાદ અને પત્નીઓની દેખીતી તંદુરસ્તી, રાહત અને ખુશહાલી પણ સામેલ કરવામાં આવે તો એ પણ દુરુસ્ત છે.

અત્રે આ દુઆથી એ તરફ ઈશારો છે કે અલ્લાહના સ્વીકૃત બંદાઓ માત્ર પોતાના નફસની સુધારણા અને નેક અમલો ઉપર બસ નથી કરતા, બલકે પોતાની અવલાદ અને પત્નીઓના પણ અમલોની સુધારણા અને અખ્લાકની ચિંતા કરે છે અને તેનો પ્રયત્ન કરતા રહે છે, આ જ પ્રયત્નમાંથી એક એ પણ છે કે તેમની સુધારણા માટે અલ્લાહ પાસે દુઆ માંગતો રહે, આ આયતના આગલા વાક્યમાં દુઆનો આ ભાગ પણ છે, وَاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا એટલે કે, અમને મુત્તકી લોકોના ઈમામ અને આગેવાન બનાવી આપ, તેમાં દેખીતી રીતે પોતાના માટે હોદ્દા, સન્માન અને મોટાઈ પ્રાપ્ત કરવાની દુઆ છે જે કુર્આને કરીમની અન્ય નુસૂસની રૂએ પ્રતિબંધિત છે જેમકે કુર્આને કરીમનો ઈરશાદ છે,

تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِي الْاَرْضِ وَلَا فَسَادًا એટલે કે "અમે આખિરતના ઘરને ખાસ કરી રાખ્યું છે તે લોકો માટે જેઓ જમીનમાં પોતાની ઉચ્ચતા અને મોટાઈ નથી ઈચ્છતા અને ન જ જમીનમાં ફસાદ ફેલાવવા ઈચ્છે છે." એટલા માટે અમુક ઉલમાએ આ આયતની તફસીરમાં ફરમાવ્યું કે દરેક વ્યક્તિ પોતાના બાળ-બચ્ચાનો કુદરતી રીતે ઈમામ અને આગેવાન હોય જ છે, એટલા માટે આ દુઆનો ખુલાસો એ થયો કે અમારી અવલાદ અને બાળ-બચ્ચાને પરહેઝગાર બનાવી આપ અને જ્યારે તેઓ અલ્લાહથી ડરનારા બની જશે તો સ્વાભાવિક રીતે આ વ્યક્તિ મુત્તકીઓનો ઈમામ અને આગેવાન કહેવાશે, જેનો ખુલાસો એ છે કે અત્રે પોતાની મોટાઈની દુઆ નથી, બલકે અવલાદ અને પત્નીઓને મુત્તકી બનાવવાની દુઆ છે અને હઝરત ઈબ્રાહીમ નખઈ (રહ.)એ ફરમાવ્યું કે આ દુઆમાં પોતાના માટે કોઈ રાજ્યસત્તા અથવા આગેવાની કે પેશ્વાઈની માંગણી કરવાનો હેતુ નથી, બલકે આ દુઆનો મકસદ એ છે કે અમને એવા બનાવી આપ કે લોકો દીન અને અમલમાં અમારું અનુસરણ કર્યા કરે અને અમારા જ્ઞાન અને અમલથી તેમને લાભ પહોંચે જેથી તેનો સવાબ અમને પણ પ્રાપ્ત થાય અને હઝરત મકહુલ શામી (રહ.)એ ફરમાવ્યું કે દુઆનો હેતુ પોતાના માટે તકવાનું એવું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાનો છે કે દુનિયાના મુત્તકી લોકોને પણ અમારા અમલથી લાભ પહોંચે. કુર્તુબીએ આ બંને નિવેદનો નકલ કર્યા પછી કહ્યું છે કે આ બંનેનો ખુલાસો એક જ છે કે રાજ્યસત્તા અને આગેવાનીની ઈચ્છા કે માંગણી જો દીન માટે અને આખિરતના ફાયદા માટે હોય તો નીંદનીય નથી બલકે જાઈઝ છે અને આયત لَا يُرِيْدُوْنَ عُلُوًّا માં તે રાજ્યસત્તા અને આગેવાનીની ઈચ્છાની ટીકા છે જે દુનિયાના સન્માન અને આબરૂ માટે હોય. વલ્લાહુ અઅ્લમુ.

અહીંયાં સુધી "ઈબાદુર્રહમાન" એટલે કે મો'મિનીન કામિલીનના મહત્ત્વના લક્ષણોનું વર્ણન પૂર્ણ થઈ ગયું, આગળ તેમના બદલા અને આખિરતના દરજ્જાઓનો ઉલ્લેખ છે.

اُولٰٓئِكَ يُجْزَوْنَ الْغُرْفَةَ માં غُرْفَةٌ (ગુર્ફહ)નો શાબ્દિક અર્થ "ઝરૂખા"નો થાય છે. જન્નતમાં નિકટવર્તી ખાસ લોકો માટે એવા ઝરૂખાઓ હશે જે સામાન્ય જન્નતવાળાઓને એવા દેખાશે જેમકે પૃથ્વીવાળાઓને તારા દેખાય છે. (રવાહુ

બુખારી, મુસ્લિમ વગેરે –મઝહરી) મુસ્નદે અહમદ, બયહકી, તિરમિઝી અને હાકિમમાં હઝરત અબૂ માલિક અશ્અરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, જન્નતમાં એવા ઝરૂખા હશે જેનો અંદરનો ભાગ બહારથી અને બહારનો ભાગ અંદરથી દેખાતો હશે. લોકોએ પૂછ્યું, યા રસૂલુલ્લાહ ﷺ! આ ઝરૂખાઓ કયા લોકો માટે છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, જે વ્યક્તિ પોતાની વાતચીતને વિનમ્ર અને પવિત્ર રાખે અને દરેક મુસલમાનને સલામ કરે અને લોકોને ખાવું ખવડાવે અને રાત્રે તે સમયે તહજ્જુદની નમાઝ પઢે જ્યારે લોકો સૂઈ રહ્યા હોય.

(મઝહરી)

وَيُلَقَّوْنَ فِيْهَا تَحِيَّةً وَّسَلٰمًا એટલે કે, જન્નતની બીજી નેઅ્મતોની સાથે તેમને સન્માન પણ પ્રાપ્ત થશે કે ફરિશ્તાઓ તેમને મુબારકબાદ આપશે અને સલામ કરશે. અહીંયાં સુધી નિખાલસ મો'મિનોની વિશિષ્ટ ટેવો અને કર્મો તથા તેમના બદલા અને સવાબનું વર્ણન હતું, અંતિમ આયતમાં ફરી કાફિરો અને મુશ્રિકોને અઝાબથી ડરાવીને સૂરતને પૂર્ણ કરવામાં આવી છે.

قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّىْ لَوْ لَا دُعَآؤُكُمْ આ આયતની તફસીરમાં વિવિધ નિવેદનો છે, વધારે સ્પષ્ટ અને સરળ તે છે જેને તફસીરના ખુલાસામાં ઉપર લખવામાં આવ્યું છે કે અલ્લાહ સમીપ તમારું કોઈ માન કે હેસિયત ન હોત જો તમારા તરફથી અલ્લાહને પોકારવું અને ઈબાદત કરવું ન હોત, કારણ કે મનુષ્યના સર્જનનો હેતુ જ એ છે કે તે અલ્લાહની ઈબાદત કરે, જેમકે બીજી આયતમાં છે, وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ એટલે કે, મેં મનુષ્ય અને જિન્નાતને અન્ય કોઈ કાર્ય માટે પેદા નથી કર્યા એ સિવાય કે તેઓ મારી ઈબાદત કરે, માત્ર એક સામાન્ય સિદ્ધાંત વર્ણન કરવામાં આવ્યો કે ઈબાદત વિના મનુષ્યની કોઈ કદર અને કિંમત તથા માન અને હેસિયત નથી, ત્યારબાદ કાફિરો અને મુશ્રિકો જેઓ રિસાલત અને ઈબાદતના જ ઈન્કારી છે તેમને સંબોધન છે فَقَدْ كَذَّبْتُمْ એટલે તમે તો બધી વસ્તુઓને જૂઠાડી જ આપી છે, હવે તમારી કોઈ ઈજ્જત અલ્લાહ તઆલા સમીપ નથી. فَسَوْفَ يَكُوْنُ لِزَامًا એટલે કે હવે આ જૂઠાડવું અને કુફ્ર તમારા ગળાનો હાર બની ચૂક્યો છે અને તમારી સાથે લાગેલો

રહેશે ત્યાં સુધી કે જહન્નમના કાયમી અઝાબમાં સપડાવીને છોડશે.

وَنَعُوْذُبِاللّٰهِ مِنْ حَالِ اَهْلِ النَّارِ

تَمَّ بِحَمْدِاللّٰهِ سُبْحَانَهٗ تَفْسِيْرُ سُوْرَةِ الْفُرْقَانِ يَوْمَ الْاَحَدِ لِثَالِثَ عَشَرَمِنْ صَفَرِ الْمُظَفَّرِ ١٣٩١ھ وَبِاِتْمَامِهٖ تَمَّ بِعَوْنِ اللّٰهِ وَكَرَمِهٖ الْحِزْبُ الرَّابِعُ مِنَ الْاَحْزَابِ السَّبْعَةِ الْقُرْاٰنِيَةِ وَاللّٰهَ سُبْحَانَهٗ وَتَعَالٰى اَرْجُوْ وَاَسْأَلُ اِتْمَامَ الْبَاقِيْ وَمَا ذٰلِكَ عَلَى اللّٰهِ بِعَزِيْزٍ.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ ફુરકાન પૂર્ણ થઈ.

□□□□□□□□□□□□


તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૦ મુતાબિક ૧૩ રબિઉલ અવ્વલ હિજરી ૧૪૩૧

પ્રકરણ (૨૬)

સૂરએ શુઅ્રા

સૂરએ શુઅ્રા મક્કામાં નાઝિલ થઈ, તેની ૨૨૭ આયતો અને ૧૧ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૧ થી ૯)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

તા–સીમ–મીમ (૧) આ આયતો છે સ્પષ્ટ કિતાબની. (૨) કદાચ તમે પોતાના પ્રાણને એ વાત ઉપર ગુંગળાવી નાંખો કે તેઓ ઈમાન નથી લાવતા ! (૩) જો અમે ઇચ્છીએ તો તેમના ઉપર આસમાનથી એક નિશાની ઉતારીએ, પછી તેમની ગરદનો તેની સામે નીચી રહી જાય. (૪) અને તેમની પાસે કોઈ નવી નસીહત નથી પહોંચતી રહમાન પાસેથી જેનાથી તેઓ

વિમુખ ન થતા હોય ! (૫) બસ, એ તો જૂઠાડી ચૂક્યા હવે તેમના ઉપર એ વાતની હકીકત પહોંચશે કે જેના ઉપર તેઓ ઠઠ્ઠો (મશ્કરી) કરતા હતા. (૬) શું તેઓ પૃથ્વીને જોતા નથી અમે તેમાં કેટલી બધી દરેક પ્રકારની ખાસ વસ્તુઓ ઉગાડી ?! (૭) તેમાં અલબત્ત નિશાની છે અને તેમનામાં ઘણા લોકો ઈમાન લાવનાર નથી. (૮) અને તમારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમવાળો (મહાદયાળુ). (૯)

તફસીર :

તા–સીમ–મીમ (તેનો અર્થ અલ્લાહ તઆલા જાણે છે), આ (વિષયો જે આપ ﷺ ઉપર નાઝિલ થાય છે) સ્પષ્ટ કિતાબ (એટલે કે કુર્આન)ની આયતો છે (અને આ લોકો જે તેના ઉપર ઈમાન નથી લાવતા તો તમે તેનો એટલો ગમ કરો છો કે એવું લાગે છે કે) કદાચ તમે તેમના ઈમાન ન લાવવા ઉપર (ગમ કરી કરીને) પોતાના પ્રાણ આપી દેશો (વાસ્તવિકતા એ છે કે આ કસોટીની દુનિયા છે, તેમાં સત્યની સાબિતીઓ માટે તે જ દલીલો કાયમ કરવામાં આવે છે જેના પછી પણ ઈમાન લાવવું બંદાના અધિકારમાં રહે છે નહિતર) જો અમે (બળજબરી અને ફરજિયાતપણે તેમને મો'મિન બનાવવા) ઈચ્છીએ તો તેમના ઉપર આસમાનથી એક (એવી) મોટી નિશાની નાઝિલ કરી આપીએ (કે તેમના અધિકાર બિલકુલ જ છીનવી લેવામાં આવે) પછી તેમની ગરદનો આ નિશાની(ના આવવા)થી નીચી નમી જાય (અને તેઓ ફરજિયાતપણે બળજબરીથી મો'મિન બનાવી દેવામાં આવે પરંતુ એવું કરવાથી કસોટી બાકી રહેશે નહીં એટલા માટે એવું કરવામાં આવતું નથી અને મા'મલો બળજબરી અને અધિકારની વચ્ચે રહે છે) અને (તેમની એવી હાલત છે કે) તેમની પાસે કોઈ નવો હુકમ રહમાન (જલ્લ શા'નુહૂ) તરફથી એવો નથી આવતો કે જેનાથી આ વિમુખ ન થતા હોય, બસ (આ વિમુખતાની ત્યાં સુધી નોબત પહોંચી કે) તેમણે (સત્ય દીનને) જૂઠો બતાવી દીધો (જે વિમુખ થવાની અંતિમ કક્ષા છે અને માત્ર તેનો શરૂઆતનો દરજ્જો એટલે કે બેદરકારીથી ધ્યાન ન આપવા ઉપર બસ ન કર્યું અને પછી માત્ર જૂઠાડ્યું જ નહીં બલકે ઠઠ્ઠો મશ્કરી પણ કરી) બસ, નિકટમાં તેમને એ વાતની હકીકત જાણ થઈ જશે જેની સાથે તેઓ ઠઠ્ઠો કર્યા કરતા હતા (એટલે કે જ્યારે અલ્લાહના અઝાબને મોતના સમયે અથવા કયામતમાં જોઈ

લેશે તે સમયે કુર્આન અને કુર્આનના બધા જ વર્ણનો એટલે કે અઝાબ વગેરેના સત્ય હોવાનો સાક્ષાત્કાર થઈ જશે) શું તેમણે જમીનને નથી જોઈ (જે તેમનાથી ઘણી નજીક અને દરેક સમયે આંખો સમક્ષ છે) કે અમે તેમાં કેવી રીતે ઉમદા ઉમદા પ્રકાર પ્રકારની ખાસ વસ્તુઓ ઉગાડી છે ? (જે પોતાના અસ્તિત્વથી પોતાના પેદા કરનારના અસ્તિત્વની અને તેના એક હોવાની તથા તેની કુદરતના કમાલની દલીલ કરે છે કે) તેમાં (જાત વિશેની અને ગુણ લક્ષણો સિફતો વિશેની તથા કાર્યોની) એક મોટી (બૌદ્ધિક અને તાર્કિક) નિશાની છે (અને એ બાબત પણ તર્ક સંગત છે કે અલ્લાહ તઆલાના માટે પોતાની જાતમાં અને ગુણ લક્ષણોમાં વિશિષ્ટ હોવું શરત છે અને પ્રસ્તુત વિશિષ્ટતાઓના પરિણામોમાંથી છે કે તે પોતાની ખુદાઈમાં એકલો એકમાત્ર છે) અને (આમ છતાં) તેમાંથી ઘણા લોકો ઈમાન નથી લાવતા (અને શિર્ક કરે છે મતલબ કે શિર્ક કરવો નુબુવ્વતના ઈન્કારથી પણ વધીને છે, તેનાથી જાણ થઈ કે તેમની દુશ્મનીએ તેમની પ્રકૃતિને બિલકુલ નષ્ટ કરી નાંખી છે પછી એવા લોકોની પાછળ કેમ પ્રાણ ખોવા જોઈએ?!) અને (જો તેમને અલ્લાહ સમીપ શિર્ક નીંદનીય હોવામાં એ સંદેહ છે કે અમારા ઉપર અઝાબ તાત્કાલિક કેમ નથી આવતો ? તો તેનું કારણ એ છે કે) નિઃશંક ! તમારો પરવરદિગાર (એ છતાં કે) ગાલિબ (અને સંપૂર્ણ શક્તિશાળી) છે (પરંતુ તેની સાથે જ) રહીમ (મહાદયાળુ પણ) છે (અને તેની રહમત સમાન રીતે દુનિયામાં કાફિરો સાથે પણ જોડાયેલ છે, તેની અસર એ છે કે તેમને મહોલત આપી રાખવામાં આવી છે નહિતર કુફ્ર નિઃશંક ! નીંદનીય અને અઝાબનું હકદાર છે).

મસ્અલા અને બોધપાઠ :

....لَعَلَّكَ بَاخِعٌ نَّفْسَكَ માં શબ્દ بَاخِعٌ (બાખિઉન) એ بَخْعٌ (બખ્ઉન)થી બને છે જેનો અર્થ થાય છે કે, "ઝબહ કરતાં કરતાં બિખાઅ્ સુધી પહોંચી જવું જે ગળાની એક નસ (Artery) છે" અને તેની જગ્યાએ بَاخِعٌ (બાખિઉન)નો ભાવાર્થ પોતાને તકલીફ અને મહેનતમાં નાંખવું થાય છે. અલ્લામહ અસ્કરી (રહ.)એ ફરમાવ્યું કે આના જેવા સ્થળોમાં જો કે દેખીતી સ્વરૂપે ખબર આ કરી છે પરંતુ વાસ્તવમાં તેનો ભાવાર્થ નકાર અને મનાઈ કરવું છે, મતલબ એ છે કે હે પયગમ્બર ! પોતાની કોમના કુફ્ર અને ઈસ્લામથી વિમુખ

થવાના કારણે એટલો રંજ ગમ ન કરો કે પ્રાણ પીગળવા લાગે. આ આયતમાં એક તો એ જાણ થઈ કે કોઈ કાફિર વિશે જો એ જાણ થઈ જાય કે તેની તકદીરમાં ઈમાન લાવવાનું છે જ નથી તો પણ તબ્લીગ કરવાથી રોકાવું ન જોઈએ, બીજું એ જાણ થઈ કે મહેનત કરવામાં મધ્યમ માર્ગ અપનાવવો જોઈએ અને જે વ્યક્તિ હિદાયત ન પામે તેના ઉપર વધારે ચિંતા અથવા ગમ ન કરવો જોઈએ.

اِنْ نَّشَاْ نُنَزِّلْ عَلَيْهِمْ مِّنَ السَّمَآءِ اٰيَةً فَظَلَّتْ اَعْنَاقُهُمْ لَهَا خٰضِعِيْنَ અલ્લામહ ઝમખશરીએ ફરમાવ્યું કે અસલ કલામ فَظَلُّوْا لَهَا خٰضِعِيْنَ છે, એટલે કે કાફિરો આ મોટી નિશાનીને જોઈને તા'બે થઈ જાય અને ઝૂકી જાય પરંતુ અત્રે اَعْنَاقُ નો શબ્દ એ જાહેર કરવા માટે લાવવામાં આવ્યો છે કે مَوْضَعِ خُضُوْعُ લાચારી નિઃસહાયતા જાહેર થઈ જાય, કારણ કે ઝૂકવાની અથવા નમી પડવાની અથવા લાચારી દર્શાવવાની સૌ પ્રથમ અસર ગરદન ઉપર જાહેર થાય છે, આ આયતનો વિષય એ છે કે અમે એ બાબત ઉપર પણ કાબૂ ધરાવીએ છીએ કે પોતાની તવહીદ અને સંપૂર્ણ કુદરતની કોઈ નિશાની જાહેર કરી આપીએ જેનાથી શરીઅતના હુકમો અને અલ્લાહ તઆલાની સત્યતા સાબિત થઈને સામે આવી જાય અને કોઈની ઈન્કારની મજાલ ન રહે પરંતુ હિકમતનો તકાદો એ છે કે આ હુકમો અને પરિચય પ્રત્યક્ષ ન હોય બલકે પરોક્ષ રીતે હોય કે ચિંતન અને મનન ઉપર અવલંબિત રહે અને આ જ વિચાર અને ચિંતન મનુષ્યની આજમાયશ કે કસોટી છે, તેના ઉપર જ સવાબ અને અઝાબ નક્કી થાય છે, પ્રત્યક્ષ અને ખુલ્લી વસ્તુઓનો સ્વીકાર તો એક સ્વાભાવિક અને જરૂરી બાબત છે તેમાં ઈબાદતની કે આજ્ઞાપાલનની તે શા'ન નથી. *(કુર્તુબી)*

زَوْجٍ كَرِيْمٍ માં زَوْجٍ (ઝવ્જિન)નો શાબ્દિક અર્થ "જોવું" થાય છે, એટલા માટે પુરુષ અને સ્ત્રી, નર અને માદાને "ઝવ્જ" કહેવામાં આવે છે. ઘણા બધા વૃક્ષોમાં પણ નર અને માદા હોય છે, તેમની આ યોગ્યતાને પણ "ઝવ્જ" કહી શકાય છે અને ક્યારેક શબ્દ "ઝવ્જ" એક ખાસ પ્રકાર અને પ્રજાતિના અર્થમાં પણ આવે છે અને અર્થના આધારે વૃક્ષોને દરેક પ્રકારના "ઝવ્જ" કહી શકાય છે અને كَرِيْمٍ (કરીમ)નો અર્થ "ઉત્તમ અને પસંદ હોય એવી વસ્તુ" થાય છે.

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૧૦ થી 33)

وَاِذْ نَادٰى رَبُّكَ مُوْسٰۤى اَنِ ائْتِ الْقَوْمَ الظّٰلِمِیْنَ ﴿۱۰﴾ۙ قَوْمَ فِرْعَوْنَ ؕ اَلَا
یَتَّقُوْنَ ﴿۱۱﴾ قَالَ رَبِّ اِنِّیْۤ اَخَافُ اَنْ یُّكَذِّبُوْنِ ﴿۱۲﴾ؕ وَیَضِیْقُ صَدْرِیْ وَلَا یَنْطَلِقُ
لِسَانِیْ فَاَرْسِلْ اِلٰى هٰرُوْنَ ﴿۱۳﴾ وَلَهُمْ عَلَیَّ ذَنْۢبٌ فَاَخَافُ اَنْ یَّقْتُلُوْنِ ﴿۱۴﴾ۚ
قَالَ كَلَّا ۚ فَاذْهَبَا بِاٰیٰتِنَاۤ اِنَّا مَعَكُمْ مُّسْتَمِعُوْنَ ﴿۱۵﴾ فَاْتِیَا فِرْعَوْنَ فَقُوْلَاۤ اِنَّا
رَسُوْلُ رَبِّ الْعٰلَمِیْنَ ﴿۱۶﴾ۙ اَنْ اَرْسِلْ مَعَنَا بَنِیْۤ اِسْرَآءِیْلَ ﴿۱۷﴾ؕ قَالَ اَلَمْ
نُرَبِّكَ فِیْنَا وَلِیْدًا وَّلَبِثْتَ فِیْنَا مِنْ عُمُرِكَ سِنِیْنَ ﴿۱۸﴾ۙ وَفَعَلْتَ فَعْلَتَكَ
الَّتِیْ فَعَلْتَ وَاَنْتَ مِنَ الْكٰفِرِیْنَ ﴿۱۹﴾ قَالَ فَعَلْتُهَاۤ اِذًا وَّاَنَا مِنَ الضَّآلِّیْنَ ﴿۲۰﴾ؕ
فَفَرَرْتُ مِنْكُمْ لَمَّا خِفْتُكُمْ فَوَهَبَ لِیْ رَبِّیْ حُكْمًا وَّجَعَلَنِیْ مِنَ الْمُرْسَلِیْنَ ﴿۲۱﴾
وَتِلْكَ نِعْمَةٌ تَمُنُّهَا عَلَیَّ اَنْ عَبَّدْتَّ بَنِیْۤ اِسْرَآءِیْلَ ﴿۲۲﴾ؕ قَالَ فِرْعَوْنُ وَمَا
رَبُّ الْعٰلَمِیْنَ ﴿۲۳﴾ؕ قَالَ رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَیْنَهُمَا ؕ اِنْ كُنْتُمْ
مُّوْقِنِیْنَ ﴿۲۴﴾ قَالَ لِمَنْ حَوْلَهٗۤ اَلَا تَسْتَمِعُوْنَ ﴿۲۵﴾ قَالَ رَبُّكُمْ وَرَبُّ
اٰبَآىٕكُمُ الْاَوَّلِیْنَ ﴿۲۶﴾ قَالَ اِنَّ رَسُوْلَكُمُ الَّذِیْۤ اُرْسِلَ اِلَیْكُمْ لَمَجْنُوْنٌ ﴿۲۷﴾ قَالَ
رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَمَا بَیْنَهُمَا ؕ اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿۲۸﴾ قَالَ لَىٕنِ
اتَّخَذْتَ اِلٰهًا غَیْرِیْ لَاَجْعَلَنَّكَ مِنَ الْمَسْجُوْنِیْنَ ﴿۲۹﴾ قَالَ اَوَلَوْ جِئْتُكَ
بِشَیْءٍ مُّبِیْنٍ ﴿۳۰﴾ۚ قَالَ فَاْتِ بِهٖۤ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِیْنَ ﴿۳۱﴾ فَاَلْقٰى عَصَاهُ
فَاِذَا هِیَ ثُعْبَانٌ مُّبِیْنٌ ﴿۳۲﴾ۚۖ وَّنَزَعَ یَدَهٗ فَاِذَا هِیَ بَیْضَآءُ لِلنّٰظِرِیْنَ ﴿۳۳﴾ ع

તરજુમો :

અને જ્યારે તમારા પરવરદિગારે મૂસા (અલૈ.)ને પોકાર્યા કે જાઓ તે જાલિમ (ગુનેહગાર) કોમની પાસે ! (૧૦) ફિરઔનની કોમ પાસે, શું તેઓ ડરતા નથી ? (૧૧) કહ્યું, હે પરવરદિગાર ! હું ડરું છું કે મને જૂઠાડશે. (૧૨) અને મારો જીવ અટકી જાય છે અને મારી જીભ ચાલતી નથી, બસ હારૂન (અલૈ.)ને સંદેશ આપ. (૧૩) અને તેમને મારા ઉપર એક ગુનાહનો દા'વો છે બસ ડરું છું કે મને મારી નાંખે. (૧૪) કહ્યું, કદાપિ નહીં ! તમે બંને અમારી નિશાનીઓ લઈને જાઓ, અમે તમારી સાથે સાંભળીએ છીએ. (૧૫) બસ ફિરઔનની પાસે જાઓ અને કહો, અમે સમગ્ર સૃષ્ટિ (વિશ્વ)ના પરવરદિગારનો સંદેશ લઈને આવ્યા છે. (૧૬) એ કે અમારી સાથે બની ઈસ્રાઈલને મોકલી આપ. (૧૭) (ફિરઔન) બોલ્યો, શું અમે તને પોતાની અંદર પુત્રની જેમ નથી પાલવ્યો ? અને તું અમારામાં પોતાની ઉંમરમાંથી કેટલાય વર્ષ રહ્યો ! (૧૮) અને તું પોતાના તે કરતૂત કરી ગયો જે (ખૂન) કરી ગયો અને તું નગુણો છે. (૧૯) કહ્યું, હું તે કામ તો કરી બેઠો હતો અને હું ચૂકનારાઓમાંનો હતો. (૨૦) પછી હું તમારા (ત્યાં)થી નાસી ગયો જ્યારે તમારો ભય જોયો, પછી મને મારા પરવરદિગારે હુકમ બખ્શ્યો અને મને સંદેશ પહોંચાડનાર (રસૂલ) ઠરાવ્યો. (૨૧) અને શું તે અહેસાન છે જે તું મારા ઉપર ધરાવે છે કે તેં બની ઈસ્રાઈલને ગુલામ બનાવ્યા ?! (૨૨) ફિરઔન બોલ્યો, પરવરદિગારે આલમ (સમગ્ર વિશ્વના પાલનહાર)નો શું અર્થ છે ? (૨૩) કહ્યું, પરવરદિગાર આસમાન અને જમીનનો અને જે કંઈ તેના મધ્યે છે જો તમે યકીન (વિશ્વાસ) કરો. (૨૪) (ફિરઔને) પોતાની આજુબાજુવાળાઓને કહ્યું, શું તમે સાંભળતા નથી ? (૨૫) (મૂસા અલૈ.એ) કહ્યું, તમારો પરવરદિગાર અને તમારા આગલા બાપ દાદાઓનો પરવરદિગાર. (૨૬) (ફિરઔન) બોલ્યો, તમારો સંદેશ લાવનાર જે તમારા તરફ મોકલવામાં આવ્યો અવશ્ય પાગલ છે. (૨૭) (મૂસા અલૈ.એ) કહ્યું, પરવરદિગાર પૂર્વનો અને પશ્ચિમનો અને જે કંઈ તેના વચ્ચે છે જો તમે સમજ ધરાવતા હોય. (૨૮) (ફિરઔન) બોલ્યો, જો તેં મારા સિવાય કોઈ અન્ય મઅ્બૂદ ઠરાવ્યો તો અવશ્ય તને કેદમાં નાંખીશ. (૨૯) (મૂસા

અલૈ.એ) કહ્યું, અને જો તારી પાસે કોઈ ખોલી નાંખનારી વસ્તુ લઈને આવ્યો છું (તો) ! (૩૦) (ફિરઔન) બોલ્યો, તો તે વસ્તુ લાવ જો તું સાચું કહે છે ! (૩૧) પછી પોતાની લાઠી નાંખી દીધી; બસ તે જ વખતે તે ખુલ્લો અજગર (સાપ) બની ગયો. (૩૨) અને (પોતાના ગરેબાનની) અંદરથી પોતાનો હાથ કાઢયો, બસ તે જ સમયે તે જોનારાઓની સામે સફેદ (ચળકતો) હતો. (૩૩)

તફસીર :

અને (તે લોકોને અત્યારે એ કિસ્સાનું વર્ણન કરી આપો) જ્યારે તમારા પરવરદિગારે મૂસા (અલૈ.)ને પોકાર્યું (અને હુકમ આપ્યો) કે તમે તે જાલિમ લોકોની (એટલે કે ફિરઔનની કોમ) પાસે જાઓ (અને હે મૂસા અલૈ. ! જુઓ) શું આ લોકો (અમારા ક્રોધથી) ડરતા નથી ? (એટલે કે તેમની હાલત આશ્ચર્યજનક અને ઘણી તાજ્જુબ પમાડનારી છે એટલા માટે તેમના તરફ તમને મોકલવામાં આવે છે) તેમણે અરજ કરી કે હે મારા પરવરદિગાર ! (હું આ સેવા માટે હાજર છું પરંતુ આ સેવાની પૂર્ણતા માટે એક મદદગાર ઈચ્છું છું કારણ કે) મને એ અંદેશો છે કે તે મને (પોતાની પૂરી વાત કરતાં પહેલાં જ) જૂઠાડવા માંડે અને (સ્વાભાવિક રીતે એવા સમયે) મારું દિલ તંગ થવા લાગે છે અને મારી જીભ (સારી રીતે) નથી ચાલતી એટલા માટે હારૂનની પાસે (પણ વહી) મોકલી આપો (અને તેમને નુબુવ્વત અર્પણ કરો કે મને જૂઠાડવામાં આવે તો તે સમર્થન કરવા લાગે જેથી દિલ તંગ ન થાય અને જીભ ચાલતી રહે અને જો મારી જીભ કોઈ વખતે બંધ થઈ જાય તો તેઓ બોલવા લાગે અને આ હેતુ એમ પણ હારૂન અલૈ.ને નુબુવ્વત અર્પણ કર્યા વિના જ સાથે રાખવાથી પ્રાપ્ત થઈ શકતો હતો પરંતુ નુબુવ્વત અર્પણ કરવામાં ઔર વધારે વિશિષ્ટતા અને કારણો પૂરા થયા) અને (એક બાબત એ પણ વિનંતીપાત્ર છે કે) મારા માથે તે લોકોનો એક ગુનોહ પણ છે (કે મારા હાથે એક કિબતીની હત્યા થઈ હતી જેનો કિસ્સો સૂરએ કસસમાં આવશે) બસ (એટલા માટે) મને (એક) એ સંદેહ છે કે તે લોકો મને (રિસાલતની તબ્લીગ પહેલાં જ) કતલ કરી નાંખે (ત્યારે પણ તબ્લીગ કરી શકીશ નહીં તો તેની પણ કોઈ યુક્તિ અને તદ્‌બીર કરી આપો) ઈરશાદ થયો કે શું મજાલ છે (જે એવું કરી શકે અને અમે હારૂન અલૈ.ને પણ પયગમ્બરી આપી

હવે, તબ્લીગના બંને અવરોધો દૂર થઈ ગયા) બસ, (હવે) તમે બંને મારા હુકમો લઈને જાઓ (કે હારૂન અલૈ. પણ નબી થઈ ગયા અને) અમે (મદદ અને સહાયતા માટે) તમારી સાથે છે (અને જે વાતચીત તમારી અને તે લોકોની થશે તેને) સાંભળીએ છીએ, બસ તમે બંને ફિરઔનની પાસે જાઓ અને (તેને) કહો કે અમે રબ્બુલ આલમીનના મોકલેલા છે (અને તવહીદ તરફ દા'વતની સાથે આ હુકમ પણ લાવ્યા છે) કે તું બની ઈસ્રાઈલને (પોતાના બગાડ અને જુલમથી મુક્તિ આપીને તેમના અસલી વતન શા'મ તરફ) અમારી સાથે જવા દે. (ખુલાસો આ દા'વતનો હુકૂકુલ્લાહ અને હુકૂકુલ ઈબાદમાં જુલમ અને અત્યાચારને છોડવાનો છે એટલા માટે આ બંને ત્યાં ગયા અને ફિરઔનને બધા વિષયો કહી સંભળાવ્યા) ફિરઔને (આ બધી વાતો સાંભળીને પ્રથમ મૂસા અલૈ. તરફ તેમને ઓળખીને ધ્યાન કેન્દ્રિત કર્યું અને) કહ્યું કે (અચ્છા ! તમે છો !) શું અમે તમને બાળપણમાં પાલવ્યા નથી ? શું તમે પોતાની (તે) જિંદગીના વર્ષો અમારામાં રહ્યા સહ્યા અને તમે પોતાની તે હરકત પણ કરી હતી જે કરી હતી (એટલે કે કિબતીની હત્યા કરી હતી) અને તમે ઘણા નગુણા છો (કે મારું ખાધું અને મારા જ વ્યક્તિની હત્યા કરી અને પછી મને પોતાના તા'બે બનાવવા માટે આવ્યા છો ? કરવું તો એવું જોઈતું હતું કે તમારે મારી સામે દબાઈને રહેવું જોઈએ) મૂસા (અલૈ.)એ જવાબ આપ્યો કે (વાસ્તવમાં) તે સમયે તે હરકત હું કરી બેઠો હતો અને મારાથી ચૂક થઈ ગઈ હતી (એટલે કે મેં જાણીબૂઝીને હત્યા નથી કરી, તેના અત્યાચારી પગલાંથી તેને અટકાવવાનો હેતુ હતો અને સંજોગોવસાત્ તે મરી ગયો) પછી જ્યારે મને ડર લાગ્યો તો હું તમારા ત્યાંથી ફરાર થઈ ગયો પછી મને મારા પરવરદિગારે સદ્‌બુદ્ધિ અર્પણ કરી અને મને પયગમ્બરોમાં સામેલ કરી દીધો (અને તે સદ્‌બુદ્ધિ આ જ નુબુવ્વતના લક્ષણોમાંથી છે, જવાબનો ખુલાસો એ છે કે હું પયગમ્બર તરીકેની હેસિયતથી આવ્યો છું જેમાં દબાવવાનું કોઈ કારણ નથી અને પયગમ્બરીમાં આ ચૂકથી કતલ થયેલ ઘટનાનો નકાર નથી, કારણ કે આ હત્યા શરતચૂકથી થઈ હતી જે નુબુવ્વતની ક્ષમતા અને સલાહિયતનો અવરોધ નથી, આ તો હત્યાના વાંધાનો જવાબ છે) અને (રહ્યું અહેસાન જતાવવા અને પાલવવાની વાત તો બસ) તે એ નેઅ્‌મત છે જેનું તું મારા ઉપર અહેસાન ધરાવે છે કે તેં બની ઈસ્રાઈલને સખત અપમાન (અને અત્યાચાર)માં નાંખી રાખી હતી

(કે તેમના પુત્રોને કતલ કરી નાંખતો હતો જેનાથી ડરના માર્યા પેટીમાં મૂકીને મને નદીમાં વહાવી દેવામાં આવ્યો અને હું તારા હાથે ચઢી ગયો અને તારા ભરણ પોષણમાં રહ્યો તો આ પાલવણીનું મૂળ કારણ તો તારો અત્યાચાર જ છે તો આવા પાલન પોષણનું શું અહેસાન જતાવે છે ? બલકે તેનાથી તો તારે પોતાની અણછાજતી હરકતોને યાદ કરીને શરમાવું જોઈએ) ફિરઔન (આ વાત ઉપર જવાબવિહોણો થઈ ગયો અને વાતચીતનો વિષય બદલીને) કહેવા લાગ્યો કે (જેને તમે) રબ્બુલ આલમીન (સમગ્ર વિશ્વનો પરવરદિગાર કહો છો, لِقَوْلِهٖ تَعَالٰى اِنَّا رَسُوْلُ رَبِّ الْعٰلَمِيْنَ તે)ની બાબત (અને હકીકત) શું છે ? મૂસા (અલૈ.)એ જવાબ આપ્યો કે તે પરવરદિગાર છે આસમાનો અને જમીનનો અને જે કંઈ (મખ્લૂક) તેના દરમિયાનમાં છે તે (બધા)નો જો તમારે યકીન (પ્રાપ્ત) કરવું હોય (તો આટલું જાણવું બસ છે, મતલબ એ કે તેની હકીકતની વાસ્તવિકતા સુધી મનુષ્ય નથી પહોંચી શકતો એટલા માટે જ્યારે તેનો સવાલ થશે તો તેનો જવાબ તેની સિફતો અને ગુણ લક્ષણો દ્વારા જ મળશે), ફિરઔને પોતાની આજુબાજુવાળાઓ (જે ત્યાં બેઠા હતા તેઓ)ને કહ્યું કે તમે લોકો (કંઈ) સાંભળો છો ? (કે સવાલ કંઈ અને જવાબ કંઈ) મૂસા (અલૈ.)એ ફરમાવ્યું કે તે પરવરદિગાર છે તારો અને તારા આગલા વડવાઓનો (આ જવાબમાં પ્રસ્તુત અર્થની પુનરાવર્તિત તાકીદ છે પરંતુ) ફિરઔન (ન સમજ્યો અને) કહેવા લાગ્યો, આ તમારા રસૂલ જે (પોતાની જાતે) તમારા તરફ રસૂલ થઈને આવ્યા છે; પાગલ (લાગે) છે. મૂસા (અલૈ.)એ કહ્યું કે તે પરવરદિગાર છે પૂર્વ અને પશ્ચિમનો અને જે કંઈ તેની વચ્ચે છે તેનો પણ; જો તમને અક્કલ હોય. (તો તેનાથી જ માની લો) ફિરઔન (અંતે મજબૂર થઈને) કહેવા લાગ્યો કે જો તમે મારા સિવાય કોઈ અન્ય મઅ્બૂદ ઠરાવશો તો તમને જેલખાનામાં મોકલી આપીશ. મૂસા (અલૈ.)એ કહ્યું, જો હું કોઈ ખુલ્લી નિશાની રજુ કરું તો પણ (નહીં માનો) ? ફિરઔને કહ્યું, સારું ! તો તે દલીલ રજુ કરો જો તમે સાચા છો તો મૂસા (અલૈ.)એ પોતાની લાઠી નાંખી દીધી તો અચાનક એક ખુલ્લો અજગર બની ગયો (અને બીજો મોઅ્જિઝો બતાવવા માટે) પોતાનો હાથ (ગરેબાનમાં નાંખીને) બહાર કાઢ્યો તો તે અચાનક બધા જોનારાઓની રૂબરૂ ઘણો જ ચમકદાર થઈ ગયો (કે તેને પણ બધાએ પોતાની ખુલ્લી નજરે જોયો).

મસ્અલા અને બોધપાઠ :

આજ્ઞાપાલનમાં સહાયક અને સામાનની માંગણી એ બહાનાબાજી નથીઃ

قَالَ رَبِّ اِنِّىٓ اَخَافُ اَنْ يُّكَذِّبُوْنِ ○ وَيَضِيْقُ صَدْرِىْ وَلَا يَنْطَلِقُ لِسَانِىْ فَاَرْسِلْ اِلٰى

هٰرُوْنَ ○ وَلَهُمْ عَلَىَّ ذَنْبٌ فَاَخَافُ اَنْ يَّقْتُلُوْنِ ○

આ આયતોથી સાબિત થયું કે કોઈ હુકમની બજવણીમાં અમુક એવી વસ્તુઓની દરખાસ્ત કરવી જે હુકમને પૂર્ણ કરવામાં સહાયક સાબિત થાય તે કોઈ બહાનાબાજી નથી બલકે જાઈઝ છે, જેમકે હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહનો હુકમ મેળવીને તેની બજવણીને સરળ અને લાભદાયક બનાવવા માટે અલ્લાહ તબારક વ તઆલાથી દરખાસ્ત કરી એટલા માટે તેનાથી એ પરિણામ કાઢવું ખોટું છે કે હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહના હુકમનો કોઈ જાતનું મોડું કર્યા વિના શા માટે તરત જ સ્વીકાર ન કરી લીધો અને આટલો વિલંબ કેમ કર્યો ? કારણ કે હઝરત મૂસા (અલૈ.)એ જે કંઈ પણ કર્યું તે હુકમની બજવણીના સંદર્ભમાં જ કર્યું.

હઝરત મૂસા (અલૈ.)ના સંદર્ભમાં શબ્દ ضَلَال નો ભાવાર્થ :

قَالَ فَعَلْتُهَآ اِذًا وَّاَنَا مِنَ الضَّآلِّيْنَ ફિરઔનના આ પ્રશ્ન ઉપર કે હે મૂસા (અલૈ.) ! તમે એક કિબતીની હત્યા કરી હતી. હઝરત મૂસા (અલૈ.)એ જવાબમાં કહ્યું કે, હા ! મારાથી હત્યા અવશ્ય થઈ ગઈ હતી પરંતુ તે જાણીબૂઝીને કરેલી ઈરાદાપૂર્વકની હત્યા ન હતી બલકે એક કિબતીને તેની ભૂલ ઉપર ચેતવણી આપવા માટે એક મુક્કો માર્યો હતો જેના કારણે તે મરી ગયો. ખુલાસો એ કે નુબુવ્વતનો નકાર જાણીબૂઝીને કરેલ હત્યા છે અને વિનાઈરાદે શરતચૂકથી થયેલ હત્યા તે નુબુવ્વતનો અવરોધ નથી. ખુલાસો એ છે કે અત્રે ضَلَال નો અર્થ "બેખબરી" છે અને તેનો ભાવાર્થ કિબતીની ઈરાદા વિના હત્યા થઈ જવી છે. આ અર્થનું સમર્થન હઝરત કતાદહ (રહ.) અને ઈબ્ને ઝૈદ (રહ.)ની રિવાયતોથી પણ થાય છે કે વાસ્તવમાં અરબીમાં ضَلَال ના ઘણા અર્થો થાય છે અને દરેક સ્થળે તેનો અર્થ ગુમરાહી નથી થતો, અત્રે પણ તેનો તરજુમો ગુમરાહ કરવું દુરુસ્ત નથી.

અલ્લાહ તબારક વ તઆલાની જાત અને હકીકતનું જ્ઞાન મનુષ્ય માટે અશક્ય છે :

قَالَ فِرْعَوْنُ وَمَا رَبُّ الْعٰلَمِيْنَ આ આયતથી સાબિત થાય છે કે અલ્લાહ તઆલાની જાત અને હકીકતને જાણવી શક્ય નથી, કારણ કે ફિરઔનનો પ્રશ્ન અલ્લાહની હકીકત અને તેની હસ્તી વિશે હતો. હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહની હસ્તીના બદલે અલ્લાહ તઆલાના ગુણ લક્ષણો અને તેની સિફતો વર્ણન કરી જેનાથી ઈશારો ફરમાવ્યો કે અલ્લાહ તઆલાની જાત અને હકીકતની પહોંચ મનુષ્ય માટે અશક્ય છે એટલા માટે એવો પ્રશ્ન કરવો જ અસ્થાને છે.

(કઝા ફિર્રૂહ)

اَنْ اَرْسِلْ مَعَنَا بَنِىٓ اِسْرَآءِيْلَ બની ઈસ્રાઈલ શામ દેશના નિવાસીઓ હતા, ત્યાં જવા ઈચ્છતા હતા તો ફિરઔન જવા દેતો ન હતો. એ જ પ્રમાણે ચારસો વર્ષથી તેઓ ફિરઔની સત્તાની કેદમાં ગુલામીની જિંદગી ગુઝારી રહ્યા હતા, તેમની સંખ્યા તે વખતે છ લાખ ત્રીસ હજાર હતી. હઝરત મૂસા (અલૈ.)ને અલ્લાહે સત્યનો સંદેશ પહોંચાડવાની સાથે જ બની ઈસ્રાઈલ ઉપર તેણે જે અત્યાચાર કરી રાખ્યો હતો તેનાથી પાછા વળવાની અને તેમને મુક્ત કરવાની હિદાયત કરી. *(કુર્તુબી)*

પયગમ્બરી મુનાજરા (Debate)નો એક નમૂનો અને તેનો અસરકારક શિષ્ટાચાર :

બે ભિન્ન વિચારધારા ધરાવતા વ્યક્તિઓ અને સમૂહોમાં માન્યતાઓ સંબંધી ચર્ચા અને દલીલબાજી જેને પરિભાષામાં મુનાજરો (Debate) કહેવામાં આવે છે પ્રાચીન સમયથી અસ્તિત્વમાં છે પરંતુ સામાન્ય રીતે મુનાજરો એક હાર જીતનો ખેલ બનીને રહી ગયો છે, લોકોની નજરોમાં મુનાજરાનો હેતુ અટલો જ છે કે પોતાની વાત ઊંચી થઈ જાય, ભલે તેની ભૂલ તેને પોતે પણ જણાઈ ચૂકી હોય તેને સાચી અને મજબૂત સાબિત કરવા માટે દલીલો અને બુદ્ધિનું બધું જોર ખર્ચી નાંખવામાં આવે છે, એ જ પ્રમાણે વિરોધીઓની કોઈ વાત સાચી અને ખરી પણ હોય તો પણ જીદના કારણે તેના રદિયા માટે સંપૂર્ણ શક્તિ ખર્ચ કરવામાં આવે છે, ઈસ્લામે આ કાર્યમાં ખાસ મધ્યમ માર્ગ પેદા કર્યો છે, તેના સિદ્ધાંતો,

કાયદાઓ અને તેની મર્યાદાઓ નક્કી કરીને તેને એક ફાયદાકારક અસરકારક પ્રચારનું માધ્યમ અને સુધારણાનું હથિયાર બનાવ્યો છે.

પ્રસ્તુત આયતોમાં તેનો એક ટૂંકો નમૂનો જોવા મળે છે. હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન (અલૈ.)એ જ્યારે ફિરઔન જેવા અત્યાચારી અને ખુદાઈનો દા'વો કરનારને તેના દરબારમાં સત્યની દા'વત પહોંચાડી તો તેણે વિરોધી બહસ અને દલીલબાજીની શરૂઆત પ્રથમ બે એવી વાતો દ્વારા કરી જેનો સંબંધ હઝરત મૂસા (અલૈ.)ની જાત સાથે હતો, જેમકે હોશિયાર વિરોધી સામાન્ય રીતે જ્યારે મૂળ વાતનો જવાબ આપવા માટે શક્તિ ધરાવતો નથી હોતો તો સંબોધન કરનારની વ્યક્તિગત કમજોરીઓ શોધીને તેને વર્ણન કર્યા કરે છે જેથી તે કંઈક શરમાઈ જાય અને લોકોમાં તેનો પ્રભાવ ઓછો થાય, અત્રે પણ ફિરઔને બે વાતો કહી, પ્રથમ તો એ કે તમે અમારા પાલન પોષણમાં અને અમારા ઘરમાં રહીને જુવાન થયા છો, અમે તમારા ઉપર અહેસાનો કર્યા છે, તમારી શું મજાલ છે કે અમારી સામે બોલો ? બીજી વાત એ કહી કે તમે એક કિબતી વ્યક્તિને વિના કારણે મારી નાંખ્યો છે જે અત્યાચાર ઉપરાંત સત્યને ન ઓળખવું તથા નગુણાપણું પણ છે કે જે કોમમાં ભરણ પોષણ પામ્યા અને યુવાન થયા તેમના જ વ્યક્તિની હત્યા કરી નાંખી ! તેના મુકાબલામાં હઝરત મૂસા (અલૈ.)એ પયગમ્બરી જવાબ આપ્યો તે જુઓ કે પ્રથમ તો જવાબમાં સવાલના ક્રમને બદલી નાંખ્યો, એટલે કે કિબતીના કતલનો કિસ્સો જે ફિરઔને પાછળથી વર્ણન કર્યો હતો તેનો જવાબ પહેલો આપ્યો અને ઘરમાં પાલન પોષણ પામવાનો તથા અહેસાનનો ઉલ્લેખ પ્રથમ થયો હતો તેનો જવાબ પાછળથી આપ્યો. આ ક્રમ બદલવામાં હિકમત એ જણાય છે કે કિબતીની ઘટનામાં પોતાની એક કમજોરી અવશ્ય પ્રગટ થતી હતી. આજકાલના મુનાજરાઓની પદ્ધતિ ઉપર તો આવી વસ્તુના વર્ણનને જ વધારે મહત્ત્વ આપવામાં આવે છે અને અન્ય વાતો તરફ ધ્યાન ફેરવવાનો પ્રયત્ન કરવામાં આવે છે પરંતુ અલ્લાહ તઆલાના રસૂલે તે જ જવાબને પ્રાથમિકતા આપી અને જવાબ પણ કમજોરીનો સ્વીકાર કરીને આપ્યો અને એ બાબતની બિલકુલ પરવા ન કરી કે વિરોધી લોકો કહેશે કે તેમણે પોતાની ભૂલનો સ્વીકાર કરીને હાર માની લીધી.

હઝરત મૂસા (અલૈ.)એ તેના જવાબમાં એ બાબતનો તો સ્વીકાર કરી લીધો કે આ કતલ કરવામાં મારાથી શરતચૂક થઈ ગઈ પરંતુ સાથે જ એ હકીકતને પણ સ્પષ્ટ કરી આપી કે આ ચૂક જાણીબૂઝીને કરી ન હતી, એક સાચો પ્રયત્ન હતો જે અચાનક ખોટા પરિણામ ઉપર પહોંચી ગયો કે મકસદ તો કિબતીને ઈસ્રાઈલી વ્યક્તિ ઉપર અત્યાચાર કરવાથી રોકવાનો હતો, આ જ ઈરાદાથી તેને એક મુક્કો માર્યો હતો, અચાનક તે તેનાથી મરી ગયો એટલા માટે આ પ્રવૃત્તિ ચૂક હોવા છતાં અમારા મૂળ મા'મલા એટલે કે નુબુવ્વતના દા'વા અને તેની સચ્ચાઈ ઉપર કોઈ પ્રભાવ પાડતો નથી, મને આ ચૂક ઉપર ભય લાગ્યો અને કાનૂની પકડના ડરે શહેરથી નીકળી ગયો. અલ્લાહ તઆલાએ ફરી મહેરબાની કરી અને નુબુવ્વત તથા રિસાલતથી માલામાલ કર્યો.

વિચાર કરો કે આ સમયે દુશ્મનના મુકાબલામાં હઝરત મૂસા (અલૈ.)નો સીધો સાફ જવાબ એ હતો કે માર્યા ગયેલ કિબતીને વાજિબુલ કત્લ (મારવાપાત્ર) સાબિત કર્યો હોત, તેના ઉપર એવા આરોપો લગાવ્યા હોત જેનાથી તેનું વાજિબુલ કત્લ હોવું સાબિત થતું હોત, કોઈ બીજો વ્યક્તિ જુઠાડનાર પણ ત્યાં ઉપસ્થિત ન હતો કે જેના રદિયાનો સંદેહ હોત અને આ સ્થળે હઝરત મૂસા (અલૈ.) સિવાય કોઈ બીજો વ્યક્તિ હોત તો તેનો જવાબ એ સિવાય કંઈ ન હોત પરંતુ અહીંયાં તો અલ્લાહ તઆલાના એક મહાન ઈચ્છાશક્તિ ધરાવનાર સાચા રસૂલ હતા જે સત્યની હકીકતની જાહેરાતને પોતાની જીત સમજતા હતા, દુશ્મનના ભર્યા દરબારમાં પોતાની ભૂલચૂકનો સ્વીકાર પણ કરી લીધો અને તેના કારણે નુબુવ્વત અને રિસાલત ઉપર જે શંકા થઈ શકતી હતી તેનો જવાબ પણ આપી દીધો, ત્યારબાદ પ્રથમ વાત એટલે કે ઘરમાં પાલન પોષણ કરવાનું અહેસાન જતાવવાના જવાબ તરફ ધ્યાન આપ્યું તો તેના આ દેખીતા અહેસાનને મૂળ હકીકત તરફ વાળીને તેને વિચારવા મજબૂર કરી દીધો કે જરા વિચારો, હું ક્યાં અને ફિરઔનનો દરબાર ક્યાં ? મારું પાલન પોષણ તમારા ઘરમાં થવાના કારણ ઉપર વિચાર કરો તો એની હકીકત ખુલી જશે કે તમે જે સમગ્ર બની ઈસ્રાઈલ કોમ ઉપર માનવતા વિરુદ્ધ જુલમ અને અત્યાચારનો પહાડ તોડી રહ્યા હતા કે તેમના બેગુનાહ નિર્દોષ પુત્રોને કતલ કરી નાંખતા હતા, દેખીતી રીતે તો તમારા આ અત્યાચાર અને જુલમથી બચવા માટે મારી વાલિદહે મને નદીમાં વહાવી

દીધો અને તમે અચાનક સંજોગોવસાત્ મારી પેટી નદીમાંથી કાઢીને ઘરમાં રાખી લીધી અને વાસ્તવમાં આ અલ્લાહ તઆલાની હિકમતભરી વ્યવસ્થા અને તમારા જુલમોસિતમ્ની ગય્બી સજા હતી કે જે બાળકના ભયથી બચવા માટે તમે હજારો બાળકોની હત્યા કરી નાંખી હતી કુદરતે તે જ બાળકને તમારા જ હાથે પાલન પોષણ અપાવ્યું. હવે વિચારો કે આ મારું પાલન પોષણ કરવામાં તમારું શું અહેસાન હતું ? આ જ તે પયગમ્બરી શૈલીના જવાબનો તે અસર તો સ્વાભાવિક અને બૌદ્ધિક રીતે બધા જ હાજરજનો ઉપર થવો આવશ્યક હતો કે આ બુઝુર્ગ કોઈ વાત ઘડી કાઢનારા નથી, સત્ય સિવાય કશું જ નથી કહેતા. ત્યારબાદ જ્યારે મોઅ્જિઝાઓ જોયા તો તેઓ સામે ઔર વધારે તેમની સચ્ચાઈ જાહેર થઈ ગઈ અને ભલે સ્વીકાર ન કર્યો પરંતુ એટલા બધા પ્રભાવિત થઈ ગયા કે માત્ર આ બે વ્યક્તિઓ જેમની આગળ પાછળ કોઈ ત્રીજો સહાયક પણ ન હતો, સમગ્ર દરબાર તેનો, દેશ તેનો, પરંતુ એ ભય અને ડર છવાય ગયો કે આ બે વ્યક્તિઓ ક્યાંક અમને પોતાના આ દેશ અને રાજ્યમાંથી કાઢી મૂકશે.

આ હોય છે અલ્લાહનો આપેલો રુઆબ, સચ્ચાઈ તથા હક્ક અને સચ્ચાઈનો પ્રભાવ ! અંબિયા (અલૈ.)ના મુનાજરા અને દલીલબાજીઓ પણ સાચી અને ખરી તથા જેને સંબોધન કરવામાં આવે છે તેની ભલાઈની ભાવનાઓથી ભરપૂર હોય છે, તે જ દિલોમાં ઘર કરી જાય છે અને મોટા મોટા બળવાખોરોને પિગળાવી દે છે.

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૩૪ થી ૫૧)

قَالَ لِلْمَلَاِ حَوْلَهٗۤ اِنَّ هٰذَا لَسٰحِرٌ عَلِيْمٌ ﴿٣٤﴾ يُّرِيْدُ اَنْ يُّخْرِجَكُمْ مِّنْ اَرْضِكُمْ
بِسِحْرِهٖ ۖ فَمَاذَا تَاْمُرُوْنَ ﴿٣٥﴾ قَالُوْۤا اَرْجِهْ وَاَخَاهُ وَابْعَثْ فِى الْمَدَآئِنِ حٰشِرِيْنَ ﴿٣٦﴾
يَاْتُوْكَ بِكُلِّ سَحَّارٍ عَلِيْمٍ ﴿٣٧﴾ فَجُمِعَ السَّحَرَةُ لِمِيْقَاتِ يَوْمٍ مَّعْلُوْمٍ ﴿٣٨﴾ وَّقِيْلَ
لِلنَّاسِ هَلْ اَنْتُمْ مُّجْتَمِعُوْنَ ﴿٣٩﴾ لَعَلَّنَا نَتَّبِعُ السَّحَرَةَ اِنْ كَانُوْا هُمُ الْغٰلِبِيْنَ ﴿٤٠﴾

فَلَمَّا جَآءَ السَّحَرَةُ قَالُوْا لِفِرْعَوْنَ اَئِنَّ لَنَا لَاَجْرًا اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِيْنَ ﴿٤١﴾
قَالَ نَعَمْ وَاِنَّكُمْ اِذًا لَّمِنَ الْمُقَرَّبِيْنَ ﴿٤٢﴾ قَالَ لَهُمْ مُّوْسٰٓى اَلْقُوْا مَآ اَنْتُمْ
مُّلْقُوْنَ ﴿٤٣﴾ فَاَلْقَوْا حِبَالَهُمْ وَعِصِيَّهُمْ وَقَالُوْا بِعِزَّةِ فِرْعَوْنَ اِنَّا لَنَحْنُ
الْغٰلِبُوْنَ ﴿٤٤﴾ فَاَلْقٰى مُوْسٰى عَصَاهُ فَاِذَا هِىَ تَلْقَفُ مَا يَاْفِكُوْنَ ﴿٤٥﴾ فَاُلْقِىَ السَّحَرَةُ
سٰجِدِيْنَ ﴿٤٦﴾ قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٤٧﴾ رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ ﴿٤٨﴾ قَالَ اٰمَنْتُمْ لَهٗ
قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ ۚ اِنَّهٗ لَكَبِيْرُكُمُ الَّذِىْ عَلَّمَكُمُ السِّحْرَ ۚ فَلَسَوْفَ تَعْلَمُوْنَ
لَاُقَطِّعَنَّ اَيْدِيَكُمْ وَاَرْجُلَكُمْ مِّنْ خِلَافٍ وَّلَاُصَلِّبَنَّكُمْ اَجْمَعِيْنَ ﴿٤٩﴾ قَالُوْا
لَا ضَيْرَ ۫ اِنَّآ اِلٰى رَبِّنَا مُنْقَلِبُوْنَ ﴿٥٠﴾ اِنَّا نَطْمَعُ اَنْ يَّغْفِرَ لَنَا رَبُّنَا خَطٰيٰنَآ اَنْ
كُنَّآ اَوَّلَ الْمُؤْمِنِيْنَ ﴿٥١﴾ ع

તરજુમો :

(ફિરઔને) પોતાની આજુબાજુના સરદારોને કહ્યું, આ તો કોઈ જાણકાર જાદૂગર લાગે છે. (૩૪) એવું ઈચ્છે છે કે તમને તમારા પ્રદેશમાંથી જાદૂના જોરે કાઢી મૂકે, બસ હવે શું હુકમ (સલાહ) આપો છો ? (૩૫) તેઓ બોલ્યા, તેને અને તેના ભાઈને ઢીલ આપો અને શહેરોમાં એકઠા કરનારા મોકલી આપો. (૩૬) (કે) તારી પાસે તેઓ મોટા જાણકાર જાદૂગર લઈ આવે. (૩૭) પછી એક નિશ્ચિત દિવસના વાયદા ઉપર જાદૂગરો એકઠા કર્યા. (૩૮) અને લોકોને કહી આપ્યું, શું તમે પણ એકઠા થશો ? (૩૯) કદાચ અમે પણ જાદૂગરોનો માર્ગ સ્વીકાર કરી લઈએ જો તેમનો વિજય થાય. (૪૦) પછી જ્યારે જાદૂગર આવ્યા ફિરઔનને કહેવા લાગ્યા, વારું અમારો પણ કંઈક હક છે જો અમને વિજય મળે. (૪૧) (ફિરઔન) બોલ્યો, અલબત્ત અને નિઃશંક તમે તે સમયે માનીતાઓમાંથી હશો. (૪૨) તેમને મૂસા (અલૈ.)એ કહ્યું, નાંખો જે તમે નાંખો છો. (૪૩) પછી તેમણે પોતાના દોરડાંઓ અને લાઠીઓ નાંખી અને બોલ્યા ફિરઔનના ઈકબાલ

(ભવ્યતા)ની કસમ ! જીત અમારી જ છે. (૪૪) પછી મૂસા (અલૈ.)એ પોતાની લાઠી નાંખી, પછી તે જ સમયે જે કંઈ તેમણે બનાવ્યું હતું (માયાજાળ રચી હતી) તેને ગળવા લાગ્યો. (૪૫) પછી જાદૂગરો સિજ્દહમાં ઝૂકી પડયા. (૪૬) બોલ્યા, અમે કુલ વિશ્વના પરવરદિગારને માની લીધો. (૪૭) જે મૂસા (અલૈ.) અને હારૂન (અલૈ.)નો પરવરદિગાર છે. (૪૮) (ફિરઔન) બોલ્યો, તમે તેને માની લીધો ! હજુ મેં તમને હુકમ નથી આપ્યો, ચોક્કસ તે તમારો મોટો છે જેણે તમને જાદૂ શિખવાડયો છે; બસ હવે જાણી લેશો; અવશ્ય તમારા હાથ કાપીશ અને બીજી તરફના પગ અને તમને બધાને શૂળી ઉપર ચઢાવી દઈશ. (૪૯) (જાદૂગરો) બોલ્યા, કંઈ ડર નથી; અમારે પોતાના પરવરદિગાર તરફ પાછા જવાનું છે. (૫૦) અમે ઈચ્છા રાખીએ છીએ કે અમારો પરવરદિગાર અમને અમારી ભૂલો મા'ફ કરી આપે એ માટે કે અમે પ્રથમ કબૂલ કરનારા થયા. (૫૧)

તફસીર :

(જ્યારે હઝરત મૂસા અલૈ.ના આ મોઅ્જિઝા જાહેર થયા તો) ફિરઔને દરબારીઓને જે તેની આસપાસ (બેઠા) હતા કહ્યું કે એમાં કોઈ શંકા નથી કે આ ઘણો નિષ્ણાત જાદૂગર છે, તેનો (મૂળ) હેતુ એ છે કે પોતાના જાદૂ(ના બળ)થી (પોતે રઈસ આગેવાન થઈ જાય અને) તમને તમારી ભૂમિમાંથી બહાર કાઢી મૂકે (જેથી વિના સંઘર્ષે પારકાઓ ઉપર પોતાની કોમને લઈને રાજ્ય કરે) બસ, તમે લોકો શું સલાહ આપો છો ? દરબારીઓએ કહ્યું કે તમે તેમને અને તેમના ભાઈને (થોડી) મહોલત આપો અને (પોતાના પ્રદેશની હદોના) શહેરોમાં (ઢંઢેરો પીટનારાઓને એટલે કે) નોકરોને (હુકમ આપીને) મોકલી આપો કે તેઓ (બધા શહેરોમાંથી) બધા નિષ્ણાત જાદૂગરોને (ભેગા કરીને) તમારી પાસે લાવી હાજર કરી આપે, મતલબ કે તે જાદૂગર એક નિશ્ચિત દિવસે ખાસ સમયે એકઠા કરવામાં આવ્યા (નિશ્ચિત દિવસથી ભાવાર્થ તેમના ઉત્સવનો દિવસ છે અને ખાસ સમયનો ભાવાર્થ મધ્યાહ્ન પહેલાંનો સમય છે જેમાં ચાશ્તની નમાઝ પઢવામાં આવે છે, જેમકે સૂરએ તા-હાની શરૂઆતના ત્રીજા રુકૂઅ્માં પ્રસ્તુત છે એટલે કે તે સમય સુધીમાં બધા લોકો ભેગા કરી દેવામાં આવ્યા અને ફિરઔનને ભેગા થવાની સૂચના આપવામાં આવી) અને (ફિરઔન તરફથી જાહેર એ'લાન સ્વરૂપે)

લોકોને એ જાહેરાત આપવામાં આવી કે તમે લોકો (ફલાણા સ્થળે ઘટના જોવા માટે) એકઠા થજો (એટલે કે ભેગા થઈ જાઓ) જેથી જો જાદૂગર જીત પ્રાપ્ત કરે (જેમકે ચોક્કસ ધારણા છે) તો અમે તેમના માર્ગ ઉપર રહીએ (એટલે કે તે જ માર્ગ જેના ઉપર ફિરઔન હતો અને બીજાઓને પણ તેના ઉપર રાખવા ઈચ્છતો હતો, મતલબ એ કે એકઠા થઈને જુઓ, આશા છે કે જાદૂગરો જીત મેળવશે તો અમારા લોકોનો તરીકો સત્ય હોવાની દલીલ સાબિત થઈ જશે), પછી જ્યારે તે જાદૂગર (ફિરઔનની સામે) આવ્યા તો ફિરઔનને કહેવા લાગ્યા કે જો (મૂસા અલૈ. ઉપર) અમે જીતી ગયા તો અમને શું કોઈ મોટો બદલો (અને ઈનામ) મળશે ? ફિરઔને કહ્યું, હા ! (આર્થિક ઈનામ પણ મોટું મળશે) અને (વધારામાં એ કે) તમે એ સ્વરૂપમાં (અમારા) માનીતા લોકોમાં સામેલ થઈ જશો, (મતલબ કે વાતચીત પછી નિશ્ચિત સ્થળે મુકાબલા માટે આવ્યા અને બીજી બાજુ હઝરત મૂસા અલૈ. પણ મુકાબલા માટે આવ્યા અને મુકાબલો શરૂ થયો તથા જાદૂગરે હઝરત મૂસા અલૈ.ને વિનંતી કરી કે તમે પોતાની લાઠી પ્રથમ નાંખશો અથવા અમે નાંખીએ ?) મૂસા (અલૈ.)એ તેમને કહ્યું કે તમને જે કંઈ નાંખવાનું (મંજૂર) હોય (મેદાનમાં) નાંખી દો, બસ તેમણે પોતાના દોરડાંઓ અને લાઠીઓ નાંખી (જે જાદૂના અસરથી સાપ જણાવા લાગી હતી) અને કહેવા લાગ્યા કે ફિરઔનના નસીબની કસમ ! બેશક અમે જ જીતવાના છે, પછી મૂસા (અલૈ.)એ (અલ્લાહ તઆલાના હુકમથી) પોતાની લાઠી નાંખતાની સાથે જ (અજગર બનીને) તેમના બધા બનાવેલા ધંધાને ગળવાનું શરૂ કર્યું, બસ (આ જોઈને) જાદૂગર (એવા પ્રભાવિત થયા કે) બધા સિજ્દહમાં પડી ગયા (અને પોકારી પોકારીને) કહેવા લાગ્યા કે અમે ઈમાન લઈ આવ્યા કુલ વિશ્વના પરવરદિગાર ઉપર જે મૂસા અને હારૂન (અલૈ.)નો પણ પરવરદિગાર છે, ફિરઔન (ઘણો ગભરાયો કે ક્યાંક એવું ન થાય કે સમગ્ર રય્યત પણ મુસલમાન થઈ જાય તો એક ખોટી વાત ઉપજાવી કાઢી અને ક્રોધથી લાલ પીળો થઈ જાદૂગરોને) કહેવા લાગ્યો કે હા ! તમે મૂસા ઉપર ઈમાન લઈ આવ્યા એ વિના કે હું તમને પરવાનગી આપું, અવશ્ય (એવું લાગે છે કે) આ (જાદૂમાં) તમારો બધાનો ગુરૂ છે જેણે તમને જાદૂ શિખવાડ્યો છે (અને તમે તેના ચેલા છો એટલા માટે તમે પરસ્પર ગુપ્ત ષડયંત્ર રચી લીધું છે કે તમે આવું કરજો અમે આવું કરીશું, પછી આ રીતે હાર જીત જાહેર કરીશું જેથી

કિબતીઓનું રાજ્ય લઈને પોતાની મરજીથી રાજ્યશાસન કરો. اِنَّ هٰذَا لَمَكْرٌ مَّكَرْتُمُوْهُ فِى الْمَدِيْنَةِ لِتُخْرِجُوْا مِنْهَا اَهْلَهَا (બસ, હવે તમને હકીકત જાણ થઈ જવાની છે (અને તે એ છે કે) હું તમારા એક બાજુના હાથ અને બીજી બાજુના પગ કાપીશ અને હું તમને શૂળી ઉપર લટકાવી દઈશ, (જેથી દાખલો બેસે) તેમણે જવાબ આપ્યો કે કંઈ વાંધો નહીં ! અમે પોતાના માલિકની પાસે જઈ પહોંચીશું (જ્યાં દરેક બાજુ શાંતિ અને રાહત છે પછી આવા મોતથી નુકસાન જ ક્યાં છે ! અને) અમે આશા રાખીએ છીએ કે અમારો પરવરદિગાર અમારી ભૂલોને મા'ફ કરી આપે એ કારણે કે અમે (આ પરિસ્થિતિ ઉપર હાજરજનોમાંથી) સૌથી પહેલાં ઈમાન લાવ્યા. (બસ તેના ઉપર એ શંકા નથી થઈ શકતી કે તે જાદૂગરોથી પહેલાં પણ અમુક ઈમાન લાવી ચૂકયા હતા જેમકે આસિયહ અને ફિરઔનીઓમાંથી અમુક મો'મિન થઈ ગયા હતા અને બની ઈસ્રાઈલ).

મસ્અલા અને બોધપાઠ :

اَلْقُوْا مَآ اَنْتُمْ مُّلْقُوْنَ એટલે કે, હઝરત મૂસા (અલૈ.)એ જાદૂગરોને કહ્યું કે તમે જે કંઈ જાદૂ બતાવવા ઈચ્છો છો તે બતાવો. તેના ઉપર ઉપરછલ્લી દૃષ્ટિ નાંખવાથી એવી શંકા પેદા થાય છે કે હઝરત મૂસા (અલૈ.) તેમને જાદૂનો હુકમ આપી રહ્યા છે પરંતુ થોડો વિચાર કરવાથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે એ હઝરત મૂસા (અલૈ.) તરફથી જાદૂ બતાવવાનો હુકમ ન હતો, બલકે જે કંઈ તેઓ કરવાના હતા તેનો રદિયો આપવાનો હેતુ હતો પરંતુ તેનું રદબાતલ અને જૂઠ હોવું તેને જાહેર કર્યા વિના અશક્ય હતું એટલા માટે તેમને જાદૂ જાહેર કરવાનો હુકમ આપ્યો જેમકે એક નાસ્તિકને એવું કહેવામાં આવે કે તમે પોતાની નાસ્તિકતા અને બેદીનીની દલીલો રજુ કરો જેથી હું તેને રદબાતલ સાબિત કરી શકું, દેખીતું છે કે તેને કુફ્ર ઉપર સહમતી કહી શકાય નહીં.

بِعِزَّةِ فِرْعَوْنَ આ વાક્ય તે જાદૂગરો માટે કસમનું સ્વરૂપ ધરાવે છે જે અજ્ઞાનતાના કાળમાં પ્રચલિત હતું, અફસોસ કે મુસલમાનોમાં પણ હવે આવી કસમો પ્રચલિત થઈ ગઈ છે જે તેનાથી વધારે સખત અને નીંદાપાત્ર છે. દાખલા તરીકે બાદશાહની કસમ, તારા માથાની કસમ, તારી દાઢીની કસમ, તારા બાપની કસમ, કબરની કસમ વગેરે... આ પ્રકારની કસમો ખાવી શરીઅતમાં જાઈઝ નથી

બલકે તેના વિશે એ કહેવું ખોટું નહીં હોય કે અલ્લાહના નામની જૂઠી કસમ ખાવામાં જે મોટો ગુનોહ છે તે નામોની સાચી કસમ પણ ગુનાહમાં તેનાથી ઓછી નથી.

(કમા ફિ રૂહ)

قَالُوْا لَا ضَيْرَ ۡ اِنَّاۤ اِلٰى رَبِّنَا مُنْقَلِبُوْنَ એટલે કે જ્યારે ફિરઔને જાદૂગરોના ઈમાન સ્વીકાર કરવાથી ક્રોધે ભરાઈને તેમને મારી નાંખવાની અને હાથ-પગ કાપી નાંખવાની તથા શૂળીએ લટકાવી દેવાની ધમકી આપી તો જાદૂગરોએ ઘણી જ બેફિકરીથી એ જવાબ આપ્યો કે તું જે કંઈ કરી શકતો હોય કરી લે અમારું કોઈ નુકસાન નથી, અમે કતલ પણ થઈશું તો પોતાના પરવરદિગારની પાસે ચાલ્યા જઈશું જ્યાં રાહત જ રાહત છે.

અત્રે વિચાર કરવાની વાત એ છે કે આ જાદૂગરો જે જિંદગીભર જાદૂગરીના કુફ્રમાં ઓતપ્રોત રહ્યા અને ઉપરથી ફિરઔનના ખુદાઈના દા'વાને માનનારા અને તેની પૂજા કરનારા હતા, હઝરત મૂસા (અલૈ.)નો મોઅ્જિઝો જોઈને પોતાની સમગ્ર કોમ વિરુદ્ધ ફિરઔન જેવા જાલિમ અને અત્યાચારી બાદશાહ વિરુદ્ધ ઈમાનનું એ'લાન કરી દીધું, આ જ એક વિસ્મયકારી વસ્તુ હતું પરંતુ અત્રે તો માત્ર ઈમાનનું એ'લાન જ નથી બલકે ઈમાનનો તે ગાઢ અને ઘેરો રંગ ચઢી જવાનું દર્શન થાય છે કે કયામત અને આખિરત જાણે તેમની નજર સામે આવી ગઈ હોય, આખિરતની નેઅ્મતોના પ્રત્યક્ષ દર્શન થવા લાગ્યા હોય જેના મુકાબલામાં દુનિયાની દરેક સજા અને મુસીબતથી નચિંત થઈને فَاقْضِ مَآ اَنْتَ قَاضٍ કહી દીધું. એટલે કે જે તારું મન ચાહે કરી લે અમે તો ઈમાનથી ફરી જનારા નથી. આ પણ વાસ્તવમાં હઝરત મૂસા (અલૈ.)નો જ મોઅ્જિઝો છે જે મોઅ્જિઝો લાઠી અને ચળકતા હાથ (યદે બયદાં)થી ઓછો નથી, એ જ પ્રમાણે ઘણા બધા કિસ્સાઓ આપણા રસૂલે કરીમ ﷺના હાથોએ જાહેર થયા છે કે એક મિનિટમાં સિત્તેર વર્ષના કાફિરમાં એવું પરિવર્તન આવી ગયું કે તે માત્ર મો'મિન જ નથી બની ગયો બલકે ગાઝી બનીને શહીદ થવાની તમન્ના કરવા લાગ્યો.

આયતો : (સૂરઅુ શુઅ્રા : આયત નં. ૫૨ થી ૬૮)

وَأَوْحَيْنَآ إِلَىٰ مُوسَىٰٓ أَنْ أَسْرِ بِعِبَادِىٓ إِنَّكُم مُّتَّبَعُونَ ﴿٥٢﴾ فَأَرْسَلَ فِرْعَوْنُ فِى ٱلْمَدَآئِنِ
حَٰشِرِينَ ﴿٥٣﴾ إِنَّ هَٰٓؤُلَآءِ لَشِرْذِمَةٌ قَلِيلُونَ ﴿٥٤﴾ وَإِنَّهُمْ لَنَا لَغَآئِظُونَ ﴿٥٥﴾
وَإِنَّا لَجَمِيعٌ حَٰذِرُونَ ﴿٥٦﴾ فَأَخْرَجْنَٰهُم مِّن جَنَّٰتٍ وَعُيُونٍ ﴿٥٧﴾ وَكُنُوزٍ وَمَقَامٍ
كَرِيمٍ ﴿٥٨﴾ كَذَٰلِكَ وَأَوْرَثْنَٰهَا بَنِىٓ إِسْرَٰٓءِيلَ ﴿٥٩﴾ فَأَتْبَعُوهُم مُّشْرِقِينَ ﴿٦٠﴾ فَلَمَّا
تَرَٰٓءَا ٱلْجَمْعَانِ قَالَ أَصْحَٰبُ مُوسَىٰٓ إِنَّا لَمُدْرَكُونَ ﴿٦١﴾ قَالَ كَلَّآ إِنَّ مَعِىَ رَبِّى
سَيَهْدِينِ ﴿٦٢﴾ فَأَوْحَيْنَآ إِلَىٰ مُوسَىٰٓ أَنِ ٱضْرِب بِّعَصَاكَ ٱلْبَحْرَ فَٱنفَلَقَ فَكَانَ كُلُّ فِرْقٍ
كَٱلطَّوْدِ ٱلْعَظِيمِ ﴿٦٣﴾ وَأَزْلَفْنَا ثَمَّ ٱلْءَاخَرِينَ ﴿٦٤﴾ وَأَنجَيْنَا مُوسَىٰ وَمَن مَّعَهُۥٓ
أَجْمَعِينَ ﴿٦٥﴾ ثُمَّ أَغْرَقْنَا ٱلْءَاخَرِينَ ﴿٦٦﴾ إِنَّ فِى ذَٰلِكَ لَءَايَةً وَمَا كَانَ أَكْثَرُهُم
ع ١٤/٨ مُّؤْمِنِينَ ﴿٦٧﴾ وَإِنَّ رَبَّكَ لَهُوَ ٱلْعَزِيزُ ٱلرَّحِيمُ ﴿٦٨﴾

તરજુમો :

અને અમે મૂસા (અલૈ.)ને હુકમ મોકલ્યો કે રાત્રે મારા બંદાઓ (બની ઈસ્રાઈલ)ને લઈને નીકળો, અલબત્ત (ફિરઔનીઓ) તમારો પીછો કરશે. (૫૨) પછી ફિરઔને શહેરોમાં એકઠા કરનારા મોકલ્યા. (૫૩) આ લોકો છે જે બસ એક નાનું ટોળું છે. (૫૪) અને તે નિશ્ચિત અમારાથી બહુ બળેલા (દિલજલા) છે. (૫૫) અને આપણે બધા તેમનાથી ખતરો ધરાવીએ છીએ. (૫૬) પછી અમે તેમને બગીચાઓ અને ઝરણાઓમાંથી બહાર કાઢ્યા. (૫૭) અને ખજાનાઓ તથા ઉમદા મકાનોએથી. (૫૮) એ જ પ્રમાણે અને અમે આ વસ્તુઓના બની ઈસ્રાઈલને વારસ બનાવ્યા. (૫૯) પછી (ફિરઔનીઓ) સૂરજ નીકળવાના સમયે (બની ઈસ્રાઈલીઓની) પાછળ પડ્યા. (૬૦) પછી જ્યારે બંને ફોજો સામ સામે થઈ મૂસા (અલૈ.)ના લોકો કહેવા લાગ્યા, અમે તો પકડાઈ ગયા! (૬૧) (મૂસા અલૈ.એ) કહ્યું, કદાપિ

નહીં! મારી સાથે મારો પરવરદિગાર છે, તે મને માર્ગ બતાવશે. (૬૨) પછી અમે મૂસા (અલૈ.)ને હુકમ મોકલ્યો કે પોતાની લાઠીથી તે દરિયાને મારો, પછી દરિયો ફાટી ગયો તો દરેક ભાગ જેમકે એક મોટો પહાડ બની ગયો. (૬૩) અને અમે તે જ સ્થળે બીજાઓને પહોંચાડી દીધા. (૬૪) અને અમે મૂસા (અલૈ.)ને અને જે લોકો તેમની સાથે હતા બધાને બચાવી લીધા. (૬૫) પછી અમે તે બીજાઓને ડૂબાડી દીધા. (૬૬) નિઃશંક આ વસ્તુમાં એક નિશાની છે અને તેમનામાં ઘણા લોકો ઈમાન લાવનારા ન હતા. (૬૭) અને તારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમવાળો (મહાકૃપાળુ). (૬૮)

તફસીર :

અને (જ્યારે ફિરઔનને આ ઘટનાથી પણ હિદાયત ન થઈ અને તેણે બની ઈસ્રાઈલને મુક્તિ ન આપી ત્યારે) અમે મૂસા (અલૈ.)ને હુકમ મોકલ્યો કે મારા (તે) બંદાઓને (એટલે કે બની ઈસ્રાઈલને) રાતોરાત (મિસ્રથી બહાર) કાઢીને લઈ જાઓ (અને ફિરઔન તરફથી) તમારા લોકોનો પીછો (પણ) કરવામાં આવશે (એટલા માટે તેઓ હુકમ પ્રમાણે બની ઈસ્રાઈલને લઈને રાત્રે ચાલી નીકળ્યા, સવારે આ ખબર મશહૂર થઈ તો) ફિરઔને (પીછો કરવાની યોજના કરવા માટે ઠેક ઠેકાણે આસપાસના) શહેરોમાં ચપરાસીઓ દોડાવ્યા (અને એ કહેવાડી મોકલ્યું) કે આ લોકો (એટલે કે બની ઈસ્રાઈલ અમારા કરતાં) થોડી સંખ્યામાં છે (તેમના મુકાબલાનો કોઈ ભય ન સેવે) અને તેમણે (પોતાની કાર્યવાહીથી) અમને ખૂબ ક્રોધ અપાવ્યો છે (તે કાર્યવાહી એ છે કે ગુપ્ત રીતે ચાલાકીથી નીકળી ગયા અથવા એ કે અમારા ઘણા બધા ઘરેણા પણ વાપરવાના બહાને લઈ ગયા, મતલબ કે અમને બેવકૂફ બનાવી ગયા, તેમનો પીછો અવશ્ય કરવો જોઈએ) અને આપણે બધા એક શસ્ત્રસજ્જ સમૂહ (અને કાયદેસરની સેના) છે, મતલબ (બે ચાર દિવસમાં જ્યારે સામાન અને સેના એકઠી થઈ ગઈ તો લાવ લશ્કર લઈને બની ઈસ્રાઈલનો પીછો કરવા ચાલ્યા અને તેમને એ ખબર ન હતી કે હવે પાછા વળવાનું નસીબમાં નથી તો એ હિસાબે જાણે કે) અમે તેમના બાગોએથી અને ઝરણાઓએથી અને ખજાનાઓએથી અને ઉત્તમ મકાનોએથી બહાર કાઢ્યા (અમે તેમની સાથે તો) એવું કર્યું અને તેમના

પછી બની ઈસ્રાઈલને તેમના માલિક બનાવી દીધા. (આ એક مُعْتَرِضَة વાક્ય હતું. આગળ કિસ્સો છે) મતલબ (એક દિવસે) સૂર્ય નીકળવાના સમયે તેમની પાછળ પહોંચી ગયા (એટલે કે નજીક પહોંચી ગયા, તે સમયે બની ઈસ્રાઈલ દરિયાની સામે પાર ઊતરવાની ફિકરમાં હતા કે શું યુક્તિ કરીએ ?) પછી જ્યારે બંને સમૂહો (એવા આમને સામને થઈ ગયા કે) એકબીજાને જોવા લાગ્યા તો મૂસા (અલૈ.)ના સાથીઓ (ગભરાઈને) કહેવા લાગ્યા કે (હે મૂસા અલૈ. !) બસ અમે તો તેમના હાથમાં આવી ગયા, મૂસા (અલૈ.)એ ફરમાવ્યું કે કદાપિ નહીં ! કારણ કે મારી સાથે મારો પરવરદિગાર છે જે મને હમણા (દરિયામાંથી નીકળવાનો) માર્ગ બતાવશે (કારણ કે મૂસા અલૈ.ને રવાનગી સમયે જ કહી આપવામાં આવ્યું હતું કે સમંદરમાં સૂક્કો માર્ગ પેદા થઈ જશે فَاضْرِبْ لَهُمْ طَرِيْقًا فِى الْبَحْرِ يَبَسًا لَا تَخَافُ دَرَكًا وَّلَا تَخْشٰى બસ, સૂક્કો માર્ગ પેદા થવાનું સ્વરૂપ તે સમયે બતાવ્યું ન હતું, આથી હઝરત મૂસા અલૈ. તે વાયદા ઉપર સંતોષિત હતા અને બની ઈસ્રાઈલ પરિસ્થિતિ જાણતા ન હોવાથી વ્યાકૂળ હતા) પછી અમે મૂસા (અલૈ.)ને હુકમ આપ્યો કે પોતાના અસાને દરિયા ઉપર મારો જેથી (તેમણે તેના ઉપર અસો માર્યો તેનાથી તે દરિયો) ફાટી (ગયો અને તે વિભાગોમાં વહેંચાઈ) ગયો (એટલે કે પાણી કેટલેક ઠેકાણેથી આમ તેમ હટીને વચ્ચે ઘણા બધા રસ્તાઓ ખુલ્લા થઈ ગયા) અને દરેક વિભાગ એટલો (મોટો) હતો જેમકે મોટો પહાડ (આ લોકો દરિયામાં શાંતિ અને સંતોષથી પસાર થઈ ગયા) અને અમે બીજા પક્ષને પણ આ જગ્યાની નજીક પહોંચાડ્યા (એટલે કે ફિરઔનીઓ પણ દરિયા નજીક પહોંચ્યા અને અગાઉ આપેલ પૂર્વ સૂચના પ્રમાણે وَاتْرُكِ الْبَحْرَ رَهْوًا દરિયો તે સમય સુધી એ જ પરિસ્થિતિ ઉપર થોભેલો હતો એટલા માટે ખુલ્લા માર્ગને ગનીમત સમજ્યા અને પીછો કરવા માટે કંઈ વિચાર્યા વિના આખું લશ્કર તેમાં ઘુસી ગયું અને ચારે તરફથી પાણી ભેગું થવાનું શરૂ થયું અને આખું લશ્કર નાશ પામ્યું) અને (કિસ્સાનું પરિણામ એ આવ્યું કે) અમે મૂસા (અલૈ.)ને અને તેમની સાથેવાળા સૌને (ડૂબવાથી) બચાવી લીધા, પછી બીજાઓને (એટલે કે તેમના વિરોધીઓને) ડૂબાડી દીધા (અને) આ ઘટનામાં પણ મોટો બોધપાઠ છે (એટલે એ યોગ્ય છે કે કાફિરો તેનાથી દલીલ પ્રાપ્ત કરે કે અલ્લાહ અને રસૂલના હુકમોનો વિરોધ અલ્લાહના અઝાબને નોંતરે છે અને એવું સમજીને વિરોધ

કરવાથી બચે) અને (તે છતાં) આ(મક્કાના કાફિરો)માં ઘણા લોકો ઈમાન નથી લાવતા અને તમારો પરવરદિગાર મોટો જબરદસ્ત છે (જો ઈચ્છે તો દુનિયામાં જ તેમને અઝાબ આપી દે પરંતુ) મોટો મહેરબાન (પણ) છે (એટલા માટે પોતાની જાહેર રહમતના કારણે અઝાબની મહોલત નિશ્ચિત કરી રાખી છે, બસ અઝાબ તાત્કાલિક ન આવવાથી નચિંત ન થઈ જવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

وَاَوْرَثْنٰهَا بَنِیْٓ اِسْرَآءِیْلَ આ આયતની દેખીતી રીતે એ સ્પષ્ટતા છે કે ફિરઔની કોમની છોડેલી મિલ્કતો અને જાયદાદો તથા બાગ બગીચાઓ અને ખજાનાઓના માલિક ફિરઔનની કોમના ડૂબ્યા પછી બની ઈસ્રાઈલને બનાવવામાં આવ્યા પરંતુ તેમાં એક ઐતિહાસિક શંકા એ છે કે પોતે કુર્આનની વિવિધ આયતો એ બાબતની ગવાહ છે કે ફિરઔનની કોમનો નાશ થયા પછી બની ઈસ્રાઈલ મિસ્ર તરફ પાછા ફર્યા નથી, બલકે પોતાના મૂળ વતન પવિત્ર ભૂમિ સિરીયા તરફ રવાના થઈ ગયા, ત્યાં જ તેમને એક કાફિર કોમ સાથે જિહાદ કરીને તેમના શહેર ઉપર વિજય પ્રાપ્ત કરવાનો હુકમ મળ્યો જેની બજવણીથી બની ઈસ્રાઈલે ઈન્કાર કરી દીધો અને તેના ઉપર અઝાબ સ્વરૂપે એક ખુલ્લા મેદાનમાં જેમાં બની ઈસ્રાઈલ મોજૂદ હતા એક કુદરતી જેલખાનું બનાવી દેવામાં આવ્યું કે તેઓ આ મેદાનમાંથી નીકળી શકતા ન હતા. આ જ હાલતમાં ચાલીસ વર્ષો પસાર થયા અને આ જ તીહની ખીણમાં તેમના બંને પયગમ્બરો હઝરત મૂસા અને હઝરત હારૂન (અલૈ.)ની વફાત થઈ ગઈ, ત્યારબાદ પણ ઐતિહાસિક કિતાબોથી એ સાબિત નથી થતું કે કોઈપણ સમયે બની ઈસ્રાઈલ સામૂહિક અને એક કોમ સ્વરૂપે મિસ્રમાં પ્રવેશ પામ્યા હોય કે ફિરઔનની કોમ અને જાયદાદ તથા ખજાનાઓ ઉપર તેમનો કબજો થયો હોય....

તફસીરે રૂહુલ મઆનીમાં સૂરએ શુઅ્રાની આ જ આયત હેઠળ તેના બે જવાબ તફસીરના ઈમામ હઝરત હસન (રહ.) અને કતાદહ (રહ.)ના હવાલાથી નકલ થયા છે. હઝરત હસન (રહ.)નો ઈરશાદ છે કે પ્રસ્તુત આયતમાં બની ઈસ્રઈલને ફિરઔનીઓની છોડેલી જાયદાદના વારસ બનાવવાનું વર્ણન છે પરંતુ એવું ક્યાંય ઉપસ્થિત નથી કે આ ઘટના ફિરઔનીઓના નાશ પામ્યા પછી તરત જ થઈ જશે. તીહની ખીણની ઘટના અને ચાલીસ-પચાસ વર્ષ પછી પણ જો

તેઓ મિસ્રમાં દાખલ થયા હોય તો આયતના ભાવાર્થમાં કોઈ ફરક પડતો નથી. રહી એ વાત કે ઇતિહાસથી તેમના સામૂહિક સ્વરૂપે સિરીયાપ્રવેશનો ઇન્કાર સાબિત નથી તો આ વાંધો એટલા માટે ધ્યાન આપવાપાત્ર નથી કે તે સમયનો ઇતિહાસ યહૂદીઓ અને નસારાના લખેલા જૂઠાણાઓથી ભરપૂર છે જે કોઈપણ રીતે ભરોસાપાત્ર નથી એના કારણે કુર્આનની આયતમાં તા'વીલ કરવાની કોઈ આવશ્યકતા નથી.

હઝરત કતાદહ (રહ.)એ ફરમાવ્યું કે આ ઘટના વિશે જેટલી આયતો કુર્આને કરીમની વિવિધ સૂરતોમાં આવે છે દાખલા તરીકે સૂરએ અઅ્રાફ આયત નં. ૧૨૮, ૧૩૭ અને સુરએ કસસ આયત નં. ૫ અને સૂરએ દુખાનની આયત નં. ૨૫ થી ૨૮ અને સૂરએ શુઅ્રાની પ્રસ્તુત આયત નં. ૫૯; તેનાથી દેખીતી રીતે જો કે ધ્યાન એ તરફ જાય છે કે બની ઇસ્રાઈલને ખાસ તે જ બગીચાઓ અને જાયદાદના માલિક બનાવવામાં આવ્યા હતા જે ફિરઔનની કૌમે મિસ્રની ભૂમિમાં છોડ્યા હતા, જેના માટે બની ઇસ્રાઈલનું મિસ્ર તરફ પાછા આવવું જરૂરી છે પરંતુ આ બધી આયતોના શબ્દોમાં એની પણ સ્પષ્ટ સંભાવના મોજૂદ છે કે તેનો ભાવાર્થ એ હોય કે બની ઇસ્રાઈલ એ જ પ્રમાણેના તેના જેવા જ ખજાનાઓ અને બગીચાઓના માલિક બનાવી દેવામાં આવ્યા જે પ્રમાણેના બગીચાઓ ફિરઔનની કોમ પાસે હતા, જેના માટે એ જરૂરી નથી કે તે મિસ્રની ભૂમિ ઉપર પહોંચીને પ્રાપ્ત થાય બલકે સિરીયાની ભૂમિમાં પણ પ્રાપ્ત થઈ શકે છે અને સૂરએ અઅ્રાફની આયતમાં الَّتِي بَارَكْنَا فِيهَا ના શબ્દોથી દેખીતું એ જ છે કે સિરીયાની ભૂમિ ભાવાર્થ તરીકે છે, કારણ કે કુર્આને કરીમની વિવિધ આયતોમાં بَارَكْنَا વગેરેના શબ્દો મોટે ભાગે સિરીયાની ભૂમિના વિષયમાં જ આવ્યા છે એટલા માટે હઝરત કતાદહ (રહ.)નું નિવેદન એ છે કે વિના જરૂરતે કુર્આનની આયતનું એવી પરિસ્થિતિઓ ઉપર આકલન કરવું કે જે વિશ્વના ઇતિહાસ સાથે ટકરાતી હોય યોગ્ય નથી..... ખુલાસો એ છે કે જો ઘટનાઓથી સાબિત થઈ જાય કે ફિરઔનના નાશ પછી કોઈપણ સમયે બની ઇસ્રાઈલ સામૂહિક સ્વરૂપે મિસ્ર ઉપર કબ્જેદાર નથી થયા તો હઝરત કતાદહ (રહ.)ની તફસીર પ્રમાણે તે બધી જ આયતોમાં સિરીયાની ભૂમિ અને તેના બગીચાઓ અને ખજાનાઓના વારસ થવાનો ભાવાર્થ લઈ શકાય છે. વલ્લાહુ અઅ્લમુ.

قَالَ اَصۡحٰبُ مُوۡسٰۤی اِنَّا لَمُدۡرَکُوۡنَ ۝ قَالَ کَلَّا ۚ اِنَّ مَعِیَ رَبِّیۡ سَیَہۡدِیۡنِ ۝

તે સમયે જ્યારે કે ફિરઔની લશ્કર જે તેમનો પીછો કરી રહ્યું હતું જ્યારે બધા બિલકુલ સામે આવી ગયા તો સમગ્ર બની ઈસ્રાઈલ કોમ બરાડી ઉઠી કે અમે તો પકડી લેવામાં આવ્યા અને પકડાઈ જવાનો સંદેહ અને વાર જ શું હતી ? પાછળ આ મોટું શસ્ત્રસજ્જ સૈન્ય અને આગળ આ દરિયો પથરાયેલો છે, આવી પરિસ્થિતિ હઝરત મૂસા (અલૈ.)થી પણ અદષ્ય ન હતી પરંતુ તેઓ અડગતાના પહાડ બની અલ્લાહ તઆલાના વાયદા ઉપર ભરોસો રાખીને તે સમયે પણ ઘણા જોરથી કહે છે, کَلَّا "કદાપિ નથી પકડાઈ શકતા !" અને કારણ એ બતાવે છે કે, اِنَّ مَعِیَ رَبِّیۡ سَیَہۡدِیۡنِ મારી સાથે મારો પરવરદિગાર છે જે મને માર્ગ આપશે. ઈમાનની પરીક્ષા આવી પરિસ્થિતિઓમાં થાય છે કે હઝરત મૂસા (અલૈ.) ઉપર જરાય ડર કે ખૌફ ન હતો, તેઓ જાણે બચવાના માર્ગને આંખોથી જોઈ રહ્યા હતા. એ જ પ્રમાણેની સમાન ઘટના હિજરતના સમયે ગારે ષૌરમાં સંતાવાના સમયે રસૂલે કરીમ ﷺને બની હતી કે દુશ્મન જે રસૂલે કરીમ ﷺનો પીછો કરી રહ્યા હતા, તેઓ આ ગુફાના મુખ પાસે ઊભા હતા અને જો જરા નીચે નજર નાંખે તો આપ ﷺ તેમની આંખો સામે આવી જાય. તે સમયે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને ગભરામણ થઈ તો રસૂલે કરીમ ﷺએ બિલકુલ આવો જ જવાબ આપ્યો કે, لَا تَحۡزَنۡ اِنَّ اللّٰہَ مَعَنَا ગમ ન કરો અલ્લાહ આપણી સાથે છે. આ બંને ઘટનાઓમાં એક વાત એ પણ વિચારવાપાત્ર છે કે હઝરત મૂસા (અલૈ.)એ પોતાની કોમને દિલાસો આપવા માટે કહ્યું, اِنَّ مَعِیَ رَبِّیۡ મારી સાથે મારો પરવરદિગાર છે અને રસૂલે કરીમ ﷺએ જવાબમાં مَعَنَا ફરમાવ્યું કે આપણા બંનેની સાથે આપણો પરવરદિગાર છે, આ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની વિશેષતા છે કે તેમના વ્યક્તિઓ પણ પોતાના રસૂલ ﷺની સાથે અલ્લાહની નિકટતાથી માલામાલ છે.

(નોંધ : આ વિષય પ્રથમ પ્રકાશનમાં લખવાથી રહી ગયો હતો, નવા પ્રકાશન સમયે આજે ૧૨ શાબાન સન હિજરી ૧૩૯૫માં લખવામાં આવ્યો છે જ્યારે કે મુજ નાચીઝની જિંદગીના ૮૦ વર્ષ પૂરા થવામાં માત્ર આઠ દિવસો બાકી છે. —મુહમ્મદ શફીઅ્ ઉસ્માની)

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૬૯ થી ૧૦૪)

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ اِبْرٰهِيْمَ ﴿٦٩﴾ اِذْ قَالَ لِاَبِيْهِ وَقَوْمِهٖ مَا تَعْبُدُوْنَ ﴿٧٠﴾ قَالُوْا
نَعْبُدُ اَصْنَامًا فَنَظَلُّ لَهَا عٰكِفِيْنَ ﴿٧١﴾ قَالَ هَلْ يَسْمَعُوْنَكُمْ اِذْ تَدْعُوْنَ ﴿٧٢﴾
اَوْ يَنْفَعُوْنَكُمْ اَوْ يَضُرُّوْنَ ﴿٧٣﴾ قَالُوْا بَلْ وَجَدْنَا اٰبَآءَنَا كَذٰلِكَ يَفْعَلُوْنَ ﴿٧٤﴾
قَالَ اَفَرَءَيْتُمْ مَّا كُنْتُمْ تَعْبُدُوْنَ ﴿٧٥﴾ اَنْتُمْ وَاٰبَآؤُكُمُ الْاَقْدَمُوْنَ ﴿٧٦﴾ فَاِنَّهُمْ
عَدُوٌّ لِّيْٓ اِلَّا رَبَّ الْعٰلَمِيْنَ ﴿٧٧﴾ الَّذِيْ خَلَقَنِيْ فَهُوَ يَهْدِيْنِ ﴿٧٨﴾ وَالَّذِيْ هُوَ
يُطْعِمُنِيْ وَيَسْقِيْنِ ﴿٧٩﴾ وَاِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنِ ﴿٨٠﴾ وَالَّذِيْ يُمِيْتُنِيْ
ثُمَّ يُحْيِيْنِ ﴿٨١﴾ وَالَّذِيْٓ اَطْمَعُ اَنْ يَّغْفِرَ لِيْ خَطِيْٓـَٔتِيْ يَوْمَ الدِّيْنِ ﴿٨٢﴾ رَبِّ
هَبْ لِيْ حُكْمًا وَّاَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ﴿٨٣﴾ وَاجْعَلْ لِّيْ لِسَانَ صِدْقٍ فِي الْاٰخِرِيْنَ ﴿٨٤﴾
وَاجْعَلْنِيْ مِنْ وَّرَثَةِ جَنَّةِ النَّعِيْمِ ﴿٨٥﴾ وَاغْفِرْ لِاَبِيْٓ اِنَّهٗ كَانَ مِنَ الضَّآلِّيْنَ ﴿٨٦﴾
وَلَا تُخْزِنِيْ يَوْمَ يُبْعَثُوْنَ ﴿٨٧﴾ يَوْمَ لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ ﴿٨٨﴾ اِلَّا مَنْ اَتَى اللّٰهَ
بِقَلْبٍ سَلِيْمٍ ﴿٨٩﴾ وَاُزْلِفَتِ الْجَنَّةُ لِلْمُتَّقِيْنَ ﴿٩٠﴾ وَبُرِّزَتِ الْجَحِيْمُ لِلْغٰوِيْنَ ﴿٩١﴾
وَقِيْلَ لَهُمْ اَيْنَمَا كُنْتُمْ تَعْبُدُوْنَ ﴿٩٢﴾ مِنْ دُوْنِ اللّٰهِ ۭ هَلْ يَنْصُرُوْنَكُمْ اَوْ
يَنْتَصِرُوْنَ ﴿٩٣﴾ فَكُبْكِبُوْا فِيْهَا هُمْ وَالْغَاوٗنَ ﴿٩٤﴾ وَجُنُوْدُ اِبْلِيْسَ اَجْمَعُوْنَ ﴿٩٥﴾
قَالُوْا وَهُمْ فِيْهَا يَخْتَصِمُوْنَ ﴿٩٦﴾ تَاللّٰهِ اِنْ كُنَّا لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٩٧﴾ اِذْ نُسَوِّيْكُمْ
بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٩٨﴾ وَمَآ اَضَلَّنَآ اِلَّا الْمُجْرِمُوْنَ ﴿٩٩﴾ فَمَا لَنَا مِنْ شَافِعِيْنَ ﴿١٠٠﴾ وَلَا
صَدِيْقٍ حَمِيْمٍ ﴿١٠١﴾ فَلَوْ اَنَّ لَنَا كَرَّةً فَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿١٠٢﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ۭ
وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٠٣﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٠٤﴾

તરજુમો :

અને તેમને ઈબ્રાહીમ (અલૈ.)ની ખબર સંભળાવી આપો. (૬૯) જ્યારે પોતાના બાપને કહ્યું અને તેમની કોમને, તમે કોની પૂજા કરો છો ? (૭૦) તેઓ બોલ્યા, અમે મૂર્તિઓને પૂજીએ છીએ પછી કાયમ તેમની પાસે બેસી રહીએ છીએ. (૭૧) (ઈબ્રાહીમ અલૈ.એ) કહ્યું, તમારું કહેલું કંઈ સાંભળે છે જ્યારે તમે પોકારો છો ? (૭૨) અથવા તમારું કંઈ ભલું કરે છે અથવા બુરું ? (૭૩) તેઓ બોલ્યા, નહીં ! પરંતુ અમે પોતાના બાપદાદાઓને આ જ કામ કરતા જોયા. (૭૪) (ઈબ્રાહીમ અલૈ.એ) કહ્યું, ભલા જુઓ છો જેને પૂજી રહ્યા છો (૭૫) તમે અને તમારા આગલા પૂર્વજો (પણ) ? (૭૬) ખરેખર તેઓ (તો) મારા દુશ્મન છે; સિવાય (કે) કુલ વિશ્વનો પરવરદિગાર ! (૭૭) જેણે મને બનાવ્યો બસ તે જ મને માર્ગ બતાવે છે. (૭૮) અને તે જે મને ખવડાવે છે અને પીવડાવે છે. (૭૯) અને જ્યારે હું બીમાર થાઉં છું તો તે શિફા (તંદુરસ્તી) આપે છે. (૮૦) અને તે જે મને મારશે અને ફરી સજીવન કરશે. (૮૧) અને તે જે મને ઉમ્મીદ છે કે ન્યાયના દિવસે મારા કુસૂરો મા'ફ કરી આપે. (૮૨) હે મારા પરવરદિગાર ! મને હુકમ (Wisdom-દક્ષતા) આપ અને મને સાલિહીન (નેક) લોકોમાં સામેલ કર. (૮૩) અને મારો બોલ (ભલાઈનો ઉલ્લેખ) આવનારાઓમાં સાચો (ચાલુ) રાખ. (૮૪) અને મને નેઅ્મતના બગીચાના વારસોમાંથી બનાવ. (૮૫) અને મારા બાપને મા'ફ કર તે માર્ગ ભટકેલાઓમાંથી હતો. (૮૬) અને મને જે દિવસે બધા સજીવન થઈ ઊઠે અપમાનિત ન કર. (૮૭) જે દિવસે કોઈ માલ કામ ન આવે અને ન જ બેટા (અવલાદ). (૮૮) પરંતુ જે કોઈ અલ્લાહની પાસે પવિત્ર હૃદય લઈને આવ્યો. (૮૯) અને મુત્તકીઓ (અલ્લાહથી ડરનારાઓ) માટે જન્નતને પાસે લાવવામાં આવે. (૯૦) અને દોઝખને માર્ગ ભટકેલાઓ સામે કાઢવામાં (જાહેર કરવામાં) આવે. (૯૧) અને તેમને કહીએ, ક્યાં છે જેને તમે પૂજતા હતા ? (૯૨) અલ્લાહના સિવાય શું કંઈ તમારી મદદ કરે છે અથવા બદલો લઈ શકે છે ? (૯૩) પછી તેમાં તેઓને ઊંધા નાંખીએ અને બધા માર્ગ ભટકેલાઓને. (૯૪) અને

ઈબ્લીસના લશ્કરને; સૌને. (૯૫) તેઓ કહેશે જ્યારે તેઓ ત્યાં પરસ્પર ઝઘડવા લાગશે. (૯૬) અલ્લાહની કસમ ! અમે ઉઘાડી ભૂલમાં હતા. (૯૭) જ્યારે અમે તમને કુલ વિશ્વના પરવરદિગારની સમકક્ષ કરતા (ઠરાવતા) હતા. (૯૮) અને અમને માર્ગથી ભટકાવ્યા નથી પરંતુ માત્ર આ ગુનેહગારોએ. (૯૯) પછી કોઈ નથી અમારી સિફારસ કરનારા. (૧૦૦) અને ન જ કોઈ દોસ્ત મહોબ્બત કરનારો. (૧૦૧) બસ, કોઈપણ રીતે અમને ફરી જવા મળે તો અમે ઈમાનવાળાઓમાંથી થઈએ. (૧૦૨) બેશક ! આ વાતમાં નિશાની છે અને તેમનામાં ઘણા બધા લોકો ઈમાન લાવનારા નથી. (૧૦૩) અને તારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમવાળો (મહાદયાળુ). (૧૦૪)

તફસીર :

અને તમે તે લોકોની સામે (હઝરત) ઈબ્રાહીમ (અલૈ.)નો કિસ્સો વર્ણન કરો (જેથી તેમને શિર્ક નીંદનીય હોવાની જાણ થાય ખાસ કરીને ઈબ્રાહીમ અલૈ. વિશે આ વર્ણન કરીને, કારણ કે આ અરબના મુશ્રિકો પોતાને મિલ્લતે ઈબ્રાહિમિય્યહ ઉપર બતાવે છે અને આ ઘટના તે સમયે બની હતી) જ્યારે કે તેમણે પોતાના બાપને અને પોતાની કોમને (કે જેઓ મૂર્તિપૂજકો હતા) કહ્યું કે તમે કઈ (વાહિયાત) વસ્તુની ઈબાદત કર્યા કરો છો ? તેમણે કહ્યું, અમે મૂર્તિઓની ઈબાદત કરતા રહીએ છીએ અને અમે તેઓ(ની ઈબાદત) ઉપર નક્કર બેઠા રહીએ છીએ, (હઝરત) ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું કે શું તેઓ તમારું સાંભળે છે જ્યારે તમે તેમને (પોતાની જરૂરિયાતની વિનંતીના સમયે) પોકાર કરો છો ? અથવા (તમે જે તેમની ઈબાદત કરો છો તો શું) એ તમને કંઈ લાભ પહોંચાડે છે અથવા (જો તમે તેમની ઈબાદત છોડી દો તો શું) એ તમને કંઈક નુકસાન પહોંચાડી શકે છે ? (એટલે કે તેમના મઅ્બૂદ હોવાના હોદ્દાની રૂએ જ્ઞાન અને સંપૂર્ણ શક્તિ તો આવશ્યક છે) તે લોકોએ કહ્યું, નહીં ! (એવી વાત તો નથી કે તેઓ કંઈક સાંભળતા હોય અથવા લાભ કે નફો પહોંચાડી શકતા હોય અને તેમની ઈબાદત કરવાનું એ કારણ નથી) બલકે અમે પોતાના વડીલોને આ રીતે કરતા જોયા છે (એટલા માટે અમે પણ તે જ કરી રહ્યા છીએ). ઈબ્રાહીમ (અલૈ.)એ ફરમાવ્યું કે ભલા તમે તે(મૂર્તિઓની પરિસ્થિતિનો વિચાર કરીને

તે)ઓને જોઈ પણ છે જેની તમે ઈબાદત કરતા રહો છો તમે પણ અને તમારા પૂર્વજો પણ કે આ (મઅ્બૂદો) મારા (એટલે કે તમારા) માટે નુકસાનકર્તા છે ? (એટલે કે જો તેમની ઈબાદત કરવામાં આવે, નઊઝુબિલ્લાહ ! ભલે હું કરું અથવા તમે કરો, નુકસાનનો જ સબબ બને છે અને તેનું કોઈ પરિણામ નથી) પરંતુ હા ! કુલ વિશ્વનો પરવરદિગાર (એવો છે કે તે પોતાની ઈબાદત કરનારાઓનો મિત્ર છે અને તેની ઈબાદત ખુલ્લમ ખુલ્લો લાભ છે) જેણે મને પેદા કર્યો (અને એ જ પ્રમાણે સૌને પણ); પછી તે જ મને (મારી ઈચ્છિત મંઝિલો સુધી) માર્ગદર્શન કરે છે (એટલે કે બુદ્ધિ અને સમજદારી આપે છે જેનાથી લાભ અને નુકસાનને પારખું છું) અને જે મને ખવડાવે, પીવડાવે છે અને જ્યારે બીમાર થઈ જાઉં છું (જેના પછી તંદુરસ્તી થઈ જાય છે) તો તે જ મને તંદુરસ્તી અર્પણ કરે છે અને જે મને (સમય ઉપર) મૃત્યુ આપશે, પછી (કયામતના દિવસે) મને સજીવન કરશે અને જેનાથી મને એ આશા છે કે મારા કુસૂરોને કયામતના દિવસે મા'ફ કરશે (આ બધી જ સિફતો એટલા માટે સંભળાવી કે કોમને અલ્લાહ તઆલની ઈબાદતનું આકર્ષણ પેદા થાય, પછી વિશિષ્ટ સિફતો વર્ણન કરતાં કરતાં અલ્લાહ તઆલાના વખાણના પ્રભાવથી દુઆ અને અલ્લાહ તઆલાની પવિત્રતા વર્ણન કરવા લાગ્યા કે) હે મારા પરવરદિગાર ! મને હિકમત (એટલે કે જ્ઞાન એન સદ્બુદ્ધિમાં વધારે વિશિષ્ટતા) અર્પણ કર (કારણ કે જ્ઞાન અને બુદ્ધિ તો આ દુઆ કરવાના સમયે પણ પ્રાપ્ત જ છે) અને (તારી નિકટતામાં) મને (ઉચ્ચ સ્થાન ધરાવતા) નેક લોકોની સાથે સામેલ કર (ભાવાર્થ મહાન અંબિયા અલૈ. છે) અને મને જન્નતુન્નઈમના હકદારોમાંથી બનાવ અને મારા બાપ(ને ઈમાનની તવફીક આપીને તે)ની મગફિરત ફરમાવ કે તે ગુમરાહ લોકોમાંથી છે અને જે દિવસે બધા સજીવન થઈ ઊઠશે તે દિવસે મને અપમાનિત ન કરજે (આગળ તે દિવસના બધા પ્રસંગો અને ઘટનાઓનું પણ વર્ણન કરી આપ્યું જેથી કોમ સાંભળે અને ડરે, એટલે તે એવો દિવસ હશે કે) જે દિવસમાં કે (છુટકારા માટે) ન તો માલ કામ આવશે અને ન જ અવલાદ પરંતુ હા ! (તેને જ છુટકારો પ્રાપ્ત થશે) જે અલ્લાહની પાસે કુફ્ર અને શિર્કથી પવિત્ર દિલ લઈને આવશે અને (તે દિવસે) અલ્લાહથી ડરનારા (એટલે કે ઈમાનવાળા મુત્તકીઓના) માટે જન્નત નિકટ કરી દેવામાં આવશે (કે તેને જુએ અને એ જાણી લે કે અમારે તેમાં જવાનું છે અને તેઓ

ખુશ થાય) અને તે માર્ગ ભટકેલાઓ (એટલે કે કાફિરો)ના માટે દોઝખ સામે જાહેર કરી દેવામાં આવશે (કે તેને જોઈને વધારે ગમ અને રંજ થાય કે અમારે આમાં જવાનું છે) અને (તે દિવસે) તેઓને (એટલે કે ગુમરાહોને) કહેવામાં આવશે કે તે મઅ્બૂદ ક્યાં ગયા જેમની તમે અલ્લાહને છોડીને ઈબાદત કર્યા કરતા હતા ? (આ સમયે શું) તેઓ તમારો સાથ આપી શકે છે અથવા પોતાનો જ બચાવ કરી શકે છે ? પછી (એવું કહીને) તે (ઈબાદત કરનારા) અને ગુમરાહ લોકો તથા ઈબ્લીસનું લશ્કર બધાને જ દોઝખમાં ઊંધા મોઢે નાંખી દેવામાં આવશે (બસ તે મૂર્તિઓ અને શયતાનો ન તો પોતાને બચાવી શક્યા અને ન જ પોતાના પૂજનારાઓને), તે કાફિરો દોઝખમાં વાતચીત કરતા (આ જૂઠા મઅ્બૂદોને) કહેશે કે અલ્લાહની કસમ ! બેશક અમે ઉઘાડી ગુમરાહીમાં હતા જ્યારે કે તમને (ઈબાદતમાં) રબ્બુલ આલમીનની સમકક્ષ કરતા હતા અને અમને તો બસ તે મોટા અપરાધીઓએ (કે જે ગુમરાહીના ઠેકેદાર હતા) ગુમરાહ કર્યા, બસ (હવે) ન કોઈ અમારો સિફારસી છે (કે અમને છોડાવી લે) અને ન જ કોઈ નિખાલસ મિત્ર (કે માત્ર દિલાસો પણ આપે), બસ કેવું સારું થાત કે અમને (દુનિયામાં) ફરી પાછા જવાનું મળે તો અમે મુસલમાન થઈ જઈએ, (આટલે સુધી હઝરત ઈબ્રાહીમ અલૈ.નું પ્રવચન થઈ ગયું, આગળ અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે) બેશક ! આ ઘટના (હઝરત ઈબ્રાહીમ અલૈ.ના મુનાજરાની વળી કયામતની ઘટનાઓ)માં (પણ સત્યના ઈચ્છુકો અને પરિણામ સુધી પહોંચનારાઓ માટે) એક બોધપાઠ છે (કે મુનાજરાના વિષયોમાં વિચાર કરીને તવહીદનો વિશ્વાસ કરે અને કયામતની ઘટનાઓથી ડરે અને ઈમાન લઈ આવે) અને (આમ છતાં) એ (મક્કાના મુશ્રિકો)માં ઘણા લોકો ઈમાન નથી લાવતા, બેશક ! તમારો પરવરદિગાર જબરદસ્ત હિકમતવાળો છે (કે અઝાબ આપી શકે છે પરંતુ મહોલત આપી રાખી છે).

મસ્અલા અને બોધપાઠ :

કયામત સુધી માનવોમાં ભલાઈનું વર્ણન રાખવાની દુઆ :

وَاجْعَلْ لِّىْ لِسَانَ صِدْقٍ فِى الْاٰخِرِيْنَ આ આયત મુબારકમાં لِسَانُ (લિસાન)નો ભાવાર્થ વર્ણન છે અને فِــــــى (ફી)નો لَامْ (લામ) નફા માટે છે.

આયતનો ભાવાર્થ એ થયો કે હે બારીતઆલા ! મને એવો પસંદ કરવામાં આવેલ તરીકો અને ઉમદા નિશાનીઓ અર્પણ કર જેની બીજા લોકો કયામત સુધી પેરવી કરે અને મને ભલાઈના વર્ણન અને ઉમદા લક્ષણથી યાદ કર્યા કરે. (ઈબ્ને કષીર અને રૂહુલ મઆની) અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આ દુઆ કબૂલ કરી. યહૂદીઓ, નસારા અને મક્કાના મુશ્રિકો સુદ્ધાં ઈબ્રાહીમ (અલૈ.) સાથે મહોબ્બત અને લાગણી ધરાવે છે અને પોતાનો સંબંધ તેમના તરફ જોડે છે, જો કે તેમનો તરીકો મિલ્લતે ઈબ્રાહીમી (અલૈ.)થી વિરુદ્ધ કુફ્ર અને શિર્ક છે પરંતુ તેઓ એ જ દા'વો કરે છે કે અમે મિલ્લતે ઈબ્રાહીમી ઉપર છે અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ તો દેખીતી રીતે મિલ્લતે ઈબ્રાહીમી (અલૈ.) ઉપર હોવાને પોતાના માટે ગર્વની બાબત સમજે છે.

હોદ્દા અથવા સન્માનનીય થવાની (મોટા બનવાની) તમન્ના ટીકાપાત્ર છે પરંતુ અમુક શરતો સાથે જાઇઝ છે :

સન્માનનીય થવાની (મોટા બનવાની) ઈચ્છા એટલે કે લોકો દ્વારા પોતાની ઈજ્જત અને વખાણ કરવાની તમન્ના શરઈ રીતે ટીકાપાત્ર છે. કુર્આને કરીમે આખિરતના ઘરની નેઅ્મતોને હોદ્દાની મહોબ્બત છોડવા ઉપર અવલંબિત ઠરાવી છે. قَالَ تَعَالٰى تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عَلُوًّا فِى الْاَرْضِ وَلَا فَسَادًا આ સ્થળે આયત وَاجْعَلْ لِّىْ لِسَانَ صِدْقٍ فِى الْاٰخِرِيْنَ માં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આ દુઆ કે આવનાર પેઢીઓમાં મારા વખાણ અને તારીફ થયા કરે; દેખીતી રીતે આ મોટા થવાની તમન્નામાં સામેલ જણાય છે પરંતુ આયતના શબ્દોમાં વિચાર કરવામાં આવે તો જાણ થશે કે આ આયતનો મૂળ હેતુ મોટા બનવાનો આશય બિલકુલ નથી બલકે અલ્લાહ તઆલા પાસે એ બાબતની દુઆ છે કે એવા નેક અમલોની તવફીક બખ્શે જે મારી આખિરતનો સામાન બને અને તેને જોઈને અન્ય લોકોમાં પણ નેક કર્મોનું આકર્ષણ જન્મે અને મારા પછી પણ લોકો નેક અમલોમાં મારું અનુસરણ કરતા રહે. એનો ખુલાસો એ છે કે તેનાથી કોઈ મોટા બનવાની ઈચ્છાનો અથવા હોદ્દાનો લાભ પ્રાપ્ત કરવાનો હેતુ નથી કે જેને સન્માનનીય અને મોટા બનવાની મહોબ્બત કે તમન્ના કહી શકાય. કુર્આન અને હદીષમાં જ્યાં મોટા બનવાની ઈચ્છાની મનાઈ થઈ છે અને તેને

ટીકાપાત્ર ઠરાવ્યું છે તેનો ભાવાર્થ તે જ દુનિયાની નામના, દેખાડો અને તેનાથી દુનિયાના લાભો પ્રાપ્ત કરવા છે.

ઈમામ તિરમિઝી અને નસઈએ હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)ની રિવાયતથી વર્ણન કર્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, બે ભૂખા વરૂઓ જે બકરીઓના ટોળામાં છોડી દેવામાં આવે તો તે બકરીઓના ટોળાને એટલું નુકસાન નથી પહોંચાડતા જેટલી બે આદતો મનુષ્યના દીનને નુકસાન પહોંચાડે છે, એક માલની મહોબ્બત અને બીજું પોતાની ઈજ્જત અને નામનાની તલબ. (રવાહુ તબરાની અન અબી સઈદ ખુદરી રદિ. વલ બઝાર અન અબી હુરયરહ રદિ.) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી ઝઈફ સનદ દ્વારા વયલમીએ આ રિવાયત નકલ કરી છે કે નામના અને વખાણ થાય તે પ્રિય હોવું મનુષ્યને આંધળો અને બહેરો કરી મૂકે છે. આ બધી જ રિવાયતોથી ભાવાર્થ તે નામના અને વખાણની તમન્ના અને પ્રિયતા છે જે દુનિયવી હેતુઓ માટે ઈચ્છનીય હોય અથવા જેના માટે દીનમાં કોઈ બાંધછોડ અથવા કોઈ ગુનાહ આચરવો પડે અને જ્યારે આ સ્વરૂપ ન હોય તો સન્માનનીય થવાની ઈચ્છા નીંદનીય નથી. હદીષમાં પોતે રસૂલે કરીમ ﷺથી આ દુઆ નકલ થઈ છે, اَللّٰهُمَّ اجْعَلْنِىْ فِىْ عَيْنِىْ صَغِيْرًا وَّفِىْ اَعْيُنِ النَّاسِ كَبِيْرًا એટલે કે, યા અલ્લાહ ! મને પોતે પોતાની દષ્ટિમાં નાનો અને તુચ્છ બનાવ અને લોકોની નજરોમાં મોટો બનાવ. અત્રે પણ લોકોની નજરોમાં મોટા બનવાનો મકસદ એ છે કે લોકો નેક અમલોમાં મારું અનુસરણ કરે, એટલા માટે ઈમામ માલિક (રહ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ વાસ્તવમાં ભલો અને નેક હોય, લોકોની નજરમાં નેક બનવા માટે રિયાકારી (દેખાડો) ન કરે તેના માટે લોકો તરફથી વખાણ અને તારીફની મહોબ્બત કરવી નીંદનીય નથી.

ઈબ્ને અરબી (રહ.)એ ફરમાવ્યું કે પ્રસ્તુત આયતથી સાબિત થયું કે જે નેક અમલથી લોકોમાં વખાણ થતા હોય તે નેક અમલની તલબ અને ઈચ્છા જાઈઝ છે તથા ઈમામ ગઝાલી (રહ.)એ ફરમાવ્યું કે દુનિયામાં ઈજ્જત અને સન્માનની મહોબ્બત ત્રણ શરતો સાથે જાઈઝ છે, પ્રથમ એ કે તેનો હેતુ પોતાને મોટો બનાવવો અને તેના મુકાબલામાં અન્યોને નાના અથવા તુચ્છ ઠરાવવાનો ન હોય બલકે આખિરતના લાભ માટે હોય કે લોકો મારું અનુસરણ કરીને નેક અમલોમાં મારી તા'બેદારી કરશે, બીજું એ કે જૂઠા વખાણ કરાવવાનો હેતુ ન હોય

કે જે લક્ષણ પોતાનામાં નથી લોકો પાસે એવી ઈચ્છા રાખે કે તે આ લક્ષણમાં તેના વખાણ કરે, ત્રીજું એ કે તેને પ્રાપ્ત કરવા માટે કોઈ ગુનાહ અથવા દીનની બાબતોમાં બાંધછોડ ન અપનાવવી પડે.

મુશ્રિકો માટે મગફિરત (મા'ફી)ની દુઆ કરવી જાઇઝ નથી :

وَاغْفِرْ لِاَبِیْ اِنَّهٗ كَانَ مِنَ الضَّآلِّیْنَ કુર્આન મજીદના આ ફરમાન પછી કે مَا كَانَ لِلنَّبِیِّ وَالَّذِیْنَ اٰمَنُوْا اَنْ یَّسْتَغْفِرُوْا لِلْمُشْرِكِیْنَ وَلَوْ كَانُوْٓا اُولِیْ قُرْبٰی مِنْۢ بَعْدِ مَا تَبَیَّنَ لَهُمْ اَنَّهُمْ اَصْحٰبُ الْجَحِیْمِ હવે કોઈ એવા વ્યક્તિ માટે જેનું કુફ્ર ઉપર મરવું નિશ્ચિત હોય ઈસ્તિગફાર (મા'ફી)ની દુઆની માંગણી કરવી નાજાઈઝ અને હરામ છે, કારણ કે પ્રસ્તુત આયતનો તરજુમો એ છે કે કોઈ નબી અથવા ઈમાન ધરાવનારાઓ માટે એ કદાપિ જાઈઝ નથી કે તેઓ મુશ્રિકો માટે મા'ફીની દરખાસ્ત કરે, ભલે તે પોતાના સગાં વહાલાં અથવા નજીકના જ કેમ ન હોય જ્યારે કે તેમનું જહન્નમી હોવું બિલકુલ સ્પષ્ટ થઈ ચૂક્યું છે.

એક સવાલ અને જવાબ :

હવે અત્રે એક પ્રશ્ન આ પેદા થાય છે કે આ મનાઈ અને ઈન્કાર પછી પણ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના મુશ્રિક પિતા માટે કેમ મગફિરતની દુઆ માંગી ? તેનો જવાબ પોતે અલ્લાહ રબ્બુલ ઈજ્જતે કુર્આન મજીદમાં આપી દીધો છે, وَمَا كَانَ اسْتِغْفَارُ اِبْرٰهِیْمَ لِاَبِیْهِ اِلَّا عَنْ مَّوْعِدَةٍ وَّعَدَهَآ اِیَّاهُ ۚ فَلَمَّا تَبَیَّنَ لَهٗٓ اَنَّهٗ عَدُوٌّ لِّلّٰهِ تَبَرَّاَ مِنْهُ ؕ اِنَّ اِبْرٰهِیْمَ لَاَوَّاهٌ حَلِیْمٌ (توبة)

જવાબનો ખુલાસો એ છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના બાપ માટે તેમની જિંદગીમાં મા'ફી એ નિય્યતે અને વિચારે માંગી હતી કે અલ્લાહ રબ્બુલ ઈજ્જત તેને ઈમાન લાવવાની તવફીક આપે, જેના પછી મગફિરત નિશ્ચિત છે અથવા હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું એવું અનુમાન હતું કે મારા પિતા ગુપ્ત રીતે ઈમાન લઈ આવ્યા છે, જો કે તેની જાહેરાત અને એ'લાન ન કર્યું પરંતુ જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને જાણ થઈ ગઈ કે મારો બાપ તો કુફ્ર ઉપર મર્યો છે તો તેમણે પોતાના સંપૂર્ણ અલગાવ અને જુદાઈની જાહેરાત કરી.

ખુલાસો :

આ વાતની તહકીક કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને પોતાના પિતાના કુફ્ર

અને શિર્કની પોતાના બાપના જીવનમાં જ જાણ થઈ ગઈ હતી અથવા મર્યા પછી અથવા કયામતના દિવસે થશે તેની સંપૂર્ણ વિગત સૂરએ તવબહમાં આવેલ છે.

يَوْمَ لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ ۝ اِلَّا مَنْ اَتَى اللّٰهَ بِقَلْبٍ سَلِيْمٍ ۝

એટલે કે કયામતના તે દિવસોમાં જેમાં ન તો કોઈ માલ કોઈને લાભ આપશે અને ન જ તેની પોતાની અવલાદ તે વ્યક્તિ સિવાય કે જે અલ્લાહ તઆલાની પાસે પવિત્ર હૃદય લઈને પહોંચે. આ આયતની તફસીર અમુક લોકોએ اِسْتِثْنَاءٌ (અપવાદ)ને اِسْتِثْنَاءِ مُنْقَطِعٍ (ઈસ્તિષ્નાએ મુન્કતેઅ્) ઠરાવીને એ કરી છે કે તે દિવસે કોઈને ન તો તેનો માલ કામ આવશે અને ન જ અવલાદ. હા ! કામ આવશે તો માત્ર પોતાનું قَلْبِ سَلِيْمٌ (કલ્બે સલીમ) "પવિત્ર હૃદય" કે જેમાં શિર્ક અને કુફ્ર નહીં હોય અને આ વાક્યનું ઉદાહરણ એવું થશે જેમકે કોઈ વ્યક્તિ ફલાણા વિશે કોઈને પૂછે કે શું ફલાણાની પાસે માલ અને અવલાદ પણ છે? તે તેને જવાબમાં કહે, તેનો માલ અને અવલાદ તો તેનું પવિત્ર હૃદય છે, જેનો મતલબ એ થાય છે કે માલ અને અવલાદ તો કંઈ નથી પરંતુ તે સૌના બદલે તેની પાસે પોતાનું પવિત્ર હૃદય મોજૂદ છે. આયતના વિષયનો ખુલાસો આ વિવરણ આધારે એ થાય છે કે માલ અથવા અવલાદ તો તે દિવસે કંઈ જ કામ ન લાગશે, કામ લાગશે તો માત્ર પોતાનું ઈમાન અને નેક કર્મો જેને "કલ્બે સલીમ" (પવિત્ર હૃદય)થી ઓળખાવવામાં આવ્યું છે અને મશહૂર તફસીર મોટા ભાગના મુફસ્સિરો સમીપ એ છે કે આ اِسْتِثْنَاءِ مُتَّصِلٌ (ઈસ્તિષ્નાએ મુત્તસિલ) છે અને અર્થ એ છે કે માલ અને અવલાદ કયામતના દિવસે કોઈ વ્યક્તિને કામ ન આવશે માત્ર તે વ્યક્તિના કામ આવશે જેનું હૃદય પવિત્ર છે એટલે કે તે મો'મિન છે. તેનો ખુલાસો એ થયો કે આ બધી વસ્તુઓ કયામતમાં પણ લાભદાયક અને ફાયદાકારક બની શકે છે પરંતુ માત્ર મો'મિનો માટે લાભદાયક બનશે, કાફિરોને કંઈ જ લાભ આપશે નહીં. અત્રે એક વાત ધ્યાનપાત્ર એ છે કે આ સ્થળે કુર્આને કરીમે وَلَا بَنُوْنَ (વલા બનૂન) ફરમાવ્યું જેનો અર્થ "પુરુષ અવલાદ" થાય છે. સામાન્ય અવલાદનું વર્ણન લગભગ એટલા માટે નથી કર્યું કે ખરા વખતે કામ લાગવાની આશા દુનિયામાં પણ પુરુષ અવલાદ એટલે કે પુત્રો પાસેથી જ હોઈ શકે છે, પુત્રીઓ દ્વારા કોઈ મુસીબતના વખતે અહીંયાં મદદ મળવાની સંભાવના તો

ક્યારેક જ હોય છે એટલા માટે કયામતમાં ખાસ કરીને પુત્રોનું લાભદાયક ન હોવાનું વર્ણન કરવામાં આવ્યું જેમનાથી દુનિયામાં લાભની આશા રાખવામાં આવતી હતી.

બીજી વાત એ છે કે قَلْبٍ سَلِيْمٍ (કલ્બે સલીમ)નો શાબ્દિક અર્થ "સ્વસ્થ હૃદય" છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે તેનો ભાવાર્થ તે દિલ છે જે કલિમએ તવહીદની ગવાહી આપે અને શિર્કથી પાક હોય. આ જ વિષય મુજાહિદ અને હસન બસરી અને સઈદ બિન મુશય્યબ (રહ.)થી વિવિધ વિષયો હેઠળ નકલ થયો છે. સઈદ બિન મુશય્યબ (રહ.)એ ફરમાવ્યું કે સ્વસ્થ દિલ માત્ર મો'મિનનું જ હોઈ શકે છે, કાફિરનું દિલ બીમાર હોય છે જેમકે કુર્આને કરીમનો ઈરશાદ છે, فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ "તેમના દિલોમાં બીમારી છે." (૨:૧૦)

માલ અને અવલાદ તથા કૌટુંબિક સંબંધો આખિરતમાં પણ ઈમાનની શરત સાથે લાભ પહોંચાડી શકે છે :

પ્રસ્તુત આયતની પ્રખ્યાત તફસીર પ્રમાણે જાણ થઈ કે મનુષ્યનો માલ કયામતના દિવસે પણ તેના કામ આવી શકે છે એ શરતે કે તે મુસલમાન હોય. તેનું સ્વરૂપ એ છે કે જે વ્યક્તિએ દુનિયામાં પોતાનો માલ અલ્લાહના માર્ગ અને નેક કાર્યોમાં ખર્ચ કર્યો હતો અથવા કોઈ સદ્કએ જારિયહ કરીને છોડયો હતો અને જો તેનો અંત ઈમાન ઉપર થાય, મહશરમાં મો'મિનોની યાદીમાં સામેલ થાય તો અહીંયાંનો ખર્ચ કરેલો માલ અને સદકએ જારિયહનો સવાબ તેને હશ્રના મેદાન અને ત્રાજવાના હિસાબમાં પણ કામ આવશે અને જો એ વ્યક્તિ મુસલાન ન હતો અથવા અલ્લાહ ન ચાહે મોત પહેલાં ઈમાનથી નીકળી ગયો તો હવે દુનિયામાં કરેલો કોઈ નેક અમલ તેના કામ આવશે નહીં અને અવલાદનો પણ આ જ મા'મલો છે કે જો આ વ્યક્તિ મુસલમાન છે તો આખિરતમાં પણ તેને અવલાદનો લાભ પહોંચી શકે છે, એ જ પ્રમાણે કે તેના પછી તેની અવલાદ તેના માટે મા'ફીની દુઆ કરે અથવા તેને સવાબ પહોંચાડતી રહે અને એ પ્રમાણે પણ કે તેની અવલાદને નેક બનાવવાનો પ્રયત્ન કર્યો હતો એટલા માટે તેમના નેક કાર્યોનો સવાબ તેને પણ આપોઆપ મળતો રહે અને તેના નામએ આ'માલમાં લખાતો રહે અને એ પ્રમાણે પણ કે મહશરમાં તેની અવલાદ તેની સિફારસ કરીને તેને

મા'ફ કરાવે જેમકે હદીષની અમુક રિવાયતોમાં આવી સિફારસ કરવાનું અને તેના સ્વીકાર થવાનું સાબિત છે, ખાસ કરીને નાબાલિગ (અપુખ્ત) અવલાદના વિશે. એ જ પ્રમાણે અવલાદને માં બાપથી પણ આખિરતમાં ઈમાનની શરતે એ લાભ પહોંચશે કે જો તે મુસલમાન થયો પરંતુ તેના નેક અમલો માં બાપના દરજ્જાએ નથી પહોંચ્યા તો અલ્લાહ તઆલા તેમના બાપદાદાની રિઆયત કરીને તેમને પણ એ જ ઉચ્ચ સ્થાનોમાં પહોંચાડી આપશે જે તેમના બાપદાદાનું સ્થાન છે. કુર્આને કરીમમાં તેનો ખુલાસો આ પ્રમાણે ઉપસ્થિત છે. وَاَلْحَقْنَابِهِمْ ذُرِّيَّتَهُمْ એટલે કે, અમને તારા નેક બંદાઓની સાથે ભેગા કરી દે અને તેમના વંશને પણ. આ આયતની પ્રસ્તુત અને પ્રખ્યાત તફસીરથી જાણ થઈ કે કુર્આન અને હદીષમાં જ્યાં કંઈ એ પ્રસ્તુત છે કે કયામતમાં કૌટુંબિક સંબંધો કંઈ જ કામ ન લાગશે તેનો ભાવાર્થ એ છે કે તે ગેરમો'મિનને કામ ન લાગશે, એટલે સુધી કે પયગમ્બરની અવલાદ અને પત્ની પણ જો મો'મિન નથી તો તેમની પયગમ્બરીથી તેમને કયામતમાં કોઈ લાભ નહીં પહોંચે, જેમકે હઝરત નૂહ (અલૈ.)ના પુત્ર અને હઝરત લૂત (અલૈ.)ની પત્ની અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પિતા વિશે. કુર્આનમાં ઈરશાદ છે يَوْمَ يَفِرُّ الْمَرْءُ مِنْ اَخِيْهِ وَاُمِّهٖ وَاَبِيْهِ અને اِذَا نُفِخَ فِى الصُّوْرِ فَلَآ اَنْسَابَ بَيْنَهُمْ અને لَا يَجْزِىْ وَالِدٌ عَنْ وَّلَدِهٖ આ બધી આયતોનો આ જ ભાવાર્થ હોઈ શકે છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૧૦૫ થી ૧૨૨)

كَذَّبَتْ قَوْمُ نُوْحِ ۨالْمُرْسَلِيْنَ ﴿١٠٥﴾ اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ نُوْحٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٠٦﴾
اِنِّىْ لَكُمْ رَسُوْلٌ اَمِيْنٌ ﴿١٠٧﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١٠٨﴾ وَمَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ
اَجْرٍ ۚ اِنْ اَجْرِىَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٠٩﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١١٠﴾
قَالُوْٓا اَنُؤْمِنُ لَكَ وَاتَّبَعَكَ الْاَرْذَلُوْنَ ﴿١١١﴾ قَالَ وَمَا عِلْمِىْ بِمَا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿١١٢﴾ اِنْ حِسَابُهُمْ اِلَّا عَلٰى رَبِّىْ لَوْ تَشْعُرُوْنَ ﴿١١٣﴾ وَمَآ اَنَا بِطَارِدِ الْمُؤْمِنِيْنَ ﴿١١٤﴾
اِنْ اَنَا اِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿١١٥﴾ قَالُوْا لَئِنْ لَّمْ تَنْتَهِ يٰنُوْحُ لَتَكُوْنَنَّ مِنَ الْمَرْجُوْمِيْنَ ﴿١١٦﴾

قَالَ رَبِّ إِنَّ قَوْمِي كَذَّبُونِ ﴿١١٧﴾ فَافْتَحْ بَيْنِي وَبَيْنَهُمْ فَتْحًا وَنَجِّنِي وَمَن
مَّعِيَ مِنَ الْمُؤْمِنِينَ ﴿١١٨﴾ فَأَنجَيْنَاهُ وَمَن مَّعَهُ فِي الْفُلْكِ الْمَشْحُونِ ﴿١١٩﴾
ثُمَّ أَغْرَقْنَا بَعْدُ الْبَاقِينَ ﴿١٢٠﴾ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً ۖ وَمَا كَانَ أَكْثَرُهُم
مُّؤْمِنِينَ ﴿١٢١﴾ وَإِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ ﴿١٢٢﴾

તરજુમો :

નૂહ (અલૈ.)ની કોમે રસૂલો (સંદેશાવાહકો)ને જૂઠાડયા. (૧૦૫) જ્યારે તેમને તેમના ભાઈ નૂહ (અલૈ.)એ કહ્યું, શું તમને ડર નથી ? (૧૦૬) હું તમારા માટે ભરોસાપાત્ર સંદેશ લાવનારો (પ્રામાણિક રસૂલ) છું. (૧૦૭) બસ અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૧૦૮) અને હું તમારી પાસેથી તેના ઉપર કોઈ બદલો નથી માંગતો, મારો બદલો તે જ કુલ વિશ્વના પરવરદિગાર ઉપર છે. (૧૦૯) બસ, અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૧૧૦) તેઓ બોલ્યા, શું અમે તને માની લઈએ ! અને તારી સાથે (તો) નીચ લોકો થઈ રહ્યા છે ! (૧૧૧) (નૂહ અલૈ.એ) કહ્યું, મારે શું જાણવું છે તેનું; જે કામ તેઓ કરી રહ્યા છે. (૧૧૨) તેમનો હિસાબ પૂછવો મારા પરવરદિગારનું જ કામ છે જો તમે સમજ ધરાવતા હોય. (૧૧૩) અને હું ઈમાન લાવનારાઓને કાઢી મૂકનારો નથી. (૧૧૪) હું તો બસ આ જ ડર સ્પષ્ટ રીતે સંભળાવી દેનારો છું. (૧૧૫) તેઓ બોલ્યા, હે નૂહ (અલૈ.) ! જો તું (આ વાત) છોડીશ નહીં તો અવશ્ય (તારો) સંગસાર કરી નાંખવામાં આવશે. (૧૧૬) (નૂહ અલૈ.એ) કહ્યું, હે મારા પરવરદિગાર ! મારી કોમે તો મને જૂઠાડયો. (૧૧૭) બસ ફૈસલો કરી આપ મારા અને તેમની વચ્ચે કોઈ રીતનો ફૈસલો અને મને બચાવી લે અને જેઓ મારી સાથે ઈમાનવાળાઓ છે. (૧૧૮) પછી અમે તેને અને જે તેની સાથે હતા બચાવી લીધા તે લદાયેલા વહાણમાં. (૧૧૯) પછી અમે તેની પાછળ બાકી રહેલાઓને ડૂબાડી દીધા. (૧૨૦) બેશક ! આ વાતમાં નિશાની છે અને તેમનામાંથી ઘણા લોકો ઈમાન લાવનારા નથી. (૧૨૧) અને તારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમવાળો (મહાદયાળુ). (૧૨૨)

તફસીર :

નૂહ (અલૈ.)ની કોમે પયગમ્બરોને જુઠાડયા (કારણ કે એક પયગમ્બરને જૂઠાડવાથી બધા પયગમ્બરોને જૂઠાડવું ગણાય છે) જયારે કે તેમને તેમના જ્ઞાતિભાઈ નૂહ (અલૈ.)એ કહ્યું કે શું તમે (અલ્લાહથી) નથી ડરતા ? હું તમારો પ્રમાણિક પયગમ્બર છું ? (કે અલ્લાહનો સંદેશ જેમનો તેમ કોઈપણ પ્રકારનું ઓછું વત્તું કર્યા સિવાય પહોંચાડી આપું છું) બસ, (તેનો તકાદો એ છે કે) તમે લોકો અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો અને (વળી) તમારી પાસેથી કોઈ (દુનિયવી) બદલો (પણ) નથી માંગતો, મારો બદલો તો બસ કુલ વિશ્વના પરવરદિગારના માથે છે, બસ (મારી આ નિસ્વાર્થતાનો તકાદો પણ એ જ છે કે) તમે અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો, તે લોકો કહેવા લાગ્યા કે શું અમે તને માનીશું જયારે કે નીચ લોકો તમારી સાથે થઈ ગયા છે ? (જેમની સાથે સમાનતાથી ઉચ્ચ લોકોને અવરોધ નડે છે અને વળી મોટા ભાગના એવા કમહિમ્મત લોકોનો મકસદ કોઈની સાથે લાગવાથી કંઈક માલ અથવા સન્માન પ્રાપ્ત કરવાનો હોય છે તેમનો ઈમાનનો દા'વો પણ ભરોસાપાત્ર નથી) નૂહ (અલૈ.)એ ફરમાવ્યું કે તેમના (ધંધાના) કામથી મારે કોઈ વિવાદ નથી (ભલે તેઓ ઉચ્ચ હોય અથવા હલ્કા હોય દીનમાં આ તફાવતનો કોઈ અસર નથી રહ્યો, એ સંભાવના કે તેમનું ઈમાન દિલથી નથી તો બસ તેના ઉપર) તેમનો હિસાબ કિતાબ લેવો બસ અલ્લાહનું કામ છે, ઘણું સારું થાય કે તમે તેને સમજો અને (હલ્કા ધંધાના લોકોને પોતાના ઈમાન લાવવાના અવરોધ સ્વરૂપ ન ઠરાવો, આ ઈશારાથી એ દરખાસ્ત નીકળે છે કે હું તેમને પોતાની પાસેથી દૂર કરું તો) હું ઈમાન ધરાવનારાઓને દૂર કરનારો નથી (ભલે તમે ઈમાન લાવો અથવા ન લાવો મને કોઈ નુકસાન નથી, કારણ કે) હું તો સ્પષ્ટ રીતે એક ડરાવનારો છું (અને તબ્લીગથી મારા આ હોદ્દાની ફરજ પૂર્ણ થઈ જાય છે, આગળ પોતાનો લાભ અને નુકસાન તમે લોકો જોઈ લો) તે લોકો કહેવા લાગ્યા, જો તમે (આ કહેવા સાંભળવાથી) હે નૂહ (અલૈ.) ! પાછા ન ફર્યા તો અવશ્ય સંગસાર કરી નાંખવામાં આવશો, (મતલબ કે જયારે વર્ષોના વર્ષો આ જ પ્રમાણે પસાર થઈ ગયા ત્યારે) નૂહ (અલૈ.)એ દુઆ કરી કે હે મારા પરવરદિગાર ! મારી કોમ મને (બરાબર) જૂઠાડતી રહી છે, બસ તું મારા અને તેમના વચ્ચે એક (અમલી)

ફેંસલો કરી આપ (એટલે કે તેમનો નાશ કર) અને મને અને જે ઈમાન ધરાવનારાઓ મારી સાથે છે તેમને (આ સર્વનાશથી) છુટકારો આપ તો અમે (તેમની દુઆ કબૂલ કરી અને) તેમને અને જે તેમની સાથે લદાયેલા વહાણમાં (સવાર) હતા તેમને છુટકારો આપ્યો, પછી ત્યારબાદ અમે બાકી લોકોને ડૂબાડી દીધા, આ (ઘટના)માં (પણ) ઘણો મોટો બોધપાઠ છે અને (તે છતાં) આ (મક્કાના કાફિરો)માંથી ઘણા લોકો ઈમાન નથી લાવતા, બેશક ! તમારો પરવરદિગાર જબરદસ્ત (અને) મહેરબાન છે (કે અઝાબ આપવા શક્તિ ધરાવતો હોવા છતાં તેમને મહોલત આપી છે).

મસ્અલા અને બોધપાઠ :

આજ્ઞાપાલન ઉપર વળતર લેવાનો હુકમ :

وَمَآ اَسْـَٔـلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ આ આયતથી જાણ થાય છે કે તા'લીમ અને તબ્લીગ ઉપર વળતર લેવું દુરુસ્ત નથી, એટલા માટે પુરોગામી બુઝૂર્ગોએ વળતર લેવાને હરામ કહ્યું છે પરંતુ પાછળના લોકોએ તેને મજબૂરીની હાલતમાં જાઇઝ ઠરાવ્યું છે. તેની સંપૂર્ણ વિગત આ આયત لَا تَشْتَرُوْا بِاٰيٰتِىْ ثَمَنًا قَلِيْلًا હેઠળ વર્ણન થઈ ચૂકી છે. આ સ્થળે فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِની આયત બે વખતે તાકીદ માટે એવું બતાવવા માટે લાવવામાં આવી છે કે રસૂલનું આજ્ઞાપાલન અને અલ્લાહ તઆલાથી ડરવા માટે માત્ર રસૂલની પ્રમાણિકતા, નિષ્ઠા અથવા ફક્ત પ્રચાર અને શિક્ષણ ઉપર વળતરની માંગણી ન કરવી જ પૂરતું હતું પરંતુ જ્યારે રસૂલમાં આ બધી સિફતો અને લક્ષણો જોવામાં આવે તો તેમની આજ્ઞાનું પાલન કરવું અને અલ્લાહ તઆલાથી ડરવું તો વધારે આવશ્યક બની જાય છે.

ઉચ્ચતા અથવા નીચતા અમલો અને અખ્લાકથી છે, ન કે કુટુંબ અને સન્માન કે જ્ઞાતિથી :

قَالُوْٓا اَنُؤْمِنُ لَكَ وَاتَّبَعَكَ الْاَرْذَلُوْنَ ۝ قَالَ وَمَا عِلْمِىْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ۝

આ આયતમાં પ્રથમ મુશ્રિકોનું આ નિવેદન નકલ કર્યું છે કે તેમણે હઝરત નૂહ (અલૈ.) ઉપર ઈમાન લાવવાથી ઈન્કારનું કારણ એ વર્ણન કર્યું કે તમારા માનનારા બધા જ હલકા લોકો છે, અમે ઈજ્જતદાર અને શરીફ લોકો તેમનામાં

કેવી રીતે ભળી જઈએ ? હઝરત નૂહ (અલૈ.)એ જવાબમાં ફરમાવ્યું કે મને તેમના અમલોની પરિસ્થિતિની જાણ નથી. તેમાં ઈશારો કર્યો કે તમે લોકો જે વંશની ઉચ્ચતા અથવા માલ અથવા દોલત તથા ઈજ્જત અને આબરૂને શરાફતનો પાયો સમજો છો તે ખોટું છે, બલકે ઈજ્જત અને ઝિલ્લત તથા ઉચ્ચતા અથવા નીચતાનો પાયો વાસ્તવમાં કર્મો અને નૈતિકતા ઉપર છે, તમે જેના ઉપર એ હુકમ લગાવી દીધો કે આ બધા નીચ લોકો છે એ તમારી અજ્ઞાનતા છે, કારણ કે અમે દરેક વ્યક્તિના કર્મોની હકીકતથી વાકેફ નથી એટલા માટે અમે કોઈ ફેંસલો નથી કરી શકતા કે વાસ્તવમાં કોણ ઉંચ છે અને કોણ નીચ છે. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૧૨૩ થી ૧૪૦)

كَذَّبَتْ عَادُ ۨالْمُرْسَلِيْنَ ﴿١٢٣﴾ اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ هُوْدٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٢٤﴾ اِنِّيْ
لَكُمْ رَسُوْلٌ اَمِيْنٌ ﴿١٢٥﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١٢٦﴾ وَمَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ
اِنْ اَجْرِيَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٢٧﴾ اَتَبْنُوْنَ بِكُلِّ رِيْعٍ اٰيَةً تَعْبَثُوْنَ ﴿١٢٨﴾
وَتَتَّخِذُوْنَ مَصَانِعَ لَعَلَّكُمْ تَخْلُدُوْنَ ﴿١٢٩﴾ وَاِذَا بَطَشْتُمْ بَطَشْتُمْ جَبَّارِيْنَ ﴿١٣٠﴾
فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١٣١﴾ وَاتَّقُوا الَّذِيْٓ اَمَدَّكُمْ بِمَا تَعْلَمُوْنَ ﴿١٣٢﴾ اَمَدَّكُمْ بِاَنْعَامٍ
وَّبَنِيْنَ ﴿١٣٣﴾ وَجَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿١٣٤﴾ اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٣٥﴾
قَالُوْا سَوَآءٌ عَلَيْنَآ اَوَعَظْتَ اَمْ لَمْ تَكُنْ مِّنَ الْوٰعِظِيْنَ ﴿١٣٦﴾ اِنْ هٰذَآ اِلَّا خُلُقُ الْاَوَّلِيْنَ ﴿١٣٧﴾
وَمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ﴿١٣٨﴾ فَكَذَّبُوْهُ فَاَهْلَكْنٰهُمْ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ۭ وَمَا كَانَ
اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣٩﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٤٠﴾

તરજુમો :

(કોમે) આદે રસૂલોને જૂઠાડયા. (૧૨૩) જ્યારે તેમને તેમના ભાઈ હૂદે કહ્યું, શું તમને (અલ્લાહનો) ડર નથી ? (૧૨૪) હું તમારી પાસે સંદેશો લાવનાર

ભરોસાપાત્ર (રસૂલ) છું. (૧૨૫) બસ, અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૧૨૬) અને હું તમારી પાસે તેના ઉપર કોઈ વળતર નથી માંગતો, મારું વળતર છે તે જ કુલ વિશ્વના પરવરદિગાર ઉપર. (૧૨૭) શું દરેક ઊંચી જમીન ઉપર રમત સ્વરૂપે એક નિશાન (યાદગાર ઈમારત) બનાવો છો ? (૧૨૮) અને (એવી) કારીગીરીઓ કરો છો (કે) જાણે તમે હંમેશા રહેવાના છો ? (૧૨૯) અને જ્યારે હાથ નાંખો છો (પકડ કરો છો) તો જુલમથી પંજા મારો છો ? (૧૩૦) બસ અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૩૧) અને તેનાથી ડરો જેણે તમને તે વસ્તુઓ પહોંચાડી જે તમે જાણો છો. (૩૨) તમને ચોપગા (જાનવરો) પહોંચાડયા અને પુત્રો (સંતાનો). (૧૩૩) અને બગીચા અને ઝરણા. (૧૩૪) હું તમારા ઉપર એક મોટા દિવસની આફતથી ડરું છું. (૧૩૫) તેઓ બોલ્યા, અમારા માટે સરખું છે તું નસીહત કરે અથવા તું નસીહત કરનાર ન બને. (૧૩૬) અને આ વાતો કંઈ નથી ! આગલા લોકોની ટેવો (માત્ર) છે ! (૧૩૭) અને અમારા ઉપર આફત આવવાની નથી. (૧૩૮) પછી તેને જૂઠાડવા લાગ્યા તો અમે તેમનો નાશ કરી નાંખ્યો, બેશક આ વાતમાં નિશાની છે અને તેમનામાં ઘણા લોકો ઈમાન લાવનારા નથી. (૧૩૯) અને તારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમવાળો (મહાદયાળુ). (૧૪૦)

તફસીર :

કોમે આદે પયગમ્બરોને જૂઠાડયા જ્યારે કે તેમને તેમના (જ્ઞાતિના) ભાઈ હૂદ (અલૈ.)એ કહ્યું કે શું તમે (અલ્લાહ તઆલાથી) ડરતા નથી ? હું તમારો પ્રામાણિક પયગમ્બર છું, બસ તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞાનું પાલન કરો અને હું તમારી પાસેથી આ (તબ્લીગ-પ્રચાર) ઉપર કોઈ વળતર નથી માંગતો, બસ મારું વળતર તો કુલ વિશ્વના પરવરદિગારના માથે છે, શું તમે (શિર્ક ઉપરાંત અભિમાન અને ગર્વમાં પણ એ કક્ષાએ પ્રવૃત્ત થયા છો કે) દરેક ઊંચા સ્થાન ઉપર એક યાદગાર (સ્વરૂપે ઈમારત) બનાવો છો ? (જેથી તે ખૂબ ઊંચી દેખાય) જેને માત્ર વ્યર્થ (વિના જરૂરતે) બનાવો છો અને (તે ઉપરાંત જે રહેવાના મકાનો છે જેની એક દરજ્જાએ જરૂરત પણ છે તેમાં પણ એ અતિશયોક્તિ કરો છો કે) મોટા મોટા મહેલ બનાવો છો (જ્યારે કે તેનાથી

ઓછામાં પણ આરામ મળી શકે છે) જેમકે દુનિયામાં તમારે હંમેશા રહેવાનું હોય (એટલે કે મકાનો એવા વિશાળ અને એવા ઊંચા મહેલો અને એવા મજબૂત અને એવી યાદગાર ઈમારતો તે સમયે યોગ્ય હતી જ્યારે કે દુનિયામાં હંમેશા રહેવાનું હોત તો એ કલ્પના હોત કે મોટા વિશાળ મકાનો બનાવો જેથી આવનાર પેઢીમાં તંગી ન રહે કારણ કે અમે પણ રહીશું અને તે પણ રહેશે અને ઊંચા પણ બનાવો જેથી નીચે જગ્યા ન રહે તો અહીંયાં રહેવા લાગે અને મજબૂત બનાવો જેથી અમારી લાંબી ઉંમર માટે પૂરતા રહે અને યાદગારો બનાવો જેથી અમારા જીવનપર્યંત અમારો ઉલ્લેખ જીવંત રહે અને હવે તો બધું વ્યર્થ છે, મોટી મોટી યાદગારો બની છે અને બનાવનારાના નામો સુદ્ધાં નથી, મોતે બધાનું નામ મિટાવી દીધું, કોઈનું જલ્દી અને કોઈનું મોડેથી) અને (આ અભિમાનના કારણે સ્વભાવમાં કઠોરતા અને નિર્દયતા એ દરજ્જાની રાખો છો કે) જ્યારે કોઈ ઉપર પકડ કરવા લાગો તો બિલકુલ અત્યાચારી (અને જાલિમ) બનીને પકડ કરો છો (અને આ બુરા અખ્લાકને એટલા માટે વર્ણન કરવામાં આવ્યા કે આ દુષ્ટ ટેવો મોટા ભાગે ઈમાન અને આજ્ઞાપાલનના માર્ગનો અવરોધ બનતી હોય છે) બસ, (કારણ કે શિર્ક અને પાછલી બુરી ટેવો અલ્લાહ તઆલાની નાખુશી અને અઝાબનું કારણ છે એટલા માટે) તમે અલ્લાહથી ડરો અને (કારણ કે હું રસૂલ છું એટલા માટે) મારી આજ્ઞાનું પાલન કરો અને તેનાથી (એટલે કે અલ્લાહ તઆલાથી) ડરો (એટલે કે જેનાથી ડરવાનું હું કહું છું તે એવો છે) જેણે તમારી તે વસ્તુઓથી સહાય કરી જેને તમે જાણો છો (એટલે કે) ચોપગા જાનવરો અને પુત્રો અને બગીચાઓ અને ઝરણાઓથી તમારી સહાય કરી (તો આ ઈનામનો તકાદો એ છે કે તેના હુકમનો બિલકુલ વિરોધ કરવામાં ન આવે), મને તમારા ઉપર (જો તમે આ પ્રવૃત્તિઓથી પાછા ન ફર્યા તો) એક ઘણા કઠોર દિવસના અઝાબનો સંદેહ છે (આ ચેતવણી છે અને .... أَمَدَّكُم بِأَنْعَامٍ માં બચવાની પ્રેરણા પણ હતી), તે લોકો બોલ્યા કે અમારા સમીપ તો બંને વાતો સરખી છે ભલે તમે નસીહત કરો અથવા નસીહત કરનાર ન બનો (એટલે કે અમે બંને પરિસ્થિતિઓમાં પોતાની પ્રવૃત્તિઓથી પાછા ફરવાના નથી અને તમે જે કંઈ કહી રહ્યા છો) એ તો બસ આગલા લોકોની એક (મા'મૂલી) આદત (છે અને રિવાજ) છે (કે દરેક યુગમાં લોકો નુબુવ્વતના દા'વેદાર થઈને લોકોને આવું જ કહેતા સંભળાવતા રહ્યા) અને

(તમે અમને અઝાબથી ડરાવો છો તો) અમને કદાપિ અઝાબ થશે નહીં, મતલબ કે તે લોકોએ હૂદ (અલૈ.)ને જુઠાડ્યા તો અમે તેમનો (સખત આંધીના અઝાબમાં) નાશ કર્યો, બેશક ! એ (ઘટના)માં (પણ) મોટી ઈબ્રત છે (કે હુકમોનો વિરોધ કરવાનું શું પરિણામ આવ્યું) અને તે ઉપરાંત તે (મક્કાના કાફિરો)માં ઘણા લોકો ઈમાન નથી લાવતા અને બેશક ! તમારો પરવરદિગાર જબરદસ્ત અને મહેરબાન છે (કે અઝાબ આપવા ઉપર શક્તિમાન છે પરંતુ દયાથી મહોલત પણ આપી રાખી છે).

મસ્અલા અને બોધપાઠ :

અમુક મુશ્કેલ શબ્દોની સ્પષ્ટતા :

اَتَبْنُوْنَ بِكُلِّ رِيْعٍ اٰيَةً تَعْبَثُوْنَ ○ وَتَتَّخِذُوْنَ مَصَانِعَ لَعَلَّكُمْ تَخْلُدُوْنَ○

ઈબ્ને જરીર (રહ.)એ હઝરત મુજાહિદ (રહ.)થી નકલ કર્યું છે કે, رِيْعٌ (રીઉન) બે પહાડ વચ્ચેના માર્ગને કહે છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી અને જમહૂરથી નકલ છે કે, رِيْع (રીઅ્) ઊંચા સ્થળોને કહેવામાં આવે છે અને એટલા માટે رِيْعُ النَّبَاتِ (રીઉલ નબાતિ) નીકળ્યું છે, એટલે કે વધનારી અને ચઢનારી વનસ્પતિ. اٰيَةً (આયતન) તેનો મૂળ અર્થ "નિશાની" છે. આ સ્થળે "ઊંચા મહેલો" ભાવાર્થ તરીકે છે. تَعْبَثُوْنَ (તઅ્બષૂન) એ عَبَث (અબષ)થી બને છે અને "અબષ" તેને કહે છે જેમાં ન તો વાસ્તવમાં કોઈ લાભ હોય અને ન જ પરોક્ષ રીતે. આ સ્થળે ભાવાર્થ એ થશે કે તેઓ વ્યર્થ અને લાભરહિત ઊંચા ઊંચા મહેલો બનાવતા હતા જેની તેમને કોઈ આવશ્યકતા ન હતી, માત્ર અભિમાન અને ગર્વના કારણે બનાવતા હતા مَصَانِعَ (મસાનિઅ્) એ مَصْنَع (મસ્નિઅ્)નું બહુવચન છે. હઝરત કતાદહ (રહ.)એ ફરમાવ્યું કે "મસાનિઅ્"થી પાણીના હોજ ભાવાર્થ તરીકે છે પરંતુ હઝરત મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે તેનાથી "મજબૂત મહેલ" ભાવાર્થ તરીકે છે. لَعَلَّكُمْ تَخْلُدُوْنَ (લઅલ્લકુમ તખ્લુદૂન) ઈમામ બુખારી (રહ.)એ સહીહ બુખારીમાં વર્ણન કર્યું છે કે આ આયતમાં لَعَلَّ એ تَشْبِيْه માટે છે અને હઝરત ઈબ્ને અબ્બાસ (રહ.)એ ફરમાવ્યું કે, كَاَنَّكُمْ تَخْلُدُوْنَ એટલે કે જાણે તમે તેમાં હંમેશા રહેશો. *(કમા ફિ રૂહ)*

વિના જરૂરતે ઇમારતો બનાવવી ટીકાપાત્ર છે :

આ આયતથી સાબિત થયું કે જરૂરત વિના મકાનો બનાવવા અને બાંધકામ કરવા શરઈ રીતે ખરાબ છે અને આ જ ભાવાર્થ છે તે હદીષનો જે ઈમામ તિરમિઝી (રહ.)એ હઝરત અનસ (રદિ.)થી રિવાયત કરી છે કે اَلنَّفَقَةُ كُلُّهَا فِیْ سَبِیْلِ اللّٰهِ اِلَّا الْبِنَاءُ فَلَا خَیْرَ فِیْهِ એટલે કે તે ઈમારતો જે જરૂરત કરતાં વધારે બનાવવામાં આવી હોય તેમાં કોઈ ભલાઈ કે બહેતરી નથી અને આ ભાવાર્થનું સમર્થન હઝરત અનસ (રદિ.)ની બીજી રિવાયતથી પણ થાય છે કે, اِنَّ كُلَّ بِنَاءٍ وَبَالٌ عَلٰی صَاحِبِهٖ اِلَّا مَا لَا اِلَّا مَا لَا بُدَّ مِنْهُ (ابوداؤد) એટલે કે, દરેક બાંધકામ એ બાંધકામ કરનાર માટે મુસીબત છે પરંતુ તે ઈમારત જે જરૂરી હોય તે વબાલ નથી. રૂહુલ મઆનીમાં ફરમાવ્યું કે સાચા હેતુ વિના ઊંચી ઊંચી ઈમારતો બનાવવી શરીઅતે મુહમ્મદિય્યહ ﷺમાં પણ ટીકાપાત્ર અને ખરાબ સમજવામાં આવે છે.

આયતો : (સૂરએ શુઅરા : આયત નં. ૧૪૧ થી ૧૫૯)

كَذَّبَتْ ثَمُوْدُ الْمُرْسَلِیْنَ ﴿١٤١﴾ اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ صٰلِحٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٤٢﴾ اِنِّیْ
لَكُمْ رَسُوْلٌ اَمِیْنٌ ﴿١٤٣﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِیْعُوْنِ ﴿١٤٤﴾ وَمَآ اَسْـَٔلُكُمْ عَلَیْهِ مِنْ اَجْرٍ
اِنْ اَجْرِیَ اِلَّا عَلٰی رَبِّ الْعٰلَمِیْنَ ﴿١٤٥﴾ اَتُتْرَكُوْنَ فِیْ مَا هٰهُنَآ اٰمِنِیْنَ ﴿١٤٦﴾
فِیْ جَنّٰتٍ وَّعُیُوْنٍ ﴿١٤٧﴾ وَّزُرُوْعٍ وَّنَخْلٍ طَلْعُهَا هَضِیْمٌ ﴿١٤٨﴾ وَتَنْحِتُوْنَ مِنَ الْجِبَالِ
بُیُوْتًا فٰرِهِیْنَ ﴿١٤٩﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِیْعُوْنِ ﴿١٥٠﴾ وَلَا تُطِیْعُوْٓا اَمْرَ الْمُسْرِفِیْنَ ﴿١٥١﴾
الَّذِیْنَ یُفْسِدُوْنَ فِی الْاَرْضِ وَلَا یُصْلِحُوْنَ ﴿١٥٢﴾ قَالُوْٓا اِنَّمَآ اَنْتَ مِنَ الْمُسَحَّرِیْنَ ﴿١٥٣﴾
مَآ اَنْتَ اِلَّا بَشَرٌ مِّثْلُنَا ۚ فَاْتِ بِاٰیَةٍ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِیْنَ ﴿١٥٤﴾ قَالَ هٰذِهٖ
نَاقَةٌ لَّهَا شِرْبٌ وَّلَكُمْ شِرْبُ یَوْمٍ مَّعْلُوْمٍ ﴿١٥٥﴾ وَلَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَیَاْخُذَكُمْ
عَذَابُ یَوْمٍ عَظِیْمٍ ﴿١٥٦﴾ فَعَقَرُوْهَا فَاَصْبَحُوْا نٰدِمِیْنَ ﴿١٥٧﴾ فَاَخَذَهُمُ الْعَذَابُ
اِنَّ فِیْ ذٰلِكَ لَاٰیَةً ۗ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِیْنَ ﴿١٥٨﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِیْزُ الرَّحِیْمُ ﴿١٥٩﴾

તરજુમો :

(કોમે) ષમૂદે રસૂલોને જૂઠાડ્યા. (૧૪૧) જ્યારે તેમને તેમના ભાઈ સાલિહ (અલૈ.)એ કહ્યું, શું તમે (અલ્લાહથી) ડરતા નથી ? (૧૪૨) હું તમારી પાસે સંદેશ લાવનાર ભરોસાપાત્ર (રસૂલ) છું. (૧૪૩) બસ, અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૧૪૪) અને હું તમારી પાસે તેના ઉપર કોઈ વળતર નથી માંગતો, મારું વળતર તે જ કુલ વિશ્વના પાલનહાર ઉપર છે. (૧૪૫) શું તમને અહીંયાંની વસ્તુઓમાં વિના ખટકે (બેધડક) છોડેલા રાખશે ? (૧૪૬) બગીચાઓમાં અને ઝરણાઓમાં ? (૧૪૭) અને ખેતીઓમાં અને ખજૂરોમાં જેના ગાભા (Spathes) મુલાયમ છે ? (૧૪૮) અને પહાડોમાં કુશળતાથી ઘરો કોતરો છો ! (૧૪૯) બસ ડરો અલ્લાહથી અને મારું કહ્યું માનો. (૧૫૦) અને બે'બાક (મર્યાદા ઓળંગનાર) લોકોનું કહ્યું ન માનો. (૧૫૧) જેઓ જમીનમાં ફસાદ કરે છે અને સુધારણા નથી કરતા. (૧૫૨) તેઓ બોલ્યા, તારા ઉપર તો કોઈએ જાદૂ કર્યો છે. (૧૫૩) તું પણ એક માનવી છે જેવા કે અમે, બસ કોઈ નિશાની લઈ આવ જો તું સાચો છે. (૧૫૪) (સાલિહ અલૈ.એ) કહ્યું, આ ઊંટણી છે તેના માટે પાણી પીવાનો એક વારો અને તમારા માટે વારાનો એક દિવસ નક્કી છે. (૧૫૫) અને તેને ખરાબ રીતે ન છેડશો (કે) પછી તમને એક મોટા દિવસની આફત પકડી લે. (૧૫૬) પછી તેમણે ઊંટણીને (પગ કાપી) મારી નાંખી, પછી સવારમાં (અઝાબ આવતો જોઈ) પસ્તાતા રહી ગયા. (૧૫૭) પછી તેમને અઝાબે આવી પકડ્યા, નિઃશંક આ વાતમાં નિશાની છે અને તેમનામાં ઘણા લોકો ઈમાન લાવનારા નથી. (૧૫૮) અને તારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમ કરનારો (મહાદયાળુ). (૧૫૯)

તફસીર :

કોમે ષમૂદે (પણ) પયગમ્બરોને જૂઠાડ્યા જ્યારે કે તેમને તેમના ભાઈ સાલિહ (અલૈ.)એ કહ્યું, શું તમે (અલ્લાહ તઆલાથી) નથી ડરતા ? હું તમારો પ્રામાણિક પયગમ્બર છું, બસ તમે અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો અને હું તમારી પાસેથી તેના ઉપર કોઈ વળતર નથી ઇચ્છતો, બસ મારું વળતર તો કુલ

વિશ્વના પરવરદિગારના માથે છે. (અને તમે જે ખુશહાલીના કારણે આ દરજ્જાએ અલ્લાહથી ગાફેલ છો તો) શું તમને તે જ વસ્તુઓમાં નચિંત થઈને રહેવા દેવામાં આવશે જે અહીંયાં (દુનિયામાં) ઉપસ્થિત છે ? એટલે કે બગીચાઓમાં અને ઝરણાઓમાં અને ખજૂરોમાં જેના ગાભ્મા ખૂબ મુલાયમ છે (એટલે કે તે ખજૂરોમાં મોટા પ્રમાણમાં ફળ આવે છે) અને શું (આ જ ગફલતના કારણે) તમે પહાડોને કોતરી કોતરીને ઈતરાઈ (અને ગર્વ કરી)ને મકાનો બનાવો છો ? બસ અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો અને એની (બંદગીની) હદોમાંથી નીકળી જનારાઓનું કહ્યું ન માનો જે પૃથ્વી ઉપર ફસાદ કર્યા કરે છે અને (ક્યારેય) સુધારણા(ની વાત) નથી કરતા (તેનો ભાવાર્થ કાફિર માલદારો છે જેઓ ગુમરાહી ઉપર લોકોને પ્રોત્સાહિત કરતા હતા અને ફસાદ અને તેમની સુધારણા ન કરવાનો આ જ ભાવાર્થ છે), તે લોકોએ કહ્યું કે તમારા ઉપર તો કોઈએ મોટો જાદૂ કર્યો છે (જેનાથી બુદ્ધિમાં ખરાબી આવી ગઈ છે કે નુબુવ્વતનો દા'વો કરો છો જ્યારે કે) તમે બસ અમારી જેમ જ એક (મા'મૂલી) માણસ છો (અને માણસ નબી નથી હોતો) બસ, કોઈ મોઅ્જિઝો રજુ કરો જો તમે (નુબુવ્વતના દા'વામાં) સાચા છો, સાલિહ (અલૈ.)એ ફરમાવ્યું કે આ એક ઊંટણી છે, (જે પ્રાકૃતિક નિયમ વિરુદ્ધ પેદા થવાથી મોઅ્જિઝો છે જેમકે આઠમા સિપારાના અંતમાં આવી ચૂક્યું છે અને તદુપરાંત આ મારી રિસાલતની દલીલ છે, પોતે તેના પણ અમુક હકો છે એટલા માટે તે હકોમાંથી એક એ છે કે) પાણી પીવા માટે એક વારો તેનો છે અને એક નિશ્ચિત દિવસમાં એક વારો તમારો (એટલે કે તમારા ઢોરોનો) અને (એક એ છે કે) તેને બુરાઈ (અને તકલીફ આપવા)ની સાથે હાથ પણ ન લગાવજો, ક્યાંક તમને એક ભારે દિવસનો અઝાબ આવી પકડે, બસ તેમણે (ન તો રિસાલતનું સમર્થન કર્યું અને ન જ ઊંટણીના હકો અદા કર્યા, બલકે) તે ઊંટણીને મારી નાંખી, પછી (જ્યારે અઝાબની નિશાનીઓ જાહેર થઈ તો પોતાની હરકત ઉપર) પસ્તાવો થયો (પરંતુ પ્રથમ તો અઝાબ જોઈ લેવાના સમયે પસ્તાવો બેકાર છે, બીજું માત્ર સ્વાભાવિક પસ્તાવાથી શું થાય? જ્યાં સુધી પોતાના અધિકારથી એટલે કે તવબહ અને ઈમાન ન અપનાવ્યું હોય) પછી (અંતે) અઝાબે તેમને પકડી લીધા, બેશક ! એ(ઘટના)માં મોટો બોધપાઠ છે અને (તે છતાં) આ(મક્કાના કાફિરો)માં ઘણા લોકો ઈમાન નથી

લાવતા અને બેશક ! તમારો પરવરદિગાર જબરદસ્ત મોટો મહેરબાન છે (કે શક્તિ હોવા છતાં મહોલત આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

وَتَنْحِتُوْنَ مِنَ الْجِبَالِ بُيُوْتًا فٰرِهِيْنَ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી فَارِهِيْنَ (ફારિહીન)ની તફસીર بَطِرِيْنَ નકલ થઈ છે, એટલે કે "ઈતરાનાર અથવા અભિમાન કરનાર" પરંતુ અબૂ સાલિહે ફરમાવ્યું, અને આ જ ઈમામ રાગિબની તફસીર કરી છે કે, "ફારિહીન"નો અર્થ حَاذِقِيْنَ છે, એટલે કે "નિષ્ણાત". ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાએ તમારા ઉપર એ નેઅ્મત કરી છે કે તમને એવી કલા કારીગીરી શિખવાડી દીધી કે પહાડોમાંથી મકાન બનાવવું તમારા માટે સરળ બનાવી દીધું, ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાના ઈનામોને યાદ કરો અને પૃથ્વી ઉપર ફસાદ ન કરો.

ફાયદાકારક ધંધો અલ્લાહના ઇનામો છે, એ શરતે કે તેને બુરા કામોમાં ઉપયોગ ન કરે :

આ આયતથી સાબિત થયું કે ઉત્તમ ધંધાઓ અલ્લાહ તઆલાના ઈનામો છે અને તેનાથી લાભ ઉઠાવવો જાઈઝ છે પરંતુ જો તેનાથી કોઈ ગુનોહ અથવા હરામ પ્રવૃત્તિ અથવા વિના જરૂરતે તેમાં ઓતપ્રોત થઈ જવાનું જરૂરી બનતું હોય તો પછી તે ધંધો અપનાવવો નાજાઈઝ છે, જેમકે હમણા આથી આગલી આયતોમાં જરૂરત વિના ઈમારતની ઊંચાઈની ટીકા પસાર થઈ ચૂકી છે.

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૧૬૦ થી ૧૭૫)

كَذَّبَتْ قَوْمُ لُوْطِ ِۨالْمُرْسَلِيْنَ ﴿١٦٠﴾ اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ لُوْطٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٦١﴾
اِنِّىْ لَكُمْ رَسُوْلٌ اَمِيْنٌ ﴿١٦٢﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١٦٣﴾ وَمَا اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ
اَجْرٍ ۚ اِنْ اَجْرِىَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٦٤﴾ اَتَاْتُوْنَ الذُّكْرَانَ مِنَ الْعٰلَمِيْنَ ﴿١٦٥﴾
وَتَذَرُوْنَ مَا خَلَقَ لَكُمْ رَبُّكُمْ مِّنْ اَزْوَاجِكُمْ ۭ بَلْ اَنْتُمْ قَوْمٌ عٰدُوْنَ ﴿١٦٦﴾ قَالُوْا
لَئِنْ لَّمْ تَنْتَهِ يٰلُوْطُ لَتَكُوْنَنَّ مِنَ الْمُخْرَجِيْنَ ﴿١٦٧﴾ قَالَ اِنِّىْ لِعَمَلِكُمْ مِّنَ الْقَالِيْنَ ﴿١٦٨﴾

رَبِّ نَجِّنِي وَأَهْلِي مِمَّا يَعْمَلُونَ ﴿١٦٩﴾ فَنَجَّيْنَاهُ وَأَهْلَهُ أَجْمَعِينَ ﴿١٧٠﴾ إِلَّا عَجُوزًا فِي
الْغَابِرِينَ ﴿١٧١﴾ ثُمَّ دَمَّرْنَا الْآخَرِينَ ﴿١٧٢﴾ وَأَمْطَرْنَا عَلَيْهِم مَّطَرًا ۖ فَسَاءَ مَطَرُ
الْمُنذَرِينَ ﴿١٧٣﴾ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً ۖ وَمَا كَانَ أَكْثَرُهُم مُّؤْمِنِينَ ﴿١٧٤﴾ وَإِنَّ رَبَّكَ
لَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ ﴿١٧٥﴾

ع ٩ ١٢/١٣

તરજુમો :

લૂત (અલૈ.)ની કોમે રસૂલોને જૂઠાડ્યા. (૧૬૦) જ્યારે તેમને તેમના ભાઈ લૂત (અલૈ.)એ કહ્યું, શું તમે (અલ્લાહથી) ડરતા નથી ? (૧૬૧) હું તમારા માટે સંદેશ લાવનાર ભરોસાપાત્ર (રસૂલ) છું. (૧૬૨) બસ અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૧૬૩) અને હું તમારી પાસે તેનું કંઈ વળતર નથી માંગતો, મારો બદલો તે જ કુલ વિશ્વના પરવરદિગાર ઉપર છે. (૧૬૪) શું તમે દુનિયાના પુરુષો પાછળ દોડો છો ? (૧૬૫) અને છોડી દો છો જે તમારા માટે તમારા પરવરદિગારે તમારી પત્નીઓ બનાવી છે ? બલકે તમે લોકો હદથી વધનારા છો. (૧૬૬) તેઓ બોલ્યા, જો તું (આ ઉપદેશ) છોડીશ નહીં તો હે લૂત (અલૈ.) તને કાઢી મૂકવામાં આવશે ! (૧૬૭) (લૂત અલૈ.એ) કહ્યું, હું તમારા કાર્યથી અલબત્ત અળગો છું. (૧૬૮) હે પરવરદિગાર ! મને અને મારા ઘરવાળાઓને આ કાર્યોથી મુક્તિ આપ જે આ (લોકો) કરી રહ્યા છે. (૧૬૯) પછી અમે તેમને અને તેમના ઘરવાળાઓ બધાને બચાવી લીધા. (૧૭૦) પરંતુ એક વૃદ્ધા રહી ગઈ રહેનારાઓમાં. (૧૭૧) પછી અમે તે અન્યોને પટકી માર્યા. (૧૭૨) અને તેમના ઉપર એક વરસાદ વરસાવ્યો, બસ કેટલો બુરો વરસાદ હતો તે ભયભીત થયેલાઓનો ! (૧૭૩) અલબત્ત આ વાતમાં નિશાની છે અને તેમનામાં ઘણા લોકો ઈમાન લાવનારા ન હતા. (૧૭૪) અને બેશક ! તારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમવાળો (મહાદયાળુ). (૧૭૫)

તફસીર :

કોમે લૂતવાળાઓએ (પણ) પયગમ્બરોને જુઠાડ્યા જ્યારે કે તેમને તેમના ભાઈ લૂત (અલૈ.)એ કહ્યું કે શું તમે (અલ્લાહ તઆલાથી) ડરતા નથી ? હું તમારો પ્રામાણિક પયગમ્બર છું, બસ તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞાનું પાલન કરો અને હું તમારી પાસેથી તેના ઉપર કોઈ વળતર નથી માંગતો, બસ મારો બદલો તો કુલ વિશ્વના પરવરદિગારના માથે છે, શું સમગ્ર દુનિયાવાળાઓમાંથી તમે (આ પ્રવૃત્તિ કરો છો કે) પુરુષો સાથે દુષ્કૃત્ય આચરો છો અને તમારા પરવરદિગારે જે તમારા માટે પત્નીઓ પેદા કરી છે તેમને ઉપેક્ષિત કરતા રહો છો (એટલે કે અન્ય કોઈ માનવી તમારા સિવાય આવી હરકત નથી કરતા અને એવું નથી કે તે અંતિમ કક્ષાનું દુષ્કર્મ હોવા ઉપર કોઈ શંકા હોય) બલકે (મૂળ વાત એ છે કે) તમે (માનવતાની) હદને વટાવનારા લોકો છો, તે લોકો કહેવા લાગ્યા કે હે લૂત (અલૈ.) ! જો તમે (અમને કહેવા સંભળાવવાથી) પાછા નહીં વળો તો અવશ્ય (વસ્તીમાંથી) કાઢી મૂકવામાં આવશો. લૂત (અલૈ.)એ કહ્યું કે (હું આ ધમકીથી પોતાના ઉપદેશ આપવાથી રોકાઈશ નહીં કારણ કે) હું તમારા આ કાર્યથી સખત સૂગ ધરાવું છું, (તો ઉપદેશ આપવાનું કઈ રીતે છોડી શકું છું ? જ્યારે કોઈપણ રીતે તે લોકોએ ન માન્યું અને અઝાબ આવતો જણાયો તો) લૂત (અલૈ.)એ દુઆ કરી કે હે મારા પરવરદિગાર ! મને અને મારા (ખાસ) સંબંધીઓને તેમના આ કાર્ય(ના વબાલ)થી (જે તેમના ઉપર આવવાની છે) છુટકારો આપ, બસ અમે તેમને અને તેમના સંબંધીઓને સૌને છુટકારો આપ્યો એક વૃદ્ધા સિવાય (તેનાથી ભાવાર્થ હઝરત લૂત અલૈ.ની પત્ની છે) કે તે (અઝાબમાં) રહી જનારાઓમાં રહી ગઈ, પછી અમે અન્ય સૌનો (જે લૂત અલૈ. અને તેમના સંબંધીઓ સિવાયના હતા) નાશ કરી નાંખ્યો અને અમે તેમના ઉપર એક ખાસ પ્રકારનો (એટલે કે પથ્થરોનો) વરસાદ વરસાવ્યો, બસ એટલો ખરાબ વરસાદ હતો જે તે લોકો ઉપર વરસ્યો જે (અલ્લાહ તઆલાના અઝાબ)થી ડરાવવામાં આવ્યા હતા, બેશક ! આ (ઘટના)માં (પણ) બોધપાઠ છે અને (તે છતાં) આ (મક્કાના કાફિરો)માં ઘણા લોકો ઈમાન લાવનારા નથી અને બેશક ! તમારો પરવરદિગાર મહાશક્તિશાળી મહાદયાળુ છે (કે અઝાબ આપી શકતો હતો પરંતુ હજુ આપ્યો નથી).

મસ્અલા અને બોધપાઠ :

અસ્વાભાવિક સૃષ્ટિ વિરુદ્ધનું દુષ્કૃત્ય પોતાની પત્ની સાથે પણ હરામ છે :

وَتَذَرُونَ مَا خَلَقَ لَكُمْ رَبُّكُم مِّنْ أَزْوَٰجِكُم શબ્દ مِنْ أَزْوَاجِكُمْ (મિન અઝ્વાજિકુમ)માં શબ્દ مِنْ (મિન) પારિભાષિક શબ્દોમાં વર્ણન સ્વરૂપે પણ હોઈ શકે છે, જેનો ખુલાસો એ થશે કે તમારી વિષયતૃપ્તિ માટે જે અલ્લાહે તમારી પત્નીઓ પેદા કરી છે તમે તેમને છોડીને પોતાની સમાન પ્રજાતિ એટલે કે પુરુષોને પોતાની વાસના સંતોષવાનું નિશાન બનાવો છો જે નિર્લજ્જતા અને દુષ્ટતાની દલીલ છે અને એ પણ હોઈ શકે છે કે શબ્દ مِنْ (મિન)ને تَبْعِيضْ માટે ઠરાવવામાં આવ્યો હોય તો ઈશારો એ તરફ થશે કે તમારી પત્નીઓના જે તમારા માટે વિષયતૃપ્તિના અંગો ઉપાંગો બનાવ્યા છે તે સ્વાભાવિક અને પ્રાકૃતિક છે જેને છોડીને પત્નીઓથી સૃષ્ટિ વિરુદ્ધ વાસનાની પ્રવૃત્તિ કરો છો તે પણ સદંતર હરામ છે, મતલબ કે આ બીજા અર્થના આધારે આ મસ્અલો પણ સાબિત થઈ ગયો કે પોતાની પત્ની સાથે સૃષ્ટિ વિરુદ્ધની વાસનાતૃપ્તિની પ્રવૃત્તિ હરામ છે. રસૂલે કરીમ ﷺની હદીષ છે, રસૂલે કરીમ ﷺએ એવા વ્યક્તિ ઉપર ફિટકાર વરસાવી છે અલ્લાહ બચાવે. આમીન. (કઝા ફિ રૂહ)

إِلَّا عَجُوزًا فِي الْغَابِرِينَ માં عَجُوزْ (અજૂઝ)નો ભાવાર્થ હઝરત લૂત (અલૈ.)ની પત્ની છે કે જે કોમે લૂતની આવી પ્રવૃત્તિથી રાજી હતી અને કાફિરહ હતી, હઝરત લૂત (અલૈ.)ની આ કાફિર પત્ની જો વાસ્તવમાં વૃદ્ધા હતી તો તેના માટે શબ્દ عَجُوزْ (અજૂઝ) ઉપયોગ કરવો દેખીતું છે અને જો તે ઉંમરના આધારે વૃદ્ધા હતી તો તેને "અજૂઝ"ના શબ્દથી કદાચ એટલા માટે ઓળખાવવામાં આવી છે કે પયગમ્બરની પત્ની ઉમ્મત માટે માંની જગ્યાએ હોય છે જે સ્ત્રી વધારે અવલાદવાળી હોય તેને ડોસી કહી દેવું કોઈ અસંભવ વાત નથી.

وَأَمْطَرْنَا عَلَيْهِم مَّطَرًا ۖ فَسَاءَ مَطَرُ الْمُنذَرِينَ આ આયતથી સાબિત થયું કે સૃષ્ટિ વિરુદ્ધનું દુષ્કર્મ આચરનાર એટલે કે સજાતીય સંબંધો ધરાવનારને ઊંચા સ્થળેથી નીચે ફેંકવાની કલમ જાઇઝ છે, જેમકે હનફી મસ્લકમાં છે. કારણ કે કોમે લૂતનો આ જ પ્રમાણે નાશ કરવામાં આવ્યો હતો કે તેમની વસ્તીઓને ઉપર ઉઠાવીને ઊલટી જમીન ઉપર ફેંકી દેવામાં આવી હતી. *(શામી, કિતાબુલ હુદૂદ)*

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૧૭૬ થી ૧૯૧)

كَذَّبَ اَصْحٰبُ لْئَيْكَةِ الْمُرْسَلِيْنَ ﴿١٧٦﴾ اِذْ قَالَ لَهُمْ شُعَيْبٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٧٧﴾ اِنِّيْ لَكُمْ
رَسُوْلٌ اَمِيْنٌ ﴿١٧٨﴾ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿١٧٩﴾ وَمَآ اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ اِنْ
اَجْرِيَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٨٠﴾ اَوْفُوا الْكَيْلَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُخْسِرِيْنَ ﴿١٨١﴾
وَزِنُوْا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيْمِ ﴿١٨٢﴾ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ وَلَا تَعْثَوْا فِي
الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿١٨٣﴾ وَاتَّقُوا الَّذِيْ خَلَقَكُمْ وَالْجِبِلَّةَ الْاَوَّلِيْنَ ﴿١٨٤﴾ قَالُوْٓا
اِنَّمَآ اَنْتَ مِنَ الْمُسَحَّرِيْنَ ﴿١٨٥﴾ وَمَآ اَنْتَ اِلَّا بَشَرٌ مِّثْلُنَا وَاِنْ نَّظُنُّكَ لَمِنَ
الْكٰذِبِيْنَ ﴿١٨٦﴾ فَاَسْقِطْ عَلَيْنَا كِسَفًا مِّنَ السَّمَآءِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿١٨٧﴾
قَالَ رَبِّيْٓ اَعْلَمُ بِمَا تَعْمَلُوْنَ ﴿١٨٨﴾ فَكَذَّبُوْهُ فَاَخَذَهُمْ عَذَابُ يَوْمِ الظُّلَّةِ
اِنَّهٗ كَانَ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٨٩﴾ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٩٠﴾
وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٩١﴾

તરજુમો :

વનના રહેવાસીઓએ (અઈકાહના લોકોએ) રસૂલોને જૂઠાડયા. (૧૭૬) જ્યારે તેમને શુઅયૂબ (અલૈ.)એ કહ્યું, શું તમે (અલ્લાહથી) ડરતા નથી ? (૧૭૭) હું તમને સંદેશ પહોંચાડનાર ભરોસાપાત્ર (રસૂલ) છું. (૧૭૮) બસ અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો. (૧૭૯) અને હું તમારી પાસેથી તેના ઉપર કંઈ વળતર નથી માંગતો, મારો બદલો તે જ કુલ વિશ્વના પરવરદિગાર ઉપર છે. (૧૮૦) માપ પૂરેપૂરું ભરીને આપો અને નુકસાન આપનારાઓમાંથી ન થાઓ. (૧૮૧) અને સીધા ત્રાજવાથી તોલો. (૧૮૨) અને લોકોને તેમની વસ્તુઓ ન ઘટાડો અને પ્રદેશમાં ફસાદ કરતા(-કરતા) દોડધામ ન કરો. (૧૮૩) અને તેનાથી ડરો જેણે તમને અને આગલી મખ્લૂકને બનાવી. (૧૮૪) તેઓ બોલ્યા, તારા ઉપર તો કોઈએ જાદૂ કરી

દીધો છે. (૧૮૫) અને તું પણ એક માનવી છે જેવાં કે અમે ! અને અમારા વિચારમાં તો તું જૂઠો છે. (૧૮૬) બસ અમારા ઉપર આસમાનનો કોઈ ટૂકડો પાડી દે જો તું સાચો છે. (૧૮૭) (શુઅયૂબ અલૈ.એ) કહ્યું, મારો પરવરદિગાર સારી પેઠે જાણે છે જે કંઈ તમે કરો છો. (૧૮૮) પછી તેમને જૂઠાડ્યા, ત્યારબાદ તેમને પડછાયા (સાએબાન)વાળા દિવસ (Day of Canopy)ની આફતે પકડી લીધા, નિ:શંક તે મોટા દિવસનો અઝાબ હતો ! (૧૮૯) બેશક ! આ વાતમાં નિશાની છે અને તેમનામાં ઘણા લોકો ઈમાન લાવનારા નથી. (૧૯૦) અને બેશક તારો પરવરદિગાર તે જ છે જબરદસ્ત રહમવાળો (મહાદયાળુ). (૧૯૧)

તફસીર :

અઈકહવાળાઓએ (પણ જેમનું વર્ણન સૂરએ હિજ્રની અંતે આવી ચૂક્યું છે) પયગમ્બરોને જૂઠાડ્યા જ્યારે કે તેમને શુઅયૂબ (અલૈ.)એ કહ્યું કે શું તમે અલ્લાહથી ડરતા નથી ? હું તમારો પ્રામાણિક પયગમ્બર છું, બસ તમે અલ્લાહથી ડરો અને મારું કહ્યું માનો અને હું તમારી પાસેથી તેના ઉપર કોઈ વળતર નથી માંગતો, બસ મારો બદલો તો કુલ વિશ્વના પરવરદિગારના માથે છે, તમે લોકો પૂરેપૂરું માપ તોલ કરો અને (હકવાળાઓને) નુકસાન ન કર્યા કરો અને (એ જ પ્રમાણે તોલવાની વસ્તુઓમાં) સમતોલ ત્રાજવાથી તોલ્યા કરો, (એટલે કે દાંડી ન મારો, ન જ કાટલામાં ફરક કરો) અને લોકોને તેમની વસ્તુઓમાં નુકસાન ન કર્યા કરો અને ભૂમિમાં ફસાદ ન મચાવ્યા કરો અને તેનાથી (એટલે કે સર્વશક્તિમાન અલ્લાહથી) ડરો જેણે તમને અને સૌ આગલી મખ્લૂકોને પેદા કરી. તે લોકો કહેવા લાગ્યા કે બસ તમારા ઉપર તો કોઈએ ઘણો ભારે જાદૂ કરી દીધો છે (તેનાથી બુદ્ધિમાં ખલેલ પડી ગયો છે અને નુબુવ્વતનો દાવો કરવા લાગ્યા છો) અને તમે તો માત્ર અમારી જેવા જ એક (મા'મૂલી) માનવી છો અને અમે તો તમને જૂઠા લોકોમાંથી ધારીએ છીએ, બસ જો તમે સાચાઓમાંથી છો તો અમારા ઉપર આસમાનનો કોઈ ટૂકડો પાડી દો (જેથી અમને જાણ થઈ જાય કે તમે વાસ્તવમાં નબી જ હતા અને તમારા જૂઠાડવાથી અમને આ સજા થઈ). શુઅયૂબ (અલૈ.) બોલ્યા કે (હું અઝાબને લાવનારો અથવા તેના સ્વરૂપને નક્કી કરનારો કોણ છું ?) તમારા કર્મો તો મારો

પરવરદિગાર (જ) ખૂબ સારી પેઠે જાણે છે (અને તે કર્મોનો જે તકાદો છે કે શું અઝાબ થાય અને ક્યારે થાય ? તેને પણ તે જ જાણે છે અને તે તેનો જ અધિકાર છે) બસ, તે લોકો તેમને (બરાબર) જૂઠાડતા રહ્યા, પછી તેમને પડછાયા (સાએબાન)વાળા દિવસ (Day of Canopy)ની આફતે પકડી લીધા, બેશક ! તે ઘણો ભારે અઝાબનો દિવસ હતો, (અને) એ(ઘટના)માં (પણ) મોટો બોધપાઠ છે અને (તેમ છતાં) આ (મક્કાના કાફિરો)માં ઘણા લોકો ઈમાન લાવનાર નથી અને બેશક ! તમારો પરવરદિગાર મહાશક્તિશાળી મહાદયાળુ છે (કે અઝાબ ઊતારી શકે છે પરંતુ મહોલત આપી રાખી છે).

મસ્અલા અને બોધપાઠ :

وَزِنُوا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيمِ માં قِسْطَاسِ (કિસ્તાસ)ને અમુક લોકોએ રૉમન શબ્દ ઠરાવ્યો છે જેનો અર્થ ન્યાય અને ઈન્સાફ થાય છે, અમુકે અરબી શબ્દ قِسْط (કિસ્ત)થી બનેલ હોવાનું ઠરાવ્યું છે. "કિસ્ત"નો અર્થ પણ ઈન્સાફ થાય છે. ભાવાર્થ એ છે કે ત્રાજવું અને એ જ પ્રમાણે અન્ય માપતોલ તોલવાના માધ્યમોનો સીધો અને સમતોલ રીતે વ્યવસ્થિત ઉપયોગ કરો જેમાં ઘટાડાનો કોઈ ભય ન રહે.

وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ એટલે કે, લોકોની પોતાની વસ્તુઓમાં ઘટાડો ન કરો. ભાવાર્થ એ છે કે નક્કી થયા પ્રમાણે જેટલો કોઈનો હક છે તેમાં ઘટાડો કરવો હરામ છે, ભલે તે માપતોલની વસ્તુ હોય અથવા કોઈ અન્ય વસ્તુ. એનાથી જાણ થાય છે કે કોઈ નોકર-મજૂર જો પોતાના નિશ્ચિત સમયમાં ચોરી કરે છે, સમય ઓછો લગાડે છે તો તે પણ આ ધમકીમાં સામેલ છે. ઈમામ માલિક (રહ.)એ મુઅત્તામાં રિવાયત નકલ કરી છે કે હઝરત ઉમર ફારૂક (રદિ.)એ એક વ્યક્તિને જોયો કે અસરની નમાઝમાં સામેલ નથી થયો, કારણ પૂછ્યું તો તેણે કોઈ કારણ બતાવ્યું તો હઝરત ઉમર ફારૂક (રદિ.)એ ફરમાવ્યું, طَفَّفْتَ એટલે કે તેં તોલવામાં કમી કરી, કારણ કે નમાઝ કોઈ તોલવાની વસ્તુ નથી એટલા માટે આ રિવાયત નકલ કરીને ઈમામ માલિક (રહ.) ફરમાવે છે, وَفَاءٌ وَتَطْفِيفٌ એટલે કે, હક પ્રમાણે કરવું અથવા ઓછું કરવું દરેક વસ્તુમાં હોય છે. એટલે કે માત્ર માપતોલની સાથે જ આ હુકમ ખાસ નથી, બલકે કોઈના હકમાં કમી કરવી ભલે

કોઈપણ સ્વરૂપે હોય તે تَــطْــفِيْف (તત્ફીફ)માં સામેલ છે જેનું હરામ હોવું وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ માં વર્ણન કરવામાં આવ્યું.

અલ્લાહનો અપરાધી પોતાના પગે ચાલીને આવે છે, તેને વૉરંટ બજાવવાની આવશ્યકતા નથી :

فَاَخَذَهُمْ عَذَابُ يَوْمِ الظُّلَّةِ માં عَذَابُ يَوْمِ الظُّلَّةِ નું વર્ણન છે, તેની ઘટના એ છે કે અલ્લાહ તઆલાએ તેમની કોમ ઉપર સખત ગરમી થોપી દીધી કે ન તો મકાનમાં ચેન પડતું હતું અને ન જ બહાર, પછી તેમના નજીકના જંગલમાં એક ઘેરું વાદળ મોકલી આપ્યું જેની નીચે ઠંડી હવા હતી, સમગ્ર કોમ ગરમીથી પરેશાન હતી, બધા દોડી દોડીને તે વાદળ નીચે એકઠા થઈ ગયા. જ્યારે સમગ્ર કોમ વાદળ નીચે આવી ગઈ તો આ વાદળે તેમના ઉપર પાણીના બદલે આગ વરસાવી દીધી જેનાથી બધા બળીને રાખ થઈ ગયા.

(કઝા ફિ રૂહ અન અબી અબ્બાસ)

આયતો : (સૂરએ શુઅ્રા : આયત નં. ૧૯૨ થી ૨૨૭)

وَاِنَّهٗ لَتَنْزِيْلُ رَبِّ الْعٰلَمِيْنَ ﴿۱۹۲﴾ نَزَلَ بِهِ الرُّوْحُ الْاَمِيْنُ ﴿۱۹۳﴾ عَلٰى قَلْبِكَ لِتَكُوْنَ
مِنَ الْمُنْذِرِيْنَ ﴿۱۹۴﴾ بِلِسَانٍ عَرَبِيٍّ مُّبِيْنٍ ﴿۱۹۵﴾ وَاِنَّهٗ لَفِيْ زُبُرِ الْاَوَّلِيْنَ ﴿۱۹۶﴾
اَوَلَمْ يَكُنْ لَّهُمْ اٰيَةً اَنْ يَّعْلَمَهٗ عُلَمٰٓؤُا بَنِيْٓ اِسْرَآءِيْلَ ﴿۱۹۷﴾ وَلَوْ نَزَّلْنٰهُ عَلٰى بَعْضِ
الْاَعْجَمِيْنَ ﴿۱۹۸﴾ فَقَرَاَهٗ عَلَيْهِمْ مَّا كَانُوْا بِهٖ مُؤْمِنِيْنَ ﴿۱۹۹﴾ كَذٰلِكَ سَلَكْنٰهُ فِيْ
قُلُوْبِ الْمُجْرِمِيْنَ ﴿۲۰۰﴾ لَا يُؤْمِنُوْنَ بِهٖ حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ﴿۲۰۱﴾
فَيَاْتِيَهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿۲۰۲﴾ فَيَقُوْلُوْا هَلْ نَحْنُ مُنْظَرُوْنَ ﴿۲۰۳﴾
اَفَبِعَذَابِنَا يَسْتَعْجِلُوْنَ ﴿۲۰۴﴾ اَفَرَءَيْتَ اِنْ مَّتَّعْنٰهُمْ سِنِيْنَ ﴿۲۰۵﴾ ثُمَّ جَآءَهُمْ مَّا
كَانُوْا يُوْعَدُوْنَ ﴿۲۰۶﴾ مَآ اَغْنٰى عَنْهُمْ مَّا كَانُوْا يُمَتَّعُوْنَ ﴿۲۰۷﴾ وَمَآ اَهْلَكْنَا مِنْ قَرْيَةٍ اِلَّا

لَهَا مُنْذِرُوْنَ ۝٢٠٨ ذِكْرٰى ۚ وَمَا كُنَّا ظٰلِمِيْنَ ۝٢٠٩ وَمَا تَنَزَّلَتْ بِهِ الشَّيٰطِيْنُ ۝٢١٠
وَمَا يَنْۢبَغِيْ لَهُمْ وَمَا يَسْتَطِيْعُوْنَ ۝٢١١ اِنَّهُمْ عَنِ السَّمْعِ لَمَعْزُوْلُوْنَ ۝٢١٢ فَلَا
تَدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتَكُوْنَ مِنَ الْمُعَذَّبِيْنَ ۝٢١٣ وَاَنْذِرْ عَشِيْرَتَكَ
الْاَقْرَبِيْنَ ۝٢١٤ وَاخْفِضْ جَنَاحَكَ لِمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ ۝٢١٥ فَاِنْ عَصَوْكَ
فَقُلْ اِنِّيْ بَرِيْٓءٌ مِّمَّا تَعْمَلُوْنَ ۝٢١٦ وَتَوَكَّلْ عَلَى الْعَزِيْزِ الرَّحِيْمِ ۝٢١٧ الَّذِيْ
يَرٰىكَ حِيْنَ تَقُوْمُ ۝٢١٨ وَتَقَلُّبَكَ فِي السّٰجِدِيْنَ ۝٢١٩ اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ۝٢٢٠
هَلْ اُنَبِّئُكُمْ عَلٰى مَنْ تَنَزَّلُ الشَّيٰطِيْنُ ۝٢٢١ تَنَزَّلُ عَلٰى كُلِّ اَفَّاكٍ اَثِيْمٍ ۝٢٢٢
يُّلْقُوْنَ السَّمْعَ وَاَكْثَرُهُمْ كٰذِبُوْنَ ۝٢٢٣ وَالشُّعَرَآءُ يَتَّبِعُهُمُ الْغَاوٗنَ ۝٢٢٤ اَلَمْ تَرَ
اَنَّهُمْ فِيْ كُلِّ وَادٍ يَّهِيْمُوْنَ ۝٢٢٥ وَاَنَّهُمْ يَقُوْلُوْنَ مَا لَا يَفْعَلُوْنَ ۝٢٢٦ اِلَّا الَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَذَكَرُوا اللّٰهَ كَثِيْرًا وَّانْتَصَرُوْا مِنْۢ بَعْدِ مَا ظُلِمُوْا ۗ
ع ١١ ٢١ ١٥ وَسَيَعْلَمُ الَّذِيْنَ ظَلَمُوْٓا اَيَّ مُنْقَلَبٍ يَّنْقَلِبُوْنَ ۝٢٢٧

તરજુમો :

અને આ (કુર્આન) ઉતારેલું છે કુલ વિશ્વના પરવરદિગારનું. (૧૯૨) તેને પ્રામાણિક ફરિશ્તા લઈને ઊતર્યા છે. (૧૯૩) તમારા દિલ ઉપર કે તમે ડર સંભળાવી દેનારાઓમાંથી થાઓ. (૧૯૪) સ્પષ્ટ અરબી ભાષામાં. (૧૯૫) અને આ લખ્યું છે આગલાઓની કિતાબોમાં. (૧૯૬) શું તેમના માટે આ વાત નિશાની (દલીલ) નથી કે તેનું જ્ઞાન બની ઈસ્રાઈલના વિદ્વાનો ધરાવે છે!? (૧૯૭) અને જો અમે આ કિતાબ કોઈ અજમી (બિનઅરબી) ભાષાવાળા ઉપર ઊતારી હોત. (૧૯૮) અને તે તેને પઢીને સંભળાવતો હોત તો પણ તેના ઉપર ઈમાન ન લાવ્યા હોત. (૧૯૯) આ જ પ્રમાણે અમે આ ઈન્કારને ગુનેહગારોના દિલોમાં ઘુસાડી દીધો. (૨૦૦) તેઓ તેને માનશે

નહીં જ્યાં સુધી કે કષ્ટદાયક અઝાબને જોઈ લેશે નહીં. (૨૦૧) પછી તેમના ઉપર અચાનક આવી પડે અને તેમને ખબર પણ ન થાય. (૨૦૨) પછી કહેવા લાગે, અમને કંઈ મહોલત પણ મળશે ? (૨૦૩) શું અમારા અઝાબને જલદી માંગે છે ? (૨૦૪) ભલા જુઓ તો ! જો અમે તેમને વર્ષો સુધી ફાયદો પહોંચાડતા રહીએ. (૨૦૫) પછી તેમના ઉપર પહોંચે જે વસ્તુનો તેમનાથી વાયદો હતો. (૨૦૬) તો તેમના શું કામ આવશે જે કંઈ ફાયદો (તેઓ) ઉઠાવતા રહ્યા ? (૨૦૭) અને કોઈ વસ્તીનો અમે નાશ નથી કર્યો કે જેના માટે ડર સંભળાવનારા ન હતા. (૨૦૮) યાદ અપાવવા માટે; અને જુલમ કરવું અમારું કામ નથી. (૨૦૯) અને આ(કુર્આન)ને શયતાનો લઈને નથી ઊતર્યા. (૨૧૦) અને ન તો તેઓ એના લાયક છે અને ન જ તેઓ કરી શકે છે. (૨૧૧) તેમને તો સાંભળવાની જગ્યાએથી દૂર કરી દીધા છે. (૨૧૨) બસ, તમે અલ્લાહની સાથે અન્ય મઅ્બૂદને ન પોકારો પછી તો અઝાબમાં પડશો. (૨૧૩) અને પોતાના નજીકના સગાંઓને ડર સંભળાવી આપો. (૨૧૪) અને પોતાના ખભા તેમના માટે નીચા રાખો (વિનમ્રતાથી વર્તો) જે ઈમાનવાળાઓ તમારી સાથે છે. (૨૧૫) પછી જો તમારી નાફરમાની કરે તો કહી આપો હું તમારા કર્મોથી અળગો છું. (૨૧૬) અને ભરોસો કરો તે જબરદસ્ત રહમવાળા (મહાદયાળુ) ઉપર. (૨૧૭) જે તમને જૂએ છે જ્યારે (નમાઝ માટે) ઊઠો છો. (૨૧૮) અને તમારું નમાઝીઓ વચ્ચે ફરવું (પણ). (૨૧૯) બેશક ! તે જ છે સઘળું સાંભળનારો બધું જોનારો. (૨૨૦) હું તમને બતાવું કોના ઉપર શયતાન ઊતરે છે ? (૨૨૧) ઊતરે છે દરેક જૂઠા ગુનેહગાર ઉપર. (૨૨૨) લાવે છે સાંભળેલી વાત અને તેમનામાં ઘણા બધા જૂઠા છે. (૨૨૩) અને શાયરોની વાત ઉપર તેઓ જ ચાલે છે જેઓ માર્ગથી વિમુખ છે. (૨૨૪) તમે જોયું નથી કે તેઓ દરેક ખીણમાં ભટકતા ફરે છે ? (૨૨૫) અને એ કે તેઓ જે કહે છે તે કરતા નથી. (૨૨૬) પરંતુ તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા અને અલ્લાહની ખૂબ યાદ કરી અને બદલો લીધો તે પછી કે તેમના ઉપર જુલમ થયો; અને હવે અત્યાચાર કરનારા જાણી લેશે કે કેવી જગ્યાએ તેમને પાછા ફરવાનું છે. (૨૨૭)

તફસીર :

અને આ કુર્આન કુલ વિશ્વના પરવરદિગારનું મોકલેલું છે તેને પ્રામાણિક ફરિશ્તા લઈને આવ્યા છે તમારા દિલ ઉપર સ્પષ્ટ અરબી ભાષામાં જેથી તમે (પણ) ડરાવનારાઓમાંથી થઈ જાઓ (એટલે કે જે પ્રમાણે બીજા પયગમ્બરોએ પોતાની ઉમ્મતને અલ્લાહ તઆલાના હુકમો પહોંચાડયા તમે પણ પહોંચાડો) અને એ (કુર્આન)નું વર્ણન આગલી ઉમ્મતોની (આસમાની) કિતાબોમાં (પણ) છે (કે એક આવી શા'નવાળા પયગમ્બર થશે અને તેમના ઉપર આવું કલામ ઊતરશે એટલા માટે તફસીરે હક્કાનીના આ સ્થળના ખુલાસામાં અમુક ખુશખબરીઓ પાછલી કિતાબો તવરાત અને ઈન્જીલની નકલ કરી છે, આગળ આ વિષય وَاِنَّهٗ لَفِيْ زُبُرِ الْاَوَّلِيْنَ નો ખુલાસો છે, એટલે કે) શું તે લોકો માટે (તેના ઉપર) આ વાત દલીલ નથી કે એ(ખુશખબરી)ને બની ઈસ્રાઈલના આલિમો જાણે છે (એટલા માટે જે લોકો ઈસ્લામ લઈ આવ્યા છે તેઓ તો જાહેરમાં તેનો સ્વીકાર કરે છે અને જેઓ ઈમાન નથી લાવ્યા તે પણ ખાસ ખાસ લોકોની સામે તેનો સ્વીકાર કરે છે જેમકે સૂરએ બકરહમાં આયત اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ ની તફસીરમાં તેનું વર્ણન આવી ચૂક્યું છે અને આ સ્વીકાર કરનારાઓની સંખ્યા અને મોટું પ્રમાણ તે સમયે જો એક "ખબરે વાહિદ" સુધી પણ માની લેવામાં આવે તો પણ કુર્આનના કારણે તેને مَعْنَوِیْ تَوَاتُرْ "મઅ્નવી તવાતુર" પ્રાપ્ત હતો અને આ દલીલ કાયમ કરવી અભણ અરબો માટે છે નહિતર ભણેલા ગણેલા લોકો પોતે મૂળ કિતાબમાં જોઈ શકતા હતા અને તેનાથી એ જરૂરી નથી બનતું કે પાછલી કિતાબોમાં સુધારા વધારા એટલે કે તહરીફ નથી થઈ, કારણ કે તહરીફ થઈ હોવા છતાં હજુ પણ એવા વિષયો બાકી રહી જવું એ ઔર મોટી દલીલ છે અને આ સંભાવના કે આ વિષયો જ તહરીફનું પરિણામ હોઈ શકે છે તે એટલા માટે ખોટું છે કે પોતાના નુકસાન માટે કોઈ તહરીફ નથી કરતું, આ વિષયો તો તહરીફ કરનારાઓ માટે નુકસાનકારક છે જેમકે દેખીતું છે, અહીંયાં સુધી તો وَاِنَّهٗ لَتَنْزِيْلُ નો દા'વો કર્યો, બે નકલ થયેલ દલીલો વર્ણન કરવામાં આવી, એટલે કે પ્રથમ આગલી કિતાબોમાં વર્ણન અને બની ઈસ્રાઈલનું જાણવું એ બીજી દલીલ છે અને આગળ ઈન્કાર કરનારાઓની દુશ્મનાવટમાં વર્ણનના સંદર્ભમાં આ જ દા'વાની બૌદ્ધિક દલીલ તરફ ઈશારો છે એટલે કે કુર્આનનું સન્માન, મતલબ એ છે કે આ

લોકો એવા દુષ્ટો છે કે) જો (ધારી લો કે) અમે આ (કુર્આન)ને કોઈ અજમી (બિનઅરબ) ઉપર નાઝિલ કરી આપ્યું હોત પછી તે (અજમી વ્યક્તિ) તેમની સામે તેને પઢતો પણ હોત (તેનું મોઅ્જિઝો હોવું ખુલીને જાહેર થાય છે કારણ કે જેના ઉપર નાઝિલ થયું તેને અરબી ભાષા ઉપર બિલકુલ કાબૂ ન હોત પરંતુ) આ લોકોએ (પોતાની અંતિમ કક્ષાની હઠધર્મીના કારણે) ત્યારે પણ તેને ન માન્યું હોત. (આગળ આપ ﷺને સાંત્વના માટે તેમના ઈમાન લાવવાથી આશા ન રાખવા માટે કહેવામાં આવે છે એટલે કે) અમે આ જ રીતે (સખ્તી અને કઠોરતાથી) આ ઈમાન ન લાવવું તે નાફરમાનોના દિલોમાં નાંખી રાખ્યું છે (એટલે કે કુફ્રમાં; અને તેઓ તેના ઉપર હઠધર્મ છે અને આ કઠોરતા અને હઠાગ્રહના કારણે) આ લોકો આ (કુર્આન) ઉપર ઈમાન લાવશે નહીં જ્યાં સુધી કે કઠોર અઝાબને (મૃત્યુ પહેલાં અથવા બરઝખમાં અથવા આખિરતમાં) જોઈ લેશે નહીં જે અચાનક તેમની સામે આવી ઊભો થઈ જશે અને તેમને (પ્રથમથી) ખબર પણ થશે નહીં, પછી (તે સમયે જીવ ઉપર આવી પડશે તો) કહેશે કે શું (કોઈપણ રીતે) અમને (કંઈક) મહોલત મળી શકે છે ? (પરંતુ તે સમય ન તો મહોલતનો છે અને ન જ ઈમાનના સ્વીકાર કરવાનો અને તે કાફિરો ધમકીઓ અને અઝાબના વિષયને સાંભળીને ઈન્કાર કરવા માટે અઝાબનો તકાદો કર્યા કરતા હતા, દાખલા તરીકે કહેતા હતા رَبَّنَا عَجِّلْ لَّنَا قِطَّنَا અને وَاِنْ كَانَ هٰذَا هُوَالْحَقَّ مِنْ عِنْدِكَ فَاَمْطِرْ عَلَيْنَا حِجَارَةً કે જો તારા તરફથી સત્ય છે તો અમારા ઉપર પથ્થરોનો વરસાદ વરસાવ અને મહોલતને જે વાસ્તવમાં એક પ્રકારની ઢીલ છે તેને અઝાબ ન આવવાની દલીલ ઠરાવતા હતા, આગળ તેનો જવાબ છે કે) શું (અમારી ધમકીઓ સાંભળીને) આ લોકો અમારો અઝાબ ઉતાવળે ઇચ્છે છે ? (જેનો હેતુ ઈન્કાર કરવો છે એટલે કે દલીલ સ્થાપિત થઈ જવા છતાં એટલે કે એક સાચા વ્યક્તિની ખબરને જાણીને પછી ઈન્કાર કરે છે અને મહોલતને ઈન્કારનું કારણ ઠરાવે છે તો આ સખત ભૂલ છે કારણ કે) હે શ્રોતા ! જરા બતાવો તો જો અમે તેમને (અમુક વર્ષો સુધી) રાહતમાં રહેવા દઈએ, પછી જે (અઝાબ)નો તેમને વાયદો છે તેમના માથે આવી પડે તો તેમની તે રાહત શું કામ આવી શકે છે ? (એટલે કે આ રાહતની જે મહોલત આપવામાં આવી તેનાથી તેમના અઝાબમાં કોઈ ઘટાડો અથવા ઓછું થઈ નથી શકતું) અને (મહોલત

આપવી હિકમતના કારણે થોડા દિવસ માટે ભલે ઓછી અથવા વધારે કંઈ તેમની સાથે જ ખાસ નથી બલકે પાછલી ઉમ્મતોને પણ મહોલતો આપવામાં આવી હતી એટલા માટે) જેટલી વસ્તીઓ (મુન્કિરોની) અમે (અઝાબથી) નાશ કરી નાંખી છે સૌમાં નસીહત માટે ડરાવનારા (પયગમ્બરો) આવ્યા (જ્યારે ન માન્યા તો અઝાબ નાઝિલ થયો) અને અમે (દેખીતી રીતે પણ) જાલિમ નથી (મતલબ એ કે મહોલત આપવાનો જે હેતુ છે એટલે કે દલીલ પૂરી કરવી અને બહાનું ન કાઢી શકે એટલા માટે તે સૌના માટે જ રહ્યું છે. પયગમ્બરોનું આવવું, તેમનું સમજાવવું પોતે પણ એક મહોલત આપવાનું જ સ્વરૂપ છે અને અઝાબમાં વિરોધાભાસ ન હોવાનું પણ તેનાથી સાબિત થઈ ગયું અને દેખીતી રીતે એટલા માટે કહેવામાં આવ્યું કે વાસ્તવમાં તો કોઈપણ પરિસ્થિતિમાં અત્યાચાર નથી હોતો. આગળ ફરી મૂળ હેતુ એટલે કે, ...وَاِنَّهٗ لَتَنۡزِيۡلُ વિષય તરફ વળવામાં આવ્યું છે અને વચ્ચે આ વિષયો ઇન્કારીઓની પરિસ્થિતિની યોગ્યતા અનુસાર હોવાના કારણે વર્ણન થયું હતું તથા આવનારી આયતોના વિષયનો ખુલાસો તે શંકાઓને નિર્મૂળ કરવાનો છે જે કુર્આનની સત્યતા વિશે હતી, બસ એક શંકા તો કુર્આનમાં અલ્લાહ તઆલાનું કલામ અને તેના તરફથી મોકલ્યા હોવાનું માનવા ઉપર એટલા માટે હતી કે અરબમાં પ્રથમથી જ્યોતિષીઓ થતા ચાલ્યા આવ્યા હતા, તેઓ પણ અમુક વિશિષ્ટ પ્રકારના વાક્યો બોલ્યા કરતા હતા. નઊઝુબિલ્લાહ ! આપ ﷺ વિશે પણ અમુક કાફિરો એવું જ કહેતા હતા. -કમા ફિ દૂર્ર અન ઈબ્ને ઝૈફ -અને બુખારીમાં એક સ્ત્રીનું નિવેદન નકલ કર્યું છે જે રસૂલે કરીમ ﷺના સમયમાં આપ ﷺ ઉપર વહી નાઝિલ થવામાં કંઈક મોડું થયું તો તે સ્ત્રીએ કહ્યું કે આપ ﷺને આપના શયતાને છોડી દીધા છે, કારણ કે જ્યોતિષીઓને શયતાનની તા'લીમ અને પ્રેરણાથી જ કંઈક પ્રાપ્ત થયા કરતું હતું, તેનો જવાબ છે કે આ કુર્આન કુલ વિશ્વના પરવરદિગારનું નાઝિલ કરેલું છે) અને તેને શયતાનો (કે જે જ્યોતિષીઓ પાસે આવ્યા કરતા હતા) લઈને નથી આવ્યા (કારણ કે તેના બે મજબૂત કારણો ઉપસ્થિત છે, એક તેની શયતાનિયતના લક્ષણના કારણે) આ (કુર્આન) તેઓ(ની પરિસ્થિતિ)ના યોગ્ય જ નથી. (કારણ કે કુર્આન સઘળું હિદાયત અને શયતાન સંપૂર્ણ ગુમરાહી છે, ન જ તેમને આવા વિષયો પહોંચી શકે છે અને ન જ આવા વિષયો પ્રકાશિત કરવાથી તેમનો હેતુ એટલે કે મખ્લૂકને

ગુમરાહ કરવી પૂરો થઈ શકે છે એટલે એક અવરોધ તો આ થયો) અને (બીજો અવરોધ એ છે કે તેઓ) એના ઉપર કાબૂ નથી ધરાવતા કારણ કે તે શયતાનો (આસમાની વહી) સાંભળવાથી રોકી દેવામાં આવ્યા છે, (એટલા માટે જ્યોતિષીઓ અને મુશ્રિકો પાસે તેમના જિન્નાતોએ પોતાની નિષ્ફળતાનો પોતે સ્વીકાર કર્યો જેની તેમણે અન્યોને પણ ખબર આપી, એટલા માટે બુખારીમાં એવા કિસ્સા "બાબે ઈસ્લામે ઉમર રદિ."માં પ્રસ્તુત છે. બસ, શયતાનોની પ્રેરણાની કોઈ રીતે સંભાવના ન રહી અને આ જવાબનું સંપૂર્ણ હોવું એક બીજી શંકાના જવાબ પૂર્ણ થવાના સ્વરૂપની નજીક આવશે, વચ્ચે તેનું અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયું હોવા ઉપર વિષયની મજબૂતીની એક વધારે બાબત છે, એટલે કે જ્યારે તેનું અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થવું સાબિત છે તો તેની તા'લીમ ઉપર અમલ કરવો જરૂરી થયો અને તે બધામાં સૌથી મહત્ત્વનો અમલ અને ઉચ્ચ માન્યતા તવહીદ છે), બસ (હે પયગમ્બર ! તેના વાજિબ હોવાના એક ખાસ સ્વરૂપની તાકીદ કરીએ છીએ કે અમે તમને સંબોધન કરીને કહીએ છીએ કે) તમે અલ્લાહની સાથે કોઈ અન્ય મઅ્બૂદની ઈબાદત ન કરજો કે તમને સજા થવા લાગે (જ્યારે કે આપ ﷺમાં તો નઊઝુબિલ્લાહ ! આ સંભાવના સુદ્ધાં ન હતી કે તેઓ નઊઝુબિલ્લાહ ! શિર્ક કરે પરંતુ લોકોને આ વાત બતાવવાનો હેતુ છે કે, જ્યારે ગયરૂલ્લાહની ઈબાદત ઉપર રસૂલે કરીમ ﷺ માટે પણ સજાનો હુકમ છે તો અન્ય સામાન્ય લોકો શું ગણતરીમાં છે ? શિર્કથી તેમને કેવી મનાઈ કરવામાં આવે અને શિર્ક કરીને તેઓ કેવી રીતે અઝાબથી બચશે ?) અને (આ વિષયથી) તમે (ﷺ બધાથી પહેલાં) પોતાના નજીકના કુટુંબીઓને ડરાવો (એટલા માટે આપ ﷺએ સૌને પોકારીને એકઠા કર્યા અને શિર્ક કરવા ઉપર અલ્લાહના અઝાબથી ડરાવ્યા, જેમકે હદીષોમાં છે) અને (આગળ નુબુવ્વતની દા'વતને કબૂલ કરનારાઓ અને રદ કરનારાઓની સાથે વ્યવહાર કરવાની પદ્ધતિ બતાવવામાં આવે છે એટલે કે) તે લોકોની સાથે (તમે લાગણીપૂર્વક) વિનમ્રતાથી રજુ થતા રહો જેઓ મુસલમાનોમાં સામેલ થઈને તમારા માર્ગ ઉપર ચાલ્યા (ભલે કુટુંબી હોય અથવા કુટુંબનો ન હોય) અને જો આ લોકો (જેમને તમે ડરાવો છો) તમારું કહ્યું ન માને (અને કુફ્ર ઉપર અડગ રહે) તો તમે (સ્પષ્ટ) કહી આપો કે હું તમારી પ્રવૃત્તિઓથી અળગો છું (આ બંને કાર્યો એટલે કે ....اِخْفِضْ وَقُلْ

માં اَلْحُبُّ فِى اللّٰهِ અને اَلْبُغْضُ فِى اللّٰهِની સંપૂર્ણ તા'લીમ છે અને ક્યારેક તે વિરોધીઓ તરફથી કષ્ટ અથવા નુકસાન થવાનો ભય ન સેવો) અને મહાદયાળુ પરવરદિગાર ઉપર ભરોસો રાખો જે તમને તે સમયે કે તમે (નમાઝના માટે) ઊભા થાઓ છો અને (વળી નમાઝ શરૂ કર્યા પછી) નમાઝીઓની સાથે તમારી બેઠક અને બરખાસ્તને જુએ છે (અને નમાઝ ઉપરાંત પણ તે સારસંભાળ લે છે કારણ કે) તે સઘળું સાંભળનારો, સઘળું જોનારો છે (બસ, તેનું જ્ઞાન પણ સંપૂર્ણ છે જેમકે یَرَاکَ અને سَمِیْعٌ،عَلِیْمٌ અને તમારા ઉપર મહેરબાન પણ છે જેમકે اَلرَّحِیْمُ અને તેને સઘળી શક્તિ છે જેમકે اَلْعَزِیْزُ નો ભાવાર્થ છે તો જરૂર તે ભરોસો કરવાપાત્ર છે તો તમને નુકસાનથી અવશ્ય બચાવશે અને જે ભરોસો કરનારને નુકસાન પહોંચે છે તો તે માત્ર જાહેર સ્વરૂપના આધારે નુકસાન હોય છે જેના હેઠળ હજારો લાભ હોય છે જે ક્યારેક દુનિયામાં તો ક્યારેક આખિરતમાં જાહેર થાય છે, આગળ જ્યોતિષ હોવાની શંકાના જવાબની પૂર્ણતા છે કે હે પયગમ્બર ! લોકોને કહી આપો કે) શું હું તમને બતાવું કોના ઉપર શયતાન ઊતર્યા કરે છે ? (સાંભળો) એવા લોકો ઉપર ઊતર્યા કરે છે જેઓ (પ્રથમથી) જૂઠા અને ખૂબ મોટા દુષ્ટ હોય છે અને જે (શયતાનોની ખબરોના સમયે તે શયતાનો તરફ) કાન લગાવે છે અને (લોકોને એવી વસ્તુઓ વર્ણન કરતી સમયે) તેઓ મોટા પ્રમાણમાં જૂઠું બોલે છે (એટલા માટે સિફલી આમિલોને હમણા પણ આવી જ પરિસ્થિતિમાં જોઈ શકાય છે અને તેનું કારણ એ છે કે લાભ દેનારા અને લાભ લેનારા વચ્ચે સમાનતા જરૂરી છે તો શયતાનના ચેલા પણ તેઓ જ થશે જેઓ જૂઠા અને ગુનેહગાર હશે, વળી શયતાન તરફ દિલથી ધ્યાન પણ હોય છે કે ધ્યાન આપ્યા વિના લાભ પહોંચતો નથી અને કારણ કે મોટા ભાગના આ શયતાની જ્ઞાન અપૂર્ણ હોય છે એટલા માટે તેમને રંગીન અને શણગારવા માટે અમુક ચીકણી ચીકણી વાતોના પડ ચઢાવવા પડે છે કે જે જ્યોતિષીઓ માટે સ્વાભાવિક રીતે જરૂરી છે અને આ બધી વાતો નબીએ કરીમ ﷺમાં હોવાની દૂર સુધી કોઈ સંભાવના નથી, કારણ કે આપ ﷺનું સાચું હોવું સૌને ખબર છે, આપ ﷺનું પરહેઝગાર હોવું અને શયતાનોથી દુશ્મની રાખવું દુશ્મનો પણ જાણતા હતા અને તે ખૂબ પ્રખ્યાત બાબત હતી તો પછી તેઓના જ્યોતિષ હોવાની સંભાવના ક્યાંથી બાકી રહે છે ?) અને (આગળ શાયર હોવાની શંકાનો જવાબ છે

કે આપ ﷺ શાયર પણ નથી જેમકે કાફિરો કહેતા હતા بَلْ هُوَ شَاعِرٌ એટલે કે તેના વિષયો કાલ્પનિક છે ભલે તે જ્યોતિષ ન હોય તો આ સંભાવના પણ એટલા માટે ખોટી છે કે) શાયરોના માર્ગે તો માર્ગથી વિમુખ લોકો ચાલ્યા કરે છે (માર્ગનો ભાવાર્થ અત્રે શે'રો કહેવી છે, એટલે કે કાલ્પનિક વિષયો શાઈરાના અંદાજમાં અથવા કવિતા સ્વરૂપે કહેવી તે લોકોની પદ્ધતિ છે જે હકીકતથી માઈલો દૂર હોય, આગળ આ દા'વાની સ્પષ્ટતા છે કે) હે શ્રોતા ! શું તમને ખબર નથી કે તે (શાયર) લોકો (કાલ્પનિક વિષયોના) દરેક મેદાનમાં હેરાન (પરેશાન માથું મારતા મારતા વિષયોના સંશોધનમાં ફાફાં મારતા) ફર્યા કરે છે અને (જ્યારે વિષય મળી જાય છે તો મોટા ભાગે હકીકતથી વિરોધાભાસી હોય છે એટલા માટે) મુખથી એવી વાતો કહે છે જે કરતા નથી (એટલા માટે શાયરોના ગપ્પાંઓનો એક નમૂનો અત્રે લખવામાં આવે છે.

صبا نے اسکے کوچہ سے اُڑا کر خدا جانے ہماری خاک کیا کی۔

اے رشکِ مسیحا تری رفتار کے قرباں ٹھوکر سے مری لاش کئی بار جلا دی

اے بادِ صبا ہم تجھے کیا یاد کریں گے اُس گل کی خبر تو نے کبھی ہم کو نہ لا دی

વગેરે...વગેરે... એટલે સુધી કે ક્યારેક કુફ્રની વાતો પણ બકવા લાગે છે, જવાબનો ખુલાસો એ છે કે શાઈરાના વિષયો માટે કલ્પનાઓ અને ગપગોળાઓ હોવું જરૂરી છે અને કુર્આનના વિષયો જે વિષય સાથે પણ સંબંધ ધરાવે છે તે સઘળું હકીકત, વાસ્તવિક છે અને માત્ર કોરી કલ્પનાઓ નથી એટલા માટે આપ ﷺને શાયર કહેવું પોતે જ એક શાઈરાના પાગલપણા સિવાય બીજું શું હોઈ શકે છે એટલે સુધી કે મોટા ભાગે કારણ કે કવિતામાં એવા જ વિષયો હોય છે, કારણ કે દરેક શાયરોની ટીકા અત્રે આવેલી છે જેનાથી સામાન્ય રીતે બધા જ કવિતા કહેનારાઓ સામેલ થાય છે, ભલે તેમના વિષયો હિકમત અને તહકીક હોય એટલા માટે અમુક કવિતા કહેનારાઓના અમુક અપવાદોનો વિષય અત્રે વર્ણન થયો છે કે) હા ! પરંતુ જે લોકો (તે શાયરોમાંથી) ઈમાન લાવ્યા અને સારા સારા કામો કર્યા (એટલે કે શરીઅત વિરુદ્ધ ન તો તેમનું કોઈ નિવેદન છે અને ન જ કોઈ પ્રવૃત્તિ, એટલે કે તેમની શે'રોમાં કોઈ વાહિયાત શે'રો નથી) અને તેમણે (પોતાની

શે'રોમાં) મોટે ભાગે અલ્લાહનું વર્ણન કર્યું (એટલા માટે દીનનું સમર્થન અને જ્ઞાનના પ્રસાર પ્રચારમાં તેમના શે'રો છે કે આ બધું જ અલ્લાહ તઆલાના ઝિક્રમાં સામેલ છે) અને (જો કોઈ શે'રમાં દેખીતી રીતે કોઈ અયોગ્ય વિષય પણ છે જેમકે કોઈની ટીકા અને નીંદા જે સામાન્ય રીતે જાહેર નૈતિકતા વિરુદ્ધ છે તો તેનું કારણ પણ એ છે કે) તેમણે તેમના ઉપર જુલમ થઈ ચૂક્યા પછી (તેનો) બદલો લીધો (છે એટલે કે કાફિરો અથવા ફાસિકોએ પ્રથમ તેમને મૌખિક રીતે તકલીફ પહોંચાડી, દાખલા તરીકે તેમની ટીકા, ઠઠ્ઠો મશ્કરી અથવા દીનના અપમાનજનક વાક્યો કહ્યા જે દીન વિશેના અપમાનજનક વાક્યો હતા તે પોતાની વ્યક્તિગત ઠઠ્ઠા મશ્કરી કરતાં વધારે ટીકાનું કારણ છે અથવા તેમના માલને અથવા પ્રાણને નુકસાન પહોંચાડ્યું, એટલે કે આ લોકો તેમાંથી બાકાત છે કારણ કે બદલા સ્વરૂપે જે શે'રો કહેવામાં આવી છે તેમાંથી અમુક તો મુબાહ છે અને અમુક આજ્ઞાપાલન અને સવાબના કાર્ય સ્વરૂપે છે) અને (આટલે સુધી રિસાલત વિશે શંકાઓનો જવાબ પૂર્ણ થયો અને આનાથી અગાઉ રિસાલત દલીલોથી સાબિત થઈ ચૂકી હતી, હવે આગળ તે લોકોને ધમકીઓ છે જે આ બધું હોવા છતાં નુબુવ્વતના ઈન્કારી રહ્યા અને રસૂલે કરીમ ﷺને કષ્ટ પહોંચાડે છે એટલે કે) નિકટમાં જ તે લોકોને જાણ થઈ જશે જેમણે (અલ્લાહના હકો, રસૂલના હકો, અથવા બંદાઓના હકોમાં) જુલમ કરી રાખ્યો છે કે કેવી (ખરાબ અને મુસીબતની) જગ્યાએ તેમને પાછા વળીને જવાનું છે (તેનો ભાવાર્થ જહન્નમ છે).

મસ્અલા અને બોધપાઠ :

نَزَلَ بِهِ الرُّوْحُ الْاَمِيْنُ ○ عَلٰى قَلْبِكَ لِتَكُوْنَ مِنَ الْمُنْذِرِيْنَ ○ بِلِسَانٍ عَرَبِيٍّ مُّبِيْنٍ ○
وَاِنَّهٗ لَفِىْ زُبُرِ الْاَوَّلِيْنَ ○

કુર્આન એ તેના શબ્દો અને અર્થોના મિશ્રણનું નામ છે :

પ્રસ્તુત આયતમાં بِلِسَانٍ عَرَبِيٍّ مُّبِيْنٍ થી જાણ થાય છે કે કુર્આન તે જ છે જે અરબી ભાષામાં હોય, કોઈ કુર્આનના વિષયનો તરજુમો ભલે કોઈપણ ભાષામાં હોય તે કુર્આન કહેવાશે નહીં અને اِنَّهٗ لَفِىْ زُبُرِ الْاَوَّلِيْنَ ના શબ્દોથી દેખીતી રીતે તેનાથી વિપરીત એ જાણ થાય છે કે કુર્આનના અર્થો જે કોઈ અન્ય

ભાષામાં પણ હોય તે પણ કુર્આન છે, કારણ કે اِنَّهٗ ની ઝમીર દેખીતી એ છે કે તે કુર્આન તરફ ઢળેલી છે અને زُبُر એ زَبُوْر નું બહુવચન છે જેનો અર્થ "કિતાબ" થાય છે, આયતનો ભાવાર્થ એ થશે કે કુર્આને કરીમ પાછલી કિતાબોમાં પણ છે અને આ દેખીતું છે પાછલી કિતાબો તવરાત, ઈન્જીલ, ઝબૂર વગેરે અરબી ભાષામાં ન હતી તો માત્ર કુર્આનના અર્થો તેમનામાં ઉપસ્થિત હોવાનું આ આયતમાં કહેવામાં આવ્યું છે કે કુર્આન પાછલી કિતાબોમાં પણ છે અને વાસ્તવમાં જેના ઉપર ઉમ્મતનો અકીદહ છે તે એ છે કે માત્ર કુર્આનના વિષયો પણ અમુક સમયે બોલચાલની ભાષામાં કુર્આન કહી આપવામાં આવે છે, કારણ કે મૂળ હેતુ કોઈ કિતાબના તેના વિષયોમાં જ હોય છે. كُتُبِ اَوَّلِيْنَ માં કુર્આનનું ઉપસ્થિત હોવું પણ આ જ સ્વરૂપે છે કે કુર્આનના અમુક વિષયો તેમાં પણ આવેલા છે, તેનું સમર્થન ઘણી બધી હદીષની રિવાયતોથી પણ થાય છે.

મુસ્તદરક હાકિમમાં હઝરત મઅ્કલ બિન યસાર (રદિ.)ની હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મને સૂરએ બકરહ પ્રથમ વર્ણનોમાંથી આપવામાં આવી છે અને સૂરએ તા-હા તથા તવાસીન, એટલે કે જેટલી સૂરતો طٰسٓ (તા-સીન)થી શરૂ થાય છે અને حَوَامِيْم એટલે કે જે સૂરતો حٰمٓ (હા-મીમ)થી શરૂ થાય છે આ બધી સૂરતો اَلْوَاحِ مُوْسٰى (અલ્વાહે મૂસા)માંથી આપવામાં આવી છે અને સુરએ ફાતિહા મને અર્શના તખ્તએથી આપવામાં આવી છે તથા તબરાની, હાકિમ વગેરેએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)થી રિવાયત કરી છે કે સૂરએ મૂલ્ક તવરાતમાં મોજૂદ છે. -હદીષ -અને સૂરત سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى (સબ્બિહિસ્મ રબ્બિકલ્ અઅ્લા)માં તો પોતે કુર્આનની સ્પષ્ટતા છે કે, اِنَّ هٰذَا لَفِى الصُّحُفِ الْاُوْلٰى صُحُفِ اِبْرَاهِيْمَ وَمُوْسٰى એટલે કે સૂરતના આ વિષયો હઝરત ઈબ્રાહીમ અને હઝરત મૂસા (અલૈ.)ના સહીફાઓ (કિતાબો)માં પણ છે પરંતુ બધી જ આયતો અને રિવાયતોનો ખુલાસો એ જ છે કે ઘણા બધા કુર્આનના વિષયો પાછલી કિતાબોમાં પણ મોજૂદ હતા, તેનાથી આ જરૂરી નથી બનતું કે આ વિષયોના કારણે પાછલી કિતાબોના તે વિભાગોને જેમાં આ કુર્આનના વિષયો આવ્યા છે કુર્આનનું નામ આપવામાં આવે, ન જ ઉમ્મતમાં કોઈ એવી માન્યતા ધારાવે છે કે તે સહીફાઓ અને કિતાબોને કે જેમાં કુર્આનના વિષયો ઉપસ્થિત છે કુર્આન કહેવામાં આવે, બલકે સર્વસહમત જમહૂર ઉમ્મતનો

અકીદહ એ જ છે કે કુર્આન ન જ ફક્ત કુર્આનના શબ્દોનું નામ છે અને ન જ માત્ર કુર્આનના અર્થોનું; જો કોઈ વ્યક્તિ કુર્આનના જ શબ્દો વિવિધ સ્થળોએથી ચૂંટી લઈને એક વાક્ય બનાવે, દાખલા તરીકે કોઈ એવું વાક્ય બનાવે કે ـ اَلْحَمْدُ لِلّٰهِ اَلْعَزِيْزُ الرَّحِيْمُ ـ اَلَّذِىْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ ـ وَهُوَ رَبُّ الْعٰلَمِيْنَ ـ خَالِقُ كُلِّ شَىْءٍ ـ وَهُوَ الْمُسْتَعَانُ આ બધા શબ્દો કુર્આનના જ છે પરંતુ આ વાક્યને કુર્આન કહી શકાશે નહીં, એ જ પ્રમાણે માત્ર કુર્આનના અર્થો જે કોઈ બીજી ભાષામાં વર્ણન કરવામાં આવે તે પણ કુર્આન નથી.

નમાઝમાં કુર્આનનો તરજુમો પઢવો ઉમ્મતના ઇજ્માઅ્થી નાજાઇઝ છે :

આ જ કારણે ઉમ્મતની એ બાબતે સહમતી છે કે નમાઝમાં ફરજ તિલાવતની જગ્યાએ કુર્આનના શબ્દોનો તરજુમો કોઈ ફારશી, ઉર્દૂ, અંગ્રેજી ભાષામાં પઢવો ઈજ્તિરાર વિના પૂરતો નથી, અમુક ઈમામોએ તેમાં تَوَسُّعْ નિવેદન નકલ કર્યું છે, તેમનું પણ પોતાના આ નિવેદન ઉપરથી પાછા ફરવાનું સાબિત થયું છે.

કુર્આનના ઉર્દૂ અનુવાદને "ઉર્દૂનું કુર્આન" કહેવું જાઇઝ નથી :

એ જ પ્રમાણે કુર્આનનો તરજુમો માત્ર કોઈ અન્ય ભાષામાં મૂળ અરબી લખાણ વિના લખવામાં આવે તો તેને તે ભાષાનું કુર્આન કહેવું જાઈઝ નથી, જેમકે આજકાલ ઘણા લોકો માત્ર કુર્આનના ઉર્દૂ તરજુમાને "ઉર્દૂ કુર્આન" અને અંગ્રેજી અનુવાદને "અંગ્રેજી કુર્આન" કહી આપે છે, આ નાજાઈઝ અને બેઅદબી છે. કુર્આનને મૂળ અરબી લખાણ વિના કોઈ બીજી ભાષામાં કુર્આનના નામથી પ્રકાશિત કરવું અથવા તેનું લેવું-વેચવું બધું નાજાઈઝ છે. આ મસ્અલાની સંપૂર્ણ વિગત મારી પુસ્તિકા تَحْذِيْرُ الْاِخْوَانِ عَنْ تَغْيِيْرِ رَسْمِ الْقُرْاٰنِ માં ઉપસ્થિત છે.

اَفَرَءَيْتَ اِنْ مَّتَّعْنٰهُمْ سِنِيْنَ આ આયતમાં ઈશારો છે કે દુનિયામાં કોઈને લાંબી ઉંમર મળવી પણ અલ્લાહ તઆલાની મોટી નેઅ્મત છે પરંતુ જે લોકો આ નેઅ્મતની નાશુક્રી કરે, ઈમાન ન લાવે તેમની લાંબી ઉંમરની રાહત અને મહોલત કંઈ કામ લાગશે નહીં. ઈમામ ઝહરી (રહ.)એ નકલ કર્યું છે કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીજ (રહ.) દરરોજ સવારે પોતાની દાઢી પકડીને પોતાની જાતને સંબોધન કરીને આ આયત પઢયા કરતા હતા. ....اَفَرَءَيْتَ اِنْ مَّتَّعْنٰهُمْ ત્યારબાદ

તેમના ઉપર ભાવાવેશ છવાઈ જતો હતો અને તેઓ આ શે'રો પઢ્યા કરતા હતા.

نَهَارُكَ بِالْغُرُوْرِسَهْوٌوَغَفْلَةٌ، وَلَيْلُكَ نَوْمٌ وَالرَّدٰى لَكَ لَازِمٌ، فَلَا اَنْتَ فِى الْاَيْقَاظِ يَقْظَانُ حَازِمٌ، وَلَااَنْتَ فِى النُّوَّامِ نَاجٍ وَسَالِمٌ، وَتَسْعٰى اِلٰى مَاسَوْفَ تَكْرَهُ غِبَّةً، كَذٰلِكَ فِى الدُّنْيَا تَعِيْشُ الْبَهَائِمُ

"હે ઠગાયેલા ! તારો સંપૂર્ણ દિવસ ગફલતમાં અને રાત્રિ ઊંઘમાં પસાર થાય છે જ્યારે કે મોત તારા માટે નિશ્ચિત છે, ન તો તું જાગૃત લોકોમાં હોશિયાર અને જાગતો છે અને ન જ સૂનારાઓમાં પોતાના છુટકારા ઉપર સંતોષિત છે, તારા પ્રયત્નો એવા કામોમાં થતા રહે છે જેનું પરિણામ નિકટમાં નાપસંદ સ્વરૂપે સામે આવશે, દુનિયામાં ચોપગા જાનવરો આ જ પ્રમાણે જીવતા હોય છે."

وَاَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ માં عَشِيْرَةُ (અશીરહ)નો અર્થ કુટુંબ અને કૌટુંબિક સંબંધીઓની શરતથી તેમાં પણ નજીકના સગાં વહાલાંઓ ભાવાર્થ તરીકે છે. અત્રે આ વાત વિચારપ્રેરક છે કે રસૂલે કરીમ ﷺ ઉપર રિસાલતની તબ્લીગ અને સમગ્ર કોમને અલ્લાહથી ડરાવવાનો ફરજ છે. આ સ્થળે કુટુંબના લોકોને વિશિષ્ટ સ્વરૂપે વર્ણન કરવામાં શું હિકમત છે ? વિચાર કરવામાં આવે તો એમાં દા'વત અને તબ્લીગને સરળ અને અસરકારક બનાવવાની એક ખાસ રીત બતાવવામાં આવી છે જેનો પ્રભાવ ખૂબ દીર્ઘ છે, તે એ કે પોતાના કુટુંબ અને ખાનદાનના લોકો પોતાનાથી નિકટ હોવાના કારણે એ બાબતના હકદાર પણ છે કે દરેક ભલાઈ અને સારા કામમાં તેમને અન્યો ઉપર અગ્રિમતા આપવામાં આવે અને પરસ્પર સંબંધ તથા વ્યક્તિગત પરિચયની બીનાએ તેમનામાં કોઈ જૂઠો દા'વેદાર નથી ખપી શકતો અને તેની સચ્ચાઈ અને નૈતિક શ્રેષ્ઠતા કુટુંબના લોકોમાં પ્રખ્યાત છે, તેનું સાચું આમંત્રણ સ્વીકાર કરી લેવું તેમના માટે સરળ પણ હોય છે અને નિકટના સગાં વહાલાં જ્યારે કોઈ સારી ચળવળના સમર્થક બની જાય તો તેમનો ભાઈચારો અને મદદ પણ પાકા પાયાઓ ઉપર કાયમ થાય છે. તે કુટુંબ એકતાના આધારે પણ તેમનું સમર્થન કરવા માટે અને ભાઈચારા ઉપર મજબૂર હોય છે અને જ્યારે નજીકના સગાં વહાલાં, કુટુંબીઓનો એક સચ્ચાઈનો માહોલ અને સત્યના પાયાઓ ઉપર રચાઈ ગયો તો દરરોજના જીવનમાં દરેકને

દીનના હુકમો ઉપર અમલ કરવામાં ઘણી સહૂલત થઈ જાય છે અને પછી એક નાની સરખી શક્તિ તૈયાર થઈને અન્યો સુધી દા'વત અને તબ્લીગ પહોંચાડવામાં મદદ મળે છે. કુર્આને કરીમની એક બીજી આયતમાં છે قُوْٓا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا એટલે કે, પોતાને અને પોતાના ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવો. તેમાં ઘરવાળાઓને જહન્નમથી બચાવવાની જવાબદારી કુટુંબના દરેક વ્યક્તિ ઉપર નાંખવામાં આવી છે જે કર્મોની સુધારણા અને નૈતિકતાનો સીધો અને સરળ માર્ગ છે અને વિચાર કરવામાં આવે તો કોઈ માનવીનું પોતે સારા કર્મો તથા ઉચ્ચ કક્ષાની નૈતિકતાનું પાબંદ થઈ જવું અને પછી તેના ઉપર કાયમ રહેવું તે વખત સુધી સ્વાભાવિક રીતે શક્ય નથી હોતું જ્યાં સુધી તેનો માહોલ (આસપાસનું વાતાવરણ) તેના માટે અનુકૂળ ન બની જાય. આખા ઘરમાં જો એક વ્યક્તિ નમાઝની સંપૂર્ણ પાબંદી કરવા ઈચ્છે તો તે પાકા નમાઝીને પણ પોતાના હકની અદાયગીમાં મુશ્કેલીઓ નડશે. આજકાલ જે હરામ વસ્તુઓથી બચવાનું મુશ્કેલ થઈ ગયું છે તેનું કારણ એ નથી કે વાસ્તવમાં તેનું છોડવું કોઈ મોટું મુશ્કેલ કાર્ય છે બલકે કારણ એ છે કે સંપૂર્ણ માહોલ, આખો સમાજ જયારે એક ગુનાહમાં સંડોવાય છે તો એકલા એક વ્યક્તિનું બચવું મુશ્કેલ બની જાય છે, રસૂલે કરીમ ﷺ ઉપર જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે આપ ﷺએ બધા જ કુટુંબના લોકોને ભેગા કરીને સત્યનો સંદેશ સંભળાવ્યો, તે સમયે જો કે લોકોએ સત્યનો સ્વીકાર કરવાથી ઈન્કાર કર્યો પરંતુ ધીમે ધીમે કુટુંબીજનોમાં ઈસ્લામ અને ઈમાન પ્રવેશ પામવાનું શરૂ થઈ ગયું અને રસૂલે કરીમ ﷺના કાકા હઝરત હમ્ઝહ (રદિ.)ના ઈસ્લામ લાવવાથી ઈસ્લામને એક મોટી શક્તિ પ્રાપ્ત થઈ ગઈ.

શાયરીના વખાણ :

وَالشُّعَرَآءُ يَتَّبِعُهُمُ الْغَاوٗنَ મૂળ શબ્દાર્થમાં شِعْر (શે'ર) "કવિતા" દરેક તે કલામને કહેવામાં આવે છે જેમાં માત્ર કાલ્પનિક અને તહકીક કર્યા વિનાના વિષયો વર્ણન કરવામાં આવ્યા હોય જેમાં કોઈ પ્રાસ, લય-તાલ અને રદીફ કે કાફિયાની કોઈ શરત નથી. શબ્દકોષની પરિભાષામાં પણ આવા જ વિષયોને اَدِلَّةٌ شِعْرِيَّةٌ અને قَضَايَا شِعْرِيَّةٌ કહેવામાં આવે છે. પારિભાષિક શે'ર અથવા ગઝલમાં પણ કારણ કે સામાન્ય રીતે કલ્પનાઓ જ હોય છે એટલા માટે શાયરોની પરિભાષામાં کلامِ موزوں مقفّٰی (લય, તાલ અને પ્રાસ)ને શે'ર કહેવા

લાગ્યા. અમુક તફસીરકારોને કુર્આનની આયત، بَلْ هُوَ شَاعِرٌ، شَاعِرٌ مَّجْنُوْنٌ شَاعِرٌ نَّتَرَبَّصُ بِهٖ વગેરેમાં પારિભાષિક શે'રના અર્થમાં ભાવાર્થ તરીકે લઈને કહ્યું કે મક્કાના કાફિરો રસૂલે કરીમ ﷺને પ્રાસ, લય–તાલ અને રદીફ કાફિયાવાળું કલામ લાવનારા કહેતા હતા પરંતુ અમુકે કહ્યું કે કાફિરોનો હેતુ એ ન હતો એટલા માટે કે તેઓ શે'રની શૈલી અને પદ્ધતિથી વાકેફ હતા અને દેખીતું છે કે કુર્આન શે'રોનો સંગ્રહ નથી તેનું સમર્થન તો એક બિનઅરબ પણ નથી કરી શકતો તો પછી કોઈ સાહિત્યકાર ઉચ્ચ કોટીનો અરબ ભાષાશાસ્ત્રી કઈ રીતે કરી શકે છે ? બલકે કાફિરો રસૂલે કરીમ ﷺને શાઈર –શે'રના મૂળ અર્થ એટલે કે કાલ્પનિક વિષયોના આધારે કહેતા હતા. તેમનો વાસ્તવિક હેતુ નઊઝુબિલ્લાહ આપ ﷺને જૂઠા કહેવાનો હતો કારણ કે "શે'ર" એ "જૂઠ"ના અર્થમાં પણ ઉપયોગ થાય છે અને "શાઈર" એ "જૂઠા"ને પણ કહેવામાં આવે છે એટલા માટે اَدِلَّةٌ كَاذِبَةٌ ને اَدِلَّةٌ شِعْرِيَّةٌ કહેવામાં આવે છે. ખુલાસો એ છે કે જે રીતે مَوْزُوْن અને مُقَفّٰى કલામને શે'ર કહે છે એ જ પ્રમાણે ظَنِّىْ અને تَخْمِيْنِىْ કલામને પણ શે'ર કહે છે જે તર્કશાસ્ત્રીઓની પરિભાષા છે.

وَالشُّعَرَآءُ يَتَّبِعُهُمُ الْغَاوٗنَ આ આયતમાં શે'રની પરિભાષા અને પ્રખ્યાત અર્થ જ ભાવાર્થ તરીકે છે, એટલે કે مَوْزُوْن وَمُقَفّٰى "લય અને તા'લ" (Rhythmic Composer) કલામ કહેનાર. તેનું સમર્થન ફત્હુલ બારીની રિવાયતથી થાય છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા, હસ્સાન બિન ષાબિત અને કઅ્બ બિન માલિક (રદિ.) જેઓ શાઈર સહાબાઓમાં મશ્હૂર છે રડતાં રડતાં રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને વિનંતી કરી, યા રસૂલે કરીમ ﷺ ! અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી છે અને અમે પણ શે'ર કહીએ છીએ. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે આયતના અંતિમ ભાગને પઢો. મકસદ એ હતો કે તમારી શે'રો (કવિતાઓ) વાહિયાત અને ખોટા હેતુ માટે નથી હોતી એટલા માટે તમે તેના અપવાદમાં સામેલ છો જે અંતિમ આયતમાં ઉપસ્થિત છે એટલા માટે તફસીરકારોએ ફરમાવ્યું કે શરૂઆતની આયતમાં મુશ્રિક કવિઓ ભાવાર્થ તરીકે છે, કારણ કે ગુમરાહ લોકો, બળવાખોર શયતાનો, નાફરમાન જિન્નાતો તેમની જ કવિતાઓનું અનુસરણ કરતા હતા અને રિવાયત કરતા હતા. *(કમા ફિ ફત્હુલ બારી)*

શરીઅતે ઇસ્લામમાં શે'ર-શાયરી (કાવ્ય)નો દરજ્જો :

પ્રસ્તુત આયતોની શરૂઆયતથી શે'ર-શાયરીની સખત ટીકા અને તેને અલ્લાહ સમીપ નાપસંદ હોવાનું જણાય છે પરંતુ સૂરતના અંતે જે અપવાદ ઉપસ્થિત છે તેનાથી સાબિત થયું કે શે'ર (કાવ્ય) સદંતર ખરાબ નથી, બલકે જ્યારે જે શે'રમાં અલ્લાહ તઆલાની નાફરમાની અથવા અલ્લાહ તઆલાના ઝિક્રથી રોકવું અથવા જૂઠ અને અસત્ય અથવા કોઈ વ્યક્તિની ટીકા અથવા અપમાન હોય અથવા નિર્લજ્જ વાક્યો અને નિર્લજ્જતા પ્રસરાવનાર હોય તો તે ટીકાપાત્ર અને નીંદનીય છે અને જે કાવ્યો આ ગુનાહો અને નાપસંદ બાબતોથી પવિત્ર હોય તેને અલ્લાહ તઆલાએ ....اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ દ્વારા અપવાદ ઠરાવ્યું છે અને અમુક કાવ્યો તો ઉચ્ચ કોટીના હિકમતપૂર્ણ વિષયો અને બોધપાઠ આપનાર હોવાના કારણે આજ્ઞાપાલન અને સવાબમાં સામેલ છે જેમકે હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)ની રિવાયત છે, اِنَّ مِنَ الشِّعْرِ حِكْمَةً એટલે કે, અમુક કાવ્યો હિકમત હોય છે. *(રવાહુલ બુખારી)*

હાફિઝ ઈબ્ને હઝર મક્કી (રહ.)એ ફરમાવ્યું કે હિકમતનો ભાવાર્થ સાચી વાત છે જે સત્ય આધારિત હોય. ઈબ્ને બતાલે ફરમાવ્યું, જે કાવ્યમાં અલ્લાહ તઆલાની ઐક્યતા (તવહીદ), તેનું વર્ણન, ઈસ્લામથી મહોબ્બતનો ઉલ્લેખ હોય તે શે'ર પ્રિય અને પસંદ કરવામાં આવેલ છે તથા પ્રસ્તુત હદીષમાં આવા જ કાવ્યો ભાવાર્થ સ્વરૂપે છે અને જે કાવ્યમાં જૂઠ અને નિર્લજ્જતા વર્ણન થઈ હોય તે નીંદનીય છે અને તેનું વધારે સમર્થન નીચે આપેલ રિવાયતોથી થાય છે.

(૧) ઉમર બિન શરીદ પોતાના પિતાથી રિવાયત કરે છે કે રસૂલે કરીમ ﷺએ મારી પાસેથી ઉમય્યા ઈબ્ને અબીસ્સલ્તના સો કાફિયા સુધીના શે'રો સાંભળ્યા.

(૨) મુતર્રિફ કહે છે કે મેં કુફાથી બશરા સુધી હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન (રદિ.)ની સાથે મુસાફરી કરી અને દરેક મંઝિલ ઉપર તેઓ શે'ર સંભળાવતા હતા.

(૩) તબરીએ ઉચ્ચ કોટીના સહાબા (રદિ.) અને ઉચ્ચ કોટીના તાબિઈન (રહ.) વિશે કહ્યું કે, તેઓ શે'ર (કાવ્ય) કહેતા હતા, સાંભળતા હતા અને સંભળાવતા હતા.

(૪) ઈમામ બુખારી (રહ.) ફરમાવે છે કે હઝરત આયશા (રદિ.) શે'ર કહ્યા કરતાં હતાં.

(૫) અબૂ યઅ્લાએ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત કરી છે કે શે'ર એક કલામ છે, જો તેનો વિષય સારો અને લાભદાયક હોય તો શે'ર સારો છે અને વિષય ખરાબ અને ગુનાહનો છે તો શે'ર ખરાબ છે. *(ફત્હુલ બારી)*

તફસીરે કુર્તુબીમાં છે કે મદીના મુનવ્વરહના દશ ફુક્હા જે પોતાના જ્ઞાન અને શ્રેષ્ઠતામાં મશ્હૂર છે તેમનામાંથી અબ્દુલ્લાહ ઉબયદુલ્લાહ બિન ઉત્બાહ બિન મસઊદ (રદિ.) મશ્હૂર શક્તિશાળી કલામના શાયર હતા અને કાઝી ઝુબૈર બિન બકારના કાવ્યો એક આગવા પુસ્તકમાં એકઠા કરેલા હતા, પછી કુર્તુબીએ લખ્યું છે કે અબૂ અમૂરીએ ફરમાવ્યું છે કે સારા વિષયો ઉપર આધારિત કાવ્યોને જ્ઞાનીઓ અને બૌદ્ધિકોમાંથી કોઈ ખરાબ નથી કહી શકતું કારણ કે ઉચ્ચ કોટિના સહાબા (રદિ.) જે દીનના આગેવાનો છે તેમનામાંથી કોઈ પણ એવું નથી જેણે પોતે શે'ર ન કહી હોય અથવા અન્યો પાસેથી શે'રો ન પઢી હોય કે પસંદ કરી ન હોય !

જે રિવાયતોમાં શે'ર-શાયરીની ટીકા અને નીંદાનો ઉલ્લેખ છે તેનો હેતુ એ છે કે શે'ર-શાયરીમાં એટલું પ્રવૃત્ત અને ઓતપ્રોત થઈ જવું કે અલ્લાહના ઝિક્ર, ઈબાદત અને કુર્આનથી ગાફેલ થઈ જાય. ઈમામ બુખારી (રહ.)એ તેને એક આગવા પ્રકરણમાં વર્ણન કર્યું છે અને આ પ્રકરણમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની આ રિવાયત નકલ કરી છે. لَاَنْ يَّمْتَلِئَ جُوْفُ رَجُلٍ قَيْحًا يَرِيْهِ خَيْرٌ مِّنْ اَنْ يَّمْتَلِئَ شِعْرًا એટલે કે, કોઈ વ્યક્તિ પરુંથી પોતાનું પેટ ભરે એ તેનાથી ઉત્તમ છે કે કાવ્યોથી પેટ ભરે. ઈમામ બુખારી (રહ.) ફરમાવે છે કે મારા સમીપ તેનો ભાવાર્થ એ છે કે કાવ્ય જ્યારે અલ્લાહના ઝિક્ર, કુર્આન તથા ઈલ્મની પ્રવૃત્તિઓ ઉપર છવાઈ જાય અને જો કાવ્ય ગૌણ સ્વરૂપે રહે તો પછી તે ખરાબ નથી. એ જ પ્રમાણે તે કાવ્યો જે નિર્લજ્જ વિષયો અથવા લોકો ઉપર કટાક્ષ અને મ્હેણા ટોણા મારવા અથવા બીજાઓ વિરુદ્ધ શરીઅત વિરુદ્ધના વિષયો ઉપર આધારિત હોય તે ઉમ્મતના ઈજ્માઅ્થી હરામ અને નાજાઈઝ છે અને આ માત્ર કાવ્ય કે શે'ર-શાયરીના સંદર્ભમાં લાગુ નથી પડતું, જે કોઈપણ વાક્યો કે કલામ આવું હોય તેનો પણ આ જ હુકમ છે. *(કુર્તુબી)*

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)એ પોતાના ગવર્નર અદી બિન નદલહને તેમના હોદ્દા ઉપરથી એટલા માટે બરખાસ્ત કરી દીધા કે તેઓ નિર્લજ્જ કાવ્યો કહેતા હતા. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)એ અમ્ર બિન રબિયા અને અબૂલ અહ્‌વસને આ જ અપરાધમાં દેશનિકાલ કરવાનો હુકમ આપ્યો, અમ્ર બિન રબિયાએ તવબહ કરી લીધી તે સ્વીકારવામાં આવી. *(કુર્તુબી)*

અલ્લાહ તઆલાથી અને આખિરતથી ગાફેલ કરનાર દરેક જ્ઞાન અને કળા નીંદનીય છે :

ઈબ્ને અબી જમરહે ફરમાવ્યું કે ઘણી કાફિયાબાજી (પ્રાસ, લય અને તાલ) અને દરેક એવું જ્ઞાન અને કળા જે દિલોને કઠોર બનાવી દે અને અલ્લાહ તઆલાના ઝિક્રથી અળગા અને ગાફેલ થવાનું કારણ બને અને માન્યતાઓમાં શંકા તથા સંદેહ અને આધ્યાત્મિક બીમારીઓ પેદા કરે તેનો પણ એ જ હુકમ છે જે ટીકાપાત્ર કાવ્યોનો હુકમ છે.

મોટા ભાગના અનુસરણ કરનારાઓની ગુમરાહી તે જેનું અનુસરણ કરી રહ્યો છે તે આગેવાનની ગુમરાહીની નિશાની હોય છે :

اَلشُّعَرَاءُ يَتَّبِعُهُمُ الْغَاوٗنَ આ આયતમાં શાઈરો (કવિઓ) ઉપર આ ઐબ લગાવવામાં આવી છે કે તેમના અનુયાયીઓ ગુમરાહ છે. અત્રે પ્રશ્ન એ પેદા થાય છે કે ગુમરાહ તો અનુયાયીઓ થયા અને તેમની પ્રવૃત્તિનો ઈલ્જામ તે અનુયાયીઓ જેનું અનુસરણ કરે છે તે આગેવાનો એટલે કે કવિઓ ઉપર કેવી રીતે આપી શકાય ? કારણ એ છે કે મોટે ભાગે અનુસરણ કરનારાની ગુમરાહી તે જેમનું અનુસરણ કરે છે તેમની ગુમરાહીની એક નિશાની હોય છે પરંતુ સય્યિદી હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ ફરમાવ્યું કે આ હુકમ એવા સમયે છે જ્યારે કે અનુસરણ કરનારની ગુમરાહીમાં તે જેનું અનુસરણ કરવામાં આવે છે તેના અનુસરણની દખલગીરી હોય. દાખલા તરીકે આગેવાન કે જેનું અનુસરણ કરવામાં આવે છે તે જૂઠ અને ગીબતથી બચવા કે બચાવવાની કાળજી નથી લેતો, તેની મજલિસમાં એ પ્રકારની વાતો થાય છે તો તેની રોકટોક કે મનાઈ નથી કરતો એના કારણે અનુયાયીને પણ જૂઠ અને ગીબતની આદત પડી ગઈ તો આ અનુયાયીનો ગુનોહ પોતે તે જેનું અનુસરણ કરી રહ્યો છે તે આગેવાનના ગુનાહની

નિશાની ઠરાવવામાં આવશે પરંતુ જો ગુમરાહી આગેવાનના એક કારણથી અને અનુસરણ બીજા કારણથી હોય તો આ અનુયાયીની ગુમરાહી આગેવાનની ગુમરાહીની નિશાની નહીં થાય, દાખલા તરીકે એક વ્યક્તિ અકીદા અને મસ્અલાઓમાં કોઈ આલિમનું અનુસરણ કરે છે અને તેમનામાં કોઈ ગુમરાહી નથી, અમલો અને નૈતિકતામાં તે આલિમનું અનુસરણ નથી કરતો તેનામાં જ આ ગુમરાહી છે તો તેના કર્મો અને નૈતિક ગુમરાહી આ આલિમની ગુમરાહી ઉપર દલીલ થશે નહીં. વલ્લાહુ અઅ્લમુ.

تَمَّتْ سُوْرَةُ الشُّعْرَاءِ بِعَوْنِ اللّٰهِ وَحَمْدِهٖ فِیْ نِصْفِ الرَّبِیْعِ الثَّانِیْ ۱۳۹۱ھ

یَوْمَ الْخَمِیْسِ وَیَتْلُوْهَا اِنْشَاءَ اللّٰهُ تَعَالٰی سُوْرَةُ النَّمْلِ

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ શુઅ્રા પૂર્ણ થઈ.

□□□□□□□□□□□□


તારીખ : ૮ માર્ચ ૨૦૦૯ મુતાબિક ૨૧ રબિઉલ અવ્વલ ૧૪૩૧ હિજરી.

પ્રકરણ (૨૭)

સૂરએ નમ્લ

સૂરએ નમ્લ મક્કામાં ઊતરી અને તેની ૯૩ આયતો અને ૭ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૧ થી ૬)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

તા-સીન; આ આયતો છે કુર્આન અને સ્પષ્ટ કિતાબની. (૧) હિદાયત અને ખુશખબરી ઈમાનવાળાઓ માટે. (૨) જેઓ નમાઝ કાયમ રાખે છે અને ઝકાત આપે છે અને તેમને આખિરત ઉપર યકીન (શ્રદ્ધા) છે. (૩) નિશંક! જે લોકો આખિરતને નથી માનતા અમે તેમની દષ્ટિમાં તેમના કાર્યો શણગારીને બતાવ્યા; બસ તેઓ ભટકતા ફરે છે. (૪) તે જ છે જેમના માટે ખરાબ પ્રકારનો અઝાબ છે અને આખિરતમાં તેઓ જ નુકસાનમાં છે. (૫)

અને બેશક તમને તો આ કુર્આન એક હિકમતવાળા સર્વજ્ઞ તરફથી પહોંચે છે. (૬)

તફસીર :

તા-સીન (એનો અર્થ અલ્લાહ તઆલાને ખબર છે), આ (આયતો) ઈમાનવાળાઓ માટે હિદાયત(નું કારણ) અને (તે હિદાયત ઉપર નેક બદલાની) ખુશખબરી સંભળાવનારી છે જે (મુસલમાન) એવા છે કે (અમલમાં પણ હિદાયત ઉપર ચાલે છે એટલા માટે) નમાઝની પાબંદી કરે છે (કે જે શારીરિક ઈબાદતોમાં સૌથી મોટી છે) અને ઝકાત આપે છે (જે આર્થિક ઈબાદતોમાં સૌથી મોટી ઈબાદત છે) અને (માન્યતાની દષ્ટિએ પણ હિદાયત પામેલા છે એટલા માટે) તેઓ આખિરત ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખે છે. (આ તો ઈમાનવાળાઓના લક્ષણો છે અને) જે લોકો આખિરત ઉપર ઈમાન નથી રાખતા અમે તેમના (બુરા) અમલો તેમની નજરમાં ભલા કરી રાખ્યા છે, બસ તેઓ (પોતાની અજ્ઞાનતામાં સત્યથી વેગળા) ભટકતા ફરે છે (એટલા માટે ન તો તેમના અકીદાઓ સાચા છે અને ન જ અમલો તેથી તેઓ કુર્આનને પણ નથી માનતા તો જે રીતે કુર્આન ઈમાનવાળાઓને ખુશખબરી સંભળાવે છે એ જ પ્રમાણે ઈન્કારીઓને ધમકીઓ પણ સંભળાવે છે કે) આ તે લોકો છે જેમના માટે (દુનિયામાં મૃત્યુ ટાણે પણ) સખત અઝાબ (થવાનો) છે અને તે લોકો આખિરતમાં (પણ) સખત નુકસાનમાં છે (કે ક્યારેય છુટકારો થશે નહીં) અને (જો કે ઈન્કારીઓ કુર્આનને ન માને પરંતુ) તમને ખરેખર એક મોટા હિકમતવાળા સર્વજ્ઞ તરફથી કુર્આન આપવામાં આવી રહ્યું છે (તમે આ નેઅ્મતથી ખુશ થાઓ અને તેમના ઈન્કાર કરવાથી ગમગીન ન થાઓ).

મસ્અલા અને બોધપાઠ :

زَيَّنَّا لَهُمْ أَعْمَالَهُمْ એટલે કે જે લોકો આખિરત ઉપર ઈમાન નથી લાવતા અમે તેમના ખરાબ અમલો તેમની નજરોમાં શણગારી દીધા છે એટલા માટે તેઓ તેમને જ સારા સમજીને ગુમરાહીમાં સપડાયેલા રહે છે અને અમુક વિવરણકારોએ આ આયતનું આ વિવરણ કર્યું છે કે, اعمالهم (અઅ્માલહુમ)નો ભાવાર્થ નેક કર્મો છે અને ભાવાર્થ એ છે કે અમે તો નેક કર્મોને શણગારીને તેમની

સામે મૂકી દીધા હતા પરંતુ તે જાલિમોએ તેમના તરફ ધ્યાન જ ન આપ્યું, બલકે કુફ્ર અને શિર્કમાં સપડાયેલા રહ્યા એટલા માટે ગુમરાહીમાં ભટકવા લાગ્યા પરંતુ પ્રથમ તફસીર વધારે સ્પષ્ટ છે. પ્રથમ તો એટલા માટે કે مُــزَيَّــنُ (મુઝય્યન) કરવાના શબ્દો સામાન્ય રીતે ખરાબ કર્મો માટે ઉપયોગ થાય છે, જેમકે زُيِّـنَ لِلـنَّـاسِ حُـبُّ الشَّهَـوٰتِ، زُيِّـنَ لِلَّـذِيْـنَ كَـفَرُوا الْحَيٰوةُ الدُّنْيَا، زَيَّنَ لِكَثِيْرٍ مِّنَ الْـمُشْرِكِيْنَ.... અને સારા કર્મો માટે આ શબ્દનો ઉપયોગ ઘણો ઓછો છે, જેમકે حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ وَزَيَّنَهٗ فِىْ قُلُوْبِكُمْ..... બીજી આયતમાં اَعْمَالُهُمْ (અઅ્માલુહુમ) "તેમના અમલો-કર્મો"નો શબ્દ પણ તેના ઉપર જ દલીલ કરી રહ્યો છે કે ભાવાર્થ દુષ્ટ કર્મો છે, ન કે નેક-ભલા કર્મો.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૭ થી ૧૪)

اِذْ قَالَ مُوْسٰى لِاَهْلِهٖۤ اِنِّىْۤ اٰنَسْتُ نَارًا ؕ سَاٰتِيْكُمْ مِّنْهَا بِخَبَرٍ اَوْ اٰتِيْكُمْ
بِشِهَابٍ قَبَسٍ لَّعَلَّكُمْ تَصْطَلُوْنَ ۝٧ فَلَمَّا جَآءَهَا نُوْدِىَ اَنْۢ بُوْرِكَ مَنْ فِى النَّارِ
وَمَنْ حَوْلَهَا ؕ وَسُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝٨ يٰمُوْسٰۤى اِنَّهٗۤ اَنَا اللّٰهُ الْعَزِيْزُ
الْحَكِيْمُ ۝٩ وَاَلْقِ عَصَاكَ ؕ فَلَمَّا رَاٰهَا تَهْتَزُّ كَاَنَّهَا جَآنٌّ وَّلّٰى مُدْبِرًا وَّلَمْ يُعَقِّبْ ؕ
يٰمُوْسٰى لَا تَخَفْ ۖ اِنِّىْ لَا يَخَافُ لَدَىَّ الْمُرْسَلُوْنَ ۝١٠ اِلَّا مَنْ ظَلَمَ ثُمَّ بَدَّلَ
حُسْنًۢا بَعْدَ سُوْٓءٍ فَاِنِّىْ غَفُوْرٌ رَّحِيْمٌ ۝١١ وَاَدْخِلْ يَدَكَ فِىْ جَيْبِكَ تَخْرُجْ بَيْضَآءَ مِنْ
غَيْرِ سُوْٓءٍ ۖ فِىْ تِسْعِ اٰيٰتٍ اِلٰى فِرْعَوْنَ وَقَوْمِهٖ ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ۝١٢ فَلَمَّا
جَآءَتْهُمْ اٰيٰتُنَا مُبْصِرَةً قَالُوْا هٰذَا سِحْرٌ مُّبِيْنٌ ۝١٣ وَجَحَدُوْا بِهَا وَاسْتَيْقَنَتْهَآ
اَنْفُسُهُمْ ظُلْمًا وَّعُلُوًّا ؕ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ ۝١٤ ع

તરજુમો :

જ્યારે મૂસા (અલૈ.)એ પોતાના ઘરવાળાઓને કહ્યું, મેં એક આગ જોઈ છે

હવે તમારી પાસે ત્યાંથી કંઈક ખબર લાવું છું અથવા અંગારો સળગાવીને લાવું છું જેથી તમે તાપો. (૭) પછી જ્યારે તેની પાસે પહોંચ્યા અવાજ થયો કે તેના ઉપર બરકત છે જે કોઈ તે આગમાં છે અને જે તેની આજુબાજુ છે અને પવિત્ર છે અલ્લાહની હસ્તી જે કુલ વિશ્વનો પરવરદિગાર છે. (૮) હે મૂસા (અલૈ.) ! બેશક હું તે અલ્લાહ છું જબરદસ્ત (મહાબળવાન) હિકમતોવાળો. (૯) અને પોતાની લાઠી નાંખી દો, પછી જ્યારે તેને હાલતી જોઈ જાણે કે તે સાપ હતો; પૂંઠ ફેરવીને પાછા ફર્યા અને પાછા વળીને ન જોયું, હે મૂસા (અલૈ.) ! ડરો નહીં; હું છું ! મારી પાસે રસૂલ ડરતા નથી. (૧૦) પરંતુ જેણે અતિરેક કર્યો પછી બુરાઈ બાદ બદલામાં નેકી કરી તો હું મા'ફ કરનાર દયાળુ છું. (૧૧) અને પોતાનો હાથ પોતાના ગિરેબાન (Bosom)માં નાંખો કે કોઈ ઐબ વિના સફેદ (ચળકતો) થઈને નીકળે; આ બંને મળીને નવ નિશાનીઓ લઈને ફિરઔન અને તેની કોમ તરફ જાઓ; બેશક તે નાફરમાન લોકો હતા. (૧૨) પછી જ્યારે તેમની પાસે અમારી નિશાનીઓ આંખો ઉઘાડવા પહોંચી; બોલ્યા, આ તો ખુલ્લો જાદૂ છે. (૧૩) અને તેમનો ઈન્કાર કર્યો અને અન્યાય અને અભિમાનથી પોતાનામાં તેનું યકીન કરી (શ્રદ્ધા જમાવી) ચૂક્યા હતા; બસ જોઈ લો, શું પરિણામ આવ્યું ફસાદ કરનારાઓનું ! (૧૪)

તફસીર :

(તે સમયના કિસ્સાનું વર્ણન કરો) જ્યારે કે (મદયનથી આવતી વખતે કોહે તૂર પાસે રાત્રે ઠંડીના સમયે પહોંચ્યા અને મિસ્રનો માર્ગ પણ ભૂલી ગયા હતા ત્યારે) મૂસા (અલૈ.)એ પોતાના ઘરવાળાઓને કહ્યું કે મેં (તૂર તરફ) આગ જોઈ છે, હું હમણા (જઈને) ત્યાંથી (યા તો માર્ગની) કોઈ ખબર લાવું છું અથવા તમારી પાસે (ત્યાંથી) આગનો ભડકો લાકડા વગેરેમાં લાગેલો લાવું છું જેથી તમે તાપી લો, બસ જ્યારે તે(આગ)ની પાસે પહોંચ્યા તો તેમને (અલ્લાહ તઆલા તરફથી) અવાજ આપવામાં આવ્યો કે જે આ આગની અંદર છે (એટલે કે ફરિશ્તાઓ) તેમના ઉપર પણ બરકત થાય અને જે એ(આગ)ની પાસે છે (એટલે કે હઝરત મૂસા અલૈ.) તેમના ઉપર પણ (બરકત થાય, આ દુઆ સ્વાગત અને સલામ સ્વરૂપે છે જેમકે મુલાકાતીઓ આપસમાં સલામ કરે છે, કારણ કે હઝરત

મૂસા અલૈ. જાણતા ન હતા કે આ نُوْرُ اَنْوَارِالْهِيَّة માંથી છે એટલા માટે પોતે સલામ ન કરી શક્યા, અલ્લાહ તરફથી હૂંફ માટે સલામ કરવામાં આવી અને ફરિશ્તાઓને તેમાં મેળવી દેવું કદાચ એટલા માટે થયું કે જે રીતે ફરિશ્તાઓને સલામ અલ્લાહ તઆલાની ખાસ નિકટતાની નિશાની હોય છે આ સલામ પણ હઝરત મૂસા અલૈ.ની ખાસ નિકટતાની ખુશખબરી થઈ ગઈ) અને (એ બાબત બતાવવા માટે કે આ નૂર જે આગ સ્વરૂપે છે તે પોતે અલ્લાહ તઆલાની જાત નથી, ઈરશાદ ફરમાવ્યો કે) અલ્લાહ રબ્બુલ આલમીન (સકળ બ્રહ્માંડના પરવરદિગાર કે જે રંગ, કદ, પ્રમાણ, આકાર અને મર્યાદાઓ વગેરેથી) પવિત્ર છે (અને આ નૂરમાં આ મર્યાદાઓ જોવા મળે છે બસ આ નૂર અલ્લાહ તઆલાની જાત નથી અને મૂસા અલૈ. જો આ મસ્અલાથી અજાણ હોય તો તેમના માટે તા'લીમ છે અને જો બૌદ્ધિક દલીલો અને સાચી પ્રકૃતિની બીનાએ તેમને પહેલેથી ખબર હોય તો વધારે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે છે, ત્યાર પછી ઈરશાદ થયો કે) હે મૂસા (અલૈ.) ! વાત એ છે કે હું (જે સીધી વાતચીત કરી રહ્યો છું) અલ્લાહ છું જબરદસ્ત હિકમતવાળો અને (હે મૂસા અલૈ. !) તમે પોતાની લાઠી (જમીન ઉપર) નાંખી દો (એટલા માટે તેમણે લાઠી નાંખી દીધી તો તે અજગર બનીને હલવા માંડી), બસ જ્યારે તેમણે તેને આ રીતે હલતી જોઈ કે જેમકે સાપ હોય તો તેઓ પૂંઠ ફેરવીને નાઠા અને પાછું ફરીને પણ ન જોયું. (ઈરશાદ થયો કે) હે મૂસા (અલૈ.) ! ડરો નહીં ! (કારણ કે અમે આપને પયગમ્બરી આપી છે) અને અમારી સમક્ષ (એટલે કે પયગમ્બરીનું સન્માન અર્પણ થવાના સમયે) પયગમ્બર (પોતાની વસ્તુઓથી કે જે પોતે તેની પયગમ્બરીની દલીલ એટલે કે મોઅ્જિઝાઓ હોય) ડર્યા નથી કરતા (એટલે કે તમારે પણ ડરવું ન જોઈએ) હા ! પરંતુ જેનાથી કોઈ કુસૂર (એટલે કે ખતા) થઈ જાય (અને તે આ કુસૂરને યાદ કરીને ડરે તો વાંધો નથી પરંતુ તેના વિશે પણ એ કાયદો છે કે જો કુસૂર થઈ જાય અને) પછી બુરાઈ (થઈ ગયા) બાદ બુરાઈની જગ્યાએ નેક કાર્ય કરે (તવબહ કરે) તો હું (તેને પણ મા'ફ કરી આપું છું કારણ કે હું) મા'ફ કરનાર રહમતવાળો છું (આ એટલા માટે કહ્યું કે લાઠીના મોઅ્જિઝાથી સંતોષિત થઈ ગયા પછી ક્યારેય પોતાના કિબતીની હત્યાના કિસ્સાને યાદ કરીને પરેશાન ન થાય એટલા માટે તેનાથી પણ સંતોષિત કરી લીધા જેથી ડર અને ભય નિર્મૂળ થઈ જાય) અને

(હે મૂસા અલૈ. ! આ લાઠીના મોઅ્જિઝા સિવાય એક બીજો મોઅ્જિઝો પણ અર્પણ થાય છે તે એ છે કે) તમે પોતાનો હાથ ગિરેબાનની અંદર લઈ જાઓ (અને પછી કાઢો તો) તે કોઈ ઐબ (એટલે કે કોઈ બીમારી અથવા અન્ય કોઈ ખરાબી) વિના (ખૂબ જ) ચમકતો થઈને નીકળશે (અને આ બંને મોઅ્જિઝા તે) નવ મોઅ્જિઝાઓમાં(થી છે જેમની સાથે તમને) ફિરઔન અને તેની કોમ તરફ (મોકલવામાં આવે છે કારણ કે) તેઓ ઘણા હદથી નીકળી જનારા લોકો છે, મતલબ કે જ્યારે તે લોકોની પાસે અમારા (આપેલા) મોઅ્જિઝાઓ પહોંચ્યા (જે) ખૂબ સ્પષ્ટ હતા (એટલે કે આમંત્રણની શરૂઆતમાં જ બે મોઅ્જિઝાઓ બતાવવામાં આવ્યા, પછી સમયે સમયે બાકીના મોઅ્જિઝાઓ બતાવવામાં આવતા રહ્યા) તો તે લોકો (આ બધું જોઈને પણ) બોલ્યા, આ તો ઉઘાડો જાદૂ છે અને (અજબ વાત તો એ હતી કે અત્યાચાર અને) તકબ્બુરના માર્ગે એ(મોઅ્જિઝાઓ)નો (બિલકુલ) ઈન્કાર કરતા રહ્યા જ્યારે કે (અંદરથી) તેમના દિલોએ તેનું યકીન કરી લીધું હતું, બસ જુઓ કેવો (બુરો) અંજામ થયો તે ફસાદીઓનો ! (દુનિયામાં ડૂબી ગયા અને આખિરતમાં સળગવાની સજા પામી).

મસ્અલા અને બોધપાઠ :

اِذْ قَالَ مُوْسٰى لِاَهْلِهٖٓ اِنِّىْٓ اٰنَسْتُ نَارًا ۭ سَاٰتِيْكُمْ مِّنْهَا بِخَبَرٍ اَوْ اٰتِيْكُمْ بِشِهَابٍ قَبَسٍ لَّعَلَّكُمْ تَصْطَلُوْنَ

માણસની પોતાની જરૂરિયાત માટે સ્વાભાવિક સામાનનો ઉપયોગ કરવો તવક્કુલ (ભરોસા)માં વિરુદ્ધ નથી :

હઝરત મૂસા (અલૈ.)ને આ સ્થળે બે આવશ્યકતાઓ પડી, એક માર્ગ પૂછવાની જે તેઓ ભૂલી ગયા હતા અને બીજું આગથી ગરમી પ્રાપ્ત કરવાની કે તે ઠંડીની રાત હતી એટલા માટે તેમણે કોહે તૂર તરફ જવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેની સાથે જ આ મકસદમાં સફળતા ઉપર વિશ્વાસ અને દા'વો કરવાના બદલે એવા શબ્દો અપનાવ્યા જેમાં પોતાની બંદગી અને અલ્લાહ તઆલા પાસે પોતાની ઉમ્મીદ જાહેર થાય છે. જાણ થઈ કે જરૂરિયાતોની પ્રાપ્તિ માટે સંઘર્ષ કરવો તવક્કુલના વિરુદ્ધ નથી પરંતુ ભરોસો પોતાની કોશીશના બદલે અલ્લાહ તઆલા

ઉપર હોવો જોઈએ તથા તેમને આગ બતાવવામાં પણ કદાચ એ જ હિકમત હોય કે તેનાથી તેમના બંને હેતુઓ પૂર્ણ થઈ શકતા હતા, સંપૂર્ણ માર્ગ મળી જવો અને આગથી ગરમી પ્રાપ્ત કરવી. *(કમા ફિ રૂહ)*

આ સ્થળે હઝરત મૂસા (અલૈ.)એ اُمْكُثُوْٓا અને تَصْطَلُوْنَ બહુવચનનું સર્વનામ બોલ્યા જ્યારે કે તેમની સાથે માત્ર તેમની પત્ની હઝરત શુઅયૂબ (અલૈ.)ની પુત્રી હતાં, તેમના માટે બહુવચનનો શબ્દ ઉપયોગ કરવો સન્માન સ્વરૂપે હતું જેમકે સન્માનનીય લોકોમાં કોઈ એક વ્યક્તિને પણ સંબોધન કરવામાં આવે છે તો બહુવચનના સર્વનામનો ઉપયોગ કરવામાં આવે છે. રસૂલે કરીમ ﷺએ પણ પોતાની પત્નીઓ માટે બહુવચનનું સર્વનામ ઉપયોગ કર્યું છે જે હદીષની રિવાયતોમાં વર્ણન થયું છે.

પત્નીનું વર્ણન સામાન્ય મજલિસોમાં ન કરવું જોઈએ બલકે ઇશારાથી કામ લેવું ઉત્તમ છે :

પ્રસ્તુત આયતમાં قَالَ مُوْسٰى لِاَهْلِهٖٓ ફરમાવવામાં આવ્યું છે, શબ્દ اَهْل (અહ્લ) સામાન્ય છે જેમાં પત્ની અને ઘરના બીજા સભ્યો પણ સામેલ હોય છે, આ સ્થળે જો કે હઝરત મૂસા (અલૈ.)ની સાથે માત્ર તેમના પત્ની જ હતાં, કોઈ અન્ય ન હતું પરંતુ પરિચયમાં આ શબ્દ ઉપયોગ કરવાથી એ તરફ ઈશારો જોવા મળ્યો કે મજલિસોમાં જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીનો ઉલ્લેખ કરે તો સામાન્ય શબ્દોથી કરવો ઉત્તમ છે જેમકે આપણા રિવાજમાં કહેવામાં આવે છે કે મારા ઘરવાળાઓએ આવું કહ્યું છે.

فَلَمَّا جَآءَهَا نُوْدِيَ اَنْۢ بُوْرِكَ مَنْ فِي النَّارِ وَمَنْ حَوْلَهَا ۗ وَسُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ○ يٰمُوْسٰٓى اِنَّهٗٓ اَنَا اللّٰهُ الْعَزِيْزُ الْحَكِيْمُ ○

હઝરત મૂસા (અલૈ.)નું આગને જોવું અને આગની અંદર એક અવાજ સાંભળવાની હકીકત :

કુર્આને કરીમમાં હઝરત મૂસા (અલૈ.)ની આ ઘટના ઘણી બધી સૂરતોમાં વિવિધ શિર્ષકો હેઠળ આવી છે, સૂરએ નમ્લની પ્રસ્તુત આયતોમાં આ ક્રમના બે વાક્યો વિચાર માંગી લે છે. પ્રથમ بُوْرِكَ مَنْ فِي النَّارِ (જે આગમાં છે તે મુબારક

છે) બીજું, اِنَّهُ اَنَا اللّٰهُ الْعَزِيْزُ الْحَكِيْمُ (સાચે જ હું અલ્લાહ છું સર્વશક્તિમાન અને મહાન હિકમતવાળો) અને સૂરએ તા-હામાં જેની તફસીર અગાઉ પસાર થઈ ચૂકી છે તેમાં આ ઘટના વિશે આ શબ્દો આવ્યા છે,

اِذْرَاٰی نَارًا ...اِلٰی قَوْلِهٖ تَعَالٰی... نُوْدِیَ یٰمُوْسٰی اِنِّیْ اَنَا رَبُّکَ فَاخْلَعْ نَعْلَیْکَ اِنَّکَ بِالْوَادِ

الْمُقَدَّسِ طُوًی وَاَنَا اخْتَرْتُکَ فَاسْتَمِعْ لِمَایُوْحٰی اِنَّنِیْ اَنَااللّٰهُ لَآ اِلٰهَ اِلَّآاَنَا فَاعْبُدْنِیْ

"જ્યારે તેમણે એક આગ જોઈ તો પોતાના ઘરવાળાઓને કહ્યું, થોભો; મેં એક આગ જોઈ છે, કદાચ તમારી પાસે એમાંથી સળગાવીને લઈ આવું અથવા આગ ઉપર પહોંચીને માર્ગનો પત્તો પામું. પછી જ્યારે (ત્યાં) પહોંચ્યા, અવાજ આવ્યો, હે મૂસા ! હું છું તમારો પરવરદિગાર ! બસ પોતાના જોડા ઉતારી નાંખો તમે તુવાના મુકદ્દસ (પવિત્ર) મેદાનમાં છો. અને મેં તમને પસંદ કર્યા છે, બસ જે હુકમ થાય તે સાંભળતા રહો. હું જ અલ્લાહ છું, મારા સિવાય કોઈની બંદગી નથી, બસ મારી જ બંદગી કરો અને નમાઝ કાયમ કરો મારી યાદ માટે."

(સૂરએ તા-હા ૨૦ : ૧૦ થી ૧૪)

આ આયતોમાં પણ બે વાક્યો ખાસ રીતે વિચારપાત્ર છે, اِنِّیْ اَنَا رَبُّکَ (એ હું છું તારો પરવરદિગાર) અને ...اِنَّنِیْ اَنَااللّٰهُ (હું અલ્લાહ છું) અને સૂરએ કસસમાં આ ઘટના વિશે આ શબ્દો છે, نُوْدِیَ مِنْ شَاطِئِ الْوَادِ الْاَیْمَنِ فِی الْبُقْعَةِ الْمُبَارَکَةِ مِنَ الشَّجَرَةِ اَنْ یّٰمُوْسٰی اِنِّیْ اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِیْنَ (પછી જ્યારે તેની પાસે પહોંચ્યા, અવાજ આવ્યો મેદાનના જમણા કિનારેથી બરકતવાળા તખ્તામાં એક વૃક્ષેથી કે હે મૂસા ! હું છું ! હું અલ્લાહ કુલ વિશ્વનો પરવરદિગાર ! -૨૮:૩૦) આ ત્રણે સ્થળોએ વિષયનું શિર્ષક જો કે ભિન્ન ભિન્ન છે પરંતુ વિષય લગભગ એકસમાન છે, તે એ કે હઝરત મૂસા (અલૈ.)ને તે રાત્રે કોઈ કારણે આગની જરૂરત હતી અલ્લાહ તઆલાએ તેમને કોહે તૂરના એક ઝાડ ઉપર આગ બતાવી તે આગ અથવા વૃક્ષમાંથી આ અવાજ સાંભળવામાં આવ્યો,

اِنِّیْ اَنَا رَبُّکَ

"એ હું છું તારો પરવરદિગાર" (૨૦:૧૨)

اِنَّهٗ اَنَا اللّٰهُ الْعَزِيْزُ الْحَكِيْمُ

"સાચે જ હું અલ્લાહ છું સર્વશક્તિમાન અને મહાન હિકમતવાળો" (૨૭:૯)

اِنَّنِيْٓ اَنَا اللّٰهُ لَآ اِلٰهَ اِلَّآ اَنَا

"હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ બંદગીના લાયક નથી." (૨૦:૧૪)

اِنِّيْٓ اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ

"હું અલ્લાહ છું કુલ વિશ્વનો પરવરદિગાર. (૨૮:૩૦)

એવું હોઈ શકે છે કે આ અવાજ વારંવાર આવી રહ્યો હોય, ક્યારેક એક શબ્દથી, ક્યારેક બીજા શબ્દથી અને અવાજ સાંભળવાનું જે સ્વરૂપ તફસીરે બહરે મુહીતમાં અબૂ હય્યાન (રહ.)એ અને રૂહુલ મઆનીમાં આલૂસી (રહ.)એ નકલ કર્યું છે તે એ છે કે આ અવાજ એ પ્રમાણે સાંભળ્યો કે દરેક બાજુથી સરખી રીતે આવી રહ્યો હતો જેની કોઈ દિશા નક્કી ન થઈ શકતી હતી અને સાંભળવું પણ એક આશ્ચર્યજનક અંદાજમાં થયું કે માત્ર કાન જ નહીં બલકે હાથ પગ વગેરે શરીરના બધા જ અવયવો તેને સાંભળી રહ્યા હતા જે એક મોઅ્જિઝાનું સ્વરૂપ ધરાવે છે.

આ એક ગયૂબી (અદષ્ય) અવાજ હતો જે કોઈ પ્રકારની દિશા અથવા સ્વરૂપ (كَيْف "કયૂફ" Quality) વિના જ સંભળાઈ રહ્યો હતો પરંતુ તેનો સ્ત્રોત તે આગ અથવા વૃક્ષ હતું જ્યાંથી આગ સ્વરૂપે તેમને બતાડવામાં આવ્યું, આવી જ પરિસ્થિતિઓ સામાન્ય રીતે લોકો માટે ભૂલથાપ ખાવાનું અને મૂર્તિપૂજાનું કારણ બની જતું હોય છે, એટલા માટે દરેક શિર્ષકના વિષયમાં સાથે સાથે તવહીદ તરફ માર્ગદર્શન અને તાકીદ પણ કરવામાં આવી છે. આયતની ચર્ચા હેઠળ શબ્દ سُبْحٰنَ اللّٰه (અલ્લાહ પવિત્ર છે) આ જ તાકીદ માટે વધારવામાં આંવ્યો છે. સૂરએ તા-હામાં لَآ اِلٰهَ اِلَّآ اَنَا (મારા સિવાય કોઈની બંદગી નથી) અને સૂરએ કસસમાં اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ (બેશક હું જ કુલ વિશ્વનો પરવરદિગાર છું) આ જ વિષયની તાકીદ માટે લાવવામાં આવ્યું છે. આ વિગતનો ખુલાસો એ છે કે આ આગનું સ્વરૂપ હઝરત મૂસા (અલૈ.)ને એટલા માટે બતાવવામાં આવ્યું હતું કે તેઓને તે સમયે આગ અને પ્રકાશની જરૂરત હતી નહિતર આ રબ્બાની કલામ

અને રબ્બની હસ્તીને આગ કે વૃક્ષના સ્વરૂપ સાથે કોઈ સંબંધ ન હતો. આગ અલ્લાહ તઆલાની મખ્લૂકની જેમ એક મખ્લૂક જ હતી, એટલા માટે પ્રસ્તુત આયતોમાં જે આ ઈશારો છે, اَنْۢ بُوْرِكَ مَنْ فِى النَّارِ وَمَنْ حَوْلَهَا એટલે કે, મુબારક છે તે જે આગની અંદર છે અને તે જે તેની આસપાસ છે. તેની તફસીરમાં તફસીરના ઈમામોના વિવિધ નિવેદનો નોંધાયા છે જેની વિગત તફસીરે રૂહુલ મઆનીમાં છે, એક નિવેદન હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ અને ઈકરીમાંથી નકલ થયેલ છે કે مَنْ فِى النَّارِ થી ભાવાર્થ હઝરત મૂસા (અલૈ.) હોય, કારણ કે આગ કોઈ વાસ્તવિક આગ તો હતી નહીં જે મુબારક સ્થળે હઝરત મૂસા (અલૈ.) પહોંચી ગયા હતા તે દૂરથી સંપૂર્ણ આગ જણાતી હતી એટલા માટે હઝરત મૂસા (અલૈ.) તે આગની અંદર થયા અને مَنْ حَوْلَهَا થી ભાવાર્થ ફરિશ્તા છે જે આજુબાજુ ત્યાં ઉપસ્થિત હતા અને અમુક લોકોએ તેનાથી વિપરીત એ કહ્યું કે, مَنْ فِى النَّارِ થી ફરિશ્તા અને مَنْ حَوْلَهَا થી હઝરત મૂસા (અલૈ.) ભાવાર્થ સ્વરૂપે છે. તફસીરે બયાનુલ કુર્આનમાં પ્રસ્તુત તફસીરના ખુલાસામાં આ જ અપનાવવામાં આવ્યું છે. પ્રસ્તુત આયતોનો સાચો ભાવાર્થ સમજવા માટે આટલું જ પૂરતું છે.

હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.) અને હસન બસરી (રહ.)ની એક રિવાયત અને તેની હકીકત :

અત્રે ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને મરદૂયા (રહ.) વગેરેએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને હસન બસરી (રહ.), સઈદ ઈબ્ને ઝુબૈર (રહ.)થી مَنْ فِى النَّارِ ની તફસીરમાં આ રિવાયત પણ નકલ થઈ છે કે, مَنْ فِى النَّارِ થી પોતે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની જાત ભાવાર્થ તરીકે છે. એ તો દેખીતું છે કે આ એક મખ્લૂક છે અને કોઈ મખ્લૂકમાં ખાલિક એટલે કે સર્જનહાર સમાઈ નથી શકતો, એટલે રિવાયતનો એ ભાવાર્થ તો હોઈ જ નથી શકતો કે હક સુબ્હાનહુ વ તઆલા સ્વજાતે આગમાં સમાયેલા હતા, જેમકે ઘણા બધા મૂર્તિપૂજક મુશ્રિકો મૂર્તિઓના અસ્તિત્વમાં ખુદાની જાતને સમાયેલા હોવાની માન્યતા ધરાવે છે અને એ બાબત તવહીદથી સદંતર વિરુદ્ધ છે, બલકે જાહેર થવાનો ભાવાર્થ એ છે કે જેમકે અરીસામાં જે વસ્તુ જોવામાં આવે છે તે અરીસામાં સમાયેલી નથી હોતી, તેનાથી અલગ અને બહાર હોય છે અને એ પણ દેખીતું છે

કે આ જાહેર થવું જેને "તજલ્લી" (ચમકારો) પણ કહેવામાં આવે છે, પોતે હક સુબ્હાનહુ વ તઆલાની જાતની તજલ્લી ન હતી, નહિતર જો હક સુબ્હાનહુ વ તઆલાનો સાક્ષાત્કાર હઝરત મૂસા (અલૈ.)એ કરી લીધો હોત તો પાછળથી તેમને એ પ્રશ્ન કરવાનું કોઈ કારણ નથી રહેતું رَبِّ اَرِنِیٓ اَنْظُرْ اِلَیْکَ એટલે કે, હે મારા પરવરદિગાર મને તારી પવિત્ર હસ્તી બતાવ કે હું જોઈ શકું ! અને તેના જવાબમાં અલ્લાહ તઆલા તરફથી لَنْ تَرَانِی (તું કદાપિ નહીં જોઈ શકે) ઈરશાદનો પણ પછી કોઈ અર્થ નથી રહેતો, એનાથી જાણ થઈ કે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના આ નિવેદનમાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાના જાહેર થવાનો ભાવાર્થ છે એટલે કે તજલ્લી જે આગ સ્વરૂપે થઈ, આ જે રીતે સમાવિષ્ટ (હુલૂલ) ન હતું એ જ પ્રમાણે તજલ્લીએ જાત એટલે કે પોતાની તજલ્લી પણ ન હતી, બલકે ...لَنْ تَرَانِی (તું કદાપિ નહીં જોઈ શકે)થી આ સાબિત થાય છે કે આ દુનિયામાં અલ્લાહની પોતાની તજલ્લીનો પણ કોઈ વ્યક્તિ સાક્ષાત્કાર નથી કરી શકતો પછી આ જાહેર થવાનો અને તજલ્લીનો શું ભાવાર્થ થશે ? તેનો જવાબ એ છે કે આ તજલ્લી દૃષ્ટાંત સ્વરૂપ હતી જે સુફી લોકોમાં પ્રખ્યાત છે, તેની હકીકત સમજવી તો મનુષ્ય માટે મુશ્કેલ છે. જરૂરત પ્રમાણે સમજની નિકટ જવા માટે નાચીઝે પોતાની કિતાબ અહકામુલ કુર્આન અરબી ભાષામાં સૂરએ કસસમાં તેની અમુક તફસીર અને અમુક વિગતો લખી છે, જ્ઞાનીઓ તેમાં જોઈ શકે છે આ સામાન્ય જનતાની જરૂરત માટેની વસ્તુ નથી.

اِلَّا مَنْ ظَلَمَ ثُمَّ بَدَّلَ حُسْنًا بَعْدَ سُوْٓءٍ فَاِنِّیْ غَفُوْرٌ رَّحِیْمٌ આનાથી આગલી આયતમાં હઝરત મૂસા (અલૈ.)ના અસા (લાઠી)ના મોઅ્જિઝાનું વર્ણન છે જેમાં એ પણ ઉપસ્થિત છે કે લાઠી જ્યારે સાપ બની ગઈ તો હઝરત મૂસા (અલૈ.) પોતે પણ તેનાથી ડરીને નાસવા લાગ્યા, આગળ પણ હઝરત મૂસા (અલૈ.)ના બીજા મોઅ્જિઝા ચળકતા હાથ (યદે બયદાં)નું વર્ણન છે, વચ્ચે આ અપવાદ (ઈસ્તિસ્નાઅ્–Exception)નું વર્ણન શા માટે કરવામાં આવ્યું અને આ اِسْتِثْنَاءِ مُنْقَطِعٌ (ઈસ્તિસ્નાએ મુન્કતિઅ્–Exception is snapped from the subject) છે અથવા مُتَّصِل (મુત્તસીલ–Adjoining) છે એમાં વિવરણકારોના વિવિધ નિવેદનો છે. અમુક લોકોએ તેને ઈસ્તિસ્નાએ મુન્કતિઅ્ ઠરાવ્યું છે તો આયતનો વિષય એ થશે કે પ્રથમ આયતમાં અંબિયા (અલૈ.) ઉપર ભય ન

છવાવાના વર્ણનની સાથે તે લોકોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો જેમના ઉપર ભય છવાવો જોઈએ, એટલે કે તે લોકો જેમનાથી કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય, પછી તવબહ કરીને નેક અમલ અપનાવી લીધો હોય એવા લોકોને જો કે અલ્લાહ તઆલા મા'ફ કરી આપે પરંતુ મા'ફી પછી પણ ગુનાહના અમુક ચિહ્નો બાકી રહેવાની સંભાવના છે તેથી આ લોકો હંમેશા ડરેલા રહે છે અને આ ઈસ્તિસ્નાઅ્‌ને મુત્તસીલ ઠરાવવામાં આવે તો આયતનો ભાવાર્થ એ થશે કે અલ્લાહના રસૂલ ડરતા નથી એ સિવાય કે જેમનાથી કોઈ ખતા એટલે કે નાનો કુસૂર થઈ ગયો હોય, પછી તેનાથી પણ તવબહ કરી લીધી હોય તો એ તવબહથી આ કુસૂર મા'ફ થઈ જાય છે અને વધારે સાચું એ છે કે અંબિયા (અલૈ.)થી જે લગ્જીસ એટલે કે શરતચૂક થઈ ગઈ હોય તે વાસ્તવમાં ગુનોહ જ ન હતો, ન તો નાનો ગુનોહ અને ન જ મોટો ગુનોહ, અલબત્ત ગુનાહનું સ્વરૂપ હતું અને વાસ્તવમાં તે ઈજ્તિહાદી ભૂલો હોય છે, આ વિષયમાં ઈશારો એ તરફ જોવા મળે છે કે હઝરત મૂસા (અલૈ.)થી જે એક કુસૂર કિબતીની હત્યાનો થઈ ગયો હતો, જો કે તે અલ્લાહ તઆલાએ મા'ફ કરી દીધો પરંતુ તેની એ અસર હજુ પણ બાકી રહી હતી કે હઝરત મૂસા (અલૈ.) ઉપર ભય છવાઈ ગયો, જો આ કુસૂર ન થયો હોત તો આ થોડા સમય માટેનો ડર પણ ન હોત. *(કુર્તુબી)*

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૧૫ થી ૧૯)

وَلَقَدْ اٰتَيْنَا دَاوٗدَ وَسُلَيْمٰنَ عِلْمًا ۚ وَقَالَا الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ فَضَّلَنَا عَلٰى كَثِيْرٍ مِّنْ عِبَادِهِ
الْمُؤْمِنِيْنَ ﴿١٥﴾ وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ وَقَالَ يٰٓاَيُّهَا النَّاسُ عُلِّمْنَا مَنْطِقَ الطَّيْرِ وَاُوْتِيْنَا
مِنْ كُلِّ شَىْءٍ ؕ اِنَّ هٰذَا لَهُوَ الْفَضْلُ الْمُبِيْنُ ﴿١٦﴾ وَحُشِرَ لِسُلَيْمٰنَ جُنُوْدُهٗ مِنَ الْجِنِّ
وَالْاِنْسِ وَالطَّيْرِ فَهُمْ يُوْزَعُوْنَ ﴿١٧﴾ حَتّٰٓى اِذَآ اَتَوْا عَلٰى وَادِ النَّمْلِ ۙ قَالَتْ نَمْلَةٌ
يّٰٓاَيُّهَا النَّمْلُ ادْخُلُوْا مَسٰكِنَكُمْ ۚ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَجُنُوْدُهٗ ۙ وَهُمْ لَا يَشْعُرُوْنَ ﴿١٨﴾
فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا وَقَالَ رَبِّ اَوْزِعْنِىْٓ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِىْٓ اَنْعَمْتَ عَلَىَّ
وَعَلٰى وَالِدَىَّ وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰىهُ وَاَدْخِلْنِىْ بِرَحْمَتِكَ فِىْ عِبَادِكَ الصّٰلِحِيْنَ ﴿١٩﴾

તરજુમો :

અને અમે દાવુદ (અલૈ.) અને સુલયમાન (અલૈ.)ને એક જ્ઞાન આપ્યું અને તે બંનેએ કહ્યું, સઘળા વખાણ અલ્લાહના જ માટે છે જેણે અમને પોતાના ઘણા બધા ઈમાનવાળા બંદાઓ ઉપર શ્રેષ્ઠતા અર્પી. (૧૫) અને સુલયમાન (અલૈ.) દાવુદ (અલૈ.)ના વારિસ થયા અને તેમણે કહ્યું, હે લોકો ! અમને ઉડતા પક્ષીઓની બોલીનું જ્ઞાન આપવામાં આવ્યું છે અને અમને દરેક વસ્તુમાંથી આપવામાં આવ્યું છે, બેશક ! આ જ ખુલ્લી શ્રેષ્ઠતા છે. (૧૬) અને સુલયમાન (અલૈ.) પાસે તેમના લશ્કર એકઠા કરવામાં આવ્યા, જિન્નાત અને મનુષ્યો અને ઉડતા પક્ષીઓ, પછી તેમની ટૂકડીઓ બનાવવામાં આવતી. (૧૭) અહીંયાં સુધી કે જ્યારે કીડીઓના મેદાન (ઘાટી) ઉપર પહોંચ્યા, એક કીડીએ કહ્યું, હે કીડીઓ ! પોતાના દરોમાં ઘુસી જાઓ, સુલયમાન (અલૈ.) અને તેના સૈન્યો (ક્યાંક) તમને મસળી ન નાંખે અને તેમને ખબર પણ ન થાય ! (૧૮) પછી (સુલયમાન અલૈ.) મુશ્કુરાઈને તેની વાતથી હસી પડયા અને કહ્યું, હે મારા પરવરદિગાર ! મારી કિસ્મતમાં આપ કે તારા ઉપકારનો શુક્ર કરું જે તેં મારા ઉપર અને મારા માં બાપ ઉપર કર્યો અને એ કે નેક કર્મ કરું જે તું પસંદ કરે અને મને પોતાની કૃપાથી પોતાના નેક બંદાઓમાં મિલાવી આપ. (૧૯)

તફસીર :

અને અમે દાવુદ (અલૈ.) અને સુલયમાન (અલૈ.)ને (શરીઅત અને સત્તાનું) જ્ઞાન અર્પણ કર્યું અને તે બંનેએ (શુક્ર અદા કરવા માટે) કહ્યું કે સઘળા વખાણ અલ્લાહના જ માટે છે જેણે અમને પોતાના ઘણા બધા ઈમાનવાળા બંદાઓ ઉપર શ્રેષ્ઠતા અર્પી અને દાવુદ (અલૈ.ની વફાત પછી તેઓ)ના વારિસ સુલયમાન (અલૈ.) થયા (એટલે કે તેમને રાજ્ય કારભાર વગેરે મળ્યું) અને તેમણે (શુક્ર જાહેર કરવા માટે) કહ્યું, હે લોકો ! અમને પક્ષીઓની બોલી (સમજવા)ની તા'લીમ આપવામાં આવી છે (જે બીજા બાદશાહોને પ્રાપ્ત થઈ નથી) અને અમને (રાજ્ય કારભારની જરૂરિયાતોના સંદર્ભમાં) દરેક પ્રકારની (આવશ્યક) વસ્તુઓ આપવામાં આવી છે (જેમકે સૈન્ય, માલ તથા શસ્ત્ર સરંજામ

વગેરે) ખરેખર, આ (અલ્લાહ તઆલાની અર્પેલી) ઉઘાડી શ્રેષ્ઠતા છે અને સુલયમાન (અલૈ.ની પાસે રાજ્ય કારભાર પણ વિસ્મયકારી હતો એટલા માટે તેઓ)ના માટે (જે) તેમનું લશ્કર એકઠું કરવામાં આવ્યું (હતું તેમાં) જિન્નાતો પણ (હતા) અને મનુષ્યો પણ અને પક્ષીઓ પણ (જે કોઈ રાજાના તા'બે થતા નથી) અને (તેઓ હતા પણ ખૂબ મોટા પ્રમાણમાં કે) તેમને (કૂચ કરવાના સમયે) થોભાવવામાં આવતા હતા (જેથી તે વિખરાય ન જાય અને પાછળ રહી જનારા પણ પહોંચી જાય. આ બાબત સ્વાભાવિક મોટી સંખ્યામાં હોય છે કારણ કે નાના જૂથમાં તો આગલો વ્યક્તિ પોતે જ એવા સમયે રોકાય જાય છે અને મોટા સમૂહમાં આગલી હરોળવાળાઓને પાછળનાઓની ખબર જ નથી થતી એટલા માટે તેની વ્યવસ્થા કરવી પડે છે, એક વખતે તેઓ પોતાના સૈન્ય સાથે કોઈક સ્થળે કૂચ કરી રહ્યા હતા) એટલે સુધી કે જ્યારે તેઓ કીડીઓના એક મેદાનમાં આવ્યા તો એક કીડીએ (બીજી કીડીઓને) કહ્યું કે, હે કીડીઓ ! પોત પોતાના દરોમાં ઘુસી જાઓ, ક્યાંક તમને સુલયમાન (અલૈ.) અને તેમનું લશ્કર અજાણતામાં કચડી ન નાંખે, બસ સુલયમાન (અલૈ.એ તેની આ વાત સાંભળી અને) તેની વાતથી (આશ્ચર્ય પામીને આ નાના સજીવની આ સમયસૂચકતા અને કાળજી જોઈને) મુશ્કુરાઈને હસી પડ્યા અને (એ જોઈને કે હું તેની બોલી સમજી ગયો જે મોઅ્જિઝો હોવાના કારણે એક મહાન નેઅ્મત છે અને અન્ય નેઅ્મતો પણ યાદ આવી ગઈ તેથી) કહેવા લાગ્યા કે હે મારા પરવરદિગાર ! મને એના ઉપર કાયમીપણું આપ કે હું તારી આ નેઅ્મતોનો શુક્ર અદા કર્યા કરું જે તેં મને અને મારા માં બાપને અર્પણ કરી છે (એટલે કે ઈમાન અને જ્ઞાન સૌનો અને પોતાની નુબુવ્વતનો તથા પોતાના પિતા હઝરત દાવુદ અલૈ.ની નુબુવ્વતનો) અને (એના ઉપર પણ કાયમીપણુ આપ કે) હું નેક કામ કર્યા કરું જેનાથી તું ખુશ થાય (એટલે કે મારા કર્મો સ્વીકૃત થાય કારણ કે જો હકીકતમાં અમલ નેક હોય અને તેના અદબો અને શરતોમાં કમીના કારણે તે સ્વીકૃત ન થાય તો તેનો કોઈ હેતુ સરતો નથી) અને મને પોતાની (ખાસ) રહમતથી પોતાના (ઉચ્ચ કક્ષાના) નેક બંદાઓ (અંબિયા અલૈ.)માં સામેલ રાખ (એટલે કે નિકટતાને દૂરીમાં પરિવર્તિત ન કરજે).

મસ્અલા અને બોધપાઠ :

وَلَقَدْ اٰتَيْنَا دَاوٗدَ وَسُلَيْمٰنَ عِلْمًا દેખીતું છે કે તેનો ભાવાર્થ અંબિયા (અલૈ.)નું જ્ઞાન છે જે નુબુવ્વત અને રિસાલત વિશે હોય છે તેના સામાન્યપણામાં બીજા જ્ઞાન અને કળા પણ સામેલ હોય તો તે અશક્ય નથી, જેમકે હઝરત દાવુદ (અલૈ.)ને બખ્તર બનાવવાની કળા શિખવાડવામાં આવી હતી, હઝરત દાવુદ (અલૈ.) અને હઝરત સુલયમાન (અલૈ.) અંબિયા (અલૈ.)ના વર્ગમાં એક ખાસ વિશિષ્ટતા એ ધરાવે છે કે તેમને નુબુવ્વત અને રિસાલતની સાથે સાથે રાજ્યસત્તા પણ આપવામાં આવી હતી અને સત્તા પણ એવી અજોડ કે માત્ર મનુષ્યો ઉપર નહીં બલકે જિન્નાતો અને પ્રાણીઓ ઉપર પણ તેમની સત્તા હતી. આ બધી મહાન નેઅ્મતોથી પહેલાં અલ્લાહ તઆલાના જ્ઞાનની નેઅ્મતનું વર્ણન કરવાથી એ તરફ ઈશારો થયો કે ઈલ્મ (જ્ઞાન)ની નેઅ્મત બીજી બધી જ નેઅ્મતોથી શ્રેષ્ઠ અને ઉચ્ચ છે. *(કુર્તુબી)*

અંબિયા (અલૈ.)માં માલનો વારસો હોતો નથી :

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ માં શબ્દ وَوَرِثَ (વવરિસ)થી وِرَاثَتِ عِلْم (વિરાસતે ઈલ્મ) "જ્ઞાનનો વારસો" અને નુબુવ્વત ભાવાર્થ તરીકે છે, માલનો વારસો ભાવાર્થ તરીકે નથી કારણ કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, نَحْنُ مَعَاشِرُ الْاَنْبِيَآءِ لَا نَرِثُ وَلَا نُوْرَثُ એટલે કે અંબિયા (અલૈ.) ન તો વારિસ બને છે અને ન જ તેમના કોઈ વારસદાર બને છે. હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)થી તિરમિઝી અને અબૂ દાવુદમાં રિવાયત છે, اَلْعُلَمَاءُ وَرَثَةُ الْاَنْبِيَاءِ وَاِنَّ الْاَنْبِيَاءَ لَمْ يُوَرِّثُوْا دِيْنَارًا وَّلَا دِرْهَمًا وَّلٰكِنْ وَرَّثُوا الْعِلْمَ فَمَنْ اَخَذَهٗ اَخَذَ بِحَظٍّ وَّافِرٍ એટલે કે, ઉલમા અંબિયા (અલૈ.)ના વારિસ છે પરંતુ અંબિયા (અલૈ.)માં જ્ઞાન અને નુબુવ્વતની વિરાસત હોય છે માલની વિરાસત હોતી નથી, હઝરત અબૂ અબ્દુલ્લાહની રિવાયત આ મસ્અલાને વધારે સ્પષ્ટ કરે છે કે હઝરત સુલયમાન (અલૈ.) હઝરત દાવુદ (અલૈ.)ના વારિસ થયા અને રસૂલે કરીમ ﷺ હઝરત સુલયમાન (અલૈ.)ના વારિસ થયા. (رُوْحٌ عَنِ الْكُلَيْنِىْ) બૌદ્ધિક રીતે પણ અત્રે માલનો વારસો ભાવાર્થ તરીકે નથી હોઈ શકતો, કારણ કે હઝરત દાવુદ (અલૈ.)ની વફાતના સમયે તેમની અવલાદમાં ઓગણીસ પુત્રોનું વર્ણન આવે છે, જો માલનો વારસો ભાવાર્થ તરીકે

હોય તો આ પુત્રો બધા જ વારિસ ઠરશે પછી વારસામાં હઝરત સુલયમાન (અલૈ.)ને વિશિષ્ટ રીતે વર્ણન કરવાનું કોઈ કારણ બાકી નથી રહેતું, એનાથી સાબિત થયું કે વારસો તે ભાવાર્થ છે જેમાં ભાઈ ભાગીદાર ન હતા બલકે માત્ર હઝરત સુલયમાન (અલૈ.) વારિસ બન્યા અને તે માત્ર જ્ઞાન અને નુબુવ્વતનો વારસો હોઈ શકે છે, તેની સાથે અલ્લાહ તઆલાએ હઝરત દાવુદ (અલૈ.)નું રાજ્ય અને સલતનત પણ હઝરત સુલયમાન (અલૈ.)ને અર્પણ કરી અને તેમાં વધારો એ બાબતનો કરી આપ્યો કે તેમની સત્તા જિન્નાત, પ્રાણીઓ તથા પક્ષીઓ સુધી વિસ્તારી દીધી, હવાને તેમના માટે કામે લગાડી. આ દલીલો પછી તબ્રીસીની તે રિવાયત ખોટી ઠરે છે જેમાં તેમણે અમુક અહલે બયૂતના ઈમામોના હવાલાથી માલનો વારસો ભાવાર્થ સ્વરૂપે લીધો છે. *(રૂહુલ મઆની)*

હઝરત સુલયમાન (અલૈ.)ની વફાત અને ખાતમુન્નબિય્યિન રસૂલે કરીમ ﷺના જન્મ વચ્ચે એક હજાર સાતસો વર્ષનું અંતર છે અને યહૂદીઓ આ અંતર એક હજાર ચારસો વર્ષનું બતાવે છે, હઝરત સુલયમાન (અલૈ.)ની ઉંમર પચાસ વર્ષથી અમુક ઉપર થઈ છે.

પોતાના માટે બહુવચનના સર્વનામનો ઉપયોગ કરવો જાઇઝ છે એ શરતે કે અભિમાન સ્વરૂપે ન હોય :

عُلِّمْنَا مَنْطِقَ الطَّيْرِ وَاُوْتِيْنَا.... હઝરત સુલયમાન (અલૈ.)એ એકલા હોવા છતાં પોતાના માટે બહુવચનનું સર્વનામ રાજાશાહી રૂઢિપ્રયોગ સ્વરૂપે ઉપયોગ કર્યો છે જેથી રય્યત ઉપર રુઆબ પડે અને રય્યત અલ્લાહનું આજ્ઞાપાલન અને હઝરત સુલયમાન (અલૈ.)ના આજ્ઞાપાલનમાં આળસ ન કરે, એ જ પ્રમાણે અમીરો અને સત્તાધારીઓ અને અફસરોએ પોતાની રય્યતની ઉપસ્થિતિમાં પોતાના માટે બહુવચનનું સર્વનામ ઉપયોગ કરવામાં વાંધો નથી જ્યારે કે તે રાજકીય અને નેઅ્મતની જાહેરાતના હેતુથી હોય, મોટાઈ બતાવવા કે અભિમાન સ્વરૂપે ન હોય.

પક્ષીઓ અને પ્રાણીઓમાં પણ બુદ્ધિ અને સમજદારી હોય છે :

આ ઘટનાથી સાબિત થયું કે પક્ષીઓ તથા પ્રાણીઓ અને બધા જ પ્રકારના જાનવરોમાં પણ બુદ્ધિ અને સમજદારી અમુક કક્ષાએ મોજૂદ છે,

અલબત્ત તેમની બુદ્ધિની તે કક્ષા નથી કે તેમને શરીઅતના હુકમોના જવાબદાર બનાવવામાં આવે અને મનુષ્ય તથા જિન્નાતને બુદ્ધિ તથા સમજદારીની તે સંપૂર્ણ કક્ષા અર્પણ થઈ છે જેની બીનાએ તેઓ અલ્લાહ તઆલાના હુકમોના જવાબદાર બની શકે અને તેના ઉપર અમલ કરી શકે. ઈમામ શાફઈ (રહ.)એ ફરમાવ્યું કે કબૂતર બધા પક્ષીઓમાં વધારે બુદ્ધિશાળી છે, ઈબ્ને અતિય્યહ (રહ.)એ ફરમાવ્યું કે કીડી બુદ્ધિશાળી સજીવ છે તેની સમજશક્તિ ઘણી તીવ્ર છે, જો કોઈ દાણો તેના કબ્જામાં આવી જાય છે તેના તે ટૂકડા કરી નાંખે છે જેથી તે ઊગે નહીં અને ઠંડીની ઋતુ માટે પોતાના ખોરાકનો સંગ્રહ એકઠ્ઠો કરે છે. *(કુર્તુબી)*

ખુલાસો :

આ આયતમાં مَنْطِقَ الطَّيْرُ એટલે કે, પક્ષીઓની બોલીની વિશેષતા હૂદહૂદ (Hoopoe)ની ઘટનાના કારણે છે જે એક પક્ષી છે નહિતર હઝરત સુલયમાન (અલૈ.)ને પક્ષીઓ, પ્રાણીઓ અને પૃથ્વી ઉપર વસતા બધા જ સજીવોની બોલીઓ શિખવાડવામાં આવી હતી, જેમકે આગલી આયતમાં કીડીઓની બોલી સમજવાનું વર્ણન મોજૂદ છે. ઈમામ કુર્તુબીએ પોતાની તફસીરમાં આ સ્થળે વિવિધ પક્ષીઓની બોલીઓ અને હઝરત સુલયમાન (અલૈ.)નું તેના ઉપર એવું કહેવું કે આ પક્ષીઓ આ વાત કહી રહ્યા છે વિગતવાર નકલ કર્યું છે અને લગભગ દરેક પક્ષીની બોલી કોઈ બોધપાઠનું વાક્ય છે.

وَاُوْتِيْنَا مِنْ كُلِّ شَيْءٍ માં શબ્દ كُلُ (કુલ) મૂળ શબ્દાર્થના આધારે બધી જ પ્રજાતિના પ્રકાર માટે સામાન્ય હોય છે પરંતુ એવા સમયે સર્વસામાન્યપણુ ભાવાર્થ સ્વરૂપે નથી હોતું બલકે કોઈ ખાસ હેતુની મર્યાદા સુધી સામાન્યપણુ ભાવાર્થ સ્વરૂપે હોય છે, જેમકે અહીંયાં તે વસ્તુઓના સામાન્યપણાનો ભાવાર્થ છે જેની રાજ્યકારભાર અને હુકૂમતમાં આવશ્યકતા હોય છે નહિતર દેખીતું છે કે હવાઈ જહાઝ, મોટરકાર, રેલવે વગેરે તેમની પાસે ન હતા. رَبِّ اَوْزِعْنِىْ એ وَزْعٌથી બને છે જેનો શાબ્દિક અર્થ "થોભાવવું" થાય છે. આ સ્થળે હેતુ એ છે કે મને એવી તવફીક આપો કે હું નેઅ્મતોનો પાડ માનવાને દરેક સમયે સાથે રાખું અને એનાથી કોઈ સમયે પણ અળગો ન થાઉં જેનો ખુલાસો સાતત્ય અને પાબંદી છે, એનાથી આગલી આયતમાં فَهُمْ يُوْزَعُوْنَ આ જ અર્થ સ્વરૂપે આવ્યું છે કે

સૈન્યના મોટા પ્રમાણમાં હોવાના કારણે તેને વેરવિખેર થવાથી બચાવવા માટે રોકવામાં આવતું હતું.

وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰهُ અત્રે رَضَا (રઝા) એ સ્વીકારના અર્થમાં છે, ભાવાર્થ એ છે કે યા અલ્લાહ ! મને એવા નેક કર્મોની તવફીક આપ જે તારી સમીપ સ્વીકૃત હોય. રૂહુલ મઆનીમાં એનાથી એ બાબત ઉપર દલીલ કરી છે કે નેક કાર્યો માટે સ્વીકૃતી જરૂરી નથી બલકે સ્વીકૃતી અમુક શરતો ઉપર અવલંબિત હોય છે અને ફરમાવ્યું કે નેક કાર્યો સ્વીકૃત થવામાં ન તો બુદ્ધિ આડે આવે છે અને ન જ શરીઅત; એટલા માટે અંબિયા (અલૈ.)ની સુન્નત છે કે પોતાના નેક કર્મો કબૂલ થવાની પણ દુઆ કરતા હતા, જેમકે હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ બયતુલ્લાહના બાંધકામ સમયે દુઆ કરી, رَبَّنَا تَقَبَّلْ مِنَّا (હે અમારા માલિક ! અમારાથી સ્વીકાર કર. –૨:૧૨૭) એનાથી જાણ થઈ કે જે અમલો નેક છે માત્ર તેને કરીને નચિંત ન થઈ જવું જોઈએ, અલ્લાહ તઆલાથી એ પણ દુઆ કરે કે તે એનો સ્વીકાર કરે.

નેક કાર્યોની સ્વીકૃતી છતાં જન્નતમાં પ્રવેશ અલ્લાહ તઆલાની કૃપા વિના થશે નહીં :

وَاَدْخِلْنِىْ بِرَحْمَتِكَ فِىْ عِبَادِكَ الصّٰلِحِيْنَ નેક કાર્યો અને તેનો સ્વીકાર થવા છતાં જન્નતમાં પ્રવેશ અલ્લાહ તઆલાની કૃપા અને દયાથી જ થશે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કોઈ વ્યક્તિ પોતાના કર્મોના ભરોસા ઉપર જન્નતમાં પ્રવેશ પામશે નહીં. સહાબા (રદિ.)એ વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! તમે પણ ! તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે હા હું પણ ! પરંતુ મને મારા અલ્લાહની રહમત અને તેની કૃપાએ ઘેરી રાખેલ છે.

(રૂહુલ મઆની)

હઝરત સુલયમાન (અલૈ.) પણ આ વાક્યોમાં જન્નતમાં પ્રવેશ માટે અલ્લાહની કૃપાની દુઆ કરે છે, એટલે કે હે અલ્લાહ ! મને તે કૃપા પણ અર્પણ કર જેનાથી જન્નતનો હકદાર બની જાઉં.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૨૦ થી ૨૮)

وَتَفَقَّدَ الطَّيْرَ فَقَالَ مَا لِيَ لَآ أَرَى الْهُدْهُدَ ۖ أَمْ كَانَ مِنَ الْغَآئِبِينَ ﴿٢٠﴾
لَأُعَذِّبَنَّهُ عَذَابًا شَدِيدًا أَوْ لَأَاذْبَحَنَّهُ أَوْ لَيَأْتِيَنِّي بِسُلْطَانٍ مُّبِينٍ ﴿٢١﴾ فَمَكَثَ غَيْرَ
بَعِيدٍ فَقَالَ أَحَطتُّ بِمَا لَمْ تُحِطْ بِهِ وَجِئْتُكَ مِن سَبَإٍ بِنَبَإٍ يَقِينٍ ﴿٢٢﴾ إِنِّي وَجَدتُّ
امْرَأَةً تَمْلِكُهُمْ وَأُوتِيَتْ مِن كُلِّ شَيْءٍ وَلَهَا عَرْشٌ عَظِيمٌ ﴿٢٣﴾ وَجَدتُّهَا
وَقَوْمَهَا يَسْجُدُونَ لِلشَّمْسِ مِن دُونِ اللَّهِ وَزَيَّنَ لَهُمُ الشَّيْطَانُ أَعْمَالَهُمْ فَصَدَّهُمْ
عَنِ السَّبِيلِ فَهُمْ لَا يَهْتَدُونَ ﴿٢٤﴾ أَلَّا يَسْجُدُوا لِلَّهِ الَّذِي يُخْرِجُ الْخَبْءَ فِي السَّمَاوَاتِ
وَالْأَرْضِ وَيَعْلَمُ مَا تُخْفُونَ وَمَا تُعْلِنُونَ ﴿٢٥﴾ اللَّهُ لَا إِلَٰهَ إِلَّا هُوَ رَبُّ الْعَرْشِ
الْعَظِيمِ ۩ ﴿٢٦﴾ قَالَ سَنَنظُرُ أَصَدَقْتَ أَمْ كُنتَ مِنَ الْكَاذِبِينَ ﴿٢٧﴾ اذْهَب بِّكِتَابِي هَٰذَا
فَأَلْقِهْ إِلَيْهِمْ ثُمَّ تَوَلَّ عَنْهُمْ فَانظُرْ مَاذَا يَرْجِعُونَ ﴿٢٨﴾

તરજુમો :

અને (એક વખતે) પક્ષીઓની ખબર (હાજરી) લીધી તો કહ્યું, શું છે કે હું હુદહુદ (Hoopoe)ને નથી જોતો અથવા તે ગાયબ (ગેરહાજર) છે ? (૨૦) તેને શિક્ષા આપીશ, કઠોર શિક્ષા ! અથવા ઝબહ કરી નાંખીશ અથવા મારી પાસે કોઈ સ્પષ્ટ પ્રમાણ (ગેરહાજરીનો પુરાવો) રજુ કરે. (૨૧) પછી ઘણી વાર ન લાગી કે (હુદહુદે) આવીને કહ્યું, હું એક વસ્તુની ખબર લઈને આવ્યું છું કે તમને તેની જાણકારી ન હતી અને તમારી પાસે સબા (Sheba)થી એક ચોક્કસ ખબર લઈને આવ્યું છું. (૨૨) બેશક ! મેં એક યુવાન સ્ત્રીને જોઈ જે તેમના ઉપર બાદશાહી કરે છે અને તેને દરેક વસ્તુ મળી છે અને તેનો એક મહાન તખ્ત છે. (૨૩) મેં જોયું કે તે અને તેની કોમ અલ્લાહને છોડીને સૂરજને સિજ્દહ કરે છે અને શયતાને તેમને તેમના કર્મો ભલા બતાવી રાખ્યા છે, પછી તેમને માર્ગથી રોકી લીધા છે, બસ તેઓ માર્ગ (હિદાયત) નથી પામતા. (૨૪) કેમ અલ્લાહને સિજ્દહ ન કરે જે આસમાનોમાં અને

જમીનમાં છુપી વસ્તુને કાઢે છે અને જાણે છે જે છુપાવો છો અને જે જાહેર કરો છો. (૨૫) અલ્લાહ (એવો) છે કે તેના સિવાય કોઈ બંદગીના પાત્ર જ નથી, મહાન અર્શનો રબ્બ (માલિક). (૨૬) સુલયમાન (અલૈ.)એ કહ્યું, હવે અમે જોઈશું તેં સાચું કહ્યું અથવા તું જૂઠું છે. (૨૭) મારો આ પત્ર લઈ જા અને તેમના તરફ નાંખી દે પછી તેમની પાસેથી ખસી જા, પછી જોજે તેઓ શું જવાબ આપે છે ? (૨૮)

તફસીર :

(અને એકવાર એવી ઘટના બની કે) સુલયમાન (અલૈ.)એ પક્ષીઓની હાજરી લીધી તો (હુદહુદને ન જોયું) કહેવા લાગ્યા કે શું વાત છે ? હું હુદહુદને જોતો નથી, શું ક્યાંક ગાયબ થઈ ગયું છે ? (અને જ્યારે જાણ થઈ કે તે ખરેખર ગેરહાજર છે તો કહેવા લાગ્યા કે) હું તેને (ગેરહાજરી ઉપર) સખત શિક્ષા આપીશ અથવા તેને ઝબહ કરી નાંખીશ અથવા તે કોઈ (પોતાની આ ગેરહાજરીના પુરાવા સ્વરૂપે) સ્પષ્ટ દલીલ મારી સામે રજુ કરે (તો ખૈર હું તેને છોડી આપીશ) થોડીક જ વાર પછી તે આવ્યું અને સુલયમાન (અલૈ.)ને કહેવા લાગ્યું કે એવી વાત જાણીને આવ્યું છું જેની તમને જાણ નથી થઈ અને (તેનું ટૂંકમાં વર્ણન એ છે કે) હું તમારી પાસે એક સબા કબીલાની પાકી ખબર લાવ્યું છું (જેનું વિગતવાર વર્ણન એ છે કે) મેં એક સ્ત્રીને જોઈ કે તે તે લોકો ઉપર બાદશાહત કરી રહી છે અને તેને (બાદશાહત માટેની જરૂરિયાતોમાંથી) દરેક પ્રકારનો સામાન પ્રાપ્ત થયેલ છે અને તેની પાસે એક મોટો તખ્ત છે (અને તેમની ધાર્મિક પરિસ્થિતિ એ છે કે) મેં તે (સ્ત્રી)ને અને તેની કોમને જોઈ કે તે અલ્લાહ(ની ઈબાદત)ને છોડીને સૂર્યને સિજ્દહ કરે છે અને શયતાને તેમના (આ કુફિયા) અમલોને તેમની નજરમાં ભલા કરી રાખ્યા છે (અને તેમના ખરાબ અમલોને શણગારવાના કારણે) તેમને (સત્ય) માર્ગથી રોકી રાખ્યા છે એટલા માટે તેઓ (સત્ય) માર્ગ ઉપર નથી ચાલતા કે તે અલ્લાહને સિજ્દહ નથી કરતા જે (એવો શક્તિવાળો છે કે) આસમાનો અને જમીનની છુપી વસ્તુઓને (જેમાં વરસાદ અને જમીનની વનસ્પતિ પણ છે) બહાર કાઢે છે અને (એવો જાણનારો છે કે) તમે લોકો (એટલે કે બધી જ મખ્લૂક) જે કંઈ (દિલમાં) ગુપ્ત રાખો છો અને જે કંઈ (જીભ અને શરીરના અવયવોથી) જાહેર કરો છો તે બધાને જાણે છે (એટલા

માટે) અલ્લાહ જ એવો છે કે તેના સિવાય કોઈ ઇબાદતના લાયક નથી અને તે મહાન અર્શનો માલિક છે, સુલયમાન (અલૈ.)એ (આ સાંભળીને) ફરમાવ્યું કે અમે હમણા જોઈ લઈએ છીએ કે તું સાચું કહે છે અથવા તું જૂઠાઓમાંથી છે ? (વારું !) મારો આ પત્ર લઈ જા અને તેને તેમની પાસે નાંખી આપજે પછી (જરા ત્યાંથી) હટી જજે, પછી જોજે કે પરસ્પર શું સવાલ જવાબ કરે છે (પછી તું ત્યાંથી ચાલ્યું આવજે, તે લોકો જે કંઈ કાર્યવાહી કરશે તેના ઉપર તારું સાચ અને જૂઠ ખબર થઈ જશે).

મસ્અલા અને બોધપાઠ :

وَتَفَقَّدَ الطَّيْرَ માં શબ્દ تَفَقُّدُ (તફક્કદ)નો શાબ્દિક અર્થ કોઈ સભામાં હાજરજનો વગેરેની તહકીક માટે ઉપયોગ થાય છે, એટલા માટે તેનો અનુવાદ દેખરેખ રાખવી અથવા ખબર કાઢવી પણ કરવામાં આવે છે. હઝરત સુલયમાન (અલૈ.)ને અલ્લાહ તઆલાએ મનુષ્યો સિવાય જિન્નાતો, પ્રાણીઓ તથા પક્ષીઓ ઉપર હુકૂમત અર્પણ કરી હતી અને જેમકે રાજ્યસત્તાનો સિદ્ધાંત છે કે રય્યતના દરેક વર્ગની દેખરેખ અને ખબર કાઢવી સત્તાધિકારીની ફરજોમાંથી છે એ પ્રમાણે આ આયતમાં વર્ણન કર્યું, تَفَقَّدَ الطَّيْرَ એટલે કે સુલયમાન (અલૈ.)એ પોતાની રય્યતના પક્ષીઓની ચકાસણી કરી અને એ જોયું કે તેમનામાં કોણ હાજર છે અને કોણ ગેરહાજર ? રસૂલે કરીમ ﷺની પણ મુબારક ટેવ એ હતી કે સહાબએ કિરામ (રદિ.)ની પરિસ્થિતિ વિશે જાણકારી રાખવાની કાળજી લેતા હતા, જે વ્યક્તિ ગેરહાજર હોતો જો તે બીમાર હોય તો તેની ખબર લેવા માટે પહોંચી જતા હતા અને તેની બીમારપુરસી કરતા હતા અને કોઈ તકલીફમાં સપડાયેલ હોય તો તેના માટે કોઈ હલ શોધતા હતા.

સત્તાધારીએ પોતાની રય્યતની અને મશાઇખે પોતાના શાગિર્દો અને મુરીદોની ખબર લેવી જરૂરી છે :

પ્રસ્તુત આયતથી સાબિત થયું કે હઝરત સુલયમાન (અલૈ.) પોતાની રય્યતના દરેક વર્ગ ઉપર દેખરેખ રાખતા હતા અને તેમની હાલતોની એટલી જાણકારી રાખતા હતા કે હુદહુદ જે પક્ષીઓમાં નાનું અને અશક્ત હોય છે અને તેની સંખ્યા પણ દુનિયામાં બીજા પક્ષીઓ કરતાં ઓછી છે તે પણ હઝરત

સુલયમાન (અલૈ.)ની નજરોથી ઓજલ ન થયું, બલકે ખાસ હુદહુદ વિશે તેમણે જે પ્રશ્ન કર્યો તેનું એક કારણ એ પણ હોઈ શકે છે કે તે પક્ષીઓના સમૂહમાં ઓછી સંખ્યામાં અને કમજોર હોય છે એટલા માટે પોતાના રય્યતના અશક્ત વર્ગ ઉપર નજર રાખવાની વધારે કાળજી રાખી. સહાબએ કિરામ (રદિ.)માંથી હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ પોતાના ખિલાફતના સમયકાળમાં અંબિયા (અલૈ.)ની આ સુન્નતને સંપૂર્ણ રીતે ચાલુ રાખી. રાત્રે મદીના મુનવ્વરહની ગલીઓમાં ફરતા હતા કે બધા લોકોની પરિસ્થિતિઓથી જાણકાર રહે, જે વ્યક્તિને કોઈ મુસીબત અથવા તકલીફમાં સપડાયેલો જુએ તો તેની મદદ કરતા હતા. તેના ઘણા કિસ્સાઓ તેમના જીવન ચરિત્રમાં ઉપસ્થિત છે. તેઓ ફરમાવ્યા કરતા હતા કે જો ફુરાત નદીના કિનારા ઉપર કોઈ વરૂએ કોઈ બકરીના બચ્ચાને ફાડી ખાધું તો તેનો પણ ઉમરને સવાલ થશે. *(કુર્તુબી)*

આ હતો તે સિદ્ધાંત કે જ્યાં સત્તા અને રાજ્યશાસન જે અંબિયા (અલૈ.)એ લોકોને શિખવાડ્યું અને તેને સહાબે કિરામ (રદિ.)એ પ્રાયોગિક સ્વરૂપે કરીને બતાવ્યું અને જેના પરિણામે સંપૂર્ણ મુસ્લિમ અને ગેરમુસ્લિમ રય્યત શાંતિ અને સલામતીની સાથે જિંદગી પસાર કરતી હતી અને તેમના પછી જમીન અને આસમાને એવા ન્યાય અને ઈન્સાફ તથા સામાન્ય દુનિયાએ શાંતિ અને સલામતીના તે દૃષ્યો જોયા નથી.

مَالِیَ لَآ اَرَی الْهُدْهُدَ اَمْ كَانَ مِنَ الْغَآئِبِيْنَ હઝરત સુલયમાન (અલૈ.)એ ફરમાવ્યું કે, મને શું થઈ ગયું કે હું હુદહુદને એકઠા થયેલાઓમાં જોતો નથી ?

પોતાની જાતનો હિસાબ લેતા રહેવું જોઈએ :

અત્રે મોકો તો એવું કહેવાનો હતો કે હુદહુદને શું થઈ ગયું કે તે હાજરજનોમાં ઉપસ્થિત નથી ? વિષય કદાચ એટલા માટે બદલ્યો કે હુદહુદ અને બધા જ પક્ષીઓનું તેમના માટે કામે લાગવું અલ્લાહ તઆલાનું એક ખાસ ઈનામ હતું. હુદહુદની ગેરહાજરી ઉપર શરૂઆતમાં એ ડર દિલમાં પેદા થયો કે કદાચ મારા કોઈ કુસૂરથી આ નેઅ્મતમાં કમી આવી કે એક પક્ષી એટલે કે હુદહુદ ગાયબ થઈ ગયું, એટલા માટે પોતાની જાતને પ્રશ્ન કર્યો કે આવું કેમ થયું ? જેમકે સુફી મશાઈખોની એ ટેવ હોય છે કે જ્યારે તેમની કોઈ નેઅ્મતમાં કમી આવે

અથવા કોઈ તકલીફ અને પરેશાની પડે તો તેઓ તેના હલ માટે ભૌતિક સામાન તરફ ધ્યાન આપતા પહેલાં પોતાની જાતનો હિસાબ અને ચકાસણી કરતા હતા કે અમારાથી અલ્લાહના શુક્ર કરવાના હકમાં કોઈ ઉણપ થઈ ગઈ હશે જેના કારણે આ નેઅ્મત અમારી પાસેથી લઈ લેવામાં આવી છે. કુર્તુબીએ આ સ્થળે ઈબ્ને અરબી (રહ.)ના હવાલાથી તે બુઝુર્ગોની પરિસ્થિતિ નકલ કરી છે.

اِذَا فَقَدُوْا اٰمَالَهُمْ تَفَقَّدُوْا اَعْمَالَهُمْ

"તે લોકોને જ્યારે પોતાની ઈચ્છાઓમાં સફળતા ન મળતી તો તેઓ પોતાના કર્મોનો હિસાબ અને ચકાસણી કરે છે કે અમારાથી શું કુસૂર થઈ ગયો ?"

આ શરૂઆતના પોતાની જાતના હિસાબ અને ચકાસણી ઉપર ચિંતન અને મનન કર્યા પછી ફરમાવ્યું, اَمْ كَانَ مِنَ الْغَآئِبِيْنَ આ સ્થળે શબ્દ اَمْ (અમ્) بَلْ (બલ્)ના અર્થમાં છે. (કુર્તુબી) ભાવાર્થ એ છે કે એ વાત નથી કે હુદહુદને જોવામાં મારી દષ્ટિએ ભૂલ કરી બલકે તે હાજર જ નથી.

પક્ષીઓમાં હુદહુદની વિશિષ્ટતાનું કારણ અને એક અગત્યનો બોધપાઠઃ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ને પ્રશ્ન કરવામાં આવ્યો કે બધા જ પક્ષીઓમાં હુદહુદની તપાસ કરવા માટેનું શું કારણ બન્યું ? તો તેમણે કહ્યું કે હઝરત સુલયમાન (અલૈ.)એ કોઈ એવા સ્થળે પડાવ નાંખ્યો હતો જ્યાં પાણી ન હતું અને અલ્લાહ તઆલાએ હુદહુદને એ ખાસિયત અર્પણ કરી હતી કે તે જમીનની અંદરની વસ્તુઓને અને જમીનની અંદર વહેનારા ઝરણાઓને જોઈ લે છે. હઝરત સુલયમાન (અલૈ.)નો હેતુ એ હતો કે હુદહુદ પાસેથી આ જાણ કરીએ કે આ મેદાનમાં પાણી કેટલી ઊંડાઈએ છે ? અને કયા સ્થળે જમીન ખોદવાથી પૂરતું પાણી મળી શકે છે ? હુદહુદ દ્વારા તે જગ્યા નિશ્ચિત થયા પછી તેઓ જિન્નાતને હુકમ આપતા હતા કે તે જમીનને ખોદીને પાણી કાઢી લે, તેઓ ઘણા જલ્દી ખોદીને પાણી કાઢી લેતા હતા. હુદહુદ પોતાની તેજ નજર અને સમજદારી છતાં શિકારીના જાળમાં ફસાઈ જાય છે એના ઉપર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું,

قِفْ يَاوَقَّافُ كَيْفَ يَرَى الْهُدْ هُدُ بَاطِنَ الْاَرْضِ وَهُوَ لَا يَرَى الْفَخَّ حِيْنَ يَقَعُ فِيْهِ

(قُرْطُبِى)

"જાણકારો આ હકીકતને ઓળખો કે હુદહુદ જમીનની ઊંડાઈની વસ્તુઓને જોઈ લે છે પરંતુ જમીનની ઉપર ફેલાયેલું જાળ તેની નજરથી ઓજલ થઈ જાય છે જેમાં તે ફસાઈ જાય છે."

હેતુ એ છે કે અલ્લાહ તઆલાએ જે બાબત તકલીફ અથવા રાહતની કોઈના માટે નિશ્ચિત કરી આપી છે તો અલ્લાહની તકદીર લાગુ થઈને રહે છે, કોઈ વ્યક્તિ પોતાની બુદ્ધિ, સમજદારી દ્વારા અથવા જોરાવર પોતાની તાકાત દ્વારા બચી નથી શકતો.

لَاُعَذِّبَنَّهٗ عَذَابًا شَدِيْدًا اَوْلَا اَذْبَحَنَّهٗ શરૂઆતમાં વિચાર અને ચિંતન કર્યા પછી આ હિકમતપૂર્ણ ડિપ્લોમેસીની જાહેરાત છે કે ગેરહાજર રહેનારાઓને શિક્ષા આપવામાં આવે.

જે પ્રાણીઓ કામમાં આળસ કરે તેને હળવી શિક્ષા આપવી જાઇઝ છે:

હઝરત સુલયમાન (અલૈ.) માટે અલ્લાહ તઆલાએ જાનવરોને એવી શિક્ષા આપવાનું હલાલ કર્યું હતું જેમકે સામાન્ય ઉમ્મતો માટે પ્રાણીઓને ઝબહ કરીને તેનો માંસ તથા અન્ય વસ્તુઓ વગેરેથી લાભ ઉઠાવવો અત્યારે પણ હલાલ છે, એ જ પ્રમાણે પાલતું પ્રાણીઓ ગાય, બળદ, ગધેડો, ઘોડો, ઊંટ વગેરે પોતાના કામમાં આળસ કરે તો તેમને ચેતવણી માટે જરૂરત પ્રમાણે હળવી શિક્ષા કરવી અત્યારે પણ જાઇઝ છે, બીજા પ્રાણીઓને સજા આપવી આપણી શરીઅતમાં પ્રતિબંધિત છે. *(કુર્તુબી)*

اَوْ لَيَاْتِيَنِّىْ بِسُلْطٰنٍ مُّبِيْنٍ એટલે કે, જો હુદહુદે પોતાની ગેરહાજરીનું કોઈ સ્પષ્ટ અને યોગ્ય કારણ રજુ કરી દીધું તો તે આ શિક્ષાથી સુરક્ષિત રહેશે, તેમાં ઈશારો છે કે જે લોકોથી કોઈ કાર્યમાં ઉણપ રહી જાય તો તેમને પોતાનું કારણ રજુ કરવાનો મોકો સત્તાધારી આપે કે જો કારણ સાચું સાબિત થાય તો સજા મા'ફ કરી દે.

اَحَطْتُّ بِمَا لَمْ تُحِطْ بِهٖ એટલે કે હુદહુદે પોતાનું કારણ બતાવતાં કહ્યું કે

મને બે વસ્તુઓ ખબર છે જે તમને ખબર નથી, એટલે કે હું એક એવી ખબર લાવ્યું છું જેનું તમને પહેલાં જ્ઞાન ન હતું.

અંબિયા (અલૈ.) આલિમુલ ગયબ (ત્રિકાળજ્ઞાની) નથી હોતા :

ઈમામ કુર્તુબીએ ફરમાવ્યું કે આ બાબતથી સ્પષ્ટ રીતે જાણ થાય છે કે અંબિયા (અલૈ.) આલિમુલ ગયબ (અદષ્ય બાબતોના જાણકાર) નથી હોતા જેથી તેમને દરેક વસ્તુનું જ્ઞાન થઈ શકે.

وَجِئْتُكَ مِنْ سَبَإٍ بِنَبَإٍ يَّقِيْنٍ માં શબ્દ سَبَاءٌ (સબાઅ્) યમનનું એક પ્રખ્યાત શહેર છે જેનું એક નામ મઆરિબ પણ છે, તેના અને યમનના પાટનગર સના વચ્ચે ત્રણ દિવસની મુસાફરીનું અંતર હતું.

શું નાના વ્યક્તિને આ અધિકાર છે કે પોતાના મોટાઓને કહે કે હું તમારા કરતાં વધારે જ્ઞાન ધરાવું છું ? :

હુદહુદની પ્રસ્તુત વાતચીતથી અમુક લોકોએ એ બાબત ઉપર દલીલ કરી છે કે કોઈ વિદ્યાર્થી પોતાના શિક્ષકને અથવા વિદ્વાન ન હોય એવો વ્યક્તિ વિદ્વાનને કહી શકે કે આ સમસ્યાનું જ્ઞાન મને આપના કરતાં વધારે છે ? એ શરતે કે તેને એ બાબતનું વાસ્તવિક રીતે સંપૂર્ણ જ્ઞાન અન્યો કરતાં વધારે હોય પરંતુ રૂહુલ મઆનીએ ફરમાવ્યું કે વાતચીતની આ શૈલી પોતાના મશાઇખ અને વડીલો સાથે સભ્યતાની વિરુદ્ધ છે અને તેનાથી બચવું જોઈએ તથા હુદહુદના નિવેદનથી તેના ઉપર દલીલ એટલા માટે નથી કરી શકાતી કે તેણે આ વાત પોતાને શિક્ષાથી બચાવવા અને મજબૂત પુરાવો રજુ કરવા સ્વરૂપે કહી છે જેથી તેની ગેરહાજરીનો સંપૂર્ણ પુરાવો હઝરત સુલયમાન (અલૈ.) સામે આવી જાય. આવી આવશ્યકતાના સમયે સભ્યતાના સિદ્ધાંતો ધ્યાનમાં રાખીને કોઈ વાત કહેવામાં આવે તો વાંધો નથી.

اِنِّىْ وَجَدْتُّ امْرَاَةً تَمْلِكُهُمْ એટલે કે, મેં એક સ્ત્રીને જોઈ જે સબા કોમની માલિક છે એટલે કે તેમના ઉપર હુકૂમત કરે છે. આ સ્ત્રી એટલે કે સબાની રાણી ઈતિહાસમાં બિલ્કિસ બિન્તે શરાહીલ બતાવવામાં આવે છે અને અમુક રિવાયતોમાં છે કે તેની માતા જિન્નાતમાંથી હતી જેનું નામ બલામહ બિન્તે શિસાન બતાવવામાં આવે છે. (وُهَيْبِ بْنِ صَبْرِيْرٍ عَنِ الْخَلِيْلِ ابْنِ اَحْمَدَ - قُرْطُبِى) અને

તેના દાદા હુદાહુદ સંપૂર્ણ યમન દેશના એક મહાન બાદશાહ હતા, તેમના પિતા શરાહે એક જિન સ્ત્રી સાથે નિકાહ કર્યા હતા તેના જ પેટથી બિલ્કિસ પેદા થઈ. જિન સાથે નિકાહ કરવાના વિવિધ કારણો વર્ણન કરવામાં આવે છે, એક એ છે કે તે પોતાની હુકૂમત અને સલ્તનતના ઘમંડમાં લોકોને કહેતો હતો કે તમારામાં મારો કોઈ સમકક્ષ નથી એટલા માટે હું નિકાહ જ કરીશ નહીં, કારણ કે જે મારી સમકક્ષ ન હોય તેની સાથે હું લગ્ન કરવાનું પસંદ નથી કરતો તેનું પરિણામ એ આવ્યું કે લોકોએ તેના લગ્ન એક જિન સ્ત્રી સાથે કરાવી આપ્યા. (કુર્તુબી) કદાચ આ તે જ ઘમંડ અને અભિમાનનું પરિણામ હતું કે તેણે મનુષ્યો કે જે વાસ્તવમાં તેના સમકક્ષ હતા, તુચ્છ અને નીચ સમજ્યા અને પોતાના સમકક્ષ હોવાનો સ્વીકાર ન કર્યો. કુદરતે તેના લગ્ન એક એવી સ્ત્રી સાથે કરાવી આપ્યા જે ન તો તેની સમકક્ષ હતી અને ન જ તેની પ્રજાતિ કે કોમમાંથી હતી.

શું મનુષ્યોના નિકાહ જિન્ની સ્ત્રી સાથે થઈ શકે છે ? :

આ બાબતે અમુક લોકોએ તો એટલા માટે શંકા કરી છે કે જિન્નાત મનુષ્યોની જેમ બાળકો પેદા કરવાના અને વંશ અને વારસોના કાબેલ જ નથી. ઈબ્ને અરબીએ પોતાની તફસીરમાં નોંધ્યું છે કે આ વિચાર ખોટો છે. સહીહ હદીષોથી જિન્નાતમાં અવલાદ અને વંશ તથા પુરુષ-સ્ત્રીની તમામ તે વિશેષતાઓ જે મનુષ્યોમાં હોય છે તે જિન્નાતોમાં પણ હોવાનું સાબિત છે.

બીજો પ્રશ્ન શરઈ સ્વરૂપનો છે કે શું જિન્ની સ્ત્રી સાથે કોઈ મનુષ્ય પુરુષ માટે નિકાહ કરવા હલાલ હોઈ શકે છે તેમાં ફુક્હાનો મતભેદ છે. ઘણા લોકોએ જાઈઝ ઠરાવ્યું છે, અમુકે અન્ય પ્રજાતિ હોવાના કારણે દાખલા તરીકે પ્રાણીઓ વગેરેની બીનાએ તેને હરામ ઠરાવ્યું છે. આ મસ્અલાની વિગત آكَامُ الْمَرْجَانِ فِى اَحْكَامِ الْجَانّ કિતાબમાં ઉપસ્થિત છે, તેમાં અમુક એવી ઘટનાઓનું પણ વર્ણન છે કે મુસલમાન પુરુષનો જિન્ની સ્ત્રી સાથે નિકાહ થયો અને તેનાથી સંતાનો પણ થયા. અત્રે આ મસ્અલો એટલા માટે વધારે ચર્ચાપાત્ર નથી કે બિલ્કિસના પિતા મુસલમાન જ ન હતા, તેની આ પ્રવૃત્તિથી કોઈ દલીલ જાઈઝ હોવાની અથવા જાઈઝ ન હોવાની થઈ શકતી ન હતી અને કારણ કે ઈસ્લામી શરીઅતમાં સંતાનનો સંબંધ બાપ સાથે જોડવામાં આવે છે અને બિલ્કિસના પિતા માનવી હતા

એટલા માટે બિલ્કિસ મનુષ્ય જ ઠરાવવામાં આવશે. અમુક રિવાયતોમાં જે હઝરત સુલયમાન (અલૈ.)ની બિલ્કિસની સાથે નિકાહ કરવાની વિગત વર્ણન થઈ છે જો તે રિવાયતો સાચી હોય તો પણ તેનાથી જિન્ની સ્ત્રીઓ સાથે નિકાહનો કોઈ હુકમ સાબિત થતો નથી, કારણ કે બિલ્કિસ પોતે જિન્ની ન હતી ભલે તેની માતા જિન્ની હોય. વલ્લાહુ અઅ્લમુ. સુલયમાન (અલૈ.)ના બિલ્કિસ સાથેના નિકાહની વધુ વિગત આગળ આવશે.

શું કોઈ સ્ત્રીનું બાદશાહ હોવું અથવા કોઈ કોમના અમીર અથવા આગેવાન હોવું જાઇઝ છે ? :

સહીહ બુખારીમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺને જ્યારે એ ખબર પહોંચી કે ઈરાનના લોકોએ પોતાના દેશના બાદશાહ તરીકે કિસ્રાની પુત્રીની નિમણૂક કરી છે તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, لَنْ يُّفْلِحَ قَوْمٌ وَلَّوْا اَمْرَهُمْ اِمْرَاَةً એટલે કે તે કોમ કદી સફળતા પામશે નહીં જેણે પોતાની સત્તાનો માલિક સ્ત્રીને બનાવી દીધી, એટલા માટે ઉમ્મતના ઉલમા આ બાબત ઉપર સહમત છે કે કોઈ સ્ત્રીને ઈમામત અથવા ખિલાફત અથવા સલતનત અને હુકૂમત સોંપવામાં આવી નથી શકતી, બલકે નમાઝની ઈમામતની જેમ મોટી ઈમામત પણ માત્ર પુરુષો માટે હોય છે. રહી બિલ્કિસની સબાની મલિકા હોવાની બાબત તો એનાથી કોઈ શરઈ હુકમ સાબિત નથી થઈ શકતો જ્યાં સુધી એ સાબિત ન થઈ જાય કે હઝરત સુલયમાન (અલૈ.)એ તેનાથી પોતે નિકાહ કર્યા અને પછી પોતે હુકૂમત અને સલતનત ઉપર યથાવત્ રાખી અને આ કોઈ સહીહ રિવાયતથી સાબિત નથી કે જેના ઉપર શરીઅતના હુકમોમાં ભરોસો કરી શકાય.

وَاُوْتِيَتْ مِنْ كُلِّ شَىْءٍ ભાવાર્થ એ છે કે બધો આવશ્યક સામાન જે કોઈ રાજા અથવા અમીર માટે જરૂરી હોય છે અને પોતાના સમયકાળ પ્રમાણે આવશ્યક હોઈ શકે છે તે મોજૂદ હતો તે વસ્તુઓ તે સમયમાં શોધાઈ જ ન હતી તેનું ન હોવું આ આયતની વિરોધાભાસી બાબત નથી.

وَلَهَا عَرْشٌ عَظِيْمٌ માં શબ્દ عَرْش (અર્શ)નો શાબ્દિક અર્થ "સલતનતનો તખ્ત" (સિંહાસન) થાય છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની એક રિવાયતમાં છે

કે, બિલ્કિસના અર્શની લંબાઈ એંસી હાથ (Yard) અને પહોળાઈ ચાલીસ હાથ અને ઊંચાઈ ત્રીસ હાથ હતી જેના ઉપર મોતી અને લાલ રૂબી (યાકૂત), ટોપાઝ તથા ઓલીવીનથી શણગારેલો હતો, તેના પાયા મોતીઓ અને ઝવેરાતના હતા અને પડદા રેશમ અને હરીર (ઉચ્ચ પ્રકારના કપડાં)ના એક પછી એક સાત તાળાં મારેલી ઈમારતોમાં સુરક્ષિત હતું.

وَجَدْتُّهَا وَقَوْمَهَا يَسْجُدُوْنَ لِلشَّمْسِ જાણ થઈ કે તેની કોમ તારાને પૂંજતી હતી, સૂર્યની ઈબાદત કરતી હતી. અમુકે કહ્યું કે અગ્નિપૂજકમાંથી હતી જેઓ આગ અને દરેક પ્રકારના પ્રકાશની પૂજા કરે છે. *(કુર્તુબી)*

اَلَّا يَسْجُدُوْا નો સંબંધ زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ અથવા صَدَّهُمْ عَنِ السَّبِيْلِ સાથે છે, એટલે કે શયતાને તેમના દિમાગોમાં એ જ માન્યતા દૃઢ કરી દીધી હતી કે અલ્લાહ તઆલાને સિજ્દહ ન કરીએ તો એ કે તેમને સત્યના માર્ગેથી એવી રીતે અટકાવ્યા કે તેઓ અલ્લાહ તઆલાને સિજ્દહ ન કરે.

લખાણ અને પત્ર પણ સામાન્ય વ્યવહારમાં પૂરતો શરઈ પુરાવો છે :

اِذْهَبْ بِّكِتٰبِىْ هٰذَا હઝરત સુલયમાન (અલૈ.)એ સબાની મલિકાના નામે જે પત્ર મોકલવાને હુજ્જત પૂર્ણ કરવા માટે પૂરતું સમજ્યું અને તેના ઉપર જ અમલ કર્યો, તેનાથી જાણ થઈ કે સામાન્ય વ્યવહારમાં લખાણ અથવા પત્ર ભરોસાપાત્ર સાબિતી છે. ફુકહાએ માત્ર એવી પરિસ્થિતિઓમાં પત્રને પૂરતો નથી સમજ્યો જ્યાં શરઈ ગવાહીની આવશ્યકતા છે, કારણ કે પત્ર અને ટેલિફોન વગેરે દ્વારા ગવાહી લઈ શકાતી નથી. ગવાહીનો આધાર ગવાહના અદાલતની સામે આવીને નિવેદન આપવા ઉપર રાખ્યો છે જેમાં ઘણી હિકમતો રહેલી છે, એ જ કારણ છે કે આજકાલ પણ દુનિયાની કોઈ અદાલતમાં પત્ર અથવા ટેલિફોન ઉપર ગવાહી લેવાને પૂરતું સમજવામાં આવતું નથી.

મુશ્રિકોને પત્ર લખવો અને તેમની પાસે મોકલવો જાઇઝ છે :

બીજો મસ્અલો હઝરત સુલયમાન (અલૈ.)ના આ પત્રથી એ સાબિત થયો કે દીનના પ્રચાર અને ઈસ્લામના આમંત્રણ માટે મુશ્રિકો અને કાફિરોને પત્રો લખવા જાઈઝ છે, નબીએ કરીમ ﷺ દ્વારા પણ અનેક કાફિરોને પત્રો મોકલવાનું હદીષોથી સાબિત થયેલ છે.

શિષ્ટાચાર અને સભ્યતાની દરેક મજલિસમાં કાળજી રાખવામાં આવશે, ભલે તે મજલિસ કાફિરોની કેમ ન હોય :

فَأَلْقِهْ إِلَيْهِمْ ثُمَّ تَوَلَّ عَنْهُمْ હઝરત સુલયમાન (અલૈ.)એ હુદહુદને પત્ર પહોંચાડવાનું કામ સોંપ્યું તો તેને મજલિસની સભ્યતા પણ શીખવાડી કે પત્ર સબાની મલિકાને પહોંચાડી ત્યાં તેમના માથા ઉપર સવાર થયેલ ન રહે બલકે ત્યાંથી જરા હટી જાય જે સામાન્ય શાહી સભાઓનો તરીકો છે. તેમાં સામાજિક શિસ્ત અને સભ્યતા તથા માનવતાપૂર્ણ અખ્લાકથી સામાન્ય મખ્લૂકો સાથે વર્તવું ઈચ્છનીય બાબત હોવાની જાણ થાય છે.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૨૯ થી ૩૭)

قَالَتْ يَا أَيُّهَا الْمَلَؤُا إِنِّي أُلْقِيَ إِلَيَّ كِتَابٌ كَرِيمٌ ﴿٢٩﴾ إِنَّهُ مِنْ سُلَيْمَانَ وَإِنَّهُ
بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ ﴿٣٠﴾ أَلَّا تَعْلُوا عَلَيَّ وَأْتُونِي مُسْلِمِينَ ﴿٣١﴾ قَالَتْ
يَا أَيُّهَا الْمَلَؤُا أَفْتُونِي فِي أَمْرِي مَا كُنْتُ قَاطِعَةً أَمْرًا حَتَّىٰ تَشْهَدُونِ ﴿٣٢﴾
قَالُوا نَحْنُ أُولُو قُوَّةٍ وَأُولُو بَأْسٍ شَدِيدٍ وَالْأَمْرُ إِلَيْكِ فَانْظُرِي مَاذَا
تَأْمُرِينَ ﴿٣٣﴾ قَالَتْ إِنَّ الْمُلُوكَ إِذَا دَخَلُوا قَرْيَةً أَفْسَدُوهَا وَجَعَلُوا أَعِزَّةَ
أَهْلِهَا أَذِلَّةً وَكَذَٰلِكَ يَفْعَلُونَ ﴿٣٤﴾ وَإِنِّي مُرْسِلَةٌ إِلَيْهِمْ بِهَدِيَّةٍ فَنَاظِرَةٌ
بِمَ يَرْجِعُ الْمُرْسَلُونَ ﴿٣٥﴾ فَلَمَّا جَاءَ سُلَيْمَانَ قَالَ أَتُمِدُّونَنِ بِمَالٍ فَمَا آتَانِيَ اللَّهُ
خَيْرٌ مِمَّا آتَاكُمْ بَلْ أَنْتُمْ بِهَدِيَّتِكُمْ تَفْرَحُونَ ﴿٣٦﴾ ارْجِعْ إِلَيْهِمْ فَلَنَأْتِيَنَّهُمْ بِجُنُودٍ
لَا قِبَلَ لَهُمْ بِهَا وَلَنُخْرِجَنَّهُمْ مِنْهَا أَذِلَّةً وَهُمْ صَاغِرُونَ ﴿٣٧﴾

તરજુમો :

(બિલ્કિસ) કહેવા લાગી, હે દરબારીઓ ! મારી પાસે એક સન્માનનીય પત્ર નાંખવામાં (પહોંચાડવામાં) આવ્યો છે. (૨૯) બેશક તે પત્ર સુલયમાન

(અલૈ.) તરફથી છે અને બેશક તે આ છે, બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ (શરૂ કરું છું અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન અને અત્યંત રહમવાળો છે). (૩૦) કે મારા મુકાબલામાં બળવો ન કરજો અને મારી સામે આજ્ઞાપાલક બનીને ચાલ્યા આવો. (૩૧) કહેવા લાગી, હે દરબારીઓ ! મને મારા કાર્યમાં સલાહ આપો, હું કોઈ કાર્ય તમારા હાજર થવા સુધી નક્કી નથી કરતી. (૩૨) તેઓ બોલ્યા, આપણે બળવાન છે અને સખત લડવૈયા અને કાર્ય તારા અધિકારમાં છે, બસ તું જોઈ (વિચારી) લે જે હુકમ કરે. (૩૩) કહેવા લાગી, બાદશાહ જ્યારે કોઈ વસ્તીમાં પ્રવેશ કરે છે તો તેને ખરાબ (બરબાદ) કરી નાંખે છે અને ત્યાંના સરદારોને બેઈજ્જત કરી નાંખે છે અને (કદાચ તેઓ) એવું જ કંઈ કરશે. (૩૪) અને હું તેમના તરફ કંઈ ભેટ મોકલું છું પછી જોઉં છું મોકલેલા (એલચી) શું જવાબ લઈને પાછા આવે છે? (૩૫) પછી જ્યારે સુલયમાન (અલૈ.)ની પાસે (એલચી) પહોંચ્યો, (સુલયમાન અલૈ.એ) કહ્યું, શું તમે મારી માલથી મદદ કરો છો ? બસ અલ્લાહે જે મને આપ્યું છે તે તેનાથી બહેતર છે જે તમને આપ્યું છે, બલકે તમે જ તમારી ભેટથી ખુશ રહો. (૩૬) તેમના તરફ પાછા જાઓ હવે અમે તેમના ઉપર સૈન્યો સાથે પહોંચીએ છીએ કે જેનો મુકાબલો તેમનાથી નહીં થઈ શકે અને તેમને ત્યાંથી બેઆબરૂ કરીને કાઢી મૂકીશું અને તેઓ અપમાનિત થશે. (૩૭)

તફસીર :

(હઝરત સુલયમાન અલૈ.એ હુદહુદ સાથે આ વાતચીત કરીને બિલ્કિસના નામે એક પત્ર લખ્યો જેનો વિષય કુર્આનમાં આગળ વર્ણન થયો છે અને હુદહુદના હવાલે કર્યો અને તે ચાંચમાં લઈને ચાલ્યું અને એકલા અથવા સભામાં બિલ્કિસની પાસે તે પત્ર નાંખી દીધો), બિલ્કિસે (પત્ર વાંચીને પોતાના સરદારોને સલાહ માટે એકઠા કર્યા અને) કહ્યું કે હે દરબારીઓ ! મારી પાસે એક પત્ર (જેનો વિષય અત્યંત) દબદબાવાળો (અને મહાન છે) નાંખવામાં આવ્યો છે, (દબદબાવાળો એટલા માટે કહ્યો કે સત્તાની ભાષામાં એ વિષય હતો જેમાં ખૂબ ટૂંકાણથી ઉચ્ચ કક્ષાની સાહિત્ય શૈલી પણ હતી અને) તે સુલયમાન (અલૈ.) તરફથી છે અને તેમાં આ (વિષય) છે, (પ્રથમ) બિસ્લિલ્લાહિર્રહમાનિર્રહીમ (અને ત્યાર પછી એ

છે કે) તમે લોકો (એટલે કે બિલ્કિસ અને બધા બાદશાહતના જવાબદાર લોકો જેમની સાથે સામાન્ય જનતા પણ સંલગ્ન છે), મારા મુકાબલામાં અભિમાન ન કરો અને મારી પાસે તા'બેદાર થઈને ચાલ્યા આવો (આ સૌનો હેતુ તેમને આમંત્રણ આપવાનો છે અને આ લોકો હઝરત સુલયમાન અલૈ.નો યા તો પ્રથમથી હાલ સાંભળી ચૂક્યા હશે, જો કે હઝરત સુલયમાન અલૈ. તેમને કદાચ જાણતા ન હોય અને મોટે ભાગે એવું થાય છે કે મોટા લોકો નાનાઓને જાણતા નથી હોતા અને નાનાઓ મોટાઓને જાણતા હોય છે અને આ પત્ર આવ્યા પછી તેની તહકીક કરી લીધી હશે તથા પત્રના વિષયની જાણકારી આપ્યા પછી) બિલ્કિસે (એ) કહ્યું કે હે દરાબરીઓ ! મને મારા આ મા'મલામાં સલાહ આપો (કે મારે સુલયમાન અલૈ.ની સાથે શું વ્યવહાર કરવો જોઈએ ?) અને હું (ક્યારેય) કોઈ વાતનો અંતિમ નિર્ણય નથી કરતી જ્યાં સુધી કે તમે મારી પાસે ઉપસ્થિત ન હોય (અને તેના સલાહ મશ્વરામાં સામેલ ન હોય), તે લોકો કહેવા લાગ્યા કે અમે (પોતાની જાતથી દરેક રીતે હાજર છીએ, જો મુકાબલો કરવો કે લડવું યોગ્ય સમજવામાં આવે તો અમે) ઘણા શક્તિશાળી અને ભારે લડવૈયા છીએ (અને આગળ) અધિકાર તમને છે, બસ તમે જ (યોગ્ય રીતે) જોઈ (વિચારી) લો જે કંઈ (નક્કી કરીને) હુકમ આપવાનો હોય, બિલ્કિસ કહેવા લાગી કે (મારી સમીપ લડવું યોગ્ય નથી, કારણ કે સુલયમાન અલૈ. બાદશાહ છે અને) બાદશાહો(નો કાયદો છે કે) જ્યારે કોઈ વસ્તીમાં (વિરોધી બનીને) પ્રવેશ કરે છે તો તેને તળે ઉપર કરી નાંખે છે અને ત્યાંના નિવાસીઓમાં જે સન્માનનીય છે તેમને (તેમનું બળ ઘટાડવા માટે) અપમાનિત (અને ઝલીલ) કર્યા કરે છે અને (તેમનાથી લડાઈ કરવામાં આવે તો શક્ય છે કે તેમનો જ વિજય થાય, પછી) આ લોકો પણ એવું જ કરશે (તો જરૂરત વિના પરેશાનીમાં પડવું અયોગ્ય છે માટે યુદ્ધ તો હમણા મુલતવી કરવામાં આવે) અને (યોગ્ય એવું જણાય છે કે) હું તે લોકોની પાસે કંઈક ભેટ (કોઈ એલચી સાથે) મોકલું છું, પછી જોઉં છું કે તે મોકલેલા (એલચી ત્યાંથી) શું (જવાબ) લઈને આવે છે ? (તે સમયે ફરીવાર વિચાર કરવામાં આવશે. એટલા માટે ભેટ સોગાતોનો સામાન એકઠો કરી એલચી તેને લઈને રવાના થયો) જ્યારે તે એલચી સુલયમાન (અલૈ.) પાસે પહોંચ્યો (અને બધી જ ભેટ સોગાતો રજુ કરી) તો સુલયમાન (અલૈ.)એ કહ્યું, તમે લોકો (એટલે કે

બિલ્કિસ અને બિલ્કિસના લોકો) માલથી મારી મદદ કરો છો ? (એટલે કે મદદ કરવા ઈચ્છો છો તેથી ભેટ લાવ્યા છો ?) બસ, (સમજી રાખો કે) અલ્લાહે જે કંઈ મને આપી રાખ્યું છે તે તેનાથી ઘણું ઉત્તમ છે જે તમને આપી રાખ્યું છે (કારણ કે તમારી પાસે માત્ર દુનિયા છે અને મારી પાસે દીન પણ અને દુનિયા પણ તમારાથી વધારે છે એટલા માટે હું તો આ વસ્તુઓનો લાલચુ નથી) હા ! તમે જ પોતાની ભેટ ઉપર ગર્વ કરતા હશો (એટલા માટે આ ભેટ અમે સ્વીકારીશું નહીં) તમે (તેને લઈને) તે લોકોની પાસે પાછા જાઓ (જો તેઓ હજુ પણ ઈમાન લઈ આવે તો ઠીક છે નહિતર) અમે તેમના ઉપર એવા સૈન્યો મોકલીએ છીએ કે તે લોકોથી તેનો જરા પણ મુકાબલો થઈ શકશે નહીં અને અમે તેમને ત્યાંથી અપમાનિત કરીને કાઢી મૂકીશું અને તેઓ (અપમાનની સાથે હંમેશાના માટે) તા'બા હેઠળના (અને રય્યત) બની જશે (એવું નથી કે કાઢ્યા પછી સ્વતંત્ર છોડી આપીશું કે જ્યાં ઈચ્છે ત્યાં ચાલ્યા જાય બલકે કાયમ માટે અપમાન તેમના માટે જરૂરી બની જશે).

મસ્અલા અને બોધપાઠ :

قَالَتْ يٰۤاَيُّهَا الْمَلَؤُا اِنِّيْۤ اُلْقِيَ اِلَيَّ كِتٰبٌ كَرِيْمٌ માં શબ્દ كَرِيْمٌ (કરીમુન)નો શાબ્દિક અર્થ "સન્માનનીય અથવા મુકર્રમી" થાય છે તથા રૂઢિપ્રયોગમાં કોઈ પત્રને સન્માનનીય અથવા મુકર્રમ ત્યારે કહેવામાં આવે છે જ્યારે કે તેના ઉપર સિક્કો લગાવવામાં આવે છે એટલા માટે આ આયતમાં كِتَابٌ كَرِيْمٌ (કિતાબુન કરીમુન)ની તફસીર હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.), કતાદહ (રદિ.), ઝુહૈર (રદિ.) વગેરેએ كِتَابٌ مَخْتُوْمٌ (as the sealed book)થી કરી છે, જેનાથી જાણ થાય છે કે હઝરત સુલયમાન (અલૈ.)એ પત્ર ઉપર પોતાનો સિક્કો અને સીલ લગાવ્યો હતો. આપણા નબીએ કરીમ ﷺને જ્યારે બિનઆરબ દેશોની એ પ્રથાની જાણ થઈ કે જે પત્ર ઉપર સિક્કો ન હોય તેને પઢતા નથી તો રસૂલે કરીમ ﷺએ પણ બાદશાહોના પત્રો માટે મુહર (સિક્કો) બનાવ્યો અને કયૂસર તથા કિસરા વગેરેને જે પત્રો લખ્યા તેના ઉપર તે સિક્કો લગાવ્યો. એનાથી જાણ થાય છે કે પત્ર ઉપર સિક્કો લગાવવો પત્ર લખનાર અને પત્ર સ્વીકારનાર બંનેનું સન્માન છે. આજકાલ પત્રને કવરમાં બંધ કરીને મોકલવાની પ્રથા થઈ ગઈ છે. એ પણ સિક્કા અને સીલની જગ્યાએ છે, જે સ્થળે પત્ર સ્વીકારનારનું સન્માન

કરવું મંજૂર હોય તો ખુલ્લો પત્ર મોકલવાના બદલે કવરમાં બંધ કરીને મોકલવો શિસ્તની વધારે નજીક છે.

હઝરત સુલયમાન (અલૈ.)નો પત્ર કઈ ભાષામાં હતો ? :

હઝરત સુલયમાન (અલૈ.) અરબીભાષી ન હતા પરંતુ અરબી ભાષા જાણવી અને સમજવી તેમના માટે કોઈ અસંભવ વાત ન હતી જ્યારે કે તેઓ પક્ષીઓ સુદ્ધાંની ભાષા જાણતા હતા અને અરબી ભાષા તો બધી જ ભાષાઓ કરતાં શ્રેષ્ઠ છે એટલા માટે હોઈ શકે છે કે હઝરત સુલયમાન (અલૈ.)એ પત્રને અરબી ભાષામાં લખ્યો હોય, કારણ કે પત્ર સ્વીકારનાર બિલ્કિસ અરબી વંશમાંથી હતી. તેણે પત્રને વાંચ્યો પણ અને સમજ્યો પણ; અને એ પણ શક્ય છે કે હઝરત સુલયમાન (અલૈ.)એ પત્ર પોતાની જ ભાષામાં લખ્યો હોય અને બિલ્કિસ પાસે હઝરત સુલયમાન (અલૈ.)નો દુભાષિયો મોજૂદ હોય જેણે વાંચીને સંભળાવ્યો અને સમજાવ્યો હોય. *(રૂહુલ મઆની)*

પત્ર લખવાનો શિષ્ટાચાર :

اِنَّهٗ مِنْ سُلَيْمٰنَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુર્આને કરીમે માનવીના જીવનનું કોઈ પાસું એવું નથી છોડ્યું કે જેના ઉપર કંઈ માર્ગદર્શન ન આપ્યું હોય. પત્ર વ્યવહાર તથા સંદેશા વ્યવહારના જેટલા માધ્યમો તથા પરસ્પર વાતચીતના જેટલા સ્ત્રોતો પણ છે મનુષ્યની મહત્ત્વની જરૂરિયાતોમાં સામેલ છે. આ સ્વરૂપમાં હઝરત સુલયમાન (અલૈ.)નો પત્ર સબાની મલિકા બિલ્કિસના નામે સંપૂર્ણ નકલ કરવામાં આવ્યો. આ એક પયગમ્બર રસૂલનો પત્ર છે અને કુર્આને કરીમે તેને એક માર્ગદર્શન માટે નકલ કર્યો છે એટલા માટે આ પત્રમાં જે માર્ગદર્શનો પત્ર વ્યવહારના સંદર્ભમાં જોવા મળે છે તે મુસલમાનો માટે પણ અનુકરણીય છે.

પત્રમાં પોતાનું નામ પ્રથમ લખે પછી જેને પત્ર લખવામાં આવ્યો છે તેનું નામ લખે :

સૌ પ્રથમ એક માર્ગદર્શન તો આ પત્રમાં એ છે કે પત્રને બિસ્મિલ્લાહ પછી હઝરત સુલયમાન (અલૈ.)એ પોતાના નામથી શરૂ કર્યો, પત્ર સ્વીકારનારનું નામ કઈ રીતે લખ્યું તે કુર્આને કરીમના શબ્દોમાં ઉપસ્થિત નથી પરંતુ એટલી

વાત તેનાથી જાણ થઈ કે પત્ર લખનાર માટે અંબિયા (અલૈ.)ની સુન્નત એ છે કે બિસ્મિલ્લાહ પછી સૌ પ્રથમ પોતાનું નામ લખે જેના ઘણા બધા લાભો છે, દાખલા તરીકે પત્ર પઢતા પહેલાં જ પત્ર મેળવનારને જાણ થઈ જાય છે કે આ કોનો પત્ર વાંચી રહ્યો છું ? જેથી તે એ જ માનસિકતાથી પત્રનો વિષય વાંચે છે અને વિચાર કરે છે અને વાંચનારને એ તકલીફ નથી ઉઠાવવી પડતી કે પત્ર લખનારનું નામ પત્રમાં શોધે કે કોનો પત્ર છે અને ક્યાંથી આવ્યો છે ? રસૂલે કરીમ ﷺના જેટલાય પત્રો નકલ થયા છે અથવા પ્રકાશિત થયેલ સ્વરૂપે ઉપસ્થિત છે તે બધામાં પણ તેમણે આ જ પદ્ધતિ અપનાવી છે કે બિસ્મિલ્લાહ પછી مِنْ مُحَمَّدٍ عَبْدِ اللّٰهِ وَرَسُوْلِهٖ થી શરૂ કર્યું છે.

અત્રે એક પ્રશ્ન એ ઉપસ્થિત થઈ શકે છે કે જ્યારે કોઈ મોટો વ્યક્તિ પોતાનાથી નાનાને પત્ર લખે છે તો તેમાં પોતાનું નામ શરૂઆતમાં લખવામાં કોઈ શંકા નથી પરંતુ કોઈ નાનો પોતાના પિતા શિક્ષક અથવા શૈખ અથવા કોઈ વડીલને પત્ર લખે તેમાં પોતાના નામને પ્રથમ અગ્રસ્થાને રાખે તો તે સભ્યતા વિરુદ્ધ લેખાશે અને તેણે આવું કરવું જોઈએ અથવા નહીં ? આ બાબતે સહાબએ કિરામ (રદિ.)ની પ્રવૃત્તિ વિવિધ પ્રકાની રહી છે, મોટા ભાગના સહાબા (રદિ.)એ સુન્નતે નબવી ﷺનું અનુસરણ કરવાને સભ્યતા ઉપર અગ્રિમતા આપી પોતે રસૂલે કરીમ ﷺ જે રીતે પત્ર લખતા તેમણે પણ પોતાનું નામ શરૂઆતમાં લખ્યું છે. રૂહુલ મઆનીમાં બહરે મુહીતના હવાલાથી હઝરત અનસ (રદિ.)નું આ નિવેદન નકલ થયું છે.

مَا كَانَ اَحَدٌ اَعْظَمَ حُرْمَةً مِّنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ اَصْحَابُهٗ اِذَا كَتَبُوْا اِلَيْهِ كِتَابًا بَدَاُوْ بِاَنْفُسِهِمْ، قُلْتُ وَكِتَابُ عَلَاءِ الْحَضْرَمِىِّ ؓ يَشْهَدُ لَهٗ عَلٰى مَارُوِىَ

"રસૂલે કરીમ ﷺથી વધારે કોઈ સન્માનનીય વ્યક્તિ નથી પરંતુ સહાબએ કિરામ (રદિ.) જ્યારે તેમને પણ પત્ર લખતા હતા ત્યારે પોતાનું નામ જ શરૂઆતમાં લખતા હતા અને હઝરત અલાઅ્ હઝરમીનો પત્ર જે રસૂલે કરીમ ﷺના નામે પ્રખ્યાત છે તે તેનો ગવાહ પણ છે."

અલબત્ત રૂહુલ મઆનીમાં પ્રસ્તુત રિવાયતો નકલ કર્યા પછી નોંધ્યું છે કે આ બધો વાર્તાલાપ શ્રેષ્ઠતાના ધોરણે છે, જાઈઝ હોવા ન હોવામાં નહીં, જો કોઈ વ્યક્તિ પોતાનું નામ શરૂઆતના બદલે અંતમાં લખી દે તો એ પણ જાઈઝ છે. ફકીહ અબૂલ્લયૂષની બુસ્તાંમાં છે કે જો કોઈ વ્યક્તિ પત્ર સ્વીકારનારના નામથી શરૂઆત કરી દે તો તેના જાઈઝ હોવામાં કોઈ શંકા નથી કારણ કે ઉમ્મતમાં આ પદ્ધતિ પણ ચાલી આવી છે તેના ઉપર કોઈ પકડ થશે નહીં. *(રૂહુલ મઆની, કુર્તુબી)*

પત્રનો જવાબ આપવો પણ અંબિયા (અલૈ.)ની સુન્નત છે :

તફસીરે કુર્તુબીમાં છે કે જે વ્યક્તિ પાસે કોઈનો પત્ર આવે તેના માટે યોગ્ય છે કે તેનો જવાબ આપે, કારણ કે હાજર ન હોય એવા વ્યક્તિનો પત્ર હાજર વ્યક્તિને સલામ કરવાના સ્થાને છે એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની એક રિવાયતમાં છે કે તે પત્રના જવાબને સલામના જવાબની જેમ વાજિબ ઠરાવતા હતા.

પત્રોમાં બિસ્મિલ્લાહ લખવી :

હઝરત સુલયમાન (અલૈ.)ના પ્રસ્તુત પત્રથી વળી રસૂલે કરીમ ﷺના બધા જ પત્રોથી એક મસ્અલો એ સાબિત થયો કે પત્રની શરૂઆતમાં બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ લખવું અંબિયા (અલૈ.)ની સુન્નત છે, રહ્યો એ મસ્અલો કે બિસ્મિલ્લાહને પોતાના નામથી પહેલાં લખે કે પછી ? તો રસૂલે કરીમ ﷺના પત્રો એ બાબત ઉપર સાક્ષી છે કે બિસ્મિલ્લાહને સૌથી અગ્રક્રમે લખવામાં આવે ત્યારબાદ પત્ર લખનારનું નામ લખવામાં આવે, પછી જેને પત્ર પહોંચાડવાનો છે તેનું નામ લખવામાં આવે અને કુર્આને કરીમમાં જે હઝરત સુલયમાન (અલૈ.)ના નામ પહેલાં અને બિસ્મિલ્લાહ પછી લખ્યાનું પ્રસ્તુત છે દેખીતી રીતે તે પણ જાઈઝ હોવાની જાણ થાય છે કે બિસ્મિલ્લાહ પોતાના નામ પછી લખવામાં આવે પરંતુ ઈબ્ને હાતિમે યઝીદ બિન રુમાનથી નકલ કર્યું છે કે વાસ્તવમાં હઝરત સુલયમાન (અલૈ.)એ પોતાના પત્રમાં આ પ્રમાણે લખ્યું હતું.
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ - مِنْ سُلَيْمَانَ بْنِ دَاوٗدَ اِلٰى بِلْقِيْسَ ابْنَةِ ذِىْ شَرْحٍ وَقَوْمِهَا - اَنْ لَّاتَعْلُوْ.... બિલ્કિસે જ્યારે આ પત્ર પોતાની કોમને સંભળાવ્યો તો તેણે કોમને ચેતવવા માટે હઝરત સુલયમાન (અલૈ.)નું નામ પ્રથમ વર્ણન કરી દીધું, કુર્આને

કરીમમાં જે કંઈ આવ્યું છે તે બિલ્કિસનું નિવેદન છે. કુર્આને કરીમમાં એની સ્પષ્ટતા નથી કે હઝરત સુલયમાન (અલૈ.)ના મૂળ પત્રમાં બિસ્મિલ્લાહ અગ્રક્રમે હતી અથવા સુલયમાન (અલૈ.)નું નામ; અને એવું પણ હોઈ શકે છે કે હઝરત સુલયમાન (અલૈ.)નું નામ પત્રના કવર ઉપર લખવામાં આવ્યું હોય અને અંદર બિસ્મિલ્લાહથી શરૂ કરવામાં આવ્યું હોય. બિલ્કિસે જ્યારે પોતાની કોમને પત્ર સંભળાવ્યો ત્યારે હઝરત સુલયમાન (અલૈ.)ના નામનું પ્રથમ વર્ણન કરી દીધું.

મસ્અલો :

પત્ર લખવાની મૂળ સુન્નત તો એ જ છે કે દરેક પત્રની શરૂઆતમાં બિસ્મિલ્લાહ લખવામાં આવે પરંતુ કુર્આન અને સુન્નતની નુસૂસ અને ઈશારાઓથી ફુકહાએ સર્વાનુમતે આ કાયદો નોંધ્યો છે કે જે સ્થળે બિસ્મિલ્લાહ અથવા અલ્લાહ તઆલાનું કોઈ નામ લખવામાં આવે જો તે જગ્યાએ તે પત્રની બેઅદબીથી સુરક્ષિત રાખવાની કોઈ કાળજી નથી રખાતી બલકે તેને પઢીને નાંખી દેવામાં આવે છે તો એવા પત્રો અને એવી વસ્તુઓમાં બિસ્મિલ્લાહ અથવા અલ્લાહ તઆલાનું કોઈ નામ લખવું જાઈઝ નથી કે તે આ પ્રમાણે તે બેઅદબીના ગુનાહનો ભાગીદાર બને, આજકાલ જે સામાન્ય રીતે એકબીજાને પત્રો લખવામાં આવે છે તેની પરિસ્થિતિ બધા જાણે છે કે ગટર અને ગંદકીઓમાં પણ આવા પત્રો પડેલા નજરે પડે છે એટલા માટે યોગ્ય એ છે કે સુન્નત અદા કરવા માટે જીભથી બિસ્મિલ્લાહ કહી આપે, તેને લખે નહીં.

એવું લખાણ જેમાં કુર્આનની કોઈ આયત લખી હોય શું કોઈ કાફિર મુશ્રિકના હાથમાં આપવું જાઇઝ છે ? :

આ પત્ર હઝરત સુલયમાન (અલૈ.)એ બિલ્કિસને તે સમયે મોકલ્યો છે જ્યારે કે તે મુસલમાન ન હતી જ્યારે કે આ પત્રમાં બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ લખવામાં આવ્યું હતું. એનાથી જાણ થાય છે કે આવું કરવું જાઈઝ છે. રસૂલે કરીમ ﷺએ જે પત્રો બિનઅરબ દેશોને લખ્યા છે અને તેઓ મુશ્રિક હતા તેમાં પણ કુર્આનની અમુક આયતો લખી છે. મૂળ કારણ એ છે કે કુર્આને કરીમને કોઈ કાફિરના હાથમાં આપવું જાઈઝ તો નથી પરંતુ એવી કોઈ કિતાબ અથવા પત્ર જેમાં કોઈ વિષયના સંદર્ભમાં કોઈ આયત આવી ગઈ છે તે બોલચાલમાં કુર્આન

નથી કહેવાતું એટલા માટે તેનો હુકમ પણ કુર્આનનો હુકમ થશે નહીં, તે કોઈ કાફિરના હાથમાં પણ આપી શકાય છે અને વુઝૂ વિના હાથમાં પણ લઈ શકાય છે. *(આલમગીરી, كتاب الخطر والاباحة)*

પત્ર ટૂંકો, ગુણવત્તાસભર, ઉચ્ચ સાહિત્યિક શૈલી અને અસરકારક પદ્ધતિથી લખવો જોઈએ :

હઝરત સુલયમાન (અલૈ.)ના આ પ્રસ્તુત પત્રને જુઓ તો અમુક લીટીઓમાં બધા જ અગત્યના અને જરૂરી વિષયો ભેગા કરી દીધા અને વિષયવસ્તુની સ્પષ્ટતાનું ઉચ્ચ પ્રમાણ પણ સ્થાપિત કર્યું છે. કાફિરના મુકાબલામાં પોતાના શાહી દબદબાની જાહેરાત પણ છે, તેની સાથે અલ્લાહ તઆલાની વિશિષ્ટ સિફતોનું વર્ણન અને ઈસ્લામ તરફ આમંત્રણ પણ છે તથા મોટાઈ અને અભિમાનની ટીકા પણ છે, વાસ્તવમાં આ પત્ર પણ કુર્આનની શ્રેષ્ઠતાનો એક નમૂનો છે. હઝરત કતાદહ (રદિ.) ફરમાવે છે કે પત્ર લખવામાં બધા જ અંબિયા (અલૈ.)ની સુન્નત પણ એ જ છે કે લખાણમાં લંબાણ ન હોય પરંતુ કોઈ જરૂરી વિષય છૂટે પણ નહીં. *(રૂહુલ મઆની)*

મહત્ત્વની બાબતોમાં સલાહ-મશ્વરો કરવો સુન્નત છે, તેમાં બીજાઓની સલાહથી ફાયદો પણ પ્રાપ્ત થાય છે અને લોકોનું સમર્થન પણ મળે છે :

قَالَتْ يٰٓاَيُّهَا الْمَلَؤُا اَفْتُوْنِىْ فِىْٓ اَمْرِىْ ۚ مَا كُنْتُ قَاطِعَةً اَمْرًا حَتّٰى تَشْهَدُوْنِ માં શબ્દ اَفْتُوْنِىْ એ فَتْوٰى થી બને છે, જેનો અર્થ છે કોઈ ખાસ બાબતનો જવાબ આપવો. અત્રે સલાહ આપવી અને પોતાના અભિપ્રાયને જાહેર કરવો ભાવાર્થ તરીકે છે. મલિકા બિલ્કિસને જ્યારે હઝરત સુલયમાન (અલૈ.)નો પત્ર મળ્યો તો તેણે પોતાના રાજ્યના અધિકારીઓને ભેગા કરીને આ ઘટનાની જાહેરાત કરી અને તેમની પાસેથી સલાહ માંગી કે મારે શું કરવું જોઈએ ? તેણે તેની સલાહ પૂછતા પહેલાં તેમનું સમર્થન પ્રાપ્ત કરવા અને તેમની હિંમત વધારવા માટે એ પણ કહ્યું કે હું કોઈ બાબતનો ફેંસલો તમારા વિના નથી કરતી, એનું પરિણામ એ હતું કે સૈન્ય અને પ્રધાનોએ તેના જવાબમાં પોતાની તૈયારી સાથે હુકમના અમલ માટે દરેક પ્રકારની કુર્બાની રજુ કરી દીધી. نَحْنُ اُولُوْا قُوَّةٍ وَّاُولُوْا بَاْسٍ شَدِيْدٍ وَّالْاَمْرُ اِلَيْكِ

હઝરત કતાદહ (રદિ.)એ ફરમાવ્યું કે અમને આ વર્ણન કરવામાં આવ્યું છે કે બિલ્કિસના સલાહકાર સમિતીના સભ્યો ૩૧૩ હતા અને તેમાંથી દરેક વ્યક્તિ દશ હજાર લોકોનો અમીર અને પ્રતિનિધિ હતો. *(કુર્તુબી)*

એનાથી જાણ થઈ કે મહત્ત્વની બાબતોમાં સલાહ લેવાનો રિવાજ પ્રાચીન સમયથી છે, ઈસ્લામે સલાહ–મશ્વરાને ખાસ મહત્ત્વ અને રાજ્ય કારભાર ચલાવનારાઓને સલાહ–મશ્વરાના પાબંદ કર્યા, એટલે સુધી કે પોતે રસૂલે કરીમ ﷺ જે અલ્લાહની વહીના સંવાહક હતા અને આસમાની હિદાયતો તેમને મળતી હતી એ કારણે રસૂલે કરીમ ﷺને કોઈ સલાહ–મશ્વરાની વાસ્તવિક આવશ્યકતા પણ ન હતી પરંતુ ઉમ્મત માટે સુન્નત કાયમ કરવા હેતુ આપ ﷺને પણ હુકમ આપવામાં આવ્યો وَشَاوِرْهُمْ فِي الْأَمْرِ એટલે કે, તમે મહત્ત્વની બાબતોમાં સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ–મશ્વરો કરો. તેમાં સહાબએ કિરામ (રદિ.)નું સમર્થન તથા તેમનું સન્માન અને નૈતિક બળ વધારવું પણ છે અને ભવિષ્યમાં આવનાર રાજ્યના અધિકારીઓને એ બાબતની તાકીદ પણ છે કે તેઓ સલાહ–મશ્વરાથી કારભાર ચલાવે.

હઝરત સુલયમાન (અલૈ.)ના પત્રના જવાબમાં મલિકા બિલ્કિસની પ્રતિક્રિયા :

રાજ્યના પ્રધાનો વગેરેને સલાહ–મશ્વરામાં ભેગા કરીને તેમનું સમર્થન પ્રાપ્ત કર્યા પછી રાણી બિલ્કિસે પોતે જ એક અભિપ્રાય નક્કી કર્યો જેનો ખુલાસો એ હતો કે તે હઝરત સુલયમાન (અલૈ.)ની પરીક્ષા અને તહકીક કરે કે તે વાસ્તવમાં અલ્લાહના રસૂલ અને નબી છે અને જે કંઈ હુકમ આપી રહ્યા છે તે અલ્લાહના હુકમોનું પાલન છે અથવા તે એક પ્રદેશ વિસ્તારવાના ઈચ્છુક બાદશાહ છે. આ કસોટીથી તેનો મકસદ એ હતો કે જો વાસ્તવમાં તે નબી અને રસૂલ છે તો તેમના હુકમનું પાલન કરવામાં આવે અને વિરોધ કરવાનું કોઈ સ્વરૂપ અપનાવવામાં ન આવે અને જો બાદશાહ છે તથા પ્રદેશના ભૂખ્યા છે અને આપણને ગુલામ બનાવવા ઈચ્છે છે તો પછી વિચાર કરવામાં આવશે કે તેમનો મુકાબલો કઈ રીતે કરવામાં આવે ? આ કસોટીની પદ્ધતિ તેણે એવી નક્કી કરી કે હઝરત સુલયમાન (અલૈ.)ની પાસે અમુક ભેટ સોગાતો મોકલી, જો તે ભેટ

સોગાતો લઈને રાજી થઈ જાય તો તે એ બાબતની નિશાની હશે કે તેઓ બાદશાહ જ છે અને જો તે નબી અને રસૂલ છે તો વાસ્તવમાં તેઓ ઈસ્લામ અને ઈમાન વિના કોઈ બાબત ઉપર રાજી થશે નહીં. આ વિષય ઈબ્ને જરીરે વિવિધ સનદો સાથે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ અને જુરયૂજ તથા ઈબ્ને વહબથી નકલ કર્યો છે, તેનું જ વર્ણન આ આયતમાં છે.

وَاِنِّىْ مُرْسِلَةٌ اِلَيْهِمْ بِهَدِيَّةٍ فَنٰظِرَةٌۢ بِمَ يَرْجِعُ الْمُرْسَلُوْنَ એટલે કે, હું હઝરત સુલયમાન (અલૈ.) અને તેમના દરબારીઓ પાસે એક ભેટ મોકલું છું, પછી જોઈશ કે જે એલચી આ ભેટ લઈને જશે તે પરત આવીને શું પરિસ્થિતિ વર્ણન કરે છે.

બિલ્કિસના એલચીઓની હઝરત સુલયમાન (અલૈ.)ના દરબારમાં હાજરી

ઈસ્રાઈલી ઐતિહાસિક રિવાયતોમાં બિલ્કિસ તરફથી આવનાર એલચીઓ અને ભેટ સોગાતોની લાંબી વિગતો ઉપસ્થિત છે, એટલી વાત ઉપર બધી રિવાયતો સહમત છે કે ભેટમાં અમુક સોનાની ઈંટો હતી, અમુક ઝવેરાત અને એકસો ગુલામ તથા એકસો કનીઝો હતી પરંતુ કનીઝો પુરુષના પોષાકમાં અને ગુલામો સ્ત્રીઓના પોષાકમાં મોકલવામાં આવ્યા હતા અને સાથે જ બિલ્કિસનો એક પત્ર પણ હતો જેમાં હઝરત સુલયમાન (અલૈ.)ની કસોટી માટે અમુક પ્રશ્નો પણ હતા, ભેટ સોગાતોને ચૂંટી કાઢવામાં પણ તેમની પરીક્ષા લેવાનો હેતુ હતો, હઝરત સુલયમાન (અલૈ.)ને અલ્લાહ તઆલાએ આ ભેટ સોગાતોની વિગત ત્યાં પહોંચતા પહેલાં જ બતાવી આપી હતી. હઝરત સુલયમાન (અલૈ.)એ જિન્નાતોને હુકમ આપ્યો કે દરબારથી નવ ફરસખ લગભગ ત્રીસ માઈલની મુસાફરીના અંતર સુધી સોના ચાંદીની ઈંટોનો ફર્સ બિછાવી દેવામાં આવે અને માર્ગમાં બંને બાજુ આશ્ચર્યજનક પ્રાણીઓને ઊભા કરવામાં આવે જેમનું છાણ મૂત્ર પણ સોના ચાંદીના ફર્સ ઉપર હોય, એ જ રીતે પોતાના દરબારને ખાસ કાળજીપૂર્વક શણગાર્યો. ડાબે-જમણે ચાર ચાર હજાર સોનાની ખુરશીઓ, એક બાજુ વિદ્વાનો માટે, બીજી બાજુ પ્રધાનો અને રાજયના અધિકારીઓ માટે બિછાવવામાં આવી, ઝવેરાતથી સંપૂર્ણ હૉલ શણગારવામાં આવ્યો. બિલ્કિસના એલચીઓએ જ્યારે સોનાની ઈંટો ઉપર પ્રાણીઓને ઊભેલા

જોયા તો પોતાની ભેટ સોગાતોથી શરમાઈ ગયા. અમુક રિવાયતોમાં છે કે પોતાની સોનાની ઈંટો ત્યાં જ નાંખી દીધી, પછી જેમ જેમ આગળ વધતા ગયા બંને બાજુ પ્રાણીઓ અને પક્ષીઓની હાર જોઈ, પછી જિન્નાતની સફો જોઈ તો અત્યંત પ્રભાવિત થઈ ગયા પરંતુ જ્યારે દરબાર સુધી પહોંચ્યા અને હઝરત સુલયમાન (અલૈ.)ની સામે હાજર થયા તો પોતાના સ્મિત સાથે રજુ થયા, તેમની મહેમાની સન્માનપૂર્વક કરવામાં આવી પરંતુ તેમની ભેટ પાછી આપવામાં આવી અને બિલ્કિસના બધા પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા.

(તફસીરે કુર્તુબીમાંથી ટૂંકમાં)

હઝરત સુલયમાન (અલૈ.) તરફથી બિલ્કિસની ભેટ પરત કરવી :

قَالَ اَتُمِدُّوْنَنِ بِمَالٍ ۡ فَمَآ اٰتٰـنِۦَ اللّٰهُ خَيْرٌ مِّمَّآ اٰتٰكُمْ ۚ بَلْ اَنْتُمْ بِهَدِيَّتِكُمْ تَفْرَحُوْنَ એટલે કે, જ્યારે બિલ્કિસના એલચી તેમના હદિયા અને ભેટ સોગાતો લઈને હઝરત સુલયમાન (અલૈ.)ની પાસે પહોંચ્યા તો તેમણે એલચીઓને કહ્યું કે શું તમે માલથી મારી મદદ કરવા ઇચ્છો છો ? મને અલ્લાહે જે માલ અને દોલત આપી છે તે તમારા માલ અને સામાનથી ઘણી વધારે ઉત્તમ છે એટલા માટે હું આ માલનો સ્વીકાર નથી કરતો તેને પરત લઈ જાઓ અને પોતાની ભેટ ઉપર તમે જ ખુશ રહો.

કોઈ કાફિરની ભેટ સ્વીકાર કરવી જાઇઝ છે અથવા નહીં ? તેની વિગત અને તહકીક :

હઝરત સુલયમાન (અલૈ.)એ રાણી બિલ્કિસની ભેટ સ્વીકાર ન કરી એનાથી જાણ થાય છે કે કાફિરની ભેટ સ્વીકાર કરવી જાઇઝ નથી અથવા બહેતર નથી અને આ મસ્અલાની તહકીકમાં એ છે કે કાફિરની ભેટ સ્વીકાર કરવામાં જો પોતાના અથવા મુસલમાનોના કોઈ હિતમાં ખલેલ પડતો હોય અથવા તેમના હકમાં અભિપ્રાયની કમજોરી પેદા થતી હોય તો તેમની ભેટ સ્વીકાર કરવી દુરુસ્ત નથી. (રૂહુલ મઆની) હા ! જો કોઈ દીની હિત આ ભેટને સ્વીકાર કરવાની આમંત્રક હોય, દાખલા તરીકે તેના દ્વારા કાફિરો આકર્ષિત થઈને ઈસ્લામથી નિકટ આવે, પછી મુસલમાન થવાની આશા હોય અથવા તેમની કોઈ શરારત અને ફસાદને તેના દ્વારા દૂર કરી શકાતી હોય તો સ્વીકાર કરવાની ગુંજાઇશ છે.

રસૂલે કરીમ ﷺની સુન્નત આ બાબતમાં એ જ છે કે અમુક કાફિરોની ભેટ સ્વીકાર કરી લીધી અમુકને રદ કરી દીધી. ઉમ્દતુલ કારી, શરહે બુખારી, કિતાબુલ હબ્બતહમાં અને શરહે સીરે કબીરમાં હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)થી રિવાયત કરી છે કે બરાઅ્ના ભાઈ આમિર બિન માલિક મદીના તય્યિબહમાં કોઈ જરૂરતથી આવ્યા જ્યારે કે તેઓ મુશ્રિક કાફિર હતા અને રસૂલે કરીમ ﷺની સેવામાં બે ઘોડા અને બે જોડ કપડાંની ભેટ રજુ કરી. રસૂલે કરીમ ﷺએ તેની ભેટ એવું કહીને પાછી આપી દીધી કે અમે મુશ્રિકની ભેટ સ્વીકાર કરતા નથી અને અયાઝ બિન હમાર મજાશઈએ રસૂલે કરીમ ﷺની સેવામાં એક ભેટ રજુ કરી તો આપ ﷺએ તેને પ્રશ્ન કર્યો કે તમે મુસલમાન છો ? તેણે કહ્યું કે, નહીં ! આપ ﷺએ તેની ભેટ પણ એવું કહીને રદ કરી કે મને અલ્લાહ તઆલાએ મુશ્રિકોની ભેટ સોગાતો લેવાની મનાઈ કરી છે. તેનાથી વિપરીત એ રિવાયતો પણ મોજૂદ છે કે રસૂલે કરીમ ﷺએ અમુક મુશ્રિકોની ભેટ સ્વીકાર કરી. એક રિવાયતમાં છે કે અબૂ સુફિયાને શિર્કની હાલતમાં રસૂલે કરીમ ﷺને એક ચામડું ભેટમાં મોકલ્યું તો રસૂલે કરીમ ﷺએ કબૂલ કરી લીધું અને એક નસ્રાનીએ એક રેશમી હરીરનું ઘણું જ ચળકતું કપડું ભેટમાં રજુ કર્યું તો આપ ﷺએ સ્વીકાર કરી લીધો.

શમસુલ અઈમ્મહ (રહ.) તેને નકલ કરીને લખે છે કે મારા સમીપ કારણ એ હતું કે રસૂલે કરીમ ﷺને અમુકની ભેટ રદ કરવામાં તેમના ઈસ્લામ તરફ આકર્ષિત થવાની ઉમ્મીદ હતી ત્યાં ભેટ રદ કરવામાં આવી અને અમુકની ભેટ સ્વીકાર કરવામાં તેના મુસલમાન થઈ જવાની આશા હતી તો તેનો સ્વીકાર કરી લેવામાં આવ્યો.

(ઉમ્દતુલ કારી, કિતાબુલ હિબા)

અને બિલ્કિસે ભેટ રદ થવાને નબીની નિશાની ઠરાવી તેનું કારણ એ ન હતું કે નબી માટે મુશ્રિકનો હદિયો સ્વીકાર કરવો જાઈઝ નથી, બલકે કારણ એ હતું કે તેણે પોતાની ભેટ વાસ્તવમાં એક લાંચ સ્વરૂપે મોકલી હતી કે તેના દ્વારા તે હઝરત સુલયમાન (અલૈ.)ના આક્રમણથી સુરક્ષિત રહે.

•

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૩૮ થી ૪૧)

قَالَ يٰۤاَيُّهَا الْمَلَؤُا اَيُّكُمْ يَاْتِيْنِيْ بِعَرْشِهَا قَبْلَ اَنْ يَّاْتُوْنِيْ مُسْلِمِيْنَ ﴿٣٨﴾ قَالَ
عِفْرِيْتٌ مِّنَ الْجِنِّ اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ تَقُوْمَ مِنْ مَّقَامِكَ ۚ وَاِنِّيْ عَلَيْهِ لَقَوِيٌّ
اَمِيْنٌ ﴿٣٩﴾ قَالَ الَّذِيْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ اِلَيْكَ
طَرْفُكَ ۗ فَلَمَّا رَاٰهُ مُسْتَقِرًّا عِنْدَهٗ قَالَ هٰذَا مِنْ فَضْلِ رَبِّيْ ۗ لِيَبْلُوَنِيْۤ ءَاَشْكُرُ
اَمْ اَكْفُرُ ۗ وَمَنْ شَكَرَ فَاِنَّمَا يَشْكُرُ لِنَفْسِهٖ ۚ وَمَنْ كَفَرَ فَاِنَّ رَبِّيْ غَنِيٌّ كَرِيْمٌ ﴿٤٠﴾
قَالَ نَكِّرُوْا لَهَا عَرْشَهَا نَنْظُرْ اَتَهْتَدِيْۤ اَمْ تَكُوْنُ مِنَ الَّذِيْنَ لَا يَهْتَدُوْنَ ﴿٤١﴾

તરજુમો :

(સુલયમાન અલૈ.એ) કહ્યું, હે દરબારીઓ ! તમારામાં કોઈ છે કે મારી પાસે તેનો તખ્ત એ પહેલાં લઈ આવે કે તેઓ મારી પાસે આજ્ઞાપાલક (તા'બા હેઠળના) થઈને આવે ? (૩૮) જિન્નાતોમાંથી એક ''ઇફરીત'' (Stalwart–ખડતલ જિન્ન) બોલ્યો, હું તમને તે લાવી આપું છું એ પહેલાં કે તમે પોતાની જગ્યાએથી ઊઠો અને હું તેના (લાવવા) ઉપર શક્તિશાળી, ભરોસાપાત્ર છું. (૩૯) તે વ્યક્તિ બોલ્યો જેની પાસે કિતાબનું એક (ખાસ) ઈલમ (જ્ઞાન) હતું, હું તમારી પાસે તેને લાવી આપું છું એથી પહેલાં કે તમારી આંખ તમારી તરફ પાછી ફરે (પલકારો મારે) ! પછી જ્યારે તેમણે (સુલયમાન અલૈ.એ) તે (તખ્ત)ને પોતાની પાસે મૂકેલો જોયો, કહ્યું, આ મારા પરવરદિગારની કૃપા છે મારી કસોટી માટે કે હું આભાર માનું છું અથવા નાશુક્રી કરું છું અને જે કોઈ શુક્ર કરે બસ શુક્ર કરે પોતાના માટે અને જે કોઈ નાશુક્રી કરે બસ મારો પરવરદિગાર બેપરવા છે મહાદયાળુ ! (૪૦) (સુલયમાન અલૈ.એ) કહ્યું, તેના તખ્તનું (થોડું) રૂપ બદલીને તે સ્ત્રીની સામે બતાવો, અમે જોઈ લઈએ કે સમજી જાય છે અથવા તે લોકોમાંથી થાય છે જેમને સમજ નથી ! (૪૧)

તફસીર :

(મતલબ કે તે એલચી પોતાની ભેટ સોગાતો લઈને પાછા ગયા અને સમગ્ર કિસ્સો બિલ્કિસને વર્ણન કર્યો તો પરિસ્થિતિથી તેને હઝરત સુલયમાન અલૈ.ના જ્ઞાન અને નુબુવ્વતની વિશિષ્ટતાનો વિશ્વાસ થઈ ગયો અને હાજર થવાના ઈરાદાથી પોતાના દેશમાંથી ચાલી.) સુલયમાન (અલૈ.ને વહી દ્વારા અથવા અન્ય કોઈ પક્ષી દ્વારા તેના કૂચ કરવાની જાણ થઈ તો તેઓ)એ (પોતાના દરબારીઓને) કહ્યું કે હે દરબારીઓ ! તમારામાંથી કોઈ એવો છે જે તે (બિલ્કિસ)નો તખ્ત એ પહેલાં કે તે લોકો મારી પાસે આધીન બનીને આવે હાજર કરી આપે ? ("મુસ્લિમીન"ની શરત ઘટનાની જાહેરાત માટે છે કારણ કે તે લોકો આ જ ઈરાદે આવી રહ્યા હતા, તખ્તનું મંગાવવું કદાચ એ હેતુથી છે કે તે લોકો મારો મોઅ્જિઝો પણ જોઈ લે કારણ કે આટલો મોટો તખ્ત અને પછી તેના ઉપર આવા સખત પહેરાઓ હોવા છતાં આવી રીતે અચાનક આવી જવું કે ખબર સુદ્ધાં ન પડે માનવ પ્રકૃતિની સમજશક્તિથી બહાર છે, જિન્નાતોને કામે લગાડવાથી અથવા તો તેઓ તા'બે હોવાથી હોય તો પણ જિન્નાતોનું આપોઆપ તા'બે થઈ જવું પણ મોઅ્જિઝો જ છે અને કોઈ ઉમ્મતના વલીની કરામત દ્વારા છે તો વલીની કરામત પણ નબીનો મોઅ્જિઝો હોય છે અને જો કોઈપણ માધ્યમ વિના હોય તો તે મોઅ્જિઝો હોવું દેખીતું છે, મતલબ કે દરેક સ્વરૂપે આ મોઅ્જિઝો નુબુવ્વતની દલીલ છે એટલા માટે હેતુ એ થશે કે આધ્યાત્મિક વિશિષ્ટતાઓની સાથે સાથે આ મોઅ્જિઝાઓની વિશિષ્ટતા પણ જોઈ લે જેથી ઈમાન અને સંતોષ વધારે થાય) એક મોટા કદ કાઠીવાળા જિન્નાતે જવાબ(માં) અરજ કર્યો કે હું તેને તમારી સેવામાં હાજર કરી આપીશ એ પહેલાં કે તમે પોતાની મજલિસમાંથી ઉઠો અને (જો કે તે તખ્ત ઘણો ભારે છે પરંતુ) હું તે(ને લાવવા) ઉપર શક્તિ ધરાવું છું (અને જો કે ઘણો કિંમતી અને મોતીઓથી શણગારેલો છે પરંતુ હું) અમાનતદાર (પણ) છું (તેમાં કોઈ ખયાનત કરીશ નહીં) જેની પાસે (અલ્લાહ તઆલાની) કિતાબ (એટલે કે તવરાત અથવા અન્ય વહીની કોઈ કિતાબ કે જેમાં અલ્લાહના નામોની તા'સીર હોય તે)નું ઈલમ હતું (સત્યની નજીક એ લાગે છે કે તેનાથી પોતે સુલયમાન અલૈ. ભાવાર્થ તરીકે હોય મતલબ કે) તેણે (એટલે કે તે ઈલમવાળા વ્યક્તિએ તે જિન્નાતને) કહ્યું કે (બસ, તારામાં તો એટલી જ શક્તિ છે

અને) હું તેને તારી સામે તારી આંખ ઝબકવા પહેલાં લાવીને ઊભો કરી શકું છું (કારણ કે મોઅ્જિઝાની શક્તિથી લાવીશ એટલા માટે તેણે અલ્લાહ તઆલાથી દુઆ કરી કે તરત જ આ કોઈ અલ્લાહના નામ દ્વારા તે તખ્ત તરત સામે આવીને ઉપસ્થિત થઈ ગયો) જ્યારે સુલયમાન (અલૈ.)એ તેને પોતાની રૂબરૂ મૂકેલો જોયો તો (ખુશ થઈને આભાર સ્વરૂપે) કહેવા લાગ્યા કે આ પણ મારા પરવરદિગારની એક કૃપા છે (કે મારા હાથે આ મોઅ્જિઝો જાહેર કર્યો) જેથી તે મારી આજમાયશ કરે કે હું શુક્ર કરું છું અથવા (અલ્લાહ ન ચાહે) નાશુક્રી કરું છું અને દેખીતું છે કે જે વ્યક્તિ શુક્ર કરે છે તે પોતાના જ લાભ માટે શુક્ર કરે છે (તેનાથી અલ્લાહ તઆલાને કોઈ ફાયદો નથી) અને (એ જ પ્રમાણે) જે નાશુક્રી કરે છે તો (તે પણ પોતાનું જ નુકસાન કરે છે, અલ્લાહ તઆલાનું કોઈ નુકસાન નથી કારણ કે) મારો પરવરદિગાર ગની છે, કરીમ છે (ત્યારબાદ) સુલયમાન (અલૈ.)એ (બિલ્કિસની બુદ્ધિની પરીક્ષા માટે) હુકમ આપ્યો કે તે(ની બુદ્ધિની કસોટી) માટે તેના તખ્તનું સ્વરૂપ બદલી નાંખો (જેની ઘણી પદ્ધતિઓ હોઈ શકે છે, દાખલા તરીકે મોતીઓના સ્થાન બદલી નાંખો અથવા કોઈ અન્ય સ્વરૂપ) અમે જોઈએ કે તેને તેની ખબર પડે છે અથવા તે તેમાં જ સામેલ છે જેમને (આવી વાતોની) ખબર નથી પડતી (પ્રથમ સ્વરૂપમાં જાણ થશે કે તે બુદ્ધિશાળી છે અને બુદ્ધિશાળીમાં સત્ય વાત સમજવાની વધારે આશા છે અને તેના સત્યને ઓળખવાની અસર દૂર સુધી પહોંચશે અને બીજા સ્વરૂપે તેનામાં સત્ય સમજવાની આશા ઓછી છે).

મસ્અલા અને બોધપાઠ :

બિલ્કિસની હઝરત સુલયમાન (અલૈ.)ના દરબારમાં હાજરી :

કુર્તુબીએ ઐતિહાસિક રિવાયતોના હવાલાથી લખ્યું છે કે બિલ્કિસના એલચી પોતે પણ ખૂબ પ્રભાવિત અને આકર્ષિત થઈને પાછો ફર્યો અને હઝરત સુલયમાન (અલૈ.)ના યુદ્ધનું એ'લાનું સંભળાવ્યું તો બિલ્કિસે પોતાની કોમને કહ્યું કે પ્રથમ પણ મારો એ જ વિચાર હતો કે સુલયમાન (અલૈ.) દુનિયાના બાદશાહોની જેમ બાદશાહ નથી, બલકે અલ્લાહ તરફથી કોઈ ખાસ હોદ્દો પણ તેમને મળ્યો છે અને અલ્લાહના નબી અને રસૂલ સાથે યુદ્ધ કરવું એ અલ્લાહનો

મુકાબલો છે જેની આપણામાં શક્તિ નથી. એવું કહીને હઝરત સુલયમાન (અલૈ.)ની સેવામાં હાજર થવાની તૈયારી કરી દીધી. બાર હજાર સરદારોને પોતાની સાથે લીધા જેમના આધીન એક એક લાખ સૈન્યો હતા, હઝરત સુલયમાન (અલૈ.)ને અલ્લાહ તઆલાએ એવો રુઆબ અને દબદબો અર્પણ કર્યો હતો કે તેમની મજલિસમાં કોઈ વાતચીત શરૂ કરવાની હિંમત કરી શકતું ન હતું. એક દિવસે હઝરત સુલયમાન (અલૈ.)એ દૂરથી ધૂળની ડમરી ઉડતી જોઈ તો હાજરજનોને પ્રશ્ન કર્યો કે આ શું છે ? લોકોએ જવાબ આપ્યો કે હે અલ્લાહના નબી ! મલિકા બિલ્કિસ પોતાના સાથીદારો સાથે આવી રહી છે. અમુક રિવાયતોમાં છે કે તે સમયે સુલયમાન (અલૈ.)ના દરબારથી એક ફરસખ એટલે કે લગભગ ત્રણ માઈલના અંતરે હતી તે સમયે હઝરત સુલયમાન (અલૈ.)એ પોતાના સેવકોને સંબોધન કરીને કહ્યું.

يٰۤاَيُّهَا الْمَلَؤُا اَيُّكُمْ يَاْتِيْنِىْ بِعَرْشِهَا قَبْلَ اَنْ يَّاْتُوْنِىْ مُسْلِمِيْنَ હઝરત સુલયમાન (અલૈ.)ને એ ખબર મળી ગઈ હતી કે બિલ્કિસ તેમના આમંત્રણથી પ્રભાવિત થઈને આજ્ઞાપાલક બનીને આવી રહી છે તો ઈરાદો કર્યો કે તે શાહી શક્તિ અને દબદબાની સાથે એક પયગમ્બરી મોઅ્જિઝો પણ જોઈ લે તો તેના ઈમાન લાવવા માટે તે વધારે મદદગાર બનશે. હઝરત સુલયમાન (અલૈ.)ને અલ્લાહ તઆલાએ જિન્નાતોથી કામ લેવાનો જાહેર મોઅ્જિઝો અર્પણ કર્યો હતો. કદાચ અલ્લાહ તઆલાથી ઈશારો મેળવીને એ ઈરાદો કર્યો કે કોઈ રીતે બિલ્કિસનો શાહી તખ્ત તેના અહીંયાં આવતા પહેલાં હાજર થઈ જાય. એટલા માટે હાજરજનો જેમાં જિન્નાતો પણ હતા, સંબોધન કરીને આ તખ્ત લાવવા માટે હુકમ આપ્યો અને તેમના બધા જ માલ અને દોલતમાં શાહી તખ્તની વરણી પણ કદાચ એટલા માટે કરવામાં આવી કે તે તેની સૌથી વધારે સુરક્ષિત વસ્તુ હતી જેને સાત શાહી સુરક્ષા કવચની વચ્ચેથી એક સુરક્ષિત મહેલની અંદર બંધ કરીને મૂક્યો હતો એટલા માટે પોતાના માણસોની પણ ત્યાં સુધી પહોંચ ન હતી, તેને દરવાજો અથવા તાળું તોડ્યા વિના ત્યાંથી ઉઠાવી લાવવું અને આટલી લાંબી મુસાફરીના અંતરે પહોંચવું અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ શક્તિ દ્વારા જ હોઈ શકે છે. આ તેના અલ્લાહ જલ્લ શા'નુહૂની મહાન શક્તિ ઉપર વિશ્વાસ કરવાનું સૌથી મોટું માધ્યમ બની શકતું હતું અને તેની સાથે સાથે એ બાબત ઉપર પણ

વિશ્વાસ આવવો જરૂરી હતો કે હઝરત સુલયમાન (અલૈ.)ને અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી કોઈ ખાસ હોદ્દો પ્રાપ્ત છે કે તેમના હાથે આવી પ્રકૃતિના નિયમો વિરુદ્ધની બાબતો જાહેર થાય છે. (ذَكَرَهُ وَاخْتَارَهُ ابْنُ جَرِيْرٍ)

مُسْلِمٌ قَبْلَ اَنْ يَّاْتُوْنِىْ مُسْلِمِيْنَ માં શબ્દ مُسْلِمِيْنَ (મુસ્લિમીન) એ مُسْلِمٌ (મુસ્લિમ)નું બહુવચન છે જેનો શાબ્દિક અર્થ "આજ્ઞાપાલક અથવા ફરમાંબરદાર" થાય છે. શરીઅતની પરિભાષામાં મો'મિનને મુસ્લિમ કહેવામાં આવે છે. અહીંયાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના નિવેદન પ્રમાણે તેનો શાબ્દિક અર્થ ભાવાર્થ તરીકે છે. એટલે કે, "આજ્ઞાપાલક અને ફરમાંબરદાર" કારણ કે બિલ્કિસનું તે સમયે ઈમાન લાવવું સાબિત નથી બલકે હઝરત સુલયમાન (અલૈ.)ની પાસે હાજર થયા પછી અને કંઈક વાતચીત કર્યા પછી મુસલમાન થઈ છે જેમકે કુર્આને કરીમમાં આવેલા શબ્દોથી સાબિત થાય છે.

قَالَ الَّذِىْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتٰبِ એટલે કે, તે વ્યક્તિએ કહ્યું જેની પાસે કિતાબનું ઈલમ (જ્ઞાન) હતું આ કોણ વ્યક્તિ હતો ? તેના વિશે એક સંભાવના તો એ છે જે ઉપર તફસીરના ખુલાસામાં લખવામાં આવી છે કે પોતે હઝરત સુલયમાન (અલૈ.) ભાવાર્થ તરીકે હોઈ શકે છે, કારણ કે અલ્લાહની કિતાબનું સૌથી વધારે જ્ઞાન તેમને જ પ્રાપ્ત હતું. આવા સ્વરૂપમાં આ સમગ્ર ઘટના મોઅ્જિઝા સ્વરૂપે થઈ અને હેતુ પણ એ જ હતો કે બિલ્કિસને પયગમ્બરી શ્રેષ્ઠતાનો સાક્ષાત્કાર થઈ જાય અને કોઈ શંકા એ બાબતે બાકી ન રહે પરંતુ ઘણા તફસીરના ઈમામો કતાદહ વગેરેથી ઈબ્ને જરીર (રહ.)એ નકલ કર્યું છે અને કુર્તુબીએ તેને જ જમહૂરનું નિવેદન ઠરાવ્યું છે કે આ કોઈ વ્યક્તિ હઝરત સુલયમાન (અલૈ.)ના સાથીદારોમાંથી હતો, ઈબ્ને ઈસ્હાક (રહ.)એ તેનું નામ આસિફ બિન બરખિયા બતાવ્યું છે અને એ કે તેઓ હઝરત સુલયમાન (અલૈ.)ના મિત્ર હતા અને અમુક રિવાયતોના આધારે તેમના મસિયાઈ ભાઈ પણ હતા જેમને "ઈસ્મે આ'ઝમ"નું જ્ઞાન હતું, જેની ખાસિયત એ છે કે તેની સાથે અલ્લાહ તઆલા પાસેથી જે પણ દુઆ કરવામાં આવે છે તે કબૂલ થાય છે અને જે કંઈ માંગવામાં આવે અલ્લાહ તઆલા તરફથી અર્પણ થાય છે, એનાથી એ જરૂરી નથી બનતું કે હઝરત સુલયમાન (અલૈ.)ને ઈસ્મે આ'ઝમનું જ્ઞાન ન હતું, કારણ કે તે કંઈ અસંભવ વાત નથી કે હઝરત સુલયમાન (અલૈ.)એ મસ્લિહત તેમાં

જોઈ હોય કે આ મહાન કારનામું તેમની ઉમ્મતના કોઈ વ્યક્તિ દ્વારા જાહેર થાય જેનાથી બિલ્કિસ ઉપર વધારે પ્રભાવ પડે, એટલા માટે પોતે આ કાર્ય કરવાના બદલે પોતાના માણસોને સંબોધન કર્યું, اَيُّكُمْ يَاْتِيْنِىْ (كَذَافِىْ فَصُوْصِ الْحِكَمْ) આ સ્વરૂપમાં આ ઘટના આસિફ બિન મરખિયાની કરામત ગણાય.

મોઅ્જિઝા અને કરામતમાં તફાવત :

હકીકત એ છે કે મોઅ્જિઝામાં જે રીતે સ્વાભાવિક અને પ્રાકૃતિક કાર્યકારણના ભૌતિક સંબંધોની કોઈ દખલગીરી નથી હોતી બલકે તે સીધે સીધી અલ્લાહ તઆલાની પ્રવૃત્તિ હોય છે, જેમકે કુર્આને કરીમે ફરમાવ્યું છે, وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى એ જ પ્રમાણે કરામતમાં પણ સ્વાભાવિક ભૌતિક બાબતોની કોઈ દખલગીરી હોતી નથી, સીધે સીધું અલ્લાહ તઆલા તરફથી કોઈ કાર્ય થઈ જાય છે અને મોઅ્જિઝો તથા કરામત બંને પોતે મોઅ્જિઝો અને કરામત જાહેર કરનાર વ્યક્તિના અધિકારમાં નથી હોતા, તે બંનેમાં તફાવત માત્ર એટલો છે કે આવું કોઈ સ્વાભાવિક કે પ્રાકૃતિક નિયમોથી વિરુદ્ધ કાર્ય કોઈ સાહિબે વહી (નબી અલૈ.)ના હાથે હોય તો તે મોઅ્જિઝો કહેવાય છે અને તે નબી સિવાય કોઈના હાથે તે જાહેર થાય છે તો તેને કરામત કહેવામાં આવે છે. આ ઘટનામાં જો આ રિવાયત સાચી છે કે આ કાર્ય હઝરત સુલયમાન (અલૈ.)ના સાથીદારોમાંથી આસિફ બિન બરખિયા દ્વારા થયું તો આ તેમની કરામત કહેવાશે અને દરેક વલીની વિશિષ્ટતા કારણ કે તેમના રસૂલ અને પયગમ્બરની વિશેષતાનો નમૂનો અને પ્રતિકૃતિ હોય છે અને તેનાથી જ પ્રેરિત હોય છે એટલા માટે ઉમ્મતના અવલિયાઓના હાથે જેટલી કરામતો જાહેર થતી રહે છે એ બધી રસૂલ (અલૈ.)ના મોઅ્જિઝાઓમાં ગણાય છે.

બિલ્કિસના તખ્તની ઘટના કરામત હતી અથવા તસર્રૂફ ? :

શૈખે અકબર મુહ્યુદીન ઈબ્ને અરબી (રહ.)એ તેને આસિફ બિન બરખિયાનો તસર્રૂફ ઠરાવ્યો છે, તસર્રૂફ પરિભાષામાં વિચાર અથવા દૃષ્ટિની શક્તિનો ઉપયોગ કરીને વિસ્મયકારી કાર્યો કરવા માટે કહેવામાં આવે છે જેના માટે નબી અથવા વલી બલકે મુસલમાન હોવું પણ શરત નથી, તે મૅસ્મેરિઝમ જેવી એક પ્રવૃત્તિ છે. સુફીઓએ મુરીદોની સુધારણા માટે ક્યારેક ક્યારેક તેનો

ઉપયોગ કર્યો છે. ઈબ્ને અરબી (રહ.)એ ફરમાવ્યું કે અંબિયા (અલૈ.) કારણ કે તસર્રૂફ કરવાથી બચેલા રહે છે એટલા માટે હઝરત સુલયમાન (અલૈ.)એ આ કાર્ય આસિફ બિન બરખિયા પાસેથી લીધું પરંતુ કુર્આને કરીમે આ તસર્રૂફને عِلْمٌ مِّنَ الْكِتَابِ નું પરિણામ બતાવ્યું છે એટલા માટે અગ્રિમતા તેને જ આપવામાં આવે છે કે આ કોઈ દુઆ અથવા ઈસ્મે આ'ઝમનો પ્રભાવ હતો જેને તસર્રૂફ સાથે કોઈ લેવાદેવા નથી, તે કરામતના જ ભાવાર્થમાં સામેલ છે.

રહી એ શંકા કે તેમનું એ કહેવું કે اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ اِلَيْكَ طَرْفُكَ એટલે કે, હું આ તખ્ત આંખના પલકારાથી પહેલાં લાવી આપીશ, આ નિશાની તેની જ છે કે આ કાર્ય તેમના ઈરાદા અને અધિકારથી થયું જે તસર્રૂફની નિશાની છે, કારણ કે કરામત વલીના અધિકારમાં નથી હોતી તો તેનો જવાબ એ હોઈ શકે છે કે શક્ય છે કે અલ્લાહ તઆલાએ તેમને આ જાણકારી આપી દીધી હોય કે તમે ઈરાદો કરશો તો અમે આ કાર્ય આટલી ઝડપથી કરી આપીશું. આ ચર્ચા હઝરત સય્યિદી હકિમુલ ઉમ્મત મવલાના અશરફ અલી થાનવી (રહ.)ની છે જે અહકામુલ કુર્આનમાં સૂરએ નમ્લની તફસીર લખતી વખતે કરી હતી અને તસર્રૂફની વાસ્તવિકતા તથા તેના હુકમો ઉપર હઝરતની એક આગવી પુસ્તિકા "અત્તશર્રૂફ" અરબી ભાષામાં હતી જેનો ઉર્દૂ તરજુમો મુજ નાચીઝે લખ્યો છે તે અલગથી પ્રકાશિત થઈ ચૂક્યો છે.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૪૨ થી ૪૪)

فَلَمَّا جَآءَتْ قِيْلَ اَهٰكَذَا عَرْشُكِ ؕ قَالَتْ كَاَنَّهٗ هُوَ ۚ وَاُوْتِيْنَا الْعِلْمَ مِنْ
قَبْلِهَا وَكُنَّا مُسْلِمِيْنَ ﴿۴۲﴾ وَصَدَّهَا مَا كَانَتْ تَّعْبُدُ مِنْ دُوْنِ اللّٰهِ ؕ اِنَّهَا كَانَتْ
مِنْ قَوْمٍ كٰفِرِيْنَ ﴿۴۳﴾ قِيْلَ لَهَا ادْخُلِي الصَّرْحَ ۚ فَلَمَّا رَاَتْهُ حَسِبَتْهُ لُجَّةً
وَّكَشَفَتْ عَنْ سَاقَيْهَا ؕ قَالَ اِنَّهٗ صَرْحٌ مُّمَرَّدٌ مِّنْ قَوَارِيْرَ ؕ قَالَتْ رَبِّ اِنِّيْ
ع ۱۸ ظَلَمْتُ نَفْسِيْ وَاَسْلَمْتُ مَعَ سُلَيْمٰنَ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿۴۴﴾

તરજુમો :

પછી જ્યારે તે (બિલ્કિસ) આવી પહોંચી કોઈએ કહ્યું, શું તમારો તખ્ત આવો જ છે ? તે બોલી, જાણે કે તે આ જ છે અને અમને પ્રથમથી જાણ થઈ ચૂકી છે અને અમે આજ્ઞાપાલક થઈ ચૂક્યા. (૪૨) અને તેને તે વસ્તુઓથી અટકાવી દીધી જેને અલ્લાહના સિવાય પૂજતી હતી, ખરેખર તે ઈન્કારી લોકોમાંથી હતી. (૪૩) કોઈએ આ સ્ત્રીને કહ્યું, મહેલમાં અંદર ચાલો, પછી જ્યારે તેને જોયો લાગ્યું કે તે ઊંડું પાણી છે અને (ઊતરવા માટે પાયજામો ચઢાવી) પોતાની પિંડીઓ ખોલી, (ત્યારે સુલયમાન અલૈ.એ) કહ્યું, આ તો એક મહેલ છે, તેમાં કાચ જડેલા છે; તે બોલી, હે પરવરદિગાર ! મેં મારી જાત ઉપર જુલમ કર્યો છે અને હું અલ્લાહની સામે સુલયમાન (અલૈ.)ની સાથે આજ્ઞાપાલક બની જે કુલ વિશ્વનો પરવરદિગાર છે. (૪૪)

તફસીર :

(સુલયમાન અલૈ.એ બધો સામાન કરી રાખ્યો હતો અને પછી બિલ્કિસ આવી પહોંચી) બસ, જ્યારે બિલ્કિસ આવી તો તેને (તખ્ત બતાવીને) કહેવામાં આવ્યું, (જો કે સુલયમાન અલૈ.એ પોતે કહ્યું હોય અથવા કોઈ અન્ય દ્વારા કહેડાવ્યું હોય) કે શું તમારો તખ્ત આવો જ છે ? તે કહેવા લાગી કે હા છે તો આવો જ ! (બિલ્કિસને આ રીતે પ્રશ્ન એટલા માટે કરવામાં આવ્યો હતો કે તખ્તનું સ્વરૂપ તો બદલી નાંખવામાં આવ્યું હતું, મૂળ તો તે જ તખ્ત હતો પરંતુ તેનો રૂપ રંગ તે રહ્યો ન હતો એટલા માટે એવું કહ્યું નહીં કે આ જ તમારો તખ્ત છે ? બલકે કહ્યું કે શું આવો જ તમારો તખ્ત છે ? અને બિલ્કિસ તેને ઓળખી ગઈ અને તેને બદલી નાંખવાનું પણ સમજી ગઈ એટલા માટે જવાબ પણ સવાલ પ્રમાણે જ આપ્યો) અને (એ પણ કહ્યું કે) અમને લોકોને તો આ ઘટનાથી પહેલાં જ (તમારી નુબુવ્વતની) તહકીક થઈ ચૂકી છે અને અમે (તે જ સમયે દિલથી) આજ્ઞાપાલક થઈ ચૂક્યા છીએ (જ્યારે એલચી પાસેથી તમારી વિશિષ્ટતાઓની જાણ થઈ હતી તો આ અમુક મોઅ્જિઝાઓની આવશ્યકતા ન હતી) અને (કારણ કે આ મોઅ્જિઝા પહેલાં જ સમર્થન અને વિશ્વાસ કરી લેવો તીવ્ર બુદ્ધિની દલીલ છે એટલા માટે અલ્લાહ તઆલા તેના બુદ્ધિશાળી હોવાની ચર્ચા કરે છે કે વાસ્તવમાં

તે સમજદાર હતી પરંતુ અમુક દિવસો જે ઈમાન ન લાવી તો તેનું કારણ એ છે કે) તેને (ઈમાન લાવવાથી) ગયરૂલ્લાહની પૂજાએ (કે જેની તેને ટેવ હતી) અટકાવી રાખી હતી (અને તે ટેવ એટલા માટે પડી ગઈ હતી કે) તે કાફિર કોમમાંથી હતી (બસ તે બધાએ જોયું તે પોતે પણ કરવા લાગી અને કોમની આદતો અને રિવાજો મોટે ભાગે મનુષ્યના વિચારવા અને સમજવામાં અવરોધ બની જાય છે પરંતુ કારણ કે તે બુદ્ધિશાળી હતી એટલા માટે જ્યારે ચેતવણી મળી ગઈ તો સમજી ગઈ, ત્યારબાદ હઝરત સુલયમાન અલૈ.એ ઈચ્છ્યું કે નુબુવ્વતની શા'ન અને દબદબા ઉપરાંત તેને બાદશાહતની જાહોજલાલી પણ બતાવવામાં આવે જેથી પોતાને દુનિયાના આધારે પણ મહાન સમજે એટલા માટે એક "શીશ મહેલ" બનાવીને તેના વરંડામાં હોજ બનાવ્યો અને તેમાં પાણી અને માછલીઓ ભરીને તેને કાચથી ઢાંકી દીધો અને કાચ એવા ચોખ્ખા હતા કે દેખીતી નજરે દેખાતા ન હતા એન તે હોજ એવા સ્થળે હતો કે તે મહેલમાં જનારને તે અવશ્ય પાર કરવો પડતો હતો એટલા માટે આ બધી પરિસ્થિતિઓ પછી) બિલ્કિસને કહેવામાં આવ્યું કે આ મહેલમાં પ્રવેશ કરો (શક્ય છે કે આ જ મહેલ થોભવા માટે નક્કી કરવામાં આવ્યો હોય મતલબ કે તે ચાલી અને માર્ગમાં હોજ આવ્યો) તો જ્યારે તેની સહેન જોઈ કે તે પાણી(થી ભરેલ હોવાનું) સમજી (કારણ કે અનુમાનથી પાણી ધારી લીધું, એટલા માટે તેના અંદરથી પસાર થવા માટે કપડાં ઊંચા કર્યા અને) પોતાની બંને પિંડીઓ ખોલી નાંખી (તે વખતે) સુલયમાન (અલૈ.)એ કહ્યું કે આ તો મહેલ છે જે (સઘળો સહેન સાથે જ) કાચથી બનાવવામાં આવ્યો છે (અને આ હોજ પણ કાચથી ઢાંકેલો છે, કપડાં ઉઠાવવાની જરૂરત નથી તે સમયે) બિલ્કિસ(ને જાણ થઈ ગઈ કે અહીંયાં તો દુનિયવી કલા કારીગીરીની અજાયબીઓ પણ એવી છે કે જે આજ સુધી મેં આંખોથી નથી જોઈ તો તેના દિલમાં દરેક રીતે સુલયમાન અલૈ.ની પ્રતિષ્ઠા પેદા થઈ અને તે અનાયાસે) કહેવા લાગી કે હે મારા પરવરદિગાર ! મેં (અત્યાર સુધી) પોતાની જાત ઉપર જુલમ કર્યો હતો (કે શિર્કમાં સંડોવાયેલી હતી) અને હું (હવે) સુલયમાન (અલૈ.)ની સાથે (એટલે કે તેમના તરીકા ઉપર) થઈને રબ્બુલ આલમીન ઉપર ઈમાન લાવી.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૪૫ થી ૫૩)

وَلَقَدْ أَرْسَلْنَا إِلَىٰ ثَمُودَ أَخَاهُمْ صَالِحًا أَنِ اعْبُدُوا اللَّهَ فَإِذَا هُمْ فَرِيقَانِ
يَخْتَصِمُونَ ﴿٤٥﴾ قَالَ يَا قَوْمِ لِمَ تَسْتَعْجِلُونَ بِالسَّيِّئَةِ قَبْلَ الْحَسَنَةِ ۖ لَوْلَا
تَسْتَغْفِرُونَ اللَّهَ لَعَلَّكُمْ تُرْحَمُونَ ﴿٤٦﴾ قَالُوا اطَّيَّرْنَا بِكَ وَبِمَن مَّعَكَ ۚ قَالَ طَائِرُكُمْ
عِندَ اللَّهِ ۖ بَلْ أَنتُمْ قَوْمٌ تُفْتَنُونَ ﴿٤٧﴾ وَكَانَ فِي الْمَدِينَةِ تِسْعَةُ رَهْطٍ يُفْسِدُونَ فِي
الْأَرْضِ وَلَا يُصْلِحُونَ ﴿٤٨﴾ قَالُوا تَقَاسَمُوا بِاللَّهِ لَنُبَيِّتَنَّهُ وَأَهْلَهُ ثُمَّ لَنَقُولَنَّ
لِوَلِيِّهِ مَا شَهِدْنَا مَهْلِكَ أَهْلِهِ وَإِنَّا لَصَادِقُونَ ﴿٤٩﴾ وَمَكَرُوا مَكْرًا وَمَكَرْنَا مَكْرًا وَهُمْ
لَا يَشْعُرُونَ ﴿٥٠﴾ فَانظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ مَكْرِهِمْ أَنَّا دَمَّرْنَاهُمْ وَقَوْمَهُمْ أَجْمَعِينَ ﴿٥١﴾
فَتِلْكَ بُيُوتُهُمْ خَاوِيَةً بِمَا ظَلَمُوا ۗ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً لِّقَوْمٍ يَعْلَمُونَ ﴿٥٢﴾ وَأَنجَيْنَا الَّذِينَ
آمَنُوا وَكَانُوا يَتَّقُونَ ﴿٥٣﴾

તરજુમો :

અને અમે ષમૂદ (અલૈ.) તરફ તેમના ભાઈ સાલિહ (અલૈ.)ને મોકલ્યા હતા કે અલ્લાહની બંદગી કરો, પછી તો તેઓ બે પક્ષો પડીને વિવાદ કરવા લાગ્યા. (૪૫) તેમણે કહ્યું, હે મારી કોમ ! કેમ બુરાઈને ભલાઈથી પહેલાં ઉતાવળે માંગો છો ? કેમ અલ્લાહથી ગુનાહની મા'ફી નથી કરાવતા ? કદાચ તમારા ઉપર રહમ થઈ જાય ! (૪૬) તેઓ બોલ્યા, અમે તને અપશુકનિયાળ કદમવાળો જોયો અને તારા સાથેવાળાઓને; (સાલિહ અલૈ.એ) કહ્યું, તમારી ખરાબ કિસ્મત અલ્લાહની પાસે છે, કંઈ નથી ! તમે લોકો અજમાવવામાં આવી રહ્યા છો. (૪૭) અને તે શહેરમાં નવ વ્યક્તિઓ હતા કે પ્રદેશમાં ફસાદ કરતા હતા અને સુધારણા કરતા ન હતા. (૪૮) બોલ્યા કે પરસ્પર અલ્લાહની કસમ ખાઓ કે અલબત્ત રાત્રે આપણે તેના ઉપર અને તેના ઘર ઉપર જઈ પહોંચીશું (હુમલો કરીશું) અને પછી તેના

દા'વા કરનાર (સંબંધીઓ)ને કહી આપીશું, અમે (કશું) નથી જોયું જ્યારે તેનું ઘર તબાહ થયું અને અમે બેશક સાચું કહીએ છીએ. (૪૯) અને તેમણે એક ષડયંત્ર રચ્યું અને અમે એક યુક્તિ કરી અને તેમને ખબર (પણ) ન થઈ. (૫૦) પછી જોઈ લો તેમના ષડયંત્રનું કેવું પરિણામ આવ્યું કે અમે તેમનો નાશ કરી નાંખ્યો અને તેમની કોમને સૌને. (૫૧) બસ, આ પડયા છે તેમના ઘરો ઢગલો થઈને તેમના ઈન્કારના કારણે, અલબત્ત તેમાં તે લોકો માટે નિશાની છે જેઓ જાણે છે. (૫૨) અને અમે તેમને બચાવી લીધા જેઓ ઈમાન લાવ્યા હતા અને બચતા રહ્યા હતા. (૫૩)

તફસીર :

અને અમે ષમૂદ (કોમ)ની પાસે તેમના (જ્ઞાતિ) ભાઈ સાલિહ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા (આ સંદેશ આપીને) કે તમે (શિર્ક છોડીને) અલ્લાહની ઈબાદત કરો (હોવું તો એવું જોઈતું હતું કે બધા ઈમાન લઈ આવે પરંતુ અપેક્ષા વિરુદ્ધ) અચાનક તેમના બે પક્ષો થઈ ગયા જેઓ દીન વિશે પરસ્પર ઝઘડવા લાગ્યા (એટલે કે એક પક્ષ તો ઈમાન લઈ આવ્યો અને એક ઈમાન ન લાવ્યો અને તેમનામાં જે ઝઘડો અને વાતચીત થઈ તેમાંથી અમુક સૂરએ અઅ્રાફમાં આવી ચૂક્યું છે, قَالَ الْمَلَأُ الَّذِينَ اسْتَكْبَرُوا.....مِنْ قَوْمِهِ لِلَّذِينَ اسْتُضْعِفُوا અને તેમાંથી અમુક આગળ આવે છે, ...قَالُوا اطَّيَّرْنَا بِكَ અને જ્યારે તે લોકોએ કુફ્ર ઉપર હઠધર્મી કરી તો સાલિહ અલૈ.એ અંબિયા અલૈ.ની ટેવ પ્રમાણે તેમને અઝાબથી ડરાવ્યા જેમકે સૂરએ અઅ્રાફમાં છે فَيَأْخُذَكُمْ عَذَابٌ أَلِيمٌ તો તેમણે કહ્યું કે લાવો તે અઝાબ ક્યાં છે ? જેમકે સૂરએ અઅ્રાફમાં છે, قَالُوا يَا صَالِحُ ائْتِنَا بِمَا تَعِدُنَا إِنْ كُنْتَ مِنَ الْمُرْسَلِينَ તેના ઉપર) સાલિહ (અલૈ.)એ કહ્યું કે અરે ભાઈઓ ! તમે નેક કામ (એટલે કે તવબહ અને ઈમાન)થી પહેલાં અઝાબ કેમ જલદી માંગો છો ? (એટલે કે હોવું તો એવું જોઈતું હતું કે અઝાબની ચેતવણી સાંભળીને ઈમાન લઈ આવ્યા હોત, ન જ એ કે ઈમાન તો ન લાવ્યાં અને તેનાથી વિપરીત આ અઝાબની દરખાસ્ત કરવા લાગ્યા ? આ ઘણી બેબાકી અને નીડરતાની વાત છે આ અઝાબની ઉતાવળ કરવાના બદલે) તમે લોકો અલ્લાહની સામે (કુફ્રથી) મા'ફી કેમ નથી ઈચ્છતા જેનાથી આશા બંધાય કે તમારા ઉપર

રહમ કરવામાં આવે (એટલે કે અઝાબથી સુરક્ષિત રહો) ? તે લોકો કહેવા લાગ્યા કે અમે તો તમને અને તમારા સાથેવાળાઓને મન્હૂસ સમજીએ છીએ (કે જ્યારથી તમે આ ધર્મ લાવ્યા છો અને તમારી આ જમાઅત પેદા થઈ છે, કોમમાં કુસંપ થઈ ગયો છે અને કુસંપના જે માઠા પરિણામો અને ખરાબીઓ હોય છે તે બધી જાહેર થવા લાગી છે, આ કારણે તે બધી જ ખરાબીઓનું કારણ તમે જ લોકો છો) સાલિહ (અલૈ.)એ (જવાબમાં) કહ્યું, તમારી (આ) નહૂસત(નું કારણ) અલ્લાહના જ્ઞાનમાં છે (એટલે કે તમારા કુફ્રયુક્ત કર્મો અલ્લાહ તઆલાને ખબર છે, આ ખરાબીઓ તે જ કર્મોના કારણે જ છે એટલા માટે દેખીતું છે કે કુસંપ નીંદનીય તે જ છે કે જે સત્યનો વિરોધ કરવાથી પેદા થાય છે તો તેનો આક્ષેપ ઈમાનવાળાઓ ઉપર નથી હોઈ શકતો, બલકે કુફ્રવાળાઓ ઉપર થશે અને અમુક તફસીરોમાં છે કે તેમના ઉપર દુષ્કાળ પડ્યો હતો અને તમારા કુફ્રના નુકસાનો કંઈક આ ઘટનાઓ સુધી જ સમાપ્ત નથી થવાના) બલકે તમે તે લોકો છો કે (આ કુફ્રના કારણે) અઝાબમાં સપડાઈ ગયા અને (આમ તો કાફિરો આ કોમમાં ઘણા બધા હતા પરંતુ તેમના આગેવાનો) આ વસ્તી (એટલે કે હિજ્ર)માં નવ વ્યક્તિઓ હતા જે પ્રદેશમાં (એટલે કે વસ્તીની બહાર સુધી પણ) ફસાદ કર્યા કરતા હતા અને (જરા પણ) સુધારણા કરતા ન હતા (એટલે કે અમુક ફસાદીઓ એવા હોય છે કે કંઈક ફસાદ કરી તો કંઈક સુધારણાનું કામ કર્યું પરંતુ તેઓ એવા ન હતા બલકે નર્યા ફસાદખોર હતા, એટલા માટે એક વખતે તેમણે એવી ફસાદ કરી કે) તેમણે (એકબીજાને) અંદર અંદર કહ્યું કે બધા (એવી) અલ્લાહની કસમ ખાઓ કે આપણે રાત્રિના સમયે સાલિહ અને તેના સંબંધીઓ (એટલે કે ઈમાનવાળાઓ)ને જઈને મારી નાંખીશું, પછી (જો તહકીકની નોબત આવે તો) આપણે તેમના વારસોને (જે ખૂનનો દા'વો કરશે) કહી આપીશું કે (અમે) તેમના સંબંધીઓના (અને ખુદ તેમના) માર્યા જવામાં ઉપસ્થિત (પણ) ન હતા (મારવાની વાત તો બાજુએ રહી) અને (તાકીદ માટે એ પણ કહી આપીશું કે) અમે બિલકુલ સાચા છે (અને કોઈ ગવાહ જોનારો પણ નહીં હોય બસ વાત દબાઈ જશે) અને (આ સલાહ મશ્વરો કરીને) તેમણે એક ગુપ્ત ષડયંત્ર રચ્યું (કે રાત્રિના સમયે આ કાર્યવાહી કરવા માટે ચાલ્યા) અને એક ગુપ્ત યોજના અમે કરી અને તેમને ખબર પણ ન થઈ (તે એ કે એક પહાડ ઉપરથી એક પથ્થર

તેમના ઉપર ગબડતો ગબડતો આવ્યો અને તે બધા ત્યાં જ દબાઈને મરણને શરણ થયા. –કઝા ફિ દૂર્રે મન્સૂર) બસ, જુઓ (તેમની શરારતનો) શું અંજામ થયો કે અમે તેમને (ઉપર વર્ણન થયા મુજબ) અને (પછી) તેમની (બાકી) કોમનો (આસમાની અઝાબથી) સૌનો નાશ કરી નાંખ્યો (જેનો કિસ્સો બીજી આયતોમાં છે فَعَقَرُوا النَّاقَةَ اِلٰى فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ وَاَخَذَ الَّذِيْنَ ظَلَمُوا الصَّيْحَةُ) બસ, આ તેમના ઘર છે જે વેરાન પડ્યા છે તેમના કુફ્રના કારણે; (તે મક્કાવાળાઓને સિરીયાની મુસાફરી ટાણે માર્ગમાં મળે છે), નિઃશંક ! આ (ઘટના)માં મોટો બોધપાઠ છે બુદ્ધિશાળીઓ માટે અને ઈમાન અને તકવાવાળાઓને (આ હત્યા થવાથી પણ કે જેનો મશ્વરો થઈ રહ્યો હતો અને અઝાબથી પણ) છુટકારો આપ્યો.

મસ્અલા અને બોધપાઠ :

تِسْعَةُ رَهْطٍ માં શબ્દ رَهْطٌ (રહ્ત) એ "સમૂહ"ના અર્થમાં આવે છે, અહીંયાં નવ વ્યક્તિઓમાંથી દરેકને رَهْطٌ (રહ્ત)ના શબ્દથી કદાચ એટલા માટે ઓળખાવવામાં આવ્યા છે કે આ લોકો પોતાના માલ અને દોલત તથા ઈજ્જત અને મોટાઈના કારણે કોમના આગેવાન સમજવામાં આવતા હતા અને દરેકની સાથે અલગ અલગ જૂથો હતા એટલા માટે તે નવ વ્યક્તિઓને નવ સમૂહો કહ્યા. આ લોકો સાલિહ (અલૈ.)ની કોમની વસ્તી એટલે કે હિજ્રના મોટા આગેવાનો સમજવામાં આવતા હતા. હિજ્ર સિરીયામાં પ્રખ્યાત સ્થળ છે. لَنُبَيِّتَنَّهٗ وَاَهْلَهٗ ثُمَّ لَنَقُوْلَنَّ لِوَلِيِّهٖ مَا شَهِدْنَا مَهْلِكَ اَهْلِهٖ وَاِنَّا لَصٰدِقُوْنَ મતલબ એ હતો કે અમે બધા મળીને રાતના અંધકારમાં તેમના ઉપર અને તેમના સંબંધીઓ ઉપર આક્રમણ કરીશું અને બધાને હલાક કરી નાંખીશું, પછી તેમના ખૂનના દા'વેદાર વારસો તેની તહકીક અને તપાસ માટે ઊભા થશે તો અમે એ કહી આપીશું કે અમે તો ફલાણા વ્યક્તિને ન તો માર્યો અને ન જ કોઈને મારતા જોયો અને આપણે આપણા આ નિવેદનમાં એટલા માટે સાચા હોઈશું કે રાતના અંધારામાં એ નિશ્ચિત કરવું કે કોણે કોને માર્યો આપણને જાણ થશે નહીં.

એમાં એક બાબત ધ્યાનપાત્ર છે કે આ કાફિરો અને તેમનામાંથી અમુક ગણ્યા ગાંઠ્યા બદમાશો જેઓ ફસાદ કરવામાં પ્રખ્યાત હતા તે બધા જ કાર્યો કુફ્ર,

શિર્ક, હત્યા, ખૂનામરકી વગેરે કરી રહ્યા છે અને કોઈ ફિકર નથી પરંતુ તેમને પણ એ ચિંતા થઈ કે આપણે જૂઠું ન બોલીએ અથવા જૂઠા ન ઠરાવવામાં આવીએ, એનાથી અંદાજો લગાવો કે જૂઠું બોલવું કેટલો મોટો અપરાધ છે કે બધા જ મોટા મોટા અપરાધો આચરનારા પણ પોતાની જાતની શરાફત અને ઈજ્જતની સુરક્ષા માટે જૂઠું બોલવાનું પગલું ભરતા ન હતા, બીજી બાબત આ આયતમાં એ વિચારપાત્ર છે કે જે વ્યક્તિને તે લોકોએ હઝરત સાલિહ (અલૈ.)ના વલી ઠરાવ્યા છે તો તેઓ તે જ હઝરત સાલિહ (અલૈ.)ના ઘરવાળાઓમાં સામેલ હતા તો પછી તેમને શા માટે આ હત્યાના ઈરાદામાં છોડી દેવામાં આવ્યા ? જવાબ એ છે કે શક્ય છે કે તેઓ કુટુંબના આધારે તેમના વાલી વારસો હોય પરંતુ કાફિર હોય અને કાફિરોની સાથે મળેલા હોય, હઝરત સાલિહ (અલૈ.) અને તેમના સંબંધીઓની હત્યા પછી તેઓ તેમની હત્યાનો દા'વો પોતાના વંશીય સંબંધના આધારે કરે અને એ પણ શક્ય છે કે તે મુસલમાન જ હોય પરંતુ કોઈ મોટા વ્યક્તિ હોય જેમની હત્યા કરવાથી પોતાની કોમમાં વિરોધ અને કુસંપનો ખતરો વધી શકતો હોય એટલા માટે તેમને છોડી દેવામાં આવ્યા હોય. વલ્લાહુ અઅ્‌લમુ.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૫૪ થી ૫૯)

وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖٓ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ وَاَنْتُمْ تُبْصِرُوْنَ ﴿٥٤﴾ اَئِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ
شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ ؕ بَلْ اَنْتُمْ قَوْمٌ تَجْهَلُوْنَ ﴿٥٥﴾ فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ اِلَّآ
اَنْ قَالُوْٓا اَخْرِجُوْٓا اٰلَ لُوْطٍ مِّنْ قَرْيَتِكُمْ ۚ اِنَّهُمْ اُنَاسٌ يَّتَطَهَّرُوْنَ ﴿٥٦﴾ فَاَنْجَيْنٰهُ
وَاَهْلَهٗٓ اِلَّا امْرَاَتَهٗ ۫ قَدَّرْنٰهَا مِنَ الْغٰبِرِيْنَ ﴿٥٧﴾ وَاَمْطَرْنَا عَلَيْهِمْ مَّطَرًا ۚ فَسَآءَ
مَطَرُ الْمُنْذَرِيْنَ ﴿٥٨﴾ ۧ قُلِ الْحَمْدُ لِلّٰهِ وَسَلٰمٌ عَلٰى عِبَادِهِ الَّذِيْنَ اصْطَفٰى ؕ آٰللّٰهُ خَيْرٌ
اَمَّا يُشْرِكُوْنَ ﴿٥٩﴾

તરજુમો :

અને લૂત (અલૈ.)ને (મોકલ્યા), જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું, શું તમે

નિર્લજ્જતા આચરો છો અને (જ્યારે કે) તમે જુઓ (પણ) છો ! (૫૪) શું તમે સ્ત્રીઓને છોડીને પુરુષો ઉપર લલચાઈને દોડો છો ? કંઈ નથી ! તમે લોકો જાહિલ (નાસમજ) છો. (૫૫) પછી તેમની કોમનો બીજો કંઈ જવાબ ન હતો પરંતુ એ જ કે કહેતા હતા, લૂત (અલૈ.)ના ઘર (સંબંધીઓ)ને શહેરમાંથી કાઢી મૂકો, આ લોકો સ્વચ્છ (પવિત્ર) રહેવા ઈચ્છે છે. (૫૬) પછી અમે તેમને અને તેમના ઘરવાળાઓને બચાવી લીધા પરંતુ તેમની ઔરત, અમે તેને પાછળ રહી જનારાઓમાં નિશ્ચિત કરી દીધી હતી. (૫૭) અને અમે તેમના ઉપર (પથ્થરોનો) વરસાદ વરસાવ્યો, પછી કેટલો ખરાબ વરસાદ હતો તે ડરાવવામાં આવેલાઓનો ! (૫૮) તમે કહો, સઘળા વખાણ છે અલ્લાહના માટે અને સલામ છે તેના બંદાઓ ઉપર જેમને તેણે પસંદ કર્યા, ભલા ! અલ્લાહ બહેતર છે અથવા જેમને તે ભાગીદાર કરે છે ? (૫૯)

તફસીર :

અને અમે લૂત (અલૈ.)ને (પયગમ્બર બનાવીને તેમની કોમ પાસે) મોકલ્યા હતા જ્યારે કે તેમણે પોતાની કોમને કહ્યું, આ નિર્લજ્જતાના કામ કરો છો જ્યારે કે તમે સમજદાર છો !? (શું તમે તેની બુરાઈ સમજતા નથી ? આગળ તેમની આ બેહયાઈનું વર્ણન છે એટલે કે) શું તમે પુરુષોની સાથે વાસના સંતોષો છો સ્ત્રીઓને છોડીને ? (તેનું કોઈ કારણ નથી હોઈ શકતું), બલકે (આ બાબતમાં) તમે (માત્ર) જહાલત કરી રહ્યા છો, (આ ચર્ચાનો) તેમની કોમથી કોઈ (યોગ્ય) જવાબ ન અપાયો એ સિવાય કે પરસ્પર કહેવા લાગ્યા કે લૂત (અલૈ.)ના લોકોને (એટલે કે તેમના ઉપર ઈમાન લાવનારાઓને તેમની સાથે) તમે પોતાની વસ્તીમાંથી કાઢી મૂકો (કારણ કે) આ લોકો મોટા પવિત્ર સ્વચ્છ બને છે, બસ (જ્યારે અહીંયાં સુધી નોબત પહોંચી ગઈ તો) અમે (તે કોમ ઉપર અઝાબ નાઝિલ કર્યો અને) લૂત (અલૈ.)ને અને તેમના સંબંધીઓને (આ અઝાબથી) બચાવી લીધા તેમની પત્ની સિવાય કે તેને (ઈમાન ન લાવવાના કારણે) અમે તે જ લોકોમાં તજ્વીઝ કરી રાખી હતી જે અઝાબમાં રહી ગયા હતા અને (તે અઝાબ જે તેમના ઉપર નાઝિલ થયો એ હતો કે) અમે તેમના ઉપર એક નવા પ્રકારનો વરસાદ વરસાવ્યો (કે તે પથ્થરોનો વરસાદ હતો) બસ, તે લોકોનો કેવો ખરાબ વરસાદ હતો ! જે (પ્રથમ ખુદાના અઝાબથી) ડરાવવામાં આવ્યા હતા

(જેના ઉપર તેમણે ધ્યાન ન આપ્યું) તમે (હે નબી) કહો, સઘળા વખાણ છે અલ્લાહના માટે છે અને તેના બંદાઓ ઉપર સલામ છે જેમને તેણે પસંદ કર્યા, ભલા ! અલ્લાહ બહેતર છે અથવા જેમને તેઓ (તેના) ભાગીદાર કરે છે ?

મસ્અલા અને બોધપાઠ :

આ કિસ્સા વિશે કુર્આનમાં વિવિધ સ્થળોએ ખાસ કરીને સૂરએ અઅ્રાફમાં જરૂરી વિષયો વર્ણન થયા છે ત્યાં જોઈ લેવામાં આવે. قُلِ الْحَمْدُ لِلّٰهِ અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતોની અમુક પરિસ્થિતિ અને તેમના ઉપર અઝાબ આવવાની ઘટનાઓનું વર્ણન કર્યા પછી આ વાક્ય નબીએ કરીમ ﷺને સંબોધન કરીને કહેવામાં આવ્યુ છે કે તમે અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરો કે તમારી ઉમ્મતને દુનિયામાં એકસામટા અઝાબથી સુરક્ષિત કરવામાં આવી છે અને પાછલા અંબિયા (અલૈ.) અને તેમના નેક બંદાઓ ઉપર સલામ મોકલો. જમહૂર તફસીરકારોએ તેને જ અપનાવ્યું છે અને અમુકે તેનું સંબોધન પણ હઝરત લૂત (અલૈ.) માટે હોવાનું ઠરાવ્યું છે. આ આયતમાં اَلَّذِيْنَ اصْطَفٰى ના શબ્દોથી જાહેર એ થાય છે કે અંબિયા (અલૈ.) ભાવાર્થ સ્વરૂપે છે જેમકે એક બીજી આયતમાં છે, وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની એક રિવાયતમાં છે કે તેનો ભાવાર્થ રસૂલે કરીમ ﷺના સહાબએ કિરામ (રદિ.) છે સુફિયાન ષૌરી (રહ.)એ તેને જ અપનાવ્યું છે. *(અબ્દ બિન હુમૈદ, બઝાર, ઈબ્ને જરીર વગેરે)*

પરંતુ જો આયતમાં اَلَّذِيْنَ اصْطَفٰى થી ભાવાર્થ સહાબએ કિરામ (રદિ.) લેવામાં આવે જેમકે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતમાં છે તો આ આયતથી ગયૂર અંબિયા ઉપર સલામ મોકલવા માટે તેમને અલયહિસ્સલામ કહેવું જાઈઝ હોવું સાબિત થાય છે. આ મસ્અલાની સંપૂર્ણ તહકીક સૂરએ અહ્ઝાબની આયત صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا ની તફસીરમાં આવશે, ઈન્શાઅલ્લાહ.

મસ્અલો :

આ આયતથી ખુત્બાના અદબો પણ સાબિત થયા કે તે અલ્લાહ તઆલાના વખાણ અને અંબિયા (અલૈ.) ઉપર દુરૂદો સલામથી શરૂ થવા જોઈએ. રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ના બધા જ ખુત્બાઓમાં આ જ

પ્રથા રહી છે, બલકે દરેક મહત્ત્વના કામની શરૂઆતમાં અલ્લાહ તઆલાના વખાણ અને રસૂલે કરીમ ﷺ ઉપર દુરૂદો સલામ મોકલવા સુન્નત અને મુસ્તહબ છે.

(કઝા ફિ રૂહ)

પારહ (૨૦)

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૬૦ થી ૬૪)

٢٠ اَمَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَاَنْزَلَ لَكُمْ مِّنَ السَّمَآءِ مَآءً ۚ فَاَنْۢبَتْنَا
بِهٖ حَدَآئِقَ ذَاتَ بَهْجَةٍ ۚ مَا كَانَ لَكُمْ اَنْ تُنْۢبِتُوْا شَجَرَهَا ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ
بَلْ هُمْ قَوْمٌ يَّعْدِلُوْنَ ﴿٦٠﴾ اَمَّنْ جَعَلَ الْاَرْضَ قَرَارًا وَّجَعَلَ خِلٰلَهَآ اَنْهٰرًا
وَّجَعَلَ لَهَا رَوَاسِيَ وَجَعَلَ بَيْنَ الْبَحْرَيْنِ حَاجِزًا ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ بَلْ
اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٦١﴾ اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ وَيَكْشِفُ السُّوْٓءَ
وَيَجْعَلُكُمْ خُلَفَآءَ الْاَرْضِ ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ ﴿٦٢﴾ اَمَّنْ
يَّهْدِيْكُمْ فِيْ ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ وَمَنْ يُّرْسِلُ الرِّيٰحَ بُشْرًاۢ بَيْنَ يَدَيْ رَحْمَتِهٖ ؕ
ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ تَعٰلَى اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ ﴿٦٣﴾ اَمَّنْ يَّبْدَؤُا الْخَلْقَ ثُمَّ
يُعِيْدُهٗ وَمَنْ يَّرْزُقُكُمْ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ قُلْ
هَاتُوْا بُرْهَانَكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٦٤﴾

તરજુમો :

વારું ! કોણે બનાવ્યા આસમાન અને જમીન ? અને તમારા માટે આસમાનથી પાણી ઊતારી દીધું, પછી અમે તેનાથી રોનકવાળા બગીચા ઉગાડયા, તમારું કામ ન હતું કે તેના ઝાડ ઉગાડો, હવે કોઈ અન્ય મઅ્બૂદ છે અલ્લાહની સાથે ? કંઈ નથી ! તે લોકો માર્ગથી (આડા) ફંટાય છે. (૬૦) વારું ! કોણે જમીનને થોભવા લાયક બનાવી અને તેની વચ્ચે નદીઓ બનાવી અને તેને

થોભાવવા ભાર રાખ્યો અને બે સમુદ્રો વચ્ચે પડદો રાખ્યો, હવે કોઈ અન્ય મઅ્બૂદ છે અલ્લાહની સાથે ? કંઈ નથી ! તેમનામાં ઘણા બધાઓને સમજ નથી. (૬૧) વારું ! કોણ પહોંચે છે વિવશ થયેલાની પોકારને જ્યારે તેને પોકારે છે અને આપત્તિ દૂર કરી આપે છે અને તમને પૃથ્વી ઉપર પાછલાઓના નાયબ બનાવે છે; હવે કોઈ અન્ય મઅ્બૂદ છે અલ્લાહની સાથે? (કંઈ નથી !) તમે ઘણું ઓછું ધ્યાન આપો છો. (૬૨) વારું ! તમને જંગલના અને દરિયાના અંધારાઓમાં માર્ગ કોણ બતાવે છે અને તેની રહમત (કૃપા) પહેલાં ખુશખબરી લાવનારી હવાઓ કોણ ચલાવે છે ? હવે કોઈ અન્ય મઅ્બૂદ છે અલ્લાહની સાથે ? અલ્લાહ ઘણો ઉપર છે તેનાથી જેને (તેઓ) ભાગીદાર બતાવે છે. (૬૩) વારું ! કોણ મૂળેથી (પ્રથમ) બનાવે છે પછી તેનું પુનરાવર્તન કરશે અને કોણ તમને આસમાનથી અને જમીનથી રોજી આપે છે ? હવે કોઈ અન્ય મઅ્બૂદ છે અલ્લાહની સાથે ? તમે કહો, લાવો પોતાનું પ્રમાણ જો તમે સાચા છો ! (૬૪)

તફસીર :

(પાછલી આયતના અંતે ફરમાવ્યું હતું ءَاللّٰهُ خَيْرٌ اَمَّا يُشْرِكُوْنَ એટલે કે શું અલ્લાહ બહેતર છે તે મૂર્તિઓ વગેરે જેમને આ લોકો અલ્લાહના ભાગીદાર ઠરાવે છે ? આ મુશ્રિકોની મૂર્ખાઈ બલકે અવળી મતી ઉપર ટીકા હતી, આગળ તવહીદની દલીલોનું વર્ણન છે જેમકે ફરમાવે છે, હે લોકો ! એ બતાવો કે) તે જાત (બહેતર છે) જેણે આસમાન અને જમીનને બનાવ્યા અને તેણે આસમાનથી પાણી વરસાવ્યું, પછી તેના દ્વારા અમે રોનકવાળા બગીચા ઉગાડયા, (નહિતર) તમારાથી તો શકય ન હતું કે તમે તે (બગીચાઓ)ના વૃક્ષોને ઉગાડી શકો (હવે આ સાંભળીને એ બતાવો કે) શું અલ્લાહની સાથે (ઇબાદતના ભાગીદાર થવા પાત્ર) કોઈ અન્ય મઅ્બૂદ છે ? (પરંતુ મુશ્રિકો તે છતાં પણ માનતા નથી) બલકે, આ એવા લોકો છે કે (અન્યોને) અલ્લાહની સમકક્ષ ઠરાવે છે (સારું ! પછી આ વિશેષતાઓ સાંભળીને બતાવો કે આ મૂર્તિઓ બહેતર છે) અથવા તે જાત જેણે જમીનને (મખ્લૂકના) થોભવાનું સ્થળ બનાવ્યું અને તેની વચ્ચે વચ્ચે નહેરો બનાવી અને તે(જમીન)ને (સ્થિર રાખવા) માટે પહાડ બનાવ્યા અને બે સમુદ્રો વચ્ચે પડદો બનાવ્યો, (જેમકે સૂરએ ફુરકાનમાં مَرَجَ الْبَحْرَيْنِ આવી ચૂકયું છે, આ

સાંભળીને હવે બતાવો કે) શું અલ્લાહની સાથે (ખુદાઈનો ભાગીદાર થવા પાત્ર) કોઈ અન્ય મઅ્બૂદ છે ? (પરંતુ મુશ્રિકો નથી માનતા) બલકે તેમનામાંથી ઘણા તો (સારી રીતે) સમજતા પણ નથી (સારું ! પછી આ વિશેષતાઓ સાંભળીને એ બતાવો કે આ મૂર્તિ બહેતર છે) અથવા તે જાત જે વિવશ વ્યક્તિની દુઆ સાંભળે છે જ્યારે તે તેને પોકારે છે અને (તેની) મુસીબતને દૂર કરી આપે છે અને તમને જમીનમાં વાપરનાર બનાવે છે (આ સાંભળીને એ બતાવો કે) શું અલ્લાહની સાથે (ઇબાદતના ભાગીદાર થવા પાત્ર) કોઈ અન્ય મઅ્બૂદ છે ? (પરંતુ) તમે લોકો ઘણું ઓછું યાદ રાખો છો, (વારુ ! પછી આ વિશેષતાઓ સાંભળીને એ બતાવો કે આ મૂર્તિ બહેતર છે) અથવા તે જાત જે તમને સૂક્કા અને દરિયાના અંધારાઓમાં માર્ગ સૂઝાડે છે અને જે હવાઓને વરસાદથી પહેલાં મોકલે છે જે (વરસાદની આશા અપાવીને) ખુશ કરી દે છે (આ સાંભળીને હવે બતાવો), શું અલ્લાહની સાથે (ઇબાદતના ભાગીદાર થવા પાત્ર) કોઈ અન્ય મઅ્બૂદ છે ? (કદાપિ નહીં!) બલકે, અલ્લાહ તઆલા તેમના ભાગીદારથી ઉચ્ચતર છે. (વારું, પછી બીજી વિશેષતાઓ અને ઉપકારો સાંભળીને બતાવો કે આ મૂર્તિઓ બહેતર છે) અથવા તે જાત જે મખ્લૂકોને પ્રથમ વખતે પેદા કરે છે, પછી તેને ફરીવાર સજીવન કરશે અને જે આસમાન અને જમીનથી (પાણી વરસાવીને અને વનસ્પતિ ઉગાડીને) તમને રોજી આપે છે (આ સાંભળીને હવે બતાવો કે) શું અલ્લાહની સાથે (ઇબાદતના ભાગીદાર થવા પાત્ર) કોઈ અન્ય મઅ્બૂદ છે ? (અને જો આ સાંભળીને પણ કહે કે હા ! કોઈ અન્ય મઅ્બૂદ પણ ઇબાદતના પાત્ર છે તો) તમે કહી આપો કે (વારુ !) તમે (તેમની ઇબાદતના અધિકારી હોવાની) પોતાની દલીલ રજુ કરો જો તમે (આ દા'વામાં) સાચા છો.

મસ્અલા અને બોધપાઠ :

اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ وَيَكْشِفُ السُّوْٓءَ માં اَلْمُضْطَرَّ (મુજતર) એ اِضْطِرَار (ઇજ્તિરાર)થી બને છે. કોઈ જરૂરતથી મજબૂર અને વિવશ થઈ જવાને ઇજ્તિરાર કહેવામાં આવે છે અને તે ત્યારે જ થાય છે જ્યારે તેનો કોઈ સહાયક અથવા મિત્ર કે સહારો ન હોય એટલા માટે મુજતર તે વ્યક્તિ છે જે બધા જ દુનિયાના આશરાઓથી નિરાશ અને હતાશ થઈને માત્ર અલ્લાહ તઆલાને જ ફરિયાદ સાંભળનાર સમજી તેના તરફ ધ્યાન આપે છે, મુજતરની આ તફસીર

સુદી, ઝુન્નૂન મિસ્રી, સહલ બિન અબ્દુલ્લાહ (રહ.) વગેરેથી નકલ થયેલ છે. (કુર્તુબી) રસૂલે કરીમ ﷺએ એવા વ્યક્તિ માટે આ શબ્દોમાં દુઆ કરવાનું માર્ગદર્શન આપ્યું છે,

اَللّٰهُمَّ رَحْمَتَكَ اَرْجُوْا فَلَا تَكِلْنِىْ اِلٰى طَرْفَةَ عَيْنٍ وَاَصْلِحْ لِىْ شَانِىْ كُلَّهٗ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ

"યા અલ્લાહ ! હું તારી રહમતનો ઉમ્મીદવાર છું એટલા માટે મને એક ક્ષણ માટે પણ મારા પોતાના નફ્સના હવાલે ન કર અને તું જ મારા સૌ કામોને ઠીક કરી આપ, તારા સિવાય કોઈ મઅ્બૂદ નથી." *(કુર્તુબી)*

મુજતર (વિવશ વ્યક્તિ)ની દુઆ નિખાલસતાની બીનાએ અવશ્ય કબૂલ થાય છે :

ઈમામ કુર્તુબીએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ મુજતરની દુઆ કબૂલ કરવાની જવાબદારી લઈ લીધી છે અને આ આયતમાં તેનું એ'લાન પણ કરી દીધું છે, જેનું મૂળ કારણ એ છે કે દુનિયાના બધા આશરાઓથી માયૂસ અને હતાશ થઈ તથા બધા જ ભૌતિક સંપર્કોથી કપાઈને માત્ર અલ્લાહ તઆલાને જ કાર્યસાધક સમજીને દુઆ કરવી ઈખ્લાસની મૂડી છે અને અલ્લાહ તઆલા સમીપ ઈખ્લાસનો ઘણો મોટો દરજ્જો છે, તે જે કોઈપણ બંદામાં જોવા મળે તે મો'મિન હોય અથવા કાફિર, મુત્તકી હોય અથવા ફાસિક-ફાજિલ તેની નિખાલસતાની બરકતથી તેના તરફ અલ્લાહની રહમત કેન્દ્રિત થઈ જાય છે, જેમકે અલ્લાહ તઆલાએ કાફિરોની પરિસ્થિતિનું વર્ણન કર્યું છે કે જ્યારે આ લોકો દરિયામાં હોય છે અને નાવ ચારે તરફથી મોજાંઓના લપેટામાં આવી જાય છે અને એ જાણે કે આંખોની સામે પોતાની મોતને ઊભેલું જોઈ લે છે તે સમયે આ લોકો સંપૂર્ણ નિખાલસતાની સાથે અલ્લાહ તઆલાને પોકારે છે કે જો અમને આ મુસીબતથી તું છુટકારો આપી દે તો અમે આભાર માનનારા થઈશું પરંતુ જ્યારે અલ્લાહ તઆલા તેમની દુઆનો સ્વીકાર કરીને તેમને જમીન ઉપર લઈ આવે છે તો તેઓ ફરી શિર્કમાં ઓતપ્રોત થઈ જાય છે, دَعَوُا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ (اِلٰى قَوْلِهٖ) فَلَمَّا نَجّٰهُمْ اِلَى الْبَرِّ اِذَا هُمْ يُشْرِكُوْنَ એક સહીહ હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે ત્રણ દુઆઓ અવશ્ય કબૂલ થાય છે જેમાં કોઈ શંકાની સંભાવના નથી. એક મજલૂમની દુઆ, બીજી મુસાફરની દુઆ, ત્રીજી બાપ જે પોતાની

અવલાદ માટે બદ્દુઆ કરે. કુર્તુબીએ આ હદીષને નકલ કરીને ફરમાવ્યું કે આ ત્રણે દુઆઓમાં પણ તે જ સ્વરૂપ છે જે મુજતરની દુઆ ઉપર લખવામાં આવી છે કે જ્યારે કોઈ મજલૂમ દુનિયાના સહારાઓ અને સહાયકોથી હતાશ થઈને અત્યાચારને દૂર કરવા માટે અલ્લાહને પોકારે છે તે પણ મુજતર જ હોય છે, એ જ પ્રમાણે મુસાફરીની હાલતમાં મુસાફર પોતાના મિત્રો, સગાં સંબંધીઓ તથા હમદર્દો અને સહાયકોથી અલગ અને નિઃસહાય હોય છે, એ જ પ્રમાણે બાપ અવલાદ માટે પોતાની લાગણી અને પિતા તરીકેની ભાવનાની બીના પર કદાપિ બદ્દુઆ નથી કરી શકતો એ સિવાય કે તેનું દિલ બિલકુલ તૂટી જાય અને પોતાને મુસીબતથી બચાવવા માટે અલ્લાહને પોકારે, હદીષના ઈમામ આજરી (રહ.)એ હઝરત અબૂઝર (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું કે, હક તઆલાનો એ ઈરશાદ છે કે હું મજલૂમની દુઆને ક્યારેય રદ કરીશ નહીં ભલે તે કોઈ કાફિરના મુખેથી હોય. (કુર્તુબી) જો કોઈ વિવશ થયેલ વ્યક્તિ (મુજતર) અથવા મજલૂમ (જેના ઉપર અત્યાચાર થયો છે) અથવા મુસાફર વગેરેને ક્યારેક એવી અનુભૂતિ થાય કે તેની દુઆ કબૂલ નથી થઈ તો ખોટું અનુમાન કરી હતાશ ન થાય બલકે અમુક સમયે દુઆ કબૂલ તો થઈ જાય છે પરંતુ કોઈ હિકમત અને રબ્બાની મસ્લિહતથી તેની જાહેરાત મોડેથી થાય છે અથવા પછી તે પોતાના નફ્સની ચકાસણી કરે કે તેણે ઈખ્લાસ અને અલ્લાહ તરફ સંપૂર્ણ ધ્યાનમાં ક્યાંક કમી કે ઉણપ તો નથી રાખી. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૬૫ થી ૭૫)

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ ۭ وَمَا يَشْعُرُوْنَ اَيَّانَ
يُبْعَثُوْنَ ﴿٦٥﴾ بَلِ ادّٰرَكَ عِلْمُهُمْ فِي الْاٰخِرَةِ ۣ بَلْ هُمْ فِيْ شَكٍّ مِّنْهَا ۣ بَلْ
هُمْ مِّنْهَا عَمُوْنَ ﴿٦٦﴾ وَقَالَ الَّذِيْنَ كَفَرُوْٓا ءَاِذَا كُنَّا تُرٰبًا وَّاٰبَاۗؤُنَآ اَىِٕنَّا
لَمُخْرَجُوْنَ ﴿٦٧﴾ لَقَدْ وُعِدْنَا هٰذَا نَحْنُ وَاٰبَاۗؤُنَا مِنْ قَبْلُ ۙ اِنْ هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ
الْاَوَّلِيْنَ ﴿٦٨﴾ قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُجْرِمِيْنَ ﴿٦٩﴾

وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَلَا تَكُنْ فِي ضَيْقٍ مِّمَّا يَمْكُرُونَ ۝٧٠ وَيَقُولُونَ مَتَىٰ هَٰذَا
الْوَعْدُ إِن كُنتُمْ صَادِقِينَ ۝٧١ قُلْ عَسَىٰ أَن يَكُونَ رَدِفَ لَكُم بَعْضُ الَّذِي
تَسْتَعْجِلُونَ ۝٧٢ وَإِنَّ رَبَّكَ لَذُو فَضْلٍ عَلَى النَّاسِ وَلَٰكِنَّ أَكْثَرَهُمْ لَا
يَشْكُرُونَ ۝٧٣ وَإِنَّ رَبَّكَ لَيَعْلَمُ مَا تُكِنُّ صُدُورُهُمْ وَمَا يُعْلِنُونَ ۝٧٤
وَمَا مِنْ غَائِبَةٍ فِي السَّمَاءِ وَالْأَرْضِ إِلَّا فِي كِتَابٍ مُّبِينٍ ۝٧٥

તરજુમો :

તમે કહો ! જે કોઈ આસમાનો અને જમીનમાં છે તે ગુપ્ત (ગયબની) વસ્તુની જાણકારી નથી ધરાવતો પરંતુ અલ્લાહ; અને તેમને ખબર નથી ક્યારે સજીવન કરવામાં આવશે. (૬૫) બલકે તેમનું જ્ઞાન (ફિલસૂફી) આખિરતના વિષયમાં થાકી હારી ગયું, બલકે તેમને તેમાં શંકા છે, બલકે તેઓ તેનાથી આંધળા છે. (૬૬) અને તે લોકો બોલ્યા જેઓ ઇન્કારી છે, શું જ્યારે અમે અને અમારા બાપદાદા માટી થઈ જઈએ, શું અમને જમીનથી કાઢશે ? (૬૭) ખરેખર અમને તેનો વાયદો પહોંચી ચૂક્યો છે અને અમારા બાપદાદાઓને પહેલેથી; કંઈ પણ નથી, આ (તો) આગલાઓની નકલો છે. (૬૮) તમે કહી આપો ! પ્રદેશમાં હરો ફરો તો જુઓ અપરાધીઓનો અંજામ શું થયો ? (૬૯) અને તેમના ઉપર ગમ ન કરો અને ન (જ) તેમના ષડયંત્રો રચવાથી ખફા (તંગ) થાઓ. (૭૦) અને કહે છે ક્યારે આ વાયદો (પૂર્ણ) થશે જો તમે સાચા છો !? (૭૧) તમે કહી આપો ! શું દૂર છે અમુક તે વસ્તુ જે તમારી પીઠ ઉપર પહોંચી ચૂકી હોય જેની ઉતાવળ કરી રહ્યા છો ? (૭૨) અને બેશક ! તમારો પરવરદિગાર તો લોકો ઉપર કૃપાવંત છે અને પરંતુ તેમનામાંના ઘણા લોકો આભાર માનતા નથી. (૭૩) અને બેશક તમારો પરવરદિગાર જાણે છે જે તેમના સીનાઓમાં છાનું રહ્યું છે અને જે કંઈ કે તેઓ જાહેર કરે છે. (૭૪) અને કોઈ વસ્તુ નથી જે ગાયબ હોય આસમાન અને જમીનમાં પરંતુ ઉપસ્થિત છે કિતાબે મુબીન (લવહે મહફૂઝ)માં. (૭૫)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

ઉપરોક્ત નુબુવ્વત પછી તવહીદનું વર્ણન થઈ ચૂક્યું, "મઆદ" એટલે કે કયામત અને આખિરતનું વર્ણન છે જેના તરફ તવહીદની દલીલોમાં આ નિવેદનથી ટૂંકમાં ઈશારો પણ થયો છે. ثُمَّ يُعِيدُهُ અને કારણ કે કાફિરો તેને જૂઠાડવાનું એક કારણ એ પણ ઠરાવતા હતા કે કયામતનો નિશ્ચિત સમય પૂછવા છતાં બતાવવામાં નથી આવતો, એનાથી જાણ થાય છે કે કયામત જેવી કોઈ વસ્તુ જ નથી, એટલે કે તેઓ કયામતનો નિશ્ચિત સમય નક્કી ન કરવાને તેનું અસ્તિત્વ જ ન હોવાની દલીલ બનાવતા હતા આથી આ વિષયને આ વાતથી શરૂ કર્યો કે અદૃષ્ય બાબતો (ગયૂબ)નું જ્ઞાન અલ્લાહ તઆલાની સાથે ખાસ છે, ફરમાવ્યું, قُلْ لَا يَعْلَمُ.... બસ, તેમની શંકાનો એ જવાબ થઈ ગયો કે કયામતના નિશ્ચિત સમયનું જ્ઞાન માત્ર અલ્લાહ તઆલાને છે અને તેની સાથે ખાસ છે, પછી તેમની શંકા અને ઈન્કારની ટીકા થઈ છે, بَلِ ادّٰرَكَ પછી તેમનું એક ઈન્કારયુક્ત નિવેદન નકલ થયું છે, وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا પછી આ ઈન્કાર ઉપર મર્યાદા બાંધી છે, قُلْ سِيْرُوْا પછી આ ઈન્કાર ઉપર રસૂલે કરીમ ﷺને સાંત્વના પાઠવવામાં આવી છે, وَلَا تَحْزَنْ પછી ત્યારબાદ આ મર્યાદા વિશે તેમના એક સંદેહનો જવાબ છે, ...وَيَقُوْلُوْنَ ત્યારબાદ મર્યાદાની તા'કીદ છે, ...وَاِنَّ رَبَّكَ لَيَعْلَمُ જેમકે નીચે તફસીરથી જાહેર થશે.

તફસીર :

(આ લોકો જેઓ કયામતનો સમય ન બતાવવાને તેના અસ્તિત્વમાં જ ન આવવાની દલીલો બનાવે છે તેના જવાબમાં હે નબી ﷺ !) તમે કહી આપો કે (આ દલીલ ખોટી છે કારણ કે તેનાથી વધારેમાં વધારે એટલું જરૂરી ઠરે છે કે મને અને તમને તેના નિશ્ચિત સમયનું જ્ઞાન નથી, બસ તેમાં તેની શું વિશેષતા છે ? ગયૂબની બાબતે તો આ ઠોસ નિયમ છે કે) જેટલી મખ્લૂકો આસમાનો અને જમીન (એટલે કે વિશ્વ)માં મોજૂદ છે (તેમનામાંથી) કોઈપણ ગયૂબની વાત જાણતું નથી અલ્લાહ તઆલાના સિવાય અને (આ જ કારણથી) તેઓને (એટલે કે મખ્લૂકોને) એ ખબર (પણ) નથી કે તેઓને ક્યારે ફરીવાર સજીવન કરવામાં આવશે (એટલે કે અલ્લાહ તઆલાને તો જણાવ્યા વિના બધી જ ખબર છે અને

કોઈને જણાવ્યા વિના કંઈ પણ ખબર નથી પરંતુ જોવા મળે છે કે ઘણી બધી બાબતો જેનું પ્રથમથી જ્ઞાન નથી હોતું તે અસ્તિત્વમાં આવે છે, તેનાથી જાણ થઈ કે કોઈ વસ્તુની જાણકારી ન હોવાથી એ જરૂરી નથી બનતું કે તે વસ્તુ ઉપસ્થિત જ ન હોય બલકે વાત એમ છે કે અલ્લાહ તઆલાએ પોતાની હિકમતથી અમુક જ્ઞાન ઉપર ગયૂબનો પડદો રાખવાનું મંજૂર કર્યું છે, કયામતનો સમય નિશ્ચિત કરવો પણ આ જ બાબતોમાંથી છે એટલા માટે મખ્લૂકને તેની જાણકારી નથી આપવામાં આવી પરંતુ તેનાથી તે અસ્તિત્વમાં જ નથી એવું કઈ રીતે જરૂરી બને અને આ નિશ્ચિત સમયનું જ્ઞાન ન હોવું તો બધામાં સમાન છે પરંતુ આ કાફિર ઈન્કારીઓ માત્ર એટલું જ નહીં કે તેઓ કયામતને નથી માનતા) બલકે, (તેનાથી વધીને એ વાત છે કે) આખિરત વિશે (પોતે) તેમનું (પોતાનું) જ્ઞાન નષ્ટ થઈ ગયું (એટલે કે પોતે તેના અસ્તિત્વનું જ જ્ઞાન નથી જે નિશ્ચિત સમયની જાણકારી ન હોવા છતાં વધારે કઠણ છે) બલકે, (તેનાથી વધીને એ છે કે) આ લોકો તે(ના અસ્તિત્વમાં આવવા)થી શંકામાં છે બલકે (તેનાથી વધીને એ છે કે) આ તેનાથી આંધળા બન્યા છે (એટલે કે જે રીતે આંધળાને માર્ગ દેખાતો નથી એટલા માટે ઈચ્છિત મંઝિલ સુધી પહોંચવું દૂર હોય છે એ જ પ્રમાણે આખિરતનું સમર્થન કરવાનો જે સ્ત્રોત છે એટલે કે સાચી દલીલો તો આ લોકો અંતિમ કક્ષાની દુશ્મનાવટના કારણે આ દલીલોમાં ચિંતન કે મનન કરતા જ નથી એટલા માટે તે દલીલો તેમને દેખાતી નથી જેનાથી ઈચ્છિત મંઝિલ સુધી પહોંચવાની આશા હોત, બસ આ શંકાથી પણ વધીને છે, કારણ કે શંકાશીલ વ્યક્તિ અમુક સમયે દલીલોમાં દષ્ટિપાત કરીને પોતાની શંકા દૂર કરી લેતો હોય છે પરંતુ આ તો એક દષ્ટિપાત પણ કરતા નથી) અને (આ કાફિરોની ટીકા પછી આગળ તેમના એક ઈન્કારયુક્ત નિવેદનને નકલ કરવામાં આવ્યું છે કે) આ કાફિર એવું કહે છે કે શું અમે લોકો જ્યારે (મૃત્યુ પામી) માટી થઈ જઈશું અને (એ જ પ્રમાણે) અમારા વડવાઓ પણ તો શું (પછી) અમે (સજીવન કરીને કબરોમાંથી) કાઢવામાં આવીશું ? તેનો તો અમારાથી અને અમારા વડવાઓથી (મુહમ્મદ ﷺથી) પહેલાં વાયદો થતો ચાલ્યો આવે છે (કારણ કે બધા જ અંબિયા અલૈ.નું આ પ્રખ્યાત નિવેદન છે પરંતુ ન તો આજ સુધી એવું બન્યું છે અને ન જ કોઈએ એવું બતાવ્યું કે ક્યારે તે કયામત અસ્તિત્વમાં આવશે ? તેનાથી જાણ થાય છે કે) આ

પ્રમાણ વિનાની વાતો છે જે આગલાઓથી નકલ થતી ચાલી આવી છે, તમે કહી આપો કે (જ્યારે તેની સંભાવના ઉપર તાર્કિક દલીલો અને તેના અસ્તિત્વના આવવા ઉપર વર્ણન થયેલ દલીલો વિવિધ સ્થળે વારંવાર તમને સંભળાવવામાં આવે છે તો તમારે તેને જૂઠાડવાથી પાછા વળવું જોઈએ નહિતર જે અન્ય જૂઠાડનારાઓની હાલત થઈ છે કે તેઓ અઝાબમાં પકડી લેવામાં આવ્યા તે જ તમારો હાલ થશે, જો તેમની હાલતમાં કોઈ સંદેહ હોય તો) તમે જમીનમાં હરીફરીને જુઓ કે અપરાધીઓનો અંજામ શું થયો ? (કારણ કે તેમના નાશ થવાના અને અઝાબ આવવાના નિશાનો તે સમય સુધી બાકી હતા) અને (જો આ ઉચ્ચ કક્ષાની શિખામણ પછી પણ વિરોધ ઉપર કમર બાંધી છે તો) તમે તેમના ઉપર ગમ ન કરો અને જે કંઈ આ શરારતો કરી રહ્યા છે તેનાથી સંકુચિત ન થાઓ (કે અન્ય અંબિયા અલૈ.ની સાથે પણ આવો જ વ્યવહાર થયો છે) અને (قُلْ سِيْرُوْا...) માં અને તેના ઉદાહરણો બીજી આયતોમાં જે તેમને અઝાબની ધમકીઓ સંભળાવવામાં આવે છે તો કારણ કે દિલમાં સમર્થન નથી એટલા માટે) આ લોકો (લાપરવાહીથી) એવું કહે છે કે આ (અઝાબ અને ક્રોધનો) વાયદો ક્યારે થશે જો તમે સાચા છો (તો બતાવી આપો) ? તમે કહી આપો કે આશ્ચર્ય નથી કે જે અઝાબની તમે ઉતાવળ મચાવી રહ્યા છો તેમાંથી અમુક તમારી નિકટ જ આવી ગયો હોય અને (અત્યાર સુધી જે મોડું થઈ રહ્યું છે તો એ કારણે છે કે) તમારો પરવરદિગાર લોકો ઉપર (પોતાની) મોટી કૃપા રાખે છે (આ જાહેર દયા અને કૃપાના કારણે તેમને મહોલત આપી રાખી છે) અને પરંતુ ઘણા બધા લોકો (આ વાત ઉપર) પાડ માનતા નથી (કે મોડું થવાને ગનીમત જાણે અને આ મહોલતમાં સત્યની ઈચ્છા કરે અને તેનો સ્વીકાર કરી લે કે જેથી અઝાબથી કાયમી છુટકારો પ્રાપ્ત થાય, બલકે તેનાથી વિપરીત તેઓ ઈન્કાર અને ઠઠ્ઠા મશ્કરી સ્વરૂપે ઉતાવળ કરી રહ્યા છે) અને (આ મોડું કારણ કે મસ્લિહતના લીધે છે એટલા માટે એવું ન સમજો કે આ પ્રવૃત્તિઓની ક્યારેય સજા મળશે નહીં કારણ કે) તમારા પરવરદિગારને બધી જ ખબર છે જે કંઈ તેમના દિલોમાં ગુપ્ત છે અને જેને તેઓ જાહેર કરે છે અને (આ માત્ર અલ્લાહ તઆલાના જ્ઞાનમાં જ નહીં બલકે સુરક્ષિત સ્પષ્ટ કિતાબ—લવ્હે મહફૂઝમાં લખેલું છે જેમાં કંઈ તેમની જ પ્રવૃત્તિઓની વિશિષ્ટતા નથી બલકે) આસમાન અને જમીનમાં એવી કોઈ વસ્તુ

ગુપ્ત નથી જે લવહે મહફૂઝ (સુરક્ષિત સ્પષ્ટ પુસ્તક)માં ઉપસ્થિત ન હોય (અને અલ્લાહના ત્યાં આ લવહે મહફૂઝ છે અને જ્યારે ગુપ્ત વસ્તુઓ કે જેને કોઈ નથી જાણતું તેમાં મોજૂદ છે તો જાહેર વસ્તુઓ તો અગ્રસ્થાને મોજૂદ છે, મતલબ કે તેમના અમલોની અલ્લાહ તઆલાને ખબર છે અને આકાશી દફતરમાં પણ સુરક્ષિત છે અને આ અમલો પોતે સજાના હકદાર પણ છે અને સજા બાબતે બધા અંબિયા અલૈ.ને આપેલી સત્ય ખબરો પણ સહમત છે, પછી એવું સમજવાની ક્યાંથી સંભાવના છે કે સજા થશે જ નહીં ? અલબત્ત મોડું થવું શક્ય છે એટલા માટે અમુક સજાઓ આ મુન્કિરોને દુનિયામાં પણ થઈ જેમકે દુષ્કાળ, ખૂનામરકી અને કેદ વગેરે અને અમુક કબર અને બરઝખમાં થશે જે કંઈ દૂર નથી અને અમુક આખિરતમાં થશે).

મસ્અલા અને બોધપાઠ :

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ રસૂલુલ્લાહ ﷺને હુકમ આપવામાં આવે છે કે તમે લોકોને બતાવી આપો કે જેટલી મખ્લૂક આસમાનોમાં છે જેમકે ફરિશ્તાઓ અને જેટલી મખ્લૂક જમીનમાં છે, જેમકે માનવો અને જિન્નાતો વગેરે તેમાંથી કોઈ પણ ગયૂબ (અદષ્ય બાબતો)ને જાણતું નથી સિવાય કે અલ્લાહ તઆલા. પ્રસ્તુત આયતે સંપૂર્ણ સ્પષ્ટતા અને ખુલાસા સાથે એ બતાવી દીધું છે કે ગયૂબનું ઇલ્મ અલ્લાહ તઆલાની વિશિષ્ટ સિફત છે જેમાં કોઈ ફરિશ્તો અથવા નબી અથવા રસૂલ પણ સામેલ નથી થઈ શકતો. આ મસ્અલાની જરૂરી વિગત સૂરએ અન્આમની આયત નં. ૫૯ હેઠળ આવી ચૂકી છે. તે ઉપરાંત આ વિષય ઉપર મુજ નાચીઝની એક આગવી કિતાબ "કશ્ફુર્રયૂબ અન ઇલ્મુલ ગયૂબ અહકામુલ કુર્આન" (અરબી ભાષામાં) પ્રકાશિત થઈ ચૂકી છે, જ્ઞાન ધરાવનાર લોકો તેનાથી લાભ પ્રાપ્ત કરી શકે છે.

بَلِ ادّٰرَكَ عِلْمُهُمْ فِي الْاٰخِرَةِ قف بَلْ هُمْ فِيْ شَكٍّ مِّنْهَا قف بَلْ هُمْ مِّنْهَا عَمُوْنَ માં શબ્દ اِدّٰرَكَ (અદારક)માં કિરાઅતો વિવિધ પ્રકારની છે અને તેના અર્થમાં પણ ઘણા બધા નિવેદનો નોંધાયા છે, વિદ્વાનો તેની વિગત તફસીરોમાં જોઈ શકે છે. અત્રે માત્ર એટલું સમજી લેવું પૂરતું છે કે "અદારક"નો અર્થ અમુક તફસીરકારોએ "સંપૂર્ણ હોવું"નો કર્યો છે અને فِي الْاٰخِرَةِ (ફિલ આખિરતિ)નો

اَدَّارَكَ (અદારક)થી સંબંધ જોડીને ભાવાર્થ એ ઠરાવ્યો છે કે આખિરતમાં તેમનું જ્ઞાન એ બાબતે સંપૂર્ણ થઈ જશે કે તે સમયે દરેક વસ્તુની હકીકત ખુલીને સામે આવી જશે પરંતુ તે સમયે જ્ઞાન થવું તેમને કંઈ પણ કામ લાગશે નહીં કારણ કે દુનિયામાં તેઓ આખિરતને જૂઠાડતા રહ્યા હતા અને અમુક તફસીરકારોએ શબ્દ "અદારક"નો અર્થ ضَلَّ وَغَابَ માટે અને فِى الْآخِرَةِ નો عِلْمُهُمْ સાથે સંબંધ જોડયો કે આખિરતની બાબતમાં તેમનું જ્ઞાન ગાયબ થઈ ગયું અને તેઓ તેને સમજી ન શક્યા.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૭૬ થી ૭૯)

اِنَّ هٰذَا الْقُرْاٰنَ يَقُصُّ عَلٰى بَنِىْٓ اِسْرَآءِيْلَ اَكْثَرَ الَّذِىْ هُمْ فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿٧٦﴾ وَاِنَّهٗ لَهُدًى وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ﴿٧٧﴾ اِنَّ رَبَّكَ يَقْضِىْ بَيْنَهُمْ بِحُكْمِهٖ ۚ وَهُوَ الْعَزِيْزُ الْعَلِيْمُ ﴿٧٨﴾ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۭ اِنَّكَ عَلَى الْحَقِّ الْمُبِيْنِ ﴿٧٩﴾

તરજુમો :

નિ:શંક આ કુર્આન બની ઈસ્રાઈલને ઘણી વસ્તુઓ સંભળાવે છે જેમાં તેઓ વિવાદ કરી રહ્યા છે. (૭૬) અને બેશક તે ઈમાનવાળાઓ માટે હિદાયત છે અને રહમત છે. (૭૭) નિ:શંક તમારો પરવરદિગાર તેમનામાં ફેંસલો કરી આપશે પોતાની સત્તાથી અને તે જ છે જબરદસ્ત સઘળું જાણનારો. (૭૮) બસ તમે અલ્લાહ ઉપર ભરોસો કરો, બેશક તમે જ સાચા ખુલ્લા માર્ગ ઉપર છો. (૭૯)

તફસીર :

બેશક ! આ કુર્આન બની ઈસ્રાઈલ ઉપર ઘણી બધી તે વાતો(ની હકીકત)ને જાહેર કરે છે જેમાં તેઓ મતભેદ કરે છે અને તે ઈમાનદારો માટે (ખાસ) હિદાયત અને (ખાસ) રહમત છે. (હિદાયત આજ્ઞાપાલન અને અમલોના આધારે છે અને રહમત તેના લાભો અને પરિણામોના આધારે છે) ખરેખર તમારો પરવરદિગાર તેમની વચ્ચે પોતાના હુકમથી (તે અમલી) ફેંસલો

(કયામતના દિવસે) કરશે (તે સમયે જાણ થઈ જશે કે સત્ય દીન શું હતો અને બાતિલ શું હતો; માટે આવા લોકો ઉપર શા માટે અફસોસ કરવામાં આવે) અને તે મહાબળવાન સઘળું જાણનાર છે (તેની ઈચ્છા વિના કોઈ કોઈને નુકસાન પહોંચાડી નથી શકતું) તો તમે અલ્લાહ ઉપર ભરોસો રાખો (અલ્લાહ તઆલાની મદદ અવશ્ય થશે કારણ કે) તમે ખુલ્લા સત્ય ઉપર છો.

મસ્અલા અને બોધપાઠ :

આગલી આયતોમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતને વિવિધ ઉદાહરણો દ્વારા સાબિત કરીને એ વાત નિશ્ચિત કરી આપી છે કે કયામતનું આવવું અને તેમાં મૃત્યુ પામેલાઓનું ફરીવાર સજીવન થવું બૌદ્ધિક રીતે પણ શક્ય છે તેમાં કોઈ સંદેહ નથી, બૌદ્ધિક સંભાવનાની સાથે સાથે તેનું અવશ્ય અસ્તિત્વમાં આવવું એ અંબિયા (અલૈ.) અને આસમાની કિતાબોના વર્ણન ઉપરથી પણ સાબિત છે અને કોઈ ખબરનું સાચું અને સાબિત થવું એ બાબત ઉપર અવલંબિત છે કે તેનો વર્ણન કરનાર તથા રિવાયત કરનાર સાચો અને સત્યવાદી હોય. એટલા માટે આ આયતમાં એ વર્ણન કર્યું છે કે તેની ખબર આપનાર કુર્આને કરીમ છે અને તેની ખબર આપનારનું સાચું હોવું ઈન્કાર ન કરી શકવાપાત્ર છે એટલે સુધી કે બની ઈસ્રાઈલના વિદ્વાનો જે મસ્અલાઓમાં પરસ્પર સખત વિવાદ ધરાવતા હતા અને હલ ન થતા હતા કુર્આને કરીમે તે મસ્અલાઓમાં હુકમ આપીને સાચા ફૈસલાનું માર્ગદર્શન આપ્યું છે અને એ દેખીતું છે કે વિદ્વાનોના મતભેદોમાં સત્તા અને ફૈસલો કરનારનું તે બધા વિદ્વાનોથી વધારે જાણકાર અને ઉચ્ચ હોવું જરૂરી છે એટલા માટે કુર્આનની ખબર સત્ય હોવી સ્પષ્ટ થઈ ગયું. ત્યારબાદ રસૂલે કરીમ ﷺની સાંત્વના માટે ઈરશાદ ફરમાવવામાં આવ્યો કે, તમે તે વિરોધીઓથી સંકુચિત ન થાઓ અલ્લાહ તઆલા પોતે તમારો ફૈસલો કરનાર છે, તમે અલ્લાહ ઉપર ભરોસો રાખો કારણ કે અલ્લાહ તઆલાની મદદ અને સહાયતા સત્યની સાથે છે અને તમારું સત્ય તરીકા ઉપર હોવું નિશ્ચિત છે.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૮૦-૮૧)

إِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتَىٰ وَلَا تُسْمِعُ الصُّمَّ الدُّعَاءَ إِذَا وَلَّوْا مُدْبِرِينَ ﴿٨٠﴾ وَمَا أَنتَ بِهَادِي
الْعُمْيِ عَن ضَلَالَتِهِمْ ۖ إِن تُسْمِعُ إِلَّا مَن يُؤْمِنُ بِآيَاتِنَا فَهُم مُّسْلِمُونَ ﴿٨١﴾

તરજુમો :

અલબત્ત તમે મુરદાઓને નથી સંભળાવી શકતા અને નથી સંભળાવી શકતા બહેરાઓને પોતાની પોકાર જ્યારે તેઓ પીઠ ફેરવીને પાછા ફરે. (૮૦) અને ન જ તમે આંધળાઓને બતાવી શકો જ્યારે માર્ગથી ભટકે, તમે તો તેને સંભળાવો છો જેઓ અમારી વાતો ઉપર ઈમાન રાખતા હોય, બસ તેઓ આજ્ઞાપાલક (મુસ્લિમ) છે. (૮૧)

તફસીર :

(હે નબી ﷺ !) તમે મુરદાઓને નથી સંભળાવી શકતા અને ન જ બહેરાઓને પોતાનો અવાજ સંભળાવી શકો છો (ખાસ કરીને) જ્યારે કે તેઓ પીઠ ફેરવીને ચાલી પડે અને ન જ તમે આંધળાઓને તેમની ગુમરાહીથી (બચાવીને) માર્ગ બતાવનાર છો, તમે તો માત્ર તેમને જ સંભળાવી શકો છો જેઓ અમારી આયતોનું યકીન ધરાવે છે (અને) ફરી તેઓ માને (પણ) છે.

મસ્અલા અને બોધપાઠ :

આપણા રસૂલે કરીમ ﷺ બધા જ મનુષ્યો સાથે જે લાગણી અને હમદર્દીની ભાવના ધરાવતા હતા તેનો તકાદો હતો કે સૌને અલ્લાહનો પયગામ (સંદેશ) સંભળાવીને જહન્નમથી બચાવી લે. લોકો જે આ સંદેશનો સ્વીકાર કરતા ન હતા તેનાથી રસૂલે કરીમ ﷺને સખત આઘાત લાગતો હતો અને રસૂલે કરીમ ﷺ એવા દિલગીર થતા હતા જેમકે કોઈનું સંતાન તેના કહેવા છતાં આગમાં કૂદી રહ્યું હોય એટલા માટે કુર્આને કરીમે અનેક ઠેકાણે રસૂલે કરીમ ﷺને સાંત્વના આપવા માટે વિવિધ વિષયો અપનાવ્યા છે. પાછલી આયતોમાં وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَلَا تَكُن فِي ضَيْقٍ આ જ ક્રમનો એક વિષય હતો. પ્રસ્તુત આયતમાં પણ સાંત્વનાનો વિષય બીજી શૈલીથી વર્ણન કરવામાં આવ્યો છે કે તમારું કામ સત્ય

સંદેશ પહોંચાડી દેવાનું છે અને તે તમે પૂરું કરી ચૂક્યા છો, જે લોકોએ તેનો સ્વીકાર નથી કર્યો તેમાં તમારો કોઈ વાંક કે ઉણપ નથી જેના ઉપર તમે ગમ કરો, બલકે તે પોતાની સ્વીકાર કરવાની ક્ષમતા જ ખોઈ ચૂક્યા છે, તેમની ખોવાયેલી ક્ષમતાને આ આયતમાં કુર્આને કરીમે ત્રણ ઉદાહરણોથી સાબિત કર્યું છે. પ્રથમ એ કે આ લોકો સત્ય સ્વીકારવાની બાબતમાં બિલકુલ મૃત લાશ જેવા છે જે કોઈની વાત સાંભળીને કોઈ લાભ નથી ઉઠાવી શકતા, બીજું એ કે તેમનું ઉદાહરણ તે બહેરા વ્યક્તિ જેવું છે જે બહેરો હોવાની સાથે સાથે વાત સાંભળવા પણ નથી ઈચ્છતો, જ્યારે કોઈ સંભળાવવા ઈચ્છે છે તો તે પીઠ ફેરવીને ભાગે છે. ત્રીજું એ કે તેમનું ઉદાહરણ તે આંધળા જેવું છે કે કોઈ તેને માર્ગ બતાવવા પણ ઈચ્છે તો તે જોઈ નથી શકતો. આ ત્રણ દૃષ્ટાંતોનું વર્ણન કર્યા પછી અંતે ફરમાવ્યું,

اِنْ تُسْمِعُ اِلَّا مَنْ يُّؤْمِنُ بِاٰيٰتِنَا فَهُمْ مُّسْلِمُوْنَ એટલે તમે તો માત્ર એવા જ લોકોને સંભળાવી શકો છો જેઓ અલ્લાહની આયતો ઉપર ઈમાન લાવ્યા અને આજ્ઞાપાલન કબૂલ કર્યું. આ સંપૂર્ણ વિષયમાં એ વાત બિલકુલ સ્પષ્ટ છે કે આ સ્થળે સાંભળવા-સંભળાવવાનો ભાવાર્થ માત્ર કાનોમાં અવાજ પહોંચવો નથી, બલકે તેનો ભાવાર્થ તે સાંભળવું અને સંભળાવવું છે જે લાભ પહોંચાડે, જે સાંભળવામાં લાભ ન હોય તેને કુર્આને કરીમે હેતુના આધારે ન સાંભળવાથી જ ઓળખાવ્યું છે જેમકે આયતના અંતે એ ફરમાવ્યું કે "તમે તો માત્ર તે લોકોને જ સંભળાવી શકો છો જેઓ ઈમાન લાવ્યા." જો તેમાં સંભળાવવાથી ભાવાર્થ તેમના કાનો સુધી અવાજ પહોંચાડવાનો હોત તો કુર્આનનો આ ઈરશાદ સાક્ષાત્કાર વિરુદ્ધ અને વાસ્તવિકતાથી વિપરીત થઈ ગયો હોત, કારણ કે કાફિરોના કાનો સુધી અવાજ પહોંચાડવા અને તેમને સાંભળવા તથા જવાબ દેવાની અસંખ્ય ગવાહીઓમાં કોઈપણ સંદેહ નથી, કોઈ તેનો ઈન્કાર કરી શકતું નથી. એનાથી સ્પષ્ટ થયું કે સંભળાવવાથી ભાવાર્થ લાભદાયક સંભળાવવું છે, તેને મૃત લાશની ઉપમા આપીને જે આ ફરમાવવામાં આવ્યું કે, "તમે મુરદાઓને સંભળાવી શકતા નથી." તેનો ભાવાર્થ પણ એ થયો કે જે રીતે મૃત વ્યક્તિ કોઈ સત્ય વાત સાંભળી પણ લે અને તે વખતે તે સત્યનો સ્વીકાર કરવા પણ ઈચ્છે તો એ તેના માટે લાભદાયક નથી કારણ કે તે દુનિયાના કર્મો કરવાના ઘરેથી સિધાવી ચૂક્યો છે જ્યાં ઈમાન અને અમલ નફો આપી શકતું હતું. મૃત્યુ પછી બરઝખ અથવા

મહશરમાં તો બધા જ કાફિરો અને મુન્કિરો ઈમાન અને નેક કર્મોની તમન્નાઓ કરશે પરંતુ તે પરિસ્થિતિ ઈમાન અને કર્મ સ્વીકાર થવાનો સમય નથી, એટલા માટે આ આયતથી એ વાત સાબિત નથી થતી કે મુરદાઓ કોઈ વાતચીત કોઈની સાંભળી જ નથી શકતા એટલા માટે મૃત વ્યક્તિના સાંભળવાના મસ્અલા વિશે આ આયત હકીકતમાં મૌન છે. એ મસ્અલો પોતાની જગ્યાએ વિચારપાત્ર છે કે મૃત વ્યક્તિ કોઈની વાતચીત સાંભળી શકે છે અથવા નહીં ?

મુરદાઓના સાંભળવાનો મસ્અલો :

એ મસ્અલો કે મુરદાઓ કોઈ વાતચીત સાંભળી શકે છે કે નહીં તે એ મસ્અલાઓમાંથી છે જેમાં પોતે સહાબએ કિરામ (રદિ.)માં પરસ્પર મતભેદ રહ્યો છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) મૃત વ્યક્તિના સાંભળવાને સાબિત થયેલ ઠરાવે છે અને હઝરત ઉમ્મુલ મુઅ્મિનિન હઝરત આયશા સિદ્દીકા (રદિ.) તેનો ઈન્કાર કરે છે, એટલા માટે બીજા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)માં પણ બે પક્ષો થઈ ગયા. અમુક સાબિતીની માન્યતા ધરાવે છે અને અમુક નકાર કરે છે અને કુર્આને કરીમમાં આ વિષય એક તો આ જ સ્થળે સૂરએ નમ્લમાં આવ્યો છે અને બીજું સૂરએ રૂમમાં લગભગ આ જ શબ્દો સાથે બીજી આયત આવી છે અને સૂરએ ફાતિરમાં આ વિષય આ શબ્દોથી આવ્યો છે. وَمَآ اَنۡتَ بِمُسۡمِعٍ مَّنۡ فِى الۡقُبُوۡرِ એટલે કે, તમે તે લોકોને સંભળાવી નથી શકતા જેઓ કબરોમાં છે.

આ ત્રણે આયતોમાં એ વાત ધ્યાનપાત્ર છે કે તેમાંથી કોઈનામાં પણ એવું નથી કહેવામાં આવ્યું કે મુરદાઓ સાંભળી નથી શકતા, બલકે ત્રણે આયતોમાં નકાર એ બાબતનો કરવામાં આવ્યો છે કે તમે સંભળાવી નથી શકતા, ત્રણે આયતોમાં આ જ શૈલી અને વિષયને અપનાવવાથી એ બાજુ સ્પષ્ટ ઈશારો નીકળે છે કે મુરદાઓમાં સાંભળવાની ક્ષમતા તો હોઈ શકે છે પરંતુ આપણે પોતાના અધિકારથી પોતે તેમને સંભળાવી નથી શકતા.

આ ત્રણે આયતોના મુકાબલામાં એક ચોથી આયત જે શહીદો વિશે આવી છે તે આ સાબિત કરે છે કે શહીદોને પોતાની કબરોમાં એક ખાસ પ્રકારનું જીવન અર્પણ થતું હોય છે અને તે જિંદગી પ્રમાણે તેમને રોજી પણ મળે છે અને પોતાના

ચિંતાતૂર સંબંધીઓ વિશે પણ અલ્લાહ તરફથી તેને બશારત સંભળાવવામાં આવે છે. આયત આ પ્રમાણે છે, وَلَا تَحۡسَبَنَّ الَّذِيۡنَ قُتِلُوۡا فِىۡ سَبِيۡلِ اللّٰهِ اَمۡوَاتًا بَلۡ اَحۡيَآءٌ عِنۡدَ رَبِّهِمۡ يُرۡزَقُوۡنَ فَرِحِيۡنَ بِمَآ اٰتٰهُمُ اللّٰهُ مِنۡ فَضۡلِهٖ وَيَسۡتَبۡشِرُوۡنَ بِالَّذِيۡنَ لَمۡ يَلۡحَقُوۡا بِهِمۡ مِّنۡ خَلۡفِهِمۡ اَلَّا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ આ આયત એની દલીલ છે કે મૃત્યુ પછી પણ મનુષ્યની રૂહમાં સભાનતા અને ઓળખશક્તિ બાકી રહી શકે છે. બલકે, શહીદોના મા'મલામાં એવું બનવાની ગવાહી પણ આ આયત આપી રહી છે. રહ્યો એ મા'મલો કે આ હુકમ તો શહીદોની સાથે ખાસ છે બીજા મૃત્યુ સાથે નથી, બસ તેનો જવાબ એ છે કે આ આયતથી ઓછામાં ઓછું એટલું તો સાબિત થઈ ગયું કે મૃત્યુ પછી પણ મનુષ્યની રૂહમાં સભાનતા, પરિચય પામવો તથા તેનો દુનિયા સાથેનો સંપર્ક બાકી રહી શકે છે, જે રીતે અલ્લાહ તઆલાએ શહીદોને આ રીતે સન્માન બખ્શ્યું છે કે તેમની રૂહો તેમના શરીર અને કબરોની સાથે કાયમ રહે છે. એ જ પ્રમાણે જ્યારે અલ્લાહ તઆલા ઈચ્છે તો અન્ય મૃત્યુમાં પણ આ પરિસ્થિતિ આપી શકે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) જે મૃત્યુ પામેલાઓના સાંભળવાના સમર્થક છે તેમનું આ નિવેદન પણ એક સહીહ હદીષની બીનાએ છે જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની સહીહ સનદો સાથે નકલ થયેલ છે તે આ પ્રમાણે છે,

مَامِنۡ اَحَدٍ يَمُرُّ بِقَبۡرِ اَخِيۡهِ الۡمُسۡلِمِ كَانَ يَعۡرِفُهٗ فِى الدُّنۡيَا فَيُسَلِّمُ عَلَيۡهِ اِلَّا رَدَّ اللّٰهُ عَلَيۡهِ

رُوۡحَهٗ حَتّٰى يَرُدَّ عَلَيۡهِ السَّلَامَ (ذَكَرَهُ ابۡنُ كَثِيۡرٍ فِىۡ تَفۡسِيۡرِهٖ مُصَحِّحًا عَنِ ابۡنِ عُمَرَ)

"જે વ્યક્તિ પોતાના કોઈ મુસલમાન ભાઈની કબર ઉપર પસાર થાય છે જેને તે દુનિયામાં ઓળખતો હતો અને તે તેને સલામ કરે તો અલ્લાહ તઆલા તે મુરદાની રૂહ તેમાં પાછી મોકલી આપે છે જેથી તે સલામનો જવાબ આપે."

આથી એ પણ સાબિત થયું કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાના મૃત મુસલમાન ભાઈની કબર ઉપર જઈને સલામ કરે છે તો તે મૃત વ્યક્તિ તેના સલામને સાંભળે છે અને જવાબ આપે છે અને તેનું સ્વરૂપ એ હોય છે કે અલ્લાહ તઆલા તે સમયે તેની રૂહ આ દુનિયામાં પાછી મોકલી આપે છે. એનાથી બે વાતો સાબિત થઈ. પ્રથમ એ કે મુરદુ સાંભળી શકે છે, બીજું એ કે તેમનું સાંભળવું અને આપણું

સંભળાવવું બંને આપણા અધિકારમાં નથી, અલબત્ત અલ્લાહ તઆલા જ્યારે ઈચ્છે સંભળાવી આપે, જ્યારે ન ઈચ્છે ન સંભળાવે. મુસલમાનના સલામ કરવાના સમયે તો આ હદીષે બતાવી આપ્યું કે અલ્લાહ તઆલા મુરદાની રૂહ પાછી મોકલીને તેને સલામ સંભળાવી આપે છે અને તેને સલામનો જવાબ આપવાની પણ શક્તિ આપે છે, બાકી પરિસ્થિતિઓ અને વાતચીત વિશે કોઈ નિશ્ચિત ફેંસલો નથી થઈ શકતો કે મુરદુ સાંભળશે અથવા નહીં એટલા માટે ઈમામ ગઝાલી અને અલ્લામહ સુબકી (રહ.) વગેરેની તહકીક એ છે કે એટલી વાત તો સહીહ હદીષો અને કુર્આનની પ્રસ્તુત આયતોથી સાબિત છે કે અમુક સમયોમાં મુરદાઓ જીવતાઓની વાતચીત સાંભળે છે પરંતુ એ સાબિત નથી કે દરેક મુરદુ આ પરિસ્થિતિમાં દરેક વ્યક્તિની વાતચીત અવશ્ય સાંભળે છે, આ પ્રમાણે આયતો અને રિવાયતોનો સુમેળ પણ સધાઈ જાય છે, બની શકે છે કે મુરદુ એક સમયમાં જીવતાઓની વાતચીત સાંભળી શકે અને બીજા સમયે ન સાંભળી શકે. એ પણ શક્ય છે કે અમુકની વાતચીત સાંભળે અને અમુકની વાતચીત ન સાંભળે અથવા અમુક મુરદાઓ સાંભળે, અમુક મુરદાઓ ન સાંભળે. કારણ કે સૂરએ નમ્લ, સૂરએ રૂમ, સૂરએ ફાતિરની આયતોથી પણ એ સાબિત છે કે મુરદાઓને સંભળાવવું આપણા અધિકારમાં નથી બલકે અલ્લાહ તઆલા જેને ઈચ્છે છે સંભળાવી આપે છે, એટલા માટે જે પરિસ્થિતિઓમાં હદીષમાં સહીહ રિવાયતોથી સાંભળવું સાબિત છે ત્યાં સાંભળવાનો અકીદહ રાખવો જોઈએ અને જ્યાં સાબિત નથી ત્યાં બંને સંભાવનાઓ છે, એટલા માટે ન તો નિશ્ચિત સાબિતીઓની સંભાવના છે અને ન જ નિશ્ચિત નકારની. વલ્લાહુ અઅ્‌લમુ.

આ મસ્અલાની સંપૂર્ણ તહકીકમાં નાચીઝે એક આગવી પુસ્તિકા "તકમીલુલ્ હબૂર બિસ્સમાઈ અહ્‌લિલ્ કુબૂર" લખી છે જે અહકામુલ કુર્આન, સૂરએ રૂમના પાંચમાં ભાગમાં અરબી ભાષામાં પ્રકાશિત થયેલ છે જેમાં આયતો, રિવાયતો અને સલફ તથા ખલફના નિવેદનો અને શરહુસ્સુદૂર વગેરેમાંથી ઘણી બધી ઘટનાઓ અને કબરવાળાઓની વાતચીત નકલ કરવામાં આવી છે, વિદ્વાનો ત્યાં જોઈ શકે છે. સામાન્ય વ્યક્તિઓ માટે અત્રે તેનો જરૂરી ખુલાસો લખવામાં આવ્યો છે.

આયત : (સૂરએ નમ્લ : આયત નં. ૮૨)

وَإِذَا وَقَعَ الْقَوْلُ عَلَيْهِمْ أَخْرَجْنَا لَهُمْ دَآبَّةً مِّنَ الْأَرْضِ تُكَلِّمُهُمْ أَنَّ النَّاسَ
كَانُوا بِآيَاتِنَا لَا يُوقِنُونَ ﴿٨٢﴾ ع

તરજુમો :

અને જ્યારે તેમના ઉપર વાત પડી ચૂકશે અમે તેમની સામે એક જાનવર જમીનમાંથી કાઢીશું, તેમની સાથે વાતો કરશે એટલા માટે કે લોકો અમારી નિશાનીઓનો વિશ્વાસ ધરાવતા ન હતા. (૮૨)

તફસીર :

અને જ્યારે (કયામતનો) વાયદો તે (લોકો) ઉપર પૂરો થવાનો હશે (એટલે કે કયામતનો સમય નજીક આવી પહોંચશે) તો અમે તેમના માટે જમીનમાંથી એક (અજબ પ્રકારનું) જાનવર કાઢીશું કે તે તેમની સાથે વાતો કરશે કે (કાફિર) લોકો અમારી (એટલે કે અલ્લાહ તઆલાની) આયતો ઉપર (ખાસ કરીને તે આયતો ઉપર જે કયામતના સંદર્ભમાં છે) યકીન લાવતા ન હતા (પરંતુ હવે કયામત આવી પહોંચી, તેની નિશાનીઓમાંથી એક નિશાની આનું જાહેર થવું પણ છે).

મસ્અલા અને બોધપાઠ :

دَابَّةُ الْأَرْضِ (દાબ્બતુલ્ અર્દ) "જમીનનું જાનવર" શું છે તથા ક્યાં અને ક્યારે નીકળશે ? :

મુસ્નદે અહમદમાં હઝરત હુઝયફા (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, કયામત ત્યાં સુધી કાયમ થશે નહીં જ્યાં સુધી તમે તેનાથી પહેલાં દશ નિશાનીઓ જોઈ ન લો.

(૧) સૂર્યનું પશ્ચિમ દિશાએથી ઊગવું,

(૨) دُخَانْ (દુખાન) "ધૂમાડો"

(૩) دَابَّة (દાબ્બહ) એક જાનવર જે જમીનમાંથી નીકળશે,

(૪) યાજૂઝ-માજૂઝનું નીકળવું,

(૫) હઝરત ઈસા (અલૈ.)નું ઊતરવું,

(૬) દજ્જાલનું આવવું,

(૭-૮-૯) ત્રણ ચંદ્ર ગ્રહણો, એક પશ્ચિમમાં, બીજું પૂર્વમાં અને ત્રીજું અરબ ઉપખંડ ઉપર.

(૧૦) એક આગ જે ઍડનના અખાતમાંથી નીકળશે અને બધા લોકોને હાંકીને હશ્રના મેદાન તરફ લઈ આવશે જે સ્થળે લોકો રાત પસાર કરવા માટે થોભશે આ આગ પણ થોભી જશે પછી તેમને લઈને ચાલશે.

(هٰكَذَا رَوَاهُ مُسْلِمٌ وَاَهْلُ السُّنَنِ مِنْ طُرُقٍ وَقَالَ التِّرْمِذِىُّ حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ)

આ હદીષથી લગભગ કયામતની નિકટ એક એવું પ્રાણી નીકળવું સાબિત થયું છે જે લોકો સાથે વાતો કરશે અને શબ્દ دَابَّةٌ (દાબ્બહ)ના વર્ણનથી આ પ્રાણી અજબ પ્રકારની મખ્લૂક હોવા તરફ પણ ઈશારો જોવા મળે છે અને એ પણ કે આ પ્રાણી સામાન્ય પ્રાણીઓની જેમ જન્મ અથવા વંશવેલાની પદ્ધતિએ પેદા થશે નહીં, બલકે અચાનક જમીનમાંથી નીકળશે અને આ વાત પણ આ જ હદીષથી સમજમાં આવે છે કે "દાબ્બતુલ અર્દ" જમીનના પ્રાણીનું વિસ્મયકારી સ્વરૂપે નીકળવું બિલકુલ અંતિમ નિશાનીઓમાંથી હશે, ત્યારબાદ કયામત ઘણી જલદી આવી જશે. ઈબ્ને કષીરે અબૂ દાવુદ તયાલિસીથી હઝરત તલ્હા ઈબ્ને ઉમરની એક લાંબી હદીષમાં રિવાયત કરી છે કે આ પ્રાણી મક્કા મુકર્રમહમાં સફા પર્વતમાંથી નીકળશે અને પોતાના માથાથી માટી ખંખેરતું ખંખેરતું મસ્જિદે હરામમાં હજૂરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમની વચ્ચે પહોંચી જશે, લોકો તેને જોઈને નાસવા લાગશે, એક સમૂહ રહી જશે. આ પ્રાણી તેમના ચહેરાઓને તારાઓની જેમ પ્રકાશિત કરી દેશે, ત્યારબાદ તે જમીન તરફ નીકળશે અને દરેક કાફિરના ચહેરા ઉપર નિશાન લગાવી દેશે, કોઈ તેની પકડથી નાસી શકશે નહીં. આ પ્રાણી દરેક મો'મિન અને કાફિરને ઓળખશે. (ઈબ્ને કષીર) અને મુસ્લિમ બિન ઝહાઝે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત કરી છે કે મેં રસૂલે કરીમ ﷺ પાસેથી એક હદીષ સાંભળી હતી જેને હું ક્યારેય ભૂલતો નથી, તે આ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કયામતની અંતિમ નિશાનીઓમાં

સૌથી પહેલાં સૂર્યનું પશ્ચિમ તરફથી ઊગવું જાહેર થશે અને સૂર્ય ઊંચો થયા પછી આ દાબ્બતુલ અર્દ (જમીનનું પ્રાણી) નીકળશે, બંને નિશાનીઓમાંથી જે પણ પહેલી થઈ જાય ત્યાર પછી તરત જ કયામત આવી જશે. *(ઈબ્ને કષીર)*

શૈખ જલાલુદ્દીન મહલ્લીએ કહ્યું છે કે આ પ્રાણીના નીકળવાના સમયે અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર (ભલાઈનું આમંત્રણ અને બુરાઈથી રોકવા)ના હુકમો કપાઈ જશે અને ત્યારબાદ કોઈ કાફિર ઈસ્લામ સ્વીકારશે નહીં. આ વિષય ઘણી બધી હદીષો અને નિશાનીઓથી પ્રતિપાદિત થાય છે. *(મઝહરી)*

ઈબ્ને કષીર વગેરેએ આ સ્થળે "દાબ્બતુલ અર્દ"ના સ્વરૂપ, તેની પરિસ્થિતિઓ અને હાલતો વિશે વિવિધ રિવાયતો નકલ કરી છે જેમાંથી મોટા ભાગની ભરોસાપાત્ર નથી એટલા માટે જેટલી વાત કુર્આનની આયતો અને સહીહ હદીષોથી સાબિત છે કે આ આશ્ચર્યજનક સર્જન (પ્રાણી) હશે તે જન્મની અથવા નસ્લની પ્રક્રિયા વિના જમીનમાંથી નીકળશે, તે મક્કા મુકર્રમહમાં નીકળશે પછી સમગ્ર દુનિયામાં ફરશે, તે કાફિર અને મો'મિનને ઓળખશે અને તેમની સાથે વાતચીત કરશે, બસ આટલી વાત ઉપર અકીદહ રાખવામાં આવે. વધારે પરિસ્થિતિઓ અને હાલતોનું સંશોધન અને તહકીક ન તો જરૂરી છે અને ન જ તેનાથી કોઈ લાભ છે.

રહી એ બાબત કે દાબ્બતુલ અર્દ લોકો સાથે વાતચીત કરશે તેનો શું અર્થ છે ? અમુક લોકોએ કહ્યું છે કે તેની વાતચીત એ જ હશે જે કુર્આનમાં પ્રસ્તુત છે. اِنَّ النَّاسَ كَانُوْا بِاٰيٰتِنَا لَا يُوْقِنُوْنَ આ વાતચીત તે અલ્લાહ તઆલા તરફથી લોકોને સંભળાવશે. ઘણા બધા લોકો આજથી પહેલાં અમારી આયતો ઉપર યકીન રાખતા ન હતા અને ભાવાર્થ એ જ થશે કે હવે તે સમય આવી ગયો છે કે તે બધાને વિશ્વાસ થઈ જશે પરંતુ એવા સમયનું યકીન શરઈ રીતે ભરોસાપાત્ર ગણાશે નહીં અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હસન બસરી (રહ.) કતાદહ (રદિ.)થી નકલ થયું છે અને એક રિવાયતમાં હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુથી પણ નકલ થયું છે કે આ પ્રાણી લોકોને સંબોધન કરશે અને વાતચીત કરશે જે રીતે કે સામાન્ય વાતચીત હોય છે. *(ઈબ્ને કષીર)*

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૮૩ થી ૯૦)

وَيَوْمَ نَحْشُرُ مِنْ كُلِّ أُمَّةٍ فَوْجًا مِّمَّنْ يُكَذِّبُ بِآيَاتِنَا فَهُمْ يُوزَعُونَ ﴿٨٣﴾
حَتَّىٰ إِذَا جَاءُوا قَالَ أَكَذَّبْتُمْ بِآيَاتِي وَلَمْ تُحِيطُوا بِهَا عِلْمًا أَمَّاذَا كُنْتُمْ
تَعْمَلُونَ ﴿٨٤﴾ وَوَقَعَ الْقَوْلُ عَلَيْهِمْ بِمَا ظَلَمُوا فَهُمْ لَا يَنْطِقُونَ ﴿٨٥﴾ أَلَمْ يَرَوْا
أَنَّا جَعَلْنَا اللَّيْلَ لِيَسْكُنُوا فِيهِ وَالنَّهَارَ مُبْصِرًا ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّقَوْمٍ
يُؤْمِنُونَ ﴿٨٦﴾ وَيَوْمَ يُنْفَخُ فِي الصُّورِ فَفَزِعَ مَنْ فِي السَّمَاوَاتِ وَمَنْ فِي الْأَرْضِ
إِلَّا مَنْ شَاءَ اللَّهُ ۚ وَكُلٌّ أَتَوْهُ دَاخِرِينَ ﴿٨٧﴾ وَتَرَى الْجِبَالَ تَحْسَبُهَا جَامِدَةً وَّ
هِيَ تَمُرُّ مَرَّ السَّحَابِ ۚ صُنْعَ اللَّهِ الَّذِي أَتْقَنَ كُلَّ شَيْءٍ ۚ إِنَّهُ خَبِيرٌ بِمَا
تَفْعَلُونَ ﴿٨٨﴾ مَنْ جَاءَ بِالْحَسَنَةِ فَلَهُ خَيْرٌ مِّنْهَا ۚ وَهُمْ مِّنْ فَزَعٍ يَوْمَئِذٍ آمِنُونَ ﴿٨٩﴾
وَمَنْ جَاءَ بِالسَّيِّئَةِ فَكُبَّتْ وُجُوهُهُمْ فِي النَّارِ ۚ هَلْ تُجْزَوْنَ إِلَّا مَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٩٠﴾

તરજુમો :

અને જે દિવસે અમે દરેક ઉમ્મતમાંથી એક જૂથને ઘેરી બોલાવીશું જેઓ અમારી વાતોને જૂઠાડતા હતા, પછી તેઓની જૂથબંધી થશે. (૮૩) એટલે સુધી કે જ્યારે હાજર થઈ જાય; ફરમાવશે, કેમ તમે મારી વાતોને જૂઠાડી ? અને (શું) તમારી સમજમાં ન આવી ચૂકી હતી અથવા બોલો કે (બીજું) શું કરતા હતા ? (૮૪) અને તેમના ઉપર વાત પડી ચૂકી એટલા માટે કે તેમણે શરારત કરી હતી, હવે તેઓ કંઈ બોલી નથી શકતા. (૮૫) શું જોતા નથી કે અમે રાત્રિને બનાવી કે તેમાં સુકૂન (ચેન) પ્રાપ્ત કરે અને દિવસ બનાવ્યો જોવા માટે, અલબત્ત તેમાં તે લોકો માટે નિશાનીઓ છે જેઓ યકીન કરે છે. (૮૬) અને જે દિવસે સૂર ફૂંકવામાં આવશે તો ગભરાઈ જાય જે કોઈ આસમાનોમાં છે અને જે કોઈ જમીનમાં છે પરંતુ જેને અલ્લાહ ઈચ્છે અને સૌ તેની આગળ આજિઝીપૂર્વક ચાલ્યા આવે. (૮૭) અને તમે પહાડોને

જુઓ તો સમજો કે તે સ્થિર રહે છે અને તે ચાલશે જે રીતે કે વાદળ ચાલે; આ અલ્લાહની કારીગીરી છે જેણે દરેક વસ્તુને દુરુસ્ત કરી છે, તેને સઘળી ખબર છે જે કંઈ તમે કરો છો. (૮૮) જે કોઈ ભલાઈ લઈને આવ્યો તો તેને તેનાથી ઉત્તમ મળે અને તેમને ગભરામણથી તે દિવસે શાંતિ છે. (૮૯) અને જે કોઈ બુરાઈ લઈને આવ્યો; બસ તેમના મોંઢા આગમાં ઊંધા નાંખે, તે જ બદલો પામશો જે કંઈ તમે કર્યા કરતા હતા. (૯૦)

તફસીર :

જે દિવસે (કબરોમાંથી સજીવન કર્યા પછી) અમે દરેક ઉમ્મતમાંથી (એટલે કે આગલી ઉમ્મતોમાંથી પણ અને આ ઉમ્મતમાંથી પણ) એક એક જૂથ તે લોકોનું (હિસાબ માટે) એકત્ર કરીશું જે મારી આયતોને જૂઠાડયા કરતા હતા (પછી તેમને નિશ્ચિત સ્થળે હિસાબ માટે રવાના કરવામાં આવશે અને તેઓ ખૂબ મોટા પ્રમાણમાં હશે એટલા માટે) તેમને (ચલાવવામાં પાછળનાઓને સાથે લેવા માટે) રોકવામાં આવશે (જેથી આગળ પાછળ ન રહે, બધા સાથે થઈને હિસાબના સ્થળ તરફ રવાના થાય, ભાવાર્થ તેનાથી તેમની મોટી સંખ્યા વર્ણન કરવાનો છે કારણ કે મોટા સમૂહમાં સ્વાભાવિક રીતે એવું જ થતું હોય છે, ભલે રોક ટોક હોય અથવા ન હોય) અહીંયાં સુધી કે જ્યારે (ચાલતા ચાલતા નિશ્ચિત સ્થળે) હાજર થઈ જશે તો (હિસાબ શરૂ થશે અને) અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવશે કે શું તમે મારી આયતોને જૂઠાડી હતી જ્યારે કે તમે તેમને પોતાના જ્ઞાનની હદમાં પણ નથી લાવતા (જેના પછી વિચાર કરવાનો મોકો મળ્યો હોત અને વિચાર કરીને તેના ઉપર કોઈ અભિપ્રાય બાંધ્યો હોત, મતલબ એ કે સમજ્યા વિચાર્યા વિના જ સાંભળીને તેને જૂઠાડી દીધું અને માત્ર જૂઠાડવાને પૂરતું ન સમજ્યું) બલકે (તે ઉપરાંત યાદ તો કરો !) બીજું પણ શું શું કામ કરતા રહ્યા ? (દાખલા તરીકે અંબિયા અલૈ.ને અને ઈમાનવાળાઓને કષ્ટો આપ્યા જે જૂઠાડવાથી પણ વધીને છે, એ જ પ્રમાણે બીજા કુફ્રિય્યહ અકીદાઓ તથા અપરાધ અને દુષ્ટ કર્મોમાં પ્રવૃત્ત રહ્યા) અને (હવે તે સમય છે કે) તેના ઉપર (તમારો અપરાધ સ્થાપિત થઈ જવાના કારણે અઝાબનો) વાયદો પૂરો થઈ ગયો (એટલે કે સજાના હકદાર હોવાનું સાબિત થઈ ગયું) એ કારણે કે (દુનિયામાં) તેમણે (મોટા મોટા) અતિરેક કર્યા હતા (જે આજે પ્રત્યક્ષ રીતે સાબિત થઈ ગયું) બસ,

(કારણ કે સાબિતી મજબૂત છે એટલા માટે) તે લોકો (બહાના વગેરે માટે) વાત પણ ન કરી શકશે (અને અમુક આયતોમાં જે તેમનું બહાનું રજુ કરવાનું વર્ણન છે તે શરૂઆતમાં હશે પછી જ્યારે સંપૂર્ણ સાબિતી પૂર્ણ થઈ જશે તો કંઈ જ વાત કરી ન શકશે અને આ લોકો જે કયામતની શક્યતાના જ ઈન્કારી છે તેઓ માત્ર મૂર્ખાઓ છે, કારણ કે સત્ય રીતે વર્ણન થયેલ દલીલો ઉપરાંત તાર્કિક રીતે પણ તે સાબિત છે, દાખલા તરીકે) શું તેમણે તેના ઉપર દષ્ટિપાત નથી કર્યો કે અમે રાત્રિ બનાવી જેથી લોકો તેમાં આરામ કરે (અને આ આરામ મોતની સમકક્ષ છે) અને દિવસ બનાવ્યો જેમાં જોઈ શકે છે (કે જે જાગૃતાવસ્થા ઉપર અવલંબિત છે અને મોત પછીની જિંદગીના સમકક્ષ છે બસ) નિઃશંક ! એ (દરરોજ સૂવા અને જાગવા)માં (મૃત્યુ પછી ફરી સજીવન થવા ઉપર અને તે આયતોના સત્ય હોવા ઉપર) મોટી દલીલો છે (કારણ કે મોતની વાસ્તવિકતા એ છે કે રૂહનો સંબંધ શરીર સાથે કપાઈ જાય છે અને બીજીવારની જિંદગીની હકીકત એ છે કે આ સંબંધ ફરીવાર જોડવામાં આવે અને ઊંઘમાં પણ આ સંબંધ એક સ્વરૂપે કમજોર થઈ જાય છે અને કમજોર ત્યારે જ થાય છે જ્યારે કે તેના મૂળ અસ્તિત્વમાંથી કોઈ સત્વ દૂર થઈ જાય અને જાગૃતાવસ્થા આ દૂર થયેલ સત્વના અસ્તિત્વનું નામ છે એટલા માટે બંનેમાં સમાનતા હોવાનું સમજી શકાય છે અને ઊંઘ પછી જાગૃતાવસ્થા ઉપર અલ્લાહ તઆલાની કુદરતનો દરરોજ સાક્ષાત્કાર થઈ રહ્યો છે તો મોત પછીનું જીવન પણ તેનું જ ઉદાહરણ છે, તે કઈ રીતે અલ્લાહની શક્તિથી બહાર થઈ ગયું ? અને આ બૌદ્ધિક અને તાર્કિક દલીલ દરેક વ્યક્તિ માટે સામાન્ય છે પરંતુ તે લાભ પહોંચાડવાના આધારે) તે (જ) લોકો માટે (છે) જે ઈમાન ધરાવે છે (કારણ કે તેઓ વિચાર અને ચિંતન કરે છે અને બીજાઓ ઊંડો વિચાર કરતા નથી અને કોઈ પરિણામ ઉપર પહોંચવા માટે દષ્ટિપાત અને ઊંડો વિચાર જરૂરી હોય છે એટલા માટે અન્યો તેનાથી લાભ ઉઠાવતા નથી) અને (એક ભયાનક ઘટના તે હશ્ર પહેલાં થશે જેનું વર્ણન આગળ આવે છે, તેની ભયાનકતા પણ યાદ રાખવાપાત્ર છે) જે દિવસે સૂરમાં ફૂંક મારવામાં આવશે (આ પ્રથમ સૂર છે અને પ્રસ્તુત હશ્ર બીજી સૂર પછી હશે) બસ્ જેટલા આસમાન અને જમીનમાં (ફરિશ્તાઓ અને મનુષ્યો વગેરે મખ્લૂક) છે બધા ગભરાઈ જશે (અને પછી મૃત્યુ પામશે અને જે મરી ચૂક્યા છે તેમની રૂહો બેહોશ થઈ જશે) પરંતુ જેને અલ્લાહ

ચાહે (તે આ ગભરામણથી અને મૃત્યુથી સુરક્ષિત રહેશે, તેનો ભાવાર્થ હદીષ પ્રમાણે હઝરત જિબ્રઈલ, મિકાઈલ અને ઈસ્રાફિલ તથા મલિકુલ મોત અને અર્શના કામકાજ ઉપર નક્કી ફરિશ્તાઓ છે પછી તે બધાનું પણ સૂરની અસર વિના જ મૃત્યુ થઈ જશે. –કઝા ફિ દૂર્રે મન્ષૂર. –સૂરતુલ ઝુમર) અને (દુનિયામાં જેમકે ટેવ છે કે જેનાથી ગભરામણ અને ડર હોય છે તેનાથી દૂર થઈ જવામાં આવે છે પરંતુ અલ્લાહ તઆલાના ત્યાંથી કોઈ નાસી શકશે નહીં બલકે) બધા તેની જ સામે દબાયેલા, ઝૂકેલા હાજર રહેશે (એટલે સુધી કે જીવીત વ્યક્તિ મૃત અને મૃતની રૂહ બેહોશ થઈ જશે) અને (સૂરનું આ પરિવર્તન અને પ્રભાવ સજીવોમાં થશે અને આગળ નિર્જીવ વસ્તુઓમાં જે અસરો થશે, તેનું વર્ણન છે. તે એ કે હે શ્રોતા !) તું (અત્યારે) પહાડોને એવી હાલતમાં જોઈ રહ્યો છે જેનાથી (તેના દેખીતી રીતે અડગ હોવાથી પોતાની ભૌતિક નજરમાં) તને વિચાર થાય છે કે આ (કાયમ આવા જ રહેશે અને ક્યારેય પોતાની જગ્યાએથી) હલશે નહીં જ્યારે કે (તે સમયે તેમની એવી હાલત થશે કે) તે વાદળોની જેમ (રૂ ની પૂણી જેવા રજકણ રજકણ થઈને વિખરાઈને આસમાનના અવકાશમાં) ઊડતા ફરશે (જેમકે અલ્લાહના ફરમાન પ્રમાણે وَبُسَّتِ الْجِبَالُ بَسًّا فَكَانَتْ هَبَاءً مُّنْبَثًّا અને આ બાબત ઉપર કોઈએ આશ્ચર્ય ન કરવું જોઈએ કે આવા મજબૂત અને સખત પહાડોની આવી પરિસ્થિતિ કઈ રીતે થશે ? કારણ એ છે કે) આ અલ્લાહનું કામ હશે જેણે દરેક વસ્તુને (યોગ્ય પરિસ્થિતિ ઉપર) બનાવી રાખી છે (અને શરૂઆતમાં કોઈ વસ્તુમાં કોઈ મજબૂતી ન હતી કારણ કે પોતે તે વસ્તુનું અસ્તિત્વ જ ન હતું પછી મજબૂતીનું લક્ષણ તો ક્યાંથી હોવાનું હતું ? બસ જે રીતે તેણે ન હોવામાંથી મોજૂદ અને કમજોરને મજબૂત બનાવ્યું એવી જ રીતે તેનાથી ઊલટું પણ કરી શકે છે કારણ કે અલ્લાહની શક્તિ બધી જ શક્યતાઓ સાથે એકસમાન છે, ખાસ કરીને જે વસ્તુઓ એકબીજાનું ઉદાહરણ અને સમાન છે તેમાં તો વધારે સ્પષ્ટ છે, એ જ રીતે અન્ય મખ્લૂકોમાં અને આ આસમાન અને જમીન વગેરેમાં મહાન પરિવર્તન થવું બીજી આયતોમાં ઉપસ્થિત છે. وَحُمِلَتِ الْأَرْضُ وَالْجِبَالُ فَدُكَّتَا دَكَّةً وَّاحِدَةً فَيَوْمَئِذٍ وَّقَعَتِ الْوَاقِعَةُ وَانْشَقَّتِ السَّمَاءُ.... પછી ત્યારબાદ બીજો સૂર ફૂંકાશે જેનાથી રૂહો હોશમાં આવીને પોતાના શરીરોમાં પ્રવેશ પામશે અને સમગ્ર દુનિયા નવેસરથી ઠીકઠાક થઈ જશે અને ઉપરોક્ત જે હશ્રનું વર્ણન

કરવામાં આવ્યું હતું તે આ જ બીજા સૂર પછી થશે, આગળ તેનો હેતુ એટલે કે કયામતમાં સજા અને બદલાનું વર્ણન છે, બસ પ્રથમ તેની પ્રસ્તાવના સ્વરૂપે ઈરશાદ છે કે) ચોક્કસ વાત છે કે અલ્લાહ તઆલાને તમારી બધી પ્રવૃત્તિઓની સંપૂર્ણ ખબર છે (જે બદલા અને સજાની પ્રથમ શરત છે અને બીજી શરતોમાં પણ કુદરતના ઉદાહરણો વગેરે આગવી દલીલોથી સાબિત છે, બસ કયામત કાયમ થવાનું શક્ય હોવું તો તેનાથી દેખીતું છે અને પછી હિકમતના તકાદાથી પણ કયામત કાયમ થઈ સજા અને બદલાનું કાયમ થવું સાબિત થઈ ગયું, પ્રસ્તાવના પછી આગળ તેના કાયમ થવા સહિત તેના ફાયદાઓ અને તરીકાઓ વર્ણન કરવામાં આવે છે કે) જે વ્યક્તિ નેકી (એટલે કે ઈમાન) લાવશે બસ (તે ઈમાન લાવવા ઉપર જે બદલાનો હકદાર છે) તે વ્યક્તિને એ (નેકીનો પ્રસ્તુત બદલા)થી બહેતર (બદલો) મળશે અને તે લોકો ભારે ગભરામણથી તે દિવસે શાંતિમાં રહેશે (જેમકે સૂરએ અંબિયામાં છે لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْاَكْبَرُ....) અને જે વ્યક્તિ બુરાઈ (એટલે કે કુફ્ર અને શિર્ક) લાવશે તે લોકો ઊંધા મોઢે આગમાં નાંખવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) તમને તો તે અમલોની સજા આપવામાં આવી રહી છે જે તમે (દુનિયામાં) કર્યા કરતા હતા (આ અઝાબ ચેતવણી વિના નથી આપવામાં આવ્યો).

મસ્અલા અને બોધપાઠ :

فَهُمْ يُوْزَعُوْنَ શબ્દ એ وَزْعٌ થી બને છે જેનો અર્થ "રોકવું" થાય છે, ભાવાર્થ એ છે કે આગલા સમૂહને રોકવામાં આવશે જેથી પાછળ રહેલા લોકો તેમની સાથે થઈ જાય અને અમુક લોકોએ وَزْعٌ નો અર્થ અહીંયાં "હડસેલવું" કર્યો છે, એટલે કે તેમને ધક્કા આપીને નિશ્ચિત સ્થળ તરફ લાવવામાં આવશે. وَلَمْ تُحِيْطُوْا بِهَا عِلْمًا તેમાં ઈશારો છે કે અલ્લાહ તઆલાની આયતોને જૂઠાડવું પોતે એક મોટો અપરાધ અને મોટો ગુનોહ છે, ખાસ કરીને જ્યારે કે વિચારવા સમજવા અને ચિંતન મનન કરવા તરફ ધ્યાન કર્યા વિના જ જૂઠાડવા લાગો તો આ ગુનોહ બેવડાઈ જાય છે, એનાથી જાણ થઈ કે જે લોકો ચિંતન અને મનન કરવા છતાં સત્યને ન પામી શકે કે તેમની વિચારસરણી અને ચિંતન જ તેમને ગુમરાહી તરફ લઈ જાય તો તેમનો ગુનોહ થોડે ઘણે અંશે હલકો થઈ જાય છે, જો કે અલ્લાહ તઆલાનું અસ્તિત્વ અને તવહીદ વગેરેને જૂઠાડવું તો પણ કુફ્ર અને

ગુમરાહી તથા કાયમી અઝાબથી નહીં બચાવે, કારણ કે આ એવી સ્પષ્ટ બાબતો છે જેમાં ચિંતન અને મનન કરવાની ભૂલ મા'ફ નથી.

وَيَوْمَ يُنْفَخُ فِي الصُّوْرِ فَفَزِعَ مَنْ فِي السَّمٰوٰتِ.... માં શબ્દ فَزِعَ નો અર્થ "ગભરાવાનો અને પરેશાન થવાનો" થાય છે અને એક બીજા સ્થળે فَـــزِعَ ના બદલે صَـــعِـــقَ (સઈક) આવ્યું છે જેનો અર્થ બેહોશ થવાનો થાય છે. જો આ બંને આયતો પ્રથમ સૂર વિશે ઠરાવવામાં આવે તો તે બંને શબ્દોનો ખુલાસો એ થશે કે સૂર ફૂંક્યા પછી પ્રથમ તો બધા ગભરાશે અને પરેશાન થશે, પછી બેહોશ થઈ જશે, અંતે મૃત્યુ પામશે અને કતાદહ વગેરે તફસીરના ઈમામોથી આ આયતને બીજા સૂર વિશે હોવાનું ઠરાવવામાં આવ્યું છે જેનાથી બધા મુરદા ફરીવાર સજીવન થઈ જશે અને આયતનો ભાવાર્થ એ છે કે બધા જીવતા થવાના સમયે ગભરાઈને ઊભા થશે અને અમુક લોકોએ ફરમાવ્યું છે કે સૂર ત્રણ વખતે ફૂંકવામાં આવશે. પ્રથમ સૂર نَــفْــخَــةُ فَــزَعٍ હશે, જેનાથી સૌ કોઈ પરેશાની ગભરામણ અને બેચેનીમાં સપડાઈ જશે, બીજો સૂર نَفْخَةُ صَعَقٍ હશે જેનાથી બધા મૃત્યુ પામશે અને ત્રીજો સૂર نَفْخَةُ حَشْرٍ وَنَشْرٍ હશે, જેનાથી બધા મુરદા સજીવન થઈ જશે પરંતુ કુર્આનની આયતો અને સહીહ હદીષોથી સાબિતી માત્ર બે જ સૂર ફૂંકવાની મળે છે. (કુર્તુબી અને ઈબ્ને કષીર) ઈબ્ને મુબારક (રહ.)એ હઝરત હસન બસરી (રહ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે બંને સૂર વચ્ચે ચાલીસ વર્ષની મુદત હશે.

اِلَّا مَا شَآءَ اللّٰهُ આ અપવાદ فَزِعَ (ફઝઅ્)થી છે જેનો અર્થ "ગભરામણ અને ચિંતા" થાય છે. ભાવાર્થ એ છે કે અમુક લોકો એવા પણ હશે જેના ઉપર હશ્રના સમયે કોઈ ગભરામણ નહીં હોય. હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી એક હદીષની રિવાયત છે કે આ લોકો શહીદો હશે, હશ્રની ફરીવારની જિંદગીના સમયે તેમના ઉપર કોઈ ગભરામણ નહીં હોય. *(સહીહ અલ હદીષ ઈબ્ને અરબી, કુર્તુબી)*

સઈદ બિન ઝુબૈર (રહ.)એ પણ એ જ ફરમાવ્યું કે તેનો ભાવાર્થ શહીદો છે જે હશ્રના સમયે પોતાની તલવારો બાંધીને અર્શની આસપાસ ભેગા થશે અને કુશયરીએ ફરમાવ્યું કે અંબિયા (અલૈ.) તેમનામાં સૌથી અગ્રક્રમે સામેલ છે, કારણ કે તેમને શહાદતનું સ્થાન પણ પ્રાપ્ત છે અને વિશેષમાં નુબુવ્વતનો મરતબો પણ. *(કુર્તુબી)*

સૂરએ ઝુમરહમાં આગળ આવશે, وَنُفِخَ فِى الصُّوۡرِ فَصَعِقَ مَنۡ السَّمٰوٰتِ وَمَنۡ فِى الۡاَرۡضِ اِلَّا مَنۡ شَآءَ اللّٰهُ તેમાં فَزِعَ (ફઝિઅ)ના બદલે صَعِقَ (સઈક)નો શબ્દ આવ્યો છે જેનો અર્થ "બેહોશ થવું" થાય છે અને ભાવાર્થ આ સ્થળે બેહોશ થવું અને પછી મૃત્યુ પામવું થાય છે અને તેમાં પણ اِلَّا مَنۡ شَآءَ اللّٰهُ નો અપવાદ છે અને આ અપવાદનો ભાવાર્થ હદીષ પ્રમાણે છ ફરિશ્તાઓ હઝરત જિબ્રઈલ, હઝરત મિકાઈલ, હઝરત ઈસ્રાફિલ અને મલિકુલ મોત (અલૈ.) તથા અર્શને ઉઠાવનારાઓ છે કે તેઓ આ સૂર ફૂંકાવાથી મૃત્યુ પામશે નહીં, પાછળથી હદીષના ખુલાસા પ્રમાણે તેમને પણ મોત આવશે જે તફસીરકાર લોકોએ فَزِعَ (ફઝિઅ) અને صَعِقَ (સઈક)ને એક જ ઠરાવ્યું છે, તેમણે સૂરએ ઝુમરહની જેમ અહીંયાં પણ અપવાદનો ભાવાર્થ ખાસ ફરિશ્તાઓ માટે હોવાનું તફસીરના ખુલાસામાં અપનાવ્યું છે અને જેમણે فَزِعَ (ફઝિઅ) અને صَعِقَ (સઈક)ને અલગ અલગ માન્યું છે તેમના સમીપ પણ "ફઝઅ્"નો અપવાદ શહીદો છે જેમકે ઉપર વર્ણન કરવામાં આવ્યું.

وَتَرَى الۡجِبَالَ تَحۡسَبُهَا جَامِدَةً وَّهِىَ تَمُرُّ مَرَّ السَّحَابِ ؕ નો ભાવાર્થ એ છે કે પહાડ પોતાની જગ્યાએથી હટીને એ રીતે ચાલશે જેમકે વાદળને જોનારો તેને પોતાની જગ્યાએ સ્થિર સમજે છે જ્યારે કે તે ઝડપથી ચાલી રહ્યું છે. બધા જ મોટા કદ ધરાવનાર પદાર્થો જેની શરૂઆત અને અંત મનુષ્યની સામે નથી થતી, જ્યારે તે કોઈ એક દિશા તરફ પ્રચલન કરે તો ભલે તેની ગતિ કેટલીય ઝડપી હોય જોનારાઓને એવું લાગે છે કે તે પોતાની જગ્યાએ સ્થિર હોય છે જેનો સાક્ષાત્કાર સૌથી ઘેરા વાદળો અને દૂર સુધી છવાયેલ ઘટાઓ હોય છે કે આ વાદળો પોતાની જગ્યાએ સ્થિર દેખાતા હોય છે જ્યારે કે તેઓ ગતિ કરી રહ્યા છે પરંતુ તેમની ગતિ જોનારાઓને તે સમયે અનુભાવાતી નથી હોતી જ્યાં સુધી કે ક્ષિતિજના કિનારાઓ ખુલ્લા ન થઈ જાય.

ખુલાસો એ છે કે પહાડોનું جَامِدٌ (સ્થિર) હોવું જોનારાઓની દૃષ્ટિના આધારે છે અને તેનું ગતિ કરવું વાસ્તવિક પરિસ્થિતિના આધારે છે. સામાન્ય તફસીરકારોએ આયતનો ભાવાર્થ આ જ ઠરાવ્યો છે અને તફસીરના પ્રસ્તુત ખુલાસામાં પણ આ જ બાબત અપનાવવામાં આવી છે કે આ બે પરિસ્થિતિઓ બે સમયોની છે. جَامِدٌ એટલે કે સ્થિર હોવું તે સમયના આધારે છે જ્યારે કે જોઈને

દરેક જોનારો એવું સમજે કે આ ક્યારેય પોતાની જગ્યાએથી હલશે નહીં અને تَمُرُّ مَرَّالسَّحَابِ કયામતના દિવસના આધારે છે, અમુક ઉલમાએ ફરમાવ્યું કે કુર્આને કરીમમાં કયામતના દિવસે પહાડોની પરિસ્થિતિઓ ભિન્ન ભિન્ન પ્રકારની વર્ણન થઈ છે, પ્રથમ પરિસ્થિતિ اِنْدِكَاكٌ અને زَلْزَلَةٌ છે જે સમગ્ર જમીનના પહાડોને ઘેરી લેશે. اِذَا زُلْزِلَتِ الْاَرْضُ زِلْزَالَهَا અને اِذَا دُكَّتِ الْاَرْضُ دَكًّا બીજી પરિસ્થિતિ તેની મોટી મોટી શીલાઓ રૂની પૂણીઓની જેમ થઈ જવું છે અને وَتَكُوْنُ الْجِبَالُ كَالْعِهْنِ الْمَنْفُوْشِ આ તે સમયે થશે જ્યારે કે ઉપરથી આસમાન પણ પીગળેલા તાંબાંની જેમ હશે, જમીનના પહાડ રૂ ની જેમ ઉપર જશે અને ઉપરથી આસમાન નીચે આવશે અને બંને ભેગા થઈ જશે. يَوْمَ تَكُوْنُ السَّمَاءُ كَالْمُهْلِ وَتَكُوْنُ الْجِبَالُ كَالْعِهْنِ ત્રીજી પરિસ્થિતિ એ છે કે તે રૂ ની પૂણીનું એક આગવું કદ હોવાને બદલે તે જીર્ણ ક્ષિર્ણ રજકણો થઈ જશે. وَبُسَّتِ الْجِبَالُ بَسًّا فَكَانَتْ هَبَاءً مُّنْبَثًّا ચોથી પરિસ્થિતિ એ છે કે તે રજકણો થઈને ફેલાઈ જશે. قُلْ يَنْسِفُهَا رَبِّىْ نَسْفًا પાંચમી પરિસ્થિતિ એ છે કે આ પહાડ જે રજકણો થઈને ધૂળની જેમ જમીનમાં ફેલાઈ ગયા છે તેમને હવા ઉપર ઉઠાવીને લઈ જશે અને કારણ કે આ ધૂળ સમગ્ર જમીન ઉપર છવાઈ જશે તો જો કે આ વાદળોની જેમ તેજ ગતિ કરતું હશે પરંતુ જોનાર તેને પોતાની જગ્યાએ સ્થિર જોશે. تَرَى الْجِبَالَ تَحْسَبُهَا جَامِدَةً وَّهِىَ تَمُرُّ مَرَّالسَّحَابِ તેમાંથી અમુક પરિસ્થિતિઓ પ્રથમ સૂરના સમયે ઉપસ્થિત થશે અને બીજા સૂર પછી તે સમયે જ્યારે કે જમીનને એક સમથળ સપાટી બનાવી દેવામાં આવશે કે ન તો તેમાં કોઈ ગુફા રહેશે અને ન જ પહાડ કે ન તો ઈમારત અને ન જ વૃક્ષો. قُلْ يَنْسِفُهَا رَبِّىْ نَسْفًا فَيَذَرُهَا قَاعًا صَفْصَفًا لَّا تَرٰى فِيْهَا عِوَجًا وَّلَا اَمْتًا (વલ્લાહુ અઅ્લમુ).

(કુર્તુબી અને રૂહુલ મઆનીમાંથી)

صُنْعَ اللّٰهِ الَّذِىْٓ اَتْقَنَ كُلَّ شَىْءٍ માં صُنْعَ (સુન્અ)નો અર્થ صَنْعَتٌ (સન્અત) "કળા કારીગીરી" છે અને اَتْقَنَ (અત્કન) એ اِتْقَانٌ (ઈત્કાન)થી બને છે જેનો અર્થ "કોઈ વસ્તુને મજબૂત અને સ્થિર કરવું" થાય છે. દેખીતી રીતે આ વાક્ય બધા જ પાછલા વિષયો સાથે સંલગ્ન છે જેમાં અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને આશ્ચર્યજનક કારીગીરીનું વર્ણન થયું છે જેમાં દિવસ અને રાતના પરિવર્તનો પણ છે અને સૂર ફૂંકાવાથી લઈને હશ્ર અને સજા અને બદલા સુધીની

બધી જ પરિસ્થિતિઓ પણ અને ભાવાર્થ એ છે કે આ વસ્તુઓ કોઈ આશ્ચર્ય કે તાજ્જુબ પમાડનારી બાબત નથી, કારણ કે તેમનો કારીગર કોઈ મર્યાદિત જ્ઞાન અને શક્તિવાળો કોઈ મનુષ્ય કે ફરિશ્તો નથી બલકે કુલ વિશ્વનો પરવરદિગાર છે અને તેનો સંબંધ નજીકના વાક્ય ....تَرَى الْجِبَالَ تَحْسَبُهَا جَامِدَةً સાથે જોડવામાં આવે તો ભાવાર્થ એ થશે કે પહાડોની એ પરિસ્થિતિ જોનારને તે સ્થિર હોવાનું લાગે પરંતુ વાસ્તવમાં તે ગતિ કરી રહ્યા હોય છે અને હલન ચલન કરતા હોય છે એ કોઈ અસંભવ વાત કે તાજ્જુબની વાત નથી, કારણ કે આ કારીગરી અલ્લાહ રબ્બુલ ઈજ્જતની છે જેની કુદરતમાં બધું જ કંઈ છે.

مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ خَيْرٌ مِّنْهَا આ સજા અને બદલાના હિસાબ કિતાબ પછી સામે આવનાર પરિણામનું વર્ણન છે અને حَسَنَةٌ (હસનહ)નો ભાવાર્થ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહા ઈલ્લલ્લાહ)નો કલિમો છે. (કમા કાલ ઈબ્રાહીમ) અથવા ઈખ્લાસ છે. (કમા કાલ કતાદહ) અને અમુક લોકોએ સદંતર આજ્ઞાપાલનને તેમાં સામેલ ઠરાવ્યું છે. ભાવાર્થ એ છે કે જે વ્યક્તિ નેક અમલ કરશે અને નેક અમલ તે જ સમયે નેક અમલ કહેવાના પાત્ર હોય છે જ્યારે કે તેની ઈમાનની પ્રથમ શરત પૂર્ણ થતી હોય, એટલે કે ઈમાન મોજૂદ હોય તો તેને પોતાના અમલોથી ઉત્તમ વસ્તુ મળશે, ભાવાર્થ તેનાથી જન્નતની કદી સમાપ્ત ન થનારી નેઅ્મતો અને અઝાબ તથા દરેક પ્રકારના કષ્ટ અને પીડાથી કાયમી છુટકારો છે તથા અમુક લોકોએ ફરમાવ્યું કે, خَيْرٌ (ખય્ર)થી ભાવાર્થ એ છે કે એક નેકીનો બદલો દશ ઘણાથી લઈને સાતસો ઘણા સુધી મળશે. *(મઝહરી)*

وَهُمْ مِّنْ فَزَعٍ يَّوْمَئِذٍ اٰمِنُوْنَ માં શબ્દ فَزَعٌ (ફઝઅ્)નો ભાવાર્થ દરેક મોટી મુસીબત તથા પરેશાની અને ગભરામણ છે. મતલબ એ છે કે દુનિયામાં તો દરેક મુત્તકી અને પરહેઝગાર પણ પરિણામથી ડરતો જ રહે છે અને ડરવું પણ જોઈએ જેમકે કુર્આને કરીમનો ઈરશાદ છે, اِنَّ عَذَابَ رَبِّهِمْ غَيْرُ مَأْمُوْنٍ એટલે કે પરવરદિગારનો અઝાબ એવો નથી કે તેનાથી કોઈ નચિંત અને સંતોષિત થઈને બેસી જાય, એ જ કારણ છે કે અંબિયા (અલૈ.) અને સહાબા (રદિ.) તથા ઉમ્મતના વલીઓ હંમેશા ખૌફ ખાધેલા અને ડરેલા રહેતા હતા પરંતુ તે દિવસે જ્યારે કે હિસાબ કિતાબથી ફારેગ થઈ ચૂકશે તો حَسَنَةٌ (હસનહ) લાવનારા નેક લોકો દરેક ભય અને ગમથી નચિંત અને સંતોષિત થઈ જશે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ નમ્લ : આયત નં. ૯૧-૯૨-૯૩)

إِنَّمَآ أُمِرْتُ أَنْ أَعْبُدَ رَبَّ هَٰذِهِ ٱلْبَلْدَةِ ٱلَّذِى حَرَّمَهَا وَلَهُۥ كُلُّ شَىْءٍ ۖ
وَأُمِرْتُ أَنْ أَكُونَ مِنَ ٱلْمُسْلِمِينَ ﴿٩١﴾ وَأَنْ أَتْلُوَا۟ ٱلْقُرْءَانَ ۖ فَمَنِ ٱهْتَدَىٰ فَإِنَّمَا
يَهْتَدِى لِنَفْسِهِۦ ۖ وَمَن ضَلَّ فَقُلْ إِنَّمَآ أَنَا۠ مِنَ ٱلْمُنذِرِينَ ﴿٩٢﴾ وَقُلِ ٱلْحَمْدُ لِلَّهِ
سَيُرِيكُمْ ءَايَٰتِهِۦ فَتَعْرِفُونَهَا ۚ وَمَا رَبُّكَ بِغَٰفِلٍ عَمَّا تَعْمَلُونَ ﴿٩٣﴾

તરજુમો :

મને એ જ હુકમ છે કે બંદગી કરું તે (મક્કા) શહેરના માલિક (પરવરદિગાર)ની જેણે તેને સન્માનનીય બનાવ્યું અને દરેક વસ્તુ તેની જ છે અને મને હુકમ છે કે હું આજ્ઞાપાલકોમાંથી રહું. (૯૧) અને એ કે કુર્આન સંભળાવી આપું, પછી જે કોઈ માર્ગ ઉપર આવ્યો બસ તે માર્ગ ઉપર પોતાના ભલા માટે જ આવશે અને જે કોઈ ભટકેલો રહ્યો તો કહી આપો કે હું તો એ જ છું ડર સંભળાવી આપનારો. (૯૨) અને કહો, સઘળા વખાણ અલ્લાહને છે, આગળ તમને પોતાની નિશાનીઓ બતાવશે તો તેમને ઓળખી લેશો અને તમારો પરવરદિગાર તે કામોથી બેખબર નથી જે તમે કરો છો. (૯૩)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ ! લોકોને કહી આપો કે) મને તો એ જ હુકમ મળ્યો છે કે હું આ શહેર (મક્કા)ના (સાચા) માલિકની ઈબાદત કર્યા કરું જેણે એ(શહેર)ને સન્માનનીય બનાવ્યું છે (કે સન્માનનીય હોવું તેના સન્માન ઉપર આધારિત છે, મતલબ એ છે કે ઈબાદતમાં કોઈને ભાગીદાર ન કરું) અને (તેની ઈબાદત કેમ કરવામાં ન આવે ? જ્યારે કે) બધી વસ્તુઓ તેની જ (મિલકત) છે અને મને એ (પણ) હુકમ થયો છે કે હું (અકીદાઓ અને કર્મો બધામાં) આજ્ઞાપાલક રહું (આ તો તવહીદનો હુકમ થયો) અને (મને) એ (પણ હુકમ મળ્યો છે) કે હું (તમને) કુર્આન પઢી પઢીને સંભળાવું (એટલે કે અલ્લાહના હુકમોનો પ્રચાર કરું જે નુબુવ્વતની ફરજોમાંથી છે) બસ, (મારા પ્રચાર કર્યા પછી) જે વ્યક્તિ માર્ગ ઉપર

આવશે તો પોતાના જ લાભ માટે માર્ગ ઉપર આવશે (એટલે કે તેને અઝાબથી છુટકારો અને જન્નતની કદી પૂર્ણ ન થનારી નેઅ્મતો મળશે, તેનાથી કોઈ હું પોતાના આર્થિક લાભ અથવા માન સન્માનનો ઇચ્છુક નથી) અને જે વ્યક્તિ માર્ગ ભટકેલો રહેશે તો તમે કહી આપો કે (મારું કોઈ નુકસાન નથી કારણ કે) હું તો માત્ર ડરાવનાર (એટલે કે હુકમ સંભળાવનાર) પયગમ્બરોમાંથી છું (એટલે કે મારું કામ તો હુકમ પહોંચાડી દેવાનું છે ત્યારબાદ મારી જવાબદારી પૂર્ણ થઈ જાય છે નહીં માનો તો તમારે જ પરિણામ ભોગવવાનું છે) અને તમે (એ પણ) કહી આપો કે (તમે જે કયામતના આવવામાં મોડું થવાથી તે અસ્તિત્વમાં જ ન આવવાની દલીલ સમજીને ઇન્કાર કરો છો એ તમારી મૂર્ખામી છે, કોઈ વસ્તુ થવામાં મોડું થવું તે એ બાબતની દલીલ નથી હોઈ શકતી કે તે ક્યારેય બનશે જ નહીં, તદુપરાંત જે તમે મને કહો છો કે હું જલદી કયામત લઈ આવું તો આ બીજી ભૂલ છે, કારણ કે મેં ક્યારે એ દા'વો કર્યો છે કે તેને ઉપસ્થિત કરવું મારા અધિકારમાં છે બલકે) બધી ખુબીઓ માત્ર અલ્લાહના માટે જ સાબિત છે (કુદરત પણ, જ્ઞાન પણ, હિકમત પણ, તે જ્યારે તેની હિકમતનો તકાદો હશે કયામત ઉપસ્થિત કરી દેશે, હા ! એટલી વાત અમને પણ બતાવવામાં આવી છે કે કયામત આવવામાં વધારે વાર નથી બલકે) તે તમને નજીકમાં જ પોતાની નિશાનીઓ (એટલે કે કયામતની ઘટનાઓ) બતાવશે, બસ તમે (તેના આવતા પહેલાં) ઓળખી લેશો (જ્યારે કે ઓળખવાથી કોઈ લાભ થશે નહીં) અને (માત્ર આ નિશાનીઓ બતાવવું જ પૂરતું નહીં હોય બલકે પોતાના બુરા કર્મોની સજા પણ ભોગવવી પડશે કારણ કે) તમારો પરવરદિગાર તે કામોથી બેખબર નથી જે તમે બધા લોકો કરી રહ્યા છો.

મસ્અલા અને બોધપાઠ :

رَبَّ هٰذِهِ الْبَلْدَةِ માં શબ્દ بَلْدَةً (બલદહ)નો ભાવાર્થ જમહૂર તફસીરકારોના મતે મક્કા મુકર્રમહ છે. અલ્લાહ તઆલા તો કુલ વિશ્વનો પરવરદિગાર આસમાનો અને જમીનનો માલિક છે, મક્કા મુકર્રમહને વિશેષ સ્વરૂપે વર્ણન કરવામાં આ સ્થળે તેના માન અને સન્માનની તથા અલ્લાહ તઆલા સમીપ તે આદરરણીય અને મહોતરમ હોવાની જાહેરાત છે. શબ્દ حَرَّمَ (હર્રમ) એ تَحْرِيْمٌ (તહરીમ)થી બનેલો છે, તેનો અર્થ સન્માન અને ઇજ્જતનો

પણ થાય છે અને આ સન્માન અને ઈજ્જતના કારણથી જે ખાસ શરીઅતના હુકમો મક્કા મુકર્રમહ અને હરમની ભૂમિથી સંબંધિત છે તે પણ તેમાં સામેલ છે. દાખલા તરીકે જે વ્યક્તિ હરમમાં શરણ લે તે સુરક્ષિત થઈ જાય છે, હરમમાં કોઈ દુશ્મન પાસેથી બદલો લેવો અથવા તેને કતલ કરવો જાઈઝ નથી અને હરમની ભૂમિમાં શિકાર મારવો પણ જાઈઝ નથી, વૃક્ષોને કાપવા પણ જાઈઝ નથી. આ હુકમોનું વર્ણન આયત وَمَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا હેઠળ અને સૂરએ માઈદહની અમુક શરૂઆતમાં અને અમુક આયત لَا تَقْتُلُوا الصَّيْدَ وَاَنْتُمْ માં આવી ગયું છે.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ નમ્લની તફસીર આજે શનિવાર ૨૪ શવ્વાલ ૧૩૯૧ હિજરીની રાત્રે પૂર્ણ થઈ, જ્યારે કે ૧૪ શવ્વાલથી હિન્દુસ્તાનના હિન્દુઓએ પશ્ચિમ પાકિસ્તાન ઉપર ભરપૂર જમીની, દરિયાઈ અને હવાઈ હુમલાઓ શરૂ કરી દીધા છે. કરાચી ખાસ સ્વરૂપે તેના નિશાના ઉપર છે. દરેક રાત્રે બોમ્બમારો થાય છે, નાગરિક વસ્તીઓ ઉપર પણ બોમ્બ પડે છે. આખી રાત સંપૂર્ણ અંધારું રાખવું પડે છે અને બોમ્બના ધડાકાઓથી મકાન ધ્રુજે છે પરંતુ અલ્લાહના ફઝલો કરમથી તેણે આવી પરિસ્થિતિમાં પણ આ તફસીરના ક્રમને ચાલુ રાખ્યો અને આ યુદ્ધના દશ દિવસમાં પણ તફસીરના લગભગ ચાલીસ પેજો લખવામાં આવ્યા.

— મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

સૂરએ નમ્લ પૂર્ણ થઈ. અલ્હમ્દુલિલ્લાહ !

□□□□□□□□□□□□

તારીખ : ૧૮ માર્ચ ૨૦૧૦ મુતાબિક ૧ રબિઊલ આખર ૧૪૩૧ હિજરી.

Jahangir

પ્રકરણ (૨૮)

સૂરએ કસસ

સૂરએ કસસ મક્કી છે અને તેની ૮૮ આયતો અને નવ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૧ થી ૧૩)

اٰیاتها ٨٨ ﴿٢٨ سُوْرَةُ الْقَصَصِ مَكِّيَّةٌ ٤٩﴾ ركوعاتها ٩

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

طٰسٓمّٓ (١) تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ (٢) نَتْلُوْا عَلَيْكَ مِنْ نَّبَاِ مُوْسٰى وَفِرْعَوْنَ
بِالْحَقِّ لِقَوْمٍ يُّؤْمِنُوْنَ (٣) اِنَّ فِرْعَوْنَ عَلَا فِي الْاَرْضِ وَجَعَلَ اَهْلَهَا
شِيَعًا يَّسْتَضْعِفُ طَآئِفَةً مِّنْهُمْ يُذَبِّحُ اَبْنَآءَهُمْ وَيَسْتَحْيٖ نِسَآءَهُمْ ؕ
اِنَّهٗ كَانَ مِنَ الْمُفْسِدِيْنَ (٤) وَنُرِيْدُ اَنْ نَّمُنَّ عَلَى الَّذِيْنَ اسْتُضْعِفُوْا
فِي الْاَرْضِ وَنَجْعَلَهُمْ اَئِمَّةً وَّنَجْعَلَهُمُ الْوٰرِثِيْنَ (٥) لا وَنُمَكِّنَ لَهُمْ فِي الْاَرْضِ
وَنُرِيَ فِرْعَوْنَ وَهَامٰنَ وَجُنُوْدَهُمَا مِنْهُمْ مَّا كَانُوْا يَحْذَرُوْنَ (٦) وَاَوْحَيْنَآ
اِلٰٓى اُمِّ مُوْسٰٓى اَنْ اَرْضِعِيْهِ ۚ فَاِذَا خِفْتِ عَلَيْهِ فَاَلْقِيْهِ فِي الْيَمِّ وَلَا تَخَافِيْ
وَلَا تَحْزَنِيْ ۚ اِنَّا رَآدُّوْهُ اِلَيْكِ وَجَاعِلُوْهُ مِنَ الْمُرْسَلِيْنَ (٧) فَالْتَقَطَهٗٓ
اٰلُ فِرْعَوْنَ لِيَكُوْنَ لَهُمْ عَدُوًّا وَّحَزَنًا ؕ اِنَّ فِرْعَوْنَ وَهَامٰنَ وَجُنُوْدَهُمَا كَانُوْا
خٰطِـِٕيْنَ (٨) وَقَالَتِ امْرَاَتُ فِرْعَوْنَ قُرَّتُ عَيْنٍ لِّيْ وَلَكَ ؕ لَا تَقْتُلُوْهُ ۖ
عَسٰٓى اَنْ يَّنْفَعَنَآ اَوْ نَتَّخِذَهٗ وَلَدًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ (٩) وَاَصْبَحَ فُؤَادُ اُمِّ مُوْسٰى
فٰرِغًا ؕ اِنْ كَادَتْ لَتُبْدِيْ بِهٖ لَوْلَآ اَنْ رَّبَطْنَا عَلٰى قَلْبِهَا لِتَكُوْنَ مِنَ

الْمُؤْمِنِيْنَ ﴿١٠﴾ وَقَالَتْ لِأُخْتِهٖ قُصِّيْهِ فَبَصُرَتْ بِهٖ عَنْ جُنُبٍ وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿١١﴾

وَحَرَّمْنَا عَلَيْهِ الْمَرَاضِعَ مِنْ قَبْلُ فَقَالَتْ هَلْ اَدُلُّكُمْ عَلٰٓى اَهْلِ بَيْتٍ

يَّكْفُلُوْنَهٗ لَكُمْ وَهُمْ لَهٗ نٰصِحُوْنَ ﴿١٢﴾ فَرَدَدْنٰهُ اِلٰٓى اُمِّهٖ كَيْ تَقَرَّ عَيْنُهَا

وَلَا تَحْزَنَ وَلِتَعْلَمَ اَنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿١٣﴾ ع

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

તા-સીન-મીમ (૧) આ આયતો છે સ્પષ્ટ કિતાબની. (૨) અમે તમને કંઈક અહેવાલ મૂસા (અલૈ.) અને ફિરઓનનો સંભળાવીએ છીએ સત્ય સાથે, તે લોકો માટે જેઓ ઈમાન ધરાવે છે. (૩) નિઃશંક ફિરઓન પ્રદેશમાં (બહુ) ચઢી રહ્યો હતો અને ત્યાંના લોકોને કેટલાય જૂથો કરી રાખ્યા હતા, તેમનામાં એક જૂથને અશક્ત કરી રાખ્યું હતું, તેમના પુત્રોને કાપી નાંખતો હતો અને તેમની સ્ત્રીઓને જીવતી છોડી દેતો હતો, બેશક ! તે ફસાદ કરનારો હતો. (૪) અને અમે ઈચ્છીએ છીએ કે તે લોકો ઉપર ઉપકાર કરીએ જેઓ નિર્બળ થઈને પ્રદેશમાં પડયા હતા અને તેમને સરદાર બનાવી આપીએ અને તેમને વારિસ બનાવી આપીએ. (૫) અને તેમને પ્રદેશમાં સ્થાપિત કરી આપીએ અને ફિરઓન અને હામાનને અને તેમના સૈન્યોને તેમના હાથે બતાવી આપીએ (કે) જે વસ્તુનો તેમને ભય હતો. (૬) અને અમે મૂસા (અલૈ.)ની વાલિદહને હુકમ મોકલ્યો કે તેને દૂધ પીવાડતા રહો, પછી જ્યારે તમને તે (ફિરઓન)નો ભય હોય તો તેમને (મૂસા અલૈ.ને પેટીમાં મૂકી) નદીમાં મૂકી દો અને ન તો ભય રાખો અને ન જ દિલગીર થાઓ, અમે ફરી તેમને તારા તરફ પહોંચાડી આપીશું અને તેમને રસૂલોમાંથી કરી આપીશું. (૭) પછી તેમને (મૂસા અલૈ.ને) ફિરઓનના ઘરવાળાઓએ ઉઠાવી લીધા કે તેમનો દુશ્મન થાય અને ગમમાં નાંખનારો; બેશક ! ફિરઓન અને હામાન અને તેમના સૈન્યો ભૂલ કરનારા હતા. (૮) અને ફિરઓનની સ્ત્રી બોલી, આ તો મારા માટે અને તારા માટે આંખોની

ઠંડક છે, તેને ન મારો, કદાચ તે આપણા કામ લાગે અથવા આપણે તેને દિકરો કરી લઈએ અને તેમને (હકીકતની) કંઈ ખબર ન હતી. (૯) અને સવારના સમયે મૂસા (અલૈ.)ની માં ના દિલમાં ચેન ન રહ્યું, નિકટ હતું કે બેચેની જાહેર કરી આપે જો અમે તેના દિલ ઉપર ગાંઠ ન બાંધી દીધી હોત એટલા માટે કે યકીન કરનારાઓમાંની રહે. (૧૦) અને તેમની બહેનને કહ્યું, (પેટીની) પાછળ ચાલતી રહ્યા કર, પછી તેને અજાણી બનીને જોતી રહી અને તેમને (હકીકતની) ખબર પણ ન પડી. (૧૧) અને અમે મૂસા (અલૈ.)થી આયાઓને પહેલેથી જ અટકાવી રાખી હતી, પછી (મૂસા અલૈ.ની બહેન) બોલી, શું હું તમને એક ઘરવાળા બતાવું કે તમારા માટે તેનું પાલન પોષણ કરે અને તેઓ એ(બાળક)નું ભલું ઈચ્છનારા છે. (૧૨) પછી અમે તેમને તેમની માતા તરફ પહોંચાડી દીધા કે (જેથી) તેની આંખો ઠંડી રહે અને દિલગીર ન થાય.અને જાણે કે અલ્લાહનો વાયદો સાચો છે પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૧૩)

તફસીર :

તા-સીન-મીમ (તેનો અર્થ અલ્લાહને ખબર છે, હે નબી ﷺ !) આ (વિષયો જે તમારા ઉપર વહી કરવામાં આવી રહ્યા છે) સ્પષ્ટ કિતાબ (એટલે કે કુર્આન)ની આયતો છે (જેમાં આ સ્થળે) અમે તમને મૂસા (અલૈ.) અને ફિરઔનનો અમુક કિસ્સો ઠીક ઠીક પઢીને (એટલે કે નાઝિલ કરીને) સંભળાવીએ છીએ અને લોકોના (લાભ) માટે કે જેઓ ઈમાન રાખે છે (કારણ કે કિસ્સાના હેતુઓ બોધપાઠ અને તેમની નુબુવ્વત ઉપર દલીલો વગેરે આ મો'મિનોની સાથે જ ખાસ છે, જો કે તે સમયે મો'મિન ન હોય અથવા ઈમાનનો ઈરાદો ધરાવતા હોય અને આ કિસ્સો ટૂંકમાં એ છે કે) ફિરઔન (મિસ્રની) ભૂમિમાં ઘણો ચઢી ગયો હતો અને તેણે ત્યાંના નિવાસીઓના વિવિધ પક્ષો કરી રાખ્યા હતા (એ પ્રમાણે કે કિબતીઓ એટલે કે મિસ્રી લોકોને સન્માનનીય બનાવી રાખ્યા હતા અને સિબતીઓ એટલે કે બની ઈસ્રાઈલને અપમાનિત અને નીચા કરી રાખ્યા હતા જેનું આગળ વર્ણન છે) કે તે (નિવાસીઓ)માંથી એક જૂથ (એટલે કે બની ઈસ્રાઈલ)નું બળ ઘટાડી રાખ્યું હતું (એ પ્રમાણે કે) તેમના દિકરાઓને (જે

નવજાત શીશુઓ પેદા થતા તેમને જલ્લાદોના હાથે) ઝબહ કરાવતો હતો અને તેમની સ્ત્રીઓ (એટલે કે પુત્રીઓ)ને જીવતી રહેવા દેતો હતો (જેથી તેમની પાસેથી સેવાના કાર્યો કરાવવામાં આવે, વળી તેમનાથી તેમને ભય પણ ન હતો) વાસ્તવમાં તે ઘણો ફસાદી હતો (મતલબ કે ફિરઓન તો આ વિચારમાં મસ્ત હતો) અને અમને એ મંજૂર હતું કે જે લોકોને (મિસ્રની) ભૂમિમાં નિર્બળ બનાવવામાં આવી રહ્યા હતા અમે તેમના ઉપર (દુનિયવી અને દીની) અહેસાન કરીએ અને (તે અહેસાન એ છે કે) તેમને (દીનમાં) આગેવાન બનાવીએ અને (દુનિયામાં) તેમને (આ પ્રદેશના) માલિક બનાવીએ અને (માલિક હોવાની સાથે સાથે) તેમને (સત્તા પણ અર્પણ કરીએ એટલે કે) જમીનમાં હુકૂમત આપીએ અને ફિરઓન તથા હામાન અને તેના આજ્ઞાપાલકોને તે (બની ઈસ્રાઈલ) તરફથી તે (જેમને તેઓ નાપસંદ કરે છે તે) ઘટનાઓ બતાવીએ જેનાથી તેઓ બચાવ કરી રહ્યા હતા (તેનો ભાવાર્થ તેમની સત્તાનું પતન અને સર્વનાશ છે કે તેનાથી જ બચવા માટે તેઓ બની ઈસ્રાઈલના બાળકોને એક સ્વપ્નની તા'બીર પ્રમાણે કે જે ફિરઔને જોયું હતું અને જ્યોતિષીઓએ તેની તા'બીર કરી હતી, કતલ કરી રહ્યો હતો. –કઝા ફિ દૂર્રે મન્સૂર. –બસ, અમારી મરજી અને ઈચ્છાની સામે તે લોકોની યુક્તિ કંઈ જ કામ ન આવી, આ કિસ્સો ટૂંકમાં વર્ણન થયો) અને (તેની પ્રથમ વિગત એ છે કે જ્યારે હઝરત મૂસા અલૈ. આ જ ભયાનક માહોલમાં જન્મ્યા ત્યારે) અમે મૂસા (અલૈ.)ની વાલિદહને ઈલ્હામ કર્યો કે (જ્યાં સુધી તેનું ગુપ્ત રાખવું શક્ય હોય) તમે તેમને દૂધ પીવડાવો પછી જ્યારે તેમના વિશે (જાસૂસોને જાણ થઈ જવાનો) ભય થાય તો (નિર્ભય અને નચિંત થઈને) તેમને (પેટીમાં મૂકીને) નદી (એટલે કે નાઈલ નદી)માં નાંખી દો અને ન તો (ડૂબવાથી) સંદેહ કરો અને ન (જ તેમનાથી જુદાઈનો) ગમ કરો (કારણ કે) અમે અવશ્ય તેમને ફરી તમારી પાસે પાછા પહોંચાડીશું અને (ફરી પોતાના સમય ઉપર) તેમને પયગમ્બર બનાવીશું (મતલબ કે તે એ જ પ્રમાણે દૂધ પીવડાવતી રહી પછી જ્યારે જાસૂસોનો ડર થયો તો પેટીમાં બંધ કરીને અલ્લાહના નામ ઉપર નાઈલ નદીમાં છોડી દીધા, તેની કોઈ શાખા ફિરઔનના મહેલમાં પણ જતી હતી અથવા નદી કિનારે ફરવા માટે ફિરઔનના સંબંધીઓ નીકળ્યા હતા, મતલબ કે તે પેટી કિનારે આવી લાગી) તો ફિરઔનના લોકોએ મૂસા (અલૈ.)ને (એટલે કે

પેટી સાથે) ઉઠાવી લીધા જેથી તેઓ તે લોકો માટે દુશ્મની અને ગમનું કારણ બને, નિઃશંક ! ફિરઔન અને હામાન અને તેમના તા'બેદારો (એ વિશે) ઘણું ભૂલ્યા (કે પોતાના દુશ્મનને પોતાની બગલમાં પાલવ્યો) અને (જ્યારે તેમને પેટીમાંથી કાઢીને ફિરઔનની સામે લાવવામાં આવ્યા તો) ફિરઔનની પત્ની (હઝરત આસિયા)એ (ફિરઔનને) કહ્યું કે આ (બાળક) મારી અને તારી આંખોની ઠંડક છે (એટલે કે તેને જોઈને જીવ ખુશ થયા કરશે માટે) તેને કતલ ન કરો, અજબ નથી કે (મોટો થઈને) આપણને કંઈક લાભ પહોંચાડે અથવા આપણે તેને (પોતાનો) બેટો જ બનાવી લઈએ અને તે લોકોને (પરિણામની) ખબર ન હતી (કે આ તે જ બાળક છે જેના હાથે ફિરઔનની સલ્તનતનો નાશ થશે) અને (આ બાજુ એ ઘટના બની કે) મૂસા (અલૈ.)ની વાલિદહનું દિલ (વિવિધ પ્રકારના વિચારોના આક્રમણથી) બેકરાર થઈ ગયું (અને બેકરારી પણ જેવી તેવી નહીં બલકે, એટલી સખત બેચેની હતી કે) નિકટ હતું કે (બેચેનીના કારણે) તેઓએ મૂસા (અલૈ.)ની હાલત (બધા સામે) જાહેર કરી આપી હોત જો અમે તેમના દિલને એ હેતુથી દૃઢ ન કરી રાખતા રહ્યા હોત કે તે (અમારા વાયદા ઉપર) યકીન કરીને (બેસી) રહે, (મતલબ કે ખૂબ મુશ્કેલીએ પોતાના મનને સંભાળ્યું અને યુક્તિ શરૂ કરી, તે એ છે કે) તેમણે મૂસા (અલૈ.)ની બહેન (એટલે કે પોતાની પુત્રી)ને કહ્યું, જરા મૂસા (અલૈ.)ની ભાળ તો કાઢો ? બસ, (તે ચાલી અને એ જાણીને કે પેટી મહેલમાં ખોલવામાં આવી છે, તેણી તે મહેલમાં પહોંચી, યા તો તેની મહેલમાં આવન જાવન રહેતી હશે, યા તો કોઈ યુક્તિ કરી ત્યાં પહોંચી હશે અને) તેમણે મૂસા (અલૈ.)ને દૂરથી જોયા અને તે લોકોને એ ખબર ન હતી (કે આ તેમની બહેન છે અને તે ચિંતાતૂર થઈને આવી છે) અને અમે પ્રથમથી જ (એટલે કે જ્યારથી પેટીમાંથી નીકળ્યા હતા) તે દૂધ પીવાડનારીઓને અટકાવી રાખી હતી (એટલે કે તેઓ કોઈનું દૂધ પીતા ન હતા) બસ, તે (આ હાલત જોઈને તક ઝડપી) કહેવા લાગી, શું હું તમને કોઈ એવા ઘરનું સરનામું બતાવું જે તમારા માટે આ બાળકનું પાલન પોષણ કરે અને તે (પોતાની પ્રકૃતિ પ્રમાણે દિલથી) તેનું ભલું ઈચ્છશે (આ લોકોને તે સમયે દૂધ પીવાડવામાં મુશ્કેલી પડી રહી હતી, આ સલાહને ગનીમત સમજીને એ ઘરનું સરનામું પૂછ્યું, તેમણે પોતાની વાલિદહનું સરનામું આપ્યું એટલા માટે તેમને બોલાવવામાં આવ્યા અને હઝરત મૂસા અલૈ.

તેમના ખોળામાં આપવામાં આવ્યા. તેમણે જતાંની સાથે જ દૂધ પીવાનું શરૂ કરી દીધું અને તે લોકોની પરવાનગીથી નિરાંતે હઝરત મૂસા અલૈ.ને પોતાના ઘરે લઈ આવ્યા અને થોડા થોડા દિવસે તેમને બતાવી આવતા હતા) મતલબ કે અમે મૂસા (અલૈ.)ને (આ પ્રમાણે) તેમની વાલિદહની પાસે (પોતાના વાયદા પ્રમાણે) પાછા પહોંચાડ્યા જેથી (પોતાની અવલાદને જોઈને) તેમની આંખો ઠંડી થાય અને જેથી (જુદાઈના) ગમમાં ન રહે અને જેથી એ વાતને (ચકાસણી કરીને ઔર વધારે યકીનની સાથે) જાણી લે કે અલ્લાહ તઆલાનો વાયદો સાચો (હોય) છે પરંતુ (અફસોસની વાત છે કે) ઘણા લોકો (તેનો) વિશ્વાસ નથી રાખતા. (આ કાફિરો માટે કહેવામાં આવ્યું છે.)

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ કસસ મક્કી સૂરતોમાં સૌથી અંતિમ સૂરત છે જે હિજરત સમયે મક્કા મુકર્રમહ અને જુહ્ફાહ (રાબિગ) વચ્ચે નાઝિલ થઈ. અમુક રિવાયતોમાં છે કે હિજરતની મુસાફરીમાં જ્યારે રસૂલે કરીમ ﷺ જુહ્ફાહ એટલે કે રાબિગ પાસે પહોંચ્યા ત્યારે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) આવ્યા અને રસૂલે કરીમ ﷺને કહ્યું કે, હે મુહમ્મદ ﷺ ! શું તમને તમારું વતન જેમાં તમે પેદા થયા યાદ આવે છે? તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હા ! જરૂર યાદ આવે છે. તેના ઉપર હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)એ કુર્આનની આ આયત સંભળાવી જેના ઉપર રસૂલે કરીમ ﷺને આ ખુશખબરી આપવામાં આવી હતી કે પરિણામે મક્કા મુકર્રમહ વિજયી થઈને આપના કબ્જામાં આવશે, તે આયત આ છે. اِنَّ الَّذِیْ فَرَضَ عَلَیْکَ الْقُرْاٰنَ لَرَآدُّکَ اِلٰی مَعَادٍ સૂરએ કસસમાં સૌ પ્રથમ હઝરત મૂસા (અલૈ.)નો કિસ્સો પહેલાં ટૂંકમાં પછી વિગતવાર વર્ણન થયો છે. અડધી સૂરત સુધી હઝરત મૂસા (અલૈ.)નો કિસ્સો ફિરઔન સાથે અને અડધી સૂરત સુધી કારૂન સાથે વર્ણન કરવામાં આવ્યો છે.

હઝરત મૂસા (અલૈ.)નો કિસ્સો સમગ્ર કુર્આનમાં ક્યાંક ટૂંકમાં તો ક્યાંક વિગતવાર વારંવાર આવ્યો છે. સૂરએ કહફમાં તો તેમના આ કિસ્સાની એ વિગત આવી છે જે હઝરત ખિજર (અલૈ.) સાથે બન્યું હતું, પછી સૂરએ તા-હામાં સંપૂર્ણ કિસ્સાની વિગત છે અને આ જ અમુક વિગતો સૂરએ નમ્લમાં આવી છે,

પછી સૂરએ કસસમાં તેનું પુનરાવર્તન થયું છે. સૂરએ તા-હામાં જ્યાં હઝરત મૂસા (અલૈ.) માટે અલ્લાહ તબારક વ તઆલાનો ઈરશાદ આ પ્રમાણે આવ્યો છે, وَلَقَدْ فَتَنَّاكَ فُتُوْنًا હદીષવેત્તાઓમાંથી ઈમામ નસઈ વગેરેએ આ સંપૂર્ણ કિસ્સાની પૂરેપૂરી વિગત ત્યાં જ લખી દીધી છે. નાચીઝે પણ ઈબ્ને કષીરના હવાલાથી આ સંપૂર્ણ વિગત સૂરએ તા-હામાં વર્ણન કરી આપી છે. આ કિસ્સાથી સંબંધિત વિવિધ વિભાગોની બધી જ ચર્ચા અને જરૂરી મસ્અલાઓ તથા ખુલાસાઓ અમુક સૂરએ કહફમાં અને બાકી સૂરએ તા-હામાં વર્ણન કરવામાં આવ્યા છે. મસ્અલા અને ચર્ચા માટે ત્યાં જોઈ લેવું પૂરતું થશે, અહીંયાં માત્ર આયતના શબ્દોની ટૂંકી તફસીરને પૂરતું સમજવામાં આવ્યું છે.

وَنُرِيْدُ اَنْ نَّمُنَّ عَلَى الَّذِيْنَ اسْتُضْعِفُوْا فِى الْاَرْضِ وَنَجْعَلَهُمْ اَئِمَّةً આ આયતમાં ફિરઔનની યુક્તિના મુકાબલામાં અલ્લાહ તઆલાની તકદીરનું ન જ માત્ર ઉચ્ચતમ્ અને છવાયેલું હોવું બલકે ફિરઔન અને તેના બધા દરબારીઓની અત્યંત મૂર્ખામીનું બલકે આંધળા બનવાનું વર્ણન છે કે જે બાળક વિશે સ્વપ્ન અને સ્વપ્નની તા'બીરની બીના ઉપર ફિરઔનને ભય લાગ્યો હતો અને જે બીનાએ બની ઈસ્રાઈલના નવજાત પુરુષ બાળકોને કાપી નાંખવાનો કાયદો લાગુ પાડવામાં આવ્યો હતો તેને અલ્લાહ તઆલાએ આ ફિરઔનના ઘરમાં પોતાના જ હાથોએ પાલન પોષણ કરાવ્યું અને માતાના સંતોષ માટે તેમના જ ખોળામાં આશ્ચર્યજનક પદ્ધતિથી હઝરત મૂસા (અલૈ.)ને પહોંચાડી દેવામાં આવ્યા, તેઓ ફિરઔન પાસેથી તેમને દૂધ પીવડાવવાનો ખર્ચ જે અમુક રિવાયતોમાં એક દીનાર દરરોજનો બતાવવામાં આવે છે વધારામાં વસૂલ કરતા રહ્યા. આ દૂધ પીવાડવાનું આ વળતર કારણ કે એક કાફિર હરબી પાસેથી તેની રાજી ખુશી સાથે લેવામાં આવ્યું છે એટલા માટે તેના જાઈઝ હોવામાં કોઈ શંકા નથી અને અંતે જે ભયને દૂર કરવા માટે સમગ્ર કોમ ઉપર આ અત્યાચાર કરવામાં આવ્યો હતો તે તેના જ ઘરની અંદર એક કઠોર લાવા બનીને ફૂટી પડયો અને સ્વપ્નની તા'બીર અલ્લાહે તેને પોતાની આંખોએ બતાવી દીધી. وَنُرِىَ فِرْعَوْنَ وَهَامٰنَ اِلَى مَا كَانُوْا يَحْذَرُوْنَ નો આ જ હેતુ છે.

وَاَوْحَيْنَآ اِلٰٓى اُمِّ مُوْسٰٓى માં શબ્દ وَحْى (વહય) આ સ્થળે શાબ્દિક અર્થમાં

ઉપયોગ થયો છે, અહીંયાં નુબુવ્વતની વહી ભાવાર્થ તરીકે નથી એની ચર્ચા સૂરએ તા-હામાં કરવામાં આવી ચૂકી છે.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૧૪ થી ૨૧)

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ وَاسْتَوٰٓى اٰتَيْنٰهُ حُكْمًا وَّ عِلْمًا ؕ وَكَذٰلِكَ نَجْزِى
الْمُحْسِنِيْنَ ﴿۱۴﴾ وَدَخَلَ الْمَدِيْنَةَ عَلٰى حِيْنِ غَفْلَةٍ مِّنْ اَهْلِهَا فَوَجَدَ
فِيْهَا رَجُلَيْنِ يَقْتَتِلٰنِ ۫ هٰذَا مِنْ شِيْعَتِهٖ وَهٰذَا مِنْ عَدُوِّهٖ ۚ فَاسْتَغَاثَهُ
الَّذِىْ مِنْ شِيْعَتِهٖ عَلَى الَّذِىْ مِنْ عَدُوِّهٖ ۙ فَوَكَزَهٗ مُوْسٰى فَقَضٰى عَلَيْهِ ۫
قَالَ هٰذَا مِنْ عَمَلِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ عَدُوٌّ مُّضِلٌّ مُّبِيْنٌ ﴿۱۵﴾ قَالَ رَبِّ
اِنِّىْ ظَلَمْتُ نَفْسِىْ فَاغْفِرْ لِىْ فَغَفَرَ لَهٗ ؕ اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿۱۶﴾ قَالَ رَبِّ
بِمَآ اَنْعَمْتَ عَلَىَّ فَلَنْ اَكُوْنَ ظَهِيْرًا لِّلْمُجْرِمِيْنَ ﴿۱۷﴾ فَاَصْبَحَ فِى الْمَدِيْنَةِ
خَآئِفًا يَّتَرَقَّبُ فَاِذَا الَّذِى اسْتَنْصَرَهٗ بِالْاَمْسِ يَسْتَصْرِخُهٗ ؕ قَالَ لَهٗ
مُوْسٰٓى اِنَّكَ لَغَوِىٌّ مُّبِيْنٌ ﴿۱۸﴾ فَلَمَّآ اَنْ اَرَادَ اَنْ يَّبْطِشَ بِالَّذِىْ هُوَ
عَدُوٌّ لَّهُمَا ۙ قَالَ يٰمُوْسٰٓى اَتُرِيْدُ اَنْ تَقْتُلَنِىْ كَمَا قَتَلْتَ نَفْسًا بِالْاَمْسِ ۖ
اِنْ تُرِيْدُ اِلَّآ اَنْ تَكُوْنَ جَبَّارًا فِى الْاَرْضِ وَمَا تُرِيْدُ اَنْ تَكُوْنَ مِنَ
الْمُصْلِحِيْنَ ﴿۱۹﴾ وَجَآءَ رَجُلٌ مِّنْ اَقْصَا الْمَدِيْنَةِ يَسْعٰى ؗ قَالَ يٰمُوْسٰٓى اِنَّ
الْمَلَاَ يَاْتَمِرُوْنَ بِكَ لِيَقْتُلُوْكَ فَاخْرُجْ اِنِّىْ لَكَ مِنَ النّٰصِحِيْنَ ﴿۲۰﴾ فَخَرَجَ
مِنْهَا خَآئِفًا يَّتَرَقَّبُ ؗ قَالَ رَبِّ نَجِّنِىْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۲۱﴾ ع ۸/۵

તરજુમો :

અને જ્યારે પોતાની પરિપક્વતાએ પહોંચી ગયા અને પરિપૂર્ણ થયા તો અમે

તેમને હિકમત અને જ્ઞાન અર્પણ કર્યું અને એ જ પ્રમાણે અમે નેકીવાળાઓને બદલો આપીએ છીએ. (૧૪) અને (મૂસા અલૈ.) શહેરની અંદર આવ્યા જે વખતે ત્યાંના લોકો ગાફેલ હતા, પછી તેમણે બે પુરુષોને લડતા જોયા, આ એક તેમના પોતાના જૂથમાંનો (જ્ઞાતિભાઈ) અને બીજો તેમના દુશ્મનોમાંથી, પછી જે તેમના પોતાના જૂથમાંથી હતો તેણે તેની ફરિયાદ કરી જે તેમના દુશ્મનોમાંથી હતો, પછી મૂસા (અલૈ.)એ તેને મુક્કો માર્યો, પછી તેને પૂરો કરી નાંખ્યો, (મૂસા અલૈ.એ) કહ્યું, આ શયતાનના કામમાંથી થયું, બેશક તે બહેકાવનાર ખુલ્લો દુશ્મન છે. (૧૫) (મૂસા અલૈ.એ) કહ્યું, હે મારા પરવરદિગાર ! મેં પોતાની જાતનું બુરું કર્યું, બસ મને મા'ફ કરી દે, પછી તેને મા'ફ કરી દીધું, બેશક તે જ મા'ફ કરનારો મહાદયાળુ છે. (૧૬) કહ્યું, હે મારા પરવરદિગાર ! જેમકે તેં મારા ઉપર કૃપા કરી ફરી હું ક્યારેય ગુનેહગારોનો મદદગાર નહીં થાઉં. (૧૭) પછી સવારે ઊઠ્યા તે શહેરમાં ડરતાં(-ડરતાં) રાહ જોતા જોતા, પછી અચાનક જેણે કાલે મદદ માંગી હતી તે આજે ફરી તેમનાથી ફરિયાદ કરે છે, મૂસા (અલૈ.)એ કહ્યું, બેશક ! તું ઉઘાડો માર્ગથી ફંટાયેલો છે. (૧૮) પછી જ્યારે ઈચ્છ્યું કે તેના ઉપર હાથ નાંખે જે તે બંનેનો દુશ્મન હતો, બોલી ઉઠ્યો, હે મૂસા (અલૈ.) ! શું તું ઈચ્છે છે કે મારી હત્યા કરે જેવી હત્યા કાલે એક વ્યક્તિની કરી ચૂક્યો છે !? તારો એવો જ ઈરાદો છે કે પ્રદેશમાં બળજબરી કરતો ફરે ? અને નથી ઈચ્છતો કે સુલેહ કરાવનારાઓમાંનો થાય ? (૧૯) અને શહેરની પેલી ભાગોળેથી એક વ્યક્તિ દોડતો આવ્યો, કહ્યું, હે મૂસા (અલૈ.) ! દરબારવાળા તારા ઉપર મશ્વરો કરી રહ્યા છે કે તને મારી નાંખે ! બસ તું નીકળી જા હું તારું ભલું ઈચ્છનારો છું. (૨૦) પછી ત્યાંથી ભયભીત થઈને નીકળ્યા, રાહ જોતા, બોલ્યા, હે પરવરદિગાર ! મને આ અન્યાયી (જાલિમ) કોમથી બચાવી લે. (૨૧)

તફસીર :

અને જ્યારે (પાલન પોષણ પામીને) પોતાની ભર યુવાની(ની ઉંમર)માં પહોંચ્યા અને (શારીરિક અને બૌદ્ધિક શક્તિઓથી) દુરુસ્ત થઈ ગયા તો અમે તેમને હિકમત અને જ્ઞાન અર્પણ કર્યું (એટલે કે નુબુવ્વતની પહેલાં જ સમજદારી

અને ઉચ્ચ કક્ષાની બુદ્ધિ અર્પણ કરી જેનાથી સારા અને નરસાનો તફાવત સમજી શકે) અને અમે નેકી કરનારાઓને આ જ રીતે બદલો આપતા રહીએ છીએ (એટલે કે નેક કર્મોથી જ્ઞાનના લાભોમાં વૃદ્ધિ થતી રહે છે, તેમાં ઈશારો છે કે ફિરઔનની માન્યતાઓને મૂસા અલૈ.એ ક્યારેય અપનાવી ન હતી બલકે તેમને તેનાથી સૂગ હતી) અને (આ જ સમયમાં એક ઘટના એવી બની કે એક વખતે) મૂસા (અલૈ.) શહેરમાં (એટલે કે મિસ્રમાં –કઝા ફિ રૂહ અન ઈબ્ને ઈસ્હાક –ક્યાંક બહારથી) એવા સમયે પહોંચ્યા કે ત્યાંના (ઘણા) નિવાસીઓ ગાફેલ (પડીને ઊંઘતા) હતા (મોટા ભાગની રિવાયતોથી આ સમય બપોરનો જણાય છે અને અમુક રિવાયતોથી અમુક રાત પસાર થયા પછીનો સમય જણાય છે. –કઝા ફિ દૂર્રે મન્સૂર) તો તેમણે ત્યાં બે વ્યક્તિઓને લડતા જોયા, એક તો તેમની જ્ઞાતિ (એટલે કે બની ઈસ્રાઈલ)માંનો હતો અને બીજો તેમના વિરોધીઓ (એટલે કે ફિરઔનના સંબંધિત કર્મચારીઓ)માંથી હતો (બંને કોઈ વાત ઉપર ઝઘડી રહ્યા હતા અને ફિરઔની વ્યક્તિ બળજબરી કરી રહ્યો હતો) બસ તે જે તેમની જ્ઞાતિનો હતો તેણે (જેવા) મૂસા (અલૈ.ને જોયા તો તેઓ)ને તેના મુકાબલામાં કે જે તેમના વિરોધીઓમાંથી હતો મદદ માંગી (મૂસા અલૈ.એ પ્રથમ તેને સમજાવ્યો, જ્યારે તેના ઉપર પણ તે પાછો ન વળ્યો) તો મૂસા (અલૈ.)એ (જુલમ દૂર કરવા માટે ચેતવણી સ્વરૂપે) તેને (એક) મુક્કો મારી દીધો અને તેનું કામ પૂરું કરી નાંખ્યું (એટલે કે અચાનક તે મરી ગયો) મૂસા (અલૈ. આ અપેક્ષા વિરુદ્ધ પરિણામથી ખૂબ પસ્તાયા અને) કહેવા લાગ્યા કે આ તો શયતાની હરકત થઈ ગઈ, બેશક ! શયતાન (પણ માનવીનો) ઉઘાડો દુશ્મન છે, કોઈ ભૂલમાં નાંખી દે છે (અને પસ્તાવો કરીને અલ્લાહ તઆલાથી) અરજ કરી કે હે મારા પરવરદિગાર ! મારાથી કુસૂર થઈ ગયો તું મા'ફ કરી આપ, બસ અલ્લાહ તઆલાએ મા'ફ કરી દીધું, નિ:શંક ! તે મહાન મા'ફ કરનાર મહાન દયાળુ છે (આ મા'ફી તથા જ્ઞાન નુબુવ્વત અર્પણ થવાના સમયે જાહેર થયું. فِى النَّمْلِ اِلَّا مَنْ ظَلَمَ ثُمَّ بَدَّلَ حُسْنًا بَعْدَ سُوْءٍ فَاِنِّىْ غَفُوْرٌ رَّحِيْمٌ અને તે સમયે જો કે કદાચ ઈલ્હામ દ્વારા જાણ થઈ ગઈ હોય અથવા બિલકુલ જ જાણ ન થઈ હોય) મૂસા (અલૈ.)એ (કુસૂરની તવબહની સાથે ભવિષ્ય વિશે પણ) અરજ કરી કે હે મારા પરવરદિગાર ! કારણ કે તેં મારા ઉપર (મોટા મોટા) ઈનામો કર્યા છે (જેનું વર્ણન સૂરએ તા-હામાં આવ્યું છે

(وَلَقَدْ مَنَنَّا عَلَيْكَ مَرَّةً اُخْرٰى اِلٰى قَوْلِهٖ وَلَا تَحْزَنْ) બસ, ક્યારેય હું અપરાધીઓની મદદ કરીશ નહીં (અહીંયાં مُجْرِمِيْنَ "મુજરિમીન"નો ભાવાર્થ તે છે જે અન્યો પાસે ગુનાહોનું કામ કરાવવા ઇચ્છે, કારણ કે કોઈનાથી ગુનાહ કરાવવો તે પણ અપરાધ છે તેમાં શયતાન પણ સામેલ થઈ ગયો કે તે ગુનાહ કરાવે છે અને ગુનાહ કરનારો તેની મદદ કરે છે, ભલે જાણીબૂઝીને હોય અથવા ભૂલથી જેમકે આ આયતમાં છે, وَكَانَ الْكَافِرُ عَلٰى رَبِّهٖ ظَهِيْرًا اَىْ لِلشَّيْطَانِ મતલબ એ થયો કે હું શયતાનનું કહ્યું ક્યારેય નહીં માનું, એટલે કે સંભવિત ખતાના મોકાએ કાળજી અને ખૂબ ચીવટથી કામ લઈશ અને મૂળ હેતુ એટલો જ છે પરંતુ ટૂંકમાં હુકમ સામેલ કરવા માટે 'મુજરિમીન' બહુવચનના સર્વનામથી લાવવામાં આવ્યું છે કે અન્યો માટે પણ આ નિયમ સામાન્ય થઈ જાય, મતલબ કે વચમાં તેની ચર્ચા થઈ ગઈ પરંતુ ઈસ્રાઈલી સિવાય કોઈ ભેદથી વાકેફ ન હતો અને કારણ કે તેના જ સમર્થનમાં આ ઘટના બની હતી એટલા માટે તેણે જાહેર ન કર્યું, એ કારણ કે કોઈને ખબર નથી પરંતુ મૂસા અલૈ.ને ભય રહ્યો એટલે સુધી કે રાત પસાર થઈ ગઈ) પછી મૂસા (અલૈ.) શહેરમાં સવાર થતાં ભય અને ખોફની હાલતમાં અચાનક (જુએ છે કે) તે જ વ્યક્તિ જેણે ગઈ કાલે તેમની મદદ ઇચ્છી હતી તે ફરી તેમને (મદદ માટે) પોકારી રહ્યો છે (કે કોઈ અન્યથી ઝઘડી પડ્યો હતો) મૂસા (અલૈ. આ જોઈને અને કાલની પરિસ્થિતિ યાદ કરીને તેનાથી નારાજ થયા અને) તેને કહેવા લાગ્યા, બેશક ! તું ઉઘાડો માર્ગ ભૂલેલો (વ્યક્તિ) છે (કે રોજ રોજ લોકોથી ઝઘડતો રહે છે. મૂસા અલૈ.ને પરિસ્થિતિની જાણ થઈ ગઈ હશે કે તેના તરફથી પણ કોઈ ગુસ્સો થયો છે પરંતુ બળજબરી ફિરઔનીની જોઈને તેને રોકવાનો ઇરાદો કર્યો) બસ, જ્યારે મૂસા (અલૈ.)એ તેના ઉપર હાથ ઉગામ્યો જે બંનેનો વિરોધી હતો (તેનો ભાવાર્થ ફિરઔની છે કે તે ઈસ્રાઈલીનો પણ વિરોધી હતો અને હઝરત મૂસા અલૈ.નો પણ કારણ કે મૂસા અલૈ. બની ઈસ્રાઈલમાંથી છે અને તે લોકો બધા બની ઈસ્રાઈલના વિરોધી હતા. જાણે કે મૂસા અલૈ.ને ચોક્કસ રીતે ઈસ્રાઈલી ન સમજ્યો હોય અથવા તો મૂસા અલૈ. કારણ કે ફિરઔનની રીતભાતથી નફરત કરતા હતા એ બાબત મશહૂર થઈ ગઈ હોવી જોઈએ, એટલા માટે ફિરઔનીઓ તેમના વિરોધી થઈ ગયા હોય. ખૈર, જે હોય તે. મૂસા અલૈ.એ તે ફિરઔની ઉપર હાથ ઉગામ્યો અને તેનાથી પહેલાં તેઓ ઈસ્રાઈલી ઉપર ખફા

થઈ ચૂક્યા હતા તો તેનાથી આ ઈસ્રાઈલીને શંકા થઈ કે કદાચ આજે મારા ઉપર વાર કરશે તેથી ગભરાઈને) તે ઈસ્રાઈલી કહેવા લાગ્યો, હે મૂસા (અલૈ.) ! શું (આજે) મને કતલ કરવા ઈચ્છો છો જેમકે કાલે એક વ્યક્તિને કતલ કરી ચૂક્યા છો ? (જાણ થાય છે કે) બસ, તમે દુનિયામાં પોતાનું જોર બેસાડવા ઈચ્છો છો અને સુલેહ (તથા મેળ મિલાપ) કરવા નથી ઈચ્છતા (આ વાક્ય તે ફિરઔનીએ સાંભળ્યું, હત્યારાની શોધખોળ થઈ રહી હતી અને આટલી જાણકારી મળી જવી ઘણી હતી, તરત ફિરઔનને ખબર પહોંચાડવામાં આવી, ફિરઔન પોતાના વ્યક્તિના માર્યા જવાથી ક્રોધે ભરાયેલો હતો. આ સાંભળીને ગુસ્સે થઈને અને કદાચ તેનાથી તેને પોતાના સ્વપ્નનો સંદેહ મજબૂત થઈ ગયો હોય કે ક્યાંક તે વ્યક્તિ આ જ ન હોય, ખાસ કરીને જો મૂસા અલૈ.નું ફિરઔનના તરીકાને નાપસંદ કરવું પણ ફિરઔનને જાણકારી હોય તો તેના કારણે અમુક દુશ્મની પણ થઈ ગઈ હોય, તેનાથી આ દુશ્મનીમાં વધારો થયો હોય. મતલબ કે તેણે પોતાના દરબારીઓને સલાહ મશ્વરો કરવા ભેગા કર્યા અને અંતિમ સલાહ હઝરત મૂસા અલૈ.ને કતલ કરવાની નક્કી થઈ) અને (આ સભામાં) એક વ્યક્તિ (મૂસા અલૈ.નો હમદર્દ અને ભલું ઈચ્છનાર હતો તે) શહેરની (આ) ભાગોળેથી (જ્યાં આ મશ્વરો થઈ રહ્યો હતો, મૂસા અલૈ.ની પાસે નજીકની ગલીઓએથી) દોડતો(–દોડતો) આવ્યો (અને) કહેવા લાગ્યો, હે મૂસા (અલૈ.) ! દરબારવાળા તમારા વિશે મશ્વરો કરી રહ્યા છે કે તમને કતલ કરી નાંખે, બસ તમે (અહીંયાંથી) ચાલ્યા જાઓ, હું તમારું ભલું કરી રહ્યો છું, બસ (આ સાંભળીને) મૂસા અલૈ. ત્યાંથી (કોઈપણ રીતે) નીકળી ગયા ભય અને દહેશતની હાલતમાં (અને કારણ કે માર્ગ ખબર ન હતી એટલે દુઆ સ્વરૂપે) કહેવા લાગ્યા કે હે મારા પરવરદિગાર! મને આ જાલિમ લોકોથી બચાવી લે (અને સલામતીવાળા સ્થળે પહોંચાડી આપ).

મસ્અલા અને બોધપાઠ :

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ وَاسْتَوٰٓى માં શબ્દ اَشُدَّ (અશુદ)નો શાબ્દિક અર્થ શક્તિ અથવા મજબૂતીની પરાકાષ્ઠા ઉપર પહોંચવું થાય છે, એટલે કે માનવી બાળપણની અશક્તિથી ક્રમે ક્રમે શક્તિ અને મજબૂતી તરફ વધે છે. એક સમય

એવો આવે છે કે તેના અસ્તિત્વમાં જેટલી શક્તિ અને મજબૂતી આવી શકતી હતી તે સંપૂર્ણ થઈ જાય છે, તે સમયને اَشُدَّ (અસુદ) કહેવામાં આવે છે અને આવું થવું પૃથ્વીના વિવિધ પ્રદેશો અને કોમોના સ્વભાવના આધારે તે વિવિધ પ્રકારે હોય છે. કોઈનો اَشُــــدَّ (અશુદ)નો સમય જલદી આવી જાય છે, કોઈનો મોડેથી, પરંતુ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને મુજાહિદ (રહ.)ની રિવાયત અબ્દુલ્લાહ બિન હુમય્દથી આ નકલ થઈ છે કે اَشُــدّ (અસુદ) ઉંમરના ૩૩ વર્ષમાં આવે છે, તેને سَنِ كَمَال (સને કમાલ) અથવા سَنِ وَقُوف (સને વકૂફ) કહેવામાં આવે છે, જેમાં શરીરનું સૌષ્ઠવ એક મર્યાદા ઉપર પહોંચીને રોકાઈ જાય છે, ત્યાર પછી ચાલીસ વર્ષની ઉંમર સુધી આ વકૂફનો સમય રહે છે તેને જ استوٰی (ઈસ્તવા)ના શબ્દથી ઓળખાવવામાં આવ્યું છે. ચાલીસ વર્ષ પછી કમજોરી અને અશક્તિ શરૂ થઈ જાય છે. તેનાથી જાણ થઈ કે ઉંમરમાં અસુદ ૩૩ વર્ષથી શરૂ થઈને ૪૦ વર્ષ સુધી રહે છે.

(રૂહ અને કુર્તુબી)

اٰتَيْنٰــهُ حُــكْـمًــا وَّعِلْمًا ط માં حُــكْم (હુકમ)નો ભાવાર્થ "નુબુવ્વત અથવા રિસાલત" છે. عِـلْـم (ઈલ્મ)નો ભાવાર્થ અલ્લાહ તઆલાની શરીઅતના હુકમોનું જ્ઞાન છે. وَدَخَـلَ الْمَدِيْنَةَ عَلٰى حِيْنِ غَفْلَةٍ مِّنْ اَهْلِهَا માં શબ્દ اَلْمَدِيْنَةُ (મદીનહ)નો ભાવાર્થ મોટા ભાગના તફસીરકારો નજીક મિસ્ર શહેર છે જેમાં પ્રવેશ થવાના શબ્દથી જાણ થઈ કે હઝરત મૂસા (અલૈ.) મિસ્રથી ક્યાંક બહાર ગયા હતા, પછી એક દિવસે તે શહેરમાં તેમણે એવા સમયે પ્રવેશ કર્યો જે સામાન્ય લોકો માટે નિંદ્રાનો સમય હતો. આગળ કિબતીની હત્યાના કિસ્સામાં એનું પણ વર્ણન છે કે આ તે જ સમય હતો જ્યારે હઝરત મૂસા (અલૈ.)એ પોતાની નુબુવ્વત અને રિસાલતની તથા દીને હકની જાહેરાત શરૂ કરી હતી. તેના પરિણામમાં અમુક લોકો તેમના તા'બેદાર અને ફરમાંબરદાર થઈ ગયા હતા જે તેમના અનુયાયીઓ કહેવાતા હતા. مِنْ شِيْعَتِهٖ નો શબ્દ એના ઉપર સાક્ષી છે, આ બધા જ ઈશારાથી તે રિવાયતને સમર્થન મળે છે જે ઈબ્ને ઈસ્હાક અને ઈબ્ને ઝૈદથી નકલ થયેલ છે કે જ્યારે મૂસા (અલૈ.)એ હોશ સંભાળ્યો અને દીને હકની અમુક વાતો લોકોથી કહેવા લાગ્યા, ફિરઔન તેમનો વિરોધી થઈ ગયો અને કતલનો ઈરાદો કર્યો પરંતુ ફિરઔનની પત્ની હઝરત આસિયાની દરખાસ્ત ઉપર તેમના કતલ કરવાના ઈરાદાથી પાછો ફર્યો પરંતુ તેમને શહેરથી બહાર કાઢી મૂકવાનો હુકમ આપવામાં

આવ્યો, ત્યારબાદ હઝરત મૂસા (અલૈ.) શહેરમાં કોઈ સ્થળે રહેવા લાગ્યા અને ક્યારેક ક્યારેક છુપાઈને મિસ્ર શહેરમાં આવતા હતા અને عَلٰى حِيْنِ غَفْلَةٍ مِّنْ اَهْلِهَا થી ભાવાર્થ ઘણા તફસીરકારો નજીક બપોરનો સમય છે જ્યારે કે લોકો બપોરની નિંદ્રામાં હતા. *(કુર્તુબી)*

فَوَكَزَهٗ مُوْسٰى માં શબ્દ وَكَزَ (વકઝ)નો અર્થ "મુક્કો મારવો" થાય છે, فَقَضٰى عَلَيْهِ અને قَضَاهُ અને قَضٰى ને રૂઢિપ્રયોગમાં ત્યારે બોલવામાં આવે છે જ્યારે કોઈ વ્યક્તિનું બિલકુલ કામ પૂરું કરીને ફારિગ થઈ જાય એટલા માટે અહીંયાં તેનો અર્થ "કતલ કરી નાંખવા"નો થાય છે. *(મઝહરી)*

قَالَ رَبِّ اِنِّىْ ظَلَمْتُ نَفْسِىْ فَاغْفِرْ لِىْ فَغَفَرَ لَهٗ આ આયતનો ભાવાર્થ એ છે કે આ કિબતી કાફિરની હત્યા જે હઝરત મૂસા (અલૈ.)થી વિના ઈરાદે થઈ ગઈ હતી, હઝરત મૂસા (અલૈ.)એ તેને પણ પોતાના નુબુવ્વત અને રિસાલતના મરતબા અને પયગમ્બરી માન સન્માનના લિહાજથી પોતાનો કુસૂર ઠરાવીને અલ્લાહ તઆલા પાસે મા'ફી માંગી. અલ્લાહ તઆલાએ મા'ફ કરી દીધા, અહીંયાં પ્રથમ સવાલ એ ઉપસ્થિત થાય છે કે આ કિબતી કાફિર શરઈ પરિભાષાના આધારે એક હરબી કાફિર હતો જેની હત્યા જાણીબૂઝીને થાય તો મબાહ અને જાઈઝ હતી, કારણ કે આ કોઈ ઈસ્લામી હુકૂમતનો જિમ્મી ન હતો, ન જ મૂસા (અલૈ.) સાથે તેનો કોઈ કરાર હતો, પછી હઝરત મૂસા (અલૈ.)એ તેને શયતાનનું કાર્ય અને કુસૂર કેમ ઠરાવ્યો ? તેને કતલ કરવો તો દેખીતી રીતે સવાબનું કારણ હોવું જોઈતું હતું કે તે એક મુસલમાન ઉપર જુલમ કરી રહ્યો હતો, તેને બચાવવા માટે આ હત્યા કરવામાં આવી. તેનો જવાબ એ છે કે કરાર જે રીતે મૌખિક અથવા લેખિત સ્વરૂપે હોય છે જેમકે મોટે ભાગે ઈસ્લામી હુકૂમતોમાં જવાબદાર વ્યક્તિઓ સાથે કોઈ કરાર અથવા કોઈ ગેરમુસ્લિમ હુકૂમતો સાથે સુલેહનો કરાર થાય છે અને આ કરાર સર્વસહમતીથી દરેક માટે અમલ કરવો ફરજિયાત હોય છે અને તેનો વિરોધ કરવો બળવાખોરી અને વાયદા ખિલાફીના કારણે હરામ હોય છે, એ જ પ્રમાણે એક અમલી કરારનો પ્રકાર પણ હોય છે તેની પાબંદી કરવી પણ લાજિમ અને તેનો વિરોધ કરવો કરારભંગ સમજવામાં આવે છે.

આ અમલી કરારનું સ્વરૂપ એ છે કે જે સ્થળે મુસલમાનો અને અમુક ગેરમુસ્લિમો કોઈ અન્ય હુકૂમતની સત્તા હેઠળ પરસ્પર શાંતિ અને સલામતીથી સાથે સાથે વસતા અને રહેતા હોય ત્યારે એકબીજા ઉપર આક્રમણ કરવું અથવા લૂટમાર કરવું બંને પક્ષે ગદ્દારી સમજવામાં આવતી હોય છે, આમ આ પ્રમાણેની સામાજિક વ્યવસ્થા અને વ્યવહાર પણ એક પ્રકારનો અમલી કરાર હોય છે, તેનો ભંગ કરવો જાઈઝ નથી. તેની દલીલ હઝરત મુગયરહ બિન શુઅ્બા (રદિ.)ની લાંબી હદીષ છે જેને ઈમામ બુખારી (રહ.)એ كِتَابُ الشُّرُوْط માં વિગતપૂર્વક રિવાયત કરી છે અને તેની ઘટના એ હતી હઝરત મુગયરહ ઈબ્ને શુઅ્બા (રદિ.) ઈસ્લામથી પહેલાં અજ્ઞાનતાના કાળમાં કાફિરોના એક જૂથ સાથે સંબંધ અને સામાજિક વ્યવહાર રાખતા હતા, પછી તેમને કતલ કરીને તેમનો માલ કબ્જે કરી લીધો અને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને મુસલમાન થઈ ગયા અને જે માલ તે લોકો પાસેથી લીધો હતો તેને રસૂલે કરીમ ﷺની સેવામાં રજુ કર્યો. આ ઘટના ઉપર રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો, اَمَّا الْاِسْلَامُ فَاقْبَلُ وَاَمَّا الْمَالُ فَلَسْتَ مِنْهُ فِيْ شَيْءٍ અને અબૂ દાવુદે આ રિવાયતમાં તેમના શબ્દો આ પ્રમાણે વર્ણવ્યા છે, اَمَّا الْمَالُ فَمَالُ غَدْرٍ لَاحَاجَةَ لَنَا فِيْهِ એટલે કે તમારો ઈસ્લામ તો અમે કબૂલ કરી લીધો હવે તમે મુસલમાન છો પરંતુ આ માલ એવો માલ છે જે ગદ્દારી અને કરારભંગ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યો છે એટલા માટે અમને આ માલની કોઈ જરૂરત નથી. બુખારીનો ખુલાસો લખનાર હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ ખુલાસામાં લખ્યું છે કે આ હદીષથી આ મસ્અલો નીકળે છે કે કાફિરોનો માલ શાંતિના સમયમાં લૂંટી લેવો હલાલ નથી કારણ કે એક વસ્તીમાં સાથે રહેનાર અથવા એકસાથે કામ કરનાર એકબીજાથી પોતાને સલામત સમજે છે. તેમનો આ અમલી કરાર પણ એક અમાનત છે જેનો અમાનત રાખનાર વ્યક્તિએ અદા કરવો ફરજ છે ભલે તે કાફિર હોય અથવા મુસ્લિમ અને કાફિરોનો માલ જે મુસલમાનો માટે હલાલ હોય છે તો તે માત્ર યુદ્ધ અને વિજયના સ્વરૂપમાં જ હલાલ હોય છે, શાંતિ અને સલામતીના સમયમાં જ્યારે કે એકબીજાથી પોતાને સલામત સમજી રહ્યા હોય કોઈ કાફિરનો માલ લૂંટી લેવો જાઈઝ નથી અને કુસ્તલાનીએ શરહે બુખારીમાં નોંધ્યું છે,

اِنَّ اَمْوَالَ الْمُشْرِكِيْنَ اِنْ كَانَتْ مَغْنُوْمَةً عِنْدَ الْقَهْرِ فَلَا يَحِلُّ اَخْذُهَا عِنْدَ الْاَمْنِ فَاِذَا كَانَ الْاِنْسَانُ مُصَاحِبًا لَّهُمْ فَقَدْ اَمِنَ كُلُّ وَاحِدٍ مِّنْهُمْ صَاحِبَهُ فَسَفْكُ الدِّمَاءِ وَ اَخْذُالْمَالِ مَعَ ذٰلِكَ غَدْرٌحَرَامٌ اِلَّا اَنْ يُّنْبَذَ اِلَيْهِمْ عَهْدُهُمْ عَلٰى سَوَاءٍ

"બેશક ! મુશ્રિકોનો માલ યુદ્ધ અને જિહાદના સમયે ગનીમત અને મબાહ છે પરંતુ શાંતિની પરિસ્થિતિમાં હલાલ નથી, એટલા માટે જે મુસલમાન કોઈ કાફિરની સાથે રહેતો વસતો હોય કે અમલી રીતે એકબીજાથી સલામત હોય તો એવી પરિસ્થિતિમાં કોઈ કાફિરનું ખૂન વહાવવું અથવા માલ જબરદસ્તી લઈ લેવો ગદ્દારી અને હરામ છે જ્યાં સુધી કે તેમના આ અમલી કરારને રદ કરવાની જાહેરાત કરવામાં ન આવે."

ખુલાસો એ છે કે કિબતીની હત્યા આ અમલી કરારની બીનાએ જો ઈરાદાપૂર્વક હોત તો જાઈઝ ન હતી પરંતુ હઝરત મૂસા (અલૈ.)એ તેની હત્યાનો ઈરાદો કર્યો ન હતો બલકે ઈસ્લાઈલી વ્યક્તિને તેના અત્યાચારથી બચાવવા માટે હાથથી મુક્કો માર્યો જે સ્વાભાવિક રીતે હત્યાનું કારણ બનતું નથી હોતું પરંતુ કિબતી આ મુક્કાથી મરી ગયો તો હઝરત મૂસા (અલૈ.)ને આ અહેસાસ થયો કે તેને દૂર કરવા માટે આ મુક્કાથી ઓછા પ્રમાણમાં પણ પૂરતું હતું, આ અતિરેક કરવો મારા માટે બરાબર ન હતો એટલા માટે તેમણે તેને શયતાનની પ્રવૃત્તિ ઠરાવીને તેનાથી મા'ફી માંગી.

ખુલાસો :

આ તહકીક હકીમુલ ઉમ્મત સય્યિદી હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.)ની છે જે તેમણે અરબી ભાષામાં અહકામુલ કુર્આનની સૂરએ કસસ લખતી વખતે કહી હતી અને આ અંતિમ જ્ઞાનપૂર્ણ ખુલાસો છે જેનો લાભ મુજ નાચીઝે હઝરત (રહ.)થી પ્રાપ્ત કર્યો, કારણ કે તેમનો આ ઈરશાદ બીજી રજ્જબ સન હિજરી ૧૩૬૪માં થયો હતો, ત્યારબાદ તેમની બીમારી ખૂબ વધી ગઈ અને ૧૬ રજ્જબે આ વિશ્વનો સૂર્ય આથમી ગયો. ઈન્નાલિલ્લાહ...

قَالَ رَبِّ بِمَآ اَنْعَمْتَ عَلَيَّ فَلَنْ اَكُوْنَ ظَهِيْرًا لِّلْمُجْرِمِيْنَ હઝરત મૂસા

(અલૈ.)ના આ કુસૂરને જ્યારે અલ્લાહ તઆલાએ મા'ફ કરી દીધો તો તેમણે આ નેઅ્મતના શુક્રમાં એ અરજ કરી કે હું ભવિષ્યમાં કોઈ અપરાધીની મદદ કરીશ નહીં. તેનાથી જાણ થઈ કે હઝરત મૂસા (અલૈ.)એ તે ઈસ્રાઈલીની મદદ માટે આ પગલું ભર્યું હતું. બીજી ઘટનાથી એ વાત સાબિત થઈ ગઈ હતી કે તે ઈસ્રાઈલી પોતે જ ઝઘડાખોર હતો, લડાઈ ઝઘડો કરવો તેની ટેવ હતી એટલા માટે તેને અપરાધી ઠરાવીને હવે પછી ભવિષ્યમાં આવા કોઈ વ્યક્તિની સહાય ન કરવાનું વચન લીધું અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ સ્થળે مُجْرِمِيْنَ (મુજરિમીન)ની તફસીર كَافِرِيْنَ (કાફિરીન)ની સાથે નકલ થઈ છે અને કતાદહે પણ લગભગ એવું જ કહ્યું છે. આ તફસીરની બીનાએ ઘટના એમ જાણ થાય છે કે આ ઈસ્રાઈલી જેની હઝરત મૂસા (અલૈ.)એ મદદ કરી હતી તે પણ મુસલમાન ન હતો પરંતુ તેને મઝલૂમ (જેના ઉપર અત્યાચાર થતો હોય) સમજીને તેની મદદ કરી, હઝરત મૂસા (અલૈ.)ના આ ઈરશાદથી બે મસ્અલા સાબિત થાય છે.

મસ્અલો :

પ્રથમ એ કે મઝલૂમ જો કાફિર હોય અથવા ફાસિક પણ, તેની મદદ કરવી જોઈએ અને બીજો મસ્અલો એ સાબિત થયો કે કોઈ અપરાધી જાલિમની મદદ કરવી જાઈઝ નથી. વિદ્વાનોએ આ આયતથી દલીલો કરીને જાલિમ સત્તાધારીઓની નોકરી કરવી પણ નાજાઈઝ ઠરાવી છે કે તે પણ તેમના જુલમમાં સામેલ સમજવામાં આવશે અને તેના ઉપર સલફે સાલિહીન (પુરોગામી બુઝુર્ગો)ની અનેકવિધ રિવાયતો નકલ કરી છે. (કમા ફિ રૂહુલ મઆની) કાફિરો અથવા જાલિમોની સહાયતા અથવા મદદના વિવિધ સ્વરૂપો છે અને તેના હુકમો ફિક્હની કિતાબોમાં વિગતવાર પ્રસ્તુત છે. નાચીઝે અહકામુલ કુર્આનમાં અરબી ભાષામાં આ જ આયતની નીચે આ મસ્અલાની સંપૂર્ણ વિગત અને તેનો ખુલાસો લખી દીધો છે, વિદ્વાનો ત્યાં જોઈ શકે છે.

•

•

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૨૨ થી ૨૮)

وَلَمَّا تَوَجَّهَ تِلْقَآءَ مَدْيَنَ قَالَ عَسٰى رَبِّىْٓ اَنْ يَّهْدِيَنِىْ سَوَآءَ السَّبِيْلِ ﴿٢٢﴾
وَلَمَّا وَرَدَ مَآءَ مَدْيَنَ وَجَدَ عَلَيْهِ اُمَّةً مِّنَ النَّاسِ يَسْقُوْنَ ۬ وَوَجَدَ مِنْ
دُوْنِهِمُ امْرَاَتَيْنِ تَذُوْدٰنِ ۚ قَالَ مَا خَطْبُكُمَا ؕ قَالَتَا لَا نَسْقِىْ حَتّٰى يُصْدِرَ
الرِّعَآءُ ٜ وَاَبُوْنَا شَيْخٌ كَبِيْرٌ ﴿٢٣﴾ فَسَقٰى لَهُمَا ثُمَّ تَوَلّٰٓى اِلَى الظِّلِّ فَقَالَ رَبِّ اِنِّىْ
لِمَآ اَنْزَلْتَ اِلَىَّ مِنْ خَيْرٍ فَقِيْرٌ ﴿٢٤﴾ فَجَآءَتْهُ اِحْدٰىهُمَا تَمْشِىْ عَلَى
اسْتِحْيَآءٍ ۫ قَالَتْ اِنَّ اَبِىْ يَدْعُوْكَ لِيَجْزِيَكَ اَجْرَ مَا سَقَيْتَ لَنَا ؕ فَلَمَّا
جَآءَهٗ وَقَصَّ عَلَيْهِ الْقَصَصَ ۙ قَالَ لَا تَخَفْ ۫ نَجَوْتَ مِنَ الْقَوْمِ
الظّٰلِمِيْنَ ﴿٢٥﴾ قَالَتْ اِحْدٰىهُمَا يٰٓاَبَتِ اسْتَاْجِرْهُ ۫ اِنَّ خَيْرَ مَنِ اسْتَاْجَرْتَ
الْقَوِىُّ الْاَمِيْنُ ﴿٢٦﴾ قَالَ اِنِّىْٓ اُرِيْدُ اَنْ اُنْكِحَكَ اِحْدَى ابْنَتَىَّ هٰتَيْنِ عَلٰٓى اَنْ
تَاْجُرَنِىْ ثَمٰنِىَ حِجَجٍ ۚ فَاِنْ اَتْمَمْتَ عَشْرًا فَمِنْ عِنْدِكَ ۚ وَمَآ اُرِيْدُ اَنْ
اَشُقَّ عَلَيْكَ ؕ سَتَجِدُنِىْٓ اِنْ شَآءَ اللّٰهُ مِنَ الصّٰلِحِيْنَ ﴿٢٧﴾ قَالَ ذٰلِكَ بَيْنِىْ
وَبَيْنَكَ ؕ اَيَّمَا الْاَجَلَيْنِ قَضَيْتُ فَلَا عُدْوَانَ عَلَىَّ ؕ وَاللّٰهُ عَلٰى مَا نَقُوْلُ وَكِيْلٌ ﴿٢٨﴾

તરજુમો :

અને જ્યારે મદયન તરફ માર્ગ લીધો, કહ્યું, આશા છે કે મારો પરવરદિગાર મને સીધા માર્ગ ઉપર લઈ જાય. (૨૨) અને જ્યારે મદયનના પાણી ઉપર પહોંચ્યા ત્યાં લોકોના એક જૂથને પાણી પીવાડતું જોયું અને તેમની પાછળ બે સ્ત્રીઓને જોઈ કે પોતાની બકરીઓ રોકીને ઊભી હતી, (મૂસા અલૈ.એ) કહ્યું, તમારી શું હાલત છે ? (સ્ત્રીઓ) બોલી, અમે ગોવાળિયાઓના (ઢોરો) ખસેડી લેવા સુધી પાણી નથી પીવાડતા અને અમારા બાપ મોટી ઉંમરના ઘરડા (માણસ) છે. (૨૩) પછી તેણે (મૂસા અલૈ.એ) તેમના ઢોરોને પાણી

પીવડાવી દીધું, પછી હટીને છાંયડા તરફ આવ્યા, બોલ્યા, હે પરવરદિગાર ! તું જે કંઈ સારી વસ્તુ મારા તરફ ઊતારે હું તેનો જ મોહતાજ છું. (૨૪) ત્યારબાદ તે બંનેમાંથી એક (સ્ત્રી) તેમની પાસે આવી, શરમાઈને ચાલતી હતી; બોલી, મારા પિતા તમને બોલાવે છે કે અમારા જાનવરોને તમે પાણી પીવડાવ્યું બદલામાં તેનો હક આપે; પછી જ્યારે તેમની પાસે પહોંચ્યા અને તેમણે અહેવાલ વર્ણન કર્યો (સ્ત્રીઓના પિતાએ) કહ્યું, ડરો નહીં ! તમે તે અન્યાયી (જાલિમ) કોમથી બચીને આવ્યા છો. (૨૫) તે બંને (સ્ત્રીઓ)માંથી એક બોલી, હે બાપ ! તેમને નોકર રાખી લો, અલબત્ત બહેતર નોકર જેને તમે રાખવા ઈચ્છો તે છે જે બળવાન (અને) પ્રમાણિક હોય. (૨૬) કહ્યું, હું ઈચ્છું છું કે બંનેમાંથી મારી એક પુત્રી તમારી નિકાહમાં આપું એ શરત ઉપર કે તમે મારી આઠ વર્ષ નોકરી કરો, પછી જો તમે દશ વર્ષ પૂર્ણ કરો તો તે તમારા તરફથી છે અને હું નથી ઈચ્છતો કે તમારા ઉપર તકલીફ નાંખું, જો અલ્લાહે ઈચ્છ્યું તમે મને નેક લોકોમાંથી પામશો. (૨૭) (મૂસા અલૈ.) બોલ્યા, આ મારા અને તમારા વચ્ચે વાયદો થઈ ચૂક્યો જે પણ મુદ્દત તે બંનેમાંથી પૂરી કરું; બસ, મારા ઉપર અતિરેક ન થાય અને જે આપણે કહીએ છીએ તેના ઉપર અલ્લાહનો ભરોસો ! (૨૮)

તફસીર :

અને જ્યારે (આ દુઆ કરીને એક દિશાએ અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખી ચાલ્યા અને ગય્બી મદદ વડે) મૂસા (અલૈ.)એ મદયન તરફ વાટ પકડી (કારણ કે રસ્તો ખબર ન હતો એટલા માટે અલ્લાહ તઆલા ઉપર ભરોસો અને પોતાના નફ્સને સાંત્વના આપવા માટે પોતાની જાતને જ) કહેવા લાગ્યા કે આશા છે કે મારો પરવરદિગાર મને (કોઈ સલામતીના સ્થળે) સીધા માર્ગે ચલાવશે (એટલા માટે એવું જ થયું અને મદયન પહોંચી ગયા) અને જ્યારે મદયનના પાણી (એટલે કે કૂવા) ઉપર પહોંચ્યા તો તેના ઉપર (અનેક) વ્યક્તિઓના એક જૂથને જોયું (જે આ કૂવેથી ખેંચી ખેંચીને પોતાના ઢોરોને) પાણી પીવડાવી રહ્યા હતા અને તે લોકોથી એક તરફ (અલગ) બે સ્ત્રીઓ જોઈ કે તે (પોતાની બકરીઓ) અટકાવી ઊભી છે; મૂસા (અલૈ.)એ (તેમને) પૂછ્યું, તમારો શું મતલબ છે ? તે બંને બોલી કે (અમારો નિત્યક્રમ એ છે કે) અમે (પોતાના

ઢોરોને) તે સમય સુધી પાણી નથી પીવાડતા જ્યાં સુધી કે આ ગોવાળિયાઓ (જે કૂવા ઉપર પાણી પીવડાવી રહ્યા છે) પાણી પીવડાવીને (જાનવરોને) ખસેડીને ન લઈ જાય (એક તો શરમના કારણે અને બીજું પુરુષો સાથે અશક્તોથી સંઘર્ષ ક્યાં થઈ શકવાનો છે ?) અને (આ પરિસ્થિતિમાં અમે ન આવ્યા હોત પરંતુ) અમારા પિતા ઘણા વૃદ્ધ છે (અને ઘર ઉપર કોઈ અન્ય કામ કરનારું જ નથી અને કામ કરવું જરૂરી છે એટલે અમારે મજબૂરીથી આવવું પડે છે) બસ, (આ સાંભળીને મૂસા અલૈ.ને દયા આવી અને) મૂસા (અલૈ.)એ તેમના માટે પાણી (ખેંચીને તેમના ઢોરોને) પીવડાવ્યું (અને તેમને રાહ જોવાની અને પાણી ખેંચવાની તકલીફથી બચાવ્યા) પછી (ત્યાંથી) હટીને (એક) છાંયડા(ની જગ્યા)એ જઈને બેઠા, (કદાચ તે પહાડનો છાંયડો હોય અથવા કોઈ વૃક્ષનો) પછી (અલ્લાહ તઆલાના દરબારમાં) દુઆ કરી કે હે મારા પરવરદિગાર ! (આ સમયે) જે નેઅ્મત પણ (થોડી અથવા વધારે) તું મને મોકલી આપે હું તેનો (સખત) જરૂરતમંદ છું, (કારણ કે આ મુસાફરીમાં કંઈ પણ ખાવા પીવાનું મળ્યું ન હતું, અલ્લાહ તઆલાએ તેની એ વ્યવસ્થા કરી કે તે બંને સ્ત્રીઓ પોતાના ઘરે ગઈ તો પિતાએ નિત્યક્રમ કરતાં વહેલાં આવવાનું કારણ પૂછ્યું, તેમણે હઝરત મૂસા અલૈ.નો સંપૂર્ણ કિસ્સો વર્ણન કર્યો તેમાંથી એક દિકરીને તેમને બોલાવવા માટે મોકલી) મૂસા (અલૈ.) પાસે એક સ્ત્રી આવી કે શરમાઈને ચાલતી હતી (કે જે ખાનદાની સ્ત્રીઓનું લક્ષણ હોય છે અને આવીને) કહેવા લાગી કે મારા પિતા તમને બોલાવે છે જેથી તમને તેનો બદલો આપે જે તમે અમારા માટે (અમારા જાનવરોને) પાણી પીવડાવી દીધું હતું (આ તે દિકરીઓને પોતાના પિતાની આદત ખબર થઈ હશે કે તેઓ અહેસાનનો બદલો આપ્યા કરતા હશે, હઝરત મૂસા અલૈ. સાથે થઈ ગયા. જો કે હેતુ હઝરત મૂસા અલૈ.નો ખરેખર પોતાની સેવાનું વળતર લેવાનો ન હતો પરંતુ સલામતીના સ્થળ અને કોઈ દોસ્ત અને આશરાની જરૂરત હતી એટલા માટે પરિસ્થિતિના તકાદા અનુસાર તેની તલાશમાં હતા અને જો ભૂખની કઠોરતા પણ ત્યાં જવાનું એક કારણ હોય તો પણ કોઈ વાંધો નથી અને તેને વળતર સાથે કોઈ સંબંધ નથી અને જિયાફતની દુઆ પણ ખાસ કરીને જરૂરતના સમયે અને વિશેષરૂપે દયાળુ અને નેક વ્યક્તિ પાસેથી કોઈ અપમાનની બાબત નથી, માર્ગમાં હઝરત મૂસા અલૈ.એ તે સ્ત્રીને કહ્યું કે તમે મારી પાછળ

થઈ જાઓ, હું ઈબ્રાહીમ અલૈ.ની અવલાદમાંથી છું, અજનબી સ્ત્રીઓને વિના કારણે વિના ઈરાદે જોવાનું પણ પસંદ નથી કરતો મતલબ કે તેઓ એ જ પ્રમાણે તે નેક વૃદ્ધ વ્યક્તિ પાસે પહોંચ્યા) બસ, જ્યારે તેમની પાસે પહોંચ્યા અને તેમને બધી પરિસ્થિતિ વર્ણન કરી તો તેમને (સાંત્વના આપી અને) કહ્યું કે (હવે) ભય ન રાખો, તમે જાલિમ લોકોથી બચીને આવ્યા, (કારણ કે આ સ્થળે ફિરઔનની સત્તા ન હતી. –કઝા ફિ રૂહ. –પછી) એક પુત્રીએ કહ્યું કે અબ્બાજાન (તમને માણસની જરૂર છે અને અમે યુવાન થઈ ગઈ, હવે ઘરમાં રહેવું યોગ્ય છે માટે) તમે તેમને નોકર રાખી લો કારણ કે સારો નોકર તે વ્યક્તિ છે જે મજબૂત (હોય અને) પ્રમાણિક (પણ) હોય (અને તેમનામાં બંને લક્ષણો છે કારણ કે તેમના પાણી ખેંચવાની શક્તિથી અને પ્રમાણિકતાભર્યા વ્યવહારથી ખાસ કરીને રસ્તામાં સ્ત્રીને પાછળ ચાલવાનું કહેવાથી તેમની પ્રમાણિકતા જાહેર થતી હતી અને પોતાના બાપને પણ કહ્યું હતું તેથી) તે (બુઝૂર્ગ હઝરત મૂસા અલૈ.ને) કહેવા લાગ્યા, હું ઈચ્છું છું કે આ બંને દિકરીઓમાંથી એકને તમારી સાથે પરણાવી દઉં એ શરતે કે તમે આઠ વર્ષો મારી નોકરી કરો (અને આ નોકરીનો બદલો તે જ નિકાહ છે, ખુલાસો એ કે આઠ વર્ષોની સેવા તે નિકાહની મહેર છે) પછી જો તમે દશ વર્ષ પૂરા કરી આપો તો આ તમારા તરફથી (અહેસાન) છે (એટલે કે મારા તરફથી કોઈ દબાણ નથી) અને હું (આ બાબતમાં) તમારા ઉપર કોઈ તકલીફ નાંખવા નથી ઈચ્છતો (એટલે કામ લેવાના અને સમયની પાબંદી વગેરેના મા'મલામાં સરળતા અને સહેલાઈથી વર્તીશ) તમે મને ઈન્શાઅલ્લાહ સારો વ્યવહાર કરનાર પામશો, મૂસા (અલૈ. રાજી થઈ ગયા અને) કહેવા લાગ્યા કે (બસ તો પછી) આ વાત મારા અને તમારા દરમિયાન (પાકી) થઈ ચૂકી, હું તે બંને મુદ્દતોમાંથી જે (મુદ્દત)ને પણ પૂર્ણ કરું મારા ઉપર કોઈ દબાણ થાય નહીં અને આપણે જે (વ્યવહાર)ની વાતચીત કરી રહ્યા છે અલ્લાહ તઆલા તેનો ગવાહ (તરીકે પૂરતો) છે (તેને હાજર નાજર સમજી કરાર પૂરો કરવો જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

وَلَمَّا تَوَجَّهَ تِلْقَآءَ مَدْيَنَ માં શબ્દ مَدْيَنَ (મદ્યન) શામ (સિરીયા)ના એક શહેરનું નામ છે, જે મદ્યન બિન ઈબ્રાહીમ (અલૈ.)ના નામથી પ્રખ્યાત છે. આ

પ્રદેશ ફિરઔની સત્તાથી બહાર હતો. મિસ્રથી મદ્‌યનનું અંતર આઠ મંઝિલોનું હતું. હઝરત મૂસા (અલૈ.)ને જ્યારે ફિરઔનના સૈનિકોના પીછો કરવાનો સ્વાભાવિક ડર લાગ્યો જે ન તો નુબુવ્વત અને મઆરિફતનો નકાર છે અને ન જ અલ્લાહ તઆલા ઉપર ભરોસાનો તો તેઓએ મિસ્રથી હિજરત કરવાનો ઈરાદો કર્યો અને મદ્‌યનની દિશા એટલા માટે નક્કી કરી કે મદ્‌યન પણ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની અવલાદની જ વસ્તી હતી અને હઝરત મૂસા (અલૈ.) પણ તેમની જ અવલાદમાંથી હતા.

તે સમયે હઝરત મૂસા (અલૈ.) બિલકુલ વંચિતતાની દશામાં એ રીતે મિસ્રથી નીકળ્યા હતા કે ન તો કોઈ ભાથું સાથે હતું અને ન જ કોઈ સામાન અને ન જ કોઈ માર્ગની ખબર હતી. આ નિઃસહાયતાની હાલતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફ ધ્યાનિત થઈને કહ્યું, عَسٰی رَبِّیۡۤ اَنۡ یَّهۡدِیَنِیۡ سَوَآءَ السَّبِیۡلِ એટલે કે, આશા છે કે મારો પરવરદિગાર મને માર્ગ બતાવશે. અલ્લાહ તઆલાએ આ દુઆ કબૂલ કરી. તફસીરકારોનું વર્ણન છે કે આ મુસાફરીમાં હઝરત મૂસા (અલૈ.)નો ખોરાક માત્ર ઝાડના પાંદડા હતા, હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે હઝરત મૂસા (અલૈ.)ની આ સૌ પ્રથમ કસોટી અને આજમાયશ હતી. હઝરત મૂસા (અલૈ.)ની કસોટીઓ અને આજમાયશોની વિગત સૂરએ તા-હામાં એક લાંબી હદીષથી વર્ણન થઈ ચૂકી છે.

وَلَمَّا وَرَدَ مَآءَ مَدۡیَنَ وَجَدَ عَلَیۡهِ اُمَّةً مِّنَ النَّاسِ یَسۡقُوۡنَ માં શબ્દ مَآءَ مَدۡیَنَ થી ભાવાર્થ "કૂવો" છે જયાંથી આ વસ્તીના લોકો પોતાના ઢોરોને પાણી પીવડાવતા હતા. وَوَجَدَ مِنۡ دُوۡنِهِمُ امۡرَاَتَیۡنِ تَذُوۡدٰنِ એટલે કે, બે સ્ત્રીઓને જોઈ કે તે પોતાની બકરીઓને પાણી તરફ જવાથી રોકી રહી હતી જેથી તેમની બકરીઓ બીજા લોકોની બકરીઓમાં ભેગી ન થઈ જાય.

قَالَ مَا خَطۡبُكُمَا قَالَتَا لَا نَسۡقِیۡ حَتّٰی یُصۡدِرَ الرِّعَآءُ سکتة وَاَبُوۡنَا شَیۡخٌ كَبِیۡرٌ માં શબ્દ خَطۡبِ (ખત્બ) શા'ન અને હાલતના અર્થમાં છે જ્યારે કે તે કોઈ આંદોલનનું કાર્ય હોય. ભાવાર્થ એ છે કે હઝરત મૂસા (અલૈ.)એ આ બંને સ્ત્રીઓને પૂછ્યું કે તમારી શું હાલત છે કે તમે પોતાની બકરીઓને અટકાવીને ઊભી છો ? બીજા લોકોની જેમ કૂવાની પાસે લાવીને પાણી નથી પીવડાવતી ? તે બંનેએ એ જવાબ

આપ્યો કે અમારી ટેવ એ જ છે કે અમે પુરુષોની સાથે ભેળસેળ થવાથી બચવા માટે ત્યાં સુધી પોતાની બકરીઓને પાણી નથી પીવાડતાં જ્યાં સુધી આ લોકો કૂવા ઉપર હોય છે, જ્યારે તેઓ ચાલ્યા જાય છે તો અમે પોતાની બકરીઓને પાણી પીવડાવીએ છીએ અને તેમાં જે આ સવાલ પેદા થતો હતો કે શું તમારો કોઈ પુરુષ નથી કે સ્ત્રીઓને આ કામ માટે નીકળવું પડ્યું ? તેનો જવાબ પણ આ સ્ત્રીઓએ સાથે જ આપી દીધો કે અમારા પિતા વૃદ્ધ અને અશક્ત છે, તે આ કાર્ય કરી શકતા નથી એટલા માટે અમે મજબૂર છીએ.

આ વાક્યથી અમુક મહત્ત્વના ખુલાસાઓ પ્રાપ્ત થયા. પ્રથમ એ કે અશક્તોની મદદ કરવી અંબિયા (અલૈ.)ની સુન્નત છે. હઝરત મૂસા (અલૈ.)એ બે સ્ત્રીઓને જોઈ કે બકરીઓને પાણી પીવડાવવા માટે લાવી છે પરંતુ તેમને લોકોના ટોળાના કારણે તક નથી મળી રહી તો તેમના હાલચાલ પૂછ્યા, બીજું એ કે અજનબી સ્ત્રીઓ સાથે જરૂરતના સમયે વાત કરવામાં કોઈ વાંધો નથી જ્યાં સુધી કે કોઈ ફિત્નાનો ભય ન હોય, ત્રીજું એ કે જો કે આ ઘટના તે સમયની છે જ્યારે કે સ્ત્રીઓ ઉપર પડદો જરૂરી ન હતો જેનો ક્રમ ઈસ્લામની શરૂઆતના સમય સુધી ચાલુ રહ્યો. મદીનાની હિજરત પછી સ્ત્રીઓ માટે પડદાના હુકમો નાઝિલ થયા પરંતુ તે સમયે પણ પડદાનો જે અસલ મકસદ છે તે સ્વાભાવિક શરાફત તથા લજ્જાના કારણે સ્ત્રીઓમાં મોજૂદ હતો કે આવશ્યકતા હોવા છતાં પુરુષો સાથે ભેળસેળ થવાને પસંદ ન કર્યું અને તકલીફ ઉઠાવવાનું કબૂલ કર્યું, ચોથું એ કે સ્ત્રીઓનું આ પ્રમાણેના કામો માટે બહાર નીકળવું તે સમયે પણ પસંદ કરવામાં આવતું ન હતું એટલા માટે તેમણે પોતાના પિતાની મા'જૂરીનું કારણ આગળ ધર્યું.

فَسَقٰى لَهُمَا એટલે કે, મૂસા (અલૈ.)એ તે સ્ત્રીઓ ઉપર દયા ખાઈને કૂવામાંથી પાણી ખેંચીને તેમની બકરીઓને ધરાવી દીધી. અમુક રિવાયતોમાં છે કે ગોવાળીયાઓની ટેવ એ હતી કે પોતાના ઢોરોને પાણી પીવડાવ્યા પછી કૂવો એક ભારે પથ્થરથી બંધ કરી દેતા હતા અને આ સ્ત્રીઓ પોતાની બકરીઓ માટે બચેલા, ઢોળાયેલા પાણીથી કામ ચલાવી લેતા હતા. આ ભારે પથ્થર એવો હતો જેને દશ વ્યક્તિઓ મળીને ઉઠાવતા હતા પરંતુ હઝરત મૂસા (અલૈ.)એ તેને એકલા જ ઉઠાવીને ખસેડી દીધો અને કૂવામાંથી પાણી ખેંચ્યું. કદાચ આ જ કારણે

તે સ્ત્રીઓમાંથી એકે હઝરત મૂસા (અલૈ.) વિશે પોતાના પિતાને એવું કહ્યું કે તેઓ મજબૂત છે. *(કુર્તુબી)*

ثُمَّ تَوَلّٰى اِلَى الظِّلِّ فَقَالَ رَبِّ اِنِّىْ لِمَآ اَنْزَلْتَ اِلَىَّ مِنْ خَيْرٍ فَقِيْرٌ હઝરત મૂસા (અલૈ.)ને સાત દિવસથી કોઈ વ્યવસ્થિત ખોરાક મળ્યો ન હતો એટલા માટે એક ઝાડના છાંયડામાં આવીને અલ્લાહ સામે પોતાની પરિસ્થિતિ અને જરૂરિયાત રજુ કરી જે દુઆ કરવાની એક રસપ્રદ પદ્ધતિ છે. શબ્દ خَيْر (ખયૂર) ક્યારેક માલના અર્થમાં પણ આવે છે, જેમકે اِنْ تَرَكَ خَيْرًا ۨالْوَصِيَّةَ માં છે તો ક્યારેક શક્તિના અર્થમાં પણ આવે છે, જેમકે اَهُمْ خَيْرٌ اَمْ قَوْمُ تُبَّعٍ માં છે અને ક્યારેક ખાવાના અર્થમાં પણ આવે છે જે આ સ્થળે ભાવાર્થ તરીકે છે. *(કુર્તુબી)*

فَجَآءَتْهُ اِحْدٰىهُمَا تَمْشِىْ عَلَى اسْتِحْيَآءٍ ز કુર્આની શૈલી પ્રમાણે અત્રે કિસ્સાને ટૂંકાવી દેવામાં આવ્યો છે. સમગ્ર ઘટના એવી બની કે આ સ્ત્રીઓ પોતાના નિશ્ચિત સમયથી પહેલાં જલદી ઘરે પહોંચી તો તેમના પિતાએ કારણ પૂછ્યું તો દિકરીઓએ ઘટના કહી સંભળાવી. પિતાએ ઇચ્છ્યું કે તે વ્યક્તિએ અહેસાન કર્યું છે તેનો ઉપકાર માનવો જોઈએ એટલા માટે તેમણે દિકરીઓમાંથી એકને બોલાવવા માટે મોકલી, આ દિકરી લજ્જા સહિત ચાલતી ત્યાં પહોંચી, તેમાં પણ ઈશારો છે કે પડદાના કાયદેસરના હુકમો નાઝિલ ન થયા હોવા છતાં નેક સ્ત્રીઓ પુરુષો સાથે એકદમ ખુલેઆમ વાતચીત કરતી ન હતી, જરૂરતની બીનાએ તેઓ ત્યાં પહોંચ્યા તો લજ્જા સહિત વાત કરી જેનું સ્વરૂપ અમુક વિવરણકારોએ એવું વર્ણન કર્યું છે કે પોતાના ચહેરાને બાંયથી છુપાવીને વાતચીત કરી. તફસીરની રિવાયતોમાં છે કે હઝરત મૂસા (અલૈ.) તેમની સાથે ચાલવા લાગ્યા ત્યારે છોકરીને કહ્યું કે તમે મારી પાછળ થઈ જાઓ અને મોઢેથી મને માર્ગ બતાવતા રહો, હેતુ એ હતો કે તેમની નજર છોકરી ઉપર ન પડે. કદાચ આ જ કારણે તે છોકરીએ પોતાના પિતાને તેઓ પ્રમાણિક હોવાનું વર્ણન કર્યું, આ સ્ત્રીઓના પિતા કોણ હતા તેમાં વિવરણકારોનો મતભેદ નકલ કરવામાં આવ્યો છે પરંતુ કુર્આને કરીમથી એ જ જાહેર થાય છે કે તેઓ હઝરત શુઅયૂબ (અલૈ.) હતા જેમકે કુર્આનમાં છે وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا *(કુર્તુબી)*

اِنَّ اَبِىْ يَدْعُوْكَ અહીંયાં એવું પણ હોઈ શકે છે કે આ છોકરી પોતે જ

પોતાના તરફથી તેમને આમંત્રણ આપે પરંતુ તેમણે એવું કહ્યું નહીં બલકે પોતાના પિતાને સંદેશ સંભળાવ્યો, કારણ કે કોઈ અજનબી પુરુષને પોતે ઘરે આવવાનું આમંત્રણ આપવું શરમ અને હયાના વિરુદ્ધ હતું.

اِنَّ خَيْرَ مَنِ اسْتَاْجَرْتَ الْقَوِيُّ الْاَمِيْنُ એટલે કે, શુઅયૂબ (અલૈ.)ની એક પુત્રીએ પોતાના પિતાને વિનંતી કરી કે તમને ઘરના કામો માટે નોકરની જરૂરત છે, તમે તેમને નોકર રાખી લો; કારણ કે નોકરમાં બે લક્ષણો હોવા જોઈએ. એક, કામ કરવાની શક્તિ અને ક્ષમતા તથા બીજું, પ્રમાણિકતા. અમને તેમના પથ્થર ઉઠાવીને પાણી પીવાડવાથી તેમની શક્તિ અને મજબૂતીનો અને માર્ગમાં છોકરીને પોતાની પાછળ ચાલવાનું કહેવાથી પ્રમાણિકતાનો અનુભવ થઈ ચૂક્યો છે.

કોઈ નોકર અથવા હોદ્દો સોંપવા માટે બે શરતો મહત્ત્વ ધરાવે છે :

હઝરત શુયઅૂબ (અલૈ.)ની પુત્રીઓના મુખ ઉપર મહાન હિકમતની વાત કહેવડાવી, આજકાલ સરકારી હોદ્દાઓ અને નોકરીઓ માટે કામની ક્ષમતા અને ડિગ્રીઓને તો જોવામાં આવે છે પરંતુ પ્રમાણિકતા અને નિષ્ઠા તરફ ધ્યાન આપવામાં આવતું નથી. તેનું પરિણામ એ છે કે સામાન્ય ઑફિસો અને હોદ્દાઓની કાર્યવાહીમાં સંપૂર્ણ સફળતાના બદલે લાંચ, સગાવાદ તથા શેહશરમ વગેરેના કારણે કાયદો સ્થિતિપ્રજ્ઞ થઈને રહી ગયો છે. અફસોસ ! લોકો આ કુર્આની માર્ગદર્શનની કદર કરે તો સમગ્ર વ્યવસ્થા ઠીક થઈ જાય.

قَالَ اِنِّىْٓ اُرِيْدُ اَنْ اُنْكِحَكَ اِحْدَى ابْنَتَيَّ هٰتَيْنِ એટલે કે, છોકરીઓના પિતા હઝરત શુઅયૂબ (અલૈ.)એ પોતે જ પોતાના તરફથી પોતાની દિકરીને તેમના નિકાહમાં આપવાનો ઈરાદો જાહેર કર્યો. એટલા માટે જાણ થાય છે કે દિકરીઓના વાલીને જોઈએ કે કોઈ નેક પુરુષ મળે તો તેની રાહ ન જુએ કે તેના તરફથી નિકાહ વિશે હિલચાલ થાય, બલકે પોતે જ ઈરાદો રજુ કરી દેવો અંબિયા (અલૈ.)ની સુન્નત છે. જેમકે હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)એ પોતાની દિકરી હઝરત હફસા (રદિ.) વિધવા થઈ ગયા પછી પોતે જ હઝરત સિદીકે અકબર અને હઝરત ઉસ્માન ગની (રદિ.)ને તેમની સાથે નિકાહની રજુઆત કરી હતી.

(કુર્તુબી)

اِحْدَى ابْنَتَيَّ هٰتَيْنِ હઝરત શુઅયૂબ (અલૈ.)એ બંને દિકરીઓમાંથી કોઈ

એકને નક્કી કરવાની વાતચીત નથી કરી, બલકે તેને મોઘમ રાખ્યું કે તેમાંથી કોઈ એકને તમારા નિકાહમાં આપવાનો ઈરાદો છે પરંતુ કારણ કે આ વાતચીત કાયદેસર નિકાહની વિધિની વાતચીત ન હતી જેમાં "ઈજાફ અને કુબૂલ" ગવાહોની સામે હોવું શરત છે, બલકે નિકાહની સગાઈની વાતચીત હતી કે તમને આઠ વર્ષો સુધીની નોકરી આ નિકાહના બદલામાં મંજૂર હોય તો અમે નિકાહ કરી આપીશું. હઝરત મૂસા (અલૈ.)એ તેના ઉપર કરાર કરી લીધો. આગળ ઉપર દેખીતું છે કે વિધિસર કાયદેસર નિકાહ થઈ ગયા હશે અને કુર્આને કરીમ સામાન્ય રીતે કિસ્સાઓના તે ભાગોને વર્ણન નથી કરતું જે ઘટનાનું બનવું તે વર્ણનશૈલીથી નિશ્ચિત હોય અને તહકીકની બીનાએ અહીંયાં એ સંદેહ નથી થઈ શકતો કે નિકાહ માટેની દિકરી નક્કી કર્યા વિના નિકાહ કઈ રીતે થઈ ગયા અથવા ગવાહો વિના કઈ રીતે નિકાહ સંપન્ન થયા ? *(કઝ્ઝા ફિ રૂંહ અને બયાનુલ કુર્આન)*

عَلٰٓی اَنۡ تَاۡجُرَنِیۡ ثَمٰنِیَ حِجَجٍ આ આઠ વર્ષની નોકરી અને સેવા નિકાહની મહર ઠરાવવામાં આવી, તેમાં ફુકહા ઈમામોનો મતભેદ છે કે પતિ પોતાની પત્નીની સેવા અને નોકરીને તેની મહર ઠરાવી શકે છે અથવા નહીં ? તેની સંપૂર્ણ વિગત દલીલો સાથે અરબી ભાષામાં અહકામુલ કુર્આન સૂરએ કસસમાં વિગતવાર લખવામાં આવી છે વિદ્વાનો ત્યાં જોઈ શકે છે, સામાન્ય લોકો માટે એટલું સમજી લેવું પૂરતું છે કે જો આ મહરનો મા'મલો શરીઅતે મુહમ્મદિય્યહ ﷺના સંદર્ભમાં દુરુસ્ત ન હોય પરંતુ બની શકે છે કે હઝરત શુઅયૂબ (અલૈ.)ની શરીઅતમાં દુરુસ્ત હોય અને અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં આ ગૌણ તફાવતો હોવું કતઈ નુસૂસ દ્વારા સાબિત થયેલ છે.

ઈમામે આ'ઝમ હઝરત અબૂ હનીફહ (રહ.)થી રિવાયતનું જાહેર રીતે એ જ સ્વરૂપ નકલ થયેલ છે કે પત્નીની સેવાને મહર બનાવી શકાતી નથી પરંતુ એક રિવાયત દ્વારા તેના ઉપર પાછળથી આવનાર વિદ્વાનોએ ફત્વો આપ્યો છે તે એ છે કે પોતે પત્નીની સેવા કરવાને મહર બનાવવી તો પતિના સન્માન અને માન મર્યાદા વિરુદ્ધ છે પરંતુ પત્નીનું કોઈ એવું કામ જે ઘરેથી બહાર જઈ કરવામાં આવે છે જેમકે ઢોરો ચરાવવું અથવા કોઈ વેપાર કરવો, જો તેમાં ઈજારાની શરત પ્રમાણે મુદ્દત નિશ્ચિત કરવામાં આવી હોય, જેમકે આ ઘટનામાં આઠ વર્ષોની

મુદ્દત નિશ્ચિત કરવામાં આવી છે તો તેનું સ્વરૂપ એ છે કે આ મુદ્દતની નોકરીનો પગાર જે પત્નીના માથે જરૂરી છે તો તે પગારને મહર ઠરાવવી જાઈઝ છે.

(ذَكَرَهُ فِى الْبَدَائِعِ عَنْ نَوَادِرِ ابْنِ سَمَاعَةَ)

હા ! એક બીજો પ્રશ્ન અત્રે એ ઉપસિથત થાય છે કે મહર તો પત્નીનો હક છે, પત્નીના બાપ અથવા જો કોઈ સગાં વહાલાંને સ્ત્રીની પરવાનગી વિના મહરની રોકડ રકમ આપવામાં આવે તો પણ મહર અદા નથી થતી. આ ઘટનામાં اَنْ تَأْجُرَنِىْ ના શબ્દો એના ઉપર ગવાહ છે કે પિતાએ તેમને પોતાના કામ માટે નોકરીએ રાખ્યા તો નોકરીનું જે વળતર છે તે પિતાને મળ્યું તો તે પત્નીની મહર કઈ રીતે ગણી શકાય ? તેનો જવાબ એ છે કે પ્રથમ તો એ પણ શક્ય છે કે આ બકરીઓ તે છોકરીઓની જ મિલ્કત હોય અથવા આ નોકરીનો લાભ એ સ્વરૂપે પોતે જ દિકરીઓને પહોંચ્યો. બીજું, જો બાપ જ બાપનું કામ કરે અને તેનો પગાર પિતાના માથે જરૂરી હોય તો આ મહરની રકમ દિકરીની પરગાનગીથી પિતા માટે પણ તેનો ઉપયોગ કરવો દુરુસ્ત છે, અત્રે દેખીતું છે કે આ મા'મલો દિકરીની પરવાનગીથી થયો છે.

મસ્અલો :

શબ્દ اُنْكِحَكَ (ઉન્કિહક)થી સાબિત થયું કે નિકાહનો મા'મલો પિતાએ કર્યો છે, ફુકહાની સર્વસહમતીથી એવું જ થવું જોઈએ કે દિકરીના વલી તેના નિકાહના મા'મલાની કફાલત કરે, દિકરી પોતે પોતાના નિકાહ ન કરે. એ બીજી વાત છે કે કોઈ છોકરી પોતે પોતાના નિકાહ કોઈ આવશ્યકતા અને મજબૂરીથી કરી લે તો તે નિકાહ થઈ જાય છે અથવા નહીં એમાં ફુકહા ઈમામોનો મતભેદ છે. ઈમામ આ'ઝમ અબૂ હનીફહ (રહ.) નજીક નિકાહ થઈ જાય છે અને આ આયત તેના વિશે કોઈ ફેંસલો નથી આપતી.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૨૯ થી ૩૫)

فَلَمَّا قَضٰى مُوْسَى الْاَجَلَ وَسَارَ بِاَهْلِهٖۤ اٰنَسَ مِنْ جَانِبِ الطُّوْرِ نَارًا ۚ قَالَ
لِاَهْلِهِ امْكُثُوْۤا اِنِّىْۤ اٰنَسْتُ نَارًا لَّعَلِّىْۤ اٰتِيْكُمْ مِّنْهَا بِخَبَرٍ اَوْ جَذْوَةٍ مِّنَ النَّارِ

لَعَلَّكُمْ تَصْطَلُوْنَ ﴿٢٩﴾ فَلَمَّآ اَتٰىهَا نُوْدِیَ مِنْ شَاطِئِ الْوَادِ الْاَيْمَنِ فِي الْبُقْعَةِ
الْمُبٰرَكَةِ مِنَ الشَّجَرَةِ اَنْ يّٰمُوْسٰۤى اِنِّیْۤ اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ ﴿٣٠﴾ وَاَنْ اَلْقِ عَصَاكَ ؕ
فَلَمَّا رَاٰهَا تَهْتَزُّ كَاَنَّهَا جَآنٌّ وَّلّٰى مُدْبِرًا وَّلَمْ يُعَقِّبْ ؕ يٰمُوْسٰۤى اَقْبِلْ وَلَا تَخَفْ قف
اِنَّكَ مِنَ الْاٰمِنِيْنَ ﴿٣١﴾ اُسْلُكْ يَدَكَ فِیْ جَيْبِكَ تَخْرُجْ بَيْضَآءَ مِنْ غَيْرِ
سُوْٓءٍ ۫ وَّاضْمُمْ اِلَيْكَ جَنَاحَكَ مِنَ الرَّهْبِ فَذٰنِكَ بُرْهَانٰنِ مِنْ رَّبِّكَ اِلٰى
فِرْعَوْنَ وَمَلَا۠ئِهٖ ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ﴿٣٢﴾ قَالَ رَبِّ اِنِّیْ قَتَلْتُ
مِنْهُمْ نَفْسًا فَاَخَافُ اَنْ يَّقْتُلُوْنِ ﴿٣٣﴾ وَاَخِیْ هٰرُوْنُ هُوَ اَفْصَحُ مِنِّیْ لِسَانًا
فَاَرْسِلْهُ مَعِیَ رِدْاً يُّصَدِّقُنِیْۤ ۫ اِنِّیْۤ اَخَافُ اَنْ يُّكَذِّبُوْنِ ﴿٣٤﴾ قَالَ سَنَشُدُّ
عَضُدَكَ بِاَخِيْكَ وَنَجْعَلُ لَكُمَا سُلْطٰنًا فَلَا يَصِلُوْنَ اِلَيْكُمَا ۚ بِاٰيٰتِنَآ ۚ اَنْتُمَا
وَمَنِ اتَّبَعَكُمَا الْغٰلِبُوْنَ ﴿٣٥﴾

معانقة عندالمتأخرين

તરજુમો :

પછી જ્યારે મૂસા (અલૈ.) તે મુદ્દત પૂરી કરી ચૂકયા અને પોતાના ઘરવાળાઓને લઈને ચાલ્યા, તૂર પહાડ તરફથી એક આગ જોઈ, પોતાના ઘરવાળાઓને કહ્યું, થોભો ! મેં એક આગ જોઈ છે, કદાચ તમારી પાસે ત્યાંની કોઈ ખબર લઈ આવું અથવા આગનો અંગારો, જેથી તમે તાપો. (૨૯) પછી જ્યારે તેની પાસે પહોંચ્યા અવાજ આવ્યો મેદાનના જમણા કિનારેથી બરકતવાળા તખ્તામાં એક વૃક્ષેથી કે હે મૂસા (અલૈ.) ! હું છું ! હું અલ્લાહ, કુલ વિશ્વનો પરવરદિગાર. (૩૦) અને એ કે પોતાની લાઠી નાંખી દો, પછી જ્યારે તેને હાલતો (ફૂંફાડતો) જોયો જેમકે સાપ, પછી મોઢું ફેરવીને પાછા ફર્યા અને પાછું ફરીને ન જોયું; હે મૂસા (અલૈ.) ! આગળ આવો અને ડરો નહીં, તમને કોઈ ભય નથી. (૩૧) પોતાનો હાથ પોતાના ગિરેબાનમાં નાંખો, કોઈ બુરાઈ (બીમારી) વિના સફેદ (ચમકતો) થઈને નીકળી આવશે

અને પોતાના તરફ પોતાના બાવડાં ડર (દૂર કરવા) માટે મિલાવી લો, બસ આ બે સનદો (પ્રમાણો) તમારા પરવરદિગાર તરફથી ફિરઔન અને તેના સરદારો ઉપર છે, બેશક તે લોકો નાફરમાન હતા. (૩૨) (મૂસા અલૈ.એ) કહ્યું, હે મારા પરવરદિગાર ! મેં તેમનામાં એક વ્યક્તિની હત્યા કરી છે, બસ ડરું છું કે (તેઓ) મને મારી નાંખશે. (૩૩) અને મારો ભાઈ હારૂન (કે) તેમની જીભ મારાથી વધારે ચાલે છે (સ્પષ્ટ વક્તા છે), બસ તેમને મારી સાથે મદદે મોકલી આપ કે મારું સમર્થન કરે, હું ડરું છું કે (તેઓ) મને જૂઠાડશે. (૩૪) ફરમાવ્યું, અમે તારા બાવડાં તારા ભાઈ વડે મજબૂત કરી આપીશું અને તમને વર્ચસ્વ આપીશું, પછી તેઓ તમારા સુધી પહોંચી નહીં શકે અમારી નિશાનીઓથી, તમે અને જે તમારી સાથે છે વિજયી રહેશો. (૩૫)

તફસીર :

પછી જ્યારે મૂસા (અલૈ.) આ સમય પૂરો કરી ચૂક્યા અને (હઝરત શુઅયૂબ અલૈ.ની પરવાનગીથી) પોતાની પત્નીને લઈને (મિસ્ર અથવા સિરીયા માટે) રવાના થયા તો (એક રાત્રે એવું બન્યું કે ખૂબ ઠંડી હતી અને માર્ગ પણ ભૂલી ગયા હતા તે સમયે) તેમને તૂર પર્વત તરફથી એક (પ્રકાશ સ્વરૂપે) આગ દેખાઈ, તેમણે પોતાના ઘરવાળાઓને કહ્યું કે તમે (અહીંયાં જ) થોભેલા રહો મેં એક આગ જોઈ છે (હું ત્યાં જાઉં છું) કદાચ હું તમારી પાસે ત્યાંથી (માર્ગની) કંઈક ખબર લાવું અથવા કોઈ આગનો (સળગતો) અંગારો લઈ આવું જેથી તમે તાપી લો, બસ જ્યારે તેઓ આગની પાસે પહોંચ્યા તો તેમને આ મેદાનની જમણી દિશાએથી (કે જે હઝરત મૂસા અલૈ.ની જમણી બાજુએ હતી) આ મુબારક સ્થળે એક વૃક્ષમાંથી અવાજ આવ્યો કે હે મૂસા (અલૈ.) ! હું કુલ વિશ્વનો પરવરદિગાર છું અને એ (પણ અવાજ આવ્યો) કે તમે પોતાની લાઠી નાંખી દો (એટલા માટે તેમણે નાંખી દીધી અને તે સાપ બનીને ચાલવા લાગી) બસ તેમણે જ્યારે તેને હાલતી જોઈ જેમકે પાતળો સાપ (ગતિશીલ) હોય છે તો પીઠ ફેરવીને નાઠા અને પાછું વળીને પણ ન જોયું, (હુકમ થયો કે) હે મૂસા (અલૈ.) ! આગળ આવો અને ડરો નહીં, (તમે દરેક રીતે) શાંતિ (સલામતી)માં છો (અને આ કોઈ અસંભવ વાત નથી બલકે અમારો મોઅ્‌જિઝો છે અને બીજો મોઅ્‌જિઝો આ અર્પણ થાય છે

કે) તમે પોતાનો હાથ ગિરેબાનની અંદર નાંખો (અને પછી બહાર કાઢો) તે કોઈ બીમારી વિના ખૂબ પ્રકાશિત થઈને નીકળશે અને (જો આ લાઠીના સાપ બનવાના મોઅ્જિઝાથી પણ સ્વાભાવિક ડર અને આશ્ચર્ય પેદા થાય તો) ડર (દૂર કરવા) માટે પોતાનો (તે) હાથ (પછી) પોતાના (ગિરેબાન અને બગલ)થી (તે અગાઉ પ્રમાણે) મેળવી લેવો (જેથી તે ફરી મૂળ હાલત ઉપર આવી જાય અને પછી સ્વાભાવિક ડર પણ ન લાગે) બસ આ (તમારી નુબુવ્વતની) બે સનદો (અને બે દલીલો) છે તમારા પરવરદિગાર તરફથી ફિરઔન અને તેના સરદારો પાસે જવા માટે (જેનો તમને હુકમ કરવામાં આવે છે કારણ કે) તે મોટા નાફરમાન લોકો છે, તેમણે વિનંતી કરી કે હે મારા પરવરદિગાર ! (હું જવા માટે હાજર છું પરંતુ તારી ખાસ મદદની જરૂરત છે કારણ કે) મેં તેમનામાંના એક વ્યક્તિનું ખૂન કરી નાંખ્યું હતું, બસ મને ભય છે કે (ક્યાંક શરૂઆતમાં જ) તે લોકો મને કતલ કરી નાંખે (કે તબ્લીગ પણ ન થવા પામે) અને (બીજી વાત એ છે કે મારી જીભ પણ વધારે ચાલતી નથી અને) મારા ભાઈ હારૂનની જીભ મારાથી વધારે ચાલે છે (તેઓ સ્પષ્ટ વક્તા છે) તો તેમને પણ મારા સહાયક બનાવીને મારી સાથે રિસાલત આપી દે કે (તેઓ મારા પ્રવચનનું સમર્થન અને) ખરાઈ (વિગતવાર અને સંપૂર્ણ રીતે) કરશે (કારણ કે) મને સંદેહ છે કે તે લોકો (ફિરઔન અને તેના દરબારીઓ) મને જૂઠાડશે (તો તે સમયે મુનાજરો કરવાની આવશ્યકતા પડશે અને મૌખિક મુનાજરાના માટે સ્વાભાવિક રીતે બે વ્યક્તિઓ વધારે લાભદાયી હોય છે જેમની જીભ વધારે ચાલતી હોય અને સ્પષ્ટ વક્તા હોય) ઈરશાદ થયો, (સારું) અમે હમણા તમારા ભાઈને તમારા બાવડાંનું બળ બનાવી આપીએ છીએ (એક દરખાસ્ત તો આ મંજૂર થઈ) અને (બીજી દરખાસ્તની મંજૂરી એ પ્રમાણે થઈ કે) અમે તમને બંનેને એક ખાસ દબદબો (અને પ્રભાવ) અર્પણ કરીએ છીએ જેનાથી તે લોકોને તમારા ઉપર વર્ચસ્વ પ્રાપ્ત થશે નહીં (બસ), અમારા મોઅ્જિઝાઓ લઈને તમે બંને અને જે તમારા અનુયાયીઓ હશે (તે લોકો ઉપર) વિજયી રહેશો.

મસ્અલા અને બોધપાઠ :

فَلَمَّا قَضٰى مُوْسَى الْاَجَلَ એટલે કે જ્યારે હઝરત મૂસા (અલૈ.)એ નિશ્ચિત મુદત સુધી નોકરી પૂર્ણ કરી જે આઠ વર્ષો ફરજિયાત અને બે વર્ષો સ્વૈચ્છિક હતા.

બસ, અત્રે પ્રશ્ન એ છે કે હઝરત મૂસા (અલૈ.)એ માત્ર આઠ વર્ષ પૂરા કર્યા અથવા દશ વર્ષ ? સહીહ બુખારીમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ને આ સવાલ કરવામાં આવ્યો તો તેમણે ફરમાવ્યું કે, તેમણે વધારે મુદ્દત એટલે કે દશ વર્ષ પૂરા કર્યા કે અંબિયા (અલૈ.)ની એ જ શા'ન હોય છે કે જે કંઈ કહે છે તે પૂર્ણ કરે છે. રસૂલે કરીમ ﷺની ટેવ પણ એવી હતી કે હકદારને તેના હકથી વધારે આપતા હતા અને ઉમ્મતને એનું જ માર્ગદર્શન આપ્યું છે કે મજૂરી અને ખરીદ વેચાણમાં સમાધાનકારી વલણ રાખીને દયાભાવથી કામ લેવામાં આવે.

نُوْدِیَ مِنْ شَاطِیءِ الْوَادِ الْاَیْمَنِ (الی) اِنِّیْۤ اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِیْنَ મૂસા (અલૈ.)ના કિસ્સાના સંદર્ભમાં આ વિષય સૂરએ તા-હા અને સૂરએ નમ્લમાં આવી ચૂક્યો છે, સૂરએ તા-હામાં છે اِنِّیْۤ اَنَا رَبُّكَ અને સૂરએ નમ્લમાં આવ્યું છે, نُوْدِیَ اَنْۢ بُوْرِکَ مَنْ فِی النَّارِ અને આ સૂરતમાં છે, اِنِّیْۤ اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِیْنَ આ શબ્દો જો કે ભિન્ન ભિન્ન છે પરંતુ દરેકનો અર્થ લગભગ એકસમાન છે, કિસ્સાના દરેક ઘટનાક્રમ ઉપર યોગ્ય શબ્દો યોગ્ય સ્થળે વર્ણન કરવામાં આવ્યા છે. (કઝા કાલલ્ ઈમામ) અને આ આગના સ્વરૂપની તજલ્લી એક ઉદાહરણ હતું કારણ કે અલ્લાહ તઆલાની પોતાની તજલ્લીનો આ જગતમાં કોઈને સાક્ષાત્કાર નથી થઈ શકતો અને પોતે મૂસા (અલૈ.)ને પણ આ પોતાની તજલ્લીના સંદર્ભમાં لَنْ تَرٰىنِیْ કહેવામાં આવ્યું છે, એટલે કે તમે મને જોઈ શકતા નથી. એનો ભાવાર્થ હક તઆલા શા'નુહૂની જાતના પ્રત્યક્ષ દર્શન છે.

નેક કર્મોનું સ્થળ પણ બરકતવાળું થઈ જાય છે :

فِی الْبُقْعَةِ الْمُبٰرَكَةِ તૂર પહાડના આ સંદેશને કુર્આને કરીમે بُقْعَةً مُّبَارَکَةً કહ્યું છે અને દેખીતું એ છે કે તેનું મુબારક હોવાનું કારણ એ ખુદાઈ તજલ્લી છે જે તે સ્થળે આગ વરૂપે બતાવવામાં આવી. એનાથી જાણ થઈ કે જે સ્થળે કોઈ નેક અને મહત્ત્વનું કાર્ય સંપન્ન થયું હોય છે તે સ્થળ પણ બરકતવાળું થઈ જાય છે.

પ્રવચન (વઅ્ઝ)માં સારું સંબોધન અને ઉચ્ચ શૈલી ઇચ્છનીય છે :

هُوَ اَفْصَحُ مِنِّیْ لِسَانًا એનાથી જાણ થાય છે કે વઅ્ઝ અને તબ્લીગમાં વાતચીતની ઉચ્ચ શૈલી અને સ્પષ્ટ સ્વીકૃત સંબોધન તથા રસપ્રદ વર્ણનશૈલી ઈચ્છનીય છે, તેને પ્રાપ્ત કરવાના પ્રયત્નો ટીકાપાત્ર નથી.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૩૬ થી ૪૨)

فَلَمَّا جَآءَهُم مُّوسَىٰ بِـَٔايَٰتِنَا بَيِّنَٰتٍ قَالُواْ مَا هَٰذَآ إِلَّا سِحۡرٞ مُّفۡتَرٗى وَمَا سَمِعۡنَا
بِهَٰذَا فِيٓ ءَابَآئِنَا ٱلۡأَوَّلِينَ ﴿٣٦﴾ وَقَالَ مُوسَىٰ رَبِّيٓ أَعۡلَمُ بِمَن جَآءَ بِٱلۡهُدَىٰ
مِنۡ عِندِهِۦ وَمَن تَكُونُ لَهُۥ عَٰقِبَةُ ٱلدَّارِۖ إِنَّهُۥ لَا يُفۡلِحُ ٱلظَّٰلِمُونَ ﴿٣٧﴾
وَقَالَ فِرۡعَوۡنُ يَٰٓأَيُّهَا ٱلۡمَلَأُ مَا عَلِمۡتُ لَكُم مِّنۡ إِلَٰهٍ غَيۡرِي فَأَوۡقِدۡ لِي يَٰهَٰمَٰنُ
عَلَى ٱلطِّينِ فَٱجۡعَل لِّي صَرۡحٗا لَّعَلِّيٓ أَطَّلِعُ إِلَىٰٓ إِلَٰهِ مُوسَىٰ وَإِنِّي لَأَظُنُّهُۥ مِنَ
ٱلۡكَٰذِبِينَ ﴿٣٨﴾ وَٱسۡتَكۡبَرَ هُوَ وَجُنُودُهُۥ فِي ٱلۡأَرۡضِ بِغَيۡرِ ٱلۡحَقِّ وَظَنُّوٓاْ أَنَّهُمۡ إِلَيۡنَا لَا
يُرۡجَعُونَ ﴿٣٩﴾ فَأَخَذۡنَٰهُ وَجُنُودَهُۥ فَنَبَذۡنَٰهُمۡ فِي ٱلۡيَمِّۖ فَٱنظُرۡ كَيۡفَ كَانَ عَٰقِبَةُ
ٱلظَّٰلِمِينَ ﴿٤٠﴾ وَجَعَلۡنَٰهُمۡ أَئِمَّةٗ يَدۡعُونَ إِلَى ٱلنَّارِۖ وَيَوۡمَ ٱلۡقِيَٰمَةِ لَا يُنصَرُونَ ﴿٤١﴾
وَأَتۡبَعۡنَٰهُمۡ فِي هَٰذِهِ ٱلدُّنۡيَا لَعۡنَةٗۖ وَيَوۡمَ ٱلۡقِيَٰمَةِ هُم مِّنَ ٱلۡمَقۡبُوحِينَ ﴿٤٢﴾ ع

તરજુમો :

પછી જ્યારે મૂસા (અલૈ.) તેમની પાસે મારી સ્પષ્ટ નિશાનીઓ લઈને પહોંચ્યા; (તેમણે) કહ્યું, બીજું કંઈ નથી આ ઘડી કાઢેલ જાદૂ છે અને અમે આવું પોતાના આગલા બાપદાદાઓથી સાંભળ્યું નથી. (૩૬) અને મૂસા (અલૈ.)એ કહ્યું, મારો પરવરદિગાર તો સારી પેઠે જાણે છે જે કોઈ તેની પાસેથી હિદાયતની વાત લાવ્યું છે અને જેને આખિરતનું ઘર મળશે, નિઃશંક અન્યાયીઓનું ભલું થશે નહીં. (૩૭) અને ફિરઔન બોલ્યો, હે દરબારીઓ! મને તો ખબર નથી તમારો મારા સિવાય કોઈ હાકિમ હોય, જેથી હે હામાન, બસ મારા માટે ગાળાને આગ આપ (ઈંટો બનાવ), પછી મારા માટે એક મહેલ બનાવ જેથી હું (ત્યાં ચઢી) મૂસા (અલૈ.)ના પરવરદિગારને જોઈ લઉં અને મારા અનુમાનથી તો તે જૂઠો છે. (૩૮) અને તે અને તેનું લશ્કર પ્રદેશમાં નાહક અભિમાન કરવા લાગ્યા અને સમજ્યા કે તેઓ અમારા તરફ પાછા વળીને આવશે નહીં. (૩૯) પછી અમે તેને અને તેના સૈન્યોને

પકડ્યા, પછી અમે તેમને દરિયામાં ફેંકી દીધા, બસ જોઈ લો ! ગુનેહગારો (જાલિમો)નું કેવું પરિણામ આવ્યું ?! (૪૦) અને અમે તેમને આગેવાન બનાવ્યા કે દોઝખ તરફ બોલાવે છે અને કયામતના દિવસે તેમને મદદ મળશે નહીં. (૪૧) અને અમે તેમના ઉપર આ દુનિયામાં ફિટકાર પાછળ લગાડી અને કયામતના દિવસે તેમના ઉપર બુરાઈ છે. (૪૨)

તફસીર :

અલબત્ત જ્યારે તે લોકોની પાસે મૂસા (અલૈ.) અમારી ખુલ્લી દલીલો લઈને આવ્યા તે લોકોએ (મોઅ્જિઝાઓ જોઈને) કહ્યું કે આ માત્ર એક જાદૂ છે કે ફોગટમાં અલ્લાહ તઆલા ઉપર આક્ષેપ કરવામાં આવે છે (કે આ તેના તરફથી મોઅ્જિઝાઓ અને રિસાલતની દલીલ છે) અને અમે એવી વાત ક્યારેય નથી સાંભળી કે અમારા આગલા બાપદાદાના સમયમાં પણ થઈ હોય અને મૂસા (અલૈ.)એ (તેના જવાબમાં) કહ્યું કે (જ્યારે સત્ય દલીલો સ્થાપિત થયા પછી અને તેમાં કોઈ યોગ્ય વાંધો ન કાઢી શકવા પછી પણ નથી માનતા તો એ હઠધર્મી છે અને તેનો સારો જવાબ એ જ છે કે) મારો પરવરદિગાર તે વ્યક્તિને સારી પેઠે જાણે છે જે સત્ય દીન તેની પાસેથી લઈને આવ્યો છે અને જેનું પરિણામ (એટલે કે અંત) આ દુનિયાથી સારું થનારું છે (અને) ખરેખર જાલિમ લોકો (કે હિદાયત અને સત્ય દીન ઉપર ન હોય) ક્યારેય સફળતા પામશે નહીં (કારણ કે તેમનું પરિણામ સારું આવશે નહીં મતલબ એ છે કે અલ્લાહને સારી પેઠે ખબર છે કે અમારામાં અને તમારામાં કોણ હિદાયત ઉપર છે અને કોણ જાલિમ તથા કોણ આખિરતમાં સફળતા પામનાર છે અને કોણ સફળતાથી વંચિત છે, બસ દરેકની હાલત અને તેનું પરિણામ જલદીથી જ મરતાંની સાથે જ જાહેર થઈ જશે હમણા નથી માનતા તો તમે જાણો) અને (મૂસા અલૈ.ની દલીલો સાંભળીને) ફિરઔન(ને સંદેહ થયો કે ક્યાંક મારા શ્રદ્ધાળુઓ તેમની તરફ આકર્ષિત ન થઈ જાય તો લોકોને ભેગા કરીને) કહેવા લાગ્યો, હે દરબારીઓ ! મને તો તમારો મારા સિવાય કોઈ ખુદા જણાતો નથી (ત્યાર પછી તેની વાતના સમર્થન માટે પોતાના વઝીરને કહ્યું કે જો તેનાથી લોકોને સંતોષ ન હોય તો) હે હામાન ! તમે મારા માટે માટી(ની ઈંટો બનાવી તે)ને આગમાં પ્રજળાવીને પકાવો પછી (તે પાકી ઈંટોથી) મારા માટે એક ઊંચી ઈમારત બનાવો જેથી (હું તેના ઉપર ચઢીને) મૂસા (અલૈ.)ના ખુદાને

જોઈ લઉં અને હું તો (આ દા'વામાં કે મારા સિવાય કોઈ બીજો ખુદા છે) મૂસાને જૂઠો જ સમજું છું; અને ફિરઔન અને તેના અનુયાયીઓએ નાહક દુનિયામાં માથું ઊંચકી રાખ્યું હતું અને એવું સમજી રહ્યા હતા કે તેમને અમારી પાસે પાછા વળીને આવવાનું જ નથી તો અમે (આ તકબ્બુરની સજામાં) તેને અને તેના અનુયાયીઓને પકડીને દરિયામાં ફેંકી દીધા, (એટલે કે ડૂબાડી દીધા) બસ, જુઓ જાલિમોનું કેવું પરિણામ આવ્યું !? (અને મૂસા અલૈ.નું નિવેદન જાહેર થઈ ગયું, مَنْ تَكُوْنُ لَهٗ عَاقِبَةُ الدَّارِ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ) અને અમે તે લોકોને એવા રઈસ બનાવ્યા હતા કે જેઓ (લોકોને) દોઝખ તરફ બોલાવતા રહ્યા અને (એટલા માટે) કયામતના દિવસે (એવા લાચાર બનીને રહી જશે કે) તેમનો કોઈ સાથ આપશે નહીં અને (આ લોકો બંને દુનિયામાં વંચિત અને નુકસાનમાં રહેશે એટલા માટે) દુનિયામાં પણ અમે તેમની પાછળ લા'નત લગાવી દીધી અને કયામતના દિવસે પણ બદ્હાલ લોકોમાંથી હશે.

મસ્અલા અને બોધપાઠ :

فَاَوْقِدْلِىْ يٰهَامٰنُ عَلَى الطِّيْنِ ફિરઔને ઘણો ઊંચો મહેલ તૈયાર કરવાનો ઈરાદો કર્યો તો પોતાના વઝીર હામાનને તેની તૈયારી માટે પ્રથમ એ હુકમ આપ્યો કે માટીની ઈંટોને પકાવીને બિલકુલ પાકી કરવામાં આવે, કારણ કે કાચી ઈંટોથી કોઈ મોટી અને ઊંચી ઈમારત કાયમ નથી થઈ શકતી. અમુક લોકોએ કહ્યું કે ફિરઔનની આ ઘટનાથી પહેલાં પાકી ઈંટોના બાંધકામનો રિવાજ ન હતો, સૌથી પહેલાં ફિરાઔને આ સંશોધન કર્યું. ઐતિહાસિક રિવાતોમાં છે કે હામાને આ મહેલના બાંધકામ માટે પચાસ હજાર કડિયાઓ ભેગા કર્યા, મજૂરો અને લાકડા લોખંડના કામ કરનારા કારીગરો તે ઉપરાંતના હતા અને મહેલ એટલો ઊંચો બનાવ્યો કે તે યુગમાં તેનાથી વધારે ઊંચું કોઈ બાંધકામ ન હતું, પછી જ્યારે આ તૈયારી સંપૂર્ણ થઈ ગઈ તો અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ (અલૈ.)ને હુકમ આપ્યો, તેમણે એક જ વારમાં આ મહેલના ત્રણ ટૂકડા કરીને પાડી નાંખ્યો જેમાં ફિરઔની સૈન્યના હજારો વ્યક્તિઓ દબાઈને મરી ગયા. *(કુર્તુબી)*

وَجَعَلْنٰهُمْ اَئِمَّةً يَّدْعُوْنَ اِلَى النَّارِ એટલે કે, ફિરઔનના દરબારીઓને અલ્લાહ તઆલાએ તેમની કોમના પેશ્વા (આગેવાન) બનાવી દીધા હતા પરંતુ તે

ખોટું કરનારા પેશ્વા પોતાની કોમને આગ એટલે કે જહન્નમ તરફ આમંત્રણ આપી રહ્યા હતા. અહીંયાં મોટા ભાગના વિવરણકાઓએ આગ તરફ આમંત્રણ આપવાને એક રૂપક સ્વરૂપે ઠરાવ્યું છે કે અત્રે આગથી ભાવાર્થ કુફ્રિયા કર્મો છે જેનું પરિણામ જહન્નમની આગમાં જવાનું હોય છે પરંતુ મહોતરમ ઉસ્તાદ હઝરત મવલાના સય્યિદ મુહમ્મદ અનવરશાહ કશ્મિરી (રહ.)ની તહકીક અરબી ભાષાપ્રયોગ પ્રમાણે એ હતી કે આખિરતનો બદલો અમલ છે, મનુષ્યના કર્મો જે તે દુનિયામાં કરે છે તે બરઝખ પછી મહશરમાં પોતાનું સ્વરૂપ (શકલ) બદલશે અને પોતાના ઝળહળતા સ્વરૂપમાં નેક અમલો હરિયાળા બગીચાઓ બની જન્નતની નેઅ્મતો બની જશે અને કુફ્ર અને જુલમોના કર્મો આગ, સાપ અને વીંછીઓ અને જાત જાતનું સ્વરૂપ અપનાવશે. એટલા માટે જે વ્યક્તિ આ દુનિયામાં કોઈને કુફ્ર અને જુલમ તરફ બોલાવી રહ્યા છે તે વાસ્તવમાં તેને આગ તરફ જ બોલાવી રહ્યા છે, જો કે આ દુનિયામાં તેનું સ્વરૂપ આગનું નથી પરંતુ તેની હકીકત અને વાસ્તવિકતા આગ જ છે. એ જ પ્રમાણે આયતમાં કોઈ રૂપક અથવા ઈશારો નથી તે પોતાની વાસ્તવિકતા ઉપર જ છે. આ તહકીક જો અપનાવવામાં આવે તો કુર્આનની અનેક આયતોમાં રૂપક અને ઈશારાઓની આવશ્યકતા નથી રહેતી. દાખલા તરીકે, مَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ અને وَوَجَدُوْا مَاعَمِلُوْا حَاضِرًا વગેરે. وَيَوْمَ الْقِيٰمَةِ هُمْ مِّنَ الْمَقْبُوْحِيْنَ માં مَقْبُوْحِيْنَ (મકબૂહીન) એ مَقْبُوْح (મકબૂહ)નું બહુવચન છે જેનો અર્થ "બગાડેલું" થાય છે. ભાવાર્થ એ છે કે કયામતના દિવસે તેમના ચહેરાઓ બગાડીને કાળા કરી નાંખવામાં આવશે અને આંખો નીલવર્ણી થઈ જશે.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૪૩ થી ૫૧)

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ مِنْۢ بَعْدِ مَآ اَهْلَكْنَا الْقُرُوْنَ الْاُوْلٰى بَصَآئِرَ لِلنَّاسِ

وَهُدًى وَّرَحْمَةً لَّعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٤٣﴾ وَمَا كُنْتَ بِجَانِبِ الْغَرْبِيِّ اِذْ قَضَيْنَآ اِلٰى

مُوْسَى الْاَمْرَ وَمَا كُنْتَ مِنَ الشّٰهِدِيْنَ ﴿٤٤﴾ وَلٰكِنَّآ اَنْشَاْنَا قُرُوْنًا فَتَطَاوَلَ عَلَيْهِمُ الْعُمُرُ

وَمَا كُنْتَ ثَاوِيًا فِيْٓ اَهْلِ مَدْيَنَ تَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِنَا ۙ وَلٰكِنَّا كُنَّا مُرْسِلِيْنَ ﴿٤٥﴾

وَمَا كُنْتَ بِجَانِبِ الطُّوْرِ اِذْ نَادَيْنَا وَلٰكِنْ رَّحْمَةً مِّنْ رَّبِّكَ لِتُنْذِرَ
قَوْمًا مَّآ اَتٰىهُمْ مِّنْ نَّذِيْرٍ مِّنْ قَبْلِكَ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٤٦﴾ وَلَوْلَآ اَنْ
تُصِيْبَهُمْ مُّصِيْبَةٌ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ فَيَقُوْلُوْا رَبَّنَا لَوْلَآ اَرْسَلْتَ
اِلَيْنَا رَسُوْلًا فَنَتَّبِعَ اٰيٰتِكَ وَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿٤٧﴾ فَلَمَّا جَآءَهُمُ الْحَقُّ
مِنْ عِنْدِنَا قَالُوْا لَوْلَآ اُوْتِيَ مِثْلَ مَآ اُوْتِيَ مُوْسٰى ؕ اَوَلَمْ يَكْفُرُوْا بِمَآ اُوْتِيَ مُوْسٰى
مِنْ قَبْلُ ۚ قَالُوْا سِحْرٰنِ تَظٰهَرَا ۠ وَقَالُوْآ اِنَّا بِكُلٍّ كٰفِرُوْنَ ﴿٤٨﴾ قُلْ فَأْتُوْا بِكِتٰبٍ مِّنْ
عِنْدِ اللّٰهِ هُوَ اَهْدٰى مِنْهُمَآ اَتَّبِعْهُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤٩﴾ فَاِنْ لَّمْ يَسْتَجِيْبُوْا لَكَ
فَاعْلَمْ اَنَّمَا يَتَّبِعُوْنَ اَهْوَآءَهُمْ ؕ وَمَنْ اَضَلُّ مِمَّنِ اتَّبَعَ هَوٰىهُ بِغَيْرِ هُدًى مِّنَ
اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿٥٠﴾ ع وَلَقَدْ وَصَّلْنَا لَهُمُ الْقَوْلَ لَعَلَّهُمْ ع ٨ ٨
يَتَذَكَّرُوْنَ ﴿٥١﴾ ط

તરજુમો :

અને અમે મૂસા (અલૈ.)ને કિતાબ આપી એ પછી કે અમે આગલા સમુદાયોનો નાશ કરી ચૂક્યા, લોકોને સૂઝાડનારી અને માર્ગ બતાવનારી અને રહમત જેથી તેઓ યાદ રાખે. (૪૩) અને (હે નબી ﷺ!) તમે (તૂર પહાડની) પશ્ચિમ તરફ ન હતા જ્યારે અમે મૂસા (અલૈ.)ને હુકમ મોકલ્યો અને તમે તે (પ્રત્યક્ષ) જોનારાઓમાંથી ન હતા. (૪૪) પરંતુ અમે કેટલીય ઉમ્મતો પેદા કરી પછી તેમના ઉપર મુદ્દત લાંબી થઈ અને તમે મદયનવાળાઓમાં રહેતા ન હતા કે તેમને અમારી આયતો સંભળાવતા હોત પરંતુ અમે રસૂલ મોકલતા રહ્યા છીએ. (૪૫) અને તમે તૂરના કિનારા ઉપર ન હતા જ્યારે અમે અવાજ આપ્યો પરંતુ આ (રિસાલત) તમારા પરવરદિગારનું ઇનામ છે જેથી તમે તે લોકોને ડરાવો જેમની પાસે કોઈ ડરાવનાર તમારા પહેલાં નથી આવ્યો જેથી તેઓ યાદ રાખે. (૪૬) અને

એટલી વાત માટે (રસૂલ બનાવી મોકલ્યા) કે ક્યારેક તેમના ઉપર આફત આવી પડે તેમના કર્મોના કારણે જેને તેમના હાથો મોકલી ચૂક્યા છે તો કહેવા લાગે, હે અમારા પરવરદિગાર ! કેમ અમારી પાસે કોઈ સંદેશ આપીને મોકલવામાં ન આવ્યો ? તો અમે તારી વાતો ઉપર ચાલ્યા હોત અને ઈમાનવાળાઓમાંથી થયા હોત ! (૪૭) પછી જ્યારે તેમને અમારી પાસેથી ઠીક વાત પહોંચી કહેવા લાગ્યા, આ રસૂલને (એવું) કેમ ન મળ્યું જેવું કે મૂસા (અલૈ.)ને મળ્યું હતું ? શું હમણાં તેનાથી ઈન્કારી નથી થઈ ચૂક્યા જે આનાથી પહેલાં મૂસા (અલૈ.)ને મળ્યું હતું ? કહેવા લાગ્યા, બંને પરસ્પર સમાન જાદૂ છે; અને કહેવા લાગ્યા, અમે બંનેને નથી માનતા. (૪૮) તમે કહો ! હવે તમે કોઈ કિતાબ અલ્લાહની પાસેથી લઈ આવો જે બંનેથી ઉત્તમ હોય કે હું તેના ઉપર ચાલું જો તમે સાચા છો ! (૪૯) પછી જો તમારું કહ્યું ન કરી લાવે તો જાણી લો કે તે નરી પોતાની મનેચ્છાઓ ઉપર ચાલે છે અને એનાથી વધારે માર્ગ ભટકેલ કોણ છે જે અલ્લાહના માર્ગ બતાવ્યા વિના પોતાની મનેચ્છાઓ ઉપર ચાલે, બેશક ! અલ્લાહ અન્યાયી (જાલિમો)ને માર્ગ બતાવતો નથી. (૫૦) અને અમે ક્રમે ક્રમે તેમને પોતાનું કલામ મોકલતા રહ્યા છીએ જેથી તેઓ ધ્યાનમાં લાવે. (૫૧)

તફસીર :

અને (મખ્લૂક સુધારણાની મોહતાજ હોવાના કારણે રિસાલતનો ક્રમ હંમેશાથી ચાલ્યો આવે છે એટલા માટે) અમે મૂસા (અલૈ.)ને (જેમનો કિસ્સો પણ પઢી ચૂક્યા છો) આગલી ઉમ્મતો (એટલે કે કોમે નૂહ, આદ અને ષમૂદ)ના હલાક થવા પછી (જ્યારે કે તે સમયના અંબિયા અલૈ.ની તા'લીમ અપ્રાપ્ય થઈ હતી અને લોકો હિદાયતના સખત હાજતમંદ થઈ ગયા હતા ત્યારે) કિતાબ (એટલે કે તવરાત) આપી હતી જે લોકો (એટલે કે બની ઈસ્રાઈલ) માટે સમજદારીનું કારણ અને હિદાયત અને રહમત હતી જેથી તેઓ (તેનાથી) બોધપાઠ ગ્રહણ કરે (સત્યના ઈચ્છુકની પ્રથમ તો સમજદારી ઠીક હોય છે, આ એક પ્રકારની કોઠાસૂઝ છે પછી હુકમોનો સ્વીકાર કરે છે તે હિદાયત છે, પછી હિદાયતનું ફળ એટલે કે નિકટતા અને સ્વીકૃતિ પ્રાપ્ત થાય છે એ રહમત છે) અને (એ જ પ્રમાણે જ્યારે આ યુગ પણ પસાર થઈ ચૂક્યો અને લોકો ફરી હિદાયતના

નવીનીકરણના મોહતાજ થયા ત્યારે પોતાની સુન્નત પ્રમાણે અમે આપ ﷺને રસૂલ બનાવ્યા જેની દલીલોમાંથી એક આ જ મૂસા અલૈ.ની ઘટનાની ચોક્કસ ખબર આપી છે કારણ કે ચોક્કસ ખબર આપવા માટે જ્ઞાનની કોઈ ચોક્કસ પદ્ધતિ જરૂરી હોય છે અને આ પદ્ધતિ ચાર બાબતો ઉપર અવલંબિત છે. એક, તાર્કિક બાબતોમાં બુદ્ધિ; તો બસ આ બાબત તાર્કિક બાબતોમાંથી નથી અને બીજી પદ્ધતિ કોઈનાથી સાંભળવું અથવા વિદ્વાનો પાસેથી સાંભળેલું નકલ કરવું છે તો બસ એ પણ કોઈની સાથે એવું સાંન્નિધ્ય ન હોવાના કારણે ઉપસ્થિત નથી તથા એવું કોઈ ઔપચારિક શિક્ષણ પણ લીધું નથી, ત્રીજી પદ્ધતિ પ્રત્યક્ષ પોતે જોયેલી બાબત હોય છે કે જેનો નકાર ખૂબ જ ખુલ્લો છે તે એટલા માટે કે દેખીતું છે કે હે નબી ﷺ !) તમે (તૂરની) પશ્ચિમ બાજુ મોજૂદ ન હતા જ્યારે કે અમે મૂસા (અલૈ.)ને હુકમો આપ્યા હતા (એટલે કે તવરાત આપી હતી) અને (ત્યાં ખાસ રીતે ઉપસ્થિત કેવી રીતે હોઈ શકો છો !) તમે (તો) તે લોકોમાંથી (પણ) ન હતા જેઓ (તે યુગમાં) મોજૂદ હતા (બસ, સાક્ષાત્કાર કરવાની કોઈ સંભાવના ન રહી) અને પરંતુ (વાત એ છે કે) અમે મૂસા (અલૈ.) પછી ઘણી બધી પેઢીઓ પેદા કરી પછી તેમના ઉપર લાંબો સમય પસાર થઈ ગયો (જેનાથી ફરી સાચું જ્ઞાન અપ્રાપ્ય થઈ ગયું અને ફરી લોકો હિદાયતના મોહતાજ થઈ ગયા અને જો કે વચ્ચે વચ્ચે અંબિયા અલૈ. આવતા રહ્યા પરંતુ તેમનું જ્ઞાન પણ એ જ પ્રમાણે અપ્રાપ્ય થયું એટલા માટે અમારી રહમતનો તકાદો થયો કે અમે આપ ﷺને આ વહી અને રિસાલતથી પ્રતિષ્ઠિત કરીએ કે જે જ્ઞાન પ્રાપ્ત કરવાની અને સાચી અને ચોક્કસ ખબરો મેળવવાની ચોથી પદ્ધતિ છે અને અન્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની પદ્ધતિઓ તે ગૌણ પદ્ધતિઓ છે જે ચર્ચાથી જ બાકાત છે, કારણ કે તમારી આ ખબરો બિલકુલ ચોક્કસ અને સાચી છે, ખુલાસો એ છે કે નિશ્ચિત જ્ઞાન પ્રાપ્ત કરવાની ચાર પદ્ધતિઓ છે એમાં ત્રણ તાર્કિક અને બૌદ્ધિક છે, જ્યારે ચોથી નક્કી અને પસંદ કરવામાં આવેલ વ્યક્તિ ઉપર વહી દ્વારા મોકલવામાં આવેલ છે અને અત્રે આ જ હેતુ છે) અને (જેમકે તમને તવરાત અતા કરવાનો સાક્ષાત્કાર નથી થયો અને તે છતાં તેની સાચી તથા ચોક્કસ ખબર આપી રહ્યા છો એ જ પ્રમાણે મૂસા અલૈ.નું મદયનમાં રહેવાનું નજરે નથી જોયું તે છતાં ખબર આપી રહ્યા છો એટલા માટે દેખીતું છે કે) તમે મદયનવાળાઓમાં પણ નિવાસ કરતા ન હતા કે

તમે (ત્યાંથી હાલત જોઈને આ પરિસ્થિતિઓ વિશે) અમારી આયતો (પોતાના) આ (સમાજના) લોકોને પઢી પઢીને સંભળાવતા રહો છો અને પરંતુ અમે જ (આપ ﷺને) રસૂલ બનાવનાર છે (કે રસૂલ બનાવીને આ ઘટનાઓ વહી દ્વારા બતાવીએ છીએ) અને (એ જ પ્રમાણે) તમે તૂર તરફ (પશ્ચિમ બાજુ) તે સમયે પણ ઉપસ્થિત ન હતા જ્યારે અમે (મૂસા અલૈ.ને) પોકાર્યા હતા (કે يَا مُوسَىٰ إِنِّي أَنَا اللَّهُ رَبُّ الْعَالَمِينَ وَأَنْ أَلْقِ عَصَاكَ જે તેમની નુબુવ્વત અર્પણ થવાના સમયે બન્યું હતું) અને પરંતુ (તેનું જ્ઞાન પણ એ પ્રમાણે જ પ્રાપ્ત થયું કે) તમે પોતાના પરવરદિગારની રહમતથી નબી બનાવવામાં આવ્યા જેથી તમે એવા લોકોને ડરાવો જેમની પાસે તમારા પહેલાં કોઈ ડરાવનાર (નબી) નથી આવ્યા, શક્ય છે કે તેઓ બોધપાઠ ગ્રહણ કરી લે (કારણ કે રસૂલે કરીમ ﷺનો સમાજ બલકે તેમના વડીલોએ પણ કોઈ નબી જોયા ન હતા બસ અમુક શરીઅતો ખાસ કરીને તવહીદ તેમના સુધી પણ અમુક માધ્યમો દ્વારા પહોંચી હતી, وَلَقَدْ بَعَثْنَا فِي كُلِّ أُمَّةٍ رَّسُولًا થી તે બહાનું ન રહ્યું) અને (જો આ લોકો થોડો વિચાર કરે તો સમજી શકે છે કે પયગમ્બર મોકલવાથી અલ્લાહનો કોઈ લાભ નથી બલકે તેમનો જ ફાયદો છે કે આ લોકો સારા અને ભલાની જાણકારી મેળવીને આખિરતમાં બચી શકે છે નહિતર જે કર્મોનું ખરાબ હોવું બુદ્ધિ પણ જાણી શકે છે તેના ઉપર અઝાબ રસૂલ મોકલ્યા વિના પણ થવો શક્ય હતો પરંતુ તે સમયે એક ઘણો અફસોસ થયો હોત કે કાશ ! જો કોઈ રસૂલ આવી ગયા હોત તો અમને વધારે ચેતવણી મળી ગઈ હોત અને અમે આ મુસીબતમાં ન પડ્યા હોત એટલા માટે રસૂલ પણ મોકલી દેવામાં આવ્યા જેથી આ અફસોસથી બચવું તેમના માટે સરળ થઈ જાય નહિતર સંભાવના હતી કે) અમે રસૂલ પણ ન મોકલ્યા હોત જો એ વાત ન હોત કે તેમના ઉપર તેમના કર્મોના કારણે (કે જે બૌદ્ધિક રીતે પણ દુષ્ટ કર્મો સમજવામાં આવે છે) કોઈ મુસીબત (દુનિયા અથવા આખિરતમાં) નાઝિલ થઈ હોત (જેના વિશે તેમને બુદ્ધિ દ્વારા અથવા ફરિશ્તા દ્વારા એ નિશ્ચિત વિશ્વાસ થઈ ગયો હોત કે આ કર્મોની સજા છે) તો તેઓ કહેવા લાગે કે હે અમારા પરવરદિગાર ! તેં અમારી પાસે કોઈ પયગમ્બર કેમ ન મોકલ્યો જેથી અમે તારા હુકમોનું અનુસરણ કર્યું હોત અને (એ કે હુકમો અને રસૂલ ઉપર) ઈમાન લાવવાવાળાઓમાંથી થયા હોત ? બસ (આ બાબતનો તકાદો તો એ હતો કે રસૂલના આવવાને ગનીમત

સમજ્યા હોત અને તેમના સત્ય દીનનો સ્વીકાર કર્યો હોત પરંતુ તેમની તો એ હાલત છે કે) જ્યારે અમારા તરફથી તે લોકોની પાસે સાચો હુકમ (એટલે કે સત્ય રસૂલ અને દીને હક) પહોંચ્યો તો (તેમાં શંકા કાઢવા માટે એવું) કહેવા લાગ્યા કે તેમને એવી કિતાબ કેમ ન મળી જેવી (હઝરત) મૂસા (અલૈ.)ને મળી હતી ? (એટલે કે કુર્આન તવરાતની જેમ કેમ નાઝિલ ન થયું ? આગળ તેનો જવાબ છે કે) શું જે કિતાબ મૂસા (અલૈ.)ને મળી હતી તેનાથી પહેલાં આ લોકો તેના ઈન્કારી નથી થયા ? (એટલા માટે દેખીતું છે કે મુશ્રિકો મૂસા અલૈ. અને તવરાતને પણ માનતા ન હતા કારણ કે તેઓ મૂળેથી નુબુવ્વતના જ ઈન્કારી હતા) આ લોકો તો (કુર્આન એન તવરાત બંને વિશે) એવું કહે છે કે બંને જાદૂ છે જે એકબીજાના સમકક્ષ છે (આ એટલા માટે કહ્યું કે શરીઅતના મૂળ સિદ્ધાંતોમાં બંને સહમત છે) અને એવું પણ કહે છે કે અમે તો બંનેમાંથી કોઈને નથી માનતા (શક્ય છે કે આ વાક્યો તેમનો રૂઢિપ્રયોગ હોય અને કદાચ તેમના નિવેદનોથી એવું સાબિત થતું હોય અને એ પણ શક્ય છે કે એક સાથે જ બંનેનો ઈન્કાર કર્યો હોય અને કદાચ વિવિધ નિવેદનો ભેગા કરવામાં આવ્યા હોય તો તેનાથી સ્પષ્ટ જણાય છે કે તવરાત અને કુર્આનને સમાન બતાવવામાં પણ તેમની શરારત જ છે, આગળ તેનો જવાબ એ છે કે હે મુહમ્મદ ﷺ !) તમે કહી આપો કે વારું તો (તવરાત અને કુર્આન સિવાય) તમે કોઈ અન્ય કિતાબ અલ્લાહની પાસેથી લઈ આવો જે હિદાયત કરવામાં આ બંનેથી ઉત્તમ હોય, હું તેનું જ અનુસરણ કરવા લાગીશ જો તમે (આ દા'વામાં) સાચા છો (કે سِحْرَانِ تَظَاهَرَا જેનો હેતુ આ બંને કિતાબોને નઊઝુબિલ્લાહ ! જૂઠી અને ખોટી સાબિત કરવાનો છે, કુર્આનને તો સદંતર અને તવરાતમાં વર્ણવેલ તવહીદ અને મુહમ્મદ ﷺની ખુશખબરી; તથા જો તમે તેમને સત્ય નથી માનતા તો તમે કોઈ સત્ય રજુ કરો અને તેનું સત્ય હોવું સાબિત કરી આપો જેના હિદાયત હોવાનું એટલા માટે કહેવામાં આવ્યું છે કે સત્ય હોવાનો અર્થ તે હિદાયતનો સ્ત્રોત હોય, જો ધારી લો કે એવું સાબિત કરશો તો હું તેનું અનુસરણ કરવા લાગીશ, મતલબ એ કે સત્ય સાબિત કરી આપું તો તમે તેનું અનુસરણ કરો, જો તમે સત્ય સાબિત કરી આપો તો હું અનુસરણ કરવા માટે તૈયાર છું અને કારણ કે આ શરતી વિવાદમાં માત્ર હુકમ તેના વાસ્તવિકતાના આધારે થાય છે એટલા માટે અહીંયાં અલ્લાહ સિવાય કોઈ અન્ય કિતાબની

અનુસરણ કરવાની બાબતની શંકા કરવી જરૂરી નથી) પછી (આ પડકાર પછી) જો આ લોકો તમારું (આ) કહેવું (કે ....فَاْتُوْا بِكِتَابٍ) ન કરી શકે (અને દેખીતું છે કે નથી જ કરી શકવાના જેમકે અલ્લાહે કહ્યું છે, فَاِنْ لَّمْ تَفْعَلُوْا وَلَنْ تَفْعَلُوْا અને તો પણ તમારું અનુસરણ ન કરે) તો એ સમજી લો કે (આ સવાલોનો ઇરાદો કોઈ શંકાને દૂર કરવાનો નથી અથવા તો સત્યનું સંશોધન નથી બલકે) આ લોકો માત્ર પોતાની મનેચ્છાઓ ઉપર ચાલે છે (તેમનો નફ્સ કહે છે કે જે પ્રમાણે બની શકે માત્ર ઇન્કાર જ કરવો જોઈએ, બસ આ એવું જ કરી રહ્યા છે ભલે સત્ય સ્પષ્ટ થઈ જાય) અને તે વ્યક્તિથી વધારે માર્ગ ભટકેલ કોણ હશે જે પોતાની મનેચ્છાઓ ઉપર ચાલતો હોય એ સિવાય કે અલ્લાહ તરફથી કોઈ દલીલ (તેની પાસે) હોય (અને) અલ્લાહ તઆલા એવા જાલિમ લોકોને (કે જે સત્યના જાહેર થઈ ગયા પછી કોઈ સાચી દલીલ અને સાબિતી વિના પોતાની ગુમરાહીથી પાછા ન ફરે) હિદાયત નથી આપતો (તેનું કારણ તે વ્યક્તિ પોતે જ ગુમરાહ રહેવાનો ઇરાદો કરી ચૂક્યો છે અને ઇરાદો કર્યા પછી અલ્લાહ તઆલાની ટેવ છે કે એવા વ્યક્તિ હંમેશા ગુમરાહ રહે છે, આટલે સુધી તો તેમના આ નિવેદનનો જવાબ હતો, لَوْلَا اُوْتِىَ مِثْلَ مَاۤ اُوْتِىَ مُوْسٰى) અને (આગળ તહકીકી જવાબ છે જેમાં કુર્આનને અચાનક એક સાથે નાઝિલ ન થવાની હિકમત વર્ણન કરવામાં આવી છે કે) અમે આ કલામ (એટલે કે કુર્આન)ને તે લોકો માટે સમયે સમયે એક પછી એક મોકલ્યું જેથી આ લોકો (વારંવાર તાજું વર્ણન સાંભળવાથી) બોધપાઠ ગ્રહણ કરે (એટલે કે અમે તો એકસાથે આખું કુર્આન મોકલવા પણ શક્તિ ધરાવતા હતા પરંતુ તેમના જ હિત માટે થોડું થોડું નાઝિલ કરીએ છીએ, પછી તે અંધારામાં છે કે પોતાના જ હિતનો વિરોધ કરી રહ્યા છે).

મસ્અલા અને બોધપાઠ :

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ مِنْۢ بَعْدِ مَاۤ اَهْلَكْنَا الْقُرُوْنَ الْاُوْلٰى بَصَآئِرَ لِلنَّاسِ

માં શબ્દ قُرُوْنِ اُوْلٰى (કુરૂને ઊલા)થી હઝરત નૂહ (અલૈ.), હૂદ (અલૈ.), સાલિહ (અલૈ.) અને લૂત (અલૈ.)ની કોમ ભાવાર્થ તરીકે છે જે હઝરત મૂસા (અલૈ.) પહેલાં પોતાની શરારતના કારણે હલાક કરવામાં આવી હતી અને بَصَآئِرُ (બસાઇર) એ بَصِيْرَتٌ (બસીરત)નું બહુવચન છે જેનો શાબ્દિક અર્થ

"સમજદારી અને કોઠાસૂઝ"નો થાય છે. એનો ભાવાર્થ તે પ્રકાશ છે જે અલ્લાહ તઆલા મનુષ્યોના દિલોમાં પેદા કરે છે જેનાથી તે વસ્તુઓની હકીકતને જોઈ શકે છે અને સત્ય તથા અસત્યમાં ફરક કરી શકે છે. *(મઝહરી)*

بَصَائِرَ لِلنَّاسِ માં (બસાઈર લિન્નાસી)માં શબ્દ نَاس (નાસ)નો ભાવાર્થ હઝરત મૂસા (અલૈ.)ની ઉમ્મત છે. વાત સ્પષ્ટ છે કે તે ઉમ્મત માટે તવરાત કિતાબ જ બસીરતનો સ્ત્રોત હતો અને જો શબ્દ نَاس (નાસ)થી સમગ્ર માનવજાત ભાવાર્થ હોય જેમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ પણ સામેલ છે તો અત્રે સવાલ એ પેદા થશે કે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના સમયમાં જે તવરાત મોજૂદ છે તે સુધારા વધારા દ્વારા રદ થઈ ચૂકી છે તો તેમના માટે તેને બસીરત કહેવું કેવી રીતે યોગ્ય હશે અને એ કે તેનાથી તો એ આવશ્યક બને છે કે મુસલમાનોએ પણ તવરાતથી લાભ ઉઠાવવો જોઈએ જ્યારે કે હદીષમાં એ બાબત પ્રખ્યાત છે કે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ એક વખતે રસૂલે કરીમ ﷺ પાસે એ બાબતની પરવાનગી માંગી કે તેઓ તવરાતમાં જે બોધપાઠ વગેરે છે તેને પઢે જેથી તેમના જ્ઞાનમાં પ્રગતિ થાય, તેના ઉપર રસૂલે કરીમ ﷺએ ક્રોધે ભરાઈને ફરમાવ્યું કે જો આ સમયે હઝરત મૂસા (અલૈ.) પણ જીવતા હોત તો તેમના માટે પણ મારું જ અનુસરણ કરવું જરૂરી હોત. (જેનો ખુલાસો એ છે કે તમારે માત્ર મારી જ તા'લીમને જોવી જોઈએ, તવરાત અને ઇન્જીલને જોવી તમારા માટે ઠીક નથી) પરંતુ તેના જવાબમાં એ પણ કહી શકાય છે કે તવરાતનો તે સમયે અહલે કિતાબ પાસે જે નુસ્ખો હતો તે ફેરફાર થયેલો હતો અને ઈસ્લામનો શરૂઆતનો યુગ હતો જેમાં કુર્આનના નાઝિલ થવાનો ક્રમ ચાલુ હતો, તે સમયે રસૂલે કરીમ ﷺએ કુર્આનની સંપૂર્ણ સુરક્ષા નજર સમક્ષ રાખી. પોતાની હદીષો લખવાથી પણ અમુક લોકોને અટકાવ્યા હતા કે એવું ન થાય કે લોકો કુર્આનની સાથે હદીષોને ભેળસેળ કરી દે અને તે હાલતમાં કોઈ બીજી મન્સૂખ (રદ) થયેલ આસમાની કિતાબને પઢવું પઢાવવું દેખીતું છે કે કાળજીના સિદ્ધાંતની વિરુદ્ધ હતું એટલા માટે એ જરૂરી નથી બનતું કે સદંતર તવરાત અને ઇન્જીલનો અભ્યાસ કરવાથી અથવા તેને પઢવાથી મનાઈ કરવામાં આવી છે. તે કિતાબોનો જે ભાગ રસૂલે કરીમ ﷺ વિશે ભવિષ્યવાણીઓ ઉપર આધારિત છે તેનો અભ્યાસ કરવો અને તેને વર્ણન કરવો સહાબએ કિરામ (રદિ.)થી સાબિત અને પ્રખ્યાત છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

સલામ (રદિ.) તથા કઅ્બ બિન અહ્બાર (રદિ.) આ બાબતે સૌથી પ્રખ્યાત છે, બીજા સહાબએ કિરામ (રદિ.)એ પણ તેના ઉપર કોઈ ટીકા ટિપ્પણી કરી નથી, એટલા માટે આયતનો ખુલાસો એ થશે કે તવરાત અને ઈન્જીલમાં જે હેરફેર ન થયેલ વિષયો હજુ પણ ઉપસ્થિત છે અને નિઃસંદેહ ખુશખબરીઓ છે તેનાથી લાભ ઉઠાવવો ઠીક છે પરંતુ દેખીતું છે કે તેનાથી લાભ માત્ર એવા જ લોકો ઉઠાવી શકે છે જે હેરફેર થયેલ અને હેરફેર ન થયેલ તવરાતના ભાગોમાં ફરક કરી શકે છે તથા સાચા અને ખોટાને ઓળખી શકે છે, તે વિદ્વાનો અને નિષ્ણાતો જ કરી શકે છે. સામાન્ય જનતાએ બેશક ! તેનાથી બચવું એટલા માટે જરૂરી છે કે તેઓ કોઈ ગેરસમજના શિકાર બની જઈ શકે છે એટલા માટે આ જ હુકમ તે તમામ કિતાબોનો છે જેમાં સત્યની સાથે અસત્યની મિલાવટ કરવામાં આવી છે કે સામાન્ય લોકોએ તેના અભ્યાસ કરવાથી બચવું જોઈએ, વિદ્વાનો અને નિષ્ણાતો જુએ તો કોઈ વાંધો નથી.

لِتُنۡذِرَ قَوۡمًا مَّاۤ اَتٰهُمۡ مِّنۡ نَّذِيۡرٍ અત્રે આ કોમથી અરબ કોમ ભાવાર્થ તરીકે છે જે હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંથી છે અને તેમના પછી ખાતમુલ અંબિયા ﷺના સમયકાળ સુધી તેમનામાં કોઈ પયગમ્બરનું આગમન ન થયું હતું. આ જ વિષય સૂરએ યાસીનમાં પણ આવવાનો છે. એનાથી જાણ થઈ કે બીજા સ્થળે કુર્આને કરીમનો આ ઈરશાદ اِنۡ مِّنۡ اُمَّةٍ اِلَّا خَلَا فِيۡهَا نَذِيۡرٌ કે કોઈ ઉમ્મત એવી નથી પસાર થઈ જેમાં અલ્લાહનો કોઈ પયગમ્બર ન આવ્યો, આ તે આયતનો નકાર નથી કારણ કે આ આયતનો ભાવાર્થ એ છે કે લાંબા સમયથી હઝરત ઈસ્માઈલ (અલૈ.) પછી તેમનામાં કોઈ નબી નથી આવ્યા પરંતુ નબી અને રસૂલના આવવાથી બિલકુલ ખાલી આ ઉમ્મત પણ નથી રહી.

وَلَقَدۡ وَصَّلۡنَا لَهُمُ الۡقَوۡلَ لَعَلَّهُمۡ يَتَذَكَّرُوۡنَ માં શબ્દ وَصَّلۡنَا (વસ્સલના) એ تَوۡصِيۡل (તવસીલ)થી બને છે જેનો અસલી શાબ્દિક અર્થ દોરડાના તારોમાં બીજા તાર મેળવીને તેને મજબૂત કરવાનો થાય છે. ભાવાર્થ એ છે કે કુર્આને હકીમમાં અલ્લાહ તઆલાએ લોકોની હિદાયતનો ક્રમ એક પછી એક ચાલુ રાખ્યો અને ઘણા બધા બોધપાઠોના વિષયોનું વારંવાર પુનરાવર્તન પણ કરવામાં આવ્યું જેથી સાંભળનાર પ્રભાવિત થાય.

તબ્લીગ અને દા'વત (પ્રચાર અને પ્રસાર)ના અમુક શિષ્ટાચાર :

એનાથી જાણ થઈ કે અંબિયા (અલૈ.)ની તબ્લીગનું મહત્ત્વનું પાસું એ હતું કે તેઓ સત્ય વાતને સતત કહેતા અને પહોંચાડતા જ રહેતા હતા, લોકોના ઈન્કાર કરવાથી અથવા તેમના જૂઠાડવાથી તેમના પોતાના કર્તવ્યમાં અને પોતાની નિષ્ઠામાં કોઈ અવરોધ પેદા થતો ન હતો બલકે તેઓ સત્ય વાત જો એક વખતે ન માને તો બીજી વખતે અને તે પણ ન માને તો ત્રીજી, ચોથી વખતે બરાબર રજુ કરતા જ રહેતા હતા, કોઈના દિલમાં દિલ નાંખી દેવું તો કોઈ બોધપાઠ આપનાર હમદર્દના હાથમાં નથી પરંતુ પોતાના પ્રયત્નને કોઈપણ જાતની થકાવટ અને અકળામણ વિના ચાલુ રાખવો જે તેમના કબજામાં હતો તેને સતત અંજામ આપતા હતા. આજે પણ દા'વત અને તબ્લીગના કામ કરનારાઓએ તેનાથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૫૨ થી ૫૫)

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ مِنْ قَبْلِهٖ هُمْ بِهٖ يُؤْمِنُوْنَ ۝٥٢ وَ اِذَا يُتْلٰى عَلَيْهِمْ قَالُوْٓا اٰمَنَّا بِهٖٓ
اِنَّهُ الْحَقُّ مِنْ رَّبِّنَآ اِنَّا كُنَّا مِنْ قَبْلِهٖ مُسْلِمِيْنَ ۝٥٣ اُولٰٓئِكَ يُؤْتَوْنَ اَجْرَهُمْ مَّرَّتَيْنِ
بِمَا صَبَرُوْا وَ يَدْرَءُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ وَ مِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۝٥٤ وَ اِذَا
سَمِعُوا اللَّغْوَ اَعْرَضُوْا عَنْهُ وَقَالُوْا لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ سَلٰمٌ عَلَيْكُمْ
لَا نَبْتَغِى الْجٰهِلِيْنَ ۝٥٥

તરજુમો :

જેમને અમે આનાથી પહેલાં કિતાબ આપી તેઓ તેના ઉપર ઈમાન ધરાવે છે. (૫૨) અને જ્યારે તેમને (કુર્આન) સંભળાવવામાં આવે તો કહે, અમે તેના ઉપર ઈમાન લાવ્યા, બેશક ! આ જ સત્ય અમારા પરવરદિગારનું મોકલેલું છે, અમે તેના પહેલેથી માનનારા છીએ. (૫૩) તે લોકો પોતાનો સવાબ બમણો પામશે એ વાત ઉપર કે કાયમ રહ્યા અને ભલાઈ કરે છે

બુરાઈના જવાબમાં અને અમારું આપેલું કંઈ ખર્ચ કરતા રહે છે. (૫૪) અને જ્યારે નકામી વાતો સાંભળે તેનાથી અળગા થાય અને કહે, અમને અમારા કર્મો (મુબારક) અને તમને તમારા કર્મો, સલામત રહો, અમને જાહિલ (અણસમજ) લોકો ન જોઈએ. (૫૫)

તફસીર :

(અને રસૂલે કરીમ ﷺની રિસાલત અને તે ભવિષ્યવાણીઓથી પણ સાબિત છે જેની તે વિદ્વાનોએ ખરાઈ કરી છે જેમને તવરાત અને ઈન્જીલમાં આ ખુશખબરીઓનું જ્ઞાન છે એટલા માટે) જે લોકોને અમે કુર્આનથી પહેલાં (આસમાની) કિતાબો આપી છે (તેમનામાં જેઓ લેખકો છે) તેઓ તેના ઉપર ઈમાન લાવે છે અને જ્યારે કુર્આન તેમની સામે પઢવામાં આવે છે તો કહે છે, અમે તેના ઉપર ઈમાન લાવ્યા બેશક ! આ સત્ય છે (જે) અમારા પરવરદિગાર તરફથી (નાઝિલ થયું અને) અમે તો તે(ના આવવા)થી પહેલાં પણ (પોતાની કિતાબોની ખુશખબરીઓની બીનાએ) માનતા હતા (હવે નાઝિલ થયા પછી તે કરારનું નવિનીકરણ કરીએ છીએ એટલે કે અમે તે લોકો જેવા નથી જેઓ કુર્આનના નાઝિલ થતાં પહેલાં તો તેનું સમર્થન કરતા હતા, બલકે તેના આવવાની શોખથી રાહ જોતા હતા પરંતુ જ્યારે કુર્આન આવ્યું તો તેના ઈન્કારી થઈ ગયા فَلَمَّا جَاءَهُمْ مَا عَرَفُوا كَفَرُوا بِهِ જેનાથી સ્પષ્ટ રીતે જાહેર થઈ ગયું કે તવરાત અને ઈન્જીલની ખુશખબરીઓ રસૂલે કરીમ ﷺ વિશે હતી, જેમકે સૂરએ શુઅરાના અંતમાં ફરમાવ્યું છે, اَوَلَمْ يَكُنْ لَّهُمْ اٰيَةً اَنْ يَّعْلَمَهٗ عُلَمٰٓؤُا بَنِيْٓ اِسْرَآءِيْلَ આટલે સુધી બની ઈસ્રાઈલના ઉલમાની રિસાલતે મુહમ્મદી ﷺની ગવાહીઓનો વિરોધ કરવા ઉપર વર્ણન થયું, આગળ અહલે કિતાબના મો'મિનોની શ્રેષ્ઠતાનું વર્ણન છે કે) તે લોકોને તેમની પાકટતાના કારણે બમણો સવાબ મળશે (કારણ કે તેઓ પહેલી કિતાબ ઉપર ઈમાન રાખવાના સંદર્ભમાં પણ કુર્આન ઉપર ઈમાન રાખતા હતા અને પાછળથી નાઝિલ થયા પછી તે કુર્આન ઉપર પણ કાયમ રહ્યા અને તેનું નવીનીકરણ કર્યું, આ તો તેમના વિશ્વાસ અને બદલાનું વર્ણન હતું આગળ તેમના અમલો અને અખ્લાકનું વર્ણન છે) અને તે લોકો નેકી (અને ધીરજ)થી બદી (અને પીડા)ને દૂર કરી આપે છે અને અમે જે કંઈ તેમને આપ્યું છે તેમાંથી (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરે છે અને (જે પ્રમાણે આ લોકો કષ્ટો ઉપર સબ્ર અને ધીરજ ધરે

છે એ જ પ્રમાણે) જ્યારે કોઈને (પોતાના વિશે) નકામી વાતો કરતા સાંભળે છે (જે મૌખિક પીડા છે) તો તેને (પણ) ટાળે છે અને (સલામતી સ્થાપિત રાખવાના સ્વરૂપે) કહી આપે છે કે (અમે કંઈ જવાબ આપતા નથી) અમારા અમલ અમારી સામે આવશે અને તમારા અમલ તમારી સામે (ભાઈ !) અમે તો તમને સલામ કરીએ છીએ (અમને ઝઘડાથી મા'ફ કરો) અમે નાસમજ લોકો સાથે ઉલઝવા નથી માંગતા.

મસ્અલા અને બોધપાઠ :

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ مِنْ قَبْلِهٖ هُمْ بِهٖ يُؤْمِنُوْنَ આ આયતમાં તે અહલે કિતાબનું વર્ણન છે જેઓ રસૂલે કરીમ ﷺના આગમન અને નુબુવ્વત તથા કુર્આનના નાઝિલ થતા પહેલાં જ તવરાત અને ઇન્જીલની આપેલી ખુશખબરીઓની બીનાએ કુર્આને કરીમના નાઝિલ થવા ઉપર અને રસૂલે કરીમ ﷺના આગમત ઉપર વિશ્વાસ ધરાવતા હતા. રસૂલે કરીમ ﷺનું આગમન થયું તો પોતાની પાછલી આસ્થાની બીનાએ ઈમાન લઈ આવ્યા, હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે હફસાના બાદશાહ નજ્જાસીના દરબારીઓમાંથી ચાલીસ વ્યક્તિઓ મદીનામાં તે સમયે હાજર થયા જ્યારે રસૂલે કરીમ ﷺ ગઝ્વએ ખયૂબરમાં પ્રવૃત્ત હતા આ લોકો પણ તે જિહાદમાં સામેલ થઈ ગયા તેમાંથી અમુક લોકો ઘાયલ પણ થયા પરંતુ તેમાંથી કોઈ માર્યું ન ગયું. તેમણે જ્યારે સહાબએ કિરામ (રદિ.)ની આર્થિક તંગીની હાલત જોઈ તો રસૂલે કરીમ ﷺને દરખાસ્ત કરી કે અમે અલ્લાહની કૃપાથી માલદાર અને દોલતમંદ છીએ, અમે પોતાના દેશમાં પાછા જઈને સહાબએ કિરામ (રદિ.) માટે માલ લાવીએ. રસૂલે કરીમ ﷺએ પરવાનગી આપી દીધી, તેના ઉપર આ આયત નાઝિલ થઈ, اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ مِنْ قَبْلِهٖ هُمْ بِهٖ يُؤْمِنُوْنَ (اِلٰى قَوْلِهٖ) وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ (اَخْرَجَهُ ابْنُ مَرْدَوِيَّةَ وَالطَّبْرَانِيُّ فِى الْاَوْسَطِ - مَظْهَرِى) અને હઝરત સઈદ બિન ઝુબૈર (રદિ.)થી રિવાયત છે કે હઝરત જઅ્ફર (રદિ.) પોતાના સાથીઓની સાથે જ્યારે મદીનાથી હફસાની પ્રથમ હિજરત માટે ગયા હતા અને નજ્જાશીના દરબારમાં ઈસ્લામની તા'લીમ રજુ કરી તો નજ્જાશી અને તેના દરબારીઓ કે જેઓ અહલે કિતાબ હતા અને તવરાત તથા ઇન્જીલમાં રસૂલે કરીમ ﷺની

ખુશખબરીઓ અને નિશાનીઓ જોતા હતા તેમના દિલોમાં તે જ સમયે અલ્લાહે ઈમાન નાંખી દીધું. *(મઝહરી)*

શબ્દ مُسْلِمِيْنَ (મુસ્લિમીન) ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺનો ખાસ લકબ છે અથવા બધી જ ઉમ્મતો માટે સર્વસામાન્ય છે ? :

اِنَّا كُنَّا مِنْ قَبْلِهٖ مُسْلِمِيْنَ એટલે કે, તે અહલે કિતાબ લોકોએ કહ્યું કે અમે તો કુર્આનના નાઝિલ થતા પહેલાં જ મુસલમાન હતા. અહીંયાં શબ્દ مُسْلِمْ (મુસ્લિમ) જો પોતાના શાબ્દિક અર્થ પ્રમાણે લેવામાં આવે એટલે કે આજ્ઞાપાલક અને ફરમાંબરદાર તો વાત સ્પષ્ટ થઈ જાય છે કે તેમને જે કુર્આન અને અંતિમ નબી રસૂલે કરીમ ﷺનું યકીન પોતાની કિતાબોના કારણે પ્રાપ્ત હતું તે યકીનને اِسْلَامْ (ઈસ્લામ) અને مُسْلِمِيْنَ (મુસ્લિમીન)થી ઓળખાવ્યું કે અમે તો તેને પ્રથમથી જ માનતા હતા અને જો શબ્દ મુસ્લિમીન આ સ્થળે એ અર્થમાં લેવામાં આવે જે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺનો મુસ્લિમીન લકબ છે તો તેનાથી સાબિત આ થશે કે ઈસ્લામ અને મુસ્લિમીનનો શબ્દ માત્ર ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે ખાસ નથી બલકે બધા જ અંબિયા (અલૈ.)નો દીન ઈસ્લામ જ હતો અને તે બધા મુસ્લિમો જ હતા પરંતુ કુર્આને કરીમની અમુક આયતોથી ઈસ્લામ અને મુસ્લિમીન આ ઉમ્મત માટેનો ખાસ લકબ હોવું જાણ થાય છે જેમકે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું નિવેદન પોતે કુર્આને નકલ કર્યું છે. هُوَسَمّٰكُمُ الْمُسْلِمِيْنَ અને અલ્લામહ સુયૂતિ (રહ.) આ જ વિશેષતાને માને છે અને આ વિષય ઉપર તેમણે એક આગવી પુસ્તિકા લખી છે. તેમના મતે આ આયતમાં મુસ્લિમીનથી ભાવાર્થ એ છે કે અમે પ્રથમથી ઈસ્લામનો સ્વીકાર કરવા માટે તૈયાર જ હતા અને જો વિચાર કરવામાં આવે તો તે બંનેમાં કોઈ વિરોધાભાસ નથી કે ઈસ્લામ બધા જ અંબિયા (અલૈ.)ના દીનનું સંયુક્ત નામ પણ હોય અને તેમની ઉમ્મત માટે ખાસ લકબ પણ, કારણ કે એવું બની શકે છે કે ઈસ્લામ પોતાના લાક્ષણિક અર્થના આધારે બધામાં સમાન હોય પરંતુ મુસ્લિમનો લકબ માત્ર આ ઉમ્મત માટે ખાસ હોય, જેમકે સિદ્દીક અને ફારૂક વગેરે લકબો છે જે આ ઉમ્મતમાં ખાસ હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર (રદિ.) માટે બોલવામાં આવે છે જ્યારે કે પોતાના લાક્ષણિક અર્થના આધારે અન્ય લોકો પણ સિદ્દીક અને ફારૂક હોઈ શકે છે. વલ્લાહુ અઅ્લમુ.

أُولَـٰئِكَ يُؤْتَوْنَ أَجْرَهُم مَّرَّتَيْنِ એટલે કે, મો'મિનીન અહલે કિતાબને બમણો સવાબ આપવામાં આવશે. કુર્આને કરીમમાં આ જ પ્રમાણેનો વાયદો નબીએ પાક ﷺની પવિત્ર પત્નીઓ વિશે પણ આવ્યો છે, وَمَن يَقْنُتْ مِنكُنَّ لِلَّهِ وَرَسُولِهِ وَتَعْمَلْ صَالِحًا نُّؤْتِهَا أَجْرَهَا مَرَّتَيْنِ અને સહીહ બુખારીની એક હદીષમાં ત્રણ વ્યક્તિઓ માટે બમણા સવાબનું વર્ણન થયું છે. એક તે અહલે કિતાબ જે પ્રથમ પોતાના પાછલા નબી ઉપર ઈમાન લાવ્યા, પછી રસૂલે કરીમ ﷺ ઉપર અને બીજો તે વ્યક્તિ જે કોઈનો આધીન અને ગુલામ હોય, તે પોતાના માલિકનું પણ આજ્ઞાપાલન અને ફરમાંબરદારી કરતો હોય અને અલ્લાહ તઆલા તથા રસૂલે કરીમ ﷺનું પણ, બીજો તે વ્યક્તિ જેની મિલકતમાં કોઈ કનીઝ હતી, જેની સાથે નિકાહ વિના સહવાસ તેના માટે હલાલ હતો તેણે તેને પોતાની ગુલામીથી આઝાદ કરી દીધી અને પછી પોતાની પત્ની બનાવી લીધી.

અત્રે એ વાત વિચારપાત્ર છે કે આ અમુક પ્રકારોને બમણો બદલો આપવાનું કારણ શું છે ? જો કહેવામાં આવે કે આ બંનેના બે અમલો તે બમણા સવાબનું કારણ છે, કારણ કે અહલે કિતાબ મો'મિનીનના બે અમલ એ છે કે તેઓ પ્રથમ એક નબી અને તેમની કિતાબ ઉપર ઈમાન લાવ્યા, ત્યારબાદ બીજા નબી અને તેમની કિતાબ ઉપર અને પવિત્ર પત્નીઓના બે અમલ એ છે કે તેઓ રસૂલે કરીમ ﷺનું આજ્ઞાપાલન તથા મુહબ્બત રસૂલ સ્વરૂપે પણ કરે છે અને પતિ સ્વરૂપે પણ અને કોઈના આધીન ગુલામના બે અમલ તેનું બમણું આજ્ઞાપાલન અને ફરમાંબરદારી છે, અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺનું પણ અને પોતાના માલિકનું પણ તથા કનીઝને આઝાદ કરીને તેનાથી નિકાહ કરનારનો એક નેક અમલ તેને આઝાદ કરી દેવું છે અને બીજો તેને પોતાની નિકાહમાં લાવીને પત્ની બનાવી લેવું છે પરંતુ એના ઉપર આ પ્રશ્ન પેદા થાય છે કે બે અમલના બે બદલા હોત તો ન્યાય અને ઈન્સાફ હોવાના કારણથી તે બધા માટે સામાન્ય હોવા જોઈએ જેમાં મો'મિનની અહલે કિતાબ અથવા પવિત્ર પત્નીઓ વગેરેની શું વિશેષતા છે ? જે વ્યક્તિ પણ બે અમલ કરશે તે બે બદલા પામશે. આ પ્રશ્નના ઉત્તરની સંપૂર્ણ ચર્ચા મુજ નાચીઝે અહકામુલ કુર્આન સૂરએ કસસમાં લખી છે તેમાં જે વાત પોતે કુર્આનના શબ્દોની દલીલોથી સાબિત થાય છે, તે એ છે કે તે બધા પ્રકારોમાં ભાવાર્થ માત્ર બે બદલા નથી કારણ કે તે તો દરેક અમલ

કરનાર માટે સામાન્ય કુર્આની નિયમ છે. لَا يُضِيعُ عَمَلَ عَامِلٍ مِّنكُمْ એટલે કે, અલ્લાહ તઆલા તમારામાંથી કોઈ અમલ કરનારનો અમલ વ્યર્થ નથી કરતો, બલકે તે જેટલા નેક અમલ કરશે તેના જ હિસાબથી બદલો પામશે, બલકે આ પ્રસ્તુત પ્રકારોમાં બે બદલાથી ભાવાર્થ એ છે કે તે લોકોને તેમના દરેક અમલનો બમણો સવાબ મળશે, દરેક નમાઝ ઉપર તેમને બમણો સવાબ, દરેક રોઝા ઉપર બમણો સવાબ, દરેક સદકહ, હજ્જ અને ઉમરહ ઉપર તેમને બમણો સવાબ મળશે. કુર્આને કરીમના શબ્દો ઉપર વિચાર કરીએ તો બે બદલા આપવા માટે ટૂંકો શબ્દ اَجْرَيْنِ (અજરયનિ)નો હતો પરંતુ કુર્આને તેને છોડીને اَجْرَ مَرَّتَيْنِ (અજ્ર મર્રતયૂન)નો શબ્દ અપનાવ્યો જેમાં સ્પષ્ટ ઈશારો એ બાબતનો જોવા મળે છે કે "અજ્રે મર્રતયૂન"નો ભાવાર્થ એ છે કે તેના દરેક અમલ બે વાર લખવામાં આવશે અને દરેક અમલ ઉપર બમણો સવાબ મળશે.

રહી એ બાબત કે તેમની આટલી મોટી ફઝીલત અને વિશેષતાનું કારણ શું છે ? તો તેનો સ્પષ્ટ જવાબ એ છે કે અલ્લાહ તઆલાને અધિકાર છે કે કોઈ ખાસ અમલને બીજા અમલોથી શ્રેષ્ઠ ઠરાવી આપે અને સવાબ વધારી દે કોઈને એ પ્રશ્ન પૂછવાનો અધિકાર નથી કે રોઝાનો સવાબ અલ્લાહ તઆલાએ આટલો વધારે કેમ કરી દીધો, ઝકાત અને સદકહમાં કેમ આવું ન કર્યું ? હોઈ શકે છે કે આ અમલો જેનું વર્ણન પ્રસ્તુત આયતો અને બુખારીની હદીષમાં છે અલ્લાહ તઆલા નજીક તેનો દરજ્જો બીજા અમલોથી એક સ્વરૂપે વધેલો છે તેના ઉપર આ ઈનામ ફરમાવ્યું અને અમુક વિદ્વાન આગેવાન ઉલમાએ તેનું કારણ આ લોકોની બમણી મહેનત ઠરાવી છે તે પણ પોતાની જગ્યાએ યોગ્ય છે અને આ જ આયતના અંતે શબ્દ بِمَا صَبَرُوْا (બિમા સબરુ)થી તેના ઉપર દલીલ હોઈ શકે છે કે તે બમણા સવાબનું કારણ તેમને પડેલી મહેનત ઉપર સબ્ર કરવું છે. વલ્લાહુ અઅ્લમુ.

وَيَدْرَءُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ એટલે કે, આ લોકો બુરાઈને ભલાઈ દ્વારા દૂર કરે છે, આ બુરાઈ અને ભલાઈની વ્યાખ્યામાં તફસીરના ઈમામોના ઘણા બધા નિવેદનો છે. અમુકે ફરમાવ્યું કે ભલાઈથી આજ્ઞાપાલન અને બુરાઈથી ગુનાહ ભાવાર્થ તરીકે છે, કારણ કે નેકી બુરાઈને નષ્ટ કરી દે છે જેમકે હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ હઝરત મઆઝ બિન જબલ (રદિ.)થી ફરમાવ્યું, اَتْبِعِ الْحَسَنَةَ السَّيِّئَةَ تَمْحُهَا એટલે કે, બદી અને ગુનાહ પછી નેકી કરો તો તે

ગુનાહને મિટાવી દેશે અને અમુક લોકોએ ફરમાવ્યું કે, حَسَنَة (હસનહ)થી ભાવાર્થ ઈલ્મ અને સમજદારી તથા سَيِّئَة (સય્યિઅહ)નો ભાવાર્થ અજ્ઞાનતા અને ગફલત છે, એટલે કે આ લોકો બીજાઓની જહાલતનો જવાબ જહાલતના બદલે સમજદારી અને સહનશીલતાથી આપે છે તથા વાસ્તવમાં તેમના નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી, કારણ કે શબ્દ "હસનહ અને સય્યિઅહ" એટલે કે ભલાઈ અને બુરાઈના શબ્દોમાં તે બધી વસ્તુઓ સામેલ છે.

આ આયતમાં બે મહત્ત્વના માર્ગદર્શનો છે :

પ્રથમ એ કે જો કોઈ વ્યક્તિથી કોઈ ગુનોહ અથવા ભૂલ થઈ જાય તો તેનો ઈલાજ એ છે કે નેક અમલની ચિંતા કરે તો નેક અમલ તેના ગુનાહનો કફ્ફારો બની જશે, જેમકે હદીષમાં હઝરત મઆઝ બિન જબલ (રદિ.)ના હવાલાથી ઉપર વર્ણન થઈ ચૂક્યું છે, બીજું એ કે જે વ્યક્તિ કોઈની સાથે જુલમ અને બુરાઈથી વર્તણૂક કરે તો જો કે શરીઅતના કાનૂનની રૂએ તેણે પોતાનો બદલો લઈ લેવો જાઈઝ છે એ શરતે કે બદલો બરાબર સરાબર હોય, એટલે કે જેટલું નુકસાન અથવા તકલીફ તેણે પહોંચાડી છે એટલું જ તેના વિરોધીને પહોંચાડે પરંતુ શ્રેષ્ઠ અને ભલો તરીકો એ છે કે તે બદલો લેવાના બદલે બુરાઈના બદલામાં ભલાઈ અને જુલમના બદલામાં અહેસાન કરે કે આ અખ્લાકનો શ્રેષ્ઠ દરજ્જો છે અને દુનિયા તથા આખિરતમાં તેના અસંખ્ય લાભો છે. કુર્આને કરીમની એક બીજી આયતમાં આ માર્ગદર્શન ખૂબ સ્પષ્ટ શબ્દોમાં આ રીતે આવ્યું છે. اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ فَاِذَا الَّذِىْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ એટલે કે, બુરાઈ અને જુલમને એવી રીતે દૂર કરો કે જે શ્રેષ્ઠ છે. (એટલે કે જુલમના બદલામાં અહેસાન કરો) તો જે વ્યક્તિ અને તમારી વચ્ચે દુશ્મનાવટ છે તે તમારો નિખાલસ દોસ્ત બની જશે.

سَلٰمٌ عَلَيْكُمْ ز لَا نَبْتَغِى الْجٰهِلِيْنَ એટલે કે, આ લોકોની એક ઉમદા ટેવ એ છે કે જ્યારે તેઓ કોઈ જાહિલ દુશ્મનની બેકાર વાત સાંભળે છે તો તેનો જવાબ આપવાના બદલે એવું કહી આપે છે કે અમારો સલામ કબૂલ કરો અમે જાહિલ લોકોથી ઉલઝવાનું પસંદ કરતા નથી. ઈમામ જસ્સાસ (રહ.)એ ફરમાવ્યું કે સલામના બે પ્રકારો છે. એક سَلَامُ تَحِيَّة (સલામ તહિય્યહ) એટલે કે મુસલમાન

પરસ્પર એકબીજાને જે સલામ કરે છે તે અને બીજો سَلَامُ مُسَالَمَتُ وَ مُتَارَكَتْ (સલામે મુસાલિમત વ મુતારિકત) એટલે કે પોતાના વિરોધીને કહી આપે કે અમે તમારી બેકાર વાતોનો કોઈ બદલો તમારી પાસેથી નથી લેતા. અહીંયાં સલામથી બીજા પ્રકારનો ભાવાર્થ જ અર્થ સ્વરૂપે છે.

આયત : (સૂરએ કસસ : આયત નં. ૫૬)

إِنَّكَ لَا تَهْدِي مَنْ أَحْبَبْتَ وَلَٰكِنَّ اللَّهَ يَهْدِي مَن يَشَاءُ ۚ وَهُوَ أَعْلَمُ بِالْمُهْتَدِينَ ﴿٥٦﴾

તરજુમો :

(હે નબી ﷺ !) નિઃશંક તમે જેને ઈચ્છો માર્ગ ઉપર નથી લાવતા પરંતુ અલ્લાહ જેને ચાહે માર્ગ ઉપર લાવે છે અને તે જ સઘળું જાણે છે જેઓ માર્ગ ઉપર આવશે. (૫૬)

તફસીર :

(હે નબી ﷺ !) તમે જેને ઈચ્છો હિદાયત નથી કરી શકતા બલકે અલ્લાહ જેને ચાહે હિદાયત આપે છે, (અને હિદાયત આપવાની શક્તિ તો અલ્લાહના સિવાય કોઈને પણ નથી હોતી બલકે કોઈને તેનું જ્ઞાન સુદ્ધાં નથી હોતું કે કોણ કોણ હિદાયત પામનાર છે બલકે) હિદાયત પામનારાઓનું જ્ઞાન તેને જ છે.

મસ્અલા અને બોધપાઠ :

શબ્દ هِدَايَتْ (હિદાયત) ઘણા અર્થોમાં ઉપયોગ થાય છે, એક અર્થ માત્ર માર્ગ બતાવી આપવાનો થાય છે એના માટે જરૂરી નથી કે જેને માર્ગ બતાવી દેવામાં આવ્યો તે ઈચ્છિત મંઝિલ સુધી પહોંચે અને હિદાયતનો એક અર્થ એ પણ થાય છે કે કોઈને ઈચ્છિત મંઝિલ સુધી પહોંચાડવામાં આવે. પ્રથમ અર્થના આધારે તો રસૂલે કરીમ ﷺ બલકે બધા જ અંબિયા (અલૈ.) હાદી હોવું અને આ હિદાયત તેમણે અપનાવવું દેખીતું છે, કારણ કે આ હિદાયત જ તેમની નુબુવ્વતના હોદ્દાની ફરજ છે. જો તેમને તેની શક્તિ ન હોત તો રિસાલત અને નુબુવ્વતનો ફરજ કઈ રીતે બજાવ્યો હોત ! આ આયતમાં જે રસૂલે કરીમ ﷺનું હિદાયત

ઉપર કાબૂ ન હોવાનું વર્ણન થયું છે તેનો ભાવાર્થ બીજા અર્થની હિદાયત છે, એટલે કે ઈચ્છિત મંઝિલ સુધી પહોંચાડી આપવું અને ભાવાર્થ એ છે કે પોતાની તબ્લીગ અને તા'લીમ દ્વારા તમે કોઈના દિલમાં ઈમાન નાંખીને તેને મો'મિન બનાવી આપો તે કામ તમારું નથી, તે તો સીધે સીધું અલ્લાહ જલ્લ શા'નુહૂના અધિકારમાં છે. હિદાયતનો અર્થ અને તેના પ્રકારોની સંપૂર્ણ વિગત સૂરએ બકરહની શરૂઆતમાં આવી ચૂકી છે.

સહીહ મુસ્લિમમાં છે કે આ આયત રસૂલે કરીમ ﷺના કાકા અબૂ તાલીબ વિશે નાઝિલ થઈ છે કે રસૂલે કરીમ ﷺને ઘણી તમન્ના હતી કે તેઓ કોઈપણ રીતે ઈમાન સ્વીકારી લે, તેના ઉપર રસૂલે કરીમ ﷺને એ બતાવવામાં આવ્યું કે કોઈને મો'મિન બનાવી દેવું તેમના કાબૂમાં નથી. તફસીરે રૂહુલ મઆનીમાં છે કે અબૂ તાલીબના ઈમાન અને કુફ્રના મા'મલામાં જરૂરત વિના વાતચીત અને વાદવિવાદ કરવાથી અને તેમને બુરું કહેવાથી બચવું જોઈએ કે તેનાથી રસૂલે કરીમ ﷺને સ્વાભાવિક પીડા પહોંચવાની શક્યતા છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૫૭ થી ૬૦)

وَقَالُوْٓا اِنْ نَّتَّبِعِ الْهُدٰى مَعَكَ نُتَخَطَّفْ مِنْ اَرْضِنَا ۭ اَوَلَمْ نُمَكِّنْ لَّهُمْ
حَرَمًا اٰمِنًا يُّجْبٰٓى اِلَيْهِ ثَمَرٰتُ كُلِّ شَيْءٍ رِّزْقًا مِّنْ لَّدُنَّا وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا
يَعْلَمُوْنَ ﴿٥٧﴾ وَكَمْ اَهْلَكْنَا مِنْ قَرْيَةٍۢ بَطِرَتْ مَعِيْشَتَهَا ۚ فَتِلْكَ مَسٰكِنُهُمْ لَمْ
تُسْكَنْ مِّنْۢ بَعْدِهِمْ اِلَّا قَلِيْلًا ۭ وَكُنَّا نَحْنُ الْوٰرِثِيْنَ ﴿٥٨﴾ وَمَا كَانَ رَبُّكَ
مُهْلِكَ الْقُرٰى حَتّٰى يَبْعَثَ فِيْٓ اُمِّهَا رَسُوْلًا يَّتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِنَا ۚ وَمَا كُنَّا
مُهْلِكِي الْقُرٰٓى اِلَّا وَاَهْلُهَا ظٰلِمُوْنَ وَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَيْءٍ فَمَتَاعُ الْحَيٰوةِ
الدُّنْيَا وَزِيْنَتُهَا ۚ وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ وَّاَبْقٰى ۭ اَفَلَا تَعْقِلُوْنَ ﴿٦٠﴾

તરજુમો :

અને કહેવા લાગ્યા, જો અમે તારી સાથે માર્ગ ઉપર આવીએ (તો) પોતાના પ્રદેશમાંથી ઊંચકાવી લેવામાં આવીએ, શું અમે તેમને સન્માનનીય સલામતીવાળા મકાનમાં જગ્યા નથી આપી ? (કે જ્યાં) ખેંચાઈને તેના તરફ દરેક પ્રકારના મેવાઓની રોજી અમારા તરફથી ચાલી આવે છે પરંતુ તેમનામાં ઘણા સમજ ધરાવતા નથી. (૫૭) અને અમે કેટલીય વસ્તીઓનો નાશ કરી નાંખ્યો જેઓ પોતાના ઐશ આરામના (આર્થિક ઉપાર્જનના) સાધનો (મઈશત) ઉપર ઈતરાતા હતા, હવે આ છે તેમના (ખંડેર) ઘરો, તેમના પછી આબાદ નથી થયા પરંતુ થોડા; અને અંતે અમે સઘળું લેનારા છીએ. (૫૮) અને તમારો પરવરદિગાર વસ્તીઓનો નાશ કરનારો નથી જ્યાં સુધી કે તેમની મોટી વસ્તીમાં સંદેશ આપનાર મોકલી ન આપે જે તેમને અમારી વાતો સંભળાવે અને અમે કદાપિ વસ્તીઓનો નાશ કરનારા નથી પરંતુ જ્યારે કે ત્યાંના લોકો ગુનેહગાર હોય. (૫૯) અને તમને જે કોઈ વસ્તુ મળી છે બસ દુનિયાની જિંદગીમાં ફાયદો ઉઠાવી લેવાનો છે અને અહીંયાંની રોનક છે અને જે અલ્લાહની પાસે છે બસ ઉત્તમ છે અને બાકી રહેનાર, શું તમને સમજ નથી !? (૬૦)

તફસીર :

(ઉપરોક્ત આયતોમાં ઘણા આગળથી ઈમાન ન લાવનારાઓનું વર્ણન ચાલતું આવ્યું છે, આ આયતોમાં તે અવરોધોનું વર્ણન છે જે કાફિરોના ઈમાન લાવવાના માર્ગમાં અડચણ સમજવામાં આવતું હતું. દાખલા તરીકે એક અવરોધનું વર્ણન એ છે કે) અને આ લોકો કહે છે કે જો તમારી સાથે થઈને (આ દીનની) હિદાયત ઉપર ચાલવા લાગીએ તો તાત્કાલિક પોતાના સ્થળેથી મારીને કાઢવામાં આવીએ (કે વતનવિહોણા હોવાની તકલીફ ઉઠાવવી પડે અને રોજી રોટીની પરેશાની અલગથી; પરંતુ તેમના આ બહાનાનો રદિયો જાહેર છે), શું અમે તેમને શાંતિ અને સલામતીવાળા હરમમાં જગ્યા નથી આપી જ્યાં દરેક પ્રકારના ફળ ખેંચાઈને ચાલ્યા આવે છે જે અમારી પાસેથી (એટલે કે અમારી કુદરત અને રઝ્ઝાકીથી) ખાવા મળે છે ? (બસ હરમ હોવાના કારણે કે જેનું બધા

જ સન્માન કરે છે નુકસાનનો પણ ભય નથી અને આ તકલીફનો નકાર થવાના કારણે રોજી રોટી છીનવાઈ જવાની સંભાવના પણ નથી, બસ તેમણે આવી હાલતને ગનીમત સમજવી જોઈતી હતી અને તેને નેઅ્મત સમજીને તેની કદર કરવી જોઈતી હતી અને ઈમાન લાવવું જોઈતું હતું) અને પરંતુ તેમનામાં ઘણા લોકો (તેને) નથી જાણતા (એટલે કે એ બાબતનો વિચાર નથી કરતા) અને (તેમનું ઈમાન ન લાવવાનું એક કારણ એ છે કે તેઓ પોતાની ઐશ અને રાહત ઉપર ગર્વિષ્ઠ છે પરંતુ એ પણ મૂર્ખામી છે કારણ કે) અમે ઘણી બધી એવી વસ્તીઓનો નાશ કરી ચૂક્યા છે જે પોતાના ઐશના સામાન ઉપર ગર્વિષ્ઠ હતા, બસ (જોઈ લો) આ તેમના ઘર (તમારી આંખોની સામે પડ્યા) છે કે તેમના પછી આબાદ જ ન થયા પરંતુ થોડીવાર માટે (કે કોઈ મુસાફર અને વટેમાર્ગુ અચાનક તે બાજુથી પસાર થઈ જાય તો થોડીવાર માટે આરામ કરવા અથવા તમાશો જોવા બેસી જાય અથવા રાત પસાર કરે) અને અંતે (તેમના આ બધા સામાનોના) અમે જ માલિક રહ્યા (કોઈ દેખીતો વારસ પણ તેમનો ન થયો) અને (એક શંકા તેમને એ છે કે જો આ લોકોના નાશનું કારણ કુફ્ર છે તો અમે લાંબા સમયથી કુફ્ર કરતા આવી રહ્યા છે, અમને શા માટે હલાક ન કર્યા ? જેમકે બીજી આયતોમાં છે وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَاالْوَعْدُ.... અને આ શંકાના કારણે ઈમાન નથી લાવતા. બસ, તેનો હલ એ છે કે) તમારો પરવરદિગાર વસ્તીઓને (પહેલી વખતે જ) નાશ નથી કર્યા કરતો જ્યાં સુધી કે (વસ્તીઓના) મુખ્ય સ્થળોએ કોઈ પયગમ્બરને ન મોકલી આપે અને (પયગમ્બરને મોકલ્યા પછી પણ તાત્કાલિક) અમે તે વસ્તીઓનો નાશ નથી કરતા પરંતુ એવી હાલતમાં કે ત્યાંના નિવાસીઓ ઘણી શરારત કરવા લાગે (એટલે કે એક લાંબા સમય સુધી વારંવારની ચેતવણીને પણ ગણકારે નહીં તો તે સમયે નાશ કરીએ છીએ એટલા માટે જે વસ્તીઓના નાશ કરવાનું ઉપર વર્ણન હતું તે પણ આ જ કાયદા પ્રમાણે નાશ થઈ, બસ આ કાનૂન પ્રમાણે તમારી સાથે વ્યવહાર કરવામાં આવી રહ્યો છે એટલા માટે ન તો રસૂલથી પહેલાં તમારો નાશ કર્યો અને ન રસૂલ પછી હજુ સુધી નાશ કર્યો પરંતુ અમુક દિવસ પસાર થવા દો જો તમારો આ જ વ્યવહાર રહ્યો તો શિક્ષા થશે જ એટલા માટે બદ્ર વગેરેમાં તેમને સજા થઈ) અને (ઈમાન ન લાવવાનું એક કારણ એ છે કે દુનિયા રોકડી છે એટલા માટે વહાલી લાગે છે અને આખિરત ઉધાર છે એટલા

માટે વહાલી નથી, બસ દુનિયાના આકર્ષણથી દિલ ખાલી નથી હોતું કે તેમાં આખિરતનું આકર્ષણ સમાય, પછી તેને પ્રાપ્ત કરવાનો તરીકો શોધવામાં આવે કે જે ઈમાન છે બસ તેના વિશે આ સાંભળી રાખો કે) જે કંઈ તમને આપવામાં આવ્યું છે તે માત્ર (અમુક દિવસ) દુનિયવી જિંદગીના વપરાશ માટે છે અને અહીંયાંનો શણગાર છે (કે જીવન સમાપ્ત થતાં જ તે પણ સમાપ્ત થઈ જશે) અને જે (સવાબ અને બદલો) અલ્લાહના ત્યાં છે તે અનેક રીતે તેનાથી (દરેક સ્વરૂપે) ઉત્તમ છે અને (પ્રમાણમાં પણ) વધારે (એટલે કે હંમેશા) બાકી રહેનાર છે બસ શું તમે લોકો (આ તફાવતને અથવા તે તફાવતના પ્રમાણને) સમજતા નથી ? (મતલબ કે તમારા બહાના અને કુફ્ર ઉપર ડટેલા રહેવાના કારણો માત્ર પાયા વિનાના અને વ્યર્થ સમજો તથા માનો).

મસ્અલા અને બોધપાઠ :

وَقَالُوْٓا اِنْ نَّتَّبِعِ الْهُدٰى مَعَكَ نُتَخَطَّفْ مِنْ اَرْضِنَا ؕ એટલે કે મક્કાના કાફિરો હારિષ બિન ઉસ્માન વગેરેએ પોતાના ઈમાન ન લાવવાનું એક કારણ એ વર્ણન કર્યું કે જો કે અમે તમારી તા'લીમને સત્ય માનીએ છીએ પરંતુ અમને ભય એ છે કે જો અમે તમારી હિદાયત ઉપર અમલ કરીને તમારી સાથે થઈ જઈશું તો સમગ્ર અરબ અમારા દુશ્મન બની જશે અને અમને અમારી ભૂમિ મક્કાથી ઊંચકી લેશે. (નસઈ વગેરે) કુર્આને કરીમે તેમના આ ખોટા બહાનાના ત્રણ જવાબો આપ્યા, પ્રથમ આ اَوَلَمْ نُمَكِّنْ لَّهُمْ حَرَمًا اٰمِنًا يُّجْبٰٓى اِلَيْهِ ثَمَرٰتُ كُلِّ شَيْءٍ એટલે કે તેમનું આ બહાનું એટલા માટે ખોટું છે કે અલ્લાહ તઆલાએ વિશેષ સ્વરૂપે મક્કાના લોકોની સુરક્ષા માટે એક કુદરતી વ્યવસ્થા પહેલેથી કરી રાખી છે કે મક્કાની ભૂમિને હરમ બનાવી દીધી અને સમગ્ર અરબના કબીલાઓ કુફ્ર, શિર્ક અને પરસ્પરની દુશ્મનાવટો છતાં એ બાબત ઉપર સહમત હતા કે હરમની ભૂમિમાં હત્યા અને ખૂનામરકી સખત હરામ છે. હરમમાં બાપનો કાતિલ બેટાને મળતો હતો તો બદલો લેવાની સખત ભાવના છતાં કોઈની એ મજાલ ન હતી કે હરમની અંદર પોતાના દુશ્મનની હત્યા કરે અથવા તેની પાસેથી પોતાનો બદલો લઈ લે એટલા માટે ઈમાન લાવવામાં તેમનો એ ભય અનુભવવો કેટલી મોટી જહાલત છે કે જે માલિકે પોતાની દયા અને કરમથી તેમને કુફ્ર અને શિર્ક છતાં આ

ભૂમિમાં સલામતી આપી રાખી છે તો ઈમાન લાવવાના સ્વરૂપે તે કેવી રીતે તેમનો નાશ થવા દેશે ? યહ્યા બિન સલામે ફરમાવ્યું કે આયતનો ભાવાર્થ એ છે કે તમે હરમના કારણે સુરક્ષિત અને શાંતિમાં હતા, મારી દીધેલી રોજી છૂટથી ખાઈ રહ્યા હતા અને મારા સિવાય અન્યોની ઈબાદત કરતા હતા, પોતાની આ હાલતથી તો તમને ભય ન લાગ્યો ઊલટું અલ્લાહ ઉપર ઈમાન લાવવાથી ભય લાગ્યો ? (કુર્તુબી) પ્રસ્તુત આયતમાં મક્કાના હરમની બે ખાસિયતો વર્ણન કરી છે, એક એ કે તે સલામતીની જગ્યા છે, બીજું એ કે ત્યાં દુનિયામાં ચારે બાજુથી દરેક વસ્તુના ફળ લાવવામાં આવે છે જેથી મક્કાના લોકો પોતાની બધી જ જરૂરિયાતો સરળતાથી પૂરી કરી શકે.

મક્કાના હરમમાં દરેક પ્રકારના ફળ ભેગા થવા કુદરતની ખાસ નિશાનીઓમાંથી છે :

મક્કા મુકર્રમહ જેને અલ્લાહ તઆલાએ પોતાના ઘર માટે સમગ્ર દુનિયામાંથી ચૂંટી કાઢ્યું એક એવું સ્થળ છે કે ત્યાં દુનિયાની રોજી રોજગારની કોઈ વસ્તુ સરળતાથી ન મળવી જોઈએ, કારણ કે ઘઉં, ચણા, ચોખા વગેરે જે સામાન્ય મનુષ્યનો ખોરાક છે તે વસ્તુઓ અહીંયાં બિલકુલ ઉત્પન્ન થતી નથી, ફળો અને લીલોતરી વગેરેનું તો કહેવું જ શું ? પરંતુ આ બધી વસ્તુઓ જે છૂટછાટથી મક્કા મુકર્રમહમાં મળે છે બુદ્ધિ આશ્ચર્યચકિત્ થઈ જાય છે કે હજ્જના મોકા ઉપર મક્કા મુકર્રમહની બે ત્રણ લાખની વસ્તી ઉપર બાર પંદર લાખ મુસલમાનોનો વધારો દર વર્ષે થઈ જાય છે (આ આંકડાઓ આજથી ચાલીસ વર્ષ પહેલાંના છે જ્યારે મૂળ તફસીર લખવામાં આવી રહી હતી). સરેરાશ અઢી મહિના સુધી રહે છે, ક્યારેય એવું સાંભળવામાં નથી આવ્યું કે તેમાંથી ક્યારેય કોઈને ખોરાકની જરૂરી વસ્તુ ન મળી શકી હોય બલકે રાત દિવસના કોઈપણ સમયે તૈયાર ખોરાક મળતા રહેવાનો જાત અનુભવ દરેક વ્યક્તિ કરી શકે છે અને કુર્આને કરીમના શબ્દ ثَمَرَاتُ كُلِّ شَيْءٍ માં વિચાર કરીએ તો એ પ્રશ્ન પેદા થાય છે કે સામાન્ય બોલચાલના આધારે ثَمَرَاتُ (ષમરાત)નો સંબંધ વૃક્ષો સાથે છે તો આ સ્થળે ثَمَرَاتُ كُلِّ شَجَرٍ કહેવું જોઈતું હતું, તેના બદલે ثَمَرَاتُ كُلِّ شَيْءٍ કહેવામાં આવ્યું, એટલે એ કંઈ અસંભવ વાત નથી કે તેમાં ઈશારો એ તરફ હોય કે શબ્દ "ષમરાત" અહીંયાં માત્ર ફળોના અર્થમાં નથી, બલકે દરેક પ્રકારના

ઉત્પાદનોના અર્થમાં છે, તેમાં મીલો કે કારખાનાના ઉદ્યોગોના ઉત્પાદનો પણ સામેલ છે. એ જ પ્રમાણે આયતનો ખુલાસો એ થશે કે હરમે મક્કામાં માત્ર ખાવા–પીવાની વસ્તુઓ જ એકઠી નહીં થાય બલકે જીવન જરૂરિયાતની બધી જ વસ્તુઓ ભેગી કરવામાં આવશે જેનો ઉઘાડી આંખે અનુભવ થઈ રહ્યો છે કે કદાચ દુનિયામાં કોઈપણ પ્રદેશમાં એ વાત ન હોય કે દરેક દેશ પ્રદેશનો ખોરાક અને ત્યાંના ઉત્પાદનો આવી છૂટછાટથી સાથે ત્યાં મળતા હોય જે રીતે કે મક્કા મુકર્રમહમાં મળે છે. આ તો મક્કાના કાફિરોના બહાનાનો જવાબ થયો કે જે માલિકે તમને કુફ્ર અને શિર્કની હાલતમાં તમારા ઉપર આ ઈનામો વરસાવ્યા કે તમારી જમીનને દરેક ભયથી સુરક્ષિત અને સંરક્ષણ અર્પણ કર્યું અને તે છતાં કે આ ભૂમિમાં કોઈ વસ્તુ પેદા થતી નથી, સમગ્ર દુનિયાના ઉત્પાદનો અહીંયાં લાવીને એકઠા કરી દીધા તો તમારો આ ભય કેટલી મોટી અજ્ઞાનતા છે કે સમગ્ર સૃષ્ટિના સર્જનહાર ઉપર ઈમાન લાવવાના સ્વરૂપમાં તમારી આ નેઅ્મતો છીનવાય જવાનો ભય છે, ત્યાર પછી તેમના બીજા બહાનાનો જવાબ આ છે, وَكَمْ اَهْلَكْنَا مِنْ قَرْيَةٍ بَطِرَتْ مَعِيْشَتَهَا જેમાં એ બતાવવામાં આવ્યું કે દુનિયાની બીજી કાફિર કોમોની પરિસ્થિતિઓ ઉપર નજર નાંખો કે તેમના કુફ્ર અને શિર્કના વબાલથી કઈ રીતે તેમની વસ્તીઓ તબાહ થઈ અને મજબૂત તથા સ્થાપિત કિલ્લાઓ તથા સુરક્ષાનો સામાન બધું ધૂળમાં મળી ગયું તો મૂળ ભયની વસ્તુ કુફ્ર અને શિર્ક છે જે તબાહી અને બરબાદીનું કારણ હોય છે, તમે કેવા બેખબર અને મૂર્ખાઓ છો કે કુફ્ર અને શિર્કના ભયને અનુભવતા નથી અને ઈમાનથી ભય અનુભવો છો ?

ત્રીજો જવાબ આ આયતમાં આ આપવામાં આવ્યો, وَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَيْءٍ فَمَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا.... જેમાં એ બતાવવામાં આવ્યું કે જો ધારી લો કે ઈમાન લાવવાના પરિણામે તમને કોઈ તકલીફ પહોંચી જ જાય તો તે અમુક દિવસની છે અને જે રીતે દુનિયાના ઐશ અને આરામ, માલ અને દોલત બધું અમુક દિવસનો સામાન છે, કોઈની પાસે હંમેશા નથી રહેતો એ જ પ્રમાણે અહીંયાંની તકલીફ પણ અમુક દિવસની છે જલદી જ નષ્ટ થઈ જનારી છે, એટલા માટે બુદ્ધિનું કામ આ છે કે તે રાહત અને તકલીફની ચિંતા કરવામાં આવે જે કાયમી અને હંમેશા રહેનારી છે, હંમેશા રહેનારી દોલત અને નેઅ્મત માટે અમુક દિવસની તકલીફ

અને મુસીબત સહન કરી લેવામાં જ બુદ્ધિની દલીલ છે.

لَمْ تُسْكَنْ مِّنْ بَعْدِهِمْ إِلَّا قَلِيلًا એટલે કે, અગાઉ થઈ ચૂકેલી કોમોની જે વસ્તીઓને અલ્લાહના અઝાબથી નષ્ટ કરવામાં આવી હતી હજુ સુધી તેમાં વસવાટ થયો નથી પરંતુ માત્ર ઘણા થોડામાં. આ "ઘણા થોડા"નો ભાવાર્થ જો થોડાક વિશ્રામગૃહો અથવા થોડાક સ્થળોનો લેવામાં આવે જેમકે જજ્જાજનું નિવેદન છે તો અર્થ એ થશે કે તે તબાહ થયેલ વસ્તીઓમાં કોઈ સ્થળ અને મકાન ફરી આબાદ નથી થઈ શક્યું માત્ર તે થોડા સિવાય કે તે આબાદ થયા પરંતુ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આયતની એવી તફસીર નકલ થઈ છે કે થોડા સ્થળો અને મકાનોનો અહીંયાં અપવાદ નથી બલકે અહીંયાં થોભવાનો સમય ભાવાર્થ તરીકે છે. ભાવાર્થ એ છે કે જો તે વસ્તીઓમાં કોઈ રહે પણ છે તો તે થોડા સમય માટે, જેમકે કોઈ વટેમાર્ગુ થોડીવાર માટે થોભી જાય જેને વસ્તીઓની આબાદી કહી શકાતી નથી.

حَتّٰى يَبْعَثَ فِيْٓ اُمِّهَا رَسُوْلًا માં શબ્દ اُمّ (ઉમ્મ)નો મશહૂર અર્થ "માતા કે માં" છે અને માં કારણ કે મનુષ્યના સર્જનનો આધાર છે એટલા માટે શબ્દ "ઉમ્મ" મૂળ અને બુનિયાદના અર્થમાં પણ મોટે ભાગે ઉપયોગમાં થાય છે. اُمِّهَا (ઉમ્મહા)ની ઝમીર قُرٰى (કુરા) તરફ છે, એટલા માટે اُمِّهَا (ઉમ્મહા)નો ભાવાર્થ اُمُّ الْقُرٰى (ઉમ્મુલ કુરા) છે, એટલે કે વસ્તીઓનો મૂળ અને તેનો આધાર. મતલબ એ છે કે અલ્લાહ તઆલા કોઈ કોમને ત્યાં સુધી નષ્ટ નથી કરતો જ્યાં સુધી તે કોમના મોટા શહેરોમાં પોતાના કોઈ રસૂલ દ્વારા સત્યનો સંદેશ પહોંચાડી ન આપે, જ્યારે સત્યનો સંદેશ પહોંચી જાય અને લોકો તેનો સ્વીકાર ન કરે તે સમયે વસ્તીઓ ઉપર અઝાબ આવી જાય છે.

આ આયતથી જાણ થઈ કે અલ્લાહ તઆલાના અંબિયા (અલૈ.)નું અને રસૂલોનું સામાન્ય રીતે મોટા શહેરોમાં આગમન થતું હોય છે, તેઓ નાના કસ્બાઓ અને ગામડાઓમાં નથી આવતા કારણ કે આવા કસ્બાઓ અને ગામડાઓ સ્વાભાવિક રીતે શહેરોના તા'બે હોય છે, પોતાની રોજી રોટીની જરૂરિયાતમાં પણ અને શૈક્ષણિક આવશ્યકતાઓ માટે પણ અને શહેરોમાં જે વાત ફેલાઈ જાય છે તેનું વર્ણન આસપાસના ગામડાઓ અને કસ્બાઓમાં આપોઆપ ફેલાઈ જાય છે, એટલા જ માટે જ્યારે કોઈ મોટા શહેરમાં રસૂલ (અલૈ.)નું

આગમન થાય છે અને તેઓ સત્યની દા'વત રજુ કરી આપે છે તો આ દા'વત તે કસ્બાઓ અને ગામડાઓમાં પણ સ્વાભાવિક રીતે પહોંચી જાય છે, એ જ પ્રમાણે તે બધા ઉપર અલ્લાહ તઆલાની હુજ્જત પૂર્ણ થઈ જાય છે તથા ઈન્કાર અને જૂઠાડવામાં આવે તો બધા ઉપર અઝાબ આવે છે.

હુકમો અને કાયદાઓમાં કસ્બાઓ તથા ગામડાઓ શહેરોના તા'બે હોય છે :

આથી જાણ થઈ કે જે રીતે આર્થિક જરૂરિયાતોમાં નાની વસ્તીઓ મોટા શહેરોના તા'બે હોય છે ત્યાંથી જ તેમની જરૂરિયાતો પૂરી થાય છે એ જ પ્રમાણે જ્યારે કોઈ હુકમનું એ'લાન શહેરમાં કરી દેવામાં આવે તો આ હુકમનું અનુસરણ તેનાથી સંલગ્ન વસ્તીઓ ઉપર પણ આવશ્યક બની જાય છે, ન જાણવાનું અને ન સાંભળવાનું બહાનું ચલાવી લઈ શકાય નહીં.

રમઝાન અને ઈદના ચાંદના મસ્અલામાં પણ ફુકહાએ એ જ ફરમાવ્યું છે કે એક શહેરમાં જો શરઈ શહાદતની સાથે શહેર કાઝીના હુકમથી ચાંદની રૂયત (ચંદ્રદર્શન) સાબિત થઈ જાય તો સંલગ્ન વસ્તીઓએ પણ તેના ઉપર અમલ કરવો જરૂરી છે પરંતુ બીજા શહેરવાળાઓ ઉપર ત્યાં સુધી જરૂરી નહીં થાય જ્યાં સુધી પોતે તે શહેરનો કાઝી ગવાહીનો સ્વીકાર કરીને તેનો હુકમ ન આપે.

(કઝા ફિલ ફતાવા અલ ગયાષિયહ)

وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ وَّاَبْقٰى એટલે કે, દુનિયાની માલ દોલત તથા ઐશ અને રાહત બધું જ નષ્ટ થનાર છે અને અહીંયાંના કર્મોનો જે બદલો આખિરતમાં મળવાનો છે તે અહીંયાંના માલ અને દોલત તથા ઐશ અને રાહતથી પોતાના સ્વરૂપના આધારે ઘણો ઉત્તમ છે કે દુનિયાની કોઈ મોટામાં મોટી રાહત અને લિજ્જત પણ તેનો મુકાબલો નથી કરી શકતી અને પછી તે કાયમી બાકી રહેનારી પણ છે, તેનાથી વિપરીત દુનિયાની માલ દોલત કે તે ગમે તેટલી ઉત્તમ હોય પરંતુ અંતે નષ્ટ થનાર અને જતી રહેનાર છે અને એ દેખીતું છે કે કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ એવી ઐશ અને રાહતને કે જે ઓછા દરજ્જાની પણ હોય અને અમુક દિવસની પણ હોય તેને એ ઐશ અને રાહત ઉપર અગ્રિમતા નથી આપી શકતો જે ઐશ અને લિજ્જતમાં તેનાથી વધારે પણ હોય અને હંમેશા ટકી રહેનાર પણ હોય.

બુદ્ધિશાળીઓનો પરિચય જ એ છે કે તેઓ દુનિયાના ધંધાઓમાં પોતાને વધારે ઓતપ્રોત ન કરે બલકે આખિરતની ચિંતામાં લાગે :

ઈમામ શાફઈ (રહ.)એ ફરમાવ્યું કે જો કોઈ વ્યક્તિ પોતાના માલ અને દોલત વિશે એવી વસિયત કરીને મરી જાય કે મારો માલ તે વ્યક્તિને આપી દેવામાં આવે જે સૌથી વધારે બુદ્ધિશાળી હોય તો તેના માલના શરઈ હકદાર તે લોકો હશે જેઓ અલ્લાહ તઆલાની ઈબાદત અને આજ્ઞાપાલનમાં પ્રવૃત્ત હોય, કારણ કે બુદ્ધિનો તકાદો એ જ છે અને દુનિયાદારોમાંથી સૌથી વધારે બુદ્ધિવાળો તે જ છે. આ જ મસ્અલો ફિક્હે હનફિય્યહની મશ્હૂર કિતાબ દૂર્રે મુખ્તાર બાબુલ વસિય્યતમાં પણ મોજૂદ છે.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૬૧ થી ૬૭)

اَفَمَنْ وَّعَدْنٰهُ وَعْدًا حَسَنًا فَهُوَ لَاقِيْهِ كَمَنْ مَّتَّعْنٰهُ مَتَاعَ الْحَيٰوةِ الدُّنْيَا ثُمَّ
هُوَ يَوْمَ الْقِيٰمَةِ مِنَ الْمُحْضَرِيْنَ ﴿٦١﴾ وَيَوْمَ يُنَادِيْهِمْ فَيَقُوْلُ اَيْنَ شُرَكَآءِيَ الَّذِيْنَ
كُنْتُمْ تَزْعُمُوْنَ ﴿٦٢﴾ قَالَ الَّذِيْنَ حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ رَبَّنَا هٰٓؤُلَآءِ الَّذِيْنَ اَغْوَيْنَا ۚ اَغْوَيْنٰهُمْ
كَمَا غَوَيْنَا ۚ تَبَرَّاْنَآ اِلَيْكَ ۖ مَا كَانُوْٓا اِيَّانَا يَعْبُدُوْنَ ﴿٦٣﴾ وَقِيْلَ ادْعُوْا شُرَكَآءَكُمْ
فَدَعَوْهُمْ فَلَمْ يَسْتَجِيْبُوْا لَهُمْ وَرَاَوُا الْعَذَابَ ۚ لَوْ اَنَّهُمْ كَانُوْا يَهْتَدُوْنَ ﴿٦٤﴾ وَيَوْمَ
يُنَادِيْهِمْ فَيَقُوْلُ مَاذَآ اَجَبْتُمُ الْمُرْسَلِيْنَ ﴿٦٥﴾ فَعَمِيَتْ عَلَيْهِمُ الْاَنْۢبَآءُ
يَوْمَئِذٍ فَهُمْ لَا يَتَسَآءَلُوْنَ ﴿٦٦﴾ فَاَمَّا مَنْ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صَالِحًا فَعَسٰٓى
اَنْ يَّكُوْنَ مِنَ الْمُفْلِحِيْنَ ﴿٦٧﴾

તરજુમો :

ભલા એક વ્યક્તિ જેને અમે વાયદો કર્યો છે, સારો વાયદો; બસ તે તેને મેળવનારો છે, (શું તે) તેના સમાન છે જેને અમે દુનિયાની જિંદગીનો (જૂજ) ફાયદો આપ્યો પછી તે કયામતના દિવસે પકડાયેલાઓમાંનો થઈને આવ્યો ?

(૬૧) અને જે દિવસે તેમને (અલ્લાહ) પોકારશે તો કહેશે, ક્યાં છે મારા ભાગીદાર જેનો તમે દા'વો કરતા હતા ? (૬૨) જેમના ઉપર (અઝાબની) વાત સાબિત થઈ ચૂકી, બોલ્યા, હે પરવરદિગાર ! આ લોકો છે જેમને અમે બહેકાવ્યા જેવી રીતે કે અમે પોતે બહેકી ગયા, અમે તારી સામે ઈન્કારી થયા, તેઓ અમને પૂજતા ન હતા. (૬૩) અને કહેશે, પોકારો પોતાના ભાગીદારોને ! પછી તેમને પોકારશે તો તેઓ તેમને જવાબ આપશે નહીં અને અઝાબ જોશે, (કાશ !) કોઈપણ રીતે તેઓ માર્ગ પામ્યા હોત ! (૬૪) અને જે દિવસે તેમને પોકારશે તો ફરમાવશે, શું જવાબ આપ્યો હતો તમે સંદેશ પહોંચાડનારાઓને ? (૬૫) પછી તેમના ઉપર તે દિવસે વાતો બંધ થઈ જશે, બસ તેઓ પરસ્પર પણ (કંઈ) પૂછશે નહીં. (૬૬) બસ, જેણે તવબહ કરી અને ઈમાન લાવ્યો અને સારા અમલ કર્યા, બસ આશા છે કે મુક્તિ (સફળતા) પામનારાઓ માંહેનો થાય. (૬૭)

તફસીર :

ભલા તે વ્યક્તિ જેને અમે એક પસંદ કરેલ વાયદો કરી રાખ્યો છે પછી તે વ્યક્તિ તે (વાયદાની વસ્તુ)ને પામનારો છે, શું તે એ વ્યક્તિ જેવો થઈ શકે છે જેને અમે દુનિયવી જિંદગીનો અમુક દિવસ લાભ આપી રાખ્યો છે ? પછી તે કયામતના દિવસે તે લોકોમાંથી હશે જેઓ પકડીને લાવવામાં આવશે. (ભાવાર્થ પ્રથમ વ્યક્તિથી મો'મિનો છે જેમને જન્નતનો વાયદો કરવામાં આવ્યો છે અને બીજા વ્યક્તિથી કાફિર છે જેઓ અપરાધી બનીને આવશે અને કારણ કે દુનિયાની માલ દોલત જ તે લોકોની ભૂલનું કારણ છે એટલા માટે તેનો ખુલાસો કરી દીધો, નહિતર આ બંનેનું સમાન ન હોવું તો એ કારણે છે કે તેઓને ગિરફતાર કરીને હાજર કરવામાં આવશે અને મો'મિનો જન્નતની નેઅ્મતોથી માલામાલ થશે) અને (આગળ આ તફાવતના સ્વરૂપની વિગત એ પ્રમાણે છે કે તે દિવસ પણ યાદ કરવાપાત્ર છે) જે દિવસે અલ્લાહ તઆલા તે કાફિરોને (સજા સ્વરૂપે) પોકાર કરીને કહેશે કે તે મારા ભાગીદારો ક્યાં છે જેમને તમે (અમારા ભાગીદાર) સમજી રહ્યા હતા (ભાવાર્થ તેનાથી શયતાનો છે કે તેમની તો'બેદારીથી સદંતર શિર્ક કરતા હતા એટલા માટે તેમના ભાગીદારોને કહ્યું, તેને સાંભળીને શયતાનો) જેમના ઉપર (લોકોને ગુમરાહ કરવાના કારણથી) અલ્લાહનું ફરમાન (અઝાબના

હકદાર થવાથી જેમકે (لَأَمْلَئَنَّ جَهَنَّمَ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ) સાબિત થઈ ચૂક્યું હશે, તેઓ (બહાના સ્વરૂપે) બોલી ઉઠશે કે હે અમારા પરવરદિગાર ! બેશક આ તે જ લોકો છે જેમને અમે બહેકાવ્યા, (આ જવાબની પ્રસ્તાવના છે, આ બાબતનો ખુલાસો એટલા માટે કર્યો કે જેમની સિફારસની તેમને ઉમ્મીદ છે તે તેમની વિરુદ્ધ ગવાહી આપશે અને આગળ જવાબ છે કે અમે અવશ્ય બહેકાવ્યા પરંતુ) અમે તેમને એમ જ (બળજબરી કે દબાણ વિના જ) બહેકાવ્યા જેવી રીતે કે અમે પોતે (બળજબરી વિના કે દબાણ વિના) બહેક્યા હતા (એટલે કે જે રીતે અમે પોતે પોતાના અધિકારથી ગુમરાહ થયા, કોઈએ અમને મજબૂર નથી કર્યા એ જ પ્રમાણે અમે તેમના ઉપર બળજબરી કરી મજબૂર કર્યા ન હતા, અમારું કામ ફક્ત ભમાવવાનું હતું પછી તેમણે તે જ માર્ગ અપનાવ્યો અને તેને પોતાના અધિકારથી સ્વીકાર્યો જેમકે સૂરએ ઈબ્રાહીમમાં وَمَا كَانَ لِيَ عَلَيْكُمْ مِّنْ سُلْطَانٍ اِلَّآ اَنْ دَعَوْتُكُمْ فَاسْتَجَبْتُمْ لِي... છે, અર્થ એ છે કે અમે પણ અપરાધી છે પરંતુ તેઓ પણ અપરાધથી મુક્ત નથી) અને અમે તારી સમક્ષ તેમનો (આ વિશે) ઈન્કાર કરીએ છીએ (અને) આ લોકો (વાસ્તવમાં માત્ર) અમને (જ) ન પૂજતા હતા (એટલે કે જ્યારે આ પોતાના અધિકારથી બહેક્યા છે તો તેઓ પોતે પોતાની મનેચ્છાઓના પૂજારી થયા ન કે માત્ર શયતાનના પૂજારીઓ. આ બધી વાતચીતનો હેતુ એ છે કે જેના ભરોસે તેઓ બેઠા છે તે કયામતના દિવસે તેમનાથી અલગાવ જાહેર કરશે) અને (જ્યારે તે ભાગીદારો આ રીતે તેમનાથી બેઝારી અને બેરૂખી જાહેર કરશે તો તે સમયે તે મુશ્રિકોને) કહેવામાં આવશે કે (હવે) પોતાના તે ભાગીદારોને બોલાવો, એટલા માટે તેઓ (આશ્ચર્યથી મજબૂર થઈને) તેમને પોકારશે, બસ તેઓ જવાબ પણ આપશે નહીં અને (તે સમયે) આ લોકો (પોતાની આંખોથી) અઝાબને જોઈ લેશે, હે કાશ ! આ લોકો દુનિયામાં સીધા માર્ગ ઉપર હોત ! (તો આ મુસીબત ન જોવી પડી હોત) અને જે દિવસે તે કાફિરોને પોકારીને પૂછશે કે તમે પયગમ્બરોને શું જવાબ આપ્યો હતો ? બસ તે દિવસે તેઓ(ના દિમાગ)થી બધી વાતો ગુમ થઈ જશે તો તેઓ (પોતે પણ સમજી શકશે નહીં અને) પરસ્પર પૂછતાછ પણ ન કરી શકશે, અલબત્ત જે વ્યક્તિ (કુફ્ર અને શિર્કથી આ દુનિયામાં) તવબહ કરે અને ઈમાન લઈ આવે અને નેક કામો કર્યા કરે તો એવા લોકો આશા છે કે (આખિરતમાં) સફળતા પામનારાઓમાંથી હશે (અને તેઓ આફતોથી સુરક્ષિત રહેશે).

મસ્અલા અને બોધપાઠ :

મહશરમાં કાફિરો અને મુશ્રિકોને પ્રથમ પ્રશ્ન શિર્ક વિશે થશે કે જે શયતાનો વગેરેને તમે તમારા ભાગીદાર કહ્યા કરતા હતા અને તેમનું કહ્યું માનતા હતા તેઓ આજે ક્યાં છે ? શું તેઓ આજે તમારી કંઈક મદદ કરી શકે છે ? તેના જવાબમાં દેખીતું છે કે આ મુશ્રિકો એ જવાબ આપશે કે એમાં અમારો કોઈ વાંક નથી, અમે તો કોઈ શિર્ક કર્યું જ નથી બલકે અમને તો આ શયતાનોએ બહેકાવ્યા હતા એટલા માટે અલ્લાહ તઆલા પોતે તે શયતાનોના મુખેથી કહેવડાવશે કે અમે તેમને અવશ્ય ભમાવ્યા હતા પરંતુ તેમને મજબૂર કર્યા ન હતા એટલા માટે અપરાધી અમે પણ છે પરંતુ અપરાધથી તેઓ પણ મુક્ત નથી, કારણ કે જે રીતે અમે તેમને ભમાવ્યા હતા તેનાથી વિપરીત અંબિયા (અલૈ.) અને તેમના નાયબોએ તેમને માર્ગદર્શન પણ આપ્યું હતું અને દલીલોની સાથે તેમના ઉપર સત્ય સ્પષ્ટ કરી આપ્યું હતું, તેમણે પોતાના અધિકારથી અંબિયા (અલૈ.)ની વાત ન માની અને અમારી વાત માની લીધી તો તેઓ કઈ રીતે મુક્ત હોઈ શકે છે ? એનાથી જાણ થઈ કે જે વ્યક્તિની સામે સત્યની સ્પષ્ટ દલીલ મોજૂદ હોય અને તે સત્યનું આમંત્રણ આપનારના બદલે માર્ગ ભટકેલ લોકોની વાત માનીને ગુમરાહીમાં પડી જાય તો તેનું કોઈ બહાનું ભરોસાપાત્ર નથી.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૬૮ થી ૭૩)

وَرَبُّكَ يَخْلُقُ مَا يَشَآءُ وَيَخْتَارُ ۗ مَا كَانَ لَهُمُ الْخِيَرَةُ ۗ سُبْحٰنَ اللّٰهِ وَتَعٰلٰى
عَمَّا يُشْرِكُوْنَ ﴿٦٨﴾ وَرَبُّكَ يَعْلَمُ مَا تُكِنُّ صُدُوْرُهُمْ وَمَا يُعْلِنُوْنَ ﴿٦٩﴾ وَهُوَ اللّٰهُ
لَآ اِلٰهَ اِلَّا هُوَ ۗ لَهُ الْحَمْدُ فِى الْاُوْلٰى وَالْاٰخِرَةِ ۖ وَلَهُ الْحُكْمُ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٧٠﴾
قُلْ اَرَءَيْتُمْ اِنْ جَعَلَ اللّٰهُ عَلَيْكُمُ الَّيْلَ سَرْمَدًا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ
يَاْتِيْكُمْ بِضِيَآءٍ ۗ اَفَلَا تَسْمَعُوْنَ ﴿٧١﴾ قُلْ اَرَءَيْتُمْ اِنْ جَعَلَ اللّٰهُ عَلَيْكُمُ النَّهَارَ
سَرْمَدًا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ يَاْتِيْكُمْ بِلَيْلٍ تَسْكُنُوْنَ فِيْهِ ۗ
اَفَلَا تُبْصِرُوْنَ ﴿٧٢﴾ وَمِنْ رَّحْمَتِهٖ جَعَلَ لَكُمُ الَّيْلَ وَالنَّهَارَ لِتَسْكُنُوْا فِيْهِ وَلِتَبْتَغُوْا
مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٧٣﴾

તરજુમો :

અને તમારો પરવરદિગાર જે ઈચ્છે પેદા કરે છે અને જેને ઈચ્છે પસંદ કરે છે, પસંદ કરવું તેમના હાથમાં નથી હોતું, અલ્લાહ નિરાલો છે અને તે વસ્તુથી ઘણો ઉચ્ચ છે જેને (તેનો) ભાગીદાર (શરીક) બતાવે છે. (૬૮) અને તમારો પરવરદિગાર જાણે છે જે તેમની છાતીઓમાં છુપાઈ રહ્યું છે અને જે કંઈ કે જાહેરમાં કરે છે. (૬૯) અને તે જ અલ્લાહ છે, તેના સિવાય કોઈની બંદગી નથી, તેના જ વખાણ છે દુનિયા અને આખિરતમાં અને તેના જ હાથમાં હુકમ છે અને તેની જ પાસે પાછા ફેરવવામાં આવશો. (૭૦) તમે કહો ! જુઓ તો, જો અલ્લાહ તમારા ઉપર હંમેશા માટે કયામતના દિવસ સુધી રાત રાખી દે, કોણ અલ્લાહના સિવાય હાકિમ છે કે તમને ક્યાંકથી પ્રકાશ લાવી આપે ? પછી શું તમે સાંભળતા નથી ? (૭૧) તમે કહો ! જુઓ તો, જો અલ્લાહ તમારા ઉપર કાયમ માટે કયામતના દિવસ સુધી દિવસ રાખી દે, કોણ અલ્લાહના સિવાય હાકિમ છે કે તમને રાત લાવી આપે જેમાં આરામ કરો !? પછી શું તમે જોતા નથી ? (૭૨) અને પોતાની મહેરબાનીથી તમારા માટે રાત અને દિવસ બનાવ્યા કે તેમાં આરામ પણ કરો અને કંઈક તેની કૃપા (રોજી રોટી) પણ શોધો અને જેથી તમે ઉપકાર માનો. (૭૩)

તફસીર :

અને તમારો પરવરદિગાર (વિશિષ્ટતાની સિફતો સાથે ઉપસ્થિત છે એટલા માટે તે) જેને ચાહે પેદા કરે છે (તો તકવીની અધિકારો પણ તેને જ પ્રાપ્ત છે) અને જે હુકમને પસંદ કરે છે (અંબિયા અલૈ. દ્વારા નાઝિલ ફરમાવે છે, બસ જાહેર અધિકારો પણ તેને જ પ્રાપ્ત છે) તે લોકોને (હુકમો) તજ્વીજ(કરવા)નો કોઈ હક (પ્રાપ્ત) નથી (કે જે હુકમ ઈચ્છે તજ્વીજ કરી લે જેમકે આ મુશ્રિકો પોતાના તરફથી શિર્કને જાઇઝ તજ્વીજ કરી રહ્યા છે અને આ ખાસ અધિકારથી સાબિત થયું કે) અલ્લાહ તઆલા તેમના શિર્કથી પવિત્ર અને ઘણો ઉચ્ચ છે (કારણ કે જ્યારે તકવીની અને જાહેર રીતે તેનું સર્જનહાર અને મુખ્તિયાર હોવાનું તથા તે એકમાત્ર હોવાનું સાબિત છે તો ઈબાદતનો હકદાર પણ તે એકમાત્ર છે, કારણ કે મઅ્બૂદ હોવું માત્ર તેનો અધિકાર છે, કારણ કે તે તકવીની અને જાહેર બંને પ્રમાણેના અધિકારો ધરાવે છે) અને તમારો પરવરદિગાર (એવું સંપૂર્ણ ઈલ્મ

ધરાવે છે કે તે) સઘળી વસ્તુઓની ખબર રાખે છે જે તેમના દિલોમાં ગુપ્ત રહે છે અને જેને તેઓ જાહેર કરે છે (અને કોઈનું એવું જ્ઞાન પણ નથી, તેનાથી પણ તે એકમાત્ર હોવાની સાબિતી મળે છે) અને (આગળ તેનો ખુલાસો છે કે) અલ્લાહ તે જ (પોતાની જાતમાં સંપૂર્ણ સિફતો ધરાવે) છે, તેના સિવાય કોઈ મઅ્બૂદ (થવા પાત્ર) નથી, વખાણ (અને સ્તુતિ)ના લાયક દુનિયા અને આખિરતમાં માત્ર તે જ છે, (કારણ કે તેની સત્તા બંને વિશ્વોમાં એવી છે કે જે તેની ઠોસ ખાસિયતો અને સિફતો તથા સ્તુતિપાત્ર હોવા ઉપર ગવાહ છે) અને (તેના અધિકારો અને રાજ્ય એવું છે કે) સત્તા પણ (કયામતમાં) તેની જ હશે અને (શક્તિ તથા સત્તાની વિશાળતા એવી છે કે) તમે બધા તેની જ પાસે પાછા ફરીને જશો (એવું નથી કે બચી જાઓ અથવા અન્ય ક્યાંક જઈને શરણ લઈ લો અને તેની કુદરતની જાહેરાત માટે હે નબી ﷺ !) તમે (તે લોકોને) કહી આપો કે વારું ! એ તો બતાવો કે જો અલ્લાહ તઆલા તમારા ઉપર કાયમ માટે કયામતના દિવસ સુધી રાત જ રહેવા દે તો અલ્લાહના સિવાય કોણ મઅ્બૂદ છે જે તમારા માટે પ્રકાશ લઈ આવે ? (બસ, તે પોતાની શક્તિમાં પણ એકમાત્ર એકલો છે) તો શું તમે (તવહીદની આવી સ્પષ્ટ દલીલો હોવા છતાં) સાંભળતા નથી ? (અને કુદરતની આ જ જાહેરાત માટે) તમે (તેમને અલ્લાહ તઆલાની શક્તિના પરચા વિશે એ પણ) કહો કે વારું ! એ તો બતાવો કે અલ્લાહ તઆલા તમારા ઉપર કાયમી ધોરણે કયામત સુધી દિવસ જ રહેવા દે તો અલ્લાહ સિવાય તે કયો મઅ્બૂદ છે જે તમારા માટે રાત લઈ આવે જેમાં તમે આરામ પામો ! શું તમે (કુદરતની આ ગવાહીઓને) જોતા નથી ? (શક્તિમાં તેનું એકમાત્ર હોવું પણ એ બાબતનો તકાદો છે કે બંદગીપાત્ર હોવામાં પણ તે એકમાત્ર છે) અને (તે ઉપકારક પણ એવો છે કે) તેણે પોતાની રહમતથી તમારા માટે રાત અને દિવસને બનાવ્યા જેથી તમે રાત્રે આરામ કરો અને જેથી દિવસમાં રોજી તલાશ કરો અને જેથી (તે બંને નેઅ્મતો ઉપર) તમે (અલ્લાહ તઆલાનો) શુક્ર અદા કરો (તો ઈનામ અને અહેસાન કરવામાં પણ તે એકલો છે અને આ બાબત પણ તે મઅ્બૂદ હોવાની દલીલમાંથી છે કે તે એકમાત્ર મઅ્બૂદ છે).

મસ્અલા અને બોધપાઠ :

وَرَبُّكَ يَخْلُقُ مَا يَشَآءُ وَيَخْتَارُ ؕ આ આયતનો એક ભાવાર્થ તો તે છે જે

તફસીરના ખુલાસામાં લેવામાં આવ્યો છે કે يَخْتَارُ (યખ્તાર)નો ભાવાર્થ "હુકમોનો અધિકાર" છે કે અલ્લાહ તઆલા જ્યારે સૃષ્ટિના સર્જનમાં એકમાત્ર છે, કોઈ તેનો ભાગીદાર નથી તો હુકમો અમલમાં લાવવામાં પણ તે એકમાત્ર છે, જે ઇચ્છે પોતાના સર્જન માટે હુકમ લાગુ પાડે. ખુલાસો એ છે કે જે પ્રમાણે તક્વીની અધિકારમાં અલ્લાહ તઆલાનો કોઈ ભાગીદાર નથી એ જ પ્રમાણે જાહેર અધિકારોમાં તેનો કોઈ ભાગીદાર નથી અને તેનો એક બીજો ભાવાર્થ એ છે જે ઈમામ બગવી (રહ.)એ પોતાની તફસીરમાં અને અલ્લામહ ઈબ્ને કય્યિમ (રહ.)એ ઝાદુલ મઆદની પ્રસ્તાવનામાં વર્ણન કર્યો છે કે આ અધિકારનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા પોતાના સર્જનમાંથી જેને ઇચ્છે પોતાના સન્માન અને ઈજ્જત માટે પસંદ કરી લે છે અને બગવીના નિવેદન પ્રમાણે આ જવાબ મક્કાના મુશ્રિકોના તે નિવેદનનો છે لَوْلَا نُزِّلَ هٰذَا الْقُرْاٰنُ عَلٰى رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ عَظِيْمٍ એટલે કે, આ કુર્આન અલ્લાહે નાઝિલ જ કરવું હતું તો અરબના બે મોટા શહેરો એટલે કે મક્કા અને તાઈફમાંથી કોઈ મોટા વ્યક્તિ ઉપર નાઝિલ કર્યું હોત કે તેની ઈજ્જત અને સન્માન કરવામાં આવ્યું હોત. એક યતીમ મિસ્કીન ઉપર નાઝિલ કરવામાં શું હિકમત હતી ? એના જવાબમાં એ ફરમાવ્યું કે જે માલિકે સઘળી મખ્લૂકને કોઈ ભાગીદાર વિના કે કોઈની સહાયતા વિના પેદા કરી છે તો એ અધિકાર પણ તેને જ પ્રાપ્ત છે કે પોતાના કોઈ ખાસ સન્માન અને પ્રતિષ્ઠા માટે પોતાની કોઈ મખ્લૂકમાંથી કોઈને ચૂંટી કાઢે, તેમાં તે તમારી તજ્વીજ કે સલાહનો પાબંદ શા માટે બને કે ફલાણો તેનો હકદાર હતો અને ફલાણો ન હતો !

એક વસ્તુને બીજી વસ્તુ ઉપર અથવા એક વ્યક્તિની બીજા વ્યક્તિ ઉપર શ્રેષ્ઠતાનું માપદંડ નક્કી કરવું અલ્લાહ તઆલાનો જ સાચો અધિકાર છે :

હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)એ આ આયતથી એક મહાન સિદ્ધાંત તારવ્યો છે કે દુનિયામાં જે એક સ્થળને બીજા સ્થળ ઉપર, એક વસ્તુને બીજી વસ્તુ ઉપર શ્રેષ્ઠતા આપવામાં આવે છે આ તે વસ્તુના કસબ, કૌશલ્ય કે કર્મોનું પરિણામ નથી હોતું બલકે તે સીધે સીધું પ્રત્યક્ષ રીતે સૃષ્ટિના સર્જનહારના પોતાના ચૂંટી કાઢવાના અધિકારનું પરિણામ હોય છે, તેણે સાત આસમાનો પેદા કર્યા, તેમાંથી سَمَاءِ عُلْيَا (સમાએ ઉલિયા)ને અન્યો ઉપર શ્રેષ્ઠતા આપી જ્યારે કે સાતેય

આસમાનોનું દળ એક જ હતું, પછી તેમાં જન્નતુલ ફિરદૌસને બીજી બધી જન્નતો ઉપર તથા હઝરત જિબ્રઈલ (અલૈ.), મિકાઈલ (અલૈ.) અને ઈસ્રાફીલ (અલૈ.) વગેરે ખાસ ફરિશ્તાઓને અન્યો ફરિશ્તાઓ ઉપર અને અંબિયા (અલૈ.)ને બીજી બધી સમગ્ર માનવજાત ઉપર અને તેમનામાંથી ઉચ્ચ કક્ષાના રસૂલોને અન્ય અંબિયા (અલૈ.) ઉપર અને પોતાના ખલીલ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને હબીબ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને અન્ય બધા ઉચ્ચ કક્ષાના રસૂલો ઉપર પછી હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદને સમગ્ર દુનિયાના બીજા લોકો ઉપર પછી કુરૈશને તે બધા ઉપર અને બની હાશિમને બધા કુરૈશીઓ ઉપર અને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને સમગ્ર બની હાશિમ ઉપર અને એ જ પ્રમાણે સહાબએ કિરામ (રદિ.)ને ઉમ્મતના બીજા અસ્લાફ ઉપર શ્રેષ્ઠતા આપવી આ બધું અલ્લાહ જલ્લ શા'નુહૂના ચૂંટી કાઢવાના અધિકારનું પરિણામ છે.

એ જ રીતે પૃથ્વીના ઘણા બધા સ્થળો ઉપર અને ઘણા બધા દિવસો અને રાત્રિઓને બીજા દિવસો અને રાત્રિઓ ઉપર શ્રેષ્ઠતા આપવી એ બધું આ જ અલ્લાહ જલ્લ શા'નુહૂના ચૂંટી કાઢવાના અધિકારની અસર છે. મતલબ કે શ્રેષ્ઠતા અને સ્વીકૃતીનું મૂળ માપદંડ સમગ્ર સૃષ્ટિમાં આ જ તેના ચૂંટી કાઢવાનો અધિકાર છે, અલબત્ત શ્રેષ્ઠતાનું એક બીજું કારણ મનુષ્યના કર્મો અને પ્રવૃત્તિઓ પણ હોઈ છે અને જે સ્થળોમાં નેક અમલો કરવામાં આવે તે સ્થળો પણ તે નેક અમલો ત્યાં થવાથી બરકતવાળા થઈ જાય છે, આવી શ્રેષ્ઠતા કોઈના કસબ અથવા કૌશલ્ય કે નેક કર્મો કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. ખુલાસો એ છે કે દુનિયામાં શ્રેષ્ઠતાનો આધાર બે વસ્તુઓ છે, એક અધિકારમાં ન હોય એવી બાબત જે માત્ર અલ્લાહ તબારક વ તઆલાની ચૂંટી કાઢવાના સ્વરૂપે હોય છે, બીજું પોતાના અધિકાર અને કાબૂમાં જે નેક અમલો તથા ઉચ્ચ કક્ષાના અખ્લાક અને નૈતિકતાથી પ્રાપ્ત થઈ શકે છે. અલ્લામહ ઈબ્ને કય્યિમ (રહ.)એ આ વિષય ઉપર ઘણી વિસ્તૃત ચર્ચા કરી છે અને અંતે સહાબએ કિરામ (રદિ.)માંથી ખુલફાએ રાશિદીન (રદિ.)ને અન્ય બધા જ સહાબા (રદિ.) ઉપર અને હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) ત્યાર પછી હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.), તેમના પછી હઝરત ઉસ્માન ગની (રદિ.), ત્યારબાદ હઝરત અલી મુર્તઝા (રદિ.)ના ક્રમવાર આ જ બંને માપદંડોથી ઉચ્ચતાના ધોરણો સાબિત કર્યા છે. હઝરત શાહ

અબ્દુલ અઝીઝ દહેલ્વી રહમતુલ્લાહની પણ એક આગવી પુસ્તિકા ફારશી ભાષામાં આ વિષય ઉપર લખાયેલી છે જેનો ઉર્દૂ તરજુમો મુજ નાચીઝે بَعْضُ التَّفْصِيْلِ لِمَسْئَلَةِ التَّفْضِيْلِ (બઅ્ઝુત્તફ્સીલે લિમસ્અલતિ ત્તફ્ઝીલે)ના નામે પ્રકાશિત કર્યો છે અને અહકામુલ કુર્આન સૂરએ કસસમાં પણ તેને અરબી ભાષામાં વિગતવાર લખ્યું છે, વિદ્વાન લોકોના રસનો વિષય છે તેમણે ત્યાં અભ્યાસ કરવો જોઈએ.

اَرَئَيْتُمْ اِنْ جَعَلَ اللّٰهُ عَلَيْكُمُ الَّيْلَ سَرْمَدًا اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ يَاْتِيْكُمْ

بِضِيَاءٍ ؕ اَفَلَا تَسْمَعُوْنَ ○ الى قوله بِلَيْلٍ تَسْكُنُوْنَ فِيْهِ اَفَلَا تُبْصِرُوْنَ ○

આ આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂએ રાતની સાથે તેનો એક ફાયદો ફરમાવ્યો, بِلَيْلٍ تَسْكُنُوْنَ فِيْهِ એટલે કે, રાત્રે મનુષ્યને શાંતિ મળે છે, તેનાથી વિપરીત દિવસના વર્ણનમાં بِضِيَاءٍ ની સાથે કોઈ લાભ વર્ણન કર્યો નથી, કારણ દેખીતું છે કે તેમાં પ્રકાશ સ્વજાતે શ્રેષ્ઠ છે અને અંધારાથી પ્રકાશનું ઉત્તમ હોવું સર્વવિદિત છે. પ્રકાશના બેશુમાર લાભો એટલા બધા પ્રખ્યાત છે કે તેને વર્ણન કરવાની આવશ્યકતા નથી, તેનાથી વિપરીત રાતનો તે અંધકાર છે કે જે સ્વજાતે કોઈ શ્રેષ્ઠતા નથી ધરાવતો બલકે તેની શ્રેષ્ઠતા લોકોના આરામ કરવાના કારણે છે એટલા માટે તેને વર્ણન કર્યું અને એટલા જ માટે દિવસ બાબતે વર્ણન કરીને અંતે ફરમાવ્યું, اَفَلَا تَسْمَعُوْنَ (અફલા તસ્મઊન) અને રાત વિશે વર્ણન કરીને ફરમાવ્યું, اَفَلَا تُبْصِرُوْنَ (અફલા તુબસિરૂન) તેમાં એ ઈશારો હોઈ શકે છે કે દિવસની શ્રેષ્ઠતા અને તેની બરકતો, તેના ફાયદા અને લાભો અગણિત છે જે મનુષ્યની કલ્પનાશક્તિની પહોંચમાં નથી આવી શકતા, અલબત્ત સાંભળી શકાય છે એટલા માટે اَفَلَا تَسْمَعُوْنَ ફરમાવ્યું, કારણ કે મનુષ્યને જ્ઞાન અને સમજનો મોટો જથ્થો તેના કાનો દ્વારા જ પ્રાપ્ત થાય છે, આંખોથી જાયેલી વસ્તુ હંમેશા કાનોથી સાંભળેલી વસ્તુઓથી ઘણી ઓછી હોય છે અને રાત્રિના લાભો દિવસના લાભો કરતાં ઘણા ઓછા હોય છે, તે જોઈ પણ શકાય છે એટલા માટે અત્રે اَفَلَا تُبْصِرُوْنَ નું વાક્ય અપનાવવામાં આવ્યું. *(મઝહરી)*

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૭૪-૭૫)

وَيَوْمَ يُنَادِيهِمْ فَيَقُولُ أَيْنَ شُرَكَآءِيَ الَّذِينَ كُنتُمْ تَزْعُمُونَ ﴿٧٤﴾ وَنَزَعْنَا مِن
كُلِّ أُمَّةٍ شَهِيدًا فَقُلْنَا هَاتُوا بُرْهَانَكُمْ فَعَلِمُوٓا أَنَّ الْحَقَّ لِلَّهِ وَضَلَّ عَنْهُم مَّا
كَانُوا يَفْتَرُونَ ﴿٧٥﴾

તરજુમો :

અને જે દિવસે તેમને (અલ્લાહ) પોકારશે તો કહેશે, ક્યાં છે મારા ભાગીદાર જેનો તમે દા'વો કરતા હતા ? (૭૪) અને અમે દરેક જૂથોમાંથી એક અહેવાલ બતાવનાર અલગ તારવી દઈશું, પછી કહીશું, પોતાની સનદ (પ્રમાણ) લાવો, ત્યારે જાણી લેશે કે અલ્લાહની વાત સાચી છે અને તેમનાથી ગુમ થઈ જશે જે વાતો તેઓ ઘડી કાઢતા હતા. (૭૫)

તફસીર :

અને જે દિવસે અલ્લાહ તઆલા તેમને પોકાર કરીને કહેશે (જેથી બધા લોકો તેમનું અપમાન સાંભળી લે) કે જેમને તમે મારા ભાગીદાર સમજતા હતા તેઓ ક્યાં ગયા ? અને (જો કે હુજ્જત પૂરી કરવા માટે પોતે તેનો સ્વીકાર પૂરતો હતો પરંતુ વધારે તાકીદ માટે તેમના ઉપર ગવાહી પણ કાયમ થઈ જશે એ પ્રમાણે કે) અમે દરેક ઉમ્મતમાંથી એક એક ગવાહ (પણ) કાઢી લાવીશું, (તેનો ભાવાર્થ અંબિયા અલૈ. છે જે તેમના કુફ્રની ગવાહી આપશે) પછી અમે (તે મુશ્રિકોને) કહીશું કે (હવે) પોતાની કોઈ દલીલ (તમારા શિર્કના દા'વાની ખરાઈ માટે) રજુ કરો, બસ (તે સમયે) તેમને (નિશ્ચિત વિશ્વાસપૂર્વક) જાણ થઈ જશે કે સાચી વાત અલ્લાહની હતી (જે અંબિયા અલૈ. દ્વારા બતાવવામાં આવી હતી અને શિર્કનો દા'વો જૂઠો હતો) અને (દુનિયામાં) જે કંઈ વાતો ઘડ્યા કરતા હતા (આજે) કોઈનો પતો રહેશે નહીં (કારણ કે સત્યનો સાક્ષાત્કાર કરી લેવાથી જૂઠનું ગાયબ થઈ જવું આવશ્યક છે).

ખુલાસો :

આનાથી આગલી અયતમાં જે સવાલ مَاذَا أُجِبْتُمْ માં કરવામાં આવ્યો

તેમાં કાફિરોથી અંબિયા (અલૈ.)ને જવાબ આપવા વિશે પૂછતાછ હતી અને અહીંયાં પોતે અંબિયા (અલૈ.)થી ગવાહી અપાવવાનો હેતુ છે એટલા માટે સવાલમાં કોઈ પુનરાવર્તન નથી.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૭૬ થી ૮૨)

إِنَّ قَارُونَ كَانَ مِنْ قَوْمِ مُوسَىٰ فَبَغَىٰ عَلَيْهِمْ ۖ وَآتَيْنَاهُ مِنَ الْكُنُوزِ مَا إِنَّ
مَفَاتِحَهُ لَتَنُوءُ بِالْعُصْبَةِ أُولِي الْقُوَّةِ إِذْ قَالَ لَهُ قَوْمُهُ لَا تَفْرَحْ إِنَّ اللَّهَ لَا
يُحِبُّ الْفَرِحِينَ (٧٦) وَابْتَغِ فِيمَا آتَاكَ اللَّهُ الدَّارَ الْآخِرَةَ وَلَا تَنْسَ نَصِيبَكَ
مِنَ الدُّنْيَا وَأَحْسِنْ كَمَا أَحْسَنَ اللَّهُ إِلَيْكَ وَلَا تَبْغِ الْفَسَادَ فِي الْأَرْضِ ۖ إِنَّ اللَّهَ
لَا يُحِبُّ الْمُفْسِدِينَ (٧٧) قَالَ إِنَّمَا أُوتِيتُهُ عَلَىٰ عِلْمٍ عِنْدِي ۚ أَوَلَمْ يَعْلَمْ أَنَّ اللَّهَ قَدْ
أَهْلَكَ مِنْ قَبْلِهِ مِنَ الْقُرُونِ مَنْ هُوَ أَشَدُّ مِنْهُ قُوَّةً وَأَكْثَرُ جَمْعًا ۚ وَلَا يُسْأَلُ عَنْ
ذُنُوبِهِمُ الْمُجْرِمُونَ (٧٨) فَخَرَجَ عَلَىٰ قَوْمِهِ فِي زِينَتِهِ ۖ قَالَ الَّذِينَ يُرِيدُونَ الْحَيَاةَ
الدُّنْيَا يَا لَيْتَ لَنَا مِثْلَ مَا أُوتِيَ قَارُونُ إِنَّهُ لَذُو حَظٍّ عَظِيمٍ (٧٩) وَقَالَ الَّذِينَ
أُوتُوا الْعِلْمَ وَيْلَكُمْ ثَوَابُ اللَّهِ خَيْرٌ لِمَنْ آمَنَ وَعَمِلَ صَالِحًا ۚ وَلَا يُلَقَّاهَا إِلَّا
الصَّابِرُونَ (٨٠) فَخَسَفْنَا بِهِ وَبِدَارِهِ الْأَرْضَ فَمَا كَانَ لَهُ مِنْ فِئَةٍ يَنْصُرُونَهُ
مِنْ دُونِ اللَّهِ وَمَا كَانَ مِنَ الْمُنْتَصِرِينَ (٨١) وَأَصْبَحَ الَّذِينَ تَمَنَّوْا مَكَانَهُ بِالْأَمْسِ
يَقُولُونَ وَيْكَأَنَّ اللَّهَ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَشَاءُ مِنْ عِبَادِهِ وَيَقْدِرُ ۖ لَوْلَا أَنْ
مَنَّ اللَّهُ عَلَيْنَا لَخَسَفَ بِنَا ۖ وَيْكَأَنَّهُ لَا يُفْلِحُ الْكَافِرُونَ (٨٢) ع

તરજુમો :

નિ:શંક ! કારૂન જે મૂસા (અલૈ.)ની કોમમાંથી હતો, ફરી તેમના ઉપર શરારત કરવા લાગ્યો અને અમે તેને એટલો ખજાનો આપ્યો હતો કે તેની

ચાવીઓ ઉઠાવવાથી કેટલાય બળવાન પુરુષો થાકી જતા હતા, જ્યારે તેને તેની કોમે કહ્યું, ઈતરા નહીં ! ખરેખર અલ્લાહને ઈતરાનારા પસંદ નથી. (૭૬) અને જે તને અલ્લાહે આપ્યું છે તેનાથી આખિરતનું ઘર કમાઈ લે, અને દુનિયાથી પોતાનો હિસ્સો ન ભૂલ અને ભલાઈ કર જેવી અલ્લાહે તારી સાથે ભલાઈ કરી છે અને પ્રદેશમાં ફસાદ ફેલાવવાની ઈચ્છા ન રાખ, અલ્લાહને ફસાદખોરો પસંદ નથી. (૭૭) કહ્યું, આ માલ તો મને મારા એક હુન્નરના કારણે મળ્યો છે જે મારી પાસે છે, શું તેણે એ ન જાણ્યું કે અલ્લાહ તેના અગાઉ કેટલીય ઉમ્મતોનો નાશ કરી ચૂક્યો છે ! જે તેનાથી વધારે શક્તિ ધરાવતી હતી અને તેનાથી (માલના) જથ્થામાં પણ અધિક હતી અને શું ગુનેહગારોને તેમના ગુનાહો પૂછવામાં ન આવે !? (૭૮) પછી પોતાની કોમની સામે પોતાના ઠાઠથી નીકળ્યો; જે લોકો દુનિયાની જિંદગીના ઈચ્છુક હતા કહેવા લાગ્યા, હે કાશ ! અમને (પણ એવું) મળે જેવું કંઈ કારૂનને મળ્યું છે, બેશક તેની કિસ્મત મહાન છે. (૭૯) અને જેમને સમજદારી મળી હતી બોલ્યા, હાય તમારી ખરાબી ! (કે) અલ્લાહનો આપેલો સવાબ તેમના માટે ઉત્તમ છે જેઓ ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા અને આ વાત તેમના જ દિલમાં ઊતરે છે જેઓ સહનશીલ છે. (૮૦) પછી અમે તે (કારૂન)ને અને તેના ઘરને ધરતીમાં ધસાવી દીધા, પછી તેના માટે કોઈ જૂથ ન થયું જે તેની સહાય કરે અલ્લાહના સિવાય અને ન જ તે પોતે મદદ લાવી શક્યો. (૮૧) અને સવારમાં કહેવા લાગ્યા જે લોકો કાલે સાંજે તેના જેવા દરજ્જાની તમન્ના કરતા હતા, હાય ખરાબી ! આ તો અલ્લાહ જેને પોતાના બંદાઓમાંથી ઈચ્છે છે રોજી ખોલી આપે છે અને (જેને ઈચ્છે રોજી) તંગ કરી આપે છે, જો અમારા ઉપર અલ્લાહે ઉપકાર ન કર્યો હોત તો અમને પણ ધસાવી દીધા હોત, હાય ખરાબી ! આ તો ઈન્કારીઓ છુટકારો નથી પામતા. (૮૨)

તફસીર :

કારૂન(ની હાલત જોઈ લો કે કુફ્ર અને વિરોધ કરવાની તેને શું જરૂરત આવી પડી ? તેને માલ દોલત કંઈ કામ ન લાગ્યા બલકે તેની સાથે તેની માલમતા પણ બરબાદ થઈ ગઈ તેનો ટૂંકમાં કિસ્સો એ છે કે તે) મૂસા (અલૈ.)ની કોમમાંથી (એટલે કે બની ઈસ્રાઈલમાંથી બલકે તેમનો પિત્રાઈ ભાઈ) હતો (-કઝા ફિ દૂર્.

બસ તેની પાસે વધારે પ્રમાણમાં માલ હોવાના કારણે) તે લોકોના મુકાબલામાં તકબ્બુર કરવા લાગ્યો અને (માલની તેની પાસે એવી છૂટછાટ હતી કે) અમે તેને એટલા પ્રમાણમાં ખજાના આપી રાખ્યા હતા કે તેની ચાવીઓ કેટલાય બળવાન પુરુષોને ઉઠાવવી ભારે પડતી હતી (એટલે કે તેમને ઉઠાવવામાં ખૂબ તકલીફ પડતી હતી તો જ્યારે ચાવીઓ આટલા મોટા પ્રમાણમાં હતી તો દેખીતું છે ખજાનો પણ ઘણો મોટો હશે અને તેણે આ મિથ્યાભિમાન તે સમયે કર્યું હતું) જ્યારે કે તેની કોમે (તેને સમજાવવા માટે) કહ્યું કે તું (આ માલ દોલત ઉપર) મિથ્યાભિમાન ન કર, વાસ્તવમાં અલ્લાહ મિથ્યાભિમાનીઓને પસંદ નથી કરતો અને (એ પણ કહ્યું કે) તને અલ્લાહે જેટલું આપી રાખ્યું છે તેમાં આખિરતનું ઘર પણ શોધી લે અને દુનિયાથી પોતાનો હિસ્સો (આખિરતમાં લઈ જવાનું) ભૂલ નહીં અને (મતલબ اِبْتَغِ وَلَا تَنْسَ નો એ છે કે) જે રીતે અલ્લાહે તારી સાથે ઉપકાર કર્યો છે તું પણ (બંદાઓ સાથે) ઉપકાર કર્યા કર અને (અલ્લાહ તઆલાની નાફરમાની કરી તેના જરૂરી હકોને બરબાદ કરીને) દુનિયામાં ફસાદની ઈચ્છા ન કર (એટલે કે ગુનાહ કરવાથી દુનિયામાં ફસાદ ફેલાય છે જેમકે અલ્લાહ તઆલાનું ફરમાન છે, ظَهَرَ الْفَسَادُ فِى الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِى النَّاسِ ખાસ કરીને મોટા પ્રમાણમાં ગુનાહો થવાથી) બેશક ! અલ્લાહ ફસાદખોરોને પસંદ નથી કરતો (આ બધી નસીહતો મુસલમાનો તરફથી તેને કરવામાં આવી, લગભગ આ વાતો હઝરત મૂસા અલૈ.એ સૌ પ્રથમ કહી હશે પછી અન્ય મુસલમાનોએ વારંવાર તેને આ પ્રમાણે કહ્યું હશે) કારૂન (આ સાંભળીને) કહેવા લાગ્યો કે મને આ સર્વ કાંઈ મારા વ્યક્તિગત હુન્નરના કારણે મળ્યું છે (એટલે કે હું આર્થિક ઉપાર્જનની યુક્તિઓ ખૂબ જાણું છું, તેનાથી મેં આ બધું એકઠું કર્યું છે, પછી મારો ગર્વ કરવો ખોટો નથી અને ન જ તેને કોઈ ગયૂબી અહેસાન કહી શકાય છે અને ન જ તેમાં કોઈનો કોઈ હક હોઈ શકે છે, આગળ અલ્લાહ તઆલા તેના આ નિવેદનને રદ કરે છે કે) શું તેણે (કારૂને નક્કર ખબરો દ્વારા) એ ન જાણ્યું કે અલ્લાહ તેનાથી આગલી ઉમ્મતોમાં એવા એવાઓનો નાશ કરી ચૂક્યો છે જે (આર્થિક) શક્તિમાં (પણ) તેનાથી કેટલાય વધીને હતા અને જથ્થો (પણ તેનાથી) તેમનો વધારે હતો અને (માત્ર એટલું જ નહીં કે બસ નાશ થઈને છૂટી ગયા બલકે તેમના કુફ્રના ગુનાહના કારણે અને અલ્લાહ તઆલાની આ

અપરાધની જાણ હોવાના કારણે કયામતમાં પણ તેમને અઝાબ થશે જેમકે ત્યાંનો કાયદો છે કે) અપરાધીઓથી તેમના ગુનાહોનો (તહકીક કરવાના હેતુથી) સવાલ નહીં કરવો પડે (કારણ કે અલ્લાહ તઆલાને એ બધી ખબર છે, બસ તેમને ચેતવણી માટે પ્રશ્ન કરવામાં આવે જેમકે لَنَسْـَٔلَنَّهُمْ اَجْمَعِيْنَ તો મતલબ એ છે કે જો કારૂને આ વિષયો ઉપર દૃષ્ટિ કરી હોત તો આવી અજ્ઞાનતાની વાત ન કહી હોત, કારણ કે પાછલી કોમોની અઝાબની હાલતથી અલ્લાહ તઆલાની સંપૂર્ણ શક્તિ અને આખિરતમાં પકડ થવાની તથા અલ્લાહના સર્વ સૃષ્ટિના માલિક હોવાની વાત જાહેર છે પછી કોઈને શું હક છે કે અલ્લાહ તઆલાની નેઅ્મતને પોતાના હુન્નરનું પરિણામ બતાવે અને વાજિબ હકોથી ઈન્કાર કરે) પછી (એક વખતે એવું બન્યું કે) તે પોતાના ઠાઠ (અને દબદબા)થી પોતાની કોમની સામે નીકળ્યો જે લોકો (તેની જ્ઞાતિમાં) દુનિયાના ઈચ્છુક હતા (જો કે મો'મિન પણ હોય જેમકે તેમના આગલા નિવેદન પ્રમાણે દેખીતી રીતે જાણ થાય છે તે લોકો) કહેવા લાગ્યા, કેવું સારું થાત કે અમને પણ તે માલ સામાન મળ્યો હોત જેમકે કારૂનને મળ્યો છે, ખરેખર તે ઘણો મોટો નસીબદાર છે (આ તમન્ના લાલચ સ્વરૂપે હતી, તેનાથી કાફિર બની જવું જરૂરી નથી બનતું જેમકે અત્યારે પણ અમુક લોકો મુસલમાન હોવા છતાં રાત દિવસ અન્ય કોમોની પ્રગતિ જોઈને લલચાય છે અને તેમના જેવા થવાની ફિકર ચિંતામાં લાગેલા રહે છે) અને જે લોકોને (દીનની) સમજ અર્પણ થઈ હતી તેઓ (આવા લાલચુઓને) કહેવા લાગ્યા, અરે ! તમારું નખ્ખોદ જાય (તમે આ દુનિયા ઉપર શું જાઓ છો ?) અલ્લાહના ઘરનો સવાબ (આ દુનિયાની માલ દોલત અને જાહોજલાલીથી) અનેક ઘણો ઉત્તમ છે જે એવા વ્યક્તિને મળે છે જે ઈમાન લાવે અને નેક અમલ કરે અને (પછી ઈમાન અને નેક અમલવાળાઓમાં પણ) તે (સંપૂર્ણ સવાબ સ્વરૂપે) તેવા જ લોકોને આપવામાં આવે છે જેઓ (દુનિયાની લાલચથી) સબ્ર કરનારા છે (બસ, તમે લોકો ઈમાનની પૂર્ણતામાં અને નેક અમલો પ્રાપ્ત કરવામાં લાગી જાઓ અને શરીઅતની હદમાં રહી દુનિયા પ્રાપ્ત કરો અને તેનાથી વધારેની લાલચ અને તમન્ના કરવાથી સબ્ર કરો), પછી અમે તે કારૂનને અને તેના મહેલને (તેની શરારત વધી જવાના કારણે) જમીનમાં ધસાવી દીધો, બસ કોઈ એવું જૂથ ન થયું જે તેને અલ્લાહ(ના અઝાબ)થી બચાવી લે (બસ, જો કે તે મોટા

સમૂહવાળો વ્યક્તિ હતો) અને ન તે પોતે જ પોતાને બચાવી શક્યો અને કાલે (એટલે કે પાછલા થોડા સમય પહેલાં) જે લોકો તેના જેવા થવાની તમન્ના કરી રહ્યા હતા તે (આજે તેનું خَسْف પરિણામ જોઈને) કહેવા લાગ્યા, ખરેખર એવું જણાય છે કે (રોજીની વિશાળતા અને તંગીનો આધાર ખુશનસીબી અથવા બદ્‌નસીબી ઉપર નથી, બલકે એ તો માત્ર તકવીની હુકમના કારણે અલ્લાહના જ કબ્જામાં છે બસ) અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેને ઈચ્છે વધારે રોજી આપી દે છે અને (જેને ઈચ્છે) તંગીથી આપવા લાગે છે (આ અમારી ભૂલ હતી કે તેને ખુશનસીબ સમજતા હતા, અમારી તવબહ છે અને ખરેખર) જો અમારા ઉપર અલ્લાહ તઆલાની મહેરબાની ન હોત તો અમને પણ ધસાવી દીધા હોત (કારણ કે લાલચ અને દુનિયાની માલ દોલતની મહોબ્બત અમે પણ રાખતા હતા) ખરેખર જાણ થઈ કે કાફિરોને સફળતા નથી મળતી. (જો કે ભલે અમુક દિવસનો આનંદ લૂંટી લે પરંતુ પરિણામ પછી નુકસાન જ નુકસાન છે, સફળતા માત્ર ઈમાનવાળાઓની સાથે જ ખાસ છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ કસસની શરૂઆતથી અત્રે સુધી હઝરત મૂસા (અલૈ.)નો તે કિસ્સો પ્રસ્તુત હતો જે તેમને ફિરઔન અને ફિરઔનીઓની સાથે બન્યો હતો. અત્રે તેની બીજી ઘટના વર્ણન થાય છે જે પોતાની જ્ઞાતિના વ્યક્તિ કારૂનની સાથે બની અને આ આયતોના ક્રમની યોગ્યતા એ છે કે પાછલી આયતોમાં એ ઈરશાદ થયો હતો કે દુનિયાની દોલત અને માલ જે તમને આપવામાં આવે છે તે અમુક દિવસની દૌલત છે, તેની મહોબ્બતમાં લાગી જવું કોઈ સમજદારી નથી. وَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَیْءٍ فَمَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا..... કારૂનના કિસ્સામાં એ બતાવવામાં આવ્યું છે કે તેણે માલ અને દોલત પ્રાપ્ત કર્યા પછી આ બોધપાઠને ભૂલાવી દીધો, તેના નશામાં મસ્ત થઈને અલ્લાહ તઆલાની નાશુક્રી પણ કરી અને માલ ઉપર અલ્લાહ તરફથી જે હકો ફરજ છે તેને અદા કરવાથી ઈન્કારી પણ થઈ ગયો જેના પરિણામે તે પોતાના ખજાનાઓ સહિત ધરતીની અંદર ધસાવી દેવામાં આવ્યો.

قَارُوْنَ (કારૂન) અરબી ભાષામાં વપરાતો એક બિનઅરબી શબ્દ છે, તેના વિશે એટલી વાત તો છે કે પોતે કુર્આનના શબ્દોથી સાબિત છે કે તે હઝરત મૂસા (અલૈ.)ની કોમ બની ઈસ્રાઈલમાંથી હતો, બાકી એ કે તેનો સંબંધ હઝરત મૂસા

(અલૈ.) સાથે શું હતો તેમાં વિવિધ મતો પ્રવર્તે છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની એક રિવાયતમાં તેને હઝરત મૂસા (અલૈ.)નો પિત્રાઈ ભાઈ ઠરાવ્યો છે અને બીજા પણ કેટલાક અભિપ્રાયો છે. *(કુર્તુબી અને રૂહ)*

રૂહુલ મઆનીમાં મુહમ્મદ બિન ઈસ્હાક (રહ.)ની રિવાયતથી નકલ થયું છે કે કારૂન તવરાતનો હાફિઝ હતો અને બીજા બની ઈસ્રાઈલથી વધારે તેને તવરાત યાદ હતી પરંતુ તે સામિરીની જેમ મુનાફિક સાબિત થયો અને તેની મુનાફિકતનું કારણ દુનિયાની ઈજ્જત તથા માન સન્માનની ખોટી લાલચ હતી. સમગ્ર બની ઈસ્રાઈલની શુભકામનાઓ અને ઈજ્જત હઝરત મૂસા (અલૈ.)ને પ્રાપ્ત હતી અને તેમના ભાઈ હારૂન (અલૈ.) તેમના વઝીર અને નુબુવ્વતમાં ભાગીદાર હતા, કારૂનને એ ઈર્ષ્યા થઈ કે હું પણ તો તેમની જ્ઞાતિનો ભાઈ અને નજીકનો સગો છું, મને પણ આ માન અને સન્માન તથા આગેવાનીમાં કોઈ ભાગ કેમ ન મળે ? એટલા માટે હઝરત મૂસા (અલૈ.)ને તેની ફરિયાદ કરી, હઝરત મૂસા (અલૈ.)એ કહ્યું કે આ જે કંઈ છે તે અલ્લાહ તઆલા તરફથી છે, તેમાં મારી કોઈ દખલગીરી નથી પરંતુ તેને તેના ઉપર સંતોષ ન થયો અને હઝરત મૂસા (અલૈ.)થી ઈર્ષ્યા રાખતો હતો.

فَبَغٰى عَلَيْهِمْ માં શબ્દ بَغٰى (બગા) અમુક અર્થો માટે વપરાય છે, તેનો પ્રખ્યાત અર્થ "જુલમ" થાય છે. અત્રે એ અર્થ પણ ભાવાર્થ તરીકે હોઈ શકે છે કે તેણે પોતાના માલ અને દોલતના નશામાં અન્યો ઉપર અત્યાચાર કરવાનું શરૂ કર્યું. યહ્યા બિન સલામ અને સઈદ બિન મુસય્યબ (રહ.)એ ફરમાવ્યું કે કારૂન મૂડીપતિ વ્યકિત હતો, ફિરઔન તરફથી બની ઈસ્રાઈલની દેખરેખ ઉપર નિમાયેલો હતો અને આ આગેવાનીના હોદ્દા હેઠળ તેણે બની ઈસ્રાઈલને સતાવી હતી. *(કુર્તુબી)*

અને બીજો ભાવાર્થ અભિમાનનો પણ આવે છે. ઘણા તફસીરકારોએ આ સ્થળે આ જ અર્થ ઠરાવ્યો છે કે તેણે માલ અને દોલતના નશામાં બની ઈસ્રાઈલ ઉપર તકબ્બુર કરવાનું શરૂ કર્યું અને તેમને તુચ્છ અને હલકા ઠરાવ્યા.

وَاٰتَيْنٰهُ مِنَ الْكُنُوْزِ માં શબ્દ كُنُوْزِ (કુનૂઝિ) એ كَنْز (કન્ઝ)નું બહુવચન છે જે દાટેલા ખજાનાને કહેવામાં આવે છે અને શરીઅતની પરિભાષામાં "કન્ઝ" તે

ખજાનો છે જેની ઝકાત આપવામાં ન આવી હોય. હઝરત અતાઅ્ (રદિ.)થી રિવાયત છે કે તેને હઝરત યૂસુફ (અલૈ.)નો દાટેલો એક મોટો ખજાનો મળ્યો હતો. (રૂહ)

لَتَنُوْٓءُ بِالْعُصْبَةِ માં نَاءَ (નાઅ્)નો શબ્દ ભારથી ઝૂકી જવાના અર્થમાં આવે છે અને عُصْبَةٌ (ઉસ્બહ)નો અર્થ "એક જૂથ"નો થાય છે. ભાવાર્થ એ છે કે તેનો ખજાનો એટલા મોટા પ્રમાણમાં હતો કે તેની ચાવીઓ એટલી મોટી સંખ્યામાં હતી કે તે એક મોટું મજબૂત જૂથ પણ તેને ઉઠાવવાના ભારથી ઝૂકી જાય અને દેખીતું છે કે તાળાની ચાવીઓ ઘણા હલકા વજનની રાખવામાં આવે છે જેને ઉઠાવવી અને પાસે રાખવી મુશ્કેલ નથી હોતી પરંતુ તેની સંખ્યા વધારે પ્રમાણમાં હોવાના કારણે તે એટલી બધી થઈ ગઈ હતી કે તેનું વજન એક મજબૂત જમાઅત પણ સરળતાથી ન ઉઠાવી શકે. (રૂહ)

لَا تَفْرَحْ માં શબ્દ فَرَحْ નો શાબ્દિક અર્થ તે ખુશીનો છે જે મનુષ્યને કોઈ કાયમી લિજ્જતના કારણે પ્રાપ્ત થાય છે, કુર્આને કરીમની ઘણી બધી આયતોમાં فَرَحْ ને નીંદનીય ઠરાવવામાં આવ્યું છે જેમકે આ જ આયતમાં આવ્યું છે لَا تَفْرَحُوْا بِمَآ اٰتٰكُمْ إِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْفَرِحِيْنَ અને એક આયતમાં અને એક અન્ય આયતમાં છે فَرِحُوْا بِالْحَيٰوةِ الدُّنْيَا અને અમુક આયતોમાં فَرَحْ ની પરવાનગી બલકે એક પ્રકારનો હુકમ પણ થયો છે જેમકે يَوْمَئِذٍ يَفْرَحُ الْمُؤْمِنُوْنَ માં અને આયત فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا માં ઈરશાદ થયો છે. આ બધી આયતોથી એ સાબિત થાય છે કે નીંદાપાત્ર અને પ્રતિબંધિત તે فَرَحْ છે જે ઈતરાવાની અને અભિમાન કરવાની હદ સુધી પહોંચી જાય અને તે ત્યારે જ થઈ શકે છે કે તે આનંદ પ્રમોદ અને ખુશીને પોતાની વ્યક્તિગત વિશેષતા અને વ્યક્તિગત હક સમજે તથા અલ્લાહ તબારક વ તઆલાનું ઈનામ અને ઉપકાર ન સમજે અને જે ખુશી તે હદ સુધી ન પહોંચે તે પ્રતિબંધિત નથી બલકે એક સ્વરૂપે ઈચ્છનીય છે કે અલ્લાહ તઆલાની નેઅ્મતનો ઉપકાર અને આભાર છે.

وَابْتَغِ فِيْمَآ اٰتٰكَ اللّٰهُ الدَّارَ الْاٰخِرَةَ وَلَا تَنْسَ نَصِيْبَكَ مِنَ الدُّنْيَا એટલે કે, મુસલમાનોએ કારૂનને આ શિખામણ આપી કે અલ્લાહ તઆલાએ જે માલ અને દોલત તને આપી છે તેના દ્વારા આખિરતનો સામાન તૈયાર કર અને દુનિયામાં જે તારો હિસ્સો છે તેને ન ભૂલ.

દુનિયાનો હિસ્સો શું છે તેનું વિવરણ ઘણા વિવરણકારોએ એ કર્યું છે કે તેનો ભાવાર્થ દુનિયાની જિંદગી અને તેમાં કરેલા તે કર્મો છે જે તેને આખિરતમાં કામ લાગે જેમાં સદકહ, ખયરાત (દાન-પૂણ્ય) પણ સામેલ છે અને બીજા નેક કર્મો પણ. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને જમહૂર તફસીરકારોથી આ જ અર્થ નકલ થયો છે. (કમા ફી કુર્તુબી) આ સ્વરૂપમાં બીજું વાક્ય પ્રથમ વાક્યની તાકીદ અને સમર્થન થશે. પ્રથમ વાક્યમાં કહેવામાં આવ્યું છે, જે કંઈ તને અલ્લાહે આપ્યું છે એટલે કે માલ અને દોલત, જિંદગી અને શક્તિ તથા તંદુરસ્તી વગેરે તે બધાથી તે કામ લે જે આખિરતમાં સારા કામ લાગે અને વાસ્તવમાં દુનિયાનો આ જ ભાગ તારો છે જે આખિરતનો સામાન બની જાય, બાકી દુનિયા તો બીજા વારસદારોનો હિસ્સો છે અને અમુક તફસીરકારોએ ફરમાવ્યું કે બીજા વાક્યનો ભાવાર્થ એ છે કે જે કંઈ અલ્લાહે તમને આપ્યું છે તેનાથી આખિરતનો સામાન પણ કરો પરંતુ પોતાની દુનિયાની જિંદગીને પણ ન ભૂલો કે બધું જ સદકહ અને ખયરાત કરીને કંગાળ બની જાઓ, બલકે જરૂરત પ્રમાણે પોતાના માટે પણ રાખો. આ તફસીર ઉપર દુનિયાના નસીબથી ભાવાર્થ તેની આર્થિક જરૂરિયાતો થશે. વલ્લાહુ અઅ્લમુ.

إِنَّمَآ أُوتِيتُهُۥ عَلَىٰ عِلْمٍ عِندِىٓ ۚ અમુક તફસીરકારોએ ફરમાવ્યું કે અત્રે ઈલ્મથી ભાવાર્થ તવરાતનું ઈલ્મ છે જેમકે અમુક રિવાયતોમાં છે કે કારૂન તવરાતનો હાફિઝ અને આલિમ હતો અને તે સિત્તેર વ્યક્તિઓમાંથી હતો જેને હઝરત મૂસા (અલૈ.)એ મીકાત માટે નક્કી કર્યા હતા પરંતુ તેને પોતાના આ જ્ઞાન ઉપર ગર્વ અને ઘમંડ પેદા થઈ ગયો, તેને પોતાની વ્યક્તિગત વિશેષતા સમજી બેઠો અને તેની આ વાતચીતનો અર્થ એ જ હતો કે મને જે કંઈ માલ અને દોલત મળી છે તે મારી પોતાની વ્યક્તિગન જ્ઞાનની વિશેષતાના કારણે મળી છે એટલા માટે હું તેનો પોતે હકદાર છું, તેમાં મારા ઉપર કોઈએ અહેસાન નથી કર્યું પરંતુ દેખીતું એ છે કે અત્રે ઈલ્મથી ભાવાર્થ આર્થિક ઉપાર્જનની યુક્તિઓનું જ્ઞાન છે. દાખલા તરીકે વેપાર-ઉદ્યોગ વગેરે જેનાથી માલ પ્રાપ્ત થાય છે અને ભાવાર્થ એ છે કે જે માલ મને પ્રાપ્ત થયો છે તેમાં અલ્લાહ તઆલાના ઉપકારની શું દખલગીરી છે ? આ તો મેં પોતાની હોશિયારી અને કળા કારીગીરીથી પ્રાપ્ત કર્યો છે અને આ અજ્ઞાની એવું ન સમજ્યો કે આ હોશિયારી અને કાર્ય કુશળતા તથા

વેપાર અને ઉદ્યોગનો અનુભવ તથા જ્ઞાન પણ અલ્લાહ તઆલાનું જ આપેલું હતું, તે તેની કોઈ વ્યક્તિગત વિશેષતા ન હતી.

أَوَلَمْ يَعْلَمْ أَنَّ اللَّهَ قَدْ أَهْلَكَ مِنْ قَبْلِهِ કારૂનનું એ નિવેદન કે મારો માલ અને દોલત મારા વ્યક્તિગત જ્ઞાન અને હુન્નરથી પ્રાપ્ત કરેલ છે, અસલ જવાબ તો એ હતો જે ઉપર લખવામાં આવ્યો છે કે જો તેનો સ્વીકાર પણ કરી લેવામાં આવે કે તેનું કારણ કોઈ ખાસ જ્ઞાન અથવા હુન્નર હતું તો પણ અલ્લાહ તઆલાના ઉપકારથી કઈ રીતે બાકાત રહ્યો ?! કારણ કે આ જ્ઞાન અને કળા તથા કળા કસબની શક્તિ પણ અલ્લાહ તઆલાની જ આપેલી હોય છે પરંતુ તેનો જવાબ ઉપેક્ષિત કરીને કહેવામાં આવ્યું કે આ માલ અને દોલતની કોઈ વાસ્તવિકતા નથી, માલની છૂટછાટ કોઈ વ્યક્તિ માટે ન તો કોઈ વિશેષતા અથવા શ્રેષ્ઠતા છે અને ન જ તે દરેક પરિસ્થિતિમાં તેના કામ આવે છે, તેની સાબિતીમાં પાછલી ઉમ્મતોના મોટા મોટા મૂડીપતિઓનું ઉદાહરણ રજુ કર્યું કે જ્યારે તેમણે બળવાખોરી અપનાવી તો અલ્લાહ તઆલાએ તેમને અચાનક પકડી લીધા અને માલ દોલત તેમના કંઈ જ કામ ન આવ્યું.

وَقَالَ الَّذِينَ أُوتُوا الْعِلْمَ وَيْلَكُمْ .... આ આયતમાં الَّذِينَ أُوتُوا الْعِلْمَ એટલે કે, ઉલમાનો મુકાબલો الَّذِينَ يُرِيدُونَ الْحَيَوٰةَ الدُّنْيَا થી કર્યો છે જેમાં સ્પષ્ટ ઈશારો એ તરફ છે કે દુનિયાના માલ સામાનની ઇચ્છા તથા તેને જ જીવનનો ધ્યેય બનાવવો એ જ્ઞાની લોકોનું કાર્ય નથી, જ્ઞાની લોકોની દૃષ્ટિ હંમેશા આખિરતના કાયમી ફાયદા ઉપર રહે છે, દુનિયાની દોલત જરૂરત પ્રમાણે પ્રાપ્ત કરે છે અને તેના ઉપર જ કરકસર કરે છે.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૮૩-૮૪)

تِلْكَ الدَّارُ الْآخِرَةُ نَجْعَلُهَا لِلَّذِينَ لَا يُرِيدُونَ عُلُوًّا فِي الْأَرْضِ وَلَا فَسَادًا ۚ
وَالْعَاقِبَةُ لِلْمُتَّقِينَ ﴿٨٣﴾ مَنْ جَاءَ بِالْحَسَنَةِ فَلَهُ خَيْرٌ مِنْهَا ۖ وَمَنْ جَاءَ
بِالسَّيِّئَةِ فَلَا يُجْزَى الَّذِينَ عَمِلُوا السَّيِّئَاتِ إِلَّا مَا كَانُوا يَعْمَلُونَ ﴿٨٤﴾

તરજુમો :

તે આખિરતનું ઘર છે, અમે તે લોકોને આપીશું જેઓ પ્રદેશમાં મિથ્યાભિમાન કરવાનું નથી ઈચ્છતા અને ન જ ફસાદ ફેલાવવાનું અને સારું પરિણામ અલ્લાહથી ડરનારાઓનું જ છે. (૮૩) જે ભલાઈ લઈને આવ્યો તેને તેનાથી ઉત્તમ મળવાનું છે અને જે કોઈ બુરાઈ લઈને આવ્યો બસ બુરાઈઓ કરનારાઓ; તેમને તે જ સજા મળશે જે કંઈ તેઓ કરતા હતા. (૮૪)

તફસીર :

આ આખિરતની દુનિયા (જે સવાબનો હેતુ હોવા ઉપર ...ثَوَابُ اللّٰهِ خَيْرٌ માં વર્ણન થયું છે) અમે તે લોકો માટે જ ખાસ કરીએ છીએ જેઓ દુનિયામાં ન તો મોટા બનવા ઈચ્છે છે અને ન જ ફસાદ કરવા (એટલે કે ન તો અભિમાન કરે છે જે અંતરમનનો ગુનોહ છે અને ન જ કોઈ જાહેર ગુનોહ એવો કરે છે જેનાથી ભૂમિમાં ફસાદ ફેલાઈ જાય અને માત્ર તેમનું આંતરિક અને જાહેર બુરાઈઓથી બચવું પૂરતું નથી બલકે) નેક પરિણામ મુત્તકી લોકોને મળે છે (જેઓ બુરાઈઓથી બચવાની સાથે સાથે નેક અમલોના પણ પાબંદ હોય છે અને આ'માલોના સ્વરૂપ ઉપર સજા અથવા બદલાની પરિસ્થિતિ એ હશે કે) જે વ્યક્તિ (કયામતના દિવસે) નેકી લઈને આવશે તેને તે(ના તકાદા)થી ઉત્તમ (બદલો) મળશે (કારણ કે નેક અમલનો અસલ તકાદો તો એ છે કે તેના સ્વરૂપ પ્રમાણે બદલો મળે પરંતુ ત્યાં તેનાથી વધારે આપવામાં આવશે જેનો ઓછામાં ઓછો દરજ્જો તેની હેસિયતથી દશ ઘણો છે) અને જે વ્યક્તિ બુરાઈ લઈને આવશે બસ એવા લોકોને જે બુરાઈના કામ કરે છે એટલો જ બદલો મળશે જેટલું તેઓ કરતા હતા (એટલે કે તેના તકાદાથી વધારે સજા મળશે નહીં).

મસ્અલા અને બોધપાઠ :

لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِى الْاَرْضِ وَلَا فَسَادًا ط આ આયતમાં આખિરતના ઘરના છુટકારા અને સફળતાને માત્ર તે લોકો માટે ખાસ હોવાનું ફરમાવવામાં આવ્યું જેઓ પૃથ્વીમાં عُلُوّ (ગર્વ) અને ફસાદનો ઈરાદો ન કરે. عُلُو (ઊલૂ)નો ભાવાર્થ "અભિમાન" છે, એટલે કે પોતાની જાતને અન્યોથી મોટી બતાવવાની અને અન્યોને તુચ્છ અને નીચ બતાવવાની ફિકર ચિંતા કરે અને فَسَادٌ (ફસાદ)નો

ભાવાર્થ લોકો ઉપર અત્યાચાર કરવો છે. (સુફિયાન થૌરી) અને અમુક વિવરણકારોએ ફરમાવ્યું કે દરેક ગુનોહ પૃથ્વી ઉપર ફસાદ છે, કારણ કે ગુનાહના વબાલથી દુનિયાની બરકતમાં કમી આવે છે અને આ આયતથી જાણ થઈ કે જે લોકો તકબ્બુર અને અત્યાચાર અથવા સદંતર ગુનાહોનો ઈરાદો કરે તેમનો આખિરતમાં હિસ્સો નથી.

ખુલાસો :

તકબ્બુર કે જેનું હરામ અને વબાલ હોવું આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે તે એ જ છે કે લોકો ઉપર ગર્વ કરી તેમને નીચા દેખાડવાનો હેતુ હોય, નહિતર પોતાના માટે સારા કપડાં, સારો ખોરાક, સારું મકાન વગેરેની વ્યવસ્થા જ્યારે કે તે અન્યો ઉપર ગર્વ કરવા માટે ન હોય ટીકાપાત્ર નથી, જેમકે સહીહ મુસ્લિમની એક હદીષમાં ખુલાસો છે.

ગુનાહનો પાકો ઇરાદો પણ ગુનોહ છે :

આ આયતમાં عُـلُـوًّ (ઊલૂ) અને فَسَـــادًا (ફસાદ)ના ઈરાદા ઉપર આખિરતના ઘરથી વંચિત થવાની ધમકી છે, એનાથી જાણ થઈ કે કોઈ ગુનાહનો પાકો ઈરાદો અને દૃઢ નિર્ધાર ગુનાહના દરજ્જામાં આવે છે એ પણ ગુનો જ છે. (કમા ફિ રૂહ) અલબત્ત જો તે ફરી અલ્લાહના ડરથી ગુનાહનો ઈરાદો છોડી દે તો ગુનાહના બદલે તેના નામએ આ'માલમાં સવાબ લખાય છે અને જો કોઈ અધિકારમાં ન હોય એવા કારણના લીધે તે ગુનાહ કરવાની તક ન મળી અને તેના ઉપર અમલ ન કરી શક્યો પરંતુ તેણે તે ગુનાહ માટે સંપૂર્ણ પ્રયત્ન કર્યો તો એ પણ ગુનાહમાં જ લખવામાં આવશે. (કમા ઝિકુહુ અલ ગઝાલી રહ.) આયતના અંતે ફરમાવ્યું, وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ તેનો ખુલાસો એ છે કે આખિરતના છુટકારા અને સફળતા માટે બે વસ્તુઓ عُـلُـوًّ અને فَسَـادًا મિથ્યાભિમાન અને ફસાદ કરવાથી બચવું જરૂરી છે અને તકવા એટલે કે નેક અમલોની પાબંદી પણ જરૂરી છે, માત્ર આ બે વસ્તુઓથી બચવું પૂરતું નથી બલકે જે અમલો શરીઅતની રૂએ ફરજ અને વાજિબ છે તેના ઉપર અમલ કરવો પણ આખિરતના છુટકારાની શરત છે.

આયતો : (સૂરએ કસસ : આયત નં. ૮૫ થી ૮૮)

إِنَّ الَّذِي فَرَضَ عَلَيْكَ الْقُرْآنَ لَرَادُّكَ إِلَىٰ مَعَادٍ ۚ قُل رَّبِّي أَعْلَمُ مَن
جَاءَ بِالْهُدَىٰ وَمَنْ هُوَ فِي ضَلَالٍ مُّبِينٍ ﴿٨٥﴾ وَمَا كُنتَ تَرْجُو أَن يُلْقَىٰ إِلَيْكَ
الْكِتَابُ إِلَّا رَحْمَةً مِّن رَّبِّكَ ۖ فَلَا تَكُونَنَّ ظَهِيرًا لِّلْكَافِرِينَ ﴿٨٦﴾ وَلَا يَصُدُّنَّكَ عَنْ
آيَاتِ اللَّهِ بَعْدَ إِذْ أُنزِلَتْ إِلَيْكَ ۖ وَادْعُ إِلَىٰ رَبِّكَ ۖ وَلَا تَكُونَنَّ مِنَ الْمُشْرِكِينَ ﴿٨٧﴾
وَلَا تَدْعُ مَعَ اللَّهِ إِلَٰهًا آخَرَ ۘ لَا إِلَٰهَ إِلَّا هُوَ ۚ كُلُّ شَيْءٍ هَالِكٌ إِلَّا وَجْهَهُ ۚ لَهُ
الْحُكْمُ وَإِلَيْهِ تُرْجَعُونَ ﴿٨٨﴾

તરજુમો :

નિ:શંક જેણે તમારા ઉપર કુર્આનનો હુકમ મોકલ્યો તે તમને પ્રથમ સ્થળે (મક્કા) પાછા લાવનાર છે, તમે કહો ! મારો પરવરદિગાર સારી પેઠે જાણે છે કોણ માર્ગની સૂઝ લાવ્યો છે અને કોણ ઉઘાડી ગુમરાહીમાં પડયો છે. (૮૫) અને તમે તો આશા રાખતા ન હતા કે તમારા ઉપર કિતાબ ઊતારવામાં આવે પરંતુ તમારા પરવરદિગારની મહેરબાનીથી, બસ તો કાફિરોના સહાયક ન બનો. (૮૬) અને એવું ન થાય કે તેઓ તમને અલ્લાહના હુકમોથી રોકી દે તે પછી કે તે તમારા તરફ ઊતરી ચૂકે અને (તમને) પોતાના પરવરદિગાર તરફ બોલાવો અને ભાગીદાર કરનારાઓમાંના ન થાઓ. (૮૭) અને અલ્લાહ સિવાય કોઈ બીજા મઅ્બૂદને ન પોકારો, કોઈની બંદગી નથી તેના સિવાય, દરેક વસ્તુનો નાશ છે પરંતુ તેની હસ્તી (મોઢું); તેનો જ હુકમ છે અને તેના જ તરફ પાછા વળીને જશો. (૮૮)

તફસીર :

(અને હે નબી ﷺ ! તમારા આ વિરોધીઓને જેઓએ તમને કષ્ટ પહોંચાડીને વતન છોડવા ઉપર મજબૂર કર્યા છે જેની વેદના અને જુદાઈથી તમને

આઘાત પહોંચ્યો છે તો તમે સાંત્વના રાખો) જે અલ્લાહે તમારા ઉપર કુર્આન(ના હુકમો ઉપર અમલ અને તેની તબ્લીગ)ને ફરજ કર્યું છે (જે નુબુવ્વતની સામૂહિક દલીલ છે) તે તમને (પોતાના) મૂળ વતન (એટલે કે મક્કા)માં ફરી પહોંચાડી આપશે (અને તે સમયે તમે સ્વતંત્ર અને વિજયી તથા સત્તાધારી હશો અને આવી હાલતમાં જો બીજું સ્થળ થોભવા માટે તજ્વીજ કરવામાં આવે છે તો તે એક મસ્લિહતના કારણે છે જેનાથી દિલગીરી થતી નથી અને તમારી નુબુવ્વત સત્ય હોવા છતાં જે લોકો તમને ભૂલ ઉપર અને પોતાને સત્ય ઉપર સમજે છે તો) તમે (તેમને) કહી આપો કે મારો પરવરદિગાર સારી પેઠે જાણે છે કે કોણ સત્ય દીન લઈને (અલ્લાહ તઆલા તરફથી) આવ્યું છે અને કોણ ઉઘાડી ગુમરાહીમાં (સપડાયેલા) છે (એટલે કે મારા સત્ય ઉપર હોવાની અને તમારા ગુમરાહી ઉપર હોવાની ખુલ્લી દલીલો મોજૂદ છે પરંતુ જ્યારે તેનાથી કામ નથી લેતા તો અંતે જવાબ એ જ છે કે ખૈર ! અલ્લાહને ખબર છે અને તે તમને બતાવી આપશે) અને (તમારી આ નુબુવ્વતની દોલત માત્ર અલ્લાહે અર્પેલ છે, બલકે પોતે) તમને (નબી બનવાથી પહેલાં) એ આશા ન હતી કે તમારા ઉપર આ કિતાબ નાઝિલ કરવામાં આવશે પરંતુ માત્ર તમારા પરવરદિગારની મહેરબાનીથી તે નાઝિલ થઈ, બસ તમે (તે લોકોની ખોટી વાતો તરફ ધ્યાન ન આપો અને જે પ્રમાણે તેમનાથી અત્યાર સુધી અળગા રહ્યા હવે પછી પણ એ જ પ્રમાણે) તે કાફિરોનું જરા પણ સમર્થન ન કરો અને જ્યારે અલ્લાહના હુકમો તમારા ઉપર નાઝિલ થઈ ચૂક્યા તો એવું ન થવા પામે કે (જેમકે અત્યાર સુધી નથી થવા પામ્યું કે) આ લોકો તમને તે હુકમોથી અટકાવી દે અને તમે (સતત) પોતાના પરવરદિગાર(ના દીન)ની તરફ (લોકોને) બોલાવતા રહો અને (જે પ્રમાણે અત્યાર સુધી મુશ્રિકો સાથે કોઈ સંબંધ નથી રહ્યો એ જ પ્રમાણે ભવિષ્યમાં પણ હંમેશા) તે મુશ્રિકોમાં સામેલ ન થજો અને (જે પ્રમાણે અત્યાર સુધી શિર્કથી નિર્દોષ રહ્યા છો એ જ પ્રમાણે હવે પછી પણ) અલ્લાહની સાથે કોઈ મઅ્બૂદને ન પોકારજો (આ આયતોમાં કાફિરો અને મુશ્રિકોને તેમની દરખાસ્તોથી નાઉમ્મીદ કરવાનો હેતુ છે અને વાસ્તવમાં સંબોધન તેમના જ માટે છે કે તમે જે રસૂલે કરીમ ﷺ અને દીનમાં બરાબર થવાની દરખાસ્ત કરો છો તેમાં સફળતાની ક્યારેય સંભાવના નથી પરંતુ સ્વાભાવિક નિયમ છે કે જ્યારે વ્યક્તિ ઉપર વધારે ગુસ્સો હોય છે

ત્યારે તેનાથી વાત કરવામાં નથી આવતી અને પોતાના પ્રિયજનને વાતો કરીને તે વ્યક્તિને સંભળાવવામાં આવે છે, મઆલિમમાં હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ની રિવાયત છે કે આ સંબોધન માત્ર જાહેરમાં આપ ﷺને છે અને તેનો હેતુ આપ ﷺ નથી, આટલે સુધી રિસાલત વિશેનો વિષય હતો જેમાં તવહીદનું વર્ણન પણ ટૂંકમાં આવી ગયું, આગળ તવહીદનો વિષય છે કે) તેના સિવાય કોઈ મઅ્બૂદ (થવાપાત્ર) નથી (એટલા માટે કે) બધી વસ્તુઓ નષ્ટ થનારી છે માત્ર તેની જાત; (બસ, તેના સિવાય કોઈને ઈબાદતનો હકદાર ન ઠરાવો, આ વિષય તવહીદનો થઈ ગયો આગળ તેના કારણો છે કે) તેની જ હુકૂમત છે (જે સંપૂર્ણ રીતે કયામતમાં જાહેર થશે) અને તેની જ પાસે તમારે બધાને જવાનું છે. (બસ સૌને તેમના કર્યાનો બદલો આપશે).

મસ્અલા અને બોધપાઠ :

إِنَّ الَّذِي فَرَضَ عَلَيْكَ الْقُرْآنَ لَرَادُّكَ إِلَىٰ مَعَادٍ ط સૂરતના અંતે આ આયતો રસૂલે કરીમ ﷺને દિલાસા માટે અને પોતાની રસૂલ તરીકેની અને નુબુવ્વતની ફરજ ઉપર પૂરી રીતે કાયમ રહેવા માટે તાકીદ સ્વરૂપે આવી છે અને તેનું જોડાણ સૂરતની અગાઉ આવી ચૂકેલી આયતો સાથે એ છે કે આ સૂરતમાં અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.)નો વિગતપૂર્વકનો કિસ્સો ફિરઔન અને તેની કોમની દુશ્મની તથા તેના ડરનો, પછી પોતાની કૃપાથી તેમની કોમ ફિરઔન ઉપર વિજયી થવાનું વર્ણન આવ્યું છે તો સૂરતના અંતે ખાતમુલ અંબિયા ﷺની એવી જ પરિસ્થિતિનો ખુલાસો વર્ણન કર્યો કે મક્કાના કાફિરોએ તમને કષ્ટ આપ્યું, તમારી હત્યા કરવાની યોજના બનાવી, મુસલમાનોની જિંદગી મક્કામાં અતિકઠિન કરી દેવામાં આવી પરંતુ અલ્લાહ તઆલાએ પોતાની ટેવ પ્રમાણે તમને બધા ઉપર વિજય અને સત્તા અર્પણ કરી અને મક્કા મુકર્રમહ જ્યાંથી કાફિરોએ તમને કાઢ્યા હતા તે ફરીવાર સંપૂર્ણ રીતે તમારા કબ્જામાં આવ્યું. الَّذِي فَرَضَ عَلَيْكَ الْقُرْآنَ જે જાત પાકે તમારા ઉપર કુર્આન ફરજ કર્યું છે એટલે કે તેની તિલાવત અને પ્રચાર પ્રસાર અને તેના ઉપર અમલ તમારા ઉપર ફરજ કર્યો છે તે જ જાત તમને ફરી مَعَاد (મઆદ) તરફ પાછા વાળશે, અત્રે "મઆદ"નો ભાવાર્થ મક્કા મુકર્રમહ છે જેમકે સહીહ બુખારીમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી "મઆદ"ની આ તફસીર નકલ થઈ છે. મતલબ એ છે કે જો

કે અમુક દિવસ માટે તમારે પોતાના પ્રિય વતન ખાસ કરીને હરમ અને અલ્લાહના ઘરને છોડવું પડ્યું પરંતુ કુર્આન નાઝિલ કરનાર અને તેના ઉપર અમલને ફરજ કરનાર અલ્લાહ તઆલા અંતે તમને ફરી મક્કામાં પાછા લાવશે. તફસીરના ઈમામોથી મકાતિલ રહમતુલ્લાહની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺ હિજરતના સમયે શૌરની ગુફાએથી રાતના વખતે નીકળ્યા અને મક્કાથી મદીના તરફ પ્રખ્યાત માર્ગને છોડીને બીજા માર્ગોએ મુસાફરી કરી, કારણ કે દુશ્મન પીછો કરતો હતો, જ્યારે جُحْفَة (જુહ્ફહ)ના સ્થળે પહોંચ્યા જે મદીના તય્યિબહના માર્ગ વચ્ચે મશ્હૂર મંઝિલ رَابِغ (રાબિગ)ની પાસે છે અને ત્યાંથી તેઓ મક્કા અને મદીનાના પ્રખ્યાત રસ્તા સાથે મળી જાય છે તે સમયે મક્કા મુકર્રમહના માર્ગ ઉપર નજર પડી તો અલ્લાહનું ઘર અને વતન યાદ આવ્યું, તે જ સમયે હઝરત જિબ્રઈલ (અલૈ.) આ આયત લઈને નાઝિલ થયા જેમાં રસૂલે કરીમ ﷺને ખુશખબરી આપવામાં આવી છે કે મક્કા મુકર્રમહની આ જુદાઈ અમુક દિવસની છે અને અંતે તમને ફરી મક્કા મુકર્રમહ પહોંચાડી દેવામાં આવશે જે મક્કા વિજયની ખુશખબરી હતી, એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની એક રિવાયતમાં છે કે આ આયત "જુહ્ફહ"માં નાઝિલ થઈ છે, ન તો મક્કી છે અને ન જ મદની. *(કુર્તુબી)*

કુર્આન દુશ્મનો ઉપર વિજય અને પોતાના મકસદમાં સફળતાનું માધ્યમ છે :

આ આયતમાં રસૂલે કરીમ ﷺને ફરીવાર મક્કા મુકર્રમહમાં વિજેતા સ્વરૂપે પાછા આવવાની ખુશખબરી એ વિષય હેઠળ આપવામાં આવી છે કે જે હક તઆલા શા'નુહૂએ તમારા ઉપર કુર્આન ફરજ કર્યું છે તે તમને દુશ્મનો ઉપર વિજેતા બનાવીને ફરીવાર મક્કા મુકર્રમહમાં પાછા લાવશે, તેમાં એ તરફ ઈશારો પણ છે કે કુર્આનની તિલાવત અને તેના ઉપર અમલ જ તે અલ્લાહ તઆલાની મદદ અને મહાન વિજયનું કારણ બનશે.

كُلُّ شَيْءٍ هَالِكٌ اِلَّا وَجْهَهٗ ط આ આયતમાં وَجْهَهٗ (વજ્હહુ)નો ભાવાર્થ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની પવિત્ર જાત છે અને આયતનો ભાવાર્થ એ છે કે હક્ક સુબ્હાનહુ વ તઆલા સિવાય દરેક વસ્તુ નષ્ટ અને ફના થનાર છે અને અમુક

તફસીરકારોએ ફરમાવ્યું કે, وَجْهَهُ (વજ્હહુ)નો ભાવાર્થ તે અમલ છે જે માત્ર અલ્લાહ તઆલા માટે કરવામાં આવે તો આયતનો ભાવાર્થ એ થશે કે જે અમલ અલ્લાહ તઆલા માટે નિખાલસતાપૂર્વક કરવામાં આવે તે જ બાકી રહેનાર છે, બાકી બધું નષ્ટ થનાર છે. વલ્લાહુ અઅ્લમુ.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ કસસ આજે ૯ જિલ્કદ સન હિજરી ૧૩૯૧માં એવી પરિસ્થિતિમાં પૂર્ણ થઈ કે પાકિસ્તાન અને ભારતનું યુદ્ધ ચાલુ છે.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ કસસ પૂર્ણ થઈ.

□□□□□□□□□□□□

તારીખ : ૩૧ માર્ચ ૨૦૧૦ મુતાબિક ૧૪ રબિઊલ આખર ૧૪૩૧ હિજરી

Jehangir

પ્રકરણ (૨૯)

સૂરએ અન્કબૂત

સૂરએ અનકબૂત મક્કામાં નાઝિલ થઈ, તેમાં ૬૯ આયતો અને ૭ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૧ થી ૭)

ایاتها ٦٩ ﴿٢٩ سُوْرَةُ الْعَنْكَبُوْتِ مَكِّيَّةٌ ٨٥﴾ رکوعاتها ٧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمّٓ ﴿١﴾ اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْٓا اَنْ يَّقُوْلُوْٓا اٰمَنَّا وَهُمْ لَا يُفْتَنُوْنَ ﴿٢﴾
وَلَقَدْ فَتَنَّا الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِيْنَ صَدَقُوْا
وَلَيَعْلَمَنَّ الْكٰذِبِيْنَ ﴿٣﴾ اَمْ حَسِبَ الَّذِيْنَ يَعْمَلُوْنَ السَّيِّاٰتِ اَنْ
يَّسْبِقُوْنَا ؕ سَآءَ مَا يَحْكُمُوْنَ ﴿٤﴾ مَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ اللّٰهِ فَاِنَّ اَجَلَ اللّٰهِ لَاٰتٍ ؕ
وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٥﴾ وَمَنْ جَاهَدَ فَاِنَّمَا يُجَاهِدُ لِنَفْسِهٖ ؕ اِنَّ اللّٰهَ لَغَنِيٌّ
عَنِ الْعٰلَمِيْنَ ﴿٦﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَنُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَ
لَنَجْزِيَنَّهُمْ اَحْسَنَ الَّذِيْ كَانُوْا يَعْمَلُوْنَ ﴿٧﴾

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલીફ-લામ-મીમ (૧) શું આ લોકો સમજે છે કે એટલું કહીને છૂટી જશે કે અમે ઈમાન લાવ્યા અને તેમને અજમાવી ન લઈએ ? (૨) અને અમે તેમને અજમાવ્યા છે જે તેમનાથી અગાઉ હતા; બસ, અલબત્ત અલ્લાહ

જાણી લેશે જે લોકો સાચા છે અને અલબત્ત જાણી લેશે જૂઠાઓને. (૩) શું જે લોકો બુરાઈઓ કરે છે એવું સમજે છે કે અમારાથી બચી જાય ? ખરાબ વાત નક્કી કરે છે. (૪) જે કોઈ અલ્લાહની મુલાકાતની આશા રાખે છે બસ અલ્લાહનો વાયદો આવી રહ્યો છે અને તે સઘળું સાંભળનારો બધું જાણનારો છે. (૫) અને જે કોઈ મહેનત કરે બસ પોતાના માટે જ કરે છે; અલ્લાહને દુનિયાવાળાઓની પરવા નથી. (૬) અને જે લોકો ઈમાન લાવ્યા અને સારા કામ કર્યા અમે તેમના ઉપરથી તેમની બુરાઈઓ ઊતારી દઈશું અને તેમને ઉત્તમથી ઉત્તમ કામોનો બદલો આપીશું. (૭)

તફસીર :

અલીફ-લામ-મીમ. (તેનો અર્થ અલ્લાહને ખબર છે. -અમુક મુસલમાનો જે કાફિરોની પીડાઓથી ગભરાઈ જાય છે તો) શું તે લોકોએ એવું ધારી રાખ્યું છે કે તેઓ એટલું કહેવાથી છૂટી જશે કે અમે ઈમાન લઈ આવ્યા અને તેમને (અનેક પ્રકારના સંકટોથી) અજમાવવામાં નહીં આવે ?! (એટલે કે એવું નહીં થાય બલકે આ પ્રકારની કસોટીઓ પણ અવશ્ય આવશે) અને અમે તો (આવી જ ઘટનાઓથી) તે લોકોને પણ અજમાવી ચૂક્યા છે જેઓ તેમનાથી અગાઉ (મુસલમાન) થઈ ચૂક્યા છે (એટલે કે અન્ય ઉમ્મતોના મુસલમાનો સાથે પણ આવો મા'મલો થઈ ચૂક્યો છે) બસ, (એ જ પ્રમાણે તમારી અજમાયશ પણ કરવામાં આવશે અને આ અજમાયશમાં) અલ્લાહ તે લોકોને (જાહેર જ્ઞાનથી) જાણી લેશે જેઓ (ઈમાનના દા'વામાં) સાચા હતા અને જૂઠાઓને પણ જાણીને રહેશે (એટલા માટે જેઓ સાચા અને પાકી આસ્થાના મુસલમાન હોય છે તેઓ આવી કસોટીમાં મક્કમ રહે છે બલકે ઔર વધારે પાકા થઈ જાય છે અને જેઓ કામચલાઉ ધોરણે મુસલમાન થઈ જાય છે તેઓ આવા સમયમાં ઈસ્લામને છોડી બેસે છે એટલે કે આ કસોટીની એક હિકમત છે, કારણ કે નિખાલસ લોકોમાં જે નિખાલસ નથી તેવા સ્વાર્થીઓ ભેળસેળ થવાથી ઘણા બધા નુકસાન થાય છે, ખાસ કરીને શરૂઆતની પરિસ્થિતિઓમાં; આ વિષય તો મુસલમાનો માટે થયો આગળ તેમને કષ્ટ પહોંચાડનાર કાફિરો વિશે કહેવામાં આવ્યું છે કે) હા ! શું જે લોકો ખરાબ ખરાબ કામ કરી રહ્યા છે તેઓ એવું ધારે છે કે અમારાથી ક્યાંક છટકી જશે ? તેમની આ તજ્વીજ ઘણી વાહિયાત છે (આ વાક્ય કાફિરોને તેમના

બુરા પરિણામને સંભળાવી મુસલમાનોને એક રીતે તસલ્લી આપવામાં આવી છે કે તેમના કષ્ટોનો તેમની પાસેથી બદલો લેવામાં આવશે, આગળ ફરી મુસલમાનોને સંબોધન છે કે) જે વ્યક્તિ અલ્લાહને મળવાની આશા રાખતો હોય બસ (તેણે તો આવી ઘટનાઓથી પરેશાન થવું જ ન જોઈએ કારણ કે) અલ્લાહ(ને મળવા)નો તે નિશ્ચિત સમય આવનારો છે (જેનાથી બધા જ ગમ દૂર થઈ જશે وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَذْهَبَ عَنَّا الْحَزَنَ) અને તે બધું જ સાંભળે છે અને સઘળું જાણે છે (ન તો કોઈ નિવેદન તેનાથી ગુપ્ત છે અને ન જ કોઈ પ્રવૃત્તિ, બસ નિશ્ચિત સમયે તમારા બધા જ મૌખિક અને કર્મ સ્વરૂપે કરેલ આજ્ઞાપાલનનો બદલો આપીને બધો ગમ દૂર કરી દેશે) અને (યાદ રાખો કે અમે જે તમને મુસીબતો બરદાસ્ત કરવાનું પ્રોત્સાહન આપી રહ્યા છે બસ તેમાં દેખીતું અને જાહેર છે કે અમારો કોઈ લાભ નથી બલકે) જે વ્યક્તિ મહેનત કરે છે તે પોતાના જ (લાભ) માટે મહેનત કરે છે (નહિતર) અલ્લાહ તઆલાને (તો) તમામ દુનિયાવાળાઓમાં કોઈની હાજત નથી (તેમાં પણ ધીરજ ધરવાનું પ્રોત્સાહન છે, કારણ કે પોતાના લાભ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી તે પ્રવૃત્તિ વધારે સરળ થઈ જાય છે) અને (તે નફો જે આજ્ઞાપાલનથી પહોંચે છે તેનું વર્ણન એ છે કે) જે લોકો ઈમાન લાવે છે અને નેક કામ કરે છે અમે તેમના ગુનાહ તેમનાથી દૂર કરી આપીશું (તેમાં અમુક ગુનાહ જેમકે કુફ્ર અને શિર્ક તો ઈમાનથી દૂર થઈ જાય છે અને અમુક ગુનાહ તવબહથી કે નેક અમલોમાં સામેલ છે અને અમુક ગુનાહ માત્ર ભલાઈથી અને અમુક ગુનાહ માત્ર તેની દયાથી મા'ફ થઈ જાય છે) અને તેમને તેમના (આ) અમલો (ઈમાન અને નેક કર્મો)નો (હકથી) વધારે સારો બદલો આપીશું (બસ તેના પ્રોત્સાહન ઉપર આજ્ઞાપાલન અને સંઘર્ષ ઉપર મક્કમ રહેવાની કાળજી જરૂરી છે).

મસ્અલા અને બોધપાઠ :

وَهُمْ لَا يُفْتَنُوْنَ શબ્દ فِتْنَةٌ (ફિત્નહ)થી બને છે જેનો અર્થ "આજમાયશ"નો થાય છે. ઈમાનવાળાઓ ખાસ કરીને અંબિયા (અલૈ.) તથા નેક લોકોને દુનિયામાં વિવિધ પ્રકારની કસોટીઓમાંથી પસાર થવું પડે છે પછી પરિણામે સફળતા અને વિજય તેમને જ પ્રાપ્ત થાય છે. આ કસોટીઓ વિરોધીઓ તરફથી એટલે કે ક્યારેક કાફિર અને દુષ્ટ લોકોની દુશ્મની તથા તેમના તરફથી

કષ્ટો પહોંચાડવાના સ્વરૂપે પણ હોય છે જેમકે અંબિયા (અલૈ.) અને ખાતમુલ અંબિયા ﷺને અને આપ ﷺના સાથીઓને મોટે ભાગે બનતું આવ્યું છે જેના અસંખ્યા કિસ્સાઓ સીરત (જીવન ચરિત્ર) અને ઈતિહાસના પુસ્તકોમાં ઉપસ્થિત છે અને ક્યારેક આ કસોટીઓ બીમારીઓ અને બીજા પ્રકારની તકલીફો દ્વારા પણ હોય છે, જેમકે હઝરત અય્યુબ (અલૈ.) સાથે બન્યું અને અમુકના માટે આ બધા પ્રકારો એકઠા પણ કરી દેવામાં આવે છે.

આ આયતનો શા'ને નુઝૂલ જો કે રિવાયતોની રૂએ તે સહાબા (રદિ.) છે જેઓ મદીનાની હિજરતના સમયે કાફિરોના હાથે સતાવવામાં આવ્યા પરંતુ તે જાહેર અર્થમાં છે કે દરેક સમયના આલિમો અને નેક લોકો તથા ઉમ્મતના વલીઓને વિવિધ પ્રકારની કસોટીઓમાંથી પસાર થવું પડે છે અને આજમાયશો આવતી રહે છે. *(કુર્તુબી)*

فَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِيْنَ صَدَقُوْا અને આ કસોટીઓ તથા કષ્ટો દ્વારા નિખાલસ અને સ્વાર્થી તથા નેક અને ખરાબ લોકોમાં જરૂર તફાવત કરીશું, કારણ કે નિખાલસ લોકોની સાથે મુનાફિકોનું ભેળસેળ થઈ જવું અમુક સમયે મોટું નુકસાન પહોંચાડે છે. આ આયતનો મકસદ નેક અને બુરા તથા નિખાલસ અને સ્વાર્થી તત્ત્વોનો તફાવત સ્પષ્ટ કરી આપે છે જેને એ રીતે ઓળખાવવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા સાચાઓને જાણી લેશે અને જૂઠાઓને પણ ! અલ્લાહ તઆલાને તો દરેક મનુષ્યના સાચા અથવા જૂઠા હોવાનું તેના જન્મના સમય પહેલાંથી ખબર હોય છે, પરીક્ષાઓ અને આજમાયશોથી જાણી લેવાનો અર્થ એ છે કે આ તફાવતને અન્યો ઉપર પણ જાહેર કરી આપશે.

હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ પોતાના શયૂખ મવલાના મુહમ્મદ યાકૂબ સા. (રહ.)થી તેનો ખુલાસો એ પણ નકલ કર્યો છે કે અમુક સમયે સામાન્ય લોકોમાં જ્ઞાનના દરજ્જા જેટલી ઓછી કક્ષાએ ઊતરીને પણ વાત કરવામાં આવે છે સામાન્ય મનુષ્ય નિખાલસ અને મુનાફિકમાં ફરક કસોટી દ્વારા જ જાણે છે, તેમની બુદ્ધિશક્તિ પ્રમાણે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે આ વિવિધ પ્રકારોને કસોટીઓ દ્વારા અમે એ જાણીને રહીશું કે કોણ નિખાલસ છે અને કોણ નથી; જ્યારે કે તેનું જ્ઞાન એ સૌથી અતિઉચ્ચ અને શ્રેષ્ઠ છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૮-૯)

وَوَصَّيْنَا الْإِنسَانَ بِوَالِدَيْهِ حُسْنًا ۖ وَإِن جَاهَدَاكَ لِتُشْرِكَ بِي مَا لَيْسَ لَكَ
بِهِ عِلْمٌ فَلَا تُطِعْهُمَا ۚ إِلَيَّ مَرْجِعُكُمْ فَأُنَبِّئُكُم بِمَا كُنتُمْ تَعْمَلُونَ ⑧ وَالَّذِينَ
آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَنُدْخِلَنَّهُمْ فِي الصَّالِحِينَ ⑨

તરજુમો :

અને અમે ઈન્સાનને પોતાના માં બાપ સાથે ભલાઈથી રહેવાની તાકીદ કરી આપી અને જો તે તારાથી બળજબરી કરે કે તું મારો ભાગીદાર કરે કે જેની તને ખબર નથી તો તેમનું કહ્યું ન માન, તમારે મારી પાસે જ ફરી આવવાનું છે; બસ હું તમને બતાવી આપીશ જે કંઈ તમે કરતા હતા. (૮) અને જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા, અમે તેઓને નેક લોકોમાં સામેલ કરીશું. (૯)

તફસીર :

અને અમે મનુષ્યને પોતાના માં બાપની સાથે નેક વર્તણૂક કરવાનો હુકમ આપ્યો છે અને (તેની સાથે એ પણ કહી આપ્યું છે કે) જો તે બંને તારા ઉપર એ વાતની બળજબરી કરે કે તું એવી વસ્તુને મારો ભાગીદાર ઠરાવ જે(ના મઅ્બૂદ હોવા)ની કોઈ (સાચી) દલીલ તારી પાસે નથી (અને દરેક વસ્તુ એવી જ છે કે બધી જ વસ્તુઓ ઈબાદતના અપાત્ર હોવા ઉપર દલીલ સ્થાપિત થઈ ચૂકી છે) તો (આ વિષયમાં) તેમનું કહ્યું ન માનજે, તમારે સૌને મારી પાસે પાછા ફરીને આવવાનું છે, બસ હું તમને તમારા બધા કામો (નેક હોય કે બુરા) બતાવી આપીશ અને (તમારામાં) જે લોકો ઈમાન લાવ્યા હશે અમે તેમને નેક બંદાઓ(ના દરજ્જા)માં (કે જે જન્નત છે) દાખલ કરીશું (અને એ જ પ્રમાણે ખરાબ અમલો ઉપર તેની યોગ્ય સજા આપીશું, બસ આ જ બીના ઉપર જેણે માતા પિતાના આજ્ઞાપાલનને અમારા આદેશ ઉપર અગ્રતા રાખી હશે તે સજા પામશે અને જેણે તેનાથી વિપરીત કર્યું હશે તે સારો બદલો પામશે, ખુલાસો એ થયો કે ઉપરોક્ત બાબતમાં માતા પિતાની નાફરમાનીથી ગુનાહનો વસવસો ન રાખવો જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

وَصِيَّــــــتُ વસિય્યત તેને કહે છે કે કોઈ વ્યક્તિને કોઈ કામ કરવા તરફ આમંત્રણ આપવામાં આવે જ્યારે કે તે બોલાવવું નસીહત અને શુભેચ્છા ઉપર આધારિત હોય. *(મઝહરી)*

بِوَالِـدَيْهِ حُسْنًا શબ્દ حُسْن (હુસ્ન) ક્રિયાપદ છે જેનો અર્થ "ખુબી" થાય છે. આ સ્થળે ખુબીવાળા વ્યવહારની અતિશયોક્તિ માટે حُسْـــــــن (હુસ્ન)થી ઓળખાવવામાં આવ્યું છે, તેનો ભાવાર્થ સ્પષ્ટ છે કે અલ્લાહ તઆલાએ માનવોને એ વસિય્યત કરી આપી છે કે પોતાના માતા પિતા સાથે સારો વર્તાવ કરે.

وَاِنْ جَـاهَــدَاكَ لِتُشْـرِكَ بِـىْ એટલે કે, માતા પિતા સાથે સારો વર્તાવ કરવાની સાથે સાથે એ પણ જરૂરી છે કે તેમના હુકમની આજ્ઞાપાલન કરવામાં તે હદ સુધી જાય કે તે હુકમ અલ્લાહ તઆલાના હુકમોનો વિરોધ ન કરતો હોય અને જો અવલાદને કુફ્ર અને શિર્ક ઉપર માં બાપ મજબૂર કરે તો તેમાં તેમના આદેશનું પાલન કદાપિ કરવામાં આવશે નહીં, જેમકે હદીષમાં છે لَا طَـاعَةَ لِـمَـخْـلُوْقٍ فِىْ مَعْصِيَةِ الْخَالِقِ (રવાહુ અહમદ વ હાકિમ વ સહીહહ) એટલે કે સર્જનહારની નાફરમાનીમાં કોઈ મખ્લૂકનું આજ્ઞાપાલન જાઇઝ નથી.

આ આયત હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (રદિ.) વિશે નાઝિલ થઈ હતી, તેઓ સહાબએ કિરામ (રદિ.)ના તે દશ વ્યક્તિઓમાંથી સાબિત છે જેમને રસૂલે કરીમ ﷺએ એકી સમયે જન્નતી હોવાની ખુશખબરી આપી છે જેમને "અશ્રએ મુબશ્શરહ" કહેવામાં આવે છે. તેઓ પોતાની માતાની ઘણી જ ફરમાંબરદારી કરતા હતા અને તેમને રાહત પહોંચાડવા માટે ખૂબ આતૂર રહેતા હતા. તેમની માતા હમ્નહ બિન્તે અબૂ સુફિયાનને જ્યારે એ ખબર થઈ કે તેમના પુત્ર સઅદ મુસલમાન....થઈ ગયા તો તેમણે પુત્રને ચેતવણી આપી અને કસમ ખાઈ લીધી કે હું ત્યાં સુધી ખાવું ખાઈશ નહીં અને પાણી પણ નહીં પીવું જ્યાં સુધી કે તમે ફરી પોતાના બાપદાદાના ધર્મ ઉપર પાછા ન આવી જાઓ અથવા હું આવી જ રીતે ભૂખ તરસથી મરી જાઉં અને સમગ્ર દુનિયામાં હંમેશા માટે એ અપમાન તમારા માથા ઉપર રહે કે તમે તમારી માતાના હત્યારા છો. (મુસ્લિમ, તિરમિઝી) આ કુર્આનની આયતે હઝરત સઅદ (રદિ.)ને તેમની વાત માનવાથી રોકી દીધા.

બગવીની રિવાયતમાં છે કે હઝરત સઅદ (રદિ.)ની વાલિદહ એક દિવસ એક રાત અને અમુક નિવેદનો પ્રમાણે ત્રણ દિવસ, ત્રણ રાતો પોતાની કસમ પ્રમાણે ભૂખા તરસ્યા રહ્યા, હઝરત સઅદ (રદિ.) હાજર થયા માતાની મહોબ્બત અને તેમનું આજ્ઞાપાલન પોતાની જગ્યાએ હતું પરંતુ અલ્લાહ તઆલાના ફરમાનની સામે કંઈ પણ ન હતું એટલા માટે વાલિદહને સંબોધન કરીને કહ્યું કે અમ્માજાન ! જો તમારા શરીરમાં સો રૂહો હોત અને એક એક કરીને તે નીકળતી રહે તેને જોઈને પણ હું ક્યારેય પોતાનો દીન છોડીશ નહીં, હવે તમે ઇચ્છો તો ખાઓ, પીઓ કે મૃત્યુ પામો હું કોઈપણ પરિસ્થિતિમાં મારા દીનથી હટી નથી શકતો, માતાએ તેમની આ વાતચીતથી હતાશ થઈને ખાવું ખાઈ લીધું.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૧૦ થી ૧૩)

وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا بِاللّٰهِ فَاِذَآ اُوْذِيَ فِي اللّٰهِ جَعَلَ فِتْنَةَ النَّاسِ كَعَذَابِ اللّٰهِ ؕ
وَلَئِنْ جَآءَ نَصْرٌ مِّنْ رَّبِّكَ لَيَقُوْلُنَّ اِنَّا كُنَّا مَعَكُمْ ؕ اَوَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ
بِمَا فِيْ صُدُوْرِ الْعٰلَمِيْنَ ﴿۱۰﴾ وَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَلَيَعْلَمَنَّ الْمُنٰفِقِيْنَ ﴿۱۱﴾
وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوا اتَّبِعُوْا سَبِيْلَنَا وَلْنَحْمِلْ خَطٰيٰكُمْ ؕ وَمَا
هُمْ بِحٰمِلِيْنَ مِنْ خَطٰيٰهُمْ مِّنْ شَيْءٍ ؕ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿۱۲﴾ وَلَيَحْمِلُنَّ اَثْقَالَهُمْ
ع وَاَثْقَالًا مَّعَ اَثْقَالِهِمْ ۫ وَلَيُسْـَٔلُنَّ يَوْمَ الْقِيٰمَةِ عَمَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿۱۳﴾ ع

તરજુમો :

અને એક તે લોકો છે કે કહે છે, ઈમાન લાવ્યા અમે અલ્લાહ ઉપર, પછી જ્યારે તેને અલ્લાહના માર્ગમાં કષ્ટ પહોંચે લોકોના સતાવવાને અલ્લાહના અઝાબ સમકક્ષ ઠરાવવા લાગે અને જો તમારા પરવરદિગાર તરફથી મદદ આવી પહોંચે તો કહેવા લાગે, અમે તો તમારી સાથે છે; શું એવું નથી કે અલ્લાહ સારી પેઠે જાણે છે જે કંઈ સમગ્ર દુનિયાવાળાઓના સીનાઓમાં છે ! (૧૦) અને અલબત્ત અલ્લાહ તે લોકોને જાણી લેશે જેઓ ઈમાન લાવ્યા છે

અને અલબત્ત જાણી લેશે જે લોકો વિશ્વાસઘાતી (મુનાફિક) છે. (૧૧) અને ઈન્કારીઓ ઈમાનવાળાઓને કહેવા લાગે કે તમે અમારા માર્ગ ઉપર ચાલો અને અમે તમારા ગુનાહ ઉઠાવી લઈશું અને તેઓ તેમના ગુનાહ કંઈ જ ઉઠાવશે નહીં, નિઃશંક તેઓ જૂઠા છે. (૧૨) અને અલબત્ત પોતાનો ભાર વેંઢારશે અને સાથે અન્ય કેટલાય ભાર પોતાના ભારની સાથે અને ખરેખર તેમને કયામતના દિવસે તેની પૂછ થશે જે જૂઠ તેઓ ઘડતા હતા. (૧૩)

તફસીર :

અને અમુક લોકો એવા પણ છે જેઓ કહી આપે છે કે અમે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા પછી જ્યારે અલ્લાહના માર્ગમાં કંઈ કષ્ટ પહોંચી જાય તો લોકોના સતાવવાને એવું (મહાન) સમજી બેસે છે જેમકે અલ્લાહનો અઝાબ (જેનાથી વ્યક્તિ બિલકુલ જ મજબૂર થઈ જાય જ્યારે કે કોઈ મખ્લૂકને આવો અઝાબ આપવાની શક્તિ જ નથી, હમણા તો તેમની એવી હાલત છે) અને જો (ક્યારેક) કોઈ મદદ (મુસલમાનોને) પોતાના પરવરદિગાર તરફથી આવી પહોંચે છે (દાખલા તરીકે જિહાદ થયો અને તેમાં અમુક એવા લોકો હાથ લાગ્યા) તો (એવા સમયે) કહે છે કે અમે તો (દીન અને અકીદહમાં) તમારી સાથે હતા (એટલે કે મુસલમાન જ હતા જો કે કાફિરોના અત્યાચાર અને જબરદસ્તીના કારણે કાફિરોની સાથે થઈ ગયા હતા, તેના ઉપર અલ્લાહ તઆલાનો ઈરશાદ એ છે કે) શું અલ્લાહ તઆલાને દુનિયા જહાનવાળાઓના દિલોની વાતો ખબર નથી? (એટલે કે તેમના દિલમાં ઈમાન જ ન હતું) અને (આ ઘટનાઓ એટલા માટે બનતી રહે છે કે) અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને જાણી લેશે અને મુનાફિકોને પણ જાણી લેશે અને કાફિર મુસલમાનોને કહે છે કે તમે (દીનમાં) અમારા માર્ગે ચાલો અને (કયામતમાં) તમારા ગુનાહ (જે કુફ્ર અને ગુનાહોના હશે) અમારા માથે જવાબદારી છે (અને તમે તેનાથી મુક્ત છો) જ્યારે કે આ લોકો તેમના ગુનાહોમાંથી જરા પણ (એ રીતે કે તેઓ મુક્ત થઈ જાય) નથી લઈ શકતા, એ બિલકુલ જૂઠું બકી રહ્યા છે અને (અલબત્ત એ તો થશે કે) આ લોકો ઉપર પોતાના ગુનાહ (પૂરેપૂરા) લદાયેલા હશે અને પોતાના ગુનાહોની સાથે કંઈક ગુનાહ અન્ય પણ (લાદેલા હશે અને એ ગુનાહ તે છે જેમના માટે તેઓ કારણભૂત બનતા હતા અને આ ગુનાહ તેમના ઉપર લદાવવાના કારણે મૂળ

ગુનેહગાર મુક્ત થશે નહીં, મતલબ કે બીજા તો હલ્કા ન થયા પરંતુ આ લોકો તેમને માર્ગ ભટકાવવાનું કારણ બનવાથી ઔર વધારે ભારે થઈ ગયા) અને આ લોકો જેવી જૂઠી વાતો બનાવતા હતા કયામતમાં તેમનાથી (તેના વિશે) પૂછતાછ (અને પછી તેના ઉપર) અવશ્ય (સજા) થશે.

મસ્અલા અને બોધપાઠ :

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا કાફિરો તરફથી ઈસ્લામનો માર્ગ રોકવા અને મુસલમાનોને બહેકાવવાની વિવિધ યુક્તિઓ અનેક પ્રકારે થતી રહી છે, ક્યારેક બળ અને પૈસાના પ્રદર્શનથી તો ક્યારેક શંકાઓ અને સંદેહો ઉપસ્થિત કરીને; આ આયતમાં પણ તેમની આવી જ એક યુક્તિ ઉપસ્થિત છે કે કાફિરો મુસલમાનોને કહે છે કે તમે લોકો વિના કારણે આખિરતના અઝાબના ડરથી અમારા તરીકા ઉપર નથી ચાલતા તો લો ! અમે તમારી જવાબદારી લઈએ છીએ કે જો તમારી વાત સાચી થઈ તો આ તરીકા ઉપર ચાલવાના કારણે આખિરતમાં જે અઝાબ થશે તો તમારા ગુનાહોનો ભાર અમે ઉઠાવી લઈશું, જે કંઈ અઝાબ અને કષ્ટ પહોંચશે તે અમને પહોંચશે, તમને કંઈ પણ આંચ આવશે નહીં.

આ જ પ્રમાણેના એક વ્યક્તિની ઘટના સૂરએ નજ્મના અંતિમ રુકૂઅમાં વર્ણન કરવામાં આવી છે, اَفَرَاَيْتَ الَّذِىْ تَوَلّٰى وَاَعْطٰى قَلِيْلًا وَّاَكْدٰى જેમાં પ્રસ્તુત છે કે એક વ્યક્તિને તેના કાફિર દોસ્તોએ એવું કહીને દગો આપ્યો કે અમને અમુક માલ અહીંયાં આપી દો તો અમે કયામત અને આખિરતના દિવસે તમારા અઝાબની જવાબદારી લઈને તમને બચાવી લઈશું, તેણે કંઈક આપવાનું શરૂ કરી દીધું પછી બંધ કરી દીધું, તેની બેવકૂફી અને તેના આ વ્યર્થ અમલનું વર્ણન સૂરએ નજ્મમાં વિગતવાર ઉપસ્થિત છે.

એ જ પ્રમાણે સામાન્ય મુસલમાનોને કાફિરોએ કરેલું એક નિવેદન અત્રે ઉપસ્થિત છે, અહીંયાં અલ્લાહ તઆલાએ તેમને જવાબમાં એક તો એવું ફરમાવ્યું કે આવું કહેનારા બિલકુલ જૂઠા છે, તેઓ કયામતમાં તે લોકોના ગુનાહોનો કોઈ ભાર ઉઠાવી શકશે નહીં. وَمَا هُمْ بِحٰمِلِيْنَ مِنْ خَطٰيٰهُمْ مِّنْ شَىْءٍ اِنَّهُمْ لَكٰذِبُوْنَ એટલે કે ત્યાંના ભયાનક અઝાબને જોઈને તેમની હિંમત ન થશે કે તેને ઉઠાવવા માટે તૈયાર થઈ જાય એટલા માટે તેમનો આ વાયદો જૂઠો છે અને સૂરએ નજ્મમાં

એ પણ વર્ણન કરવામાં આવ્યું છે કે જો આ લોકો કંઈક ભાર ઉઠાવવા તૈયાર પણ થઈ જાય તો અલ્લાહ તઆલા તરફથી તેમને તેનો અધિકાર આપવામાં આવશે નહીં, કારણ કે આ ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે કે એકના ગુનાહના બદલામાં બીજાને પકડવામાં આવે.

બીજી બાબત એ ફરમાવી કે તે લોકોનું એ કહેવું ખોટું અને જૂઠું છે કે તેઓ અમારા ગુનાહોનો ભાર વેંઢારીને તમને મુક્ત કરી દેશે, અલબત્ત એવું અવશ્ય થશે કે તમને બહેકાવવાનો અને સત્ય માર્ગેથી ભટકાવવાનો પ્રયત્ન કરવો પોતે જ એક મોટો ગુનોહ છે જે તેમના પોતાના અમલોના અઝાબ ઉપરાંત તેમના ઉપર લાદવામાં આવશે, એ જ પ્રમાણે તેમના ઉપર પોતાના અમલોનો પણ વબાલ આવશે અને જેમને બહેકાવ્યા હતા તેમનો પણ.

ગુનાહનું આમંત્રણ આપનાર પણ ગુનેહગાર છે, ગુનાહ કરનારાને જે અઝાબ થશે એવો જ અઝાબ તેને પણ થશે :

આ આયતથી જાણ થઈ કે જે વ્યક્તિ કોઈ બીજા વ્યક્તિને ગુનાહમાં સંડોવવાની ચળવળ આદરે અથવા ગુનાહમાં તેની મદદ કરે તે પણ એવો જ અપરાધી છે જેમકે આ ગુનાહ કરનાર. એક હદીષમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.) અને હઝરત અનસ બિન માલિક (રદિ.)થી રિવાયત કરવામાં આવી છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિ હિદાયત તરફ લોકોને આમંત્રણ આપે તો તેના કારણે જેટલા લોકો તેના આમંત્રણના કારણે હિદાયત ઉપર અમલ કરશે તે સૌના અમલનો સવાબ આ આમંત્રણ આપનારના નામએ આ'માલમાં પણ લખવામાં આવશે. અમલ કરનારના સવાબ અને બદલામાં કોઈ કમી કર્યા વિના જ; અને જે વ્યક્તિ કોઈ ગુમરાહી અને ગુનાહ તરફ આમંત્રણ આપે તો જેટલા લોકો તેના કહેવાથી આ ગુમરાહીમાં સંડોવાશે તે સૌનો ગુનાહ અને વબાલ આ વ્યક્તિ ઉપર પણ પડશે આ લોકોના વબાલ અને અઝાબમાં કોઈ કમી થયા સિવાય.

(મુસ્લિમ અન અબી હુરયરહ વ ઈબ્ને માજહ અન અનસ, કુર્તુબી)

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૧૪ થી ૧૮)

وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ فَلَبِثَ فِيْهِمْ اَلْفَ سَنَةٍ اِلَّا خَمْسِيْنَ عَامًا ط
فَاَخَذَهُمُ الطُّوْفَانُ وَهُمْ ظٰلِمُوْنَ ﴿۱۴﴾ فَاَنْجَيْنٰهُ وَاَصْحٰبَ السَّفِيْنَةِ وَجَعَلْنٰهَآ اٰيَةً
لِّلْعٰلَمِيْنَ ﴿۱۵﴾ وَاِبْرٰهِيْمَ اِذْ قَالَ لِقَوْمِهِ اعْبُدُوا اللّٰهَ وَاتَّقُوْهُ ط ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ
كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۱۶﴾ اِنَّمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ اَوْثَانًا وَّتَخْلُقُوْنَ اِفْكًا ط اِنَّ
الَّذِيْنَ تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ لَا يَمْلِكُوْنَ لَكُمْ رِزْقًا فَابْتَغُوْا عِنْدَ اللّٰهِ الرِّزْقَ
وَاعْبُدُوْهُ وَاشْكُرُوْا لَهٗ ط اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۱۷﴾ وَاِنْ تُكَذِّبُوْا فَقَدْ كَذَّبَ اُمَمٌ مِّنْ
قَبْلِكُمْ ط وَمَا عَلَى الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿۱۸﴾

તરજુમો :

અને અમે નૂહ (અલૈ.)ને તેમની કોમ પાસે મોકલ્યા, પછી તેમનામાં હજારમાં પચાસ વર્ષ ઓછા રહ્યા, પછી તેમને પ્રલયે (તોફાને) પકડયા અને તેઓ ગુનેહગાર હતા. (૧૪) પછી અમે બચાવ્યા તેમને અને જહાજવાળાઓને અને અમે દુનિયાવાળાઓ માટે જહાજને નિશાની (સ્વરૂપે) રાખ્યું. (૧૫) અને ઈબ્રાહીમ (અલૈ.)ને; જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું, અલ્લાહની બંદગી કરો અને તેનાથી ડરતા રહો, આ તમારા હકમાં ઉત્તમ છે જો તમે સમજ ધરાવતા હોય. (૧૬) તમે તો અલ્લાહને છોડીને આ જ મૂર્તિઓના થાનકોને પૂજો છો અને જૂઠી વાતો ઘડો છો, બેશક તમે જેમને અલ્લાહના સિવાય પૂજો છો તે તમારી રોજીના માલિક નથી; બસ તમે અલ્લાહના ત્યાં રોજી શોધો અને તેની બંદગી કરો અને તેનો હક માનો, તેના જ તરફ પાછા જશો. (૧૭) અને જો તમે જૂઠાડશો તો ઘણી ઉમ્મતો તમારાથી અગાઉ જૂઠાડી ચૂકી છે અને રસૂલોના માથે તો બસ એ જ છે સ્પષ્ટ સંદેશ પહોંચાડી દેવો ! (૧૮)

તફસીર :

અને અમે નૂહ (અલૈ.)ને તેમની કોમ તરફ (પયગમ્બર બનાવીને) મોકલ્યા, બસ તેઓ તેમનામાં એક હજારમાં પચાસ વર્ષ ઓછા રહ્યા (અને કોમને સમજાવતા રહ્યા) પછી (જ્યારે તેમના ઉપર પણ તે લોકો ઈમાન ન લાવ્યા તો) તેમને તોફાને પકડી લીધા અને તેઓ ઘણા જુલમી લોકો હતા (કે આટલી લાંબી મુદત સુધી કરેલ દરખાસ્તથી પણ પ્રભાવિત ન થયા) પછી (આ તોફાન આવ્યા પછી) અમે તેમને અને વહાણવાળાઓને (જે તેમની સાથે સવાર હતા એ તોફાનથી) બચાવી લીધા અને અમે આ ઘટનાને સમગ્ર દુનિયાવાળાઓ માટે (જેની ખૂબ પ્રચલિત રીતે ખબર પહોંચી) ઈબ્રતનું કારણ બનાવ્યા (કે વિચાર કરીને સમજી શકે કે સત્યનો વિરોધ કરવાનું શું પરિણામ છે ?) અને અમે ઈબ્રાહીમ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા જ્યારે કે તેમણે પોતાની કોમને (કે જે મૂર્તિપૂજક હતી) ફરમાવ્યું કે તમે અલ્લાહની ઈબાદત કરો અને તેનાથી ડરો (અને ડરીને શિર્ક છોડી દો) એ તમારા માટે ઉત્તમ છે જો તમે કંઈ પણ સમજ રાખતા હોય (શિર્કનો તરીકો તો માત્ર મૂર્ખામી છે) તમે લોકો અલ્લાહને છોડીને માત્ર મૂર્તિઓને (કે જે બિલકુલ જ લાચાર અને નકામી વસ્તુ છે) પૂજી રહ્યા છો અને (તેના વિશે) જૂઠી વાતો ઘડો છો (કે તેનાથી અમારું રોજી રોજગારનું કામ નીકળે છે આ માત્ર જૂઠ છે કારણ કે) તમે અલ્લાહને છોડીને જેની પૂજા કરો છો તે તમને કંઈ પણ રોજી આપવાનો અધિકાર નથી ધરાવતા, બસ તમે લોકો રોજી અલ્લાહની પાસે તલાશ કરો (એટલે કે તેની પાસે જ માંગો કારણ કે તે જ રોજીનો માલિક છે) અને (જ્યારે રોજીનો માલિક તે જ છે તો) તેની જ ઈબાદત કરો અને (કારણ કે અત્યાર સુધીની રોજી પણ તેની જ આપેલી છે તો) તેનો ઉપકાર માનો (તેની ઈબાદત કરવી ફરજ હોવાનું એક કારણ તો એ છે કે તે લાભનો માલિક છે) અને (બીજું કારણ એ છે કે તે નુકસાનનો માલિક પણ છે) તમારે સૌને તેના તરફ પાછા જવાનું છે (તે સમયે કુફ્ર ઉપર તમને સજા આપશે) અને જો તમે (તે વાતોમાં) મને જૂઠો સમજ્યો તો (યાદ રાખો કે તેમાં મારું કોઈ નુકસાન નથી) તમારાથી અગાઉ પણ ઘણી બધી ઉમ્મતો (પોતાના પયગમ્બરોને) જૂઠા સમજી ચૂકી છે (પરંતુ તે પયગમ્બરોનું કોઈ નુકસાન ન થયું) અને (આ બાબતનું કારણ એ છે કે) પયગમ્બરના માથે તો માત્ર (વાત) સ્પષ્ટ

રીતે પહોંચાડી દેવાનું છે (મનાવવું એ તેમનું કામ નથી બસ બધા અંબિયા અલૈ. પ્રચાર કર્યા પછી પોતાની ફરજમાંથી મુક્ત થઈ ગયા બસ એ જ પ્રમાણે મને પણ કોઈ નુકસાન નથી પહોંચ્યું, અલબત્ત માનવું તમારા માથે વાજિબ હતું તેને છોડવાથી તમારું નુકસાન અવશ્ય થયું).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં કાફિરોના વિરોધ અને તેમના કષ્ટોનું વર્ણન હતું જે મુસલમાનોને પહોંચતું રહ્યું છે. પ્રસ્તુત આયતોમાં એ પ્રમાણેની ઘટનાઓ ઉપર રસૂલે કરીમ ﷺને સાંત્વના આપવા માટે અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતોની કંઈક પરિસ્થિતિઓ વર્ણન કરવામાં આવી છે કે પ્રાચીન સમયથી એ ક્રમ ચાલ્યો આવે છે કે હિદાયતવાળાઓને કાફિરો તરફથી કષ્ટો પહોંચાડવામાં આવે છે પરંતુ તે તકલીફોના કારણે તેમણે ક્યારેય હિંમત નથી હારી એટલા માટે તમે પણ કાફિરોની ઉત્પિડન પ્રવૃત્તિની પરવા ન કરો અને પોતાના રિસાલતના ફરજને અદા કરવામાં મક્કમતાથી કામ કરતા રહો.

અગાઉ થઈ ચૂકેલા અંબિયાઓમાં સૌ પ્રથમ હઝરત નૂહ (અલૈ.)નો કિસ્સો વર્ણન કર્યો, પ્રથમ તો એ કારણે કે તેઓ જ સૌથી પ્રથમ પયગમ્બર છે જેમને કુફ્ર અને શિર્કનો મુકાબલો કરવો પડ્યો, બીજું એટલા માટે પણ કે જેટલા કષ્ટો અને પીડાઓ પોતાની કોમ તરફથી તેમને પહોંચ્યા તે કોઈ બીજા પયગમ્બરને નથી પહોંચ્યા, કારણ કે અલ્લાહ તઆલાએ તેમને લાંબી ઉંમર આપવાની ખાસ વિશિષ્ટતા અર્પણ કરી હતી અને સમગ્ર જિંદગી કાફિરોની પીડાઓ વેઠવામાં પસાર થઈ. તેમની જિંદગી કુર્આને કરીમમાં જે નવસો પચાસ વર્ષ હોવાનું પ્રસ્તુત છે તે તો ચોક્કસ અને પ્રમાણભૂત છે જ, અમુક રિવાયતોમાં એ પણ છે કે આ જિંદગી પ્રચાર અને પ્રસારની છે અને તેનાથી પહેલાં અને તોફાન પછી વધારે.....જિંદગીનું વર્ણન છે. વલ્લાહુ અઅ્લમુ.

મતલબ કે આટલી અસામાન્ય અને લાંબી જિંદગી સતત આમંત્રણ અને તબ્લીગમાં પસાર કરવી અને દરેક તબ્લીગ અને દા'વતના સમયે કાફિરો તરફથી જાત જાતની પીડાઓ, મારપીટ અને ગળું દબાવવાની પીડા સહન કરતું રહેવું અને તે બધા ઉપરાંત કોઈ સમયે હિંમત ન હારવી, આ બધી વિશિષ્ટતાઓ હઝરત નૂહ (અલૈ.)ની છે.

બીજો કિસ્સો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો વર્ણન કર્યો જે મોટી મોટી સખત પરીક્ષાઓમાંથી પસાર થયા છે, નમરૂદની આગ પછી શામ દેશની હિજરત કરીને વેરાન જંગલમાં પાણી અને ખોરાક વિના થોભવું, પછી પુત્રને ઝબહ કરવાની ઘટના વગેરે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના જ કિસ્સાના સંદર્ભમાં હઝરત લૂત (અલૈ.) અને તેમની ઉમ્મતની ઘટનાઓ અને સૂરતના અંત સુધી બીજા અમુક અંબિયા (અલૈ.) અને તેમની બળવાખોર ઉમ્મતોની પરિસ્થિતિઓના વર્ણનનો ક્રમ; આ બધું રસૂલે કરીમ ﷺ અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺન સાંત્વના માટે અને તેમને દીન ઉપર મક્કમ રાખવા માટે વર્ણન થયું છે.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૧૯ થી ૨૩)

أَوَلَمْ يَرَوْا كَيْفَ يُبْدِئُ اللَّهُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ ۚ إِنَّ ذَٰلِكَ عَلَى اللَّهِ يَسِيرٌ ﴿١٩﴾
قُلْ سِيرُوا فِي الْأَرْضِ فَانْظُرُوا كَيْفَ بَدَأَ الْخَلْقَ ۚ ثُمَّ اللَّهُ يُنْشِئُ النَّشْأَةَ الْآخِرَةَ ۚ
إِنَّ اللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٢٠﴾ يُعَذِّبُ مَنْ يَشَاءُ وَيَرْحَمُ مَنْ يَشَاءُ ۖ وَإِلَيْهِ
تُقْلَبُونَ ﴿٢١﴾ وَمَا أَنْتُمْ بِمُعْجِزِينَ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَاءِ ۖ وَمَا لَكُمْ مِنْ دُونِ اللَّهِ
مِنْ وَلِيٍّ وَلَا نَصِيرٍ ﴿٢٢﴾ وَالَّذِينَ كَفَرُوا بِآيَاتِ اللَّهِ وَلِقَائِهِ أُولَٰئِكَ يَئِسُوا
مِنْ رَحْمَتِي وَأُولَٰئِكَ لَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٢٣﴾

તરજુમો :

શું જોતા નથી કેવી રીતે અલ્લાહ સર્જનની શરૂઆત કરે છે ? પછી તેનું પુનરાવર્તન કરશે, આ અલ્લાહ માટે સરળ છે. (૧૯) તમે કહો, પ્રદેશમાં હરોફરો, પછી જુઓ કેવી રીતે સર્જનની શરૂઆત કરી છે ? પછી અલ્લાહ પાછલી વખતે (સજીવન કરી) ઉઠાડશે, બેશક અલ્લાહ દરેક વસ્તુ કરી શકે છે. (૨૦) અઝાબ આપશે જેને ઈચ્છશે અને રહમ કરશે જેના ઉપર ઈચ્છે; અને તેના જ તરફ પાછા વળીને જશો. (૨૧) અને તમે પૃથ્વીમાં આજિઝ

(લાચાર) કરી શકવાના નથી અને ન જ આસમાનમાં અને અલ્લાહ સિવાય તમારો કોઈ હિમાયતી નથી અને ન જ મદદગાર. (૨૨) અને જે લોકો અલ્લાહની વાતોથી ઈન્કારી થયા અને તેને મળવાથી; તેઓ મારી રહમતથી નાઉમ્મીદ થયા અને તેમના માટે કષ્ટદાયક અઝાબ છે. (૨૩)

તફસીર :

શું તે લોકોને એ ખબર નથી કે અલ્લાહ તઆલા કઈ રીતે મખ્લૂકને પ્રથમવાર પેદા કરે છે, (એટલે કે ન હોવામાંથી અસ્તિત્વમાં લાવે છે) પછી તે જ તેને ફરીવાર પેદા કરશે ! આ અલ્લાહ માટે ઘણી જ સરળ વાત છે (બલકે શરૂઆતની દષ્ટિએ ફરીવાર પેદા કરવું પ્રથમવાર અસ્તિત્વમાં લાવવાથી વધારે સહેલું છે, બસ અલ્લાહની શક્તિના આધારે બંને બાબતો સરખી છે અને આ લોકો પ્રથમ બાબત એટલે કે અલ્લાહ તઆલાના સૃષ્ટિના સર્જનહાર હોવાનો તો સ્વીકાર કરે છે, وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ અને બીજી બાબત એટલે કે ફરીવાર પેદા કરવું તેનું જ દષ્ટાંત છે, તેનું અલ્લાહ તઆલાની શક્તિમાં હોવું વધારે સ્પષ્ટ છે એટલા માટે اَوَلَمْ يَرَوْا તેનાથી પણ સંબંધિત હોઈ શકે છે અને વધારે ભાર માટે આગળ આ જ વિષય થોડા ફરક સાથે સંભળાવવા માટે રસૂલે કરીમ ﷺને ઈરશાદ ફરમાવે છે કે હે નબી ﷺ !) તમે (તે લોકોને) કહી આપો કે તમે લોકો પ્રદેશમાં ચાલો ફરો અને જુઓ કે અલ્લાહે મખ્લૂકને કેવી રીતે પ્રથમ વખતે પેદા કરી છે પછી અલ્લાહ ફરીવાર પણ પેદા કરશે, બેશક ! અલ્લાહ દરેક વસ્તુ ઉપર શક્તિ ધરાવે છે (પ્રથમ વિષયમાં એક બૌદ્ધિક દલીલ છે અને બીજા વિષયમાં તે હસ્તી કે જેનો સંબંધ કાઈનાતના અહેવાલની સાક્ષી છે. આ તો કયામતની સાબિતી હતી આગળ બદલાનું વર્ણન છે કે ફરીવાર ઉઠયા પછી) જેને ઈચ્છશે અઝાબ આપશે (એટલે કે જે તેનો હકદાર હશે) અને જેના ઉપર ઈચ્છશે દયા ફરમાવશે (એટલે કે જે તેના માટે યોગ્ય હશે) અને (આ અઝાબ અને રહમતમાં અન્ય કોઈની કોઈ દખલગીરી નથી કારણ કે) તમે બધા તેની જ પાસે પાછા વળીને જશો (ન કે અન્ય કોઈની પાસે) અને (આ અઝાબથી બચવાની કોઈ યુક્તિ નથી) તમે ન તો જમીનમાં (છુપાઈને અલ્લાહને) હરાવી શકો છો (કે તેના હાથ ન આવો) અને ન જ આસમાનમાં (ઊડીને) અને ન જ અલ્લાહના સિવાય તમારો કોઈ કાર્યસાધક છે અને ન જ કોઈ મદદગાર (બસ ન તો પોતાની

યુક્તિથી બચી શકશે અને ન જ બીજાઓની હિમાયતથી) અને (ઉપર જે અમે કહ્યું, يُعَذِّبُ مَنْ يَشَآءُ હવે સામાન્ય સિદ્ધાંત એ છે કે) જે લોકો અલ્લાહની આયતોના અને (ખાસ કરી) તેની સામે જવાના ઇન્કારી છે તે લોકો (કયામતમાં) મારી રહમતથી નાઉમ્મીદ થશે (એટલે કે તે વખતે તેમને અનુભવ થઈ જશે કે અમે રહમના હકદાર નથી) અને આ જ તે લોકો છે જેમને દર્દનાક અઝાબ થશે.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૨૪ થી ૨૭)

فَمَا كَانَ جَوَابَ قَوْمِهِ إِلَّا أَنْ قَالُوا اقْتُلُوهُ أَوْ حَرِّقُوهُ فَأَنْجَاهُ اللَّهُ مِنَ النَّارِ ۚ
إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِقَوْمٍ يُؤْمِنُونَ ﴿٢٤﴾ وَقَالَ إِنَّمَا اتَّخَذْتُمْ مِنْ دُونِ اللَّهِ
أَوْثَانًا مَوَدَّةَ بَيْنِكُمْ فِي الْحَيَاةِ الدُّنْيَا ۖ ثُمَّ يَوْمَ الْقِيَامَةِ يَكْفُرُ بَعْضُكُمْ بِبَعْضٍ
وَيَلْعَنُ بَعْضُكُمْ بَعْضًا وَمَأْوَاكُمُ النَّارُ وَمَا لَكُمْ مِنْ نَاصِرِينَ ﴿٢٥﴾ فَآمَنَ
لَهُ لُوطٌ ۘ وَقَالَ إِنِّي مُهَاجِرٌ إِلَىٰ رَبِّي ۖ إِنَّهُ هُوَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٢٦﴾ وَوَهَبْنَا
لَهُ إِسْحَاقَ وَيَعْقُوبَ وَجَعَلْنَا فِي ذُرِّيَّتِهِ النُّبُوَّةَ وَالْكِتَابَ وَآتَيْنَاهُ أَجْرَهُ فِي
الدُّنْيَا ۖ وَإِنَّهُ فِي الْآخِرَةِ لَمِنَ الصَّالِحِينَ ﴿٢٧﴾

તરજુમો :

પછી તેમની (ઇબ્રાહીમ અલૈ.ની) કોમનો કંઈ જવાબ ન હતો પરંતુ એ જ કે બોલ્યા, તેને મારી નાંખો અથવા સળગાવી દો, પછી અલ્લાહે તેમને આગથી બચાવ્યા, તેમાં તે લોકો માટે મોટી નિશાનીઓ છે જેઓ ઈમાન લાવે છે. (૨૪) અને (ઇબ્રાહીમ અલૈ.) બોલ્યા, જે તમે અલ્લાહને છોડીને મૂર્તિઓના થાનકો બનાવ્યા બસ પરસ્પર મિત્રતા કરીને દુનિયાની જિંદગીમાં, પછી કયામતના દિવસે એકબીજાથી ઇન્કારી થઈ જશો અને એકબીજા ઉપર ફિટકાર કરશો અને તમારું ઠેકાણું આગ છે અને તમારો કોઈ સહાયક નથી. (૨૫) પછી લૂત (અલૈ.)એ તેને માની લીધું અને તેઓ બોલ્યા, હું તો

પોતાના પરવરદિગાર તરફ વતન છોડું છું, બેશક તે જ મહાબળવાન, હિકમતવાળો છે. (૨૬) અને અમે તેમને (ઈબ્રાહીમ અલૈ.ને) ઈસ્હાક અને યાકૂબ આપ્યા અને તેમની અવલાદમાં પયગમ્બરી અને કિતાબ રાખી દીધી અને અમે તેમને તેમનો સવાબ દુનિયામાં આપ્યો અને ખરેખર તે આખિરતમાં સાલિહીન (નેક લોકો)માંથી છે. (૨૭)

તફસીર :

બસ, (ઈબ્રાહીમ અલૈ.ના આ વાર્તાલાપથી નાખુશ થયા પછી) તેમની કોમનો (અંતિમ) જવાબ બસ એ હતો કે (પરસ્પર) કહેવા લાગ્યા કે તેમને યા તો મારી નાંખો અથવા તેમને સળગાવી દો (એટલા માટે સળગાવવાનો સામાન તૈયાર કર્યો) અને અલ્લાહે તેમને એ આગથી બચાવી લીધા (જેનો કિસ્સો સૂરએ અંબિયા અલૈ.માં આવી ચૂક્યો છે) બેશક ! આ ઘટનામાં તે લોકો માટે કે જેઓ ઈમાન ધરાવે છે ઘણી નિશાનીઓ છે (એટલે કે આ ઘટના કેટલીય વસ્તુઓની દલીલ છે, અલ્લાહ તઆલાનું સર્વશક્તિમાન હોવું, ઈબ્રાહીમ અલૈ.નું નબી હોવું, કુફ્ર અને શિર્કનું જૂઠું હોવું વગેરે... એટલા માટે આ એક જ દલીલ અનેક દલીલોની મૂળ દલીલ બની ગઈ) અને ઈબ્રાહીમ (અલૈ.)એ (પોતાની નસીહતમાં એ પણ) ફરમાવ્યું કે તમે જે અલ્લાહને છોડીને મૂર્તિઓને (મઅ્બૂદ) ઠરાવી રાખી છે બસ આ તમારા પરસ્પર દુનિયાના સંબંધોના કારણે છે (એટલા માટે સાક્ષાત્કાર છે કે ઘણા વ્યક્તિઓ પોતાના સંબંધીઓ, મિત્રો તથા સગાઓના તરીકા ઉપર રહે છે અને એ કારણે સત્ય વાતમાં વિચાર કરતા નથી અને સત્યને સમજીને પણ ડરે છે કે બધા મિત્રો અને સગાં વહાલાંઓ છોડવા પડશે) પછી કયામતમાં (તમારી એ હાલત થશે કે) તમે એકબીજાના વિરોધી બની જશો અને એકબીજા ઉપર ફિટકાર વરસાવશો (જેમકે સૂરએ અઅ્રાફમાં ઈરશાદ થયો છે إِذْ تَبَرَّأَ الَّذِينَ اتُّبِعُوا.. ખુલાસો એ છે કે આજે જે મિત્રો અને સગાંઓના કારણે તમે ગુમરાહીને અપનાવી રાખી છે કયામતના દિવસે આ જ સગાં સંબંધીઓ તમારા દુશ્મન બની જશે) અને (જો તમે આ મૂર્તિપૂજાથી પાછા ન વળ્યા તો) તમારું ઠેકાણું દોઝખ હશે અને તમારો કોઈ હિમાયતી હશે નહીં, બસ (આટલી નસીહતનો વાર્તાલાપ પણ તેમની કોમે ન માન્યો) માત્ર લૂત (અલૈ.)એ તેનું સમર્થન કર્યું અને ઈબ્રાહીમ (અલૈ.)ને કહ્યું કે હું (તમારા લોકો વચ્ચે નથી રહેતો

બલકે) પોતાના પરવરદિગારના (બતાવેલ સ્થળ) તરફ વતન છોડીને ચાલ્યો જઈશ, બેશક ! તે જબરદસ્ત હિકમતવાળો છે (તે મારું રક્ષણ કરશે અને મને તેનો સારો બદલો આપશે) અને અમે (હિજરત.... પછી) તેમને (એટલે કે હઝરત ઈબ્રાહીમ અલૈ.ને) ઈસ્હાક (પુત્ર) અને યાકૂબ (પૌત્ર) અર્પણ કર્યા અને અમે તેમના વંશમાં નુબુવ્વત અને કિતાબનો ક્રમ કાયમ રાખ્યો અને અમે તેમનો બદલો તેમને દુનિયામાં પણ આપ્યો અને આખિરતમાં પણ (મોટા દરજ્જાના) નેક બંદાઓમાંથી હશે (આ બદલાનો ભાવાર્થ તેમની નિકટતા અને સ્વીકૃતિ છે અલ્લાહના ફરમાન પ્રમાણે ....فِى الْبَقَرَةِ لَقَدِ اصْطَفَيْنَاهُ فِى الدُّنْيَا).

મસ્અલા અને બોધપાઠ :

فَـامَـنَ لَـهُ لُوطٌ وَقَـالَ اِنِّىْ مُهَـاجِرٌ اِلٰى رَبِّىْ હઝરત લૂત (અલૈ.) હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના ભાણેજ હતા. નમરૂદની આગમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો મોઅ્જિઝો જોઈને સૌથી પ્રથમ તેઓ મુસલમાન થયા. તેઓ અને તેઓની પત્ની હઝરત સારહ જે તેમની પિત્રાઈ બહેન પણ હતાં અને મુસલમાન થઈ ચૂક્યા હતા તે બંનેને સાથે લઈને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના વતનથી હિજરતનો ઈરાદો કર્યો, તેમનું વતન كُـوْثَـا (Kutha) સ્થળ હતું જે કૂફાની એક વસ્તી છે અને ફરમાવ્યું, اِنِّىْ مُهَاجِرٌ اِلٰى رَبِّىْ એટલે કે, હું વતનને છોડીને પોતાના પરવરદિગાર તરફ જાઉં છું. ભાવાર્થ એ છે કે કોઈ એવા સ્થળ તરફ જઈશ જ્યાં પરવરદિગારની ઈબાદતમાં અવરોધ ન હોય.

હઝરત નખઈ (રહ.) અને કતાદહ (રહ.)એ اِنِّـىْ مُهَـاجِـرٌ નું સંબોધન હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું ઠરાવ્યું છે કારણ કે ત્યારબાદ وَوَهَبْنَا لَهٗٓ اِسْحٰقَ وَيَعْقُوْبَ તો અવશ્ય તેમની જ પરિસ્થિતિ છે અને અમુક તફસીરકારોએ اِنِّـىْ مُهَـاجِـرٌ ને હઝરત લૂત (અલૈ.)નું નિવેદન ઠરાવ્યું છે. તફસીરના ખુલાસામાં ભાષાંતર એ જ પ્રમાણે છે પરંતુ વાતચીતની શૈલીથી પ્રથમ તફસીર વધારે ખુલ્લી જણાય છે અને જો કે હઝરત લૂત (અલૈ.) પણ તે હિજરતમાં અવશ્ય સામેલ થયા હતા પરંતુ જે રીતે હઝરત સારહનું વર્ણન નથી કરવામાં આવ્યું કારણ કે તેઓ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના તા'બે હતા એ જ પ્રમાણે હઝરત લૂત (અલૈ.)ની હિજરતનું વર્ણન અલગથી ન હોવું પણ શક્ય છે.

દુનિયાની સૌ પ્રથમ હિજરત :

હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પ્રથમ પયગમ્બર છે જેમણે દીન માટે વતન છોડ્યું અને હિજરત અપનાવવી પડી, તેમની આ હિજરત ૭૫ વર્ષની ઉંમરે થઈ.

(આ બધો અહેવાલ કુર્તુબીમાંથી લેવામાં આવ્યો છે)

અમુક અમલોનો બદલો દુનિયામાં પણ મળી જાય છે :

وَاٰتَيْنٰهُ اَجْرَهٗ فِى الدُّنْيَا એટલે કે અમે ઈબ્રાહીમ (અલૈ.)ની અલ્લાહ તઆલાના માર્ગમાં કુરબાનીઓ અને બીજા નેક અમલોનો બદલો દુનિયામાં પણ આપ્યો કે તેમને બધી જ મખ્લૂકમાં સ્વીકૃત અને આગેવાન બનાવ્યા. યહૂદી, નસરાની, મૂર્તિપૂજકો બધા તેમની ઈજ્જત કરે છે અને પોતાના આગેવાન માને છે અને આખિરતમાં તેઓ જન્નતવાળા નેક લોકોમાંથી હશે. આથી જાણ થઈ કે કર્મોનો મૂળ બદલો તો આખિરતમાં મળશે પરંતુ તેનો અમુક ભાગ દુનિયામાં પણ રોકડ આપી દેવામાં આવે છે જેમકે પ્રમાણભૂત હદીષોમાં ઘણા સારા કર્મોના દુનિયવી ફાયદાઓ અને ખરાબ કર્મોના દુનિયવી નુકસાનોનું વર્ણન આવ્યું છે, આવા અમલોને સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)એ એક આગવી પુસ્તિકા "જઝાઉલ આ'માલ"માં ભેગા કર્યા છે.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૨૮ થી ૩૫)

وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖۤ اِنَّكُمْ لَتَاْتُوْنَ الْفَاحِشَةَ ؗ مَا سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ
مِّنَ الْعٰلَمِيْنَ ﴿٢٨﴾ اَئِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ وَتَقْطَعُوْنَ السَّبِيْلَ ۙ وَتَاْتُوْنَ
فِىْ نَادِيْكُمُ الْمُنْكَرَ ؕ فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ اِلَّاۤ اَنْ قَالُوا ائْتِنَا بِعَذَابِ اللّٰهِ اِنْ
كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٢٩﴾ قَالَ رَبِّ انْصُرْنِىْ عَلَى الْقَوْمِ الْمُفْسِدِيْنَ ﴿٣٠﴾ ع وَلَمَّا ع ٢ ٨ ١٥
جَآءَتْ رُسُلُنَاۤ اِبْرٰهِيْمَ بِالْبُشْرٰى ۙ قَالُوْۤا اِنَّا مُهْلِكُوْۤا اَهْلِ هٰذِهِ الْقَرْيَةِ ۚ
اِنَّ اَهْلَهَا كَانُوْا ظٰلِمِيْنَ ﴿٣١﴾ ۚۖ قَالَ اِنَّ فِيْهَا لُوْطًا ؕ قَالُوْا نَحْنُ اَعْلَمُ بِمَنْ فِيْهَا ۫ وقفة

لَنُنَجِّيَنَّهٗ وَاَهْلَهٗٓ اِلَّا امْرَاَتَهٗ ۖ كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ﴿٣٢﴾ وَلَمَّآ اَنْ جَآءَتْ
رُسُلُنَا لُوْطًا سِيْٓءَ بِهِمْ وَضَاقَ بِهِمْ ذَرْعًا وَّقَالُوْا لَا تَخَفْ وَلَا تَحْزَنْ ۗ اِنَّا
مُنَجُّوْكَ وَاَهْلَكَ اِلَّا امْرَاَتَكَ كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ﴿٣٣﴾ اِنَّا مُنْزِلُوْنَ عَلٰٓى اَهْلِ
هٰذِهِ الْقَرْيَةِ رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿٣٤﴾ وَلَقَدْ تَّرَكْنَا مِنْهَآ
اٰيَةًۢ بَيِّنَةً لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٣٥﴾

તરજુમો :

અને લૂત (અલૈ.)ને મોકલ્યા; જ્યારે (તેમણે) પોતાની કોમને કહ્યું, ખરેખર તમે બેહયાઈના કામ ઉપર આવો છો, તમારાથી પહેલાં સમગ્ર વિશ્વમાં કોઈએ એવું નથી કર્યું. (૨૮) શું તમે પુરુષો ઉપર દોડો છો ? અને તમે માર્ગ લૂંટો છો ? અને પોતાની મજલિસમાં બુરા કામ કરો છો ? પછી તેમની કોમનો કંઈ જવાબ ન હતો પરંતુ એ જ કે બોલ્યા, અમારા ઉપર અલ્લાહનો અઝાબ લઈ આવ જો તું સાચાઓમાંથી છે ! (૨૯) (લૂત અલૈ.) બોલ્યા, હે મારા પરવરદિગાર ! આ ફસાદ કરનાર લોકો ઉપર મારી સહાયતા કર. (૩૦) અને જ્યારે અમારા મોકલેલા (ફરિશ્તા) ઈબ્રાહીમ (અલૈ.) પાસે ખુશખબરી લઈને પહોંચ્યા, બોલ્યા, અમારે આ વસ્તીવાળાઓનો નાશ કરવાનો છે, નિઃશંક આ વસ્તીના લોકો ગુનેહગાર થઈ રહ્યા છે. (૩૧) (ઈબ્રાહીમ અલૈ.) બોલ્યા, એમાં તો લૂત (અલૈ.) પણ છે, તેઓ બોલ્યા, અમને સારી પેઠે ખબર છે જે કોઈ તેમાં છે, અમે તેમને અને તેમના ઘરવાળાઓને બચાવી લઈશું પરંતુ તેમની સ્ત્રી (પાછળ) રહી જનારાઓમાં રહેશે. (૩૨) અને જ્યારે અમારા મોકલેલા લૂત (અલૈ.)ની પાસે પહોંચ્યા, (તેઓ) તેમને જોઈને નાખુશ થયા અને દિલમાં તંગ થયા અને તેઓ (ફરિશ્તા) બોલ્યા, ડરો નહીં ! અને ગમ ન ખાઓ, અમે તમને અને તમારા ઘરવાળાઓને બચાવી લઈશું પરંતુ તમારી સ્ત્રી (પત્ની) રહી જવાવાળાઓમાં રહી ગઈ. (૩૩) અમારે આ વસ્તીવાળાઓ ઉપર આસમાનથી એક આફત ઊતારવાની છે એ વાત ઉપર કે તેઓ નાફરમાન

થઈ રહ્યા હતા. (૩૪) અને અમે તેના નજરે પડતા નિશાન છોડી રાખ્યા છે સમજદાર લોકો માટે. (૩૫)

તફસીર :

અને અમે લૂત (અલૈ.)ને પયગમ્બર બનાવીને મોકલ્યા જ્યારે કે તેમણે પોતાની કોમને કહ્યું કે તમે આવી બેહયાઈના કામ કરો છો કે તમારાથી પહેલાં કોઈએ સમગ્ર વિશ્વમાં આવું કર્યું નથી, શું તમે પુરુષો સાથે દુષ્કૃત્ય આચરો છો ? (તે નિર્લજ્જતાનું કામ છે) અને (તે ઉપરાંત બીજી અયોગ્ય હરકત એ પણ કરો છો, દાખલા તરીકે) તમે લૂંટમાર કરો છો (-કઝા ફી દૂર્ર અન ઈબ્ને ઝૈદ) અને (ગજબ એ છે કે) પોતાની ભરી મહેફિલમાં દુષ્કૃત્ય કરો છો (અને ગુનાહોની જાહેરાત પણ પોતે એક ગુનોહ અને નીચ કક્ષાની ચેષ્ટા છે) બસ તેમની કોમનો (અંતિમ) જવાબ એ હતો કે અમારા ઉપર અલ્લાહનો અઝાબ લઈ આવો જો તમે (આ વાતમાં) સાચા છો (કે આવી પ્રવૃત્તિઓ અઝાબનું કારણ છે), લૂત (અલૈ.)એ દુઆ કરી કે હે મારા પરવરદિગાર ! મને આ ફસાદખોર લોકો ઉપર ઉપરવટ કરી દે (અને તેમનો અઝાબથી નાશ કરી દે) અને (તેમની દુઆ સ્વીકાર્યા પછી અલ્લાહ તઆલાએ અઝાબની ખબર આપવા માટે ફરિશ્તા નક્કી કર્યા અને બીજું કામ આ ફરિશ્તાઓને એ બતાવવામાં આવ્યું કે હઝરત ઈબ્રાહીમ અલૈ.ને હઝરત ઈસ્હાક અલૈ. પેદા થવાની ખુશખબરી આપી એટલા માટે) અમારા (તે) મોકલેલા ફરિશ્તા જ્યારે ઈબ્રાહીમ (અલૈ.) પાસે (તેમના પુત્ર ઈસ્હાક અલૈ.ના જન્મની) ખુશખબરી લઈને આવ્યા તો (વાતચીત દરમિયાન જેનું વિગતપૂર્વક વર્ણન બીજા સ્થળોએ છે, (قَالَ فَمَا خَطْبُكُمْ اَيُّهَا الْمُرْسَلُوْنَ....) તે ફરિશ્તાઓએ (હઝરત ઈબ્રાહીમ અલૈ.ને) કહ્યું કે અમે આ વસ્તીવાળાઓનો (જેમાં કોમે લૂત વસે છે) નાશ કરવાના છે (કારણ કે) ત્યાંના નિવાસીઓ ઘણા શરારતખોર છે, ઈબ્રાહીમ (અલૈ.)એ ફરમાવ્યું કે ત્યાં તો લૂત (અલૈ. પણ ઉપસ્થિત) છે (ત્યાં અઝાબ મોકલવામાં ન આવે નહિતર તેમને નુકસાન પહોંચશે) ફરિશ્તાઓએ કહ્યું કે જે ત્યાં (રહે) છે અમને બધી ખબર છે અમે તેમને અને તેમના ખાસ સંબંધીઓને (એટલે કે તેમના કુટુંબવાળાઓને અને જે મો'મિન છે આ અઝાબથી) બચાવી લઈશું (એ પ્રમાણે કે અઝાબ ઊતારતા પહેલાં તેમને વસ્તીથી બહાર કાઢીને લઈ જઈશું) તેમની પત્ની સિવાય કે તે અઝાબમાં રહી

જનારાઓમાં હશે (જેનું વર્ણન સૂરએ હૂદ અને સૂરએ હિજ્રમાં આવી ચૂક્યું છે. આ વાતચીત તો હઝરત ઈબ્રાહીમ અલૈ. સાથે થઈ) અને (પછી ત્યાંથી ફારેગ થઈને) જ્યારે અમારા તે મોકલેલા લૂત (અલૈ.)ની પાસે પહોંચ્યા તો લૂત (અલૈ.) તેઓ(ના આવવા)ના કારણે (એટલા માટે) ચિંતિત થયા (કે તેઓ ઘણા રૂપાળા યુવાનોના સ્વરૂપમાં આવ્યા હતા અને હઝરત લૂત અલૈ.એ તેમને માનવી સમજ્યા અને પોતાની કોમની અયોગ્ય પ્રવૃત્તિઓનો વિચાર આવ્યો) અને (આ કારણથી) તેઓ(ના આવવા)ના કારણે તંગદિલ થયા અને (ફરિશ્તાઓએ જ્યારે આ હાલત જોઈ તો) તે ફરિશ્તા કહેવા લાગ્યા (તમે કોઈ વાતનો) સંદેહ ન કરો અને ન જ ચિંતિત થાઓ (અમે મનુષ્ય નથી બલકે અઝાબના ફરિશ્તા છીએ اِنَّا رُسُلُ رَبِّكَ અને આ અઝાબથી) અમે તમને અને તમારા ખાસ સંબંધીઓને બચાવી લઈશું તમારી પત્ની સિવાય કે તે આ અઝાબમાં રહી જનારાઓમાંની હશે (અને તમને તમારા સંબંધીઓ સહિત તેનાથી બચાવીને) અમે આ વસ્તીના (બાકીના) નિવાસીઓ ઉપર એક આસમાની અઝાબ (એટલે કે એક અપ્રાકૃતિક અને ભૌતિક કાર્ય કારણોના સંબંધથી ઉપરવટ અઝાબ) તેમના દુષ્કૃત્યોની સજામાં નાઝિલ કરનારા છે (એટલા માટે આ વસ્તી ઊલટાવી દેવામાં આવી અને ગયૂબી પથ્થરોથી પથ્થરનો વરસાદ વરસાવવામાં આવ્યો) અને અમે આ વસ્તીની અમુક જાહેર નિશાનીઓ (હજુ સુધી) રહેવા દીધી છે તે લોકો(ની ઈબ્રત) માટે જેઓ બુદ્ધિ રાખે છે (એટલા માટે તે લોકો મક્કાથી શામની મુસાફરીમાં આ વેરાન સ્થળોને જોતા હતા અને જે બુદ્ધિશાળી હતા તેઓ તેનાથી લાભ પણ ઉઠાવતા હતા કે તેનાથી ડરીને ઈમાન લઈ આવતા હતા).

મસ્અલા અને બોધપાઠ :

وَلُوْطًا اِذْقَالَ لِقَوْمِهٖ اِنَّكُمْ لَتَاْتُوْنَ الْفَاحِشَةَ આ સ્થળે હઝરત લૂત (અલૈ.)એ પોતાની કોમના લોકોના ત્રણ સખત ગુનાહોનું વર્ણન કર્યું છે, પ્રથમ તો પુરુષનું પુરુષ સાથે દુષ્કૃત્ય આચરવું, બીજું માર્ગ મૂકવો એટલે કે મુસાફરો ઉપર ડાકૂગીરી કરવી, ત્રીજું પોતાની મજલિસોમાં ખુલ્લમ ખુલ્લાં બધાની સામે ગુનાહ આચરવા. કુર્આને કરીમે આ ત્રીજા ગુનાહને નિશ્ચિત કરીને કહ્યું નથી. આથી જાણ થઈ કે દરેક ગુનાહ જે પોતાની જાતમાં ગુનાહ છે અને તેને જાહેર રીતે લાપરવાહીથી કરવામાં આવે તો આ બીજો આગવો ગુનોહ બની જાય છે પછી તે

કોઈપણ ગુનોહ હોય. અમુક તફસીરના ઈમામોએ એમાં તે ગુનાહોને સામેલ કર્યા છે જે આ નિર્લજ્જ લોકો પોતાની મજલિસોમાં બધાની સામે કર્યા કરતા હતા, દાખલા તરીકે માર્ગે ચાલતા લોકોને પથ્થર મારવા, તેમનો ઠઠ્ઠો મશ્કરી કરવી; જેમકે હઝરત ઉમ્મે હાની (રદિ.)ની એક હદીષમાં તેનું વર્ણન છે અને અમુક લોકોએ ફરમાવ્યું કે જે નિર્લજ્જતા તેમની પ્રખ્યાત હતી તેઓ ખુલ્લેઆમ છુપાયા વિના એકબીજાની સામે મજલિસોમાં કરતા હતા. મઆઝલ્લાહ !

જે ત્રણ ગુનાહોનું આ આયતમાં વર્ણન છે તે બધામાં સખત પહેલો ગુનોહ છે જે તેમનાથી પહેલાં દુનિયામાં કોઈએ કર્યો ન હતો અને જંગલી જાનવરો પણ એવું કરવાથી પરહેઝ કરે છે, ઉમ્મતની સહમતીથી આ ગુનોહ વ્યભિચારના ગુનાહ કરતાં પણ સખત છે. *(કઝા ફિ રૂહ)*

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૩૬ થી ૪૪)

وَ اِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ۙ فَقَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ وَارْجُوا الْيَوْمَ الْاٰخِرَ
وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿٣٦﴾ فَكَذَّبُوْهُ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا
فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ ﴿٣٧﴾ وَعَادًا وَّثَمُوْدَاۡ وَقَدْ تَّبَيَّنَ لَكُمْ مِّنْ مَّسٰكِنِهِمْ ۟ وَزَيَّنَ
لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ السَّبِيْلِ وَكَانُوْا مُسْتَبْصِرِيْنَ ﴿٣٨﴾
وَقَارُوْنَ وَفِرْعَوْنَ وَهَامٰنَ ۟ وَلَقَدْ جَآءَهُمْ مُّوْسٰى بِالْبَيِّنٰتِ فَاسْتَكْبَرُوْا فِي
الْاَرْضِ وَمَا كَانُوْا سٰبِقِيْنَ ﴿٣٩﴾ فَكُلًّا اَخَذْنَا بِذَنْۢبِهٖ ۚ فَمِنْهُمْ مَّنْ اَرْسَلْنَا
عَلَيْهِ حَاصِبًا ۚ وَمِنْهُمْ مَّنْ اَخَذَتْهُ الصَّيْحَةُ ۚ وَمِنْهُمْ مَّنْ خَسَفْنَا بِهِ
الْاَرْضَ ۚ وَمِنْهُمْ مَّنْ اَغْرَقْنَا ۚ وَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ وَلٰكِنْ كَانُوْا اَنْفُسَهُمْ
يَظْلِمُوْنَ ﴿٤٠﴾ مَثَلُ الَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اَوْلِيَآءَ كَمَثَلِ الْعَنْكَبُوْتِ ۚ
اِتَّخَذَتْ بَيْتًا ۭ وَاِنَّ اَوْهَنَ الْبُيُوْتِ لَبَيْتُ الْعَنْكَبُوْتِ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٤١﴾ وقف لازم

إِنَّ اللَّهَ يَعْلَمُ مَا يَدْعُونَ مِن دُونِهِ مِن شَيْءٍ ۚ وَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٤٢﴾
وَتِلْكَ الْأَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ ۖ وَمَا يَعْقِلُهَا إِلَّا الْعَالِمُونَ ﴿٤٣﴾ خَلَقَ
اللَّهُ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِالْحَقِّ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً لِّلْمُؤْمِنِينَ ﴿٤٤﴾ ع

તરજુમો :

અને મદયન(વાળાઓ) પાસે તેમના ભાઈ શુઅયૂબ (અલૈ.)ને મોકલ્યા, પછી બોલ્યા, હે કોમ ! અલ્લાહની બંદગી કરો અને આખિરતના દિવસની આશા રાખો અને જમીનમાં ફસાદ ન મચાવતા ફરો. (૩૬) પછી તેમને (કોમે) જૂઠાડયા તો તેમને ધરતીકંપે પકડી લીધા, પછી સવારમાં પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા. (૩૭) અને આદ અને ષમૂદ (કોમ)નો નાશ કર્યો અને તમારા ઉપર તેમના ઘરોથી પરિસ્થિતિ ખુલી ચૂકી છે અને તેમને શયતાને તેમના કર્મો ઉપર આકર્ષિત કર્યા, પછી તેમને માર્ગથી અટકાવી દીધા અને તેઓ હોશિયાર હતા. (૩૮) અને કારૂન અને ફિરઔન અને હામાનનો નાશ કર્યો અને તેમની પાસે મૂસા (અલૈ.) ખુલ્લી નિશાનીઓ લઈને પહોંચ્યા, પછી પ્રદેશમાં અભિમાન કરવા લાગ્યા અને અમારાથી જીતી જનારા ન હતા. (૩૯) પછી દરેકને અમે પોત પોતાના ગુનાહ ઉપર પકડયા, પછી કોઈ હતા કે તેના ઉપર અમે (તોફાની) હવાથી પથરાવ કર્યો અને કોઈ હતા કે તેમને ભયાનક અવાજે પકડી લીધા અને કોઈ હતા કે તેમને અમે જમીનમાં ધસાવી દીધા અને કોઈ હતા કે તેમને અમે ડૂબાડી દીધા અને અલ્લાહ એવો ન હતો કે તેમના ઉપર જુલમ કરે પરંતુ તેઓ આપમેળે જ પોતાનું બુરું કરતા હતા. (૪૦) જેમણે અલ્લાહને છોડીને અન્ય હિમાયતીઓને પકડયા તે લોકોનું દૃષ્ટાંત જેમકે કરોળિયો ! તેણે એક ઘર બનાવી લીધું અને સૌ ઘરોમાં બોદું બસ કરોળિયાનું ઘર છે; જો તેમને સમજ હોત. (૪૧) નિઃશંક અલ્લાહ જાણે છે જેને જેને તેઓ પોકારે છે (જે) તેના સિવાય કોઈ (પણ) વસ્તુ હોય અને તે જબરદસ્ત હિકમતોવાળો છે. (૪૨) અને આ દૃષ્ટાંતો અમે લોકો માટે બેસાડીએ છીએ અને તેને તે જ લોકો સમજે છે જેમનામાં સમજ છે. (૪૩) અલ્લાહે આસમાન અને જમીન

બનાવ્યા સચ્ચાઈ સાથે (યોગ્યતાપૂર્વક); નિઃશંક ! તેમાં વિશ્વાસ ધરાવનારાઓ માટે નિશાની છે. (૪૪)

તફસીર :

અને મદયનવાળાઓની પાસે અમે તેઓ(ના જ્ઞાતિ)ના ભાઈ શુઅયૂબ (અલૈ.)ને પયગમ્બર બનાવીને મોકલ્યા બસ તેઓએ કહ્યું કે હે મારી કોમ ! અલ્લાહની ઈબાદત કરો (અને શિર્ક છોડી દો) અને કયામતના દિવસથી ડરો (અને તેના ઈન્કાર કરવાથી અળગા રહો) અને પૃથ્વીમાં ફસાદ ન ફેલાવો (આ અલ્લાહ તઆલાના હકો છે અને બંદાના હકોને પણ બરબાદ ન કરો, કારણ કે આ લોકો કુફ્ર અને શિર્કની સાથે તોલમાપમાં પણ ઓછું કરવાની ટેવ ધરાવતા હતા જેનાથી ભૂમિમાં ફસાદ ફેલાવું દેખીતું છે) બસ, તે લોકોએ શુઅયૂબ (અલૈ.)ને જૂઠાડ્યા બસ ધરતીકંપે તેમને આવી પકડ્યા, પછી તેઓ પોતાના ઘરોમાં ઘેરાઈને રહી ગયા અને અમે આદ અને ષમૂદનો પણ (તેમની દુશ્મની અને વિરોધના કારણે) નાશ કર્યો અને તેમનું નાશ થવું તેમના પોતાના રહેવાના સ્થળોએ નજરે પડી રહ્યું છે (કે તેમની વેરાન વસ્તીઓના ખંડેરો શામ દેશમાં જતાં તમારા માર્ગમાં આવે છે) અને (તેમની હાલત એ હતી કે) શયતાને તેમને તેમના (ખરાબ) અમલો તેમની નજરમાં ભલા કરી રાખ્યા હતા અને (એના દ્વારા) તેમને (સત્ય) માર્ગથી અટકાવી દીધા હતા અને તે લોકો (આમ તો) હોશિયાર હતા (ગાંડા કે બેવકૂફ ન હતા પરંતુ આ સ્થળે તેમણે પોતાની બુદ્ધિથી કામ ન લીધું) અને અમે કારૂન અને ફિરઔન અને હામાનને પણ (તેમના કુફ્રના કારણે) હલાક કર્યા અને તેઓ (ત્રણે)ની પાસે મૂસા (અલૈ.) ખુલ્લી (સત્યની) દલીલો લઈને આવ્યા હતા પછી તે લોકોએ ભૂમિમાં બળવાખોરી આદરી અને અમારા (અઝાબ)થી ભાગી ન શક્યા તો અમે (તે પાંચેયમાંથી) દરેકને તેમના ગુનાહોની સજામાં પકડી લીધા, બસ તેમનામાંથી અમુક ઉપર તો અમે સખત હવા મોકલી (તેનાથી ભાવાર્થ કોમે આદ છે) અને તેમાંથી અમુકને ભયંકર અવાજે આવી દબાવ્યા (તેનાથી ભાવાર્થ કોમે ષમૂદ છે وَاَخَذَالَّذِيْنَ ظَلَمُوا الصَّيْحَةُ) અને તેમનામાં અમુકને અમે જમીનમાં ધસાવી દીધા (તેનાથી ભાવાર્થ કારૂન છે) અને તેમનામાં તે અમુકને (પાણીમાં) ડૂબાડી દીધા (તેનાથી ભાવાર્થ ફિરઔન અને હામાન છે) અને (તે લોકો ઉપર જે અઝાબ નાઝિલ થયો તો) અલ્લાહ એવો ન

હતો કે તેમના ઉપર અત્યાચાર કરે (એટલે કે વિના કારણે સજા આપે જે દેખીતી રીતે જુલમ સમાન છે બસ વાસ્તવમાં પોતાની મિલ્કતમાં વાપરવાનો તેને અધિકાર છે તો એ પણ એક રીતે જુલમ ન હતો) પરંતુ એ જ લોકો (શરારતો કરીને) પોતાના ઉપર જુલમ કર્યા કરતા હતા (કે પોતાને અઝાબના હકદાર બનાવ્યા અને નાશ પામ્યા તો પોતાનું નુકસાન પોતે જ કર્યું) જે લોકોએ અલ્લાહના સિવાય અન્ય કાર્યસાધકો બનાવી રાખ્યા છે તે લોકોનું કરોળિયા જેવું દષ્ટાંત છે જેણે એક ઘર બનાવ્યું અને કોઈ શંકા નથી કે સૌ ઘરોમાં સૌથી નબળું કરોળિયાનું જ ઘર હોય છે (બસ જેવું આ કરોળિયાએ પોતાના સ્થળે એક પોતાનું શરણ સ્થળ બનાવ્યું છે પરંતુ વાસ્તવમાં તે શરણ ઘણું જ કમજોર હોવાના કારણે વ્યર્થ છે એ જ પ્રમાણે આ મુશ્રિક લોકો પણ જૂઠા મઅ્બૂદોને પોતાની સમજમાં પોતાનું શરણ સમજે છે પરંતુ વાસ્તવમાં તે કંઈ જ શરણ નથી) જો તે (વાસ્તવિક પરિસ્થિતિને) જાણતા હોત તો આવું ન કરતા હોત (એટલે કે શિર્ક ન કરતા હોત પરંતુ તેઓ ન જાણે તો શું થયું ?) અલ્લાહ (તો) તે બધી વસ્તુઓ(ની હકીકત અને કમજોરીઓ)ને જાણે છે જેને જેને તે લોકો અલ્લાહના સિવાય પૂજી રહ્યા છે (બસ તે વસ્તુઓ તો અત્યંત કમજોર છે) અને તે (પોતે એટલે કે અલ્લાહ તઆલા) જબરદસ્ત હિકમતવાળો છે (જેનો ખુલાસો સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ શક્તિવાળો હોવું છે) અને (કારણ કે અમે આ વસ્તુઓની હકીકતને જાણીએ છીએ એટલા માટે) અમે તે (કુર્આની) ઉદાહરણોને (જેમાંથી એક ઉદાહરણ આ સ્થળે ઉપસ્થિત છે) લોકો(ને સમજાવવા) માટે વર્ણન કરીએ છીએ અને (તે ઉદાહરણોથી તે લોકોની અજ્ઞાનતા જ્ઞાનથી બદલાઈ જવી જોઈતી હતી પરંતુ) આ ઉદાહરણોને બસ જ્ઞાનીઓ જ સમજે છે (ભલે તે જાતે આલીમ હોય અથવા પરિણામના આધારે એટલે કે જ્ઞાન અને સત્યનો તલબગાર હોય અને આ લોકો જ્ઞાની પણ નથી અને સત્યના તલબગાર પણ નથી એટલા માટે અજ્ઞાનતામાં સપડાયેલા રહ્યા છે પરંતુ તેમની અજ્ઞાનતાથી સત્ય સત્ય જ રહેશે જેને અલ્લાહ તઆલા જાણે છે અને પોતાના વર્ણનથી જાહેર કરે છે, બસ ગયરૂલ્લાહનું ઈબાદતના હકદાર ન હોવું સાબિત થઈ ચૂક્યું. આગળ માત્ર અલ્લાહ તઆલા જ ઈબાદતનો હકદાર હોવાની દલીલ છે કે) અલ્લાહે આસમાનો અને જમીનને યોગ્ય રીતે બનાવ્યા છે (એટલા માટે તેઓ પણ સ્વીકાર કરે છે) ઈમાનવાળાઓ

માટે તેમાં (તેના ઈબાદતના હકદાર હોવાની) મોટી દલીલ છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં જે અંબિયા (અલૈ.) અને તેમની કોમોની ઘટનાઓ ટૂંકમાં વર્ણન કરવામાં આવી છે તે પાછલી સૂરતોમાં વિગતવાર આવી ચૂકી છે, દાખલા તરીકે શુઅયૂબ (અલૈ.)નો કિસ્સો સૂરએ અઅ્રાફ અને સૂરએ હૂદમાં, એ જ પ્રમાણે આદ અને ષમૂદનો કિસ્સો પણ અઅ્રાફ અને સૂરએ હૂદમાં પસાર થઈ ચૂક્યો છે અને કારૂન, ફિરઔન તથા હામાનનો કિસ્સો સૂરએ કસસમાં હમણાં આવી ચૂક્યો છે.

وَكَانُوْا مُسْتَبْصِرِيْنَ માં એ શબ્દ اِسْتِبْصَارٌ (ઈસ્તબસાર)થી બને છે જે بَصِيْرَتٌ (બસીરત) "સમજદારી"ના અર્થમાં છે અને "મુસ્તબસીર" એ مُبَصِّرٌ (મુબસ્સિર)ના અર્થમાં છે, તેનો ભાવાર્થ એ છે કે તે લોકો જેઓ કુફ્ર અને શિર્ક ઉપર હઠાગ્રહ કરીને અઝાબ અને વિનાશમાં સપડાયા તેઓ કંઈ મૂર્ખ કે પાગલ ન હતા, દુનિયાના કાર્યોમાં ઘણા મુબસ્સિર અને બાહોશ હતા પરંતુ તેમની બુદ્ધિ અને બાહોશી આ ભૌતિક દુનિયામાં કેદ બનીને રહી ગઈ, એ ન ઓળખ્યું કે નેક અને ખરાબનો બદલો અથવા સજાનો કોઈ દિવસ આવવો જોઈએ જેમાં સંપૂર્ણ ન્યાય થાય, કારણ કે દુનિયામાં તો ઘણું કરીને અપરાધી અને અત્યાચારી વટથી ફરે છે અને મજલૂમ તથા પરેશાનીમાં સપડાયેલા લોકો લાચાર થઈને રહી જાય છે. આ જ ન્યાયના દિવસનું નામ કયામત અને આખિરત છે તે બાબતે તેમની અક્કલ મારી ગઈ છે.

આ જ વિષય સૂરએ રૂમમાં પણ આવવાનો છે, يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ એટલે કે આ લોકો દુનિયવી જિંદગીના કાર્યોને તો ખૂબ સારી પેઠે જાણે છે પરંતુ આખિરતથી ગાફેલ છે.

અને અમુક તફસીરના ઈમામોએ وَكَانُوْا مُسْتَبْصِرِيْنَ નો અર્થ એ બતાવ્યો કે આ લોકો ઈમાન અને આખિરત ઉપર પણ દિલમાં તો આસ્થા ધરાવે છે અને તેને સત્ય હોવાનું સારી પેઠે સમજે છે પરંતુ દુનિયવી સ્વાર્થોએ તેમને ઈન્કાર કરવા માટે મજબૂર કરી રાખ્યા હતા.

وَاِنَّ اَوْهَنَ الْبُيُوْتِ لَبَيْتُ الْعَنْكَبُوْتِ માં عَنْكَبُوْتٌ (અન્કબૂત) એ

કરોળિયાના જાળાને કહેવામાં આવે છે, અમુક તેમાંથી જમીનમાં ઘર બનાવે છે, દેખીતી રીતે તે અહીંયાં ભાવાર્થ તરીકે નથી બલકે ભાવાર્થ તે છે જે જાળું વણે છે અને તેમાં અદ્ધર રહે છે, આ જાળા દ્વારા માંખીઓનો શિકાર કરે છે. એ દેખીતું છે કે સજીવોના જેટલા પ્રકારોના માળાઓ અને ઘરો પ્રચલિત છે તેમાં આ જાળાના તાર સૌથી વધારે કમજોર છે કે મા'મૂલી હવાથી પણ તૂટી શકે છે. આ આયતમાં અલ્લાહ તઆલાને છોડીને અન્યની પૂજા કરનારાઓ અને તેમના ઉપર ભરોસો રાખનારાઓનું દૃષ્ટાંત કરોળિયાના જાળાથી આપવામાં આવ્યું છે કે જે અત્યંત કમજોર છે, એ જ પ્રમાણે જે લોકો અલ્લાહને છોડીને મૂર્તિઓ અથવા કોઈ મનુષ્ય વગેરે ઉપર ભરોસો કરે છે તો તેમનો ભરોસો એવો જ છે જેમકે આ કરોળિયો પોતાના જાળાના તાર ઉપર ભરોસો કરે છે.

મસ્અલો :

કરોળિયાને મારવા અને તેના સાફ કરી દેવા વિશે ઉલમાના વિવિધ નિવેદનો છે, અમુક લોકો તેને પસંદ કરતા નથી કારણ કે આ કીટકે હિજરતના સમયે ષૌર ગુફાના મોંઢા ઉપર જાળું વણી રાખ્યું હતું જેના કારણે તે સન્માનનીય થઈ ગયો, જેમકે ખતીબે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુથી તેને મારવું પ્રતિબંધિત હોવાનું નકલ કર્યું છે પરંતુ ષુઅ્લબીએ અને ઈબ્ને અતિય્યહ (રહ.)એ હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુથી આ રિવાયત નકલ કરી છે, طَهِّرُوْا بُيُوْتَكُمْ مِّنْ نَسْجِ الْعَنْكَبُوْتِ فَاِنَّ تَرْكَهٗ يُوْرِثُ الْفَقْرَ એટલે કે, કરોળિયાના જાળાઓથી પોતાના મકાનોને સાફ રાખ્યા કરો કારણ કે તેને છોડી દેવાથી ગરીબી અને નાદારી પેદા થાય છે. આ બંને રિવાયતોની સનદ ભરોસાપાત્ર નથી અને બીજી રિવાયતનું બીજી હદીષોથી સમર્થન થાય છે જેમાં મકાનો અને રહેવાના સ્થળોને સ્વચ્છ રાખવાનો હુકમ છે. *(રૂહુલ મઆની)*

تِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ وَمَا يَعْقِلُهَآ اِلَّا الْعٰلِمُوْنَ મુશ્રિકોના મઅ્બૂદોની કમજોરીનું ઉદાહરણ કરોળિયાના જાળાથી આપ્યા પછી વર્ણન કર્યું કે અમે આવા આવા સ્પષ્ટ દૃષ્ટાંતોથી તવહીદની હકીકતને વર્ણન કરીએ છીએ પરંતુ આ દૃષ્ટાંતોથી પણ સમજબૂઝ માત્ર દીનના વિદ્વાનો જ પ્રાપ્ત કરે છે, અન્ય લોકો ચિંતન અને મનન કરતા જ નથી કે સત્ય તેમના માટે સ્પષ્ટ થઈ જાય.

અલ્લાહ તઆલા સમીપ વિદ્વાન કોણ છે ? :

ઈમામ બગવી (રહ.)એ પોતાની સનદ સાથે હઝરત જાબીર (રદિ.)થી રિવાયત કરી છે કે નબીએ કરીમ ﷺએ આ આયતની તિલાવત કરીને ફરમાવ્યું કે, આલિમ તે જ વ્યક્તિ છે જે અલ્લાહ તઆલાના કલામમાં ચિંતન અને મનન કરે અને તેના આજ્ઞાપાલન ઉપર અમલ કરે એન તેને નારાજ કરનાર કાર્યથી બચે.

આથી જાણ થઈ કે કુર્આન અને હદીષના માત્ર શબ્દો સમજી લેવાથી અલ્લાહ સમીપ કોઈ વ્યક્તિ આલિમ નથી બની શકતો જ્યાં સુધી કુર્આનમાં ચિંતન મનન કરવાની ટેવ ન બનાવે અને જ્યાં સુધી પોતાના કર્મોને કુર્આન પ્રમાણે ન બનાવે.

મુસ્નદે અહમદમાં હઝરત અમ્ર બિન આષ (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલે કરીમ ﷺથી એક હજાર ઉદાહરણો શીખ્યા છે. ઈબ્ને કષીર (રહ.) તેને નકલ કરીને લખે છે કે આ હઝરત અમ્ર બિન આષ (રદિ.)નું ઘણું મોટું સન્માન છે, કારણ કે અલ્લાહ તઆલાએ આ પ્રસ્તુત આયતમાં તે જ લોકોને આલિમ ઠરાવ્યા છે જે અલ્લાહ અને રસૂલ ﷺના વર્ણન કરેલ દૃષ્ટાંતોને સમજે.

હઝરત અમ્ર બિન મુર્રહે ફરમાવ્યું કે જ્યારે હું કુર્આનની કોઈ આયત ઉપર પહોંચતો હોઉં છું જે મારી સમજમાં ન આવે તો મને ઘણો રંજ થાય છે, કારણ કે અલ્લાહ તઆલા ફરમાવે છે,

تِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ وَمَا يَعْقِلُهَآ اِلَّا الْعٰلِمُوْنَ (ابن كثير)

પારહ : ૨૧

આયત : (સૂરએ અન્કબૂત : આયત નં. ૪૫)

٢١ اُتْلُ مَآ اُوْحِيَ اِلَيْكَ مِنَ الْكِتٰبِ وَاَقِمِ الصَّلٰوةَ ۭ اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَاۗءِ

وَالْمُنْكَرِ ۭ وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ ۭ وَاللّٰهُ يَعْلَمُ مَا تَصْنَعُوْنَ ۝٤٥

તરજુમો :

તમે પઢો જે કિતાબ તમારા તરફ ઊતરી અને નમાઝ કાયમ રાખો, બેશક !

નમાઝ નિર્લજ્જતા અને બુરી વાતથી રોકે છે અને ખરેખર અલ્લાહની યાદ સૌથી મોટી (બાબત) છે અને અલ્લાહને સારી પેઠે ખબર છે જે તમે કરો છો. (૪૫)

તફસીર :

(હે મુહમ્મદ ﷺ ! કારણ કે તમે રસૂલ છો એટલા માટે) જે કિતાબ તમારા ઉપર વહી કરવામાં આવી છે તમે (તબ્લીગ માટે) તેને (લોકો સમક્ષ) પઢયા કરો (અને મૌખિક પ્રચારની સાથે પોતાના કર્મોથી પણ પ્રચાર કરો કે દીન ઉપર અમલ કરીને પણ બતાવો, ખાસ કરીને) નમાઝની પાબંદી રાખો (કારણ કે બધા જ કર્મોમાં નમાઝ ઉચ્ચતમ્ ઈબાદત પણ છે અને તેની અસરો પણ લાંબા ગાળાની છે કે) બેશક ! નમાઝ (પોતાના સ્વરૂપના આધારે) નિર્લજ્જતા અને અયોગ્ય કર્મોથી રોકતી રહે છે (એટલે કે પોતાના મુખેથી હાલ કહે છે કે તું જે મઅ્બૂદનું ખૂબ સન્માન કરી રહ્યો છે અને તેની આજ્ઞાનું પાલન કરવાનો સ્વીકાર કરી રહ્યો છે નિર્લજ્જતા અને દુષ્કૃત્યોમાં સંડોવાવું તેની શા'નમાં બેઅદબી છે) અને (એ જ પ્રમાણે નમાઝ સિવાય જેટલા પણ નેક કામો છે એ બધા પણ પાબંદીના લાયક છે કારણ કે તે બધા કામો મૌખિક હોય કે પ્રવૃત્તિ તેમાં અલ્લાહનું ઝિક્ર જ છે અને) અલ્લાહની યાદ (એટલે કે અલ્લાહ તઆલાનો ઝિક્ર) ઘણી મોટી વસ્તુ છે અને (જો તમે અલ્લાહ તઆલાના ઝિક્રમાં ગફલત કરો તો એ પણ સાંભળી લો કે) અલ્લાહ તમારા બધા કર્મોને જાણે છે (જેવું કરશો તેવો જ બદલો મળશે).

મસ્અલા અને બોધપાઠ :

اُتْلُ مَآ اُوْحِيَ اِلَيْكَ પાછલી આયતોમાં અમુક અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતોનું વર્ણન હતું જેમાં અમુક મોટા મોટા અત્યચારી કાફિરો અને તેમના ઉપર અનેક પ્રકારના અઝાબોનું વર્ણન હતું જેમાં રસૂલે કરીમ ﷺ અને ઉમ્મતના મો'મિનો માટે સાંત્વના પણ છે કે પાછલા અંબિયા (અલૈ.)એ વિરોધીઓના કેવા કેવા કષ્ટો પહોંચાડવા ઉપર ધૈર્ય દાખવ્યું અને એવી પ્રેરણા પણ આપી કે પ્રચાર અને પ્રસારના કાર્યમાં કોઈ પણ પરિસ્થિતિમાં હિંમત ન હારવી જોઈએ.

મખ્લૂકની સુધારણાનો ટૂંકો અને સચોટ ઉપાય :

પ્રસ્તુત આયતોમાં રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલા પ્રતિ આમંત્રણ આપવાનો એક ટૂંકો અને સચોટ ઉપાય બતાવવામાં આવ્યો છે જેના ઉપર અમલ કરવાથી સંપૂર્ણ દીન ઉપર અમલ કરવાનો માર્ગ ખુલી જાય છે અને તેના માર્ગમાં જે અવરોધો સ્વાભાવિક રીતે ઉપસ્થિત થાય છે તે દૂર થઈ જાય છે. આ અકસીર ઉપાયના બે વિભાગો છે. એક કુર્આનની તિલાવત અને બીજું નમાઝ કાયમ કરવી અને આ સ્થળે મૂળ હેતુ તો એ જ છે કે લોકોને તે બંને વસ્તુઓના પાબંદ બનાવવામાં આવે પરંતુ પ્રોત્સાહન અને તાકીદ માટે તે બંને વસ્તુઓનો હુકમ પ્રથમ પોતે રસૂલે કરીમ ﷺને આપવામાં આવ્યો છે જેથી ઉમ્મતને તેના ઉપર અમલ કરવાની વધારે પ્રેરણા અને પ્રોત્સાહન મળે તથા રસૂલે કરીમ ﷺની અમલી તા'લીમથી તેમને પોતે અમલ કરવાનું સરળ બની જાય.

તેમાં કુર્આનની તિલાવત તો સૌ કામોની રૂહ એટલે કે આત્મા તથા મૂળ પાયો છે, ત્યારબાદ બીજી વસ્તુ નમાઝ કાયમ કરવું છે જેને અન્ય તમામ ફરજો અને અમલોથી વિશિષ્ટ સ્વરૂપે વર્ણન કરવાની એ હિકમત પણ વર્ણન કરી કે નમાઝ પોતે પોતાની જાતમાં પણ ઘણી જ મોટી મહત્ત્વની ઈબાદત અને દીનનો સ્તંભ છે, તેની સાથે એનો એ ફાયદો પણ છે કે જે વ્યક્તિ નમાઝ કાયમ કરી લે તો નમાઝ તેને નિર્લજ્જતા અને બુરાઈઓથી રોકી લે છે, નિર્લજ્જતા અને દરેક એવા બુરા કર્મો અથવા નિવેદનો તેને કહેવામાં આવે છે જેની બુરાઈ જગજાહેર હોય અને એવી સ્પષ્ટ હોય કે દરેક બુદ્ધિશાળી વ્યક્તિ મો'મિન હોય અથવા કાફિર તેને ખરાબ સમજે, જેમકે વ્યભિચાર, અન્યાયી હત્યા કરવી, ચોરી કરવી, લૂંટમાર કરવી વગેરે... અને બુરા કામો અને નિવેદનો તે પ્રવૃત્તિઓ છે જે હરામ અને નાજાઈઝ હોવા બાબતે શરીઅતવાળાઓની સહમતી હોય, એટલા માટે ફકીહ ઈમામોનો ઈજ્તેહાદી મતભેદમાં કોઈપણ પક્ષને મુન્કિર કહી શકાતો નથી.

فَحْشَاءُ (ફહ્શાઅ્) "નિર્લજ્જતા" અને مُنْكَرُ (મુન્કર) "બુરા કામો" આ શબ્દોમાં બધા જ અપરાધો જાહેર અથવા ગુપ્ત ગુનાહો સામેલ છે જે પોતે પણ ફસાદ જ ફસાદ છે અને નેક કાર્યોમાં સૌથી મોટો અવરોધ પણ છે.

નમાઝનું બધા જ ગુનાહોથી રોકવાનો ભાવાર્થ :

વિવિધ પ્રમાણિત હદીષોની રૂએ તેનો એ અર્થ છે કે નમાઝ કાયમ

કરવામાં વિશિષ્ટ અસરો છે કે જે વ્યક્તિ નમાઝ અદા કરે છે તેનાથી ગુનાહ છૂટી જાય છે એ શરતે કે માત્ર નમાઝ પઢવી ન હોય બલકે કુર્આનના શબ્દો પ્રમાણે નમાઝ કાયમ કરતો હોય. اِقَامَتِ صَلٰوةٌ (ઈકામતે સલાહ) "નમાઝ કાયમ કરવી"નો ભાવાર્થ એ થયો કે નમાઝને બધા જ જાહેર અને આંતરિક અદબો એ રીતે અદા કરીને પઢવામાં આવે જે પ્રમાણે રસૂલે કરીમ ﷺએ અમલી રીતે અદા કરીને બતાવ્યા અને સમગ્ર જીવન તેની મૌખિક તાકીદ પણ કરતા રહ્યા કે શરીર અને કપડાં તથા નમાઝની જગ્યા સંપૂર્ણ પાક પણ હોય પછી જમાઅતની નમાઝની સંપૂર્ણ કાળજી પણ રાખવામાં આવે અને નમાઝના બધા જ અમલોને સુન્નત પ્રમાણે પણ બનાવે. આ તો જાહેર અને અદબો થયા આંતરિક અદબો એ છે કે સંપૂર્ણ એકાગ્રતા અને એકચિત્તે (ખુશુઅ્ અને ખુઝુઅ્ સાથે) નમાજ અદા કરે કે જાણે કે અલ્લાહ તઆલાની સામે ઊભો હોય અને તે અલ્લાહ તઆલાને વિનંતી અને વિનવણી કરી રહ્યો હોય. આ પ્રમાણે નમાઝ કાયમ કરનારને અલ્લાહ તઆલા તરફથી આપમેળે નેક અમલો કરવાની તવફીક પ્રાપ્ત થાય છે અને દરેક પ્રકારના ગુનાહોથી બચવાની પણ; અને જે વ્યક્તિ નમાઝ પઢવા છતાં ગુનાહોથી ન બચ્યો તો સમજી લો કે તેમની નમાઝમાં જ ખામી છે, જેમકે હઝરત ઈમરાન બિન હુસૈન (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺને પૂછવામાં આવ્યું કે, اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ શું મતલબ છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, مَنْ لَّمْ تَنْهَهُ صَلٰوتُهُ عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ فَلَا صَلٰوةَ لَهُ (رَوَاهُ ابْنُ اَبِىْ حَاتِمٍ بِسَنَدِهٖ عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ وَالطَّبْرَانِىُّ مِنْ حَدِيْثِ اَبِىْ مُعَاوِيَةَ) એટલે કે, જે વ્યક્તિને તેની નમાઝે નિર્લજ્જતા અને દુષ્કૃત્યોથી ન અટકાવ્યો તેની નમાઝ કંઈ નથી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, لَا صَلٰوةَ لِمَنْ لَّمْ يُطِعِ الصَّلٰوةَ (رَوَاهُ ابْنُ جَرِيْرٍ بِسَنَدِهٖ) એટલે કે, તે વ્યક્તિની નમાઝ જ નથી જેણે પોતાની નમાઝનું આજ્ઞાપાલન ન કર્યું અને નમાઝનું આજ્ઞાપાલન એ જ છે કે નિર્લજ્જતા તથા દુષ્કૃત્યોથી અટકી જાય.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ પ્રસ્તુત આયતની તફસીરમાં ફરમાવ્યું કે જે વ્યક્તિની નમાઝે તેને નેક કર્મો કરવાની અને દુષ્કૃત્યોથી બચવા માટે ન પ્રેર્યો તો એવી નમાઝ તેને અલ્લાહથી ઔર વધારે દૂર કરી આપે છે.

ઈબ્ને કષીર (રહ.)એ આ ત્રણે રિવાયતોને નકલ કરીને અગ્રિમતા એને આપી છે કે આ હદીષો મરફૂઅહ નથી બલકે ઈમરાન બિન હુસૈન (રદિ.), અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.) તથા હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના નિવેદનો છે જે તે લોકોએ આ આયતની તફસીરમાં કહ્યા છે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયત છે કે એક વ્યક્તિ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો અને વિનંતી કરી કે ફલાણો વ્યક્તિ રાત્રે તહજ્જુદ પઢે છે અને જ્યારે સવાર પડે છે તો ચોરી કરે છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે નિકટમાં નમાઝ તેને ચોરીથી રોકી દેશે. *(ઈબ્ને કષીર)*

અમુક રિવાયતોમાં એ પણ છે કે રસૂલે કરીમ ﷺના ફરમાન પછી તેણે પોતાના ગુનાહોથી તવબહ કરી.

એક શંકાનો જવાબ :

અત્રે અમુક લોકો એવી શંકા કર્યા કરે છે કે અમે ઘણા લોકોને જોઈ રહ્યા છે કે નમાઝના પાબંદ હોવા છતાં મોટા મોટા ગુનાહોમાં સંડોવાયેલા રહે છે જે દેખીતી રીતે આ આયતથી વિરુદ્ધ બાબત છે.

તેના જવાબમાં અમુક લોકોએ તો એ કહ્યું કે આયતથી એટલી જાણ થાય છે કે નમાઝ નમાઝીને ગુનાહો કરવાની મનાઈ કરે છે પરંતુ શું એ જરૂરી છે કે જેને કોઈ કામની મનાઈ કરવામાં આવે અને તે તેનાથી અટકી જાય ? અંતે કુર્આન અને હદીષ બધા લોકોને ગુનાહોથી મનાઈ કરે છે પરંતુ ઘણા બધા લોકો આ મનાઈ તરફ ધ્યાન નથી આપતા અને ગુનાહોથી બચતા નથી, પ્રસ્તુત તફસીરના ખુલાસામાં આ જ ખુલાસો કરવામાં આવ્યો છે.

પરંતુ ઘણા વિવરણકારોએ કહ્યું કે નમાઝ બુરા કર્મોની મનાઈ કરે છે તેનો ભવાર્થ માત્ર હુકમ આપવો નથી બલકે નમાઝમાં પોતાની ખાસિયતના આધારે એ લક્ષણ અને અસર પણ છે કે તેના પઢનારને ગુનાહોથી બચવાની તવફીક મળે છે અને જેને ગુનાહોથી બચવાની અંતઃસ્ફૂરણા ન થાય તો વિચાર કરવાથી સાબિત થઈ જશે કે તેની નમાઝમાં કોઈ ખામી હતી અને નમાઝ સ્થાપિત કરવાનો તેણે હક અદા કર્યો નહીં, પ્રસ્તુત હદીષોથી આ વિષયનું સમર્થન થાય છે.

وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ وَ اللّٰهُ يَعْلَمُ مَا تَصْنَعُوْنَ એટલે કે, અલ્લાહનો ઝિક્ર ઘણી

મોટી બાબત છે અને તે તમારા બધા અમલોને સારી પેઠે જાણે છે, અહીંયાં અલ્લાહના ઝિક્રનો એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે બંદો જે અલ્લાહનો ઝિક્ર નમાઝ અથવા નમાઝ સિવાય કરે છે તે મહાન બાબત છે અને એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે બંદો જ્યારે અલ્લાહનો ઝિક્ર કરે છે તો અલ્લાહ પોતાના ઝિક્ર કરનાર બંદાનું વર્ણન ફરિશ્તાઓની મંજલિસમાં કરે છે. فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ અને આ ઈબાદતગુઝાર બંદાઓને અલ્લાહ દ્વારા યાદ કરવું સૌથી મોટી નેઅ્મત છે, ઘણા બધા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી આ સ્થળે ઝિક્રુલ્લાહનો આ જ બીજો અર્થ નકલ થયો છે. ઈબ્ને જરીર (રહ.) અને ઈબ્ને કષીર (રહ.)એ તેને જ અગ્રિમતા આપી છે અને આ અર્થના આધારે તેમાં તે તરફ પણ ઈશારો થઈ ગયો કે નમાઝ પઢવામાં ગુનાહોથી છુટકારાનું મૂળ કારણ એ છે કે અલ્લાહ તઆલા પોતે તેના જ તરફ ધ્યાન આપે છે અને તેનું વર્ણન ફરિશ્તાઓમાં કરે છે અને તેની બરકતથી તેને ગુનાહોથી છુટકારો મળી જાય છે.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૪૬ થી ૫૫)

وَلَا تُجَادِلُوْٓا اَهْلَ الْكِتٰبِ اِلَّا بِالَّتِيْ هِيَ اَحْسَنُ ۖ اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ
وَقُوْلُوْٓا اٰمَنَّا بِالَّذِيْٓ اُنْزِلَ اِلَيْنَا وَاُنْزِلَ اِلَيْكُمْ وَاِلٰهُنَا وَاِلٰهُكُمْ وَاحِدٌ وَّنَحْنُ لَهٗ
مُسْلِمُوْنَ ﴿٤٦﴾ وَكَذٰلِكَ اَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ ۭ فَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يُؤْمِنُوْنَ بِهٖ ۚ
وَمِنْ هٰٓؤُلَاۗءِ مَنْ يُّؤْمِنُ بِهٖ ۭ وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الْكٰفِرُوْنَ ﴿٤٧﴾ وَمَا كُنْتَ
تَتْلُوْا مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ اِذًا لَّارْتَابَ الْمُبْطِلُوْنَ ﴿٤٨﴾
بَلْ هُوَ اٰيٰتٌۢ بَيِّنٰتٌ فِيْ صُدُوْرِ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ ۭ وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الظّٰلِمُوْنَ ﴿٤٩﴾
وَقَالُوْا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيٰتٌ مِّنْ رَّبِّهٖ ۭ قُلْ اِنَّمَا الْاٰيٰتُ عِنْدَ اللّٰهِ ۭ وَاِنَّمَآ اَنَا نَذِيْرٌ
مُّبِيْنٌ ﴿٥٠﴾ اَوَلَمْ يَكْفِهِمْ اَنَّآ اَنْزَلْنَا عَلَيْكَ الْكِتٰبَ يُتْلٰى عَلَيْهِمْ ۭ اِنَّ فِيْ ذٰلِكَ
لَرَحْمَةً وَّذِكْرٰى لِقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٥١﴾ ع قُلْ كَفٰى بِاللّٰهِ بَيْنِيْ وَبَيْنَكُمْ شَهِيْدًا ۚ يَعْلَمُ مَا فِي

السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَالَّذِیْنَ اٰمَنُوْا بِالْبَاطِلِ وَكَفَرُوْا بِاللّٰهِ ۙ اُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿۵۲﴾
وَیَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ ؕ وَلَوْلَاۤ اَجَلٌ مُّسَمًّى لَّجَآءَهُمُ الْعَذَابُ ؕ وَلَیَاْتِیَنَّهُمْ
بَغْتَةً وَّهُمْ لَا یَشْعُرُوْنَ ﴿۵۳﴾ یَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ ؕ وَاِنَّ جَهَنَّمَ لَمُحِیْطَةٌۢ بِالْكٰفِرِیْنَ ﴿۵۴﴾
یَوْمَ یَغْشٰىهُمُ الْعَذَابُ مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ اَرْجُلِهِمْ وَیَقُوْلُ ذُوْقُوْا مَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ﴿۵۵﴾

તરજુમો :

અને અહલે કિતાબ સાથે વાદ વિવાદ ન કરો પરંતુ એ રીતે કે જે ઉત્તમ હોય તેમના સિવાય જે તેમનામાં અન્યાયી છે; અને એવું કહો કે જે ઊતર્યું અમારા ઉપર અને જે ઊતર્યું તમારા ઉપર અમે તેને માનીએ છીએ અને અમારી અને તમારી બંદગી એકના જ માટે છે અને અમે તેના જ હુકમ ઉપર ચાલીએ છીએ. (૪૬) અને એવી જ અમે તમારા ઉપર કિતાબ ઊતારી, બસ જેને અમે કિતાબ આપી છે તેઓ તેને માને છે અને તેઓમાં (મક્કાવાળાઓમાં) પણ અમુક છે કે તેને માને છે અને અમારી વાતોના ઈન્કારી તે જ છે જેઓ નાફરમાન છે. (૪૭) અને તમે આથી પહેલાં કોઈ કિતાબ પઢતા ન હતા અને ન જ પોતાના જમણા હાથથી લખતા હતા ત્યારે તો અલબત્ત આ જૂઠાઓ સંદેહમાં પડ્યા હોત. (૪૮) બલકે આ (કુર્આન) તો તે લોકોના સીનાઓ (અંતરાત્મા)માં સ્પષ્ટ આયતો છે જેમને સમજ મળી છે અને અમારી વાતોથી ઈન્કારી નથી પરંતુ તે જ જેઓ અન્યાયી છે. (૪૯) અને કહે છે, તેના ઉપર કેમ કંઈ નિશાનીઓ તેના પરવરદિગાર તરફથી ન ઊતરી ? તમે કહો, નિશાનીઓ તો અલ્લાહના અધિકારમાં છે અને હું તો બસ સ્પષ્ટ ચેતવણી આપનારો છું. (૫૦) શું તેમને એ પૂરતું નથી કે અમે તમારા ઉપર કિતાબ ઉતારી કે તેમના ઉપર પઢવામાં આવે છે, બેશક ! તેમાં રહમત છે અને જેઓ માને છે તેમના માટે સમજણ. (૫૧) તમે કહો ! મારા અને તમારા વચ્ચે અલ્લાહ ગવાહ (તરીકે) પૂરતો છે, જે કંઈ આસમાનો અને જમીનમાં છે સઘળું જાણે છે અને જે લોકો જૂઠ ઉપર આસ્થા ધરાવે છે

અને અલ્લાહથી ઈન્કારી થયા તે જ નુકસાન પામનારાઓ છે. (૫૨) અને તમારાથી ઉતાવળે આફત માંગે છે અને જો એક વાયદો નિશ્ચિત ન હોત તો તેમના ઉપર આફત આવી પહોંચી હોત અને અલબત્ત તેમના ઉપર અચાનક આવશે અને તેમને ખબર પણ થશે નહીં. (૫૩) તમારાથી ઉતાવળે અઝાબ માંગે છે અને ઈન્કારીઓને દોઝખ ઘેરી રહી છે. (૫૪) જે દિવસે તેમને અઝાબ ઘેરી લેશે તેમના ઉપરથી અને પગોની નીચેથી અને કહેશે, ચાખો! જેવું કંઈ તમે કરતા હતા. (૫૫)

તફસીર :

અને (જ્યારે પયગમ્બર ﷺની રિસાલત સાબિત થઈ ચૂકી છે તો હે મુસલમાનો ! રિસાલતના ઈન્કારીઓમાંથી જે અહલે કિતાબ છે તેમની સાથે ચર્ચાની પદ્ધતિ બતાવીએ છીએ અને આ ખાસ એટલા માટે કે પ્રથમ તો તે જ્ઞાની હોવાના કારણે વાતને સાંભળે છે અને મુશ્રિકો તો વાત સાંભળતા પહેલાં જ કષ્ટ પહોંચાડવા તૈયાર થઈ જાય છે, બીજું જ્ઞાનીઓના ઈમાન લઈ આવવાથી સામાન્ય લોકોનું ઈમાન લાવવાની વધારે સંભાવના પેદા થઈ જાય છે અને ચર્ચાની તે પદ્ધતિ એ છે કે) તમે અહલે કિતાબની સાથે સભ્યતાપૂર્ણ પદ્ધતિ સિવાય વાદ વિવાદ ન કરો, હા ! જે તેમનામાં અતિરેક કરે (તો તેમને જૈસા સાથે તૈસાનો જવાબ આપવામાં વાંધો નથી જો કે શ્રેષ્ઠ ત્યારે પણ સારી પદ્ધતિ અપનાવવું જ છે) અને (તે સભ્યતાપૂર્ણ પદ્ધતિ એ છે કે દાખલા તરીકે તેમને) એવું કહો કે અમે આ કિતાબ ઉપર પણ ઈમાન રાખીએ છીએ જે અમારા ઉપર નાઝિલ થઈ અને તે કિતાબ ઉપર પણ (ઈમાન રાખીએ છીએ) જે તમારા ઉપર નાઝિલ થઈ, (કારણ કે ઈમાનનો આધાર અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થવું છે બસ જ્યારે અમારી કિતાબનું અલ્લાહ તરફથી નાઝિલ થવું તમારી કિતાબોથી પણ સાબિત છે તો પછી તમારે કુર્આન ઉપર ઈમાન લાવવું જોઈએ) અને (એ તમે પણ સ્વીકાર કરો છો કે) અમારો અને તમારો મઅ્બૂદ એક જ છે (اِلٰى كَلِمَةٍ سَوَآءٍۢ بَيْنَنَا.... જ્યારે તવહીદ સર્વસહમત છે તો પોતાના ધાર્મિક વડાઓ અને રાબ્બીઓના આજ્ઞાપાલનના કારણે અંતિમ યુગના નબી ઉપર ઈમાન ન લાવવું તવહીદના ખિલાફ છે માટે તમારે અમારા નબી ઉપર ઈમાન લાવવું જોઈએ وَلَا يَتَّخِذَ بَعْضُنَا....) અને (આ વાતચીતની સાથે પોતાનું મુસલમાન હોવું તાકીદ

માટે સંભળાવી આપો કે) અમે તો તેનું જ આજ્ઞાપાલન કરીએ છીએ (તેમાં અકીદાઓ અને કર્મો બધું જ સામેલ છે, એટલે કે આ જ રીતે તમારે પણ કરવું જોઈએ જ્યારે કે તકાદો પણ ઉપસ્થિત છે فَاِنْ تَوَلَّوْا فَقُوْلُوا اشْهَدُوْا بِاَنَّا مُسْلِمُوْنَ) અને (જે રીતે અમે અગાઉના અંબિયા અલૈ. ઉપર કિતાબો નાઝિલ કરી) એ જ પ્રમાણે અમે તમારા ઉપર કિતાબ નાઝિલ કરી (જેની બીનાએ સભ્યતાપૂર્ણ ચર્ચાની તા'લીમ આપવામાં આવી) બસ જે લોકોને અમે કિતાબ(ની લાભદાયક સમજણ) આપી છે તેઓ તે (આપ ﷺવાળી) કિતાબ ઉપર ઈમાન લઈ આવે છે (અને તેમનાથી વાદ વિવાદની પણ નોબત ભાગ્યે જ આવે છે) અને તે (અરબના મુશ્રિક) લોકોમાં પણ અમુક એવા (ન્યાયી લોકો) છે કે આ કિતાબ ઉપર ઈમાન લાવે છે (ભલે પોતે સમજીને અથવા જ્ઞાનીઓ પાસેથી ઈમાનની દલીલો જાણીને) અને (દલીલોના સાબિત થયા પછી) અમારી (આ કિતાબની) આયતોથી (હઠધર્મી) કાફિરો સિવાય અન્ય કોઈ ઈન્કારી નથી થતો (ઉપર વાદ વિવાદની ચર્ચાની દલીલ નકલ કરવામાં આવી હતી, જેની ખાસ નકલ કરનારને તાકીદ હતી, આગળ બૌદ્ધિક દલીલ છે જેમાં સામાન્ય શિખામણ છે) અને (જે લોકો આપ ﷺની નુબુવ્વતના ઈન્કારી છે તેમની પાસે શંકાનું કોઈ કારણ પણ નથી કારણ કે) તમે આ કિતાબ (એટલે કે કુર્આન)થી અગાઉ ન તો કોઈ કિતાબ પઢેલા હતા અને ન જ કોઈ કિતાબ પોતાના હાથે લખી શકતા હતા કે એવી હાલતમાં આ જૂઠા લોકો કંઈ શંકા ઉપજાવે (કે આ ભણેલો ગણેલો વ્યક્તિ છે, આસમાની કિતાબો જોઈ વાંચીને તેની સહાયથી વિષયો વિચારીને ફુરસદમાં બેસીને લખીને અને યાદ કરીને અમને લોકોને સંભળાવી દીધા, એટલે કે જો એવું હોત તો કંઈ તો સંદેહની સંભાવના હોત બસ ત્યારે પણ એવી શંકા કરનારા જૂઠા હોત, કારણ કે કુર્આનની પ્રતિષ્ઠા તો પણ નુબુવ્વતની ઉચ્ચ દલીલો માટે પૂરતી હતી પરંતુ હવે તો આટલી શંકા કરવાની પણ તક નથી એટલા માટે આ કિતાબ ઈન્કાર કરી શકાય એવી નથી) બલકે આ કિતાબ (એકમાત્ર હોવાની સાથે સાથે તેનો દરેક વિભાગ એક મોઅ્જિઝો છે અને એક આગવો પડકાર છે એટલા માટે તે પોતાની જાતમાં) પોતે ઘણી જ સ્પષ્ટ દલીલો છે અને લોકોના દિમાગમાં તેનું જ્ઞાન અર્પણ થયું છે અને (તેની પ્રતિષ્ઠાની જાહેરાત છતાં) અમારી આયતોથી બસ હઠધર્મી લોકો ઈન્કાર કર્યે જાય છે (નહિતર ન્યાયી વ્યક્તિને તો જરા પણ શંકા ન રહેવી

જોઈએ) અને આ લોકો (કુર્આનનો મોઅ્જિઝો અર્પણ થયા પછી માત્ર દુશ્મનાવટ અને વૈમનસ્યના કારણે) એવું કહે છે કે એ(પયગમ્બર)ના ઉપર તેના પરવરદિગાર પાસેથી (અમારી માંગણી મુજબની) નિશાનીઓ કેમ નાઝિલ ન થઈ ? તમે એવું કહી આપો કે તે નિશાનીઓ તો અલ્લાહના કબજામાં છે અને (મારા અધિકારની વસ્તુ નથી) હું તો માત્ર એક સ્પષ્ટ (અલ્લાહના અઝાબથી) ડરાવનારો (એટલે કે રસૂલ) છું (અને રસૂલ હોવા ઉપર સાચી દલીલો ધરાવું છું જેમાં સૌથી મોટી દલીલ કુર્આન છે પછી ખાસ દલીલની શું આવશ્યકતા છે ? ખાસ કરીને જ્યારે કે તેના અસ્તિત્વમાં ન આવવામાં કોઈ હિકમત પણ હોય, આગળ કુર્આન શ્રેષ્ઠ દલીલ હોવાનું ફરમાવ્યું છે) શું (નુબુવ્વતની દલીલ તરીકે) આ લોકોને એ વાત પૂરતી નથી થઈ કે અમે તમારા ઉપર આ કિતાબ (મોઅ્જિઝો બનાવી) ઊતારી છે જે તેમને (હંમેશા) સંભળાવવામાં આવતી રહે છે (કે જો એકવાર સાંભળવાથી શ્રેષ્ઠતા જાહેર ન થાય તો બીજીવારમાં થઈ જાય અથવા ત્યાર પછી થઈ જાય અને અન્ય મોઅ્જિઝાઓમાં તો આવી વાત પણ ન હોત, કારણ કે તેનું અસ્તિત્વમાં આવવું કાયમી ન હોત જેમકે દેખીતું છે અને એક અગ્રિમતા આ મોઅ્જિઝામાં એ છે કે) નિઃશંક ! આ કિતાબમાં (મોઅ્જિઝો હોવાની સાથે સાથે) ઈમાનવાળા લોકો માટે મોટી રહમત અને બોધપાઠ છે (રહમત એ કે હુકમોનું શિક્ષણ છે જે લાભ જ લાભ છે અને બોધપાઠ પ્રોત્સાહન અને ચેતવણી છે અને આ વાત બીજા મોઅ્જિઝાઓમાં ન હોત, બસ આ અગ્રિમતાઓમાંથી તેને ગનીમત સમજ્યા હોત અને ઈમાન લઈ આવ્યા હોત અને જો દલીલોની આ સ્પષ્ટતા પછી પણ તેઓ ઈમાન ન લાવે તો અંતિમ જવાબ સ્વરૂપે) તમે કહી આપો કે (ભલે ન માનો) અલ્લાહ મારા અને તમારા દરમિયાન (મારી રિસાલતનો) ગવાહ પૂરતો છે તેને બધી વસ્તુની ખબર છે જે આસમાનોમાં છે અને જે જમીનમાં છે અને (જ્યારે મારી રિસાલત અને અલ્લાહનું જ્ઞાન સર્વત્ર છવાયેલું હોવાનું સાબિત થયું તો) જે લોકો જૂઠી વાતો ઉપર આસ્થા ધરાવે છે અને અલ્લાહ(ની વાતો)ના ઈન્કારી છે (જેમાં રિસાલત પણ સામેલ છે) તો તે લોકો મોટા નુકસાન ઉઠાવનારા છે (એટલે કે જ્યારે અલ્લાહના ઈરશાદથી મારી રિસાલત સાબિત છે તો તેનો ઈન્કાર અલ્લાહ સાથે કુફ્ર છે અને અલ્લાહ તઆલાનું જ્ઞાન સર્વત્ર છવાયેલું છે તો તેને આ ઈન્કાર અને

કુફ્રની પણ ખબર છે અને અલ્લાહ તઆલા કુફ્ર ઉપર નુકસાનની સજા આપે છે, બસ એવા લોકો અવશ્ય નુકસાન ઉઠાવનારા થશે) અને આ લોકો તમને અઝાબ (લાવવા)નો તકાદો કરે છે (અને તાત્કાલિક અઝાબ ન આવવાથી આપ ﷺની નુબુવ્વત અને રિસાલતમાં શંકા અને ઈન્કાર કરે છે) અને જો (અલ્લાહના જ્ઞાનમાં અઝાબ આવવા માટે) નિશ્ચિત સમય નક્કી ન હોત તો (તેમના તકાદાની સાથે જ) તેમના ઉપર અઝાબ આવી ચૂક્યો હોત અને (જ્યારે આ નિશ્ચિત સમય આવી જશે ત્યારે) તે અઝાબ તેમના ઉપર અચાનક આવી પડશે અને તેમને ખબર પણ ન થશે (આગળ તે લોકોની અજ્ઞાનતાની જાહેરાત માટે તેમની ઉતાવળને પુનરાવર્તિત સ્વરૂપે વર્ણન કરીને અઝાબ નિશ્ચિત સમયે આવવાની તથા તેની ઘટનાર અઝાબની ઘટનાઓનું વર્ણન કરે છે કે) આ લોકો તમારી પાસે અઝાબનો તકાદો કરે છે અને (અઝાબનું સ્વરૂપ એ છે કે) એમાં કોઈ શંકા નથી કે જહન્નમ તે કાફિરોને (ચારે તરફથી) ઘેરી લેશે જે દિવસે તેમના ઉપર અઝાબ તેમની ઉપરથી અને તેમની નીચેથી ઘેરી લેશે અને (તે જ સમયે તેમને) અલ્લાહ તઆલા ફરમાવશે કે જે કંઈ (દુનિયામાં) કરતા રહ્યા છો હવે તેને (મજા સ્વરૂપે) ચાખો.

મસ્અલા અને બોધપાઠ :

وَلَا تُجَادِلُوٓا اَهْلَ الْكِتٰبِ اِلَّا بِالَّتِىْ هِىَ اَحْسَنُ اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا એટલે કે, અહલે કિતાબની સાથે વાદ વિવાદની નોબત આવે તો વાદ વિવાદ પણ એવી પદ્ધતિથી કરો જે ઉત્તમ હોય, દાખલા તરીકે કઠોર વાતનો જવાબ વિનમ્રતાના શબ્દો સાથે, ક્રોધનો જવાબ સહનશીલતાથી, અજ્ઞાનતાપૂર્ણ કોલાહલ અને બૂમ બરાડાનો જવાબ સભ્યતાપૂર્ણ વાતચીતથી આપો. اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا પરંતુ તે લોકો જેમણે તમારા ઉપર અત્યચાર કર્યો કે તમારી સભ્યતાપૂર્ણ વિનમ્ર વાતચીત અને સ્પષ્ટ દલીલોના મુકાબલામાં જીદ અને હઠધર્મીથી કામ લીધું તો તે આ ઉપકારના હકદાર નથી રહ્યા બલકે એવા લોકોનો જવાબ જૈસા સાથે તૈસાનો આપવામાં આવે તો જાઈઝ છે જો કે ઉત્તમ અને શ્રેષ્ઠ તે સમયે તે જ છે કે તેમની અસભ્યતાનો જવાબ અને અત્યારનો જવાબ અત્યાચારથી ન આપો, બલકે તેમના દુર્વ્યવહારના જવાબમાં સદ્‌વ્યવહાર અને અત્યચારના જવાબમાં ન્યાયનું પ્રદર્શન કરો જેમકે કુર્આને કરીમની બીજી આયતમાં તેની સ્પષ્ટતા આવેલ છે, وَاِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوْا بِمِثْلِ مَا عُوْقِبْتُمْ بِهٖ وَلَئِنْ صَبَرْتُمْ لَهُوَ خَيْرٌ لِّلصّٰبِرِيْنَ એટલે કે,

જો જુલમ અને બળજબરીનો બદલો તમે તેમની સાથે સમાન રીતે લઈ લો તો તમને તેનો હક છે પરંતુ સબ્ર કરો તો એ વધારે ઉત્તમ છે.

આ આયતમાં અહલે કિતાબથી વાદ વિવાદની પદ્ધતિ સભ્યતાપૂર્ણ કરવાનું જે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ સૂરએ નહ્‌લમાં મુશ્રિકો વિશે પણ છે, આ સ્થળે અહલે કિતાબના વિશેષરૂપે ઉલ્લેખનું કારણ ત્યાર પછી આવી રહ્યું છે કે અમારા અને તમારા દીનમાં ઘણી બધી વસ્તુઓ સમાન છે, તમે વિચાર કરો તો ઈમાન અને ઈસ્લામનો સ્વીકાર કરવામાં તમને કોઈ અવરોધ ન હોવો જોઈએ, જેમકે ઇરશાદ ફરમાવ્યું, قُوْلُوْٓا اٰمَنَّا بِالَّذِیْٓ اُنْزِلَ اِلَیْنَا وَاُنْزِلَ اِلَیْکُمْ એટલે કે, તમે અહલે કિતાબથી ચર્ચા (Debate)ના સમયે તેમને પોતાની નિકટ લાવવા માટે એ કહો કે અમે મુસલમાન તો એ વહી ઉપર પણ ઈમાન રાખીએ છીએ જે અમારા તરફ રસૂલ દ્વારા મોકલવામાં આવી છે અને તે વહી ઉપર પણ જે તમારા તરફ તમારા પયગમ્બર દ્વારા મોકલવામાં આવી છે એટલા માટે અમારી સાથે વિરોધ કરવાનું કોઈ કારણ નથી.

શું આ આયતમાં હાલની તવરાત અને ઇન્જીલના વિષયોના સમર્થનનો હુકમ છે ? :

આ આયતમાં અહલે કિતાબ તરફ આવનારી કિતાબો તવરાત અને ઈન્જીલ ઉપર મુસલમાનોના ઈમાનનું વર્ણન જે વિષય અંતર્ગત કરવામાં આવ્યું છે તે એ છે કે અમે આ કિતાબો ઉપર એ અર્થમાં સામૂહિક ઈમાન ધરાવીએ છીએ કે જે કંઈ અલ્લાહ તઆલાએ તે કિતાબોમાં નાઝિલ ફરમાવ્યું હતું તેના ઉપર અમારું ઈમાન છે એનાથી એ જરૂરી નથી બનતું કે હાલની તવરાત અને ઈન્જીલના બધા જ વિષયો ઉપર અમારું ઈમાન છે જેમાં રસૂલે કરીમ ﷺના સમયકાળમાં પણ ઘણી બધી હેરફેર થઈ ચૂકી હતી અને તે વખતથી લઈ આજદિન સુધી તેમાં હેરફેરનો ક્રમ ચાલુ જ રહ્યો છે, તવરાત અને ઈન્જીલના માત્ર તે વિષયો ઉપર ઈમાન છે જે અલ્લાહ તઆલા તરફથી હઝરત મૂસા (અલૈ.) અને હઝરત ઈસા (અલૈ.) ઉપર નાઝિલ થયા હતા, હેરફેર થયેલ વિષયો તેનાથી બાકાત છે.

હાલની તવરાત અને ઇન્જીલનું ન તો સંપૂર્ણ સમર્થન કરવામાં આવે અને ન જ સદંતર જૂઠાડવામાં આવે :

સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયત છે કે અહલે

કિતાબ તવરાત અને ઈન્જીલને તેમની મૂળ હિબ્રુ ભાષામાં પઢતા હતા અને મુસલમાનોને તેનું ભાષાંતર અરબી ભાષામાં સંભળાવતા હતા. રસૂલે કરીમ ﷺએ તેના વિશે મુસલમાનોને એ માર્ગદર્શન આપ્યું હતું કે તમે અહલે કિતાબનું ન તો સમર્થન કરો અને ન જ તેમને જૂઠાડો, બલકે એવું કહો, اٰمَنَّا بِالَّذِیْٓ اُنْزِلَ اِلَیْنَا وَاُنْزِلَ اِلَیْكُمْ એટલે કે, અમે આ વહી ઉપર પણ ઈમાન લાવીએ છીએ જે તમારા અંબિયા (અલૈ.) ઉપર નાઝિલ થઈ અને અને જે વિગતો તમે બતાવો છો તે અમારા સમીપ ભરોસાપાત્ર નથી એટલા માટે અમે તેનું સમર્થન કરવાથી અથવા જૂઠાડવાથી બચીએ છીએ.

તફસીરોમાં જે સામાન્ય મુફસ્સિરોએ અહલે કિતાબની રિવાયતો નકલ કરી છે તેમનો પણ આ જ દરજ્જો છે અને નકલ કરવાનો હેતુ પણ માત્ર તેના ઐતિહાસિક સ્વરૂપને સ્પષ્ટ કરવાનું છે. હરામ અને હલાલના હુકમો તેનાથી સાબિત કરી શકાતા નથી. مَا كُنْتَ تَتْلُوْا مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ اِذًا لَّارْتَابَ الْمُبْطِلُوْنَ એટલે કે, કુર્આનના નાઝિલ થતા પહેલાં ન તો રસૂલે કરીમ ﷺ કોઈ કિતાબ પઢતા હતા અને ન જ કંઈ લખી શકતા હતા બલકે રસૂલે કરીમ ﷺ ઉમ્મી (નિરક્ષર) હતા, જો એવું ન હોત અને તેઓ ભણેલા ગણેલા હોત તો બાતિલના ઝંડેધારીઓ માટે શંકા અને સંદેહની સંભાવના નીકળી આવી હોત કે એવો આક્ષેપ કરતા હોત કે રસૂલે કરીમ ﷺએ પાછલી કિતાબો તવરાત અને ઈન્જીલ પઢી છે અથવા નકલ કરી છે, રસૂલે કરીમ ﷺ જે કંઈ કુર્આનમાં પઢે છે અથવા ફરમાવે છે તે તેમની જ પાછલી કિતાબોનો ટૂંકસાર છે કોઈ વહી અથવા નુબુવ્વત કે રિસાલત નથી.

નબીએ કરીમ ﷺનું ઉમ્મી (નિરક્ષર) હોવું રસૂલે કરીમ ﷺની મોટી શ્રેષ્ઠતા અને ઘણો મોટો મોઅ્જિઝહ (ચમત્કાર) છે :

અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલત ઉપર જે રીતે ખૂબ સ્પષ્ટ અને ખુલ્લા મોઅ્જિઝાઓ જાહેર કર્યા તેમનામાંથી એક એ પણ છે કે રસૂલે કરીમ ﷺને પ્રથમથી ઉમ્મી રાખવામાં આવ્યા; ન તો કંઈ લખેલું વાંચી શકતા હતા અને ન જ પોતે કંઈ લખી શકતા હતા અને જિંદગીના ચાલીસ વર્ષો એવી જ પરિસ્થિતિમાં બધા જ મક્કાના નિવાસીઓ સામે પસાર થયા,

આપનું હરવું મળવું અહલે કિતાબની સાથે ક્યારેય થયું ન હતું કે તેમની પાસેથી કંઈ સાંભળી લીધું હોય, કારણ કે મક્કામાં અહલે કિતાબ હતા જ નહીં, ચાલીસ વર્ષો થવા ઉપર અચાનક રસૂલે કરીમ ﷺની જીભ મુબારકથી એવું કલામ વહેવા લાગ્યું જે પોતાના વિષયોમાં અને અર્થના આધારે પણ મોઅ્જિઝો હતો અને શાબ્દિક ઉચ્ચતા તથા સાહિત્યિક શ્રેષ્ઠતાના આધારે પણ.

અમુક ઉલમાએ સાબિત કરવા ઇચ્છ્યું છે કે રસૂલે કરીમ ﷺનું ઉમ્મી હોવું શરૂઆતમાં હતું પછી અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને લખતાં વાંચતા શિખવાડી દીધું હતું અને તેની દલીલમાં હુદૈબિય્યહની ઘટનાની એક હદીષ નકલ કરે છે જેમાં એ છે કે જ્યારે સુલેહનો કરાર લખવામાં આવ્યો તો તેમાં مِنْ مُّحَمَّدٍ عَبْدِ اللّٰهِ وَرَسُوْلِهٖ લખ્યું હતું, તેના ઉપર મક્કાના મુશ્રિકોએ વાંધો ઉઠાવ્યો કે અમે તો તમને રસૂલ માનતા જ નથી એટલા માટે રસૂલે કરીમ ﷺના નામની સાથે રસૂલુલ્લાહનો શબ્દ અમે સ્વીકારીશું નહીં. લખનાર હઝરત અલી મુર્તઝા (રદિ.) હતા. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે આ શબ્દને કાઢી નાંખો. હઝરત અલી મુર્તઝા (રદિ.)એ સભ્યતાથી મજબૂર થઈ એવું કરવાનો ઇન્કાર કર્યો. રસૂલુલ્લાહ ﷺએ પત્ર પોતે પોતાના હાથમાં લીધો અને આ શબ્દ મિટાવીને લખી દીધું, مِنْ مُّحَمَّدِبْنِ عَبْدِ اللّٰهِ

આ રિવાયતમાં લખવાનો સંબંધ રસૂલે કરીમ ﷺ તરફ કરવામાં આવ્યો છે જેનાથી અમુક લોકોએ દલીલ કરી છે કે રસૂલે કરીમ ﷺ લખવાનું જાણતા હતા પરંતુ સાચી વાત એ જ છે કે કોઈ બીજાના લખેલાને પણ બોલચાલની ભાષામાં એવું જ કહેવામાં આવે છે કે તેણે લખ્યું જેમકે સામાન્ય રૂઢિપ્રયોગ છે, તે ઉપરાંત એ પણ સંભાવના છે કે આ ઘટનામાં મોઅ્જિઝા સ્વરૂપે રસૂલે કરીમ ﷺથી નામ મુબારક પણ અલ્લાહ તઆલાએ લખાવી દીધું, તે ઉપરાંત માત્ર પોતાના નામના અમુક શબ્દો લખવાથી કોઈ ભણેલું ગણેલું નથી કહી શકાતું, તેને નિરક્ષર અથવા ઉમ્મી જ કહેવામાં આવશે, જ્યારે લખવાની આદત ન હોય; અને દલીલ વિના આપ ﷺ તરફ લખાણનો સંબંધ જોડવો આપ ﷺની શ્રેષ્ઠતાની સાબિતી નથી બલકે વિચાર કરે તો ઘણી મોટી શ્રેષ્ઠતા આપ ﷺના ઉમ્મી હોવામાં જ છે.

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૫૬ થી ૬૩)

يٰعِبَادِيَ الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّ اَرْضِيْ وَاسِعَةٌ فَاِيَّايَ فَاعْبُدُوْنِ ﴿٥٦﴾ كُلُّ نَفْسٍ
ذَآئِقَةُ الْمَوْتِ ثُمَّ اِلَيْنَا تُرْجَعُوْنَ ﴿٥٧﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
لَنُبَوِّئَنَّهُمْ مِّنَ الْجَنَّةِ غُرَفًا تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ۭ نِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ﴿٥٨﴾
الَّذِيْنَ صَبَرُوْا وَعَلٰي رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٥٩﴾ وَكَاَيِّنْ مِّنْ دَاۗبَّةٍ لَّا تَحْمِلُ رِزْقَهَا ڰ اَللّٰهُ يَرْزُقُهَا
وَاِيَّاكُمْ ڮ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٦٠﴾ وَلَىِٕنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ
وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ لَيَقُوْلُنَّ اللّٰهُ ۚ فَاَنّٰى يُؤْفَكُوْنَ ﴿٦١﴾ اَللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَاۗءُ
مِنْ عِبَادِهٖ وَيَقْدِرُ لَهٗ ۭ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٦٢﴾ وَلَىِٕنْ سَاَلْتَهُمْ مَّنْ نَّزَّلَ
مِنَ السَّمَاۗءِ مَاۗءً فَاَحْيَا بِهِ الْاَرْضَ مِنْ بَعْدِ مَوْتِهَا لَيَقُوْلُنَّ اللّٰهُ ۭ قُلِ الْحَمْدُ لِلّٰهِ ۭ بَلْ
اَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ ﴿٦٣﴾ ع

તરજુમો :

હે મારા બંદાઓ જેઓ ઈમાન લાવ્યા છો ! મારી જમીન વિશાળ છે, બસ મારી જ બંદગી કરો. (૫૬) જે જીવ છે તે મોત ચાખશે, પછી અમારા તરફ પાછા વળીને આવશો. (૫૭) અને જે લોકો ઈમાન લાવ્યા અને સારા કર્મો કર્યા તેમને અમે જન્નતમાં જગ્યા આપીશું, તેના ઝરૂખા નીચે નહેરો વહે છે, તેમાં હંમેશા રહે, (સારા) કર્મો કરનારને ખૂબ સારો બદલો મળ્યો. (૫૮) જેમણે ધૈર્ય દાખવ્યું અને પોતાના પરવરદિગાર ઉપર ભરોસો કર્યો. (૫૯) અને કેટલાય પ્રાણીઓ છે જે પોતાની રોજી ઉઠાવી નથી રાખતા, અલ્લાહ તેમને રોજી આપે છે અને તમને પણ; અને તે જ છે સઘળું સાંભળનારો બધું જાણનારો. (૬૦) અને જો તમે લોકોને પૂછો કે કોણે બનાવ્યું છે આસમાનો અને જમીનને અને સૂર્ય અને ચાંદને કામે લગાડયા ? તો કહેશે, અલ્લાહે; પછી ક્યાંથી ઊંધા ફરે છે !? (૬૧) અલ્લાહ રોજી ફેલાવે છે પોતાના

બંદાઓમાંથી જેના માટે ચાહે અને જેને ઈચ્છે માપીને આપે છે, બેશક ! અલ્લાહ દરેક વસ્તુથી જાણકાર છે. (૬૨) અને જો તમે તેમને પૂછો, કોણે આસમાનથી પાણી ઊતાર્યું ? પછી તેનાથી જમીનને તેના મૃત્યુ બાદ સજીવન કરી દીધી ? તો કહેશે, અલ્લાહે; તમે કહો, સઘળી ખુબી અલ્લાહની છે પરંતુ ઘણા લોકો સમજતા નથી.(૬૩)

તફસીર :

હે મારા ઈમાનદાર બંદાઓ (જ્યારે આ લોકો દુશ્મનાવટ અને અદાવતથી તમને શરીઅત ઉપર અમલ કરવાથી અટકાવે અને દીન અપનાવવાથી કષ્ટ પહોંચાડે છે તો અહીંયાં રહેવાની શું જરૂર છે ?) મારી જમીન વિશાળ છે, બસ (જો અહીંયાં રહીને ઈબાદત નથી કરી શકતા તો અન્યત્ર ચાલ્યા જાઓ અને ત્યાં જઈને) માત્ર મારી જ ઈબાદત કરો (કારણ કે અહીંયાં મુશ્રિકોનું જોર છે તો એવી ઈબાદત જે માત્ર તવહીદ ઉપર આધારિત હોય અને શિર્કથી ખાલી હોય અહીંયાં મુશ્કેલ છે, અલબત્ત અલ્લાહ તઆલાની સાથે ગયરૂલ્લાહની પણ ઈબાદત હોય એ શક્ય છે પરંતુ તે ઈબાદત જ નથી અને જો તમને હિજરતમાં સગાં સંબંધીઓ અને વતનની મહોબ્બત વધારે કઠણ લાગતી હોય તો સમજી લો કે એકને એક દિવસે એ તો થવાનું જ છે કારણ કે) દરેક સજીવને મોતની મજા (અવશ્ય) ચાખવાની છે (અંતે તે સમયે બધું છોડવું પડશે અને) પછી તમારે સૌને અમારી પાસે આવવાનું છે (અને નાફરમાન થઈને આવવામાં સજાનો ડર છે) અને (આ કષ્ટ વેઠવું જો અમારી ખુશનૂદી માટે હોય તો અમારી પાસે પહોંચ્યા પછી તે વાયદા પ્રમાણે થઈ જાઓ અને તે વાયદો આ છે કે) જે લોકો ઈમાન લાવ્યા અને સારા કર્મ કર્યા (જેના ઉપર અમલ કરવો અમુક સમયે હિજરત ઉપર અવલંબિત હોય છે તો એવા સમયે હિજરત પણ કરી) અમે તેમને જન્નતના ઝરૂખાઓમાં જગ્યા આપીશું જેની નીચે નહેરો વહેતી હશે, તે તેમાં હંમેશા હંમેશા રહેશે (અને આ નેક) કામ કરનારાઓનો કેવો સારો બદલો છે જેમણે (સખત કઠણાઈઓ ઉપર કે જેમાં હિજરતનું કષ્ટ પણ સામેલ છે) ધૈર્ય દાખવ્યું અને (બીજા દેશ અથવા શહેરમાં જઈને જે તકલીફનો અને રોજી રોટીની પરેશાનીઓનો ભય હતો તેમાં) તેઓ પોતાના પરવરદિગાર ઉપર ભરોસો કર્યા કરતા હતા અને (જો હિજરતમાં તમને એ વસવસો હોય કે પ્રદેશમાં ખાવાનું ક્યાંથી મળશે તો એ

સમજી લો કે) ઘણા બધા પ્રાણીઓ એવા છે જે પોતાનો ખોરાક ઉઠાવીને નથી રાખતા, (એટલા માટે કે એકઠો નથી કરતા, જો કે અમુક એકઠો પણ કરી રાખે છે પરંતુ ઘણા નથી પણ કરતા) અલ્લાહ જ તેમને (પોતાના નસીબ પ્રમાણે) રોજી પહોંચાડે છે અને તમને પણ (નસીબ પ્રમાણે રોજી પહોંચાડે છે ભલે તમે ગમે ત્યાં હોવ ! પછી આ વસવસો ન કરો બલકે દિલ મજબૂત કરીને અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખો); અને (તે ભરોસાના લાયક છે કારણ કે) તે સઘળું કંઈ સાંભળે બધું જ કંઈ જાણે છે (એવી જ રીતે બીજા લક્ષણોમાં પણ તે સંપૂર્ણ છે અને જે આવો સંપૂર્ણ લક્ષણોવાળો હોય તે અવશ્ય ભરોસાપાત્ર છે) અને (અલ્લાહ તઆલાની તવહીદ ઉપર જે આધારિત છે એટલે કે તેની સર્જન કરવાની શક્તિમાં તે એકમાત્ર છે તે લોકો પણ તેને સ્વીકારે છે એટલા માટે) જો તમે તેમને પૂછો કે (ભલા !) એ કોણ છે જેણે આસમાન અને જમીનને પેદા કર્યું ? જેણે સૂરજ અને ચાંદને કામે લગાડી રાખ્યા છે ? તો તે લોકો એવું જ કહેશે કે તે અલ્લાહ છે, પછી (જ્યારે અલ્લાહની સર્જન કરવાની શક્તિમાં તેની તવહીદને માને છે તો પછી અલ્લાહ મઅ્બૂદ હોવાની તવહીદ વિશે) ક્યાં ઊંધા ચાલ્યા જઈ રહ્યા છે ? (અને જેવો સર્જનહાર અલ્લાહ જ છે એ જ પ્રમાણે અલ્લાહ જ રોજી આપનાર છે એટલા માટે) તે પોતાના બંદાઓમાંથી જેના માટે ઇચ્છે રોજી વિશાળ કરી આપે છે અને જેના માટે ઇચ્છે તંગ કરી આપે છે, બેશક ! અલ્લાહ જ બધી વસ્તુઓની હાલતથી વાકેફ છે (જેવું હિત જુએ છે તે જ પ્રમાણે રોજી આપે છે, મતલબ કે તે રોજી આપનાર પણ ઠર્યો એટલા માટે રોજીનો ભય હિજરત માટે અવરોધ ન બનવો જોઈએ) અને (જેવી રીતે કે સૃષ્ટિના સર્જનમાં અલ્લાહ તઆલાની તવહીદ તેમના નજીક પણ સ્વીકાર્ય છે એ જ પ્રમાણે સૃષ્ટિને ટકાવી રાખવામાં અને તેની વ્યવસ્થા ચલાવવામાં પણ તવહીદનો સ્વીકાર કરે છે એટલા માટે) જો તમે તેમને પૂછો કે તે કોણ છે જેણે આસમાનથી પાણી વરસાવ્યું ? પછી તેનાથી જમીનને એ પછી કે સૂક્કી (અને વનસ્પતિ ઉગાડવા અપાત્ર થઈને) પડી હતી તાજી માજી (વનસ્પતિ ઉગાડવા પાત્ર) કરી દીધી ? તો (જવાબમાં) તે લોકો એવું જ કહેશે કે એ પણ અલ્લાહ જ છે, તમે કહી આપો કે અલ્હમ્દુલિલ્લાહ ! (આટલો તો સ્વીકાર કર્યો જેનાથી તેના મઅ્બૂદ હોવાની દલીલ પણ થઈ જાય છે પરંતુ આ લોકો માનતા નથી) બલકે (તેનાથી વધીને એ છે કે) તેમનામાં ઘણા સમજતા પણ

નથી (ન કે એ કારણે કે બુદ્ધિ નથી બલકે બુદ્ધિથી કામ નથી લેતા અને વિચાર નથી કરતા એટલા માટે સ્વીકાર કરતા નથી).

મસ્અલા અને બોધપાઠ :

સૂરતની શરૂઆતથી અહીંયાં સુધી મુસલમાનો સાથે કાફિરોની દુશ્મની અને તવહીદ તથા રિસાલતથી તેમના સતત ઈન્કાર અને સત્ય તથા સત્યના માર્ગમાં અનેક પ્રકારના અવરોધોનું વર્ણન હતું. પ્રસ્તુત આયતોમાં મુસલમાનો માટે તેમના ફસાદથી બચવાની અને સત્યને પ્રસારિત કરવાની તથા સત્ય અને ન્યાયને દુનિયામાં કાયમ કરવાની એક યુક્તિનું વર્ણન છે જેનું પારિભાષિક નામ હિજરત છે, એટલે કે તે વતન અને દેશને છોડી દેવું જેમાં ન્યાય વિરુદ્ધ સત્ય બોલવા માટે અને ન્યાય વિરુદ્ધ કરવા ઉપર મજબૂર કરવામાં આવે છે.

હિજરતના હુકમો અને તેના માર્ગમાં ઉપસ્થિત થનાર સંદેહો અને શંકાઓનું નિવારણ :

اِنَّ اَرْضِىْ وَاسِعَةٌ فَاِيَّاىَ فَاعْبُدُوْنِ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે મારી ભૂમિ ઘણી વિશાળ છે એટલા માટે કોઈનું એ બહાનું સાંભળવાપાત્ર નથી કે ફલાણા શહેર અથવા ફલાણા દેશમાં કાફિરોનું વર્ચસ્વ હતું એટલા માટે અમે અલ્લાહની તવહીદ અને તેની ઈબાદતથી મજબૂર રહ્યા, તેમણે જોઈએ કે તે ભૂમિને જ્યાં તેઓ કુફ્ર અને ગુનાહો ઉપર મજબૂર કરવામાં આવે અલ્લાહના માટે છોડી દે અને કોઈ એવું સ્થળ શોધે જ્યાં સ્વતંત્રતાથી અલ્લાહના હુકમો ઉપર પોતે પણ અમલ કરી શકે અને અન્યોને પણ પ્રેરણા અને પ્રોત્સાહન આપી શકે તેનું જ નામ હિજરત છે.

વતનથી હિજરત કરીને કોઈ અન્ય સ્થળે જવામાં બે પ્રકારના ભય મનુષ્યને સ્વાભાવિક રીતે સતાવે છે જે તેને હિજરતથી અટકાવે છે. પ્રથમ ભય પોતાના પ્રાણનો છે કે જ્યારે પોતાના વતનને છોડીને અન્યત્ર જશે તો અહીંયાંથી કાફિરો અને જાલિમ લોકો માર્ગમાં અવરોધ બનશે અને મુકાબલો તથા લડાઈ માટે તૈયાર રહેશે, વળી માર્ગમાં શક્ય છે કે બીજા કાફિરો સાથે મુકાબલો કરવો પડે જેમાં પ્રાણનો ભય છે. તેનો જવાબ આગલી આયતમાં આ આપવામાં આવ્યો કે, كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ એટલે કે, દરેક જીવ મોતની મજા ચાખવાની છે

જેનાથી કોઈને પણ કોઈપણ સ્થળે કોઈપણ પરિસ્થિતિમાં છુટકારો નથી, એટલા માટે મોતનો ડર અને ગભરાવું મો'મિનનું કામ ન હોવું જોઈએ, તે તો દરેક વ્યક્તિને દરેક પરિસ્થિતિમાં આવશે જ. પોતાના સ્થળે ગમે તેવા સુરક્ષાના ઘેરામાં રહે તો પણ આવશે અને મો'મિનનો એ પણ અકીદહ છે કે અલ્લાહે નિશ્ચિત કરેલ સમય પહેલાં મોત આવી શકતી નથી એટલા માટે પોતાના સ્થળે રહેવામાં અથવા અન્યત્ર ચાલ્યા જવામાં મોતનો ડર આડે ન આવવો જોઈએ. ખાસ કરીને જ્યારે કે અલ્લાહના હુકમોનું આજ્ઞાપાલન કરતાં કરતાં મોતનું આવી જવું કાયમી રાહતો અને નેઅ્મતોનું માધ્યમ છે જે તેમને આખિરતમાં મળશે, જેનું વર્ણન પછીની બે આયતોમાં આવ્યું છે. ..... اَلَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَنُبَوِّئَنَّهُمْ مِّنَ الْجَنَّةِ غُرَفًا

બીજો ભય હિજરતના માર્ગમાં એ ઉપસ્થિત થાય છે કે બીજા વતન અને બીજા પ્રદેશમાં જઈને રોજીની શું વ્યવસ્થા હશે ? પોતાના સ્થળે તો કંઈક બાપદાદાના વારસામાંથી પણ અને કંઈક પોતાની કમાઈથી પણ વ્યક્તિ કોઈ જમીનજાયદાદ અથવા કળા કારીગીરીથી અથવા વેપાર વગેરેથી રોજીની વ્યવસ્થા કરતો રહે છે. હિજરતના સમયે તો આ બધું અહીંયાં જ છૂટી જશે, આગળ ગુજરાન કેવી રીતે ચાલશે ? તેનો જવાબ પાછળની ત્રણ આયતોમાં આ રીતે આપવામાં આવ્યો છે કે તમે તે પ્રાપ્ત કરેલ સામાનને રોજીનું કારણ અને પૂરતું માધ્યમ ઠરાવી રહ્યા છો એ તમારી ભૂલ છે, રોજી આપનારો તો વાસ્તવમાં અલ્લાહ જ છે, તે જેને ઇચ્છે છે તો કોઈપણ પ્રકારના જાહેર સામાન વિના પણ રોજી પહોંચાડી આપે છે અને જો તે ન ઇચ્છે તો બધા સામાન અને આધારો હોવા છતાં પણ મનુષ્ય રોજીથી વંચિત થઈ શકે છે, તેનું વર્ણન કરવા માટે ફરમાવ્યું, وَكَاَيِّنْ مِّنْ دَآبَّةٍ لَّا تَحْمِلُ رِزْقَهَا، اَللّٰهُ يَرْزُقُهَا وَاِيَّاكُمْ એટલે કે, એના ઉપર વિચાર કરો કે પૃથ્વી ઉપર ચાલનારા કેટલાય હજારો પ્રકારના પ્રાણીઓ છે જે પોતાનો રોજીનો સામાન એકઠો કરવાની અને રાખવાની કોઈ વ્યવસ્થા નથી કરતા, ન જ રોજી પ્રાપ્ત કરવાના માધ્યમો ભેગા કરવાની કોઈ ફિકર ચિંતા કરે છે પરંતુ અલ્લાહ તઆલા તેમને દરરોજ પોતાની કૃપાથી રોજી પહોંચાડી આપે છે. વિદ્વાનોએ કહ્યું છે કે સામાન્ય જાનવરો એવા જ છે તેમાં માત્ર કીડી અથવા ઉંદર એવા પ્રાણીઓ છે જે પોતાના ખોરાક માટે પોતાના દરોમાં ખોરાક એકઠો કરવાની ફિકર ચિંતા કરે છે, કીડી શિયાળાની ઋતુમાં બહાર નથી આવતી એટલા

માટે ગરમીના દિવસોમાં પોતાના ખાવાનો ખોરાક દરમાં એકઠો કરે છે અને પ્રખ્યાત છે કે પક્ષીઓમાંથી عَقْعَقْ એટલે કે કાગડો પણ પોતાનો ખોરાક પોતાના માળામાં એકઠો કરે છે પરંતુ તે મૂકીને ઉડી જાય છે, અલબત્ત દુનિયાના બધા જ જાનવરો જેમના અનેક પ્રકારો અને સ્વરૂપોને ગણવા પણ મનુષ્ય માટે મુશ્કેલ છે. તે મોટે ભાગે તે જ છે જે આજે પોતાનો ખોરાક પ્રાપ્ત કર્યા પછી કાલ માટે ન તો ખોરાક એકઠો કરે છે અને ન જ તેને તેના પ્રાપ્ત કરવાના માધ્યમો તેની પાસે હોય છે. હદીષમાં છે કે આ પક્ષીઓ સવારે પોતાના માળાઓમાંથી ભૂખ્યા નીકળે છે અને સાંજે પેટ ભરીને પાછા આવે છે, ન તો તેમની કોઈ ખેતીવાડી છે અને ન જ કોઈ જમીન જાયદાદ, ન તો તે કોઈ કારખાના અથવા કચેરીના નોકર છે કે જ્યાંથી પોતાની રોજી પ્રાપ્ત કરે. અલ્લાહ તઆલાની ખુલ્લી જમીનમાં નીકળે છે અને બધાને પેટ ભરીને ભોજન મળે છે અને આ એક દિવસનો ક્રમ નથી, જ્યાં સુધી તે જીવિત છે ત્યાં સુધી આ જ ક્રમ ચાલુ રહેશે.

ત્યાર પછીની આયતોમાં રોજીનો મૂળ સ્ત્રોત બતાવ્યો છે જે અલ્લાહ તઆલાની કૃપા છે અને ફરમાવ્યું છે, પોતે આ ઈન્કારી કાફિરોને સવાલ કરો કે આસમાન અને જમીન કોણે પેદા કર્યા અને સૂર્ય અને ચંદ્ર કોના હુકમના તા'બે ચાલી રહ્યા છે ? વરસાદ કોણ વરસાવે છે ? પછી એ વરસાદ દ્વારા જમીનમાં વનસ્પતિ કોણ ઉગાડે છે ? તો મુશ્રિકો પણ તેનો સ્વીકાર કરશે કે આ બધું કામ એકમાત્ર હસ્તી અલ્લાહ જલ્લ શા'નુહૂનું છે તો તેમને કહો કે પછી તમે અલ્લાહના સિવાય બીજાઓનો પૂજાપાઠ અને તેમને પોતાના કાર્યસાધક કઈ રીતે સમજો છો ? આગલી આયત وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ થી અંતિમ રુકૂઅ્ સુધી તેનું જ વર્ણન છે.

ખુલાસો એ છે કે હિજરતથી અટકાવનાર બીજી ચિંતાઓ રોજી રોટીની છે તે પણ મનુષ્યની ભૂલ છે, રોજી રોટી ઉપલબ્ધ કરાવવી અથવા તેને એકઠી કરવાનો સામાન અને સ્ત્રોતો પેદા કરવા તેના કબ્જામાં નથી અને તેના માધ્યમો અલ્લાહ તઆલાના જ અર્પણ કરેલા છે, તેણે જ આ વતનમાં આ સામાન એકઠો કર્યો હતો, તે બીજા સ્થળે પણ રોજી રોટીનો સામાન આપી શકે છે અને વિના કોઈ સામાને પણ આપણી રોજી રોટીની આવશ્યકતાઓ પૂર્ણ કરી શકે છે એટલા માટે આ બીજો ભય પણ હિજરતનો અવરોધ ન બનવો જોઈએ.

હિજરત ક્યારે ફરજ અથવા વાજિબ થાય છે ? :

હિજરતનો અર્થ, વ્યાખ્યા, તેની શ્રેષ્ઠતા અને બરકતો સૂરએ નિસાઅ્‌ની આયત નં. ૯૭ થી ૧૦૦ સુધીમાં અથવા શરઈ હુકમોમાં પરિવર્તન એ જ સૂરતની આયત નં. ૯૮ હેઠળ મઆરિફુલ કુર્આનના ત્રીજા ભાગમાં આવી ચૂકી છે અને અમુક આગલા પેજો ઉપર વર્ણન થઈ ચૂક્યું, એક વિષય ત્યાં વર્ણન કરવાથી રહી ગયો હતો તે અત્રે લખવામાં આવે છે.

જ્યારે રસૂલે કરીમ ﷺએ અલ્લાહ તઆલાના હુકમથી મક્કાએ મુઅજ્જમહથી હિજરત કરી અને બધા મુસલમાનોને શક્તિ હોવાની શરતે હિજરતનો હુકમ કર્યો તે સમયે મક્કા મુઅજ્જમહથી હિજરત કરવી ફરજે ઐન હતી જેનાથી કોઈ પુરુષ સ્ત્રી બાકાત ન હતું માત્ર તે લોકો જેઓ હિજરત કરવાની શક્તિ ધરાવતા ન હતા.

અને તે સમયમાં હિજરત માત્ર ફરજ જ નહીં બલકે મુસલમાન હોવાની નિશાની અને શરત પણ સમજવામાં આવતી હતી, શક્તિ હોવા છતાં જે કોઈ હિજરત ન કરે તેને મુસલમાન સમજવામાં આવતો ન હતો અને તેની સાથે તે જ વ્યવહાર કરવામાં આવતો હતો જે કાફિરો સાથે થતો હતો, તેનું વર્ણન સૂરએ નિસાઅ્‌ની આયત નં. ૮૯માં છે, حَتّٰى يُهَاجِرُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ તે સમયે હિજરતનું સ્થાન ઈસ્લામમાં તે હતું જે કલિમએ શહાદત "લા ઈલાહા ઈલ્લલ્લાહ"નું છે કે આ શહાદત પોતે પણ ફરજ છે અને મુસલમાન હોવાની શરત અને નિશાની પણ; કે જે વ્યક્તિ પોતાની શક્તિ હોવા છતાં મુખેથી ઈમાનનો સ્વીકાર અને કલિમએ લા ઈલાહા ઈલ્લલ્લાહની ગવાહી ન આપે ભલે દિલમાં આસ્થા અને સમર્થન રાખતો હોય તે મુસલમાન સમજવામાં આવતો નથી, જે વ્યક્તિ લાચાર છે જેનામાં આ કલિમહ બોલવાની શક્તિ નથી તે બાકાત છે, એ જ પ્રમાણે જે લોકોને હિજરત કરવાની શક્તિ ન હતી તેઓ બાકાત સમજવામાં આવ્યા જેનું વર્ણન સૂરએ નિસાઅ્‌ની આયત નં. ૯૮માં اِلَّا الْمُسْتَضْعَفِيْنَ માં આવ્યું છે અને જે લોકો હિજરત કરવામાં શક્તિશાળી હોવા છતાં મક્કા મુઅજ્જમહમાં સ્થાયી રહ્યા તેમના માટે જહન્નમની કઠોર ધમકીઓ આયત નં. ૯૭ اِنَّ الَّذِيْنَ تَوَفّٰهُمُ الْمَلٰٓئِكَةُ થી فَاُولٰٓئِكَ مَاْوٰهُمْ جَهَنَّمُ સુધી આવી છે.

જ્યારે મક્કા મુકર્રમહ ફતહ થઈ ગયું તો હિજરતનો હુકમ પણ રદ (મન્સૂખ) થઈ ગયો, કારણ કે તે સમયે મક્કા મુકર્રમહ દારુલ ઈસ્લામ બની ગયું હતું, રસૂલે કરીમ ﷺએ તે સમયે હુકમ કર્યો કે لَا هِجْرَةَ بَعْدَ الْفَتْحِ એટલે કે, ફત્હે મક્કા પછી મક્કા મુકર્રમહથી હિજરત કરવાની જરૂરત નથી, મક્કા મુકર્રમહથી હિજરતનું ફરજ હોવું પછી તેનું રદ થવું કુર્આન અને સુન્નતની નુસૂસુથી રદ થઈ ગયું જે એક નિશ્ચિત સમય માટેની ઘટના હતી. ફુક્હાએ ઉમ્મતે તે ઘટનાથી આ મસ્અલાઓ પ્રતિપાદિત કર્યા છે.

મસ્અલો :

જે શહેર અથવા દેશમાં માણસને પોતાના દીન ઉપર કાયમ રહેવાની સ્વતંત્રતા ન હોય, તે કુફ્ર, શિર્ક તથા શરીઅતના હુકમો વિરુદ્ધ કરવા ઉપર મજબૂર થાય ત્યાંથી હિજરત કરીને બીજા કોઈ શહેર અથવા દેશમાં જ્યાં દીન ઉપર અમલ કરવાની આઝાદી હોય ચાલ્યા જવું એ શરતે કે શક્તિ હોય તેના માટે વાજિબ છે, અલબત્ત જેને મુસાફરીની શક્તિ ન હોય અથવા કોઈ એવું સ્થળ પ્રાપ્ત ન થાય જ્યાં સ્વતંત્રતાથી દીન ઉપર અમલ કરી શકે તો તે શરઈ રીતે મા'ઝૂર (લાચાર) છે.

મસ્અલો :

જે દારુલકુફ્રમાં સામાન્ય દીની હુકમો ઉપર અમલ કરવાની આઝાદી હોય ત્યાંથી હિજરત ફરજ અથવા વાજિબ તો નથી પરંતુ તો પણ મુસ્તહબ છે અને તેમાં દારુલકુફ્ર હોવું પણ જરૂરી નથી. દારુલફિસ્ક જ્યાં અલ્લાહના હુકમોનું ઉલ્લંઘન જાહેરમાં થતું હોય તેનો પણ એ જ હુકમ છે, ભલે ત્યાંના શાસકો મુસલમાન હોવાની બીનાએ તેને દારુલ ઈસ્લામ કહેવામાં આવતું હોય.

આ વિગત હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ ફત્હુલ બારીમાં લખી છે અને હનફી કાયદાઓમાં કોઈ વસ્તુ તેનાથી વિપરીત નથી અને મુસ્નદે અહમદની એક રિવાયત જે હઝરત અબૂ યહ્યા, મૌલા ઝુબૈર ઈબ્ને અવામ (રદિ.)થી નકલ થઈ છે તે પણ તેના ઉપર સાક્ષી છે, હદીષ એ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

اَلْبِلَادُ بِلَادُ اللّٰهِ وَالْعِبَادُ عِبَادُ اللّٰهِ حَيْثُمَا اَصَبْتَ خَيْرًا فَاَقِمْ (ابن كثير)

"બધા શહેર અલ્લાહના શહેર છે અને બધા બંદાઓ અલ્લાહના બંદા છે

એટલા માટે જે સ્થળે તમારા માટે ભલાઈનો સામાન એકઠો થયો હોય ત્યાં વસવાટ કરો.'' *(ઈબ્ને કષીર)*

ઈબ્ને જરીર (રહ.)એ પોતાની સનદ સાથે હઝરત સઈદ બિન ઝુબૈર (રહ.)થી નકલ કર્યું છે કે તેમણે ફરમાવ્યું કે જે શહેરમાં ગુનાહ અને નિર્લજ્જતા સામાન્ય હોય તેને છોડી દો. તફસીરના ઈમામ હઝરત અતાઅ્ (રહ.)એ કહ્યું કે જ્યારે તમને કોઈ શહેરમાં ગુનાહ માટે મજબૂર કરવામાં આવે તો ત્યાંથી નાસી છૂટો. *(ઈબ્ને જરીર, તબરી ફિ તફસીર)*

આયતો : (સૂરએ અન્કબૂત : આયત નં. ૬૪ થી ૬૯)

وَمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَهْوٌ وَّلَعِبٌ ۭ وَاِنَّ الدَّارَ الْاٰخِرَةَ لَهِيَ الْحَيَوَانُ ۘ
لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٦٤﴾ فَاِذَا رَكِبُوْا فِي الْفُلْكِ دَعَوُا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۚ
فَلَمَّا نَجّٰىهُمْ اِلَى الْبَرِّ اِذَا هُمْ يُشْرِكُوْنَ ﴿٦٥﴾ لِيَكْفُرُوْا بِمَآ اٰتَيْنٰهُمْ ۚ وَلِيَتَمَتَّعُوْا
فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿٦٦﴾ اَوَلَمْ يَرَوْا اَنَّا جَعَلْنَا حَرَمًا اٰمِنًا وَّيُتَخَطَّفُ النَّاسُ مِنْ حَوْلِهِمْ ۭ
اَفَبِالْبَاطِلِ يُؤْمِنُوْنَ وَبِنِعْمَةِ اللّٰهِ يَكْفُرُوْنَ ﴿٦٧﴾ وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى
اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِالْحَقِّ لَمَّا جَاۗءَهٗ ۭ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ﴿٦٨﴾
وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ۭ وَاِنَّ اللّٰهَ لَمَعَ الْمُحْسِنِيْنَ ﴿٦٩﴾

તરજુમો :

અને આ દુનિયાનું જીવવું તો માત્ર જીવ બહેલાવવું અને ખેલકૂદ છે અને ખરેખર આખિરતનું ઘર ! બસ તે જ છે જીવંત રહેવું; જો તેમને સમજ હોત. (૬૪) પછી જ્યારે નાવ ઉપર સવાર થયા, અલ્લાહને માત્ર તેના જ ઉપર ભરોસો રાખી પોકારવા લાગ્યા, પછી જ્યારે તેમને જમીન તરફ બચાવી લાવ્યા તે જ વખતે (અલ્લાહના) ભાગીદાર બનાવવા લાગ્યા. (૬૫) જેથી અમારા આપેલાથી ઈન્કાર કરતા રહે અને મજા ઉડાવતા રહે, બસ નિકટમાં

જ જાણી લેશે. (૬૬) શું જોતા નથી કે અમે શરણનું સ્થળ (મક્કાને) સલામતીવાળું રાખી દીધું છે ? અને લોકો તેમની આસપાસથી ઝડપી લેવામાં આવે છે ? શું જૂઠ ઉપર યકીન રાખે છે અને અલ્લાહનું અહેસાન નથી માનતા ? (૬૭) અને તેનાથી વધારે અન્યાયી કોણ જે અલ્લાહ ઉપર જૂઠ ઘડે અથવા સાચી વાતને જૂઠાડે જ્યારે તેના સુધી પહોંચે, શું દોઝખમાં ઈન્કારીઓ માટે વસવાની જગ્યા નથી ? (૬૮) અને જેમણે અમારા માટે મહેનત કરી, અમે તેમને પોતાના માર્ગો સૂઝાડીશું અને નિઃશંક અલ્લાહ નેકીવાળાઓની સાથે છે. (૬૯)

તફસીર :

અને (તેમના વિચાર ન કરવાનું કારણ તેમની મૂર્ખામી છે, દુનિયાની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવાના કારણે જ્યારે કે) આ દુનિયવી જિંદગી માત્ર (જેની આ બધી જ ભાગદોડ છે તે) ખેલકૂદ સિવાય બીજું કંઈ પણ નથી અને અસલ જિંદગી આલમે આખિરત(ની) છે (એટલા માટે દુનિયા ક્ષણભંગૂર હોવાના અને આખિરત બાકી રહેવાના આ બંને વિષયો જગજાહેર છે, બસ નષ્ટ થનાર દુનિયામાં એટલા માટે ઓતપ્રોત થઈ જવું કે તેનાથી બધું ભૂલી જઈને બાકીના સૌથી વંચિત થઈ જવું પોતે પણ મૂર્ખામીની વાત છે) જો તેમને તેનું (પૂરતું) જ્ઞાન હોત તો આવું ન કર્યું હોત (કે નષ્ટ થનાર જિંદગીમાં પ્રવૃત્ત થઈને બાકીને ભૂલાવી ન દેતા હોત અને એટલા માટે તેનો સામાન તૈયાર ન કસ્તા હોત, બલકે આ લોકો દલીલોમાં વિચાર કરતા હોત.... અને ઈમાન લઈ આવ્યા હોત જેમકે પોતે તેમનો એ સ્વીકાર છે કે સૃષ્ટિના સર્જન અને તેને ટકાવી રાખવામાં અલ્લાહ તઆલાનો કોઈ ભાગીદાર નથી), પછી (જેમકે તેમના આ સ્વીકાર અને એકરારનો તકાદો છે કે અલ્લાહ તઆલાની ઈબાદતમાં અને તેની શક્તિમાં તે એકમાત્ર હોવાનું માન્યું હોત અને ક્યારેક તેની જાહેરાત પણ કરી હોત અને તેનો સ્વીકાર પણ કર્યો હોત એટલા માટે) જ્યારે આ લોકો નાવ ઉપર સવાર થાય છે (અને તે નાવ હાલક ડોલક થવા લાગે છે) તો (તે સમયે) માત્ર ભરોસો કરીને અલ્લાહને જ પોકારવા લાગે છે (لَئِنْ اَنْجَيْتَنَا مِنْ هٰذِهٖ لَنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ اَىْ اَلْمُوَحِّدِيْنَ) જેમાં અલ્લાહ તઆલાના મઅ્બૂદ હોવાનો અને તેના સર્વશક્તિમાન હોવાનો પણ સ્વીકાર છે પરંતુ આ હાલત દુનિયાની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થવાથી લાંબી

ટકતી નથી એટલા માટે તે સમયે તો બધા કરાર તવહીદના થઈ ચૂકે છે પરંતુ) ફરી જ્યારે તેમને (આ આફતથી) છુટકારો આપીને જમીન તરફ લઈ આવે છે તો તે તરત જ શિર્ક કરવા માંડે છે જેનો ખુલાસો એ છે કે અમે જે નેઅ્મત (છુટકારા વગેરેની) તેમને આપી છે તેની નાકદરી કરે છે અને આ લોકો (શિર્કની માન્યતાઓ અને દુષ્ટ કર્મોમાં પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરીને) અમુક વધારે ઈન્કાર કરીને મજા ઉડાવતા રહે પછી નિકટમાં જ તે સૌને ખબર થઈ જશે (અને હમણા તેમના આ દુનિયામાં ઓતપ્રોત થઈ જવાથી તેમને કશું દેખાતું નથી, બસ, એક અવરોધ તો તવહીદનો આ દુનિયાની પ્રવૃત્તિઓ છે અને બીજો એક તે અયોગ્ય અવરોધયુક્ત યુક્તિ કરી છે કે તેઓ કહે છે કે, اِنْ نَّتَّبِعِ الْهُدٰى مَعَكَ نُتَخَطَّفْ مِنْ اَرْضِنَا એટલે કે અમે જો મુસલમાન થઈ જઈએ તો અમને અરબના લોકો મારી નાંખશે જ્યારે કે અનુભવથી તે પોતે વ્યર્થ બહાનું હોવાની જાણ થઈ ચૂક્યું છે) શું તે લોકોએ એ વાત ઉપર દષ્ટિ નથી કરી કે અમે (તેમના શહેર મક્કાને) સલામતીવાળું સ્થળ બનાવ્યું છે અને તેમની આજુબાજુ(ના સ્થળો)માં (જે હરમથી બહાર છે) લોકોને (મારધાડ કરી તેમના ઘરોમાંથી) કાઢવામાં આવી રહ્યા છે, (તેનાથી વિપરીત તેમને અહીંયાં શાંતિથી રહેવાનું મળ્યું છે અને આ વાત પોતે અનુભવી રહ્યા છે તો તેઓ અનુભવ કર્યા પછી પણ કાલ્પનિક વાતો વિચારીને અનુભવોનો પણ વિરોધ કરે છે અને હલાકતનો ડર ઈમાન લાવવાનો અવરોધ બતાવે છે અને) પછી (સત્ય સ્પષ્ટ થયા પછી આ મૂર્ખામી અને જીદનું) શું (ઠેકાણું છે કે) આ લોકો જૂઠા મઅ્બૂદ ઉપર તો ઈમાન લાવે છે (તેના ઉપર ઈમાન લાવવાનો કોઈ તકાદો નથી અને જેના અસંખ્ય અવરોધો છે) અને અલ્લાહની (કે જેના ઉપર ઈમાન લાવવાના ઘણા બધા તકાદા અને સાચી દલીલો ઉપસ્થિત છે તેની) નેઅ્મતોની નાશુક્રી (એટલે કે અલ્લાહ તઆલાની સાથે શિર્ક) કરે છે (કારણ કે શિર્કથી વધીને કોઈ બીજી નાશુક્રી નથી કે અસ્તિત્વની નેઅ્મતથી લઈને બાકી રહેવા સુધીની બધી જ નેઅ્મતો ઉપર જો ચિંતન અને મનન વગેરે કરે કે તે તેનું જ અર્પણ કરેલ છે અને ઈબાદત કે જે આ નેઅ્મતોનો શુક્ર છે બીજાના માટે કરવામાં આવે ?!) અને (વાસ્તવમાં વાત એ છે કે) તે વ્યક્તિથી વધારે કોણ અન્યાયી હશે જે (દલીલ વિના) અલ્લાહ ઉપર જૂઠો આક્ષેપ ઘડે (કે તે ભાગીદાર ધરાવે છે) અને જ્યારે પણ તેની પાસે સાચી વાત

(દલીલની સાથે) પહોંચે તે તેને જૂઠાડી આપે (આ તેનું અન્યાયીપણું દેખીતું છે કે દલીલ વિનાની વાતનું તો સમર્થન કરે છે અને દલીલવાળી વાતને જૂઠાડે છે) શું આવા કાફિરોનું (જે આ પ્રમાણે અન્યાય કરે) જહન્નમમાં ઠેકાણું ન હોય ?! (એટલે કે અવશ્ય જહન્નમ તેમનું ઠેકાણું છે કારણ કે સજા અપરાધના યોગ્ય જ હોય છે, બસ જેવો તેમનો અપરાધ મોટો છે એવી જ તેમની સજા પણ કઠોર છે, ઉપર તે લોકોની પરિસ્થિતિ હતી જેઓ કાફિરો અને મનેચ્છાઓના પૂજારી હતા) અને (હવે તેમના વિરોધીઓનું વર્ણન છે કે) જે લોકો અમારા માર્ગમાં તકલીફો બરદાસ્ત કરે છે અમે તેમને પોતાનો (બદલો એટલે કે જન્નતનો) માર્ગ અવશ્ય બતાવીશું (જેનાથી તેઓ જન્નતમાં જઈ પહોંચશે ...وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ هَدٰنَا) અને બેશક ! અલ્લાહ(ની ખુશી અને રહમત) એવા નિખાલસતાવાળાઓની સાથે છે (દુનિયામાં પણ અને આખિરતમાં પણ).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં કાફિરો અને મુશ્રિકોની તે પરિસ્થિતિઓનું વર્ણન થયું કે આસમાનો અને જમીનની ઉત્પત્તિ, સૂર્ય અને ચંદ્રની વ્યવસ્થા, વરસાદ ઊતરવાની અને તેનાથી વનસ્પતિ ઉગાડવાનું સમગ્ર વ્યવસ્થાપનતંત્ર આ લોકો પણ અલ્લાહ તઆલાના જ કબ્જામાં હોવાની આસ્થા રાખે છે, તેમાં કોઈ મૂર્તિ વગેરેને ભાગીદાર નથી માનતા પરંતુ પછી પણ તેઓ અલ્લાહની શક્તિમાં મૂર્તિઓને ભાગીદાર ઠરાવે છે તેનું કારણ આ છે કે اَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ એટલે કે, તેમના મોટા ભાગના લોકો તે છે જેઓ સમજતા નથી.

અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ લોકો પાગલ અથવા ગાંડા તો નથી બલકે બાહોશ અને સમજદાર લોકો છે, દુનિયાના મોટા મોટા કાર્યો સારી રીતે કરે છે પછી તેમને તેમના અણસમજ હોવાનું શું કારણ છે ? તેનો ઉત્તર પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં એ આપવામાં આવ્યો કે તેમને દુનિયા અને તેની ભૌતિકતાએ તથા નષ્ટ થનાર આનંદ પ્રમોદે અને મનેચ્છાઓની મહોબ્બતે આખિરત અને તેના પરિણામમાં ચિંતન અને મનન કરવાથી આંધળા અને અણસમજ બનાવી દીધા છે જ્યારે કે આ દુનિયાની જિંદગી ખેલકૂદ એટલે કે સમય પસાર કરવાની પ્રવૃત્તિ અને રમત સિવાય કંઈ નથી અને અસલી જિંદગી

જે કાયમી છે તે આખિરતની જિંદગી છે. وَمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَا اِلَّا لَهْوٌ وَّلَعِبٌ وَّاِنَّ الدَّارَ الْاٰخِرَةَ لَهِيَ الْحَيَوَانُ આ જ સ્થળે حَيَوَانُ (હયવાન)નો શબ્દ જીવનના ક્રિયાપદના અર્થમાં આવ્યો છે. *(કુર્તુબી)*

એમાં દુનિયાની જિંદગીને ખેલકૂદ ફરમાવ્યું છે, મતલબ એ છે કે જે રીતે રમત ગમતમાં કોઈ મોટો હેતુ અથવા કોઈ મકસદ પ્રાપ્ત થતો નથી, થોડા સમય પછી બધો ખેલ તમાશો સમાપ્ત થઈ જાય છે એ જ હાલ આ દુનિયાનો છે. (ત્યાર પછીની આયતમાં આ મુશ્રિકોનો એક અન્ય બુરો હાલ એ બતાવવામાં આવ્યો કે જે રીતે આ લોકો સૃષ્ટિના સર્જનમાં અલ્લાહ તઆલાને એકમાત્ર હોવાનું માને છે તે છતાં તેઓ અજ્ઞાનતાના શિકાર છે કે મૂર્તિઓને અલ્લાહના ભાગીદાર ઠરાવે છે તેનાથી વધારે આશ્ચર્ય એ છે કે જ્યારે તેમના ઉપર કોઈ મોટી મુસીબત આવી પડે છે તો આ મુસીબતના સમયે પણ તેમની આ આસ્થા અને એકરાર હોય છે કે તેમાં કોઈ મૂર્તિ અમારી મદદગાર નહીં બની શકે, મુસીબતથી છુટકારો એકમાત્ર અલ્લાહ જ આપી શકે છે એટલા માટે ઉદાહરણ સ્વરૂપે બતાવ્યું કે આ લોકો જ્યારે દરિયામાં મુસાફરીમાં હોય છે અને ડૂબવાનો ભય હોય છે તો આ ભયને ટાળવા માટે કોઈ મૂર્તિને પોકારવાને બદલે માત્ર અલ્લાહ તઆલાને જ પોકારે છે અને અલ્લાહ તઆલા તેમની લાચારી અને બેકરારીને કામચલાઉ ધોરણે દુનિયાના બધા જ સહારાઓથી કપાયેલા હોવાના કારણે તેમની દુઆનો સ્વીકાર કરીને તેમને દુનિયાની આફતથી છુટકારો આપી દે છે પરંતુ આ જાલિમ જ્યારે કિનારા ઉપર પહોંચીને સંતોષિત થઈ જાય છે તો ફરી મૂર્તિઓને અલ્લાહના ભાગીદાર કહેવા માંડે છે. આયત فَاِذَا رَكِبُوْا فِي الْفُلْكِ નો આ જ ભાવાર્થ છે.

ખુલાસો :

આ આયતથી જાણ થઈ કે કાફિરો પણ જે સમયે પોતાને નિઃસહાય જાણીને માત્ર અલ્લાહ તઆલાને પોકારે છે અને તે સમયે એવો વિશ્વાસ કરે છે કે માત્ર અલ્લાહ સિવાય મને આ મુસીબતથી કોઈ છોડાવી નથી શકતું તો અલ્લાહ તઆલા કાફિરની પણ તે સમયની દુઆ કબૂલ કરે છે કારણ કે તે લાચાર છે અને અલ્લાહ તઆલાએ લાચારની દુઆ સ્વીકાર કરવાનો વાયદો કર્યો છે.

(કુર્તુબી વગેરે)

અને એક આયતમાં જે આ નકલ થયું છે, وَمَا دُعَآءُ الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ એટલે કે કાફિરોની દુઆ સ્વીકાર કરવાપાત્ર નથી એ પરિસ્થિતિ આખિરતની છે કે ત્યાં કાફિર અઝાબથી છુટકારાની દુઆ કરશે તો તે કબૂલ થશે નહીં.

اَوَلَمْ يَرَوْا اَنَّا جَعَلْنَا حَرَمًا اٰمِنًا.... ઉપરની આયતમાં મક્કાના મુશ્રિકોની અજ્ઞાનતાપૂર્ણ પ્રવૃત્તિઓનું વર્ણન હતું કે બધી વસ્તુઓનો સર્જનહાર અને માલિક અલ્લાહ તઆલા હોવાની આસ્થા ધરાવતા હોવા છતાં પથ્થરની પોતાની જાતે કંડારેલી મૂર્તિઓને તેની શક્તિના ભાગીદાર બતાવતા હતા અને માત્ર સૃષ્ટિના સર્જનનો જ અલ્લાહ તઆલાને માલિક સમજતા ન હતા બલકે આડા સમયે મુસીબતથી છુટકારો આપવો પણ તેનો જ અધિકાર હોવાનું જાણે છે પરંતુ છુટકારા પછી ફરી એકવાર શિર્કમાં સંડોવાઈ જાય છે, તેમના કુફ્ર અને શિર્કનું એક બહાનું મક્કાના અમુક મુશ્રિકો તરફથી એ રજુ કરવામાં આવતું હતું કે અમે તમારા દીનને સત્ય અને સાચો માનીએ છીએ પરંતુ તેનું અનુસરણ કરવામાં અને મુસલમાન થઈ જવામાં અમે પોતાના પ્રાણનો ભય અનુભવીએ છીએ, કારણ કે સમગ્ર અરબ ઇસ્લામના વિરુદ્ધ છે જો અમે મુસલમાન થઈ ગયા તો બાકીના અરબો અમને ઊંચકી લઈ જશે અને મારી નાંખશે. *(كما روى અન ઇબ્ને અબ્બાસ)*

જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે તેમનું આ બહાનું પણ ખોટું છે, કારણ કે મક્કાના નિવાસીઓને તો અલ્લાહ તઆલાએ પોતાના ઘરના કારણે તે શ્રેષ્ઠતા અને સન્માન બખ્શ્યું છે જે દુનિયામાં કોઈ સ્થળના લોકોને પ્રાપ્ત નથી અને મક્કાની સમગ્ર જમીનને હરમ બનાવી દીધું છે. અરબના નિવાસીઓ મો'મિન હોય અથવા કાફિર સૌ હરમનું સન્માન કરે છે, તેમાં હત્યા કે ખૂનામરકીને હરામ સમજે છે, હરમમાં મનુષ્ય તો મનુષ્ય, ત્યાં શિકાર કરવો અથવા કતલ કરવું પણ હરામ સમજે છે, બહારનો કોઈ વ્યક્તિ હરમમાં દાખલ થઈ જાય તો તે પણ કતલ થવાથી સુરક્ષિત થઈ જાય છે તો મક્કએ મુઅજ્જમહના નિવાસીઓનો ઇસ્લામ સ્વીકાર કરવાથી પોતાનો ભય રજુ કરવો એક ખોટું બહાનું માત્ર છે.

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا જિહાદનો મૂળ અર્થ દીનમાં ઉપસ્થિત થનાર અવરોધોને દૂર કરવામાં પોતાની સમગ્ર શક્તિ ખર્ચી નાંખવાનો છે, તેમાં તે

અવરોધો પણ સામેલ છે જે કાફિરો અને દુષ્ટો તરફથી ઊભા થાય છે. કાફિરો સાથે યુદ્ધ તેની પરાકાષ્ઠા છે અને તે અવરોધો પણ તેમાં સામેલ છે જે પોતાની મનેચ્છાઓ અને શયતાન તરફથી ઉપસ્થિત થાય છે.

જિહાદના આ બંને પ્રકારો ઉપર આ આયતમાં એ વાયદો થયો છે કે અમે જિહાદ કરનારાઓને અમે અમારા માર્ગનું માર્ગદર્શન કરી આપીએ છીએ, એટલે કે જે પરિસ્થિતિઓમાં ભલાઈ અને બુરાઈ અથવા સત્ય અને અસત્ય અથવા લાભ અને નુકસાનની સંભાવના હોય છે બુદ્ધિશાળી વ્યક્તિ વિચારે છે કે કયો માર્ગ અપનાવવામાં આવે ? આવી તકોએ અલ્લાહ તઆલા પોતાના માર્ગમાં જિહાદ કરનારાઓને સાચો, સીધો અને ભય વિનાનો માર્ગ બતાવે છે, એટલે કે તેમના દિલોને એ જ તરફ ફેરવી દે છે જેમાં તેમના માટે ભલાઈ અને બરકત હોય.

જ્ઞાન ઉપર અમલ કરવાથી જ્ઞાનમાં વધારો થાય છે :

હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)એ આ આયતની તફસીરમાં કહ્યું કે અલ્લાહ તઆલા તરફથી જે જ્ઞાન લોકોને આપવામાં આવે છે, જે લોકો પોતાના ઈલ્મ ઉપર અમલ કરવામાં જિહાદ કરે છે, અમે તેમના ઉપર બીજા જ્ઞાન પણ જાહેર કરી આપીએ છીએ કે જે હજુ સુધી પ્રાપ્ત નથી થયા. ફુઝૈલ ઈબ્ને અયાઝ (રહ.)એ ફરમાવ્યું કે જે લોકો ઈલ્મની પ્રાપ્તિ માટે કોશીશ કરે છે અમે તેમના માટે અમલ કરવો પણ સરળ કરી આપીએ છીએ. વલ્લાહુ અઅ્લમુ. *(મઝહરી)*

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ અન્કબૂત પૂર્ણ થઈ.



તારીખ : ૧૧ એપ્રિલ ૨૦૧૦ મુતાબિક ૨૫ રબિઉલ આખર ૧૪૩૧ હિજરી

प्रકરણ (૩૦)

સૂરએ રૂમ

સૂરએ રૂમ મક્કામાં નાઝિલ થઈ, તેમાં ૬૦ આયતો અને ૬ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૧ થી ૭)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલિફ-લામ-મીમ. (૧) રૉમનો પરાજિત થઈ ગયા છે. (૨) બહુ નજીકની ભૂમિમાં; અને તેઓ આ પરાજિત થયા પછી નિકટમાં જ વિજયી થશે. (૩) અમુક વર્ષોમાં; અલ્લાહના હાથમાં સઘળા કામ છે પહેલા અને પાછલા; અને તે દિવસે મુસલમાનો ખુશ થશે. (૪) અલ્લાહની મદદથી; મદદ કરે છે જેને ઇચ્છે છે અને તે જ જબરદસ્ત રહમવાળો છે. (૫) અલ્લાહનો વાયદો થઈ ચૂક્યો, અલ્લાહ પોતાના વાયદા વિરુદ્ધ કરશે નહીં

પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૬) દુનિયાના જીવનની જાહેર સ્થિતિને જાણે છે અને તે લોકો આખિરતની ખબર રાખતા નથી. (૭)

તફસીર :

અલિફ-લામ-મીમ (તેનો અર્થ અલ્લાહને ખબર છે), રૉમનો એક નજીકના સ્થળે (એટલે કે રૉમની ભૂમિના એવા સ્થળે જે ફારસ કરતા અરબની વધારે નજીક છે. ભાવાર્થ તેનાથી اَذْرُعَات -અઝરુઆત અને બસરા છે જે શામ દેશના બે શહેરો છે. -કઝા ફિલ કામૂસ -અને રૉમના શાસન હેઠળ હોવાથી રૉમન સામ્રાજ્યમાં સામેલ છે. આ તકે રૉમનો ફારસના મુકાબલામાં) પરાજિત થઈ ગયા (જેનાથી મુશ્રિકો ખુશ થયા) અને તે (રૉમનો) પોતાના (આ) પરાજિત થયા પછી નિકટમાં (ફારસવાળાઓ ઉપર બીજા મુકાબલામાં) ત્રણ વર્ષથી લઈને નવ વર્ષની અંદર અંદર વિજેતા બનશે (અને આ પરાજય અને વિજય બધું અલ્લાહના તરફથી છે કારણ કે પરાજિત કરવું) પ્રથમ પણ અલ્લાહના જ અધિકારમાં હતું, (જેણે પરાજિત કરી દીધા હતા) અને (પરાજિત થયાથી) પાછળ પણ (અલ્લાહનો જ અધિકાર છે જે વિજેતા બનાવશે); અને તે દિવસે (એટલે કે જ્યારે રૉમનો વિજેતા બનશે) મુસલમાન અલ્લાહ તઆલાની મદદ ઉપર ખુશ થશે (આ મદદથી યા તો એ ભાવાર્થ છે કે અલ્લાહ તઆલા મુસલમાનોને તેમના નિવેદનમાં સાચા અને વર્ચસ્વવાળા ઠરાવશે, કારણ કે આ ખુશખબરીને મુસલમાનોએ કાફિરો ઉપર જાહેર કરી અને કાફિરોએ તેને જૂઠાડ્યું તો એવું બનવાથી મુસલમાનોની જીત થઈ જશે અથવા તો એ ભાવાર્થ છે કે મુસલમાનો પણ યુદ્ધમાં વિજેતા બનશે, કારણ કે તે સમય જંગે બદ્રમાં સહાયતા મોકલવાનો હતો અને દરેક પરિસ્થિતિમાં સહાયતાના અધિકારી ઈસ્લામવાળા જ છે અને મુસલમાનોની જાહેર પરાજિત પરિસ્થિતિ જોઈને એ વાત સમજવામાં ન આવે કે આ પરાજિત મુસલમાનો કાફિરો સાથે મુકાબલામાં વિજેતા કઈ રીતે બનશે, કારણ કે મદદ અલ્લાહના જ કબ્જામાં છે) તે જેને ઈચ્છે વિજેતા બનાવી દે છે અને તે મહાબળવાન છે. (જ્યારે ઈચ્છ્યું કાફિરોને પરાજિત કરાવી દીધા અને) અલ્લાહ તઆલાનો આ વાયદો થઈ ચૂક્યો છે (અને) અલ્લાહ તઆલા પોતાના વાયદાના વિરુદ્ધ કરતો નથી (એટલા માટે આ ખુશખબરી પ્રમાણે અવશ્ય થઈને રહેશે) અને પરંતુ ઘણા લોકો (અલ્લાહ તઆલાની કુદરતને) નથી જાણતા

(બલકે માત્ર જાહેર કારણો જોઈને તે કારણો ઉપર હુકમ લગાવી દે છે, એટલા માટે આ ખુશખબરીઓમાં શંકા-કુશંકા કરે છે, જ્યારે કે અલ્લાહ બધા જ કાર્ય-કારણોનો માલિક છે, તેના માટે કારણો બદલવું પણ સરળ છે અને કારણો વિરુદ્ધ કાર્યને કરવું પણ સરળ છે,

અને જેવી રીતે ખુશખબરીઓ આવતા પહેલાં કારણો જાહેર ન હોવાના કારણે તેઓ તેનો ઈન્કાર કરે છે એ જ પ્રમાણે ખુશખબરીઓને પૂરી થતી જોઈને પણ તેને એક અનાયાસે ઘટેલી ઘટના ઠરાવે છે અને અલ્લાહનો વાયદો પૂર્ણ થયાનું નથી સમજતા એટલા માટે શબ્દ لَا يَعْلَمُوْنَ માં આ બે વસ્તુઓ આવી ગઈ અને લોકોનું અલ્લાહ તઆલા અને નુબુવ્વતથી ગાફિલ અને અજ્ઞાન રહેવું એ કારણે છે કે) આ લોકો માત્ર દુનિયવી જિંદગીના જાહેરને (એટલે કે જાહેર પરિસ્થિતિને) માને છે અને આ લોકો આખિરતથી (બિલકુલ જ) બેખબર છે (કે ત્યાં શું થશે ? એટલા માટે તેમને દુનિયામાં ન તો અઝાબના કારણોથી બચવાની ફિકર છે અને ન જ છુટકારાના કારણોની એટલે કે ઈમાન અને નેક કાર્યોની તલાશ છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ રૂમ નાઝિલ થવાની ઘટના અને ફારસ (ઇરાન)નું યુદ્ધ :

સૂરએ અન્કબૂત એ આયત ઉપર ખતમ થઈ છે જેમાં અલ્લાહ તઆલાએ પોતાના માર્ગમાં જિહાદ અને સંઘર્ષ કરનાર માટે પોતાના માર્ગ ખોલી નાંખવાની અને મકસદોમાં સફળતાની ખુશખબરી આપી હતી. સૂરએ રૂમની શરૂઆત જે કિસ્સાથી થઈ છે તે અલ્લાહ તઆલાની એ જ મદદની એક જાહેરાત છે. આ સૂરતમાં જે ઘટના રૉમનો અને ફારસના યુદ્ધની ઉપસ્થિત છે તે બંને કાફિરો જ હતા, તેમનામાં કોઈનો પણ વિજય અને કોઈની પણ હાર દેખીતી રીતે મુસલમાનો માટે કોઈ રસપ્રદ બાબત ન હતી પરંતુ તે બંને કાફિરોમાં ફારસના લોકો મુશ્રિકો અને મૂર્તિપૂજકો હતા અને રૉમનો ઈસાઈઓ એટલે કે અહલે કિતાબ હતા અને દેખીતું છે કે બંને પ્રકારના કાફિરોમાં અહલે કિતાબ મુસલમાનોથી સંબંધમાં વધારે નજીક છે કારણ કે ઘણા બધા દીની સિદ્ધાંતો જેમકે આખિરત ઉપર ઈમાન, રિસાલત અને વહી ઉપર ઈમાન, તેમની સાથે અમુક

હદે સમાન છે, આ સમાનતાની બાબતથી રસૂલે કરીમ ﷺએ પોતાના પત્રોમાં કામ લીધું જે રૉમન સમ્રાટને ઈસ્લામની દા'વત આપવા માટે મોકલ્યો હતો તે تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ.... અહલે કિતાબની સાથે મુસલમાનોની એક રીતે નિકટતાનું એ કારણ બન્યું. રસૂલે કરીમ ﷺના મક્કા મુકર્રમહમાં સ્થાયિત્વના સમયમાં ફારસે રૉમનો ઉપર હુમલો કર્યો, હાફિઝ ઈબ્ને હજર (રહ.)ના નિવેદન પ્રમાણે તેમનું આ યુદ્ધ શામ દેશના اَذْرُعَات (અઝ્રુઆત– Adhru'at) અને બસરા વચ્ચે થયું. આ યુદ્ધમાં મક્કાના મુશ્રિકો એવું ઈચ્છતા હતા કે ફારસ જીતી જાય કારણ કે તેઓ પણ શિર્ક અને મૂર્તિપૂજામાં તેમના ભાગીદાર હતા અને મુસલમાનો એવું ઈચ્છતા હતા કે રૉમનો વિજયી બને કારણ કે તે દીન અને ધર્મના આધારે ઈસ્લામથી નજીક હતા પરંતુ થયું એ કે તે સમયે ફારસ રૉમનો ઉપર વિજયી બન્યું એટલે સુધી કે કૉન્સ્ટન્ટીનોપલ પણ જીતી લેવામાં આવ્યું અને ત્યાં પોતાની પૂજા માટે એક અગિયારી (આતશકદહ) પણ બંધાવ્યું અને રૉમનો ઉપરનો આ વિજય તેમનો અંતિમ વિજય હતો, ત્યાર પછી તેમની પડતી શરૂ થઈ અને મુસલમાનોના હાથે તેમનો અંત આવ્યો.

આ ઘટના ઉપર મક્કાના મુશ્રિકોએ ખુશીઓ મનાવી અને મુસલમાનોને મહેણા માર્યા કે તમે જેને ચાહો છો તે હારી ગયા અને જેમકે રૉમન અહલે કિતાબના મુકાબલામાં ફારસવાળાઓના હાથે હારી ગયા એ રીતે અમારા મુકાબલામાં તમને પણ પરાજય જ મળશે, તેનાથી મુસલમાનોને રંજગમ થયો.

(ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમ)

કુર્આનમાં સૂરએ રૂમની શરૂઆતની આયતો આ જ ઘટના વિશે નાઝિલ થઈ જેમાં એ ખુશખબરી અને ભવિષ્યવાણી આપવામાં આવી કે અમુક વર્ષો પછી ફરી રૉમનો ફારસ ઉપર વિજયી બનશે.

હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ જ્યારે આ આયતો સાંભળી તો મક્કાની આજુબાજુ અને મુશ્રિકોની સભાઓમાં અને બજારોમાં જઈને એનું એ'લાન કર્યું કે તમારે ખુશ થવાનું કોઈ કારણ નથી, અમુક વર્ષોમાં ફરી રૉમનો ફારસ ઉપર વિજય પ્રાપ્ત કરશે. મક્કાના મુશ્રિકોમાંથી ઉબય બિન ખલફે મુકાબલો કર્યો અને કહેવા લાગ્યો કે તમે જૂઠું બોલો છો, એવું બની નથી શકતું. હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ કહ્યું, અલ્લાહના દુશ્મન ! તું જ જૂઠો છે અને હું તો આ ઘટના

ઉપર શરત લગાવવા તૈયાર છું કે જો ત્રણ વર્ષની અંદર અંદર રૉમનો ફરી વિજયી ન બને તો દશ ઊંટણીઓ હું તમને આપીશ અને જો તેઓ વિજયી બને તો દશ ઊંટણીઓ તમારે આપવી પડશે. (આ ઘટના કિમાર–જુગારની હતી, તે સમયે કિમાર હરામ થયું ન હતું). એવું કહીને હઝરત સિદ્દીકે અકબર (રદિ.) નબીએ કરીમ ﷺ પાસે હાજર થયા અને આ ઘટનાનું વર્ણન કર્યું, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મેં તો ત્રણ વર્ષનો સમય નક્કી કર્યો ન હતો કારણ કે કુર્આનમાં તેના માટે શબ્દ بِضۡعِ سِنِيۡنَ આવ્યો છે જે ત્રણ વર્ષથી લઈ નવ વર્ષ સુધીમાં બની શકે છે, તમે જાઓ અને જેની સાથે કરાર થયો છે તેને કહી આપો કે હું દશ ઊંટણીઓના બદલે સો ઊંટણીઓની શરત લગાવું છું પરંતુ મુદત ત્રણ વર્ષના બદલે નવ વર્ષ અને અમુક રિવાયતોની રૂએ સાત વર્ષ નક્કી કરું છું. હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ હુકમનું પાલન કર્યું અને ઉબય બિન ખલફ આ નવા કરાર ઉપર રાજી થઈ ગયો.

(اِبْنُ جَرِيْرٍ بِسَنَدِهٖ عَنْ مُجَاهِدٍ وَرَوَى الْقِصَّةَ التِّرْمِذِىُّ عَنْ اَبِىْ سَعِيْدِ ِالْخُدَرِىّ وَدِيْنَارِبْنِ مُكَرَّمِ الْاَسْلَمِىّ بِتَغْيِيْرِ يَسِيْر)

હદીષની રિવાયતોથી જાણ થાય છે કે આ ઘટના હિજરતના પાંચ વર્ષો પહેલાં બની છે અને પૂરા સાત વર્ષો થવા ઉપર રૉમનો ફરીવાર ફારસ ઉપર વિજેતા બન્યા અને તે સમયે ઉબય બિન ખલફ મૃત્યુ પામી ચૂક્યો હતો. હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ તેના વારસદારો પાસે પોતાની શરત પ્રમાણે સો ઊંટણીઓની માંગણી કરી તે લોકોએ ઊંટણીઓ આપી દીધી.

અમુક રિવાયતોમાં છે કે હિજરત પહેલાં ઉબય બિન ખલફને જ્યારે સંદેહ થયો કે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) પણ કદાચ હિજરત કરીને ચાલ્યા જાય તો તેણે કહ્યું કે, હું તમને તે સમય સુધી છોડીશ નહીં જ્યાં સુધી તમે કોઈ કફીલ (વચેટિયો) રજુ ન કરો કે નિશ્ચિત સમય સુધીમાં રૉમનો વિજેતા ન થાય તો સો ઊંટણીઓ તે મને આપશે, હઝરત સિદ્દીક (રદિ.)એ પોતાના દિકરા અબ્દુર્રહમાનને તેમના કફીલ બનાવ્યા હતા.

જ્યારે શરત પ્રમાણે હઝરત સિદ્દીકે અકબર (રદિ.) જીતી ગયા અને સો ઊંટણીઓ તેમની પાસે આવી ત્યારે તે બધી ઊંટણીઓ લઈને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, આ ઊંટણીઓનો સદકહ

કરી દો અને અબૂ યઅ્લા ઈબ્ને અસાકિરમાં હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.)ની રિવાયતથી તેમાં આ શબ્દો નકલ થયા છે هٰذَا السُّحْتُ تَصَدَّقْ بِهٖ આ તો હરામ છે એનો સદકહ કરી દો. *(રૂહુલ મઆની)*

કિમારનો મસ્અલો :

કિમાર એટલે કે જુગાર કુર્આની નુસૂસ પ્રમાણે સદંતર હરામ છે. મદીનાની હિજરત પછી જે સમયે દારૂ હરામ કરવામાં આવ્યું તેની સાથે જ જુગાર પણ હરામ કરી દેવામાં આવ્યો અને તેને શયતાની પ્રવૃત્તિ ઠરાવવામાં આવી. આયત اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ માં مَيْسِرُ (મયૂસિર) અને اَزْلَامُ (અઝ્લામ) જુગાર (કિમાર)નું જ સ્વરૂપ છે જેને હરામ ઠરાવવામાં આવ્યું છે.

અને આ બંને બાજુની લેનદેન અને હાર—જીતની શરત જે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ ઉબય બિન ખલફ સાથે ઠરાવી એ પણ એક પ્રકારનો જુગાર અને કિમાર જ હતો પરંતુ આ ઘટના હિજરત પહેલાંની છે જ્યારે કિમાર હરામ થયું ન હતું એટલા માટે આ ઘટનામાં જ્યારે આ કિમારનો માલ રસૂલે કરીમ ﷺ પાસે લાવવામાં આવ્યો તો કોઈ માલ હરામ હતો નહીં.

એટલા માટે અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે રસૂલે કરીમ ﷺએ તેને સદકહ કરી આપવાનો હુકમ કેમ આપ્યો ? ખાસ કરીને બીજી રિવાયતમાં જે તેના વિશે શબ્દ سُحْت (સુહ્ત) આવ્યો છે જેનો પ્રખ્યાત અર્થ "હરામ" થાય છે એ કેવી રીતે યોગ્ય હશે ? તેનો જવાબ ફુકહાએ એ આપ્યો છે કે આ માલ જો કે તે સમયે હલાલ હતો પરંતુ કિમાર દ્વારા માલ ભેગો કરવો તે સમયે પણ રસૂલે કરીમ ﷺને પસંદ ન હતું એટલા માટે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની શા'ન પ્રમાણે યોગ્ય ન સમજીને તેને સદકહ કરવાનો હુકમ આપ્યો અને આ એવું જ છે જેમકે શરાબ હલાલ હોવાના સમયમાં પણ રસૂલે કરીમ ﷺ અને હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ ક્યારેય તેનું સેવન કર્યું નથી.

શબ્દ سُحْت (સુહ્ત) જે અમુક રિવાયતોમાં આવ્યો છે પ્રથમ તો આ રિવાયતના મુહદ્દીસોએ તેને સાચો સ્વીકાર્યો નથી અને જો સાચો પણ માનવામાં આવે તો આ શબ્દ પણ કેટલાય અર્થોમાં ઉપયોગ થાય છે, જેમકે "હરામ"ના

અર્થમાં પ્રખ્યાત છે, તેનો બીજો અર્થ "મકરૂહ અને અણગમતું" થાય છે જેમકે એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, كَسْبُ الْحَجَّامِ سُحْتٌ એટલે કે, પ્યાલો લગાવી સારવાર કરનાર (Cupping Treatment)ની કમાઈ સુહ્ત છે. અહીંયાં જમહૂર ફુકહાએ તેનો અર્થ "અણગમતું અને મકરૂહ"નો લીધો છે અને ઈમામ રાગિબ અસ્ફહાનીએ મુફરદાતુલ કુર્આનમાં અને ઈબ્ને અષીરે નહાયહમાં શબ્દ "સુહ્ત"ના આ જ વિવિધ અર્થો અરબના મહાવરાઓ અને નબવી હદીષથી સાબિત કર્યા છે.

ફુકહાનું આ નિવેદન એટલા માટે પણ સ્વીકારવું જરૂરી છે કે જો વાસ્તવમાં આ માલ હરામ હતો તો શરઈ સિદ્ધાંત પ્રમાણે આ માલ તે જ વ્યક્તિને પાછો આપવો જરૂરી હતો જેની પાસેથી લેવામાં આવ્યો છે, હરામ માલને સદકહ કરવાનો હુકમ માત્ર એવા સ્વરૂપમાં હોય છે જ્યારે કે તેના માલિકની ખબર ન હોય અથવા તેને ઓળખવો મુશ્કેલ હોય અથવા તેને પાછો આપવામાં પણ કોઈ અન્ય શરઈ અડચણ હોય. વલ્લાહુ અઅ્લમુ.

يَوْمَئِذٍ يَّفْرَحُ الْمُؤْمِنُوْنَ بِنَصْرِ اللّٰهِ એટલે કે, તે દિવસે જ્યારે કે રૉમનો ફારસ ઉપર વિજય પ્રાપ્ત કરશે મુસલમાનો અલ્લાહની મદદથી ખુશ થશે. વાક્યરચના પ્રમાણે દેખીતું એ છે કે અત્રે نَصْر (નસ્ર) અને મદદથી રૉમનોની મદદ અને સહાયતા છે, તેઓ જો કે કાફિર હતા પરંતુ બીજાના મુકાબલામાં કાફિરોના આધારે કુફ્રમાં હલકા હતા એટલા માટે તેમની મદદ અલ્લાહ તઆલા તરફથી થવી કોઈ અસંભવ વાત નથી, ખાસ કરીને જ્યારે કે તેમની મદદથી મુસલમાનોને પણ ખુશી પ્રાપ્ત થાય અને કાફિરોના મુકાબલામાં તેમનો વિજય પણ થાય.

અને એ પણ સંભાવના છે કે મદદનો ભાવાર્થ અત્રે મુસલમાનોની મદદ હોય જે બે કારણોથી હોઈ શકે છે, પ્રથમ તો એ જ કે મુસલમાનોએ રૉમનોના વિજયને કુર્આનની સચ્ચાઈ અને ઈસ્લામના સત્ય હોવાની દલીલ બનાવીને રજુ કર્યું હતું એટલા માટે રૉમનોનો વિજય વાસ્તવમાં મુસલમાનોની મદદ હતી, બીજું કારણ મુસલમાનોની મદદનું એ પણ હોઈ શકે છે કે તે સમયે કાફિરોની બે મોટી મહાશક્તિઓ રૉમ અને ફારસ હતી, અલ્લાહ તઆલાએ તેમને પરસ્પર

ભિડાવીને તેમને કમજોર કરી દીધા જે ભવિષ્યમાં મુસલમાનોના વિજયનું કારણ બન્યું.

(કઝ્ઝા ફિ રૂહ)

يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ غٰفِلُوْنَ એટલે કે આ લોકો દુનિયાની જિંદગીના એક પાસાને તો સારી પેઠે જાણે છે કે વેપાર કઈ રીતે કરે ? કયા માલનો કરે ? ક્યાંથી ખરીદે ? ક્યાં વેચે ? ખેતી કઈ રીતે કરે ? ક્યારે બિયારણ નાંખે ? ક્યારે લણે ? બાંધકામો કેવા કેવા કરે ? રાહત અને અય્યાશીનો સામાન કઈ રીતે ઉપલબ્ધ કરે ? પરંતુ આ જ દુનિયાની જિંદગીનું બીજું પાસું જે તેની હકીકત અને તેના અસલી હેતુને સ્પષ્ટ કરે છે કે દુનિયાનું અમુક દિવસનું રોકાણ વાસ્તવમાં એક યાત્રીનો વિસામો છે, મનુષ્ય અહીંયાંનો સ્થાયી નાગરિક નથી બલકે બીજા દેશ આખિરતનો નાગરિક છે, અહીંયાં અમુક સમય માટે વિઝીટ માટે આવ્યો છે, તેનું મૂળ કારણ એ છે કે પોતાના મૂળ વતન માટે અહીંયાંથી રાહતનો સામાન ઉપલબ્ધ કરીને ત્યાં મોકલે અને તે રાહતનો સામાન ઈમાન અને નેક અમલો છે, હા ! બીજા પાસાથી મોટા મોટા બુદ્ધિશાળી કહેવાતા લોકો પણ બિલકુલ ગાફેલ અને અજ્ઞાન છે.

કુર્આને કરીમના શબ્દોમાં વિચાર કરીએ કે يَعْلَمُوْنَ (યઅ્લમૂન)ની સાથે ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا કહ્યું છે જેમાં શબ્દ ظَاهِرًا (ઝાહિરન)ને تَنْوِيْن (તન્વીન)ની સાથે નુકરહ લાવીને અરબી વ્યાકરણના કાયદાની રૂએ એ રીતે ઈશારો છે કે વાસ્તવમાં આ લોકો જાહેર જિંદગીને પણ સંપૂર્ણ જાણતા નથી તેના માત્ર એક પાસાંને જાણે છે અને બીજા પાસાંથી ગાફેલ છે તથા આખિરતથી બિલકુલ જ ગાફેલ અને અજ્ઞાન છે.

દુનિયાની રોજી રોટી પ્રાપ્ત કરવાનો હુન્નર જો આખિરતની ગફલત સાથે પ્રાપ્ત થાય તો તે કોઈ સમજદારીની વાત નથી :

કુર્આને કરીમ દુનિયાની કોમોના બોધપાઠયુક્ત કિસ્સાઓથી ભર્યું પડ્યું છે જેમણે દુનિયાની અય્યાશી અને નામના કમાવવાની સાથે ઘણો બધો સામાન એકઠો કરી રાખ્યો હતો, પછી તેમનું ખરાબ પરિણામ પણ દુનિયામાં જ લોકો સામે આવ્યું અને આખિરતનો કાયમી અઝાબ તેમના ફાળે આવ્યો, એટલા માટે તેમને કોઈ સમજદાર વ્યક્તિ બુદ્ધિશાળી અથવા કોઠાસૂઝવાળા ન કહી શકે.

અફસોસ છે કે આજકાલ બુદ્ધિ અને ડહાપણનો સમગ્ર આધાર તેને જ સમજી લેવામાં આવ્યો છે કે જે વ્યક્તિ વધારેથી વધારે માલ એકઠો કરે અને પોતાની અય્યાશી અને રાહતનો સામાન બધાથી વધારે બહેતર બનાવે તે સૌથી મોટો બુદ્ધિશાળી કહેવાય છે ભલે માનવતા અને નૈતિકતાથી કોરો હોય, તેને બૌદ્ધિક અથવા શરીઅતની રૂએ અકલમંદ કહેવો પોતે બુદ્ધિનું અપમાન છે. કુર્આને કરીમની ભાષામાં બુદ્ધિશાળી માત્ર તે લોકો છે જેઓ અલ્લાહ તઆલાને અને આખિરતને ઓળખે, તેના માટે અમલ કરે અને દુનિયાની ભૌતિકતાઓને પોતાની આવશ્યકતા પ્રમાણે રાખે, તેને પોતાની જિંદગીનો હેતુ ન બનાવે જેમકે કુર્આનની આયત છે, إِنَّ فِي ذَٰلِكَ لَآيَاتٍ لِّأُولِي الْأَلْبَابِ الَّذِينَ يَذْكُرُونَ اللَّهَ قِيَامًا وَقُعُودًا.... આ આયતનો આ જ ભાવાર્થ છે.

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૮-૯-૧૦)

أَوَلَمْ يَتَفَكَّرُوا فِي أَنفُسِهِم مَّا خَلَقَ اللَّهُ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَمَا بَيْنَهُمَا
إِلَّا بِالْحَقِّ وَأَجَلٍ مُّسَمًّى وَإِنَّ كَثِيرًا مِّنَ النَّاسِ بِلِقَاءِ رَبِّهِمْ لَكَافِرُونَ ﴿٨﴾
أَوَلَمْ يَسِيرُوا فِي الْأَرْضِ فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ مِن قَبْلِهِمْ كَانُوا
أَشَدَّ مِنْهُمْ قُوَّةً وَأَثَارُوا الْأَرْضَ وَعَمَرُوهَا أَكْثَرَ مِمَّا عَمَرُوهَا وَجَاءَتْهُمْ رُسُلُهُم
بِالْبَيِّنَاتِ فَمَا كَانَ اللَّهُ لِيَظْلِمَهُمْ وَلَٰكِن كَانُوا أَنفُسَهُمْ يَظْلِمُونَ ﴿٩﴾ ثُمَّ
كَانَ عَاقِبَةَ الَّذِينَ أَسَاءُوا السُّوأَىٰ أَن كَذَّبُوا بِآيَاتِ اللَّهِ وَكَانُوا بِهَا يَسْتَهْزِئُونَ ﴿١٠﴾ ع

તરજુમો :

શું પોતાના મનમાં ચિંતન નથી કરતા કે અલ્લાહે જે આસમાનો અને જમીન અને જે કંઈ તેની મધ્યમાં છે બસ સત્ય હેતુપૂર્વક અને નિર્મિત મુદ્દત સુધી માટે બનાવ્યા છે ? અને ઘણા લોકો પોતાના પરવરદિગારની મુલાકાતને માનતા નથી. (૮) શું તેમણે પ્રદેશમાં સહેલ નથી કરી કે જુએ તેમનાથી આગલાઓનો અંજામ કેવો થયો, તેમનાથી શક્તિમાં વધારે હતા અને તેમણે

જમીનને ખેડી અને તેને તેમના વસાવવાથી વધારે વસાવી અને તેમની પાસે તેમના રસૂલ સ્પષ્ટ હુકમો લઈને પહોંચ્યા; બસ અલ્લાહ તેમના ઉપર અત્યાચાર કરનારો ન હતો પરંતુ તેઓ પોતાનું સ્વજાતે બુરું કરતા હતા. (૯) પછી બુરું કરનારાઓનો અંજામ બુરો થયો એટલા માટે કે અલ્લાહની વાતો જૂઠાડતા હતા અને તેની હાંસી ઉડાવતા હતા. (૧૦)

તફસીર :

શું (આખિરત સ્થાપિત થવાની દલીલો સાંભળીને પણ તેમની દષ્ટિ દુનિયા ઉપર જ કેન્દ્રિત રહે છે ? અને) તેમણે પોતાના દિલોમાં એ વિચાર નથી કર્યો કે અલ્લાહ તઆલાએ આસમાનો અને જમીનને અને તે વસ્તુઓને જે તેમના મધ્યમાં છે કોઈ હિકમતથી જ અને એક નિશ્ચિત સમય (સુધી)ના માટે પેદા કર્યા છે ? (જેમકે તેણે આયતોમાં ખબર આપી છે કે આ હિકમતોમાંથી એક હિકમત સારા બદલા અને સજાની છે અને નિશ્ચિત મુદ્દત એ કયામત છે. જો પોતાના મનમાં વિચાર કર્યો હોત તો તે ઘટનાઓ ઉપસ્થિત થવાની સંભાવના બુદ્ધિથી અને તેનું નિશ્ચિત સમયે આવવું વહી એટલે કે કુર્આનથી અને તે વહીનું સાચું હોવું તેના સન્માન અને પ્રતિષ્ઠાના લક્ષણના કારણે તેમના ઉપર રોશન થઈ ગયું હોત અને આખિરતના ઈન્કારી થયા ન હોત પરંતુ ચિંતન અને મનન ન કરવાના કારણે તેઓ ઈન્કારી થઈ રહ્યા છે) અને (તેઓ જ શું ? બલકે) ઘણા લોકો પોતાના પરવરદિગારથી મળવાના ઈન્કારી છે, શું આ લોકો (ક્યારેય ઘરેથી નીકળ્યા નથી? અને) પૃથ્વીમાં હર્યા ફર્યા નથી ? જેમાં જોતા હોત કે જે (ઈન્કારી) લોકો તેમનાથી પહેલાં પસાર થઈ ચૂક્યા છે તેમનું (અંતિમ) પરિણામ શું આવ્યું ? (તેમની પરિસ્થિતિ એ હતી કે) તેઓ એમનાથી શક્તિમાં વધેલા હતા અને તેમણે પૃથ્વીને પણ (એમનાથી વધારે) વાવી હતી અને જેટલી એમણે (સામાન અને મકાનોથી) તેને આબાદ કરી રાખી છે તેનાથી વધારે તેમણે તેને આબાદ કરી હતી અને તેમની પાસે પણ તેમના પયગમ્બર મોઅ્જિઝહ લઈને આવ્યા હતા (જેમને તેમણે ન માન્યા અને અઝાબથી નાશ પામ્યા, જેમના નાશ પામ્યાના અવશેષો તે વેરાન ખંડેરો છે જે શામના માર્ગમાં સ્પષ્ટ નજરે પડે છે) બસ, (આ તેમનો નાશ થવામાં) અલ્લાહ તઆલા એવો ન હતો કે તેમના ઉપર જુલમ કરે, તેઓ પોતે જ પોતાના પ્રાણો ઉપર જુલમ કરી રહ્યા હતા (કે પયગમ્બરોનો ઈન્કાર કરીને નાશ

થવાના હકદાર બન્યા, આ તો તેમની દુનિયાની હાલત થઈ અને) પછી (આખિરતમાં) એવા લોકોનું પરિણામ જેમણે (આવા) બુરા કામ (એટલે કે રસૂલોના ઈન્કાર) કર્યા હતા, બુરો જ થયો (માત્ર) એ કારણે કે તેમણે અલ્લાહ તઆલાની આયતોને (એટલે કે હુકમો અને ખબરોને) જૂઠાડી હતી અને (જૂઠાડવાથી આગળ વધીને એ કે) તેમની હાંસી ઉડાવતા હતા (તો તેનું પરિણામ દોઝખની સજા છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત બંને આયતો પાછલા વિષયની પૂર્ણતા અને તેના ઉપર ગવાહીના સ્વરૂપે છે કે આ લોકો દુનિયાની અમુક દિવસની ચમક દમક અને નષ્ટ થનાર આનંદ પ્રમોદમાં એવા મસ્ત થઈ ગયા કે આ કારખાનાની વાસ્તવિકતા અને પરિણામથી બિલકુલ ગાફેલ થઈ ગયા, જો તેઓએ પોતે પણ થોડું પોતાના દિલમાં વિચાર્યું હોત અને ચિંતન કર્યું હોત તો તેમના ઉપર સૃષ્ટિનું આ રહસ્ય જાહેર થઈ ગયું હોત કે સૃષ્ટિના સર્જનહારે આ આસમાન અને જમીન તથા તે બંને વચ્ચેની મખ્લૂકને વ્યર્થ અને બેકાર પેદા નથી કરી, તેમના સર્જનનો કોઈ મોટો મકસદ અને મોટી હિકમત છે અને તે એ જ છે કે લોકો અલ્લાહ તઆલાની આ અસંખ્ય નેઅ્મતો દ્વારા તેના પેદા કરનારાને પણ ઓળખે અને તેના સંશોધનમાં લાગી જાય કે તે કયા કાર્યોથી રાજી થાય છે અને કયા કાર્યોથી નારાજ થાય છે ? જેથી તેની ખુશીનો સામાન કરે અને તેની નારાજગીના કામોથી બચે અને એ પણ જાહેર છે કે આ બંને પ્રકારના કામોનો કોઈ બદલો અથવા સજા પણ હોવી જરૂરી છે નહિતર નેક અને બુરાને.... એક જ પલ્લામાં રાખવું ન્યાય અને ઈન્સાફના વિરુદ્ધ છે અને એ પણ જાણ છે કે આ દુનિયા બદલાનું સ્થળ નથી કે જેમાં મનુષ્યને તેના સારા અથવા બુરા કર્મોનો સંપૂર્ણ બદલો અવશ્ય મળી જ જાય બલકે અહીંયાં તો ઘણે ભાગે એવું થાય છે કે ધંધાદારી અપરાધીઓ ખુશ અને સુખી તથા પોતાની ઈચ્છિત મંઝિલે નજરે પડે છે અને બુરા કર્મોથી પરહેઝ કરનારા મુસીબતો અને તંગીના શિકાર થયેલા જોવા મળે છે.

એટલા માટે જરૂરી છે કે કોઈ એવો સમય આવે જયારે આ બધા કારખાના પૂરા થાય અને સારા બુરા કર્મોનો હિસાબ થાય અને તેના ઉપર સારો બદલો અથવા સજા નક્કી થાય જેનું નામ કયામત અને આખિરત છે.

ખુલાસો એ છે કે જો આ લોકોએ વિચાર અને ચિંતન કર્યું હોત તો આ જ આસમાન અને જમીન અને તેની સૃષ્ટિએ તેમને એ બાબતની ગવાહી આપી હોત કે આ વસ્તુઓ કાયમી નથી અમુક સમયના માટે છે અને ત્યારબાદ બીજું વિશ્વ આવવાનું છે જે કાયમી હશે, પ્રસ્તુત બંને આયતોમાંથી પ્રથમ આયતનો આ જ ખુલાસો છે, ...أَوَلَمْ يَتَفَكَّرُوا فِي أَنفُسِهِمْ આ વિષય તો એક બૌદ્ધિક દલીલનો છે, આગલી આયતમાં દુનિયાના ભૌતિક પદાર્થો અને સાક્ષાત્કારો તથા અનુભવોને તેની ગવાહીમાં રજુ કરવામાં આવ્યા છે અને મક્કાના લોકોને સંબોધન કરીને કહેવામાં આવ્યું છે કે,

أَوَلَمْ يَسِيرُوا فِي الْأَرْضِ આ મક્કાવાળા તો એક એવી ભૂમિના નિવાસીઓ છે જ્યાં ન તો ખેતીવાડી થાય છે, ન જ ઉદ્યોગ કે વેપારની કોઈ તકો અથવા ન તો ઊંચા અને ખુબસૂરત બાંધકામો છે પરંતુ શામ અને યમનનો સફર તે લોકોને પોતાના વેપારી હેતુઓ માટે કરવો પડે છે, શું તે મુસાફરીઓમાં તે લોકોએ દુનિયાની પોતાના અગાઉ થઈ ચૂકેલ કોમોના અંજામનો સાક્ષાત્કાર નથી કર્યો જેમને અલ્લાહ તઆલાએ જમીનમાં જાહોજલાલી અને વસ્તુઓના વપરાશની પદ્ધતિ આપી હતી કે ભૂમિને ખોદીને તેમાંથી પાણી કાઢવું, તેનાથી બગીચાઓની ખેતીઓને સીંચવા, છુપાયેલા ખનીજોમાંથી સોનું, ચાંદી અને બીજા પ્રકારની ઉપયોગી ધાતુઓ કાઢવી અને તેનાથી મનુષ્ય માટે લાભદાયક વિવિધ પ્રકારના ઉત્પાદનો તૈયાર કરવા તેમની જિંદગીની મૂડી હતી અને પોતાના સમયની પ્રગતિશીલ કોમો સમજવામાં આવતી હતી પરંતુ તેમણે આ જ ભૌતિક અને નષ્ટ થનાર રાહત અને અય્યાશીમાં મસ્ત થઈને અલ્લાહ તઆલાને અને આખિરતને ભૂલાવી દીધી. અલ્લાહ તઆલાએ તેમને યાદ અપાવવા માટે પોતાના પયગમ્બર અને કિતાબો મોકલી પરંતુ તેમણે કોઈ રીતે ધ્યાન આપ્યું નહીં અને અંતે દુનિયામાં પણ અઝાબમાં સપડાયા જેના ઉપર તેમની વસ્તીઓના વેરાન ખંડેરો અત્યાર સુધી ગવાહી આપી રહ્યા છે. આયતના અંતે ફરમાવ્યું કે વિચાર કરો, શું આ અઝાબમાં તેમના ઉપર અલ્લાહ તરફથી કોઈ અત્યાચાર થયો છે અથવા તેમણે પોતે જ પોતાના પ્રાણો ઉપર જુલમ કર્યો છે કે અઝાબના કારણો એકઠા કરી લીધા ?

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૧૧ થી ૧૯)

اَللّٰهُ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ ثُمَّ اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۱۱﴾ وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ
يُبْلِسُ الْمُجْرِمُوْنَ ﴿۱۲﴾ وَلَمْ يَكُنْ لَّهُمْ مِّنْ شُرَكَآئِهِمْ شُفَعٰٓؤُا وَكَانُوْا بِشُرَكَآئِهِمْ
كٰفِرِيْنَ ﴿۱۳﴾ وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ يَوْمَئِذٍ يَّتَفَرَّقُوْنَ ﴿۱۴﴾ فَاَمَّا الَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَهُمْ فِيْ رَوْضَةٍ يُّحْبَرُوْنَ ﴿۱۵﴾ وَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا
وَكَذَّبُوْا بِاٰيٰتِنَا وَلِقَآئِ الْاٰخِرَةِ فَاُولٰٓئِكَ فِي الْعَذَابِ مُحْضَرُوْنَ ﴿۱۶﴾
فَسُبْحٰنَ اللّٰهِ حِيْنَ تُمْسُوْنَ وَحِيْنَ تُصْبِحُوْنَ ﴿۱۷﴾ وَلَهُ الْحَمْدُ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَعَشِيًّا وَّحِيْنَ تُظْهِرُوْنَ ﴿۱۸﴾ يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ
الْمَيِّتَ مِنَ الْحَيِّ وَيُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ۭ وَكَذٰلِكَ تُخْرَجُوْنَ ﴿۱۹﴾ ع

તરજુમો :

અલ્લાહ પ્રથમ વખતે બનાવે છે પછી તેનું પુનરાવર્તન કરશે, પછી તેના જ તરફ પાછા વળશો. (૧૧) અને જે દિવસે કયામત કાયમ થશે, ગુનેહગારો આશા છોડીને રહી જશે. (૧૨) અને તેમના ભાગીદારોમાંથી કોઈ તેમની સિફારસ કરનાર ન હશે અને તેઓ પોતાના ભાગીદારોથી ઈન્કારી થઈ જશે. (૧૩) અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે લોકો (એકબીજાથી) જુદા પડી જશે. (૧૪) બસ જે લોકો ઈમાન લાવ્યા અને સારા કર્મો કર્યા, બસ બાગમાં હશે, તેમનું સ્વાગત થશે. (૧૫) અને જેઓ ઈન્કારી થયા અને અમારી વાતો અને આખિરતના મળવાને જૂઠાડયું બસ તેઓ અઝાબમાં પકડાયેલા આવશે. (૧૬) બસ પવિત્ર અલ્લાહની યાદ કરો જ્યારે સાંજ કરો અને જ્યારે સવાર કરો. (૧૭) અને તેની જ ખુબી આસમાનોમાં અને જમીનમાં છે અને પાછલા પહોરે અને જ્યારે બપોર હોય (તેને યાદ કરો). (૧૮) સજીવને મૃતમાંથી કાઢે છે અને મૃતને સજીવમાંથી કાઢે છે અને જમીનને તેના મર્યા પછી (સુકાઈ ગયા પછી) જીવંત કરે છે અને એ જ પ્રમાણે તમે કાઢવામાં આવશો. (૧૯)

તફસીર :

અલ્લાહ તઆલા મખ્લૂકની પ્રથમ વખતે પણ ઉત્પત્તિ કરે છે, પછી તે જ ફરીવાર પણ તેને પેદા કરશે પછી (પેદા થયા પછી) તેની પાસે (હિસાબ કિતાબ માટે) લાવવામાં આવશો અને જે દિવસે કયામત કાયમ થશે (જેમાં પ્રસ્તુત ઘટનાઓ બનવાની છે) તે દિવસે અપરાધી (એટલે કે કાફિર) લોકો (પૂછતાછ વખતે) આશ્ચર્યચકિત્ બનીને રહી જશે (એટલે કે કોઈ યોગ્ય વાત તેમનાથી નહીં કહી શકાય) અને તેમના (કંડારેલા) શરીકોમાંથી (જેમને તેઓ ઈબાદતના ભાગીદાર બનાવતા હતા) તેમનો કોઈ સિફારસ કરનાર ન હશે અને (તે સમયે પોતે) આ લોકો (પણ) પોતાના શરીકોથી મુન્કિર થઈ જશે (وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ) અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે (પ્રસ્તુત ઘટનાઓ ઉપરાંત એક ઘટના એ પણ બનશે કે વિવિધ પદ્ધતિઓથી) બધા વ્યક્તિઓ જુદા જુદા થઈ જશે (એટલે કે) જે લોકો ઈમાન લાવ્યા હતા અને તેમણે નેક કામો કર્યા હતા તેઓ તો (જન્નતના) બાગમાં આનંદમય હશે અને જે લોકોએ કુફ્ર કર્યું હતું અને અમારી આયતોને અને આખિરતમાં હાજર થવાને જૂઠાડ્યું હતું તે લોકો અઝાબમાં પકડાશે. (આ અર્થ છે જુદા જુદા થવાનો, જ્યારે ઈમાન અને નેક કર્મોની શ્રેષ્ઠતા તમને જાણ થઈ ગઈ તો) બસ તમે અલ્લાહની તસ્બીહ (અલ્લાહ ઉપરના વિશ્વાસથી અને દિલમાં પણ જેમાં ઈમાન પણ આવી ગયું અને મૌખિક ઝિક્રથી પણ જેમાં સ્વીકાર અને બીજો ઝિક્ર પણ આવી ગયો અને અમલથી પણ કે જેમાં બધા જ પ્રકારની ઈબાદતો સામાન્ય રીતે અને નમાઝ ખાસ રીતે આવી ગઈ. મતલબ કે તમે અલ્લાહની તસ્બીહ દરેક સમયે) કર્યા કરો (અને ખાસ કરીને) સાંજના સમયે અને સવારના સમયે અને (અલ્લાહની તસ્બીહ કરવાનો જે હુકમ થયો છે તો તે વાસ્તવમાં તેનો હકદાર પણ છે કારણ કે) બધા જ આસમાનો અને જમીનમાં તેના જ વખાણ થાય છે (એટલે કે આસમાનમાં ફરિશતાઓ અને જનીનમાં અમુક સ્વેચ્છાએ અને અમુક લાચારીએ તેના વખાણ કરે છે وَاِنْ مِّنْ شَىْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ બસ, જ્યારે તે એવો મહાન ઉચ્ચ કક્ષાની સંપૂર્ણ સિફતોવાળો છે તો તમારે પણ અવશ્ય તેની તસ્બીહ કરવી જોઈએ) અને બપોર પછી (પણ તસ્બીહ કર્યા કરો) અને ઝુહ્રના સમયે (પણ તસ્બીહ કર્યા કરો કે આ સમયો નેઅ્મતના નવીનીકરણની અને તેનું વધવું જાહેર થવાની કુદરતની

નિશાનીઓમાંથી છે, તેમાં તસ્બીહનું નવીનીકરણ યોગ્ય છે, ખાસ કરીને નમાઝના માટે આ જ સમયો નક્કી છે એટલા માટે مَسَــــا મગરિબ અને ઈશા આવી ગઈ અને عَشِــــيِّ માં ઝુહ્ર અને અસર બંને સામેલ થઈ ગઈ પરંતુ ઝુહ્ર સ્પષ્ટ રીતે પ્રસ્તુત છે એટલા માટે માત્ર અસ્ર ભાવાર્થ તરીકે રહી ગઈ અને સવાર પણ ખુલાસાવાર પ્રસ્તુત છે; અને તેને ફરીવાર પેદા કરવું શું મુશ્કેલ છે ? કારણ કે તે એવો શક્તિવાળો છે કે) તે સજીવને નિર્જીવમાંથી બહાર લાવે છે અને નિર્જીવને સજીવમાંથી બહાર લાવે છે (દાખલા તરીકે નુત્ફા અને ઈંડામાંથી ઈન્સાન અને બાળક.... અને ઈન્સાન અને પક્ષીમાંથી નુત્ફો અને ઈંડું) અને જમીનને તેના મૃત્યુ (એટલે કે સુકાઈ ગયા) પછી જીવંત (એટલે કે હરિયાળી) કરે છે અને એ જ પ્રમાણે તમે લોકો (કયામતના દિવસે) કબરોમાંથી કાઢવામાં આવશો.

મસ્અલા અને બોધપાઠ :

فَهُــمْ فِــىْ رَوْضَةٍ يُحْبَــرُوْنَ માં શબ્દ يُــحْبَــرُوْنَ (યુહ્‌બરૂન) એ حَبُوْرٌ (હબૂર)થી બનેલ છે જેનો અર્થ આનંદ અને ખુશી થાય છે અને આ શબ્દના સામાન્યપણામાં દરેક પ્રકારની ખુશી અને આનંદ સામેલ છે જે જન્નતની નેઅ્‌મતોથી જન્નતવાળાઓને પ્રાપ્ત છે. કુર્આને કરીમમાં તેને અહીંયાં પણ સામાન્ય રાખવામાં આવ્યું છે, એ જ પ્રમાણે બીજા સ્થળે આ ઈરશાદ થયો છે, فَلَا تَـعْـلَمُ نَفْسٌ مَّا أُخْفِىَ لَهُ مِنْ قُرَّةِ اَعْيُنٍ એટલે કે, કોઈ વ્યક્તિને દુનિયામાં ખબર નથી કે તેના માટે જન્નતમાં આંખોની ઠંડક (અને રાહત તથા ખુશી)નો શું શું સામાન એકઠો કરેલ છે ? અમુક તફસીરકારોએ જે ખાસ ખાસ ખુશીની વસ્તુઓને આ આયત હેઠળ વર્ણન કરી છે તે બધી ટૂંકમાં સામેલ છે.

فَسُبْحٰـنَ اللّٰـهِ حِيْـنَ تُـمْسُـوْنَ وَحِيْـنَ تُصْبِحُوْنَ وَلَهُ الْحَمْدُ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ وَعَشِيًّـا وَّحِيْـنَ تُـظْهِـرُوْنَ માં શબ્દ سُبْـحٰـنَ اللّٰـهِ (સુબ્હાનલ્લાહિ) એ ક્રિયાપદ છે, તેનો કર્મ સુષુપ્ત છે. એટલે કે, سَبِّحُوْا اللّٰهَ سُبْحَانًا અને حِيْنَ تُمْسُوْنَ એટલે કે જ્યારે તમે સાંજના સમયમાં પ્રવેશ કરો અને وَحِيْـنَ تُصْبِحُوْنَ એટલે કે, જ્યારે તમારા ઉપર સવારનો સમય આવે, وَلَهُ الْحَمْدُ فِى السَّمٰوٰتِ وَ الْاَرْضِ આ વાક્ય વચ્ચે દલીલ સ્વરૂપે લાવવામાં આવ્યું છે કે સવાર સાંજ અલ્લાહની તસ્બીહ એટલા માટે જરૂરી છે કે આસમાન અને જમીનમાં માત્ર તે જ વખાણનો હકદાર છે અને બધા જ આસમાન અને જમીનવાળા તેના વખાણ કરવામાં પ્રવૃત્ત છે અને

જે રીતે આયતની શરૂઆતમાં સવાર સાંજની તસ્બીહનો હુકમ છે આયતના અંતે عَشِيًّا અને حِيۡنَ تُظۡهِرُوۡنَ થી અને બે સમયોમાં તસ્બીહ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. એક સમય عَشِـــیُ જે દિવસના અંતિમ ભાગને કહેવામાં આવે છે જે અસ્રનો સમય છે અને બીજો સમય ઝુહ્રર એટલે કે મધ્યાહ્ન પછીનો સમય છે.

આ ક્રમ વર્ણન કરવામાં જે પ્રમાણે સાંજને સવારથી અગ્રક્રમે વર્ણન કરવામાં આવ્યું છે એ જ પ્રમાણે દિવસના અંતિમ ભાગને ઝુહ્રર ઉપર અગ્રતા આપીને વર્ણન કર્યું છે, સાંજ એટલે કે રાતને અગ્ર સ્થાને વર્ણન કરવાનું કારણ એ પણ છે કે ઈસ્લામી તારીખમાં રાત પહેલાં હોય છે અને તારીખ સૂર્ય આથમવાથી બદલાય છે અને عَشِـــیُ એટલે કે, અસ્રના સમયને ઝુહ્રરથી અગ્ર ક્રમે કરવાનું એક કારણ એ પણ હોઈ શકે છે કે અસ્રનો સમય મોટે ભાગે કરોબારમાં પ્રવૃત્ત રહેવાનો સમય હોય છે, તેમાં કોઈ દુઆ, તસ્બીહ અથવા નમાઝ સ્વાભાવિક રીતે મુશ્કેલ હોય છે એટલા માટે કુર્આને કરીમમાં صَلٰـــوۃِوُسۡـطٰـی કે જેની તફસીર જમહૂરના મતે અસ્રની નમાઝ છે તેની ખાસ તાકીદ આવી છે,

حَافِظُوۡا عَلَى الصَّلَوَاتِ وَالصَّلٰوةِ الۡوُسۡطٰى

પ્રસ્તુત આયતના શબ્દોમાં નમાઝ અથવા સલાહની સ્પષ્ટતા નથી એટલા માટે દરેક પ્રકારના અલ્લાહના ઝિક્ર મૌખિક અથવા અમલ તેમાં સામેલ છે, જેમકે તફસીરના ખુલાસામાં વર્ણન કરવામાં આવ્યું છે અને અલ્લાહના ઝિક્રના તમામ પ્રકારોમાં કારણ કે નમાઝ સૌથી ઉત્તમ અને શ્રેષ્ઠ છે એટલા માટે તે તેમાં સૌથી પહેલાં સામેલ છે, આથી ઉલમાએ કહ્યું કે આ આયતમાં પાંચેય નમાઝોને તેમના સમયો સહિત વર્ણન કરવામાં આવી છે, જેમકે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી કોઈએ પૂછ્યું કે શું કુર્આનમાં પાંચેય નમાઝોનું સ્પષ્ટ વર્ણન છે ? તો તેમણે ફરમાવ્યું, હા ! અને દલીલમાં આ જ આયત રજુ કરીને ફરમાવ્યું, حِيۡنَ تُمۡسُوۡنَ માં મગરિબની નમાઝ અને حِيۡنَ تُصۡبِحُوۡنَ માં ફજ્ર અને عَشِيًّاમાં અસ્રની નમાઝ અને حِيۡنَ تُظۡهِرُوۡنَ માં ઝુહ્રરની નમાઝનું સ્પષ્ટ વર્ણન મોજૂદ છે, હવે માત્ર એક ઈશાની નમાઝ બાકી રહી, તેની સાબિતીમાં બીજી આયતનું વાક્ય રજુ કર્યું, مِنۡ بَعۡدِ صَلٰوةِ الۡعِشَآءِ

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, حِيۡــنَ تُـمۡسُـوۡنَ માં મગરિબ અને ઈશા બંને સામેલ છે.

મોટો ખુલાસો :

આ આયત હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.)ની તે દુઆ છે જેના કારણે કુર્આને કરીમે તેમને વાયદો પૂરો કરનારનો ખિતાબ આપ્યો છે, ઈરશાદ થયો છે, وَاِبْـرٰهِيْـمَ الَّذِىْ وَفّٰـى હઝરત ઈબ્રાહીમ (અલૈ.) આ શબ્દો સવાર સાંજ પઢ્યા કરતા હતા જેમકે સહીહ સનદોની સાથે હઝરત મઆઝ બિન અનસ (રદિ.)ની રિવાયત છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો વાયદો પૂરો કરવાના વાખણ કરવાનું કારણ તેમની આ દુઆ હતી.

અને અબૂ દાવુદ, તબરાની, ઈબ્ને સુન્ની વગેરેએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

فَسُبْحَانَ اللّٰهِ حِيْنَ تُمْسُوْنَ وَحِيْنَ تُصْبِحُوْنَ وَلَهُ الْحَمْدُ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَعَشِيًّا وَّحِيْنَ تُظْهِرُوْنَ، يُخْرِجُ الْحَىَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ
وَيُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا وَكَذٰلِكَ تُخْرَجُوْنَ

આ બંને આયતો વિશે ફરમાવ્યું કે જે વ્યક્તિ સવારે આ વાક્યો પઢી લે તો દિવસભરમાં તેના અમલમાં જે કમી થઈ ગઈ તે આ વાક્યોની બરકતથી પૂરી કરી દેવામાં આવશે અને જેણે સાંજના સમયે આ વાક્યો પઢી લીધા તો તેની રાતના અમલોની ઉણપ તેના દ્વારા પૂરી કરી દેવામાં આવશે.

(રૂહ)

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૨૦ થી ૨૭)

وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ اِذَآ اَنْتُمْ بَشَرٌ تَنْتَشِرُوْنَ ﴿٢٠﴾ وَمِنْ
اٰيٰتِهٖٓ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا لِّتَسْكُنُوْٓا اِلَيْهَا وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً
وَّرَحْمَةً ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٢١﴾ وَمِنْ اٰيٰتِهٖ خَلْقُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَاخْتِلَافُ اَلْسِنَتِكُمْ وَاَلْوَانِكُمْ ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّلْعٰلِمِيْنَ ﴿٢٢﴾ وَمِنْ

اٰيٰتِهٖ مَنَامُكُمْ بِالَّيْلِ وَ النَّهَارِ وَابْتِغَآؤُكُمْ مِّنْ فَضْلِهٖ ۭ اِنَّ فِيْ ذٰلِكَ
لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّسْمَعُوْنَ ﴿٢٣﴾ وَمِنْ اٰيٰتِهٖ يُرِيْكُمُ الْبَرْقَ خَوْفًا وَّطَمَعًا وَّيُنَزِّلُ مِنَ
السَّمَآءِ مَآءً فَيُحْيٖ بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ
يَّعْقِلُوْنَ ﴿٢٤﴾ وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ تَقُوْمَ السَّمَآءُ وَالْاَرْضُ بِاَمْرِهٖ ۭ ثُمَّ اِذَا دَعَاكُمْ
دَعْوَةً ڰ مِّنَ الْاَرْضِ ڰ اِذَآ اَنْتُمْ تَخْرُجُوْنَ ﴿٢٥﴾ وَلَهٗ مَنْ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ ۭ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿٢٦﴾ وَهُوَ الَّذِيْ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ وَهُوَ اَهْوَنُ
عَلَيْهِ ۭ وَلَهُ الْمَثَلُ الْاَعْلٰى فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٢٧﴾ ع

તરજુમો :

અને તેની નિશાનીઓમાંથી એ છે કે તમને માટીથી બનાવ્યા, પછી હવે તમે જમીનમાં ફેલાઈ પડેલા મનુષ્ય છો. (૨૦) અને તેની નિશાનીઓમાંથી એ છે કે તમારા માટે તમારી પ્રજાતિમાંથી જોડાં બનાવી દીધા કે તેમની પાસે સુકૂનથી રહો અને તમારા દરમિયાન પ્યાર અને દયાભાવ રાખ્યો, અલબત્ત તેમાં તેમના માટે ઘણી નિશાનીઓ છે જેઓ ઊંડાણપૂર્વક વિચાર કરે છે. (૨૧) અને આસમાનો અને જમીનને બનાવવું તેની નિશાનીઓમાંથી છે અને પ્રકાર પ્રકારની તમારી બોલીઓ અને (ભિન્ન ભિન્ન) રંગ; બેશક ! તેમાં સમજનારાઓ માટે ઘણી નિશાનીઓ છે. (૨૨) અને રાત્રે અને દિવસે તમારું સૂવું તેની નિશાનીઓમાંથી છે; અને તેની રોજીની શોધખોળ કરવી, તેમાં તેમના માટે ઘણી નિશાનીઓ છે જેઓ સાંભળે છે. (૨૩) અને તેની નિશાનીઓમાંથી એ છે કે તમને ભય અને (વરસાદની) આશા માટે વીજળી બતાવે છે અને આસમાનથી પાણી ઊતારે છે, પછી તેનાથી મૃત થયા (સુકાઈ ગયા) પછી જમીનને જીવંત કરે છે, તેમાં તેમના માટે ઘણી નિશાનીઓ છે જેઓ બુદ્ધિ ધરાવે છે. (૨૪) અને તેની નિશાનીઓમાંથી એ છે કે આસમાન અને જમીન તેના હુકમથી કાયમ છે, પછી જ્યારે તમને એક વખતે પોકારશે તે જ સમયે તમે જમીનમાંથી નીકળી પડશો. (૨૫) અને તેનું

જ છે જે કંઈ આસમાનો અને જમીનમાં છે, બધા તેના હુકમના તા'બે છે. (૨૬) અને તે જ છે જે પ્રથમવાર પેદા કરે છે, ફરી તેનું પુનરાવર્તન કરશે અને તે તેના માટે સરળ છે અને તેની શાન આસમાનો અને જમીનમાં સૌથી ઉપર છે અને તે જ જબરદસ્ત હિકમતોવાળો છે. (૨૭)

તફસીર :

અને તેની (કુદરતની) નિશાનીઓમાંથી એક આ (બાબત) છે કે તમને માટીમાંથી પેદા કર્યા, (યા તો એ રીતે કે હઝરત આદમ અલૈ. માટીમાંથી પેદા કરવામાં આવ્યા જે તમામ મનુષ્યોના આદ્યપિતા હતા અને યા તો એ પ્રમાણે કે નુત્ફાનું મૂળ ખોરાક હોય છે અને તે તેનું મૂળ તત્ત્વ છે જેમાં માટીના તત્ત્વો મહત્તમ છે), પછી થોડા જ દિવસો પછી (એવું થયું કે) તમે મનુષ્ય બનીને (જમીન ઉપર) ફેલાયેલા ફરી રહેલા (નજરે પડો) છો અને તેની જ (કુદરતની) નિશાનીઓમાંથી એ (બાબત) છે કે તેણે તમારા (લાભ) માટે તમારી પ્રજાતિની પત્નીઓ બનાવી, (અને તે લાભ એ છે કે) જેથી તમને તેમની પાસે આરામ મળે અને તમારા પતિ પત્ની વચ્ચે મહોબ્બત અને હમદર્દી પેદા કરી, આ (પ્રસ્તુત બાબત)માં (પણ) તે લોકો માટે (કુદરતની) નિશાનીઓ છે જેઓ ચિંતનથી કામ લે છે (કારણ કે દલીલો માટે ચિંતનની આવશ્યકતા છે અને નિશાનીઓ એટલા માટે એકઠી કરી કે પ્રસ્તુત બાબત કેટલાય હુકમો ઉપર આધારિત છે) અને તેની જ (કુદરતની) નિશાનીઓમાંથી આસમાન અને જમીનને બનાવવું છે અને તમારી વિવિધ બોલીઓ અને ભિન્ન ભિન્ન રંગોનું હોવું છે (બોલીઓનો ભાવાર્થ યા તો શબ્દોના અર્થો છે અથવા તો અવાજ અથવા તો વાત કરવાની શૈલી વગેરે) આ (પ્રસ્તુત બાબત)માં (પણ) સમજદારો માટે (કુદરતની) નિશાનીઓ છે (અત્રે પણ બહુવચનનું સર્વનામ લાવવાનો આ જ પ્રસ્તુત ખુલાસો થઈ શકે છે) અને તેની જ (કુદરતની) નિશાનીઓમાંથી તમારું સૂવું-ઊંઘવું છે રાત્રે અને દિવસે (ભલે રાત્રે વધારે અને દિવસે ઓછું હોય) અને તમારું તેની રોજીને તલાશ કરવું છે (દિવસે વધારે અને રાત્રે ઓછું, એટલા માટે બીજી આયતોમાં રાતને ઊંઘની સાથે અને રોજીની શોધખોળ કરવાને દિવસ સાથે ખાસ રીતે જોડીને વર્ણન કરવામાં આવ્યું છે) આ (પ્રસ્તુત બાબત)માં (પણ) તે લોકો માટે (કુદરતની)

નિશાનીઓ છે જેઓ (દલીલોને ધ્યાનથી) સાંભળે છે અને તેની જ (કુદરતની) નિશાનીઓમાંથી એ (બાબત) છે કે તે તમને (વરસાદના સમયે) વીજળી (ચમકતી) બતાવે છે જેનાથી (તેના પડવાનો) ભય પણ લાગે છે અને (તેનાથી વરસાદની) આશા પણ હોય છે અને તે જ આસમાનથી પાણી વરસાવે છે પછી તેનાથી જમીનને તેના મૃત્યુ (એટલે કે સુક્કી) થઈ ગયા પછી સજીવન (એટલે કે હરિયાળી) કરી આપે છે આ(પ્રસ્તુત બાબત)માં (પણ) તે લોકો માટે (કુદરતની) નિશાનીઓ છે જેઓ (લાભદાયક) બુદ્ધિ ધરાવે છે અને તેની જ (કુદરતની) નિશાનીઓમાંથી આ (બાબત) છે કે આસમાન અને જમીન તેના હુકમ (એટલે કે ઈરાદા)થી કાયમ છે (તેમાં વર્ણન છે કે તેના અસ્તિત્વને ટકાવી રાખવું અને ઉપર જે خَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ માં વર્ણન હતું તેનું પ્રથમ ઉત્પન્ન કરવું અને આ બધી વૈશ્વિક વ્યવસ્થા જે કાર્યરત છે એટલે કે મનુષ્યના પેદા થવાનો ક્રમ તથા તેની પેઢીઓ ચાલવાનો સિલસિલો અને પરસ્પર પતિ–પત્નીના જોડાં થવા અને આસમાન અને જમીનના બધા જ વ્યવસ્થાપનતંત્રનું મોજૂદ અને કાયમ થવું અને ભાષાઓ તથા રંગોની ભિન્નતા તથા દિવસ અને રાત્રિના પરિવર્તનમાં પાંચ મસ્લિહતોનું હોવું તથા વરસાદના ઊતરવા અને તેનાથી સંલગ્ન નિશાનીઓનું જાહેર થવું તે સમય સુધી જ બાકી છે જ્યાં સુધી દુનિયાને બાકી રાખવાનો હેતુ છે અને એક દિવસે આ બધું નષ્ટ થઈ જશે) પછી (તે સમય એ હશે કે) જ્યારે તમને પોકારીને જમીનમાંથી બોલાવશે તો તમે એકદમ નીકળી પડશો (અને બીજી વ્યવસ્થા શરૂ થશે જે મૂળ સ્થળ છે) અને (ઉપર કુદરતની દલીલોથી જાણ થઈ ગઈ હશે કે) જેટલા (ફરિશ્તાઓ અને મનુષ્યો વગેરે) આસમાન અને જમીનમાં ઉપસ્થિત છે બધું તેનું જ (માલિકીમાંથી) છે (અને) બધા તેના જ તા'બે (એટલે કે તેની કુદરતના આધીન) છે અને (આ સાબિતી અને તેની સંપૂર્ણ કુદરતની નિશાનીઓથી આ સાબિત થઈ ગયું કે) તે જ છે જે પ્રથમ વખતે પેદા કરે છે (એટલા માટે આ શ્રોતાઓ સમીપ પણ તે સ્વીકૃત હતું) પછી તે જ પુનઃજીવીત કરશે (જેમકે પ્રસ્તુત દલીલોની સાથે સાચી ખબરમાં જવાથી જાણ થઈ) અને આ (ફરીવાર પેદા કરવું) તેના નિકટ (તે શ્રોતાઓના મતથી વિપરીત વધારે) સરળ છે (જેમકે માનવીની શક્તિના આધારે પણ આ જ સ્વાભાવિક ટેવ હોય છે કે કોઈ વસ્તુને પ્રથમ વખતે બનાવવા કરતાં બીજી વખતે બનાવવી વધારે સરળ હોય છે)

અને આસમાન અને જમીનમાં તેની જ શા'ન (સૌથી) ઉચ્ચ છે. (એટલે કે ન તો આસમાનોમાં કોઈ એવો મોટો છે અને ન જ જમીનમાં وَلَهُ الْكِبْرِيَآءُ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ) અને તે (મોટો) જબરદસ્ત (એટલે કે મહાશક્તિશાળી અને) હિકમતવાળો છે (એટલા માટે ઉપરની આસમાનોની નિશાનીઓથી કુદરત અને હિકમત બંને જાહેર થાય છે, બસ તે કુદરત અને હિકમતથી સાબિતી મળી ગયા પછી ઈન્કાર કરવો જહાલત છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ રૂમની શરૂઆતમાં જ રૉમ અને ફારસના યુદ્ધની એક ઘટના સંભળાવ્યા પછી ઈન્કારીઓની ગુમરાહી અને સત્ય વાતને સાંભળવા તથા સમજવા માટેની લાપરવાહીનું કારણ તેમનો દુનિયાના નષ્ટ થનાર જીવનને જિંદગીનો એક માત્ર હેતુ બનાવી લેવું અને આખિરત તરફ કોઈ ધ્યાન ન આપવું ઠરાવવામાં આવ્યું છે. ત્યારબાદ કયામતમાં ફરીવાર સજીવન થવાનું અને હિસાબ કિતાબ તથા સારો બદલો અને સજા થવાના વર્ણન ઉપર જે ઉપરછલ્લી દૃષ્ટિવાળાઓને સંદેહ હોઈ શકે છે તેનો જવાબ વિવિધ પાસાંઓ દ્વારા આપવામાં આવ્યો છે કે પ્રથમ પોતે પોતાની જાતમાં ચિંતન અને મનન કરો, પછી આજુબાજુના પ્રદેશમાં ગુઝરી ચૂકેલ કોમોની હાલતો અને તેમના પરિણામ ઉપર દૃષ્ટિ નાંખવાનું આમંત્રણ આપવામાં આવ્યું, ત્યાર પછી અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનું વર્ણન કર્યું જેમાં તેનો કોઈ સમકક્ષ કે ભાગીદાર નથી. આ બધી સ્પષ્ટ દલીલોનું આવશ્યક પરિણામ એ નીકળે છે કે ઈબાદતનો હકદાર માત્ર તે એક જાત જ ઠરાવવામાં આવે અને તેણે જે પોતાના અંબિયા (અલૈ.) દ્વારા કયામત કાયમ થવાની અને તમામ આગલા અને પાછલા લોકોને પુનઃસજીવન કરીને હિસાબ કિતાબ કરીને જન્નત અને દોઝખમાં જવાની ખબર આપી છે તેના ઉપર ઈમાન લાવવામાં આવે. પ્રસ્તુત આયતમાં આ જ સંપૂર્ણ કુદરત અને તેની સાથે ઉચ્ચ હિકમતને છ જાહેર કુદરતની નિશાનીઓના વિષય સાથે વર્ણન કરવામાં આવી છે જે અલ્લાહ તઆલાની અજોડ કુદરત અને હિકમતની નિશાનીઓ છે.

(૧) કુદરતની પ્રથમ નિશાની :

મનુષ્ય જેવી અશ્રફુલ મખ્લૂકાત (સર્વ સર્જનમાં શ્રેષ્ઠ) અને સૃષ્ટિના

સત્તાધિકારીને માટીથી પેદા કર્યો છે જે આ દુનિયાના બધા તત્ત્વોમાં સૌથી નિમ્ન કક્ષાનું તત્ત્વ છે જેમાં હલનચલન કે સૂઝબૂઝની કોઈ નિશાની સુદ્ધાં નજરે પડતી નથી, કારણ કે પ્રખ્યાત ચાર તત્ત્વો આગ, પાણી, હવા અને માટી સિવાય અન્ય બધા તત્ત્વોમાં કંઈને કંઈ હલનચલન હોય છે પરંતુ માટી તેનાથી પણ વંચિત છે. કુદરતે મનુષ્યના સર્જન માટે તેને ચૂંટી કાઢી. ઈબ્લીસની ગુમરાહીનું કારણ એ જ બન્યું કે તેણે આગના તત્ત્વને માટીથી ઉચ્ચ અને શ્રેષ્ઠ સમજીને અભિમાન અપનાવ્યું અને એવું ન સમજ્યું કે શરાફત અને મોટાઈ સર્જનહાર અને માલિકના હાથમાં છે, તે જેને ઈચ્છે મોટો બનાવી શકે છે.

મનુષ્યના સર્જનનું મૂળ તત્ત્વ માટી હોવું હઝરત આદમ (અલૈ.)ના આધારે પણ જાહેર છે અને તેઓ કારણ કે બધા જ મનુષ્યોના અસ્તિત્વનો અસલી પાયો છે એટલા માટે અન્ય મનુષ્યોના સર્જનને પરોક્ષ રીતે તેમની સાથે જોડવું પણ કંઈ ખોટું નથી અને એ પણ શક્ય છે કે સામાન્ય મનુષ્યો જે પેદા થયા અથવા પેઢી દર પેઢીના ક્રમથી નુત્ફા દ્વારા પેદા થાય છે તેમાં પણ નુત્ફામાં મૂળ તત્ત્વમાં માટીનો ભાગ જ સૌથી વધારે છે.

(૨) કુદરતની બીજી નિશાની :

તે એ છે કે મનુષ્યની જ પ્રજાતિમાં અલ્લાહ તઆલાએ સ્ત્રીને પેદા કરી જે પુરુષોની પત્નીઓ બની. એક જ તત્ત્વથી, એક જ સ્થળે, એક જ ખોરાકથી પેદા થનાર બાળકોમાં બે વિવિધ પ્રકારો પેદા કર્યા, જેમના અવયવો અને કદ કાઠી તથા તેમનું ચારિત્ર્ય, ટેવો અને નૈતિકતામાં ઉઘાડો ફરક અને વિશિષ્ટતા જોવા મળે છે. અલ્લાહ તઆલાની કુદરતની કમાલ અને હિકમત માટે આ સર્જન જ પૂરતી નિશાની છે, ત્યાર પછી સ્ત્રીઓના.... તે ખાસ પ્રકારના સર્જનની અને હિકમતની મસ્લિહત આ વર્ણન કરી لِتَسْكُنُوٓا۟ إِلَيْهَا એટલે કે, તેમને એટલા માટે પેદા કરવામાં આવ્યા છે કે તમને તેની પાસે પહોંચીને રાહત મળે. પુરુષની જેટલી પણ આવશ્યકતાઓ સ્ત્રી સાથે સંબંધિત છે જો તેમાં વિચાર કરવામાં આવે તો એ સૌનો હેતુ મનની શાંતિ, રાહત તથા સંતોષ જ છે. કુર્આને કરીમે એક જ શબ્દમાં આ બધાને એકઠું કરી દીધું.

આથી જાણ થઈ કે લગ્નજીવનની બધી જ કાર્યવાહીનો ખુલાસો સંતોષ

અને મનની શાંતિ છે, જે ઘરમાં તે ઉપસ્થિત છે તે પોતાના સર્જનના હેતુમાં સફળ છે. જ્યાં મનની શાંતિ ન હોય ભલે બધું જ કંઈ હોય તે લગ્નજીવનની રૂએ નિષ્ફળ અને નામુરાદ છે. એ પણ દેખીતું છે કે પરસ્પર મનની શાંતિ માત્ર એવા જ સ્વરૂપમાં શક્ય છે કે પુરુષ અને સ્ત્રીના સંબંધોનો આધાર શરઈ નિકાહ અને લગ્ન ઉપર આધારિત હોય. જે પ્રદેશો અને કોમોમાં તેના વિરુદ્ધ હરામ સ્વરૂપોનો રિવાજ છે, જો સંશોધન કરવામાં આવે તો તેમની જિંદગીમાં ક્યાંય પણ સુકૂન નથી. પશુઓની જેમ કામચલાઉ ધોરણે વાસના સંતોષી લેવાનું નામ સુકૂન નથી હોઈ શકતું.

લગ્નજીવનનો હેતુ સુકૂન (શાંતિ) છે જેના માટે પરસ્પર પ્રેમ, મહોબ્બત અને લાગણી જરૂરી છે :

આ આયતમાં પુરુષ અને સ્ત્રીના લગ્નજીવનનો હેતુ મનની શાંતિ ઠરાવવામાં આવ્યો છે અને એ ત્યારે જ શક્ય છે કે બંને પક્ષે એકબીજાના હકોને ઓળખે અને અદા કરે, નહિતર માત્ર હકોની માંગણીથી ઘરેલું ઝઘડાઓ શાંતિને બરબાદ કરી દેશે. આ હકોને અદા કરવા માટેનું એક સ્વરૂપ તો એ હતું કે તેના કાયદાઓ બનાવી દેવા અને તેના હુકમો લાગુ પાડવા ઉપર બસ કરવામાં આવ્યું હોત જેમકે બીજા લોકોના હકોના મા'મલામાં એવું જ કરવામાં આવ્યું છે કે એકબીજાના હકો મારવાને હરામ ઠરાવીને તેના ઉપર કઠોર ધમકીઓ સંભળાવવામાં આવી, સજાઓ નક્કી કરવામાં આવી, લાગણી અને હમદર્દીની શિખામણ આપવામાં આવી પરંતુ અનુભવ સાક્ષી છે કે માત્ર કાયદાઓ દ્વારા કોઈ કોમ મધ્યમ માર્ગ ઉપર લાવી શકાતી નથી, જ્યાં સુધી તેની સાથે અલ્લાહનો ડર ન હોય એટલા માટે સામાજિક વ્યવહારોમાં શરીઅતના હુકમો સાથે સંપૂર્ણ કુર્આનમાં દરેક સ્થળે اِتَّقُوا اللّٰهَ અને وَاخْشَوْا વગેરેના શબ્દો તેની પૂર્ણતા સ્વરૂપે લાવવામાં આવ્યા છે.

પુરુષ અને સ્ત્રીના પરસ્પરના વ્યવહારોનું એવું સ્વરૂપ હોય છે કે તેમના પરસ્પરના હકો સંપૂર્ણ અદા કરવા ઉપર ન તો કોઈ કાયદો હાવી થઈ શકે છે અને ન જ કોઈ ન્યાયપાલિકા તેનો સંપૂર્ણ ન્યાય કરી શકે છે, એટલા માટે નિકાહના ખુત્બામાં રસૂલે કરીમ ﷺએ કુર્આને કરીમની તે આયતોને ચૂંટી કાઢી

છે જેમાં તકવા અને અલ્લાહનો ડર તથા આખિરતનું પ્રોત્સાહન છે કે તે જ વાસ્તવમાં પતિ-પત્ની વચ્ચે હકોનો જામિન બની શકે છે.

એના ઉપર એક વધારાનું ઈનામ અલ્લાહ તઆલાએ એ કર્યું કે લગ્નજીવનના હકોને માત્ર શરઈ અને કાયદાકીય ન રાખ્યું બલકે તેને સ્વાભાવિક અને પ્રાકૃતિક બનાવી દીધું, જે પ્રમાણે માતા પિતા અને અવલાદના પરસ્પરના હકોની સાથે પણ એવો જ વ્યવહાર કર્યો કે તેમના દિલોમાં સ્વાભાવિક રીતે એક એવી મહોબ્બત પેદા કરી દીધી કે માં બાપ પોતાના જીવથી વધારે પોતાની અવલાદની સુરક્ષા કરવા મજબૂર છે અને એ જ રીતે અવલાદના દિલોમાં એક સ્વાભાવિક મહોબ્બત માતા પિતાની રાખવામાં આવી છે. આ જ મા'મલો પતિ પત્ની વિશે પણ કરવામાં આવ્યો, આથી ઈરશાદ થયો وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً એટલે કે, અલ્લાહ તઆલાએ પતિ પત્ની વચ્ચે માત્ર શરઈ અને કાયદાકીય સંબંધ જ નથી રાખ્યો બલકે તેમના દિલોમાં લાગણી અને હમદર્દી ભરી દીધી. وُدّ અને مَوَدَّتْ ના શબ્દનો અર્થ "ચાહવું" થાય છે જેનું ફળ મહોબ્બત અને પ્રેમ છે. અહીંયાં અલ્લાહ તઆલાએ બે શબ્દો અપનાવ્યા, એક مَوَدَّتْ (મવદ્દત) અને બીજો رَحْمَتْ (રહમત); શક્ય છે કે એમાં ઈશારો તે તરફ હોય કે મવદ્દતનો સંબંધ યુવાનીના તે સમય સાથે હોય છે જેમાં બંને પક્ષે ઈચ્છાઓ એકબીજાથી મહોબ્બત અને પ્રેમ ઉપર મજબૂર કરે છે અને ઘડપણમાં જ્યારે આ આવેગો સમાપ્ત થઈ જાય છે તો પરસ્પર દયા અને કૃપા સ્વાભાવિક બની જાય છે.

(કમા ઝિક્રુહુ કુર્તુબી અનલ બઅ્દ)

ત્યાર પછી ફરમાવ્યું, اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ એટલે કે, તેમાં ઘણી બધી નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ચિંતન અને મનન કરે છે, અત્રે વર્ણન તો એક નિશાનીનું કરવામાં આવ્યું છે અને તેના અંતે તેને આયત અને નિશાનીઓ કહી. કારણ એ છે કે લગ્નજીવનનો સંબંધ જેનું વર્ણન કરવામાં આવ્યું તેના વિવિધ પાસાંઓ ઉપર તેનાથી પ્રાપ્ત થનાર દીની અને દુનિયવી લાભો ઉપર દૃષ્ટિ કરવામાં આવે તો એક નહીં ઘણી બધી નિશાનીઓ છે.

(૩) કુદરતની ત્રીજી નિશાની :

આસમાન અને જમીનની ઉત્પત્તિ અને મનુષ્યના વિવિધ વર્ગોની

ભાષાઓ અને તેમના બોલચાલની વિવિધ પદ્ધતિ હોવું અને વિવિધ વર્ગોના વિવિધ પ્રકારના રંગોની વિશેષતા છે કે અમુક સફેદ છે, અમુક કાળા, અમુક લાલ, અમુક પીળા. તેમાં આસમાન અને પૃથ્વીનું સર્જન તો કુદરતના મહાનતમ્ આશ્ચર્યોમાંથી છે જ, મનુષ્યોની વિવિધ પ્રકારની ભાષાઓ હોવી પણ એક વિસ્મયકારી કુદરતનો કરિશ્મો છે. ભાષાઓની વિવિધતામાં શબ્દાર્થનું ભિન્ન ભિન્ન હોવું પણ સામેલ છે. અરબી, ફારસી, હિન્દી, તૂર્કી, અંગ્રેજી વગેરે વિવિધ પ્રકારની કેટલીય ભાષાઓ છે જે વિવિધ પ્રદેશોમાં પ્રચલિત છે અને એકબીજાથી અમુક તો એવી અલગ છે કે તેમની વચ્ચે કોઈ પરસ્પર સંબંધ કે મેળ પણ નથી જણાતો અને આ ભાષાની વિવિધતામાં ઉચ્ચારની વિવિધતા પણ સામેલ છે કે અલ્લાહ તઆલાની કુદરતે દરેક મનુષ્યના અવાજને એવો વિવિધતાસભર બનાવ્યો કે પુરુષ હોય કે સ્ત્રી, બાળક હોય કે વૃદ્ધ એકનો અવાજ કોઈ બીજા વ્યક્તિના અવાજથી બિલકુલ હુબહુ સંપૂર્ણ રીતે ક્યારેય મળતો આવતો નથી, કંઈને કંઈ તફાવત જરૂર રહે છે, જ્યારે કે આ અવાજના યંત્રો જીભ, હોઠ, સ્વરપેટી, તાળવું દરેક વ્યક્તિમાં સમાન છે. تَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ

એ જ પ્રમાણે વાન (રંગ)નો પણ ફરક છે કે એક જ માં બાપથી, એક જ પ્રકારની પરિસ્થિતિઓમાં બે બાળકો વિવિધ રંગના પેદા થાય છે, આ તો સર્જનની કારીગીરીનો કમાલ હતો. આગળ ભાષાઓ અને બોલચાલની લઢણની ભિન્નતા; એ જ પ્રમાણે મનુષ્યના રંગ વિવિધ હોવામાં કેવી કેવી હિકમતો છુપાયેલી છે તેનું વર્ણન ખૂબ લાંબું છે અને ઘણી બધી હિકમતોમાં જો મા'મૂલી ચિંતન અને મનન કરવામાં આવે તો સમજી લેવું મુશ્કેલ નથી, કુદરતની આ નિશાનીઓમાં વિવિધ વસ્તુઓ આસમાન, જમીન, વિવિધ ભાષાઓ, વિવિધ વાન અને તેના સંદર્ભમાં અન્ય ઘણી બધી કુદરત અને હિકમતની નિશાનીઓ ઉપસ્થિત છે અને તે કેવી સ્પષ્ટ અને ખુલ્લી છે કે કોઈ લાંબો કે ઊંડો વિચાર કે ચિંતન કરવાની આવશ્યકતા પણ નથી, દરેક દષ્ટિવાળો તેને જોઈ શકે છે એટલા માટે તેના અંતે ઈરશાદ ફરમાવ્યો, اِنَّ فِیْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّلْعٰلِمِيْنَ એટલે કે, તેમાં ઘણી બધી નિશાનીઓ છે સમજણ રાખનારાઓ માટે.

(૪) કુદરતની ચોથી નિશાની :

માનવીનું રાત્રે સૂવું અને દિવસે સૂવું એ જ પ્રમાણે તેમની રોજીનું રાત્રે

તલાશ કરવું અને દિવસે. આ આયતમાં તો ઊંઘને પણ બંનેમાં વર્ણન કર્યું છે અને રોજીની શોધખોળને પણ અને અમુક બીજી આયતોમાં ઊંઘને માત્ર રાત્રિમાં અને રોજીની શોધખોળને દિવસમાં હોવાનું બતાવ્યું છે, કારણ એ છે કે રાતમાં મૂળ કામ ઊંઘવાનું છે અને અમુક રોજીની શોધખોળ પણ ચાલતી રહે છે અને દિવસમાં તેનાથી વિપરીત મૂળ કામ રોજીની શોધખોળનું છે અને અમુક આરામ કરવાનો પણ સમય મળી જાય છે એટલા માટે બંને વાતો પોતપોતાની જગ્યાએ સાચી છે. અમુક તફસીરકારોએ તા'વીલ કરીને આ આયતમાં પણ ઊંઘને રાત્રિ સાથે અને રોજીની શોધખોળને દિવસ સાથે જોડીને બતાવ્યું છે પરંતુ એવી તા'વીલની જરૂરત નથી.

સૂવું અને રોજીની શોધખોળ કરવી ઝુહ્દ (Asceticism) અને તવક્કુલ (અલ્લાહ ઉપર જ ભરોસો રાખવા)ની વિરોધી બાબત નથી :

આ આયતમાં સાબિત થયું કે સૂવાના સમયે સૂવું અને જાગવાના સમયે રોજીની શોધખોળ કરવી મનુષ્યની પ્રકૃતિ બનાવવામાં આવી છે અને તે બંને વસ્તુઓનું પ્રાપ્ત કરવું માનવનિર્મિત કારણો અથવા વિશિષ્ટતાઓના તા'બે નથી બલકે વાસ્તવમાં આ બંને વસ્તુઓ માત્ર અને માત્ર અલ્લાહનું અર્પણ કરેલ ઈનામ છે, જેમકે રાત-દિવસનો સાક્ષાત્કાર થાય છે કે અમુક દિવસે ઊંઘ અને આરામમાં સૌથી ઉત્તમમાં ઉત્તમ સામાન ભેગો કરી લીધા છતાં ઊંઘ નથી આવતી, અમુક સમયે ડૉક્ટરની ગોળીઓ પણ ઊંઘ લાવવામાં નિષ્ફળ થઈ જાય છે અને જેને માલિક ઇચ્છે છે ખુલ્લી જમીન ઉપર તડકા અને ગરમીમાં ઊંઘ અર્પણ કરી દે છે.

એ જ પરિસ્થિતિ રોજીની પ્રાપ્તિની છે જે રાત-દિવસ જોવા મળે છે કે બે વ્યક્તિ સરખું જ્ઞાન અને સમાન બુદ્ધિવાળા, સરખી મહેનત કરનારા અને રોજીની પ્રાપ્તિ માટે એકસમાન કામ લઈને બેઠા છે, એક પ્રગતિ કર્યે જાય છે, બીજો ત્યાંનો ત્યાં જ રહી જાય છે. અલ્લાહ તઆલાએ દુનિયાને કાર્ય-કારણનું "દારુલ અસ્બાબ" ઘણી હિકમત અને મસ્લિહતથી બનાવ્યું છે એટલા માટે રોજીની શોધખોળ ભૌતિક કારણો દ્વારા જ જરૂરી છે પરંતુ બુદ્ધિનું કામ એ છે કે વાસ્તવિકતાના પરિચયથી છેટા ન રહે, તે કારણોને કારણો જ સમજે અને અસલ રોજી આપનારો રાઝિક તે કારણો બનાવનારને જ સમજે.

આ "આયતે કુદરત"ના અંતે إِنَّ فِى ذَٰلِكَ لَآيَٰتٍ لِّقَوْمٍ يَسْمَعُونَ ઈરશાદ ફરમાવ્યો, એટલે કે તેમાં તે લોકો માટે ઘણી બધી નિશાનીઓ છે જેઓ વાતને ધ્યાનથી સાંભળે છે. તેમાં સાંભળવા ઉપર આધાર રાખવાનું કારણ કદાચ એ હોય કે જોવા જઈએ તો ઊંઘ તો આપમેળે આવી જતી હોય છે જ્યારે મનુષ્ય થોડો આરામની જગ્યા કરીને સૂઈ જાય, એ જ પ્રમાણે રોજીની પ્રાપ્તિ મહેનત, મજૂરી, વેપાર વગેરે દ્વારા થઈ જાય છે એટલા માટે કુદરતના હાથનું કાર્યસાધકપણું જાહેર દૃષ્ટિથી અદૃષ્ય રહે છે, તે અલ્લાહના સંદેશ લાવનારા અંબિયા (અલૈ.) બતાવે છે એટલા માટે ફરમાવ્યું કે આ નિશાનીઓ તેઓ માટે જ કામની હોય છે જેઓ વાતને ધ્યાન આપીને સાંભળે છે અને જ્યારે સમજમાં આવી જાય તો સ્વીકાર કરી લે છે, હઠધર્મી અને જીદ કરતા નથી.

(૫) કુદરતની પાંચમી નિશાની :

કુદરતની પાંચમી નિશાની એ છે કે અલ્લાહ તઆલા મનુષ્યોને વીજળીના ચમકારાઓ બતાવે છે જેમાં તેના પડવાનો અને નુકસાન પહોંચવાનો ભય પણ હોય છે અને તેના પછી વરસાદની આશા પણ; અને પછી વરસાદ ઉતારે છે અને તે સુક્કી નિર્જીવ જમીનને સજીવન અને હરિયાળી કરીને તેમાં વિવિધ પ્રકારના વૃક્ષો અને ફળફૂલ ઉગાડે છે, તેના અંતે ફરમાવ્યું, إِنَّ فِى ذَٰلِكَ لَآيَٰتٍ لِّقَوْمٍ يَعْقِلُونَ એટલે કે, તેમાં બુદ્ધિશાળીઓ માટે ઘણી બધી નિશાનીઓ છે, કારણ કે વીજળી અને વરસાદ તથા તેના દ્વારા પ્રાપ્ત થનાર વનસ્પતિ અને ફળફૂલનું સર્જન અલ્લાહ તઆલા તરફથી હોવું બુદ્ધિ અને હિકમત દ્વારા જ સમજી શકાય છે.

(૬) કુદરતની છઠ્ઠી નિશાની :

કુદરતની છઠ્ઠી નિશાની એ છે કે આસમાનો અને જમીનનું ટકી રહેવું અલ્લાહના જ હુકમથી છે અને જ્યારે તેનો હુકમ એ હશે કે આ વ્યવસ્થાને તોડીફોડી નાંખવામાં આવે તો આ બધી મજબૂત સ્થાયી વસ્તુઓ જેમાં હજારો વર્ષો ચાલ્યા પછી પણ કોઈ નુકસાન અથવા ખલેલ નથી આવતો એક ક્ષણવારમાં તૂટીફૂટીને નષ્ટ થઈ જશે અને પછી અલ્લાહ તઆલાના જ હુકમથી ફરીવાર બધા મુરદાઓ સજીવન થઈને મેદાને હશ્રમાં એકઠા થઈ જશે.

આ કુદરતની છઠ્ઠી નિશાની વાસ્તવમાં પ્રથમ બધી નિશાનીઓનો ખુલાસો

અને હેતુ છે, તેને જ સમજાવવા માટે તેની પ્રથમ પાંચ આયતો વર્ણન કરવામાં આવી છે અને ત્યારબાદ કેટલીય આયતો સુધી આ વિષય વર્ણન કર્યો છે.

لَـهُ الْـمَثَـلُ الْاَعْلٰى માં શબ્દ مَثَلُ (મષલ) બ ફત્હે મ અને ثَاءَ દરેક એવી વસ્તુ માટે બોલવામાં આવે છે જેમાં બીજાઓથી કંઈક સરખાપણું હોય અને મળતું આવતું હોય, બિલકુલ તેના જેવું જ હોવું તેના ભાવાર્થમાં સામેલ નથી એટલા માટે અલ્લાહ તઆલા માટે مَثَـــــــلُ હોવું તો કુર્આનમાં કેટલીય જગ્યાએ આવ્યું છે, અહીંયાં બીજા સ્થળે ફરમાવ્યું, مَثَـلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ પરંતુ مَثَلُ (મષલ) અને مِثَالُ (મિષાલ)થી અલ્લાહ તઆલાની જાતપાક વરાઉલ વરાઅ્ (Completely beyond resemblance–જેનો કોઈ જોડીદાર હોવાની કલ્પના સુદ્ધાં ન કરી શકાય એવો મહાન) છે.

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૨૮ થી ૪૦)

ضَرَبَ لَكُمْ مَّثَلًا مِّنْ اَنْفُسِكُمْ ؕ هَلْ لَّكُمْ مِّنْ مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ شُرَكَآءَ فِيْ مَا
رَزَقْنٰكُمْ فَاَنْتُمْ فِيْهِ سَوَآءٌ تَخَافُوْنَهُمْ كَخِيْفَتِكُمْ اَنْفُسَكُمْ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ
لِقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٢٨﴾ بَلِ اتَّبَعَ الَّذِيْنَ ظَلَمُوْٓا اَهْوَآءَهُمْ بِغَيْرِ عِلْمٍ ۚ فَمَنْ يَّهْدِيْ
مَنْ اَضَلَّ اللّٰهُ ؕ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٢٩﴾ فَاَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا ؕ فِطْرَتَ اللّٰهِ
الَّتِيْ فَطَرَ النَّاسَ عَلَيْهَا ؕ لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ؕ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ ۙ وَلٰكِنَّ
اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٣٠﴾ مُنِيْبِيْنَ اِلَيْهِ وَاتَّقُوْهُ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَلَا
تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ ﴿٣١﴾ مِنَ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَكَانُوْا شِيَعًا ؕ كُلُّ حِزْبٍۢ
بِمَا لَدَيْهِمْ فَرِحُوْنَ ﴿٣٢﴾ وَاِذَا مَسَّ النَّاسَ ضُرٌّ دَعَوْا رَبَّهُمْ مُّنِيْبِيْنَ اِلَيْهِ ثُمَّ اِذَآ
اَذَاقَهُمْ مِّنْهُ رَحْمَةً اِذَا فَرِيْقٌ مِّنْهُمْ بِرَبِّهِمْ يُشْرِكُوْنَ ﴿٣٣﴾ لِيَكْفُرُوْا بِمَآ اٰتَيْنٰهُمْ ؕ
فَتَمَتَّعُوْا ۥ وقفة فَسَوْفَ تَعْلَمُوْنَ ﴿٣٤﴾ اَمْ اَنْزَلْنَا عَلَيْهِمْ سُلْطٰنًا فَهُوَ يَتَكَلَّمُ بِمَا

كَانُوا بِهٖ يُشْرِكُوْنَ ۝٣٥ وَاِذَآ اَذَقْنَا النَّاسَ رَحْمَةً فَرِحُوْا بِهَا ۭ وَاِنْ تُصِبْهُمْ سَيِّئَةٌۢ
بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ اِذَا هُمْ يَقْنَطُوْنَ ۝٣٦ اَوَلَمْ يَرَوْا اَنَّ اللّٰهَ يَبْسُطُ
الرِّزْقَ لِمَنْ يَّشَاۗءُ وَيَقْدِرُ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ۝٣٧ فَاٰتِ
ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ ۭ ذٰلِكَ خَيْرٌ لِّلَّذِيْنَ يُرِيْدُوْنَ
وَجْهَ اللّٰهِ ۡ وَاُولٰۗىِٕكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝٣٨ وَمَآ اٰتَيْتُمْ مِّنْ رِّبًا لِّيَرْبُوَا۟ فِيْٓ اَمْوَالِ
النَّاسِ فَلَا يَرْبُوْا عِنْدَ اللّٰهِ ۚ وَمَآ اٰتَيْتُمْ مِّنْ زَكٰوةٍ تُرِيْدُوْنَ وَجْهَ اللّٰهِ
فَاُولٰۗىِٕكَ هُمُ الْمُضْعِفُوْنَ ۝٣٩ اَللّٰهُ الَّذِيْ خَلَقَكُمْ ثُمَّ رَزَقَكُمْ ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ۭ
هَلْ مِنْ شُرَكَاۗىِٕكُمْ مَّنْ يَّفْعَلُ مِنْ ذٰلِكُمْ مِّنْ شَيْءٍ ۭ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ۝٤٠ ع

તરજુમો :

તમને એક દૃષ્ટાંત તમારા અંદરથી બતાવ્યું, જુઓ જે તમારા હાથનો માલ (ગુલામ) છે તેમનામાંથી અમારી આપેલી રોજીમાં તમારો કોઈ ભાગીદાર છે કે તમે બધા તેમાં સમાન હોય (અને) તેમનાથી (એવા) ડરવા લાગો જેવી રીતે કે પોતાના(ભાગવાળા)ઓનો ભય રાખો છો ? આ રીતે અમે સ્પષ્ટ નિશાનીઓ તે લોકો માટે વર્ણન કરીએ છીએ જેઓ સમજે છે. (૨૮) બલકે આ અન્યાયીઓ પોતાની મનેચ્છાઓ ઉપર વિના સમજ્યે ચાલે છે, બસ કોણ સમજાવે જેને અલ્લાહે ભટકાવ્યો અને તેમનો કોઈ મદદગાર નથી. (૨૯) બસ તમે દીન ઉપર પોતાનું મુખ એક તરફના થઈને સીધું રાખો, તે જ અલ્લાહની ફિતરત જેના ઉપર લોકો (માનવજાત)ને બનાવ્યા, અલ્લાહના સર્જનમાં બદલાવ નથી, આ જ સીધો દીન છે અને પરંતુ ઘણા લોકો સમજતા નથી. (૩૦) સૌ તેના તરફ શરણે થઈને અને તેનાથી ડરતા રહો અને નમાઝ કાયમ રાખો અને શિર્ક કરનારાઓમાંના ન થાઓ. (૩૧) જેમણે પોતાના દીનમાં ફૂટ નાંખી અને તેમનામાં ઘણા ફિરકા થઈ ગયા, દરેક ફિરકો જે તેની પાસે છે તેના ઉપર હરખાય છે. (૩૨) અને જ્યારે લોકોને કંઈ કઠણાઈ

પહોંચે છે તો પોતાના પરવરદિગારને તેના તરફ શરણે થઈને પોકારે, પછી જ્યારે તેમને પોતાના તરફથી કંઈ રહમત ચખાડી તે જ સમયે તેમનામાં એક વર્ગ પોતાના પરવરદિગારનો ભાગીદાર બતાવવા લાગ્યા. (૩૩) કે અમારા આપેલાથી ઈન્કારી થઈ જાય, બસ મજા ઉડાવી લો હવે આગળ જાણી લેશો ! (૩૪) શું અમે તેમના ઉપર કોઈ સનદ ઊતારી છે કે તે એવું બોલી રહી છે જે આ (અલ્લાહના) ભાગીદાર બતાવે છે ! (૩૫) અને જ્યારે અમે લોકોને કંઈક રહમત ચખાડીએ તેના ઉપર ફુલ્યા નથી સમાતા અને જો તેમના ઉપર કંઈ બુરાઈ પોતાના હાથોથી મોકલેલા ઉપર આવી પડે તો આશા તોડી બેસે. (૩૬) શું જોઈ ચૂક્યા નથી કે અલ્લાહ રોજીને જેના ઉપર ઈચ્છે ફેલાવી દે છે અને જેને ઈચ્છે માપીને આપે છે, તેમાં તે લોકો માટે નિશાનીઓ છે જેઓ ઈમાન રાખે છે. (૩૭) બસ તમે નિકટના સંબંધીઓને તેમનો હક આપો અને મોહતાજને અને મુસાફરને આ તેમના માટે ઉત્તમ છે જેઓ અલ્લાહની ખુશીના ચાહક છે અને તે જ સફળતા પામનારા છે. (૩૮) અને જે વ્યાજ ઉપર આપો છો કે લોકોના માલમાં વધતું રહે; બસ તે અલ્લાહના ત્યાં વધતું નથી અને જે ઝકાત (વગેરે શુદ્ધ હૃદયે) ઈરાદાપૂર્વક અલ્લાહની ખુશી માટે આપો છો બસ તે જ છે જેના બમણા થયા. (૩૯) અલ્લાહ તે જ છે જેણે તમને બનાવ્યા, પછી તમને રોજી આપી, પછી તમને મોત આપે છે, પછી તમને જીવાડશે, કોઈ છે તમારા (ઉપજાવી કાઢેલા અલ્લાહના) ભાગીદારોમાંથી જે આ કામોમાંથી એક કામ કરી શકે ? તે નિરાલો છે અને ઘણો ઉચ્ચ છે તેનાથી કે ભાગીદાર બતાવો છો. (૪૦)

તફસીર :

અલ્લાહ (શિર્કને નીંદાપાત્ર અને જૂઠું સાબિત કરવા માટે) તમને એક આશ્ચર્યજનક વિષય તમારી જ પરિસ્થિતિઓમાંથી વર્ણન કરે છે (અને તે એ કે વિચાર કરો) શું તમારા ગુલામોમાંથી કોઈ વ્યક્તિ તમારા તે માલમાં જે અમે તમને આપ્યો છે ભાગીદાર છે કે તમે અને તે (અધિકારોના આધારે) તેમાં સમાન હોય જેનો તમે (ખર્ચ કરતી વખતે) એવો વિચાર કરો છો જેમકે પોતાના પરસ્પર(ના ભાગીદાર અને આઝાદ હિસ્સેદારનો) વિચાર કર્યા કરો છો (અને તેમનાથી પરવાનગી લઈને ખર્ચ કરો છો અથવા ઓછામાં ઓછું તેના વિરોધનો

સંદેહ જ રહેતો હોય છે અને દેખીતું છે કે ગુલામ આ રીતે ભાગીદાર નથી હોતો, બસ જ્યારે તમારા ગુલામો જે માનવોની જ પ્રજાતિ છે અને ઘણી બધી વસ્તુઓમાં તમારા ભાગીદાર છે અને તમારા જેવા છે તફાવત માત્ર એક વસ્તુમાં છે કે તમે માલ દોલતના માલિક છો અને તે નથી, તે છતાં જ્યારે તે તમારા ખાસ ખર્ચ કરવાના અર્થમાં તમારો ભાગીદાર નથી બની શકતો તો તમારા ઠરાવવામાં આવેલ જૂઠા મઅ્બૂદો કે જે અલ્લાહ તઆલાના ગુલામ છે અને કોઈ વ્યક્તિગત વિશિષ્ટતા અથવા સિફતોમાં અલ્લાહ તઆલાના સમકક્ષ નથી, બલકે અમુક તો તેમનામાં પણ અલ્લાહ તઆલાની કારીગીરી છે, આ મઅ્બૂદો અલ્લાહ તઆલાના ખાસ મઅ્બૂદ તરીકેના હકમાં કઈ રીતે તેની સાથે ભાગીદાર થઈ શકે છે ? અને અમે જે પ્રમાણે આ દલીલ સંપૂર્ણ રીતે શિર્કના રદિયાની વર્ણન કરી) અમે એ જ પ્રમાણે સમજદારો માટે દલીલો સાફ સાફ વર્ણન કરતા રહીએ છીએ (અને તકાદો એ હતો કે તે લોકો સત્યનું અનુસરણ અપનાવે અને શિર્કને છોડી દે પરંતુ તેઓ સત્યનું અનુસરણ કરતા નથી) બલકે આ જાલિમોએ વિના (કોઈ સાચી) દલીલ(ના માત્ર) પોતાના (જૂઠા) વિચારોનું અનુસરણ કરી રાખ્યું છે, બસ જેને (તેમની હઠધર્મી અને દુશ્મનાવટ તથા જૂઠ ઉપર હઠાગ્રહના કારણે) અલ્લાહ તઆલા (જ) ગુમરાહ કરે તેને કોણ માર્ગ ઉપર લાવે ? (તેનો મકસદ એ નથી કે તે મા'ઝૂર છે, બલકે રસૂલે કરીમ ﷺને દિલાસો આપવા માટે છે કે આપ ﷺ દિલગીર ન થાઓ, તમારું જે કાર્ય હતું તે તમે કરી ચૂક્યા અને જ્યારે આ માર્ગ ભટકેલાઓને અઝાબ થવા લાગશે તો) તેમનો કોઈ હિમાયતી હશે નહીં (અને જ્યારે ઉપરના વિષયોથી તવહીદની વાસ્તવિકતા સ્પષ્ટ થઈ ગઈ) તો (શ્રોતાઓમાંથી દરેકે દરેક વ્યક્તિથી કહેવામાં આવે છે કે) તમે (જૂઠા ધર્મોથી) એકબાજુએ હટીને પોતાનું મુખ આ (સત્ય) દીન તરફ રાખો (અને બધા જ લોકો) અલ્લાહની આપેલી કાબેલિયતનું અનુસરણ કરો જે (કાબેલિયત) ઉપર અલ્લાહ તઆલાએ લોકોને પેદા કર્યા છે (મતલબ કે અલ્લાહની ટેવ એ છે કે અલ્લાહ તઆલાએ દરેક વ્યક્તિમાં સ્વાભાવિક રીતે જ એ ક્ષમતા રાખી છે કે જો સત્યને સાંભળવા અને સમજવા ઈચ્છે તો તે સમજમાં આવી જાય છે અને તેના અનુસરણનો હેતુ એ છે કે આ ક્ષમતા અને કાબેલિયતથી કામ લે અને તેના તકાદા ઉપર અમલ કરે, મતલબ કે આ સ્વાભાવિક લક્ષણનું અનુસરણ કરવું જોઈએ)

અને આ અલ્લાહ તઆલાની પેદા કરેલી વસ્તુને જેના ઉપર તેણે બધા મનુષ્યોને પેદા કર્યા છે બદલવી ન જોઈએ, બસ સીધો (માર્ગ) દીન(નો) આ જ છે પરંતુ ઘણા લોકો (તેને વિચાર ન કરવાના કારણે) નથી જાણતા (એટલા માટે તેનું અનુસરણ નથી કરતા, મતલબ કે) તમે અલ્લાહના તરફ રુજૂઅ્ (શરણે) થઈને અલ્લાહની ફિતરતે ઈલાહિયાનું અનુસરણ કરો અને તે(નો વિરોધ કરવાથી અને વિરોધના કારણે અઝાબ)થી ડરો અને (ઈસ્લામ સ્વીકાર કરીને) નમાઝની પાબંદી કરો (જે તવહીદની અમલી જાહેરાત છે) અને શિર્ક કરનારાઓમાંથી ન રહો, જે લોકોએ પોતાના દીનના ટૂકડે ટૂકડા કરી દીધા (એટલે કે સત્ય તો એક જ હતું અને જૂઠ ઘણા બધા હોય છે તેમણે સત્યને છોડી દીધું અને જૂઠના વિવિધ માર્ગો અપનાવી લીધા, આ દીનના ટૂકડા ટૂકડા કરવા કહેવાય છે કે એકે એક માર્ગ લઈ લીધો, બીજાએ બીજો) અને ઘણા બધા (વિવિધ) વર્ગો થઈ ગયા (અને જો સત્ય ઉપર રહ્યા હોત તો એક જૂથ હોત અને તે છતાં કે તે સત્યને છોડી દેનારાઓમાં બધા તરીકા ખોટા છે પરંતુ તો પણ અજ્ઞાનતાના કારણે તેમનામાં) દરેક જૂથ પોતાના એ તરીકા ઉપર ખુશ છે જે તેમની પાસે છે અને (જે તવહીદ તરફ અમે બોલાવીએ છીએ તેનો ઈન્કાર અને વિરોધ કરવા છતાં લાચારીના સમયે સામાન્ય રીતે લોકોની હાલત અને નિવેદનથી તેની જાહેરાતનો સ્વીકાર પણ કરવા લાગે છે જેનાથી તવહીદનો વિષય સ્વાભાવિક હોવાનું સમર્થન થાય છે એટલા માટે સાક્ષાત્કાર કરી શકાય છે કે) જ્યારે લોકોને તકલીફ પહોંચે છે (તે વખતે બેકરાર થઈને) પોતાના (હકીકી) પરવરદિગારની એ જ રીતે શરણે જઈને પોકારવા લાગે છે (અને બધા મઅ્બૂદોને છોડી દે છે પરંતુ) પછી (નિકટમાં જ એવી હાલત થઈ જાય છે કે) જ્યારે અલ્લાહ તઆલા તેમને પોતાના તરફથી કંઈ મહેરબાનીની મજા ચખાડી આપે છે તો બસ તેમનામાંથી અમુક લોકો (પછી) પોતાના પરવરદિગારની સાથે શિર્ક કરવા લાગે છે (જેનો ખુલાસો એ છે કે) અમે જે (આરામ અને રાહત) તેમને આપી છે તેની નાશુક્રી કરે છે (જે બૌદ્ધિક રીતે પણ સૂગપાત્ર છે) બસ (ખૈર) અમુક દિવસ હજુ મજા પ્રાપ્ત કરી લો, પછી નિકટમાં જ તમે (વાસ્તવિકતા) જાણી લેશો (અને આ લોકો જે શિર્ક કરે છે ખાસ કરીને તવહીદના સ્વીકાર પછી, તો પહેલાથી કોઈ પૂછે કે તેનું શું કારણ છે) તો શું અમે તેમના ઉપર કોઈ સનદ (એટલે કે કોઈ કિતાબ) નાઝિલ કરી છે કે તે તેમને મારી

સાથે શિર્ક કરવાનું કહી રહી છે ? (એટલે કે તેમની પાસે તેની કોઈ લેખિત દલીલ પણ નથી અને બૌદ્ધિક અને તાર્કિક રીતે પણ તે કૃત્ય ખોટું હોવાનું પોતે તેમની લાચારીમાં સ્વીકાર કરવાની પરિસ્થિતિથી જાહેર થઈ જાય છે, બસ ખોટું એ ખોટું ઠરે છે) અને (આગળ પ્રસ્તુત વિષયની પૂર્ણતા છે અને તે એ છે કે) અમે જ્યારે (તે) લોકોને અમુક મહેરબાનીની મજા ચખાડી આપીએ છીએ તો એ તેનાથી (એ પ્રમાણે) ખુશ થાય છે (કે ખુશીમાં મસ્ત થઈને શિર્ક કરવા લાગે છે, જેમકે ઉપર વર્ણન થયું) અને જો તેમના (દુષ્ટ) કર્મોના બદલામાં જે પહેલાં પોતાના હાથોએ કરી ચૂક્યા છે તેમના ઉપર કોઈ મુસીબત આવી પડે છે તો બસ તે લોકો હતાશ થઈ જાય છે (આ સ્થળે વિચાર કરવાથી જાણ થાય છે કે આ ઉપસંહારનો મૂળ હેતુ પ્રથમ વાક્ય اِذَآ اَذَقْنَا النَّاسَ માં તેમના શિર્કમાં સંડોવાવાનું કારણ અય્યાશીના નશામાં ચકચૂર અને ગાફેલ હોવું પ્રસ્તુત છે. બીજું વાક્ય માત્ર મુકાબલાની યોગ્યતાના કારણે વર્ણન કરવામાં આવ્યું છે કે તે બંને પરિસ્થિતિઓથી એટલી વાત સાબિત થાય છે કે તેનો સંબંધ અલ્લાહ તઆલાથી ઘણો ઓછો અને કમજોર છે, થોડું થોડું આ જ વસ્તુ તે સંબંધને ભૂલાવી દે છે. આગળ તેની જ બીજી દલીલ છે કે આ લોકો જે શિર્ક કરે છે તો) શું તેમને એ ખબર નથી કે અલ્લાહ તઆલા જેને ચાહે વધારે રોજી આપે છે અને જેને ચાહે ઓછી આપે છે (અને મુશ્રિકો સમીપ આ સ્વીકાર્ય પણ હતું કે રોજીનું વધવું અથવા ઘટવું વાસ્તવમાં અલ્લાહનું જ કામ છે وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ نَّزَّلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَحْيَا بِهِ الْاَرْضَ مِنْۢ بَعْدِ مَوْتِهَا لَيَقُوْلُنَّ اللّٰهُ) એ(બાબત)માં (પણ તવહીદની) નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ઈમાન રાખે છે (એટલે કે તેઓ સમજે છે અને બીજાઓ પણ સમજી શકે છે, કારણ કે જે વ્યક્તિ એવો શક્તિશાળી હશે ઈબાદતનો હકદાર તે જ હશે), પછી (જ્યારે તવહીદની દલીલોમાં જાણ થઈ કે રોજી આપવી અલ્લાહના જ કબ્જામાં છે અને તેના જ તરફથી છે તો તેનાથી એક વાત બીજી પણ સાબિત થઈ કે કંજૂસાઈ કરવી નીંદનીય છે, કારણ કે કંજૂસાઈ કરવાથી જેટલી રોજી નસીબમાં છે તેનાથી વધારે નથી મળી શકતી એટલા માટે નેક કાર્યોમાં ખર્ચ કરવાથી કંજૂસાઈ ન કર્યા કરો બલકે) નિકટનાઓને તેમનો હક આપ્યા કરો અને (એ જ પ્રમાણે) મિસ્કીન અને મુસાફરોને (તેમના હકો આપ્યા કરો જેની વિગત શરીઅતની દલીલોથી જાણી શકાય છે) આ તે લોકો માટે ઉત્તમ છે જેઓ અલ્લાહની ખુશીના

ઇચ્છુક છે અને એવા જ લોકો સફળતા પામનારા છે અને (અમે જે આ શરત લગાવી કે આ વિષય ઉત્તમ છે તે લોકો માટે જેઓ અલ્લાહની ખુશીના તલબગાર હોય તેનું કારણ એ છે કે અમારા સમીપ સદંતર બધો માલ ખર્ચ કરી આપવો સફળતાનું કારણ નથી બલકે તેનો કાયદો એ છે કે) જે વસ્તુ તમે (દુનિયાના હેતુથી ખર્ચ કરશો, દાખલા તરીકે કોઈ વસ્તુ એ હેતુથી કોઈને) આપશો કે તે લોકોના માલમાં (સામેલ થઈને એટલે કે તેમની મિલકત અને કબ્જામાં) પહોંચીને (તમારા માટે) વધારે થ(ઈને આવ)શે (જેમકે નોંતરું અને લગ્નપ્રસંગોના મોટા ભાગે આ જ હેતુથી વ્યવહાર આપવામાં આવે છે કે તે વ્યક્તિ અમારા પ્રસંગ ઉપર કંઈક વધારે ઉમેરીને આપશે) તો એ અલ્લાહ તઆલા નજીક વધતું નથી (કારણ કે અલ્લાહ નજીક પહોંચવું અને વધવું તે માલની સાથે ખાસ છે જે અલ્લાહની ખુશી માટે ખર્ચ કરવામાં આવે, જેમકે આગળ આવે છે અને હદીષમાં છે કે એ تَمْرَةً مَقْبُوْلَةً ઉહદ પહાડથી પણ વધારે વધી જાય છે અને તેનાથી વિપરીત ઉપરોક્ત વ્યવહારોમાં આ નિય્યત પણ ન હતી એટલા માટે ન તો તે સ્વીકૃત થયું અને ન જ વધારે થયું) અને જે ઝકાત (વગેરે) આપશો જેનાથી અલ્લાહની ખુશી પ્રાપ્ત કરતા હશો તો એવા લોકો (પોતાના આપેલાને) અલ્લાહની પાસે વધારતા રહેશે (જેમકે હમણા હદીષનો એક વિષય પસાર થઈ ચૂક્યો અને કારણ કે આ વિષય અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનો છે જેનાથી અલ્લાહ તઆલાની રઝ્ઝાકની સિફતની દલીલ થાય છે એટલા માટે તે તવહીદની તાકીદનું માધ્યમ પણ છે એટલા માટે તે સ્વભાવિક રીતે આવી ગયું પરંતુ મૂળ હેતુ તો તવહીદનું જ વર્ણન છે તેથી ફરી આગળ તે જ તવહીદનું વર્ણન છે)

અલ્લાહ તે જ છે જેણે તમને પેદા કર્યા, ફરી તમને રોજી આપી, ફરી તમને મોત આપે છે, ફરી (કયામતમાં) તમને જીવાડશે (તેમાંથી અમુક બાબતો તો શ્રોતાઓના સ્વીકારથી સાબિત છે અને અમુક દલીલોથી, મતલબ કે તે આવો મહાશક્તિશાળી છે, હવે એ બતાવો કે) તમારા ભાગીદારોમાંથી કોઈ એવો છે જે આ કામોમાંથી કંઈ પણ કરી શકે ? (અને દેખીતું છે કે કોઈપણ નથી એટલા માટે સાબિત થયું કે) તે તેમના ભાગીદારોથી પવિત્ર અને મહાનતમ્ છે (એટલે કે તેનો કોઈ ભાગીદાર નથી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં તવહીદના વિષયની વિવિધ ગવાહીઓ અને સાબિતીઓ વિવિધ વિષયો હેઠળ બતાવવામાં આવી છે જે દરેક મનુષ્યના દિલમાં ઊતરી જાય. પ્રથમ એક દષ્ટાંતથી સમજાવ્યું કે તમારા ગુલામ નોકર જે તમારા જ જેવા મનુષ્યો છે શકલ–સૂરત અને હાથ–પગ તથા સ્વાભાવિક પ્રકૃતિ બધી જ વસ્તુઓમાં તમારા ભાગીદાર છે પરંતુ તમે તેમને પોતાના અધિકાર અને સત્તામાં પોતાના સમકક્ષ બનાવતા નથી કે તેઓ પણ તમારી જેમ જે ઇચ્છે કર્યા કરે, જે ઇચ્છે ખર્ચ કરે, બિલકુલ પોતાના સમાન તો શું બનાવે તેમને પોતાના માલ અને અધિકારમાં નાની સરખી ભાગીદારીનો પણ હક નથી આપતા ! જેમકે કોઈ ગૌણ અને મા'મૂલી ભાગીદારીથી તમે ડરો છો કે તેની મરજી વિના કોઈ ખર્ચ કર્યો તો તે વાંધો ઉઠાવશે; ગુલામો, નોકરોને આવો દરજ્જો પણ નથી આપતા તો વિચાર કરો કે સમગ્ર સર્જન, જેમાં ફરિશ્તા, મનુષ્યો તથા સમગ્ર સૃષ્ટિ સામેલ છે આ સઘળા અલ્લાહની મખ્લૂક અને તેના બંદા તથા ગુલામ છે, તેમને તમે અલ્લાહ તઆલા સમાન અથવા તેના શરીક કેવી રીતે વિશ્વાસ કરી લો છો ?

બીજી આયતમાં એના ઉપર ચેતવણી છે કે આ વાત સીધી અને સ્પષ્ટ છે પરંતુ પોતાની મનેચ્છાઓના તા'બે થઈને તેઓ કોઈપણ જ્ઞાન અને હિકમતની વાત માનતા નથી.

ત્રીજી આયતમાં રસૂલે કરીમ ﷺને જાહેર સંબોધનનો હુકમ આપ્યો છે કે જ્યારે શિર્કનું અયોગ્ય અને મહાન અત્યાચાર હોવું સાબિત થઈ ગયું તો તમે બધી જ શિર્કયુક્ત વિચારસરણીઓને છોડીને પોતાનું મુખ માત્ર દીને ઇસ્લામ તરફ ફેરવી લો. فَاَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا ؕ

ત્યારબાદ આ દીને ઇસ્લામ પ્રકૃતિના તકાદાઓ પ્રમાણે હોવું આ રીતે વર્ણન કર્યું فِطْرَةَ اللّٰهِ الَّتِىْ فَطَرَ النَّاسَ عَلَيْهَا لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ؕ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ માં فَاَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا વાક્ય પ્રથમ વાક્ય فِطْرَةَ اللّٰهِ الَّتِىْ فَطَرَ النَّاسَ عَلَيْهَا આ ની વધારે સ્પષ્ટતા અને દીને હનીફ જેના અનુસરણનો હુકમ પહેલા વાક્યમાં આપવામાં આવ્યો છે તેના એક ખાસ લક્ષણનું વર્ણન છે કે તે દીને ફિતરત (એટલે કે માનવ પ્રકૃતિ સાથે સુમેળ) ધરાવતો દીન છે અને فِطْرَةَ اللّٰهِ (ફિતરતલ્લાહ)ની

નહ્‌વી તરકીબમાં મન્સૂબ હોવાના તફસીરકારોએ વિવિધ કારણો લખ્યા છે કે શબ્દ اِتَّبِعُ (ઈત્તબીઅ્) અહીંયાંથી મહઝૂફ છે અથવા શબ્દ اَعْنِىْ (અઅ્‌ની) મતલબ કે એ નક્કી છે કે દીને હનીફ જેના અનુસરણનો પ્રથમ વાક્યમાં હુકમ આપવામાં આવ્યો છે તેને આ વાક્યમાં فِطْرَةَ اللّٰهِ (ફિતરતલ્લાહી) ઠરાવવામાં આવ્યું છે અને તેનો અર્થ પોતે આગલા વાક્યમાં એ બતાવ્યો કે અલ્લાહની ફિતરતથી ભાવાર્થ એ છે કે જે ફિતરત ઉપર અલ્લાહે લોકોને પેદા કર્યા છે.

ફિતરત (માનવ પ્રકૃતિ-Human Nature)નો શું ભાવાર્થ છે ? :

આ બાબતે તફસીરકારોના વિવિધ નિવેદનો નકલ થયા છે, તેમાં બે વધારે પ્રખ્યાત છે.

પ્રથમ એ કે ફિતરતનો ભાવાર્થ ઈસ્લામ છે અને મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ દરેક મનુષ્યને પોતાની ફિતરત અને પ્રકૃતિ આધારે મુસલમાન પેદા કર્યા છે, જો તેને આજુબાજુના વાતાવરણ અને માહોલમાં કોઈ ખરાબ કરનાર ખરાબ ન કરી દે તો દરેક પેદા થનાર બાળક મુસલમાન હશે પરંતુ સ્વાભાવિક રીતે એવું થતું હોય છે કે માં-બાપ તેમને અમુક સમયે ઈસ્લામ વિરુદ્ધ વસ્તુઓ શિખવાડી આપે છે જેના કારણે તે ઈસ્લામ ઉપર કાયમ નથી રહેતો, જેમકે સહીહૈનની એક હદીષમાં આવ્યું છે. કુર્તુબીએ આ જ નિવેદનને જમહૂર સલફનું નિવેદન ઠરાવ્યું છે.

બીજું નિવેદન એ છે કે ફિતરતનો ભાવાર્થ ક્ષમતા છે, એટલે કે મનુષ્યના સર્જનમાં અલ્લાહ તઆલાએ એ ખાસિયત રાખી છે કે દરેક મનુષ્યમાં પોતાના સર્જનહારને ઓળખવાની અને તેને માનવાની ક્ષમતા તથા સમર્થતા ઉપસ્થિત છે જેની અસર ઈસ્લામનો સ્વીકાર કરવો હોય છે એ શરતે કે તે આ ક્ષમતાથી કામ લે.

પરંતુ આ નિવેદન ઉપર વિવિધ સંદેહો છે, પ્રથમ એ કે પોતે આ જ આયતમાં પણ ઉપસ્થિત છે, لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ અને અહીંયાં خَلْقُ اللّٰهِ (ખલ્કિલ્લાહ) તેનો ભાવાર્થ આ જ "ફિતરતલ્લાહ" છે જેનું ઉપર વર્ણન થયું છે, એટલા માટે આ વાક્યનો અર્થ એ છે કે અલ્લાહની આ ફિતરતને કોઈ પરિવર્તિત નથી કરી શકતું, જ્યારે કે સહીહૈનની હદીષમાં પોતે એવું આવ્યું છે કે પછી

માં-બાપ અમુક સમયે બાળકને યહૂદી અથવા નસ્રાની બનાવી આપે છે. જો ફિતરતનો અર્થ પોતે ઈસ્લામનો લેવામાં આવે જેમાં પરિવર્તન ન થવું પોતે આ આયતમાં પ્રસ્તુત છે તો પ્રસ્તુત હદીષમાં યહૂદી અને નસ્રાની બનાવવાનું પરિવર્તન કઈ રીતે સાચું થશે ? અને આ પરિવર્તન તો સામાન્ય નજરે જોયેલી બાબત છે કે દરેક સ્થળે મુસલમાનોથી વધારે કાફિર મળે છે. જો ઈસ્લામ એવી ફિતરત છે જેમાં પરિવર્તન ન થઈ શકે તો પછી આ પરિવર્તન કેમ અને કેવી રીતે?

બીજું હઝરત ખિજર (અલૈ.)એ જે બાળકને કતલ કર્યું હતું તેના વિશે સહીહ હદીષમાં છે કે આ છોકરાની ફિતરતમાં કુફ્ર હતું એટલા માટે ખિજર (અલૈ.)એ તે છોકરાને કતલ કર્યો. આ હદીષ પણ એ બાબતથી વિરોધાભાસી છે કે દરેક મનુષ્ય ઈસ્લામ ઉપર પેદા થાય છે.

ત્રીજી શંકા એ છે કે જો ઈસ્લામ કોઈ એવી વસ્તુ છે જે મનુષ્યની ફિતરતમાં એવી રીતે રાખવામાં આવી છે જેના પરિવર્તન ઉપર પણ તેને કાબૂ નથી તો કોઈ ઈચ્છાવર્તી પ્રવૃત્તિ ન થઈ હતી તેના ઉપર આખિરતનો સવાબ કેવો? કારણ કે સવાબ તો ઈચ્છાવર્તી કર્મ ઉપર મળે છે.

ચોથી શંકા એ છે કે સહીહ હદીષો પ્રમાણે ઉમ્મતતના ફુક્હા સમીપ બાળક બાલિગ (પુખ્ત વય) થવાથી પહેલાં માં બાપના આધીન સમજવામાં આવે છે. જો માં બાપ કાફિર હોય તો બાળકને પણ કાફિર ઠરાવી દેવામાં આવશે, તેનું કફન દફન ઈસ્લામી પદ્ધતિથી કરવામાં નહીં આવે.

આ બધી શંકાઓ ઈમામ تُورْپُشْتِی (તોરપુસ્તી)એ "સરહે મસાબીહ"માં વર્ણન કરી છે અને એ જ બીનાએ તેમણે બીજા નિવેદનને અગ્રિમતા આપી છે, કારણ કે આ પ્રાકૃતિક ક્ષમતા વિશે એ પણ સાચું છે કે તેમાં કોઈ પરિવર્તન નથી થઈ શકતું, જે વ્યક્તિ માં બાપ અથવા કોઈ બીજાના ગુમરાહ કરવાથી કાફિર થઈ ગયો તેમાં ક્ષમતા અને સત્યની કાબેલિયત એટલે કે ઈસ્લામની સચ્ચાઈને ઓળખવાની ક્ષમતા નષ્ટ નથી થઈ જતી. ખિજરના બાળકની હત્યાના કિસ્સામાં તેના કુફ્ર ઉપર પેદા થવાથી પણ એ જરૂરી નથી બનતું કે તેમાં સત્યને સમજવાની ક્ષમતા જ ન રહી હતી અને કારણ કે અલ્લાહ તઆલાની આપેલી ક્ષમતા અને કાબેલિયતનો સાચો ઉપયોગ મનુષ્ય પોતાના અધિકારથી કરે છે એટલા માટે

તેના ઉપર મહાન સવાબ નક્કી થવું પણ સ્પષ્ટ છે તથા સહીહૈનની હદીષમાં જે એવું આવ્યું છે કે બાળકના માં બાપ તેને યહૂદી અને નસ્રાની બનાવી દે છે તેનો ભાવાર્થ પણ આ બીજા અર્થના આધારે ચોખ્ખો થઈ ગયો કે જો કે તેમાં ક્ષમતા અને સ્વાભાવિક કાબેલિયત છે જે અલ્લાહે તેના સર્જનમાં મૂકી હતી તે ઈસ્લામ તરફ જ લઈ જનારી હતી પરંતુ અવરોધો અને અડચણો આડશ બની ગઈ અને તેને તે તરફ જવા ન દીધો. પુરોગામી બુઝુર્ગોનું જે પ્રથમ નિવેદન નકલ કર્યું છે દેખીતી રીતે તેનો ભાવાર્થ પણ અસલ ઈસ્લામ નથી, બલકે આ જ ઈસ્લામની ક્ષમતા, તેમની કાબેલિયત અને સામર્થ્ય છે. મુહદ્દીસ દહેલ્વી (રહ.)એ لَمْعَاتُ شَرْحِ مِشْكٰوةٌ માં જમહૂરના કૌલનો આ જ અર્થ વર્ણન કર્યો છે.

અને તેનું જ સમર્થન એ વિષયથી થાય છે જે હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી (રહ.)એ "હુજ્જતુલ્લાહુલ બાલિગહ"માં લખ્યું છે, જેનો ખુલાસો એ છે કે અલ્લાહે અસંખ્ય પ્રકારની મખ્લૂકો વિવિધ સ્વભાવ અને ટેવો સાથે બનાવી છે, દરેક મખ્લૂકનો સ્વભાવ અને પ્રકૃતિમાં એક ખાસ લક્ષણ મૂકી દીધું છે જેનાથી તે મખ્લૂક પોતાના સર્જનના હેતુને પૂર્ણ કરી શકે છે. اَعْطٰى كُلَّ شَیْءٍ خَلْقَهٗ ثُمَّ هَدٰى થી પણ એ જ ભાવાર્થ થાય છે કે જે મખ્લૂકને સૃષ્ટિના સર્જનહારે કોઈ ખાસ હેતુ માટે પેદા કરી છે તેને આ હેતુ માટેનું માર્ગદર્શન પણ આપી દીધું છે, તે માર્ગદર્શન આ જ ક્ષમતા અને ખાસ લક્ષણ છે. મધમાંખીમાં એ ક્ષમતા મૂકી છે કે તે ઝાડો અને ફૂલોને ઓળખે અને ચૂંટી કાઢી પછી તેમાંથી રસને પોતાના પેટમાં સુરક્ષિત રાખી પોતાના મધપૂડામાં લાવીને એકઠો કરે, એ જ પ્રમાણે મનુષ્યના સ્વભાવ અને પ્રકૃતિમાં એવું લક્ષણ અને ક્ષમતા મૂકી દીધી છે કે તે પોતાના પેદા કરનાર સર્જનહારને ઓળખે, તેનો ઉપકાર માને તથા તેનું આજ્ઞાપાલન કરે, તેનું જ નામ ઈસ્લામ છે.

لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ પ્રસ્તુત ચર્ચાથી આ વાક્યનો અર્થ પણ સ્પષ્ટ થઈ ગયો કે અલ્લાહ તઆલાએ આપેલ ફિતરત એટલે કે સત્યને ઓળખવાની ક્ષમતા અને સામર્થ્યમાં કોઈ પરિવર્તન નથી કરી શકતું, તેને ખોટો માહોલ કાફિર તો બનાવી શકે છે પરંતુ તેની સત્યનો સ્વીકાર કરવાની ક્ષમતાને બિલકુલ નષ્ટ નથી કરી શકતું અને તેનાથી આ આયતનો ભાવાર્થ પણ સ્પષ્ટ થઈ જાય છે જેમાં ઈરશાદ છે, وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ એટલે કે, અમે જિન્નાત અને

મનુષ્યને અન્ય કોઈ કાર્ય માટે નથી પેદા કર્યા એ સિવાય કે તેઓ અમારી ઈબાદત કર્યા કરે, મતલબ એ છે કે તેમની ફિતરતમાં અમે ઈબાદતનું આકર્ષણ અને ક્ષમતા મૂકી દીધી છે. જો તે આ ક્ષમતાથી કામ લે તો ઈબાદત સિવાય કોઈ અન્ય કામ તેના વિરુદ્ધનું તેનાથી કદાપિ થશે નહીં.

અહલે બાતિલ (જૂઠા ધર્મવાળા)ની સોબત અને ખોટા મહોલથી અલગ રહેવું ફરજ છે :

પ્રસ્તુત આયત لَاتَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ નું વાક્ય જો કે ખબર સ્વરૂપે છે, એટલે કે અલ્લાહની આ ફિતરતને કોઈ બદલી નથી શકતું પરંતુ તેમાં એક અર્થ اَمْــــر (અમ્ર-હુકમ)નો પણ છે કે "બદલવું ન જોઈએ" એટલા માટે આ વાક્યથી એ હુકમ પણ પ્રતિપાદિત થયો કે મનુષ્યને એવા કારણોથી ખૂબ બચવું જોઈએ જે તેના આ સત્યના સ્વીકારની ક્ષમતાને મુલતવી અથવા કમજોર કરી દે અને તે કારણો મોટે ભાગે ખોટો માહોલ અને બુરી સોબત હોય છે અથવા તો જૂઠા ધર્મોના પુસ્તકોનો અભ્યાસ કરવો જ્યારે કે પોતે પોતાના ધર્મ ઈસ્લામનો સંપૂર્ણ આલિમ અને જાણકાર ન હોય. વલ્લાહુ અઅ્લમુ.

وَاَقِيْمُوا الصَّلٰوةَ وَلَاتَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ પાછલી આયતમાં મનુષ્યની ફિતરતને સત્યનો સ્વીકાર કરવાપાત્ર અને સામર્થ્યવાળી બનાવવાનું વર્ણન હતું. આ આયતમાં પ્રથમ સત્યના સ્વીકારનું સ્વરૂપ બતાવવામાં આવ્યું કે નમાઝ કાયમ કરે કે તે અમલી રીતે ઈમાન અને ઈસ્લામ તથા સત્યના અનુસરણની જાહેરાત છે. ત્યારબાદ ફરમાવ્યું, وَلَا تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ એટલે કે, શિર્ક કરનારાઓમાં સામેલ ન થઈ જાઓ જેમણે પોતાની ફિતરત અને સત્યનો સ્વીકાર કરવાની ક્ષમતાથી કામ ન લીધું. આગળ તેમની ગુમરાહીનું વર્ણન આવ્યું છે, مِنَ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَكَانُوْا شِيَعًا એટલે કે, આ મુશ્રિકો તે લોકો છે જેમણે દીને ફિતરત અને દીને હકમાં તફાવત પેદા કરી દીધો અથવા એ કે દીને ફિતરતથી અલગ અને અળગા થઈ ગયા જેનું પરિણામ એ આવ્યું કે તેઓ વિવિધ વર્ગોમાં વહેંચાઈ ગયા. شِيَعًا (શિયઅન) એ شِيْعَةٌ (શીયઅહ)નું બહુવચન છે. એવો વર્ગ જે કોઈ આગેવાનના અનુયાયીઓ હોય તેમને શીઆ કહેવામાં આવે છે, મતલબ એ કે દીને ફિતરત તો તવહીદ હતો જેની એ અસર હોવી જોઈતી હતી કે બધા

મનુષ્યો તેને અપનાવીને એક જ કોમ, એક જ વર્ગ બન્યા હોત પરંતુ તેમણે આ તવહીદને છોડી દીધી અને વિવિધ લોકોની વિચારસરણીઓના તા'બે થઈ ગયા અને માનવસર્જિત વિચારસરણીઓ તથા અભિપ્રાયોમાં વિરોધાભાસ એક સ્વાભાવિક બાબત છે એટલા માટે દરેકે પોતપોતાનો એક મઝહબ બનાવી લીધો. સામાન્ય જનતા તેના કારણે વિવિધ વર્ગોમાં વહેંચાઈ ગઈ અને શયતાને તેમને પોતપોતાની વિચારસરણીઓ અને માન્યતાઓને સાચી ઠરાવવામાં એવા ઓતપ્રોત કરી દીધા કે كُلُّ حِزْبٍ بِمَا لَدَيْهِمْ فَرِحُوْنَ એટલે કે, તેમની દરેક પાર્ટી પોતપોતાની માન્યતાઓ અને વિચારસરણીઓમાં મગ્ન અને ખુશ છે અને બીજાઓને ભૂલ ઉપર હોવાનું બતાવે છે જ્યારે કે એ બધા જ ગુમરાહી અને ખોટા માર્ગો ઉપર પડ્યા છે.

فَاٰتِ ذَاالْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ આથી પહેલી આયતમાં એ વર્ણન કરવામાં આવ્યું હતું કે રોજીનો મા'મલો ફક્ત અલ્લાહ તઆલાના હાથમાં છે, તે જેના માટે ઈચ્છે છે રોજીને ફેલાવી આપે છે અને વધારી આપે છે અને જેને ઈચ્છે છે રોજી સમેટીને તંગ કરી આપે છે. આથી જાણ થઈ કે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાની આપેલી રોજીને તેના માર્ગમાં ખર્ચ કરતો રહે તો તેનાથી તેમાં કમી થતી નથી અને જો કોઈ ખર્ચ કરવામાં બખીલાઈ કરે અને જે કંઈ પોતાની પાસે છે તેને ભેગું કરીને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરે તેનાથી તેના માલમાં વધારો થતો નથી.

આ વિષયના આધારે પ્રસ્તુત આયતમાં રસૂલે કરીમ ﷺને અને હઝરત હસન બસરી (રહ.)ના નિવેદન પ્રમાણે દરેક મનુષ્યને સંબોધન કરવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ જેને માલમાં વિશાળતા આપી હોય તેને એ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે જે માલ અલ્લાહે આપ્યો છે તેમાં કંજૂસી ન કરો બલકે તેને તેના માર્ગમાં ખુશી ખુશી ખર્ચ કર્યા કરો, તેનાથી તમારો માલ અને રોજીમાં કમી થશે નહીં અને આ હુકમની સાથે આ આયતમાં માલના ખર્ચ કરવાના અમુક સ્થળો પણ બતાવવામાં આવ્યા. પ્રથમ સગાં વહાલાંઓ, બીજા મિસ્કીનો, ત્રીજા મુસાફરો કે અલ્લાહ તઆલાના અર્પણ કરેલા માલમાંથી આ લોકોને આપો અને તેમના ઉપર ખર્ચ કરો અને સાથે જ એ પણ બતાવ્યું કે આ તે લોકોનો હક છે જે અલ્લાહે તમારા માલમાં સામેલ કરી દીધો છે એટલા માટે તેમને આપતી વખતે

તેમના ઉપર કોઈ અહેસાન ન જતાવો કારણ કે હકવાળાનો હક અદા કરવો ન્યાય અને ઈન્સાફનો તકાદો છે કોઈ અહેસાન અને ઈનામ નથી.

ذَوِی الْقُرْبٰی (ઝવિલ્કુર્બા)નો ભાવાર્થ દેખીતું એ છે કે બધા રિશ્તેદારો છે ભલે તે લોહીના સગાં મહરમ હોય અથવા અન્યો. (كَمَا هُوَقَوْلُ الْجُمْهُوْرِ مِنَ الْمُفَسِّرِيْنَ) અને حَــــقّ (હક્ક)નો ભાવાર્થ પણ જાહેર છે ભલે વાજિબ હકો હોય, જેમકે માં બાપ, અવલાદ અથવા અન્ય નજીકના સગાંઓના હકો અથવા માત્ર ભલાઈ અને અહેસાન હોય જે રિશ્તેદારોની સાથે અન્યો કરતાં વધારે સવાબ ધરાવે છે. એટલે સુધી કે તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે જે વ્યક્તિનો નજીકનો લોહીનો સગો મોહતાજ હોય તે તેને છોડીને અન્યો ઉપર સદકહ કરે તો અલ્લાહ સમીપ સ્વીકૃત નથી અને ذَوِی الْقُرْبٰی સગાંનો હક માત્ર આર્થિક મદદ જ નથી, તેમની ખબર પૂછવી, તેમની શારીરિક સેવા કરવી અને કંઈ ન કરી શકો તો ઓછામાં ઓછું મૌખિક હમદર્દી અને તસલ્લી વગેરે આપવી જેમકે હઝરત હસન (રદિ.)એ ફરમાવ્યું કે સગાંઓનો હક તે વ્યક્તિ માટે જેને આર્થિક છૂટછાટ પ્રાપ્ત હોય એ છે કે તે તેના માલમાંથી તેની સહાય કરે અને જેને એ છૂટછાટ પ્રાપ્ત ન હોય તેના માટે શારીરિક સેવા અને મૌખિક હમદર્દી છે. *(કુર્તુબી)*

ذَوِی الْقُرْبٰی (ઝિલ્કુર્બા) સગાં વહાલાં પછી મિસ્કીન અને મુસાફરનો હક બતાવવામાં આવ્યો છે, એ પણ આ જ પ્રમાણે સામાન્ય છે એટલે કે આર્થિક છૂટછાટ હોય તો આર્થિક મદદ કરવી અને ન હોય તો સદ્વ્યવહાર કરવો.

وَمَـــا اٰتَيْتُمْ مِنْ رِّبًـــا لِّيَـــرْبُوَا فِـىْ اَمْوَالِ النَّـــاسِ આ આયતમાં એક ખરાબ રિવાજને સુધારવામાં આવ્યો છે જે સામાન્ય કુટુંબો અને સગાં વહાલાંમાં ચાલતો હોય છે, તે એ કે સામાન્ય રીતે કુટુંબ અને સગાં વહાલાંઓ જ્યારે પણ તે બીજાઓને કંઈ આપે છે ત્યારે તેના ઉપર નજર રાખે છે કે તે પણ અમારા પ્રસંગો ઉપર કંઈક આપશે, બલકે રિવાજ સ્વરૂપે કંઈક વધારે આપશે. ખાસ કરીને શાદી, નિકાહ વગેરે પ્રસંગોમાં જે કંઈ આપવામાં આવે છે તેનું એ જ સ્વરૂપ હોય છે જેને સામાન્ય બોલચાલમાં નોંતરું (વ્યવહાર) કહેવામાં આવે છે. આ આયતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે સગાં વહાલાંનો હક અદા કરવાનો જે હુકમ પ્રથમ આયતમાં આપવામાં આવ્યો છે તેમને આ હક એ પ્રમાણે આપવામાં આવે

કે તેમના ઉપર ન તો અહેસાન જતાવે અને ન જ કોઈ બદલા ઉપર નજર રાખે અને જેણે બદલાની નિય્યતથી આપ્યું કે તેમનો માલ બીજા સગાં વહાલાંઓના માલમાં સામેલ થયા પછી કંઈક વધારે લઈને પાછો આવશે તો અલ્લાહ તઆલા સમીપ તેનો કોઈ દરજ્જો અને સવાબ નથી તથા કુર્આને કરીમે આ વધારાને શબ્દ رِبٰــو (રિબા)થી ઓળખાવીને તેની સૂગ તરફ ઈશારો કરી દીધો કે આ વ્યાજનું જ એક સ્વરૂપ થઈ ગયું.

મસ્અલો :

હદિયો (ભેટ–સોગાત) અને હિબહ (ખુશીથી કંઈક આપવું) આપનારની એ બાબત ઉપર નજર રાખવી કે તેનો બદલો મળશે એ તો એક ઘણી જ નીંદનીય પ્રવૃત્તિ છે જેની આ આયતમાં મનાઈ કરવામાં આવી છે પરંતુ પોતાની જાતે જે વ્યક્તિને કોઈ હિબા અથવા ભેટ કોઈ દોસ્ત કે સગાં વહાલાં તરફથી મળે તેના માટે નૈતિકતાનું શિક્ષણ એ છે કે તે પણ જ્યારે તેને મોકો મળે તેની ભરપાઈ કરે. રસૂલે કરીમ ﷺની મુબારક ટેવ એ જ હતી કે જે વ્યક્તિ આપ ﷺને ભેટ આપતો તો તેના પ્રસંગ ઉપર આપ ﷺ પણ તેને હદિયો આપી દેતા હતા. (અન આયશા રદિ. કુર્તુબી) હા ! આ ભરપાઈનું સ્વરૂપ એવું ન બનાવે કે બીજો વ્યક્તિ એવી અનુભૂતિ કરે કે આ મારા હદિયા કે ભેટનો બદલો આપી દીધો છે.

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૪૧ થી ૪૫)

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ أَيْدِي النَّاسِ لِيُذِيقَهُمْ بَعْضَ الَّذِي عَمِلُوا لَعَلَّهُمْ يَرْجِعُونَ ﴿٤١﴾ قُلْ سِيرُوا فِي الْأَرْضِ فَانْظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ مِنْ قَبْلُ ۚ كَانَ أَكْثَرُهُمْ مُشْرِكِينَ ﴿٤٢﴾ فَأَقِمْ وَجْهَكَ لِلدِّينِ الْقَيِّمِ مِنْ قَبْلِ أَنْ يَأْتِيَ يَوْمٌ لَا مَرَدَّ لَهُ مِنَ اللَّهِ ۖ يَوْمَئِذٍ يَصَّدَّعُونَ ﴿٤٣﴾ مَنْ كَفَرَ فَعَلَيْهِ كُفْرُهُ ۖ وَمَنْ عَمِلَ صَالِحًا فَلِأَنْفُسِهِمْ يَمْهَدُونَ ﴿٤٤﴾ لِيَجْزِيَ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ مِنْ فَضْلِهِ ۚ إِنَّهُ لَا يُحِبُّ الْكَافِرِينَ ﴿٤٥﴾

તરજુમો :

ધરતીમાં અને સમુદ્રમાં લોકોના હાથની કમાઈથી ખરાબી ફેલાઈ પડી છે, તેમને તેમના કર્મોની કંઈક મજા ચખાડવી જોઈએ જેથી તેઓ પાછા વળે. (૪૧) તમે કહો ! પ્રદેશમાં ફરો તો જુઓ આગલાઓનું કેવું પરિણામ આવ્યું! તેમનામાં ઘણા શિર્ક કરનારા હતા. (૪૨) બસ, તમે પોતાનું મોઢું સીધા માર્ગ ઉપર સીધું રાખો એ પહેલાં કે તે દિવસ આવી પહોંચે જેનું અલ્લાહ તરફથી પાછું હટવાનું નથી, તે દિવસે લોકો અલગ અલગ થઈ જશે. (૪૩) જે ઈન્કારી થયો બસ તેના ઉપર તેનું ઈન્કારી થવું પડે અને જે કોઈ સારા કર્મ કરે બસ તેઓ પોતાનો માર્ગ શણગારે છે. (૪૪) જેથી તે તેમને બદલો આપે જેઓ ઈમાન લાવ્યા અને ભલા કામ કર્યા પોતાની કૃપાથી, બેશક ! તે ઈન્કાર કરનારાઓ (કાફિરો)ને પસંદ કરતો નથી. (૪૫)

તફસીર :

(શિર્ક અને ગુનાહ એવી ખરાબ વસ્તુ છે કે) સુક્કા અને ભીના (એટલે કે સમગ્ર દુનિયા)માં લોકોના (બુરા) કર્મોના કારણે બલાઓ ફેલાઈ રહી છે (દાખલા તરીકે દુષ્કાળ અને બીમારીઓ તથા તોફાનો) જેથી અલ્લાહ તઆલા તેમના અમુક અમલો(ની સજા)ની મજા ચખાડી આપે જેથી તેઓ (તે અમલોથી) પાછા વળે (જેમકે બીજી આયતમાં છે وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ અને અમુક કર્મોનો મતલબ એ છે કે જો બધા અમલો ઉપર આ સજાઓ નક્કી થાય તો એક શ્વાસ પણ જીવીત ન રહે وَلَوْ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِمَا كَسَبُوْا مَا تَرَكَ عَلٰى ظَهْرِهَا مِنْ دَآبَّةٍ આ જ અર્થથી ઉપરોક્ત આયતમાં وَيَعْفُوْ عَنْ كَثِيْرٍ ફરમાવ્યું છે. એટલે કે ઘણા બધા ગુનાહોને તો અલ્લાહ તઆલા મા'ફ જ કરી આપે છે, અમુક જ અમલોની સજા આપે છે, મતલબ કે જ્યારે ખરાબ અમલો સદંતર વબાલનું કારણ છે તો શિર્ક અને કુફ્ર તો સૌથી વધારે અઝાબનું કારણ બનશે અને જો મુશ્રિકોને તે માનવામાં ખચકાટ હોય તો) તમે (તેમને) ફરમાવી આપો કે પ્રદેશમાં હરો ફરો પછી જુઓ કે જે (કાફિર અને મુશ્રિક) લોકો પ્રથમ થઈ ચૂક્યા છે તેમનું અંતે શું થયું ? તેમનામાં ઘણા મુશ્રિક જ હતા (બસ જોઈ લો તેઓ આસમાની અઝાબથી કઈ રીતે નાશ પામ્યા ? જેનાથી ખુલ્લું જાહેર થયું કે શિર્કનો

મોટો વબાલ છે અને અમુક કુફ્રના બીજા પ્રકારોમાં સપડાયેલા હતા જેમકે લૂત અલૈ.ની કોમ અને કારૂન; અને જે લોકોનું સ્વરૂપ બદલાઈને વાંદરા અને ડુક્કરો બની ગયા હતા, કારણ કે આયતોને જૂઠાડી અને ઈન્કાર કર્યો તથા વિરોધ કરીને કુફ્રમાં સંડોવાયા અને નીંદનીય થયા અને કદાચ શિર્કનું વિશિષ્ટ વર્ણન એટલા માટે થયું કે મક્કાના કાફિરોની ખાસ અને પ્રખ્યાત પરિસ્થિતિ એ જ હતી અને શિર્કનું જ્યારે વબાલ હોવું નિશ્ચિત થઈ ગયું તો) બસ (હે શ્રોતાઓ !) તમે પોતાનું રૂખ આ સત્ય દીન (એટલે કે ઈસ્લામી તવહીદ) તરફ રાખો એ પહેલાં કે એવો દિવસ આવે જેના માટે ફરી અલ્લાહ તરફથી હટવાનું ન થશે (એટલે કે જેમકે દુનિયામાં ખાસ અઝાબના સમયને અલ્લાહ તઆલા કયામતના વાયદા ઉપર હટાવતો જાય છે, જ્યારે તે નિશ્ચિત દિવસ આવી જશે પછી તેને હટાવશે નહીં અને તેને મુલતવી ન કરશે અથવા મહોલત ન આપશે, આ વાકયમાં શિર્કના આખિરતના વબાલનું વર્ણન થયું છે જેમકે ઉપર ظَهَرَ الْفَسَادُ....... અને كَيْفَ كَانَ عَاقِبَةُ........ માં દુનિયાના માઠા પરિણામનું વર્ણન પ્રસ્તુત હતું અને) તે દિવસ (એવો હશે કે) બધા (અમલ કરનારા) લોકો (બદલાના આધારે) જુદા જુદા થઈ જશે (એ સ્વરૂપે કે) જે વ્યક્તિ કુફ્ર કરી રહ્યો છે તેના ઉપર તો તેનું કુફ્ર (એટલે કે કુફ્રનો વબાલ) પડશે અને જે નેક અમલ કરી રહ્યો છે બસ આ લોકો પોતાના (લાભ) માટે સામાન કરી રહ્યા હશે જેનું ફળ એ હશે કે અલ્લાહ તઆલા તે લોકોને પોતાની કૃપાથી (નેક) બદલો આપશે જેઓ ઈમાન લાવ્યા અને તેમણે સારા કર્મ કર્યા (અને તેનાથી કાફિરો વંચિત રહેશે, જેમકે ઉપર فَعَلَيْهِ كُفْرُهٗ થી જાણ થઈ જેનું કારણ એ છે કે) ખરેખર, અલ્લાહ તઆલા કાફિરોને પસંદ કરતો નથી (બલકે તેમના કુફ્ર ઉપર તેમનાથી નાખુશ છે).

મસ્અલા અને બોધપાઠ :

ظَهَرَ الْفَسَادُ فِى الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِى النَّاسِ એટલે કે, ભૂભાગ અને દરિયામાં સમગ્ર વિશ્વમાં લોકોના બુરા કર્મોના કારણે ફસાદ ફેલાઈ ગયો. તફસીરે રૂહુલ મઆનીમાં છે કે "ફસાદ"નો ભાવાર્થ દુકાળ, ચેપી રોગો, આગ લાગવી તથા પાણીમાં ડૂબવાની ઘટનાઓનું મોટું પ્રમાણ અને દરેક વસ્તુમાંથી બરકતનું નાશ પામવું, લાભદાયક ચીઝોનો લાભ ઓછો અને નુકસાન વધારે થઈ જવું વગેરે આફતો છે અને આ આયતથી જાણ થઈ કે આ દુનિયવી આફતોનું

કારણ મનુષ્યના ગુનાહો અને દુષ્ટ કર્મો હોય છે, તેમાં શિર્ક અને કુફ્ર સૌથી વધારે સખત છે ત્યાર પછી અન્ય ગુનાહો છે.

અને આ જ વિષયો બીજી એક આયતમાં આ રીતે વર્ણવવામાં આવ્યા છે, وَمَا اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْعَنْ كَثِيْرٍ એટલે કે, તમને જે પણ મુસીબત પહોંચે છે તે તમારા જ હાથોની કમાઈના કારણે છે, એટલે કે તે ગુનાહોના કારણે જે તમે કરતા રહો છો અને ઘણા ગુનાહોને તો અલ્લાહ તઆલા મા'ફ જ કરી આપે છે. મતલબ એ છે કે આ દુનિયામાં જે મુસીબતો અને આફતો તમારા ઉપર આવે છે તેનું વાસ્તવિક કારણ તમારા ગુનાહો હોય છે, જો કે દુનિયામાં ન તો તે ગુનાહોનો સંપૂર્ણ બદલો આપવામાં આવે છે અને ન જ દરેક ગુનાહ ઉપર મુસીબત અને આફત આવે છે બલકે ઘણા બધા ગુનાહોને તો મા'ફ કરી દેવામાં આવે છે. અમુક અમુક ગુનાહો ઉપર પકડ થવી..... અને આફતો તથા મુસીબતો મોકલવામાં આવે છે. જો દરેક ગુનાહ ઉપર દુનિયામાં મુસીબત આવ્યા કરતી હોત તો એક મનુષ્ય પણ જમીન ઉપર જીવીત ન રહ્યો હોત પરંતુ એવું બને છે કે ઘણા ગુનાહોને તો અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા મા'ફ જ કરી આપે છે અને જે મા'ફ નથી થતા તેનો પણ સંપૂર્ણ બદલો દુનિયામાં લેવામાં આવતો નથી બલકે થોડી મજા ચખાડવામાં આવે છે, જેમકે આ જ આયતના અંતે આવ્યું છે لِيُذِيْقَهُمْ بَعْضَ الَّذِىْ عَمِلُوْا જેથી અલ્લાહ તઆલા તેમના બુરા કર્મોનો અમુક ભાગ ચખાડે અને ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો કે બુરા કર્મો અને ગુનાહોના કારણે જે મુસીબત અને આફત દુનિયામાં મોકલવમાં આવે છે તે પણ વિચાર કરો તો અલ્લાહ તઆલાની દયા અને કૃપા જ હોય છે, કારણ કે દુનિયાની આ મુસીબતનો હેતુ એ હોય છે કે બેદરકાર મનુષ્યને ચેતવણી મળી જાય અને તે પોતાના ગુનાહો અને અવજ્ઞાઓથી પાછો વળી જાય જે પરિણામે તેના માટે લાભ અને મોટી નેઅ્મત છે જેમકે આયતના અંતે ફરમાવ્યું, لَعَلَّهُمْ يَرْجِعُوْنَ

દુનિયાની મોટી મોટી આફતો અને મુસીબતો મનુષ્યના ગુનાહોના કારણે આવે છે :

આથી જ અમુક ઉલમાએ ફરમાવ્યું કે જો મનુષ્ય કોઈ ગુનોહ કરે છે તો સમગ્ર દુનિયાના માનવો, પશુઓ અને પક્ષીઓ વગેરે સજીવો ઉપર અત્યાચાર

કરે છે, કારણ કે તેના ગુનાહોના દુષ્પ્રભાવના કારણે જે કંઈ અનાવૃષ્ટિ, દુષ્કાળ તથા અન્ય મુસીબતો દુનિયામાં આવે છે તેનાથી બધા જ સજીવો પ્રભાવિત થાય છે એટલા માટે કયામતના દિવસે આ બધા પણ ગુનેહગાર માનવો વિરુદ્ધ દા'વો કરશે.

શકીક જાહિદે ફરમાવ્યું કે જે વ્યક્તિ હરામ માલ ખાય છે તે માત્ર તેના ઉપર જુલમ નથી કરતો કે જેની પાસેથી આ માલ નાજાઈઝ રીતે પ્રાપ્ત કર્યો છે બલકે સમગ્ર માનવો ઉપર અત્યાચાર કરે છે. (રૂહુલ મઆની) કારણ કે પ્રથમ તો એકના અત્યાચારથી અન્ય લોકોમાં જુલમ આચરવાનો રિવાજ પડે છે અને આ ક્રમ સમગ્ર મનુષ્યને પોતાના ઘેરામાં લઈ લે છે, બીજું તેના જુલમના કારણે દુનિયામાં આફતો અને મુસીબતો આવે છે જેનાથી સમગ્ર માનવજાત પ્રભાવિત થાય છે.

એક શંકા અને તેનો જવાબ :

સહીહ હદીષોમાં રસૂલે કરીમ ﷺના એ ફરમાનો પણ મોજૂદ છે કે દુનિયા મો'મિનો માટે કેદખાનું અને કાફિરો માટે જન્નત છે અને એ કે કાફિરને તેના નેક કર્મોનો બદલો દુનિયામાં જ માલ દોલત અને તંદુરસ્તીના સ્વરૂપમાં આપી દેવામાં આવે છે અને મો'મિનના કર્મોનો બદલો આખિરત માટે સુરક્ષિત કરી દેવામાં આવે છે અને એ કે મો'મિનનું દષ્ટાંત દુનિયામાં એક કુમળી ડાળી જેવું છે કે હવાઓ તેને ક્યારેક એક બાજુ તો ક્યારેક બીજી બાજુ ઝુકાવી આપે છે, ક્યારેક સીધી કરી આપે છે એટલે સુધી કે આ જ પરિસ્થિતિમાં તે દુનિયાથી વિદાય લઈ લે છે અને એ કે اَشَدُّ النَّاسِ بَلَاءً اَلْاَنْبِيَاءُ ثُمَّ الْاَمْثَلُ فَالْاَمْثَلُ એટલે કે, દુનિયામાં સૌથી વધારે આફતો અંબિયા (અલૈ.) ઉપર આવે છે, પછી જે તેમના નજીકના હોય, પછી જે તેમના નિકટના હોય.

આ બધી સહીહ હદીષો દેખીતી રીતે આ આયતના વિષયોથી વિપરીત છે અને દુનિયાના સામાન્ય સાક્ષાત્કારો પણ એ જ બતાવે છે કે દુનિયામાં સામાન્ય રીતે મો'મિન મુસલમાન તંગી અને તકલીફમાં તથા કાફિરો અને દુષ્ટ લોકો વૈભવ વિલાસમાં રહે છે, જો પ્રસ્તુત આયત પ્રમાણે દુનિયાની તકલીફો અને મુસીબતો ગુનાહના કારણે હોય તો ઘટના તેનાથી વિપરીત હોત.

તેનો જવાબ એ છે કે પ્રસ્તુત આયતમાં ગુનાહોને મુસીબતોનું કારણ અવશ્ય બતાવ્યું છે પરંતુ તે નિશ્ચિત નિયમ નથી કહ્યો કે જ્યારે કોઈના ઉપર કોઈ મુસીબત આવે તો તે ગુનાહના કારણે જ હશે જેના ઉપર કોઈ મુસીબત આવે તેનું ગુનેહગાર હોવું જરૂરી જ હોય, બલકે સામાન્ય કારણોનો જે દુનિયામાં નિયમ છે કે કારણ ઉપસ્થિત થયા પછી તેનું કાર્ય મોટે ભાગે થતું જ હોય છે અને ક્યારેક કોઈ બીજું કારણ તેના પ્રભાવને જાહેર થવાથી અવરોધરૂપ બની જાય છે તો આ કારણનો પ્રભાવ જાહેર નથી થતો, જેમકે કોઈ હકીમ અથવા ડૉક્ટર દવા વિશે એવું કહે કે તેનાથી સારું થશે તે પોતાની જગ્યાએ સાચો છે પરંતુ અમુક સમયે કોઈ અન્ય દવા, ખોરાક અથવા હવા વગેરેના પ્રભાવથી તે દવા અસરકારક થતી નથી, જે દવાઓ તાવ ઊતરવાની છે અમુક સમયે એવા કારણો બને છે કે તે દવાઓનો પ્રભાવ જાહેર થતો નથી, ઘેનની ગોળીઓ ખાઈને પણ... કોઈને ઊંઘ આવતી નથી જેના હજારો દષ્ટાંતો દુનિયામાં દરેક સમયે પ્રત્યક્ષ જોવા મળે છે.

આથી આયતનો ખુલાસો એ થયો કે ગુનાહોનો મૂળ પ્રભાવ એ છે કે તેના કારણે મુસીબતો અને આફતો આવે છે પરંતુ અંમુક સમયે બીજા અન્ય કારણો તેને નકારનારા એકઠા થઈ જાય છે જેના કારણે મુસીબતો જાહેર થતી નથી અને અમુક સ્વરૂપોમાં કોઈ ગુનાહ વિના જ કોઈ આફત અને મુસીબત આવી જવું પણ તેનો નકાર કરતું નથી, કારણ કે આયતમાં એવું નથી કહ્યું કે કોઈ ગુનાહ વિના કોઈ તકલીફ અને મુસીબત કોઈને પડતી નથી બલકે બની શકે છે કે કોઈને કોઈ મુસીબત અને કોઈ આફત કોઈ બીજા કારણે પણ આવી પડે જેમકે અંબિયા (અલૈ.) અને અવલિયા (રહ.)ને જે મુસીબતો અને તકલીફોનો સામનો કરવો પડ્યો છે તેનું કારણ કોઈ ગુનાહનું નથી હોતું બલકે તેમની અજમાયશ અને કસોટી દ્વારા તેમના દરજ્જાઓમાં પ્રગતિ તેનું કારણ હોય છે.

તદુપરાંત કુર્આને કરીમે જે આફતો અને મુસીબતોને ગુનાહોના કારણે હોવાનું ઠરાવ્યું છે તેનો ભાવાર્થ તે આફતો અને મુસીબતો છે જે સમગ્ર દુનિયા ઉપર અથવા આખા શહેર ઉપર અથવા વસ્તી ઉપર સર્વસામાન્ય થઈ જાય. સામાન્ય મનુષ્યો અને પશુઓ તેના પ્રભાવથી ન બચી શકે, આવી મુસીબતો અને આફતોનું કારણ મોટે ભાગે લોકોના ગુનાહોનું મોટું પ્રમાણ ખાસ કરીને ખુલ્લમ ખુલ્લા ગુનાહો કરવાનું જ હોય છે, વ્યક્તિગત તકલીફો અને મુસીબતમાં આ

નિમય નથી બલકે તે ક્યારેક કોઈ મનુષ્યની કસોટી કરવા માટે પણ મોકલવામાં આવે છે અને જ્યારે તે આ કસોટીમાં પૂરો ઊતરે છે તો તેના આખિરતના દરજ્જાઓ વધી જાય છે, આ મુસીબત તેના માટે રહમત અને ઈનામ હોય છે એટલા માટે વ્યક્તિગત સ્વરૂપે કોઈ વ્યક્તિને મુસીબતમાં સપડાયેલો જોઈને એવું કહી શકાય નહીં કે તે ઘણો ગુનેહગાર છે એ જ પ્રમાણે કોઈને ખુશ તથા વૈભવ અને રાહતમાં જોઈને એ હુકમ ન લગાવી શકાય કે એ મોટો નેક સદ્‌કર્મી અને બુઝુર્ગ છે, અલબત્ત જાહેર મુસીબતો અને આફતો જેમકે દુકાળ, તોફાન, ચેપી રોગો, જીવનજરૂરી ચીઝવસ્તુઓની અછત, વસ્તુઓમાંથી બરકત... ઉઠી જવી, વગેરે ઘણું ખરું અને મોટું કારણ લોકોના જાહેર ગુનાહો અને બળવાખોરવૃત્તિ હોય છે.

ખુલાસો :

હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.)એ "હુજ્જતુલ્લાહુલ્બાલિગહ"માં નોંધ્યું છે કે આ દુનિયામાં ભલાઈ અને બુરાઈ અથવા મુસીબત અને રાહત, તકલીફ અને સહૂલતના કારણો બે પ્રકારના છે. એક જાહેર, બીજા ગુપ્ત. જાહેર કારણો તો તે જ આર્થિક કારણો છે જે સામાન્ય દુનિયાની દષ્ટિમાં કારણો સમજવામાં આવે છે અને ગુપ્ત કારણો મનુષ્યના કર્મો અને તે બીનાએ ફરિશ્તાઓની મદદ અને સહાય અથવા તેમનો ધિક્કાર અને નફરત છે જેમકે દુનિયામાં વરસાદના કારણો સંશોધકો અને જાણકારોની નજરમાં સમંદરમાંથી ઊંચે ચઢનારી બાષ્પ અને પછી ઉપરની હવાઓ પહોંચીને તેને વાદળમાં ગ્રથિત કરવું, પછી સૂર્યના કિરણોની સહાયથી પીગળીને વરસી જવું છે પરંતુ હદીષની રિવાયતોમાં આ વસ્તુઓને ફરિશ્તાઓનું કામ બતાવવામાં આવ્યું છે, વાસ્તવમાં તે બંનેમાં કોઈ વિરોધાભાસ નથી. એક વસ્તુમાં વિવિધ કારણો હોઈ શકે છે એટલા માટે બની શકે છે કે જાહેર કારણો આ જ હોય અને ગુપ્ત કારણ ફરિશ્તાઓનું કાર્ય હોય. આ બંને સ્વરૂપના કારણો એકઠા થઈ જાય તો વરસાદ આશા અને આવશ્યકતા પ્રમાણે થાય અને જ્યાં આ બંને કારણો એકઠા ન હોય ત્યાં વરસાદ પડવામાં અડચણ રહે.

હઝરત શાહ સાહબ (રહ.)એ ફરમાવ્યું કે એ જ પ્રમાણે દુનિયાની મુસીબતો અને આફતોના અમુક કારણો સ્વાભાવિકપણે ભૌતિક સ્વરૂપે હોય છે

જે નેક અને બુરાને ઓળખતા નથી, આગ સળગાવવા માટે છે તે કોઈ ફરક વિના મુત્તકી અને દુષ્ટને બધાને સળગાવશે જ એ સિવાય કે કોઈ ખાસ ફરમાન દ્વારા તેને પોતાના આ કૃત્યથી અટકાવી દેવામાં આવે, જેમકે નમરૂદની આગ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) માટે સલામતીવાળી ઠંડી કરી દેવામાં આવી. પાણી ભારે વસ્તુઓને ડૂબાડી દે છે તે એ જ કામ કરશે, એ જ પ્રમાણે બીજા તત્ત્વો જે ખાસ ખાસ કાર્યો માટે છે તે પોતાના લક્ષણ અને ગુણધર્મ પ્રમાણે સેવામાં લાગેલા છે. આ સ્વાભાવિક ખાસિયતો કોઈ મનુષ્ય માટે રાહત અને સહૂલતનો સામાન પણ ઉપલબ્ધ કરાવે છે અને કોઈના માટે મુસીબત અને આફત પણ બની જાય છે.

આ જ જાહેર કારણોની જેમ મુસીબતો, આફતો તથા રાહત અને સહૂલત ઉપર મનુષ્યના પોતાના સારા કર્મો અને બુરા કર્મોનો પ્રભાવ પણ છે, જ્યારે બંને જાહેર અને ગુપ્ત કારણો કોઈ વ્યક્તિ અથવા જૂથ....ની રાહત અને આરામ તથા સહૂલત અને વૈભવ ઉપર એકઠા થઈ જાય છે તો તે વ્યક્તિ અથવા વર્ગને દુનિયામાં રાહત અને વૈભવ સંપૂર્ણ રીતે પ્રાપ્ત થાય છે જેનો સાક્ષાત્કાર દરેક વ્યક્તિ કરે છે, તેનાથી વિપરીત જ્યારે વ્યક્તિ અથવા વર્ગ માટે સ્વાભાવિક ભૌતિક કારણો પણ મુસીબત અને આફત લાવી રહ્યા હોય અને તેના કર્મો પણ મુસીબત અને આફતને નોંતરનારા હોય તો તેની મુસીબત અને આફત પણ સંપૂર્ણ હોય છે જેનો જાહેર પ્રત્યક્ષ અનુભવ થાય છે.

અમુક સમયે એવું પણ બને છે કે સ્વાભાવિક ભૌતિક કારણો તો મુસીબત અને આફતના એકઠા થયેલા હોય છે પરંતુ તેના નેક કર્મો ગુપ્ત રીતે રાહત અને સંતોષને નોંતરનારા છે. આવા સ્વરૂપમાં આ ગુપ્ત કારણો તેની જાહેર આફતોને દૂર કરવામાં અથવા ઓછી કરવામાં ખર્ચ થઈ જાય છે, તેની ખુશી અને રાહત સંપૂર્ણ સ્વરૂપે સામે નથી આવતી, એ જ પ્રમાણે તેનાથી વિપરીત અમુક સમયે ભૌતિક કારણો વૈભવ વિલાસને લાવનારા હોય છે પરંતુ ગુપ્ત કારણો એટલે કે તેના દુષ્ટ કર્મો મુસીબત અને આફત નોંતરનારા હોય છે તો આ વિરોધાભાસી તકાદાઓના કારણે વૈભવ વિલાસ સંપૂર્ણ થાય છે અને વધારે પડતી મુસીબત અને આફત તેને ઘેરી નથી લેતી.

એ જ પ્રમાણે અમુક સમયે ભૌતિક સ્વાભાવિક કારણોને કોઈ મોટા દરજ્જાના નબી અથવા રસૂલ કે વલી અથવા સ્વીકૃત બંદા માટે કપરા બનાવીને

તેમની કસોટી અને આજમાયશ માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. તેની વિગતને સમજી લેવામાં આવે તો કુર્આનની આયતો અને પ્રસ્તુત હદીષોનો પરસ્પર સુમેળ અને સહમતી સ્પષ્ટ થઈ જાય છે, વિરોધાભાસ કે શંકા દૂર થઈ જાય છે. વલ્લાહુ અઅ્લમુ.

મુસીબતોના સમયે કસોટી અને આજમાયશ અથવા સજા અને અઝાબમાં તફાવત :

મુસીબતો અને આફતો દ્વારા જે લોકોને તેમના ગુનાહોની કંઈક સજા આપવામાં આવે છે અને જે નેક લોકોના દરજ્જાઓ ઊંચા કરવામાં આવે છે અથવા ગુનાહો માટે કફ્ફારા સ્વરૂપે હોય છે અથવા કસોટી સ્વરૂપે મુસીબતોમાં સંડોવવામાં આવે છે, જાહેર સ્વરૂપ આ તકલીફોનું એક જ હોય છે તે બંનેમાં તફાવત કઈ રીતે ઓળખવામાં આવે તેનો પરિચય હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.)એ એવો લખ્યો છે કે જે નેક લોકો કસોટી અને આજમાયશમાં સપડાઈને મુસીબતોમાં જઈ પડે છે અલ્લાહ તઆલા તેમના દિલોને સંતોષિત કરી આપે છે અને તેઓ આ મુસીબતો અને આફતો ઉપર એવી જ રીતે રાજી હોય છે જેમકે બીમાર કડવી દવા અથવા ઑપરેશનથી તકલીફ અનુભવવા છતાં રાજી હોય છે બલકે તેના માટે માલ પણ ખર્ચ કરે છે, ભલામણો મેળવે છે. તેનાથી વિપરીત તે ગુનેહગારો જે મુસીબતો અને આફતોમાં સપડાય છે તેમની પરેશાની, વિવશતા અને વ્યગ્રતાની કોઈ સીમા નથી હોતી, અમુક સમયે નાશુક્રી બલકે કુફ્રના ઉદ્‌ગારો સુદ્ધાં સુધી નોબત પહોંચે છે.

સય્યિદી હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ એક ઓળખ એ બતાવી છે કે જે મુસીબતોની સાથે મનુષ્યને અલ્લાહ તઆલા તરફ ધ્યાન અને પોતાના ગુનાહો ઉપર ચેતવણી અને તવબહ તથા પશ્ચાતાપની પ્રેરણા વધારે થઈ જાય તે એ બાબતની નિશાની છે કે આ ક્રોધ નથી બલકે મહેરબાની અને કૃપા છે અને જેનું એવું સ્વરૂપ ન બને બલકે ગુનાહોમાં ઓતપ્રોત થઈ તેમાં રસપ્રચૂર બની જાય તો તે અલ્લાહના ક્રોધની અને અઝાબની નિશાની છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૪૬ થી ૫૩)

وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ يُّرْسِلَ الرِّيَاحَ مُبَشِّرٰتٍ وَّلِيُذِيْقَكُمْ مِّنْ رَّحْمَتِهٖ وَلِتَجْرِيَ
الْفُلْكُ بِاَمْرِهٖ وَلِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٤٦﴾ وَلَقَدْ اَرْسَلْنَا
مِنْ قَبْلِكَ رُسُلًا اِلٰى قَوْمِهِمْ فَجَآءُوْهُمْ بِالْبَيِّنٰتِ فَانْتَقَمْنَا مِنَ الَّذِيْنَ اَجْرَمُوْا ؕ
وَكَانَ حَقًّا عَلَيْنَا نَصْرُ الْمُؤْمِنِيْنَ ﴿٤٧﴾ اَللّٰهُ الَّذِيْ يُرْسِلُ الرِّيٰحَ فَتُثِيْرُ سَحَابًا
فَيَبْسُطُهٗ فِى السَّمَآءِ كَيْفَ يَشَآءُ وَيَجْعَلُهٗ كِسَفًا فَتَرَى الْوَدْقَ يَخْرُجُ مِنْ خِلٰلِهٖ ۚ
فَاِذَآ اَصَابَ بِهٖ مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖٓ اِذَا هُمْ يَسْتَبْشِرُوْنَ ﴿٤٨﴾ وَاِنْ كَانُوْا مِنْ
قَبْلِ اَنْ يُّنَزَّلَ عَلَيْهِمْ مِّنْ قَبْلِهٖ لَمُبْلِسِيْنَ ﴿٤٩﴾ فَانْظُرْ اِلٰٓى اٰثٰرِ رَحْمَتِ اللّٰهِ
كَيْفَ يُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ اِنَّ ذٰلِكَ لَمُحْيِ الْمَوْتٰى ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيْرٌ ﴿٥٠﴾ وَلَئِنْ اَرْسَلْنَا رِيْحًا فَرَاَوْهُ مُصْفَرًّا لَّظَلُّوْا مِنْ بَعْدِهٖ يَكْفُرُوْنَ ﴿٥١﴾
فَاِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى وَلَا تُسْمِعُ الصُّمَّ الدُّعَآءَ اِذَا وَلَّوْا مُدْبِرِيْنَ ﴿٥٢﴾ وَمَآ اَنْتَ
بِهٰدِ الْعُمْيِ عَنْ ضَلٰلَتِهِمْ ؕ اِنْ تُسْمِعُ اِلَّا مَنْ يُّؤْمِنُ بِاٰيٰتِنَا فَهُمْ مُّسْلِمُوْنَ ﴿٥٣﴾ ع ١١ ٨

તરજુમો :

અને તેની નિશાનીઓમાંથી એક એ છે કે ખુશખબરી લાવનારી હવાઓ ચલાવે છે અને જેથી તમને પોતાની મહેરબાનીની કંઈ મજા ચખાડે અને જેથી તેના હુકમથી વહાણો ચાલે અને જેથી તેના ફઝ્લ(રોજી)માંથી શોધખોળ કરો અને જેથી તમે ઉપકાર માનો. (૪૬) અને અમે તમારા પહેલાં કેટલાય રસૂલ પોતપોતાની કોમની પાસે મોકલી ચૂક્યા છે; બસ તેમની પાસે નિશાનીઓ લઈને પહોંચ્યા, પછી અમે તેમનાથી બદલો લીધો જેઓ ગુનેહગાર હતા અને અમારા ઉપર ઈમાનવાળાઓની મદદનો હક છે. (૪૭) અલ્લાહ જ છે જે હવાઓ ચલાવે છે, પછી તે વાદળોને ઉઠાવે છે, પછી તેને આસમાનમાં ફેલાવી દે છે જે રીતે ઈચ્છે અને તેને થર ઉપર થર

રાખે છે, પછી તમે જુઓ વરસાદને તેની વચ્ચેથી નીકળે છે, પછી જ્યારે તેને પહોંચાડે છે જેને પોતાના બંદાઓમાંથી ઈચ્છે છે ત્યારે જ તેઓ ખુશીઓ મનાવવા લાગે છે. (૪૮) અને પ્રથમથી તેના ઊતરતાં પહેલાં જ નિરાશ થઈ રહ્યા હતા. (૪૯) બસ જોઈ લો અલ્લાહની મહેરબાનીની નિશાનીઓ ! કઈ રીતે જીવીત કરે છે જમીનને તેના મૃત્યુ પછી ! બેશક ! તે જ છે મુરદાઓને જીવીત કરનારો અને તે દરેક વસ્તુ કરી શકે છે. (૫૦) અને જો અમે એક હવા મોકલીએ, પછી તે ખેતીને જુએ કે પીળી પડી ગઈ તો તેના પછી નાશુક્રી કરવા લાગે. (૫૧) બસ, તમે મુરદાઓને સંભળાવી નથી શકતા અને ન જ બહેરાઓને પોકારવું સંભળાવી શકો છો જ્યારે કે પીઠ ફેરવી ચાલ પડે. (૫૨) અને ન જ તમે આંધળાઓને તેમના ભટકવાથી માર્ગ સૂઝાડી શકો, તમે તો તેને જ સંભળાવો જેઓ અમારી વાતો ઉપર ઈમાન લાવ્યા, બસ તેઓ આજ્ઞાકારી (મુસલમાન) થાય છે. (૫૩)

તફસીર :

અને અલ્લાહ તઆલાની (કુદરત તથા તવહીદ અને નેઅ્મતની) નિશાનીઓમાંથી એક એ (પણ) છે કે તે (વરસાદથી પહેલાં) હવાઓને મોકલે છે કે તે (વરસાદની) ખુશખબરી આપે છે (બસ, તેનું મોકલવું એક તો જીવ ખુશ કરવા માટે હોય છે) અને (વળી એટલા માટે) જેથી (ત્યાર પછી વરસાદ થયો અને) તમને પોતાની (આ) રહમત (એટલે કે વરસાદ)ની મજા ચખાડે (એટલે કે વરસાદના લાભ અર્પણ કરે) અને (વળી એટલા માટે હવાઓ મોકલે છે) જેથી (તેના દ્વારા દરિયામાં) વહાણો તેના હુકમથી ચાલે અને જેથી (આ હવાઓ દ્વારા વહાણો મારફતે દરિયાની સફરથી) તમે તેની રોજીની શોધખોળ કરો (એટલે કે વહાણોનું ચાલવું અને રોજીની શોધખોળ કરવી બંને હવાના કારણે પ્રાપ્ત થાય છે, પ્રથમ પરોક્ષ રીતે પછી પ્રત્યક્ષ રીતે વહાણથી) અને જેથી તમે શુક્ર કરો અને (તેની ઉચ્ચ દલીલો તથા આ મહાન નેઅ્મતો ઉપર પણ આ મુશ્રિકો અલ્લાહ તઆલાની જે નાશુક્રીઓ કરે છે, એટલે કે શિર્ક કરે છે અને રસૂલ ﷺનો વિરોધ કરે છે તથા મો'મિનોને ઈજા વગેરે પહોંચાડે છે તો તમે તેના ઉપર દિલગીર ન થાઓ, કારણ કે અમે નિકટમાં તેમનાથી બદલો લેવાના છે અને તેમાં તેમને પરાજિત અને સાચા લોકોને વિજેતા કરનારા છે જેમકે પ્રથમ પણ થયું છે. એટલા

માટે) અમે તમારાથી પહેલાં ઘણા પયગમ્બર તેમની કોમોની પાસે મોકલ્યા અને તે તેમની પાસે (સત્યની સાબિતીની) દલીલો લઈને આવ્યા (જેના ઉપર અમુક ઈમાન લાવ્યા અને અમુક ન લાવ્યા.) બસ અમે તે લોકોથી બદલો લીધો જેમણે અપરાધ આચર્યો હતો, (અને તે અપરાધ સત્યનું જૂઠાડવું તથા સાચાઓનો વિરોધ છે અને આ બદલામાં અમે તેમને પરાજિત અને ઈમાનવાળાઓને વિજેતા બનાવ્યા) અને ઈમાનવાળાઓનું વર્ચસ્વ સ્થાપિત કરવું (વાયદા અને ટેવ મુજબ) અમારા જિમ્મે હતું (તે બદલો અલ્લાહનો અઝાબ હતો અને તેમાં કાફિરોનું નાશ થવું અથવા તેમનું પરાજિત થવું નિશ્ચિત છે અને મુસલમાનોનું બચી જવું તથા તેમનું વર્ચસ્વ સ્થાપિત થવું છે, મતલબ કે આ જ પ્રમાણે તે કાફિરોથી બદલો લેવામાં આવશે, ભલે દુનિયામાં અથવા તો મોત પછી અને આ વિષય સાંત્વના માટે جُمْلَةً مُعْتَرِضَةً સ્વરૂપે આવ્યું હતું, આગળ હવાને મોકલ્યા પછી પ્રસ્તુત નિશાનીઓનું ટૂંકમાં વર્ણન છે કે) અલ્લાહ એવો (મહાશક્તિશાળી તથા હિકમતવાળો અને ઈનામ અર્પણ કરનારો) છે કે તે હવાઓ મોકલે છે, પછી તે (હવાઓ) વાદળોને (કે જે ક્યારેક તે હવાઓથી પહેલાં બાષ્પ ઉઠીને વાદળ બની ચૂકે છે અને ક્યારેક તે બાષ્પ તેજ હવાઓ દ્વારા ઊંચી ઉઠીને વાદળો બની જાય છે, પછી તેજ હવાઓ વાદળોને તેના સ્થળેથી એટલે કે આસમાની અવકાશથી અથવા જમીનથી) ઉઠાવે છે, પછી અલ્લાહ તઆલા તે (વાદળ)ને (ક્યારેક તો) જે રીતે ઈચ્છે છે આસમાન (એટલે કે આસમાની અવકાશ)માં ફેલાવી આપે છે અને (ક્યારેક) તેના ટૂકડા ટૂકડા કરી નાંખે છે (بَسْط અર્થ એ છે કે તેને ભેગા કરીને દૂર સુધી ફેલાવી આપે છે અને كَيْفَ يَشَآءُ નો અર્થ એ છે કે ક્યારેક થોડે દૂર સુધી તો ક્યારેક લાંબા અંતર સુધી અને كِسَفًا નો અર્થ એ છે કે ભેગા નથી થતા, વિખરાયેલા રહે છે) પછી (બંને પરિસ્થિતિઓમાં) તમે વરસાદને જુઓ છો કે તે (વાદળ)ની અંદરથી નીકળે છે (ભેગા થયેલા વાદળમાંથી વરસવું તો મોટે ભાગે થાય છે અને અમુક મોસમોમાં ઘણી વખતે વરસાદ અનેક વાદળીઓમાંથી પણ થતો હોય છે) પછી (વાદળથી નીકળ્યા પછી) જ્યારે તે (વરસાદ) પોતાના બંદાઓમાંથી જેને ઈચ્છે પહોંચાડી આપે છે તો બસ તે ખુશીઓ મનાવવા લાગે અને તે પહેલાં કે તેમના ખુશ થવાથી પહેલાં તેમના ઉપર વરસે (બિલકુલ જ) નિરાશ (થઈ રહ્યા) હતા (એટલે કે હમણા હમણા નિરાશ હતા અને હવે

આનંદવિભોર થઈ ગયા અને એવો જ સાક્ષાત્કાર પણ છે કે મનુષ્યની પરિસ્થિતિ આવી હાલતમાં ઘણી જલદી જલદી બદલાઈ જાય છે) બસ, (જરા) અલ્લાહની રહમત (એટલે કે વરસાદ)ની નિશાનીઓ (તો) જુઓ કે અલ્લાહ તઆલા (જેના દ્વારા) જમીનને તેના મૃત્યુ (એટલે કે સુક્કી) થઈ ગયા પછી કઈ રીતે જીવીત (એટલે કે હરિયાળી) કરે છે (આ વાત નેઅ્મત અને તવહીદની દલીલ હોવા ઉપરાંત એ બાબતની પણ દલીલ છે કે અલ્લાહ મર્યા પછી ફરીવાર સજીવન કરવાની શક્તિ ધરાવે છે, તેનાથી જાણ થાય છે કે જે અલ્લાહે મૃત જમીનને જીવન બખ્શ્યું) કોઈ શંકા નથી કે તે જ (અલ્લાહ) મુરદાઓને જીવીત કરનારો છે (બસ બૌદ્ધિક રીતે પણ તે શક્ય હોવામાં બંને સમાન અને તેની કુદરત બંનેની સાથે સમાન અને પ્રત્યક્ષ સ્વરૂપે બંને કાર્યોનું સમાન હોવું, આ બધી વસ્તુઓ એ સંદેહને રદ કરે છે કે મૃત્યુ પછી કેવી રીતે સજીવન થઈશું ?) અને તે દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે (આ સજીવન થવાનો વિષય પૃથ્વીના સજીવન થવાની યોગ્યતા આધારે جُمْلَةٌ مُعْتَرِضَة હતો) અને (આગળ ફરી વરસાદ અને હવાઓ વિશે વર્ણન છે જેમાં ગફલત અને નાશુક્રીનું વર્ણન છે, એટલે કે બેદરકાર લોકો એવા સત્યને ન ઓળખનારા તથા તેનો પરિચય પ્રાપ્ત કરનારા નથી કે આટલી મોટી મોટી નેઅ્મતો પછી) જો અમે તેમના ઉપર (એક પ્રકારની) હવા ચલાવીએ, પછી (એ હવાથી) આ લોકો ખેતીને (સુક્કી અને) પીળી જુએ (કે તેની હરિયાળી અને તાજગી જતી રહી) તો તેઓ ત્યાર પછી નાશુક્રી કરવા લાગે (અને બધી જ પાછલી નેઅ્મતોને ભૂલાવી દે) બસ, (જ્યારે તેમની ગફલત અને નાશુક્રી આ દરજ્જાએ છે તો તેનાથી એ પણ સાબિત થયું કે તેઓ બિલકુલ જ નફ્ફટ લોકો છે તો તેમના ઈમાન ન લાવવા ઉપર અને તેમના ચિંતન ન કરવા ઉપર ગમ કરવો બેકાર છે કારણ કે) તમે મુરદાઓને (તો) નથી સંભળાવી શકતા અને બહેરાઓને (પણ) અવાજ નથી સંભળાવી શકતા (ખાસ કરીને) જ્યારે કે પીઠ ફેરવીને ચાલ પડે (કે ઈશારાને પણ ન જુએ) અને (એ જ પ્રમાણે) આ (એવા) આંધળાઓને (જે દૃષ્ટિવાળાનું અનુસરણ ન કરે) તેમને માર્ગ ભટકવાથી માર્ગ ઉપર નથી લાવી શકતા (એટલે કે આ તો બુદ્ધિ ભ્રષ્ટ થવાની તથા જિંદગી જ ન હોવાની સમકક્ષ છે) તમે તો બસ તેમને જ સંભળાવી શકો છો જેઓ અમારી આયતોનું યકીન રાખે છે (અને) પછી તે માને (પણ) છે (અને જ્યારે આ લોકો

મુરદાઓ, બહેરાઓ અને આંધળાઓના સમકક્ષ છે પછી તેમનાથી ઈમાનની આશા ન રાખો અને દિલગીર ન થાઓ).

મસ્અલા અને બોધપાઠ :

فَانْتَقَمْنَا مِنَ الَّذِيْنَ اَجْرَمُوْا وَ كَانَ حَقًّا عَلَيْنَا نَصْرُ الْمُؤْمِنِيْنَ અમે અપરાધી કાફિરો પાસેથી બદલો લઈ લીધો અને અમારા માથે હતું કે અમે મો'મિનોની મદદ કરીએ. આ આયતથી જાણ થાય છે કે મો'મિનોની મદદ કરવી અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી પોતાના માથે લઈ લીધું છે, તેનો તકાદો દેખીતી રીતે એ હતો કે મુસલમાનોની કાફિરોના મુકાબલામાં ક્યારેય હાર ન થાય જ્યારે કે ઘણા બધા પ્રસંગો તેનાથી વિપરીત હોય છે અને થતા રહે છે. તેનો જવાબ પોતે આ જ આયતમાં ઉપસ્થિત છે કે મો'મિનોથી ભાવાર્થ તે મુજાહિદીન ફી સબિલિલ્લાહ (અલ્લાહ તઆલા માટે યુદ્ધ લડનાર યોદ્ધાઓ) છે જેઓ માત્ર અલ્લાહ તઆલાના જ ખાતર કાફિરો સાથે યુદ્ધ કરે છે, આવા લોકો દ્વારા જ અલ્લાહ તઆલા અપરાધીઓ પાસેથી બદલો લે છે અને તેમનું વર્ચસ્વ સ્થાપિત કરે છે, જ્યાં કંઈ પણ તેમના વિરુદ્ધ કોઈ પરિસ્થિતિ ઊભી થાય છે ત્યાં મોટે ભાગે મુજાહિદોની કોઈ ઉણપ તેમની હારનું કારણ બનતી હોય છે, જેમકે ગઝ્વએ ઉહદ વિશે પોતે કુર્આનમાં છે, اِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطٰنُ بِبَعْضِ مَا كَسَبُوْا એટલે કે, શયતાને તે લોકોને ભૂલથાપ આપી દીધી, તેમના અમુક અમલોની ભૂલના કારણે અને અમુક પરિસ્થિતિઓના કારણે અને એવી પરિસ્થિતિઓમાં પણ અંતે અલ્લાહ તઆલા તેમને જ વર્ચસ્વ અને વિજય અર્પણ કરે છે જ્યારે કે તેમને પોતાની ભૂલ ઉપર ચેતવણી મળી જાય છે, જેમકે ગઝ્વએ ઉહદમાં થયું અને જે લોકો માત્ર પોતાનું નામ મો'મિન મુસલમાન રાખી લે, અલ્લાહના હુકમોથી ગફલત અને બળવાખોરીની ટેવ ધરાવતા હોય તથા કાફિરોના વર્ચસ્વના સમયે પણ પોતાના ગુનાહોથી તવબહ ન કરે તો તે આ વાયદામાં સામેલ નથી, તે અલ્લાહની મદદના હકદાર નથી. આમ અલ્લાહ તઆલા પોતાની રહમતથી કોઈપણ પ્રકારના હક વિના પણ વિજય અને વર્ચસ્વ અર્પણ કરી આપે છે, તેની આશા રાખવી અને તેનાથી દુઆ માંગવી દરેક પરિસ્થિતિમાં લાભ જ લાભ છે.

فَاِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى આ આયતનો ખુલાસો એ છે કે તમે મુરદાઓને

સંભળાવી નથી શકતા, રહી એ બાબત કે મુરદાઓમાં સાંભળવાની ક્ષમતા છે અથવા નહીં અને સામાન્ય મુરદા જીવીત લોકોની વાતચીત સાંભળે છે અથવા નહીં તે મસ્અલાની ટૂંકમાં તહકીક મઆરિફુલ કુર્આનની સૂરએ નમ્લની તફસીરમાં પસાર થઈ ચૂકી છે અને સંપૂર્ણ તહકીક મુજ નાચીઝની એક આગવી અરબી ભાષાની કિતાબમાં છે જેનું નામ تَكْمِيْلُ الْحُبُوْرِ بِسَمَاعِ اَهْلِ الْقُبُوْرِ છે. અને જે અહકામુલ કુર્આન અરબી ભાષામાં હિઝ્બે ખામિસના ભાગ સ્વરૂપે પ્રકાશિત થઈ ચૂકી છે.

આયતો : (સૂરએ રૂમ : આયત નં. ૫૪ થી ૬૦)

اَللّٰهُ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ ضُعْفٍ ثُمَّ جَعَلَ مِنْ بَعْدِ ضُعْفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِنْ بَعْدِ
قُوَّةٍ ضُعْفًا وَّشَيْبَةً ؕ يَخْلُقُ مَا يَشَآءُ ۚ وَهُوَ الْعَلِيْمُ الْقَدِيْرُ ﴿۵۴﴾ وَيَوْمَ تَقُوْمُ
السَّاعَةُ يُقْسِمُ الْمُجْرِمُوْنَ ۙ مَا لَبِثُوْا غَيْرَ سَاعَةٍ ؕ كَذٰلِكَ كَانُوْا يُؤْفَكُوْنَ ﴿۵۵﴾ وَقَالَ
الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ وَالْاِيْمَانَ لَقَدْ لَبِثْتُمْ فِيْ كِتٰبِ اللّٰهِ اِلٰى يَوْمِ الْبَعْثِ ۫ فَهٰذَا
يَوْمُ الْبَعْثِ وَلٰكِنَّكُمْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿۵۶﴾ فَيَوْمَئِذٍ لَّا يَنْفَعُ الَّذِيْنَ ظَلَمُوْا
مَعْذِرَتُهُمْ وَلَا هُمْ يُسْتَعْتَبُوْنَ ﴿۵۷﴾ وَلَقَدْ ضَرَبْنَا لِلنَّاسِ فِيْ هٰذَا الْقُرْاٰنِ مِنْ
كُلِّ مَثَلٍ ؕ وَلَئِنْ جِئْتَهُمْ بِاٰيَةٍ لَّيَقُوْلَنَّ الَّذِيْنَ كَفَرُوْا اِنْ اَنْتُمْ اِلَّا مُبْطِلُوْنَ ﴿۵۸﴾
كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى قُلُوْبِ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿۵۹﴾ فَاصْبِرْ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّ
لَا يَسْتَخِفَّنَّكَ الَّذِيْنَ لَا يُوْقِنُوْنَ ﴿۶۰﴾ ع

તરજુમો :

અલ્લાહ જ છે જેણે તમને નિર્બળ સ્થિતિમાં બનાવ્યા, પછી નબળાઈ પછી બળ આપ્યું, ફરી બળ પછી નબળાઈ આપશે અને ઘડપણ (સફેદ બાલ); જે કંઈ ઇચ્છે બનાવે છે અને તે સઘળું જાણનાર, બધું કરી શકનાર છે. (૫૪)

અને જે દિવસે કયામત કાયમ થશે ગુનેહગાર કસમો ખાશે કે અમે એક ઘડીથી વધારે રહ્યા ન હતા, આ જ પ્રમાણે (દુનિયામાં પણ) ઊંધા જતા હતા. (૫૫) અને જેમને ઈલ્મ (સમજ) અને યકીન મળ્યું છે કહેશે, તમારું થોભવું જીવીત થઈ ઊઠવાના દિવસ સુધી અલ્લાહની કિતાબમાં (લખેલું) હતું, બસ આ છે ઉઠવાનો દિવસ, પરંતુ તમે જાણતા ન હતા. (૫૬) તે દિવસે તે ગુનેહગારોને કુસૂર મા'ફ કરાવવાનું (બહાનાઓ) કામ ન લાગશે અને ન જ તેમનાથી તવબહ કરવાની માંગણી થશે. (૫૭) અને અમે લોકો માટે આ કુર્આનમાં દરેક પ્રકારનું દષ્ટાંત બેસાડયું છે અને જો તમે તેમની પાસે કોઈ નિશાની લાવો તો તે ઈન્કારીઓ અવશ્ય કહેશે, તમે બધું નર્યું જૂઠ જ ઘડો છો. (૫૮) આ રીતે અલ્લાહ તેમના દિલો ઉપર સીલ મારી દે છે જેઓ સમજ ધરાવતા નથી. (૫૯) બસ તમે ધૈર્ય દાખવો, બેશક ! અલ્લાહનો વાયદો સત્ય છે અને તમને તે લોકો ઉશ્કેરવા ન પામે જેઓ યકીન નથી લાવતા. (૬૦)

તફસીર :

અલ્લાહ એવો છે જેણે તમને નિર્બળતાની હાલતમાં બનાવ્યા, (તેનો ભાવાર્થ બાળપણની શરૂઆતની પરિસ્થિતિ છે) પછી (આ) નબળાઈ પછી શક્તિ (એટલે કે યુવાની) અર્પણ કરી, ત્યારબાદ (આ) બળ પછી કમજોરી અને વૃદ્ધાવસ્થા આપી (અને) તે જે ઇચ્છે છે પેદા કરે છે અને તે (દરેક વસ્તુને) જાણનારો (અને તે વસ્તુને લાગુ પાડવાની) શક્તિ ધરાવનારો છે (બસ જે એવો શક્તિશાળી હોય તેના માટે પુનઃજીવીત કરવું શું મુશ્કેલ છે ? આ તો بَعْث ની એક સંભાવનાનું વર્ણન હતું) અને (આગળ તેના ઉપસ્થિત થવાનું વર્ણન છે એટલે કે) જે દિવસે કયામત થશે પાપી (એટલે કે કાફિર) લોકો (ત્યાંની ભયાનક અને સખત કઠોર પરિસ્થિતિઓને જોઈને કયામત આવવાને ખૂબ અણગમતું સમજીને) કસમ ખાઈ બેસસે કે (કયામત ઘણી જલદી આવી ગઈ અને) તે લોકો (એટલે કે અમે લોકો બરઝખમાં) એક ક્ષણથી વધારે નથી રહ્યા (એટલે કે જે કયામતનો સમય આવવાનું નિશ્ચિત હતું તે પણ પૂરું ન થવા પામ્યું કે કયામત આવી પહોંચી જેમકે અનુભવ કરી શકાય છે કે જો ફાંસીની સજા પામનારની એક મહિનો મર્યાદા નક્કી કરવામાં આવે તો જ્યારે મહિનો પસાર થઈ ચૂકે છે તો તેને એવું લાગે છે કે

જાણે મહિનો પસાર જ નથી થયો અને મુસીબત જલદી આવી પહોંચી. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે) એ જ પ્રમાણે આ લોકો (દુનિયામાં) ઊંધા ચાલ્યા કરતા હતા (એટલે કે જે રીતે અહીંયાં આખિરતમાં કયામતના સમયથી વહેલાં આવી જવાનું સમજીને કસમો ખાવા લાગ્યા, એ જ પ્રમાણે દુનિયામાં કયામતના અસ્તિત્વના જ ઈન્કારી હતા અને તેના ન આવવાની કસમો ખાતા રહેતા હતા) અને જે લોકોને ઈમાન અને ઇલ્મ અર્પણ થયું છે (ભાવાર્થ ઈમાનવાળા છે કે શરીઅતની ખબરોનું જ્ઞાન તેમને પ્રાપ્ત થયેલ છે) તેઓ (આ પાપીઓને જવાબમાં) કહેશે કે (તમે બરઝખમાં નિશ્ચિત સમયથી ઓછું નથી રહ્યા, તમારો આ દા'વો ખોટો છે બલકે) તમે તો (નિશ્ચિત સમય) અલ્લાહના લખ્યા પ્રમાણે કયામતના દિવસ સુધી રહ્યા, બસ કયામતનો દિવસ આ જ છે (જે બરઝખમાં રહેવાનો નિશ્ચિત સમય હતો) અને પરંતુ (કયામત નિશ્ચિત સમય પહેલાં આવેલી હોવાનું સમજી રહ્યા છો તેનું કારણ એ છે કે) તમે (દુનિયામાં કયામત આવવાનું) યકીન (અને શ્રદ્ધા) ધરાવતા ન હતા (બલકે જૂઠાડતા હતા અને ઈન્કાર કર્યા કરતા હતા, આ ઈન્કારના વબાલમાં આજે પરેશાનીનો સામનો થયો એ કારણથી ગભરાઈને એવો વિચાર આવ્યો કે હજુ તો નિશ્ચિત સમયસીમા પૂરી પણ નથી થઈ અને જો સમર્થન કર્યું હોત અને ઈમાન લઈ આવ્યા હોત તો તે જલદી આવી ગયાનું ન સમજ્યા હોત, બલકે એવું ઇચ્છતા હોત કે આનાથી પણ જલદી આવી જાય, કારણ કે મનુષ્ય જ્યારે તેનાથી કોઈ રાહત અને આરામનો વાયદો હોય તો સ્વાભાવિક રીતે તે જલદી આવવાની ઇચ્છા કરે છે અને તેની શોખથી રાહ જુએ છે અને તેને સમય લાંબો થયો હોવાનું લાગ્યા કરે છે, જેમકે હદીષમાં પણ છે કે કાફિર કબરમાં કહે છે, رَبِّ لَا تُقِمِ السَّاعَةَ અને મો'નિ કહે છે, رَبِّ اَقِمِ السَّعَةَ અને મો'મિનોના આ જવાબથી પણ જે અહીંયાં પ્રસ્તુત છે કે બરઝખના સ્થળને તેમણે ઘણું લાંબું સમજ્યું છે તે એટલા કારણે હોય છે કે તેઓ શોખથી બદલાના દિવસની રાહ જોઈ રહ્યા હતા એટલા માટે એવું ઇચ્છતા હતા કે તે જલદી આવી જાય) મતલબ કે તે દિવસે જાલિમો (એટલે કે કાફિરોની મુસીબત અને તકલીફનું એ સ્વરૂપ હશે કે તેઓ)ને તેમના (કોઈ પ્રકારના જૂઠા સાચા) બહાના કરવા લાભ આપશે નહીં અને ન જ તેમનાથી અલ્લાહના ક્રોધથી બચવાનું પૂછવામાં આવશે (એટલે કે તેમને મોકો આપવામાં આવશે નહીં કે તવબહ કરીને

અલ્લાહને રાજી કરી લે) અને અમે લોકો(ની હિદાયત)ના માટે આ કુર્આન (સમગ્ર અથવા તેના કોઈ એક ભાગ એટલે કે આ સૂરત)માં દરેક રીતે ઉત્તમ (અને શ્રેષ્ઠ જરૂરી) વિષયો વર્ણન કર્યા છે (જે પોતાની શ્રેષ્ઠતા અને વિશિષ્ટતાના કારણે એવો તકાદો ધરાવે છે કે આ કાફિરોને હિદાયત પ્રાપ્ત થઈ જાય પરંતુ તે લોકોએ દુશ્મનાવટના કારણે તેનો સ્વીકાર ન કર્યો અને તેનાથી લાભ પ્રાપ્ત ન કર્યો) અને (કુર્આનની શું વાત ! આ લોકોની દુશ્મનાવટ તો એટલી હદે વધી ગઈ છે કે) જો (કુર્આન ઉપરાંત તેમને મોઅ્જિઝાઓથી કે જેમની તેઓ પોતે ફરમાઈશ કર્યા કરતા હતા), તમે તેમની પાસે કોઈ નિશાની લઈ આવો તો પણ આ લોકો કે જેઓ કાફિર છે તે એવું જ કહેશે કે તમે બધા (એટલે કે પયગમ્બર ﷺ અને મો'મિનો એ શરઈ આયતો અથવા તક્વીની આયતોનું સમર્થન કરી રહ્યા છો.) નર્યા જૂઠા છો (પયગમ્બરને જાદૂની તોહમત લગાવીને જૂઠા કહ્યા અને મુસલમાનોને જાદૂનું સમર્થન કરવાથી જૂઠા કહ્યા અને તે લોકોની આ દુશ્મનાવટ વિશે અસલ વાત એ છે કે) જે લોકો (ઘણી બધી નિશાનીઓ અને સત્યની દલીલો જાહેર થવા છતાં) યકીન નથી કરતા (અને ન જ તેને પ્રાપ્ત કરવાની કોશીશ કરે છે) અલ્લાહ તઆલા તેમના દિલો ઉપર એવું જ સીલ મારી આપે છે (જેમકે તેમના દિલો ઉપર થઈ રહ્યું છે, એટલે કે દરરોજ સત્યનો સ્વીકાર કરવાની ક્ષમતા ક્ષીર્ણ થતી જાય છે એટલા માટે સત્ય સ્વીકારવાની ક્ષમતામાં કમજોરી અને દુશ્મનાવટમાં કઠોરતા વધતી જાય છે) બસ, (જ્યારે તેઓ આવા દુષ્ટ છે તો તેમનો વિરોધ અને પીડા પહોંચાડવાથી અને તેમના અપશબ્દો વગેરે ઉપર) તમે સબ્ર કરો બેશક ! અલ્લાહ તઆલાનો વાયદો (છે કે અંતે તેઓ નિષ્ફળ થશે અને સાચાઓ સફળ થશે એ વાયદો) સાચો છે (એ વાયદો અવશ્ય આવશે, બસ ધૈર્ય અને સહનશીલતા થોડા જ દિવસ કરવી પડે છે) અને આ બદયકીન લોકો તમારી સહનશીલતાનો ભંગ કરવા ન પામે (એટલે કે તેમના તરફથી ભલે ગમે તેવી વાત રજુ થાય પરંતુ એવું ન થાય કે તમે બરદાસ્ત ન કરો).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરતનો મોટો ભાગ કયામતના ઈન્કારીઓની શંકાઓ નિર્મૂળ કરવા વિશે છે જેના માટે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને ઉચ્ચ કક્ષાની હિકમતની ઘણી બધી દલીલો અને નિશાનીઓ બતાવીને ગાફેલ મનુષ્યને

નીંદ્રામાંથી જાગૃત કરવાનો સામાન કરવામાં આવ્યો છે. પ્રસ્તુત પ્રથમ આયતમાં એક નવી લઢણથી આ વિષયની સાબિતીઓ છે તે એ કે મનુષ્ય પોતાની પ્રકૃતિમાં ઉતાવળિયો હોય છે અને નજર સમક્ષની વસ્તુઓમાં ઓતપ્રોત થઈને ભૂતકાળ અને ભવિષ્યને ભૂલાવી દેવાની ટેવ ધરાવતો હોય છે અને તેની આ જ ટેવ તેને મોટી ભયાનક ભૂલોમાં સંડોવી દે છે જે સમયે મનુષ્ય યુવાન હોય છે તેની શક્તિ પોતાની પરકાષ્ઠાએ હોય છે, તે પોતાની શક્તિના નશામાં કોઈને કંઈ જ સમજતો નથી, સીમાઓમાં અને મર્યાદાઓમાં રહેવું તેને મુશ્કેલ લાગતું હોય છે, તેને ચેતવવા માટે આ આયતમાં શક્તિ અને નિર્બળતાના આધારે મનુષ્યના અસ્તિત્વનું એક સંપૂર્ણ શબ્દચિત્ર રજુ કરવામાં આવ્યું છે જેમાં બતાવવામાં આવ્યું છે કે મનુષ્યની શરૂઆત પણ નિર્બળ નથી અને તેનો અંત પણ, વચ્ચે ઘણા થોડા દિવસો માટે તેને એક શક્તિ મળે છે, બુદ્ધિનો તકાદો એ છે કે આ અમુક દિવસની શક્તિના સમયમાં પોતાની પ્રથમ નિર્બળતા અને હવે પછી આવનારી નિર્બળતાથી પણ ક્યારેય ગાફેલ ન થાય, બલકે પોતાની આ નબળાઈના વિવિધ દરજ્જાઓને હંમેશા નજર સમક્ષ રાખે જેમાંથી પસાર થઈને આ શક્તિ અને યુવાની સુધી પહોંચ્યો છે.

خَلَقَكُم مِّن ضَعْفٍ માં માનવીને એ જ બોધપાઠ આપવામાં આવ્યો છે કે પોતાની મૂળ બુનિયાદને જુએ કે કેટલી અશક્ત બલકે સંપૂર્ણ અશક્ત છે કે એક નિર્જીવ ટીપું કે જે બુદ્ધિહીન, ગંદુ અને દુર્ગંધયુક્ત હોય છે, એમાં વિચાર કરો કે કોની હિકમત અને કુદરતે આ જુગુપ્સાપ્રેરક ટીપાંને એક લોહીના ગઠ્ઠાના સ્વરૂપમાં અને પછી લોહીને માંસના સ્વરૂપમાં, પછી તે માંસની અંદર હાડકાં ગોઠવીને ·પરિવર્તન કર્યું, પછી તેના અવયવો અને શરીરના અંગો-ઉપાંગોના નાંજુક નાજુક યંત્રો બનાવ્યા કે આ એક નાનું સરખું અસ્તિત્વ એક ચાલતી ફરતી ફેક્ટરી બની ગઈ જેમાં સેંકડો આશ્ચર્યજનક સ્વયંસંચાલિત યંત્રો લાગેલા હોય છે અને ઊંડા વિચારથી કામ લો તો તે એક ફેક્ટરી માત્ર નથી બલકે એક નાની સરખી દુનિયા છે કે સમગ્ર દુનિયાના નમૂના તેના અસ્તિત્વમાં સામેલ છે, તેનું સર્જન અને પોષણ કોઈ મોટા કારખાનાઓમાં નથી થયું બલકે માતાના ઉદરના ત્રણ અંધારાઓમાં થયું અને નવ મહિના આ જ તંગ અને અંધારી જગ્યામાં માતાના ઉદરનું લોહી અને અન્ય તત્ત્વોથી ખોરાક મેળવીને આ હઝરતે ઈન્સાનનો

વજૂદ તૈયાર થયો.

ثُمَّ السَّبِيْلَ يَسَّرَهٗ પછી અલ્લાહ તઆલાએ તેના અસ્તિત્વનો માર્ગ સરળ કરી દીધો, આ દુનિયામાં આવ્યો તો તેની પરિસ્થિતિ આ હતી, اَخْرَجَكُمْ مِّنْۢ بُطُوْنِ اُمَّهٰتِكُمْ لَا تَعْلَمُوْنَ شَيْـًٔا એટલે કે તમને માતાના ઉદરમાંથી અલ્લાહ તઆલાએ એવી હાલતમાં કાઢયા કે તમે કશું જ જાણતા ન હતા, હવે કુદરતે તા'લીમ અને પ્રેરણાનો ક્રમ શરૂ કર્યો. સૌથી પ્રથમ કળા રડવાની શિખવાડી જેનાથી માતા પિતા ધ્યાનિત થઈ તેની ભૂખ તરસ અને દરેક તકલીફને દૂર કરવા માટે લાગી જાય છે, પછી હોઠ અને પેઢાંઓને દબાવીને માતાના થાનથી દૂધ કાઢવાની કળા શિખવાડી જેનાથી તે પોતાનો ખોરાક પ્રાપ્ત કરી લે, કોઈની મજાલ હતી કે જે આ નાસમજ બાળકને આ બંને હુન્નર શિખવાડે જે તેની ત્યારની જરૂરિયાતો પૂરી કરે છે તે કુદરત સિવાય કે જે તેના સર્જનની માલિક છે, આ નવજાત શીશુ હમણા કમજોર બાળક છે, જરા હવા લાગી જાય તો અધમૂઓ થઈ જાય, જરા શરદી અથવા ગરમી લાગી જાય તો બીમાર થઈ જાય, ન તો પોતાની કોઈ જરૂરતને માંગી શકે છે અને ન જ પોતાની કોઈ તકલીફને દૂર કરી શકે છે, અહીંયાંથી ચાલ્યા તો યુવાનીના સમય સુધી ક્રમવારના તબક્કાઓમાં વિચાર કરવામાં આવે તો અલ્લાહ તઆલાની કુદરતના એવા મહાન કારનામા સામે આવશે કે બુદ્ધિ દિગ્મૂઢ રહી જાય છે.

ثُمَّ جَعَلَ مِنْۢ بَعْدِ ضُعْفٍ قُوَّةً હવે આ શક્તિની મંઝિલોમાં પહોંચ્યા તો જમીન આસમાનના તાગ મેળવવા લાગ્યા, ચાંદ અને ગ્રહો ઉપર ડોળા કાઢવા લાગ્યા, સમંદર અને જમીન ઉપર પોતાનો કબ્જો જમાવવા લાગ્યા, પોતાના ભૂતકાળ અને ભવિષ્યથી ગાફેલ થઈને مَنْ اَشَدُّ مِنَّا قُوَّةً (અમારાથી વધારે કોણ શક્તિશાળી હોઈ શકે છે !)ના નારા લગાવવા લાગ્યા, એટલે સુધી કે આ જ શક્તિના નશામાં ચૂર થઈને પોતાના પેદા કરનારને પણ ભૂલી ગયા અને તેના હુકમોની પેરવી કરવાને પણ, પરંતુ કુદરતે તેને જાગૃત કરવા માટે ثُمَّ جَعَلَ مِنْۢ بَعْدِ قُوَّةٍ ضُعْفًا وَّشَيْبَةً ફરમાવ્યું કે હે ગાફિલ ! સારી પેઠે સમજી લે કે આ તારી શક્તિ થોડા દિવસ માટે છે, પછી આ જ નિર્બળતાની અવસ્થામાં પાછા ફરવાનું છે અને એ જ પ્રમાણે ક્રમવાર નબળાઈ વધવી શરૂ થશે જેનો પ્રભાવ એક સમય પછી شَيْبَةً (શયબહ) બાલોની સફેદીના સ્વરૂપમાં જાહેર થશે અને પછી બધા જ અવયવો,

અંગો–ઉપાંગોના સ્વરૂપમાં પરિવર્તનો આવશે, દુનિયાનો ઈતિહાસ અને બીજી કિતાબો જ નહીં પોતે પોતાના અસ્તિત્વમાં લખેલા આ ગુપ્ત લખાણને વાંચી લે તો એ યકીન કર્યા સિવાય છૂટકો રહેશે નહીં يَخْلُقُ مَا يَشَآءُ وَهُوَ الْعَلِيْمُ الْقَدِيْرُ કે આ બધી કારીગરી તે રબ્બુલ ઈજ્જતની છે, તે જે ઈચ્છે તે પેદા કરે છે, જેવી રીતે ઈચ્છે પેદા કરે છે અને જ્ઞાનમાં સૌથી મહાન છે અને શકિતમાં પણ, શું ત્યાર પછી પણ તેમાં કોઈ શંકાની સંભાવના બાકી રહી ગઈ છે કે તે જ્યારે ચાહે મુરદાઓને ફરીવાર સજીવન ન કરી શકે!?

આગળ ફરી કયામતના ઈન્કારીઓની વાહિયાત વાતો અને તેમની અજ્ઞાનતાનું વર્ણન છે. وَيَوْمَ تَقُوْمُ السَّعَةُ يُقْسِمُ الْمُجْرِمُوْنَ مَا لَبِثُوْا غَيْرَ سَاعَةٍ એટલે કે, જે દિવસે કયામત કાયમ થશે તો આ ઈન્કારીઓ કયામતના તે સમયના ભયાનક દૃષ્યોથી સ્તબ્ધ થઈને એવી કસમો ખાવા લાગશે કે અમારું થોભવું તો એક ઘડીથી વધારે નથી રહ્યું, આ થોભવાનો ભાવાર્થ એ હોઈ શકે છે કે દુનિયાનું થોભવું હોય, કારણ કે તેમની દુનિયા આરામ અને વૈભવમાં પસાર થઈ હતી અને હવે સખત તકલીફો સામે આવી તો જેમકે મનુષ્યની સ્વાભાવિક ટેવ છે કે રાહતના સમયને ખૂબ ટૂંકો સમજે છે એટલા માટે કસમો ખાશે કે દુનિયામાં તો અમારું થોભવું ઘણું ટૂંકું બલકે એક ક્ષણ હતું.

અને એ પણ સંભાવના છે કે આ થોભવાથી ભાવાર્થ કબર અને બરઝખનું થોભવું હોય અને મતલબ એ હોય કે અમે તો સમજ્યા હતા કે આલમે બરઝખમાં થોભવું ઘણું લાંબું હશે અને કયામત ઘણી મોડી આવશે પરંતુ ઘટના એનાથી ઘણી ઊલટી હતી કે અમે બરઝખમાં ઘણું ઓછું રહેવા પામ્યા હતા કે કયામત આવી ગઈ અને આ જલદી આવવાની તેમને એ કારણે અનુભૂતિ થશે કે કયામતમાં તેમના માટે કોઈ ખુશી અથવા રાહતની વસ્તુ તો હતી જ નહીં, મુસીબત જ મુસીબત હતી તથા માનવપ્રકૃતિ એવી છે કે મુસીબતના સમયે પાછલા રાહતના સમયને ખૂબ ટૂંકો સમજવા લાગે છે અને કાફિરોને જો કે કબ્ર અને બરઝખમાં અઝાબ પણ થશે પરંતુ કયામતના અઝાબના મુકાબલામાં તે પણ રાહત હોવાની અનુભૂતિ થવા લાગશે અને તે સમયને ટૂંકો સમજીને કસમ ખાશે કે કબ્રમાં અમારું થોભવું ઘણું જ અલ્પ બલકે એક ક્ષણ હતું.

શું મહશરમાં અલ્લાહ તઆલાની સામે કોઈ જૂઠું બોલી શકશે ? :

આ આયતથી જાણ થઈ કે મહશરમાં કાફિરો કસમ ખાઈને એ જૂઠું બોલશે કે અમે તો દુનિયામાં અથવા કબ્રમાં એક ઘડીથી વધારે નથી રહ્યા, એ જ પ્રમાણે એક બીજી આયતમાં મુશ્રિકોનું એ નિવેદન વર્ણન થયું છે કે તેઓ કસમ ખાઈને કહેશે કે અમે મુશ્રિક ન હતા. وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ કારણ એ છે કે મહશરમાં રબ્બુલ આલમીનની અદાલત કાયમ થશે, તે બધાને સ્વતંત્રતા આપશે કે જે ઇચ્છે નિવેદન આપે, જૂઠું બોલે અથવા સાચું બોલે. કારણ કે રબ્બુલ ઇજ્જતનું જ્ઞાન સંપૂર્ણ છે અને અદાલતી તહકીક માટે તે તેમના સ્વીકાર કરવા ન કરવાનો મોહતાજ નથી. જ્યારે મનુષ્ય જૂઠું બોલશે તો તેના મોઢા ઉપર સીલ મારી દેવામાં આવશે અને તેના હાથ પગ તથા ચામડી અને બાલથી ગવાહી લેવામાં આવશે, તે સાચે સાચી સમગ્ર ઘટના વર્ણન કરી આપશે જેના પછી તેની પાસે કોઈ બહાનું બાકી રહેશે નહીં. اَلْيَوْمَ نَخْتِمُ عَلٰى اَفْوَاهِهِمْ وَتُكَلِّمُنَا اَيْدِيْهِمْ.... નો આ જ ભાવાર્થ છે અને કુર્આને કરીમની બીજી આયતોથી જાણ થાય છે કે મહશરમાં વિવિધ સ્થળો હશે, દરેક સ્થળની પરિસ્થિતિ જુદી જુદી હશે, એક સ્થળ તે છે જેમાં અલ્લાહ તઆલાની પરવાનગી વિના કોઈને બોલવાનો અધિકાર ન હશે માત્ર સાચી અને ખરી વાત જ બોલી શકશે, જૂઠું બોલવાની શક્તિ નહીં હોય જેમકે ઇરશાદ છે, لَا يَتَكَلَّمُوْنَ اِلَّا مَنْ اَذِنَ لَهُ الرَّحْمٰنُ وَقَالَ صَوَابًا


કબ્રમાં કોઈ જૂઠું નહીં બોલી શકે :

તેનાથી વિપરીત કબ્રના સવાલ જવાબમાં સહીહ હદીષોમાં વર્ણન થયું છે કે જ્યારે કાફિરને પૂછવામાં આવશે કે તારો પરવરદિગાર કોણ છે અને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ કોણ છે ? તો તે કહેશે, هَاهْ هَاهْ لَا اَدْرِىْ એટલે કે, હાય ! હાય ! હું કંઈ જાણતો નથી. જો ત્યાં જૂઠું બોલવાનો અધિકાર હોત તો કહી આપ્યું હોત કે મારો પરવરદિગાર અલ્લાહ છે અને મુહમ્મદ મુસ્તફા ﷺ અલ્લાહના રસૂલ છે તો આ એક આશ્ચર્યજનક બાબત છે કે કાફિર લોકો અલ્લાહની સામે જૂઠું બોલવા માટે શક્તિ ધરાવતા હશે અને ફરિશ્તાઓની સામે જૂઠું બોલી શકશે નહીં પરંતુ જો વિચાર કરવામાં આવે તો તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી, કારણ એ છે કે ફરિશ્તા ન તો આલિમુલ ગયૂબ (અદૃષ્ય બાબતોના જાણકાર) છે અને ન જ

તેમને એ અધિકાર છે કે હાથ પગની ગવાહી લઈને તેમના ઉપર દલીલ કાયમ કરે, જો તેમની સામે જૂઠું બોલવાનો અધિકાર હોત તો બધા કાફિર અને દુષ્ટ લોકો કબ્રના અઝાબથી નચિંત થઈ જાત તેનાથી વિપરીત અલ્લાહ જલ્લ શા'નુહૂ કે તે તો દિલોની હાલતથી પણ વાકેફ છે અને શરીરના અંગો–ઉપાંગોની ગવાહીથી તેનું જૂઠ ખોલી નાંખવાની શક્તિ પણ ધરાવે છે એટલા માટે મહશરમાં આ સ્વતંત્રતા આપી દેવી અદાલતી ઈન્સાફમાં કોઈ ખલેલ પેદા નથી કરતું. વલ્લાહુ અઅ્લમુ.

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ રૂમ પૂર્ણ થઈ.

(મૂળ લેખકે સૂરએ રૂમ શનિવાર ૨૮ જિલ્કદ સન હિજરી ૧૩૯૧ના દિવસે પૂરી કરી.)



સૂરએ રૂમનો અનુવાદ તથા છટ્ઠી જિલ્દ પૂરી થઈ.

તા. : ૨૫ રવિવાર ૨૦૧૦ મુતાબિક ૧૦ જમાદિઊલ અવ્વલ ૧૪૩૧ હિજરી.

પ્રકરણ (૩૧)

સૂરએ લુકમાન

સૂરએ લુકમાન મક્કામાં નાઝિલ થઈ તેમાં ૩૪ આયતો અને ૪ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ લુકમાન : આયત નં. ૧ થી ૯)

آياتها ٣٤ | ٣١ سُوْرَةُ لُقْمٰنَ مَكِّيَّةٌ ٥٧ | رکوعاتها ٤

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الٓمٓ ۚ ١ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ ٢ هُدًى وَّرَحْمَةً لِّلْمُحْسِنِيْنَ ۙ ٣ الَّذِيْنَ
يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ۗ ٤ اُولٰٓئِكَ
عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ٥ وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِيْ
لَهْوَ الْحَدِيْثِ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ بِغَيْرِ عِلْمٍ ۖ وَّيَتَّخِذَهَا هُزُوًا ۗ اُولٰٓئِكَ لَهُمْ
عَذَابٌ مُّهِيْنٌ ٦ وَاِذَا تُتْلٰى عَلَيْهِ اٰيٰتُنَا وَلّٰى مُسْتَكْبِرًا كَاَنْ لَّمْ يَسْمَعْهَا كَاَنَّ فِيْٓ
اُذُنَيْهِ وَقْرًا ۚ فَبَشِّرْهُ بِعَذَابٍ اَلِيْمٍ ٧ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ
جَنّٰتُ النَّعِيْمِ ۙ ٨ خٰلِدِيْنَ فِيْهَا ۗ وَعْدَ اللّٰهِ حَقًّا ۗ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ٩

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલિફ-લામ-મીમ. (૧) આ આયતો હિકમતોથી ભરપૂર કિતાબની છે. (૨) હિદાયત અને રહમત છે નેકી કરનારાઓ માટે. (૩) કે જેઓ નમાઝ કાયમ રાખે છે અને ઝકાત આપે છે અને તે છે જેઓ આખિરત ઉપર યકીન

રાખે છે. (૪) તેમણે પોતાના પરવરદિગાર તરફથી માર્ગ પામ્યો છે અને તેઓ જ સફળતાએ પહોંચ્યા. (૫) અને એક તે લોકો છે કે ખેલકૂદની વાતોના ખરીદાર છે જેથી અલ્લાહના માર્ગથી સમજ્યા વિના ભટકાવે અને તેને ઠઠ્ઠો ઠરાવે, તે જેઓ છે તેમના માટે અપમાનિત કરનાર અઝાબ છે. (૬) અને જ્યારે તેને અમારી આયતો સંભળાવો, અભિમાનથી પીઠ ફેરવે જાણે કે તેને સાંભળ્યું જ નથી, જાણે કે તેના બંને કાન બહેરા છે; બસ તેને કષ્ટદાયક અઝાબની ખુશખબરી આપી દો ! (૭) જે લોકો ઈમાન લાવ્યા અને ભલા કામ કર્યા, તેમના માટે નેઅ્મતના બગીચા છે. (૮) તેમાં હંમેશા રહ્યા કરે, અલ્લાહનો વાયદો સાચો થઈ ચૂક્યો અને તે મહાબળવાન છે હિકમતોવાળો. (૯)

તફસીર :

અલિફ-લામ-મીમ (તેનો અર્થ અલ્લાહને ખબર છે). આ (એટલે કે આ સૂરત અથવા કુર્આનમાં વર્ણન થઈ છે તે) આયતો છે એક હિકમતથી ભરપૂર કિતાબ (એટલે કે કુર્આન)ની કે જે હિદાયત અને રહમત(નું કારણ) છે નેક કર્મો કરનારાઓ માટે જેઓ નમાઝની પાબંદી કરે છે અને ઝકાત અદા કરે છે અને તે લોકો આખિરતનું સંપૂર્ણ યકીન રાખે છે, (બસ) આ લોકો (આ કુર્આન ઉપર શ્રદ્ધા અને કર્મોના કારણે) પોતાના પરવરદિગારના સીધા માર્ગ ઉપર છે અને આ જ લોકો (આ હિદાયતના કારણે) સફળતા પામનારા છે (બસ, કુર્આન આ પ્રમાણે તેમના માટે હિદાયત અને રહમતનું જેની અસર સફળતા છે કારણ બની ગયું, બસ અમુક લોકો તો એવા છે જેમકે વર્ણન કરવામાં આવ્યું) અને (તેનાથી વિપરીત) અમુક લોકો એવા (પણ) છે જેઓ (કુર્આનથી વાંધો ઉઠાવીને) કેવી વાતોના ખરીદાર બને છે (એટલે કે એવી વાતો અપનાવે છે) જે (અલ્લાહથી) ગાફેલ કરનારી છે (બસ પ્રથમ તો વાહિયાત વાતોને અપનાવવું જ્યારે કે તેની સાથે અલ્લાહની આયતોનો વાંધો પણ ઉઠાવતા હોય પોતે જ કુફ્ર અને ગુમરાહી છે, પછી જ્યારે ખાસ રીતે તેને એ જ કારણે અપનાવવામાં આવે) જેથી (તેના દ્વારા અન્યોને પણ) અલ્લાહના માર્ગ (એટલે કે દીને હક્ક)થી વિના સમજ્યે ગુમરાહ કરે (અને આ ગુમરાહ કરવાની સાથે) તે (સત્ય માર્ગ)નો ઠઠ્ઠો ઉડાવે

(જેથી બીજાના દિલોમાંથી તેની માન મર્યાદા અને પ્રભાવ ઓછો થઈ જાય ત્યારે તો કુફ્ર ઉપર કુફ્ર અને ગુમરાહીની સાથે ગુમરાહી છે અને) એવા લોકો માટે (આખિરતમાં) અપમાનિત કરનાર અઝાબ (થવાનો) છે (જેમકે તેમના વિરોધી લોકો માટે સફળતા હોવાની જાણ થઈ) અને (આ વ્યક્તિની વાંધો ઉઠાવવાની એવી હાલત છે કે) જ્યારે તેની સામે અમારી આયતો પઢવામાં આવે છે તો તે વ્યક્તિ અભિમાન કરે છે (અને એવા બેધ્યાનપણે) મોઢું ફેરવી લે છે જેમકે તેણે સાંભળી જ નથી જેમકે તેના કાનોમાં બહેરાશ છે (એટલે કે જેમકે બહેરો છે) બસ તે (વ્યક્તિ)ને એક કષ્ટદાયક અઝાબની ખબર સંભળાવી આપો, (આ તો વાંધો ઉઠાવનારની સજાનું વર્ણન થયું, આગળ હિદાયત પામનાર લોકોના બદલાનું વર્ણન છે કે જે સફળતાની વિગત છે એટલે કે) અલબત્ત જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે નેક કામ કર્યા તેમના માટે રાહતની જન્નતો છે જેમાં તેઓ હંમેશા રહેશે, આ અલ્લાહે સાચો વાયદો કર્યો છે અને તે જબરદસ્ત હિકમતવાળો છે (બસ કુદરતના કમાલથી વાયદો અને ધમકીને લાગુ પાડી શકે છે અને હિકમતથી તેને વાયદા પ્રમાણે લાગુ પાડશે).

મસ્અલા અને બોધપાઠ :

يُؤْتُونَ الزَّكٰوةَ આ આયતમાં ઝકાતનો હુકમ છે જો કે આ આયત મક્કી છે, આથી જાણ થઈ કે મૂળ ઝકાતનો હુકમ મક્કએ મુઅજ્જમહમાં જ હિજરતથી પહેલાં આવી ચૂક્યો હતો અને જે એવું મશ્હૂર છે કે ઝકાતનો હુકમ હિજરતના બીજા વર્ષે લાગુ થયો એનો ભાવાર્થ પ્રમાણનું નિશ્ચિત કરવું તથા વાજિબ નિશ્ચિત પ્રમાણની વિગતો તથા ઈસ્લામી હુકૂમત તરફથી તેને વસૂલ કરવાની અને હકદારો ઉપર ખર્ચ કરવાની વ્યવસ્થા વગેરે છે. આ બધું હિજરતના બીજા વર્ષમાં થયું.

ઈબ્ને કષીરે સૂરએ મુઝ્ઝમ્મિલની આયત اَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ હેઠળ આ જ તરકીબ વર્ણન કરી છે, કારણ કે સૂરએ મુઝ્ઝમ્મિલ તો મક્કી સૂરતોમાં કુર્આન નાઝિલ થવાના બિલકુલ શરૂઆતના સમયોમાં નાઝિલ થઈ છે, આથી જાણ થાય છે કે જે રીતે કુર્આને કરીમની આયતોમાં મોટે ભાગે નમાઝ અને ઝકાતને સાથે સાથે વર્ણન કરવામાં આવ્યું છે તેનું ફરજ થવું પણ સાથે સાથે જ થયું છે. વલ્લાહુ અઅ્લમુ.

وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ لَهْوَ الْحَدِيْثِ માં શબ્દ اِشْتِرَاءُ નો શાબ્દિક અર્થ "ખરીદવું" થાય છે અને અમુક સમયે એક કાર્યના બદલે બીજા કાર્યનો ભરોસો કરવા માટે પણ શબ્દ اِشْتِرَاءُ (ઈસ્તરાઅ્) ઉપયોગ કરવામાં આવે છે, જેમકે اَلَّذِيْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ بِالْهُدٰى વગેરે. કુર્આનની આયતોમાં اِشْتِرَاءُ નો આ જ અર્થ ભાવાર્થ સ્વરૂપે છે.

આ આયતની શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) એક ખાસ ઘટના છે કે નઝર બિન હારિષ મક્કાના મુશ્રિકોમાંથી એક મોટો વેપારી હતો અને વેપાર માટે વિવિધ દેશોની મુસાફરી કરતો હતો, તે ઈરાનથી મહાન સમ્રાટ કિસ્રા વગેરેના ઐતિહાસિક કિસ્સાઓ ખરીદીને લાવ્યો અને મક્કાના મુશ્રિકોને કહ્યું કે મુહમ્મદ (ﷺ) તમને કોમે આદ અને કોમે ષમૂદ વગેરેની ઘટનાઓ સંભળાવે છે હું તમને તેનાથી..... ઉત્તમ, રૂસ્તમ અને ઈસ્ફન્દિયાર અને બીજા ઈરાનના સમ્રાટોના કિસ્સાઓ સંભળાવું છું. આ લોકો તેના કિસ્સાઓને શોખ અને રસપૂર્વક સાંભળવા લાગ્યા કારણ કે તેમનામાં કોઈ શિક્ષણ કે તા'લીમ તો હતી જ નહીં જેના ઉપર અમલ કરવાની મહેનત ઉઠાવવી પડે, માત્ર રસપ્રદ કહાણીઓ હતી તેના કારણે ઘણા બધા મુશ્રિકો જે તેનાથી પહેલાં અલ્લાહના કલામની શ્રેષ્ઠતા અને ઐક્યતાના કારણે તેને સાંભળવાનું આકર્ષણ ધરાવતા હતા અને ચોરી છુપે સાંભળ્યા પણ કરતા હતા, તે લોકોને કુર્આનથી અળગા થવાનું બહાનું હાથ આવી ગયું.

(ذَكَرَهُ فِى الرُّوْحِ عَنْ اَسْبَابِ النُّزُوْلِ لِلْوَاحِدِىْ وَمُقَاتِلٍ وَذُكِرَ نَحْوُهُ فِى الدُّرِّ الْمَنْثُوْرِ بِرِوَايَةِ الْبَيْهَقِىْ)

દૂર્રે મન્ષૂરમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે આ ઉપરોક્ત વેપારી બહારથી એક ગાનારી કનીઝ (લોંડી) ખરીદી લાવ્યો હતો અને તેના દ્વારા તેણે કુર્આન સાંભળવાથી રોકવાની એ પદ્ધતિ વિકસાવી કે જે લોકો કુર્આન સાંભળવાનો ઈરાદો કરે તે પોતાની આ કનીઝ પાસેથી તેમને ગીત સંભળાવતો હતો અને કહેતો હતો કે મુહમ્મદ (ﷺ) તમને કુર્આન સંભળાવીને કહે છે કે નમાઝ પઢો, રોઝા રાખો અને પોતાના પ્રાણ આપો જેમાં તકલીફ જ તકલીફ છે, આવો તમે આ ગીત સાંભળો અને ખુશીઓ મનાવો.

કુર્આને કરીમની પ્રસ્તુત આયત આ જ ઘટના ઉપર નાઝિલ થઈ અને

જેમાં اِشْتِرَاءِ لَهْوِ الْحَدِيْثِ થી.... તે સમ્રાટોના કિસ્સા કહાણીઓ અથવા તો તે ગાનારી કનીઝ ભાવાર્થ સ્વરૂપે છે, નાઝિલ થવાની ઘટનાના આધારે શબ્દ اِشْتِرَاءٌ પોતાના મૂળ અર્થ એટલે કે "ખરીદવા"ના અર્થમાં વપરાયો છે.

અને لَهْوَ الْحَدِيْثُ નો સામાન્ય અર્થ જે આગળ વર્ણન થઈ રહ્યો છે તેના આધારે શબ્દ اِشْتِرَاءٌ પણ આ સ્થળે સામાન્ય છે, એટલે કે એક કામના બદલે બીજું કામ અપનાવવું તેમાં વાહિયાત વાતોની ખરીદારી પણ સામેલ છે.

અને لَهْوَ الْحَدِيْثُ (લહ્વલ હદીષ)માં શબ્દ حَدِيْثٌ (હદીષ) તો વાતો અને કિસ્સા કહાણીઓના અર્થમાં છે તથા لَهْـــو (લહ્વ)નો શાબ્દિક અર્થ ગફલત....માં પડવાનો છે, જે વસ્તુઓ માનવીને જરૂરી કાર્યોથી ગફલતમાં નાંખી બેદરકાર બનાવે તે لَهْو (લહ્વ) કહેવાય છે અને અમુક સમયે એવા કાર્યોને પણ "લહ્વ" કહેવામાં આવે છે જેનો કોઈ ખાસ ફાયદો ન હોય, માત્ર સમય પસાર કરવાની પ્રવૃત્તિ અથવા દિલ બહેલાવવાનો સામાન હોય.

પ્રસ્તુત આયતમાં لَهْوَ الْحَدِيْث (લહ્વલ હદીષ)નો ભાવાર્થ અને તફસીરકારોના વિવિધ નિવેદનો નોંધાયા છે, હઝરત ઈબ્ને મસ્ઊદ (રદિ.), હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને હઝરત જાબિર (રદિ.)ની રિવાયતમાં તેની તફસીર ગાવા વગાડવાની કરવામાં આવી છે.

(રવાહુ હાકિમ વ સહીહા વલ બયહકી વગેરે)

જમહૂર સહાબા (રદિ.), તાબિઈન (રહ.) તથા સામાન્ય તફસીરકારોના મતે لَهْوَ الْحَدِيْث દરેક તે વસ્તુઓ માટે સામાન્ય છે જે મનુષ્યને અલ્લાહની ઈબાદત અને તેની યાદથી ગફલતમાં નાંખી દે, તેમાં غِنَاءِ مَزَامِيْر(Distracting amusement of things) પણ સામેલ છે અને વાહિયાત કિસ્સા કહાણીઓ પણ. ઈમામ બુખારી (રહ.)એ પોતાની કિતાબ "અલ અદબુલ મુફરદ"માં અને બયહકીએ પોતાની "સુનન"માં لَهْوَ الْحَدِيْث ની આ જ તફસીર અપનાવી છે, તેમાં ફરમાવ્યું છે કે لَهْوَ الْحَدِيْثِ هُوَ الْغِنَآءُ وَاَشْبَاهُهٗ એટલે કે, લહ્વલ હદીષનો ભાવાર્થ ગાવું અને તેના જેવી બીજી વસ્તુઓ છે. (એટલે કે જે અલ્લાહ તઆલાની ઈબાદતથી ગાફેલ કરી આપે). સુનને બયહકીમાં છે કે, اِشْتِرَاءِ لَهْوِ الْحَدِيْث (ઈશ્તરા લહ્વલ હદીષ)થી ભાવાર્થ "ગાવા વગાડવા માટે પુરુષ અથવા સ્ત્રીને

ખરીદવું અથવા તેના જેવી એવી બેહૂદા વસ્તુઓને ખરીદવી છે જે અલ્લાહ તઆલાની યાદથી ગાફેલ કરે." ઈબ્ને જરીર (રહ.)એ આ જ સામાન્ય અર્થને અપનાવ્યો છે. (રૂહુલ મઆની) તિરમિઝીની એક રિવાયતથી પણ આ જ સામાન્ય હોવાનું સાબિત થાય છે જેમાં રસૂલે કરીમ ﷺનો એ ઈરશાદ છે કે ગાનારી લોંડીઓનો વેપાર ન કરો અને પછી ફરમાવ્યું,

فِیْ مِثْلِ هٰذَا اُنْزِلَتْ هٰذِهِ الْاٰيَةُ وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِیْ....

لَهْوٌ وَلَعِبٌ (લહ્‌વ લઇબ) રમત-ગમત (ખેલ-કૂદ) અને તેના સાધનોના શરઈ હુકમો :

તે હુકમોની સંપૂર્ણ વિગત કુર્આન અને સુન્નતની દલીલો સાથે મુજ નાચીઝની આગવી કિતાબ اَلسَّعْیُ الْحَثِيْثُ فِیْ تَفْسِيْرِ لَهْوِ الْحَدِيْثِ માં વર્ણન થયેલ છે જેમાં ગાવું વગાડવું તથા વાજિંત્રોની સંપૂર્ણ વિગત કુર્આન અને હદીષથી, પછી ઉમ્મતના ફુકહા તથા સુફીયાએ કિરામના નિવેદનો દ્વારા વર્ણન કર્યું છે. આ પુસ્તિકા અરબી ભાષામાં અહકામુલ કુર્આનના પાંચમાં ભાગમાં પ્રકાશિત થઈ ચૂકી છે, જ્ઞાની લોકો તેનો અભ્યાસ કરી શકે છે સામાન્ય જનતા માટે અત્રે તેનો ખુલાસો નકલ કરવામાં આવે છે.

પ્રથમ વાત ધ્યાન આપવાપાત્ર એ છે કે કુર્આને કરીમે જેટલા સ્થળોએ "લહ્‌વ તથા લઈબ"નું વર્ણન કર્યું છે તે ટીકા અને તેની બુરાઈના જ સ્થળો છે જેનો હલ્કો દરજ્જો સૂગ છે. *(રૂહુલ મઆની અને કસ્સાફ)*

મુસ્તદરક હાકિમ "કિતાબુલ જિહાદ"માં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

كُلُّ شَیْءٍ مِنْ لَهْوِ الدُّنْيَا بَاطِلٌ اِلَّا ثَلٰثَةٌ اِنْتِضَالُكَ بِقَوْسِكَ وَتَاْدِيْبُكَ
لِفَرَسِكَ.....وَ مُلَاعَبَتُكَ لِاَهْلِكَ فَاِنَّهُنَّ مِنَ الْحَقِّ،

"દુનિયાના દરેક લહ્‌વ (ખેલકૂદ) બાતિલ છે પરંતુ ત્રણ વસ્તુઓ, એક એ કે તીર કમાનથી રમવું, બીજું પોતાના ઘોડાઓને કેળવવા માટે રમવું, ત્રીજું પોતાની પત્નીની સાથે રમો."

હાકિમે આ હદીષને મુસ્લિમની શર્ત ઉપર સહીહ કહી છે પરંતુ ઝબ્બી વગેરેએ તેની સનદને "મુત્તસીલુસ્સનદ" હોવાનું સ્વીકાર્યું નથી, બલકે હદીષે મુરસલ કહ્યું છે પરંતુ જમહૂર હદીષવેત્તાઓના મતે હદીષે મુરસલ પણ દલીલ હોય છે.

આ હદીષમાં દરેક લહ્‌વને બાતિલ ઠરાવવામાં આવ્યું છે અને જે ત્રણ વસ્તુઓને બાકાત ઠરાવવામાં આવી છે વાસ્તવમાં તે લહ્‌વમાં સામેલ જ નથી, કારણ કે લહ્‌વ તો તે કાર્યને કહેવામાં આવે છે જેમાં કોઈ દીની અને દુનિયવી ફાયદો સામેલ જ ન હોય અને આ ત્રણે વસ્તુઓ ફાયદાકારક કામો છે જેનાથી ઘણા દીની અને દુનિયવી લાભો સંકળાયેલા છે, તિરંદાજી તથા ઘોડાને કેળવવો વગેરે તો જિહાદની તૈયારીમાં સામેલ છે અને પત્નીની સાથે રમત તો પેઢી અને વંશ વધારવાના હેતુને પૂર્ણ કરે છે, તેને માત્ર બાહ્ય સ્વરૂપના આધારે "લહ્‌વ" કહેવામાં આવ્યું છે, વાસ્તવમાં આ બાબતો લહ્‌વમાં સામેલ જ નથી એ જ પ્રમાણે આ ત્રણે વસ્તુઓ ઉપરાંત અન્ય પણ ઘણા કાર્યો છે જેમાં દીની અથવા દુનિયવી ફાયદાઓ સંકળાયેલા છે અને જાહેર સ્વરૂપના આધારે તે લહ્‌વ (ખેલકૂદ) સમજવામાં આવે છે તેને પણ બીજી હદીષની રિવાયતોમાં જાઇઝ બલકે અમુકને સારી પ્રવૃત્તિ ઠરાવવામાં આવી છે જેની વિગત આગળ આવશે.

ખુલાસો :

ખુલાસો એ છે કે જે કાર્ય વાસ્તવમાં લહ્‌વ હોય એટલે કે જેમાં ન તો કોઈ દીની લાભ હોય અને ન જ દુનિયવી તે બધા નીંદાપાત્ર અને સૂગપાત્ર તો છે જ પછી તેમાં વિગત એ છે કે અમુક તો કુફ્રની હદ સુધી પહોંચી જાય છે, અમુક ખુલ્લમ ખુલ્લા હરામ છે અને ઓછામાં ઓછા દરજ્જામાં મકરૂહે તન્ઝીહી (અણગમો ઉપજાવે એવું) છે, એટલે કે તે પસંદ કરવામાં નથી આવતું. વાસ્તવમાં કોઈ લહ્‌વ જે ખરેખર લહ્‌વ હોય તે ખરેખર આ પસંદ ન કરવામાં આવેલ પ્રવૃત્તિથી બાકાત નથી અને જે ખેલકૂદને હદીષોમાં બાકાત રાખવામાં આવ્યું છે તે વાસ્તવમાં લહ્‌વમાં સામેલ જ નથી, જેમકે એક હદીષમાં પોતે તેની સ્પષ્ટતા મોજૂદ છે. અબૂ દાવુદ, તિરમિઝી, નસાઈ, ઇબ્ને માજહમાં હઝરત ઉક્બા બિન આમીર (રદિ.)ની રિવાયત કિતાબુલ જિહાદમાં છે જેના શબ્દો આ પ્રમાણે છે,

لَيْسَ مِنَ اللَّهْوِ ثَلَاثٌ تَادِيْبُ الرَّجُلِ فَرَسَهُ وَمَلَاعَبَتُهُ اَهْلَهُ وَرَمْيُهُ بِقَوْسِهِ وَنَبْلِهِ۔ (نَصْبُ الرَّايَة ص ۲۷۳، ج ۴) اَلْحَدِيْث، આ હદીષે પોતે સ્પષ્ટતા કરી આપી છે કે આ ત્રણે વસ્તુઓ જે બાકાત કરવામાં આવી છે તે વાસ્તવમાં લહ્‌વમાં સામેલ જ નથી અને જે ખરેખર લહ્‌વ છે તે બાતિલ અને નીંદાપાત્ર છે, આગળ તેના નીંદનીય હોવાના વિવિધ દરજ્જાઓ છે.

(૧) જે ખેલકૂદ દીનથી ગુમરાહ કરનાર હોય અથવા અન્યોને ગુમરાહ કરવાનું માધ્યમ બને તે કુફ્ર છે, જેમકે આયત وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ لَهْوَ الْحَدِيْثِ માં તે કુફ્ર અને ગુમરાહી હોવું વર્ણન કરવામાં આવ્યું છે અને તેની સજા عَذَابِ مُّهِيْن "અઝાબે મુહીન" (અપમાનજનક સજા) ઠરાવવામાં આવી છે જે કાફિરોની સજા છે, કારણ કે આ આયત નજર બિન હારિષની જે ઘટના બાબતે નાઝિલ થઈ છે તેમાં આ લહ્‌વને તેણે ઈસ્લામ વિરુદ્ધ લોકોને ગુમરાહ કરવા માટે ઉપયોગ કર્યો હતો એટલા માટે આ લહ્‌વ હરામ હોવાની સાથે કુફ્ર સુધી પહોંચી ગયું.

(૨) બીજું સ્વરૂપ એ છે કે કોઈ લહ્‌વ લોકોને ઈસ્લામી અકીદાઓથી તો ગુમરાહ નથી કરતું પરંતુ તેમને કોઈ ગુનાહ અથવા પાપાચારમાં સંડોવે છે તે કુફ્ર તો નથી પરંતુ હરામ અને સખત ગુનોહ છે, જેમકે તે બધી જ રમતો જેમાં કિમાર અને જુગાર હોય એટલે કે હાર જીત ઉપર માલની લેવડ દેવડ થતી હોય અથવા તો જે મનુષ્યને ફરજોની અદાયગી નમાઝ રોઝા વગેરેથી અવરોધક હોય.

નિર્લજ્જતાપૂર્ણ અને નિરર્થક નૉવેલો અથવા નિર્લજ્જ શાયરી તથા બાતિલના અનુયાયીઓના પુસ્તકો વાંચવા પણ નાજાઇઝ છે :

આજના યુગમાં મોટા ભાગે નવયુવાનો નિર્લજ્જતાપૂર્ણ નૉવેલો અથવા ધંધાદારી અપરાધી લોકોની હાલતો ઉપર આધારિત વાર્તાઓ અથવા નિર્લજ્જ શાયરીઓ વાંચવાની ટેવ ધરાવે છે, આ બધી વસ્તુઓ એક પ્રકારના "લહ્‌વલ હરામ"માં સામેલ છે. આ જ પ્રમાણે માર્ગ ભટકેલા બાતિલના અનુયાયીઓની માન્યતાઓનો અભ્યાસ કરવો પણ સામાન્ય જનતા માટે ગુમરાહીનું કારણ હોવાના કારણે નાજાઇઝ છે. સત્ય જ્ઞાન ધરાવનાર ઉલમા તેમનો જવાબ આપવા માટે વાંચે તો કોઈ વાંધો નથી.

(૩) જે રમત ગમતમાં ન તો કુફ્ર છે અને ન જ કોઈ ખુલ્લો ગુનોહ તે

મકરૂહ (અણગમતું) છે, તે એક બિનલાભદાયક કાર્યમાં પોતાની શક્તિ અને સમયને બરબાદ કરવા સમાન છે.

રમત ગમતના સામાનની લે-વેચ કરવી :

ઉપરોક્ત વિગતથી રમત ગમતના સામાનની લે-વેચ કરવાનો હુકમ પણ જાણ થઈ ગયો કે જે સામાન કુફ્ર અથવા ગુમરાહી અથવા હરામ તથા ગુનાહિત રમતોમાં જ ઉપયોગ થાય છે તેનો વેપાર કરવો અથવા લે-વેચ કરવી પણ હરામ છે અને જે "લહ્‌વે મકરૂહ"માં ઉપયોગ થાય છે તેનો વેપાર પણ મકરૂહ છે અને જે સામાન જાઇઝ અથવા લહ્‌વમાંથી બાકાત કરવામાં આવેલ ખેલકૂદમાં ઉપયોગ થાય છે તેનો વેપાર પણ જાઇઝ છે અને જે સામાનને જાઇઝ અથવા નાજાઇઝ બંને પકારના કાર્યોમાં ઉપયોગ કરવામાં આવે છે તેનો વેપાર જાઇઝ છે.

મુબાહ અને જાઇઝ રમતો :

આ બાજુ એ બાબત વિગતવાર આવી ચૂકી છે કે નીંદનીય અને પ્રતિબંધિત તે લહ્‌વ અને ખેલકૂદ છે, જેમાં કોઈ દીની દુનિયવી ફાયદો નથી, જે ખેલકૂદ શરીરની કસરત, તંદુરસ્તી અથવા સ્વાસ્થ્ય ટકાવી રાખવા માટે અથવા કોઈ અન્ય દીની કે દુનિયવી આવશ્યકતા માટે અથવા ઓછામાં ઓછું શારીરિક થાક દૂર કરવા માટે હોય અને તેમાં અતિરેક કરવામાં ન આવે કે તેને જ પોતાની પ્રવૃત્તિ બનાવી લેવામાં આવે અને આવશ્યક કાર્યોમાં તેનાથી ખલેલ ઊભી થવા લાગે તો આવી રમતો શરઈ રીતે મુબાહ અને દીની જરૂરતની નિય્યતથી હોય તો સવાબમાં પણ સામેલ છે.

પ્રસ્તુત હદીષમાં ત્રણ રમતોને પ્રતિબંધથી બાકાત રાખવાની બાબત ઉપર વર્ણન થઈ ચૂકી છે. એક તિરંદાજી, બીજી ઘોડે સવારી અને ત્રીજું પોતાની સ્ત્રી સાથે રમત રમવી. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એક મરફૂઅ્ હદીષમાં છે, خَيْرُ لَهْوِ الْمُؤْمِنِ السَّبَاحَةُ وَخَيْرُ لَهْوِ الْمَرْأَةِ الْمِغْزَلُ (جَامِع صَغِير بِرَمْزِ ابْنِ عَدِي بِإِسْنَادٍ ضَعِيفٍ) એટલે કે, મો'મિનની સારી રમત તરવું છે અને સ્ત્રીની સારી રમત ચરખો (ચલાવવો) છે.

સહીહ મુસ્લિમ અને મુસ્નદે અહમદમાં હઝરત સલમા બિન અક્કુઅ્ (રદિ.)થી રિવાયત છે કે મદીનાના અન્સારોમાં એક વ્યક્તિ દોડવામાં ઘણો

નિષ્ણાત હતો, કોઈ તેની હરિફાઈ કરી શકતું ન હતું. તેમણે એક દિવસે એ'લાન કર્યું કે કોઈ છે જે મારી સાથે દોડમાં મુકાબલો કરે ? મેં રસૂલે કરીમ ﷺ પાસે પરવાનગી માંગી કે હું મુકાબલો કરું ? આપ ﷺએ પરવાનગી આપી દીધી તો હું મુકાબલામાં તેનાથી આગળ વધી ગયો, આથી જાણ થઈ કે પગે દોડવાની પ્રેક્ટિસ કરવી પણ જાઇઝ છે.

એક મશ્હૂર પહેલવાન રિકાનાએ રસૂલે કરીમ ﷺ સાથે કુસ્તી કરી તો આપ ﷺએ તેને કુસ્તીમાં પછાડી નાંખ્યો. *(અબૂ દાવુદ ફિલ મરાસીલ)*

હફસાના અમુક નવયુવાનો મદીના તય્યિબહમાં સૈનિકની પ્રેક્ટિસ કરવા માટે ભાલાઓ વગેરેથી રમતા હતા, રસૂલે કરીમ ﷺએ તેમની રમત હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને પોતાની પીઠ પાછળ ઊભા રાખીને બતાવી અને તે લોકોને કહ્યું કે, اُلْهُوْا وَالْعَبُوْا રમતા રહો.

(રવાહુલ બયહકી ફિશ્શોઅ્બી કઝા ફિલ કન્ઝ મિન બાબુલ લહ્વ)

અને અમુક રિવાયતોમાં તેની સાથે આ શબ્દો પણ આવ્યા છે, فَاِنِّیْ اَکْرَهُ اَنْ یُّرٰی فِیْ دِیْنِکُمْ غِلْظَةٌ એટલે કે, હું તેને પસંદ નથી કરતો કે તમારા દીનમાં સુક્કાપણું અને કઠણાઈ જોવા મળે.

એ જ પ્રમાણે અમુક સહાબએ કિરામ (રદિ.)થી નકલ થયું છે કે જ્યારે તેઓ કુર્આન અને હદીષમાં પ્રવૃત્ત થવાથી થાકી જતા તો અમુક સમયે અરબની શે'રો અથવા ઐતિહાસિક પ્રસંગોથી દિલ બહેલાવતા હતા.

(ذَکَرَهُ عَنْ اِبْنِ عَبَّاسٍؓ فِیْ کَفِ الرِّعَاعِ)

એક હદીષમાં ઈરશાદ છે, رَوِّحُوا الْقُلُوْبَ سَاعَةً فَسَاعَةً اَخْرَجَهُ اَبُوْدَاوٗدَ فِیْ مَرَاسِیْلِهٖ عَنِ ابْنِ شِهَابٍ مُرْسَلًا એટલે કે, તમે પોતાના દિલોને ક્યારેક ક્યારેક આરામ આપ્યા કરો. જેનાથી દિલ અને દિમાગની તાજગી માટે અમુક સમય કાઢવાનું જાઇઝ હોવું સાબિત થયું.

આ બધી વસ્તુઓની શરત એ છે કે, તેની નિય્યત અને હેતુ સાચો હોય જે આ રમતોથી પામવામાં આવે છે, ખેલકૂદ માત્ર રમવાના હેતુથી ન હોય અને તે પણ જરૂરત પ્રમાણે હોય, તેમાં અતિરેક અને ઓતપ્રોત ન થઈ જવું જોઈએ, આ બધી રમતો જાઇઝ હોવાનું કારણ એ જ છે કે વાસ્તવમાં તે જ્યારે હદની અંદર હોય તો લહ્વની વ્યાખ્યામાં સામેલ જ નથી.

અમુક રમતો જે સ્પષ્ટ પ્રતિબંધિત કરવામાં આવી છે :

અમુક રમત એવી પણ છે જેને રસૂલે કરીમ ﷺ એ ખાસ રીતે પ્રતિબંધિત કરી છે જો કે તેના અમુક ફાયદા પણ બતાવ્યા છે, દાખલા તરીકે શતરંજ (ચેસ), સોગઠાબાજી વગેરે. જો તેની સાથે હાર જીત અથવા માલની લેનદેન હોય તો તે જુગાર અને કતઈ (સદંતર) હરામ છે અને જો એવું ન હોય અને માત્ર દિલ બહેલાવવા માટે હોય તો પણ હદીષમાં તેની મનાઈ કરવામાં આવી છે. સહીહ મુસ્લિમમાં હઝરત બુરયદહ (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે વ્યક્તિ نَرْدَشِيْر એટલે કે સોગઠાબાજી રમે છે તે એવો છે જેમકે તેણે પોતાના હાથ સુવ્વરના લોહીમાં રંગ્યા હોય, એ જ પ્રમાણે એક રિવાયતમાં શતરંજ રમનાર ઉપર ફિટકારના શબ્દો આવ્યા છે.

(عُقَيْلِىٌّ فِى الضُّعَفَاءِ عَنْ اَبِى هُرَيْرَةَ كَذَافِى نَصْبِ الرَّايَة)

એ જ પ્રમાણે કબૂતરબાજીને રસૂલે કરીમ ﷺએ નાજાઇઝ ઠરાવી છે. (અબૂ દાવુદ ફિલ મરાસીલ અન શરીહ કઝા ફિલ કન્ઝ) તેની મનાઈનું જાહેર કારણ એ છે કે સામાન્ય રીતે તેમાં એવી રીતે પ્રવૃત્ત થઈ જવાતું હોય છે કે વ્યક્તિને જરૂરી કામ એટલે સુધી કે નમાઝ અને અન્ય ઈબાદતોથી પણ ગાફેલ બનાવી દે છે.

ગાવું વગાડવું અને વાંજિત્રોના હુકમો :

પ્રસ્તુત આયતમાં અમુક સહાબએ કિરામ (રદિ.)એ તો لَهْوَالْحَدِيْث (લહ્વલ હદીષ)ની તફસીર ગાવા વગાડવાની કરી છે અને બીજા લોકોએ જો કે તફસીર સામાન્ય ઠરાવી છે કે દરેક એવી રમત જે અલ્લાહથી ગાફેલ કરે તેને "લહ્વલ હદીષ" કહ્યું છે પરંતુ તેમના મતે પણ ગાવું વગાડવું તેમાં જ સામેલ છે.

કુર્આને કરીમની એક બીજી આયતમાં لَا يَشْهَدُوْنَ الزُّوْرَ માં ઈમામ અબૂ હનીફહ (રહ.) અને મુજાહિદ તથા મુહમ્મદ બિન હનફિય્યહ વગેરેએ زُوْر (ઝૂર) ની તફસીર ગાવા વગાડવાની કરી છે.

અબૂ દાવુદ અને ઈબ્ને માજહે સુનનમાં અને ઈબ્ને હબ્બાને પોતાની કિતાબ સહીહમાં હઝરત અબૂ માલિક અશ્અરી (રદિ.)થી રિવાયત કરી છે કે

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

لَيَشْرَبَنَّ نَاسٌ مِّنْ اُمَّتِىْ الْخَمْرَ يُسَمُّوْنَهَا بِغَيْرِ اسْمِهَا يُعْزَفُ عَلٰى رُؤُسِهِمْ بِالْمَعَازِفِ وَالْمُغَنِّيَاتِ، يَخْسِفُ اللّٰهُ بِهِمُ الْاَرْضَ وَيَجْعَلُ اللّٰهُ مِنْهُمُ الْقِرَدَةَ وَالْخَنَازِيْرَ

"મારી ઉમ્મતના અમુક લોકો દારૂને તેનું નામ બદલીને પીશે અને તેમની સામે વાજિંત્રો અને સંગીતની સાથે સ્ત્રીઓનું (નાચ-)ગાન થશે. અલ્લાહ તઆલા તેમને જમીનમાં ધસાવી દેશે અને અમુકના ચહેરાઓ બગાડીને વાંદરા તથા સુવ્વર બનાવી દેશે."

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ દારૂ, જુગાર તથા તબલા અને સારંગીને હરામ કર્યું છે અને ફરમાવ્યું કે દરેક નશાકારક દ્રવ્ય હરામ છે. *(રવાહુ ઈમામ અહમદ, અબૂ દાવુદ અને ઈબ્ને હય્યાન)*

رُوِىَ عَنْ اَبِىْ هُرَيْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا تُّخِذَ الْفَىْءُ دُوَلًا وَالْاَمَانَةُ مَغْنَمًا وَالزَّكٰوةُ مَغْرَمًا وَتُعُلِّمُ لِغَيْرِ الدِّيْنِ وَاَطَاعَ الرَّجُلُ امْرَأَتَهُ وَعَقَّ اُمَّهُ وَاَدْنٰى صَدِيْقَهُ وَاَقْصٰى اَبَاهُ وَظَهَرَتِ الْاَصْوَاتُ فِى الْمَسَاجِدِ وَسَادَ الْقَبِيْلَةَ فَاسِقُهُمْ وَكَانَ زَعِيْمُ الْقَوْمِ اَرْذَلَهُمْ وَاُكْرِمَ الرَّجُلُ مَخَافَةَ شَرِّهٖ وَظَهَرَتِ الْقِيَانُ وَالْمَعَازِفُ وَشُرِبَتِ الْخُمُوْرُ وَلَعَنَ اٰخِرُ هٰذِهِ الْاُمَّةِ اَوَّلَهَا فَلْيَرْتَقِبُوْا عِنْدَ ذٰلِكَ رِيْحًا حَمْرَاءَ وَزَلْزَلَةً وَخَسْفًا وَمَسْخًا وَقَذْفًا وَاٰيَاتٍ تَتَتَابَعُ كَنِظَامٍ بَالٍ قُطِعَ سِلْكُهٗ فَيَتَتَابَعُ بَعْضُهٗ بَعْضًا. (رَوَاهُ التِّرْمِذِىُّ - قَالَ هٰذَا حَدِيْثٌ حَسَنٌ غَرِيْبٌ)

"હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જ્યારે ગનીમતના માલને વ્યક્તિગત દોલત બનાવી લેવામાં આવે અને જ્યારે લોકોની અમાનતને માલે ગનીમત સમજી લેવામાં આવે અને જ્યારે ઝકાતને એક દંડ સમજવા લાગે અને જ્યારે દીનના ઈલ્મને દુનિયા પ્રાપ્ત કરવા માટે શીખવામાં આવે અને જ્યારે પુરુષ પોતાની પત્નીનું આજ્ઞાપાલન અને માં બાપની નાફરમાની કરવા લાગે અને દોસ્તને પોતાની નિકટ કરે અને બાપને

દૂર રાખે અને મસ્જિદમાં શોરબકોર થવા લાગે અને તેમના કબીલાનો સરદાર ફાસિક અને વ્યભિચારી બની જાય અને જ્યારે કદમનો સરદાર તેમનામાં નિમ્ન કક્ષાનો દુષ્ટ વ્યક્તિ બની જાય અને જ્યારે બદમાશ લોકોની ઈજ્જત તેમની બદમાશીના ડરથી કરવામાં આવે અને જ્યારે ગાનારી સ્ત્રીઓ અને વાજિંત્રોનો રિવાજ સામાન્ય થઈ જાય અને જ્યારે દારૂ પીવામાં આવે અને આ ઉમ્મતના અંતિમ લોકો આગલા લોકો ઉપર ફિટકાર કરવા લાગે તો તે સમયે રાહ જુઓ લાલ આંધીની અને ધરતીકંપની અને જમીન ધસી જવાની અને ચહેરાઓ બગડી જવાની અને કયામતની એવી નિશાનીઓની જે એક પછી એક એ પ્રમાણે આવશે જેમકે કોઈ હારની દોરી તૂટી જાય અને તેના મળકા એકી સાથે વિખરાઈ જાય છે."

જરૂરી ચેતવણી :

આ હદીષના શબ્દોને વારંવાર વાંચો અને જુઓ કે તે સમયની દુનિયાનો પૂરેપૂરો નકશો છે અને તે ગુનાહો જે મુસલમાનોમાં સામાન્ય થઈ ચૂક્યા છે અને વધતા જઈ રહ્યા છે તેની ખબર ૧૪૦૦ વર્ષ પહેલાં રસૂલે કરીમ ﷺએ આપી દીધી છે અને મુસલમાનોને તેના ઉપર ચેતવવામાં આવ્યા છે કે એવી પરિસ્થિતિમાં ખબરદાર રહે અને ગુનાહોથી બચવાની સંપૂર્ણ કાળજી રાખે, નહિતર જ્યારે આ ગુનાહો સામાન્ય થઈ જશે તો એવા ગુનાહો કરનારાઓ ઉપર આસમાની અઝાબ થશે અને પછી કયામતની અંતિમ નિશાનીઓ સામે આવશે. તે ગુનાહોમાંથી સ્ત્રીઓનું ગાવું, અને ગાવા વગાડવાના વાજિંત્રો, તબલા, સારંગી વગેરે પણ છે. આ સ્થળે આ રિવાયતને એ જ યોગ્યતા આધારે નકલ કરવામાં આવી છે.

તદુપરાંત અન્ય ઘણી પ્રમાણિત હદીષો છે જેમાં ગાવા વગાડવાનું હરામ અને નાજાઇઝ હોવાનું ફરમાવવામાં આવ્યું છે અને તેના ઉપર સખત ધમકીઓ આવી છે, આ બધી જ રિવાયતોને મુજ નાચીઝે પોતાની પુસ્તિકામાં લખી છે. كَشْفُ الْعَنَاءِ عَنْ وَصْفِ الْغِنَا આ પુસ્તિકા પણ અરબી ભાષામાં અહકામુલ કુર્આન હિઝ્બે ખામિસમાં પ્રકાશિત થઈ ચૂકી છે. અત્રે તેમાંથી અમુક બાબત નકલ કરવામાં આવી છે.

સુમધુર અવાજે વિના વાજિંત્રોએ લાભદાયક શાયરી પઢવાની મનાઈ નથી :

આથી વિપરીત અમુક રિવાયતોમાં ગાવું જાઇઝ હોવાનું પણ જાણ થાય છે. એ રિવાયતો પણ પ્રસ્તુત પુસ્તિકામાં એકઠી કરવામાં આવી છે તે બંનેમા સુમેળ એ પ્રમાણે છે કે જો ગાવું પારકી સ્ત્રીનું હોય અથવા તેની સાથે તબલા સારંગી વગેરે વાજિંત્રો હોય તો તે હરામ છે, જેમકે પ્રસ્તુત કુર્આનની આયતો અને રસૂલે કરીમ ﷺની હદીષોથી સાબિત છે અને જો માત્ર સારા અવાજની સાથે અમુક શે'રો પઢવામાં આવે અને ગાનારી સ્ત્રીઓ કે તે અશ્લીલ ન હોય અને શે'રોના વિષયો પણ અશ્લીલ કે નિર્લજ્જ ન હોય કે અન્ય કોઈ ગુનાહ ઉપર આધારિત ન હોય તો જાઇઝ છે.

અમુક સુફિયાએ કિરામની ગાવાની સિમાઅ્ની મહેફિલો વિશે નોંધવામાં આવ્યું છે તે આ જ પ્રકારના જાઇઝ ગાવા ઉપર આધારિત છે, કારણ કે તેમનું શરીઅતનું અનુસરણ અને રસૂલે કરીમ ﷺનું આજ્ઞાપાલન સૂર્યની જેમ યકીની છે, તેમનાથી આવા ગુનાહો વિશેની કલ્પના પણ કરી શકાતી નથી. સંશોધનકાર સુફિયાએ કિરામે પોતે તેનો ખુલાસો કર્યો છે, આ મા'મલામાં ચારેય મસ્લકના ફુક્હા અને સુફિયાએ કિરામના નિવેદનો ઉપરોક્ત વર્ણન કરેલ પુસ્તિકામાં વિગતવાર એકઠા કરવામાં આવ્યા છે. અત્રે તેનો સંક્ષેપ રજુ કરવામાં આવ્યો. વલ્લાહુલ્મુસ્તઆન.

આયતો : (સૂરએ લુકમાન : આયત નં. ૧૦-૧૧)

خَلَقَ السَّمٰوٰتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا وَاَلْقٰى فِي الْاَرْضِ رَوَاسِيَ اَنْ تَمِيْدَ بِكُمْ
وَبَثَّ فِيْهَا مِنْ كُلِّ دَآبَّةٍ ؕ وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَآءً فَاَنْۢبَتْنَا فِيْهَا مِنْ كُلِّ
زَوْجٍ كَرِيْمٍ ﴿١٠﴾ هٰذَا خَلْقُ اللّٰهِ فَاَرُوْنِيْ مَاذَا خَلَقَ الَّذِيْنَ مِنْ دُوْنِهٖ ؕ بَلِ
الظّٰلِمُوْنَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿١١﴾ ع

તરજુમો :

સ્તંભો વિના આસમાન બનાવ્યું તમે તેને જુઓ છો અને પૃથ્વી ઉપર પહાડ

મૂકી દીધા કે તમને લઈને હાલક ડોલક ન થાય (ઝૂકી ન પડે) અને તેમાં દરેક પ્રકારના પ્રાણીઓ ફેલાવી દીધા અને અમે આસમાનથી પાણી ઉતાર્યું, પછી જમીનમાં દરેક પ્રકારના ઉમદા (વનસ્પતિના) જોડાં ઉગાડયા. (૧૦) આ સર્વ કંઈ અલ્લાહનું બનાવેલું છે, હવે મને બતાવો, અન્યોએ જે તેના સિવાય છે શું બનાવ્યું છે ? કંઈ જ નહીં ! પરંતુ અન્યાયીઓ ખુલ્લમ ખુલ્લા માર્ગ ભટકી રહ્યા છે. (૧૧)

તફસીર :

અલ્લાહ તઆલાએ આસમાનોને સ્તંભો વિના બનાવ્યા (એટલા માટે) તમે તેમને જોઈ રહ્યા છો અને પૃથ્વીમાં (ભારે ભારે) પહાડો નાંખી રાખ્યા છે કે તે તમને લઈને હાલક ડોલક ન થવા લાગે અને એ(જમીન)માં દરેક પ્રકારના પ્રાણીઓ ફેલાવી રાખ્યા છે અને અમે આસમાનથી પાણી વરસાવ્યું, પછી તે જમીનમાં દરેક પ્રકારના ઉમદા પ્રકાર (વનસ્પતિના) ઉગાડયા (અને તે લોકોને કે જેઓ શિર્ક કરે છે, કહો કે) આ તો અલ્લાહ તઆલાની બનાવેલી વસ્તુઓ છે (બસ જો તમે અન્યોને મઅ્બૂદ ઠરાવી રહ્યા છો તો) હવે તમે લોકો મને બતાવો કે તેના સિવાય જે (મઅ્બૂદ તમે ઠરાવી રાખ્યા) છે તેમણે કઈ કઈ વસ્તુઓ પેદા કરી છે ? (જેથી તેમનો મઅ્બૂદ હોવાનો હક સાબિત થાય અને તે દલીલનો તકાદો એ હતો કે તે લોકો હિદાયત ઉપર આવી જાય પરંતુ તેમણે હિદાયતનો સ્વીકાર ન કર્યો) બલકે આ જાલીમ લોકો (એ જ પ્રમાણે) ખુલ્લી ગુમરાહીમાં (સંડોવાયેલા) રહ્યા.

મસ્અલા અને બોધપાઠ :

خَلَقَ السَّمٰوٰتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا આ જ વિષયની એક આયત સૂરએ રઅદની શરૂઆતમાં પસાર થઈ ચૂકી છે اَللّٰهُ الَّذِىْ رَفَعَ السَّمٰوٰتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا તરકીબે નહ્વી (અરબી વ્યાકરણ)ના આધારે આ વાક્યના બે ભાવાર્થો હોઈ શકે છે.

એક એ કે تَرَوْنَهَا (તરવનહા)ને عَمَدٍ (અમદ)નું લક્ષણ ઠરાવવામાં આવે અને તેની ઝમીર عَمَدٍ (અમદ) તરફ જોડવામાં આવે તો અર્થ એ થશે કે અલ્લાહ તઆલાએ આસમાનોને વિના સ્તંભોએ પેદા કર્યા જેને તમે જુઓ છો, એટલે કે જો

સ્તંભ હોત તો તમે તેને જોતા હોત. જ્યારે સ્તંભો નજરે નથી પડતા અથવા તો દેખાતા નથી તો જાણ થઈ કે આ મહાન આસમાનની છત વિના સ્તંભોએ બનાવવામાં આવી છે, આ તફસીર હઝરત હસન (રદિ.) અને કતાદહથી નકલ થઈ છે. *(ઈબ્ને કસીર)*

બીજું સ્વરૂપ એ છે કે, تَرَوْنَهَا (તરવનહા)ની ઝમીર سَمٰوٰتٌ (સમાવાત) તરફ જોડવામાં આવે અને આ વાક્ય આગવું ઠરાવવામાં આવે તો ભાવાર્થ એ થશે કે "અલ્લાહ તઆલાએ આસમાનોને વિના સ્તંભોએ પેદા કર્યું જેમકે તમે જોઈ રહ્યા છો." અને વ્યાકરણના પ્રથમ બંધારણના સ્વરૂપમાં એક અર્થ એ પણ કરી શકાય છે કે આસમાન સ્તંભો ઉપર કાયમ છે, તેમને તમે જોઈ નથી શકતા, તે અદૃષ્ય છે. આ તફસીર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), ઈકરિમા (રદિ.) અને મુજાહિદ (રહ.)થી નકલ થઈ છે. *(ઈબ્ને કસીર)*

દરેક સ્વરૂપમાં આ આયતે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની નિશાની બતાવી છે કે આસમાનની આટલી વિશાળતા અને પહોળાઈ ધરાવતી આટલી ઊંચી મહાન છતને એવી બનાવી છે કે તેમાં કોઈ સ્તંભ કે ટેકો જોવામાં નથી આવતો.

એક પ્રશ્ન અને તેનો ઉત્તર :

અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આસમાન જેમકે સંશોધકોનું કહેવું છે અને સામાન્ય રીતે એવું મશહૂર છે કે એક كُرَةٌ એટલે કે ગોળ વસ્તુ છે અને એવો ગોળો છે કે તે જ્યાં પણ હોય સ્વાભાવિક રીતે ટેકો કે સ્તંભ ધરાવતો નથી હોતો તો તેમાં આસમાનની શું વિશેષતા છે ?

તેનો જવાબ એ પણ હોઈ શકે છે કે જે પ્રમાણે કુર્આને કરીમે ઘણે ઠેકાણે જમીનને فِرَاش "બિછાનું" ફરમાવ્યું જે ગોળ અને كُرَةٌ હોવાનો નકાર કરે છે પરંતુ તેની વિશાળતાને કારણે તે સામાન્ય દૃષ્ટિમાં એક સમથળ સપાટીની જેમ જોઈ શકાય છે. આ જ જાહેર અભિપ્રાયની બીનાએ કુર્આને કરીમે તેને فِرَاش કહ્યું. એ જ પ્રમાણે આસમાન એક છત જેવું નજરે પડે છે જેના માટે સ્વાભાવિક રીતે ટેકાઓ અને સ્તંભોની આવશ્યકતા હોય છે, આ સામાન્ય માન્યતાના આધારે તેને સ્તંભો વિના હોવાનું વર્ણન કરવામાં આવ્યું અને વાસ્તવમાં અલ્લાહની સંપૂર્ણ

કુદરતની સાબિતી માટે આટલા મહાન ગોળાનું સર્જન જ પૂરતું છે અને અમુક તફસીરકારો ઈબ્ને કષીર વગેરેની તહકીક એ છે કે આસમાન અને જમીનનું સંપૂર્ણ ગોળ હોવું કુર્આન અને સુન્નતની રૂએ સાબિત નથી, બલકે અમુક આયતો અને રિવાયતોથી તેનું એક قُبَّہ ના સ્વરૂપમાં હોવાની જાણ થાય છે. તેમનું કહેવું છે કે એક સહીહ હદીષમાં જે સૂર્યનું દરરોજ અર્શ નીચે પહોંચીને સિજ્દહ કરવાનું વર્ણન થયું છે તે આ જ સ્વરૂપમાં હોઈ શકે છે કે આસમાન સંપૂર્ણ کُـــرَةً ન હોય. આ જ સ્વરૂપમાં તેમાં ઊંચાઈ અને નીચાઈની સ્થિતિ નક્કી થઈ શકે છે, સંપૂર્ણ ગોળાકારમાં કોઈ દિશા કે સ્થિતિ ઉપર અથવા નીચે કહી શકાય નહીં. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ લુકમાન : આયત નં. ૧૨ થી ૧૯)

وَلَقَدْ اٰتَيْنَا لُقْمٰنَ الْحِكْمَةَ اَنِ اشْكُرْ لِلّٰهِ ۭ وَمَنْ يَّشْكُرْ فَاِنَّمَا يَشْكُرُ لِنَفْسِهٖ ۚ وَمَنْ
كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِيٌّ حَمِيْدٌ ﴿۱۲﴾ وَاِذْ قَالَ لُقْمٰنُ لِابْنِهٖ وَهُوَ يَعِظُهٗ يٰبُنَيَّ لَا تُشْرِكْ
بِاللّٰهِ ۭ اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ ﴿۱۳﴾ وَوَصَّيْنَا الْاِنْسَانَ بِوَالِدَيْهِ ۚ حَمَلَتْهُ
اُمُّهٗ وَهْنًا عَلٰي وَهْنٍ وَّفِصٰلُهٗ فِيْ عَامَيْنِ اَنِ اشْكُرْ لِيْ وَلِوَالِدَيْكَ ۭ اِلَيَّ
الْمَصِيْرُ ﴿۱۴﴾ وَاِنْ جَاهَدٰكَ عَلٰٓي اَنْ تُشْرِكَ بِيْ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ ۙ فَلَا تُطِعْهُمَا
وَصَاحِبْهُمَا فِي الدُّنْيَا مَعْرُوْفًا ۡ وَّاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَيَّ ۚ ثُمَّ اِلَيَّ
مَرْجِعُكُمْ فَاُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۱۵﴾ يٰبُنَيَّ اِنَّهَآ اِنْ تَكُ مِثْقَالَ حَبَّةٍ مِّنْ
خَرْدَلٍ فَتَكُنْ فِيْ صَخْرَةٍ اَوْ فِي السَّمٰوٰتِ اَوْ فِي الْاَرْضِ يَاْتِ بِهَا اللّٰهُ ۭ اِنَّ اللّٰهَ
لَطِيْفٌ خَبِيْرٌ ﴿۱۶﴾ يٰبُنَيَّ اَقِمِ الصَّلٰوةَ وَاْمُرْ بِالْمَعْرُوْفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ وَاصْبِرْ عَلٰي
مَآ اَصَابَكَ ۭ اِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿۱۷﴾ ۚ وَلَا تُصَعِّرْ خَدَّكَ لِلنَّاسِ
وَلَا تَمْشِ فِي الْاَرْضِ مَرَحًا ۭ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُوْرٍ ﴿۱۸﴾ ۚ وَاقْصِدْ فِيْ
مَشْيِكَ وَاغْضُضْ مِنْ صَوْتِكَ ۭ اِنَّ اَنْكَرَ الْاَصْوَاتِ لَصَوْتُ الْحَمِيْرِ ﴿۱۹﴾ ع

તરજુમો :

અને અમે લુકમાનને હિકમત આપી કે અલ્લાહનો શુક્ર અદા કરો અને જે કોઈ અલ્લાહનો શુક્ર અદા કરે તો પોતાના ભલા માટે કરશે અને જે કોઈ ઈન્કારી થશે તો અલ્લાહ બેપરવા છે, સઘળા વખાણવાળો. (૧૨) અને જ્યારે લુકમાને પોતાના દિકરાને કહ્યું જ્યારે તેને સમજાવવા લાગ્યા, હે દિકરા ! અલ્લાહનો ભાગીદાર ન ઠરાવજે, બેશક ! ભાગીદાર ઠરાવવો ભારે નાઈન્સાફી (જુલમ) છે. (૧૩) અને અમે મનુષ્યને તેના માં બાપ માટે તાકીદ કરી દીધી, તેને તેની માતાએ ગર્ભમાં થાકી થાકીને રાખ્યો અને બે વર્ષથી ઓછામાં તેનું દૂધ છોડાવવાનું છે અને મારો તથા પોતાના માં બાપનો આભાર માન, અંતે મારા જ સુધી આવવાનું છે. (૧૪) અને જો તે બંને તારાથી એ વાત ઉપર હઠાગ્રહ કરે કે મારો ભાગીદાર તે વસ્તુને માન જેની તને ખબર નથી તો તેમનું કહ્યું ન માન અને તેમનો દુનિયામાં યોગ્ય રીતે સાથ આપ અને તેના માર્ગે ચાલ જે મારા તરફ રજૂ થયો, પછી તમારે મારા તરફ પાછા આવવાનું છે, પછી હું તમને બતાવી આપીશ જે કંઈ તમે કરતા હતા. (૧૫) (લુકમાન અલૈ.એ કહ્યું) હે દિકરા ! જો કોઈ વસ્તુ રાઈના દાણા બરાબર પણ હોય, પછી તે કોઈ પથ્થરમાં હોય અથવા આસમાનોમાં અથવા જમીનમાં; અલ્લાહ તેને લાવીને હાજર કરે, બેશક અલ્લાહ છુપાયેલી વસ્તુઓને જાણે છે, ખબર રાખે છે. (૧૬) હે દિકરા ! નમાઝને કાયમ રાખ અને ભલી વાત શીખવ અને બુરાઈથી મનાઈ કર અને જે તારા ઉપર (મુસીબત) પડે ધૈર્ય દાખવ, બેશક આ હિંમતના કામ છે. (૧૭) અને લોકો તરફ પોતાના ગાલ ન ફુલાવ અને જમીન ઉપર ઈતરાઈને ન ચાલ, બેશક ! અલ્લાહને ઈતરાનારો મિથ્યાભિમાની પસંદ નથી. (૧૮) અને મધ્યમ ચાલે ચાલ અને પોતાનો અવાજ ધીમો કર, બેશક ખરાબમાં ખરાબ અવાજ ગધેડાનો અવાજ (ભૂંકવું) છે. (૧૯)

તફસીર :

અને અમે લુકમાન (અલૈ.)ને સમજદારી (જેની હકીકત જ્ઞાન સાથે તેના ઉપર અમલ છે) અર્પણ કરી (અને સાથે જ એ હુકમ આપ્યો) કે (બધી નેઅ્મતો

ઉપર સામાન્ય રીતે અને એ હિકમતની નેઅ્મત ઉપર કે તે શ્રેષ્ઠ નેઅ્મત છે ખાસ કરીને) અલ્લાહ તઆલાનો શુક્ર કરતા રહો અને જે વ્યક્તિ શુક્ર કરશે તે પોતાના વ્યક્તિગત લાભ માટે શુક્ર કરે છે (એટલે કે તેનો લાભ છે કે તેનાથી નેઅ્મતમાં પ્રગતિ થાય છે لَئِنْ شَكَرْتُمْ لَأَزِيدَنَّكُمْ દીની નેઅ્મતમાં પ્રગતિ તો દુનિયામાં પણ થાય છે અને આખિરતમાં પણ, દુનિયામાં તો શુક્રની નેઅ્મતથી જ્ઞાન વધે છે અને અમલની તવફીકમાં વધારો થાય છે તથા આખિરતમાં મોટો સવાબ મળે છે તથા દુનિયામાં આખિરતની પ્રગતિ એટલે કે સવાબમાં વધારો તો નિશ્ચિત છે અને ક્યારેક દુનિયામાં શુક્ર કરવાથી નેઅ્મત વધી જાય છે) અને જે નાશુક્રી કરશે તો (પોતાનું જ નુકસાન કરશે કારણ કે) અલ્લાહ તઆલા (તો) બેપરવા (અને બધી) ખૂબીઓવાળો છે (એટલે કારણ કે તે પોતાની જાતમાં સંપૂર્ણ છે જે "હમીદ"ની દલીલ છે એટલા માટે તે "ગની" છે, તેને કોઈના શુક્ર અથવા વખાણની કોઈ આવશ્યકતા નથી, લુકમાન અલૈ. ઈલ્મ અને અમલ સાથે હિકમત ધરાવતા હતા એટલે ભાવાર્થ એ થયો કે શુક્રની તા'લીમ ઉપર પણ શુક્ર અદા કર્યો હશે, બસ તેઓ શુક્ર અદા કરનાર પણ હતા અને શુક્ર કરવાથી તેમની હિકમતમાં પ્રગતિ પણ થઈ હશે, બસ તે ઉચ્ચ કક્ષાના હકીમ થયા) અને (આવા હકીમની તા'લીમ અવશ્ય અમલપાત્ર હોવી જોઈએ, બસ તેમની તા'લીમ લોકોની સામે વર્ણન કરો) જ્યારે લુકમાને પોતાના દિકરાને બોધ આપતા કહ્યું કે બેટા ! અલ્લાહની સાથે કોઈને ભાગીદાર ન ઠરાવજે, બેશક ! ભાગીદાર ઠરાવવું ઘણો ભારે અત્યાચાર છે (અત્યાચારની હકીકત ઉલમાએ એ વર્ણન કરી છે કે કોઈ વસ્તુનો અયોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે) અને (કિસ્સાની વચ્ચે તવહીદના હુકમની તાકીદ માટે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે) અમે મનુષ્યને તેના માં બાપ વિશે તાકીદ કરી છે (કે તેમનું આજ્ઞાપાલન અને સેવા કરે, કારણ કે તેમણે તેના માટે ઘણી તકલીફો વેઠી છે ખાસ કરીને માંએ, એટલા માટે કે) તેની માંએ કમજોરી ઉપર કમજોરી ઉઠાવીને તેને પેટમાં રાખ્યો (કારણ કે જેમ જેમ ગર્ભ વધતો જાય છે ગર્ભવતીની કમજોરી વધતી જાય છે) અને (પછી) બે વર્ષમાં તેનું દૂધ છૂટવાનું છે (તે દિવસોમાં પણ તે દરેક રીતે સેવા કરે છે, તે જ પ્રમાણે પોતાની હાલત પ્રમાણે પિતા પણ તકલીફ ઉઠાવે છે એટલા માટે અમે પોતાના હકોની સાથે માં બાપના હકો અદા કરવાનો હુકમ કર્યો એટલા માટે આ ઈરશાદ થયો) કે

તું મારો અને પોતાના માં બાપનો શુક્ર અદા કર્યા કર (અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવો તો તેની ઈબાદત સાચી આજ્ઞાપાલન સાથે અને માં બાપની સેવા શરઈ હકોની અદાયગી સાથે કરવાની છે કારણ કે) મારા જ તરફ (બધાએ) પાછા વળીને આવવાનું છે (તે સમયે અમલનો બદલો અને સજા આપીશ એટલા માટે હુકમોની અદાયગી જરૂરી છે) અને (માં બાપનો આટલો મોટો હક હોવા છતાં જેમકે જાણ થઈ પરંતુ તવહીદનો હુકમ એટલો મોટો છે કે) જો તારા ઉપર તે બંને એ વાતનું દબાણ કરે કે તું મારી સાથે એવી વસ્તુને ભાગીદાર ઠરાવ જે(ના શરીક અને મઅ્બૂદ હોવા)ની તારી પાસે કોઈ દલીલ (અને પ્રમાણ) ન હોય (અને દેખીતું છે કે કોઈ વસ્તુ પણ એવી નથી કે જે ભાગીદારીનો હક ધરાવતી હોય અને તેના ઉપર દલીલ કાયમ થઈ શકે, બલકે ભાગીદારીનો હક ન ધરાવવા ઉપર ઘણી બધી દલીલો સ્થાપિત થયેલી છે, બસ ભાવાર્થ એ થયો કે જો તે કોઈ વસ્તુને પણ અલ્લાહનો ભાગીદાર ઠરાવવા ઉપર તને દબાણ નાંખે) તો તું તેમનું કહ્યું ન માનજે અને (હા ! એ જરૂરી છે કે) દુનિયા(ના વ્યવહારો)માં (જેમકે તેમના ખર્ચ અને સેવા વગેરેમાં) તેમની સાથે ખૂબીપૂર્વક વ્યવહાર કરજે અને (દીનના વિશે માત્ર) તે (જ) વ્યક્તિના માર્ગ ઉપર ચાલજે જે મારા તરફ રજુ થયો હોય (એટલે કે મારા હુકમોનો માનનારો અને અમલ કરનારો હોય) પછી તમારે બધાએ મારી પાસે જ આવવાનું છે, પછી (આવવાના મસયે) હું તમને બતાવી આપીશ જે જે કંઈ તમે કરતા હતા (એટલા માટે કોઈ બાબતમાં મારા હુકમ વિરુદ્ધ ન કરો.... આગળ ફરી લુકમાની બોધપાઠની પૂર્ણતા છે કે તેમણે પોતાના દિકરાને અન્ય નસીહતો પણ કરી, એટલા માટે તવહીદ અને અકીદાઓ વિશે એ પણ બોધ આપ્યો કે) દિકરા ! (અલ્લાહ તઆલાનું જ્ઞાન અને કુદરત એ દરજ્જાએ છે કે) જો (કોઈનો) કોઈ અમલ (ગમે તેવો ગુપ્ત હોય, દાખલા તરીકે કલ્પના કરો કે) રાઈના દાણા સમાન (પ્રમાણમાં) હોય (અને) પછી (કલ્પના કરો કે) તે કોઈ પથ્થરની અંદર (છુપાવી રાખેલ) હોય (કે જે એવો પડદો છે કે તેનું દૂર થવું મુશ્કેલ છે અને તે પડદાને દૂર કર્યા વિના તેની અંદરનું જ્ઞાન થતું નથી) અથવા તે આસમાનોની અંદર હોય (કે જે સામાન્ય સર્જન અને સ્થળોથી ઘણે દૂર છે) અથવા તે જમીનની અંદર હોય (કે જ્યાં ખૂબ અંધારું રહે છે અને આ જ કારણો છે કે સામાન્ય મખ્લૂકની દષ્ટિથી ગુપ્ત રહે છે કારણ કે ક્યારેક કોઈ

વસ્તુ નાની અથવા બારિક હોય છે કે નજરે દેખાતી નથી અને ક્યારેક કોઈ સખત પડદો આડશ બની જવાથી અથવા તો કોઈ સ્થળ ઘણા દૂર હોવાથી અથવા તો ક્યારેક અંધારાના લીધે દેખાતી નથી પરંતુ અલ્લાહ તઆલાની એવી શા'ન છે કે જો આ ગુપ્ત રહેવાના કારણો બધા એકઠા હોય) તો પણ (કયામતના દિવસે હિસાબના સમયે) તેને અલ્લાહ તઆલા હાજર કરી આપશે (જેનાથી જ્ઞાન અને તેની કુદરત બંને સાબિત થયા) બેશક ! અલ્લાહ તઆલા સઘળું જાણનાર (અને) બાખબર છે (અને અમલોના વિષયમાં આ નસીહત કરી કે) બેટા ! નમાઝ પઢ્યા કરો (કે સાચા અકીદાઓ પછી તે ઉચ્ચ કક્ષાનો અમલ છે) અને (જેમકે સાચા અકીદાઓ અને અમલોથી પોતાની પૂર્ણતા કરી છે એ જ પ્રમાણે અન્યોની પૂર્ણતા કરવાનો પણ પ્રયત્ન કરવો જોઈએ બસ લોકોને) સારા કામોની નસીહત કર્યા કર અને બુરા કામોથી રોકયા કર અને (આ અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરમાં ખાસ કરીને દરેક પરિસ્થિતિમાં અને સામાન્ય રીતે) તારા ઉપર જે મુસીબત પડે તેના ઉપર સબ્ર કર્યા કર, આ (ધૈર્ય દાખવવું) હિંમતના કામોમાંથી છે અને (નૈતિકતા તથા ટેવોની બાબતમાં આ નસીહત કરી કે બેટા !) લોકોથી પોતાનું મોઢું ન ફેરવ અને પૃથ્વી ઉપર ઈતરાઈને ન ચાલ, બેશક ! અલ્લાહ તઆલા કોઈ તકબ્બુર કરનાર મિથ્યાભિમાનીને પસંદ નથી કરતો અને પોતાની ચાલમાં મધ્યમ માર્ગ અપનાવ્યા કર (કે ન જ તું દોડીને ચાલ કે જે સભ્યતા વિરુદ્ધ છે અને પડી જવાની પણ સંભાવના છે અને ન જ ગણી ગણીને ડગલાં મૂક કે તેનાથી મિથ્યાભિમાન ટપકે છે, બલકે બેતકલ્લુફ અને મધ્યમ ગતિથી વિનમ્રતા અને સાદગી સાથે ચાલ જેનું વર્ણન બીજી આયતમાં આ રીતે કરવામાં આવ્યું છે, (يَمْشُوْنَ عَلَى الْاَرْضِ هَوْنًا) અને (બોલવામાં) પોતાના અવાજને ધીમો કર (એટલે કે તું શોરબકોર ન કર અને એ અર્થ નથી કે એટલો ધીમો અવાજ પણ ન કર કે જેથી બીજાઓ સાંભળી જ ન શકે, આગળ શોરબકોર કરવાથી નફરત અપાવવા માટે વર્ણન છે કે) બેશક ! અવાજોમાંથી સૌથી બુરો અવાજ ગધેડાઓનો અવાજ (હોય) છે (તો માનવ થઈને ગધેડાઓની જેમ બૂમ બરાડા પાડવાનું કઈ રીતે યોગ્ય છે ? તમારા બૂમ બરાડાથી અમુક સમયે અન્ય લોકોને ભય અને તકલીફ પણ થાય છે).

મસ્અલા અને બોધપાઠ :

وَلَقَدْ اٰتَيْنَا لُقْمٰنَ الْحِكْمَةَ હઝરત લુકમાન (અલૈ.) વહબ બિન મુનબ્બહની રિવાયત પ્રમાણે હઝરત ઐયૂબ (અલૈ.)ના ભત્રીજા હતા અને મુકાતિલે તેમના મસિયાઇ ભાઈ બતાવ્યા છે. તફસીરે બયઝાવી વગેરેમાં છે કે તેમની ઉંમર લાંબી થઈ, એટલે સુધી કે હઝરત દાવુદ (અલૈ.)નો સમયકાળ પામ્યા. આ વાત બીજી રિવાયતોથી પણ સાબિત છે કે હઝરત લુકમાન (અલૈ.) હઝરત દાવુદ (અલૈ.)ના સમયમાં થયા છે.

તફસીરે દૂર્રે મન્ષૂરમાં હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત એ છે કે તેઓ એક હબશી ગુલામ હતા જે સુથારી કામ કરતા હતા. (اَخْرَجَهُ ابْنُ اَبِىْ شَيْبَةَ وَاَحْمَدُ فِى الزُّهْدِوَابْنُ جَرِيْرٍ وَابْنُ الْمُنْزِرِ وَغَيْرُهٗ) અને જાબીર ઇબ્ને અબ્દુલ્લાહથી તેમની હાલત પૂછવામાં આવી તો ફરમાવ્યું કે તેઓ ઠીંગણા કદના ચપટા નાકવાળા હતા તથા મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે તેઓ હબશી ગુલામ જાડા હોટવાળા, ફાટેલા પગવાળા હતા. *(ઇબ્ને કષીર)*

એક કાળા રંગના હબશી હઝરત સઈદ બિન મુસય્યબ (રદિ.)ની પાસે કોઈ મસ્અલો પૂછવા માટે હાજર થયા તો હઝરત સઈદ (રદિ.)એ તેને સંતોષ માટે ફરમાવ્યું કે તમે પોતાના કાળા હોવાનો ગમ ન કરો, કારણ કે કાળા લોકોમાં ત્રણ મહાન વ્યક્તિઓ એવા છે જે લોકોમાં સૌથી ઉત્તમ છે. હઝરત બિલાલ હબશી (રદિ.) અને હઝરત મહ્જ઼ા (રદિ.) જેઓ હઝરત ઉમર ઇબ્ને ખત્તાબ (રદિ.)ના આઝાદ કરેલા ગુલામ હતા અને હઝરત લુકમાન (અલૈ.).

હઝરત લુકમાન (અલૈ.) જમહૂર સલફના મતે નબી ન હતા બલકે વલી અને હકીમ હતા :

ઇબ્ને કષીરે ફરમાવ્યું છે કે જમહૂર સલફની એ બાબત ઉપર સહમતી છે કે તેઓ નબી ન હતા, માત્ર હઝરત ઇકરિમા (રદિ.)થી તેમનું નબી હોવું નકલ કરવામાં આવ્યું છે પરંતુ તેની સનદ ઝઈફ છે. ઇમામ બગવી (રહ.)એ ફરમાવ્યું કે એ બાબત ઉપર સહમતી છે કે તેઓ ફકીહ અને હકીમ (શાણપણ પ્રાપ્ત કરેલ વ્યક્તિ) હતા, નબી ન હતા. *(મઝહરી)*

ઇબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે હઝરત કતાદહ (રદિ.)થી તેમના વિશે

એક આશ્ચર્યજનક રિવાયત એ નકલ થઈ છે કે અલ્લાહ તઆલાએ હઝરત લુકમાન (અલૈ.)ને અધિકાર આપ્યો હતો કે નુબુવ્વત લઈ લો અથવા હિકમત ? તેમણે હિકમતને અપનાવી લીધી અને અમુક રિવાયતોમાં છે કે તેમને નુબુવ્વતનો અધિકાર આપવામાં આવ્યો હતો, તેમણે વિનંતી કરી કે જો તેને સ્વીકાર કરવાનો હુકમ છે તો મને સહર્ષ સ્વીકાર્ય છે નહિતર મને મા'ફ કરવામાં આવે.

હઝરત કતાદહ (રદિ.)થી એ પણ નકલ થયેલ છે કે હઝરત લુકમાન (અલૈ.)ને કોઈએ પૂછ્યું કે તમે હિકમતને નુબુવ્વત ઉપર કેમ અગ્રિમતા આપી જ્યારે કે તમને બંને અધિકાર આપવામાં આવ્યા હતા ? તેમણે કહ્યું કે નુબુવ્વત મોટી જવાબદારીનો હોદ્દો છે જો તે મને મારા અધિકાર વિના આપવામાં આવી હોત તો અલ્લાહ તઆલા પોતે તેની આવશ્યકતાઓ પૂર્ણ કરત કે હું તેના ફરજો અદા કરી શકું અને જો મેં પોતાના અધિકારથી તેની માંગણી કરી હોત તો જવાબદારી મારા ઉપર હોત. *(ઇબ્ને કષીર)*

જ્યારે કે લુકમાન (અલૈ.)નું નબી ન હોવું જમહૂર નજીક નિશ્ચિત છે તો પછી તેમને તે હુકમ જે કુર્આનમાં ઉપસ્થિત છે, اَنِ اشْكُرْلِىْ ઇલ્હામ દ્વારા હોઈ શકે છે જે અવલિયાઅ્ અલ્લાહને પ્રાપ્ત હોય છે.

હઝરત લુકમાન (અલૈ.) હઝરત દાવુદ (અલૈ.)થી પ્રથમ શરઈ મસ્અલાઓમાં લોકોને ફત્વો આપ્યા કરતા હતા, જ્યારે હઝરત દાવુદ (અલૈ.)ને નુબુવ્વત અર્પણ થઈ તો ફત્વો આપવાનું છોડી દીધું કે હવે મારી જરૂરત નથી રહી અને અમુક રિવાયતોમાં છે કે તેઓ બની ઇસ્રાઇલના ન્યાયાધીશ હતા, હઝરત લુકમાન (અલૈ.)થી ઘણા બધા શાણપણના વાક્યો નકલ થયેલ છે. વહબ બિન મુનબ્બહ કહે છે કે મેં હઝરત લુકમાન (અલૈ.)ની હિકમતના દશ હજારથી વધારે પ્રકરણો વાંચ્યા છે. *(કુર્તુબી)*

હઝરત લુકમાન (અલૈ.) એક દિવસ મોટી સભામાં લોકોને શાણપણની વાતો સંભળાવી રહ્યા હતા એક વ્યક્તિ આવ્યો અને તેણે પ્રશ્ન કર્યો કે શું તમે તે નથી જે મારી સાથે ફલાણા જંગલમાં બકરીઓ ચરાવ્યા કરતા હતા ? હઝરત લુકમાન (અલૈ.)એ ફરમાવ્યું કે, હા ! હું તે જ છું. તે વ્યક્તિએ પૂછ્યું કે પછી આ સ્થાન કઈ રીતે પ્રાપ્ત થયું કે અલ્લાહની મખ્લૂક તમારું સન્માન કરે છે અને

તમારા વાક્યોને સાંભળવા માટે દૂર દૂરથી એકઠા થાય છે ? હઝરત લુકમાન (અલૈ.)એ કહ્યું કે તેનું કારણ મારા બે કાર્યો છે, એક હંમેશા સાચું બોલવું. બીજું, વ્યર્થ વાતોથી બચવું. અને એક રિવાયતમાં એ છે કે હઝરત લુકમાન (અલૈ.)એ ફરમાવ્યું કે અમુક કામ એવા છે જેણે મને આ દરજ્જાએ પહોંચાડ્યો, જો તમે અપનાવી લો તો તમને પણ આ જ દરજ્જો અને સ્થાન પ્રાપ્ત થઈ જશે. તે કાર્ય આ છે, પોતાની નજરને નીચી રાખવી અને ઝુબાનને બંધ રાખવી, હલાલ રોજી ઉપર કરકસર કરવી, પોતાના ગુપ્તાંગોની હિફાઝત કરવી, વાતની સચ્ચાઈ ઉપર કાયમ રહેવું, વાયદો પૂરો કરવો, મહેમાનોની ઈજ્જત કરવી, પાડોશીઓનું રક્ષણ કરવું અને વ્યર્થ કાર્યો અને વાતચીતને છોડી દેવી. *(ઈબ્ને કષીર)*

હઝરત લુકમાન (અલૈ.)ને જે "હિકમત" આપવામાં આવી હતી તેનો શું ભાવાર્થ છે ? :

حِكْمَتْ (હિકમત) શબ્દ કુર્આને કરીમમાં અનેક અર્થો માટે ઉપયોગ થયો છે. જ્ઞાન, બુદ્ધિ, સહનશીલતા, નૈતિકતા, નુબુવ્વત, સત્ય મત ઉપર મક્કમ રહેવું વગેરે. અબૂ હય્યાને ફરમાવ્યું છે કે હિકમતનો ભાવાર્થ તે વાતચીત છે જેનાથી લોકો બોધપાઠ ગ્રહણ કરે અને દિલોમાં તેની અસર થાય અને જેને લોકો સુરક્ષિત કરીને અન્યો સુધી પહોંચાડે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે "હિકમત"નો ભાવાર્થ બુદ્ધિ, સમજદારી અને હોશિયારી છે તથા અમુક લોકોએ ફરમાવ્યું કે જ્ઞાન પ્રમાણે અમલ કરવો હિકમત છે અને વાસ્તવમાં આ બધામાં કોઈ વિરોધાભાસ નથી. આ બધી જ બાબતો "હિકમત"માં સામેલ છે. ઉપર તફસીરના ખુલાસામાં હિકમતનો અર્થ સમજદારી અને તેની તફસીર ઈલ્મ ઉપર અમલ કરવાની કરવામાં આવી છે, આ ઘણો જ ઠોસ અને સ્પષ્ટ અર્થ છે.

પ્રસ્તુત આયતમાં હઝરત લુકમાન (અલૈ.)ને હિકમત અર્પણ કરવાનું વર્ણન કરીને આગળ ફરમાવ્યું છે, اَنِ اشْكُرْ لِىْ તેમાં એક સંભાવના તો એ છે કે અહીંયાં قُلْنَا (કુલના) સુષુપ્ત માનવામાં આવે. ભાવાર્થ એ થશે કે "અમે લુકમાનને હિકમત આપી અને એ હુકમ આપ્યો કે મારો શુક્ર અદા કર્યા કરો." અને અમુક લોકોએ એ પણ ફરમાવ્યું કે اَنِ اشْكُرْ لِىْ (અનિશ્કુરલિ) પોતે હિકમતની તફસીર છે, એટલે કે તે હિકમત જે લુકમાન (અલૈ.)ને આપવામાં

આવી હતી તે એ હતી કે અમે તેમને શુક્ર કરવાનો હુકમ આપ્યો, તેમણે તેના ઉપર અમલ કર્યો. આ સ્વરૂપમાં ભાવાર્થ એ થશે કે અલ્લાહ તઆલાની નેઅ્મતોનો શુક્ર અદા કરવો સૌથી મોટી હિકમત છે, ત્યાર પછી એ બતાવવામાં આવ્યું છે કે શુક્ર અદા કરવાનો હુકમ અમે કંઈ પોતાના ફાયદા માટે નથી આપ્યો, અમને કોઈનો આભાર માનવાની જરૂરત નથી બલકે તે પોતે જ પોતાના ફાયદા માટે આપ્યું છે, કારણ કે અમારો સિદ્ધાંત એ છે કે જે વ્યક્તિ અમારી નેઅ્મતનો શુક્ર અદા કરે છે અમે તેની નેઅ્મતમાં ઔર વધારો કરી આપીએ છીએ.

ત્યારબાદ હઝરત લુકમાન (અલૈ.)ના અમુક હિકમતના વાક્યો વર્ણન કર્યા છે જે તેમણે પોતાના દિકરાને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યા હતા, તે હિકમતના વાક્યો કુર્આને કરીમે એટલા માટે નકલ કર્યા છે કે બીજા લોકો પણ તેનાથી લાભ ઉઠાવે.

આ હિકમતના વાક્યોમાં સૌ પ્રથમ તો માન્યતાઓનો પ્રકાશ છે અને તેમાં સૌથી પહેલી વાત એ છે કે અલ્લાહ તઆલાને સમગ્ર વિશ્વનો સર્જનહાર અને માલિક કોઈ અન્યની ભાગીદારી વિના માને, તેની સાથે કોઈ ગયરૂલ્લાહને ઈબાદતનો ભાગીદાર ન ઠરાવે કે આ દુનિયામાં તેનાથી મોટો અત્યાચાર કોઈ નથી હોઈ શકતો કે અલ્લાહ તઆલાના કોઈ સર્જનને સર્જનહાર સમાન ઠરાવવામાં આવે. આથી ફરમાવ્યું, يٰبُنَيَّ لَا تُشْرِكْ بِاللّٰهِ اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ આગળ હઝરત લુકમાન (અલૈ.)ની બીજી નસીહતો અને હિકમતના વાક્યો આવ્યા છે જે પોતાના પુત્રને સંબોધન કરીને ફરમાવ્યા હતા. વચ્ચે અલ્લાહ તઆલાએ શિર્કને મહાન અત્યાચાર હોવાનું અને કોઈપણ હાલતમાં તેની પાસે પણ ન ફરકવાનું માર્ગદર્શન આપવા માટે એક બીજો હુકમ પણ ઈરશાદ ફરમાવ્યો.

માતા-પિતાનો આભાર માનવો તથા તેમનું આજ્ઞાપાલન કરવું ફરજ છે પરંતુ અલ્લાહના હુકમ વિરુદ્ધ કોઈનું આજ્ઞાપાલન જાઇઝ નથી :

જો કે અમે સંતાનોને પોતાના માતા પિતાનું આજ્ઞાપાલન અને આભાર માનવાની ઘણી તાકીદ કરી છે અને પોતાની શુક્રગુઝારી અને આજ્ઞાપાલનની સાથે સાથે માતા પિતાની શુક્રગુઝારી અને આજ્ઞાપાલનનો હુકમ આપ્યો છે પરંતુ

શિર્ક એવો મોટો અત્યાચાર અને સંગીન અપરાધ છે કે તે માતા પિતાના કહેવાથી અને મજબૂર કરવાથી પણ કોઈના માટે જાઇઝ નથી થતું, જો કોઈને તેના માતા પિતા અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક ઠરાવવા માટે મજબૂર કરવા લાગે તો એ બાબતમાં માં બાપનું કહ્યું માનવું જાઇઝ નથી.

અત્રે અહીંયાં જ્યારે કે માતા પિતાના હકો અને તેમનો આભાર માનવાનો હુકમ આપવામાં આવ્યો છે તો તેની હિકમત બતાવવામાં આવી છે કે તેની માતાએ તેના અસ્તિત્વને ટકાવી રાખવામાં ઘણી મહેનત વેઠી છે કે નવ મહિના સુધી તો તેને પોતાના પેટમાં રાખીને તેનું રક્ષણ કર્યું અને તેના કારણે જે દરરોજ તેને કમજોરી ઉપર કમજોરી તથા તકલીફ ઉપર તકલીફ વધતી ગઈ.... તેને વેઠ્યું, ત્યારબાદ તેના પેદા થય પછી પણ બે વર્ષ સુધી તેને દૂધ પીવડાવવાની તકલીફ બરદાસ્ત કરી જેમાં માં ને ઘણી મહેનત પણ દિવસ રાત ઉઠાવવી પડતી હતી અને તેની શારીરિક નબળાઈ પણ આ બધાથી વધે છે અને કારણ કે બાળકના પાલન પોષણમાં મહેનત અને તકલીફ વધારે માં ને ઉઠાવવાની છે. એટલા માટે શરીઅતમાં માં નો હક પિતા કરતાં અગ્રસ્થાને રાખવામાં આવ્યો છે. وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ حَمَلَتْهُ أُمُّهُ وَهْنًا عَلَىٰ وَهْنٍ وَّفِصَالُهُ فِي عَامَيْنِ નો આ જ ભાવાર્થ છે અને ત્યાર પછી وَإِنْ جَاهَدَاكَ માં એ બતાવવામાં આવ્યું છે કે ગયરૂલ્લાહને અલ્લાહની સાથે ભાગીદાર કરવાના મા'મલામાં માતા પિતાનું આજ્ઞાપાલન પણ હરામ છે.

ઇસ્લામનો ન્યાયનો અજોડ કાયદો :

એવા સ્વરૂપમાં કે માતા પિતા તેને શિર્ક અને કુફ્ર ઉપર મજબૂર કરે તથા અલ્લાહ તઆલાનો હુકમ એ હોય કે તેમની વાત ન માનો તો સ્વાભાવિક રીતે મનુષ્ય હદ ઉપર કાયમ નથી રહેતો, તેના ઉપર અમલ કરવામાં એ બાબતની સંભાવના હતી કે સંતાન માતા પિતાની સાથે ખરાબ ભાષા અથવા ખરાબ રીતે વર્તન કરે અથવા તેમનું અપમાન કરે પરંતુ ઈસ્લામ એક ન્યાયનો કાનૂન છે, દરેક વસ્તુની એક મર્યાદા છે એટલા માટે શિર્કમાં માતા પિતાની આજ્ઞાનું પાલન ન કરવાના હુકમની સાથે જ આ હુકમ પણ આપવામાં આવ્યો કે,

صَاحِبْهُمَا فِي الدُّنْيَا مَعْرُوفًا એટલે કે, દીનમાં તો તમે તેમનું કહ્યું ન માનો

પરંતુ દુનિયવી કામોમાં દાખલા તરીકે તેમની શારીરિક સેવામાં અથવા આર્થિક ખર્ચાઓ વગેરેમાં ઉણપ ન રાખો, બલકે દુનિયવી વ્યવહારોમાં તેમની સાથે સામાન્ય રિવાજ પ્રમાણે જ વર્તાવ કરો, તેમની સાથે અસભ્યતાથી ન વર્તો. તેમની વાતનો જવાબ એવો ન આપો જેનાથી વિના જરૂરતે તેમનું દિલ દુઃખે, મતલબ એ કે તેમના શિર્ક અને કુફ્રની વાત ન માનવાથી જે તેમને મનદુઃખ થશે એ તો મજબૂરી માટે બરદાસ્ત કરો પરંતુ જરૂરતને જરૂરતની મર્યાદામાં રાખો, બીજા વ્યવહારોમાં તેમનું મનદુઃખ ન થાય તેની કાળજી રાખો.

ખુલાસો :

આ આયતમાં બાળકનું દૂધ છોડાવવાની મુદ્દત જે બે વર્ષ બતાવવામાં આવી છે એ સામાન્ય ટેવ પ્રમાણે છે, તેમાં એનો કોઈ ખુલાસો કે સ્પષ્ટતા નથી કે તેનાથી વધારે મુદ્દત સુધી દૂધ પીવાડવામાં આવે તો તેનો શું હુકમ છે ? આ મસ્અલાનો ખુલાસો સૂરએ અહકાફની આયત وَحَمْلُهُ وَفِصَالُهُ ثَلٰثُوْنَ شَهْرًا હેઠળ ઈન્શાઅલ્લાહ આવશે.

લુકમાન (અલૈ.)ની બીજી વસિય્યત : અકીદાઓ વિશે

અકીદહ એ રાખવામાં આવે કે આસમાન અને જમીન તથા તેની અંદર જે કંઈ છે તેના એક એક કણ ઉપર અલ્લાહ તઆલાનું જ્ઞાન છવાયેલું છે અને વિશાળ છે તથા સૌના ઉપર તેનો કાબૂ પણ સંપૂર્ણ રીતે છે, કોઈ વસ્તુ કેટલી પણ નાનામાં નાની હોય જે સામાન્ય રીતે નરી આંખે ન જોઈ શકાતી હોય એ જ પ્રમાણે કોઈ વસ્તુ કેટલી પણ દૂર સુદૂર હોય, એ જ પ્રમાણે કોઈ વસ્તુ કેટલાય અંધારા પડદાઓમાં હોય અલ્લાહ તઆલાના જ્ઞાન અને દૃષ્ટિથી છુપાઈ નથી શકતું અને તે જેને જ્યારે ઈચ્છે, જ્યાં ઈચ્છે હાજર કરી શકે છે. يٰبُنَيَّ اِنَّهَآ اِنْ تَكُ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ.... નો આ જ ભાવાર્થ છે અને અલ્લાહ તઆલાનું જ્ઞાન અને કાબૂ દરેક વસ્તુ ઉપર છવાયેલું હોવું પોતે પણ ઈસ્લામની પાયાની માન્યતા છે અને તવહીદના અકીદહની ઘણી મોટી દલીલ છે.

લુકમાન (અલૈ.)ની ત્રીજી વસિય્યત : અમલની સુધારણા બાબતે

વાજિબ અમલો તો ઘણા બધા છે પરંતુ તે સૌમાં સૌથી મોટો અને મહત્ત્વનો અમલ નમાઝ છે અને પોતે મહત્ત્વનો હોવાની સાથે સાથે તે બીજા

અમલોની દુરુસ્તીનું માધ્યમ પણ છે, જેમકે નમાઝ વિશે અલ્લાહનો ઈરશાદ છે, اِنَّ الصَّلٰوةَ تَنۡهٰى عَنِ الۡفَحۡشَآءِ وَالۡمُنۡكَرِ એટલા માટે નેક વાજિબ અમલોમાંથી નમાજના વર્ણન ઉપર ધીર ખમવામાં આવી. ફરમાવ્યું, يٰبُنَىَّ اَقِمِ الصَّلٰوةَ એટલે કે હે મારા દિકરા ! નમાઝને કાયમ કરો અને જેમકે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે اِقَامَتِ صَلٰوةً (ઈકામતે સલાહ)નો ભાવાર્થ માત્ર નમાઝ પઢી લેવું નથી, બલકે તેના બધા જ ફરજો અને અદબોને સંપૂર્ણ રીતે અદા કરવું તથા તેના સમયની પાબંદી કરવી અને તેના ઉપર કાયમી ધોરણે ટકી રહેવું બધું "ઈકામતે સલાહ"ના ભાવાર્થમાં સામેલ છે.

ચોથી લુકમાની વસિય્યત મખ્લૂકની સુધારણાના સંદર્ભમાં :

ઈસ્લામ એક સામૂહિક દીન છે, વ્યક્તિની સુધારણાની સાથે સાથે સામૂહિક સુધારણા તેની વ્યવસ્થાનો મહત્ત્વનો ભાગ છે એટલા માટે નમાઝ જેવા અગત્યના ફરજની સાથે અમ્ર બિલ મઅ્રૂફ વ નહી અનિલ મુન્કરનું વર્ણન કરવામાં આવ્યું કે લોકોને નેક કાર્યોનું આમંત્રણ આપો અને બુરા કામોથી રોકો. اَمۡرٌ بِالۡمَعۡرُوۡفِ اور نَهۡىٌ عَنِ الۡمُنۡكَرِ આ બંને ફરજોમાં એક પોતાની સુધારણા અને બીજી જાહેર મખ્લૂકની સુધારણા બંને બાબતો એવી છે કે બંનેની પાબંદીમાં ઘણી મહેનત અને તકલીફ વેઠવી પડતી હોય છે, તેના ઉપર મક્કમ રહેવું સહેલું નથી, ખાસ કરીને મખ્લૂકની સુધારણા માટે અમ્ર બિલ મઅ્રૂફની સેવાનો બદલો દુનિયામાં હંમેશા દુશ્મનાવટ અને વિરોધથી મળતો હોય; એટલા માટે એ વસિય્યતની સાથે જ આ વસિય્યત પણ કરી કે وَاصۡبِرۡ عَلٰى مَاۤ اَصَابَكَ ؕ اِنَّ ذٰلِكَ مِنۡ عَزۡمِ الۡاُمُوۡرِ એટલે કે, તે કામોમાં તમને જે કંઈ તકલીફ પડે તેના ઉપર ધીરજ અને મક્કમતાથી કામ લો.

પાંચમી લુકમાની વસિય્યત : સામાજિક શિષ્ટાચારના સંદર્ભમાં

وَلَا تُصَعِّرۡ خَدَّكَ لِلنَّاسِ માં શબ્દ لَا تُصَعِّرۡ (લા તુસઅ્ઈર) એ صَعَرَ (સઅર)થી બનેલ છે જેનો અર્થ ઊંટની એક બીમારી છે જેનાથી તેની ડોક વાંકી વળી જાય છે, જેમકે મનુષ્યમાં લકવો મારી જવો પ્રખ્યાત બીમારી છે જેનાથી ચહેરો વાંકો વળી જાય છે તેનો ભાવાર્થ મોઢું ફેરવી લેવું થાય છે, મતલબ એ છે કે લોકોની મુલાકાત અને વાતચીતમાં તેમનાથી મોઢું ફેરવીને વાતચીત ન કરો જે

તેમનાથી અણગમાની અને તમારા મિથ્યાભિમાનની નિશાની છે તથા સભ્યતાપૂર્ણ વ્યવહારથી વિરુદ્ધ બાબત છે.

وَلَا تَمْشِ فِى الْاَرْضِ مَرَحًا માં શબ્દ مَرَحَ (મરહ) એ અકડીને–ઈતરાઈને ચાલવાના અર્થમાં છે, ભાવાર્થ એ છે કે જમીનને અલ્લાહ તઆલાએ બધા જ તત્ત્વોમાં નિમ્ન પેદા કરી છે અને તમે તેનાથી પેદા થયા છો અને તમે તેના ઉપર ચાલો ફરો છો તો પોતાની હકીકતને ઓળખો અને ઈતરાઈને ન ચાલો, તે ઈન્કારીઓની પદ્ધતિ છે એટલા માટે ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યું, اِنَّ اللّٰهَ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُوْرٍ એટલે કે, અલ્લાહ તઆલા કોઈ ગર્વિષ્ઠ ઈન્કારીને પસંદ કરતો નથી.

وَاقْصِدْ فِىْ مَشْيِكَ એટલે કે પોતાની ચાલમાં મધ્યમ માર્ગ અપનાવો, ન ખૂબ દોડી ભાગીને ચાલો કે તે સભ્યતા વિરુદ્ધ છે. હદીષમાં છે કે ચાલવામાં ખૂબ ઉતાવળ કરવી મો'મિનની રોનકને બરબાદ કરી આપે છે. (જામેઅ્ સગીર અન અબી હુરયરહ રદિ.) અને એ જ રીતે ચાલવામાં પોતાને અથવા કોઈ બીજાને તકલીફ પહોંચવાનો પણ ભય રહે છે અને ન ઘણા ધીમે ચાલો જે યા તો તકબ્બૂર અથવા કૃત્રિમતાની નિશાની છે કે તે લોકો ઉપર પોતાની વિશેષતા સાબિત કરવા ઈચ્છે છે અથવા તો તે સ્ત્રીઓની આદત છે જે શરમ અને હયાના કારણે ઉતાવળે નથી ચાલતી અથવા તો બીમારોની આદત છે જે આવું ચાલવા માટે મજબૂર છે. પ્રથમ સ્વરૂપ હરામ અને બીજામાં પણ જો સ્ત્રીઓની સમાનતા પેદા કરવાના ઈરાદાથી હોય તો નાજાઇઝ છે અને એ ઈરાદો ન હોય તો પછી પુરુષો માટે એક ઐબ છે. આ ત્રીજા સ્વરૂપમાં અલ્લાહની નાશુક્રી છે કે તંદુરસ્તી હોવા છતાં બીમારો જેવો સ્વાંગ રચે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે સહાબએ કિરામ (રદિ.)ને યહૂદીઓ જેમ દોડવાથી પણ મનાઈ કરવામાં આવતી હતી અને નસારાની જેમ ખૂબ ધીમે ચાલવાથી પણ તથા હુકમ આ હતો કે તે બંને ચાલોની વચ્ચેની ચાલ અપનાવવામાં આવે.

હઝરત આયશા (રદિ.)એ કોઈ વ્યક્તિને ખૂબ ધીમો ચાલતો જોયો જેમકે હમણા મરી જશે તો લોકોને પૂછ્યું કે આ આવું કેમ ચાલે છે ? તો લોકોએ કહ્યું કે

قُـرَّاء (કુર્રા)માંથી છે. قُـرَّاء (કુર્રા) એ قَـارِىْ (કારી)નું બહુવચન છે, તે સમયમાં "કારી" તેને પણ કહેવામાં આવતા હતા જે કુર્આનની તિલાવતને સિહ્હત તથા અદબો સાથે પઢતો હોય અને કુર્આનનો આલિમ પણ હોય. મતલબ એ હતો કે તે કોઈ મોટો કારી આલિમ છે એટલા માટે આવું ચાલે છે. આથી હઝરત આયશા (રદિ.)એ ફરમાવ્યું કે હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.) તેનાથી વધારે કારી હતા પરંતુ તેમની ટેવ એવી હતી કે તેઓ જ્યારે ચાલતા તો તેજ ચાલતા હતા. (ભાવાર્થ એવી ગતિ નથી જે પ્રતિબંધિત કરવામાં આવી છે બલકે તેનાથી મધ્યમ કક્ષાની ગતિ છે) અને જ્યારે તેઓ વાતચીત કરતા હતા તો એ રીતે કે લોકો સારી રીતે સાંભળી લે. (એવી ધીમી અવાજ ન રહેતી હતી કે સાંભળનારાઓને પૂછવું પડે કે શું કહ્યું ?)

وَاغْـضُضْ مِنْ صَوْتِكَ એટલે કે, અવાજ ધીમો કરવાનો ભાવાર્થ એ છે કે જરૂરતથી વધારે ઊંચો અવાજ ન કરો અને શોરબકોર ન કરો, જેમકે હમણા હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) વિશે વર્ણન થયું કે વાતચીત એવી કરતા હતા કે હાજરજનો સાંભળી લે, તેમને સાંભળવામાં તકલીફ ન થાય; ત્યાર પછી ફરમાવ્યું, اِنَّ اَنْـكَرَ الْاَصْـوَاتِ لَصَوْتُ الْحَمِيْرِ એટલે કે, પ્રાણીઓમાં સૌથી વધારે અણગમતો અવાજ ગધેડાનો છે જે ઘણો શોરબકોર કરે છે.

અત્રે સામાજિક શિષ્ટાચારમાંથી ચાર વસ્તુઓનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ લોકોથી વાતચીત અને મુલાકાતમાં ગર્વિષ્ઠ શૈલીથી મોઢું ફેરવીને વાત કરવાનો પ્રતિબંધ, બીજું જમીન ઉપર ઇતરાઈને ચાલવાનો પ્રતિબંધ, ત્રીજું મધ્યમ ગતિએ ચાલવાનું માર્ગદર્શન, ચોથું ખૂબ જોરથી શોરબકોર મચાવવાનો પ્રતિબંધ.

રસૂલે કરીમ ﷺની ટેવો અને મુબારક આદતોમાં આ બધી વસ્તુઓ એકઠી હતી. "શમાઈલે તિરમિઝી"માં હઝરત હુસૈન (રદિ.)એ ફરમાવે છે કે મેં મારા પિતા હઝરત અલી મુર્તઝા (રદિ.)ને પૂછ્યું કે રસૂલે કરીમ ﷺ જ્યારે લોકોની સાથે બેસતા હતા તો અંદર અંદર આપ ﷺની શું વર્તણૂક હતી ? તેમણે કહ્યું,

كَانَ دَائِمَ الْبِشْرِ سَهلَ الْخُلقِ لَيِّنَ الْجَانِبِ لَيسَ بِفَظٍّ وَلَا غَلِيظٍ وَلا صَخَّابٍ فِي الْاَسْوَاقِ وَلَا فَحَّاشٍ وَلا عَيَّابٍ وَلَا مُشَاحٍ يَتَغَافَلُ عَمَّا لَا يَشْتَهِي وَلَا يُؤيِسُ مِنهُ وَلَا يُجِيبُ فِيهِ قَدْتَرَكَ نَفْسَهُ مِنْ ثَلَاثٍ الْمِرَاءِ وَالْإِكْبَارِ وَمَا لَا يَعْنِيهِ

"રસૂલે કરીમ ﷺ હંમેશા ખુશમિજાઝ જણાતા હતા, તેમના અખ્લાકમાં વિનમ્રતા અને વર્તણૂકમાં સરળતા હતી, તેમનો સ્વભાવ કઠોર ન હતો, વાત પણ કઠોર ન હતી, તેઓ ન તો શોરબકોર કરનારા હતા ન જ વ્યર્થ વાતો કરનારા હતા, ન કોઈને એેબ લગાવતા હતા, ન જ કંજૂસાઈ કરતા હતા. જે વસ્તુઓ મનને ગમતી ન હતી તેના તરફથી ગફલત વર્તતા હતા (પરંતુ) બીજાઓને તેના તરફથી નિરાશ પણ કરતા ન હતા (જો હલાલ હોય અને તે તેમને પસંદ હોય), અને જે વસ્તુઓ પોતાને પસંદ ન હોય અન્યોના હકમાં તેનો કાપ ન કરતા હતા (બલકે મૌન ધારણ કરતા હતા). ત્રણ વસ્તુઓ રસૂલે કરીમ ﷺએ બિલકુલ છોડી દીધી હતી. એક ઝઘડવું, બીજું અભિમાન કરવું, ત્રીજું જે વસ્તુ કામની ન હોય તેમાં પ્રવૃત્ત થવું."

આયતો : (સૂરએ લુકમાન : આયત નં. ૨૦ થી ૩૨)

اَلَمْ تَرَوْا اَنَّ اللّٰهَ سَخَّرَ لَكُمْ مَّا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ وَاَسْبَغَ عَلَيْكُمْ نِعَمَهٗ
ظَاهِرَةً وَّ بَاطِنَةً ؕ وَمِنَ النَّاسِ مَنْ يُّجَادِلُ فِي اللّٰهِ بِغَيْرِ عِلْمٍ وَّلَا هُدًى وَّلَا
كِتٰبٍ مُّنِيْرٍ ﴿٢٠﴾ وَاِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا مَآ اَنْزَلَ اللّٰهُ قَالُوْا بَلْ نَتَّبِعُ مَا وَجَدْنَا عَلَيْهِ
اٰبَآءَنَا ؕ اَوَلَوْ كَانَ الشَّيْطٰنُ يَدْعُوْهُمْ اِلٰى عَذَابِ السَّعِيْرِ ﴿٢١﴾ وَمَنْ يُّسْلِمْ
وَجْهَهٗٓ اِلَى اللّٰهِ وَهُوَ مُحْسِنٌ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ؕ وَاِلَى اللّٰهِ
عَاقِبَةُ الْاُمُوْرِ ﴿٢٢﴾ وَمَنْ كَفَرَ فَلَا يَحْزُنْكَ كُفْرُهٗ ؕ اِلَيْنَا مَرْجِعُهُمْ فَنُنَبِّئُهُمْ بِمَا
عَمِلُوْا ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿٢٣﴾ نُمَتِّعُهُمْ قَلِيْلًا ثُمَّ نَضْطَرُّهُمْ اِلٰى عَذَابٍ

غَلِيْظٍ ﴿٢٤﴾ وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ لَيَقُوْلُنَّ اللّٰهُ ؕ قُلِ
الْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٢٥﴾ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اِنَّ اللّٰهَ
هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ﴿٢٦﴾ وَلَوْ اَنَّ مَا فِي الْاَرْضِ مِنْ شَجَرَةٍ اَقْلَامٌ وَّالْبَحْرُ
يَمُدُّهٗ مِنْۢ بَعْدِهٖ سَبْعَةُ اَبْحُرٍ مَّا نَفِدَتْ كَلِمٰتُ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٧﴾ مَا
خَلْقُكُمْ وَلَا بَعْثُكُمْ اِلَّا كَنَفْسٍ وَّاحِدَةٍ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌۢ بَصِيْرٌ ﴿٢٨﴾ اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ
يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ۖ كُلٌّ
يَّجْرِيْۤ اِلٰۤى اَجَلٍ مُّسَمًّى وَّاَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿٢٩﴾ ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَ
الْحَقُّ وَاَنَّ مَا يَدْعُوْنَ مِنْ دُوْنِهِ الْبَاطِلُ ۙ وَاَنَّ اللّٰهَ هُوَ الْعَلِيُّ الْكَبِيْرُ ﴿٣٠﴾ ع
اَلَمْ تَرَ اَنَّ الْفُلْكَ تَجْرِيْ فِي الْبَحْرِ بِنِعْمَتِ اللّٰهِ لِيُرِيَكُمْ مِّنْ اٰيٰتِهٖ ؕ اِنَّ فِيْ
ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ﴿٣١﴾ وَاِذَا غَشِيَهُمْ مَّوْجٌ كَالظُّلَلِ دَعَوُا اللّٰهَ
مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۚ۬ فَلَمَّا نَجّٰىهُمْ اِلَى الْبَرِّ فَمِنْهُمْ مُّقْتَصِدٌ ؕ وَمَا يَجْحَدُ
بِاٰيٰتِنَاۤ اِلَّا كُلُّ خَتَّارٍ كَفُوْرٍ ﴿٣٢﴾

તરજુમો :

શું તમે જોયું નથી કે અલ્લાહે તમારા કામે લગાડયા જે કંઈ આસમાન અને જમીનમાં છે અને તમારા ઉપર પોતાની ખુલ્લી અને ગુપ્ત નેઅ્મતો પૂર્ણ કરી દીધી અને લોકોમાં એવા પણ છે જેઓ અલ્લાહની વાતોમાં ઝઘડે છે, ન સમજ રાખે છે ન તો સૂઝ અને ન જ રોશન કિતાબ. (૨૦) અને જ્યારે તેમને કહો, તે હુકમ ઉપર ચાલો જે અલ્લાહે ઊતાર્યો; કહે, નહીં ! અમે તો તેના ઉપર ચાલીશું જેના ઉપર અમે પોતાના બાપ દાદાઓને પામ્યા; ભલા અને જો શયતાન તેમને દોઝખ તરફ બોલાવતો હોય તો પણ !? (૨૧) અને જે કોઈ પોતાનું મુખ અલ્લાહ તરફ તા'બે કરે અને તે નેકી ઉપર હોય; બસ તેણે

મજબૂત કડું પકડી લીધું અને દરેક કાર્યનો અંત અલ્લાહ તરફ જ છે. (૨૨) અને જો કોઈ ઈન્કારી થયો તો તમે તેના ઈન્કારથી ગમ ન કરો, તેમણે અમારા તરફ પાછા વળીને આવવાનું છે, પછી અમે તેમને જે કંઈ તેમણે કર્યું છે બતાવી દઈશું; અલબત્ત અલ્લાહ જાણે છે જે વાત દિલોમાં છે. (૨૩) અમે તેમનું કામ થોડા દિવસો ચલાવી દઈશું, પછી તેમને ભારે અઝાબ તરફ ખેંચી લાવીશું. (૨૪) અને જો તમે તેમને પૂછો આસમાન અને જમીન કોણે બનાવ્યા ? તો કહે, અલ્લાહે; તમે કહો, (અલ્હમ્દુલિલ્લાહ !) બધી જ ખૂબી અલ્લાહની છે પરંતુ તે ઘણા લોકો સમજ નથી ધરાવતા. (૨૫) અલ્લાહનું જ છે જે કંઈ આસમાન અને જમીનમાં છે, બેશક ! અલ્લાહ તે જ છે બેપરવા, બધી ખૂબીઓવાળો. (૨૬) અને જો જમીનમાં જેટલા વૃક્ષો છે કલમ હોય અને સમંદર તેની શાહી હોય, તે ઉપરાંત સાત સમંદર; (તો પણ) અલ્લાહની વાતો પૂરી ન થાય, બેશક ! અલ્લાહ જબરદસ્ત હિકમતોવાળો છે. (૨૭) તમને બધાને બનાવવા અને મર્યા પછી જીવાડવા એવું જ છે જેમકે એક જીવને, બેશક ! અલ્લાહ સઘળું સાંભળે જુએ છે. (૨૮) તમે જોયું નથી કે અલ્લાહ રાત્રિને દિવસમાં દાખલ કરે છે અને દિવસને રાત્રિમાં દાખલ કરે છે અને સૂર્ય તથા ચંદ્રને કામે લગાડી દીધા છે, દરેક એક નિશ્ચિત સમય સુધી ચાલે છે અને એ કે જે તમે કરો છો અલ્લાહ તેની ખબર રાખે છે. (૨૯) આ એટલા માટે (કહ્યું) કે અલ્લાહ તે જ છે હક્ક અને જે કોઈને તેના સિવાય પોકારે છે તે જ જૂઠ છે અને અલ્લાહ તે જ છે સૌથી ઉપરવટ, સૌથી મોટો. (૩૦) તમે જોયું નથી કે સમંદરમાં અલ્લાહની નેઅ્મત લઈને વહાણ ચાલે છે જેથી તમને પોતાની અમુક નિશાનીઓ બતાવે, અલબત્ત તેમાં દરેક ધૈર્ય દાખવનાર આભાર માનનાર માટે નિશાનીઓ છે. (૩૧) અને જ્યારે તેઓ મોજાંઓ જેવા વાદળોથી ઢાંકી લેવામાં આવે (ત્યારે) અલ્લાહને તેના જ માટે બંદગી શુદ્ધ કરી પોકારવા લાગે, પછી જ્યારે તેમને ભૂ-ભાગ તરફ બચાવી લઈએ તો કોઈ તેઓમાં મધ્યમ માર્ગે હોય છે અને અમારી નિશાનીઓથી ઈન્કારી તે જ થાય છે જેઓ વાતના જૂઠા છે, હક ન માનનારા (નગુણા છે).(૩૨)

તફસીર :

શું તમને લોકોને (અનુભવ અને દલીલોથી) એ વાત જાણ નથી થઈ કે અલ્લાહ તઆલાએ બધી વસ્તુઓને (પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે) તમારા કામમાં લગાવી રાખી છે જે કંઈ આસમાનોમાં (મોજૂદ) છે અને જે કંઈ જમીનમાં (મોજૂદ) છે અને તેણે તમારા ઉપર પોતાની નેઅ્મતો જાહેર અને છુપી સંપૂર્ણ કરી રાખી છે (જાહેર એ કે આંખ, કાન વગેરેથી જાણ થાય અને છુપી એ કે જે બુદ્ધિથી સમજવામાં આવે અને નેઅ્મતોથી ભાવાર્થ તે નેઅ્મતો છે જે આસમાન અને જમીનમાં કામે લગાડવામાં આવી છે, બસ તેનાથી બધા લોકોનું ઈસ્લામની દોલતથી માલા માલ થઈ જવું જરૂરી નથી બનતું) અને એમ છતાં કે આ દલીલથી તવહીદ સાબિત થાય છે પરંતુ અમુક લોકો એવા છે કે અલ્લાહ તઆલા વિશે (એટલે કે તવહીદની બાબતમાં) જાણ્યા વિના (એટલે કે જરૂરી જ્ઞાન વિના) અને વિના દલીલે (એટલે કે તાકીદ કે બૌદ્ધિક દલીલો વિના) અને વિના કોઈ રોશન કિતાબ (એટલે કે વહી દ્વારા નાઝિલ થયેલ જ્ઞાન વિના) ઝઘડો કરે છે અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે તે વસ્તુનું અનુસરણ કરો જે અલ્લાહ તઆલાએ નાઝિલ કરી છે (એટલે કે સત્યને સાબિત કરનાર દલીલોમાં વિચાર કરીને તેનું અનુસરણ કરો) તો (જવાબમાં) કહે છે કે (અમે તેનું અનુસરણ) નથી (કરતા) અમે (તો) તેનું જ અનુસરણ કરીશું જેના ઉપર અમે પોતાના વડીલોને જોયા છે (આગળ તેનો રદિયો છે કે) શું જો શયતાન તેમના વડીલોને દોઝખના અઝાબ તરફ (એટલે કે ગુમરાહી તરફ કે જે દોઝખના અઝાબનું કારણ છે) બોલાવતો રહ્યો હોય તો પણ (તેમનું જ અનુસરણ કરશે) !? (મતલબ એ કે તેઓ એવા નફ્ફટ છે કે તેમને સ્પષ્ટ દલીલ તરફ બોલાવવામાં આવે છે પરંતુ છતાં પણ દલીલથી વિરુદ્ધ માત્ર ગુમરાહ બાપ દાદાઓના માર્ગ ઉપર ચાલે છે, આ હાલત તો ગુમરાહ લોકોની થઈ) અને જે વ્યક્તિ (સત્યનું અનુસરણ કરીને) પોતાનું મોઢું અલ્લાહ તરફ ઝુકાવી દે (એટલે કે આજ્ઞાપાલન અપનાવે અકીદાઓમાં પણ અને અમલોમાં પણ તેનો ભાવાર્થ ઈસ્લામ અને તવહીદ છે) અને (તેની સાથે સાથે) તે નિખાલસ પણ હોય (એટલે કે માત્ર દેખાવમાં ઈસ્લામ ન હોય) તો તેણે ઘણો મજબૂત ગાળિયો પકડી લીધો (એટલે કે તે એ વ્યક્તિ સમાન થઈ ગયો જે કોઈ મજબૂત દોરડાનો ગાળિયો હાથમાં પકડીને પડવાથી સલામત રહે છે, એ જ

પ્રમાણે આ વ્યક્તિ હલાક થવાથી અથવા નુકસાન પામવાથી સુરક્ષિત થઈ ગયો) અને અંતે બધા કાર્યોનું પરિણામ અલ્લાહ તરફ જ પહોંચશે (બસ આ અમલો એટલે કે બાતિલનું અનુસરણ અને હકનું અનુસરણ પણ તેની જ સામે રજુ થશે બસ તે દરેકને યોગ્ય બદલો અને સજા આપશે) અને જે વ્યક્તિ (સત્યને સાબિત કરનાર દલીલો હોવા છતાં) કુફ્ર કરે, બસ તમારા માટે તેનું કુફ્ર ગમનું કારણ ન હોવું જોઈએ (એટલે કે આપ ﷺ ગમ ન કરો) તે બધાને અમારી પાસે જ પાછા વળવાનું છે, બસ અમે તે સૌને બતાવી આપીશું જે કંઈ તેઓ (દુનિયામાં) કર્યા કરતા હતા (કારણ કે) અલ્લાહ તઆલાને (તો) દિલોની વાતો (સુદ્ધાં) સારી પેઠે ખબર છે (તો જાહેર અમલોની બાબત દેખીતી છે, બસ અમારાથી કોઈ બાબત ગુપ્ત નથી, બધું બતાવી આપીશું અને યોગ્ય સજા આપીશું એટલા માટે તમે કોઈ ગમ ન કરો અને આ લોકો જો માત્ર અમુક દિવસની અય્યાશી ઉપર ફુલાઈ રહ્યા છે તો તે તેમની મોટી ભૂલ છે કારણ કે એ કાયમી નથી, બલકે) અમે તેમને અમુક દિવસનો વૈભવ આપીએ છીએ પછી તેમને ખેંચી ખેંચીને એક ભારે અઝાબ તરફ લઈ આવીશું (બસ તેના ઉપર નાઝ કરવો નરી અજ્ઞાનતા છે) અને (અમે જે તવહીદ તરફ તેમને બોલાવી રહ્યા છે તેની પ્રસ્તાવનાને પોતે આ લોકો પણ સ્વીકાર કરે છે પરંતુ તેને સાચા પરિણામ સુધી પહોંચાડવાનું કામ લેતા નથી એટલા માટે) જો તમે તેમને પૂછશો કે આસમાન અને જમીનને કોણે પેદા કર્યા છે તો અવશ્ય એ જ જવાબ આપશે કે અલ્લાહે; (તેના ઉપર) તમે કહી આપો કે અલ્હમ્દુલિલ્લાહ ! (જે અલ્લાહની શા'ન હતી તે તો તમારા સ્વીકારથી સાબિત થઈ અને બીજી બાબતો પણ ખૂબ સ્પષ્ટ છે કે પોતે મખ્લૂક અને બનાવાયેલી વસ્તુ હોય તે ઈબાદતના લાયક નથી હોતી, બસ હેતુ સાબિત થઈ ગયો પરંતુ આ લોકો મૂળ વાતને જ માનતા નથી) પરંતુ તેમાં ઘણા ખરા (તો આ પ્રસ્તાવનાને પણ) નથી જાણતા (એટલા માટે બીજી સ્પષ્ટ નિશાનીઓ તરફ પણ ધ્યાન નથી આપતા કે મઅ્બૂદ હોવું માત્ર સર્જનહાર અલ્લાહનો જ હક છે અને તે અલ્લાહની જ શા'ન છે કે) જે કંઈ આસમાન અને જમીનમાં મોજૂદ છે બધું અલ્લાહનું જ (બનાવેલું) છે, બસ (તેની બાદશાહત સર્વત્ર છવાયેલ છે) અને બેશક ! અલ્લાહ તઆલા (પોતે પોતાની જાતમાં પણ) બેપરવા (અને) બધી જ ખૂબીઓવાળો છે (બસ ઈબાદતનો હકદાર એકમાત્ર તે જ છે) અને (તેની

ખૂબીઓ એટલા મોટા પ્રમાણમાં છે કે) જેટલા વૃક્ષો આખી પૃથ્વી ઉપર છે જો તે બધા કલમ બની જાય (એટલે કે તેમના લાકડામાંથી કલમ બનાવી લેવામાં આવે અને દેખીતું છે કે આ રીતે એક એક વૃક્ષમાંથી હજારો કલમ તૈયાર થશે) અને જે મહાસાગરો છે તે ઉપરાંત સાત મહાસાગરો (શાહીના બદલે) તેમાં બીજા ઉમેરવામાં આવે (અને પછી તે કલમોથી અને આ શાહીથી અલ્લાહ તઆલાની વિશિષ્ટતાઓ લખવાનું શરૂ કરવામાં આવે) તો (બધા કલમ અને શાહી પૂરા થઈ જાય અને) અલ્લાહની વાતો (એટલે કે તે વાક્યો જેનાથી અલ્લાહ તઆલાની વિશિષ્ટતાઓનું વર્ણન થતું હોય તે) પૂર્ણ ન થાય, બેશક ! અલ્લાહ તઆલા જબરદસ્ત હિકમતવાળો છે (કે તે કુદરતમાં પણ સંપૂર્ણ છે અને જ્ઞાનમાં પણ અને આ બંને લક્ષણો કારણ કે બધા જ લક્ષણો અને કાર્યો સાથે સંબંધ ધરાવે છે કદાચ એટલા માટે અમુક સામાન્ય બાબતોને ખાસ સ્વરૂપે વર્ણન કરવામાં આવી, તેની કુદરતની સિફતના કમાલનું એક પાસું આખિરતનું વિશ્વ પણ છે જેને અણસમજ લોકો મુશ્કેલ સમજી રહ્યા છે જ્યારે કે તે એવો મહાશક્તિશાળી છે કે) તમને સૌને (પ્રથમ વખતે) પેદા કરવું અને (બીજી વખતે) સજીવન કરવું (તેની પાસે) બસ એવું જ છે જેમકે એક વ્યક્તિનું (પેદા કરવું અને સજીવન કરવું, મતલબ કે અહીંયાં સમજાવવાનો હેતુ સામાન્ય નિશાની છે કે જે રીતે મોત પછી સજીવન કરવાનું વર્ણન કર્યું છે પરંતુ સર્જનના વર્ણનથી દલીલ વધારે મજબૂત થઈ ગઈ છે) બેશક ! અલ્લાહ તઆલા સઘળું કંઈ સાંભળે અને બધું જ કંઈ જુએ છે (બસ જે લોકો દલીલો હોવા છતાં કયામતનો ઈન્કાર કરી રહ્યા છે અને એ જ હિંમત ઉપર દુષ્ટ અને નિર્લજ્જ કૃત્યો આચરે છે તે બધાને સાંભળી રહ્યો છે, જોઈ રહ્યો છે, તેની સજા આપશે, આગળ ફરી તવહીદનું વર્ણન છે કે) હે શ્રોતા ! શું તને એ જાણ નથી થઈ કે અલ્લાહ તઆલા રાત્રિ(ના પહોર)ને દિવસમાં અને દિવસ(ના પહોર)ને રાત્રિમાં દાખલ કરી આપે છે અને તેણે સૂરજ અને ચાંદને કામે લગાડી રાખ્યા છે કે દરેક નિશ્ચિત સમય સુધી (એટલે કે કયામત સુધી) ચાલતા રહેશે અને (શું તમને) એ (જાણ નથી) કે અલ્લાહ તઆલા તમારા બધા કાર્યોની સંપૂર્ણ ખબર રાખે છે ? (બસ આ વિશિષ્ટતાના કારણે બુદ્ધિ અને જ્ઞાનનો તકાદો એ છે કે શિર્ક છોડી દેવામાં આવે અને ઉપર જે આ પ્રસ્તુત બાબતોને ટૂંકમાં અલ્લાહ તઆલાની સાથે ખાસ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે) આ (ખાસ ખાસ

બાબતો) એ કારણે છે કે અલ્લાહ તઆલાની જ હસ્તી સંપૂર્ણ (અને સદાય હયાત) છે અને જે વસ્તુઓની અલ્લાહ તઆલા સિવાય આ લોકો ઈબાદત કરી રહ્યા છે બિલકુલ જ નાશવંત છે અને અલ્લાહ જ ઉચ્ચ શા'નવાળો અને સૌથી મોટો છે (એટલા માટે આ બધી બાબતો તેના માટે ખાસ છે).

હે શ્રોતા ! શું તને (તવહીદની) એ (દલીલ) ખબર નથી કે અલ્લાહની જ કૃપાથી દરિયામાં વહાણ ચાલે છે જેથી તમને પોતાની (કુદરતની) નિશાનીઓ બતાવે (એટલા માટે દરેક શક્યતાનું અસ્તિત્વ પોતાના પેદા કરનારના અસ્તિત્વની દલીલ છે એ જ રીતે) તેમાં (પણ કુદરતની) નિશાનીઓ છે દરેક એવા વ્યક્તિ માટે જે સબ્ર કરનાર અને શુક્ર કરનાર હોય (તેનાથી ભાવાર્થ મો'મિન છે કે સબ્ર અને શુક્રમાં સંપૂર્ણ હોવું મો'મિનની જ સિફત છે. વળી સબ્ર અને શુક્ર ચિંતન અને વિશ્વના અસ્તિત્વમાં મનનની દલીલ છે. વળી ચિંતન અને મનન માટે દલીલો આવશ્યક છે એટલા માટે આ બંને ખાસિયતો અત્રે યોગ્ય થઈ, ખાસ કરીને વહાણની પરિસ્થિતિના આધારે કે મોજાંઓનું ઊઠવું સબ્રની જગ્યા છે અને સલામતીથી કિનારે પહોંચવું શુક્રનું સ્થળ છે, બસ જે લોકો આ બંને બાબતોમાં ચિંતન કરતા રહે છે તેમને જ દલીલોની તવફીક થાય છે) અને (જેમકે ઉપર આયત وَلَئِنْ سَأَلْتَهُمْ માં દલીલનો સ્વીકાર તે કાફિરો તરફથી સાબિત છે અમુક સમયે પોતે દલીલનું પરિણામ એટલે કે તવહીદનો પણ સ્વીકાર કરે છે, જેનાથી તવહીદ પોતે જ સ્પષ્ટ થઈ ગઈ એટલા માટે) જ્યારે તે લોકોને મોજાંઓ પડછાયા (એટલે કે વાદળો)ની જેમ (છવાઈને) ઘેરી લે છે તો તેઓ નિખાલસતાથી શ્રદ્ધા ધરાવી અલ્લાહને જ પોકારવા લાગે છે, પછી જ્યારે તેમને છુટકારો આપીને સુક્કા (એટલે કે કિનારા) તરફ લઈ આવે છે ત્યારે બસ અમુક તો તેમાંથી મધ્યમ માર્ગ ઉપર રહે છે (એટલે કે શિર્કના ખોટા માર્ગને છોડીને તવહીદને કે જે ન્યાયનો તરીકો છે અપનાવી લે છે) અને (અમુક પછી અમારી આયતોના ઈન્કારી થઈ જાય છે અને) અમારી આયતોના બસ તે જ લોકો ઈન્કારી થાય છે જે વાયદો ભંગ કરનાર અને નગુણા છે (કે વહાણમાં જે તવહીદનો વાયદો કર્યો હતો તેને તોડી નાંખ્યો અને કિનારે આવ્યા પછી તેનો તકાદો એ હતો કે આભાર માને પરંતુ તેને પણ છોડી દીધું).

મસ્અલા અને બોધપાઠ :

સૂરતની શરૂઆતમાં કાફિરો અને મુશ્રિકોને એ બાબત ઉપર ચેતવણી આપવામાં આવી હતી કે અલ્લાહ તઆલાનું સર્વત્ર છવાયેલું જ્ઞાન અને તેની કુદરતના અસંખ્ય પ્રત્યક્ષ નજારાઓ જોયા છતાં આ લોકો કુફ્ર અને શિર્કમાં રત છે અને તેના મુકાબલામાં આજ્ઞાપાલક મો'મિનોના વખાણ અને તેમના સારા પરિણામનું વર્ણન હતું. વચ્ચે હઝરત લુકમાન (અલૈ.)ની વસિય્યતનું પણ વર્ણન આ જ વિષયોની પૂર્ણતા હતી. પ્રસ્તુત આયતોમાં અલ્લાહ તઆલાનું જ્ઞાન અને કુદરત સર્વત્ર છવાયેલી હોવા ઉપર અને મખ્લૂક ઉપર તેના ઈનામો અને અહેસાનોનું વર્ણન કરી તવહીદ તરફ આમંત્રણ છે.

سَخَّرَ لَكُمْ مَّا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ એટલે કે, અલ્લાહ તઆલાએ તમારા માટે તે તમામ વસ્તુઓને જે આસમાનમાં છે અને જમીનમાં છે કામે લગાડી દીધી. مُسَخَّر (મુસખ્ખર) કરવાનો મશ્હૂર અર્થ કોઈ વસ્તુને કોઈના હુકમના તા'બે બનાવી દેવી છે. અત્રે તેનાથી એ સવાલ પેદા થાય છે કે પ્રથમ તો જમીનની બધી વસ્તુઓ પણ મનુષ્યના હુકમના તા'બે નથી પરંતુ ઘણી બધી વસ્તુઓ તેના સ્વભાવના વિરુદ્ધ કામ કરે છે, ખાસ કરીને જે વસ્તુઓ આસમાનોમાં છે તેમાં તો મનુષ્યના હુકમના તા'બે હોવાની કોઈ સંભાવના પણ નથી.

જવાબ એ છે કે વાસ્તવમાં تَسْخِيْر (તસ્ખીર)નો અર્થ કોઈ વસ્તુને બળજબરીથી કોઈ ખાસ કામે લગાડી દેવું અને તેના ઉપર મજબૂર કરવું થાય છે, આસમાન અને જમીનની બધી જ મખ્લૂકોને મનુષ્ય માટે કામે લગાડવાનો મતલબ એ છે કે તે બધી જ મખ્લૂકને મનુષ્યની સેવા અને લાભ પહોંચાડવામાં લગાવી દીધી, તેમનામાં ઘણી બધી વસ્તુઓને તો એ પ્રમાણે સેવામાં લગાવી કે તેમને મનુષ્યના હુકમના તા'બે પણ બનાવી દીધી, તે જે સમયે જે રીતે ઇચ્છે તેનો ઉપયોગ કરે છે, ઘણી બધી વસ્તુઓ એવી છે કે તેમને મનુષ્યના કાર્યમાં લગાવી દીધી છે કે તે માનવીની સેવામાં લાગેલી હોય છે પરંતુ અલ્લાહની હિકમતના તકાદા હેઠળ તેમને મનુષ્યના તા'બે નથી બનાવવામાં આવી, જેમકે આસમાની મખ્લૂક અને ગ્રહો, વીજળી, વરસાદ વગેરે કે જો તેને મનુષ્યના હુકમના તા'બે

બનાવી દેવામાં આવી હોત તો માનવ પ્રકૃતિ અને સ્વભાવ તથા પરિસ્થિતિઓની વિવિધતાએ તેના ઉપર પ્રભાવ પાડ્યો હોત. એક માણસ ઇચ્છતો હોત કે સૂર્ય જલદી ઊગી જાય બીજાની જરૂરત એ ઉપર અવલંબિત હોત કે તેમાં મોડું થાય, એક વ્યક્તિ વરસાદ માંગતો હોય, બીજો વ્યક્તિ મુસાફરીમાં ખુલ્લા મેદાનમાં છે તે ઇચ્છતો હોત કે વરસાદ ન થાય તો હિકમતના આ તકાદા હેઠળ આસમાની સૃષ્ટિના કાર્યમાં વિરોધાભાસ અને ખલેલ ઉપસ્થિત થઈ હોત એટલા માટે અલ્લાહ તઆલાએ આ બધી વસ્તુઓને મનુષ્યની સેવામાં લગાડી દીધી પરંતુ તેને મનુષ્યના તા'બે બનાવી નથી, આ પણ એક પ્રકારની تَسۡخِيۡر (તસ્ખીર) જ છે. વલ્લાહુ અઅ્લમુ.

وَاَسۡبَغَ عَلَيۡكُمۡ نِعَمَهٗ ظَاهِرَةً وَّبَاطِنَةً માં اِسۡبَاغ નો અર્થ "સંપૂર્ણ કરવું" થાય છે. ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાએ તમારા ઉપર પોતાની જાહેર અને ગુપ્ત નેઅ્મતોને પૂર્ણ કરી દીધી. અત્રે જાહેર નેઅ્મતોથી ભાવાર્થ તે નેઅ્મતો છે જે માનવી પોતાની પાંચેય ઇન્દ્રીયોથી અનુભવીને જાણી લે છે, દાખલા તરીકે ખૂબ સારા સ્વરૂપમાં મનુષ્યના દરેક અવયવોનું મધ્યમપણું અને દરેક અવયવને એવા પ્રમાણસર બનાવવામાં આવ્યા છે કે મનુષ્યના દરેક કાર્યમાં વધારેથી વધારે સહાયક પણ બને અને તેના રંગરૂપ અને સ્વરૂપને પણ ન બગાડે. એ જ પ્રમાણે રોજી, માલ અને દોલત, આર્થિક ઉપાર્જનના માધ્યમો, તંદુરસ્તી અને રાહત; આ બધી જાહેર અને અનુભવી શકાય એવી નેઅ્મતો છે. એ જ પ્રમાણે દીને ઇસ્લામને સરળ બનાવી દેવો અને અલ્લાહ તથા રસૂલ ﷺની આજ્ઞાપાલનની તવફીક થવી તથા ઇસ્લામનું અન્ય ધર્મો ઉપર છવાઈ જવું અને દુશ્મનોના મુકાબલામાં મુસલમાનોની મદદ થવી પણ આ જ જાહેર નેઅ્મતોમાં સામેલ છે અને ગુપ્ત નેઅ્મતો તે છે જે મનુષ્યના દિલ સાથે સંબંધ ધરાવે છે જેમકે ઈમાન અને અલ્લાહ તઆલાનો પરિચય તથા જ્ઞાન અને બુદ્ધિ, સારી વર્તણૂક, ગુનાહોથી આંખ આડા કાન કરવા તથા અપરાધો ઉપર તાત્કાલિક સજા ન આપવી વગેરે.

وَلَوۡ اَنَّ مَا فِى الۡاَرۡضِ مِنۡ شَجَرَةٍ اَقۡلَامٌ આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની જાણકારી અને પોતાની કુદરતની નિશાનીઓ અને પોતાની નેઅ્મતોનું એક દૃષ્ટાંત આપ્યું છે કે તે કદી ન પૂર્ણ થનાર બાબત છે, ન કોઈ જીભથી તે બધું વર્ણન થઈ શકે છે અને ન જ કોઈ કલમથી બધું લખી શકાય છે, દૃષ્ટાંત એ વર્ણન

કર્યું કે સમગ્ર જમીનમાં જેટલા પણ વૃક્ષો છે જો તેમની બધાની ડાળીઓની કલમ બનાવી લેવામાં આવે અને તેનાથી લખવા માટે સમંદરને શાહી બનાવી દેવામાં આવે અને આ બધી કલમો હક તઆલા શા'નુહૂની જાણકારી અને તેના કુદરતના કરિશ્માઓને લખવાનું શરૂ કરે તો મહાસાગરો પૂરા થઈ જશે પરંતુ અલ્લાહનું જ્ઞાન અને તેની કુદરતની વિશિષ્ટતાઓ કદી પૂર્ણ ન થશે અને એક સમંદર નહીં તેના જેવા બીજા સાત મહાસાગરો પણ સામેલ કરી દેવામાં આવે તો પણ બધા મહાસાગરો પૂરા થઈ જશે પરંતુ અલ્લાહ તઆલાની વિશેષતાઓનું વર્ણન પૂર્ણ થશે નહીં. كَلِمَاتُ اللّٰه (કલિમાતુલ્લાહ)થી ભાવાર્થ તેનું જ્ઞાન અને હિકમતની વિશેષતાઓ છે. (રૂહ અને મઝહરી) તથા કુદરતની નિશાનીઓ અને અલ્લાહની નેઅ્મતો પણ તેમાં સામેલ છે અને સાત મહાસાગરોનો અર્થ એ નથી કે ક્યાંક સાત મહાસાગરો મોજૂદ છે બલકે ભાવાર્થ એ છે કે એક મહાસાગરની સાથે કલ્પના કરો અને સાત મહાસાગરો મળી જાય તો પણ તે બધાથી كَلِمَاتُ اللّٰه ને લખી શકાશે નહીં અને સાતની સંખ્યા પણ અહીંયાં દૃષ્ટાંત સ્વરૂપે છે મૂળ હેતુ નથી અને તેની દલીલ કુર્આનની બીજી આયત છે, قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّىْ لَنَفِدَ الْبَحْرُ قَبْلَ اَنْ تَنْفَدَ كَلِمٰتُ رَبِّىْ وَلَوْ جِئْنَا بِمِثْلِهٖ مَدَدًا એટલે કે, જો સમંદરને كَلِمَاتُ اللّٰه અલ્લાહની વાતોનું વર્ણન લખવા માટે શાહી બનાવી લેવામાં આવે તો સમંદર પૂરા થઈ જશે પરંતુ અલ્લાહની વાતો કદી પૂર્ણ ન થશે, આ આયતમાં ઉદાહરણ સ્વરૂપે ફરમાવીને ઈશારો કરવામાં આવ્યો કે આ ક્રમ દૂર સુધી ચલાવવામાં આવે કે આ મહાસાગર જેવા બીજી મહાસાગરો મળી ગયા પછી તેના જેવો ત્રીજો, ચોથો મતલબ કે મહાસાગરોનું કેટલુંય પ્રમાણ કલ્પી લો તેની શાહી અલ્લાહની વાતોનો તાગ મેળવી શકતી નથી, તાર્કિક રીતે પણ કારણ દેખીતું છે કે મહાસાગરો સાત નહીં પરંતુ સાત હજાર હોય તો પણ અંતે તે મર્યાદિત અને પૂર્ણ થનાર છે પરંતુ كَلِمَاتُ اللّٰه (કલિમાતુલ્લાહ) એટલે કે અલ્લાહની જાણકારી કદી પૂર્ણ ન થનાર અનંત છે, કોઈ અપૂર્ણ વસ્તુથી સંપૂર્ણ વસ્તુનો તાગ કઈ રીતે મેળવી શકાય છે ?

અમુક રિવાયતોમાં છે કે આ આયત યહૂદીઓના અહ્બાર (સન્યાસીઓ) ના એક સવાલના જવાબ ઉપર નાઝિલ થઈ, કારણ એ હતું કે કુર્આનની આયત છે وَمَا اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا એટલે કે, "તમને આપવામાં નથી આવ્યું પરંતુ

ઘણું થોડું જ્ઞાન." જ્યારે રસૂલે કરીમ ﷺ મદીના તય્યિબહમાં આવ્યા તો અમુક યહૂદીઓના અહ્‌બાર હાજર થયા અને આ આયત વિશે વાંધો ઉઠાવ્યો કે આપ ﷺ જે કહે છે કે તમને થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે તે તમે પોતાની કોમની હાલત વર્ણન કરી છે અથવા તેમાં તમે અમને પણ સામેલ કરી દીધા છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મારો ભાવાર્થ બધા જ છે, એટલે કે અમારી કોમ પણ અને યહૂદી તથા નસારા પણ; તો જેમણે આ વિરોધ દર્શાવ્યો કે અમને તો અલ્લાહ તઆલાએ તવરાત આપી છે જેની શા'ન تِبْيَانٌ لِّكُلِّ شَىْءٍ છે. એટલે કે, દરેક વસ્તુનું વર્ણન છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તે પણ અલ્લાહના જ્ઞાનના મુકાબલામાં થોડું જ છે, પછી તવરાતમાં જેટલું જ્ઞાન છે તેનું પણ તમને સંપૂર્ણ જ્ઞાન નથી જરૂર પૂરતું જ છે એટલા માટે અલ્લાહના ઈલ્મના મુકાબલામાં સમગ્ર આસમાની કિતાબો અને બધા જ અંબિયા (અલૈ.)ના જ્ઞાનને એકઠા કરવામાં આવે તો પણ તે થોડું જ છે, આ જ બાબતના સમર્થન માટે આ આયત નાઝિલ થઈ, ...وَلَوْ اَنَّ مَا فِى الْاَرْضِ مِنْ شَجَرَةٍ اَقْلَامٌ (ઈબ્ને કસીર)

આયતો : (સૂરએ લુકમાન : આયત નં. ૩૩-૩૪)

يٰۤاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمْ وَاخْشَوْا يَوْمًا لَّا يَجْزِىْ وَالِدٌ عَنْ وَّلَدِهٖ ۖ وَلَا مَوْلُوْدٌ هُوَ جَازٍ عَنْ وَّالِدِهٖ شَيْـًٔا ؕ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ فَلَا تَغُرَّنَّكُمُ الْحَيٰوةُ الدُّنْيَا ۥ وَلَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ ﴿۳۳﴾ اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ ۚ وَيُنَزِّلُ الْغَيْثَ ۚ وَيَعْلَمُ مَا فِى الْاَرْحَامِ ؕ وَمَا تَدْرِىْ نَفْسٌ مَّاذَا تَكْسِبُ غَدًا ؕ وَمَا تَدْرِىْ نَفْسٌۢ بِاَىِّ اَرْضٍ تَمُوْتُ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ ﴿۳۴﴾ ع

તરજુમો :

હે લોકો ! પોતાના પરવરદિગારથી બચતા રહો અને તે દિવસથી ડરો કે કોઈ બાપ પોતાના બેટાના બદલે કામ નહીં લાગે અને ન તો કોઈ બેટો હોય જે પોતાના બાપની જગ્યાએ કંઈ પણ કામ લાગે, બેશક ! અલ્લાહનો વાયદો

સાચો છે, બસ તમને દુનિયાનું જીવન બહેકાવવા ન પામે અને ન જ તમને અલ્લાહના નામથી તે (શયતાન) દગાબાજ ધોકો આપે. (૩૩) બેશક ! કયામતની ખબર અલ્લાહ પાસે જ છે અને વરસાદ (તે જ) ઊતારે છે તથા જે કંઈ માંના પેટમાં છે તેને જાણે છે, અને કોઈ જીવને ખબર નથી કે કાલે શું કરશે અને કોઈ જીવને ખબર નથી કે કઈ ભૂમિમાં મરશે, નિઃશંક ! અલ્લાહ સઘળું જાણનાર બધી ખબર રાખનાર છે. (૩૪)

તફસીર :

હે લોકો ! પોતાના પરવરદિગારથી ડરો (અને કુફ્ર તથા શિર્કને છોડી દો) અને તે દિવસથી ડરો જેમાં ન કોઈ બાપ પોતાના બેટા તરફથી કંઈ માંગણી પૂર્ણ કરી શકશે અને ન કોઈ બેટો જ છે કે તે પોતાના બાપ તરફથી થોડી પણ માંગણી પૂર્ણ કરી શકે (અને એ દિવસ અવશ્ય આવશે કારણ કે તેના વિશે અલ્લાહનો વાયદો છે અને) ખરેખર અલ્લાહનો વાયદો સાચો (હોય) છે, બસ તમને દુનિયવી જિંદગી ધોકામાં ન નાંખે (કે તેમાં ઓતપ્રોત થઈને તે દિવસથી ગાફેલ રહો) અને ન જ તમને તે ધોકેબાજ (એટલે કે શયતાન) અલ્લાહથી ધોકામાં નાંખે (કે તમે તેના બહેકાવવામાં આવી જાઓ કે અલ્લાહ તમને અઝાબ આપશે નહીં, જેમકે કહ્યા કરતા હતા (وَلَئِنْ رُّجِعْتُ اِلٰى رَبِّىْ اِنَّ لِىْ عِنْدَهٗ لَلْحُسْنٰى) બેશક ! અલ્લાહને જ કયામતની ખબર છે અને તે જ (પોતાના જ્ઞાન પ્રમાણે) વરસાદ વરસાવે છે (બસ તેનું જ્ઞાન અને કુદરત પણ તેની સાથે જ ખાસ છે) અને તે જ જાણે છે જે કંઈ (પુત્ર કે પુત્રી ગર્ભવતીના) ગર્ભમાં છે અને કોઈ વ્યક્તિ નથી જાણતો કે તે કાલે શું પ્રવૃત્તિ કરશે (પરંતુ અલ્લાહને તેની પણ ખબર છે) અને કોઈ વ્યક્તિ નથી જાણતો કે તે કઈ ભૂમિમાં મરશે (પરંતુ અલ્લાહને તેની પણ ખબર છે અને આ વસ્તુઓની શું વિશેષતા છે, બલકે જેટલી પણ ગુપ્ત બાબતો છે) બેશક ! અલ્લાહ (જ તે) બધી વાતોને જાણનારો (અને તેની) ખબર રાખનાર છે (કોઈ બીજો તેનો ભાગીદાર નથી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ બે આયતમાં મો'મિન અને કાફિર સામાન્ય લોકોને સંબોધન કરીને અલ્લાહથી અને કયામતમાં હિસાબ કિતાબથી ડરાવીને

એના માટે તૈયારી કરવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે, يَآيُّهَاالنَّاسُ اتَّقُوْارَبَّكُمْ એટલે કે, "હે લોકો ! પોતાના પરવરદિગારથી ડરો." આ સ્થળે અલ્લાહ તઆલાના નામ અથવા કોઈ બીજા લક્ષણના બદલે "રબ્બ" (પાલનહાર)ના લક્ષણને ચૂંટી કાઢવામાં એ તરફ ઈશારો છે કે અલ્લાહ તઆલાથી ડરવાનો જે હુકમ છે તે એવો ડર નથી જેમકે કોઈ હિંસક પ્રાણી અથવા દુશ્મનથી સ્વાભાવિક રીતે થતો હોય છે, કારણ કે અલ્લાહ તઆલા તો તમારો રબ્બ અને પાલનહાર છે, તેનાથી એ પ્રમાણેનો કોઈ ભય ન હોવો જોઈએ બલકે ડરનો ભાવાર્થ આ સ્થળે તે ડર છે જે પોતાના વડીલો અને મોટાઓના સન્માન તથા તેમની આમાન્યાના કારણે હોવો જરૂરી છે, જેમકે દિકરો પોતાના બાપથી, વિદ્યાર્થી પોતાના શિક્ષકથી ડરે છે, તે કોઈ તેના દુશ્મન અથવા નુકસાન પહોંચાડનારા નથી પરંતુ તેમનું સન્માન અને આમાન્યા દિલોમાં હોય છે તે જ તેમના બાપ અને ઉસ્તાદના આજ્ઞાપાલન માટે મજબૂર કરે છે, અત્રે પણ આ જ ભાવાર્થ છે કે અલ્લાહ તઆલાની મોટાઈ અને તેનો પ્રભાવ તમારા દિલો ઉપર છવાયેલો હોવો જોઈએ જેથી તમારા માટે તેનું સંપૂર્ણ આજ્ઞાપાલન કરવું સરળ હોય.

وَاخْشَوْا يَوْمًا لَّا يَجْزِى وَالِدٌ عَنْ وَّلَدِهٖ وَلَا مَوْلُوْدٌ هُوَجَازٍ عَنْ وَّالِدِهٖ شَيْئًا
એટલે કે, તે દિવસથી ડરો જેમાં ન કોઈ બાપ પોતાના બેટાને કોઈ લાભ પહોંચાડી શકશે અને ન જ બેટો બાપને લાભ પહોંચાડનાર થશે.

તેનો ભાવાર્થ તે બાપ અને બેટા છે જેમનામાં એક મો'મિન છે અને બીજો કાફિર, કારણ કે મો'મિન બાપ ન તો પોતાના કાફિર દિકરાના અઝાબમાં કમી કરાવી શકશે અને ન જ તેને કોઈ લાભ પહોંચાડી શકશે, એ જ પ્રમાણે મો'મિન પુત્ર પોતાના કાફિર પિતાને કંઈ જ કામ આવી શકશે નહીં.

એને ખાસ મહત્ત્વ આપવાનું કારણ કુર્આને કરીમની..... બીજી આયતો અને હદીષની રિવાયતો છે જેમાં તેનો ખુલાસો છે કે કયામતના દિવસે માતા પિતા સંતાનોની અને સંતાન માતા પિતાની સિફારસ કરશે અને આ સિફારસના કારણે તેમને સફળતા પણ મળશે. કુર્આને કરીમમાં છે, وَالَّذِيْنَ اٰمَنُوْا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ بِاِيْمَانٍ اَلْحَقْنَابِهِمْ ذُرِّيَّتَهُمْ એટલે કે, જે લોકો ઈમાન લાવ્યા અને તેમની અવલાદ પણ ઈમાનમાં તેમના તા'બે થઈ એટલે કે તેઓ પણ મો'મિન થઈ ગયા તો અમે

તેમની અવલાદને પણ તેમના માતા પિતાના સાલિહીનના દરજ્જામાં પહોંચાડી આપીશું ભલે તેમના પોતાના કર્મો એ દરજ્જાની યોગ્યતા ધરાવતા ન હોય પરંતુ નેક માતા પિતાની બરકતથી કયામતમાં પણ તેમને એ લાભ પહોંચશે કે માતા પિતાના સ્થાન ઉપર પહોંચાડી દેવામાં આવશે પરંતુ તેમાં આ જ શરત છે કે સંતાનો મો'મિન હોય, ભલે અમલમાં અમુક ઉણપ રહી ગઈ હોય.

એ જ પ્રમાણે એક બીજી આયતમાં છે, جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ એટલે કે, હંમેશા રહેનારી જન્નતોમાં દાખલ થશે અને તેમની સાથે તે લોકો પણ દાખલ થશે જે તેમના માતા પિતા, પત્નીઓ અને સંતાનોમાંથી યોગ્યતા ધરાવતા હશે, યોગ્યતા ધરાવવાનો ભાવાર્થ અત્રે મો'મિન હોવું છે.

આ બંને આયતોથી સાબિત થયું કે માતા પિતા અને સંતાનો, એ જ પ્રમાણે પતિ અને પત્ની જો મો'મિન હોવામાં સમાન હોય તો પછી એકથી બીજાને મહશરમાં પણ લાભ પહોંચશે. એ જ પ્રમાણે અનેક હદીષોની રિવાયતોમાં સંતાનો દ્વારા માતા પિતાની સિફારશ કરવાની બાબત વર્ણન થઈ છે એટલા માટે પ્રસ્તુત આયતનો આ સિદ્ધાંત કે કોઈ બાપ બેટાને અને બેટો બાપને મહશરમાં કોઈ લાભ પહોંચાડી ન શકશે એ તે જ સ્વરૂપમાં હોઈ શકે છે કે તેમનામાંથી એક મો'મિન હોય અને બીજો કાફિર. *(મઝહરી)*

ખુલાસો :

અત્રે એ વાત વિચાર માંગી લે છે કે આ આયતમાં પિતા પોતાના પુત્રને લાભ ન પહોંચાડી શકશે અહીંયાં તો جُمْلَةٌ فِعْلِيَّةٌ (જુમ્લએ ફઅ્લિયા) સ્વરૂપમાં لَا يَجْزِىْ وَالِدٌ عَنْ وَلَدِهٖ ના શબ્દોમાં વર્ણન કર્યું અને બીજી બાજુ બે ફેરફાર કરવામાં આવ્યા, એક આ કે جُمْلَةٌ اِسْمِيَّةٌ (જુમ્લએ ઈસ્મિય્યહ)ના સ્વરૂપમાં વર્ણન કર્યું, બીજું તેમાં وَلَدٌ (વલદ)ના બદલે શબ્દ مَوْلُوْدٌ (મવલૂદ) અપનાવવામાં આવ્યો. તેમાં એ હિકમત છે કે જુમ્લએ ઈસ્મિય્યહ એ જુમ્લએ ફઅ્લિયાના પ્રમાણમાં વધારે સબળ હોય છે વાક્યનો આ ફેરફાર તે ફરક તરફ ઈશારો કરે છે જે પિતા અને સંતાનોમાં છે કે પિતાની મહોબ્બત સંતાનો સાથે ખૂબ તીવ્ર હોય છે, તેનાથી વિપરીત સંતાનોની મહોબ્બતનો આ દરજ્જો દુનિયામાં પણ

નથી હોતો, મહશરમાં લાભ પહોંચાડવાનો નકાર તો બંનેને કરી દેવામાં આવ્યો પરંતુ સંતાનોની લાભની વંચિતતાને મહત્ત્વ આપીને વર્ણન કરવામાં આવ્યું છે તથા શબ્દ وَلَدٌ (વલદ)ના બદલે مَوْلُودٌ (મવલૂદ) અપનાવવાની એ હિકમત છે કે "મવલૂદ" માત્ર સંતાનોને કહેવામાં આવે છે અને શબ્દ وَلَدٌ (વલદ) સામાન્ય છે, તેમાં સંતાનોના સંતાનો પણ સામેલ છે, એમાં બીજા સ્વરૂપે આ વિષયનું સમર્થન એ રીતે થઈ ગયું કે પોતે સગો દિકરો પણ બાપના કામ આવશે નહીં તો પોત્રા, પરપોત્રાની પરિસ્થિતિ આપમેળે જાણ થાય છે.

બીજી આયતમાં પાંચ વસ્તુઓનું જ્ઞાન ખાસ રીતે અલ્લાહ તઆલા સાથે ખાસ હોવું અને તેના સિવાય કોઈ મખ્લૂકને તે બાબતોનું જ્ઞાન ન હોવનું વર્ણન કર્યું છે અને તેના ઉપર સૂરએ લુકમાન પૂર્ણ કરવામાં આવી છે.

اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ وَيُنَزِّلُ الْغَيْثَ وَيَعْلَمُ مَا فِى الْاَرْحَامِ وَمَا تَدْرِىْ نَفْسٌ مَّا ذَاتَكْسِبُ غَدًا وَّمَا تَدْرِىْ نَفْسٌ بِاَىِّ اَرْضٍ تَمُوْتُ એટલે કે અલ્લાહ તઆલાની જ પાસે કયામતનું જ્ઞાન છે (કે કયા વર્ષે કઈ તારીખે આવશે ?) અને તે જ વરસાદને ઉતારે છે અને તે જ જાણે છે જે માતાના ગર્ભમાં છે (કે પુત્ર છે કે પુત્રી અને કયા રંગરૂપનું છે ?) અને કોઈ વ્યક્તિ નથી જાણતો કે તે કાલે શું કમાશે ? (એટલે કે ભલાઈ અને બુરાઈમાંથી શું પ્રાપ્ત કરશે ?) અને કોઈ નથી જાણતું કે તે કઈ ભૂમિમાં મૃત્યુ પામશે ?

પ્રથમ ત્રણ વસ્તુઓમાં જો કે એ ખુલાસો નથી કરવામાં આવ્યો કે તેનું જ્ઞાન અલ્લાહ સિવાય કોઈની પાસે નથી પરંતુ વાતચીત એવા વિષયથી વર્ણન કરવામાં આવી છે જેનાથી તે વસ્તુઓનું જ્ઞાન માત્ર અલ્લાહના જ્ઞાન ઉપર જ આધારિત હોવાનું જણાય છે, આ જ પાંચ વસ્તુઓને સૂરએ અન્આમની આયતમાં مَفَاتِحُ الْغَيْبِ (મફાતિહુલ ગયૂબ) કહ્યું છે. وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَا اِلَّا هُوَ એટલે કે, માત્ર અલ્લાહની જ પાસે છે "મફાતિહુલ ગયૂબ"નું જ્ઞાન. તેને અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતું. હદીષમાં તેને "મફાતિહુલ ગયૂબ" કહેવામાં આવ્યું છે. مَفَاتِحُ (મફાતિહ) એ مِفْتَحٌ (મિફતાહ) બહુવચન છે, તે કૂંચી અથવા ચાવીને કહેવામાં આવે છે જેનાથી તાળું ખોલવામાં આવે છે, તેનો ભાવાર્થ اُصُوْلُ الْغَيْبِ (ઉસૂલુલ્ ગયૂબ) છે જેનાથી ગયૂબની જાણકારીઓ ખુલે છે.

ઇલ્મે ગયૂબ (અદષ્ય બાબતોના જ્ઞાન)નો મસ્અલો :

આ મસ્અલાની વિગત આવશ્યકતા અનુસાર સૂરએ નમ્લની આયત قُلْ لَّا يَعْلَمُ مَنْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ હેઠળ આવી ચૂકી છે. આ આયતમાં "ઈલ્મે ગયૂબ" સદંતર અલ્લાહ તઆલા માટે ખાસ હોવાનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે અને સમગ્ર ઉમ્મતોનો, સલફ અને ખલફનો પણ આ જ અકીદહ રહ્યો છે. પ્રસ્તુત જે આયતની ચર્ચા થઈ રહી છે જેમાં માત્ર પાંચ વસ્તુઓને ખાસ રીતે વર્ણન કરવામાં આવી છે કે તેનું જ્ઞાન કોઈ મખ્લૂકને નથી માત્ર અલ્લાહ તઆલા જ તેને જાણે છે આ કોઈ ખાસ કરવા માટે નથી નહિતર સૂરએ નમ્લની આયતથી તેનો ટકરાવ થશે બલકે આ પાંચ વસ્તુઓને ખાસ કાળજી સાથે બતાવવા માટે અત્રે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ કાળજી તથા તેને ખાસ સ્વરૂપે વર્ણન કરવાનું કારણ એ છે કે સામાન્ય રીતે જે અદષ્ય બાબતોને જાણવા માટે માનવી જિજ્ઞાસુ હોય છે તે આ જ પાંચ વસ્તુઓ છે, વળી ઇલ્મે ગયૂબનો દા'વો કરનારા જ્યોતિષીઓ વગેરે જે વસ્તુઓની ખબરો લોકોને આપીને પોતે આલિમુલ ગયૂબ (અદષ્ય બાબતોના જાણકાર) હોવાનું સાબિત કરે છે તે આ જ પાંચ વસ્તુઓ છે અને અમુક રિવાયતોમાં છે કે કોઈ વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને આ જ પાંચ વસ્તુઓ વિશે પૂછ્યું હતું, તેના ઉપર આ આયત નાઝિલ થઈ જેમાં આ પાંચેય જ્ઞાનનું અલ્લાહ તઆલાની સાથે ખાસ હોવું વર્ણન કરવામાં આવ્યું છે. (રૂહ)

હદીષમાં જે હઝરત ઇબ્ને ઉમર (રદિ.) અને હઝરત ઇબ્ને મસ્ઊદ (રદિ.)થી આ વર્ણન થયું છે કે, اُوْتِيْتُ مَفَاتِحَ كُلِّ شَىْءٍ اِلَّا الْخَمْسَ (اَخْرَجَهُ الْاِمَامُ اَحْمَدُ، اِبْنِ كَثِيْر) તેમાં શબ્દ اُوْتِيْتُ (ઊતીતુ)એ પોતે એ વાત સ્પષ્ટ કરી દીધી કે આ પાંચ વસ્તુઓ ઉપરાંત જે અદષ્ય બાબતોનું જ્ઞાન રસૂલે કરીમ ﷺને પ્રાપ્ત થયું તે અલ્લાહ તઆલા તરફથી વહી સ્વરૂપે આપવામાં આવ્યું હતું એટલા માટે તે ઇલ્મે ગયૂબની વ્યાખ્યામાં સામેલ નથી, કારણ કે અંબિયા (અલૈ.)ને વહી દ્વારા.... અને અવલિયાઅ્ને ઇલ્હામ દ્વારા જે અદષ્ય બાબતોની ખબરો અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવે છે તે વાસ્તવિકતાના આધારે ઇલ્મે ગયૂબ નથી કે જેથી તેમને "આલિમુલ ગયૂબ" કહી શકાય, બલકે તે اَنْبَاءُ الْغَيْبِ (અંબાઉલ

ગયૂબ) એટલે કે ગયૂબની ખબરો છે. અલ્લાહ તઆલા જ્યારે ઈચ્છે છે અને જેટલું ઈચ્છે છે પોતાના ફરિશ્તાઓ અને રસૂલો તથા સ્વીકૃત બંદાઓને અર્પણ કરે છે, કુર્આને કરીમમાં તેને اَنۡبَآءُ الۡغَیۡبِ (અંબાઉલ ગયૂબ) કહેવામાં આવ્યું છે.

مِنۡ اَنۡبَآءِ الۡغَیۡبِ نُوۡحِیۡهَاۤ اِلَیۡکَ

હદીષનો ભાવાર્થ એ છે કે આ પાંચ વસ્તુઓને તો અલ્લાહ તઆલાએ પોતાની જાત સાથે એવું ખાસ કરી રાખ્યું છે કે "અંબાઉલ ગયૂબ" સ્વરૂપે પણ આ જ્ઞાન ફરિશ્તાઓ તથા રસૂલોને પણ આપવામાં આવ્યું નથી, એના સિવાય બીજી બાબતોનું જ્ઞાન થોડું ઘણું અંબિયા (અલૈ.)ને વહી દ્વારા આપવામાં આવે છે.

આ ચર્ચાથી આ પાંચ વસ્તુઓનું ખાસ સ્વરૂપે વર્ણન કરવાનું એક બીજું કારણ જાણવામાં આવ્યું.

એક શંકા અને તેનું નિવારણ :

પ્રસ્તુત આયતમાં એ સાબિત થયું કે સદંતર ઈલ્મે ગયૂબ જે હક્ક તઆલા શા'નુહૂનું લક્ષણ અને ખાસિયત છે તેમાં પણ વિશેષ સ્વરૂપે પ્રસ્તુત પાંચ વસ્તુઓ એવી છે કે તેનું જ્ઞાન કોઈ પયગમ્બરને પણ વહી દ્વારા આપવામાં આવતું નથી, તેનો તકાદો એ છે કે આ વસ્તુઓ કોઈને ક્યારે પણ જાણ ન થાય જ્યારે કે ઉમ્મતના ઘણા બધા અવલિયાઅ્ અલ્લાહ દ્વારા એવી અસંખ્ય ઘટનાઓ વર્ણન થઈ છે કે તેમણે ક્યાંક તો વરસાદની ખબર આપી અથવા કોઈ ગર્ભ વિશે જાણકારી આપી, કોઈ ભવિષ્યમાં કોઈ કામ કરવા અથવા ન કરવાની ખબર આપી, કોઈના મૃત્યુની જગ્યા નિશ્ચિત કરીને બતાવી દીધી અને પછી આ ભવિષ્યવાણીઓ સાક્ષાત્કારથી સાચી પણ સાબિત થઈ.

એ જ પ્રમાણે અમુક જ્યોતિષીઓ અથવા جَـفَـر (જફર) અને رَمَـل (રમલ)ની કળા જાણનારા આ વસ્તુઓ વિશે અમુક ખબરો આપે છે અને અમુક સમયે તે સાચી પણ પડતી હોય છે તો પછી આ પાંચ વસ્તુઓનું અલ્લાહ તઆલાના જ્ઞાનની વિશિષ્ટતા હોવું કઈ રીતે રહ્યું ?

તેનો એક ઉત્તર એ જ છે જે સૂરએ નમ્લની વિગતમાં આવી ચૂક્યો છે અને ટૂંકમાં ઉપર વર્ણન થયો છે કે ઈલ્મે ગયૂબ વાસ્તવમાં તે જ્ઞાનને કહેવામાં

આવે છે જે સ્વાભાવિક કારણો દ્વારા પ્રાપ્ત ન થયું હોય, બલકે પ્રત્યક્ષ રીતે આપમેળે તેનું જ્ઞાન થયું હોય. આ વસ્તુઓ અંબિયા (અલૈ.)ને વહી દ્વારા અને અવલિયાઅ્ને ઈલ્હામ દ્વારા તથા જ્યોતિષીઓ વગેરેને પોતાના હિસાબો અને પ્રાકૃતિક માધ્યમો દ્વારા પ્રાપ્ત થઈ જાય તો તે ઈલ્મે ગયૂબ નથી બલકે "અંબાઉલ ગયૂબ" છે જે કોઈ ભાગ સ્વરૂપે અથવા વ્યક્તિગત મા'મલામાં કોઈ મખ્લૂકને પ્રાપ્ત થઈ જાય તો પ્રસ્તુત આયતના વિરુદ્ધ નથી, કારણ કે આ આયતનો ખુલાસો એ છે કે આ પાંચ વસ્તુઓનું "સંપૂર્ણ જ્ઞાન" જે સમગ્ર મખ્લૂકો (સર્જન) અને બધી જ પરિસ્થિતિઓ ઉપર છવાયેલ હોય તે અલ્લાહ તઆલાએ કોઈને વહી દ્વારા અથવા ઈલ્હામ દ્વારા આપ્યું નથી.

આ ઉપરાંત જ્ઞાનનો ભાવાર્થ સંપૂર્ણ જ્ઞાન છે જે અલ્લાહ તઆલા સિવાય કોઈની પાસે નથી, ઈલ્હામ દ્વારા જે કોઈ જ્ઞાન વલીને પાપ્ત થાય છે તે સંપૂર્ણ નથી હોતું, તેમાં ભૂલભાલ થવાની ઘણી સંભાવનાઓ રહેલ છે અને જ્યોતિષીઓ વગેરેની ખબરોમાં તો દરરોજ આ બાબત પ્રત્યક્ષ રીતે જોઈ શકાય છે કે દશ જૂઠી વાતોમાં એક સાચું પણ હોય છે તેને સંપૂર્ણ જ્ઞાન કઈ રીતે કહી શકાય છે ?

ઇલ્મે ગયૂબ (અદષ્ય બાબતોના જ્ઞાન) વિશે એક મહત્ત્વનો ખુલાસો :

અમારા ઉસ્તાદ મહોતરમ શયખુલ ઈસ્લામ હઝરત મવલાના શબ્બીર અહમદ ઉસ્માની (રહ.)એ પોતાના "ફવાઇદે તફસીર"માં એક ટૂંકી અને સચોટ વાત રજુ કરી છે, જેનાથી પ્રસ્તુત પ્રકારની બધી જ શંકાઓ નિર્મૂળ થઈ જાય છે અને તે એ છે કે ગયૂબના બે પ્રકારો છે, એક "અહકામુલ ગયૂબ" (ગયૂબના હુકમો) છે જે રીતે કે શરીઅતના હુકમો જેમાં અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતોનું જ્ઞાન પણ સામેલ છે જેને "ઇલ્મે અકાઇદ" (માન્યતાઓનું જ્ઞાન) કહેવામાં આવે છે અને તે બધા જ "અહકામે શરઈય્યહ" (શરીઅતના હુકમો) છે, આથી જાણ થાય છે કે અલ્લાહ તઆલાને કયા કામો પસંદ છે અને કયા કામો પસંદ નથી આ બધી બાબતો ગયૂબની જ બાબતો છે.

બીજો પ્રકાર اَكْوَانِ غَيْبِيَّة (અક્વાને ગયૂબિય્યહ) એટલે કે દુનિયામાં ઉપસ્થિત થનાર ઘટનાઓનું જ્ઞાન. પ્રથમ પ્રકારના ગયૂબનું ઈલ્મ અલ્લાહ તઆલાએ પોતાના અંબિયા અને રસૂલ (અલૈ.)ને અર્પણ કર્યું છે જેનું વર્ણન

કુર્આનમાં આ પ્રમાણે આવ્યું છે, فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖ اَحَدًا اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ એટલે કે, અલ્લાહ તઆલા પોતાના ગયૂબ ઉપર કોઈને ખબર નથી આપતો તે રસૂલો સિવાય જેમને અલ્લાહ તઆલા આ કાર્ય માટે પસંદ કરી લે.

બીજો પ્રકાર એટલે કે "અક્વાને ગયૂબિય્યહ"નું સંપૂર્ણ જ્ઞાન તો અલ્લાહ તઆલા કોઈને આપતો જ નથી તે બિલકુલ સદંતર અલ્લાહ તઆલાની જાત સાથે જ ખાસ છે પરંતુ અમુક ગૌણ સ્વરૂપનું જ્ઞાન ખાસ ખાસ ઘટનાઓ બાબતે જ્યારે ઈચ્છે છે જેટલા પ્રમાણમાં ઈચ્છે છે અર્પણ કરે છે. આ પ્રમાણે અસલ ઈલ્મે ગયૂબ તો સઘળું અલ્લાહ તઆલાની સાથે ખાસ છે, પછી તે પોતાના ઈલ્મે ગયૂબથી "અહકામે ગયૂબ"નું જ્ઞાન તો સ્વાભાવિક રીતે અંબિયા (અલૈ.)ને વહી દ્વારા બતાવે છે અને આ જ જ્ઞાન તેમના આગમનનો હેતુ છે, અક્વાને ગયૂબનું જ્ઞાન અંબિયા (અલૈ.)ને વહી દ્વારા અને અવલિયાઅ્ને ઈલ્હામ દ્વારા જેટલા પ્રમાણમાં અલ્લાહ તઆલાને મંજૂર હોય છે અર્પણ કરે છે જે અલ્લાહ તરફથી અર્પણ કરેલ જ્ઞાન છે તે વાસ્તવિક અર્થના આધારે ગયૂબનું જ્ઞાન નથી કહી શકાતું પરંતુ ગયૂબની ખબરો (અંબાઉલ ગયૂબ) કહેવામાં આવે છે.

આયતના શબ્દોના સંદર્ભમાં અન્ય ખુલાસા :

આ આયતમાં પાંચ વસ્તુઓનું જ્ઞાન અલ્લાહ તઆલાની સાથે હોવાની ખાસ કાળજી સાથે વર્ણન કરવાનો હેતુ છે જેનો દેખીતો તકાદો એ હતો કે એક જ વિષયથી પાંચ વસ્તુઓને ગણાવીને કહી આપવામાં આવ્યું હોત કે તેનું જ્ઞાન માત્ર અલ્લાહ તઆલાની જાત સાથે ખાસ છે, કોઈ મખ્લૂકને તે વસ્તુનું જ્ઞાન આપવામાં આવ્યું નથી પરંતુ પ્રસ્તુત આયતમાં એવું નથી કહેવામાં આવ્યું બલકે શરૂઆતની ત્રણ વસ્તુઓના જ્ઞાનને તો યોગ્ય સ્વરૂપે અલ્લાહ તઆલા સાથે ખાસ હોવાનું વર્ણન કરવામાં આવ્યું અને બે વસ્તુઓમાં ગયરૂલ્લાહ પાસે આ જ્ઞાન હોવાનો નકાર કરવામાં આવ્યો અને પ્રથમ ત્રણ વસ્તુઓમાં પણ "ઈલ્મે સાઅત" (કયામતના જ્ઞાન)નું વર્ણન આ રીતે કરવામાં આવ્યું, اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ એટલે કે અલ્લાહ તઆલાની જ પાસે કયામતનું જ્ઞાન છે અને બીજી વસ્તુનું વર્ણન વિષય બદલીને "જુમ્લએ ફઅ્લિયહ"માં આ રીતે વર્ણન કર્યું, يُنَزِّلُ الْغَيْثَ એટલે કે, અલ્લાહ તઆલા વરસાદ ઉતારે છે, તેમાં વરસાદના જ્ઞાનનું વર્ણન જ નથી

બલકે તેમાં ઉતારવાનું વર્ણન છે. ત્રીજી વસ્તુનું વર્ણન ફરી વિષય બદલીને આ રીતે કર્યું, وَيَعْلَمُ مَا فِي الْأَرْحَامِ આ વિષયોના ફેરફારની વિશિષ્ટ શૈલી વાતચીતની એક કળા પણ કહી શકાય છે અને વિચાર કરીએ તો તેમાં ઘણી બધી બીજી હિકમતો પણ માલૂમ પડે છે જે બયાનુલ કુર્આનમાં હઝરત થાનવી (રહ.)એ વર્ણન કરેલ છે.

ખુલાસો એ છે કે અંતિમ બે વસ્તુઓમાં એટલે કે આવતી કાલે માણસ શું કરશે અને એ કે તે કઈ ભૂમિમાં મરશે તે પોતે મનુષ્યની જાત સાથે જોડાયેલ પરિસ્થિતિઓ છે, જેમાં સંભાવના હોઈ શકતી હતી કે મનુષ્ય તેનું જ્ઞાન પ્રાપ્ત કરી લે એટલા માટે તે બંને વસ્તુઓમાં ખાસ કરીને ગયરૂલ્લાહના જ્ઞાનનો નકાર કરીને વર્ણન કરવામાં આવ્યું જેનાથી પ્રથમ ત્રણ વસ્તુઓનું જ્ઞાન ગયરૂલ્લાહ માટે ન હોવું વધારે ભારપૂર્વક સાબિત થઈ ગયું કે જ્યારે માનવ પોતે પોતાની પ્રવૃત્તિઓ અને વર્તનને અને તેના અંત એટલે કે મોત અને તેનું સ્થળ નથી જાણતો તો આસમાન અને વરસાદનું ઊતરવું તથા માં ના ગર્ભની અંદરના અંધારાઓમાંની ગુપ્ત વસ્તુઓને કઈ રીતે જાણશે; અને અંતિમ વસ્તુમાં માત્ર મોતના સ્થળનું જ્ઞાન મનુષ્યને ન હોવાનું વર્ણન કર્યું છે જ્યારે કે મોતના સ્થળની જેમ મોતનો સમય પણ મનુષ્યના જ્ઞાનમાં નથી હોતો કારણ એ છે કે મોતનું સ્થળ જો કે વિશિષ્ટ સ્વરૂપે જાણ ન હોય પરંતુ જાહેર પરિસ્થિતિઓના આધારે મનુષ્ય કંઈક સમજી શકે છે કે જ્યાં તે રહેતો સહેતો હોય છે ત્યાં જ મરશે અથવા ઓછામાં ઓછું તે મકાન જેમાં તેને મરવાનું છે, દુનિયામાં મોજૂદ તો છે જ. તેનાથી વિપરીત મોતનો સમય કે જે ભવિષ્યનો સમય છે હજુ અસ્તિત્વમાં જ નથી આવ્યો તો જે વ્યક્તિ મોતના સ્થળે મોજૂદ અને ઉપસ્થિત હોવા છતાં નથી જાણી શકતો તેના વિશે એ કલ્પના કેવી રીતે કરી શકાય કે મોતનો સમય કે જેનું હમણા અસ્તિત્વ જ નથી કઈ રીતે જાણી શકે ? ખુલાસો એ છે કે અત્રે એક વસ્તુના નકારથી આપમેળે બીજી વસ્તુઓનો નકાર જાણ થઈ જાય છે એટલા માટે આ બંને વસ્તુઓને નકારાત્મક વિષયથી વર્ણન કરવામાં આવી અને પ્રથમ ત્રણ વસ્તુઓ તો મનુષ્યની પહોંચથી જાહેર હાલત પ્રમાણે પોતે જ બાકાત છે તેમાં મનુષ્યના જ્ઞાનની દખલગીરી ન હોવું સ્પષ્ટ છે એટલા માટે તેને યોગ્ય વિષય અપનાવીને અલ્લાહ તઆલા સાથે ખાસ હોવાનું વર્ણન કર્યું.

તેમાં પ્રથમ વાક્યમાં "જુમ્લએ ઈસ્મિય્યહ" છે અને પછીના બંને વાક્યને "ફઅ્લિયા"ના વિષય હેઠળ વર્ણન કરવામાં કદાચ એ હિકમત છે કે કયામત તો એક નિશ્ચિત બાબત છે તેમાં કોઈ નવીનતા નથી, તેનાથી વિપરીત વરસાદ અને માતાનો ગર્ભ કે તેની પરિસ્થિતિઓમાં નવીનીકરણ થતું રહે છે અને "જુમ્લએ ફઅ્લિયા" નવીનીકરણ ઉપર દલીલ કરે છે એટલા માટે આ બંનેમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો અને આ બંનેમાં પણ ગર્ભની પરિસ્થિતિઓમાં તો અલ્લાહ તઆલાના જ્ઞાન વિશે ફરમાવ્યું, وَيَعْلَمُ مَافِى الْاَرْحَامِ અને વરસાદના જ્ઞાનનું વર્ણન જ નથી, કારણ એ છે કે અત્રે વરસાદ ઉતારવાનું વર્ણન કરીને ટૂંકમાં એ પણ બતાવી દેવામાં આવ્યું કે વરસાદ કે જેનાથી મનુષ્યના હજારો લાભો જોડાયેલ છે તે અલ્લાહ તઆલાના જ વરસાવવાથી આવે છે અને કોઈના અધિકારક્ષેત્રમાં નથી અને તેનું ખાસ જ્ઞાન તો વર્ણનની શૈલીથી જ જાણ થઈ જાય છે. વલ્લાહુ અઅ્લમુ.

સુરએ લુકમાન પૂર્ણ થઈ, ૧૦ જિલ્હજ્જ સન હિજરી ૧૩૯૧



અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ લુકમાનનો અનુવાદ પૂર્ણ થયો.


તારીખ : ૩ મે ૨૦૧૦ મુતાબિક ૧૮ જમાદિઉલ અવ્વલ હિજરી ૧૪૩૧

પ્રકરણ (૩૨)

સૂરએ સજ્દહ

સૂરએ સજ્દહ મક્કી સૂરત છે તેમાં ૩૦ આયતો અને ૩ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ સજ્દહ : આયત નં. ૧-૨-૩)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલીફ-લામ-મીમ. (૧) કિતાબનું ઉતારવું એમાં કોઈ સંદેહ નથી તમામ જહાનના પરવરદિગાર તરફથી છે. (૨) શું કહે છે કે આ જૂઠ ઘડી લાવ્યો છે, (એવું નથી) બલકે એ તમારા પરવરદિગાર તરફથી સત્ય છે જેથી તમે તે લોકોને ડરાવો જેઓની પાસે તમારા પહેલાં કોઈ ડરાવનાર નથી આવ્યો જેથી તેઓ માર્ગ ઉપર આવે. (૩)

તફસીર :

અલીફ-લામ-મીમ (તેનો અર્થ અલ્લાહને ખબર છે). આ નાઝિલ કરેલ કિતાબ છે (અને) તેમાં કોઈ શંકા નથી (અને) આ રબ્બુલ આલમીન તરફથી છે (જેમકે આ કિતાબની શ્રેષ્ઠતા પોતે જ તેની દલીલ છે) શું આ (ઈન્કારી) લોકો

એવું કહે છે કે પયગમ્બર (ﷺ)નું આ પોતાનું મનઘડત છે ? (એટલે કે એવું કહેવું બિલકુલ વ્યર્થ અને ખોટું છે, આ મનઘડત નથી) બલકે આ સાચી કિતાબ છે પરવરદિગાર તરફથી (આવી છે) જેથી તમે (તેના દ્વારા) એવા લોકોને (અલ્લાહના અઝાબથી) ડરાવો જેમની પાસે તમારા પહેલાં કોઈ ડરાવનાર આવ્યો ન હતો જેથી તે લોકો માર્ગ ઉપર આવી જાય.

મસ્અલા અને બોધપાઠ :

مَا اَتٰهُمْ مِّنْ نَّذِيْرٍ માં نَذِيْر (નજીર)નો ભાવાર્થ આ સ્થળે રસૂલ છે, મતલબ એ છે કે મક્કાના કુરૈશમાં રસૂલે કરીમ ﷺ પહેલાં કોઈ રસૂલ આવ્યા ન હતા. એથી એ જરૂરી નથી બનતું કે અંબિયા (અલૈ.)નું આમંત્રણ પણ તેમના સુધી ન પહોંચ્યું હતું, કારણ કે કુર્આનમાં બીજે ઠેકાણે આ આયત સ્પષ્ટ રીતે આ પ્રમાણે છે, وَاِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِيْهَا نَذِيْرٌ એટલે કે કોઈ ઉમ્મત અને સમુદાય દુનિયામાં એવો નથી કે જેમાં કોઈ અલ્લાહથી ડરાવનાર અને તેના તરફ આમંત્રણ આપનાર ન આવ્યો હોય.

આ આયત શબ્દ نَذِيْر (નઝીર-ડરાવનાર) પોતાના શાબ્દિક અર્થમાં છે, એટલે કે અલ્લાહ તઆલા તરફ દા'વત આપનાર જે ભલે રસૂલ અથવા પયગમ્બર હોય અથવા તેમના કોઈ નાયબ, ખલીફા અથવા આલિમે દીન; તો આ આયતથી બધી જ ઉમ્મતો અને સમુદાયો સુધી તવહીદનું આમંત્રણ પહોંચી જવાની જાણ થાય છે તે પોતાની જગ્યાએ સાચું અને ખરું તથા અલ્લાહ તઆલાની જાહેર નેઅ્મતનો તકાદો છે, જેમકે અબૂ હય્યાને ફરમાવ્યું કે તવહીદ અને ઈમાનની દા'વત કોઈપણ સમયમાં કોઈપણ સ્થળે અને કોઈપણ કોમમાં ક્યારેય કપાઈ નથી અને જ્યારે કદીપણ નુબુવ્વત વચ્ચે લાંબો સમય પસાર થઈ ગયો અને તે પછી નુબુવ્વતનું જ્ઞાન ધરાવનાર વિદ્વાનો ઘણા ઓછા રહી ગયા તો કોઈ બીજા નબી અથવા રસૂલનું આગમન થયું, તેનો તકાદો એ છે કે અરબની કોમોમાં પણ તવહીદની જરૂરી દા'વત પ્રથમથી અવશ્ય પહોંચી હશે પરંતુ તેના માટે એ જરૂરી નથી કે આ આમંત્રણ પોતે કોઈ નબી અથવા રસૂલ લઈને આવ્યા હોય, બની શકે છે કે તેમના નાયબો ઉલમા દ્વારા પણ આ આમંત્રણ પહોંચ્યું હોય એટલા માટે આ સૂરત અને સૂરએ યાસીન વગેરેની આયતો જેનાથી એ સાબિત

થાય છે કે અરબના કુરૈશમાં રસૂલે કરીમ ﷺ પહેલાં કોઈ "નઝીર" આવ્યા ન હતા, જરૂરી છે કે તેમાં "નઝીર"નો ભાવાર્થ પારિભાષિક અર્થના આધારે "નબી અથવા રસૂલ" હોય અને ભાવાર્થ એ હોય કે તે કોમની અંદર રસૂલે કરીમ ﷺ પહેલાં કોઈ નબી અને રસૂલ આવ્યા ન હતા, જો કે ઈમાન અને તવહીદની દા'વત બીજા માધ્યમો દ્વારા અહીંયાં પણ પહોંચી ચૂકી હોય.

"ફતરત"નો સમયકાળ એટલે કે રસૂલ ﷺના આગમન પહેલાં ઘણા બધા લોકો વિશે એ સાબિત થયું છે કે તેઓ ઈબ્રાહીમ અને ઈસ્માઈલ (અલૈ.)ના દીન ઉપર કાયમ હતા, તવહીદ ઉપર તેમનું ઈમાન હતું, મૂર્તિપૂજા અને મૂર્તિઓ માટે કુર્બાનીઓ દેવાની સૂગ ધરાવતા હતા.

રૂહુલ મઆનીમાં મૂસા બિન ઉકબાની મગાઝીથી આ રિવાયત નકલ કરવામાં આવી છે કે ઝૈદ બિન અમ્ર બિન નુફયલ જે રસૂલે કરીમ ﷺને નુબુવ્વત મળતા પહેલાં મળ્યા પણ હતા પરંતુ નુબુવ્વત પહેલાં તેમનું મૃત્યુ તે જ વર્ષે થઈ ગયું જેમાં કુરૈશે બયતુલ્લાહનું બાંધકામ કરાવ્યું હતું અને આ ઘટના રસૂલે કરીમ ﷺની નુબુવ્વતથી પાંચ વર્ષ પહેલાંની છે. તેમની હાલત મૂસા બિન ઉકબાએ એ વર્ણન કરી છે કે તેઓ કુરૈશને મૂર્તિપૂજાથી રોકતા હતા અને મૂર્તિઓના નામ ઉપર બલી ચઢાવવાને ખૂબ ખરાબ કહેતા હતા તથા મુશ્રિકોના ઝબહ કરેલાનું માંસ ખાતા ન હતા.

અબૂ દાવુદ કયાલિસીએ ઝૈદ બિન અમ્ર બિન નુફયલના દિકરા હઝરત સઅદ બિન ઝૈદ (રદિ.) બિન અમ્રથી કે જેઓ "અશ્રએ મુબશ્શરહ"માં સામેલ છે આ રિવાયત કરી છે કે તેમણે નબીએ કરીમ ﷺને વિનંતી કરી કે મારા પિતાની જે કંઈ હાલત હતી તેનાથી તમે વાકેફ છો કે તેઓ તવહીદ ઉપર કાયમ હતા અને મૂર્તિપૂજાના ઈન્કારી હતા તો શું હું તેમના માટે મગફિરતની દુઆ કરી શકું છું ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે હા ! તેમના માટે મગફિરતની દુઆ જાઈઝ છે, તેઓ કયામતના દિવસે એક આગવી ઉમ્મત બનીને ઊભા થશે. *(રૂહ)*

એ જ પ્રમાણે વરકહ બિન નવફલ જેઓ નબીએ કરીમ ﷺના નુબુવ્વતના સમયકાળ શરૂ થવાના અને કુર્આન નાઝિલ થવાના શરૂઆતના સમયે ઉપસ્થિત હતા, તેઓ તવહીદ ઉપર કાયમ હતા અને રસૂલુલ્લાહ ﷺની મદદ

કરવાની પોતાની ઇચ્છા જાહેર કરી હતી પરંતુ ત્યાર પછી તરત જ તેમનું મૃત્યુ થઈ ગયું. આ ઘટનાઓ સાબિત કરે છે કે અરબની કોમો પણ અલ્લાહની દા'વત, ઈમાન તથા તવહીદની દા'વતથી વંચિત ન હતી પરંતુ તેમના અંદર પોતે કોઈ નબી આવ્યા ન હતા. વલ્લાહુ અઅ્લમુ.

આ ત્રણે આયતોમાં કુર્આનની સચ્ચાઈ અને રસૂલે કરીમ ﷺ સત્ય રસૂલ હોવાની સાબિતીઓ છે.

આયતો : (સૂરએ સજ્દહ : આયત નં. ૪ થી ૯)

اَللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى
عَلَى الْعَرْشِ ۭ مَا لَكُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّلِيٍّ وَّلَا شَفِيْعٍ ۭ اَفَلَا تَتَذَكَّرُوْنَ ④ يُدَبِّرُ
الْاَمْرَ مِنَ السَّمَاۗءِ اِلَى الْاَرْضِ ثُمَّ يَعْرُجُ اِلَيْهِ فِيْ يَوْمٍ كَانَ مِقْدَارُهٗٓ اَلْفَ
سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ ⑤ ذٰلِكَ عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْعَزِيْزُ الرَّحِيْمُ ⑥ الَّذِيْٓ
اَحْسَنَ كُلَّ شَيْءٍ خَلَقَهٗ وَبَدَاَ خَلْقَ الْاِنْسَانِ مِنْ طِيْنٍ ⑦ ثُمَّ جَعَلَ
نَسْلَهٗ مِنْ سُلٰلَةٍ مِّنْ مَّاۗءٍ مَّهِيْنٍ ⑧ ثُمَّ سَوّٰىهُ وَنَفَخَ فِيْهِ مِنْ رُّوْحِهٖ وَجَعَلَ لَكُمُ
السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ۭ قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ⑨

તરજુમો :

અલ્લાહ જ છે જેણે આસમાનો અને જમીન અને જે કંઈ તેમની વચ્ચે છે છ દિવસની અંદર બનાવ્યું, પછી અર્શ ઉપર સ્થાપિત થયો, તેના સિવાય તમારો કોઈ હિમાયતી નથી અને ન જ સિફારસી, પછી શું તમે ધ્યાન નથી આપતા ? (૪) તે જ આકાશથી લઈ પૃથ્વી સુધી દરેક બાબતની વ્યવસ્થા કરે છે, પછી તે કામ તેના તરફ એક દિવસમાં ચઢે છે જેનું પ્રમાણ તમારી ગણતરીમાં એક હજાર વર્ષનું છે. (૫) એ જ છે જાહેર અને ગુપ્તને જાણનાર જબરદસ્ત રહમવાળો. (૬) જેણે અતિસુંદર બનાવી જે કંઈ વસ્તુ બનાવી

અને મનુષ્યના સર્જનનો આરંભ એક ગારાથી કર્યો. (૭) પછી તેનો વંશ તુચ્છ સત્વહીન પાણીથી બનાવ્યો. (૮) પછી તેને ઠીકઠાક કર્યો અને તેમાં પોતાની રૂહ ફૂંકી અને બનાવી દીધા તમારા કાન અને આંખો અને દિલ, તમે ઘણો થોડો આભાર માનો છો. (૯)

તફસીર :

અલ્લાહ જ છે જેણે આસમાન અને જમીનને અને તે મખ્લૂકને જે તે બંનેની મધ્યમાં (ઉપસ્થિત) છે, છ દિવસ (જેટલા સમય)માં પેદા કર્યા, પછી અર્શ ઉપર (જે શાહી તખ્ત સમાન કહી શકાય એ રીતે) સ્થાપિત (અને બિરાજમાન) થયો (કે જે અલ્લાહની શા'ન પ્રમાણે તેના લાયક છે, તે એવો મહાન છે કે) તે(ની ઈચ્છા અને મરજી) વિના ન તો તમારો કોઈ મદદગાર છે અને ન જ સિફારસ કરનાર (અલબત્ત, તેની મરજીથી સિફારસ થઈ જશે અને તેની મરજી હશે તો મદદ કરશે) બસ શું તમે સમજતા નથી ? (કે આવી મહાન હસ્તીનો કોઈ ભાગીદાર નથી હોઈ શકતો અને) તે (એવો છે કે) આસમાનથી લઈને જમીન સુધી (જેટલા કાર્યો છે) દરેક કાર્યની (તે જ) યુક્તિ (અને વ્યવસ્થા) કરે છે, પછી દરેક કામ તેની જ સામે પહોંચી જશે, એક એવા દિવસમાં જેનું પ્રમાણ તમારી ગણતરી પ્રમાણે એક હજાર વર્ષનું હશે, (એટલે કે કયામતમાં બધા કાર્યો અને તેનાથી સંલગ્ન દરેક બાબતો તેની સમક્ષ રજુ થશે وَاِلَيۡهِ يُرۡجَعُ الۡاَمۡرُ كُلُّهٗ) તે જ છે ગુપ્ત અને જાહેર વસ્તુઓને જાણનારો જબરદસ્ત રહમતવાળો, તેણે જે વસ્તુ પણ બનાવી ઘણી સારી બનાવી (એટલે કે જે હેતુ માટે તેનું સર્જન કર્યું, તેના યોગ્ય બનાવ્યું) અને મનુષ્ય (એટલે કે આદમ અલૈ.)ની પેદાઈશ માટીથી શરૂ કરી, પછી તે (મનુષ્ય એટલે કે આદમ અલૈ.)ના વંશને એક તુચ્છ સત્વહીન પાણીથી બનાવ્યો (એટલે કે વીર્ય કે જે એક રીતે શરીરનો કચરો છે, જ્યારે કે પચેલા ખોરાકમાંથી ચાર પદાર્થો બને છે; લોહી, બલગમ, سَوۡدَا સવદા અને صَفۡرَاء સફ્વા) પછી (માંના ગર્ભમાં) તેના અવયવો ઠીકઠાક કર્યા અને તેમાં પોતાની (તરફથી) રૂહ ફૂંકી અને (જન્મ પછી) તમને કાન અને આંખો અને દિલ (એટલે કે જાહેર અંગો ઉપાંગો અને ગુપ્ત તંત્રો) આપ્યા, (અને આ બધી બાબતો કે જે دَالٌ عَلَى الۡقُدۡرَةِ وَالۡاِنۡعَامِ છે તેનો તકાદો એ હતો કે અલ્લાહનો ઉપકાર માને

જેનો ઉચ્ચ દરજ્જો તવહીદ છે પરંતુ) તમે લોકો ઘણો ઓછો આભાર માનો છો (એટલે કે યોગ્ય આભાર માનતા નથી).

મસ્અલા અને બોધપાઠ :

ક્યામતના દિવસની લંબાઈ :

فِىْ يَوْمٍ كَانَ مِقْدَارُهٗ اَلْفَ سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ એટલે કે, તે દિવસનું પ્રમાણ તમારી ગણતરી પ્રમાણે એક હજાર વર્ષનું હશે અને સૂરએ મઆરિફની આયતમાં છે فِىْ يَوْمٍ كَانَ مِقْدَارُهٗ خَمْسِيْنَ اَلْفَ سَنَةٍ એટલે કે, તે દિવસનું પ્રમાણ પચાસ હજાર વર્ષનું હશે.

તેનો એક સીધો સાદો જવાબ એ છે જે બયાનુલ કુર્આનમાં આપવામાં આવ્યો છે કે તે દિવસની ભયાનકતાના કારણે તે દિવસ લોકોને ઘણો લાંબો હોવાની અનુભૂતિ થશે અને આ લંબાણની અનુભૂતિ પોતાના ઈમાન અને અમલોના પ્રમાણમાં હશે, જે મહાપાપી છે તેને વધારે અને જે ઓછો પાપી છે તેને ઓછી અનુભૂતિ, અહીંયાં સુધી કે તે દિવસ અમુકને હજાર વર્ષનો લાગશે અને તે બીજાઓ સમીપ પચાસ હજાર વર્ષનો હશે.

તફસીરે રૂહુલ મઆનીમાં અન્ય પણ વિવિધ ખુલાસાઓ વિદ્વાનો અને સુફિયાએ કિરામ તરફથી નકલ કરવામાં આવ્યો છે પરંતુ તે બધા માત્ર અનુમાનો જ છે, એવી વસ્તુ જેને કુર્આનની દલીલ કહી શકાય અથવા જેના ઉપર વિશ્વાસ કરી શકાય એવું કંઈ નથી એટલા માટે સીધોને સટ તરીકો એ જ છે કે જે સલફે સાલિહીન સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)એ અપનાવ્યો કે તેમણે એક અને પચાસના તફાવતને અલ્લાહના જ્ઞાનને હવાલે કર્યો અને પોતે એટલું કહેવાને પૂરતું સમજ્યું કે અમને તે ખબર નથી.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ તેના વિશે ફરમાવ્યું છે, هُمَا يَوْمَانِ ذَكَرَهُمُ اللّٰهُ تَعَالٰى فِىْ كِتَابِهٖ، اَللّٰهُ تَعَالٰى اَعْلَمُ بِهِمَا، وَاَكْرَهُ اَنْ اَقُوْلَ فِىْ كِتَابِ اللّٰهِ مَا لَا اَعْلَمُ (اَخْرَجَهُ عَبْدُ الرَّزَّاقِ وَالْحَاكِمُ وَصَحَّحَهُ) એટલે કે, આ બે દિવસો છે જેનું વર્ણન અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં કર્યું છે અને અલ્લાહ જ તેની હકીકત જાણે છે અને હું તેને બુરું સમજું છું કે કુર્આન વિશે એ વાત કહું જેનું મને જ્ઞાન નથી.

દુનિયાની દરેક વસ્તુ પોતાની જાતમાં સુંદર અને સારી છે, ખરાબી તેના ખોટા ઉપયોગથી આવે છે :

اَلَّذِیْٓ اَحْسَنَ كُلَّ شَیْءٍ خَلَقَهٗ એટલે કે, અલ્લાહ તે જાત છે જેણે દરેક વસ્તુના સર્જનને અતિસુંદર અને શ્રેષ્ઠ બનાવ્યું છે, કારણ એ છે કે આ વિશ્વમાં અલ્લાહ તઆલાએ જે કંઈ પણ ઉત્પત્તિ કરી તે હિકમત અને વિશ્વના લાભના તકાદા હેઠળ જ બનાવ્યું એટલા માટે દરેક વસ્તુ સ્વજાતે એક પ્રકારની ખુબી ધરાવે છે અને તે સૌથી વધારે ખૂબસૂરત અને ઉત્તમ મનુષ્યને બનાવ્યો, જેમકે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِیْٓ اَحْسَنِ تَقْوِیْمٍ એટલે કે અમે મનુષ્યને સૌથી વધારે સુંદર માળખા અને ઉત્તમ ચહેરે મ્હોરે પેદા કર્યો છે.

અને બીજી મખ્લૂકો ભલે તે જાહેરમાં કેટલીય કદરૂપી અને ખરાબ સમજવામાં આવતી હોય; કૂતરો, ભૂંડ, સાપ, વીંછી, વાઘ, વરૂ; આ બધા ઝેરીલા અને હિંસક પ્રાણીઓ સામાન્ય દૃષ્ટિમાં ખરાબ સમજવામાં આવે છે પરંતુ સમગ્ર વિશ્વના ફાયદાના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો તેમાંથી કોઈપણ ખરાબ નથી, કોઈએ ઘણું સારું કહ્યું છે,

નહીં હે કોઈ ચીઝ નિકમ્મે ઝમાનેમેં, કોઈ બુરા નહીં હે કુદરત કે કારખાનેમેં.

હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)એ ફરમાવ્યું કે, كُلَّ شَیْءٍ (કુલ્લુ શયઈન)માં બધી જ પાર્થિવ સજીવ સૃષ્ટિ અને અપાર્થિવ વસ્તુઓ સામેલ છે. એટલે કે તે વસ્તુઓ પણ જે ભૌતિક અસ્તિત્વ ધરાવે છે જેમકે પ્રાણીઓ, વનસ્પતિ, રસાયણો વગેરે અને તે અપાર્થિવ વસ્તુઓ પણ જેમાં વર્તણૂંક, પ્રવૃત્તિઓ, કર્મો સામેલ છે, એટલે સુધી કે જે વર્તણૂંક ખરાબ બતાવવામાં આવે છે જેમકે ક્રોધ, લાલચ, વાસનાવૃત્તિ વગેરે એ પણ પોતાના અસ્તિત્વમાં ખરાબ નથી, તેમની ખરાબી ખોટી જગ્યાએ અને અમર્યાદિત ઉપયોગ કરવાથી થાય છે. પોતાની મર્યાદામાં રહે તો તેમાં પણ કોઈ વસ્તુ ખરાબ નથી પરંતુ તેનાથી તે વસ્તુઓના સર્જનનો તકવીની હેતુ એ છે કે તે ભલાઈ જ ભલાઈ અને સારું જ સારું છે અને અમલોનું બીજું પાસું એટલે કે તેની બુરાઈ અથવા ભલાઈ મનુષ્યના પોતાના કર્મો ઉપર આધાર ધરાવે છે, એટલે કે જ્યારે તે પોતાના અધિકારથી તેને કોઈ કાર્યમાં ઉપયોગ કરે છે ત્યારે આ સ્વરૂપે બધું સારું નથી બલકે તેમાં એ

વિગત છે કે અલ્લાહ તઆલાએ જે વસ્તુની પરવાનગી નથી આપી તે સારી નથી સૂગપાત્ર છે. વલ્લાહુ અઅ્લમુ.

وَبَدَاَ خَلۡقَ الۡاِنۡسَانِ مِنۡ طِیۡنٍ આનાથી પહેલાં એ બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ વિશ્વની દરેક વસ્તુને સુંદર બનાવી છે, ત્યાર પછી મનુષ્યનું વર્ણન કર્યું કે તે સૌમાં તેને સૌથી વધુ સુંદર બનાવ્યો છે, તેની સાથે કુદરતની વિશેષતાની જાહેરાત માટે એ પણ બતાવ્યું કે જે મનુષ્યને અમે સૌ સર્જનમાં સૌથી ઉત્તમ બનાવ્યો છે તે એવું નથી કે તેના સર્જનનું મૂળ તત્ત્વ સૌથી શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાનું હોય એટલા માટે તે સૌથી ઉત્તમ થયો બલકે તેના સર્જનનું મૂળ તત્ત્વ તો તેની સૌથી વધારે તુચ્છ વસ્તુ એટલે કે માટીને બનાવવામાં આવી, પછી અલ્લાહની સંપૂર્ણ કુદરત અને ઉચ્ચ કક્ષાની હિકમત વડે આ સૌથી તુચ્છ વસ્તુને ક્યાંથી ક્યાં પહોંચાડી દેવામાં આવી કે તે "અશ્રફુલ મખ્લૂકાત" (સૃષ્ટિમાં સૌથી શ્રેષ્ઠ) ઠરાવવામાં આવી.

આયતો : (સૂરએ સજ્દહ : આયત નં. ૧૦ થી ૨૨)

وَقَالُوۡۤا ءَاِذَا ضَلَلۡنَا فِی الۡاَرۡضِ ءَاِنَّا لَفِیۡ خَلۡقٍ جَدِیۡدٍ ۬ؕ بَلۡ هُمۡ بِلِقَآئِ رَبِّهِمۡ

كٰفِرُوۡنَ ﴿۱۰﴾ قُلۡ یَتَوَفّٰىكُمۡ مَّلَكُ الۡمَوۡتِ الَّذِیۡ وُكِّلَ بِكُمۡ ثُمَّ اِلٰی رَبِّكُمۡ تُرۡجَعُوۡنَ ﴿۱۱﴾ ع

وَلَوۡ تَرٰۤی اِذِ الۡمُجۡرِمُوۡنَ نَاكِسُوۡا رُءُوۡسِهِمۡ عِنۡدَ رَبِّهِمۡ ؕ رَبَّنَاۤ اَبۡصَرۡنَا وَسَمِعۡنَا

فَارۡجِعۡنَا نَعۡمَلۡ صَالِحًا اِنَّا مُوۡقِنُوۡنَ ﴿۱۲﴾ وَلَوۡ شِئۡنَا لَاٰتَیۡنَا كُلَّ نَفۡسٍ هُدٰىهَا وَلٰكِنۡ

حَقَّ الۡقَوۡلُ مِنِّیۡ لَاَمۡلَـَٔنَّ جَهَنَّمَ مِنَ الۡجِنَّةِ وَالنَّاسِ اَجۡمَعِیۡنَ ﴿۱۳﴾ فَذُوۡقُوۡا

بِمَا نَسِیۡتُمۡ لِقَآءَ یَوۡمِكُمۡ هٰذَا ۚ اِنَّا نَسِیۡنٰكُمۡ وَذُوۡقُوۡا عَذَابَ الۡخُلۡدِ بِمَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۱۴﴾

اِنَّمَا یُؤۡمِنُ بِاٰیٰتِنَا الَّذِیۡنَ اِذَا ذُكِّرُوۡا بِهَا خَرُّوۡا سُجَّدًا وَّسَبَّحُوۡا بِحَمۡدِ رَبِّهِمۡ وَهُمۡ لَا

یَسۡتَكۡبِرُوۡنَ ﴿۱۵﴾ تَتَجَافٰی جُنُوۡبُهُمۡ عَنِ الۡمَضَاجِعِ یَدۡعُوۡنَ رَبَّهُمۡ خَوۡفًا وَّطَمَعًا

وَّمِمَّا رَزَقۡنٰهُمۡ یُنۡفِقُوۡنَ ﴿۱۶﴾ فَلَا تَعۡلَمُ نَفۡسٌ مَّاۤ اُخۡفِیَ لَهُمۡ مِّنۡ قُرَّةِ اَعۡیُنٍ ۚ جَزَآءًۢ بِمَا

كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٧﴾ اَفَمَنْ كَانَ مُؤْمِنًا كَمَنْ كَانَ فَاسِقًا ۗ لَا يَسْتَوٗنَ ﴿١٨﴾ اَمَّا
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَلَهُمْ جَنّٰتُ الْمَاْوٰى ۡ نُزُلًا بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٩﴾
وَاَمَّا الَّذِيْنَ فَسَقُوْا فَمَاْوٰىهُمُ النَّارُ ۗ كُلَّمَآ اَرَادُوْٓا اَنْ يَّخْرُجُوْا مِنْهَآ
اُعِيْدُوْا فِيْهَا وَقِيْلَ لَهُمْ ذُوْقُوْا عَذَابَ النَّارِ الَّذِيْ كُنْتُمْ بِهٖ تُكَذِّبُوْنَ ﴿٢٠﴾
وَلَنُذِيْقَنَّهُمْ مِّنَ الْعَذَابِ الْاَدْنٰى دُوْنَ الْعَذَابِ الْاَكْبَرِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٢١﴾
وَمَنْ اَظْلَمُ مِمَّنْ ذُكِّرَ بِاٰيٰتِ رَبِّهٖ ثُمَّ اَعْرَضَ عَنْهَا ۗ اِنَّا مِنَ الْمُجْرِمِيْنَ مُنْتَقِمُوْنَ ﴿٢٢﴾ ع ٢ ١١ ١٥

તરજુમો :

અને કહે છે કે જ્યારે અમે માટીમાં રોળાઈ જઈશું, (પછી કયામતમાં) શું અમારે નવું બનવાનું છે ? (એવું નથી !) બલકે તેઓ પોતાના પરવરદિગારની મુલાકાતના ઈન્કારી છે. (૧૦) તમે કહો, તમને મોતનો ફરિશ્તો કબ્જે કરી લે છે જે તમારા ઉપર નિમાયેલો છે, પછી પોતાના પરવરદિગાર તરફ લઈ જવામાં આવશો. (૧૧) અને કદી તમે જુઓ જે વખતે કે ઈન્કારીઓ પોતાના પરવરદિગારની સામે માથું ઢાળેલા હશે (અને કરગરશે), હે અમારા પરવરદિગાર ! અમે જોઈ લીધું અને સાંભળી લીધું, હવે અમને મોકલી આપ કે અમે ભલા કામ કરીએ, અમને યકીન આવી ગયું. (૧૨) અને જો અમે ઈચ્છયું હોત તો દરેક જણને તેનો માર્ગ સૂઝાડી દીધો હોત પરંતુ મારી કહેલી વાત સત્ય થઈ ચૂકી કે મારે જિન્નાતો અને મનુષ્યો ભેગાથી દોઝખ ભરવાની છે. (૧૩) બસ હવે મજા ચાખો જેમકે તમે તમારી આ દિવસની હાજરીને ભૂલાવી દીધી હતી, અમે પણ તમને ભૂલાવી દીધા અને હંમેશાનો અઝાબ ચાખો પોતાની કરણીનો બદલો. (૧૪) અમારી વાતોને તે જ માને છે જ્યારે તેમને સમજાવવામાં આવે તેનાથી સજ્દહમાં ઢળી પડે અને પવિત્ર જાતને યાદ કરે પોતાના પરવરદિગારની ખુબીઓ સાથે અને તેઓ બડાઈ હાંકતા નથી. (૧૫) તેમના પડખાંઓ પોતાની સૂવાની જગ્યાએથી અળગા રહે છે, પોતાના પરવરદિગારને ડર અને આશા

(તમા)પૂર્વક પોકારે છે અને અમારું આપેલું કંઈક ખર્ચ કરે છે. (૧૬) બસ, કોઈ જીવને ખબર નથી જે તેમના માટે ગુપ્ત રાખી છે આંખોની ઠંડક (સ્વરૂપે), તેનો બદલો જે (તેઓ) કરતા હતા. (૧૭) વારું, એક જે ઈમાન ઉપર છે તે તેની સમકક્ષ છે જે નાફરમાન છે ? (તેઓ) એકસમાન નથી હોતા. (૧૮) બસ તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને ભલા કામ કર્યા તો તેમના માટે રહેવાના બગીચા છે, મહેમાની તેમના કર્મોના કારણે જે (તેઓ) કરતા હતા. (૧૯) અને તે લોકો જેઓ અવજ્ઞાકારી છે બસ તેમનું ઘર આગ છે, જ્યારે ઈચ્છે કે તેમાંથી નીકળી પડીએ ફરી તેમાં જ ઊલટાવી દેવામાં આવે અને તેમને કહીએ, તેને ચાખો આગનો અઝાબ જેને તમે જૂઠાડયા કરતા હતા. (૨૦) અને અલબત્ત અમે તેમને તે મોટા અઝાબથી પહેલાં થોડો અઝાબ ચખાડીશું જેથી તેઓ પાછા આવે. (૨૧) અને કોણ તેનાથી વધારે અન્યાયી છે જે પોતાના પરવરદિગારની વાતોથી સમજાવવામાં આવ્યો, પછી તેનાથી મોઢું ફેરવી ગયો, નિશ્ચિત અમારે તે ગુનેહગારોથી બદલો લેવાનો છે. (૨૨)

તફસીર :

અને આ (કાફિર) લોકો કહે છે કે અમે જ્યારે જમીનમાં (ભળી જઈને) નેસ્તો નાબૂદ થઈ જઈશું તો શું અમે ફરી (કયામતમાં) નવા જન્મમાં આવીશું ? (અને આ લોકો આ ફરી નવજીવન પામવા ઉપર માત્ર આશ્ચર્ય જ નથી કરતા જેમકે તેના વિષયથી દેખીતી રીતે જાણ થાય છે) બલકે (વાસ્તવમાં) તે લોકો પોતાના પરવરદિગારથી મળવાના ઈન્કારી જ છે (અને આ તેમના ઈન્કારનો ભાવાર્થ છે), તમે (જવાબમાં) કહી આપો કે તમારા પ્રાણ મોતનો ફરિશ્તો કબ્જે કરે છે જે તમારા ઉપર (અલ્લાહ તરફથી) નિમાયેલો છે, પછી તમે પોતાના પરવરદિગાર તરફ પાછા વાળીને લાવવામાં આવશો (જવાબમાં મૂળ હેતુ તો આ જ تُرْجَعُوْنَ છે અને يَتَوَفّٰكُمْ વચ્ચે વધારી દેવું ધમકી સ્વરૂપે છે કે મોત પણ ફરિશ્તા દ્વારા જ આવે છે જે પ્રાણ નીકળવાના સમયે તમને મારશે પણ જેમકે બીજી આયતમાં છે, وَلَوْ تَرٰۤى اِذْ يَتَوَفَّى الَّذِيْنَ كَفَرُوا الْمَلٰٓئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ.... બસ મૃત્યુ પામવાનું પરિણામ માત્ર માટીમાં ભળી જવું ન હશે, જેમકે તમારું નિવેદન ....ءَاِذَا ضَلَلْنَا થી જાણ થાય છે) અને (આ હાજર થવાના

સમયે જેના ઉપર تُرْجَعُوْنَ દલીલ છે) જો તમે (તે લોકોની હાલત જુઓ) અજબ હાલત જોશો જ્યારે કે આ વંચિત લોકો (શરમના માર્યા) પોતાના પરવરદિગારની સામે માથું નમાવેલા (ઊભા) હશે (અને કહેતા હશે) કે હે અમારા પરવરદિગાર! (હવે) અમારી આંખો અને કાન ખુલી ગયા (અને જાણ થઈ ગઈ કે પયગમ્બરોએ જે કંઈ કહ્યું હતું બધું સાચું હતું) બસ અમને (દુનિયામાં) ફરી મોકલી આપ, અમે (હવે ત્યાં જઈને ખૂબ) નેક કામ કર્યા કરીશું (હવે) અમને સંપૂર્ણ યકીન આવી ગયું અને (તેમનું આ કહેવું વ્યર્થ અને બેકાર હશે. એટલા માટે કે) જો અમને (આ) મંજૂર હોત (કે તેઓ અવશ્ય માર્ગ ઉપર આવી જ જાય) તો અમે દરેક જણને તે(ના છુટકારા)ના (ઇચ્છિત) માર્ગ (સુધી પહોંચાડી દેવાના દરજ્જામાં અવશ્ય) અર્પણ કરી આપ્યા હોત (જેમકે હિદાયતનો અર્થ ઇચ્છિત માર્ગ બતાવવો અને તેને અર્પણ કરવો થાય છે) પરંતુ મારી (તો) આ (અઝલી તકદીરી) વાત (ઘણી બધી હિકમતોથી) નક્કી થઈ ચૂકી છે કે હું જહન્નમને જિન્નાત અને મનુષ્ય બંને(માં જેઓ કાફિર હશે તેઓ)થી અવશ્ય ભરી દઈશ (અને અમુક હિકમતોનું વર્ણન સૂરએ હૂદની અંતે આવી જ આયતની તફસીરમાં આવી ચૂક્યું છે) તો (તેમને કહેવામાં આવશે કે) હવે તેનો મજા ચાખો કે તમે પોતાના તે દિવસના આવવાને ભૂલ્યા હતા, અમે તમને ભૂલાવી દીધા (એટલે કે અમારી કૃપાથી વંચિત કરી દીધા જેને ભૂલાડવા તરીકે કહેવામાં આવ્યું) અને (અમે જે એવું કહીએ છીએ કે મજા ચાખો તે એક બે દિવસ નથી બલકે તેની હકીકત એ છે કે) પોતાના (ખરાબ) કર્મોના કારણે હંમેશાના અઝાબની મજા ચાખો (આ તો કાફિરોની હાલત અને તેમની પરિસ્થિતિનું વર્ણન થયું, આગળ મો'મિનોની પરિસ્થિતિનું વર્ણન છે એટલે કે) બસ, અમારી આયતો ઉપર તો તે લોકો ઈમાન લાવે છે કે જ્યારે તેમને તે આયતો યાદ અપાવવામાં આવે છે તો તેઓ સજ્દહમાં પડી જાય છે (જેની તહકીક સૂરએ મરયમના ચોથા રુકૂઅમાં આવી છે) અને પોતાના પરવરદિગારના વખાણ અને પવિત્રતા વર્ણન કરવાં લાગે છે અને તે લોકો (ઈમાનથી) ઘમંડ કરતા નથી (જેમકે કાફિરોની હાલત વિશે આવ્યું છે, وَلّٰى مُسْتَكْبِرًا આ તો તેમનું સમર્થન અને સ્વીકાર તથા અખ્લાકની હાલત હતી અને કર્મોની હાલત એ છે કે રાત્રે) તેમના પડખાં સૂવાની જગ્યાએથી અળગા હોય છે (ભલે ઈશાની ફરજ નમાઝ માટે હોય અથવા તહજ્જુદ માટે પણ

અને તેનાથી બધી રિવાયતો એકઠી થઈ ગઈ અને માત્ર અળગા જ નથી થતા બલકે) એ રીતે (અળગા થાય છે) કે તે લોકો પોતાના પરવરદિગારને (સવાબની) આશાથી અને (અઝાબના) ડરથી પોકારે છે (તેમાં નમાઝ અને દુઆ અને ઝિક્ર બધું આવી ગયું) અને અમારી આપેલી વસ્તુઓમાંથી ખર્ચ કરે છે (મતલબ એ છે કે ઈમાન લાવનારાઓના આ લક્ષણો છે જેમાં અમુક તો ઈમાન ઉપર જ અવલંબિત છે અને અમુક ઈમાનની વિશિષ્ટતાઓ ઉપર આધારિત છે) બસ કોઈ વ્યક્તિને ખબર નથી જે આંખોની ઠંડકનો સામાન એવા લોકો માટે ગયૂબના ખજાનામાં ઉપસ્થિત છે આ તેમને તેમના (નેક) અમલોનો બદલો મળ્યો છે (અને જ્યારે બંને પક્ષની હાલત અને તેમની પરિસ્થિતિની જાણ થઈ ગઈ) તો (હવે બતાવો) જે વ્યક્તિ મો'મિન છે શું તે એવા વ્યક્તિ જેવો થઈ જશે જે હુકમ વિહોણો (એટલે કે કાફિર) હોય ? (નહીં !) તે પરસ્પર (પરિસ્થિતિના આધારે અને આધ્યાત્મિકતા આધારે) સમાન નથી હોઈ શકતા (એટલા માટે જાણ થઈ છે અને ખાસ આધ્યાત્મિકતામાં સમાનતા ન હોવાની વિગત તાકીદ માટે ફરી સાંભળી લો કે) જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સારા કર્મ કર્યા બસ તેમના માટે હંમેશાનું ઠેકાણું જન્નતો છે જે તેમના (નેક) અમલોના બદલામાં તેમની મહેમાની સ્વરૂપે છે (એટલે કે મહેમાનની જેમ તેમને આ વસ્તુઓ સ્વમાન સાથે મળશે, ન કે માંગનાર મોહતાજોની જેમ કદર કિંમતે અને વિના સન્માને) અને જે લોકો હુકમ વિહોણા (કાફિર) હતા બસ તેમનું ઠેકાણું દોઝખ છે, તે લોકો જ્યારે તેમાંથી બહાર નીકળવા ઈચ્છશે (અને કિનારા તરફ આગળ વધશે તો ઊંડાઈના કારણે અને દરવાજાઓ ઉપર તાળાં હોવાના કારણે નીકળી શકશે નહીં પરંતુ એવા સમયે આ સ્વાભાવિક પ્રવૃત્તિ હોય છે) તો પછી તેમાં જ ધકેલી દેવામાં આવશે અને તેમને કહેવામાં આવશે કે દોઝખનો તે અઝાબ ચાખો જેને તમે જૂઠાડ્યા કરતા હતા (અને આ અઝાબ તો ભવિષ્યમાં આખિરતમાં થશે) અને અમે તેમને નિકટનો (એટલે કે દુનિયામાં આવનાર) અઝાબ પણ આ મોટા અઝાબ (ભવિષ્યમાં આવનાર આખિરત)થી પહેલાં ચખાડી આપીશું (જેમકે બીમારીઓ, મુસીબતો, પરેશાનીઓ વગેરે. –કઝા ફિ દૂર્ર મરફુઅન વ મવકુફન. –કારણ કે બીમારીઓ અને આફતો કુર્આનની વિગત પ્રમાણે મોટા ભાગે ખરાબ અમલોના કારણે આવે છે) જેથી આ લોકો (પ્રભાવિત થઈને કુફ્રથી) પાછા વળે (અલ્લાહનું

ફરમાન ظَهَرَ الْفَسَادُ થી يَرْجِعُوْنَ પછી જે પાછા ન વળે તેમના માટે મોટો અઝાબ જ છે) અને (એવા લોકો ઉપર અઝાબ થવાથી કોઈ આશ્ચર્ય ન થવું જોઈએ કારણ કે) એ વ્યક્તિથી વધારે જાલિમ કોણ હશે જેને તેના પરવરદિગારની આયતો યાદ અપાવવામાં આવે પછી તે તેનો વિરોધ કરે ? (તો તેના અઝાબના હકદાર હોવામાં શું સંદેહ છે ? એટલા માટે) અમે એવા પાપીઓથી બદલો લઈશું.

મસ્અલા અને બોધપાઠ :

قُلْ يَتَوَفّٰكُمْ مَّلَكُ الْمَوْتِ الَّذِىْ وُكِّلَ بِكُمْ આ અગાઉની આયતમાં કયામતના ઈન્કારીઓને તાકીદ અને તેમના પ્રશ્નનો ઉત્તર હતો કે મૃત્યુ પામ્યા પછી અને માટી થઈ ગયા પછી ફરીવાર કઈ રીતે સજીવન થઈશું ? આ આયતમાં એનું વર્ણન છે કે પોતાના મૃત્યુ ઉપર ધ્યાન આપો અને વિચાર કરો તો તે પોતે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની એક મોટી નિશાની છે, તમે પોતાની બેદરકારી અને અજ્ઞાનતાથી એવું સમજો છો કે માનવીનું મૃત્યુ આપમેળે આવી જાય છે, વાત એવી નથી બલકે અલ્લાહ સમીપ તમારા મોતનો એક સમય નિશ્ચિત છે અને તેના માટે ફરિશ્તાઓની એક ખાસ વ્યવસ્થા છે જેમાં મોટા હઝરત ઈઝરાઈલ (અલૈ.) છે કે સમગ્ર દુનિયાના મૃત્યુની વ્યવસ્થા તેમના હાથમાં આપવામાં આવી છે જે વ્યક્તિની જે સમયે જે સ્થળે મોત નિશ્ચિત છે ઠીક તે જ સમયે તેઓ તેની રૂહ કબ્જે કરે છે, પ્રસ્તુત આયતમાં તેનું વર્ણન છે અને તેમાં مَلَكُ الْمَوْتُ (મલકુલ મોત) શબ્દ مُفْرَدْ (મુફરદ) "એક વચન" સ્વરૂપે વર્ણન કરવામાં આવ્યો છે, તેનો ભાવાર્થ ઈઝરાઈલ (અલૈ.) છે અને એક બીજી આયતમાં ફરમાવ્યું છે, اَلَّذِيْنَ تَتَوَفّٰهُمُ الْمَلٰٓئِكَةُ તેમાં مَلَائِكَةُ (મલાઈકહ) બહુવચનના શબ્દથી લાવવામાં આવ્યું છે, તેમાં ઈશારો છે કે ઈઝરાઈલ (અલૈ.) એકલા જ આ કામ પૂરું નથી કરતા બલકે તેમના હાથ નીચે ઘણા બધા ફરિશ્તાઓ તેમાં ભાગ લે છે.

રૂહ કબ્જે કરવા વિશે અને મલિકુલ મોત વિશે અમુક વિગતો :

તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ કહ્યું છે કે સમગ્ર દુનિયા મલિકુલ મોત સામે એવી છે જેમકે કોઈ મનુષ્ય સામે એક ખુલ્લી થાળીમાં દાણા પડયા હોય કે જેને ઈચ્છે ઉઠાવી લે, આ વિષય એક મરફુઅ્ હદીષમાં પણ આવ્યો છે.

(ઝિક્હુલ કુર્તુબી ફી તઝકિરહ)

એક હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ એક વખતે એક અન્સારી સહાબીના માથા ઉપર મલિકુલ મોતને જોયા તો ફરમાવ્યું કે મારા સહાબીની સાથે નરમીનો વર્તાવ કરો, મલિકુલ મોતે જવાબ આપ્યો કે તમે સંતોષિત રહો, હું દરેક મો'મિનની સાથે નરમીનો વર્તાવ કરું છું અને કહ્યું કે જેટલા વ્યક્તિઓ શહેરોમાં અથવા ગામડાંઓમાં અથવા જંગલોમાં, પહાડોમાં અથવા દરિયામાં વસે છે હું તેમાંથી દરેકને દિવસમાં પાંચ વખતે જોઉં છું, એટલા માટે હું તેમના દરેક નાના મોટાથી પ્રત્યક્ષ રીતે વાકેફ છું. પછી ફરમાવ્યું કે હે મુહમ્મદ ﷺ આ જે કંઈ છે અલ્લાહના હુકમથી છે, નહિતર જો હું એક મચ્છરની રૂહ પણ કબ્જે કરવા ઈચ્છું તો મારી તેના ઉપર શકિત નથી જ્યાં સુધી કે અલ્લાહ તઆલાનો હુકમ તેના માટે ન આવી જાય.

શું પ્રાણીઓની રૂહ પણ મલિકુલ મોત કબ્જે કરે છે ? :

પ્રસ્તુત હદીષની રિવાયતથી જાણ થાય છે કે મચ્છરની રૂહ પણ અલ્લાહના હુકમથી મલિકુલ મોત જ કબ્જે કરે છે. હઝરત ઈમામ માલિક (રહ.)એ એક પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે પરંતુ અમુક બીજી રિવાયતોથી જાણ થાય છે કે ફરિશ્તા દ્વારા રૂહ કબ્જે કરવી મનુષ્યો માટે જ ખાસ છે, તેની ઉચ્ચતા અને તેની વિશિષ્ટતાના કારણે; નહિતર બાકી પ્રાણીઓ અલ્લાહ તઆલાના હુકમથી ફરિશ્તા વિના જ મરી જશે. *(ઝિક્રુહુ ઈબ્ને અતિય્યહ અજ કુર્તુબી)*

આ જ વિષય અબુલ શૈખ અકીલી, વયલમી વગેરેએ હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી મરફુઅન નકલ કર્યો છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે પૃથ્વી પરના બધા જ પ્રાણીઓ અને જીવજંતુઓ સૌ અલ્લાહ તઆલાની તસ્બીહમાં પ્રવૃત્ત રહે છે. (આ જ તેમનું જીવન છે) જ્યારે તેમની તસ્બીહ પૂર્ણ થઈ જાય છે તો અલ્લાહ તઆલા તેમની રૂહ કબ્જે કરી લે છે, પ્રાણીઓનું મોત મલિકુલ મોતને સોંપવામાં આવ્યું નથી, આ વિષયની એક હદીષ હઝરત ઈબ્ને ઉમર (રદિ.)થી પણ રિવાયત કરવામાં આવી છે. *(મઝહરી)*

એક રિવાયતમાં છે કે જ્યારે અલ્લાહ તઆલાએ ઈઝરાઈલ (અલૈ.)ને સમગ્ર દુનિયાની મોતનો મામલો સોંપ્યો તો તેમણે વિનંતી કરી, હે મારા પરવરદિગાર ! તેં મને એવી સેવા સોંપી છે કે સમગ્ર દુનિયા અને સમગ્ર

માનવજાત મને બુરું કહેશે અને જ્યારે મારું વર્ણન આવશે બુરાઈથી કરશે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે અમે તેને એ રીતે નિર્મૂળ કરી દીધી છે કે દુનિયામાં મોતના અમુક જાહેર કારણો અને બીમારીઓ રાખી દીધી છે જેના કારણે બધા લોકો મોતનો તે કારણો અને બીમારીઓ તરફ સંબંધ જોડશે, તમે તેમના બુરા ભલા કહેવાથી સુરક્ષિત રહેશો. *(કુર્તુબી ફિ તફસીર વ તઝકિરહ)*

ઈમામ બગવી (રહ.)એ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જેટલી બીમારીઓ અને દર્દો તથા ઘા વગેરે છે તે બધા મોતના સંદેશાવાહકો છે, માનવીને તેનું મૃત્યુ યાદ અપાવે છે પછી જ્યારે મોતનો સમય આવી જાય છે તો મલિકુલ મોત મરનારને સંબોધન કરીને કહે છે કે હે અલ્લાહના બંદા ! મેં પોતાના આવતા પહેલાં કેટલી ખબરો, કેટલા સંદેશાવાહકો એક પછી એક તને ખબરદાર કરવા અને મોતની તૈયારી કરવા માટે બીમારી અને દુર્ઘટનાઓ સ્વરૂપે મોકલ્યા છે, હવે હું આવી પહોંચ્યો, ત્યાર પછી કોઈ બીજો ખબર આપનાર અથવા બીજો સંદેશાવાહક આવશે નહીં, હવે તમે પોતાના પરવરદિગારને અવશ્ય માનશો ભલે ખુશીથી અથવા મજબૂરીથી !

(મઝહરી)

મસ્અલો :

મલિકુલ મોત કોઈની મોતનો સમય પહેલેથી નથી જાણતા જ્યાં સુધી કે તેને હુકમ આપવામાં ન આવે કે ફલાણાની રૂહ કબ્જે કરી લો.

(અખ્રજા, અહમદ વ ઈબ્ને અબીદુનિયા અન મુઅ્મર, મઝહરી)

تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ يَدْعُوْنَ رَبَّهُمْ خَوْفًا وَّطَمَعًا પાછલી આયતોમાં કાફિરો, મુશ્રિકો તથા કયામતના ઈન્કારીઓને ચેતવણીઓ હતી, ત્યાર પછી اِنَّمَا يُؤْمِنُ بِاٰيٰتِنَا થી નિખાલસ મો'મિનોના ખાસ લક્ષણો અને તેમના મહાન દરજ્જાઓનું વર્ણન છે, તે મો'મિનોનું એક લક્ષણ પ્રસ્તુત આયતમાં આ બતાવવામાં આવ્યું છે કે તેમના પડખાંઓ પોતાના બિસ્તરાથી અલગ થઈ જાય છે અને પાથરણાએથી ઉઠીને અલ્લાહ તઆલાના ઝિક્ર અને દુઆમાં પ્રવૃત્ત થઈ જાય છે, કારણ કે આ લોકો અલ્લાહ તઆલાના નારાજગી અને અઝાબથી ડરે છે અને તેની રહમત અને સવાબના આશાવાદી રહે છે, આ જ આશા અને ડરની મિશ્રિત

પરિસ્થિતિ તેમને ઝિક્ર અને દુઆ માટે બેચેન રાખે છે.

તહજ્જુદની નમાઝ :

દુઆના પાથરણાએથી ઉઠીને ઝિક્ર અને દુઆમાં મશ્ગૂલ થઈ જવાનો ભાવાર્થ જમહૂર તફસીરકારોના મતે તહજ્જુદ અને નફલ નમાઝો છે જે સૂઈને ઉઠયા પછી પઢવામાં આવે છે. (ઇમામ મુજાહિદ રહ., ઇમામ માલિક રહ. અને અવજાઇ રહ.ના હસન નિવેદન પ્રમાણે) અને હદીષની રિવાયતોમાં પણ તેનું સમર્થન થયું છે.

મુસ્નદે અહમદ, તિરિમઝી, નસાઈ વગેરેમાં હઝરત મઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે હું એક વખતે રસૂલે કરીમ ﷺ સાથે મુસાફરીમાં હતો, એક દિવસે હું મુસાફરી દરમિયાન સવારના સમયે રસૂલે કરીમ ﷺની નિકટ આવ્યો તો મેં વિનંતી કરી યા રસૂલુલ્લાહ ﷺ ! મને કોઈ એવો અમલ બતાવો જે મને જન્નતમાં દાખલ કરે અને જહન્નમથી દૂર કરી આપે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તમે એક મોટી વસ્તુનો સવાલ કર્યો પરંતુ જેના માટે અલ્લાહ તઆલા સરળ કરી દે તેના માટે તે સહેલું થઈ જાય છે અને ફરમાવ્યું કે તે અમલ એ છે કે અલ્લાહની ઈબાદત કરો અને તેની સાથે કોઈને ભાગીદાર ન કરો અને નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરો અને રમઝાનના રોઝા રાખો અને બયતુલ્લાહની હજ્જ કરો અને પછી ફરમાવ્યું કે લો ! હવે હું તમને ભલાઈ એટલે નેકીના વિભાગો બતાવી આપું છું. (તે એ છે કે) રોઝો ઢાલ છે (જે અઝાબથી બચાવે છે) અને સદકહ માનવીના ગુનાહોની આગ હોલવી નાંખે છે એ જ પ્રમાણે મનુષ્યની રાત્રિ દરમિયાનની નમાઝ; અને આ ફરમાવીને કુર્આને કરીમની પ્રસ્તુત આયત તિલાવત કરી, تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ

હઝરત અબૂ દરદાઅ્ (રદિ.), કતાદહ અને જહ્હાક (રહ.)એ ફરમાવ્યું છે કે પડખાંઓનું બિસ્તરાઓથી અલગ થઈ જવાનું આ લક્ષણ તે લોકો માટે પણ સાચું છે જેઓ ઈશાની નમાઝ જમાઅત સાથે અદા કરે, પછી સવારની નમાઝ જમાઅત સાથે પઢે અને તિરમિઝીમાં સહીહ સનદથી હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે આ تَتَجَافٰى جُنُوْبُهُمْ ઈશાની નમાઝથી પહેલાં ન સૂઈ જનારા અને ઈશાની જમાઅતની રાહ જોનારાઓ વિશે નાઝિલ થઈ.

અમુક રિવાયતોમાં છે કે આ તે લોકો વિશે છે જેઓ મગરિબ અને ઈશા વચ્ચે નફલો પઢે છે. (રવાહુ મુહમ્મદ બિન નશર) હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આ આયત વિશે ફરમાવ્યું કે જે લોકો જ્યારે આંખ ખુલે અલ્લાહનો ઝિક્ર કરે, સૂતાં, બેઠાં અને પડખાંઓ ઉપર; તેઓ પણ તેમાં સામેલ છે.

ઈબ્ને કષીર અને તફસીરના બીજા ઈમામોએ ફરમાવ્યું કે આ બધા નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી, સાચી વાત એ છે કે આ આયત સૌને સામેલ કરે છે અને અંતિમ રાત્રિની નમાઝ તે સૌમાં ઉચ્ચ અને શ્રેષ્ઠ છે, બયાનુલ કુર્આનમાં પણ આ જ મત અપનાવવામાં આવ્યો છે.

હઝરત અસ્માઅ્ બિન્તે યઝીદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યુ કે જ્યારે અલ્લાહ તઆલા આગલા અને પાછલાઓને કયામતના દિવસે એકઠા કરશે તો અલ્લાહ તઆલા તરફથી એક પોકારનાર ઊભો થશે જેનો અવાજ સમગ્ર મખ્લૂક સાંભળશે, તે અવાજ આપશે કે મહશરવાળાઓ આજે જાણી લેશે કે અલ્લાહ તઆલા સમીપ કોણ લોકો ઈજ્જત અને સન્માનના હકદાર છે પછી તે ફરિશ્તો અવાજ આપશે કે મહશરવાળાઓમાંથી તે લોકો ઊભા થાય જેમનું લક્ષણ આ હતું, تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ એટલે કે, તેમના પડખાંઓ બિસ્તરાઓથી અલગ થઈ જાય છે. આ અવાજ ઉપર તે લોકો ઊભા થશે જેમની સંખ્યા ઓછી હશે. (ઈબ્ને કષીર) અને એ જ રિવાયત પછીના શબ્દોમાં છે કે તે લોકો વિના હિસાબ કિતાબે જન્નતમાં મોકલી દેવામાં આવશે, ત્યારબાદ અન્ય બધા લોકો ઊભા થશે અને તેમનાથી હિસાબ લેવામાં આવશે. *(મઝહરી)*

وَلَنُذِيْقَنَّهُمْ مِّنَ الْعَذَابِ الْاَدْنٰى دُوْنَ الْعَذَابِ الْاَكْبَرِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ માં શબ્દ اَدْنٰى (અદ્‌ના) "નિકટ"ના અર્થમાં છે અને عَذَابِ اَدْنٰى (અઝાબે અદ્‌ના)નો ભાવાર્થ દુનિયાની મુસીબતો, આફતો અને બીમારીઓ વગેરે છે તથા عَذَابِ اَكْبَرْ (અઝાબે અકબર)નો ભાવાર્થ "આખિરતનો અઝાબ" છે.

દુનિયાની મુસીબતો તે લોકો માટે કૃપા છે જેઓ અલ્લાહ તઆલાના શરણમાં જાય :

એનો અર્થ એ છે કે અલ્લાહ તઆલા ઘણા લોકોને તેમના ગુનાહો ઉપર

ચેતવણી આપવા માટે દુનિયામાં તેમને બીમારીઓ, મુસીબતો તથા આફતોમાં સપડાવી દે છે જેથી તેઓ ચેતી જાય અને પોતાના ગુનાહોથી પાછા વળે તથા આખિરતના મોટા અઝાબથી છુટકારો પામે.

આ આયતથી જાણ થઈ કે ગુનેહગારો માટે દુનિયાની મુસીબતો, આફતો, બીમારીઓ અને તકલીફો પણ એક પ્રકારની રહમત જ છે કે ગફલતથી પાછા વળીને આખિરતના અઝાબથી બચી જાય, અલબત્ત તે લોકો આફતો પછી પણ અલ્લાહ તરફ રુજૂઅ્ ન કરે તેમના માટે એ બમણો અઝાબ બની જાય છે, એક આ જ દુનિયામાં રોકડો અને બીજો આખિરતનો મોટો અઝાબ. અંબિયા (અલૈ.) અને અવલિયા ઉપર જે આફતો અને મુસીબતો આવે છે તેમનો મા'મલો આ બધાથી અલગ છે અને તેમની પરીક્ષા અથવા કસોટી દ્વારા તેમના દરજ્જાઓ વધારવા માટે હોય છે તથા તેની ઓળખ એ છે કે તે લોકોને બીમારીઓ અને આફતોના સમયે પણ એક પ્રકારની મનની શાંતિ અને સંતોષ અલ્લાહ તઆલા ઉપર હોય છે. વલ્લાહુ અઅ્લમુ.

અમુક ગુનાહોની સજા આખિરતથી પહેલાં દુનિયામાં પણ મળે છે :

إِنَّا مِنَ الْمُجْرِمِيْنَ مُنْتَقِمُوْنَ દેખીતી રીતે શબ્દ مُجْرِمِيْنَ (મુજરિમીન)માં દરેક પ્રકારના ગુનેહગારો સામેલ છે અને اِنْتِقَام (ઈન્તેકામ) "બદલો લેવો" પણ સામાન્ય છે, ભલે દુનિયામાં અથવા આખિરતમાં અથવા બંને સ્થળોએ; પરંતુ હદીષની અમુક રિવાયતોથી જાણ થાય છે કે ત્રણ ગુનાહો એવા છે જેની સજા આખિરતથી પહેલાં દુનિયામાં પણ મળે છે, એક સત્ય વિરુદ્ધ ખુલ્લમ ખુલ્લા ઝંડાઓ અને નારાઓ લગાવી પ્રયત્ન કરવો, બીજું માં બાપની નાફરમાની કરવી અને ત્રીજું જાલિમની મદદ કરવી. *(રવાહુ ઈબ્ને જરીર અન મઆઝ બિન જબલ રદિ.)*

આયતો : (સૂરએ સજ્દહ : આયત નં. ૨૩ થી ૩૦)

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ فَلَا تَكُنْ فِيْ مِرْيَةٍ مِّنْ لِّقَآئِهٖ وَجَعَلْنٰهُ هُدًى لِّبَنِيْٓ
اِسْرَآءِيْلَ ﴿٢٣﴾ وَجَعَلْنَا مِنْهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا لَمَّا صَبَرُوْا ۗ وَكَانُوْا بِاٰيٰتِنَا

يُوقِنُونَ ﴿٢٤﴾ اِنَّ رَبَّكَ هُوَ يَفْصِلُ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿٢٥﴾
اَوَلَمْ يَهْدِ لَهُمْ كَمْ اَهْلَكْنَا مِنْ قَبْلِهِمْ مِّنَ الْقُرُوْنِ يَمْشُوْنَ فِيْ مَسٰكِنِهِمْ ؕ اِنَّ فِيْ
ذٰلِكَ لَاٰيٰتٍ ؕ اَفَلَا يَسْمَعُوْنَ ﴿٢٦﴾ اَوَلَمْ يَرَوْا اَنَّا نَسُوْقُ الْمَآءَ اِلَى الْاَرْضِ
الْجُرُزِ فَنُخْرِجُ بِهٖ زَرْعًا تَاْكُلُ مِنْهُ اَنْعَامُهُمْ وَاَنْفُسُهُمْ ؕ اَفَلَا يُبْصِرُوْنَ ﴿٢٧﴾ وَيَقُوْلُوْنَ
مَتٰى هٰذَا الْفَتْحُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٢٨﴾ قُلْ يَوْمَ الْفَتْحِ لَا يَنْفَعُ الَّذِيْنَ كَفَرُوْٓا
اِيْمَانُهُمْ وَلَا هُمْ يُنْظَرُوْنَ ﴿٢٩﴾ فَاَعْرِضْ عَنْهُمْ وَانْتَظِرْ اِنَّهُمْ مُّنْتَظِرُوْنَ ﴿٣٠﴾ ع

તરજુમો :

અને અલબત્ત અમે મૂસા (અલૈ.)ને કિતાબ આપી છે, બસ તમે તેના મળવાથી શંકામાં ન રહો અને અમે તેને બની ઈસ્રાઈલ માટે હિદાયત (માર્ગદર્શક) બનાવી. (૨૩) અને અમે તેમનામાંથી ઈમામ (પેશ્વા) બનાવ્યા જેઓ અમારા હુકમથી સીધા માર્ગે ચલાવતા હતા (ત્યારે કે) જ્યારે ધૈર્ય દાખવતા રહ્યા અને અમારી વાતો ઉપર વિશ્વાસ ધરાવતા રહ્યા. (૨૪) બેશક ! તમારો પરવરદિગાર જ કયામતના દિવસે તેમનામાં ફેંસલો કરશે જે વાતમાં કે તેઓ મતભેદ કરતા હતા. (૨૫) શું તેમને એ વાતથી માર્ગ ન સૂઝયો કે અમે તેમનાથી પહેલી કેટલીય ઉમ્મતોનો નાશ કરી નાંખ્યો કે આ તેમના ઘરોમાં અવરજવર કરે છે, તેમાં ઘણી નિશાનીઓ છે, શું તેઓ સાંભળતા નથી ? (૨૬) શું તેમણે જોયું નથી કે અમે પાણીને એક સુક્કી (વેરાન) પડેલી જમીન તરફ હાંકી દઈએ છીએ, પછી અમે તેનાથી ખેતી કાઢીએ છીએ કે તેમાંથી તેમના પશુઓ ખાય છે અને પોતે તેઓ પણ, પછી શું જોતા નથી !? (૨૭) અને કહે છે, ક્યારે થશે આ ફેંસલો જો તમે સાચા છો! (૨૮) તમે કહો, એ ફેંસલાના દિવસે ઈન્કારીઓને તેમનું ઈમાન લાવવું કામ લાગશે નહીં અને ન જ તેમને ઢીલ મળશે. (૨૯) બસ તમે તેમનો વિચાર છોડી દો અને રાહ જુઓ, ખરેખર તેઓ પણ રાહ જુએ છે. (૩૦)

તફસીર :

અને અમે મૂસા (અલૈ.)ને (તમારી જેમ જ) કિતાબ આપી હતી, (જેના પ્રચાર પ્રસારમાં તેમને તકલીફો વેઠવી પડી હતી, એ જ પ્રમાણે આપ ﷺએ પણ બરદાશ્ત કરવું જોઈએ. એક સાંત્વના તો આ થઈ, પછી એ જ પ્રમાણે તમને કિતાબ આપી) બસ તમે (પોતાની) આ (કિતાબ)ના મળવામાં કંઈ શંકા ન કરો (اِنَّكَ لَتُلَقَّى الْقُرْآنَ) મતલબ એ છે કે તમે સાહિબે કિતાબ છો અને સાહિબે ખિતાબ છો, બસ જ્યારે તમે અલ્લાહ સમીપ આટલા સ્વીકૃત છો તો જો અમુક થોડા મૂર્ખાઓ તમારો સ્વીકાર ન કરે તો કોઈ દિલગીર થવાની બાબત નથી, આમ એક સાંત્વના તો આ રીતે આપવામાં આવી) અને અમે એ (મૂસા અલૈ.ની કિતાબ)ને બની ઈસ્રાઈલ માટે હિદાયતનું માધ્યમ બનાવી હતી (એ જ પ્રમાણે તમારી કિતાબથી ઘણાઓની હિદાયત થશે, તમે ખુશ રહો. એક સાંત્વના આ પણ થઈ) અને અમે તે (બની ઈસ્રાઈલ)માં ઘણા બધા (દીનના) પેશ્વાઓ બનાવી દીધા હતા જેઓ અમારા હુકમથી માર્ગદર્શન કરતા હતા જ્યારે કે તે લોકો (તકલીફો ઉપર) સબ્ર કરતા રહ્યા અને અમારી આયતો ઉપર યકીન રાખતા હતા (એટલા માટે તેના પ્રચાર અને મખ્લૂકની હિદાયતમાં તકલીફો વેઠવાનું પસંદ કરતા હતા, આ તસલ્લી મો'મિનો માટે છે કે તમે લોકો ધૈર્ય દાખવો અને જ્યારે તમે યકીનવાળા છો તથા યકીનનો તકાદો સબ્ર કરવી છે તો તમારા માટે સબ્ર જરૂરી છે, તે સમયે અમે તમને પણ દીનના ઈમામો બનાવી દઈશું. આ હૈયાધરપત દુનિયાના આધારે છે કે એક તસલ્લી આખિરતના આધારે તમારે રાખવી જોઈએ અને તે હૈયાધરપતની બાબત એ છે કે) તમારો પરવરદિગાર કયામતના દિવસે તે સૌનો પરસ્પર (અમલી) ફેંસલો તે બાબતોમાં કરી દેશે જેમાં તેઓ અંદર અંદર મતભેદ કરતા હતા (એટલે કે મો'મિનોને જન્નતમાં અને કાફિરોને દોઝખમાં નાંખી દેશે અને કયામત પણ કંઈ દૂર નથી, તેનાથી પણ તસલ્લી પ્રાપ્ત કરવી જોઈએ અને આ વિષયને સાંભળીને કાફિરો બે શંકાઓ કરી શકતા હતા, એક એ કે અમે તેને માનતા જ નથી કે અલ્લાહ તઆલાને અમારું કુફ્ર નાપસંદ છે જેમકે يَفْصِلُ નો ભાવાર્થ થાય છે, બીજું એ કે કયામતને જ અશક્ય સમજે છે. આગળ બંને બાબતોના રદિયા માટે બે વિષયો છે. પ્રથમ એ કે તેમણે કુફ્ર અલ્લાહને નાપસંદ હોવામાં જે શંકા કરી છે તો) શું તેમના માટે એ બાબત

દોરવણી કરનાર ન થઈ કે અમે તેમનાથી પહેલાં (કુફ્ર અને શિર્કના જ કારણે) કેટલીય ઉમ્મતોનો નાશ કરી ચૂક્યા છે (કે તેમની નાશ કરવાની પદ્ધતિથી વળી નબીઓની આગાહીઓથી અમુક સ્વાભાવિક ભૌતિક નિયમોથી વિરુદ્ધ અલ્લાહનો ગુસ્સો ટપકતો હતો જેનાથી કુફ્ર અલ્લાહને નાપસંદ હોવાનું સ્પષ્ટ રીતે દેખીતું છે) જેમના રહેવાના સ્થળોમાં આ લોકો (શામની મુસાફરી દરમિયાન) અવરજવર કરે છે, એ (બાબત)માં (તો) સાફ નિશાનીઓ (કુફ્ર નાપસંદ હોવાની ઉપસ્થિત) છે, શું આ લોકો (તે પાછલી ઉમ્મતોના કિસ્સાઓ) સાંભળતા નથી ? (કે તે કિસ્સાઓ પ્રખ્યાત છે અને લોકોની જીભ ઉપર તાજા છે, બીજો વિષય એ કે તેમને જે કયામત ન આવવાની શંકા છે તો) શું તેમણે એ વાત ઉપર દૃષ્ટિ નથી કરી કે અમે (વાદળો અથવા નહેરો વગેરે દ્વારા) સુક્કી જમીન તરફ પાણી પહોંચાડીએ છીએ, પછી તેના દ્વારા ખેતી પેદા કરીએ છીએ જેનાથી તેમના પશુઓ અને તેઓ પોતે પણ ખાય છે તો શું (આ વાતને રાત દિવસ) જોતા નથી ? (આ મૃત્યુ પછી જીવનના સ્પષ્ટ નમૂનાઓ છે જેમકે ઘણા સ્થળોએ આ બાબતની ચર્ચા પસાર થઈ ચૂકી છે, બસ બંને શંકાઓ નિર્મૂળ થઈ ગઈ) અને આ લોકો (કયામત અને ફેંસલાનું વર્ણન સાંભળીને ઠઠ્ઠો મશ્કરી કરવા એવું) કહે છે કે જો તમે (આ વાતમાં) સાચા છો તો (બતાવો) આ ફેંસલો ક્યારે થશે ? તમે કહી આપો કે (તમે عَبَث નો તકાદો કરો છો ? તમારા માટે તો તે સંપૂર્ણ મુસીબતનો દિવસ છે કારણ કે) તે ફેંસલાના દિવસે કાફિરોને તેમનું ઈમાન લાવવું (બિલકુલ) લાભ આપશે નહીં (અને આ જ એક સ્વરૂપ તેમના બચાવનું હતું અને તે સ્વરૂપ જ ઉપસ્થિત નહીં થાય) અને (છુટકારાનો લાભ તો શું થાય ! બલકે) તેમને મહોલત પણ નહીં મળે, બસ (હે પયગમ્બર ﷺ !) તેમની વાતોનો વિચાર ન કરો (જેના વિચારથી ગમ થાય છે) અને તમે (ગુપ્ત ફેંસલાની) રાહ જોતા રહો, તેઓ પણ (પોતાની રીતે આપ ﷺના નુકસાનની) રાહ જુએ છે (كَقَوْلِهِمْ نَتَرَبَّصُ بِهٖ رَيْبَ الْمَنُوْنَ પરંતુ જાણ થઈ જશે, કોની રાહ જોવી વાસ્તવિકતા આધારિત છે અને કોની નથી, તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું,

قُلْ تَرَبَّصُوْا فَاِنِّىْ مَعَكُمْ مِّنَ الْمُتَرَبِّصِيْنَ

મસ્અલા અને બોધપાઠ :

فَلَا تَكُنْ فِيْ مِرْيَةٍ مِّنْ لِّقَآئِهٖ માં શબ્દ لِقَاءٌ (લિકાઅ્)નો અર્થ "મુલાકાત"નો થાય છે, આ આયતમાં "કોઈની મુલાકાત કોઈની સાથે" ભાવાર્થ તરીકે છે તફસીરકારોના આ બાબતે વિવિધ નિવેદનો છે તેમાં એક તે છે જેનો ખુલાસો ઉપરોક્ત તફસીરમાં અપનાવવામાં આવ્યો છે કે, لِقَآئِهٖ (લિકાઈહિ)ની ઝમીર કિતાબ એટલે કે કુર્આન તરફ જોડાયેલી ઠરાવીને ભાવાર્થ એ લેવામાં આવ્યો છે કે જે રીતે હઝરત મૂસા (અલૈ.)ને કિતાબ આપવામાં આવી આપ ﷺ પણ પોતાની કિતાબ આવવામાં કોઈ શંકા ન કરે, જેમકે એક બીજી આયતમાં કુર્આન વિશે આ શબ્દો આવ્યા છે, وَاِنَّكَ لَتُلَقَّى الْقُرْاٰنَ

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) અને કતાદહ (રદિ.)થી તેની તફસીર એ નકલ થઈ છે કે "લિકાઈહિ"ની ઝમીર હઝરત મૂસા (અલૈ.) તરફ જોડાયેલ છે અને તેથી આ આયતમાં રસૂલે કરીમ ﷺની મુલાકાત હઝરત મૂસા (અલૈ.) સાથે થવાની ખબર આપવામાં આવી છે અને ફરમાવ્યું છે કે તમે એમાં શંકા ન કરો કે તમારી મુલાકાત હઝરત મૂસા (અલૈ.) સાથે થશે, એટલા માટે એક મુલાકાત શબે મેઅ્‌રાજમાં થવી સહીહ હદીષોથી સાબિત છે પછી કયામતમાં મુલકાત થવી પણ સાબિત છે.

હઝરત હસન બસરી (રહ.)એ તની તફસીર એ કરી છે કે જે પ્રમાણે હઝરત મૂસા (અલૈ.)ને એક કિતાબ આપવામાં આવી અને લોકોએ તેને જૂઠાડી અને તેમને સતાવ્યા તમે પણ યકીન રાખો કે આ બધી વસ્તુઓ તમારી સાથે પણ બનશે એટલા માટે તમે કાફિરોની પીડાઓથી દિલગીર ન થાઓ બલકે તેને અંબિયા (અલૈ.)ની સુન્નત સમજીને સહન કરો.

કોઈ કોમનો આગેવાન અથવા ઇમામ બનવા માટે બે શરતો :

وَجَعَلْنَا مِنْهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا لَمَّا صَبَرُوْا وَكَانُوْا بِاٰيٰتِنَا يُوْقِنُوْنَ એટલે કે, અમે બની ઈસ્રાઈલમાંથી અમુક લોકોને ઈમામ, પેશ્વા તથા આગેવાન બનાવી દીધા જે પોતાના પયગમ્બરના નાયબ સ્વરૂપે અલ્લાહના હુકમથી લોકોનું માર્ગદર્શન કર્યા કરતા હતા જ્યારે કે તેમણે ધૈર્ય દાખવ્યું અને જ્યારે કે તેઓ અમારી આયતો ઉપર યકીન રાખે છે.

આ આયતમાં બની ઈસ્રાઈલના ઉલમામાંથી અમુકને ઈમામત અને પેશ્વાઈનો દરજ્જો અર્પણ કરવાના બે કારણો વર્ણન કરવામાં આવ્યા છે, પ્રથમ સબ્ર કરવી, બીજું અલ્લાહ તઆલાની આયતો ઉપર યકીન કરવું. સબ્ર કરવાનો ભાવાર્થ અરબી ભાષાના આધારે ઘણો વિશાળ અને જાહેર છે, તેનો શાબ્દિક અર્થ બાંધવું અથવા મક્કમ રહેવું થાય છે. આ સ્થળે સબ્રનો ભાવાર્થ અલ્લાહ તઆલાના હુકમોની પાબંદી ઉપર મક્કમ રહેવું અને જે વસ્તુઓને અલ્લાહ તઆલાએ હરામ અથવા મકરૂહ ઠરાવી છે તેનાથી પોતાની મનેચ્છાઓને રોકવી છે જેમાં શરીઅતના બધા જ હુકમોની પાબંદી આવી જાય છે અને આ ઘણી મોટી કર્મરૂપી વિશેષતા છે, તેનું બીજું કારણ અલ્લાહની આયતો ઉપર યકીન રાખવું છે, તેમાં આયતોના ભાવાર્થ સમજવું, પછી તેને સમજીને તેના ઉપર યકીન રાખવું બંને સામેલ છે, આ ઘણી જ મોટી જ્ઞાનરૂપી વિશેષતા છે.

ખુલાસો એ છે કે ઈમામત અને પેશ્વાઈના લાયક અલ્લાહ તઆલા સમીપ માત્ર તે લોકો છે જેઓ કર્મોમાં પણ સંપૂર્ણ હોય અને જ્ઞાનમાં પણ અને અત્રે કર્મરૂપી વિશેષતાને જ્ઞાનરૂપી વિશેષતાથી અગ્રસ્થાને વર્ણન કર્યું છે કે સ્વાભાવિક ક્રમમાં જ્ઞાન કર્મ કરતાં અગ્રસ્થાને હોય છે, તેમાં ઈશારો એ તરફ છે કે અલ્લાહ તઆલા નજીક તે જ્ઞાન ભરોસાપાત્ર છે જ નથી જેની સાથે અમલ ન હોય.

ઈબ્ને કષીરે અમુક વિદ્વાનોના નિવેદન આ આયતના વિવરણમાં નકલ કર્યા છે કે بِالصَّبْرِ وَالْيَقِيْنِ تُنَالُ الْاِمَامَةُ فِى الدِّيْنِ એટલે કે, સબ્ર અને યકીન દ્વારા જ દીનમાં કોઈને ઈમામતનો દરજ્જો મળી શકે છે.

اَوَلَمْ يَرَوْ اَنَّا نَسُوْقُ الْمَآءَ اِلَى الْاَرْضِ الْجُرُزِ فَنُخْرِجُ بِهٖ زَرْعًا એટલે કે, શું આ લોકો જોતા નથી કે અમે સુક્કી જમીન તરફ પાણીને (અમુક વખતે) જમીન ઉપર ચલાવીને લઈ જઈએ છીએ જેનાથી તેની ખેતીઓ ઊગે છે. શબ્દ جُـــرُزُ (જુરુઝ) "સુક્કી જમીન"ને કહેવામાં છે જેમાં વનસ્પતિ નથી ઊગતી.

જમીનની સિંચાઈની એક ખાસ હિકમતપૂર્ણ વ્યવસ્થા :

સુક્કી જમીનને સિંચવાનું અને તેમાં વનસ્પતિ ઊગાડવાનું વર્ણન કુર્આને કરીમમાં અનેક ઠેકાણે એવી રીતે આવ્યું છે કે આ જમીન ઉપર વરસાદ વરસે છે,

તેનાથી જમીન હરીભરી થઈને વનસ્પતિ ઉગાડવા યોગ્ય બની જાય છે પરંતુ આ આયતમાં વરસાદના બદલે પાણીને જમીન ઉપર ચલાવીને સુક્કી જમીન તરફ લઈ જવાનું અને તેનાથી વૃક્ષો ઉગાડવાનું વર્ણન કરવામાં આવ્યું છે, એટલે કે વરસાદ કોઈ બીજી જમીન ઉપર ઉતારવામાં આવે છે ત્યાંથી નદી નાળાંઓ દ્વારા જમીન ઉપર ચલાવીને પાણીને સુક્કી જમીન તરફ લઈ જવામાં આવે છે જ્યાં વરસાદ નથી હોતો.

તેમાં ઈશારો એ તરફ છે કે અમુક જમીનો એવી નરમ અને પોચી હોય છે જે વરસાદને વેઠી શકતી નથી, જો ત્યાં સંપૂર્ણ વરસાદ વરસાવવામાં આવે તો ઈમારતો જમીનદોસ્ત થઈ જાય, વૃક્ષો ઊખડી જાય એટલા માટે કુદરતે આવી જમીનો માટે એવી વ્યવસ્થા કરી કે વરસાદ તો તે જમીન ઉપર ઉતારવામાં આવે છે જે તેને વેઠી શકે, પછી ત્યાંથી પાણી વહાવીને એવી જમીનો તરફ લઈ જવામાં આવે છે જે વરસાદને વેઠી શકતી નથી, જેમકે મિસ્રની જમીન અને અમુક તફસીરકારોએ યમન અને શામની અમુક જમીનો આ પ્રકારની હોવાનું ઠરાવ્યું છે.

(كَمَا رُوِىَ عَنْ اِبْنِ عَبَّاسٍ وَالْحَسَنُ)

સાચું એ છે કે આ વિષય એવી બધી જ જમીનોને સામેલ કરે છે અને વિશેષરૂપે મિસ્ર (ઇજિપ્ત)ની જમીન તેમાં સામેલ છે જ્યાં વરસાદ ઘણો ઓછો થાય છે પરંતુ હબશા (ઈથોપિયા) આફ્રિકા ખંડના વરસાદોનું પાણી નાઈલ નદી દ્વારા મિસ્રમાં આવે છે અને ત્યાંથી લાલ માટી સાથે લાવે છે જેમાં કાંપનો ભાગ વધારે હોય છે એટલા માટે મિસ્રના લોકો પોતાના દેશમાં વરસાદ ન હોવા છતાં દર વર્ષે નવા પાણી અને નવી માટીથી લાભ ઉઠાવે છે فَتَبَارَكَ اللّٰهُ اَحْسَنُ الْخَالِقِيْنَ

وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْفَتْحُ એટલે કે, કાફિરો એવું કહે છે કે તે વિજય ક્યારે થશે જેનું તમે વર્ણન કરો છો કે મો'મિનોનું કાફિરો ઉપર વર્ચસ્વ થશે ? અમને ક્યાંય નજરે નથી પડતું ! અમે તો એવું જોઈ રહ્યા છે કે મુસલમાનો ડરેલા છે, છુપાતા ફરે છે.

તેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, قُلْ يَوْمَ الْفَتْحِ لَا يَنْفَعُ الَّذِيْنَ كَفَرُوْٓا اِيْمَانُهُمْ એટલે કે, તમે તેમને જવાબમાં એવું કહી આપો કે તમે અમારા વિજયનો દિવસ અમને શું પૂછો છો ? તે દિવસ તો તમારી મુસીબતનો હશે,

કારણ કે જે વખતે અમારો વિજય થશે તો તે સમયે તમે અઝાબમાં પકડાઈ ચૂક્યા હશો ભલે દુનિયામાં જેમકે ગઝ્વએ બદ્રમાં થયું અથવા આખિરતમાં અને જ્યારે અલ્લાહ તઆલાનો અઝાબ કોઈને પકડી લે છે પછી તેનું ઈમાન કબૂલ થતું નથી.

(કઝા ઝિકુહુ ઈબ્ને કષીર)

અમુક લોકોએ આ સ્થળે مَتٰى هٰذَا الْفَتْحُ નો અર્થ કયામતના દિવસનો કર્યો છે. ઉપર તફસીરના ખુલાસામાં તેને જ અપનાવવામાં આવ્યું છે. વલ્લાહુ સુબ્હાનહુ વ તઆલા અઅ્લમુ.

સૂરએ સજ્દહ પૂરી થઈ સુબ્હાનલ્લાહ ! અરફાની રાત્રે જિલ્હજ્જ સન હિજરી ૧૩૯૧



અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ સજ્દહનો અનુવાદ પૂર્ણ થયો.


તારીખ : ૯ મે ૨૦૧૦ મુતાબિક ૨૪ જમાદિઉલ અવ્વલ હિજરી સન ૧૪૩૧

પ્રકરણ (૩૩)

સૂરએ અહઝાબ

સૂરએ અહઝાબ મદીનામાં નાઝિલ થઈ, તેમાં ૭૩ આયતો અને ૯ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૧-૨-૩)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

હે નબી ! અલ્લાહથી ડરો અને કાફિરોનું અને મુનાફિકોનું કહ્યું ન માનો, નિશ્ચિત અલ્લાહ સઘળું જાણનાર હિકમતોવાળો છે. (૧) અને તેના જ ઉપર ચાલો જે તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર હુકમ આવે, નિ:શંક અલ્લાહ તમારા કામની ખબર રાખે છે. (૨) અને અલ્લાહ ઉપર ભરોસો રાખો અને અલ્લાહ પૂરતો છે કાર્યસાધક. (૩)

તફસીર :

હે નબી ! અલ્લાહથી ડરતા રહો (અને કોઈનાથી ન ડરો અને તેમની ધમકીઓની લેશમાત્ર પરવા ન કરો) અને કાફિરોનું (કે જે ખુલ્લમ ખુલ્લા દીન વિરુદ્ધ સલાહ આપે છે) અને મુનાફિકોનું (કે જેઓ પડદા પાછળ તેમની સાથે

સહમત હોય છે) કહ્યું ન માનો (બલકે અલ્લાહનું જ કહ્યું કરો) બેશક ! અલ્લાહ તઆલા મહાન ઈલ્મવાળો મોટી હિકમતવાળો છે (તેનો દરેક હુકમ લાભ અને મસ્લિહત ઉપર આધારિત હોય છે) અને (અલ્લાહનું કહ્યું માનવું એ છે કે) તમારા પરવરદિગાર તરફથી જે કંઈ હુકમ તમારા તરફ વહી કરવામાં આવે છે તેના ઉપર ચાલો (અને હે લોકો !) બેશક ! તમારા લોકોના બધા અમલોની અલ્લાહ તઆલા સંપૂર્ણ ખબર રાખે છે (તમારામાંથી જેઓ અમારા પયગમ્બરોનો વિરોધ અને બળવો કરી રહ્યા છે અમે બધાને સમજી લઈશું) અને (હે નબી ﷺ) તમે (તે લોકોની ધમકીઓના મા'મલામાં) અલ્લાહ ઉપર ભરોસો રાખો અને અલ્લાહ પૂરતો કાર્યસાધક છે (તેના મુકાબલામાં તે લોકોની કોઈ યુક્તિઓ ચાલી નથી શકતી એટલા માટે કોઈ ચિંતા ન કરો, અલબત્ત જો અલ્લાહ તઆલાની હિકમત કોઈ મુસીબતનો તકાદો ઇચ્છે અને તેના કારણે કામચલાઉ ધોરણે કોઈ તકલીફ પહોંચી જાય તો તેનાથી નુકસાન નથી બલકે તે ઉઘાડો લાભ છે).

મસ્અલા અને બોધપાઠ :

આ મદની સૂરત છે, તેના મોટા ભાગના વિષયો રસૂલે કરીમ ﷺની મહોબ્બત અને અલ્લાહ તઆલા પાસે તેમના વિશિષ્ટ દરજ્જાઓ ઉપર આધારિત છે જેમાં રસૂલે કરીમ ﷺનું સન્માન વાજિબ હોવું અને આપ ﷺને પીડા પહોંચાડવી હરામ હોવું વિવિધ વિષયો દ્વારા વર્ણન થયું છે અને સૂરતના બાકી વિષયો તો તેની જ પૂર્ણતા અને પૂર્તતા સાથે જોડાણ ધરાવે છે.

આયતો ઊતરવાની પૂર્વભૂમિકા (શા'ને નુઝૂલ) :

આ સૂરત ઊતરવાના કારણો વિશે અમુક રિવાયતો નકલ થઈ છે. એક આ કે, રસૂલે કરીમ ﷺ જ્યારે હિજરત કરીને મદીના તય્યિબહમાં સ્થાયી થયા તો મદીનાની આસપાસના યહૂદી કબીલાઓ, બનુ કુરયઝા, બનુ નઝીર, બનુ કૈનકાઅ્ વગેરે વસવાટ કરતા હતા. રસૂલે કરીમ ﷺની ઇચ્છા અને પ્રયત્ન એ હતો કે કોઈપણ રીતે આ લોકો મુસલમાન થઈ જાય, યોગાનુયોગ તે યહૂદીઓમાંથી અમુક લોકો રસૂલે કરીમ ﷺની સેવામાં આવવા લાગ્યા અને મુનાફિકપણાએ પોતાને મુસલમાન કહેવા લાગ્યા, તેમના દિલોમાં ઈમાન ન હતું.

રસૂલે કરીમ ﷺએ તેને ગનીમત સમજ્યું કે અમુક લોકો મુસલમાન થઈ જાય તો બીજાઓને આમંત્રણ આપવું સરળ બની જશે એટલા માટે રસૂલે કરીમ ﷺ તે લોકોની સાથે વિશિષ્ટ પ્રકારની ભાવનાથી વ્યવહાર કરતા અને તેમના નાના મોટા આવનારાઓનું સન્માન કરતા હતા અને કોઈ ખરાબ વાત પણ જો તેમનાથી થઈ જાય તો દીની મસ્લિહત સમજીને તેનાથી આંખ આડા કાન કરતા હતા, આ ઘટના ઉપર સૂરએ અહઝાબની શરૂઆતની આયતો નાઝિલ થઈ. *(કુર્તુબી)*

એક બીજી ઘટના ઈબ્ને જરીર (રહ.)એ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કરી છે કે હિજરત પછી મક્કાના કાફિરોમાંથી વલીદ બિન મુગયરહ અને શયબહ ઈબ્ને રબિઅહ મદીના તય્યિબહ આવ્યા અને રસૂલે કરીમ ﷺની સામે એ રજુઆત કરી કે અમે બધા મક્કાના કુરૈશો તમને અડધો માલ આપી દઈશું જો તમે પોતાનો દા'વો છોડી આપો અને મદીના તય્યિબહના મુનાફિકો તથા યહૂદીઓએ તેમને એ ધમકી આપી કે જો તમે પોતાનો દા'વો અને દા'વત ન છોડી તો અમે તમને કતલ કરી નાંખીશું, આ બાબત ઉપર આ આયતો નાઝિલ થઈ. *(રૂહ)*

ત્રીજી એક ઘટના ષુઅ્લબી અને વાહિદીએ સનદ વિના નકલ કરી છે કે અબૂ સુફિયાન અને ઈકરીમા ઈબ્ને અબીજહલ તથા અબૂલ અવર સુલ્મી તે સમયે જ્યારે હુદૈબિય્યહની ઘટનામાં મક્કાના કાફિરો અને રસૂલે કરીમ ﷺની વચ્ચે યુદ્ધબંધીનો શાંતિકરાર થઈ ગયો હતો ત્યારે આ લોકો મદીના તય્યિબહ આવ્યા અને રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે તમે અમારા પૂજ્યોને બુરાઈથી વર્ણન કરવાનું છોડી દો, માત્ર એટલું કહી આપો કે તેઓ પણ સિફારસ કરશે અને લાભ પહોંચાડશે, રસૂલે કરીમ ﷺ એટલું કરી લે તો અમે તમને અને તમારા પરવરદિગારને છોડી દઈશું, ઝઘડો ખતમ થઈ જશે.

તેમની વાત રસૂલે કરીમ ﷺ અને બધા મુસલમાનોને સખત નાપસંદ પડી, મુસલમાનોએ તેમને કતલ કરવાનો ઈરાદો કર્યો ત્યારે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે હું તેમની સાથે સુલેહનો કરાર કરી ચૂક્યો છું એટલા માટે એવું થઈ શકતું નથી, તેના ઉપર આ આયતો નાઝિલ થઈ. (રૂહ) આ રિવાયતો જો કે વિવિધ છે પરંતુ વાસ્તવમાં તેમાં કોઈ વિરોધાભાસ નથી, આ ઘટનાઓ પણ પ્રસ્તુત આયતોના નાઝિલ થવાનું કારણ હોઈ શકે છે.

આ આયતોમાં રસૂલે કરીમ ﷺને બે હુકમ આપવામાં આવ્યા, પ્રથમ اِتَّقِ اللّٰهَ (ઇત્તકિલ્લાહ) એટલે કે અલ્લાહથી ડરો. બીજું لَا تُطِعِ الْكٰفِرِيْنَ (લા તુતિઇલ કાફિરીન) એટલે કે કાફિરોનું કહ્યું ન માનો. અલ્લાહથી ડરવાનો હુકમ એટલા માટે આપવામાં આવ્યો કે તે લોકોને કતલ કરવા કરારનો ભંગ છે જે હરામ છે અને કાફિરોની વાત ન માનવાનો હુકમ એટલા માટે છે કે તે બધી જ ઘટનાઓમાં કાફિરોની જે ભલામણો છે તે માનવાપાત્ર નથી. તેની વિગત આગળ આવે છે.

يٰۤاَيُّهَا النَّبِيُّ اتَّقِ اللّٰهَ આ રસૂલે કરીમ ﷺનું ખાસ સન્માન અને માનમર્યાદા છે કે સમગ્ર કુર્આનમાં ક્યાંય રસૂલે કરીમ ﷺનું નામ લઈને સંબોધન કરવામાં નથી આવ્યું, જેમકે બીજા અંબિયા (અલૈ.)ના સંબોધનોમાં يَـا اٰدَمُ، يَـا نُوْحُ، يَـا اِبْـرٰهِيْمُ، يَـا مُوْسٰى (યા આદમુ, યા નુહુ, યા ઇબ્રાહીમુ, યા મૂસા) વગેરે વારંવાર આવ્યું છે, બલકે ખાતમુલ અંબિયા ﷺને સંપૂર્ણ કુર્આનમાં જ્યાં પણ સંબોધન કરવામાં આવ્યું તે કોઈ નબી અથવા રસૂલ વડે સંબોધન કરવામાં આવ્યું છે. માત્ર ચાર સ્થળોએ જેમાં એ જ બતાવવું મંજૂર હતું કે તમે અલ્લાહના રસૂલ છો, તેમાં આપ ﷺનું નામ વર્ણન કરવામાં આવ્યું છે જે જરૂરી હતું.

આ સંબોધનમાં રસૂલે કરીમ ﷺને બે હુકમો આપવામાં આવ્યા છે, એક અલ્લાહ તઆલાથી ડરવાનો કે મક્કાના મુશ્રિકો સાથે જે કરાર થઈ ચૂક્યો છે તેનો ભંગ ન થવો જોઈએ. બીજો મુશ્રિકો, મુનાફિકો અને યહૂદીઓની વાત ન માનવાનો હુકમ. અત્રે જે સવાલ પેદા થાય છે કે રસૂલે કરીમ ﷺ તો દરેક ગુનાહથી માસૂમ (નિર્દોષ) છે, કરારભંગ પણ ગુનાહે કબીરહ (મહાપાપ) છે અને કાફિરો મુશ્રિકોની તે વાતો જે શા'ને નુઝૂલમાં ઉપર વર્ણન કરવામાં આવી તેને માનવું પણ જઘન્ય અપરાધ છે તો રસૂલે કરીમ ﷺ તો પોતે જ તેનાથી સુરક્ષિત હતા પછી આ હુકમની જરૂરત જ ક્યાં પડી ?! રૂહુલ મઆનીમાં છે કે આ હુકમોનો ભાવાર્થ હવે પછી પણ ભવિષ્યમાં તેના ઉપર કાયમ રહેવાનું માર્ગદર્શન છે જેમકે આ ઘટનામાં રસૂલે કરીમ ﷺ તેના ઉપર કાયમ રહ્યા અને اِتَّقِ اللّٰهَ (ઇત્તકિલ્લાહ)ના હુકમને એટલા માટે અગ્રક્રમે રાખવામાં આવ્યો કે મુસલમાનોએ તે મક્કાના મુશ્રિકોને કતલ કરવાનો ઇરાદો કર્યો હતો જેમની સાથે સુલેહનો કરાર થઈ ચૂક્યો હતો, એટલા માટે કરારભંગથી બચવાનું માર્ગદર્શન

શબ્દ اِتَّقِ اللّٰهَ (ઈત્તકિલ્લાહ) દ્વારા અગ્રક્રમે આપવામાં આવ્યું, તેનાથી વિપરીત કાફિરો અને મુશ્રિકોનું આજ્ઞાપાલન કે તેનો કોઈએ પણ ઈરાદો સુદ્ધાં કર્યો ન હતો એટલા માટે તેને પાછલા ક્રમે વર્ણન કરવામાં આવ્યું.

અમુક તફસીરકારોએ નોંધ્યું છે કે આ આયતમાં જો કે સંબોધન રસૂલે કરીમ ﷺને છે પરંતુ તેનો ભાવાર્થ ઉમ્મતને સંભળાવવું છે, રસૂલે કરીમ ﷺ તો માસૂમ હતા, અલ્લાહના હુકમોનો વિરોધ કરવાની આપ ﷺથી કોઈ સંભાવના ન હતી પરંતુ કાયદો સંપૂર્ણ ઉમ્મત માટે છે, તેને સંભળાવવાનો વિષય એ અપનાવવામાં આવ્યો કે સંબોધન રસૂલે કરીમ ﷺને કર્યું જેનાથી હુકમનું મહત્ત્વ ઘણું વધી ગયું કે જ્યારે અલ્લાહ તઆલાના રસૂલને પણ આ સંબોધન થયું છે તો ઉમ્મતનો કોઈપણ વ્યક્તિ તેનાથી કેવી રીતે બાકાત હોઈ શકે છે ?!

ઈબ્ને કષીરે ફરમાવ્યું કે આ આયતમાં કાફિરો અને મુશ્રિકોનું અનુસરણ કરવાની મનાઈ કરવાનો અસલ હેતુ એ છે કે રસૂલે કરીમ ﷺ તેમની સાથે સલાહ મશ્વરો ન કરે, તેમની સાથે ઉઠક બેઠકની તેમને વધારે તક ન આપે, કારણ કે આવા મશ્વરા અને પરસ્પરના સંબંધો ઘણા વખતે એનું કારણ બની જાય છે કે તેમની વાત માની લેવામાં આવે તો જો કે તેમની વાત માની લેવાની રસૂલે કરીમ ﷺથી કોઈ શક્યતા ન હતી પરંતુ તેમની સાથે એવા સંબંધો રાખવા અને તેમને પોતાના મશ્વરાઓમાં સામેલ કરવાથી પણ આપ ﷺને રોકવામાં આવ્યા અને તેને اِطَاعَتْ (ઈતાઅત)ના શબ્દથી એટલા માટે ઓળખાવવામાં આવ્યું કે આવા મશ્વરા અને પરસ્પરના સંબંધો સ્વાભાવિકપણે માનવાનું કારણ બની જતા હોય છે તો અત્રે વાસ્તવમાં આપ ﷺને ઈતાઅત (અનુસરણ)ના કારણોની પણ મનાઈ કરવામાં આવી, બાકી અનુસરણ કરવાની તો રસૂલે કરીમ ﷺથી કોઈ શક્યતા કે સંભાવના જ ન હતી.

રહ્યો એ સવાલ કે પ્રસ્તુત આયતમાં કાફિરો તરફથી શરીઅત વિરુદ્ધ અને સત્ય વિરુદ્ધ વાતોની જાહેરાત તો કોઈ અસંભવ વાત નથી, તેમનું અનુસરણ કરવાની મનાઈ કરવું પણ દેખીતું છે પરંતુ મુનાફિકોએ જો ઈસ્લામ વિરુદ્ધ કોઈ વાત રસૂલે કરીમ ﷺને કહી તો તેઓ મુનાફિકો ન રહ્યા બલકે ખુલ્લા કાફિર બની ગયા, તેમનું અલગથી વર્ણન કરવાની શું આવશ્યકતા હતી ? જવાબ એ છે કે બની શકે છે કે મુનાફિકોએ બિલકુલ ખુલીને કોઈ વાત ઈસ્લામ વિરુદ્ધ ન કહી

હોય પરંતુ બીજા કાફિરોના સમર્થન અને ટેકામાં કોઈ વાત કહી હોય.

અને મુનાફિકોની જે ઘટના શા'ને નુઝૂલમાં ઉપર વર્ણન થઈ છે જો તેને નુઝૂલનું કારણ ઠરાવવામાં આવે તો તેમાં સંદેહ જ નથી, કારણ કે આ ઘટનાના આધારે રસૂલે કરીમ ﷺને એ બાબતથી રોકવામાં આવ્યા છે કે પોતાને મુસલમાન કહેનારા યહૂદઓથી રસૂલે કરીમ ﷺ વધારે ભાવનાત્મક વર્તાવ ન કરે.

આ આયતના અંતે إِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ફરમાવીને તે હુકમની હિકમત વર્ણન કરવામાં આવી જે ઉપર આપવામાં આવ્યો છે કે અલ્લાહથી ડરો તથા કાફિરો અને મુનાફિકોનું કહ્યું ન માનો, કારણ કે દરેક બાબતોને અને પરિણામને જાણનાર અલ્લાહ તઆલા મોટો હિકમતવાળો છે, તે જ બંદાના લાભાલાભ જાણે છે, આ એટલા માટે ફરમાવ્યું કે કાફિરો અને મુનાફિકોની અમુક વાતો એવી પણ હતી જેનાથી ફિત્નો ફસાદ ઓછો થવાનું અને પરસ્પર સહિષ્ણુતાનું વાતાવરણ પેદા થવા વગેરેના ફાયદાઓ પ્રાપ્ત થઈ શકતા હતા પરંતુ અલ્લાહ તઆલાએ તેની મનાઈ કરી કે તે લોકોની સાથે આવી સહિષ્ણુતા પણ હિત વિરુદ્ધ છે અને તેનું પરિણામ સારું નથી.

وَاتَّبِعْ مَا يُوْحٰى اِلَيْكَ مِنْ رَّبِّكَ اِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا આ પ્રથમ હુકમની જ પૂર્ણતા છે કે આપ ﷺ કાફિરો અને મુનાફિકોની વાતોમાં ન આવો, તેમની વાત ન માનો બલકે જે કંઈ અલ્લાહ તરફથી તમને વહી દ્વારા બતાવવામાં આવ્યું છે બસ તમે અને સહાબા (રદિ.) તેનું જ અનુસરણ કરો, કારણ કે આ સંબોધનમાં સહાબએ કિરામ (રદિ.) અને સામાન્ય મુસલમાનો પણ સામેલ છે એટલા માટે અંતે બહુવચનના સર્વનામથી بِمَا تَعْمَلُوْنَ (બિમા તઅ્મલૂન) ફરમાવીને તાકીદ કરવામાં આવી.

وَتَوَكَّلْ عَلَى اللّٰهِ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا આ પણ એ જ હુકમની પૂર્ણતા છે, તેમાં ફરમાન છે કે આપ ﷺ તે લોકોની વાતો ઉપર ધ્યાન ન આપો અને પોતાના હેતુની સફળતામાં અલ્લાહ તઆલા ઉપર ભરોસો કરો કે તે જ પૂરતો કાર્યસાધક છે, તેની ઉપસ્થિતિમાં તમને કોઈની અન્યાયી સહિષ્ણુતાની આવશ્યકતા નથી.

મસ્અલો :

પ્રસ્તુત આયતોથી સાબિત થયું કે દીનની બાબતોમાં કાફિરો પાસેથી મશવરો લેવો પણ જાઇઝ નથી, બીજી બાબતો જેનો સંબંધ અનુભવ વગેરે સાથે હોય તેમાં સલાહ મશવરો લેવામાં વાંધો નથી.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૪-૫)

مَا جَعَلَ اللّٰهُ لِرَجُلٍ مِّنْ قَلْبَيْنِ فِيْ جَوْفِهٖ ۚ وَمَا جَعَلَ اَزْوَاجَكُمُ الّٰٓـِٔيْ تُظٰهِرُوْنَ مِنْهُنَّ
اُمَّهٰتِكُمْ ۚ وَمَا جَعَلَ اَدْعِيَآءَكُمْ اَبْنَآءَكُمْ ؕ ذٰلِكُمْ قَوْلُكُمْ بِاَفْوَاهِكُمْ ؕ وَاللّٰهُ
يَقُوْلُ الْحَقَّ وَهُوَ يَهْدِي السَّبِيْلَ ④ اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ هُوَ اَقْسَطُ عِنْدَ اللّٰهِ ۚ
فَاِنْ لَّمْ تَعْلَمُوْٓا اٰبَآءَهُمْ فَاِخْوَانُكُمْ فِي الدِّيْنِ وَمَوَالِيْكُمْ ؕ وَلَيْسَ عَلَيْكُمْ
جُنَاحٌ فِيْمَآ اَخْطَاْتُمْ بِهٖ ۙ وَلٰكِنْ مَّا تَعَمَّدَتْ قُلُوْبُكُمْ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ⑤

તરજુમો :

અલ્લાહે કોઈ પુરુષના તેના (છાતીના) પોલાણમાં બે દિલો રાખ્યા નથી અને તમારી પત્નીઓને (સાચી) માતાઓ કહી બેસો છો એવું નથી કર્યું અને તમારા પાલકોને તમારા દિકરા નથી કર્યા, આ તમારા પોતાના મોઢાંની વાત છે અને અલ્લાહ સત્ય વાત કહે છે અને તે જ માર્ગ સૂઝાડે છે. (૪) પાલકોને તેમના બાપ તરફ સંબંધ કરીને પોકારો, આ જ અલ્લાહના ત્યાં સંપૂર્ણ ન્યાય છે, પછી જો તેમના બાપને ન જાણતા હોય તો દીનમાં તમારા ભાઈ છે અને મિત્ર છે અને તમારા ઉપર ગુનોહ નથી જે વસ્તુમાં ચૂક થઈ જાય પરંતુ તે જે દિલથી ઈરાદો કરો અને અલ્લાહ મહાન મા'ફ કરનાર મહાદયાળુ છે. (૫)

તફસીર :

અલ્લાહ તઆલાએ કોઈ વ્યક્તિની છાતીમાં બે દિલ બનાવ્યા નથી અને (એ જ પ્રમાણે) તમારી તે પત્નીઓને જેનાથી તમે ظِهَـــار "ઝિહાર" (એક પ્રકારની તલાક) કરી લો છો તમારી માતાઓ નથી બનાવી અને (એ જ પ્રમાણે

સમજી લો કે) તમારા મ્હોં બોલ્યા પુત્રોને તમારા (સાચેસાચા) દિકરા (પણ) નથી બનાવી દીધા, આ માત્ર તમારા મોઢાંની કહેલી વાત છે (જે ખોટી છે, વાસ્તવિકતા પ્રમાણે નથી) અને અલ્લાહ તઆલા સત્ય વાત કહે છે અને તે જ સીધો માર્ગ બતાવે છે (અને જ્યારે મ્હોં બોલ્યો દિકરો વાસ્તવમાં તમારો પુત્ર જ નથી તો) તમે તેમને (પાલક બનાવનારાઓના પુત્રો ન કહો બલકે) તેમના (સાચા) પિતાઓ તરફ સંબંધ કર્યા કરો, આ અલ્લાહ સમીપ ન્યાયની વાત છે અને જો તમે તેમના પિતાઓને ન જાણતા હોય તો (તેમને પોતાના ભાઈ અથવા પોતાના દોસ્ત કહીને પોકારો કારણ કે અંતે) તેઓ તમારા દીનના ભાઈ છે અને તમાંરા દોસ્ત છે અને તમને તેમાં જે ભૂલચૂક થઈ જાય તો તેનાથી તમારા ઉપર કોઈ ગુનોહ થશે નહીં પરંતુ હા ! જે દિલથી ઈરાદો કરીને કહો (તો તેનાથી ગુનોહ થશે) અને (તેનાથી પણ મા'ફી માંગો તો મા'ફ થઈ જશે કારણ કે) અલ્લાહ તઆલા ગફૂરો રહીમ છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં રસૂલે કરીમ ﷺને કાફિરો અને મુનાફિકોના સલાહ મશ્વરા ઉપર અમલ ન કરવાનું અને તેમની વાત ન માનવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પ્રસ્તુત આયતોમાં કાફિરોમાં ચાલતા ત્રણ કુરિવાજો અને ખોટી માન્યતાઓનો રદિયો છે. પ્રથમ વાત એ છે કે ઈસ્લામ પહેલાંના અજ્ઞાનતાના કાળમાં અરબના લોકો એવા વ્યક્તિને કે જે વધારે હોશિયાર હોય એવું કહ્યા કરતા હતા કે તેની છાતીમાં બે દિલ છે, બીજું એ કે તેમનામાં પોતાની પત્નીઓ વિશે એક આ કુરિવાજ હતો કે જે વ્યક્તિએ પોતાની પત્નીને પોતાના માં ની પીઠ અથવા તેના કોઈ શરીરના અવયવ સાથે સરખાવી દીધી અને કહી આપ્યું કે તું મારા માટે એવી છે જેમકે મારી માં ની પીઠ, તેને તેમના રૂઢિપ્રયોગમાં ظِهَار (ઝિહાર) કહેવામાં આવતું હતું જે ظَهر (ઝહ્ર)થી બનેલ શબ્દ છે અને "ઝહ્ર"નો અર્થ "પીઠ" થાય છે તથા તેમની માન્યતા એ હતી કે જે વ્યક્તિએ પોતાની પત્નીથી "ઝિહાર" કરી લીધું તે કાયમ માટે તેના માટે હરામ થઈ ગઈ.

ત્રીજું એ કે તેમનામાં એક કુરિવાજ એ હતો કે એક વ્યક્તિ કોઈ બીજાના પુત્રને પોતાનો مُتَبَنّٰى (મુતબન્ના–Adopted) "મ્હોં બોલો દત્તક પુત્ર" બનાવી

દેતા હતા અને જે એ રીતે પુત્ર બનાવવામાં આવતો હતો તે તેના જ પુત્ર તરીકે મશહૂર થઈ જતો અને તેના જ પુત્ર તરીકે પોકારવામાં આવતો હતો અને તેમના નજીક આ મ્હોં બોલો દિકરો બધા જ સગાં બેટાના હુકમોમાં સામેલ સમજવામાં આવતો હતો, દાખલા તરીકે વારસા વહેંચણીમાં તેમની અવલાદની સાથે સગી અવલાદની જેમ તે પણ સામેલ થતો હતો અને પેઢીગત સગાઈઓથી જે સ્ત્રીઓ સાથે નિકાહ હરામ થાય છે આ મ્હોં બોલ્યા દિકરાની સાથે એવી જ સગાઈ ઠરાવવામાં આવતી હતી, દાખલા તરીકે જેમ પોતાના સગા બેટાની પત્ની સાથે તેના તલાક આપ્યા પછી પણ નિકાહ હરામ રહે છે આ મ્હોં બોલ્યા દિકરાની પત્નીને પણ તલાક પછી આ વ્યક્તિ માટે હરામ સમજવામાં આવતો હતો.

ઈસ્લામ પહેલાંની અજ્ઞાનતાના કાળના આ ત્રણ ખોટી માન્યતાઓ અને કુરિવાજો હતા જેમાંથી પ્રથમ બાબત જો કે ધાર્મિક અકીદહ અથવા અમલ સાથે સંબંધિત ન હતી એટલા માટે શરીઅતે ઈસ્લામને તેના રદિયાની આવશ્યકતા ન હતી, આ માત્ર મૅડિકલ સાયન્સના ખુલાસાની બાબત હતી કે માનવીની છાતીમાં એક જ દિલ હોય છે કે પછી બે પણ હોય છે તેનું જાહેર રીતે ખોટી બાબત હોવું બધાને ખબર હતી, એટલા માટે કદાચ તેના રદિયાના વર્ણનને પણ બાકી બે બાબતોના સમર્થન અને પ્રસ્તાવના સ્વરૂપે વર્ણન કરવામાં આવ્યું કે જે રીતે અજ્ઞાન લોકોનું એવું કહેવું ખોટું છે કે કોઈ એક વ્યક્તિની છાતીમાં બે દિલ હોઈ શકે છે તે ખોટું હોવું સામાન્ય અને ખાસ બધા જ જાણે છે એ જ પ્રમાણે "ઝિહાર અને મુતબન્ના"ના મસ્અલાઓમાં પણ તેમની માન્યતાઓ ખોટી છે.

બાકી બે મસ્અલાઓ એક "ઝિહાર" અને બીજો "મુતબન્ના" મ્હોં બોલા દિકરાના હુકમો છે, આ તેમના સામાજિક અને પરસ્પર કૌટુંબિક જીવનના મસ્અલાઓમાંથી છે જેની ઈસ્લામમાં ખાસ અગત્યતા છે અહીંયાં સુધી કે તેની ગૌણ બાબતોનો ખુલાસો પણ અલ્લાહ તઆલાએ કુર્આનમાં પોતે જ વર્ણન કર્યો છે, બીજી બાબતોની જેમ માત્ર સિદ્ધાંતો વર્ણન કરીને વિગતપૂર્વક વર્ણન કરવાનું પયગમ્બરના હવાલે નથી કર્યું. આ બંને મસ્અલાઓમાં અજ્ઞાનીઓએ પોતાની પાયાવિહોણી મનેચ્છાઓથી હલાલ અને હરામ તથા જાઈઝ અને નાજાઈઝના પોતે જ ઘડેલા કાયદાઓ બનાવી રાખ્યા હતા. દીને હકની એ ફરજ હતી કે તેઓ આ ખોટા કુરિવાજો અને માન્યતાઓનો રદિયો આપીને સત્ય વાતને સ્પષ્ટ કરે

એટલા માટે વર્ણન કર્યું, وَمَا جَعَلَ اَزْوَاجَكُمُ الّٰٓـِٔيْ تُظٰهِرُوْنَ مِنْهُنَّ اُمَّهٰتِكُمْ એટલે કે, તમારી આ માન્યતા ખોટી છે કે જો કોઈએ પોતાની પત્નીને માં સમાન અથવા તેની સમકક્ષ કહી દીધી તો તે સાચી માં ની જેમ હંમેશા માટે તેના ઉપર હરામ થઈ ગઈ, તમારા કહેવાથી પત્ની સાચી માતા નથી બની જતી, તમારી માં તો તે જ છે જેનાથી તમે જન્મ લીધો છે. આ આયતે અજ્ઞાનીઓની આ માન્યતાને તો ખોટી ઠરાવી દીધી કે ઝિહાર કરવાથી حُرْمَتِ مُؤَبَّدَهْ પત્ની હરામ નથી થતી, આગળ એ બાબત છે કે આવું કહેવા ઉપર કોઈ શરઈ પ્રભાવ ઉપસ્થિત થાય છે અથવા નહીં તેનો હુકમ આગવી રીતે સૂરએ મુજાદલામાં બતાવવામાં આવ્યો છે કે આવું કહેવું ગુનોહ છે, તેનાથી બચવું વાજિબ છે અને એવું કહેનાર જો ઝિહારનો કફ્ફારો અદા કરે તો પત્ની તેના માટે હલાલ થઈ જાય છે, ઝિહારના કફ્ફારાની વિગત સૂરએ મુજાદલામાં આવશે.

બીજો મસ્અલો મુતબન્ના (મ્હોં બોલા) પુત્રનો હતો તેના વિશે ફરમાવ્યું, وَمَا جَعَلَ اَدْعِيَآئَكُمْ اَبْنَآئَكُمْ માં શબ્દ اَدْعِيَاءُ (અદ્દઈયાઅ) એ دَعِيٌّ (દઈય્યૂન)નું બહુવચન છે. "દઈય્યૂન" એ પુત્ર છે જેને "મ્હોં બોલો દિકરો" કહેવામાં આવે છે, ભાવાર્થ એ છે કે જે રીતે એક મનુષ્યની છાતીમાં બે દિલ નથી હોતા અને જે રીતે પત્નીને માં જેવી કહેવાથી પત્ની માં નથી બની જતી એ જ પ્રમાણે મ્હોં બોલો દિકરો તમારો પુત્ર નથી બની જતો, એટલે કે બીજા પુત્રોની સાથે ન તો તે વારસામાં ભાગીદાર થશે અને ન જ નિકાહ હરામ હોવાના મસ્અલાઓ તેના ઉપર લાગુ પડશે કે દિકરાની તલાક આપેલી પત્ની બાપ માટે હંમેશા માટે હરામ છે તો મુતબન્ના મ્હોં બોલા પુત્રની પત્ની પણ હરામ થાય.

કારણ કે આ અંતિમ બાબતનો પ્રભાવ ઘણા બધા વ્યવહારો ઉપર પડે છે એટલા માટે આ હુકમ લાગુ પાડવામાં આવ્યો કે મુતબન્ના દિકરાને જ્યારે પોકારો અથવા તેનું વર્ણન કરો તો તેના અસલી બાપ સાથે સંબંધ જોડીને સંબોધન કરો, જેણે દિકરો બનાવી લીધો છે તેનો પુત્ર કહીને સંબોધન ન કરો કારણ કે તેનાથી ઘણા બધા વ્યવહારોમાં શંકા અને છોછ પેદા થવાનો ખતરો છે.

બુખારી અને મુસ્લિમ વગેરેમાં હઝરત ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયત છે કે આ આયત નાઝિલ થતા પહેલાં અમે ઝૈદ બિન હારિષને ઝૈદ બિન મુહમ્મદ

કહ્યા કરતા હતા. (કારણ કે રસૂલે કરીમ ﷺએ તેમને મુતબન્ના બનાવી લીધા હતા) આ આયત નાઝિલ થયા પછી અમે આ ટેવ છોડી દીધી.

મસ્અલો :

આથી જાણ થઈ કે ઘણા લોકો જે બીજાઓના બાળકોને બેટા કહીને પોકારે છે જે માત્ર લાગણી અને પ્રેમના કારણે હોય, મુતબન્ના ઠરાવવાના કારણે ન હોય તો એ જો કે જાઇઝ છે પરંતુ સારું નથી કે મૂળ સ્વરૂપે તે મનાઈમાં સામેલ છે.

(કઝા ફિ રૂહ અનલ ખફ્ફાઝી અલલ્ બયઝાવી)

આ જ તે બાબત છે જેણે અરબના કુરૈશીઓને એક ઘણી જ મોટી ભૂલમાં નાંખીને જઘન્ય અપરાધમાં સંડોવી દીધા કે રસૂલે કરીમ ﷺ ઉપર એવો આક્ષેપ લગાવવા લાગ્યા કે નઊઝુબિલ્લાહ ! રસૂલે કરીમ ﷺએ પોતાના પુત્રની તલાક આપેલ પત્ની સાથે નિકાહ કરી લીધા જ્યારે કે તે રસૂલે કરીમ ﷺના પુત્ર હતા જ નહીં બલકે મુતબન્ના હતા જેનું વર્ણન આ જ સૂરતમાં આગળ આવનાર છે.

આયત : (સૂરએ અહઝાબ : આયત નં. ૬)

اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ وَ اَزْوَاجُهٗۤ اُمَّهٰتُهُمْ ؕ وَاُولُوا الْاَرْحَامِ
بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ فِيْ كِتٰبِ اللّٰهِ مِنَ الْمُؤْمِنِيْنَ وَالْمُهٰجِرِيْنَ اِلَّاۤ اَنْ تَفْعَلُوْۤا
اِلٰۤى اَوْلِيٰٓئِكُمْ مَّعْرُوْفًا ؕ كَانَ ذٰلِكَ فِي الْكِتٰبِ مَسْطُوْرًا ﴿٦﴾

તરજુમો :

નબીથી લગાવ છે ઈમાનવાળાઓને પોતાના પ્રાણથી વધારે અને તેમની (નબીની) પત્નીઓ તેમની માતાઓ છે અને સગાં વહાલાંઓ એકબીજા સાથે અલ્લાહના હુકમ (વારસા)માં બધા ઈમાનવાળાઓ અને હિજરત કરનારાઓ કરતાં વધારે હક રાખે છે પરંતુ એ કે પોતાના મિત્રો સાથે ઉપકાર કરવા ઈચ્છો, આ છે કિતાબ (The Preserved Tablet)માં લખેલું. (૬)

તફસીર :

નબી (ﷺ) મો'મિનોની સાથે તો તેમના પોતાના નફ્સ (અને પોતાની જાત)થી પણ વધારે સંબંધ રાખે છે (કારણ કે મનુષ્યનો નફ્સ તો ક્યારેક તેને નફો પહોંચાડે છે તો ક્યારેક નુકસાન, કારણ કે જો નફ્સ સારો છે તો સારા કામો તરફ ચાલે છે તો નફો છે અને ખરાબ કામો તરફ ચાલવા લાગે તો પોતે પોતાનો નફ્સ પોતાના માટે મુસીબત બની જાય છે, તેનાથી વિપરીત રસૂલે કરીમ ﷺ કે આપ ﷺની તા'લીમ નફો જ નફો અને ભલાઈ જ ભલાઈ છે અને પોતાનો નફ્સ જો સારો પણ હોય અને નેકી તરફ જ ચાલતો હોય તો પણ તેનો નફો રસૂલે કરીમ ﷺના નફા બરાબર નથી હોઈ શકતો, કારણ કે પોતાના નફ્સને તો ભલાઈ અને બુરાઈ તથા લાભ અને નુકસાનમાં ભૂલ પણ થઈ શકે છે અને તેને નફા અને નુકસાનનું પૂરતું જ્ઞાન પણ નથી, જ્યારે તેનાથી વિપરીત રસૂલે કરીમ ﷺ કે આપ ﷺના શિક્ષણમાં કોઈ ભૂલનો ભય નથી અને જ્યારે નફો પહોંચવામાં રસૂલે કરીમ ﷺ આપણા પ્રાણ અને આપણા નફ્સથી પણ વધારે છે તો તેમનો હક આપણા ઉપર આપણા પ્રાણથી વધારે છે અને તે હક એ છે કે આપ ﷺનું દરેક કાર્યમાં અનુસરણ કરો તથા આપ ﷺનું સન્માન અને માન મર્યાદા સમગ્ર સૃષ્ટિથી વધારે કરો) અને આપ (ﷺ)ની પત્નીઓ તેઓની (એટલે કે મો'મિનોની) માતાઓ છે (એટલે કે પ્રસ્તુત ચર્ચાથી જાણ થઈ કે રસૂલે કરીમ ﷺ મો'મિનો માટે આધ્યાત્મિક પિતા છે જે તેમની પોતાની જાતથી પણ વધારે તેમના ઉપર પ્રેમાળ અને દયાળુ છે, આ જ સંદર્ભથી આપ ﷺની પવિત્ર પત્નીઓ રદિ. ઉમ્મતની માતાઓ થઈ, એટલે કે તેમનું સન્માન અને માન મર્યાદા રાખવામાં તેમનો હક માતાઓ જેવો છે.

આ જ આયતે અઝ્વાજે મુતહ્હરાત–પવિત્ર પત્નીઓ રદિ.ને સ્પષ્ટ રીતે ઉમ્મતની માતાઓ અને રસૂલે કરીમ ﷺને ઈશારાથી ઉમ્મતના આધ્યાત્મિક–રૂહાની પિતા ઠરાવવામાં આવ્યા તો તેનાથી પણ આ રીતે એક ખટકો અને સંદેહ મુતનબ્બા–મ્હોં બોલ્યા પુત્રને તેના સગા ન હોય એવા બાપ તરફ સંબંધ કરવાથી થતો હતો જેનાથી એ પરિણામ કાઢી શકાતું હતું કે ઉમ્મતના મુસલમાનો બધા પરસ્પર સગા ભાઈ બહેન થઈ જાય તો તેમના પરસ્પર નિકાહના સંબંધ હરામ થઈ જાય અને વારસા વહેંચણીના હુકમોમાં પણ દરેક

મુસલમાન બીજા મુસલમાનના વારસદાર ઠરાવવામાં આવે, આ શંકાને નિર્મૂળ કરવા માટે આયતના અંતે કહ્યું .. (وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ فِىْ كِتٰبِ اللّٰهِ) સગાં વહાલાંઓ અલ્લાહની કિતાબ (એટલે કે શરઈ હુકમ)માં એકબીજાથી (વારસાનો) વધારે સંબંધ રાખે છે બીજા મો'મિનો કરતાં અને મુહાજિરો કરતાં પરંતુ એ કે તમે પોતાના (તે) દોસ્તોથી (વસિય્યત સ્વરૂપે) કંઈક સારો વ્યવહાર કરવા ઈચ્છો તો તે જાઈઝ છે, આ વાત લવહે મહફૂઝમાં લખવામાં આવી ચૂકી છે (કે હિજરતની શરૂઆતમાં ઈમાની ભાઈચારાની બીનાએ મુહાજિરોને અન્સારોના વારસાના હકદાર બનાવવામાં આવ્યા હતા પરંતુ અંતે વારસાની વહેંચણી સગાઈ અને લોહીના સંબંધના આધાર ઉપર રહેશે).

મસ્અલા અને બોધપાઠ :

જેમકે પ્રથમ વર્ણન થઈ ચૂક્યું છે કે સૂરએ અહઝાબમાં મોટા ભાગના વિષયો રસૂલે કરીમ ﷺની તા'લીમ અને તેમને પીડા પહોંચાડવી હરામ હોવા વિશે છે, સૂરતની શરૂઆતમાં મુશ્રિકો અને મુનાફિકોની પરપીડનવૃત્તિનું વર્ણન કરીને રસૂલે કરીમ ﷺને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, ત્યારબાદ ઈસ્લામ અગાઉની અજ્ઞાનતાના ત્રણ કુરિવાજોનો રદિયો આપવામાં આવ્યો જેમાં અંતિમ કુરિવાજનો સંબંધ રસૂલુલ્લાહ ﷺને પીડા પહોંચાડવા સાથે હતો, કારણ કે કાફિરોએ હઝરત ઝૈદ (રદિ.)ની તલાક આપેલ પત્ની હઝરત ઝયનબ (રદિ.)થી રસૂલે કરીમ ﷺના નિકાહના સમયે તે જ પોતાના અજ્ઞાનતાના કુરિવાજ મુતબન્ના એટલે કે મ્હોં બોલા પુત્રની બીનાએ આપ ﷺ ઉપર એ આક્ષેપ લગાવ્યો કે આપ ﷺએ પોતાના પુત્રની ત્યકતા પત્ની સાથે નિકાહ કરી લીધા, આ રીતે સૂરતની શરૂઆતથી અહીંયાં સુધી રસૂલે કરીમ ﷺને પીડા પહોંચાડવા સંબંધિત વિષય હતો, આ પ્રસ્તુત આયતમાં રસૂલે કરીમ ﷺનું સન્માન અને અનુસરણ સમગ્ર મખ્લૂકથી વધારે વાજિબ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે.

اَلنَّبِىُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ માં શબ્દ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ (અવલા બિલ મુઅ્મિનીન)નો જે અર્થ તફસીરના ખુલાસામાં વર્ણન કરવામાં આવ્યો છે તે ઈબ્ને અતિય્યહ વગેરેનું નિવેદન છે જેને કુર્તુબી અને ઘણા વિવરણકારોએ અપનાવ્યું છે, તેનો ખુલાસો એ છે કે રસૂલે કરીમ ﷺનો હુકમ દરેક મુસલમાન માટે પોતાના

માતા પિતાથી પણ વધારે અમલ કરવાપાત્ર છે, જો માતા પિતા રસૂલે કરીમ ﷺના કોઈ હુકમ વિરુદ્ધ કરવાનું કહે તો તેમનું કહ્યું માનવું જાઇઝ નથી, એ જ પ્રમાણે પોતે પોતાના નફ્સની બધી જ ઈચ્છાઓ ઉપર પણ રસૂલે કરીમ ﷺના હુકમની બજવણી અગ્રસ્થાને રાખે.

સહીહ બુખારી વગેરેમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની હદીષ છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

مَامِنْ مُّؤْمِنٍ اِلَّا وَاَنَا اَوْلَى النَّاسِ بِهٖ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ اِقْرَءُ وْااِنْ شِئْتُمْ اَلنَّبِىُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ

"કોઈ મો'મિન એવો નથી જેના માટે હું દુનિયા અને આખિરતમાં બધા મનુષ્યોથી વધારે ઉચ્ચ અને નિકટ ન હોઉં, જો તમારા દિલ ઈચ્છે તો તેના સમર્થન માટે કુર્આનની આયત પઢી લો, اَلنَّبِىُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ"

જેનો ખુલાસો એ છે કે હું દરેક મો'મિન મુસલમાન ઉપર સમગ્ર દુનિયાથી વધારે પ્રેમાળ અને દયાળુ છું અને એ દેખીતું છે કે તેનો આવશ્યક પ્રભાવ એ હોવો જોઈએ કે દરેક મો'મિનને રસૂલે કરીમ ﷺની મહોબ્બત સૌથી વધારે હોય જેમકે હદીષમાં આ પણ ઈરશાદ છે,

لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى اَكُوْنَ اَحَبَّ اِلَيْهِ مِنْ وَّالِدِهٖ وَوَلَدِهٖ وَالنَّاسِ اَجْمَعِيْنَ،
(بُخَارِىْ وَمُسْلِمْ، مَظْهَرِىْ)

"તમારામાંથી કોઈ ત્યાં સુધી મો'મિન નથી હોઈ શકતો જ્યાં સુધી તેના દિલમાં મારી મહોબ્બત પોતાના બાપ, બેટા અને બધા મનુષ્યોથી વધારે ન થઈ જાય."

وَاَزْوَاجُهٗٓ اُمَّهٰتُهُمْ અઝ્‌વાજે મુતહ્‌હરાત (રસૂલે કરીમ ﷺની પવિત્ર પત્નીઓ) ઉમ્મતની માતાઓ કહેવાનો ભાવાર્થ એ છે કે તેમનું સન્માન અને ઈજ્જત માતાઓ જેવી થવી જોઈએ, માં અને સંતાનોના બીજા હુકમો જેમકે નિકાહ અને મહરમ હોવાના કારણે પરસ્પર પડદો ન હોવો તથા વારસામાં ભાગીદાર હોવું વગેરે આ હુકમો તેના વિશે નથી, જેમકે આયતના અંતે તેને સ્પષ્ટ કરવામાં આવ્યું છે અને અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)થી કોઈ ઉમ્મતીના નિકાહ

હરામ હોવા એક આગવી આયતમાં અલગથી વર્ણન કરવામાં આવ્યું છે એટલા માટે એ જરૂરી નથી કે આ નિકાહનું હરામ હોવું પણ માતાઓ હોવાના કારણે છે.

મસ્અલો :

પ્રસ્તુત આયતથી સાબિત થયું કે અઝ્‌વાજે મુતહ્‌રાતમાંથી કોઈની શા'નમાં કોઈ નાની સરખી અસભ્યતા પણ એટલા માટે હરામ છે કે તેઓ ઉમ્મતની માતાઓ છે અને એટલા માટે પણ કે તેમને પીડા આપવાથી રસૂલે કરીમ ﷺને પીડા પહોંચશે જે અંતિમ કક્ષાનું હરામ કૃત્ય છે.

وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ માં શબ્દ اُولُوا الْاَرْحَامِ (ઊલૂલ્ અરહામ)નો શાબ્દિક અર્થ બધા સગાં વહાલાંઓ અને સંબંધીઓને સામેલ કરે છે ભલે એ તે લોકો હોય જેમને ફુકહા عَصَبَاتٌ (અસ્બાત)ના નામથી ઓળખાવે છે અથવા તે જેમને ખાસ પરિભાષાના આધારે عَصَبَاتٌ (અસ્બાત)થી વિપરીત اُولُوا الْاَرْحَامِ (ઊલૂલ્ અરહામ) કહે છે. કુર્આને કરીમમાં આ ફિક્હી પરિભાષા પાછળથી અપનાવવામાં આવી છે, ભાવાર્થ સ્વરૂપે નથી.

મતલબ એ છે કે રસૂલે કરીમ ﷺની પવિત્ર પત્નીઓનો સંબંધ ઉમ્મતના મો'મિનો સાથે જો કે એ દરજ્જાનો છે કે તેઓ માતા પિતાથી પણ અગ્રસ્થાને છે પરંતુ વારસા વહેંચણીના હુકમોમાં તેની કોઈ દખલગીરી નથી, બલકે વારસા વહેંચણી નજીકના વંશ સંબંધિત નિકટતાની સગાઈના આધારે જ કરવામાં આવશે.

વારસાના ભાગ ઈસ્લાની શરૂઆતમાં ઈમાની અને રૂહાની સગાઈઓના આધાર ઉપર હતા, પાછળથી તેને મન્સૂખ (રદ) કરીને સગાઈના સંબંધોના આધાર ઉપર કરવામાં આવ્યા જેની વિગત કુર્આને કરીમે ખુદ બતાવી છે. આ નાસિખ અને મન્સૂખ આયતોની સંપૂર્ણ વિગતો સૂરએ અન્ફાલમાં આવી ચૂકી છે અને مِنَ الْمُؤْمِنِيْنَ (મિનલ્ મુઅ્મિનીન) પછી وَالْمُهَاجِرِيْنَ (વલ્ મુહાજિરીન)નું વર્ણન એ સ્વરૂપમાં તેમની ખાસ વિશેષતા બતાવવા માટે છે.

અમુક લોકોએ કહ્યું છે કે અત્રે મો'મિનીનથી ભાવાર્થ અન્સાર અને મુહાજિરીનથી ભાવાર્થ કુરૈશ છે, મુહાજિરીનના મુકાબલામાં મો'મિનીનનો શબ્દ અન્સાર માટે હોવાની જાણ થઈ. આ સ્વરૂપમાં આ આયત تَوَارُثٌ بِالْهِجْرَةِ માટે

નાસિખ થશે, કારણ કે હિજરતની શરૂઆતમાં રસૂલે કરીમ ﷺએ મુહાજિરો અને અન્સારો વચ્ચે مُوَاخَاتٌ (મુવાખાત) "ભાઈચારો" કરાવીને તેઓને પરસ્પર વારસાઈના હકમાં પણ સામેલ હોવાનો હુકમ આપ્યો હતો. આ આયતે તે تَوَارُثٌ بِالْهِجْرَةِ પણ મન્સૂખ કરી દીધી. (કુર્તુબી)

إِلَّآ أَنْ تَفْعَلُوْٓا إِلٰٓى أَوْلِيَآئِكُمْ مَّعْرُوْفًا એટલે કે, વારસાઈ તો માત્ર સગાં વહાલાંઓના સંબંધથી મળશે, જે સગાંઓ નથી તે વારિસો બનશે નહીં પરંતુ ઈમાની ભાઈચારાની બીનાએ જે લોકો સાથે સંબંધ હોય તેમને કંઈક આપવા ઈચ્છો તો અલબત્ત તેને અધિકાર છે, પોતાની જિંદગીમાં પણ હદિયા કે ભેટ સ્વરૂપે આપીં શકે છે અને મોત સમયે તેમના માટે વસિય્યત પણ કરી શકે છે.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૭-૮)

وَإِذْ أَخَذْنَا مِنَ النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ وَمِنْكَ وَمِنْ نُّوْحٍ وَّإِبْرٰهِيْمَ وَمُوْسٰى وَعِيْسَى ابْنِ مَرْيَمَ ۠ وَأَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا ﴿۷﴾ لِّيَسْـَٔلَ الصّٰدِقِيْنَ عَنْ صِدْقِهِمْ ۚ وَأَعَدَّ لِلْكٰفِرِيْنَ عَذَابًا أَلِيْمًا ﴿۸﴾ ع

તરજુમો :

અને જ્યારે અમે નબીઓથી તેમનો કરાર લીધો અને તમારાથી અને નૂહ (અલૈ.)થી અને ઈબ્રાહીમ (અલૈ.)થી અને મૂસા (અલૈ.)થી અને મરયમના દિકરા ઈસા (અલૈ.)થી અને અમે તેમનાથી પાકો કરાર લીધો. (૭) જેથી અલ્લાહ સાચાઓને તેમની સચ્ચાઈ પૂછે અને કાફિરો માટે કષ્ટદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે. (૮)

તફસીર :

અને (તે સમય વર્ણનપાત્ર છે) જ્યારે કે અમે બધા જ પયગમ્બરોથી તેમનો કરાર લીધો (કે અલ્લાહના હુકમોનું અનુસરણ કરો જેમાં અલ્લાહની મખ્લૂકને તબ્લીગ અને દા'વત તથા પરસ્પર સહકાર અને મદદ પણ સામેલ છે) અને તે પયગમ્બરોમાં) આપ (ﷺ)થી પણ (કરાર લીધો) અને નૂહ અને

ઈબ્રાહીમ અને મૂસા અને ઈસા ઈબ્ને મરયમ (અલૈ.)થી પણ આ (કોઈ મા'મૂલી વચન કે કરાર ન હતો બલકે) અમે તે સૌ પાસેથી ખૂબ પાકો કરાર લીધો જેથી (કયામતના દિવસે) તે સાચા લોકોથી (એટલે કે અંબિયા અલૈ.થી) તેમની સચ્ચાઈની તહકીક કરે (જેથી તેમની ઉચ્ચતા અને સન્માન તથા ન માનનારાઓ ઉપર દલીલ સંપૂર્ણ થઈ જાય અને કરાર અને તેની તહકીકથી બે બાબતો વાજિબ હોવાનું સાબિત થયું કે સાહિબે વહી ઉપર પોતાની વહીનું અનુસરણ વાજિબ છે અને જે સામાન્ય લોકો સાહિબે વહી નથી હોતા તેમના ઉપર સાહિબે વહી પયગમ્બરનું અનુસરણ વાજિબ છે) અને કાફિરો માટે (કે જેઓ સાહિબે વહીનું અનુસરણ કરવાનો વિરોધ કરે છે) અલ્લાહ તઆલાએ (તેમના માટે) દર્દનાક અઝાબ તૈયાર કરી રાખ્યો છે.

મસ્અલા અને બોધપાઠ :

સૂરતની શરૂઆતમાં રસૂલે કરીમ ﷺને પોતાની વહીના અનુસરણનો હુકમ આપવામાં આવ્યો છે وَاتَّبِعْ مَا يُوحَىٰ إِلَيْكَ અને પાછલી આયત اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ માં મો'મિનો ઉપર સાહિબે વહી (એટલે કે પયગમ્બર ﷺ જેમના ઉપર વહી નાઝિલ થતી હતી)ના હુકમો ઉપર અમલ કરવો વાજિબ કરવામાં આવ્યો છે, આ જ બંને બાબતોની વધારે સાબિતી અને જાહેરાત માટે પ્રસ્તુત બંને આયતોમાં પણ બે વિષયો વર્ણન થયા છે, એટલે કે સાહિબે વહીએ પોતાની વહીનું અનુસરણ અને ગેરસાહિબે વહીએ (જેના ઉપર વહી નાઝિલ ન થતી હોય તેણે) સાહિબે વહીનું અનુસરણ કરવું વાજિબ છે.

અંબિયા (અલૈ.)ના કરારો :

પ્રસ્તુત આયતમાં જે અંબિયા (અલૈ.) પાસેથી વચન અને કરાર લેવાનું વર્ણન છે આ તે જાહેર કરાર સિવાયનો છે જે સમગ્ર મખ્લૂક પાસેથી લેવામાં આવ્યો છે, જેમકે મિકદાદમાં હઝરત ઈમામ અહમદથી મરફૂઅન આવ્યું છે, خُصُّوْا بِمِيْثَاقِ الرِّسَالَةِ وَالنُّبُوَّةِ وَهُوَ قَوْلُهٗ تَعَالٰى وَاِذْ اَخَذْنَا مِنَ النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ......

આ કરાર અંબિયા (અલૈ.) પાસેથી નુબુવ્વત અને રિસાલતની ફરજો અદા કરવાનો તથા પરસ્પર એકબીજાની ખરાઈ અને મદદ કરવાનો હતો, જેમકે ઈબ્ને જરીર અને ઈબ્ને અબી હાતિમ (રહ.) વગેરેએ હઝરત કતાદહ (રદિ.)થી

રિવાયત કરી છે અને એક રિવાયતમાં અંબિયા (અલૈ.)ના આ કરારમાં એ પણ સામેલ હતું કે તે બધા આ એ'લાન કરે, مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ لَا نَبِيَّ بَعْدَهٗ એટલે કે, હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ અલ્લાહના રસૂલ છે અને ખાતમુન્નબિય્યિન (નબીઓના ક્રમની અંતિમ કડી) છે તેમના પછી હવે કોઈ નબી થશે નહીં.

અંબિયા (અલૈ.)નો આ કરાર પણ અજલમાં તે જ સમયે લેવામાં આવ્યો જ્યારે કે સામાન્ય મખ્લૂક પાસેથી اَلَسْتُ بِرَبِّكُمْ (તમારો પરવરદિગાર કોણ છે?)નો કરાર લેવામાં આવ્યો હતો. *(રૂહ અને મઝહરી)*

وَمِنْكَ وَمِنْ نُّوْحٍ અંબિયા (અલૈ.)નું જાહેર વર્ણન કર્યા પછી તેમાંથી પાંચ નબીઓ (અલૈ.)નું ખાસ પ્રકારે વર્ણન તેમની તે વિશિષ્ટતા અને ઉચ્ચતાની બીનાએ કરવામાં આવ્યું જે તેમને અંબિયા (અલૈ.)ના વર્ગમાં પ્રાપ્ત છે અને તેમાં પણ શબ્દ مِنْكَ (મિન્ક)માં રસૂલે કરીમ ﷺના વર્ણનને અન્યો ઉપર અગ્રતા આપવામાં આવી છે, જો કે રસૂલે કરીમ ﷺનું આગમન સૌથી અંતે થયું છે, તેનું કારણ પોતે હદીષમાં આ વર્ણન કરવામાં આવ્યું છે.

كُنْتُ اَوَّلَ النَّاسِ فِى الْخَلْقِ وَاٰخِرَهُمْ فِى الْبَعْثِ، (رَوَاهُ ابْنُ سَعْدٍ وَاَبُوْنَعِيْمٍ فِى الْحِلْيَةِ عَنْ مَيْسَرَةَ الْمُفَجَّرِ وَالطَّبْرَانِىُّ فِى الْكَبِيْرِ عَنِ ابْنِ عَبَّاسٍؓ، مَظْهَرِى)

"રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે હું સર્જનમાં સૌ મનુષ્યોથી પ્રથમ છું અને બઅ્ષત અને નુબુવ્વતમાં સૌથી છેલ્લો."

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૯ થી ૨૭)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ جَآءَتْكُمْ جُنُوْدٌ فَاَرْسَلْنَا
عَلَيْهِمْ رِيْحًا وَّجُنُوْدًا لَّمْ تَرَوْهَا ۚ وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرًا ۞٩
اِذْ جَآءُوْكُمْ مِّنْ فَوْقِكُمْ وَمِنْ اَسْفَلَ مِنْكُمْ وَاِذْ زَاغَتِ الْاَبْصَارُ وَبَلَغَتِ
الْقُلُوْبُ الْحَنَاجِرَ وَتَظُنُّوْنَ بِاللّٰهِ الظُّنُوْنَا ۞١٠ هُنَالِكَ ابْتُلِيَ الْمُؤْمِنُوْنَ وَزُلْزِلُوْا
زِلْزَالًا شَدِيْدًا ۞١١ وَاِذْ يَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ مَّا

وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗٓ اِلَّا غُرُوْرًا ﴿۱۲﴾ وَاِذْ قَالَتْ طَّآئِفَةٌ مِّنْهُمْ يٰٓاَهْلَ يَثْرِبَ لَا مُقَامَ
لَكُمْ فَارْجِعُوْا ۚ وَيَسْتَاْذِنُ فَرِيْقٌ مِّنْهُمُ النَّبِيَّ يَقُوْلُوْنَ اِنَّ بُيُوْتَنَا عَوْرَةٌ ۛ وَمَا
هِيَ بِعَوْرَةٍ ۚۛ اِنْ يُّرِيْدُوْنَ اِلَّا فِرَارًا ﴿۱۳﴾ وَلَوْ دُخِلَتْ عَلَيْهِمْ مِّنْ اَقْطَارِهَا ثُمَّ سُئِلُوا عند المتقدمين
الْفِتْنَةَ لَاٰتَوْهَا وَمَا تَلَبَّثُوْا بِهَآ اِلَّا يَسِيْرًا ﴿۱۴﴾ وَلَقَدْ كَانُوْا عَاهَدُوا اللّٰهَ مِنْ قَبْلُ لَا
يُوَلُّوْنَ الْاَدْبَارَ ۭ وَكَانَ عَهْدُ اللّٰهِ مَسْـُٔوْلًا ﴿۱۵﴾ قُلْ لَّنْ يَّنْفَعَكُمُ الْفِرَارُ اِنْ فَرَرْتُمْ
مِّنَ الْمَوْتِ اَوِ الْقَتْلِ وَاِذًا لَّا تُمَتَّعُوْنَ اِلَّا قَلِيْلًا ﴿۱۶﴾ قُلْ مَنْ ذَا الَّذِيْ يَعْصِمُكُمْ
مِّنَ اللّٰهِ اِنْ اَرَادَ بِكُمْ سُوْۗءًا اَوْ اَرَادَ بِكُمْ رَحْمَةً ۭ وَلَا يَجِدُوْنَ لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ
وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿۱۷﴾ قَدْ يَعْلَمُ اللّٰهُ الْمُعَوِّقِيْنَ مِنْكُمْ وَالْقَاۗىِٕلِيْنَ لِاِخْوَانِهِمْ
هَلُمَّ اِلَيْنَا ۚ وَلَا يَاْتُوْنَ الْبَاْسَ اِلَّا قَلِيْلًا ﴿۱۸﴾ لا اَشِحَّةً عَلَيْكُمْ ۚۖ فَاِذَا جَاۗءَ
الْخَوْفُ رَاَيْتَهُمْ يَنْظُرُوْنَ اِلَيْكَ تَدُوْرُ اَعْيُنُهُمْ كَالَّذِيْ يُغْشٰى عَلَيْهِ مِنَ
الْمَوْتِ ۚ فَاِذَا ذَهَبَ الْخَوْفُ سَلَقُوْكُمْ بِاَلْسِنَةٍ حِدَادٍ اَشِحَّةً عَلَى الْخَيْرِ ۭ
اُولٰۗىِٕكَ لَمْ يُؤْمِنُوْا فَاَحْبَطَ اللّٰهُ اَعْمَالَهُمْ ۭ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ
يَسِيْرًا ﴿۱۹﴾ يَحْسَبُوْنَ الْاَحْزَابَ لَمْ يَذْهَبُوْا ۚ وَاِنْ يَّاْتِ الْاَحْزَابُ يَوَدُّوْا
لَوْ اَنَّهُمْ بَادُوْنَ فِي الْاَعْرَابِ يَسْاَلُوْنَ عَنْ اَنْۢبَاۗىِٕكُمْ ۭ وَلَوْ كَانُوْا فِيْكُمْ مَّا قٰتَلُوْٓا
اِلَّا قَلِيْلًا ﴿۲۰﴾ ع لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ يَرْجُوا اللّٰهَ وَالْيَوْمَ ع ۲ ۱۸
الْاٰخِرَ وَذَكَرَ اللّٰهَ كَثِيْرًا ﴿۲۱﴾ وَلَمَّا رَاَ الْمُؤْمِنُوْنَ الْاَحْزَابَ ۙ قَالُوْا هٰذَا
مَا وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗ وَصَدَقَ اللّٰهُ وَرَسُوْلُهٗ ۡ وَمَا زَادَهُمْ اِلَّآ اِيْمَانًا
وَّتَسْلِيْمًا ﴿۲۲﴾ مِنَ الْمُؤْمِنِيْنَ رِجَالٌ صَدَقُوْا مَا عَاهَدُوا اللّٰهَ عَلَيْهِ ۚ فَمِنْهُمْ

مَّنْ قَضٰى نَحْبَهٗ وَمِنْهُمْ مَّنْ يَّنْتَظِرُ ۖ وَمَا بَدَّلُوْا تَبْدِيْلًا ﴿٢٣﴾ لِّيَجْزِيَ اللّٰهُ
الصّٰدِقِيْنَ بِصِدْقِهِمْ وَيُعَذِّبَ الْمُنٰفِقِيْنَ اِنْ شَآءَ اَوْ يَتُوْبَ عَلَيْهِمْ ۚ اِنَّ اللّٰهَ
كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿٢٤﴾ وَرَدَّ اللّٰهُ الَّذِيْنَ كَفَرُوْا بِغَيْظِهِمْ لَمْ يَنَالُوْا
خَيْرًا ۚ وَكَفَى اللّٰهُ الْمُؤْمِنِيْنَ الْقِتَالَ ۚ وَكَانَ اللّٰهُ قَوِيًّا عَزِيْزًا ﴿٢٥﴾ وَاَنْزَلَ
الَّذِيْنَ ظَاهَرُوْهُمْ مِّنْ اَهْلِ الْكِتٰبِ مِنْ صَيَاصِيْهِمْ وَقَذَفَ فِيْ قُلُوْبِهِمُ
الرُّعْبَ فَرِيْقًا تَقْتُلُوْنَ وَتَاْسِرُوْنَ فَرِيْقًا ﴿٢٦﴾ وَاَوْرَثَكُمْ اَرْضَهُمْ وَدِيَارَهُمْ
وَاَمْوَالَهُمْ وَاَرْضًا لَّمْ تَطَـُٔوْهَا ۚ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرًا ﴿٢٧﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! પોતાના ઉપરનો અલ્લાહનો ઉપકાર યાદ કરો જ્યારે તમારા ઉપર સૈન્યો ચઢી આવ્યા, પછી અમે તેમના ઉપર (તેજ તોફાની) હવા અને તે સૈન્યો મોકલી આપ્યા જે તમે નથી જોયા અને જે કંઈ કરો છો અલ્લાહ સઘળું જોનારો છે. (૯) જ્યારે તમારા ઉપર ઉપરની બાજુએથી અને પાછળથી ચઢી આવ્યા અને જ્યારે આંખો બદલાવા લાગી અને દિલો ગળાઓ સુધી આવી લાગ્યા અને તમે અલ્લાહ ઉપર અટકળો કરવા લાગ્યા પ્રકાર પ્રકારની અટકળો. (૧૦) ત્યાં ઈમાનવાળાઓ પારખવામાં આવ્યા અને સખત રીતે હચમચાવી હલાવી નાંખવામાં આવ્યા. (૧૧) અને જ્યારે મુનાફિકો અને જેમના દિલોમાં રોગ છે કહેવા લાગ્યા, અમને જે વાયદો અલ્લાહે અને તેના રસૂલે કર્યો હતો બધો ફરેબ હતો. (૧૨) અને જ્યારે તેમનામાંથી એક જૂથ કહેવા લાગ્યું, હે યષરબ (મદીના)વાળાઓ ! તમારા માટે ઠેકાણું નથી, બસ પાછા ફરો અને તેમનામાંથી એક જૂથ છુટ્ટી માંગવા લાગ્યું, નબીથી કહેવા લાગ્યા, અમારા ઘરો ખુલ્લા પડયા છે અને તે ખુલ્લા પડયા નથી તેમનો કોઈ હેતુ નથી પરંતુ માત્ર નાસી છૂટવું ! (૧૩) અને જો શહેરમાં કોઈ તેમના ઉપર તેની ભાગોળોએથી ઘુસી આવે પછી તેમનાથી ફિત્નો (દીનથી ફરી જવાનું) ઈચ્છે તો માની લે અને તેમાં વાર ન લગાડે

પરંતુ થોડી. (૧૪) અને પહેલાં અલ્લાહથી એકરાર કરી ચૂક્યા હતા કે પીઠ ફેરવીશું નહીં અને અલ્લાહના કરારની પૂછ થાય છે. (૧૫) તમે કહો, તમારું આ નાસી છૂટવું કંઈ કામ આવશે નહીં જો મરવાથી અથવા માર્યા જવાથી નાસી છૂટશો અને તો પણ ફળ પામવાના નથી પરંતુ માત્ર થોડા દિવસો. (૧૬) તમે કહો, કોણ છે કે તમને અલ્લાહથી બચાવે જો તમારા ઉપર બુરાઈ ઈચ્છે અથવા તમારા ઉપર દયા ઈચ્છે અને પોતાના માટે અલ્લાહ સિવાય કોઈ હિમાયતી અને મદદગાર પામશે નહીં. (૧૭) અલ્લાહને સારી પેઠે ખબર છે જે તમારામાં (યુદ્ધથી) અટકાવનારા છે અને પોતાના ભાઈઓને કહે છે, અમારી પાસે ચાલ્યા આવો અને તેઓ લડાઈમાં નથી આવતા પરંતુ જવલ્લે જ. (૧૮) તમારાથી બખીલી (લાલચ) રાખે છે, પછી જ્યારે ભયનો સમય આવે છે તો તમે તેમને જુઓ કે તમારા તરફ એકટશે જુએ છે, તેમની આંખો એવી ફરે છે જેમકે કોઈના ઉપર મોતની મુર્છાવસ્થા છવાઈ હોય, પછી જ્યારે ડરનો સમય જતો રહે તમારા ઉપર બઢી ચઢીને ચબરાક જીભે બોલે, માલ ઉપર ઢળી પડે છે, તે લોકો ઈમાન નથી લાવ્યા પછી અલ્લાહે તેમના કર્મો બેકાર કરી નાંખ્યા અને આ અલ્લાહ માટે સહેલું છે. (૧૯) સમજે છે કે કાફિરોના સૈન્યો પાછા નથી વળી ગયા અને જો તે સામે આવી જાય તો એવી તમન્ના કરે કે કોઈપણ રીતે અમે ગામડાંઓમાંથી બહાર નીકળી ગયા હોય, તમારી ખબરો પૂછ્યા કરે અને જો તમારામાં હોય તો લડે નહીં પરંતુ માત્ર નામનું જ. (૨૦) તમારા માટે રસૂલુલ્લાહ (ﷺ)ની ચાલ શીખવી ભલી હતી તેના માટે જે કોઈ અલ્લાહની અને પાછલા દિવસની આશા રાખે છે અને અલ્લાહને ખૂબ યાદ કરે છે. (૨૧) અને જ્યારે મુસલમાનોએ સૈન્યો જોયા, બોલ્યા, આ તે જ છે જે અમને અલ્લાહે અને તેના રસૂલ (ﷺ)એ વાયદો આપ્યો હતો અને અલ્લાહે અને તેના રસૂલ (ﷺ)એ સાચું કહ્યું અને તેમનું ઈમાન અને આજ્ઞાપાલન ઔર વધી ગયું. (૨૨) ઈમાનવાળાઓમાં કેટલાક પુરુષો છે કે સાચું કરી દેખાડયું જેનો અલ્લાહથી કરાર કર્યો હતો, પછી કોઈ તો તેમનામાં પોતાની જવાબદારી પૂર્ણ કરી ચૂક્યો અને કોઈ તેમનામાં છે કે વાટ જોઈ રહ્યો છે અને એક તસુ માત્ર (પણ) બદલ્યું નથી. (૨૩) જેથી અલ્લાહ સાચાઓને તેમની

સચ્ચાઈનો બદલો આપે અને જો ઈચ્છે મુનાફિકો ઉપર અઝાબ કરે અથવા તેમના (દિલો) ઉપર તવબહ નાંખે, બેશક ! અલ્લાહ મા'ફ કરનારો મહાદયાળુ છે. (૨૪) અને અલ્લાહે કાફિરોને પોતાના ક્રોધમાં ભરેલા પાછા વાળી દીધા, કંઈ પણ ભલાઈ હાથ ન લાગી અને અલ્લાહે પોતાના ઉપર મુસલમાનોની લડાઈ લઈ લીધી અને અલ્લાહ મહાબળવાન જબરદસ્ત છે. (૨૫) અને અહલે કિતાબમાંથી જે તેમના સહાયક બન્યા હતા તેમને તેમના કિલ્લાઓએથી ઉતારી દીધા અને તેમના દિલોમાં ધાક નાંખી દીધી, કેટલાકને તમે જાનથી મારવા લાગ્યા અને કેટલાકને કેદ કરી લીધા. (૨૬) અને તમને તેમની જમીન અને તેમના ઘર અને તેમનો માલ અપાવ્યો અને એક જમીન કે જેના ઉપર તમારા (હજુ સુધી) પગલાં નથી પડયા અને અલ્લાહ સર્વ કાંઈ કરી શકે છે. (૨૭)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહનું ઈનામ તમારા ઉપર યાદ કરો જ્યારે તમારા ઉપર ઘણા લશ્કર ચઢી આવ્યા, (એટલે કે عُيَيْنَة ઉયયૂનહનું લશ્કર અને અબૂ સુફિયાનનું લશ્કર અને યહૂદીઓ બની કુરયઝા) પછી અમે તેમના ઉપર એક આંધી તોફાન મોકલ્યું જે તમને (સામાન્ય રીતે) દેખાય રહ્યું ન હતું (બસ, અમુક સહાબા રદિ. દાખલા તરીકે હઝરત હુઝયફા રદિ.એ અમુક ફરિશ્તાઓને મનુષ્યના સ્વરૂપમાં જોયા પણ કાફિરોના લશ્કરમાં તેઓ જાસૂસી માટે ગયા હતા ત્યાં અવાજ પણ સાંભળ્યો હતો કે ભાગો ! ભાગો ! અને આ ઘટનામાં ફરિશ્તાઓએ ખૂનામરકી નથી કરી, માત્ર કાફિરોના દિલોમાં ધાક બેસાડવા માટે મોકલવામાં આવ્યા હતા) અને અલ્લાહ તઆલા તમારા (તે સમયના) અમલોને જોતો હતો (કે તમને એક લાંબી, પહોળી અને ઊંડી ખાઈ ખોદવામાં ઘણી મહેનત કરી, પછી કાફિરોના મુકાબલા માટે ખૂબ સહનશીલતા સાથે મક્કમતાથી અડગ રહ્યા અને તેના ઉપર ખુશ થઈને અલ્લાહ તમારી મદદ કરી રહ્યો હતો, આ ઘટના તે સમયે બની હતી) જ્યારે કે તે (દુશ્મન) લોકો તમારા ઉપર (દરેક બાજુએથી ઘેરો ઘાલીને) ચઢી આવ્યા હતા ઉપર તરફથી અને નીચે તરફથી પણ (એટલે કે કોઈ કબીલો મદીનાની નીચેની બાજુએથી અને કોઈ કબીલો તેની ઊંચાઈઓ

તરફથી) અને જ્યારે કે આંખો (ભયના માર્યા) ફાટેલી રહી ગઈ હતી અને કાળજાંઓ મોઢાં સુધી આવવા લાગ્યા હતા અને તમે લોકો અલ્લાહ સાથે પ્રકાર પ્રકારનું અનુમાન લગાવી રહ્યા હતા (જેમકે કઠોર સમયે સ્વાભાવિક રીતે વિવિધ પ્રકારના વસવસા અને ભ્રમણા થયા કરે છે અને આ અનિચ્છાવર્તી હોવાના કારણે કોઈ ગુનોહ નથી અને ન જ તે નિવેદનનો નકાર છે, જે આગળ ઈમાનવાળાઓનું આવશે هٰذَا مَا وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗ وَصَدَقَ اللّٰهُ وَرَسُوْلُهٗ કારણ કે, તેમાં શબ્દ هٰذَا "હાઝા"નો ઈશારો અહઝાબના ચઢી આવવા તરફ છે કારણ કે તેની ખબર અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવી હતી એટલા માટે આ તો નિશ્ચિત હતું પરંતુ આ ઘટનાનું પરિણામ બતાવવામાં આવ્યું નથી, એટલા માટે તેમાં વિવિધ સંભાવનાઓ વિજય અથવા પરાજય વિશેની પેદા થતી હતી) આ તકે મુસલમાનોની (પૂરે)પૂરી પરીક્ષા કરવામાં આવી (જેમાં તેઓ પૂરા ઊતર્યા) અને (સખત રીતે) હચમચાવી નાંખવામાં આવ્યા અને (આ ઘટના તે સમયે બની હતી) જ્યારે મુનાફિકો અને તે લોકો જેમના દિલોમાં (ખોટ અને શંકાની) બીમારી છે એવું કહી રહ્યા હતા કે અમારાથી તો અલ્લાહે અને તેના રસૂલે માત્ર ધોકાનો જ વાયદો કરી રાખ્યો છે (જેમકે મુઅત્તબ બિન કુશયર અને તેના સાથીઓનું આ નિવેદન તેમણે તે વખતે કહ્યું હતું કે ખાઈ ખોદતી વખતે કોદાળો વાગવથી કેટલીયવાર આગના તણખા નીકળ્યા અને રસૂલે કરીમ ﷺએ દરેક વખતે ઈરશાદ ફરમાવ્યો કે મને ફારશ અને રૉમ તથા શામના મહેલો તેના પ્રકાશમાં દેખાયા તથા અલ્લાહે તેમને વિજયનો વાયદો કર્યો છે, જ્યારે અહઝાબના ભેગા થવાના સમયે પરેશાની થઈ તો આ લોકો કહેવા લાગ્યા કે હાલત આવી છે અને તેના ઉપર રૉમ અને ફારશની ખુશખબરીઓ સંભળાવી રહ્યા છે ! આ માત્ર ધોકો છે અને જો કે તેઓ તેને અલ્લાહનો વાયદો ન સમજતા હતા અને ન જ આપ ﷺને રસૂલ માનતા હતા. પછી આ કહેવું مَا وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗ તો માત્ર એક વાર્તાના દરજ્જામાં છે અને એક પ્રકારે કલ્પના અને ઠઠ્ઠા મશ્કરી સ્વરૂપે પણ છે) અને (આ ઘટના તે સમયની હતી) જ્યારે કે તે (મુનાફિકો)માંથી અમુક લોકોએ (યુદ્ધમાં સામેલ બીજા લોકોને) કહ્યું કે યષરબ (એટલે કે મદીના)ના લોકો ! (અહીંયાં) થોભવાની તક નથી (કારણ કે અહીંયાં રહેવું મોતના મોઢાંમાં જવા સમાન છે) બસ (પોતાના ઘરોએ) પાછા ચાલો (આ નિવેદન અવસ બિન

કયતીનું છે, તેણે આવું કહ્યું હતું અને તેમાં અમુક લોકો બીજા પણ સામેલ હતા) અને અમુક લોકો આ (મુશ્રિકોમાં) નબી (ﷺ) પાસે (પોતાના ઘરોએ પાછા જવાની) પરવાનગી માંગતા હતા, કહેતા હતા કે અમારા ઘર અસુરક્ષિત છે (એટલે કે માત્ર સ્ત્રીઓ, બાળકો રહી ગયા છે, માત્ર ભીંતો સંતોષ માટે પૂરતી નથી, ક્યારેક ચોર ઘુસી શકે છે. આ નિવેદન અબૂ અરાબહ અને બીજા અમુક બની હારિષાહનું હતું) જ્યારે કે તેઓ (તેમના મતે) અસુરક્ષિત નથી (એટલે કે તેમને ચોરી વગેરેનો ભય કદાપિ નથી અને ન જ પાછા જવાની એવી નિય્યત છે કે તેમની સંતોષપૂર્વકની વ્યવસ્થા કરીને ચાલ્યા આવશે) આ તો માત્ર નાસી છૂટવા જ ઈચ્છે છે અને (તેમની એવી હાલત છે કે) જો મદીનામાં તેમને ચોતરફથી તેમના ઉપર (જ્યારે તેઓ પોતાના ઘરોમાં હોય) કોઈ (કાફિરોનું લશ્કર) ઘુસી આવે, પછી તેમને ફસાદ (એટલે કે મુસલમાનોથી લડવા)ની દરખાસ્ત કરવામાં આવે તો તેઓ (તરત જ) તે (ફસાદ)ને મંજૂર કરી લે અને તેમના ઘરોમાં ઘણું જ ઓછું થોભે (એટલે કે એટલી જ વાર લગાવે કે કોઈ તેમને દરખાસ્ત કરે અને તેઓ મંજૂર કરી લે અને ત્યાર પછી તેઓ તરત તૈયાર થઈ જાય અને મુસલમાનોના મુકાબલા માટે જઈ પહોંચે અને કંઈ પણ ઘરોની ચિંતા ન કરે કે અમે તો બીજાઓની લૂંટમાર કરવા જઈ રહ્યા છે ત્યારે કદી કોઈ અમારા ઘરને લૂંટી લે; તો જો તેમનો ઈરાદો વાસ્તવમાં પોતાના ઘરોની હિફાઝતનો છે તો હવે ઘરોમાં કેમ નથી રહેતા ? તેનાથી સ્પષ્ટ જાણ થાય છે કે અસલમાં તેમને મુસલમાનોથી વેર અને કાફિરોથી મહોબ્બત છે એટલા માટે તેઓ મુસલમાનોની મદદ કરવાનું પસંદ નથી કરતા, બાકી ઘરોની સુરક્ષા તો તેમનું બહાનું છે) જ્યારે કે આ લોકો (તેનાથી) પહેલાં અલ્લાહ સાથે વાયદો કરી ચૂક્યા હતા કે (દુશ્મનોના મુકાબલામાં) પીઠ ફેરવીશું નહીં (આ વાયદો તે સમયે કર્યો હતો જ્યારે કે બદ્રમાં અમુક સામેલ થવાથી રહી ગયા હતા ત્યારે અમુક મુનાફિકો પણ મફતમાં સારું લગાડવા માટે કહેવા લાગ્યા કે અફસોસ ! અમે સામેલ ન થયા, અમે હોત તો આવું કર્યું હોત, તેવું કર્યું હોત. જ્યારે વખત સામે આવ્યો તો તેમની પોલ ખુલી ગઈ) અને અલ્લાહથી જે (આ પ્રકારનો) એકરાર કરવામાં આવે છે તેની પૂછતાછ થશે, આપ (ﷺ) તેમને ફરમાવી આપો કે (તમે જે માર્યા માર્યા ફરો છો/ اِنْ يُّرِيْدُوْنَ اِلَّا فِرَارًا તો) તમારું નાસી છૂટવું કંઈ લાભદાયી નથી થઈ

શકતું, જો તમે મોતથી અથવા માર્યા જવાથી નાસી છૂટો છો અને તે (પલાયન કરવાની) હાલતમાં અમુક થોડા દિવસોની (કે તે બાકી જિંદગી નસીબમાં છે) અને વધારે (લાંબી જિંદગી) પ્રાપ્ત નથી થઈ શકતી (એટલે કે નાસી છૂટવાથી ઉંમર નથી વધી શકતી, કારણ કે તેનો સમય નિશ્ચિત છે અને જ્યારે સમય નિશ્ચિત છે તો જો પલાયન ન કર્યું હોત તો પણ સમયથી પહેલાં મૃત્યું પામ્યા ન હોત, બસ તેમને ત્યાં થોભવાથી કોઈ નુકસાન અને નાસી છૂટવાથી કોઈ લાભ ન થયો હોત પછી નાસી છૂટવું માત્ર મૂર્ખામી છે અને આ તકદીરના મસ્અલાની તહકીક માટે તેમને) એ પણ ફરમાવી આપો કે તે કોણ છે જે તમને અલ્લાહથી બચાવી શકે જો તે તમારી સાથે બુરાઈ કરવા ઈચ્છે (દાખલા તરીકે તમારો નાશ કરવા ઈચ્છે તો શું તમને કોઈ બચાવી શકે છે જેમકે તમે પલાયન કરવાને લાભદાયી સમજી રહ્યા છો?) અથવા તે કોણ છે જે અલ્લાહની તમારા ઉપરની કૃપાને રોકી શકે જો તે તમારા ઉપર કૃપા કરવા ઈચ્છે ? (દાખલા તરીકે તે જીવીત રાખવા ઈચ્છે કે જે દુનિયાની રહમત છે તો કોણ તેને અટકાવી શકે છે ? જેમકે તમારો વિચાર છે કે યુદ્ધથી પલાયન કરવું જિંદગી છે) અને (તે લોકો સાંભળી રાખે કે) અલ્લાહના સિવાય ન તો કોઈ પોતાનો હિમાયતી પામશે (કે જે લાભ પહોંચાડે) અને ન જ કોઈ મદદગાર (કે જે નુકસાનથી બચાવે. હવે તકદીરના મસ્અલા પછી ફરી મુનાફિકોની ટીકાનો ક્રમ છે એટલે કે) અલ્લાહ તઆલા તમારામાંથી તે લોકોને (સારી પેઠે) જાણે છે જેઓ (બીજાઓને લડાઈમાં જવાથી) અવરોધક બને છે અને જેઓ પોતાના પ્રદેશમાં (સગાં અથવા હમવતન) ભાઈઓને કહે છે કે અમારી પાસે આવી જાઓ (ત્યાં પોતાના પ્રાણ કેમ આપો છો ? આવું એક વ્યક્તિએ પોતાના સગા ભાઈને કહ્યું હતું અને તે સમયે આવું કહેનારો ગોસ્ત બિરયાની અને રોટલી ખાઈ રહ્યો હતો, મુસલમાન ભાઈએ કહ્યું, અફસોસ ! તું આ ચેનમાં છે અને રસૂલે કરીમ ﷺ આવી તકલીફોમાં છે. તે બોલ્યો, જનાબ ! તમે પણ અહીંયાં જ ચાલ્યા આવો) અને (તેમની કાયરતા, લાલચ અને કંજૂસીની એ પરિસ્થિતિ છે કે) લડાઈમાં ઘણા ઓછા આવે છે (જેમાં જરા નામ થઈ જાય, આ તો તેમની કાયરતા છે અને આવે પણ છે તો) તમારા હકમાં બખીલી લઈને (એટલે કે આવવામાં મોટી નિય્યત એ હોય છે કે બધો ગનીમતનો માલ મુસલમાનોને ન મળી જાય, નામ પૂરતા સામેલ થવાથી ગનીમતના હકનો દા'વો

અમુક હદે કરી શકાશે) બસ, (જ્યારે તેમની કાયરતા, લાલચ અને બખીલી બધું સાબિત થઈ ગયું તો આ બધી બાબતોની અસર એ છે કે) જ્યારે (કોઈ) ભય(નો મોકો) આવી પડે છે તો તેમને જુઓ છો કે તેઓ તમારા તરફ એવી રીતે જોવા લાગે છે કે તેમની આંખો ચકરાઈ જાય છે જેમકે તેમના ઉપર મોતની બેહોશી છવાઈ હોય (આ તો કાયરતાનો પ્રભાવ થયો) પછી જ્યારે તે ડર દૂર થઈ જાય છે તો તમને મોટા જીભડે મ્હેણાં મારે છે (ગનીમતના) માલ ઉપર લાલચના માર્યા; (એટલે કે ગનીમતનો માલ લેવા માટે અપ્રિય વાતો કરે છે કે કેમ અમે સામેલ ન હતા ? અમારી જ મદદથી તો તમે આ જીત પ્રાપ્ત કરી છે, આ અસર કંજૂસી અને લાલચની છે. તેમનો આ વ્યવહાર તમારી સાથે છે અને અલ્લાહ તઆલા સાથે તેમનું વર્તન એ છે કે) આ લોકો (પ્રથમથી જ) ઈમાન નથી લાવ્યા તો અલ્લાહ તઆલાએ તેમના બધા જ (નેક) અમલો (પ્રથમથી જ) બેકાર કરી રાખ્યા છે (આખિરતમાં કંઈ સવાબ મળશે નહીં) અને આ વાત અલ્લાહ સમીપ બિલકુલ સહેલી છે (કોઈ તેનો વિરોધ કરી શકતું નથી, અમે તે અમલોનો બદલો આપીશું અને આ પરિસ્થિતિ તો તેમની અહઝાબના મોકા ઉપર ભેગા થવાના સમયે હતી પરંતુ તેમની કાયરતા એટલે સુધી વધેલી હતી કે અહઝાબથી ચાલ્યા ગયા પછી પણ) તે લોકોનું એવું માનવું છે કે (હજુ સુધી) આ લશ્કર ગયાં નથી (અને કાયરતાના કારણે તેમની એ હલાત છે કે) જો (ધારી લો કે) તે (પાછા ગયેલા) લશ્કર (પાછા) આવી જાય તો (પછી તો) આ લોકો (પોતાના માટે) પણ પસંદ કરે કે કાશ ! અમે (ક્યાંક) ગામડાંઓમાંથી બહાર જતા રહીએ કે (ત્યાંથી બેઠાં બેઠાં આવનારા જનારાઓથી) તમારી ખબરો પૂછતા રહે (અને તે હૃદયદ્રાવક યુદ્ધને પોતની આંખોથી ન જોવા પામીએ) અને જો (અચાનકથી બધા અથવા અમુક ગામડામાં ન જઈ શકીએ) બલકે તમારામાં જ રહે તો પણ (તે સમયની લે દે સાંભળીને પણ ક્યારેય ગયરત ન આવે અને માત્ર નામ કરવા માટે) અમુક નામ પૂરતું જ લડે (આગળ ثَبَاتٌ فِى الْحَرْبُ માં રસૂલે કરીમ ﷺનું આજ્ઞાપાલન અને તેમનું અનુસરણ કરવું ઈમાનનો તકાદો હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે જેથી મુનાફિકોને ગયરત અપાવવામાં આવે કે તમારા ઈમાનના દા'વા છતાં તેના તકાદાથી વિરોધ કેમ કરો છો અને નિખાલસ મો'મિનોને ખુશખબરી મળે કે આ લોકો અલબત્ત ...كَانَ يَرْجُوا اللّٰه ના હકદાર છે, બસ ઈરશાદ

ફરમાવવામાં આવે છે કે) તમારા માટે (એટલે કે એવા વ્યક્તિ માટે) જે અલ્લાહથી અને આખિરતથી ડરતો હોય અને મોટા પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરતો હોય (એટલે કે સંપૂર્ણ મો'મિન હોય તેના માટે) રસૂલુલ્લાહ (ﷺ)નો એક ઉમદા નમૂનો મોજૂદ હતો (કે જ્યારે આપ ﷺ જ સામેલ રહ્યા તો આપ ﷺથી વધારે કોણ પ્રિય છે કે તે આજ્ઞાપાલન ન કરે અને પોતાના પ્રાણ બચાવતા ફરે) અને (આગળ મુનાફિકોના મુકાબલામાં નિખાલસ મો'મિનોનું વર્ણન છે) જ્યારે ઈમાનવાળાઓએ તે લશ્કરોને જોયા તો કહેવા લાગ્યા કે આ તે જ (મોકો) છે જેની અમને અલ્લાહ અને રસૂલ (ﷺ)એ ખબર આપી હતી (એટલા માટે સૂરએ બકરહની આ આયતમાં તેનો ઈશારો સ્પષ્ટતા સાથે મોજૂદ છે, اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا الْجَنَّةَ (اِلٰى قَوْلِهٖ) وَزُلْزِلُوْا કારણ કે સૂરએ બકરહ સૂરએ અહઝાબ કરતાં પહેલી નાઝિલ થઈ છે. -અલ ઈત્કાન) અને અલ્લાહ અને રસૂલ (ﷺ)એ સાચું ફરમાવ્યું હતું અને એનાથી (અહઝાબના જોવાથી કે જે ખુશખબરી હતી) તેમના ઈમાન અને આજ્ઞાપાલનમાં પ્રગતિ થઈ ગઈ (આ ખાસિયત બધા મો'મિનોમાં સમાન છે અને અમુક ખાસિયતો અમુક મો'મિનોમાં વિશિષ્ટ સ્વરૂપે પણ છે જેનું વર્ણન એ છે કે) તે મો'મિનોમાં અમુક લોકો એવા પણ છે કે તેમણે જે વાતનો અલ્લાહથી કરાર કર્યો હતો તેમાં સાચા ઊતર્યા (આ વહેંચણીનો મતલબ એ નથી કે અમુક મુસલમાનોએ કરાર કર્યો અને તે પૂરા ઊતર્યા નહીં, બલકે આ વહેંચણી એ બીના ઉપર છે કે અમુકે કરાર જ કર્યો ન હતો અને કરાર કર્યા વિના જ મક્કમ રહ્યા અને કરાર કરનારના વર્ણનની સ્પષ્ટતા ઉપરોક્ત આયતના મુકાબલામાં છે જે મુનાફિકો વિશે છે وَلَقَدْ كَانُوْا عَاهَدُوا اللّٰهَ.. અને તે કરાર કરનારથી ભાવાર્થ હઝરત અનસ બિન નજર અને તેમના સાથીઓ છે. આ લોકો અનાયાસે ગઝ્વએ બદ્રમાં સામેલ ન થવા પામ્યા હતા તો તેમનો અફસોસ થયો અને વાયદો કર્યો કે હવે પછી કોઈ જિહાદ થયો તો અમારો ચોક્કસ જીવ સટોસટનો પ્રયત્ન જોઈ લેવામાં આવશે, મતલબ એ કે મોઢું ન ફેરવશે ભલે માર્યા જાય) પછી તે (કરાર કરનારાઓ)માં (બે પ્રકાર થઈ ગયા) અમુક તો તેમનામાં તે છે જે પોતાની મન્નત પૂરી કરી ચૂક્યા (ભાવાર્થ એ છે કે તે કરાર મન્નત જેમ પૂરો કરવો વાજિબ છે, મતલબ એ કે શહીદ થઈ ચૂક્યા અને અંતિમ શ્વાસ સુધી પીઠ ન ફેરવી. એટલા માટે અનસ બિન નજર ઉહદમાં શહીદ થઈ ગયા હતા, એ જ પ્રમાણે હઝરત

મુશય્બ રદિ.) અને અમુક તેમનામાં (તેમનો વાયદો વફા કરવાના અંતિમ અસર એટલે કે શહાદતના) શોખીન છે (હજુ શહીદ નથી થયા) અને (હજુ સુધી) તેમણે (તેમાં) જરા પણ ફેરફાર નથી કર્યો (એટલે કે પોતાના ઈરાદા ઉપર કાયમ છે, બસ કોમનો સમૂહ બે પ્રકારનો છે, એક મુનાફિક કે જેમનું ઉપર વર્ણન થઈ ચૂક્યું અને બીજા મો'મિનો. પછી મો'મિનોના બે પ્રકાર છે, એક તે જેમણે કરાર કર્યો હતો અને બીજા જેમણે કરાર ન કર્યો હતો અને છતાં મક્કમ રહેવામાં બંને સમાન છે. અલ્લાહ તઆલાના ફરમાન ...رَاَى الْمُؤْمِنُوْنَ પછી કરાર કરનાર બે પ્રકાર ઉપર છે, શહીદ અને શહાદતની રાહ જોનાર. કુલ ચાર પ્રકારો આ આયતમાં ઉપસ્થિત છે. આગળ આ ગઝ્વહની એક હિકમત વર્ણન કરવામાં આવે છે કે) આ ઘટના એટલા માટે બની કે જેથી અલ્લાહ તઆલા સાચા મુસલમાનોને તેમની સચ્ચાઈનો બદલો આપે અને મુનાફિકોને ઈચ્છે તો સજા આપે અથવા ઈચ્છે તો તેમને (નિફાકથી) તવબહની તવફીક આપે (કારણ કે આવી મુસીબતો અને તકલીફોમાં નિખાલસ અને મક્કમ માણસો પણ હલી જાય છે અને અમુક સંબંધીઓની ટીકા નીંદાથી પણ પ્રભાવિત થઈને મુખ્લિસ બની જાય છે અને અમુક પોતાની મૂળ પરિસ્થિતિ ઉપર જ રહે છે) બેશક ! અલ્લાહ તઆલા મહાન બખ્શનાર મહેરબાન છે (એટલા માટે તવબહનો સ્વીકાર થઈ જવો દૂરની વાત નથી, તેમાં તવબહની પ્રેરણા પણ છે) અને (આટલે સુધી આ મુસલમાનોના વિવિધ પ્રકારોની પરિસ્થિતિ હતી, આગળ કાફિરો અને વિરોધીઓની હાલતનું વર્ણન છે કે) અલ્લાહ તઆલાએ કાફિરોને (એટલે કે મુશ્રિકોને) તેમના ક્રોધમાં ભરેલા (મદીનાથી) હટાવી દીધા કે તેમની કંઈ પણ ઈચ્છા પૂરી ન થાય (અને તેઓ ક્રોધે ભરાયેલા હતા) અને યુદ્ધમાં અલ્લાહ તઆલા મુસલમાનો માટે પોતે જ પૂરતો થઈ ગયો (એટલે કે કાફિરોની સાથે યુદ્ધ અથવા ઝડપની નોબત જ ન આવી કે તેઓ તે પહેલાં જ દૂર થઈ ગયા અને ખૂબ નાની છૂટી છવાઈ લડાઈનો તેનાથી નકાર થતો નથી) અને (આ પ્રમાણે કાફિરોને હટાવી દેવું કંઈ આશ્ચર્યજનક ન સમજો કારણ કે) અલ્લાહ તઆલા મહાબળવાન જબરદસ્ત છે (તેના માટે કંઈ મુશ્કેલ નથી, આ તો મુશ્રિકોની હાલત થઈ) અને (વિરોધીઓમાં બીજું જૂથ યહૂદી બનુ કુરયઝાનું હતું. આગળ તેમનું વર્ણન છે) જે અહલે કિતાબે તેઓની (એટલે કે મુશ્રિકોની) મદદ કરી હતી તેમને (અલ્લાહ તઆલાએ)

તેમના કિલ્લાઓમાંથી (જેમાં તેઓ બંધ થઈને બેસી ગયા હતા) નીચે ઊતારી દીધા અને તેમના દિલોમાં તમારી ધાક બેસાડી દીધી (જેનાથી તેઓ ઊતરી આવ્યા, પછી) અમુકને તમે કતલ કરવા લાગ્યા અને અમુકને કેદ કરી લીધા અને તેમની જમીન અને તેમના ઘરો અને તેમના માલના તમને માલિક બનાવી દીધા અને એવી જમીનના પણ (તમને માલિક બનાવી રાખ્યા છે કે) જેના ઉપર તમે (હજુ સુધી) કદમ (સુદ્ધાં) નથી મૂક્યો (તેમાં ભવિષ્યના વિજયોની ખુશખબરી છે, ખાસ કરીને આ ખયબરના વિજયની ખુશખબરી હોવી કોઈ અસંભવ વાત નથી) અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. (એટલા માટે આ બાબતો તેના માટે કંઈ અઘરી નથી).

મસ્અલા અને બોધપાઠ :

અગાઉ આવી ચૂકેલી આયતોમાં રસૂલે કરીમ ﷺની મહાન શા'ન અને મુસલમાનોને તેમનું સંપૂર્ણ અનુસરણ અને આજ્ઞાપાલન કરવાનું માર્ગદર્શન હતું. આ જ સંદર્ભમાં કુર્આનના આ સમગ્ર બે રુકૂઅ્ ગઝ્વએ અહઝાબ વિશે નાઝિલ થયા છે જેમાં કાફિરો અને મુશ્રિકોના ઘણા બધા સમૂહોનો મુસલમાનો ઉપર એક સામટો હુમલો અને સખત ઘેરા પછી મુસલમાનો ઉપર અલ્લાહ તઆલાના ઈનામો અને રસૂલે કરીમ ﷺના વિવિધ મોઅ્જિઝાઓનું વર્ણન છે અને તેના સંદર્ભમાં જિંદગીના વિવિધ ક્ષેત્રો વિશે ઘણા બધા માર્ગદર્શનો અને હુકમો છે, આ જ કિંમતી માર્ગદર્શનના કારણે વિવરણકાર વિદ્વાનોએ આ સ્થળે અહઝાબની ઘટનાને ખાસ વિગતપૂર્વક લખ્યો છે ખાસ કરીને કુર્તુબી અને મઝહરી વગેરેએ; એટલા માટે અહઝાબની ઘટનાની અમુક વિગત તે સૂચનાઓ સાથે લખવામાં આવી છે જેનો ઘણો ભાગ કુર્તુબી અને મઝહરીમાંથી લેવામાં આવ્યો છે અને જે કોઈ બીજી કિતાબમાંથી લીધું છે તેનો હવાલો લખી દેવામાં આવ્યો છે.

ગઝ્વએ અહઝાબની ઘટના :

اَحْزَاب (અહઝાબ) એ حِزْب (હિઝ્બ)નું બહુવચન છે જેનો અર્થ પાર્ટી અથવા સમૂહ થાય છે, આ ગઝ્વહ (પવિત્ર યુદ્ધ)માં કાફિરોના વિવિધ વર્ગો એકઠા થઈને મુસલમાનોનો નાશ કરવાનો કરાર કરીને મદીના ઉપર ચઢી આવ્યા હતા એટલા માટે આ ગઝ્વહનું નામ ગઝ્વએ અહઝાબ રાખવામાં આવ્યું છે,

કારણ કે ગઝ્વહમાં દુશ્મનોના આવવાના માર્ગ ઉપર નબીએ કરીમ ﷺના હુકમથી ખાઈ (ખંડક) ખોદવામાં આવી હતી એટલા માટે તેને "ગઝ્વએ ખંડક" પણ કહે છે. ગઝ્વએ બનુ કુરયઝા પણ જે ગઝ્વએ અહઝાબ પછી તરત થયો અને પ્રસ્તુત આયતોમાં તેનું પણ વર્ણન છે તે પણ વાસ્તવમાં ગઝ્વએ અહઝાબનો જ એક ભાગ હતો જેમકે ઘટનાની વિગતથી જાણ થશે.

રસૂલે કરીમ ﷺ જે વર્ષે મક્કા મુકર્રમહથી હિજરત કરીને મદીના મુનવ્વરહમાં આવ્યા હતા તેના બીજા જ વર્ષે ગઝ્વએ બદ્રની ઘટના બની, ત્રીજા વર્ષે ગઝ્વએ ઉહદનો સામનો થયો, ચોથા વર્ષે આ ગઝ્વએ અહઝાબ થયો છે અને અમુક રિવાયતોમાં તેને પાંચમાં વર્ષની ઘટના ઠરાવવામાં આવી છે, અલબત્ત હિજરતની શરૂઆતથી આ સમય સુધી કાફિરોના આક્રમણો મુસલમાનો ઉપર સતત ચાલુ હતા. ગઝ્વએ અહઝાબનું આક્રમણ ભરપૂર શક્તિ અને તાકાત સાથે પાકા નિર્ધાર અને કરારો તથા વચનો લઈને કરવામાં આવ્યું હતું, એટલા માટે રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) ઉપર આ ગઝ્વહ અન્ય બીજા બધા ગઝ્વહ કરતાં વધારે સખત હતો કારણ કે તેમાં આક્રમણકારીઓની વિવિધ પાર્ટીઓ મળીને કાફિરોની સંખ્યા બાર હજારથી પંદર હજાર સુધીની બતાવવામાં આવી છે અને આ તરફ મુસલમાનો કુલ ત્રણ હજાર અને તે પણ સરસામાન કે યુદ્ધ સામગ્રી વિના અને સખત ઠંડીન મોસમમાં હતા. કુર્આને કરીમે આ ઘટનાની કઠોરતા ઘણી ભયાનક સ્વરૂપે આ વર્ણન કરી છે زَاغَتِ الْاَبْصَارُ એટલે કે, આંખો ફાટેલી રહી ગઈ અને بَلَغَتِ الْقُلُوْبُ الْحَنَاجِرَ કાળજા મોઢે આવવા લાગ્યા અને وَزُلْزِلُوْا زِلْزَالًا شَدِيْدًا સખત રીતે હચમચાવી નાંખવામાં આવ્યા.

પરંતુ જેમકે આ સમય મુસલમાનો ઉપર સૌથી વધારે કઠોર હતો તે જ રીતે અલ્લાહ તઆલાની મદદ અને સહાયતાથી તેનું પરિણામ મુસલમાનોના પક્ષે એવા મહાન વિજય અને સફળતા સ્વરૂપે સામે આવ્યું કે તેણે બધા જ વિરોધી જૂથો, મુશ્રિકો, યહૂદીઓ અને મુનાફિકોની કમર તોડી નાંખી અને આગળ તેમને એ યોગ્ય ન છોડ્યા કે તેઓ મુસલમાનો ઉપર કોઈ હુમલાનો ઈરાદો સુદ્ધાં કરી શકે, આ આધારે આ ગઝ્વહ કુફ્ર અને ઈસ્લામની અંતિમ લડાઈ હતી જે મદીના મુનવ્વરહની ભૂમિ ઉપર હિજરતના ચોથા અથવા પાંચમાં વર્ષે લડવામાં આવી.

આ ઘટનાની શરૂઆત અહીંયાંથી થાય છે કે યહૂદીઓના કબીલા

બનુનઝીર અને કબીલએ અબૂ વાઈલના લગભગ વીસ માણસો જેઓ રસૂલે કરીમ ﷺ અને મુસલમાનો સાથે સખત દુશ્મનાવટ રાખતા હતા, મક્કા મુકર્રમહ પહોંચ્યા અને કુરૈશી સરદારો સાથે મુલાકાત કરીને તેમને મુસલમાનો સાથે યુદ્ધ કરવા માટે રાજી કર્યા. કુરૈશી સરદાર સમજતા હતા કે જે રીતે મુસલમાન અમારી મૂર્તિપૂજાને કુફ્ર કહે છે અને એટલા માટે અમારા ધર્મને ખરાબ સમજે છે યહૂદીઓની પણ એવી જ માન્યતા છે તો તેમનાથી સંબંધ અને સંગઠનની કેવી રીતે આશા રાખવામાં આવે ? એટલા માટે તે લોકોએ યહૂદીઓને પ્રશ્ન કર્યો કે તમે લોકો જાણો છો કે અમારા અને મુહમ્મદ ﷺ સાથે દીન અને ધર્મનો મતભેદ છે અને તમે લોકો અહલે કિતાબ અને જ્ઞાની છો, પહેલાં અમને એ વાત બતાવો કે તમારા મતે અમારો દીન (ધર્મ) ઉત્તમ છે અથવા તેમનો ?

રાજકરણના અખાડામાં જૂઠ કોઈ નવી બાબત નથી :

આ યહૂદીઓએ પોતાના જ્ઞાન અને અંતરાત્માથી બિલકુલ વિરુદ્ધ જઈને તેમને એ જવાબ આપ્યો કે તમારો ધર્મ મુહમ્મદ (ﷺ)ના ધર્મથી ઉત્તમ છે. તેનાથી આ લોકો કંઈક અંશે સંતોષિત થઈ ગયા પરંતુ તેના ઉપર મા'મલો એ ઠરાવવામાં આવ્યો કે વીસ વ્યક્તિઓ આ આવનારામાંથી અને પચાસ વ્યક્તિ કુરૈશના સરદારો મસ્જિદે હરામમાં જઈને બયતુલ્લાહની દિવાલોને છાતી સાથે લગાવીને અલ્લાહની સામે એ કરાર કરે કે અમારામાંથી જ્યાં સુધી એક વ્યક્તિ પણ જીવતો રહેશે અમે મુહમ્મદ (ﷺ) વિરુદ્ધ યુદ્ધ કરતા રહીશું.

અલ્લાહ તઆલાની કૃપા અને દયાની એક આશ્ચર્યજનક ઘટના :

અલ્લાહ તઆલાના ઘરમાં અલ્લાહના ઘરને આલિંગન કરીને અલ્લાહના દુશ્મનો તેના રસૂલ ﷺ વિરુદ્ધ યુદ્ધ કરવાનો કરાર કરી રહ્યા છે અને સંતોષિત થઈને યુદ્ધનો નવો ઉત્સાહ લઈને પાછા ફરે છે પરંતુ અલ્લાહ તઆલાની દયા અને કૃપાનું એ આશ્ચર્યજનક પરિણામ છે કે પછી તેમના આ કરારનો અંજામ પણ ઘટનાને અંતે જાણ થયો કે બધા જ આ યુદ્ધથી પીઠ ફેરવીને નાઠા.

આ યહૂદીઓ મક્કાના કુરૈશની સાથે કરાર કર્યા પછી અરબના એક મોટા અને યુદ્ધખોર કબીલા ગુત્ફાનની પાસે પહોંચ્યા અને તેમને બતાવ્યું કે અમે અને મક્કાના કુરૈશ એ બાબતે સહમત થઈ ચૂક્યા છે કે આ નવા ધર્મ (ઈસ્લામ)ને

ફેલાવનારાઓનો એકી સાથે બધા મળીને નાશ કરી નાંખે, તમે પણ આ બાબતે અમારી સાથે કરાર કરો અને તેમને એ લાલચ પણ રજુ કરી કે ખયબરમાં જેટલા પ્રમાણમાં એક વર્ષમાં ખજૂરો પેદા થશે તે અને અમુક રિવાયતોમાં તેનો અડધો ભાગ કબીલએ ગુત્ફાનને આપવાનો વાયદો કરવામાં આવ્યો, કબીલએ ગુત્ફાનના સરદાર ઉયયૂનહ બિન હસને આ શરતની સાથે તેમની સાથે સામેલ થવાને મંજૂર કરી લીધું અને આ લોકો પણ યુદ્ધમાં સામેલ થઈ ગયા.

અને પરસ્પર કરાર અને વચન પ્રમાણે મક્કાથી કુરૈશીઓનું લશ્કર ચાર હજાર નવયુવાન અને ત્રણસો ઘોડા, એક હજાર ઊંટોના સામાન સાથે અબૂ સુફિયાનની આગેવાનીમાં મક્કા મુકર્રમહથી નીકળ્યું અને મર્ર અઝ્ઝહરાનમાં થોભ્યું. અહીંયાં કબીલએ અસ્લમ, કબીલએ અશ્જઅ્, કબીલએ બનુ મુર્રહ, બનુ કિનાનહ, હજારહ અને ગિત્ફાન તેમની સાથે સામેલ થઈ ગયા, તેમની કુલ સંખ્યા અમુક રિવાયતોમાં દશ હજાર અને અમુકમાં બાર હજાર અને અમુકમાં પંદર હજાર બતાવવામાં આવી છે.

મદીના મુનવ્વરહ ઉપર સૌથી મોટું આક્રમણ :

ગઝ્વએ બદ્રમાં મુસલમાનોના મુકાબલામાં આવનાર લશ્કર એક હજારનું હતું પછી ગઝ્વએ ઉહદમાં હુમલો કરનાર લશ્કર ત્રણ હજારનું હતું, આ વખતે લશ્કરની સંખ્યા પણ દરેક આગલી સંખ્યા કરતાં વધારે હતી અને સરસામાન પણ આ બધા જ અરબના કબીલાઓ અને યહૂદીઓની સામૂહિક શક્તિ હતી.

મુસલમાનોની યુદ્ધની તૈયારીઓ અને અલ્લાહ ઉપર ભરોસો, પરસ્પર સલાહ મશ્વરો અને શક્તિ પ્રમાણે ભૌતિક સરસામાન ઉપલબ્ધ કરાવવો :

રસૂલે કરીમ ﷺને આ સંગઠિત લશ્કરની કૂચની ખબર મળી તો સૌ પ્રથમ જે વાક્ય જીભ મુબારક ઉપર આવ્યું તે આ હતું. حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ એટલે કે અમારા માટે અલ્લાહ પૂરતો છે, તે જ અમારો શ્રેષ્ઠ કાર્યસાધક છે. ત્યારબાદ મુહાજિરો અને અન્સારોના કોઠાસૂઝ ધરાવનાર બુદ્ધિશાળી લોકોને ભેગા કરીને તેમની પાસેથી સલાહ મશ્વરો લીધો, જો કે સાહિબે વહીને વાસ્તવમાં સલાહ મશ્વરાની કોઈ આવશ્યકતા નથી હોતી, તેઓ સીધે સીધા અલ્લાહ

તઆલાની મરજી અને પરવાનગીથી કામ કરે છે પરંતુ મશ્વરામાં બે લાભ હતા, એક તો ઉમ્મત માટે સલાહ મશ્વરાની સુન્નતનો રિવાજ ચાલુ કરવાનો હતો, બીજું મો'મિનોના દિલોમાં પરસ્પર એકતા અને સંગઠનનું નવીનીકરણ તથા મદદ અને સહાયતાની ભાવના જાગૃત કરવાની હતી, ત્યારબાદ સંરક્ષણ અને યુદ્ધના ભૌતિક સ્ત્રોતો ઉપર વિચાર કરવામાં આવ્યો. મશવરાની મજલિસમાં હઝરત સલમાન ફારસી (રદિ.) પણ સામેલ હતા, તેઓ હમણા હાલમાં જ યહૂદીની કૃત્રિમ ગુલામીમાંથી મુક્ત થઈને ઈસ્લામની સેવા માટે તૈયાર થઈ ચૂક્યા હતા, તેમણે સલાહ આપી કે અમારા ફારસના બાદશાહ આવી પરિસ્થિતિમાં દુશ્મનોનું આક્રમણ રોકવા માટે ખંડક ખોદીને તેમનો માર્ગ રોકી લે છે, રસૂલે કરીમ ﷺએ આ સલાહ સ્વીકારીને ખંડક ખોદવાનો હુકમ આપી દીધો અને પોતે જાતે પણ આ કાર્યમાં સામેલ થયા.

ખંડક (ખાઈ)નું ખોદકામ :

આ ખંડક સલઅ્ પહાડની પાછળ તેના સંપૂર્ણ માર્ગની લંબાઈ ઉપર ખોદવાનું નક્કી થયું, જ્યાંથી મદીનાની ઉત્તર દિશાએથી દુશ્મનો આવી શકતા હતા. આ ખંડકની લંબાઈ અને પહોળાઈનું માપ પોતે રસૂલે કરીમ ﷺએ દોર્યું અને આ ખંડક شَيْخَيْن (શૈખૈન)થી શરૂ થઈને સલઅ્ પહાડના પશ્ચિમ કિનારા સુધી આવી અને પાછળથી તેને વધારીને બુત્હાન અને રાતુનાની ખીણ સુધી પહોંચાડી દેવામાં આવી. આ ખંડકની કુલ લંબાઈ લગભગ સાડા ત્રણ માઈલ હતી, પહોળાઈ અને ઊંડાઈનું માપ કોઈ રિવાયતથી ખબર નથી પરંતુ આ દેખીતું છે કે પહોળાઈ અને ઊંડાઈ પણ ખાસ્સી હશે જેને ઓળંગવું દુશ્મનો માટે સરળ ન હોય.

હઝરત સલમાન ફારસી (રદિ.)ની ખંડક ખોદવાની ઘટનામાં એ આવ્યું છે કે તેઓ દરરોજ પાંચ ગજ લાંબી અને પાંચ ગજ ઊંડી ખંડક ખોદતા હતા. (મઝહરી) પણ તેનાથી ખંડકની ઊંડાઈ પાંચ ગજ કહી શકાય છે.

ઇસ્લામી લશ્કરની સંખ્યા :

તે સમયે મુસલમાનોની સંખ્યા કુલ ત્રણ હજાર હતી અને કુલ છત્રીસ ઘોડા હતા.

બાલિગ હોવાની ઊંમર પંદર વર્ષ ઠરાવવામાં આવી :

ઈસ્લામી લશ્કરમાં અમુક અપુખ્ત (નાબાલિગ) બાળકો પણ હતા જેઓ ઈમાનના જુસ્સાના કારણે નીકળી પડ્યા હતા, રસૂલે કરીમ ﷺએ તે બાળકોને પાછા મોકલી દીધા જેઓ પંદર વર્ષથી ઓછી ઉંમરવાળા હતા, પંદર વર્ષના નવયુવાનોને લેવામાં આવ્યા જેમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત ઝૈદ બિન સાદિક, અબૂ સઈદ ખુદરી, બરાઅ્ બિન આઝિબ (રદિ.) સામેલ છે, જે સમયે આ ઈસ્લામી લશ્કર મુકાબલા માટે રવાના થવા લાગ્યું ત્યારે જે મુનાફિકો મુસલમાનોમાં ઓળઘોળ રહેતા હતા તેમણે છટકવાનું શરૂ કર્યું, અમુક સંતાઈને નીકળી ગયા, અમુક લોકોએ જૂઠા બહાનાઓ રજુ કરીને રસૂલે કરીમ ﷺ પાસે પાછા જવાની પરવાનગી લેવા ઈચ્છ્યું, આ આપમેળે જ એક નવી આફત ફૂટી નીકળી, પ્રસ્તુત આયતોમાં આ જ મુનાફિકો વિશે અમુક આયતો નાઝિલ થઈ છે.

(કુર્તુબી)

કબીલાઈ અને વંશ આધારિત વ્યવસ્થાની સામાજિક વિશેષતા ઇસ્લામી એકતા અને ઇસ્લામી કોમિયતના વિરુદ્ધ નથી :

રસૂલે કરીમ ﷺએ આ જિહાદ માટે મુહાજિરોનો ઝંડો હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.)ને સોંપીને ફરમાવ્યું, તે વખતે મુહાજિરો અને અન્સારો દરમિયાન "મુવાખાત" (ભાઈચારા)ના સંબંધો ખૂબ મજબૂત અને નક્કર પાયાઓ ઉપર સ્થાપિત હતા અને બધા ભાઈ ભાઈ હતા, પરંતુ વ્યવસ્થાકીય સરળતા માટે મુહાજિરોનું નેતૃત્વ અલગ અને અન્સારોનું અલગ કરવામાં આવ્યું હતું, એનાથી જાણ થાય છે કે ઈસ્લામી કોમિયત અને ઈસ્લામી એકતા વ્યવસ્થાકીય અને સામાજિક વહેંચણીના વિરુદ્ધ નથી બલકે દરેક વર્ગ ઉપર જવાબદારીનો ભાર નાંખવાથી પરસ્પર ભરોસો, સહકાર તથા મદદની ભાવના મજબૂત થતી હતી અને આ યુદ્ધનું સૌથી પહેલું કામ એટલે કે ખંડક ખોદવામાં આ સહકાર અને મદદનો એ પ્રમાણે સાક્ષાત્કાર થયો કે...

ખંડક ખોદવાની વહેંચણી સમગ્ર લશ્કર ઉપર કરવામાં આવી :

રસૂલે કરીમ ﷺએ સમગ્ર લશ્કરને મુહાજિરો અને અન્સારને દશ દશ વ્યક્તિઓના ગૃપોમાં વહેંચીને દરેક દશ વ્યક્તિઓને ચાલીસ ગજ ખંડક

ખોદવાની જવાબદારી સોંપી, હઝરત સલમાન ફારસી (રદિ.) કારણ કે ખંડક ખોદવાના મશ્વરો આપનાર અને તે કામના નિષ્ણાત અને મજબૂત વ્યક્તિ હતા અને ન તો અન્સારમાં સામેલ હતા અને ન જ મુહાજિરોમાં; તેમના વિશે અન્સાર અને મુહાજિરોમાં હરીફાઈનું વાતાવરણ ઊભું થઈ ગયું, અન્સારો તેમને પોતાનામાં સામેલ કરવા ઈચ્છતા હતા અને મુહાજિરો પોતાનામાં, એટલે સુધી કે રસૂલુલ્લાહ ﷺને વિવાદ નિર્મૂળ કરવા માટે દખલગીરી કરવી પડી અને રસૂલ ﷺએ ફેંસલો આપ્યો કે سَلْمَانُ مِنَّا اَهْلُ الْبَيْتِ સલમાન અમારા અહલે બયૂત (ઘરવાળાઓ)માં સામેલ છે.

કામ કરવાની ક્ષમતામાં દેશી, વિદેશી, સ્થાનિક અને બહારના વ્યક્તિની વિશેષતાઓ :

આજે તો દુનિયામાં વિદેશી નાગરિકો અને બહારના વ્યક્તિઓને પોતાના સમકક્ષ દરજ્જો આપવાનું લોકો પસંદ નથી કરતા, ત્યાં દરેક વર્ગ કાર્યક્ષમતા ધરાવનાર કાબેલ વ્યક્તિને પોતાની સાથે સામેલ કરવામાં ગર્વ અનુભવતા હતા. એટલા માટે રસૂલે કરીમ ﷺએ તેમને અહ્‌લે બયૂતમાં પોતે સામેલ કરીને વિવાદને ખતમ કર્યો અને પ્રેક્ટિકલી અમુક અન્સાર અને અમુક મુહાજિરો સામેલ કરીને તેમના દશ જૂથો બનાવ્યા જેમાં હઝરત અમ્ર બિન ઔફ (રદિ.) અને હઝરત હુઝયફા (રદિ.) વગેરે મુહાજિરોમાંથી હતા.

એક મહાન મોઅ્જિઝો :

સંજોગવસાત્ ખંડકનો જે ભાગ હઝરત સલમાન ફારસી (રદિ.) વગેરેને સોંપ્યો હતો તેમાં એક સખત અને ચીકણા પથ્થરની મોટી શીલા નીકળી આવી. હઝરત સલમાન (રદિ.)ના સાથી હઝરત અમ્ર બિન ઔફ (રદિ.) ફરમાવે છે કે આ શીલાએ અમારા ઓજારો તોડી નાંખ્યા અને અમે તેને તોડવાથી લાચાર થઈ ગયા તો મેં હઝરત સલમાન (રદિ.)ને કહ્યું કે જો કે એવું થઈ શકે છે કે આપણે આ જગ્યાએથી થોડું હટીને ખંડક ખોદીએ અને થોડાક વળાંક સાથે મૂળ ખંડક સાથે મેળવી આપીએ પરંતુ રસૂલે કરીમ ﷺના ખેંચેલા નકશાથી આપણે પોતાના અભિપ્રાયથી ન હટવું જોઈએ, જેથી તમે રસૂલે કરીમ ﷺને મળીને તેમનાથી હુકમ પ્રાપ્ત કરો કે આપણે શું કરવું જોઈએ.

કુદરતની તાકીદ :

આ સાડા ત્રણ માઈલ લાંબા મેદાનમાં ખંડક ખોદનારાઓમાંથી કોઈને અવરોધ ન આવ્યો કે જે લાચાર કરી દે, અવરોધ આવ્યો તો હઝરત સલમાન ફારસી (રદિ.)ને આવ્યો જેમણે ખંડક ખોદવાની સલાહ આપી હતી જેનો સ્વીકાર કરીને આ સિલસિલો ચાલુ થયો હતો અલ્લાહ તઆલાએ તેમને બતાવ્યું કે ખંડક ખોદવા અને બનાવવામાં પણ અલ્લાહ તઆલાના શરણે જવા સિવાય કોઈ ચારો નથી, ઓજારો અને હથિયારો બધા જ જવાબ આપી ચૂક્યા જેમાં તે લોકોને તા'લીમ હતી કે ભૌતિક સરસામાન શક્તિ પ્રમાણે એકઠો કરવો ફરજ છે પરંતુ તેના ઉપર ભરોસો કરવો યોગ્ય નથી, મો'મિનનો સમગ્ર ભરોસો બધો જ ભૌતિક સરસામાન એકઠો કરી લીધા પછી પણ અલ્લાહ તઆલા ઉપર જ હોવો જોઈએ.

હઝરત સલમાન (રદિ.) રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને ઘટના બતાવી, રસૂલે કરીમ ﷺ પોતે પણ પોતાના ભાગની ખંડકમાં કામ કરી રહ્યા હતા, ખંડકની માટીને તે જગ્યાએથી કાઢવામાં પ્રવૃત્ત હતા, હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.) ફરમાવે છે કે મેં રસૂલે કરીમ ﷺને જોયા કે તેમના શરીરને ધૂળે એવા ઢાંકી લીધા હતા કે પેટ અને પીઠની ચામડી દેખાતી ન હતી. તેમણે કોઈ મશ્વરો અથવા સલાહ આપવાના બદલે પોતે તેમની સાથે સ્થળ ઉપર ગયા અને દશ સહાબા (રદિ.)ને હઝરત સલમાન (રદિ.)ની સાથે કે જે તે ખોદવામાં પ્રવૃત્ત હતા ખંડકની અંદર ઊતરીને રસૂલે કરીમ ﷺ પણ તેમાં સામેલ થઈ ગયા અને કોદાળો પોતાના હાથમાં લઈને તે શીલા ઉપર માર્યો અને આ આયત પઢી, تَمَّتْ كَلِمَةُ رَبِّكَ صِدْقًا (એટલે કે તમારા પરવરદિગારની સચ્ચાઈ સાથે નેઅ્મત પૂર્ણ થઈ ગઈ.) એક જ વારમાં શીલાનો ત્રીજો ભાગ તૂટી ગયો અને તેની સાથે જ એક પ્રકાશ પથ્થરની શીલામાંથી બહાર આવ્યો, ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ બીજો વાર કર્યો અને પ્રસ્તુત આયતને આખર સુધી પઢી, تَمَّتْ كَلِمَةُ رَبِّكَ صِدْقًا وَّعَدْلًا આ બીજા વારથી ત્રીજો ભાગ ઔર તૂટી ગયો અને એ જ પ્રમાણે પથ્થરમાંથી પ્રકાશ નીકળ્યો, ત્રીજી વખતે ફરી તે જ આયત પૂરી પઢીને ત્રીજો વાર કર્યો તો બાકી શીલા પણ કપાઈને તૂટી ગઈ અને રસૂલે કરીમ ﷺ ખંડકની બહાર નીકળી આવ્યા અને પોતાની ચાદર જે ખંડકના કિનારા ઉપર મૂકી દીધી હતી ઉઠાવી લીધી અને એક બાજુએ બેસી ગયા, તે સમયે હઝરત સલમાન

ફારસી (રદિ.)એ વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! તમે જેટલી વખત તે પથ્થર ઉપર વાર કર્યો, મેં દરેક વખતે તે પથ્થરમાંથી એક પ્રકાશ નીકળતો જોયો. રસૂલે કરીમ ﷺએ હઝરત સલમાન ફારસી (રદિ.)ને કહ્યું કે શું ખરેખર તમે આ પ્રકાશ જોયો છે ? તેમણે વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! મારી આંખોએ તેનો સાક્ષાત્કાર કર્યો છે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે પ્રથમ વારમાં જે પ્રકાશ નીકળ્યો, મેં તે પ્રકાશમાં યમન અને કિસ્રાના શહેરોના મહેલો જોયા તથા જિબ્રઈલ (અલૈ.)એ મને બતાવ્યું કે તમારી ઉમ્મત તે શહેરો ઉપર વિજય પ્રાપ્ત કરશે અને જ્યારે મેં બીજો વાર કર્યો તો મને રૉમનોના લાલ મહેલો બતાવવામાં આવ્યા અને જિબ્રઈલ અમીન (અલૈ.)એ એ ખુશખબરી આપી કે તમારી ઉમ્મત તે શહેરો ઉપર પણ વિજય પ્રાપ્ત કરશે. આ સાંભળીને બધા મુસલમાનો સંતોષિત થયા અને તેમને ભવિષ્યના મહાન વિજયો ઉપર યકીન થઈ ગયું.

મુનાફિકોનો કટાક્ષ કરવો અને મુસલમાનોની અતૂટ ઈમાની શ્રદ્ધા :

આ વખતે જે મુનાફિકો ખંડકના ખોદકામમાં સામેલ હતા તેઓ કહેવા લાગ્યા કે તમને મુહમ્મદ (ﷺ)ની વાત ઉપર આશ્ચર્ય કે નવાઈ નથી લાગતી ? તેઓ તમને કેવા ખોટા અને પાયાવિહોણા વાયદાઓ સંભળાવી રહ્યા છે કે યશરબમાં ખંડકની ઊંડાઈમાં તેમને હીરહ અને કિસ્રાના શહેરોના મહેલો નજરે પડી રહ્યા છે ?! અને એ કે તમે લોકો તેમને ફતેહ કરશો. જરા પોતાની હાલત તો જુઓ કે તમારા પોતાના તન બદનના તો હોશ કે ઠેકાણા નથી, પેશાબ પાખાનાની જરૂરત પૂરી કરવાની મહોલત નથી, તમે છો જે કિસ્રા વગેરેના પ્રદેશોનો વિજય પ્રાપ્ત કરશો ?! આ જ ઘટના ઉપર પ્રસ્તુત આયતો નાઝિલ થઈ. اِذْ يَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ مَّا وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗۤ اِلَّا غُرُوْرًا આ આયતમાં اَلَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ માં પણ તે જ મુનાફિકોની હાલત વર્ણન કરવામાં આવી છે જેમના દિલોમાં નિફાક (દોગલાપણા)ની બીમારી ગુપ્ત હતી.

વિચાર કરો કે તે સમયે મુસલમાનોના ઈમાન અને રસૂલે કરીમ ﷺની ખબર ઉપર સંપૂર્ણ શ્રદ્ધાની કેવી કઠોર પરીક્ષા હતી કે દરેક બાજુએથી કાફિરોના ઘેરા અને ભયમાં છે, ખંડક ખોદવા માટે મજૂર અને સેવકો પણ નથી પોતે જ આ

મહેનત એવી હાલતમાં વેઠી રહ્યા છે કે સખત ઠંડીએ બધાને હેરાન પરેશાન કરી રાખ્યા છે, દરેક બાજુએથી ભય જ ભય છે, જાહેર સરસામાન વડે પોતાના બચાવ અને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઉપર વિશ્વાસ કરવો પણ સરળ નથી, દુનિયાની મહાન રાજ્યસત્તાઓ રૉમ અને કિસ્રાના વિજયની ખુશખબરી ઉપર કેવી રીતે યકીન થાય ? પરંતુ ઈમાનની કિંમત બધા અમલોમાં વધારે એ જ આધારે છે કે સામાન અને પરિસ્થિતિઓ બિલકુલ વિરુદ્ધ હોવાના સમયે પણ તેમને રસૂલે કરીમ ﷺના ફરમાનમાં કોઈ શંકા કે સંદેહ પેદા ન થાય.

પ્રસ્તુત ઘટનામાં ઉમ્મત માટે ખાસ માર્ગદર્શન છે કે મોટાઓએ નાનાઓની દરેક તકલીફ અને મુસીબતમાં સામેલ થવું જોઈએ :

એ કોને ખબર નથી કે સહાબએ કિરામ (રદિ.) રસૂલે કરીમ ﷺના એવા પ્રાણ ન્યોછાવર કરનાર સેવકો હતા જેઓ કોઈ હાલતમાં પણ એવું ઈચ્છતા ન હતા કે રસૂલે કરીમ ﷺ.... પોતે પણ આ મજૂરીની સખત મહેનતમાં સામેલ થાય પરંતુ રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને પ્રોત્સાહન આપવા અને ઉમ્મતની તા'લીમ માટે આ મહેનત અને મજૂરીમાં સમાન ભાગ લીધો, સહાબએ કિરામ (રદિ.)ની પ્રાણ ન્યોછાવર કરવાની વૃત્તિ રસૂલે કરીમ ﷺની વિશિષ્ટ ખાસિયતો તથા નુબુવ્વત અને રિસાલતના આધાર ઉપર તો હતી જ પરંતુ જાહેર ભૌતિક સામાનમાં એક મોટું કારણ એ પણ હતું કે દરેક મહેનત, તકલીફો અને તંગીમાં રસૂલે કરીમ ﷺ બધા સામાન્ય લોકોની જેમ જ તેમનામાં સામેલ થતાં હતા, શાસક અને સેવક, રાજા અને રય્યત તથા સત્તાધિકારીઓ તથા જાહેર જનતાના તફાવતની કોઈ કલ્પના ત્યાં પેદા થતી ન હતી અને જ્યારથી ઈસ્લામના શાસકોએ આ સુન્નતને છોડી દીધી ત્યારથી જ આ ભેદભાવ ફૂટી પડ્યા છે અને પ્રકાર પ્રકારના ફિત્નાઓ પોતાના પાલવમાં લાવ્યા છે.

મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરવાનો નુસ્ખો (કળા) :

પ્રસ્તુત ઘટનામાં તોડી ન શકાય એવી પથ્થરની શીલા ઉપર વાર કરવા સાથે કુર્આનની આયત تَمَّتْ كَلِمَةُ رَبِّكَ صِدْقًا وَّعَدْلًا ۚ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ..... તિલાવત કરી. તેનાથી જાણ થઈ કે કોઈપણ મુશ્કેલીનો હલ કરવા માટે આ આયતની તિલાવત એક અક્સીર નુસ્ખો છે.

સહાબએ કિરામ (રદિ.)ની પ્રાણ ન્યોછાવર કરવાની વૃત્તિ તથા તેમનો સહકાર અને મદદની ભાવના :

ઉપરોક્ત જાણ થઈ ચૂકી છે કે ખંડક ખોદવા માટે દરેક દશ ગજ ઉપર દશ વ્યક્તિઓ નક્કી કરવામાં આવ્યા હતા પરંતુ દેખીતું છે કે અમુક લોકો મજબૂત અને ઉતાવળે કામ કરી લેનારા હોય છે, સહાબએ કિરામ (રદિ.)માંથી જે વ્યક્તિઓનું પોતાના ભાગનું ખોદકામ પૂર્ણ થઈ જતું તો તેઓ એવું સમજીને ખાલી બેસતા ન હતા કે અમારી ફરજ પૂરી થઈ ગઈ બલકે જે બીજા સહાબા (રદિ.)નો ભાગ હજુ પૂર્ણ થયો ન હતો તેમને મદદ કરતા હતા. *(કુર્તુબી, મઝહરી)*

સાડા ત્રણ માઈલ ખંડક છ દિવસમાં પૂર્ણ થઈ :

સહાબએ કિરામ (રદિ.)ની મહેનત, સંઘર્ષ તથા પ્રયત્નોનું પરિણામ છ દિવસમાં સામે આવી ગયું કે આટલી લાંબી અને પહોળી તથા ઊંડી ખંડક છ દિવસમાં પૂર્ણ થઈ ગઈ. *(મઝહરી)*

હઝરત જાબિર (રદિ.)ની દા'વતમાં એક ખુલ્લો મોઅ્જિઝો :

આ જ ખંડકની ખોદાઈ દરમિયાન તે મશ્હૂર ઘટના બની કે એક દિવસે હઝરત જાબિર (રદિ.)એ રસૂલે કરીમ ﷺને જોઈને એવું અનુભવ્યું કે ભૂખના કારણે રસૂલે કરીમ ﷺ પ્રભાવિત થઈ રહ્યા છે, તેમણે પોતાની પત્નીને જઈને કહ્યું કે તમારી પાસે કંઈ હોય તો પકાવી લાવો, રસૂલે કરીમ ﷺ ઉપર ભૂખની અસર મારાથી જોવાતી નથી. તેમની પત્નીએ કહ્યું કે આપણા ઘરમાં એક સાઅ્ (એક પ્રકારનું વજનનું માપ) જેટલા જવ રાખ્યા છે, હું તેને દળીને લોટ બનાવું છું, એક સાઅ્ આપણા વજનના આધારે લગભગ સાડા ત્રણ શેરનો (જૂના માપનો શેર) થાય છે, પત્ની આટો વાટવામાં અને પકાવવામાં લાગી. ઘરમાં એક બકરીનું બચ્ચું હતું, હઝરત જાબિર (રદિ.)એ તેને ઝબહ કરીને ગોસ્ત તૈયાર કર્યો અને રસૂલે કરીમ ﷺને બોલાવવા માટે ગયા તો પત્નીએ પોકારીને કહ્યું કે જુઓ ! રસૂલે કરીમ ﷺની સાથે સહાબએ કિરામ (રદિ.)ની ઘણી મોટી જમાઅત છે, માત્ર રસૂલે કરીમ ﷺને કોઈ રીતે એકલા બોલાવી લાવો, મને અપમાનિત ન કરજો કે સહાબએ કિરામ (રદિ.)નો મોટો સમૂહ ચાલ્યો આવે. હઝરત જાબિર (રદિ.)એ આપ ﷺને સંપૂર્ણ વિગત અરજ કરી દીધી કે માત્ર આટલું ભોજન છે

પરંતુ આપ ﷺએ બધા જ લશ્કરમાં એ'લાન કરી દીધું કે ચાલો ! હઝરત જાબિર (રદિ.)ના ત્યાં દા'વત છે. હઝરત જાબિર (રદિ.) હેરાન હતા, ઘેર પહોંચ્યા તો પત્નીએ પણ સખત પરેશાની જાહેર કરી અને પૂછ્યું કે તમે રસૂલે કરીમ ﷺને અસલ હકીકત અને ભોજનનું પ્રમાણ બતાવ્યું હતું ? હઝરત જાબિર (રદિ.)એ ફરમાવ્યું કે, હા ! તે તો હું બતાવી ચૂક્યો છું, ત્યારે તેમના પત્ની સંતોષિત થઈ ગયા કે પછી આપણને કોઈ ફિકર નથી, રસૂલે કરીમ ﷺ માલિક છે જેવી રીતે ઇચ્છે કરે.

ઘટનાની વધુ વિગત આ સ્થળે બિનજરૂરી છે, એટલું પરિણામ જાણી લેવું પૂરતું છે કે પોતે રસૂલે કરીમ ﷺએ પોતાના હાથ મુબારકથી રોટી અને શાક બધાને દેવાનું અને ખવડાવવાનું કામ કર્યું અને સમગ્ર સમૂહે ધરાઈને ખાધું. હઝરત જાબિર (રદિ.) ફરમાવે છે કે બધા સમૂહના ફારેગ થયા પછી પણ ન તો અમારી હાંડલીઓમાંથી કંઈ ગોસ્ત ઓછો નજરે પડતો હતો અને ન જ ગૂંદેલા આટામાં કોઈ કમી જણાતી હતી, અમે બધા ઘરવાળાઓ પણ પેટ ભરીને જમ્યા, બાકી પડોશીઓને વહેંચી દીધું.

આ પ્રમાણે છ દિવસમાં જ્યારે ખંડકથી ફારેગ થઈ ગયા તો અહઝાબનું લશ્કર આવી પહોંચ્યું અને રસૂલે કરીમ ﷺ તથા સહાબએ કિરામ (રદિ.)એ જબલે સલઅ્‌ને પોતાની પીઠ તરફ રાખીને ફૌજનો મોરચો બનાવ્યો.

યહૂદ બનુ કુરયઝાનો કરારભંગ અને તેમનું અહઝાબ સાથે સામેલ થવું

આ વખતે દશ બાર હજાર શસ્ત્રસજ્જ લશ્કર સામે સરસામાન વિહોણા લોકોનો મુકાબલો બુદ્ધિ અને કલ્પનામાં આવે એવી બાબત ન હતી, તેના ઉપર એક ઔર નવો ઉમેરો થયો કે અહઝાબમાં કબીલએ બનુ નઝીરના સરદાર હુય્ય બિન ખતબે જેણે બધાને રસૂલે કરીમ ﷺ અને મુસલમાનોની દુશ્મની ઉપર એકઠા કરવામાં મોટું કામ કર્યું હતું મદીના પહોંચીને યહૂદીઓના કબીલા બનુ કુરયઝાને પણ પોતાની સાથે મેળવી દેવાની યોજના બનાવી, બનુ કુરયઝા અને રસૂલે કરીમ ﷺ વચ્ચે એક સુલેહનામા ઉપર સહીઓ થઈ ચૂકી હતી અને કરાર સંપૂર્ણ થઈને એકબીજા નચિંત હતા, બનુ કુરયઝાનો સરદાર કઅ્‌બ બિન અસદ હતો, હુય્ય બિન ખતબ તેની પાસે પહોંચ્યો. જ્યારે કઅ્‌બને તેના આવવાની

ખબર મળી તો પોતાના કિલ્લાના દરવાજા બંધ કરી લીધા; કહ્યું, હુય્ય ! અહીંયાં સુધી ન પહોંચી શકે પરંતુ હુય્ય બિન અખ્તબે બૂમો પાડી અને દરવાજો ખોલવા માટે આગ્રહ કર્યો, કઅ્બે અંદરથી જ જવાબ આપ્યો કે અમે તો મુહમ્મદ (ﷺ) સાથે સુલેહ કરી ચૂક્યા છે અને અમે આજ સુધી તેમના તરફથી કરારની પાબંદી તથા સત્ય અને પ્રમાણિકતા સિવાય કંઈ જોયું નથી એટલા માટે અમે આ કરારના પાબંદ છે તમારી સાથે નથી આવી શકતા. મોડે સુધી હુય્ય બિન અખ્તબ દરવાજો ખોલવા અને કઅ્બ સાથે વાતો કરવાનો આગ્રહ કરતો રહ્યો અને તે અંદરથી ઈન્કાર કરતો રહ્યો અને અંતે જ્યારે કઅ્બની ખૂબ ઉશ્કેરણી કરી ચઢામણી કરવામાં આવી તો તેણે દરવાજો ખોલીને હુય્યને બોલાવ્યો, તેણે બનુ કુરયઝાને તે હરિયાળા બાગ બતાવ્યા કે અંતે કઅ્બ તેની વાતોમાં આવી ગયો અને અહઝાબમાં સામેલ થવાનો વાયદો કરી લીધો, કઅ્બે જ્યારે પોતાના કબીલાના બીજા સરદારોને આ વાત બતાવી તો બધાએ એક મુખે થઈને કહ્યું કે તમે ગજબ કર્યો કે મુસલમાનો સાથે વિના કારણે કરારભંગ કર્યો અને તેમની સાથે લાગીને પોતાને ભયમાં નાંખી દીધા. કઅ્બ પણ તેમની વાતથી પ્રભાવિત થયો અને પોતાના કરેલા ઉપર અફસોસની જાહેરાત કરી પરંતુ હવે વાત તેના કબ્જામાંથી નીકળી ચૂકી હતી અને અંતે આ જ કરારભંગ બનુ કુરયઝાના નાશ અને બરબાદીનું કારણ બની જેનું વર્ણન આગળ આવશે.

રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ને તેની ખબર મળી તો તે સમયે તેમના કરારભંગથી સખત આઘાત લાગ્યો અને ઘણી મોટી ચિંતા થવા લાગી કે અહઝાબના માર્ગ ઉપર તો ખંડક ખોદવામાં આવી હતી પરંતુ આ લોકો તો મદીનાની અંદર હતા તેમનાથી કેવી રીતે બચાવ થાય ? કુર્આને કરીમે જે આ વાક્ય વિશે ફરમાવ્યું છે કે અહઝાબના કાફિરોના લશ્કર તમારા ઉપર ચઢી આવ્યા હતા, مِنْ فَوْقِكُمْ وَمِنْ اَسْفَلَ مِنْكُمْ તેની તફસીરમાં અમુક તફસીરના ઈમામોએ એ જ ફરમાવ્યું છે કે فَوْقَ "ફવ્ક ના તરફથી"નો ભાવાર્થ બનુ કુરયઝા છે અને اَسْفَلَ (અસ્ફલ)થી આવનારા બાકી અહઝાબ છે.

રસૂલે કરીમ ﷺએ આ કરારભંગની હકીકત અને સાચા સ્વરૂપની પરિસ્થિતિને જાણવા માટે અન્સારના કબીલા ઔસના સરદાર હઝરત સઅદ બિન મઆઝ (રદિ.) અને કબીલએ ખઝરજના સરદાર હઝરત સઅદ બિન

ઉબાદહ (રદિ.)ને પ્રતિનિધિમંડળ સ્વરૂપે કઅ્બની પાસે મોકલ્યા કે તેમની સાથે વાતચીત કરે અને તેમને સૂચના આપી દેવામાં આવી હતી કે જો આ કરારભંગની ઘટના ખોટી સાબિત થાય તો બધા સહાબા (રદિ.)ની સામે ખુલીને વર્ણન કરી દેવું અને સાચી સાબિત થાય તો આવીને અસ્પષ્ટ રીતે કહેવી જેનાથી અમે સમજી લઈએ અને સામાન્ય સહાબએ કિરામ (રદિ.) ચિંતામાં ન પડે.

આ બંને સઅદ નામના વડીલો ત્યાં પહોંચ્યા તો કરારભંગ થયાનું સ્પષ્ટ રીતે જોયું, તેમની અને કઅ્બની વચ્ચે સખત બોલાચાલી પણ થઈ પાછા આવીને સૂચના પ્રમાણે ગોળ ગોળ વાત કહીને રસૂલે કરીમ ﷺને કરારભંગની ઘટના સાચી હોવાની ખબર આપી દીધી.

તે સમયે જ્યારે કે યહૂદીઓનો કબીલો બનુ કુરયઝા જે મુસલમાનોની સાથે હતો તે પણ યુદ્ધમાં સામેલ થઈ ગયો તો જે મુનાફિકો નિફાકની સાથે મુસલમાનો સાથે સામેલ હતા તેમનો નિફાક (દોગલાપણુ) પણ ખુલવા લાગ્યો, અમુકે તો ખુલીને રસૂલે કરીમ ﷺની વિરુદ્ધ વાતો કહેવાનું શરૂ કરી દીધું જેમકે ઉપર આવી ચૂક્યું છે. وَاِذْ يَقُوْلُ الْمُنٰفِقُوْنَ અને અમુકે હીલા બહાના બનાવીને યુદ્ધના મેદાનમાંથી નાસી છૂટવા માટે રસૂલે કરીમ ﷺની પરવાનગી માંગી જેનું વર્ણન પ્રસ્તુત આયતો اِنَّ بُيُوْتَنَا عَوْرَةٌ માં છે.

હવે યુદ્ધના મોરચાનું સ્વરૂપ એવું હતું કે ખંડકના કારણે અહઝાબનું લશ્કર (Allied Forces) અંદર આવી શકતું ન હતું, તેના બીજા કિનારા ઉપર મુસલમાનોનું લશ્કર હતું. બંનેમાં દરેક સમયે તીરમારાનો ક્રમ ચાલુ રહેતો હતો. એ જ હાલતમાં લગભગ એક મહિનો પસાર થઈ ગયો કે ખુલીને કોઈ નિર્ણાયક યુદ્ધ થતું ન હતું અને કોઈપણ સમયે નચિંત થઈને બેસી શકાતું ન હતું. દિવસ રાત સહાબએ કિરામ (રદિ.) અને રસૂલ ﷺ ખંડકના કિનારે તેની સુરક્ષા કરતા હતા, જો કે રસૂલે કરીમ ﷺ પોતે પણ પોતાની જાતે આ મહેનત અને તકલીફમાં સામેલ હતા પરંતુ આપ ﷺ માટે એ બાબત ખૂબ કઠોર હતી કે સહાબએ કિરામ (રદિ.) બધા જ બેચેની અને મુંઝવણમાં હતા.

રસૂલે કરીમ ﷺની યુદ્ધના સંદર્ભમાં એક વ્યુહાત્મક યુક્તિ :

રસૂલે કરીમ ﷺની જાણમાં એ વાત આવી ચૂકી હતી કે કબીલએ

ગુત્ફાનના આગેવાને તે યહૂદીઓની સાથે સામેલગીરી ખયબરના ફળો અને ખજૂરોની લાલચમાં કરી હતી, આપ ﷺએ ગુત્ફાનના બે સરદારો ઉયયનહ ઈબ્ને હસન અને અબૂલ હારિષ બિન અમ્ર પાસે એલચી મોકલ્યા કે અમે તમને મદીનાએ તય્યિબહમાં ૧/૩ (એક તૃત્યાંશ) ફળો આપીશું જો તમે પોતાના સાથીઓને લઈને મેદાનમાંથી પાછા ચાલ્યા જાઓ. આ વાતચીત વચમાં ચાલતી હતી અને બંને સરદારો રાજી થઈ ચૂક્યા હતા, નિકટ હતું કે સુલેહના કરાર ઉપર હસ્તાક્ષર થઈ જાય પરંતુ રસૂલે કરીમ ﷺએ ટેવ પ્રમાણે ઈરાદો દર્શાવ્યો કે સહાબએ કિરામ (રદિ.)થી આ બાબતે સલાહ મશ્વરો લેવામાં આવે. કબીલએ ઔસ અને ખઝરજના બે વડીલો સઅદ નામી એટલે કે સઅદ બિન ઉબાદહ અને સઅદ બિન મઆઝ (રદિ.)ને બોલાવીને તેમની પાસેથી મશ્વરો લેવામા આવ્યો.

હઝરત સઅદ (રદિ.)ની ઈમાની ગયરત (આત્મસન્માન) અને દઢ નિર્ધાર :

બંનેએ વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! તમને આ કામ માટે અલ્લાહ તઆલા તરફથી હુકમ થયો છે તો અમને કંઈ કહેવાની મજાલ નથી, અમે સ્વીકાર કરીએ છીએ નહિતર બતાવો કે આ તમારો સ્વાભાવિક મશ્વરો છે અથવા તમે અમને તકલીફ અને મુસીબતથી બચાવવા માટે આ યુક્તિ કરી છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે ન તો તે વિશે અલ્લાહનો હુકમ છે અને ન જ મારા પોતાના સ્વભાવનો તકાદો છે, બલકે માત્ર તમારી મુસીબત અને તકલીફને જોઈને આ સ્વરૂપ અપનાવ્યું છે કારણ કે તમે લોકો દરેક બાજુએથી ઘેરાઈ ચૂક્યા છો જેથી મેં ઈચ્છ્યું કે સામા પક્ષની શક્તિને આ રીતે તાત્કાલિક તોડી નાંખવામાં આવે. હઝરત સઅદ બિન મઆઝ (રદિ.)એ વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! અમે જે સમયે મૂર્તિઓને પૂજતા હતા અલ્લાહ તઆલાને ઓળખતા ન હતા, ન જ તેની ઈબાદત કરતા હતા તે સમયે તે લોકોને અમારા શહેરના ફળોમાં એક દાણાની લાલચ રાખવાની હિંમત સુદ્ધાં ન હતી એ સિવાય કે તેઓ અમારા મહેમાન હોય અને મહેમાની સ્વરૂપે અમે તેમને ખવડાવીએ અથવા તો પછી અમારી પાસેથી ખરીદીને લઈ જાય, આજે જ્યારે કે અલ્લાહ તઆલાએ અમને પોતાનો પરિચય અર્પણ કર્યો અને ઈસ્લામની શ્રેષ્ઠતા બખ્શી શું આજે અમે તે લોકોને પોતાના ફળો અને પોતાનો માલ આપી દઈશું ? અમારે તેમની સાથે સુલેહ કરવાની કોઈ

જરૂરત નથી, અમે તો તેમને તલવાર સિવાય કંઈ આપીશું નહીં એટલે સુધી કે અલ્લાહ તઆલા તેમની અને અમારી વચ્ચે ફૈસલો કરી આપે.

રસૂલે કરીમ ﷺએ હઝરત સઅદ (રદિ.)ની ઉચ્ચ કક્ષાની નૈતિક હિંમત અને ઈમાની ગયરતને જોઈને પોતાનો આ ઈરાદો છોડી દીધો અને ફરમાવ્યું કે તમને અધિકાર છે જે ઈચ્છો તે કરો. હઝરત સઅદ (રદિ.)એ સુલેહનામાના કાગળો તેમના હાથોમાંથી લઈને લખેલું ભૂંસી નાંખ્યું, કારણ કે હજુ તેના ઉપર હસ્તાક્ષર થયા ન હતા. ગુત્ફાનના સરદાર ઉયયનહ અને હારિષ જે પોતે આ સુલેહ માટે તૈયાર થઈને મજલિસમાં મોજૂદ હતા સહાબએ કિરામ (રદિ.)ની આ હિંમત અને કઠોરતા જોઈને તેમના પોતાના દિલો પણ કાંપી ઉઠયા.

હઝરત સઅદ બિન મઆઝ (રદિ.)નું ઘાયલ થવું અને તેમની દુઆ :

આ બાજુ ખંડકની બંને તરફથી તીરમારા અને પથ્થરમારાનો ક્રમ સતત ચાલુ રહ્યો, હઝરત સઅદ બિન મઆઝ (રદિ.) બની હારિષાના કિલ્લામાં જ્યાં સ્ત્રીઓને સુરક્ષિત કરવામાં આવી હતી પોતાની માતા પાસે ગયા હતા. હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે હું પણ તે સમયે કિલ્લામાં હતી અને સ્ત્રીઓના પડદાનો હુકમ તે વખત સુધી આવ્યો ન હતો, મેં જોયું કે સઅદ બિન મઆઝ (રદિ.)એ એક નાનું બખ્તર પહેરેલ છે જેમાંથી તેમનો હાથ નીકળી રહ્યો હતો અને તેમની માતા તેમને કહી રહ્યા છે કે જાઓ ! જલદી કરો, રસૂલે કરીમ ﷺની સાથે લશ્કરમાં સામેલ થઈ જાઓ. મેં તેમની વાલિદહને કહ્યું કે તેમના માટે કોઈ મોટું બખ્તર હોત તો સારું હતું, મને તેમના હાથ પગનો ભય છે જે બખ્તરની બહાર નીકળેલા છે, તેમની માંએ કહ્યું કે કોઈ વાંધો નહીં ! અલ્લાહને જે કરવું હોય છે તે થઈને રહે છે.

હઝરત સઅદ બિન મઆઝ (રદિ.) લશ્કરમાં પહોંચ્યા તો તેમને તીર વાગ્યું જેણે તેમના હાથની નસ કાપી નાંખી તે સમયે હઝરત સઅદ (રદિ.)એ આ દુઆ કરી કે,

"યા અલ્લાહ ! જો હવે પછી પણ કુરૈશનો કોઈ હુમલો રસૂલુલ્લાહ ﷺના મુકાબલામાં થવાનું નિશ્ચિત છે તો મને તેના માટે જીવતો રાખ, કારણ કે તેનાથી વધારે મારી કોઈ તમન્ના નથી કે હું તે કોમથી મુકાબલો કરું જેમણે રસૂલે કરીમ

ﷺને કષ્ટ પહોંચાડયું, વતનમાંથી કાઢયા અને આપ ﷺને જૂઠાડયા અને જો ભવિષ્યમાં તારી જાણમાં આ યુદ્ધનો ક્રમ ખતમ થઈ ચૂક્યો છે તો તું મને શહાદતનું મોત અર્પણ કર પરંતુ તે સમય સુધી મને મોત ન આવે જ્યાં સુધી કે બનુ કુરયઝા પાસેથી તેમની ગદ્દારીનો બદલો લઈને મારી આંખો ઠંડી ન થાય."

અલ્લાહ તઆલાએ તેમની આ દુઆ કબૂલ કરી, આ ઘટનાને અહઝાબના કાફિરોનો છેલ્લો હુમલો બનાવી દીધો, ત્યાર પછી મુસલમાનોના વિજયનો યુગ શરૂ થયો. પ્રથમ ખૈબર, પછી મક્કા મુકર્રમહ અને પછી બીજા પ્રદેશો વિજયી થયા અને બનુ કુરયઝાની ઘટના આગળ આવે છે કે તેઓ કેદ પકડીને લાવવામાં આવ્યા અને તેમના મા'મલાનો ફૈસલો હઝરત સઅદ બિન મઆઝ (રદિ.)ને જ સોંપવામાં આવ્યો, તેમના ફૈસલા પ્રમાણે તેમના યુવાનો કતલ કરવામાં આવ્યા અને સ્ત્રીઓ તથા બાળકોને કેદ કરવામાં આવ્યા.

આ અહઝાબની ઘટનામાં સહાબએ કિરામ (રદિ.) અને રસૂલે કરીમ ﷺને રાત દિવસ ખંડકની દેખરેખ રાખવી પડતી હતી, જો કોઈ સમયે આરામ માટે સૂઈ પણ જતા તો કોઈ તરફથી શોર બકોરનો અવાજ આવે કે તરત જ રસૂલે કરીમ ﷺ શસ્ત્રસજ્જ થઈને મેદાનમાં જતા હતા, હઝરત ઉમ્મે સલમા ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.) ફરમાવે છે કે એક રાતમાં કેટલાય વખતે એવું બનતું હતું કે આપ ﷺ થોડીવાર આરામ કરવા માટે આવ્યા અને કોઈ અવાજ સાંભળ્યો તો તરત જ બહાર નીકળ્યા, પછી આરામ માટે થોડી પીઠ ગોઠવી અને કંઈ અવાજ આવ્યો તો ફરીવાર બહાર ચાલ્યા ગયા.

ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત ઉમ્મે સલમા (રદિ.) ફરમાવે છે કે હું ઘણા બધા ગઝ્વએ મુરાઈશી, ગઝ્વએ ખૈબર, હુદૈબિય્યહ અને ગઝ્વએ હુનૈનમાં રસૂલે કરીમ ﷺની સાથે રહી છું, આપ ﷺ ઉપર કોઈ ગઝ્વહમાં એવી સખ્તાઈ અને તકલીફ નથી આવી જેવી કે ગઝ્વએ ખંડકમાં આવી, આ ગઝ્વહમાં મુસલમાનોને જખમ પણ ખૂબ લાગ્યા, ઠંડીની સખત તકલીફ પણ બરદાસ્ત કરવી પડી, તેની સાથે ખાવા પીવાની જરૂરિયાતની પણ તંગી હતી.

(મઝહરી)

રસૂલે કરીમ ﷺની ચાર નમાઝો આ જિહાદમાં કઝા થઈ :

એક દિવસે વિરોધી કાફિરોએ એ નક્કી કર્યું કે બધા મળીને એકસામટો હુમલો કરીએ અને કોઈપણ રીતે ખંડકને ઓળંગીને આગળ પહોંચીએ, એવું નક્કી કરીને ખૂબ હિંમત બતાવી મુસલમાનોના મુકાબલામાં આવી ગયા અને સખત તીરમારો ચલાવ્યો, તેમાં રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ને આખો દિવસ એવું પ્રવૃત્ત રહેવું પડ્યું કે નમાઝના માટે થોડી પણ મહોલત ન મળી, ચાર નમાઝો ઈશાના સમયે પઢવામાં આવી.

રસૂલે કરીમ ﷺની દુઆ :

જ્યારે મુસલમાનો ઉપર સખ્તાઈની પરાકાષ્ઠા થઈ ગઈ ત્યારે રસૂલે કરીમ ﷺએ અહઝાબના કાફિરો માટે બદ્દુઆ કરી અને ત્રણ દિવસ સોમ, મંગળ અને બુધમાં મસ્જિદે ફતહની અંદર સતત અહઝાબની હાર અને તેમના પલાયન તથા મુસલમાનોના વિજય માટે દુઆઓ કરતા રહ્યા, ત્રીજા દિવસે બુધના દિવસે ઝોહર – અસર વચ્ચે દુઆ કબૂલ થઈ અને રસૂલે કરીમ ﷺ ખુશમિજાજ વદને સહાબએ કિરામ (રદિ.) પાસે પધારી વિજયની ખુશખબરી સંભળાવી. સહાબએ કિરામ (રદિ.) ફરમાવે છે કે ત્યાર પછીથી કોઈ મુસલમાનને કોઈ તકલીફ પડી નહીં.

વિજયના અદષ્ય કારણોની શરૂઆત :

દુશ્મનોની હરોળોમાં કબીલએ ગુત્ફાન એક મોટી શક્તિ હતી, અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતે તેમનામાંથી એક વ્યક્તિ નુઅયૂમ ઈબ્ને મસઊદના દિલમાં ઈમાન નાંખી દીધું અને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને તેમણે પોતાનો ઈસ્લામ જાહેર કર્યો અને બતાવ્યું કે હજુ સુધી મારી કોમમાં આ કોઈને ખબર નથી કે હું મુસલમાન થઈ ચૂક્યો છું, હવે મને કહો કે હું ઈસ્લામની શું સેવા કરું ? રસૂલે કરીમ ﷺએ કહ્યું કે તમે એક વ્યક્તિ અહીંયાં કોઈ ખાસ કામ નહીં કરી શકો, પોતાની કોમમાં પાછા જઈને તેમનામાં ભળી જઈને ઈસ્લામના રક્ષણનું કોઈ કાર્ય કરી શકો તો કરો, નુઅયૂમ બિન મસઊદ બુદ્ધિશાળી અને સમજદાર વ્યક્તિ હતા, મનમાં એક યોજના બનાવી લીધી અને રસૂલે કરીમ ﷺ પાસે તેની પરવાનગી માંગી કે હું તે લોકોમાં જઈને જે હિતની વાત જોઉં તે કહું,

આપ ﷺએ પરવાનગી આપી દીધી.

નુઅય્મ બિન મસ્ઊદ અહીંયાંથી બનુ કુરયઝાની પાસે ગયા જેમની સાથે અજ્ઞાનતાના સમયમાં તેમનાથી જુના સંબંધો હતા તેમને કહ્યું કે હે બનુ કુરયઝા! તમે જાણો છો કે હું તમારો જૂનો મિત્ર છું, તેમણે સ્વીકાર કર્યો કે અમને તમારી મિત્રતામાં કોઈ શંકા નથી, ત્યાર પછી હઝરત નુઅય્મ બિન મસ્ઊદ (રદિ.)એ બનુ કુરયઝાના સરદારો સાથે હમદર્દી અને તેમનું ભલું ઈચ્છવાના અંદાજમાં સવાલ કર્યો કે તમે લોકો જાણો છો કે મક્કાના કુરૈશ હોય કે અમારો કબીલો ગુત્ફાન અથવા બીજા યહૂદી કબીલાઓ તેમનું વતન અહીંયાં નથી જો તેઓ હારીને નાસી જાય તો તેમનું કોઈ નુકસાન નથી, તમારી બાબત એ બધા કરતાં જુદી છે, મદીના તમારું વતન છે, તમારી સ્ત્રીઓ અને માલ સામાન બધું જ અહીંયાં છે, જો તમે તે લોકોની સાથે યુદ્ધમાં સામેલગીરી કરી અને પાછળથી તે લોકો હારીને નાસી ગયા તો તમારું શું થશે ? શું તમે એકલા મુસલમાનોનો મુકાબલો કરી શકશો ?

એટલા માટે હું તમારી ભલાઈ ખાતર એ સલાહ આપું છું કે તમે તે લોકો સાથે યુદ્ધમાં તે સમય સુધી સામેલ ન થાઓ જ્યાં સુધી આ લોકો અમુક સંખ્યામાં પોતાના ખાસ સરદારો તમારી પાસે આડ (ગીરો) સ્વરૂપે ન રાખે કે તેઓ તમને મુસલમાનોના હવાલે કરીને નાસી ન જાય.... બનુ કુરયઝાને તેમની આ સલાહ ખૂબ સારી લાગી, તેમની કદર કરી અને કહ્યું કે તમે ઘણી જ સારી સલાહ આપી છે.

ત્યારબાદ નુઅય્મ બિન મસ્ઊદ (રદિ.) કુરૈશી સરદારોની પાસે પહોંચ્યા અને તેમને કહ્યું, તમે લોકો જાણો છો કે હું તમારો મિત્ર છું અને મુહમ્મદ (ﷺ)થી અળગો છું મને એક ખબર મળી છે તમારી ભલાઈનો તકાદો છે કે હું તે ખબર તમને પહોંચાડું એ શરતે કે તમે લોકો મારું નામ જાહેર ન કરો, તે ખબર એ છે કે યહૂદી બનુ કુરયઝા તમારી સાથે કરાર કર્યા પછી પોતાના ફેંસલા ઉપર પસ્તાય છે અને તેની ખબર મુહમ્મદ (ﷺ) પાસે એવું કહીને મોકલી દીધી છે કે શું તમે અમારાથી એ શરત ઉપર રાજી થઈ શકો છો કે અમે કુરૈશ અને ગુત્ફાનના અમુક સરદારોને તમારા હવાલે કરી આપીએ અને તમે તેમના ડોકા ઉડાવી દો

પછી અમે તમારી સાથે ભેગા થઈ તેમની સામે યુદ્ધ કરીએ, મુહમ્મદ (ﷺ)એ તેમની વાતને કબૂલ કરી લીધી છે હવે બનુ કુરયઝા તમારી પાસેથી ગીરો સ્વરૂપે તમારા અમુક સરદારોની માંગણી કરશે, હવે તમે લોકો પોતાનો મા'મલો વિચારી લો.

ત્યાર પછી હઝરત નુઅયૂમ બિન મસ્ઊદ (રદિ.) કબીલએ ગુત્ફાનમાં ગયા અને તેમને આ જ ખબર સંભળાવી, તેની સાથે જ અબૂ સુફિયાને કુરૈશ તરફથી ઈકરીમા ઈબ્ને અબી જહલને અને ગુત્ફાન તરફથી વરકહ બિન ગુત્ફાનને આ કામ માટે નક્કી કર્યા કે તેઓ બનુ કુરયઝાને જઈને કહે કે હવે અમારો યુદ્ધનો સામાન પણ પૂરો થઈ રહ્યો છે અને અમારા વ્યક્તિઓ પણ સતત યુદ્ધથી થાકી રહ્યા છે, અમે તમારા કરાર પ્રમાણે તમારી મદદ અને સામેલગીરીની રાહ જોઈ રહ્યા છે, બનુ કુરયઝાએ તેમને પોતાના ઠરાવ પ્રમાણે આ જવાબ આપ્યો કે અમે તમારી સાથે યુદ્ધમાં તે સમય સુધી સામેલ થઈશું નહીં જ્યાં સુધી તમે બંને કબીલાઓના અમુક સરદારો અમારી પાસે ગીરો સ્વરૂપે ન પહોંચાડી આપો. ઈકરીમા અને વરકાહે આ ખબર અબૂ સુફિયાનને પહોંચાડી દીધી તો કુરૈશ અને ગુત્ફાનના સરદારોએ વિશ્વાસ કરી લીધો કે નુઅયૂમ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ જે ખબર આપી હતી તે સાચી છે અને બનુ કુરયઝાને કહેવડાવ્યું કે અમે પોતાનો એક વ્યક્તિ પણ આપીશું નહીં, પછી જો તમારું દિલ ઈચ્છે તો અમારી સાથે યુદ્ધમાં સામેલ થાઓ અને ન ઈચ્છો તો ન થાઓ, બનુ કુરયઝાને આ પરિસ્થિતિ જોઈને એ વાત ઉપર કે જે નુઅયૂમ બિન મસ્ઊદ (રદિ.)એ કહી હતી ઔર વિશ્વાસ થઈ ગયો, એ રીતે અલ્લાહ તઆલાએ દુશ્મનોના સમૂહોમાં એક વ્યક્તિ દ્વારા તેમને અંદર અંદર ફૂટ નખાવી દીધી અને તે લોકોના કદમ ઉખડી ગયા.

તેની સાથે બીજી આસમાની આફતો પણ તેમના ઉપર આવી કે અલ્લાહ તઆલાએ એક જોરદાર અને બરફીલી હવા તેમના ઉપર થોપી દીધી જેણે તેમના તંબૂઓ ઉખેડી ફેંક્યા, ચૂલા ઉપરની હાંડલીઓ ઉડાવી દીધી. આ તો જાહેર કારણો અલ્લાહ તઆલાએ તેમની હિંમત તોડવા માટે પેદા કર્યા હતા, તેના ઉપર વિશેષ એ કે પોતાના ફરિશ્તાઓ મોકલી દીધા જે અદશ્ય રીતે તેમના દિલો ઉપર રુઆબ નાંખી દે. આ બંને બાબતોનું વર્ણન પ્રસ્તુત આયતોની શરૂઆતમાં પણ આ રીતે આવ્યું છે, فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِيْحًا وَّجُنُوْدًا لَّمْ تَرَوْهَا એટલે કે, અમે તેમના ઉપર

એક સખત તોફાની હવા અને ફરિશ્તાઓના લશ્કર મોકલી દીધા, તેનું પરિણામ એ આવ્યું કે હવે તે લોકો પાસે નાસી છૂટવા સિવાય કોઈ માર્ગ બચ્યો ન હતો.

હઝરત હુઝયફા (રદિ.)નું દુશ્મનના લશ્કરોમાં જવાની અને ખબર લાવવાની ઘટના :

બીજી બાજુ રસૂલે કરીમ ﷺને હઝરત નુઅયૂમ ઈબ્ને મસ્ઊદ (રદિ.)નું કાર્ય અને અહઝાબની હરોળો વચ્ચે ફૂટ નાંખવાની ખબર મળી તો એવો ઈરાદો કર્યો કે પોતાનો કોઈ વ્યક્તિ ત્યાં જઈને દુશ્મનના લશ્કર અને તેમના ઈરાદાઓની ભાળ મેળવે પરંતુ તે સખત બરફીલી હવા જે દુશ્મનો ઉપર મોકલવામાં આવી હતી અંતે સમગ્ર મદીના ઉપર છવાઈ ગઈ અને મુસલમાનો પણ તે સખત ઠંડીથી પ્રભાવિત થયા, રાતનો સમય હતો, સહાબએ કિરામ (રદિ.) આખા દિવસની મહેનત અને મુકાબલાથી થાકીને ચૂરચૂર સખત ઠંડીને કારણે સંકોરાઈને બેઠા હતા, રસૂલે કરીમ ﷺએ એકઠા થયેલ લોકોને સંબોધીને ફરમાવ્યું કે કોણ છે જે ઊભો થાય અને તેમના લશ્કરમાં જઈને તેમની ખબર લાવે અને અલ્લાહ તઆલા તેને જન્નતમાં પ્રવેશ આપે, પ્રાણ ન્યોછાવર કરનાર સહાબા (રદિ.)નો સમૂહ હતો પરંતુ પરિસ્થિતિએ એવા લાચાર કરી રાખ્યા હતા કે કોઈ ઊભું થઈ શક્યું નહીં, રસૂલે કરીમ ﷺ નમાઝમાં મશગૂલ થઈ ગયા અને થોડીવાર સુધી નમાઝમાં મશગૂલ રહ્યા બાદ ફરી તેમને સંબોધન કરીને ફરમાવ્યું કે છે કોઈ વ્યક્તિ જે દુશ્મનના લશ્કરની મને ખબર લાવી આપે અને તેના બદલામાં જન્નત પ્રાપ્ત કરે ? આ વખતે પણ સમગ્ર સમૂહમાં સન્નાટો રહ્યો, કોઈ ઊભું ન થયું. રસૂલે કરીમ ﷺ ફરી નમાઝમાં મશગૂલ થઈ ગયા અને થોડી વાર પછી ફરી ત્રીજી વખતે આ જ સંબોધન કર્યું કે જે કોઈ એવું કરશે તે જન્નતમાં મારી સાથે હશે પરંતુ સમગ્ર કોમ દિવસભરના સખત થાક અને કેટલાય સમયના ઉપવાસ અને ભૂખથી અને ઉપરથી સખત ઠંડીના કારણે એવી લાચાર થઈ રહી હતી કે તો પણ કોઈ ઉઠ્યું નહીં.

હઝરત હુઝયફા બિન યમાન (રદિ.) હદીષના રિવાયત કરનાર કહે છે કે તે સમયે રસૂલે કરીમ ﷺએ મારું નામ લઈને કહ્યું કે હુઝયફા તમે જાઓ ! મારી હાલત પણ બધા જેવી જ હતી પરંતુ નામ લઈને હુકમ આપવાથી હુકમનું પાલન

કર્યા સિવાય કોઈ છૂટકો ન હતો, હું ઊભો થઈ ગયો અને ઠંડીથી મારું સમગ્ર શરીર કાંપી રહ્યું હતું. રસૂલે કરીમ ﷺએ પોતાનો હાથ મુબારક મારા માથા અને ચહેરા ઉપર ફેરવ્યો અને કહ્યું કે દુશ્મનના લશ્કરમાં જાઓ અને માત્ર ખબર લાવી આપો અને મારી પાસે પાછા આવતા પહેલાં કોઈ કામ ન કરો અને પછી રસૂલે કરીમ ﷺએ મારી હિફાઝત માટે દુઆ કરી, મેં પોતાનું તીર કમાન ઉઠાવ્યું અને પોતાના કપડાં બદન ઉપર બાંધી લીધા અને તેમના તરફ રવાના થઈ ગયો.

જ્યારે અહીંયાંથી રવાના થયો તો આશ્ચર્યજનક હાલત એ જોઈ કે તંબૂની અંદર બેઠાં બેઠાં જે ઠંડીથી (શરીર ઉપર) કંપન છવાયેલું હતું તે દૂર થઈ ગયું અને હું એવી રીતે ચાલી રહ્યો હતો જેમકે ગરમ હમામ (સ્નાનાગૃહ)ની અંદર હોય, અહીંયાં સુધી કે હું તેમના લશ્કરમાં પહોંચી ગયો, મેં જોયું કે હવાના તોફાને તેમના તંબુઓ ઉખેડી ફેંક્યા હતા અને હાંડલીઓ ઊલટાવી દીધી હતી. અબૂ સુફિયાન આગની પાસે બેસીને તાપી રહ્યો હતો, મેં એ જોઈને પોતાનું તીર કમાન ઠીકઠાક કર્યું અને અબૂ સુફિયાનને તીર મારવાનો જ હતો કે મને રસૂલે કરીમ ﷺનો હુકમ યાદ આવી ગયો કે ત્યાંથી પાછા આવતા પહેલાં કોઈ કામ કરશો નહીં, અબૂ સુફિયાન બિલકુલ મારી પહોંચમાં હતો પરંતુ આ હુકમની બીનાએ મેં પોતાનું તીર અલગ કરી લીધું.

અબૂ સુફિયાન પરિસ્થિતિથી પરેશાન થઈને પાછા વળવાનું એ'લાન કરવા ઈચ્છતો હતો પરંતુ તેના માટે જરૂરી હતું કે કોમના જવાબદારો સાથે વાત કરે, રાતના અંધારામાં અને સન્નાટામાં એ ભય પણ હતો કે કોઈ જાસૂસ મોજૂદ હોય અને તેમની વાત સાંભળી લે એટલા માટે અબૂ સુફિયાને આ ચાલાકી કરી કે વાત કરતા પહેલાં સમગ્ર સભાને કહ્યું કે દરેક વ્યક્તિ પોતાની સાથેવાળા વ્યક્તિને ઓળખી લે જેથી કોઈ પારકો વ્યક્તિ આપણી વાત સાંભળી ન લે.

હઝરત હુઝફયા (રદિ.) ફરમાવે છે કે હવે મને ભય થયો કે મારી સાથેવાળો વ્યક્તિ મને પૂછશે કે તમે કોણ છો તો મારું રહસ્ય ખુલી જશે, તેમણે ખૂબ હોશિયારી અને બહાદૂરીથી પોતે પહેલ કરીને પોતાની સાથેવાળા વ્યક્તિનો હાથ મારીને પૂછ્યું કે તમે કોણ છો ? તેણે કહ્યું, તાજ્જુબ છે ! તમે મને નથી ઓળખતા ? હું ફલાણા ઈબ્ને ફલાણા છે, તે કબીલએ હવાજિનનો વ્યક્તિ હતો. આ રીતે અલ્લાહ તઆલાએ હઝરત હુઝયફા (રદિ.)ને ધરપકડથી બચાવી લીધા.

અબૂ સુફિયાનને જ્યારે એ સંતોષ થઈ ગયો કે સભામાં બધા પોતાના જ છે કોઈ પારકો વ્યક્તિ નથી તો તેણે વિકટ પરિસ્થિતિઓ અને બનુ કુરયઝાના કરારભંગ તથા યુદ્ધનો સામાન પૂરો થઈ જવાની ઘટનાઓ સંભળાવીને કહ્યું કે મારો અભિપ્રાય એ છે કે હવે આપણે બધા પાછા ફરીએ અને હું પણ પાછો જઈ રહ્યો છું, તે જ વખતે લશ્કરમાં ભાગદોડ મચી ગઈ અને બધા પાછા જવા લાગ્યા.

હઝરત હુઝયફા (રદિ.) ફરમાવે છે કે હું અહીંયાંથી પાછો ફર્યો તો એવો અનુભવ થયો કે મારી આજુબાજુ ગરમ હમામ છે જે મને ઠંડીથી બચાવી રહ્યું છે, પાછો પહોંચ્યો તો રસૂલે કરીમ ﷺને નમાઝમાં મશ્ગૂલ જોયા, જ્યારે રસૂલે કરીમ ﷺએ સલામ ફેરવી તો મેં ઘટનાની ખબર આપી. રસૂલે કરીમ ﷺ આ ખબરથી ખુશી ખુશીમાં આનંદિત થઈ હસવા લાગ્યા, એટલે સુધી કે રાતના અંધારામાં આપ ﷺના દાંત મુબારક ચમકવા લાગ્યા, ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ મને પોતાના કદમોમાં જગ્યા આપી અને જે ચાદર તેમણે ઓઢેલી હતી તેનો એક ભાગ મારા ઉપર નાંખી દીધો, એટલે સુધી કે હું સૂઈ ગયો, જ્યારે સવાર થઈ તો રસૂલે કરીમ ﷺએ જ મને એવું કહીને ઉઠાડ્યો કે قُمْ يَا نَوْمَانَ ઊભા થઈ જાઓ હે ખૂબ સૂનારા !

ભવિષ્યમાં કાફિરોની હિંમત તૂટી જવાની ખુશખબરી :

સહીહ બુખારીમાં હઝરત સુલયમાન બિન સુરાદ (રદિ.)ની રિવાયત છે કે અહઝાબથી પાછા જવાના સમયે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

اَلْاٰنَ نَغْزُوْهُمْ وَلَا يَغْزُوْنَنَا، نَحْنُ نَسِيْرُ اِلَيْهِمْ، (بُخَارِی)

"હવે તેઓ આપણા ઉપર આક્રમણ કરશે નહીં બલકે આપણે તેમના ઉપર હુમલો કરીશું અને તેમના પ્રદેશ ઉપર ચઢાઈ કરીશું." *(મઝહરી)*

એવું કહ્યા પછી રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) મદીના શરીફમાં પાછા આવી ગયા અને એક મહિના પછી મુસલમાનોએ પોતાના શસ્ત્રો ઊતાર્યા.

ખુલાસો :

હઝરત હુઝયફા (રદિ.)ની આ ઘટના સહીહ મુસ્લિમમાં છે અને આ એક

આગવો બોધપાઠ છે જે ઘણા બધા માર્ગદર્શનો અને રસૂલે કરીમ ﷺના મોઅ્જિઝાઓ ઉપર આધારિત છે, વિચાર કરનારાઓ પોતે જાણી લેશે, વિગત લખવાની આવશ્યકતા નથી.

ગઝ્વએ બનુ કુરયઝા :

હજુ રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) મદીનામાં પાછા પહોંચ્યા જ હતા કે અચાનક હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) હઝરત દિહિયા કલ્બી સહાબી (રદિ.)ની શકલમાં તશરીફ લાવ્યા અને ફરમાવ્યું કે જો કે તમે લોકોએ પોતાના હથિયારો ઊતારી દીધા છે પરંતુ ફરિશ્તાઓએ પોતાના હથિયારો નથી ખોલ્યા, અલ્લાહ તઆલાનો તમને એ હુકમ છે કે તમે બનુ કુરયઝા ઉપર હુમલો કરો અને હું તમારાથી પહેલો ત્યાં જઈ રહ્યો છું.

રસૂલે કરીમ ﷺએ મદીનામાં એ'લાન કરવા માટે એક એ'લાન કરનારને મોકલ્યો જેણે રસૂલે કરીમ ﷺનો આ હુકમ સંભળાવ્યો અને પહોંચાડયો, لَا يُصَلِّيَنَّ اَحَدٌ الْعَصْرَ اِلَّا فِىْ بَنِىْ قُرَيْظَةَ એટલે કે, કોઈ વ્યક્તિ અસરની નમાઝ ન પઢે જ્યાં સુધી કે બનુ કુરયઝામાં ન પહોંચી જાય.

સહાબએ કિરામ (રદિ.) બધા આ બીજા જિહાદ માટે તરત જ તૈયાર થઈને બનુ કુરયઝા તરફ રવાના થઈ ગયા, માર્ગમાં અસરનો સમય થયો તો અમુક લોકોએ નબી ﷺના હુકમના જાહેર અર્થ પ્રમાણે રસ્તામાં અસરની નમાઝ અદા ન કરી બલકે નિશ્ચિત મંઝિલે બનુ કુરયઝામાં પહોંચીને અદા કરી અને અમુકે એવું સમજ્યું કે રસૂલે કરીમ ﷺનો હેતુ અસરના સમયમાં બનુ કુરયઝામાં પહોંચી જવાનો છે, જો અમે માર્ગમાં નમાઝ પઢીને અસરના સમયમાં ત્યાં પહોંચી જઈએ તો એ રસૂલે કરીમ ﷺના હુકમ વિરુદ્ધ નથી એટલા માટે તેમણે અસરની નમાઝ પોતાના સમય ઉપર માર્ગમાં જ પઢી લીધી.

મુજ્તહિદોના મતભેદોમાં કોઈ પક્ષે ગુનોહ અથવા મુન્કિર નથી હોતો કે જેની નીંદા કરવામાં આવે :

રસૂલે કરીમ ﷺને સહાબએ કિરામ (રદિ.)ના આ અલગ અલગ અમલની ખબર આપવામાં આવી તો રસૂલે કરીમ ﷺએ બંને પક્ષોમાંથી કોઈની ટીકા કરી નહીં બલકે બંનેનું સમર્થન કર્યું, તેનાથી ઉલમાએ ઉમ્મતે એ સિદ્ધાંત

પ્રતિપાદિત કર્યો છે કે મુજ્તહિદીન ઉલમા કે જેઓ હકીકતમાં મુજ્તહિદ હોય અને ઈજ્તિહાદની ક્ષમતા ધરાવતા હોય તેમના જુદા જુદા નિવેદનોમાંથી કોઈને ગુનોહ અથવા મુન્કિર કહી શકાય નહીં, બંને પક્ષો માટે પોત પોતાના ઈજ્તિહાદ ઉપર અમલ કરવામાં સવાબ લખવામાં આવે છે.

બનુ કુરયઝા સામે જિહાદ માટે નીકળવાના સમયે રસૂલે કરીમ ﷺએ ઝંડો હઝરત અલી મુર્તઝા (રદિ.)ને સોંપ્યો, રસૂલુલ્લાહ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ની આવવાની ખબર સાંભળીને બનુ કુરયઝા કિલ્લામાં બંધ થઈ ગયા અને ઈસ્લામી લશ્કરે કિલ્લાનો ઘેરો ઘાલ્યો.

બનુ કુરયઝાના આગેવાન કઅ્બનું પ્રવચન :

બનુ કુરયઝાનો સરદાર કઅ્બ જેણે રસૂલે કરીમ ﷺ સાથે કરારભંગ કરીને અહઝાબની સાથે કરાર કર્યો હતો તેણે પોતાની કોમને એકઠી કરીને પરિસ્થિતિની ગંભીરતા વર્ણન કરીને ત્રણ વિકલ્પો રજુ કર્યા.

પ્રથમ એ કે તમે બધા જ ઈસ્લામ કબૂલ કરી લો અને મુહમ્મદ ﷺના તા'બે થઈ જાઓ કારણ કે હું કસમ ખાઈને કહું છું કે તમે બધા લોકો જાણો છો કે તેઓ સત્ય ઉપર છે અને તમારી કિતાબ તવરાતમાં તેમની ખુશખબરી મોજૂદ છે જેને તમે પઢો છો, જો તમે એવું કરી લીધું તો દુનિયામાં પોતાના પ્રાણ, માલ તથા સંતાનોને સુરક્ષિત કરી લેશો અને આખિરત પણ ઠીક થઈ જશે.

બીજો વિકલ્પ એ છે કે તમે પોતાના સંતાનો અને સ્ત્રીઓને પ્રથમ પોતાના હાથે કતલ કરો અને પછી સંપૂર્ણ તાકાતથી મુકાબલો કરો એટલે સુધી કે તમે પોતે પણ માર્યા જાઓ.

ત્રીજો વિકલ્પ એ છે કે સબ્બાત (શનિવાર)ના દિવસે તમે મુસલમાનો ઉપર એકી સાથે આક્રમણ કરો, કારણ કે મુસલમાનો જાણે છે કે આપણા દીનમાં સબ્બાતમાં લડાઈ હરામ છે એટલા માટે તેઓ આપણા તરફથી એ દિવસે નચિંત હશે, આપણે અચાનક હુમલો કરીશું તો શક્ય છે કે સફળ થઈ જઈએ.

કોમના આગેવાન કઅ્બની આ તકરીર સાંભળીને કોમના લોકોએ જવાબ આપ્યો કે પ્રથમ વિકલ્પ એટલે કે મુસલમાન થઈ જવું તે તો અમે કદાપિ સ્વીકારીશું નહીં, કારણ કે અમે તવરાતને છોડીને અન્ય કોઈ કિતાબને માનીશું

નહીં, રહ્યો બીજો વિકલ્પ તો સ્ત્રીઓ અને બાળકોનો શું વાંક છે કે આપણે તેમને મારી નાંખીએ ? બાકી ત્રીજો વિકલ્પ પોતે જ તવરાતના હુકમ અને આપણા દીનના વિરુદ્ધ છે એટલા માટે આપણે એવું પણ નથી કરી શકતા.

ત્યારબાદ બધાએ એ બાબત ઉપર સહમતી દર્શાવી કે રસૂલે કરીમ ﷺની સામે હથિયાર નાંખી દઈએ અને આપ ﷺ તેમના વિશે જે ફેંસલો કરે તેના ઉપર રાજી થઈ જઈએ, અન્સારી સહાબએ કિરામ (રદિ.)માં જે લોકો કબીલએ ઔસથી સંબંધિત હતા તેમના અને બનુ કુરયઝા વચ્ચે જુના સમયમાં કરાર રહ્યો હતો તો ઔસી સહાબએ કિરામ (રદિ.)એ રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે તમે તે લોકોને અમારા હવાલે કરી આપો, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે શું તમે તે બાબત ઉપર રાજી છો કે હું તેમનો મા'મલો તમારા જ એક સરદારને સોંપું ? આ લોકો એ બાબતે રાજી થઈ ગયા અને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તે તમારા સરદાર અસદ ઈબ્ને મઆઝ (રદિ.) છે, તેમનો ફેંસલો હું તેમને સોંપું છું; એ બાબતે બધા લોકો રાજી થઈ ગયા.

હઝરત સઅદ બિન મઆઝ (રદિ.)ને ખંડકની ઘટનામાં તીરનો સખત ઘા વાગ્યો હતો, રસૂલુલ્લાહ ﷺએ તેમની સેવા ચાકરી માટે મસ્જિદના પટાંગણમાં એક તંબૂ લગાવીને તેમાં થોભાવ્યા હતા, રસૂલે કરીમ ﷺના ફરમાન પ્રમાણે બનુ કુરયઝાના કેદીઓનો ફેંસલો તેમના ઉપર છોડવામાં આવ્યો, તેમણે એ ફેંસલો આપ્યો કે તેમાંથી જે યુદ્ધ કરનાર યુવાનો છે તેમને કતલ કરવામાં આવે તથા સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની સાથે યુદ્ધ કેદીઓ જેવો વ્યવહાર કરવામાં આવે જે ઈસ્લામમાં પ્રચલિત છે, એ જ ફેંસલો લાગુ પાડવામાં આવ્યો અને આ ફેંસલાના તરત પછી હઝરત સઅદ બિન મઆઝ (રદિ.)ના ઘામાંથી લોહી વહી પડ્યું તેમાં જ તેમની વફાત થઈ ગઈ. અલ્લાહ તઆલાએ તેમની બંને દુઆઓ કબૂલ કરી, એક એ કે હવે પછી કુરૈશનું રસૂલે કરીમ ﷺ ઉપર કોઈ આક્રમણ થશે નહીં અને બીજું, બનુ કુરયઝાની ગદ્દારીની સજા તેમને મળી જાય, તે અલ્લાહ તઆલાએ તેમના દ્વારા જ અપાવી દીધી.

જેમને કતલ કરવાનું નક્કી થયું હતું તેમનામાંથી અમુક મુસલમાન થઈ જવાના કારણે આઝાદ કરી દેવામાં આવ્યા. અતિય્યા કુરઝી જે મશહૂર સહાબએ કિરામમાંથી છે તેઓ તે જ લોકોમાંથી છે અને તેમનામાંથી જ ઝુબૈર ઈબ્ને બાટા

પણ છે, તેમને હઝરત સાબિત બિન કૈસ બિન શમાસ (રદિ.) સહાબીએ રસૂલે કરીમ ﷺથી દરખાસ્ત કરીને મુક્ત કરાવ્યા જેનું કારણ એ હતું કે ઝુબૈર ઇબ્ને બાટાએ તેમના ઉપર અજ્ઞાનતાના કાળમાં એક અહેસાન કર્યું હતું તે એ કે અજ્ઞાનતાના સમયમાં જંગે બઆસમાં સાબિત બિન કૈસ કેદ થઈને ઝુબૈર બિન બાટાના કબ્જામાં આવ્યા હતા, ઝુબૈર બિન બાટાએ તેમના માથાના વાળ કાપીને તેમને આઝાદ કરી દીધા, કતલ કર્યા ન હતા.

અહેસાનનો બદલો અને કોમી ગયરત (આત્મસન્માન)ના બે આશ્ચર્યજનક નમૂના :

હઝરત સાબિત બિન કૈસ (રદિ.) ઝુબૈર બિન બાટાની મુક્તિનો હુકમ પ્રાપ્ત કરીને તેમની પાસે ગયા અને કહ્યું કે મેં આ એટલા માટે કર્યું છે કે તમારા તે અહેસાનનો બદલો આપી દઉં જે તમે જંગે બુવાસમાં મારા ઉપર કર્યું હતું. ઝુબૈર બિન બાટાએ કહ્યું કે નિઃશંક ! શરીફ વ્યક્તિ બીજા શરીફ વ્યક્તિ સાથે આવો જ વ્યવહાર કરે છે પરંતુ એ તો બતાવો કે તે વ્યક્તિ જીવીત રહીને શું કરશે જેના બાળબચ્ચાં ન રહ્યા હોય ? આ સાંભળીને સાબિત બિન કૈસ (રદિ.) રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને વિનંતી કરી કે તેમના ઘરવાળાઓના પ્રાણ પણ બખ્શી દેવામાં આવે, આપ ﷺએ સ્વીકારી લીધું. ઝુબૈર બિન બાટાને તેની ખબર આપવામાં આવી તો તેઓ એક ડગલું ઔર આગળ વધ્યા કે સાબિત (રદિ.) એ તો બતાવો કે કોઈ વ્યક્તિ બાળબચ્ચાંવાળો કેવી રીતે જીવીત રહેશે જ્યારે કે તેની પાસે કોઈ માલ મિલકત ન હોય ? સાબિત બિન કૈસ ફરી રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને તેમનો માલ પણ તેમને અપાવી દીધો, અહીંયાં સુધી તો એક મો'મિનની શરાફત અને તેના ઉપકારનો બદલો આપવાની વૃત્તિનો કિસ્સો હતો જે હઝરત સાબિત બિન કૈસ (રદિ.) તરફથી રજુ થયો.

હવે ઘટનાનું બીજું પાસું જુઓ કે ઝુબૈર બિન બાટાને જ્યારે પોતાના અને પોતાના બાળબચ્ચાંની મુક્તિ પોતાના માલ અને મિલકત બધું પાછું મળી જવાનો સંતોષ થઈ ચૂક્યો તો તેણે હઝરત સાબિત બિન કૈસ (રદિ.)ને યહૂદી કબીલાઓના બીજા સરદારો વિશે પ્રશ્ન કર્યો અને પૂછ્યું કે ઈબ્ને અબીલ હકીકનું શું થયું જેનો ચહેરો ચીનીના આયના જેવો હતો ? તેમણે બતાવ્યું કે તેઓ કતલ

કરી નાંખવામાં આવ્યા, પછી પૂછ્યું કે બનુ કુરયઝાના સરદાર કઅ્બ બિન કુરયઝા અને અમ્ર બિન કુરયઝાનો શું અંજામ થયો ? તેમણે બતાવ્યું કે.તે બંનેને પણ કતલ કરી દેવામાં આવ્યા, પછી બે જૂથો વિશે પ્રશ્ન કર્યો, તેના જવાબમાં તેમને ખબર આપવામાં આવી કે તે બધા કતલ કરી નાંખવામાં આવ્યા.

આ સાંભળીને ઝુબૈર બિન બાટાએ હઝરત સાબિત બિન કૈસને કહ્યું, તમે પોતાના અહેસાનનો બદલો પૂરો કરી દીધો અને પોતાની જવાબદારીનો હક અદા કરી દીધો પરંતુ હું હવે પોતાની જમીન જાયદાદને તે લોકો પછી આબાદ કરીશ નહીં, મને પણ તે લોકોની સાથે જ સામેલ કરી આપો એટલે કે કતલ કરી નાંખો. સાબિત ઈબ્ને કૈસ (રદિ.)એ તેને કતલ કરવાથી ઈન્કાર કરી દીધો, પછી તેના આગ્રહના કારણે કોઈ બીજા મુસલમાને તેને કતલ કર્યો.

આ એક કાફિરની કોમી ગયરત હતી જેણે બધું જ કંઈ પાછું મળ્યા પછી પોતાના સાથીઓ વિના જીવીત રહેવાનું પસંદ ન કર્યું, એક મો'મિન અને એક કાફિરના આ બંને અમલ એક ઐતિહાસિક યાદગાર સ્વરૂપ ધરાવે છે. બનુ કુરયઝા ઉપરનો આ વિજય હિજરતના પાંચમાં વર્ષે જિલ્કઅ્દાના મહિનાના અંતે અને જિલ્હજ્જના મહિનાની શરૂઆતમાં થયો હતો. *(કુર્તુબી)*

ગઝ્વએ અહઝાબ અને બનુ કુરયઝાને આ સ્થળે કંઈ વિગતવાર વર્ણન કરવાનું એક કારણ તો પોતે કુર્આને કરીમના તેને વિગતપૂર્વક બે રુકૂઅ્માં વર્ણન કરવાના કારણે છે, બીજું કારણ એ પણ છે કે તે ઘટનાઓમાં જિંદગીના વિવિધ પાસાંઓ વિશે ઘણા બધા માર્ગદર્શનો અને રસૂલે કરીમ ﷺના ઉઘાડા મોઅ્જિઝાઓ અને ઘણા બધા બોધપાઠો છે જેને આ કિસ્સામાં વિષય બાંધીને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ સંપૂર્ણ ઘટના જાણી લીધા પછી પ્રસ્તુત આયતોની તફસીર માટે પ્રસ્તુત ચર્ચાનો ખુલાસો જોઈ લેવો પૂરતો છે, કોઈ વધારે સ્પષ્ટતા કરવાની આવશ્યકતા નથી રહેતી માત્ર અમુક વાતો ધ્યાન આપવાપાત્ર છે.

પ્રથમ એ કે આ ગઝ્વહમાં મુસલમાનો ઉપર સખત અને વિવિધ પ્રકારની તકલીફોમાં સપડાવવાનું વર્ણન કરીને તે લાચારીની પરિસ્થિતિની એક હાલત તો મો'મિનોની બતાવવામાં આવી છે تَظُنُّوْنَ بِاللّٰهِ الظُّنُوْنَا એટલે કે, તમે લોકો અલ્લાહની સાથે વિવિધ પ્રકારના અનુમાનો બાંધવા લાગ્યા હતા, આ

અનુમાનોનો ભાવાર્થ તે અનિચ્છાવર્તી ભ્રમણાઓ છે જે લાચારીના સમયે મનુષ્યના દિલમાં આવ્યા કરતી હોય છે કે હવે મોત જ આવી ગઈ, હવે છુટકારાનું કોઈ સ્વરૂપ બાકી નથી રહ્યું વગેરે...વગેરે... આવા અનિચ્છાવર્તી ભય અને ભ્રમણાઓ ન તો ઈમાની વિશેષતાના વિરુદ્ધ છે અને ન જ વલીની વિશિષ્ટતાના વિરુદ્ધ, અલબત્ત તેનાથી મુસીબત અને લાચારીની કઠોરતાની અવશ્ય જાણ થાય છે કે સહાબએ કિરામ (રદિ.) જેવા અડગતાના પહાડોના દિલોમાં પણ ભ્રમણાઓ અને વસવસાઓ આવવા લાગ્યા.

બીજી પરિસ્થિતિ મુનાફિકો વિશે વર્ણન કરી છે કે તેમણે ખુલ્લમ ખુલ્લી રીતે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺના વાયદાઓને ધોકો અને છેતરપિંડી કહેવાનું શરૂ કરી દીધું. وَاِذْيَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ مَّا وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗٓ اِلَّا غُرُوْرًا આ તેમના ગુપ્ત કુફ્રની જાહેરાત હતી. આગળ જાહેર સ્વરૂપે તે મુનાફિકો જે રીતે જાહેરમાં મુસલમાનોની સાથે જિહાદમાં સામેલ હતા તેમના બે વર્ગોનું વર્ણન છે, એક વર્ગ તો પૂછ્યા વિના જ નાસી છૂટયો જેણે કહ્યું, يٰٓاَهْلَ يَثْرِبَ لَا مُقَامَ لَكُمْ فَارْجِعُوْا અને બીજા વર્ગે હીલા બહાના કરીને રસૂલે કરીમ ﷺ પાસે યુદ્ધમાંથી ઘેર પાછા જવાની દરખાસ્ત કરી જેમની હાલત વર્ણન કરવામાં આવી છે ....وَيَسْتَاْذِنُ فَرِيْقٌ مِّنْهُمُ النَّبِىَّ يَقُوْلُوْنَ اِنَّ بُيُوْتَنَا عَوْرَةٌ કુર્આને તેમના હીલા બહાનાને ખોલી નાંખ્યા કે તેઓ બધા જૂઠા છે, હકીકત એ સિવાય કંઈ નથી કે તેઓ યુદ્ધના મેદાનથી નાસી છૂટવા ઈચ્છે છે اِنْ يُّرِيْدُوْنَ اِلَّا فِرَارًا આગળ કેટલીય આયતોમાં તેમની શરારતો અને મુસલમાનો સાથે દુશ્મનાવટ પછી તેના ખરાબ પરિણામનું વર્ણન કર્યું.

ત્યાર પછી મો'મિનીન મુખ્લિસીનનું વર્ણન કરીને તેમના ધૈર્ય અને અડગતાના વખાણ કરવામાં આવ્યા છે, આ જ સંદર્ભમાં રસૂલે કરીમ ﷺના અનુસરણ અને આજ્ઞાપાલનની તાકીદ એક નિયમ સ્વરૂપે વર્ણન કરવામાં આવી છે. لَقَدْ كَانَ لَكُمْ فِىْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ તેનાથી રસૂલે કરીમ ﷺના નિવેદનો અને પ્રવૃત્તિઓ બધા જ અનુસરણપાત્ર હુકમો સાબિત થયા પરંતુ સંશોધનકાર વિદ્વાનો અને તફસીરકારો નજીક તેનું અમલી સ્વરૂપ એ છે કે જે કામને કરવાનું અથવા છોડવાનું રસૂલે કરીમ ﷺ દ્વારા વાજિબના દરજ્જામાં સાબિત થયું તેનું અનુસરણ વાજિબ અને જરૂરી છે અને જે કાર્ય કરવું અથવા

છોડવું استحباب (ઈસ્તિહ્બાબ) "અભિપ્રાય અથવા પસંદ કરવામાં આવેલ બાબત અથવા પ્રાથમિકતા સ્વરૂપે" હોવું સાબિત થયું તેનું કરવું અથવા છોડવું આપણા ઉપર પણ ઈસ્તિહ્બાબના દરજ્જામાં રહેશે કે તેવું ન કરવાને ગુનોહ ઠરાવવામાં આવશે નહીં. (قُلْتُ اِلَيْهِ يَرْجِعُ كَلَامُ الْجَصَّاصِ فِىْ اَحْكَامِ الْقُرْآنِ)

પ્રસ્તુત આયતોમાંથી અંતિમ ત્રણ આયતોમાં બનુ કુરયઝાની ઘટનાનું વર્ણન છે, وَاَنْزَلَ الَّذِيْنَ ظَاهَرُوْهُمْ مِّنْ اَهْلِ الْكِتٰبِ مِنْ صَيَاصِيْهِمْ એટલે કે, જે અહલે કિતાબે અહઝાબના લોકોની મદદ કરી હતી અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં રસૂલે કરીમ ﷺ અને મુસલમાનોની ધાક નાંખીને તેમના મજબૂત કિલ્લાઓમાંથી તેમને નીચે ઊતારી દીધા અને તેમના માલ દોલત અને જમીન જાયદાદના મુસલમાનોને વારિસ બનાવી દીધા.

અંતિમ આયતમાં હવે પછી ભવિષ્યમાં થનારા વિજયોની ખુશખબરી આપવામાં આવી છે કે હવે કાફિરોના હુમલાઓ પૂરા થઈ ગયા, હવે મુસલમાનોના વિજયોનો યુગ શરૂ થશે અને એવી એવી ભૂમિઓ તેમના કબ્જામાં આવશે જ્યાં તેમના કદમ પણ હજુ સુધી પહોંચ્યા નથી, જેનું અસ્તિત્વમાં આવવું સહાબએ કિરામ (રદિ.)ના દોરમાં પોતાની આંખોએ જોઈ લીધું કે કિસ્રા અને કૈસરના બધા જ મોટા સામ્રાજ્યો તેમના શાસન હેઠળ આવી ગયા.

وَاللّٰهُ يَفْعَلُ مَا يَشَاءُ

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૨૮ થી ૩૪)

يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ اِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا فَتَعَالَيْنَ
اُمَتِّعْكُنَّ وَاُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيْلًا ﴿٢٨﴾ وَاِنْ كُنْتُنَّ تُرِدْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ وَالدَّارَ
الْاٰخِرَةَ فَاِنَّ اللّٰهَ اَعَدَّ لِلْمُحْسِنٰتِ مِنْكُنَّ اَجْرًا عَظِيْمًا ﴿٢٩﴾ يٰنِسَآءَ النَّبِيِّ مَنْ يَّاْتِ
مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا الْعَذَابُ ضِعْفَيْنِ ؕ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿٣٠﴾

પારહ : ૨૨

٢٢ وَمَنْ يَّقْنُتْ مِنْكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ صَالِحًا نُّؤْتِهَآ اَجْرَهَا مَرَّتَيْنِ ۙ
وَاَعْتَدْنَا لَهَا رِزْقًا كَرِيْمًا ﴿٣١﴾ يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ
اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِيْ فِيْ قَلْبِهٖ مَرَضٌ وَّقُلْنَ قَوْلًا
مَّعْرُوْفًا ﴿٣٢﴾ ۚ وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى وَاَقِمْنَ
الصَّلٰوةَ وَاٰتِيْنَ الزَّكٰوةَ وَاَطِعْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ۭ اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ
الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا ﴿٣٣﴾ ۚ وَاذْكُرْنَ مَا يُتْلٰى فِيْ بُيُوْتِكُنَّ مِنْ اٰيٰتِ اللّٰهِ
وَالْحِكْمَةِ ۭ اِنَّ اللّٰهَ كَانَ لَطِيْفًا خَبِيْرًا ﴿٣٤﴾ ع

તરજુમો :

હે નબી (ﷺ) ! પોતાની ઓરતો (પત્નીઓ)ને કહી આપો, જો તમે દુનિયાની જિંદગી અને અહીંયાંની રોનક ઈચ્છતી હોય તો આવો ! તમને કંઈક ફાયદો પહોંચાડી આપું અને રુખસદ કરી દઉં ભલી રીતે રુખસતી. (૨૮) અને જો તમે અલ્લાહને અને તેના રસૂલને અને પાછલા ઘર (આખિરત)ને ઈચ્છતી હોય તો અલ્લાહે તેમના માટે ઘણો મોટો સવાબ રાખી છોડયો છે જે તમારામાં નેકી ઉપર છે. (૨૯) હે નબી (ﷺ)ની સ્ત્રીઓ ! જે કોઈ તમારામાં ખુલ્લી નિર્લજ્જતાનું કાર્ય કરી લાવે તેને બમણો અઝાબ થશે અને આ અલ્લાહ માટે સહેલું છે. (૩૦) અને જે કોઈ તમારામાં અલ્લાહનું અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરે અને સદ્કર્મો કરે, અમે તેને તેનો બમણો સવાબ આપીએ અને અમે તેના માટે ઈજ્જતની રોજી રાખી છે. (૩૧) હે નબી (ﷺ)ની સ્ત્રીઓ (પત્નીઓ) ! તમે (એવી) નથી જેમકે હર કોઈ સ્ત્રીઓ જો તમે ડરો, બસ તમે ધીમેથી (નજાકતવાળા અવાજથી) વાત ન કરો, પછી (જેથી) જેના દિલમાં રોગ છે કોઈ લાલચ કરે અને યોગ્ય વાત કહો. (૩૨) અને પોતાના ઘરોમાં નિરાંતે બેસો અને (તમારું

સૌંદર્ય) બતાવતી ન ફરો જેમકે પહેલાં અજ્ઞાનતાના સમયમાં બતાવવાનો રિવાજ હતો અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપતી રહો અને અલ્લાહની અને તેના રસૂલની આજ્ઞામાં રહો, અલ્લાહ એવું જ ઈચ્છે છે કે તમારાથી ગંદકી દૂર કરે હે નબી (ﷺ)ના ઘરવાળાઓ, અને તમને પવિત્ર કરે એક પવિત્રતાથી. (૩૩) અને યાદ કરો તમારા ઘરોમાં જે અલ્લાહની અને હિકમતની વાતો પઢવામાં આવે છે, નિઃશંક અલ્લાહ જ ભેદ જાણનાર સર્વજ્ઞ છે. (૩૪)

તફસીર :

હે નબી (ﷺ) ! તમે પોતાની પત્નીઓને કહી આપો, (તમારાથી ખુલ્લી વાત કરવામાં આવે છે જેથી હંમેશના માટે કિસ્સો પૂરો થાય, તે વાત એ છે કે) તમે જો દુનિયવી જિંદગી(ની રાહત) અને તેની વસંત ઈચ્છતી હોય તો આવો ! (એટલે કે લેવા માટે ધ્યાન આપો) હું તમને કંઈક (માલ અને) મત્તા (દુનિયાની) આપી દઉં (અથવા તો તેનાથી ભાવાર્થ તે જોડ કપડાં છે જે તલાક આપતી વખતે સ્ત્રીને આપવા મુસ્તહબ છે અથવા તેનો ભાવાર્થ તે ઈદ્દતનું ભરણ પોષણ છે અથવા બંને સામેલ છે) અને (માલ મત્તા આપીને) તમને ભલાઈની સાથે રુખસદ કરી દઉં (એટલે કે સુન્નત પ્રમાણે તલાક આપી દઉં જેથી જ્યાં ઈચ્છો જઈને દુનિયા પ્રાપ્ત કરો) અને જો તમે અલ્લાહને ઈચ્છતી હોય અને (અલ્લાહને ઈચ્છવાનો મતલબ આ સ્થળે એ છે કે) તેના રસૂલને (ચાહતી હોય, એટલે કે ભૂખ અને તંગીની અત્યારની પરિસ્થિતિની સાથે રસૂલની સાથે નિકાહમાં રહેવા ઈચ્છતી હોય) અને આખિરતની દુનિયા(ના ઉચ્ચ દરજ્જાઓ)ને (ચાહતી હોય કે જે રસૂલે કરીમ ﷺની પત્ની હોવા ઉપર મળવાના છે) તો (આ તમારો નેક અમલ છે અને) તમારામાં નેક અમલ કરનારાઓ માટે અલ્લાહ તઆલાએ (આખિરતમાં) મહાન સવાબ તૈયાર કરી રાખ્યો છે (એટલે કે નબીએ કરીમ ﷺની પત્નીઓ માટે જે સવાબ નિશ્ચિત છે અને પવિત્ર પત્નીઓનો તે મહાન બદલો છે અને જેનાથી નબીએ કરીમ ﷺનું પત્નીપણું ન અપનાવવાના સ્વરૂપમાં વંચિત થશે ભલે જાહેર દલીલોથી ઈમાન અને નેક અમલોનો સામાન્ય બદલો આ સ્વરૂપમાં પણ પ્રાપ્ત થશે. અહીંયાં સુધી તો ચેતવણીનો વિષય છે જેમાં

રસૂલે કરીમ ﷺ દ્વારા પત્નીઓને અધિકાર આપવામાં આવ્યો છે કે હાલની પરિસ્થિતિ ઉપર કરકસર કરીને આપ ﷺની પત્ની તરીકે રહેવાનું પસંદ કરે અથવા તો આપ ﷺથી તલાક પ્રાપ્ત કરી લે. આગળ અલ્લાહ તઆલાએ તેમને પોતે સંબોધન કરીને તે હુકમો કર્યા છે જે પત્ની તરીકેના સ્વરૂપમાં કાળજીપૂર્વક કરવું વાજિબ થશે, ફરમાન છે કે) હે નબી (ﷺ)ની પત્નીઓ ! તમારામાં જે ખુલ્લી નિર્લજ્જતા આચરશે (તેનાથી તે બાબત ભાવાર્થ સ્વરૂપે છે જેનાથી રસૂલે કરીમ ﷺ તંગ અને પરેશાન થાય તો) તેને (તેના ઉપર આખિરતમાં) બમણી સજા આપવામાં આવશે (એટલે કે અન્ય વ્યક્તિને તેના અમલ ઉપર જેટલી સજા મળવાની હતી તેનાથી બમણી સજા થશે) અને આ વાત અલ્લાહને (માટે બિલકુલ) સરળ છે (એવું નથી કે દુનિયવી હુકમોની જેમ સજા વધારવાથી કોઈની પ્રતિષ્ઠા અલ્લાહને અવરોધક બની જાય અને આ સજા વધવાના કારણની હવે ચર્ચા થાય છે) અને જે કોઈ તમારામાં અલ્લાહની અને તેના રસૂલની ફરમાંબરદારી કરશે (એટલે કે જે બાબતોને અલ્લાહ તઆલાએ વાજિબ ઠરાવી છે તેને અદા કરે અને પોતે રસૂલે કરીમ ﷺની પત્ની હોવાથી આજ્ઞાપાલનના જે હકો વાજિબ વગેરે છે તે અદા કરશે કારણ કે રિસાલતના સ્વરૂપના હકો અલ્લાહની આજ્ઞાપાલનમાં સામેલ થઈ ગયા) અને (જે બાબતો વાજિબ નથી પરંતુ જે) નેક કામ (છે તેને) કરશે તો અમે તેનો સવાબ (પણ) બમણો આપીશું અને અમે તેના માટે (બમણા સવાબ ઉપરાંત) એક (ખાસ) ઉત્તમ રોજી (જે જન્નતમાં નબીએ કરી ﷺની પત્નીઓ માટે નિશ્ચિત છે અને જે અમલના બદલા કરતાં વધારે છે) તૈયાર કરી રાખી છે (આજ્ઞાપાલનના સ્વરૂપમાં બમણો સવાબ અને આજ્ઞાપાલન છોડવાથી બમણા અઝાબનું કારણ નબીએ કરીમ ﷺની પત્ની તરીકેનું સન્માન છે જેના ઉપર يٰنِسَآءَ النَّبِىِّ દલીલ છે, કારણ કે ખાસ વ્યક્તિઓની ભૂલ પણ અન્યોની ભૂલ કરતાં વધારે કઠોર હોય છે એ જ પ્રમાણે તેમનું આજ્ઞાપાલન પણ અન્યોના આજ્ઞાપાલનથી વધારે સ્વીકૃત હોય છે. બસ વાયદો અને ચેતવણી બંનેમાં તેઓ અન્યો કરતાં વિશિષ્ટ હોય છે અને ખાસ કરીને વાતચીતમાં એ કહેવું શક્ય છે કે ઉમ્મહાતુલ મુઅ્મિનીન રદિ.થી સેવા અને આજ્ઞાપાલનનો વર્તાવ રસૂલે કરીમ ﷺના દિલને રાહત વધારે પહોંચાડશે, બસ આપ ﷺને રાહત પહોંચાડવાના કારણે વધારે સવાબ મળશે. તેનાથી વિપરીત

સજાના બાબતે પણ સમજવું જોઈએ. અહીંયાં સુધી આપ ﷺની પત્નીઓના હકો વિશે સંબોધન હતું, આગળ સામાન્ય હુકમો વિશે વધારે કાળજી માટે સંબોધન છે કે) હે નબી (ﷺ)ની પત્નીઓ ! (માત્ર એ બાબત ઉપર ફુલાઈ ન જશો કે અમે નબીની પત્નીઓ છે અને એટલા માટે સામાન્ય સ્ત્રીઓથી વિશિષ્ટ છે આ સંબંધ અને પ્રતિષ્ઠા અમારા માટે પૂરતી છે, બસ આ ભ્રમમાં ન રાચશો, એ વાત સાચી છે કે) તમે સામાન્ય સ્ત્રીઓની જેમ નથી (બેશક ! તેમનાથી વિશિષ્ટ છો પરંતુ સદંતર નહીં, બલકે તેની સાથે એક શરત એ પણ છે કે) જો તમે તકવો અપનાવો (ત્યારે તો ખરેખર આ સંબંધના કારણે તમને અન્યો ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે એટલે સુધી કે સવાબ પણ વધારે મળશે અને જો આ શરત પૂર્ણ ન થઈ તો આ જ સંબંધ તેનાથી વિપરીત બમણા અઝાબનું કારણ બનશે, જ્યારે વાત એમ જ છે કે સંબંધ તકવા વિના નિરર્થક છે) તો (તમારે શરીઅતના હુકમોની સંપૂર્ણ પાબંદી કરવી જોઈએ, ખાસ કરીને તે હુકમો જે પ્રસ્તુત આયતમાં અને હવે પછી તાકીદપૂર્વક આવ્યા છે અને તે હુકમો એ છે કે) તમે (નામહરમ પુરુષ સાથે) બોલવામાં (જ્યારે કે જરૂરતના સમયે બોલવું પડે) નઝાકત ન કરો (તેનો અર્થ એ નથી કે જાણીબૂઝીને નઝાકત ન કરો, કારણ કે તેનું ખરાબ હોવું તો બિલકુલ જાહેર છે, બીજું અઝ્‌વાજે મુતહ્હરાતથી એવી બાબતની સંભાવના સુદ્ધાં નથી બલકે મતલબ એ છે કે જેવી રીતે ઓરતોની વાતચીતનો સ્વાભાવિક અંદાજ હોય છે કે વાતચીતમાં વિનમ્રતા અને સ્વાભાવિક કોમળતા હોય છે એવી કોમળતા ન વર્તો) કે (તેનાથી) એવા વ્યક્તિને (સ્વાભાવિક બુરો) વિચાર (પેદા) થવા લાગે છે જેના દિલમાં ખરાબી (અને બુરાઈ) છે (બલકે આવા મોકા ઉપર ખચકાટ અનુભવી કાળજીપૂર્વક તે સ્વાભાવિક પદ્ધતિને બદલીને વાતચીત કરો) અને (પાકીઝગીના) કાયદા પ્રમાણે વાત કહો (એટલે એવી પદ્ધતિથી વાતચીત કરો જેમાં સુક્કાપણું હોય કે તે પવિત્રતાની રક્ષા કરે છે અને આ કોઈ ખરાબ વર્તણૂંક નથી, ખરાબ વર્તણૂંક તો તે હોય છે જેમાં કોઈ નબીને ઠેસ પહોંચે અને ખોટી વાસનાને રોકવાના પ્રયત્નોથી દિલને ઠેસ પહોંચવી જરૂરી નથી બનતું, તેમાં તો વાતચીતની લઢણ વિશે હુકમ છે) અને (આગળ પડદા વિશે ઈરશાદ છે અને બંને સમાન હુકમમાં ફક્ત પવિત્રતાનો હેતુ છે કે) તમે પોતાના ઘરોમાં નિરાંતે રહો (તેનાથી ભાવાર્થ એ છે કે માત્ર કપડાં ઓઢી લપેટીને પડદો કરી લેવું પૂરતું નથી

બલકે પડદો એ રીતે કરો કે શરીરની સાથે કપડાં પણ નજરે ન પડે જેમકે હાલના સમયમાં શરીફ લોકોમાં પડદાનો રિવાજ પ્રચલિત છે કે એ સ્ત્રીઓ ઘરેથી બહાર જ નથી નીકળતી, અલબત્ત આવશ્યકતાના સમયે તેઓ આ બીજી દલીલથી બાકાત છે) અને (આગળ આ જ હુકમની તાકીદ માટે ઈરશાદ છે કે) જુના અજ્ઞાનતાના સમયના રિવાજ પ્રમાણે ન ફરો (જેમાં બેપર્દગી પ્રચલિત હતી કે તે નિર્લજ્જતા સિવાય પણ કેમ ન હોય ! અને જુની જાહિલિયતથી ભાવાર્થ તે જાહિલિયત છે જે ઈસ્લામ પહેલાં હતી અને તેના મુકાબલામાં ત્યાર પછીની એક અજ્ઞાનતા છે કે તા'લીમ અને ઈસ્લામના હુકમોના પ્રચાર પછી પણ તેના ઉપર અમલ કરવામાં ન આવે, બસ જે કોતાહી ઈસ્લામ પછી હશે તે પાછળની અજ્ઞાનતા છે એટલા માટે આ દાખલો આપવામાં જૂની જાહિલિયત ઈસ્લામ પહેલાંની જાહિલિયત હોવાનું જાહેર છે, કારણ કે મતલબ એ છે કે પાછળની અજ્ઞાનતા ચાલુ કરીને આગલી અજ્ઞાનતાનું અનુસરણ ન કરો જેને મિટાવવા માટે ઈસ્લામ આવ્યો છે, અહીંયાં સુધી ચારિત્ર્યની પવિત્રતા વિશેના હુકમો હતા) અને (આગળ શરીઅતના બીજા હુકમોનો ઈરશાદ છે કે) તમે નમાઝોની પાબંદી રાખો અને ઝકાત (જો નિસાબના માલિક હોય) આપ્યા કરો (કે બંને મહાન નિશાનીઓ છે એટલા માટે તેને વિશિષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું) અને (અન્ય પણ જેટલા હુકમો છે અને તમને ખબર છે બધામાં) અલ્લાહનું અને તેના રસૂલનું કહ્યું માનો (અને અમે તમને જે આ હુકમોના જવાબદાર અને તેની કાળજી રાખવા માટે તાકીદ ફરમાવી છે તો તમારા જ નફા માટે છે કારણ કે) અલ્લાહ તઆલાને (આ હુકમો બતાવવાથી સ્પષ્ટ રીતે) એ મંજૂર છે કે હે (પયગમ્બરના) ઘરવાળાઓ ! તમારાથી (ગુનાહો અને નાફરમાનીની) ગંદકીને દૂર રાખે અને તમને (જાહેર અને ગુપ્ત રીતે માન્યતાની દષ્ટિએ અને કર્મોમાં તથા વર્તન અને ચારિત્ર્યમાં બિલકુલ) પાક સાફ રાખે (કારણ કે હુકમોના જ્ઞાનનો વિરોધ કરવાના કારણે કે જે ગંદકીનું કારણ અને પવિત્રતાનું અવરોધક છે તેનાથી બચવું શક્ય છે) અને (કારણ કે આ હુકમો ઉપર અમલ વાજિબ છે અને અમલ હુકમો જાણવા અને તેના યાદ રાખવા ઉપર અવલંબિત છે એટલા માટે) તમે અલ્લાહની આ આયતો (એટલે કે કુર્આન)ને અને તેના (હુકમોના) જ્ઞાનને યાદ રાખો જેની તમારા ઘરોમાં ચર્ચા રહે છે (અને એ પણ દષ્ટિ સમક્ષ રાખો કે) બેશક ! અલ્લાહ

તઆલા ભેદને જાણનારો છે (કે દિલોના અમલોને પણ જાણે છે) અને સંપૂર્ણ ખબરદાર છે (કે ગુપ્ત અમલોને પણ જાણે છે એટલા માટે જાહેર અને ગુપ્ત રીતે અથવા જાહેરમાં કે મૌન રહીને અથવા બોલીને ખરાબ અમલોથી બચવાની કાળજી રાખવી વાજિબ છે).

મસ્અલા અને બોધપાઠ :

આ જ સૂરતના હેતુઓમાંથી મહત્ત્વના હેતુઓ રસૂલે કરીમ ﷺને કષ્ટ પહોંચાડવાથી અને દરેક એવી વસ્તુથી બચવાની તાકીદ છે જેનાથી રસૂલે કરીમ ﷺને તકલીફ પહોંચે, વળી આપ ﷺનું આજ્ઞાપાલન અને તેમની ખુશ્નૂદી પ્રાપ્ત કરવાના મહત્ત્વના હુકમો છે. ગઝ્વએ અહઝાબની વિગતપૂર્વકની ઘટના જે આગળ પસાર થઈ ચૂકી છે તેમાં કાફિરો અને મુનાફિકો તરફથી રસૂલે કરીમ ﷺને પીડાઓ પહોંચી તેનું વર્ણન અને તેની સાથે પરિણામે તકલીફ પહોંચાડનાર કાફિરો અને મુનાફિકોને અપમાનિત અને રુશ્વા થવું પડ્યું અને રસૂલે કરીમ ﷺ દરેક મોકા ઉપર વિજયી અને સફળ થયા તેનું વર્ણન કરવામાં આવ્યું અને તેની સાથે જ મુઅ્મુનીન મુખ્લિસીન જેમણે રસૂલે કરીમ ﷺના હુકમ અને ઈશારા ઉપર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું તેમના વખાણ, તા'રીફ અને આખિરતના દરજ્જાઓનું વર્ણન હતું.

પ્રસ્તુત આયતોમાં ખાસ અઝ્વાઝે મુતહ્હરાત (રસૂલે કરીમ ﷺની પવિત્ર પત્નીઓ)ને તા'લીમ છે કે તેઓ ખાસ કરીને એ બાબતની કાળજી રાખે કે આપ ﷺને તેમના કોઈ નિવેદન અથવા પ્રવૃત્તિથી તકલીફ ન પહોંચે અને એ ત્યારે જ બની શકે છે કે તેઓ અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺનું સંપૂર્ણ આજ્ઞાપાલન કરવામાં લાગી જાય, આ ક્રમમાં અમુક હુકમો અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને સંબોધન કરીને બતાવવામાં આવ્યા છે.

આ આયતની શરૂઆતમાં જે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને તલાક લેવાના અધિકારનું વર્ણન ઉપસ્થિત છે તેના માટે અમુક ઘટનાઓ કારણભૂત છે, જે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) તરફથી સામે આવી અને જે રસૂલે કરીમ ﷺની ઈચ્છા વિરુદ્ધ હતી જેમાં વિના ઈરાદે અને અંજાણપણે રસૂલે કરીમ ﷺને તકલીફ પહોંચી.

આ ઘટનાઓમાંથી એક ઘટના તે છે જે સહીહ મુસ્લિમ વગેરેમાં હઝરત જાબિર (રદિ.)ની રિવાયતથી વિગતવાર આવી છે, તેમાં વર્ણન છે કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)એ ભેગા થઈને રસૂલે કરીમ ﷺ પાસે એ માંગણી કરી કે તેમનો ભરણ પોષણ ખર્ચ વધારવામાં આવે, તફસીરે બહરે મુહીતમાં અબૂ હય્યાન (રહ.)એ તેનો ખુલાસો એ વર્ણન કર્યો છે કે ગઝ્એ અહઝાબ પછી બનુ નઝીર પછી બનુ કુરયઝાના વિજયો અને ગનીમતના માલની વહેંચણીએ સામાન્ય મુસલમાનોમાં એક પ્રકારની આર્થિક છૂટછાટ પેદા કરી દીધી હતી, અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને તે સમયે એવો વિચાર આવ્યો કે આ ગનીમતના માલમાંથી આપ ﷺએ પોતાનો પણ હિસ્સો રાખ્યો હશે એટલા માટે તેમણે ભેગા થઈને વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! કિસ્રા અને કૈસરની પત્નીઓ જાત જાતના અને ભાત ભાતના ઘરેણાઓ અને કિંમતી પહેરવેશોમાં મ્હાલે છે અને તેમની સેવા ચાકરી માટે દાસીઓ છે અને અમારી હાલત ભૂખ અને ગરીબીની તમે જુઓ છો એટલા માટે હવે કંઈક છૂટછાટથી કામ લેવામાં આવે.

રસૂલે કરીમ ﷺએ પોતાની પવિત્ર પત્નીઓ તરફથી આ માંગણી સાંભળી કે તેમની સાથે તે વ્યવહાર કરવામાં આવે જે બાદશાહો અને દુનિયાદારોમાં થાય છે તો આપ ﷺને તેનાથી ખૂબ રંજ થયો કે તેમણે નબીના ઘરની કદર ન જાણી, અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને ખ્યાલ ન હતો કે તેનાથી આપ ﷺને કષ્ટ પહોંચશે. સામાન્ય મુસલમાનોમાં આર્થિક છૂટછાટ જોઈને પોતાના માટે પણ આવી છૂટછાટનો વિચાર દિલમાં આવી ગયો હતો, અબૂ હય્યાને નોંધ્યું છે કે આ ઘટનાને ગઝ્વએ અહઝાબના કિસ્સા પછી વર્ણન કરવાથી પણ એનું સમર્થન થાય છે કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ની આ માંગણી જ تَخْيِيْرِ طَلَاقْ તલાકના અધિકાર આપવાનું કારણ બની, અમુક હદીષની રિવાયતોમાં હઝરત ઝૈનબ (રદિ.)ના ઘરમાં મધ પીવાની જે ઘટના "સૂરએ તહરીમ"માં વિગતવાર આગળ આવશે. તેમાં અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ના પરસ્પર સ્વમાનના કારણે જે સ્વરૂપ સામે આવ્યું તે આ તલાકના અધિકારનું કારણ બન્યું. જો આ બંને વસ્તુઓ નજીકના સમયમાં બની હોય તો તે પણ અસંભવ નથી કે બંને જ કારણ હોય પરંતુ تَخْيِيْر ના શબ્દોથી વધારે સમર્થન એનું જ થાય છે કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) તરફથી કોઈ આર્થિક માંગણીનું કારણ

બન્યું છે કારણ કે આ આયત ફરમાવે છે ..... اِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا

આ આયતે બધી જ અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)ને અધિકાર આપી દીધો કે તેણીઓ નબીએ કરીમ ﷺની હાલની પરિસ્થિતિ એટલે કે આર્થિક તંગી અને અછતની સાથે આપ ﷺના પત્નીત્વમાં રહેવાનું સ્વીકાર કરે અથવા તો પછી આપ ﷺ પાસેથી તલાક લઈ આઝાદ થઈ જાય. પ્રથમ સ્વરૂપમાં તેમને સામાન્ય સ્ત્રીઓ કરતાં ઘણો વધારે સવાબ અને આખિરતના ઉચ્ચ દરજ્જાઓ અર્પણ થશે અને બીજા સ્વરૂપમાં એટલે કે તલાક લેવાના સ્વરૂપમાં પણ તેમને દુનિયાના લોકોની જેમ કોઈ કડવાશ કે તકલીફની નોબત નહીં આવે, બલકે સુન્નત પ્રમાણે કપડાંની જોડ વગેરે આપીને ઈજ્જત સાથે રુખસદ કરવામાં આવશે.

તિરમિઝીએ ઉમ્મુલ મુઅ્‌મિનીન હઝરત આયશા (રદિ.)ની આ રિવાયત કરી છે કે જ્યારે આ آيــتِ تـخْـيِيْــر નાઝિલ થઈ ત્યારે રસૂલે કરીમ ﷺએ તેની જાહેરાત અને એ'લાનની શરૂઆત મારાથી કરી અને આયત સંભળાવતા પહેલાં કહ્યું કે હું તમને એક વાત કહેવાનો છું પરંતુ તમે તેના જવાબમાં ઉતાવળ ન કરજો, બલકે પોતાના માતા પિતાની સલાહ લઈને જવાબ આપજો. હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ફરમાવે છે કે આ મારા ઉપર ખાસ ઈનામ હતું કે મને માતા પિતાના સલાહ મશ્વરા વિના પોતાના અભિપ્રાયથી રસૂલે કરીમ ﷺએ (નિર્ણય લેવાની) મનાઈ કરી. કારણ કે આપ ﷺને યકીન હતું કે મારા માતા પિતા મને ક્યારેય એવી સલાહ આપશે નહીં કે હું રસૂલે કરીમ ﷺથી અલગાવ અપનાવું. મેં જ્યારે આ આયત સાંભળી તો તરત વિનંતી કરી કે શું હું એ બાબતે માતા પિતાનો મશ્વરો લેવા જાઉં ? હું તો અલ્લાહને અને તેના રસૂલને અને આખિરતના ઘરને અપનાવું છું, પછી મારા પછી બધી જ અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)ને કુર્આનનો આ હુકમ સંભળાવવામાં આવ્યો, બધાએ એવું જ કહ્યું જેવું મેં પ્રથમ કહ્યું હતું. (કોઈએ દુનિયાની છૂટછાટને રસૂલે કરીમ ﷺના પત્નીત્વના મુકાબલામાં સ્વીકાર ન કર્યું). (قَالَ التِّرْمِذِىُّ هٰذَا حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ)

ખુલાસો :

તલાકના અધિકારના બે સ્વરૂપો હોય છે, એક એ કે તલાકનો અધિકાર સ્ત્રીઓને સોંપવામાં આવે, જો તે ઈચ્છે તો પોતાની જાતે તલાક આપીને સ્વતંત્ર

થઈ જાય, બીજું એ કે તલાક પતિના જ હાથમાં રહે કે જો સ્ત્રી તલાક ઇચ્છે તો પતિ તેને તલાક આપી દે.

પ્રસ્તુત આયતમાં અમુક તફસીરકારોએ પ્રથમ સ્વરૂપને અને અમુકે બીજાને અપનાવ્યું છે, સય્યિદી હકીમુલ ઉમ્મત (રહ.)એ બયાનુલ કુર્આનમાં ફરમાવ્યું કે સાચી વાત એ છે કે આયતના શબ્દોમાં બંને સંભાવનાઓ છે, જ્યાં સુધી કોઈ સ્પષ્ટ (નસ)થી એક નક્કી ન થઈ જાય પોતાના તરફથી કોઈ સ્વરૂપ નિશ્ચિત કરવાની આવશ્યકતા નથી.

મસ્અલો :

આ આયતથી જાણ થઈ કે જ્યારે પતિ પત્નીના સ્વભાવમાં સુમેળ ન રહે તો મુસ્તહબ એ છે કે પત્નીને અધિકાર આપવામાં આવે કે પતિની ઉપસ્થિત પરિસ્થિતિ ઉપર દરગુજર કરીને સાથે રહેવા ઇચ્છે તો રહે નહિતર સુન્નત પ્રમાણે તલાક લઈને કપડાંની જોડ લઈને ઇજ્જત સાથે રવાના થઈ જાય.

પ્રસ્તુત આયતથી આ મા'મલાનું મુસ્તહબ હોવું સાબિત કરી શકાય છે તેના વાજિબ હોવાની કોઈ દલીલ નથી, અમુક ઇમામ ફુકહાએ આ આયતથી વાજિબ હોવા ઉપર દલીલ કરી છે, એ જ બીનાએ એવા ગરીબ આદમીની પત્નીને અદાલત તરફથી તલાક આપવાનો હક આપવામાં આવ્યો છે જે પત્નીનું ભરણ પોષણ આપવાની શક્તિ ધરાવતો નથી, આ મસ્અલાની સંપૂર્ણ વિગત અહકામુલ કુર્આનના પાંચમાં ભાગમાં આ જ આયત હેઠળ અરબી ભાષામાં પ્રસ્તુત છે.

અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ની એક વિશેષતા અને તેના કારણે તેમના ઉપર કઠોર નિયંત્રણો :

يٰنِسَآءَ النَّبِيِّ مَنْ يَّاْتِ مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا الْعَذَابُ ضِعْفَيْنِ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ○ وَمَنْ يَّقْنُتْ مِنْكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ صَالِحًا نُّؤْتِهَآ اَجْرَهَا مَرَّتَيْنِ....

આ બંને આયતોમાં અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ની એ વિશેષતા વર્ણન

કરવામાં આવી છે કે જો તેઓ કોઈ ગુનાહના કામ કરશે તો તેમને બીજી સ્ત્રીઓ કરતાં બે ઘણો અઝાબ આપવામાં આવશે, એટલે કે તેમનો એક ગુનાહ બે પ્રમાણે ઠરાવવામાં આવશે એ જ પ્રમાણે જો તે નેક અમલ કરશે તો બીજી સ્ત્રીઓ કરતાં તેમને સવાબ પણ બમણો આપવામાં આવશે, તેમના નેક અમલને બે બરાબર ઠરાવવામાં આવશે.

આ આયત એક સ્વરૂપે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) માટે તેમના તે અમલનો બદલો છે જે તેમણે آيَتِ تَخْيِيْر નાઝિલ થવા ઉપર રસૂલે કરીમ ﷺના પત્નીત્વ ઉપર દુનિયાની આર્થિક છૂટછાટને કુરબાન કરી દીધી, તેના બદલામાં અલ્લાહ તઆલાએ તેમના એક અમલને બે નો દરજ્જો આપી દીધો અને ગુનાહોના સ્વરૂપમાં બમણો અઝાબ પણ તેમની વિશિષ્ટ ફઝીલત અને વિશિષ્ટ શ્રેષ્ઠતાના કારણે નક્કી થયું, કારણ કે આ વાત બૌદ્ધિક રીતે પણ અને નકલ થયેલ રૂએ પણ (સમજી શકાય છે કે) જેટલી કોઈની પ્રતિષ્ઠા અને સન્માન વધારે હોય છે એટલી જ તેની બેદરકારી અને બળવાખોરીની સજા પણ વધી જાય છે.

અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) ઉપર હક તઆલાના મોટા મોટા ઈનામો છે કે તેમને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺના પત્નીત્વ માટે ચૂંટી કાઢી, તેમના ઘરોમાં અલ્લાહની વહી નાઝિલ થતી રહે છે તો તેમની નાની ભૂલો અને ઉણપો પણ મોટા ગણાશે, જે બીજાઓથી રસૂલે કરીમ ﷺથી પીડાઓ અને કષ્ટ પહોંચે તો તેનાથી એ વધારે કઠોર હશે કે કોઈ પીડા અથવા કષ્ટની બાબત અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)થી પહોંચે, કુર્આને કરીમના આ શબ્દોમાં પોતે આ કારણ તરફ ઈશારો છે, وَاذْكُرْنَ مَا يُتْلٰى فِيْ بُيُوْتِكُنَّ

ખુલાસો :

અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ની આ ખાસિયત અને વિશિષ્ટતા કે તેમને અમલોનો બમણો સવાબ મળશે સામાન્ય ઉમ્મતના સંદર્ભમાં એવું જરૂરી નથી બનતું કે ઉમ્મતમાં કોઈ વ્યક્તિ અથવા વર્ગને કોઈ વિશિષ્ટતાના કારણે આવું ઈનામ બખ્શવામાં ન આવે કે તેને બમણો સવાબ ન મળે, એટલા માટે અહલે કિતાબમાંથી જે લોકો મુસલમાન થઈ ગયા તેમના વિશે કુર્આને કરીમમાં ઈરશાદ છે, اُولٰٓئِكَ يُؤْتَوْنَ اَجْرَهُمْ مَّرَّتَيْنِ

રૉમના કૈસરના નામે જે પત્ર મુબારક રસૂલે કરીમ ﷺએ આપ્યો હતો તેમાં કુર્આનના આ જ ઈરશાદના કારણે આપ ﷺએ રૉમના કૈસરને આ લખ્યું કે يُؤْتِكَ اللّٰهُ اَجْرَكَ مَرَّتَيْنِ અહલે કિતાબ જો ઈસ્લામ લઈ આવે તો તેમના વિશે તો પોતે કુર્આનમાં اَجْرِمَرَّتَيْنِ નો (બે ઘણા સવાબનો) ખુલાસો છે.

અને એક હદીષ બીજી પણ છે જેમાં ત્રણ વ્યક્તિઓ માટે આ જ પ્રમાણે બમણો સવાબ હોવાનું ઉપસ્થિત છે, તેની વિગત સૂરએ કસસમાં આયત يُؤْتَوْنَ اَجْرَهُمْ مَّرَّتَيْنِ હેઠળ લખવામાં આવી છે.

આલિમના નેક અમલોનો સવાબ પણ બીજાઓ કરતાં વધારે છે અને તેમના ગુનાહોની સજા પણ વધારે છે :

ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં નોંધ્યું છે કે જે કારણે અલ્લાહ તઆલાએ અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)ના નેક અમલોનો સવાબ બમણો અને તેમના ગુનાહનો અઝાબ પણ બે ઘણો ઠરાવ્યો છે કે તેઓ નુબુવ્વતના જ્ઞાન અને અલ્લાહની વહીનો ખાસ લાભ ઉઠાવનાર છે, એ જ કારણો ઉલમાએ દીન માટે પણ મોજૂદ છે એટલા માટે જે આલિમ પોતાના જ્ઞાન ઉપર અમલ પણ કરે છે તેને પણ તેના અમલનો સવાબ બીજાઓથી વધારે મળશે અને જો તે કોઈ ગુનોહ કરશે તો અઝાબ પણ બીજાઓ કરતાં વધારે થશે.

بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ માં શબ્દ فَاحِشَةُ (ફાહિશહ) અરબી ભાષામાં વ્યભિચાર અને બદકારી વગેરે માટે પણ ઉપયોગ કરવામાં આવે છે અને દુષ્કૃત્યો સંબંધી ગુનાહના સંદર્ભમાં પણ આ શબ્દ કુર્આનમાં ઘણીવાર ઉપયોગ થયો છે, આ આયતમાં فَاحِشَةُ (ફાહિશહ)ના શબ્દથી બદકારી અને વ્યભિચાર ભાવાર્થ સ્વરૂપે નથી હોઈ શકતો કારણ કે અલ્લાહ તઆલાએ પોતાના બધા પયગમ્બરોની પત્નીઓને આ સખત દુર્ગુણથી બાકાત કર્યા છે, બધા જ અંબિયા (અલૈ.)ની પત્નીઓમાં કોઈનાથી પણ એવું કૃત્ય થયું નથી. હઝરત લૂત અને નૂહ (અલૈ.)ની પત્નીઓ તેમના દીનથી ફરેલી હતી અને બળવાખોરી અપનાવી હતી જેની સજા તેમને મળી પરંતુ બદકારી કે વ્યભિચારનો આક્ષેપ તેમનામાંથી પણ કોઈના ઉપર ન હતો, અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)માંથી કોઈ નિર્લજ્જતા અથવા વ્યભિચારની સંભાવના સુદ્ધાં ન હતી એટલા માટે આ આયતમાં "ફાહિશહ"નો ભાવાર્થ

સામાન્ય ગુનાહો અથવા રસૂલે કરીમ ﷺને પીડા કે કષ્ટ પહોંચાડવાનો છે અને આ સ્થળે "ફાહિશહ"ની સાથે જે શબ્દ مُبَيِّنَة (મુબય્યિનહ) આવ્યો છે તેના ઉપર ગવાહ છે, કારણ કે નિર્લજ્જતા અને વ્યભિચાર ક્યારેય પણ مُبَيِّنَة (જાહેર) નથી હોતું તે તો પડદાઓમાં ગુપ્ત રીતે કરવામાં આવે છે. فَاحِشَةٌ مُبَيِّنَةٌ નો ભાવાર્થ જાહેર ગુનાહો છે અથવા રસૂલે કરીમ ﷺને તકલીફ પહોંચાડવી વગેરે... તફસીરના ઈમામોમાંથી મકાતિલ ઈબ્ને સુલયમાન (રહ.)એ આ આયતમાં "ફાહિશહ"નો ભાવાર્થ રસૂલે કરીમ ﷺની નાફરમાની અથવા આપ ﷺ પાસે કોઈ એવી માંગણી ઠરાવી છે જેને પૂરી કરવી આપ ﷺ માટે કઠિન હોય.

(રવાહુલ બયહકી ફિસ્સુનન)

કુર્આને કરીમે બમણા અઝાબના સંદર્ભમાં તો માત્ર فَاحِشَةٌ مُبَيِّنَةٌ જાહેર ગુનાહો ઉપર અઝાબ નક્કી કર્યો છે પરંતુ બમણા બદલા કે સવાબ માટે કેટલીય શરતો મૂકી છે. وَمَنْ يَّقْنُتْ مِنكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ صَالِحًا તેમાં قُنُوْتٌ (કુનૂત) એટલે કે, અલ્લાહ તઆલાના અને તેના રસૂલ ﷺના આજ્ઞાપાલનની શરત છે, પછી નેક અમલોની શરત છે કારણ એ છે કે બદલો અને સવાબ તો તે જ સમયે મળે છે જ્યારે સંપૂર્ણ આજ્ઞાપાલન હોય અને સજા માટે માત્ર એક ગુનોહ પણ પૂરતો છે.

અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને ખાસ સૂચના :

يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ પાછલા આયતોમાં અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને રસૂલે કરીમ ﷺથી પોતાની માંગણીઓ કરવાથી રોકવામાં આવ્યા છે જેને પૂરી કરવી આપ ﷺ માટે કઠિન હોય અથવા જે આપ ﷺની શાન અને સન્માનના યોગ્ય ન હોય અને જ્યારે તેમણે તેને અપનાવી લીધું તો તેમનો દરજ્જો સામાન્ય સ્ત્રીઓ કરતાં વધારી દેવામાં આવ્યો કે તેમના એક અમલને બમણો ઠરાવવામાં આવ્યો, આગળ તેમના અમલોની સુધારણા અને રસૂલે કરીમ ﷺના સંગાથ અને પત્નીત્વના યોગ્ય બનાવવા માટે અમુક સૂચનાઓ આપવામાં આવી છે. આ બધા માર્ગદર્શન અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) માટે ખાસ નથી બલકે બધી જ મુસલમાન સ્ત્રીઓને તે લાગુ પડે છે પરંતુ અત્રે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને વિશિષ્ટ

સંબોધન કરીને તેના ઉપર ધ્યાન અપાવ્યું છે કે આ અમલો અને હુકમો જે બધી જ મુસલમાન સ્ત્રીઓ માટે જરૂરી અને વાજિબ છે તમારે પણ તેમની કાળજી અન્યો કરતાં વધારે રાખવી જોઈએ અને لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ થી આ જ વિશિષ્ટતા ભાવાર્થ સ્વરૂપે છે.

શું અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.) સમગ્ર દુનિયાની સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ છે ? :

આયતના આ શબ્દોથી દેખીતી રીતે એવી જાણ થાય છે કે અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.) દુનિયાની બધી જ સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ છે પરંતુ કુર્આને કરીમની આ આયત હઝરત મરયમ (અલૈ.) વિશે આ છે, اِنَّ اللّٰهَ اصْطَفٰكِ وَطَهَّرَكِ وَاصْطَفٰكِ عَلٰى نِسَآءِ الْعٰلَمِيْنَ તેમાં હઝરત મરયમ (અલૈ.)નું સમગ્ર દુનિયાની સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ હોવું સાબિત થાય છે, તિરમિઝીમાં હઝરત અનસ (રદિ.)ની હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તમારા માટે બધી સ્ત્રીઓમાં મરયમ બિન્તે ઈમરાન (અલૈ.) અને ખદીજા બિન્તે ખુવયલદ (ઉમ્મુલ મુઅ્‌મિનીન રદિ.) અને ફાતિમા બિન્તે મુહમ્મદ ﷺ અને ફિરઔનની પત્ની આસિયહ પૂરતી છે. આ હદીષમાં હઝરત મરયમ (અલૈ.)ની સાથે અન્ય ત્રણ સ્ત્રીઓ દુનિયાની સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ હોવાનું ફરમાવ્યું છે.

એટલા માટે આ આયતમાં જે અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)ની શ્રેષ્ઠતા અંને અગ્રિમતા વર્ણન કરવામાં આવી છે તે એક ખાસ સ્વરૂપ એટલે કે اَزْوَاجُ النَّبِىِّ અને نِسَاءُ النَّبِىِّ (નબીએ કરીમ ﷺની પત્નીઓ અને નબીએ કરીમ ﷺની સ્ત્રીઓ) હોવાનું છે જેમાં તેઓ તમામ સામાન્ય સ્ત્રીઓ કરતાં નિઃશંક શ્રેષ્ઠ છે, તેનાથી તે જાહેર શ્રેષ્ઠતા સદંતર સાબિત નથી થતી જે બીજી "નુસૂસ"ના વિરુદ્ધ હોય. *(મઝહરી)*

لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ પછી اِنِ اتَّقَيْتُنَّ આ શરત એ શ્રેષ્ઠતાની છે જે અલ્લાહ તઆલાએ તેમને નબીએ કરીમ ﷺની પત્નીઓ હોવાના કારણે બખ્શી છે, તેનો હેતુ એ બાબત ઉપર ચેતવણી આપવાનો છે કે ફક્ત આ સંબંધ અને તા'લ્લુક ઉપર ભરોસો કરીને ન બેસી જાય કે અમે રસૂલ ﷺની પત્નીઓ છે બલકે તકવા અને અલ્લાહના હુકમોના આજ્ઞાપાલન ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા)ની શરત છે. *(કુર્તુબી, મઝહરી)*

ત્યાર પછી અમુક સૂચનાઓ અને માર્ગદર્શન અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)ને આપવામાં આવ્યું.

(૧)સ્ત્રીઓના પડદા વિશે અવાજ અને વાતચીત ઉપર પણ પાબંદી છે.

فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ એટલે કે, કોઈ ગેરમહરમથી પડદા પાછળ વાત કરવાની જરૂરત ઊભી પણ થાય તો વાતચીતમાં એવી કોમળતા અને આકર્ષિત કરે એવી શૈલીથી બચે જે સ્ત્રીઓના સ્વભાવગત અવાજમાં હોય છે, તે નરમી અને નઝાકતનો અર્થ એ છે કે તે જેને સંબોધન કરવામાં આવી રહ્યું છે તેના દિલમાં આકર્ષણ પેદા કરે, જેમકે ત્યાર પછી ફરમાવ્યું فَيَطْمَعَ الَّذِىْ فِىْ قَلْبِهٖ مَرَضٌ એટલે કે એવી નરમ વાતચીત ન કરે કે જેનાથી એવા વ્યક્તિને લાલચ અને આકર્ષણ પેદા થવા લાગે જેના દિલમાં રોગ છે. "રોગ"નો ભાવાર્થ નિફાક છે અથવા તેનો કોઈ વિભાગ છે. અસલી મુનાફિકથી એવી લાલચ થવી દેખીતું છે પરંતુ જે વ્યક્તિ મો'મિન અને મુખ્લિસ હોવા છતાં કોઈ હરામ તરફ આકર્ષિત થાય છે તે મુનાફિક ભલે ન હોય પરંતુ ઈમાનનો કમજોર અવશ્ય છે અને આ ઈમાનની કમજોરી જે હરામ તરફ આકર્ષિત કરે છે વાસ્તવમાં નિફાકનો જ એક વિભાગ છે, ખાલિસ ઈમાન જેમાં નિફાકનું વર્ચસ્વ ન હોય તેની ઉપસ્થિતિમાં કોઈ હરામ તરફ આકર્ષિત નથી થઈ શકતું. *(મઝહરી)*

આ પ્રથમ માર્ગદર્શનનો ખુલાસો એ છે કે સ્ત્રીઓ માટે અજનબી પુરુષોથી બચવું અને પડદાનું તે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવું કે જેનાથી કોઈ અજનબી કમજોર ઈમાન ધરાવનાર વ્યક્તિના દિલમાં લાલચ અથવા આકર્ષણ પેદા થઈ શકે તેની પાસે પણ ન જાય, સ્ત્રીઓના પડદાની વિગતવારની ચર્ચા આ જ સૂરતમાં આગળ આવનારી આયતો હેઠળ વર્ણન થશે, અત્રે અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.) માટે વિશેષ માર્ગદર્શનના સંદર્ભમાં જે કંઈ આવ્યું છે માત્ર તેનો ખુલાસો લખવામાં આવે છે, વાતચીત વિશે જે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તેને સાંભળ્યા પછી અમુક ઉમ્મહાતુલ મુઅ્‌મિનીન (રદિ.) આ આયતના નાઝિલ થયા પછી જો પારકા પુરુષો સાથે વાતચીત કરવી પડતી તો પોતાના મોંઢા ઉપર હાથ મૂકી દેતી જેથી અવાજ બદલાઈ જાય એટલા જ માટે હઝરત અમ્ર બિન આસ (રદિ.)ની એક હદીષમાં છે,

اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ نَهٰی اَنْ یُّكَلِّمَ النِّسَآءُ اِلَّا بِاِذْنِ اَزْوَاجِهِنَّ

(رَوَاهُ الطَّبْرَانِیُّ بِسَنَدٍ حَسَنٍ)

(મઝહરી)

મસ્અલો :

આ આયત અને પ્રસ્તુત હદીષથી એટલું તો સાબિત થયું કે સ્ત્રીનો અવાજ સતરમાં સામેલ નથી પરંતુ તેના ઉપર પણ કાળજીપૂર્વકની પાબંદી અહીંયાં પણ લગાવવામાં આવી અને બધી જ ઈબાદતો તથા હુકમોમાં તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે કે સ્ત્રીઓની વાતચીત મોટા અવાજે ન થાય જે પુરુષો સાંભળે, ઈમામ કોઈ ભૂલ કરે તો મુક્તદીઓને લુક્મો જીભથી આપવાનો હુકમ છે પરંતુ સ્ત્રીઓને જીભથી લુક્મો આપવાના બદલે આ તા'લીમ આપવામાં આવી છે કે પોતાના હાથના પંજાના પાછલા ભાગે બીજા હાથથી મારીને તાલી વગાડવા જેવો અવાજ કરે જેનાથી ઈમામને ચેતવણી મળી જાય જીભથી કંઈ ન કહે.

(૨) બીજું માર્ગદર્શન સંપૂર્ણ પડદો કરવાનું છે :

وَقَرْنَ فِیْ بُیُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِیَّةِ الْاُوْلٰی એટલે કે, પોતાના ઘરોમાં બેસો અને જુના સમયની અજ્ઞાનતાવાળીઓની જેમ ન ફરો. અહીંયાં جَاهِلِیَّتِ اُوْلٰی (જાહિલિયતિલ ઊલા)થી ભાવાર્થ તે અજ્ઞાનતા છે જે ઈસ્લામ પહેલાં દુનિયામાં ફેલાયેલ હતી, આ શબ્દમાં ઈશારો છે કે ત્યાર પછી બીજી પણ કોઈ અજ્ઞાનતા આવનારી છે જેમાં આ જ પ્રમાણેની બેહયાઈ, બેપદર્ગી ફેલાઈ જશે; તે કદાચ આધુનિક યુગની અજ્ઞાનતા છે જેને હવે દરેક સ્થળે પ્રત્યક્ષ જોઈ શકાય છે.

આ આયતમાં પડદા વિશે અસલી હુકમ એ છે કે સ્ત્રીઓ ઘરોમાં રહે (એટલે કે શરઈ જરૂરત વિના બહાર ન નીકળે), તેની સાથે એ પણ ફરમાવ્યું કે જે પ્રમાણે ઈસ્લામથી પહેલાં અજ્ઞાનતાના કાળમાં સ્ત્રીઓ ખુલ્લમ ખુલ્લી પડદા વિના ફરતી હતી એવી ન ફરે, શબ્દ تَبَرُّجْ (તબર્રુજ)નો અસલી અર્થ "જાહેર થવું" છે અને આ સ્થળે પોતાના શણગારની પારકા પુરુષો સામે જાહેરાત છે જેમકે બીજી આયતમાં غَیْرَ مُتَبَرِّجٰتٍ بِزِیْنَةٍ આવ્યું છે.

સ્ત્રીઓના પડદાની સંપૂર્ણ ચર્ચા અને વિગતવારના હુકમો આગળ આ જ સૂરતમાં આવશે, અત્રે માત્ર પ્રસ્તુત આયતનો ખુલાસો લખવામાં આવે છે. આ આયતથી પડદા વિશે બે બાબતોની જાણ થઈ, પ્રથમ એ કે અલ્લાહ તઆલા સમીપ અસલ હેતુ સ્ત્રીઓ માટે એ છે કે તેઓ ઘરોએથી બહાર ન નીકળે, તેમનું સર્જન ઘરગથ્થુ કામો માટે થયું છે તેમાં પ્રવૃત્ત રહે અને અસલ પડદો જે શરીઅતમાં ઈચ્છનીય છે તે ઘરોનો પડદો છે.

બીજી બાબત એ જાણ થઈ કે જો જરૂરત પડતાં કોઈ સ્ત્રીને ઘર બહાર નીકળવું પડે તો જાહેર શણગાર સજાવીને ન નીકળે બલકે બુરખો અથવા ઝભ્ભો જેમાં સમગ્ર શરીર ઢંકાય જાય તે પહેરીને નીકળે, જેમકે આગળ આ જ સૂરએ અહઝાબની આયત وَيُدۡنِيۡنَ عَلَيۡهِنَّ مِنۡ جَلَابِيۡبِهِنَّ માં તેની વિગત આવશે, ઈન્શાઅલ્લાહ !

ઘરોમાં બેસવાથી જરૂરતની પરિસ્થિતિઓ બાકાત છે :

قَرۡنَ فِىۡ بُيُوۡتِكُنَّ માં સ્ત્રીઓ ઉપર قَرَارٌ فِى الۡبُيُوۡتِ ઘરોમાં બેસવું વાજિબ કરવામાં આવ્યું છે જેનો ભાવાર્થ એ છે કે સ્ત્રીઓ માટે ઘરેથી બહાર નીકળવું સદંતર પ્રતિબંધિત અને હરામ હોય પરંતુ પ્રથમ તો પોતે આ જ આયત وَلَا تَبَرَّجۡنَ થી એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે સદંતર બહાર નીકળવું જરૂરતના સમયે પ્રતિબંધિત નથી બલકે એવા બહાર નીકળવાની મનાઈ છે જેમાં શણગાર જાહેર થતો હોય, બીજું સૂરએ અહઝાબની આયત જે આગળ આવી રહી છે તેમાં પોતે يُدۡنِيۡنَ عَلَيۡهِنَّ مِنۡ جَلَابِيۡبِهِنَّ નો હુકમ એ બતાવવામાં આવ્યો છે કે કોઈ દરજ્જામાં સ્ત્રીઓ માટે ઘરેથી બહાર નીકળવાની પરવાનગી પણ છે પરંતુ એ શરતે કે બુરખો વગેરે પડદાની સાથે નીકળે.

તદુપરાંત પોતે રસૂલે કરીમ ﷺએ જરૂરિયાતના સમયને આ હુકમથી બાકાત કર્યાનું એક હદીષમાં સ્પષ્ટ કર્યું છે જેમાં અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને સંબોધન કરીને ફરમાવ્યું, قَدۡ اُذِنَ لَكُنَّ اَنۡ تَخۡرُجۡنَ لِحَاجَتِكُنَّ رَوَاهُ مُسۡلِمٌ એટલે કે તમારા માટે એની પરવાનગી છે કે પોતાની જરૂરત માટે ઘરેથી નીકળો, પછી રસૂલે કરીમ ﷺનો અમલ આયતે હિઝાબ (પડદાની આયત) નાઝિલ થયા પછી એ બાબત ઉપર સાક્ષી છે કે જરૂરતના પ્રસંગોએ સ્ત્રીઓને ઘરોએથી નીકળવાની

પરવાનગી છે જેમકે હજ્જ અને ઉમરહમાં રસૂલે કરીમ ﷺની સાથે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)નું જવું સહીહ હદીષોથી સાબિત છે, એ જ પ્રમાણે ઘણા બધા ગઝ્વાત (પવિત્ર યુદ્ધો)માં સાથે જવું પણ સાબિત છે અને ઘણી રિવાયતોથી એ પણ સાબિત છે કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) પોતાના માતા પિતા વગેરેથી મુલાકાત કરવા માટે પોતાના ઘરોએથી નીકળતા હતા અને સગાં સંબંધીઓની બીમારપુરસી કરવા તથા ખબર અંતર પૂછવા વગેરેમાં સામેલ થતા હતા અને નબીએ કરીમ ﷺના સમયમાં તેમને મસ્જિદોમાં જવાની પણ પરવાનગી હતી.

અને માત્ર એવું નથી કે નબીએ કરીમ ﷺની સાથે અથવા આપ ﷺના સમયમાં જ આવું થયું હોય, રસૂલે કરીમ ﷺની વફાત પછી પણ હઝરત સૌદહ (રદિ.) અને ઝયનબ બિન્તે જહશ (રદિ.) વગેરે સિવાય બધી અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)નું હજ્જ અને ઉમરહ માટે જવું સાબિત છે જેના ઉપર સહાબએ કિરામ (રદિ.)માંથી કોઈએ વાંધો ઉઠાવ્યો નથી, બલકે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ પોતાના ખિલાફતના કાળમાં અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને પોતે પોતાના બંદોબસ્તથી મોકલ્યા અને હઝરત ઉસ્માન ગની (રદિ.)એ તથા હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (રદિ.)ને તેમની દેખરેખ અને વ્યવસ્થા માટે સાથે મોકલ્યા તથા ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત સૌદહ (રદિ.) અને હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)નું નબીએ કરીમ ﷺની વફાત પછી હજ્જ અને ઉમરહ માટે ન જવું આ આયતના આધાર ઉપર નથી બલકે એક હદીષની બીનાએ હતું, તે એ કે હજ્જતુલ વિદાઅ્માં અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને રસૂલે કરીમ ﷺએ પોતે પોતાની સાથે હજ્જ કરાવી તો પાછા ફરવાના સમયે કહ્યું, هٰذِهٖ، ثُمَّ لُزُوْمُ الْحُصُرِ તેમાં هٰذِهٖ નો ઈશારો તે હજ્જ તરફ છે જે حُصُرْ حَصِيْر નું બહુવચન છે જેનો અર્થ بُوْرِيَا છે. હદીષનો ભાવાર્થ એ છે કે તમારું નીકળવું માત્ર તેના માટે થઈ ચૂક્યું, ત્યાર પછી પોતાના ઘરોના પાથરણાઓને પકડી રાખો અને ત્યાંથી ન નીકળો. હઝરત સૌદહ બિન્તે ઝમ્અહ (રદિ.) અને હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)એ આ હદીષનો એ ભાવાર્થ ઠરાવ્યો કે તમારું બહાર નીકળવું માત્ર આ જ હજ્જતુલ વદાઅ્ માટે જાઈઝ હતું, આગળ જાઈઝ નથી. બાકી અન્ય અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) જેમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.) જેવી ફકીહા પણ સામેલ હતાં બધાએ તેનો ભાવાર્થ એ ઠરાવ્યો કે જે રીતે તે એક મુસાફરી હતી

કે એક શરઈ ઈબાદત અદા કરવા માટે હોય એ જ પ્રમાણે બહાર નીકળવું જાઈઝ છે નહિતર પોતાના ઘરોમાં રહેવું જરૂરી છે.

ખુલાસો એ છે કે, وَقَرْنَ فِي بُيُوتِكُنَّ થી ભાવાર્થ કુર્આનના ઈશારાઓ અને નબીએ કરીમ ﷺના અમલ તથા ઈજ્માએ સહાબા (રદિ.) દ્વારા જરૂરતની પરિસ્થિતિઓ તેમાંથી બાકાત છે જેમાં હજ્જ વગેરે ઈબાદતો પણ સામેલ છે અને સ્વાભાવિક જરૂરતો માતા પિતા અને પોતાના મહરમોને મળવા તેમની ખબર અંતર પૂછવા વગેરે પણ, એ જ પ્રમાણે જો કોઈને ભરણ પોષણ અને જીવન જરૂરિયાતની અન્ય કોઈ વસ્તુ મયસ્સર ન હોય તો પડદાની સાથે મહેનત મજૂરી માટે નીકળવું પણ બાકાત છે, અલબત્ત જરૂરિયાતના સમયમાં બહાર નીકળવાની શરત એ છે કે શણગાર સજાવીને ન નીકળે બલકે બુરખો અથવા ઝભ્ભો (મોટી ચાદર) લપેટીને નીકળે.

ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત આયશા સિદ્દીકા (રદિ.)નો બસરાનો સફર અને જંગે જમલની ઘટના ઉપર રાફઝીઓના મ્હેણા ટોણા :

ઉપર આ વાત સ્પષ્ટતા સાથે આવી ચૂકી છે કે પ્રસ્તુત આયતમાં وَقَرْنَ فِي بُيُوتِكُنَّ નો ભાવાર્થ પોતે કુર્આની ઈશારાઓ બલકે ખુલાસાઓથી વળી નબીએ કરીમ ﷺના અમલથી અને આપ ﷺ પછી સહાબએ કિરામ (રદિ.)ના ઈજ્માઅ્થી એ સાબિત છે કે જરૂરતનો સમય તેનાથી બાકાત છે જેમાં હજ્જ અને ઉમરહ વગેરે જેવી જરૂરિયાતો સામેલ છે. હઝરત આયશા સિદ્દીકા (રદિ.) અને તેમની સાથે હઝરત ઉમ્મે સલમા (રદિ.) અને સફિય્યા (રદિ.); આ બધા હજ્જ માટે ગયાં હતાં ત્યાં હઝરત ઉસ્માન ગની (રદિ.)ની શહાદત અને બળવો ફાટી નીકળવાની ઘટના સાંભળી તો ખૂબ દિલગીર થયા અને મુસલમાનોના પરસ્પરના મતભેદોથી મુસલમાનોની વ્યવસ્થામાં ખલેલ અને ફિત્નાના ભયે પરેશાન કરી મૂક્યા હતા. આવી જ હાલતમાં હઝરત તલ્હા (રદિ.) અને હઝરત ઝુબૈર તથા નુઅ્માન બિન બશીર, કઅ્બ બિન ઉજ્રહ (રદિ.) અને અમુક બીજા સહાબએ કિરામ (રદિ.) મદીનાથી નાસીને મક્કએ મુઅજ્જમહ પહોંચ્યા, કારણ કે હઝરત ઉસ્માન ગની (રદિ.)ના હત્યારાઓ તેમને પણ કતલ કરવા ઈચ્છતા હતા. આ લોકો બળવાખોરોની સાથે સામેલ થયા ન હતા બલકે

તેમને એવી પ્રવૃત્તિથી રોકતા હતા. હઝરત ઉસ્માન ગની (રદિ.)ની શહાદત પછી તેઓ તેમની પણ પાછળ પડયા હતા એટલા માટે તે લોકો જીવ બચાવીને મક્કએ મુઅજ્જમહ પહોંચી ગયા અને ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની સેવામાં હાજર થયા અને સલાહ માંગી. હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ એવો મશ્વરો આપ્યો કે તમે લોકો ત્યાં સુધી મદીના તય્યિબહ ન જાઓ જ્યાં સુધી કે બળવાખોરો હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુની આસપાસ એકઠા થયેલ છે અને તેઓ તેમની પાસેથી કિસાસ (બદલો) લેવાથી વધારે ફિત્નાના કારણે રોકાયેલા રહ્યા છે તો તમે લોકો અમુક દિવસ એવા સ્થળે જઈને રહો જ્યાં પોતાને સુરક્ષિત સમજતા હોય જ્યાં સુધી કે અમીરુલ મુઅ્મિનીન વ્યવસ્થા ઉપર કાબૂ ન પામી લે અને તમે લોકો જે કંઈ કોશીશ કરી શકતા હોય તેને કરો કે આ લોકો અમીરુલ મુઅ્મિનીનની આસપાસથી વિખરાઈ જાય અને અમીરુલ મુઅ્મિનીન તેમનાથી કિસાસ અથવા બદલો લેવા માટે કાબૂ મેળવી લે.

આ લોકો તેના ઉપર રાજી થઈ ગયા અને બસરા ચાલ્યા જવાનો ઈરાદો કર્યો કારણ કે તે સમયે ત્યાં મુસલમાનોનું લશ્કર એકઠું હતું, તે લોકોએ ત્યાં જવાનો ઈરાદો કરી લીધો તો ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.)થી પણ દરખાસ્ત કરી કે હુકૂમતની વ્યવસ્થા બહાલ થતાં સુધી તમે પણ અમારી સાથે બસરામાં આવીને થોભો.

અને તે સમયે હઝરત ઉસ્માન ગની (રદિ.)ના હત્યારાઓ અને ફસાદખોરોની શક્તિ અને દબદબો તથા હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ (રદિ.)નું તેમના ઉપર શરઈ હદ લાગુ કરવાથી બેકાબૂ થવું પોતે "નહ્જુલ બલાગહ"ની રિવાયતથી સ્પષ્ટ છે, યાદ રહે કે "નહ્જુલ બલાગહ"ને શીઆ લોકો ભરોસાપાત્ર માને છે, નહ્જુલ બલાગહમાં છે કે હઝરત અમીર અલૈ. (હઝરત અલી રદિ.)થી તેમના અમુક સાથીદારો અને મિત્રોએ પોતે કહ્યું કે જો તમે તે લોકોને સજા આપી દો જેમણે હઝરત ઉસ્માન ગની (રદિ.) ઉપર હુમલો કર્યો તો સારું થશે, તેના ઉપર હઝરત અમીર અલૈ.એ ફરમાવ્યું કે મારા ભાઈ ! હું એ વાતથી બેખબર નથી જે તમે કહો છો પરંતુ એ કામ કેવી રીતે થાય જ્યારે કે મદીના ઉપર આ જ લોક છવાયેલા છે અને તમારા ગુલામ અને આસપાસના

અરબો પણ તેમની સાથે ભળી ગયા છે, આવી હાલતમાં તેમની શિક્ષાનો હુકમ બહાલ પાડું તો કઈ રીતે લાગુ પડશે ?

હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને એક બાજુ હઝરત અલી (રદિ.)ની મજબૂરીનો અંદાજો હતો, બીજી બાજુ એ પણ ખબર હતી કે હઝરત ઉસ્માન ગની (રદિ.)ની શહાદતથી મુસલમાનોના દિલો ઘાયલ છે અને તેમના હત્યારાઓથી બદલો લેવામાં જે મોડું અમીરુલ મુઅ્મિનીન હઝરત અલી (રદિ.)થી મજબૂરીના કારણે જોવામાં આવી રહ્યું હતું અને વિશેષ એ કે હઝરત ઉસ્માન (રદિ.)ના કાતિલો અમીરુલ મુઅ્મિનીન (રદિ.)ની મજલિસોમાં પણ સામેલ થતા હતા. જે લોકો હઝરત અમીરુલ મુઅ્મિનીન (રદિ.)ની મજબૂરીથી વાકેફ ન હતા તેમને આ મા'મલામાં એનાથી પણ ફરિયાદ પેદા થઈ રહી હતી, શક્ય હતું કે આ ફરિયાદ અને શિકાયત કોઈ બીજો ફિત્નો શરૂ થવાનું કારણ બની જાય એટલા માટે લોકોને સબ્ર કરવાની અને અમીરુલ મુઅ્મિનીન (રદિ.)ને બળ પુરું પાડી પ્રદેશની વ્યવસ્થાને વધારે મજબૂત કરવાની વિનંતી કરી અને પરસ્પરના શિકવા શિકાયતને દૂર કરવા માટે તથા પરસ્પર લોકોમાં સુલેહના ઈરાદાથી બસરાનો સફર અપનાવી લીધો જેમાં તેમના મહરમ ભાણેજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.) વગેરે તેમની સાથે હતા, પોતાના આ સફરનો મકસદ પોતે ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.)એ હઝરત કેઅ્કાઅ્ (રદિ.) સામે વર્ણન કર્યો હતો જેમકે આગળ આવશે અને આવા સખત ફિત્નાઓના સમયે મુસલમાનોમાં પરસ્પર સુલેહનું કામ જે રીતે દીનની મહત્ત્વની સેવા હતી તે પણ દેખીતું છે એટલા માટે જો ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.)એ બસરાનો સફર પોતાના મહરમો સાથે અને પડદાની લોખંડી પાલખીમાં કર્યો તો તેને શીઆઓ અને રવાફિઝો તરફથી એક તોફાન બનાવીને રજુ કરવામાં આવે છે કે ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.)એ કુર્આનના હુકમોનો વિરોધ કર્યો તે કેટલી હદે યોગ્ય હોઈ શકે છે ?

આગળ મુનાફિકો અને ફસાદખોરોની શરારતે જે પરસ્પર ગૃહયુદ્ધનું સ્વરૂપ પેદા કરી દીધું હતું તેનો વિચાર ક્યારેય હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ના કલ્પના કે અનુમાનમાં પણ ન હતો, આ આયતની તફસીર માટે આટલું પૂરતું છે. આગળ જંગે જમલની ઘટનાની વિગતોનો આ મોકો નથી પરંતુ ટૂંકમાં વાસ્તવિકતા સ્પષ્ટ કરવા માટે અમુક લીટીઓ લખવામાં આવે છે.

પરસ્પર ફિત્નાઓ અને ઝઘડાઓના સમયે જે સ્વરૂપો દુનિયામાં ઉપસ્થિત થતા હોય છે તેનાથી કોઈ સમજદાર અને અનુભવી અજાણ નથી હોઈ શકતો ! અહીંયાં પણ પરિસ્થિતિ એ બની કે મદીનાથી આવનાર સહાબએ કિરામ (રદિ.)ની તહેનાતમાં હઝરત આયશા સિદીકા (રદિ.)ના બસરાની મુસાફરીને મુનાફિકો અને ફસાદખોરોએ હઝરત અમીરુલ મુઅ્મિનીન અલી (રદિ.)ની સામે સ્વરૂપ બગાડીને એ રીતે રજુ કર્યું કે આ બધા એટલા માટે બસરા જઈ રહ્યા છે કે ત્યાંથી લશ્કર સાથે થઈને તમારો મુકાબલો કરે, જો તમે હાલના અમીર છો તો તમારી ફરજ છે કે આ ફિત્નાને આગળ વધતા પહેલાં જ ત્યાં જઈને રોકે. હઝરત હસન અને હઝરત હુસૈન તથા અબ્દુલ્લાહ ઈબ્ને જા'ફર અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) જેવા સહાબએ કિરામ (રદિ.)એ આ અભિપ્રાયનો વિરોધ પણ કર્યો અને એ સલાહ આપી કે તમે તેમના મુકાબલામાં લશ્કરી પગલાં ત્યાં સુધી ન ભરો જ્યાં સુધી સાચી પરિસ્થિતિની જાણ ન થઈ જાય પરંતુ બહુમતી બીજી તરફનો અભિપ્રાય આપનારાઓની હતી, હઝરત અલી (રદિ.) પણ તે તરફ જ ઢળીને લશ્કર સાથે નીકળી આવ્યા અને આ ફિત્નો ઊભો કરનાર શરારતખોરો અને તે બળવાખોરો પણ આપ (રદિ.)ની સાથે નીકળ્યા.

જ્યારે આ લોકો બસરાની નજીક પહોંચ્યા તો હઝરત કેઅ્કાઅ્ (રદિ.)ને ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.) પાસે પરિસ્થિતિ પૂછવા માટે મોકલ્યા, તેમણે અરજ કરી કે હે ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.) ! તમારું અહીંયાં આવવાનું કારણ શું છે ? તો હઝરત આયશા સિદીકા (રદિ.)એ ફરમાવ્યું, اَیْ بُنَیَّ، اَلْاِصْلَاحُ بَیْنَ النَّاسِ એટલે કે, મારા વહાલા દિકરા ! હું લોકો વચ્ચે સુલેહના ઈરાદાથી અહીંયાં આવી છું પછી હઝરત તલ્હા (રદિ.) અને હઝરત ઝુબૈર (રદિ.)ને પણ હઝરત કેઅ્કાઅ્ (રદિ.)ની મજલિસમાં બોલાવી લેવામાં આવ્યા, હઝરત કેઅ્કાઅ્ (રદિ.)એ તેમને પૂછ્યું, તમે શું ઈચ્છો છો ? તેમણે વિનંતી કરી કે હઝરત ઉસ્માન (રદિ.)ના હત્યારાઓ ઉપર શરઈ હદ (સજા) લાગુ પાડવા સિવાય અમે કંઈ જ ઈચ્છતા નથી. હઝરત કેઅ્કાઅ્ (રદિ.)એ સમજાવ્યું કે આ કામ તો તે સમય સુધી થઈ શકે એમ નથી કે જ્યાં સુધી મુસલમાનોનો સમૂહ વ્યવસ્થિત અને સ્થાયી ન થઈ જાય એટલા માટે તમારા ઉપર એ જરૂરી છે કે આ સમયના તકાદાના સ્વરૂપને અપનાવો.

આ વડીલોએ તેનો સ્વીકાર કરી લીધો, હઝરત કેઅ્કાઅ્ (રદિ.)એ જઈને હઝરત અમીરુલ મુઅ્મિનીન અલી (રદિ.)ને તેની ખબર આપી દીધી તેઓ પણ ખૂબ ખુશ થયા અને સંતોષિત થઈ ગયા અને બધા લોકોએ પાછા વળવાનો ઈરાદો કરી લીધો અને ત્રણ દિવસ આ મેદાનમાં એ જ પરિસ્થિતિ ઉપર થોભેલા રહ્યા કે કોઈને તેમાં શંકા ન હતી કે હવે બંને પક્ષોમાં સુલેહનું એ'લાન થઈ જશે અને ચોથા દિવસે સવારે આ એ'લાન થવાનું જ હતું અને અમીરુલ મુઅ્મિનીન હઝરત અલી (રદિ.)ની મુલાકાત હઝરત તલ્હા (રદિ.) અને હઝરત ઝુબૈર (રદિ.) સાથે થવાની હતી જેમાં આ હઝરત ઉસ્માન ગની (રદિ.)ના હત્યારાઓ સામેલ ન હતા, આ બાબત તે લોકોને ખૂબ અઘરી લાગી અને તેમણે એવી યોજના બનાવી કે તમે પ્રથમ હઝરત આયશા (રદિ.)ના પક્ષમાં પહોંચીને ખૂનામરકી શરૂ કરી દો જેથી તે અને તેમના સાથીઓ એવું સમજે કે હઝરત અલી (રદિ.) તરફથી કરાર ભંગ થયો છે અને આ લોકો એવી ગેરસમજનો શિકાર બની હઝરત અલી (રદિ.)ના લશ્કર ઉપર તૂટી પડે અને તેઓનું આ શયતાની ષડયંત્ર ચાલી પડ્યું અને હઝરત અલી કર્રમલ્લાહુ (રદિ.)ના લશ્કરમાં સામેલ ફસાદખોરો તરફથી હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની જમાઅત ઉપર હુમલો થઈ ગયો તો તેઓ એવું સમજવા માટે લાચાર હતા કે આ આક્રમણ અમીરુલ મુઅ્મિનીન હઝરત અલી (રદિ.)ના લશ્કર તરફથી થયું છે અને તેની જવાબી કાર્યવાહી શરૂ થઈ ગઈ. હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ જ્યારે આ પરિસ્થિતિ જોઈ તો યુદ્ધ સિવાય કોઈ છૂટકો ન રહ્યો અને જે દુર્ઘટના પરસ્પર ખૂનામરકીની બનવાની હતી બની ગઈ, ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલયહિરાજીઊન. આ ઘટના ઠીક એવી જ રીતે તબરી અને બીજા સાચા પ્રમાણભૂત ઈતિહાસકારોએ હઝરત હસન, હઝરત અબ્દુલ્લાહ બિન જા'ફર અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) વગેરેથી નકલ કરી છે. *(રૂહુલ મઆની)*

મતલબ કે ફસાદખોરો અને અપરાધીઓની શરારત તથા ફિત્ના ફસાદના પરિણામે તે બંને પવિત્ર સમૂહોમાં અનિચ્છાએ લડાઈની ઘટના બની ગઈ અને જ્યારે ફિત્નો દૂર થઈ ગયો તો બંને પક્ષોના વડીલો સખત દિલગીર થયા, હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને આ ઘટના યાદ આવતી તો એટલા રડતાં હતાં કે તેમની ઓઢણી આંસુઓથી ભીંજાઈ જતી હતી, એ જ પ્રમાણે અમીરુલ મુઅ્મિનીન

હઝરત અલી (રદિ.)ને પણ આ ઘટનાનો સખત આઘાત લાગ્યો હતો, ફિત્નો દૂર થયા પછી માર્યા ગયેલાઓની લાશો જોવા માટે ગયા તો પોતાની જાંઘો ઉપર હાથ મારી મારીને ફરમાતા હતા કે કાશ ! હું આ ઘટનાથી પહેલાં મૃત્યુ પામીને نَسِيًا مَّنسِيًّا ગયો હોત !

અમુક રિવાયતોમાં છે કે ઉમ્મુલ મુઅ્મિનીન આયશા સિદ્દીકા (રદિ.) જ્યારે કુર્આનમાં આ આયત પઢતાં તો રડવા લાગતાં وَقَرۡنَ فِى بُيُوتِكُنَّ એટલે સુધી કે તેમની ઓઢણી આંસુઓથી ભીંજાઈ જતી.

પ્રસ્તુત આયત પઢવાથી રડવું એટલા માટે ન હતું કે, قَرَارٌ فِى الۡبُيُوت (કરાર ફિલ બુયૂત) ઘરોમાં થોભવાના હુકમનો વિરોધ તેમના નજીક ગુનોહ હતો અથવા મુસાફરી પ્રતિબંધિત હતી, બલકે ઘરેથી નીકળવા ઉપર જે અનિચ્છનીય અને સખત દુર્ઘટનાઓ બની તેના ઉપર સ્વાભાવિક રંજ અને ગમનું કારણ હતું.

(આ બધી રિવાયતો અને સમગ્ર વિષય તફસીરે રૂહુલ મઆનીમાંથી લેવામાં આવ્યો છે)

અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)ને કુર્આનનું ત્રીજું, ચોથું અને પાંચમું માર્ગદર્શન :

وَاَقِمۡنَ الصَّلٰوةَ وَاٰتِيۡنَ الزَّكٰوةَ وَاَطِعۡنَ اللّٰهَ وَرَسُوۡلَهٗ એટલે કે, નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરો અને અલ્લાહ તઆલા તથા તેના રસૂલ ﷺનું આજ્ઞાપાલન કરો. આ માર્ગદર્શનો વિગતપૂર્વક અગાઉ આવી ચૂક્યા છે, એટલે કે પારકા પુરુષો સાથે વાતચીતમાં નરમી અને નઝાકતથી બચવું તથા ઘરોએથી જરૂરત વિના ન નીકળવું; ત્રણ સૂચનાઓ તેમાં આવી ગઈ. આ કુલ પાંચ સૂચનાઓ છે જે સ્ત્રીઓ માટે દીનની બુનિયાદી બાબતોમાંથી છે.

આ પાંચેય માર્ગદર્શનો (હિદાયતો) બધા મુસલમાનો માટે સામાન્ય છે :

પ્રસ્તુત માર્ગદર્શનોમાં અંતિમ બાબતમાં તો કોઈને શંકા નથી હોઈ શકતી કે તે અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)ની સાથે ખાસ હોય; નમાઝ, ઝકાત અને અલ્લાહ તથા રસૂલે કરીમ ﷺના આજ્ઞાપાલનથી કયો મુસલમાન બાકાત હોઈ શકે છે ? બાકી પ્રથમ બે હિદાયતો જે સ્ત્રીઓના પડદા વિશે છે થોડો વિચાર કરવાથી પણ સ્પષ્ટ થઈ જાય છે કે તે પણ અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)ની સાથે ખાસ નથી બલકે બધી મુસલમાન સ્ત્રીઓ માટે ખાસ છે. રહી એ બાબત કે આ

હિદાયતોના વર્ણન પહેલાં કુર્આને ફરમાવ્યું છે, لَسۡتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيۡتُنَّ એટલે કે, અઝ્‌વાઝે મુતહ્‌હરાત (રદિ.) સામાન્ય સ્ત્રીઓ જેવી નથી જો તેઓ અલ્લાહનો ડર અપનાવે, તેનાથી દેખીતી રીતે તેમના વિશિષ્ટ હોવાની જાણ થાય છે તો તેનો સ્પષ્ટ જવાબ એ છે કે આ વિશિષ્ટતા શરીઅતના હુકમોમાં નથી, બલકે અમલની કાળજી રાખવામાં છે, એટલે કે અઝ્‌વાઝે મુતહ્‌હરાત (રદિ.) સામાન્ય સ્ત્રીઓ જેવી નથી બલકે તેમની શા'ન સૌથી ઉચ્ચ અને શ્રેષ્ઠ છે એટલા માટે જે હુકમો બધી મુસલમાન સ્ત્રીઓ ઉપર ફરજ છે તેની કાળજી તેમણે સૌથી વધારે કરવી જોઈએ. વલ્લાહુ અઅ્‌લમુ.

اِنَّمَا يُرِيۡدُ اللّٰهُ لِيُذۡهِبَ عَنۡكُمُ الرِّجۡسَ اَهۡلَ الۡبَيۡتِ وَيُطَهِّرَكُمۡ تَطۡهِيۡرًا પાછલી આયતોમાં જે માર્ગદર્શનો અઝ્‌વાઝે મુતહ્‌હરાત (રદિ.)ને સંબોધીને આપવામાં આવ્યા છે તે જો કે તેમની વ્યક્તિગત વિશેષતા ન હતી બલકે સમગ્ર ઉમ્મત ઉપર આ હુકમો લાગુ પડે છે પરંતુ અઝ્‌વાઝે મુતહ્‌હરાત (રદિ.)ને ખાસ સંબોધન એટલા માટે કરવામાં આવ્યું છે કે તેઓ પોતાની શા'ન અને નુબુવ્વતના ઘરના કારણે આ અમલોની વધારે કાળજી રાખે. આ આયતમાં આ વિશિષ્ટ સંબોધનની હિકમત એ જ છે કે અમલોની સુધારણાની ખાસ હિદાયતથી અલ્લાહ તઆલા સમીપ ઈચ્છનીય એ છે કે રસૂલે કરીમ ﷺના ઘરવાળાઓને رِجۡس (રિજ્‌સ) ગંદકીથી પાક કરે.

શબ્દ رِجۡس (રિજ્‌સ) કુર્આન શરીફમાં અનેક અર્થો માટે ઉપયોગ થયો છે, એક સ્થળે "રિજ્‌સ" મૂર્તિઓના અર્થમાં આવ્યો છે وَاجۡتَنِبُوا الرِّجۡسَ مِنَ الۡاَوۡثَانِ અને ક્યારેક "રિજ્‌સ" શબ્દ કોઈપણ ગુનાહ માટેના અર્થમાં છે, ક્યારેક અઝાબના અર્થમાં છે તો ક્યારેક નાપાકી અને ગંદકીના અર્થમાં ઉપયોગ થયો છે જેનો ખુલાસો એ છે કે દરેક તે વસ્તુ જે શરઈ રીતે અથવા સ્વાભાવિક રીતે સૂગપાત્ર સમજવામાં આવે છે તે "રિજ્‌સ" છે. આ આયતમાં આ જ જાહેર અર્થ ભાવાર્થ સ્વરૂપે છે. *(બહરે મુહીત)*

આયતમાં "અહલે બય્‌ત"થી શું ભાવાર્થ છે ? :

ઉપરની આયતોમાં નબીએ કરીમ ﷺની પત્નીઓને સંબોધન હતું એટલા માટે તેને સ્ત્રીવાચક સર્વનામથી સંબોધન કરવામાં આવ્યું, અહીંયાં અહલે

બયૂતમાં અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)ની સાથે તેમની અવલાદ અને પિતા પણ સામેલ છે એટલા માટે તેને પુરુષવાચક સર્વનામ વડે કહેવામાં આવ્યું, وَيُطَهِّرَكُمْ ،عَنكُمْ અને અમુક તફસીરના ઈમામોએ "અહલે બયૂત"નો ભાવાર્થ માત્ર અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.) ઠરાવ્યો છે. હઝરત ઈકરીમા અને હઝરત મકાતિબ (રદિ.)એ એવું જ કહ્યું છે તથા સઈદ બિન ઝુબૈર (રદિ.) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી પણ આ જ રિવાયત વર્ણન થઈ છે કે તેમણે આયતમાં અહલે બયૂતનો ભાવાર્થ અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)નો ઠરાવ્યો અને દલીલમાં આ રિવાયત રજુ કરી. وَاذْكُرْنَ مَا يُتْلَىٰ فِي بُيُوتِكُنَّ *(રવાહુ અબી હાતિમ વ ઈબ્ને જરીર)*

પાછલી આયતોમાં نِسَاءَ النَّبِيِّ (નિસાઊન્નબી ﷺ) "નબી ﷺની સ્ત્રીઓ"થી સંબોધન પણ તેનો ઈશારો છે, હઝરત ઈકરીમા તો બજારમાં એ'લાન કરાવતા હતા કે આ આયતમાં અહલે બયૂતથી ભાવાર્થ અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.) છે, કારણ કે આ આયત તેમની જ શા'નમાં નાઝિલ થઈ છે અને ફરમાવતા હતા કે હું તેના ઉપર "મુબાહિલો" કરવા માટે તૈયાર છું.

પરંતુ હદીષની અનેક રિવાયતોમાં જેને ઈબ્ને કષીર (રહ.)એ આ સ્થળે નકલ કરી છે એ બાબત ઉપર સાક્ષી છે કે અહલે બયૂતમાં હઝરત ફાતિમા (રદિ.), હઝરત અલી (રદિ.), હઝરત હસન (રદિ.) અને હઝરત હુસૈન (રદિ.) પણ સામેલ છે, જેમકે સહીહ મુસ્લિમની હદીષ હઝરત આયશા (રદિ.)ની હદીષથી છે કે એક વખતે રસૂલે કરીમ ﷺ ઘરની બહાર આવ્યા અને તે વખતે આપ ﷺએ એક કાળી રૂમી ચાદર ઓઢેલી હતી, હઝરત હસન ઈબ્ને અલી (રદિ.) આવી ગયા તો તેમને ચાદરમાં લઈ લીધા પછી હઝરત હુસૈન (રદિ.) આવી ગયા તો તેમને પણ તે જ ચાદરમાં દાખલ કરી લીધા, ત્યારબાદ હઝરત ફાતિમા (રદિ.), પછી હઝરત અલી મુર્તુઝા (રદિ.) આવી ગયા, તેમને પણ ચાદરમાં દાખલ કરી લીધા, પછી આ આયત તિલાવત કરી,

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا

અને અમુક રિવાયતોમાં એ પણ છે કે આ આયત પઢયા પછી ફરમાવ્યું

اَللّٰهُمَّ هٰؤُلَاءِ اَهْلُ بَيْتِي *(રવાહુ ઈબ્ને જરીર)*

ઈબ્ને કષીર (રહ.)એ આ વિષયની અનેક ભરોસાપાત્ર હદીષો નકલ કર્યા પછી ફરમાવ્યું કે વાસ્તવમાં આ બંને નિવેદનોમાં જે તફસીરના ઈમામોથી નકલ થયા છે કોઈ વિરોધાભાસ નથી, જે લોકોએ એવું કહ્યું છે કે આ આયત અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)ની શા'નમાં નાઝિલ થઈ અને અહલે બય્તથી તે જ લોકો ભાવાર્થ સ્વરૂપે છે તો આ તેનો નકાર કરતું નથી કે બીજા લોકો પણ અહલે બય્તમાં સામેલ હોય, એટલા માટે સાચું એ જ છે કે શબ્દ "અહલે બય્ત"માં અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.) પણ સામેલ છે કારણ કે આ આયતનો શા'ને નુઝૂલ તે જ છે અને શા'ને નુઝૂલનું સમર્થન આયતમાં સામેલ હોવું કોઈ શંકા ઉપર આધારિત નથી અને હઝરત ફાતિમા, અલી, હસન અને હુસૈન (રદિ.) પણ ઈરશાદે નબવી ﷺ પ્રમાણે અહલે બય્તમાં સામેલ છે અને આ આયતથી પહેલાં અને પાછળ બંને સ્થળે نِسَاءُ النَّبِيِّ (નિસાઊન્નબી)ની પત્નીઓના વિષયથી સંબોધન અને તેમના માટે સ્ત્રીવાચક સર્વનામનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પાછલી આયતોમાં فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ થી અંત સુધી બધા જ સર્વનામો સ્ત્રીવાચક ઉપયોગ થયો છે અને આગળ ફરી وَاذْكُرْنَ مَا يُتْلَى માં સ્ત્રીવાચક સર્વનામથી સંબોધન થયું છે. આ વચ્ચેની આયતની શૈલી અને લઢણને કાપીને પુરુષવાચક સર્વનામ عَنْكُمْ (અન્કુમ) અને يُطَهِّرَكُمْ (યુતહ્હિરકુમ) કહેવું પણ એ બાબતની મજબૂત ગવાહી છે કે તેમાં માત્ર પત્નીઓ જ સામેલ નથી, અમુક પુરુષો પણ છે.

પ્રસ્તુત આયતમાં જે એ ફરમાવ્યું છે કે لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا દેખીતું છે કે તેનો ભાવાર્થ એ છે કે આ હિદાયતો દ્વારા શયતાનના કાબૂથી તથા ગુનાહો અને દરેક સુગપાત્ર કામોથી અલ્લાહ તઆલા અહલે બય્તને સુરક્ષિત રાખશે અને પાક કરી આપશે, ખુલાસો એ છે કે تَطْهِيرِ تَشْرِيعِى ભાવાર્થ છે. تَكْوِينِى تَطْهِيرِ જે અંબિયા (અલૈ.)ની ખાસિયત છે તે ભાવાર્થ સ્વરૂપે નથી, તેનાથી એ જરૂરી નથી બનતું કે આ બધા માસૂમ હોય અને તેમનાથી અંબિયા (અલૈ.)ની જેમ કોઈ ગુનોહ થવો શક્ય ન હોય. تَكْوِينِى تَطْهِيرِ ની જે ખાસિયત છે તે શીઆઓએ આ આયતમાં જમહૂર ઉમ્મતનો વિરોધ કરીને પ્રથમ તો ફક્ત અહલે બય્તને અને પછી માત્ર રસૂલે કરીમ ﷺની અવલાદ અને عَصَبَاتِ رَسُوْلِ માટે વિશિષ્ટ હોવાનો અને અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)

તેમાંથી બાકાત હોવાનો દા'વો કર્યો તો પ્રસ્તુત બીજી આયતમાં تَطْهِير (તત્હીર), "પવિત્ર કરવું"થી ભાવાર્થ તેમની عِصْمَت (ઇસ્મત) "નિર્દોષ" ઠરાવીને અહલે બય્તને અંબિયા (અલૈ.)ની જેમ માસૂમ ઠરાવ્યા. તેનો જવાબ અને આ મસ્અલાની વિગતવારની ચર્ચા મુજ નાચીઝે અહકામુલ કુર્આન સૂરએ અહઝાબમાં લખી છે તેમાં عِصْمَت (ઇસ્મત)ની વ્યાખ્યા અને તેનું અંબિયા (અલૈ.) અને ફરિશ્તાઓ સાથે વિશિષ્ટ હોવું અને તેમના સિવાય કોઈનું માસૂમ ન હોવું શરઈ દલીલોથી સ્પષ્ટ કર્યું છે, ઇલ્મવાળા તેને ત્યાં જોઈ શકે છે, સામાન્ય જનતા માટે તેની જરૂરત નથી.

وَاذْكُرْنَ مَا يُتْلٰى فِىْ بُيُوْتِكُنَّ مِنْ اٰيٰتِ اللّٰهِ وَالْحِكْمَةِ માં શબ્દ آيَاتِ اللّٰهُ (આયાતિલ્લાહ)થી ભાવાર્થ "કુર્આન" અને حِكْمَت (હિકમત)થી ભાવાર્થ "રસૂલે કરીમ ﷺનું શિક્ષણ અને રસૂલે કરીમ ﷺની સુન્નત" છે, જેમકે બધા જ મુફસ્સિરોએ હિકમતની તફસીર આ સ્થળે "સુન્નત"થી કરી છે અને શબ્દ اُذْكُرْنَ (ઉઝ્કુર્ન)માં બે ભાવાર્થો હોઈ શકે છે, એક એ કે તે વસ્તુઓને પોતે યાદ રાખવી જેનું પરિણામ તેના ઉપર અમલ કરવું છે, બીજું એ કે જે કંઈ કુર્આન તેમના ઘરોમાં તેમની સામે નાઝિલ થયું અથવા જે તા'લીમ રસૂલે કરીમ ﷺએ તેમને આપી તેનું વર્ણન ઉમ્મતના અન્ય લોકોને કરે અને તેમને પહોંચાડે.

ખુલાસો :

ઇબ્ને અરબી (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે આ આયતથી એ સાબિત થાય છે કે જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺથી કોઈ કુર્આનની આયત અથવા હદીષ સાંભળે તેના માટે જરૂરી છે કે તે ઉમ્મતને પહોંચાડે, એટલે સુધી કે અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.) ઉપર પણ એ જ જરૂરી કરવામાં આવ્યું છે કે જે કુર્આનની આયતો તેમના ઘરોમાં નાઝિલ થાય અથવા જે તા'લીમ રસૂલે કરીમ ﷺ તરફથી તેમને પ્રાપ્ત થાય તેનું વર્ણન ઉમ્મતના અન્ય લોકોને કરે અને આ અલ્લાહની અમાનત તેમને પહોંચાડે.

કુર્આનની જેમ હદીષની સુરક્ષા :

એ જ પ્રમાણે શબ્દ حِكْمَت (હિકમત) કહીને રસૂલે કરીમ ﷺની હદીષોના પ્રચાર અને તા'લીમ પણ જરૂરી કરવામાં આવી છે એટલા માટે

સહાબએ કિરામ (રદિ.)એ આ હુકમની બજવણી દરેક હાલતમાં કરી છે, સહીહ બુખારીમાં હઝરત મઆઝ (રદિ.)ની આ ઘટના કે તેમણે રસૂલે કરીમ ﷺથી એક હદીષ સાંભળી પરંતુ તેને જાહેર જનતા સામે વર્ણન ન કરી કે ભય હતો કે લોકો તેને તેના દરજ્જામાં ન રાખે અને કોઈ ગેરસમજમાં સંડોવાઈ જાય પરંતુ જ્યારે તેમની વફાતનો સમય આવ્યો તો લોકોને એકઠા કરીને આ હદીષ સંભળાવી દીધી અને ફરમાવ્યું કે મેં અત્યાર સુધી દીની મસ્લિહતથી તેનું વર્ણન કર્યું ન હતું પરંતુ હવે મોતનો સમય નજીક છે એટલા માટે ઉમ્મતની આ અમાનત તેમને પહોંચાડવી જરૂરી સમજું છું, સહીહ બુખારીમાં તેમના શબ્દો આ પ્રમાણે છે. فَاَخْبَرَ بِهٖ مُعَاذٌ عِنْدَ مَوْتِهٖ تَاَثُّمًا એટલે કે, હઝરત મઆઝ (રદિ.)એ આ હદીષ લોકોને વફાતના સમયે એટલા માટે સંભળાવી દીધી કે તેઓ ગુનેહગાર ન થાય કે રસૂલે કરીમ ﷺની હદીષ ઉમ્મતને પહોંચાડી નહીં.

આ ઘટના પણ એ જ બાબતની ગવાહી છે કે આ કુર્આનના હુકમની બજવણી બધા જ સહાબએ કિરામ (રદિ.) વાજિબ અને જરૂરી સમજતા હતા તથા સહાબએ કિરામ (રદિ.)એ હદીષને કાળજીપૂર્વક લોકો સુધી પહોંચાડવાની કાળજી લીધી હતી માટે હદીષની સુરક્ષા પણ એક દરજ્જામાં કુર્આનની સુરક્ષાની લગભગ નજીક નજીક જ થઈ ગયું. આ મા'મલામાં શંકાઓ કરવી વાસ્તવમાં કુર્આનમાં શંકાઓ કરવા સમાન છે. વલ્લાહુ અઅ્લમુ.

આયત : (સૂરએ અહઝાબ : આયત નં. ૩૫)

اِنَّ الْمُسْلِمِيْنَ وَالْمُسْلِمٰتِ وَالْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ وَالْقٰنِتِيْنَ وَالْقٰنِتٰتِ
وَالصّٰدِقِيْنَ وَالصّٰدِقٰتِ وَالصّٰبِرِيْنَ وَالصّٰبِرٰتِ وَالْخٰشِعِيْنَ وَالْخٰشِعٰتِ
وَالْمُتَصَدِّقِيْنَ وَالْمُتَصَدِّقٰتِ وَالصَّآئِمِيْنَ وَالصّٰٓئِمٰتِ وَالْحٰفِظِيْنَ فُرُوْجَهُمْ وَالْحٰفِظٰتِ
وَالذّٰكِرِيْنَ اللّٰهَ كَثِيْرًا وَّالذّٰكِرٰتِ ۙ اَعَدَّ اللّٰهُ لَهُمْ مَّغْفِرَةً وَّاَجْرًا عَظِيْمًا ۝٣٥

તરજુમો :

બેશક ! મુસલમાન પુરુષો અને મુસલમાન સ્ત્રીઓ તથા ઈમાનવાળા પુરુષો

અને ઈમાનવાળી સ્ત્રીઓ અને બંદગી કરનારા પુરુષો અને બંદગી કરનારી સ્ત્રીઓ અને સાચા પુરુષો અને સાચી સ્ત્રીઓ અને સબ્ર કરનાર (મહેનત વેઠનાર) પુરુષો અને સબ્ર કરનારી સ્ત્રીઓ અને વિનમ્ર રહેનાર પુરુષો અને વિનમ્ર રહેનાર સ્ત્રીઓ અને ખયરાત કરનાર પુરુષો અને ખયરાત કરનારી સ્ત્રીઓ અને રોઝા રાખનાર પુરુષો અને રોઝા રાખનારી સ્ત્રીઓ અને પોતાના ગુપ્તાંગોની હિફાઝત કરનાર પુરુષો અને હિફાઝત કરનારી સ્ત્રીઓ અને અલ્લાહને ખૂબ યાદ કરનાર પુરુષો અને યાદ કરનારી સ્ત્રીઓ, અલ્લાહે તેમના માટે મા'ફી અને મોટો સવાબ રાખ્યો છે. (૩૫)

તફસીર :

બેશક ! ઈસ્લામનું કામ કરનાર પુરુષો અને ઈસ્લામનું કામ કરનારી સ્ત્રીઓ અને ઈમાન લાવનાર પુરુષો અને ઈમાન લાવનાર સ્ત્રીઓ (મુસ્લિમીન અને મુસ્લિમાતની આ તફસીરમાં "ઈસ્લામ"થી ભાવાર્થ અમલો એટલે કે રોઝા, ઝકાત, હજ્જ વગેરે છે અને મો'મિનીન અને મો'મિનાતમાં ઈમાનનો ભાવાર્થ અકીદાઓ છે, જેમકે સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત જિબ્રઈલ અલૈ.ના પૂછવાથી રસૂલે કરીમ ﷺએ ઈસ્લામ અને ઈમાન વિશે પણ આ જ જવાબ દેવાનું વર્ણન થયેલ છે) અને આજ્ઞાપાલક પુરુષો અને આજ્ઞાપાલક સ્ત્રીઓ અને સાચા પુરુષો અને સાચી સ્ત્રીઓ (આ સાચા હોવામાં પોતાના નિવેદનોમાં સાચા હોવું પણ સામેલ છે અને અમલમાં સાચા હોવું પણ અને ઈમાન તથા નિય્યતમાં સચ્ચાઈ હોવી પણ, એટલે કે ન તો ક્યારેય તેમની વાતચીતમાં કોઈ જૂઠ છે, ન જ અમલમાં કાયરતા અને સુસ્તી, ન જ ખોટો દેખાડો કે નિફાક દોગલાપણુ છે) અને સબ્ર કરનાર પુરુષો અને સબ્ર કરનારી સ્ત્રીઓ (તેમાં સબ્રના બધા પ્રકારો આવી ગયા, એટલે કે આજ્ઞાપાલન અને ઈબાદત ઉપર મક્કમ રહેવું તથા ગુનાહોથી પોતાના નફ્સને રોકવો અને કષ્ટો તથા મુસીબતો ઉપર સબ્ર કરવી) અને ખુશૂઅ્ કરનાર પુરુષો અને ખુશૂઅ્ કરનાર સ્ત્રીઓ (શબ્દ "ખુશૂઅ્"માં નમાઝ અને ઈબાદતનો ખુશૂઅ્ પણ સામેલ છે કે દિલથી ઈબાદત તરફ કેન્દ્રિત થાય અને પોતાના અવયવો અને શરીરને પણ તેના યોગ્ય રાખે અને તેમાં જાહેર વિનમ્રતા પણ સામેલ છે જે અભિમાનના મુકાબલામાં છે, એટલે કે આ લોકો તકબ્બુર અથવા પોતાની બડાઈ હાંકવાથી પણ પાક છે અને નમાઝ વગેરે ઈબાદતોમાં પણ

ખુશૂઅ્ અને ખુઝૂઅ્ – વિનમ્રતા અને એકાગ્રતા તેમની મૂડી છે) અને ખયરાત કરનાર પુરુષો અને ખયરાત કરનારી સ્ત્રીઓ (તેમાં ઝકાત અને નફલ સદકાઓ બધું સામેલ છે) અને રોઝા રાખનાર પુરુષો અને રોઝા રાખનારી સ્ત્રીઓ અને અલ્લાહને વધારે પ્રમાણમાં યાદ કરનાર પુરુષો અને વધારે પ્રમાણમાં યાદ કરનારી સ્ત્રીઓ (એટલે કે જે ફરજ ઝિક્ર ઉપરાંત નફલ ઝિક્ર પણ અદા કરે છે) તેમના બધાના માટે અલ્લાહ તઆલાએ મગફિરત (મા'ફી) અને મહાન સવાબ તૈયાર કરી રાખ્યો છે.

મસ્અલા અને બોધપાઠ :

કુર્આનમાં સામાન્ય રીતે સંબોધન પુરુષોને થાય છે અને સ્ત્રીઓ આ સંબોધનમાં સામેલ ગણવામાં આવે છે તેની એક હિકમત :

કુર્આને કરીમના સામાન્ય હુકમોમાં જો કે પુરુષ અને સ્ત્રી બંને જ સામેલ છે પરંતુ સામાન્ય રીતે સંબોધન પુરુષોને કરવામાં આવ્યું છે, સ્ત્રીઓઓને તેમાં સામેલ સમજવામાં આવે છે. દરેક સ્થળે يَـاأَيُّهَـاالَّـذِيْنَ آمَنُوْا (યા અય્યુહલ્લઝીન આમનુ) શબ્દ ઉપયોગ કરીને સ્ત્રીઓને તેના સંદર્ભમાં સંબોધન કરવામાં આવ્યું છે, તેમાં ઈશારો છે કે સ્ત્રીઓના બધા મા'મલાઓ સતર છુપાવવા અથવા પડદાપોશી ઉપર આધારિત છે તેમાં તેમનું સન્માન અને ઈજ્જત છે, ખાસ કરીને સમગ્ર કુર્આનમાં વિચાર કરવામાં આવે તો જાણ થશે કે હઝરત મરયમ બિન્તે ઈમરાન (અલૈ.) સિવાય કોઈ સ્ત્રીનું નામ કુર્આનમાં લેવામાં નથી આવ્યું બલકે વર્ણન આવ્યું તો પુરુષોના સંદર્ભની સાથે اِمْـرَاَةِ فِـرْعَـوْنَ અને اِمْـرَاَةِنُـوْحٍ અને اِمْـــرَاَةِلُـوْطٍ ના શબ્દોથી ઓળખાવવામાં આવ્યું છે. હઝરત મરયમ (અલૈ.)ની વિશિષ્ટતા કદાચ એ હોય કે હઝરત ઈસા (અલૈ.)નો સંબંધ કોઈ પિતા સાથે જોડી શકાતો ન હતો એટલા માટે માં તરફ સંબંધ જોડવાના સંદર્ભમાં પણ તેમનું નામ જાહેર કરવામાં આવ્યું. વલ્લાહુ અઅ્લમુ.

કુર્આને કરીમની આ શૈલી જો કે એક મોટી હિકમત અને મસ્લિહત ઉપર આધારિત હતી પરંતુ સ્ત્રીઓને એ બાબતનો વિચાર આવવો એક સ્વાભાવિક બાબત હતી એટલા માટે હદીષની કિતાબોમાં એવી અનેક રિવાયતો છે જેમાં સ્ત્રીઓએ રસૂલે કરીમ ﷺની સેવામાં આ અરજ કરી કે અમે જોઈ રહ્યા છીએ કે

અલ્લાહ તઆલા કુર્આનમાં દરેક ઠેકાણે પુરુષોનું જ વર્ણન કરે છે તેમને જ સંબોધન કરે છે તેનાથી જાણ થઈ કે અમો સ્ત્રીઓમાં કોઈ ભલાઈ જ નથી અને ડર છે કે અમારી ઈબાદત પણ કબૂલ ન થાય.

(રવાહુલ બગવી અનલ અજ્વાઝુલ મુતહ્હરહ રદિ.)

તિરમિઝીમાં હસન સનદથી હઝરત ઉમ્મે અમ્મારા અન્સારિય્યહ (રદિ.)થી અને અમુક રિવાયતોમાં હઝરત અસ્મા બિન્તે ઉમૈસ (રદિ.)થી આ જ પ્રમાણે અરજ રજુ કરવાનું નકલ થયેલ છે અને તે બધી રિવાયતોમાં પ્રસ્તુત આયતને સબબે નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) ઠરાવવામાં આવી છે.

પ્રસ્તુત આયતોમાં સ્ત્રીઓને હૈયાધરપત આપવામાં આવી છે અને તેમના અમલોની સ્વીકૃતિને વિશિષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે જેમાં એ બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાના ત્યાં સ્વીકૃતિ અને શ્રેષ્ઠતાનો આધાર નેક કર્મો અને અલ્લાહ તઆલાની આજ્ઞાનું પાલન છે તેમાં પુરુષો સ્ત્રીઓમાં કોઈ ભેદભાવ કે ફરક નથી.

અલ્લાહ તઆલાનો ઝિક્ર વધારે પ્રમાણમાં કરવાનો હુકમ અને તેની હિકમત :

ઈસ્લામના અરકાનો પાંચ ઈબાદતો છે; નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ અને જિહાદ પરંતુ સમગ્ર કુર્આનમાં તેમાંથી કોઈ ઈબાદતનું મોટા પ્રમાણમાં કરવાનો હુકમ નથી પરંતુ અલ્લાહના ઝિક્ર વિશે કુર્આને કરીમની અનેક આયતોમાં તેને વધારે કરવાનો ઈશારો છે, સૂરએ અન્ફાલ અને સૂરએ જુમ્અહમાં અને આ સૂરતમાં وَالذّٰكِرِيْنَ اللّٰهَ كَثِيْرًا وَالذّٰكِرَاتُ કહેવામાં આવ્યું છે.

તેની હિકમત કદાચ એ છે કે પ્રથમ તો અલ્લાહ તઆલાનો ઝિક્ર બધી ઈબાદતોની અસલ રૂહ છે જેમકે હઝરત મઆઝ ઈબ્ને અનસ (રદિ.)ની રિવાયતથી આવ્યું છે કે કોઈ વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને સવાલ કર્યો કે મુજાહિદીનમાં સૌથી વધારે બદલો અને સવાબ કોનો છે ? તો આપ ﷺએ ફરમાવ્યું, જે સૌથી વધારે અલ્લાહનો ઝિક્ર કરે. પછી પૂછ્યું કે રોઝેદારોમાં કોનો સવાબ સૌથી વધારે છે ? ફરમાવ્યું, જે સૌથી વધારે અલ્લાહનો ઝિક્ર કરે. પછી એ જ પ્રમાણે નમાઝ, રોઝા, હજ્જ અને સદકહ વિશે પ્રશ્નો કર્યા, દરેક વખતે આપ

ﷺએ આ જ કહ્યું કે જે અલ્લાહનો ઝિક્ર વધારે કરે તે જ વધારે અજ્ર (સવાબ)નો હકદાર છે. *(રવાહુ અહમદ અઝ ઈબ્ને કષીર)*

બીજું એ કે ઝિક્ર બધી જ ઈબાદતોમાં સૌથી વધારે સહેલું છે, શરીઅતે પણ તેના માટે કોઈ શરત નથી રાખી; વુઝૂ, બેવુઝૂ, સૂતાં, બેઠાં બેઠાં, ચાલતા ફરતાં દરેક સમયે અલ્લાહનો ઝિક્ર કરી શકાય છે, તે ન તો મનુષ્ય પાસેથી કોઈ મહેનત લે છે અને ન જ કોઈ ફુરસદનો તકાદો છે અને તેમાં અસર અને લાભ એટલો મહાન છે કે અલ્લાહના ઝિક્ર દ્વારા દુનિયાના કામ પણ દીન અને ઈબાદત બની જાય છે, ખાતાં પહેલાં અને પછીની દુઆ, ઘરેથી નીકળવા અને પાછા આવવાની દુઆ, મુસાફરીમાં જવાની અને મુસાફરી દરમિયાન તથા વતન પરત ફરવાની દુઆઓ, કોઈ કારોબાર કરતાં પહેલાં અને પછી રસૂલે કરીમ ﷺની તા'લીમ કરેલ દુઆઓનો ખુલાસો જ એ છે કે મુસલમાન કોઈપણ સમયે અલ્લાહ તઆલાથી ગાફેલ થઈને કોઈ કામ ન કરે અને તેની નક્કી કરેલ દુઆઓ પોતાના કામોમાં પઢી લે તો તેના દુનિયાના કામો પણ દીન બની જાય છે.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૩૬ થી ૩૯)

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗۤ اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ
الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ ؕ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا ؕ ﴿۳۶﴾
وَاِذْ تَقُوْلُ لِلَّذِيْۤ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِ وَاَنْعَمْتَ عَلَيْهِ اَمْسِكْ عَلَيْكَ زَوْجَكَ
وَاتَّقِ اللّٰهَ وَتُخْفِيْ فِيْ نَفْسِكَ مَا اللّٰهُ مُبْدِيْهِ وَتَخْشَى النَّاسَ ۚ وَاللّٰهُ اَحَقُّ
اَنْ تَخْشٰىهُ ؕ فَلَمَّا قَضٰى زَيْدٌ مِّنْهَا وَطَرًا زَوَّجْنٰكَهَا لِكَيْ لَا يَكُوْنَ عَلَى
الْمُؤْمِنِيْنَ حَرَجٌ فِيْۤ اَزْوَاجِ اَدْعِيَآئِهِمْ اِذَا قَضَوْا مِنْهُنَّ وَطَرًا ؕ وَكَانَ اَمْرُ اللّٰهِ
مَفْعُوْلًا ﴿۳۷﴾ مَا كَانَ عَلَى النَّبِيِّ مِنْ حَرَجٍ فِيْمَا فَرَضَ اللّٰهُ لَهٗ ؕ سُنَّةَ اللّٰهِ فِي
الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلُ ؕ وَكَانَ اَمْرُ اللّٰهِ قَدَرًا مَّقْدُوْرًا ۙ ﴿۳۸﴾ الَّذِيْنَ يُبَلِّغُوْنَ
رِسٰلٰتِ اللّٰهِ وَيَخْشَوْنَهٗ وَلَا يَخْشَوْنَ اَحَدًا اِلَّا اللّٰهَ ؕ وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا ﴿۳۹﴾

તરજુમો :

અને કોઈ ઈમાનવાળા પુરુષ અને ઈમાનવાળી સ્ત્રીને ઘટિત નથી જ્યારે કે અલ્લાહ અને તેનો રસૂલ (ﷺ) કોઈ કામ નિશ્ચિત કરી (હુકમ આપી) દે તો (પછી) તેમને પોતાના કાર્યનો અધિકાર રહે અને જેણે અલ્લાહની અને તેના રસૂલ (ﷺ)ની નાફરમાની કરી બસ તે ખુલ્લી ચૂક કરી માર્ગ ભૂલ્યો. (૩૬) અને જ્યારે તમે તે વ્યક્તિને કહેવા લાગ્યા કે જેના ઉપર અલ્લાહે અહેસાન કર્યુ અને તમે અહેસાન કર્યું, પોતાની પાસે પોતાની પત્નીને રહેવા દો અને અલ્લાહથી ડરો અને તમે પોતાના દિલમાં એક વસ્તુ છુપાવતા હતા જેને અલ્લાહ ખોલવા ઈચ્છે છે અને (તમે) લોકોથી ડરતા હતા અને તમારે અલ્લાહથી વધારે ડરવું જોઈએ, પછી જ્યારે ઝૈદ (રદિ.) તે સ્ત્રીથી પોતાની ગરજ પૂરી કરી (મન ભરી તલાક આપી) ચૂક્યા અમે તેને તમારા નિકાહમાં આપી દીધાં જેથી મુસલમાનો ઉપર મ્હોં બોલ્યા પુત્રોની (ત્યકતા) પત્નીઓથી નિકાહ કરી લેવું ગુનોહ ન રહે જ્યારે તે તેમનાથી પોતાની ગરજ પૂરી કરી (તલાક લઈ) લે અને અલ્લાહના આ હુકમની બજવણી થવાની જ હતી. (૩૭) નબી (ﷺ) ઉપર એ વાતમાં કોઈ વાંધો નથી જે અલ્લાહે તેમના માટે નક્કી કરી દીધું જેમકે અલ્લાહનો દસ્તૂર રહ્યો છે તે લોકોમાં જેઓ પ્રથમ ગુજરી ચૂક્યા અને અલ્લાહનો હુકમ નિશ્ચિત ઠરી ચૂક્યો છે. (૩૮) તે લોકો જેઓ અલ્લાહના સંદેશને પહોંચાડે છે અને તેનાથી ડરે છે અને અલ્લાહ સિવાય કોઈનાથી નથી ડરતા અને અલ્લાહ પૂરતો છે (દરેકનો) હિસાબ લેનારો. (૩૯)

તફસીર :

અને કોઈ ઈમાનવાળા પુરુષ અને કોઈ ઈમાનવાળી સ્ત્રીની ગુંજાયશ નથી જ્યારે કે અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) કોઈ કામનો (ભલે તે દુનિયાની વાત કેમ ન હોય ! વાજિબ સ્વરૂપે) હુકમ આપી દે કે (ફરી) તે (મો'મિનો)ને તેમના તે કામમાં કોઈ અધિકાર (બાકી) રહે (એટલે કે આ અધિકારની ગુંજાઈશ નથી રહેતી કે ભલે કરે અથવા ન કરે બલકે અમલ કરવો જ વાજિબ થઈ જાય છે) અને જે વ્યક્તિ (વાજિબ હુકમ પછી) અલ્લાહનું અને તેના રસૂલનું કહ્યું ન માને તે

ખુલ્લી ગુમરાહીમાં પડ્યો અને (તે સમયને યાદ કરો) જ્યારે તમે (વિનંતી અને મશ્વરા સ્વરૂપે) તે વ્યક્તિને કહી રહ્યા હતા જેના ઉપર અલ્લાહે પણ ઈનામ કર્યું (તે ઈસ્લામની તવફીક આપી જે દીની ઇનામ છે અને ગુલામીથી છોડાવ્યા કે તે દુનિયવી નેઅ્મત છે) અને તમે પણ ઇનામ કર્યું (દીનની તા'લીમ આપી અને આઝાદ કર્યા અને પોતાની ફોઈબહેન સાથે નિકાહ કરાવ્યા, તેનાથી ભાવાર્થ હઝરત ઝૈદ અલૈ. છે કે આપ ﷺ તેમને સમજાવી રહ્યા હતા) કે પોતાની પત્ની (ઝયનબ)ને પોતાના નિકાહમાં રહેવા દો (અને તેમની મા'મૂલી ભૂલોને દરગુજર કરો કે અમુક વખતે મતભેદ થઈ જાય છે) અને અલ્લાહથી ડરો (કે તેના હકોની પણ કોતાહી ન કરો કે ક્યારેક તેનાથી પણ મતભેદ પેદા થઈ જાય છે) અને (જ્યારે શિકાયતો હદથી વધી ગઈ અને એવું લાગતું હતું કે હવે સુલેહ સફાઈની ઉમ્મીદ નથી રહી તો તે સમયે સમજાવટની સાથે સાથે) તમારા દિલમાં તે વાત (પણ) છુપાવેલ હતી જેને અલ્લાહ તઆલા (અંતે) જાહેર કરનારો હતો (તેનાથી ભાવાર્થ આપ ﷺના નિકાહ હઝરત ઝયનબ રદિ. સાથે છે જ્યારે કે ઝૈદ રદિ.એ તેમને તલાક આપી દીધી જેને અલ્લાહ તઆલાએ زَوَّجْنٰكَهَا કહીને પોતે નિકાહ કરવાની બાબત જાહેર કરી) અને (આ શરતી અને અવલંબિત ઈરાદાની સાથે જ) તમે લોકો(ના મહેણાં)થી (પણ) સંદેહ કરતા હતા (કારણ કે તે સમયે આ નિકાહમાં કોઈ મહત્ત્વની દીની મસ્લિહતનું હોવું દિમાગમાં ન આવ્યું હોય, માત્ર દુનિયવી મસ્લિહત ખાસ કરીને હઝરત ઝયનબ રદિ.ના વિશે ખ્યાલમાં હશે અને દુનિયાની બાબતોમાં આવો સંદેહ થવો કોઈ વાંધાજનક બાબત નથી, બલકે અમુક સ્વરૂપે જરૂરી પણ છે, જ્યારે વાંધાથી અન્યોના દીનની ખરાબીની સંભાવના હોય અને તેમને તેનાથી બચાવવાનો હેતુ હોય) અને ડરવું તો તમારે અલ્લાહથી જ વધારે જોઈએ (કારણ કે વાસ્તવમાં તેમાં દીની મસ્લિહત છે, જેમકે આગળ لِكَيْ لَا يَكُوْنَ.... માં ઉપસ્થિત છે એટલા માટે મખ્લૂકથી ભય ન સેવો, કારણ કે અમુક દીની મસ્લિહતની જાણકારી અને પછી આપ ﷺએ સંદેહ નથી કર્યો અને નિકાહના ઈરાદામાં તો શું સંદેહ હોત પોતે નિકાહ પછી પણ સંદેહ નથી કર્યો જેનો કિસ્સો આગળ આવે છે કે) પછી જ્યારે (હઝરત) ઝૈદ (રદિ.)નું તે (ઝયનબ રદિ.)થી મન ભરાઈ ગયું (એટલે કે તલાક આપી દીધી અને ઈદ્દત પણ પસાર થઈ ગઈ) તો અમે તમારી સાથે તેના નિકાહ કરી દીધા જેથી મુસલમાનો ઉપર

પોતાના મ્હોં બોલ્યા પુત્રોની (ત્યકતા) પત્નીઓના (નિકાહની) બાબતમાં કંઈ તંગી ન રહે, જ્યારે તે (મ્હોં બોલ્યો પુત્ર) તેમનાથી પોતાનું મન ભરી ચૂકે (એટલે કે તલાક આપી દે. મતલબ એ કે અહીંયાં તે શરતની જાહેરાતનો હેતુ હતો) અને અલ્લાહનો આ હુકમ તો થઈને રહેવાનો જ હતો (કારણ કે તેની હિકમતનો તકાદો હતો, આગળ મ્હેણાંનો જવાબ છે કે) તે પયગમ્બર માટે અલ્લાહ તઆલાએ જે વાત (તક્વીની રીતે અથવા શરતી રીતે નક્કી કરી દીધી હતી, તેમાં) નબી ઉપર કોઈ આક્ષેપ (અને મ્હેણાંની વાત) નથી અલ્લાહ તઆલાએ તેઓ (પયગમ્બરો)ના હકમાં (પણ) આ જ ક્રમ બનાવી રાખ્યો છે જે પહેલાં પસાર થઈ ચૂક્યા છે (કે તેમને જે બાબતની પરવાનગી હોય છે તેઓ તેને વિના ખચકાટે કરતા રહ્યા છે અને મ્હેણાં ટોણાંની પરવા કરી નથી, એવી જ રીતે આ નબી પણ વાંધા વિરોધની પરવા કરશે નહીં) અને (તે પયગમ્બરોના પણ આ પ્રકારના જેટલા કામો હોય છે તે બધા વિશે પણ) અલ્લાહ તઆલાએ હુકમ તજ્વીજ કરેલ (પ્રથમથી જ) હોય છે (અને તેના પ્રમાણે પછી તેમનો હુકમ હોય છે અને તેઓ અમલ કરે છે કદાચ આપ ﷺના કિસ્સામાં આ વિષયને લાવવો અને પછી અંબિયા અલૈ.નું વર્ણન કરી તેનું પુનરાવર્તન કરવામાં તે તરફ ઈશારો છે કે આવી બાબતો જેવી બધી જ તક્વીની બાબતોની એવી હિકમતો હોય છે કે પ્રથમથી જ અલ્લાહના જ્ઞાનમાં તજ્વીજ થઈ ચૂકે છે, પછી નબી ઉપર મ્હેણાં ટોણાં કરવા અલ્લાહ ઉપર મહેણાં મારવા સમાન છે, તેનાથી વિપરીત તે બાબતો જેના ઉપર પોતે અલ્લાહ તઆલાએ મલામત કરી ભલે તે મુકદરમાં હોવાના કારણે હિકમતમાં હોય પરંતુ તે ફસાદની જડ હોવાના સંદર્ભમાં ફિટકારનું કારણ છે એટલા માટે તે ફસાદના આધારે તેના ઉપર રોક લગાવવી જાઈઝ છે, આગળ તે પયગમ્બરોના ખાસ વખાણ છે જેથી આપ ﷺને સાંત્વના મળે એટલે કે) એ બધા (અગાઉ થઈ ચૂકેલા પયગમ્બરો) એવા હતા કે અલ્લાહ તઆલાના હુકમ પહોંચાડયા કરતા હતા (જો મૌખિક તબ્લીગ ઉપર નિમણૂક થઈ તો મૌખિક અને કાર્ય દ્વારા તબ્લીગ ઉપર નિમણૂક થઈ તો એ પ્રમાણે) અને (આ વિષયમાં) અલ્લાહથી જ ડરતા હતા અને અલ્લાહ સિવાય કોઈનાથી ડરતા ન હતા (બસ, આપ ﷺને પણ જ્યાં સુધી ખબર ન હતી કે આ નિકાહ એ કાર્ય દ્વારા તબ્લીગનો પ્રકાર છે તો અંદેશો થવામાં વાંધો નથી પરંતુ આપ ﷺને જ્યારે આ વાત જાણ

થઈ ગઈ તો આપ ﷺ પણ ભય ન સેવો જેમકે રિસાલતની શા'નનો તકાદો છે, એટલા માટે તેના સ્વીકાર પછી ફરી આપ ﷺએ અંદેશો કર્યો નથી અને એ છતાં કે પોતે આપ ﷺએ રિસાલતની તબ્લીગમાં કોઈનાથી ખૌફ નથી ખાધો અને ન જ તેની સંભાવના હતી તો પણ અંબિયા અલૈ.નો કિસ્સો સંભળાવવો મનની મજબૂતી વધારવા માટે છે) અને (આપ ﷺને વધારે તસલ્લી માટે ફરમાવ્યું છે કે) અલ્લાહ (અમલોનો) હિસાબ લેવા માટે પૂરતો છે (પછી કોઈનો શા માટે ડર હોય ? વળી આપ ﷺ ઉપર મ્હેણાં ટોણાં મારનારાઓને સજા આપવામાં આવશે, તમે મ્હેણાંઓથી દિલગીર ન થાઓ).

મસ્અલા અને બોધપાઠ :

આ વાત પ્રથમ કેટલીય વખત જાણ થઈ ચૂકી છે કે સૂરએ અહઝાબમાં વધારે પડતા હુકમો છે તેનો સંબંધ રસૂલે કરીમ ﷺના સન્માન અને મહોબ્બત તથા સંપૂર્ણ આજ્ઞાપાલન સાથે અથવા આપ ﷺને કોઈ પ્રકારનું કષ્ટ અથવા તકલીફ પહોંચાડવાના પ્રતિબંધ સાથે છે, પ્રસ્તુત આયતો પણ આ જ ક્રમની અમુક ઘટનાઓના સંદર્ભમાં નાઝિલ થઈ છે.

એક ઘટના એ બની કે હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.) કોઈ વ્યક્તિના ગુલામ હતા. જાહિલિયતના સમયમાં રસૂલે કરીમ ﷺએ તેમને ઊકાઝના બજારમાંથી ખરીદી લીધા હતા, હજુ ઉંમર પણ નાની હતી, આપ ﷺએ ખરીદ્યા પછી તેમને આઝાદ કરીને એ પ્રતિષ્ઠા બખ્શી કે અરબના સામાન્ય રિવાજ પ્રમાણે તેમને પોતાના મ્હોં બોલા પુત્ર બનાવી લીધા અને તેમનું પાલન પોષણ કર્યું. મક્કએ મુકર્રમહમાં તેમને ઝૈદ બિન મુહમ્મદ (ﷺ)ના નામથી પોકારવામાં આવતા હતા, કુર્આને કરીમે અરબના અજ્ઞાનતાના કુરિવાજને ખોટો ઠરાવીને તેની મનાઈ કરી દીધી કે મ્હોં બોલ્યા પુત્રને તે વ્યક્તિનો દિકરો કહીને પોકારવામાં ન આવે અને હુકમ આપ્યો કે તેનો સંબંધ તેના અસલી બાપ સાથે જ જોડવામાં આવે. આ જ સિલસિલામાં આ આયત નાઝિલ થઈ જે આ સૂરતમાં પ્રથમ આવી ચૂકી છે. اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ નાઝિલ થયા પછી સહાબએ કિરામ (રદિ.)એ તેમને ઝૈદ બિન મુહમ્મદ (ﷺ) કહેવાનું છોડી દીધું અને તેમના પિતા હારિષા સાથે સંબંધ જોડીને બોલાવવા લાગ્યા.

એક રસપ્રદ ઘટના :

સમગ્ર કુર્આનમાં અંબિયા (અલૈ.) સિવાય કોઈ મોટાથી મોટા સહાબએ કિરામ (રદિ.)ના નામનું પણ વર્ણન કરવામાં નથી આવ્યું, પછી હઝરત ઝૈદ ઈબ્ને હારિષા (રદિ.)ને માટે તેની હિકમત અમુક લોકોએ એ વર્ણન કરી છે કે કુર્આનના હુકમ દ્વારા તેમના પુત્ર તરીકેનો સંબંધ રસૂલે કરીમ ﷺ સાથે કાપી નાંખવામાં આવ્યો તો તે એમના માટે ઘણી જ મોટી પ્રતિષ્ઠાથી વંચિતતા થઈ ગઈ એટલા માટે અલ્લાહ તઆલાએ તેનો બદલો એ રીતે કરી દીધો કે કુર્આને કરીમમાં તેમનું નામ લઈને વર્ણન કર્યું અને શબ્દ "ઝૈદ" કુર્આનનો એક શબ્દ હોવાના સ્વરૂપે તેના દરેક શબ્દ ઉપર હદીષના વાયદા પ્રમાણે નામએ આ'માલમાં દશ નેકીઓ લખવામાં આવે છે, તેમનું નામ જ્યારે પણ કુર્આનમાં પઢવામાં આવે તો માત્ર તેમનું નામ લેવાથી ત્રીસ નેકીઓ મળે છે.

રસૂલે કરીમ ﷺ પણ તેમનું સન્માન કરતા હતા, હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ફરમાવે છે કે રસૂલે કરીમ ﷺએ જ્યારે કદી કોઈ લશ્કરમાં તેમને મોકલ્યા છે તો લશ્કરના અમીર તેમને જ બનાવ્યા છે. *(ઈબ્ને કષીર)*

ખુલાસો :

આ હતી ઈસ્લામમાં ગુલામીની વાસ્તવિકતા કે તેમને તા'લીમ અને કેળવણી આપીને જે ક્ષમતા અને કાબેલિયત ધરાવનાર સાબિત થાય તેને આગેવાન તરીકેનો દરજ્જો આપ્યો.

હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.) યુવાન થયા તો રસૂલે કરીમ ﷺએ તેમના નિકાહ માટે પોતાની ફોઈની દિકરી હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)ને નક્કી કરીને નિકાહનો સંદેશ મોકલ્યો. હઝરત ઝૈદ (રદિ.) ઉપર કારણ કે આ કહેવાતી ઐબ લાગેલી હતી કે તેઓ આઝાદ કરેલા ગુલામ હતા એટલા માટે હઝરત ઝયનબ (રદિ.) અને તેમના ભાઈ અબ્દુલ્લાહ બિન જહશ (રદિ.)એ આ સગાઈથી ઈન્કાર કરી દીધો કે અમે ખાનદાન અને વંશના આધારે તેમનાથી ઊંચા છે.

આ ઘટના ઉપર આ આયત નાઝિલ થઈ, مَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ.... જેમાં એ માર્ગદર્શન આપવામાં આવ્યું કે જ્યારે રસૂલે કરીમ ﷺ કોઈને કોઈ

કામનો હુકમ વાજિબ સ્વરૂપે આપી દે તો તેના ઉપર તે કામ કરવું વાજિબ થઈ જાય છે, તેને ન કરવાનો અધિકાર શરઈ સ્વરૂપે તે વ્યક્તિ પાસે રહેતો નથી, જો કે તે કામ પોતાના સ્વરૂપમાં વાજિબ અને જરૂરી ન પણ હોય પરંતુ જેને આપ ﷺએ હુકમ આપી દીધો તેના માથે જવાબદારી વાજિબ થઈ જાય છે અને જે એવું ન કરે તેને અંતિમ આયતમાં ખુલ્લી ગુમરાહી ઠરાવવામાં આવી છે.

આ આયત હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)એ સાંભળી તો પોતાના ઈન્કારથી પાછા ફર્યા અને નિકાહ માટે રાજી થઈ ગયા એટલા માટે આ નિકાહ કરવામાં આવ્યા, તેમની મહર રસૂલે કરીમ ﷺએ પોતાના તરફથી અદા કરી જે દશ દિનાર લાલ (જે લગભગ ચાર તોલા સોનું થાય છે) અને સાંઈઠ દિરહમ (જેની લગભગ અઢાર તોલા ચાંદી થાય છે) અને એક ભાર વહન કરનાર જાનવર અને સંપૂર્ણ સ્ત્રેણ કપડાં અને પચાસ "મુદ" લોટ (લગભગ પચ્ચીસ શેર આટો) અને દશ મુદ (પાંચ શેર) ખજુર હતી. *(ઈબ્ને કષીર)*

આ આયતના નુઝૂલની મશ્હૂર ઘટના જમહૂર તફસીરકારો નજીક આ જ હઝરત ઝૈદ (રદિ.) અને હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)નો કિસ્સો છે.

(ઈબ્ને કષીર, કુર્તુબી, મઝહરી)

ઈબ્ને કષીર વગેરે તફસીરકારોએ આ જ પ્રમાણેની બે ઘટનાઓ બીજી પણ નકલ કરી છે તેમાં પણ એ નોંધ્યું છે કે પ્રસ્તુત આયતો તે ઘટનાઓ વિશે નાઝિલ થઈ છે તેમાંથી એક તે ઘટના હઝરત જુલયબીબ (રદિ.)ની ઘટના છે કે તેમની સગાઈ એક અન્સારી સહાબી (રદિ.)ની છોકરી સાથે કરવા ઈચ્છ્યું તો તે અન્સારી અને તેના ઘરવાળાઓએ આ સગાઈ અને નિકાહથી ઈન્કાર કરી દીધો, જ્યારે આ આયત નાઝિલ થઈ તો બધા રાજી થઈ ગયા અને નિકાહ કરી દેવામાં આવ્યા. રસૂલે કરીમ ﷺએ તેમના માટે રોજીની છૂટછાટની દુઆ કરી, સહાબએ કિરામ (રદિ.)નું વર્ણન છે કે અલ્લાહ તઆલાએ તેમના ઘરમાં ઘણી બરકત આપી હતી. પાછળથી હઝરત જુલયબીબ (રદિ.) એક જિહાદમાં શહીદ થઈ ગયા, રસૂલે કરીમ ﷺએ તેમનું કફન દફન પોતાના હાથે કર્યું.

આ જ પ્રમાણેની એક ઘટના હદીષની રિવાયતોમાં ઉમ્મે કુલષૂમ બિન્તે ઉકબા બિન મુઈતની નકલ થઈ છે. (ઈબ્ને કષીર, કુર્તુબી) અને તેમાં કોઈ

વિરોધાભાસ નથી હોઈ શકતો કે આ પ્રમાણેની અનેક ઘટનાઓ આ આયતના નાઝિલ થવાનું કારણ બની હોય.

નિકાહમાં كُفُوْ (કુફૂ) "સમાનતા"ને ધ્યાનમાં લેવા બાબત :

પ્રસ્તુત નિકાહમાં હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.) અને તેમના ભાઈ અબ્દુલ્લાહે જે હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.)ની નિકાહને શરૂઆતમાં નામંજૂર કર્યું હતું તેનું કારણ તે બંનેમાં કૌટુંબિક અને પેઢીગત كَفَائَتْ અને સામ્યતા ન હોવું હતું અને આ કારણ શરઈ રીતે પોતે ઇચ્છનીય છે અને રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે કે દિકરીઓના નિકાહ તેમના "કુફ"માં કરવા જોઈએ. (જેની તહકીક આગળ આવશે) એટલા માટે અત્રે એ પ્રશ્ન પેદા થાય છે કે આ મા'મલામાં હઝરત ઝયનબ (રદિ.) અને તેમના ભાઈનું ના કહેવું કેમ સ્વીકાર્ય ન થયું ?

જવાબ એ છે કે દીની આધારે كَفَائَتْ અને સમાનતા પતિ પત્ની માટે તો આવશ્યક અને જરૂરી છે, કોઈ મુસલમાન દિકરીના નિકાહ કોઈ કાફિર સાથે ઈજ્માએ ઉમ્મતથી હલાલ નથી ભલે છોકરી તેના ઉપર રાજી હોય, કારણ કે એ માત્ર સ્ત્રીનો હક નથી જે માત્ર તેની પરવાનગીથી અમલમાં આવી જશે બલકે અલ્લાહ તઆલાના હક અને ફરજોમાંથી છે, તેનાથી વિપરીત જાતિગત અને આર્થિક كَفَائَتْ (સમાનતા)થી કે તે પુત્રીનો હક છે અને કૌટુંબિક સમાનતાના હકમાં છોકરીની સાથે તેના વાલીઓ પણ સામેલ છે, જો સંપૂર્ણ સભાન પુખ્ત વયની પુત્રી માલદાર કુટુંબની હોવા છતાં કોઈ ગરીબ ફકીરથી નિકાહ ઉપર રાજી થઈને પોતાનો હક જતો કરે તો તે તેને અધિકાર છે અને કૌટુંબિક સમાનતામાં પુત્રી અને તેના વાલીઓ બધા આ હકને કોઈ બીજી મહત્ત્વની મસ્લિહત ખાતર છોડીને કોઈ એવા વ્યક્તિ સાથે નિકાહ ઉપર રાજી થઈ જાય જે વંશ અને કુટુંબના આધારે ઓછા દરજ્જાના છે તો તેમનો તેને હક છે, બલકે દીનની મસ્લિહતો નજર સમક્ષ રાખી આવો હક જતો કરવો ઇચ્છનીય અને શ્રેષ્ઠ બાબત છે એટલા માટે રસૂલે કરીમ ﷺએ અનેક તકોએ આ હકને ઉપેક્ષિત કરવા અને દીનની મસ્લિહતોના કારણે નિકાહ કરી આપવાની સલાહ આપી.

કુર્આને કરીમના ખુલાસાઓથી એ વાત સાબિત છે કે રસૂલે કરીમ ﷺનો હક પોતાની ઉમ્મતના પુરુષ સ્ત્રીઓ ઉપર સૌથી વધારે સાબિત છે, બલકે

પોતાની જાત કરતાં પણ વધારે છે, જેમકે કુર્આને હકીમમાં ઈરશાદ છે, اَلنَّبِیُّ اَوْلٰی بِالْمُؤْمِنِیْنَ مِنْ اَنْفُسِهِمْ એટલે કે, નબીએ કરીમ ﷺનો હક મો'મિનો ઉપર તેમની પોતાની જાત કરતાં પણ વધારે છે એટલા માટે હઝરત ઝયનબ (રદિ.) અને અબ્દુલ્લાહ (રદિ.)ના મા'મલામાં જ્યારે રસૂલે કરીમ ﷺએ વંશીય સામ્યતાના હકને ઉપેક્ષિત કરીને હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.)થી નિકાહ કરી લેવાનો હુકમ આપ્યો તો આ હુકમ સામે પોતાના અભિપ્રાય અને પોતાના વ્યક્તિગત હકને છોડી દેવાની તેમની ફરજ હતી એટલા માટે તેમના ઈન્કાર કરવાથી કુર્આને કરીમનો આ હુકમ નાઝિલ થયો.

રહી એ બાબત કે જ્યારે વંશીય સમાનતા પોતે રસૂલે કરીમ ﷺ સમીપ ધ્યાન આપવા પાત્ર બાબત છે તો ખુદ રસૂલે કરીમ ﷺએ એ બાબતે ધ્યાન કેમ ન આપ્યું ? તો તેનો જવાબ પ્રસ્તુત ચર્ચાથી સ્પષ્ટ થઈ ગયો કે આ કાળજી અન્ય દીની મસ્લિહતોના મુકાબલામાં છોડવા પાત્ર છે. રસૂલે કરીમ ﷺના સમયકાળમાં અનેક નિકાહ આવી જ રીતે غَیْرِ کُفُوْءٍ (ગેરકુફૂ)માં આ જ પ્રકારની બીજી મસ્લિહતોના આધારે કરવામાં આવ્યા તેનાથી મૂળ મસ્અલા ઉપર કોઈ અસર પડતી નથી.

مَسْئَلَۂ کِفَائَتْ સમાનતાનો મસ્અલો :

નિકાહ એક એવી બાબત છે જેમાં જો પતિ પત્નીના સ્વભાવમાં સમાનતા ન હોય તો નિકાહના હેતુમાં ખલેલ પડે છે, એકબીજાના હકો પૂરા કરવામાં અડચણ ઊભી થાય છે, પરસ્પર ઝઘડા અને વાદ વિવાદ પેદા થાય છે. એટલા માટે શરીઅતમાં સમાનતા એટલે કે પરસ્પર એકરૂપતાની કાળજી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે પરંતુ તેનો એ મતલબ નથી કે કોઈ ઉચ્ચ કુટુંબના વ્યક્તિ પોતાનાથી ઓછા દરજ્જાવાળા કુટુંબના વ્યક્તિને નીચ અથવા ઝલીલ સમજે, ઝિલ્લત અને ઈજ્જતનો અસલ આધાર ઈસ્લામમાં તકવા અને દીનદારી છે જેનામાં એ બાબતો નથી, તેને કૌટુંબિક શરાફત ગમે તેટલી પ્રાપ્ત હોય અલ્લાહ સમીપ તેની કોઈ હેસિયત નથી. માત્ર વ્યવસ્થાપનની બાબતોને વ્યવસ્થિત રાખવા માટે નિકાહમાં સમાનતાની કાળજી રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનું કથન છે કે છોકરીઓના નિકાહ તેમના વલીઓ દ્વારા જ થવા જોઈએ, એટલે કે બાલિગ છોકરી માટે પણ એ યોગ્ય નથી કે પોતાના નિકાહનો મા'મલો પોતે નક્કી કરે. હયા શરમનો તકાદો એ છે કે આ કામ તેના માતા પિતા અથવા વલીઓ કરે અને ફરમાવ્યું કે છોકરીઓના નિકાહ તેમના કુફમાં જ કરવા જોઈએ, આ હદીષની સનદ જો કે ઝઈફ છે પરંતુ સહાબએ કિરામ (રદિ.)ના નિવેદનો અને તેમની કાર્યપ્રણાલીથી આ બાબતનું સમર્થન થવાથી આ હદીષ દલીલપાત્ર બની જાય છે. ઈમામ મુહમ્મદ (રહ.)એ "કિતાબુલ આ'ષાર"માં હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નું નિવેદન નકલ કર્યું છે કે હું એ ફરમાન બહાર પાડીશ કે કોઈ મોટા ઊંચા પ્રતિષ્ઠિત કુટુંબની દિકરીના નિકાહ બીજા ઓછા દરજ્જાવાળા સાથે ન કરવામાં આવે, એ જ પ્રમાણે હઝરત આયશા સિદીકા (રદિ.) અને હઝરત અનસ (રદિ.)એ પણ તેની તાકીદ કરી કે નિકાહમાં સમાનતાની કાળજી રાખવામાં આવે જે અનેક સનદોથી નકલ થયેલ છે, ઈમામ ઈબ્ને હમામ (રહ.)એ ફત્હુલ કદીરમાં તેની જ વિગત લખી છે.

ખુલાસો એ છે કે સમાનતા અને એકરૂપતાની કાળજી રાખવી દીનમાં ઈચ્છનીય છે જેથી પતિ પત્નીમાં મનમેળ રહે પરંતુ કોઈ બીજી મસ્લિહત આ સમાનતાથી વધીને સામે આવી જાય તો સ્ત્રી અને તેના વલીઓએ પોતાનો આ હક છોડીને ગેરકુફમાં નિકાહ કરી લેવા પણ જાઇઝ છે, ખાસ કરીને જ્યારે કે કોઈ દીની મસ્લિહત નજર સમક્ષ હોય તો એવું કરવું શ્રેષ્ઠ અને ઉત્તમ છે, જેમકે સહાબએ કિરામ (રદિ.)ની વિવિધ ઘટનાઓથી સાબિત છે, તેનાથી એ પણ જાણ થઈ કે આ ઘટનાઓથી સમાનતાના મૂળ મસ્અલાનો નકાર થતો નથી. વલ્લાહુ અઅ્લમુ.

એક અન્ય ઘટના :

હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)ના નિકાહ નબીએ કરીમ ﷺના હુકમથી હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.)ની સાથે થઈ ગયા પરંતુ બંનેના સ્વભાવમાં મનમેળ ન થયો, હઝરત ઝયનબ (રદિ.)ના બોલકણાપણા અને વંશીય ઉચ્ચતાની બીનાએ પોતાને ઊંચા સમજવાની અને તેમની આજ્ઞાપાલનમાં ઉણપ રાખવાની ફરિયાદ હઝરત ઝૈદ (રદિ.) કર્યા કરતા હતા, બીજી બાજુ રસૂલે

કરીમ ﷺને વહી દ્વારા એ બતાવવામાં આવ્યું હતું કે હઝરત ઝૈદ (રદિ.) તેમને તલાક આપી દેશે, ત્યારબાદ હઝરત ઝયનબ (રદિ.) આપ ﷺના નિકાહમાં આવશે. એક દિવસે હઝરત ઝૈદ (રદિ.)એ આ જ ફરિયાદોને રસૂલે કરીમ ﷺ સમક્ષ રજુ કરીને પોતાનો એ ઈરાદો જાહેર કર્યો કે તેમને તલાક આપી દે, રસૂલે કરીમ ﷺને જો કે અલ્લાહ તઆલા તરફથી જાણ થઈ ગઈ હતી કે ઘટના આમ જ બનવાની છે કે હઝરત ઝૈદ (રદિ.) તેમને તલાક આપી દેશે, પછી તેઓ નબીએ કરીમ ﷺની નિકાહમાં આવશે પરંતુ બે કારણોએ આપ ﷺને હઝરત ઝૈદ (રદિ.)ને તલાક આપવાથી અટકાવ્યા, પ્રથમ એ કે તલાક આપવી જો કે ઈસ્લામી શરીઅતમાં જાઇઝ છે પરંતુ પસંદ કરવામાં આવેલ નથી. બલકે, اَبْغَضُ الْمُبَاحَاتِ એટલે કે, જાઇઝ વસ્તુઓમાં સૌથી વધારે અનિચ્છનીય અને સૂગપાત્ર છે અને તકવીની રીતે કોઈ કામનું થવું શરીઅતના હુકમને પ્રભાવિત નથી કરતું, બીજું પોતાના દિલમાં એ પણ વિચાર પેદા થયો કે જો કે મેં તલાક આપી દીધી અને પછી હઝરત ઝયનબ (રદિ.)ના નિકાહ આપ ﷺ થયા તો અરબ પોતાના અજ્ઞાનતાના રિવાજ પ્રમાણે એ કટાક્ષ કરશે કે પોતાના પુત્રની ત્યકતા પત્ની સાથે નિકાહ કરી લીધા, જો કે કુર્આને આ અજ્ઞાનતાના રિવાજને સૂરએ અહઝાબની પાછલી આયતોમાં સમાપ્ત કરી દીધો છે, ત્યારબાદ કોઈ મો'મિન માટે તેની શંકાનો પણ ભય ન હતો પરંતુ કાફિરો કે જેઓ કુર્આનને જ માનતા ન હતા તેઓ પોતાના અજ્ઞાનતાના રિવાજ એટલે કે મ્હોં બોલ્યા પુત્રને બધા હુકમોમાં સગાપુત્ર જેમ સમજવાની બીનાએ મૌખિક મહેણાં ટોણાં મારશે, આ સંદેહ પણ હઝરત ઝૈદ (રદિ.)ને તલાક આપવાની મનાઈ કરવાનું કારણ બન્યો. તેના ઉપર અલ્લાહ તઆલા તરફથી મિત્રતાપૂર્ણ ગુસ્સો કુર્આનની આયતોમાં નાઝિલ થયો, وَاِذْ تَقُوْلُ لِلَّذِىْٓ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِ وَاَنْعَمْتَ عَلَيْهِ اَمْسِكْ عَلَيْكَ زَوْجَكَ وَاتَّقِ اللّٰهَ وَتُخْفِىْ فِىْ نَفْسِكَ مَا اللّٰهُ مُبْدِيْهِ وَتَخْشَى النَّاسَ وَاللّٰهُ اَحَقُّ اَنْ تَخْشٰهُ એટલે કે, તમે તે સમયને યાદ કરો જ્યારે કે તમે તે વ્યક્તિને કહી રહ્યા હતા જેના ઉપર અલ્લાહે ઈનામ કર્યું અને તમે પણ ઈનામ કર્યું, તે વ્યક્તિથી ભાવાર્થ હઝરત ઝૈદ (રદિ.) છે જેમના ઉપર અલ્લાહ તઆલાએ પ્રથમ ઈનામ તો આ કર્યું કે તેમને ઈસ્લામથી માલામાલ કર્યા, બીજું આપ ﷺના સંગાથની પ્રતિષ્ઠા અર્પણ કરી અને આપ ﷺએ તેમના ઉપર એક ઈનામ એ પણ કર્યું કે તેમને ગુલામીથી આઝાદ કરી

દીધા, બીજું એ કે તેમની કેળવણી કરીને એવા બનાવી દીધા કે મોટા મોટા સહાબા (રદિ.) પણ તેમનું સન્માન કરતા હતા. આગળ જે નિવેદન નકલ કર્યું જે રસૂલે કરીમ ﷺએ હઝરત ઝૈદ (રદિ.)ને કહ્યું, اَمۡسِکۡ عَلَیۡکَ زَوۡجَکَ وَاتَّقِ اللّٰہَ એટલે કે, પોતાની પત્નીને તમે પોતાના નિકાહમાં રહેવા દો તલાક ન આપો અને અલ્લાહથી ડરો અને અલ્લાહથી ડરવાનો હુકમ આ સ્થળે એ ભાવાર્થ સ્વરૂપે પણ હોઈ શકે છે કે તલાક એક અનિચ્છનીય અને સૂગપાત્ર બાબત છે, તેનાથી બચે અને એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે નિકાહમાં રાખ્યા પછી સ્વભાવમાં સૂગના કારણે તેમના હકોની અદાયગીમાં ઉણપ ન રાખે. આપ ﷺનું આવું કહેવું પોતાના સ્થળે સાચું અને યોગ્ય હતું પરંતુ અલ્લાહ તઆલા તરફથી થનાર ઘટનાની જાણ થયા પછી અને દિલમાં હઝરત ઝયનબ (રદિ.)થી નિકાહનો ઈરાદો પેદા થઈ ગયા પછી હઝરત ઝયનબ (રદિ.)ને તલાક ન આપવાનો બોધપાઠ એક પ્રકારે ઔપચારિક ભલાઈની જાહેરાતના દરજ્જામાં હતું જે રિસાલતની શા'નના યોગ્ય ન હતું, ખાસ કરીને એટલા માટે કે તેની સાથે લોકોના મહેણાં ટોણાંનો સંદેહ પણ સામેલ હતો, એટલા માટે પ્રસ્તુત આયતમાં એ શબ્દોમાં ગુસ્સો થયો કે તમે દિલમાં તે વાત છુપાવી રહ્યા હતા જેને અલ્લાહ તઆલા જાહેર કરનારો હતો, જ્યારે અલ્લાહ તરફથી હઝરત ઝયનબ (રદિ.)ની સાથે આપ ﷺના નિકાહની ખબર મળી ચૂકી અને આપ ﷺના દિલમાં નિકાહનો ઈરાદો પેદા થઈ ચૂક્યો તો તે ઈરાદાને છુપાવીને આવી ઔપચારિક વાતચીત જે આપ ﷺની શા'ન પ્રમાણે ન હતી અને લોકોના મહેણાંઓના ભય ઉપર ફરમાન થયું કે "તમે લોકોથી ડરવા લાગ્યા જ્યારે કે તમારે ડરવું તો અલ્લાહથી જ જોઈએ." એટલે કે જ્યારે આપ ﷺને આ જાણ હતી કે આ મા'મલો અલ્લાહ તરફથી થવાનો છે તેની નારાજીનો તેમાં કોઈ ભય કે સંદેહ નથી તો પછી માત્ર લોકોના મહેણાંઓના ભયથી ગભરાઈને આપ ﷺ માટે આવી વાતચીત મુનાસિબ ન હતી.

આ ઘટનાની જે વિગત ઉપર લખવામાં આવી છે તે બધી તફસીરે ઇબ્ને કષીર અને કુર્તુબી તથા રૂહુલ મઆનીમાંથી લેવામાં આવી છે અને આયત تُخۡفِیۡ فِیۡ نَفۡسِکَ مَا اللّٰہُ مُبۡدِیۡہِ ની આ તફસીર કે તે વસ્તુ જેને આપ ﷺ દિલમાં છુપાવતા હતા તે એવો ઈરાદો હતો કે હઝરત ઝૈદ (રદિ.) તલાક આપી દે તો

અલ્લાહના હુકમ પ્રમાણે આપ ﷺ તેમનાથી નિકાહ કરી લેશે. આ તફસીર હકીમ, તિરમિઝી અને ઈબ્ને અબી હાતિમ વગેરે હદીષવેત્તાઓએ હઝરત અલી બિન હુસૈન, ઝયનુલ આબિદીન (રહ.)ની રિવાયતથી નકલ કરી છે જેના શબ્દો આ પ્રમાણે છે,

اَوْحَى اللّٰهُ تَعَالٰى اِلَيْهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنَّ زَيْنَبَ سَيُطَلِّقُهَا زَيْدٌ وَيَتَزَوَّجُهَا

بَعْدَهُ عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَامُ (رُوْحُ اَزْحَكِيْمِ تِرْمِذِىْ)

"અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને વહી દ્વારા એ ખબર આપી દીધી હતી કે હઝરત ઝયનબ (રદિ.)ને હઝરત ઝૈદ (રદિ.) તલાક આપવાના છે અને ત્યારબાદ તેણી આપ ﷺના નિકાહમાં આવશે."

ઈબ્ને કષીરે ઈબ્ને અબી હાતિમના હવાલાથી આ શબ્દો નકલ કર્યા છે.

اِنَّ اللّٰهَ اَعْلَمَ نَبِيَّهُ اَنَّهَا.... سَتَكُوْنُ مِنْ اَزْوَاجِهٖ قَبْلَ اَنْ يَّتَزَوَّجَهَا فَلَمَّا اَتَاهُ زَيْدٌ

لِيَشْكُوْهَا اِلَيْهِ قَالَ اِتَّقِ اللّٰهَ وَاَمْسِكْ عَلَيْكَ زَوْجَكَ فَقَالَ اَخْبَرْتُكَ اِنِّىْ

مُزَوِّجُكَهَا وَتُخْفِىْ فِىْ نَفْسِكَ مَا اللّٰهُ مُبْدِيْهِ،

"અલ્લાહ તઆલાએ પોતાના નબીને બતાવી દીધું હતું કે હઝરત ઝયનબ (રદિ.) પણ અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)માં સામેલ થશે, પછી જ્યારે હઝરત ઝૈદ (રદિ.) તેમની ફરિયાદ લઈને આપ ﷺની સેવામાં આવ્યા તો આપ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહથી ડરો અને પોતાની પત્નીને તલાક ન આપો. તેના ઉપર અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે મેં તો તમને બતાવી દીધું હતું કે તેમનાથી તમારા નિકાહ કરાવી આપીશ અને તમે તમારા દિલમાં એવી વસ્તુને છુપાવતા હતા જેને અલ્લાહ તઆલા જાહેર કરનારો છે."

જમહૂર તફસીરકારોએ ઝહરી, બક્ર બિનલ અલાઅ્, કુશયરી, કાઝી અબૂબક્ર બિનલ અરબી (રહ.)એ આ જ તફસીરને અપનાવી છે કે જે વસ્તુને દિલમાં છુપાવવાનું વર્ણન કરવામાં આવ્યું તે અલ્લાહની વહી દ્વારા નિકાહનો ઈરાદો હતો તેના વિરુદ્ધ જે રિવાયતોમાં مَا فِىْ نَفْسِكَ ની તફસીર હઝરત

ઝયનબ (રદિ.)ની મહોબ્બત નકલ થઈ છે તેના વિશે ઈબ્ને કષીર (રહ.)એ ફરમાવ્યું કે, અમે આ રિવાયતોને વર્ણન કરવું એટલા માટે પસંદ નથી કર્યું કે તેમાં કોઈપણ રિવાયત સાચી નથી.

અને પોતે કુર્આનના શબ્દોથી આ જ તફસીરનું સમર્થન થાય છે જે હઝરત ઝયનુલ આબિદીન (રહ.)ની રિવાયતથી ઉપર વર્ણન કરવામાં આવ્યું છે, કારણ કે આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતે બતાવ્યું છે કે દિલમાં છુપાવેલી વસ્તુ તે હતી જેને અલ્લાહ તઆલા જાહેર કરનારો છે અને અલ્લાહ તઆલાએ જે વસ્તુને આગલી આયતમાં જાહેર કરી તે હઝરત ઝયનબ (રદિ.) સાથે નિકાહ છે જેમકે ફરમાવ્યું, زَوَّجْنٰكَهَا *(રૂહુલ મઆની)*

લોકોના મહેણાં ટોણાંથી બચવું સારી બાબત છે જ્યાં સુધી કોઈ શરઈ હેતુ ઉપર પ્રભાવ ન પડતો હોય :

અત્રે આ સવાલ પેદા થાય છે કે લોકોના મહેણાં ટોણાંથી બચવા માટે રસૂલે કરીમ ﷺએ આ બાબતને ગુપ્ત કેમ રાખી જે ઈતાબનું કારણ બની ? જવાબ એ છે કે આ મા'મલામાં મૂળ નિયમ જે કુર્આન અને સુન્નતથી સાબિત છે એ છે કે જે કાર્ય કરવાથી લોકોમાં ગેરસમજ પેદા થવાની અને તેમના મહેણાં ટોણાંમાં સપડાવાનો ભય હોય તો લોકોના દીનની હિફાઝત અને તેમને મહેણાં ટોણાંના ગુનાહથી બચાવવાની નિય્યતથી તે કાર્ય છોડી દેવું તો જાઇઝ છે જ્યાં સુધી કે આ પ્રવૃત્તિ પોતે શરીઅતના હેતુઓમાંથી ન હોય અને કોઈ હલાલ હરામનો દીની હુકમ તેની સાથે સંબંધિત ન હોય, ભલે પ્રવૃત્તિ પોતે સારી હોય. તેના ઉદાહરણો હદીષ અને રસૂલે કરીમ ﷺની સુન્નતમાં મોજૂદ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જાહિલિયતના કાળમાં જ્યારે બયતુલ્લાહનું બાંધકામ કરવામાં આવ્યું તો તેમાં કેટલીય વસ્તુઓ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણી વિરુદ્ધ કરવામાં આવી છે, પ્રથમ તો એ કે બયતુલ્લાહના અમુક ભાગના બાંધકામને બહાર છોડી દીધું, બીજું ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણીમાં લોકોના બયતુલ્લાહમાં દાખલ થવા માટેના બે દરવાજા હતા, એક પૂર્વ તરફ, બીજો પશ્ચિમ તરફ; જેના કારણે બયતુલ્લાહમાં દાખલ થવા અને નીકળવામાં કષ્ટ પડતું ન હતું. અજ્ઞાનતાના કાળમાં લોકોએ તેમાં બે સુધારા કર્યા કે પશ્ચિમનો દરવાજો

તો બિલકુલ બંધ કરી દીધો અને પૂર્વનો દરવાજો જે બિલકુલ જમીનની સપાટી સમાન હતો તેને એટલો ઊંચો કરી દીધો કે તેમાં સીડી લગાવ્યા વિના દાખલ ન થઈ શકાય, જેનો મકસદ એ હતો કે તેઓ જેને પરવાનગી આપે માત્ર તે જ અંદર જઈ શકે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જો નવમુસ્લિમ લોકોને ગેરસમજમાં સપડાઈ જવાનો ભય ન હોત તો મેં બયતુલ્લાહને ફરી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના બાંધકામ પ્રમાણે બનાવી દીધું હોત ! આ હદીષ બધી જ ભરોસાપાત્ર કિતાબોમાં ઉપસ્થિત છે, આથી જાણ થઈ કે રસૂલુલ્લાહ ﷺએ લોકોને ગેરસમજથી બચાવવાથી માટે પોતાનો આ ઈરાદો જે શરઈ રીતે ઉત્તમ હતો તેને છોડી દીધો અને અલ્લાહ તરફથી તેના ઉપર કોઈ ક્રોધ દર્શાવવામાં આવ્યો નહીં જેનાથી આ અમલ અલ્લાહ તઆલા નજીક સ્વીકૃતીપ્રાપ્ત હોવાની પણ જાણ થઈ પરંતુ આ બયતુલ્લાહને ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણી પ્રમાણે ફરીવાર બાંધવાની બાબત એવી નથી કે જેના ઉપર કોઈ શરીઅતનો હેતુ અવલંબિત હોય અથવા તો જે હલાલ અથવા હરામના હુકમો સાથે સંબંધ ધરાવતો હોય.

તેનાથી વિપરીત હઝરત ઝયનબ (રદિ.)ની નિકાહની ઘટના છે કે તે એક શરઈ હેતુ સાથે સંબંધ ધરાવે છે કે અજ્ઞાનતાના કુરિવાજ અને તે ખોટી માન્યતાઓને પ્રાયોગિક સ્વરૂપે રદ કરવામાં આવે અને તે કુરિવાજ એ હતો કે મ્હોં બોલ્યા પુત્રની ત્યકતા પત્ની સાથે નિકાહ હરામ છે, કોમોમાં ચાલતા આવતા કુરિવાજોને પ્રાયોગિક રીતે તોડવું ત્યારે જ શક્ય બને છે કે જ્યારે કે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ નજર સમક્ષ હોય, અલ્લાહનો હુકમ તેની જ પૂર્ણતા માટે હઝરત ઝયનબ (રદિ.)ના નિકાહ વિશે થયો હતો, આ ચર્ચાથી બયતુલ્લાહની બાંધણીને છોડવી અને હઝરત ઝયનબ (રદિ.)ના નિકાહ ઉપર અલ્લાહના હુકમ આધારે દેખીતા વાંધાનો જવાબ થઈ ગયો.

અને એવી જાણ થાય છે કે રસૂલે કરીમ ﷺએ આ હુકમની મૌખિક તબ્લીગને જે સૂરએ અહઝાબની પ્રથમ આયતમાં આવી ચૂકી છે તેને પૂરતું સમજ્યું અને તેના પ્રત્યક્ષ પ્રાયોગિક સ્વરૂપની હિકમત તરફ દૃષ્ટિ ન ગઈ, એટલા માટે જાણ અને ઈરાદો હોવા છતાં તેને છુપાવ્યું. અલ્લાહ તઆલાએ

પ્રસ્તુત આયતમાં તેની સુધારણા કરી અને તેની જાહેરાત કરી. لِكَيْلَا يَكُوْنَ عَلَى الْمُؤْمِنِيْنَ حَرَجٌ فِيْٓ اَزْوَاجِ اَدْعِيَآئِهِمْ اِذَا قَضَوْا مِنْهُنَّ وَطَرًا એટલે કે, અમે હઝરત ઝયનબ (રદિ.)થી આપ ﷺના નિકાહ એટલા માટે કર્યા જેથી મુસલમાનોમાં એ બાબતમાં કોઈ અમલી તંગી ન પડે અને મ્હોં બોલ્યા પુત્રની ત્યકતા પત્નીઓ સાથે નિકાહ કરી શકે.

અને زَوَّجْنٰكَهَا (ઝવ્વજનાકહા)નો શાબ્દિક અર્થ એ છે કે અમે તેમના નિકાહ તમારી સાથે કરી આપ્યા, જેથી જાણ થાય છે કે અલ્લાહ તઆલાએ આ નિકાહને એવી વિશેષતા બખ્શી કે પોતે જ નિકાહ કરાવી આપ્યા જે સામાન્ય નિકાહની શરતોથી બાકાત રહ્યું અને એ અર્થ પણ હોઈ શકે છે કે અમે તે નિકાહનો હુકમ આપી દીધો, હવે આપ ﷺ શરઈ કાયદાઓ અને શરતો પ્રમાણે તેમની સાથે નિકાહ કરી લો. તફસીરકાર લોકોમાંથી અમુકે પ્રથમ સંભાવનાને અગ્રિમતા આપી છે અને અમુકે બીજી શક્યતાને.

હઝરત ઝયનબ (રદિ.)નું બીજી સ્ત્રીઓ સામે આ કથન કે તમારા નિકાહ તો તમારા માતા પિતાએ કર્યા, મારા નિકાહ પોતે અલ્લાહ તઆલાએ આસમાન ઉપર કર્યા જેમકે રિવાયતોમાં આવ્યું છે, આ બંને સ્વરૂપોમાં સાચું છે, પ્રથમ સ્વરૂપમાં વધારે સ્પષ્ટ છે અને બીજું સ્વરૂપ પણ તેનાથી વિપરીત નથી.

શંકાઓ અને વાંધાઓના જવાબની પ્રસ્તાવના :

سُنَّةَ اللّٰهِ فِى الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلُ وَكَانَ اَمْرُ اللّٰهِ قَدَرًا مَّقْدُوْرًا આ પ્રસ્તાવના તે નિકાહ ઉપર સામે આવનાર શંકાઓ અને સંદેહોની છે કે બીજી અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)ના હોવા છતાં આ નિકાહને મહત્ત્વ કેમ આપવામાં આવ્યું ? હુકમ થયો કે આ અલ્લાહની સુન્નત છે જે રસૂલે કરીમ ﷺ સાથે ખાસ નથી, આપ ﷺ અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)માં પણ આ ક્રમ ચાલુ રહ્યો છે કે દીનની મસ્લિહતો માટે ઘણી બધી ઔરતો સાથે નિકાહ કરવાની પરવાનગી આપવામાં આવી, જેમકે હઝરત દાવુદ (અલૈ.) અને હઝરત સુલયમાન (અલૈ.) વધારે પ્રખ્યાત છે કે હઝરત દાવુદ (અલૈ.)ની નિકાહમાં સો અને હઝરત સુલયમાન (અલૈ.)ની નિકાહમાં ત્રણસો પત્નીઓ હતી. જો રસૂલે કરીમ ﷺ માટે દીની મસ્લિહતના કારણે નિકાહની પરવાનગી મળી અને આ નિકાહ પણ

તેમાં સામેલ છે તો કોઈ વાંધાજનક નથી, ન જ તે નુબુવ્વત અને રિસાલતની શા'નના વિરુદ્ધ છે અને ન જ જુહ્દ (અલ્લાહના રસ્તામાં સંઘર્ષ) અને તક્વા (અલ્લાહના ડર) વિરુદ્ધ. અંતિમ વાક્યમાં આ પણ કહેવામાં આવ્યું કે નિકાહનો મા'મલો પણ સામાન્ય રોજીની જેમ અલ્લાહ તરફથી નક્કી થયેલ છે કે કોના નિકાહ કોની સાથે થશે ? "તકદીરે અઝલી"માં જે કંઈ પણ લખવામાં આવ્યું છે તે થઈને રહે છે, આ કિસ્સામાં હઝરત ઝૈદ (રદિ.) અને હઝરત ઝયનબ (રદિ.)ના સ્વભાવમાં મતભેદ અને હઝરત ઝૈદ (રદિ.)ની નારાજગી, પછી તેમનો તલાક આપવાનો ઈરાદો; આ બધું તે જ તક્વીની અને તકદીરી બાબતોની કડીઓ છે.

આગળ તે અંબિયા (અલૈ.)ના ખાસ લક્ષણો અને સિફતોનું વર્ણન છે જેના માટે અગાઉ ગુઝરી ચૂકેલ યુગમાં અનેક પત્નીઓ રાખવાની પરવાનગી હોવાની જાણ થાય છે, ફરમાન છે, اَلَّذِيْنَ يُبَلِّغُوْنَ رِسٰلٰتِ اللّٰهِ એટલે કે, આ અંબિયા (અલૈ.) બધા જ અલ્લાહના સંદેશાઓ પોતપોતાની ઉમ્મતોને પહોંચાડે છે.

એક હિકમત :

કદાચ તેમાં અંબિયા (અલૈ.)ની બહુપત્નીત્વની હિકમત તરફ પણ ઈશારો હોય કે તેમની બધી જ પ્રવૃત્તિઓ અને નિવેદનો ઉમ્મતને પહોંચાડવું જરૂરી છે અને પુરુષોના સમયનો એક મોટો ભાગ પોતાની સ્ત્રીઓ અને બાળકો સાથે મકાનમાં પસાર થાય છે, તે સમયે જે કંઈ વહી નાઝિલ થાય અથવા પોતે પયગમ્બર કોઈ હુકમ આપે અથવા કોઈ અમલ કરે આ બધી ઉમ્મતની અમાનત છે જેને પત્નીઓ દ્વારા જ સરળતાથી ઉમ્મત સુધી પહોંચાડી શકાય છે. બીજા સ્વરૂપો મુશ્કેલીઓથી ખાલી નથી એટલા માટે અંબિયા (અલૈ.) માટે જો વધારે પત્નીઓ હોય તો તેમની ખાનગી જિંદગીની પ્રવૃત્તિઓ અને નિવેદનો અને તેમનું ખાનગી ચરિત્ર સામાન્ય ઉમ્મત સુધી પહોંચવું સહેલું બની જશે. વલ્લાહુ અઅ્લમુ.

અંબિયા (અલૈ.)નું બીજું લક્ષણ આ વર્ણન કરવામાં આવ્યું છે કે, وَيَخْشَوْنَهٗ وَلَا يَخْشَوْنَ اَحَدًا اِلَّا اللّٰهَ એટલે કે, આ લોકો અલ્લાહથી ડરતા રહે છે અને અલ્લાહ સિવાય કોઈનાથી નથી ડરતા. તેમાં એ પણ સામેલ છે કે જો દીની મસ્લિહત તેમને કોઈ કાર્યની અમલી તબ્લીગ કરવા માટે નિશ્ચિત કરવામાં આવે

છે તો તેમાં ક્યારેય પાછીપાની કરતા નથી, જો અમુક લોકો તેના ઉપર મહેણાં ટોણાં મારે તો તેની પરવા કરતા નથી.

એક શંકા અને તેનો જવાબ :

અહીંયાં જ્યારે કે બધા જ અંબિયા (અલૈ.)ના સમૂહની આ હાલત વર્ણન કરી છે કે તેઓ અલ્લાહ સિવાય કોઈનાથી નથી ડરતા તો આનાથી આગલી આયતમાં રસૂલુલ્લાહ ﷺ વિશે આ ઈરશાદ છે, تَخْشَى النَّاسَ (તખ્શન્નાસ) એટલે કે, તમે લોકોથી ડરો છો એ કઈ રીતે યોગ્ય હશે ? તેનો જવાબ એ છે કે પ્રસ્તુત આયતમાં અંબિયા (અલૈ.)નું તબ્લીગ અને રિસાલતના મા'મલામાં ગયરુલ્લાહથી ન ડરવાનું વર્ણન થયું છે અને રસૂલુલ્લાહ ﷺને મહેણાં ટોણાંનો ડર એક એવા કાર્યમાં સામે આવ્યો જે દેખાવમાં એક દુનિયવી કામ હતું, તબ્લીગ અને રિસાલતથી તેનો સંબંધ ન હતો, પછી જ્યારે પ્રસ્તુત આયતોથી આપ ﷺ ઉપર એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે આ નિકાહ પણ અમલી તબ્લીગ અને રિસાલતનું જ એક અંગ છે તો ત્યાર પછી આપ ﷺને પણ કોઈના મહેણાં ટોણાં કે કટાક્ષનો ડર અવરોધક બન્યો નહીં અને આ નિકાહ કરવામાં આવ્યા જો કે ઘણા કાફિરોએ વાંધાઓ ઉઠાવ્યા અને આજ સુધી કરતા રહે છે.

આયત : (સૂરએ અહઝાબ : આયત નં. ૪૦)

مَا كَانَ مُحَمَّدٌ أَبَا أَحَدٍ مِّن رِّجَالِكُمْ وَلَٰكِن رَّسُولَ اللَّهِ وَخَاتَمَ النَّبِيِّينَ ۗ وَكَانَ اللَّهُ بِكُلِّ شَيْءٍ عَلِيمًا ﴿٤٠﴾

તરજુમો :

મુહમ્મદ (ﷺ) તમારા પુરુષોમાંથી કોઈના બાપ નથી પરંતુ અલ્લાહના રસૂલ છે અને નબીઓમાં અંતિમ (મહોર) છે અને અલ્લાહ બધી વસ્તુઓને જાણનારો છે. (૪૦)

તફસીર :

(આગલી આયતોંમાં હઝરત ઝયનબ રદિ.ના નિકાહ એ પોતાની પ્રવૃત્તિ દ્વારા તબ્લીગ કરવાનું સ્વરૂપ હોવાનું અને અંબિયા અલૈ.ની સુન્નત હોવાના સ્વરૂપે ઉત્તમ બાબત હોવાનું બતાવવામાં આવ્યું હતું. આગળ તે વાંધા ઉઠાવનારાઓનો જવાબ છે જેઓ આ નિકાહને નીંદાપાત્ર સમજીને મ્હેણાં ટોણાં મારતા હતા) મુહમ્મદ (ﷺ) તમારા પુરુષોમાંથી કોઈના પિતા નથી (એટલે કે જે લોકો રસૂલ ﷺના સંતાનો નથી, જેમકે આ આયતમાં આમ સહાબા રદિ.ને સંબોધન કરીને કહેવામાં આવ્યું છે, رِجَالِكُمْ "રિજાલિકુમ" એટલે કે તમારા પુરુષોમાંથી કોઈના બાપ નથી તેમાં સંબંધ સામાન્ય લોકો સાથે જોડવામાં આવ્યો અને આપ ﷺથી સગાઈ સંબંધ તોડવામાં આવ્યો એટલા માટે પોતાના કુટુંબના વ્યક્તિઓમાંથી કોઈ પુરુષના બાપ હોવાનો તેનાથી નકાર થતો નથી, જેનો મતલબ એ છે કે સામાન્ય ઉમ્મતના લોકોની સાથે આપ ﷺને આવું પિતૃત્વ પ્રાપ્ત નથી જે કોઈ સાચી દલીલથી તેમની ત્યકતા પત્નીઓ સાથે નિકાહ હરામ હોવાનું કારણ બને) પરંતુ (હા ! એક બીજા પ્રકારનું આધ્યાત્મિક-રૂહાની પિતૃત્વ અવશ્ય પ્રાપ્ત છે એટલા માટે) અલ્લાહના રસૂલ છે (અને દરેક રસૂલ રૂહાની વડીલ હોવાના કારણે ઉમ્મતના રૂહાની પિતા હોય છે) અને (આ રૂહાની પિતૃત્વમાં તે સંપૂર્ણ દરજ્જો એ છે કે બધા રસૂલોથી શ્રેષ્ઠ અને સંપૂર્ણ છે તેથી આપ ﷺ) બધા નબીઓમાં અંતિમ નબી છે (અને જે નબી રૂહાની પિતૃત્વમાં બધાથી વધીને છે એવા આપ ﷺના રૂહાની પિતૃત્વનો ક્રમ કયામત સુધી ચાલશે જેના કારણે આપ ﷺની રૂહાની અવલાદ સૌથી વધારે હશે, મતલબ એ છે કે ઉમ્મત માટે આપ ﷺનું શારીરિક પિતૃત્વ અને વંશીય પિતૃત્વ નથી જેની સાથે નિકાહ હરામ હોવાનો સંબંધ હોય છે બલકે રૂહાની પિતૃત્વ છે, તેથી મ્હોં બોલ્યા પુત્રની ત્યકતા પત્ની સાથે નિકાહ કોઈ વાંધાજનક નથી, બલકે રૂહાની પિતૃત્વનો તકાદો એ છે કે બધા લોકો આપ ﷺ ઉપર સંપૂર્ણ ભરોસો અને યકીન રાખે, આપ ﷺના કોઈ નિવેદન કે પ્રવૃત્તિ ઉપર શંકા કે સંદેહ ન કરે) અને (જો આ વસવસો કે ભ્રમણા હોય કે આ નિકાહ નાજાઇઝ તો ન હતા પરંતુ જો ન થયા હોત તો સારું થાત જેથી લોકોનો વિરોધ કરવાની અને મ્હેણાં ટોણાં મારવાની તક જ ન મળી હોત તો એ સમજી લેવું જોઈએ કે) અલ્લાહ તઆલા દરેક વસ્તુ(ના અસ્તિત્વમાં આવવાની મસ્લિહત)ને સારી પેઠે જાણે છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં તે લોકોની માન્યતાનો રદિયો છે જે પોતાના અજ્ઞાનતાના કુરિવાજ પ્રમાણે હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.)ને રસૂલે કરીમ ﷺના પુત્ર કહેતા હતા અને તેમણે તલાક આપ્યા પછી હઝરત ઝયનબ (રદિ.)થી આપ ﷺના નિકાહ ઉપર મહેણાં ટોણાં મારતા હતા કે પુત્રની ત્યકતા પત્ની સાથે નિકાહ કરી લીધા, તેના રદિયા માટે એટલું કહી દેવું પૂરતું હતું કે રસૂલુલ્લાહ ﷺ ઝૈદના પિતા નથી, બલકે હઝરત ઝૈદ (રદિ.)ના પિતા તો હારિષા (રદિ.) છે પરંતુ તેમાં ભારપૂર્વક તાકીદ માટે ઈરશાદ ફરમાવ્યો مَا كَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّن رِّجَالِكُمْ એટલે કે મુહમ્મદ ﷺ તમારા પુરુષોમાંથી કોઈના પિતા પણ નથી તો એવા વ્યક્તિ ઉપર જેની અવલાદમાં કોઈપણ પુરુષ ન હોય આ મહેણું મારવું કઈ રીતે યોગ્ય હોઈ શકે છે કે તેમને કોઈ પુત્ર છે અને તેની ત્યકતા પત્ની આપ ﷺના પુત્રની પત્ની હોવાના કારણે આપ ﷺ ઉપર હરામ છે ?

આ વિષયના વર્ણન માટે ટૂંકા શબ્દો આ જ હતા કે, اَبَا اَحَدٍ مِّنكُمْ આવું કહી શકાયું હોત, તેના બદલે કુર્આને હકીમે શબ્દ رِجَال (રિજાલ)નો વધારો કરીને એ શંકા નિર્મૂળ કરી દીધી કે રસૂલે કરીમ ﷺ તો ચાર પુત્રોના પિતા છે, ત્રણ પુત્રો હઝરત ખદીઝા (રદિ.)થી હઝરત કાસિમ (રદિ.), હઝરત તય્યબ અને તાહિર છે અને એક હઝરત મારિયા કિબ્તિય્યહથી હઝરત ઈબ્રાહીમ (રદિ.) છે, કારણ કે આ બધા બાળ અવસ્થામાં જ વફાત પામ્યા છે, તેમાંથી કોઈ પણ "રિજાલ"ની હદમાં દાખલ નથી થયા અને એ પણ કહી શકાય છે કે આયત નાઝિલ થવાના સમયે આપ ﷺનો કોઈ સગો પુત્ર હયાત ન હતો. કાસિમ, તય્યબ અને તાહિર વફાત પામી ચૂક્યા હતા અને ઈબ્રાહીમ પેદા થયા ન હતા.

વિરોધીઓના વાંધા અને મહેણાં ટોણાંનો જવાબ આ વાક્યથી થઈ ગયો હતો પરંતુ આગળ બીજી શંકાઓને નિર્મૂળ કરવા માટે ફરમાવ્યું, وَلٰكِن رَّسُولَ اللّٰهِ તેમાં શબ્દ لٰكِن (લાકિન) એ અરબી ભાષામાં તે કામ માટે આવે છે જ્યારે પાછલી વાતચીતમાં જે કોઈ શંકા હોઈ શકતી હતી તેને દૂર કરવામાં આવે, અહીંયાં જ્યારે રસૂલે કરીમ ﷺ વિશે આ વર્ણન થયું કે આપ ﷺ ઉમ્મતના

પુરુષોમાંથી કોઈના બાપ નથી તો આ વાત ઉપર એ શંકા થઈ શકતી હતી કે દરેક નબી અને રસૂલ (અલૈ.) પોતાની ઉમ્મતના પિતા હોય છે, આ આધારે રસૂલે કરીમ ﷺ ઉમ્મતના દરેક પુરુષો બલકે દરેક પુરુષ સ્ત્રીઓના પિતા છે, રસૂલે કરીમ ﷺના પિતૃત્વનો નકાર જેમકે નુબુવ્વતનો નકાર છે.

તેનો જવાબ لٰكِن رَّسُوْلَ اللّٰهِ ના શબ્દથી આ આપવામાં આવ્યો કે વાસ્તવિક અને વંશીય લોહીના સગાઈથી પિતા હોવું અલગ બાબત છે જેના ઉપર નિકાહના હલાલ અને હરામ હોવાના હુકમો લાગુ પડે છે અને નુબુવ્વતની હેસિયતે ઉમ્મતના રૂહાની (આધ્યાત્મિક) બાપ હોવું બીજી બાબત છે જેની સાથે આ નિકાહના હુકમો સંબંધ ધરાવતા નથી હોતા તો જાણે આ સમગ્ર વાક્યનો અર્થ અને મતલબ એ થઈ ગયો કે ઉમ્મતના પુરુષોમાંથી રસૂલે કરીમ ﷺ કોઈના પણ લોહીની સગાઈએ બાપ નથી, માત્ર સૌના રૂહાની પિતા છે.

તેમાં એક અન્ય મહેણાં ટોણાંનો જવાબ પણ થઈ ગયો જે અમુક મુશ્રિકોએ કર્યા હતા કે રસૂલે કરીમ ﷺ નઊઝુબિલ્લાહ ! اَبْتَرُ (અબ્તર) એટલે કે "વંશ વિહોણા" છે, એટલે કે આપ ﷺની કોઈ સગી અવલાદ નથી કે જેનાથી આપ ﷺનો વંશ ચાલે અને આપ ﷺનો સંદેશ આગળ વધે, અમુક દિવસો પછી તેમનો કિસ્સો જ ખતમ થઈ જશે. પ્રસ્તુત શબ્દોએ એ સ્પષ્ટ કરી દીધું કે જો કે આપ ﷺને સગા પુત્રો નથી પરંતુ આપ ﷺની રિસાલત અને નુબુવ્વતના સંદેશને ફેલાવવા અને તેને કાયમ રાખવા અને આગળ વધારવા માટે સગા સંતાનોની આવશ્યકતા નથી, તેના માટે રૂહાની અવલાદ કામ કર્યા કરતી હોય છે અને કારણ કે આપ ﷺ અલ્લાહના રસૂલ છે અને રસૂલ ઉમ્મતના રૂહાની પિતા હોય છે એટલા માટે આપ ﷺ સમગ્ર ઉમ્મતના રૂહાની પિતા હોવાના કારણે તમારા બધાથી વધારે અવલાદ ધરાવનાર છે.

અત્રે જ્યારે કે નબીએ કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલતનું વર્ણન આવ્યું અને તે નુબુવ્વતના હોદ્દામાં આપ ﷺ બધા બીજા અંબિયા (અલૈ.)થી ખાસ વિશેષતા અને શ્રેષ્ઠતા ધરાવે છે તો આગળ રસૂલે કરીમ ﷺની ખાસ શા'ન અને સમગ્ર અંબિયા (અલૈ.) ઉપર તેમનું શ્રેષ્ઠ હોવું આ શબ્દોથી સ્પષ્ટ કરવામાં આવ્યું. وَخَاتَمَ النَّبِيّٖنَ (વ ખાતમુન્નબિય્યિન) આ શબ્દ خَاتَمِ (ખાતમિ)માં બે

કિરાઅતો છે, ઈમામ હસન (રદિ.) અને આસિમ (રહ.)ની કિરાઅત خَاتَمْ بِفَتْحِ تَاءْ છે અને બીજા કિરાઅતના ઈમામો خَاتِمْ بِكَسْرِ تَاءْ પઢે છે, બંનેનો અર્થ એક જ છે, એટલે કે અંબિયા (અલૈ.)ને પૂર્ણ કરનારા અને કારણ કે, "ખાતમ" ભલે بِكَسْرِ التَّاءْ હોય અથવા بِفَتْحِ التَّاءْ હોય, બંનેનો અર્થ "અંતિમ" જ થાય છે અને "મોહર"ના અર્થમાં પણ આ બંને શબ્દો ઉપયોગ થાય છે અને પરિણામ બીજા અર્થનું પણ તે જ "અંતિમ"ના અર્થમાં હોય છે, કારણ કે "મોહર" (સીલ) કોઈ વસ્તુને બંધ કરવા માટે અંતે જ લગાવવામાં આવે છે. શબ્દ خَاتَمْ (ખાતમ)ના بِالْكَسْرِ وَالْفَتْحِ બંને અર્થો અરબી શબ્દકોષની કિતાબોમાં પ્રસ્તુત છે. કામુષ, સિહાહ, લિસાનુલ અરબ, તાજુલ ઊલૂસ વગેરે. એટલા માટે તફસીરે રૂહુલ મઆનીમાં "ખાતિમ" મોહરના અર્થનો ખુલાસો પણ તે જ "આખરી"ના અર્થમાં હોવાનો બતાવ્યો છે અને તેના શબ્દો આ છે, وَالْخَاتِمُ اِسْمُ اٰلَةٍ لِمَا يُخْتَمُ بِهٖ كَالطَّابِعِ لِمَا يُطْبَعُ بِهٖ فَمَعْنٰى خَاتَمِ النَّبِيّٖنَ الَّذِىْ خُتِمَ النَّبِيُّوْنَ بِهٖ وَمَاٰلُهٗ اٰخِرُ النَّبِيّٖنَ આ જ વિષય તફસીરે બયઝાવી અને અહમદીમાં પણ ઉપસ્થિત છે તથા ઈમામ રાગિબે મુફરદાતુલ કુર્આનમાં وَخَاتَمُ النُّبُوَّةِ لِاَنَّهٗ خَتَمَ النُّبُوَّةَ اَىْ تَمَّمَهَا بِمَجِيْئِهٖ ફરમાવ્યું, એટલે કે આપ ﷺને "ખાતિમે નુબુવ્વત" એટલા માટે કહેવામાં આવ્યા છે કે આપ ﷺએ નુબુવ્વતને પોતાના આગમનથી ખતમ અને સંપૂર્ણ કરી દીધી.

અને મુહકમ ઇબ્ને સુદામાં છે, وَخَاتِمُ كُلِّ شَىْءٍ وَخَاتِمَتُهٗ عَاقِبَتُهٗ وَاٰخِرُهٗ એટલે કે દરેક વસ્તુના "ખાતિમ" તે વસ્તુના અંત અને તેના પરિણામ તથા "છેવટ"નાને કહેવામાં આવે છે.

ખુલાસો એ છે કે કિરાઅત ભલે بِفَتْحِ تَاءْ ની લેવામાં આવે અથવા بِكَسْرِ تَاءْ ની લેવામાં આવે બંને સ્વરૂપોમાં અર્થ એ છે કે રસૂલે કરીમ ﷺ અંબિયા (અલૈ.)ના (સિલસિલાને) ખતમ કરનાર છે એટલે કે બધા અંબિયા (અલૈ.)ના અંતે અને છેલ્લું આગમન રસૂલે કરીમ ﷺનું થયું છે.

خَاتَمُ الْاَنْبِيَاءْ (ખાતમુલ અંબિયા)નું લક્ષણ એક એવી સિફત છે જે નુબુવ્વત અને રિસાલતની બધી જ વિશેષતાઓમાં રસૂલે કરીમ ﷺની ઉચ્ચ શ્રેષ્ઠતા અને વિશિષ્ટતાને જાહેર કરે છે, કારણ કે સામાન્ય રીતે દરેક વસ્તુમાં

ક્રમશઃ પ્રગતિ થાય છે અને પરાકાષ્ઠાએ પહોંચીને તેની પૂર્ણતા થાય છે અને જે અંતિમ પરિણામ હોય છે તે જ મૂળ હેતુ હોય છે, કુર્આને કરીમે પોતે તેને સ્પષ્ટ કરી દીધું છે. اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ એટલે કે, આજે મેં તમારો દીન સંપૂર્ણ કરી દીધો છે અને પોતાની નેઅ્મત તમારા ઉપર પૂર્ણ કરી આપી છે.

અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ના દીન પણ પોતપોતાના સમયના આધારે સંપૂર્ણ હતા, કોઈ અધૂરા ન હતા પરંતુ તે બધામાં આ જ દીને મુસ્તફવી ﷺને કાયમીપણાની વિશિષ્ટતા પ્રાપ્ત થઈ તે આગલાઓ અને પાછલાઓ માટે હુજ્જત અને કયામત સુધી ચાલનારો દીન છે.

આ સ્થળે ખાતમુન્નબિય્યિનની સિફતના વધારાથી આ વિષયની પણ વધારે સ્પષ્ટતા અને પૂર્ણતા થઈ ગઈ કે રસૂલે કરીમ ﷺને વંશ વિહોણા કહેવું અજ્ઞાનતા છે જ્યારે કે સમગ્ર ઉમ્મતના પિતા હોવાના સ્વરૂપે રસૂલે કરીમ ﷺ مُتَّصِفْ (વંશવાળા) છે, કારણ કે શબ્દ خَاتَمُ النَّبِيِّيْنَ (ખાતમુન્નબિય્યિન)એ આ પણ બતાવી આપ્યું કે રસૂલે કરીમ ﷺ પછી કયામત સુધી આવનારી બધી નસ્લો અને કોમો રસૂલે કરીમ ﷺની જ ઉમ્મતમાં સામેલ થશે એ કારણે રસૂલે કરીમ ﷺની ઉમ્મતની સંખ્યા પણ અન્ય ઉમ્મતોથી વધારે હશે અને રસૂલે કરીમ ﷺની રૂહાની અવલાદ પણ અન્ય અંબિયા (અલૈ.) કરતાં વધારે હશે.

ખાતિમુન્નબિય્યિનની સિફતે એ પણ બતાવી દીધું કે રસૂલે કરીમ ﷺનો પ્રેમ પોતાની રૂહાની અવલાદ એટલે કે સમગ્ર ઉમ્મત ઉપર બીજા બધા જ અંબિયા (અલૈ.) કરતાં વધારે હશે અને રસૂલે કરીમ ﷺ કયામત સુધી ઉપસ્થિત થનાર પ્રત્યેક જરૂરતોને સ્પષ્ટ કરવાની સંપૂર્ણ કાળજી રાખશે, કારણ કે આપ ﷺ પછી કોઈ નબી અને કોઈ વહી દુનિયામાં આવવાની નથી તેનાથી વિપરીત અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) કે તેમને એ બાબતની ફિકર ન હતી કે તેઓ જાણતા હતા કે જ્યારે કોમમાં ગુમરાહી ફેલાશે તો અમારા પછી બીજા અંબિયા (અલૈ.) આવીને તેની સુધારણા કરી આપશે પરંતુ ખાતિમુલ અંબિયા ﷺને એ ચિંતા હતી કે કયામત સુધી ઉમ્મતને જે પરિસ્થિતિઓ સાથે વાસ્તો પડશે તે બધી પરિસ્થિતિઓ વિશેના માર્ગદર્શનો ઉમ્મતને આપીને જાય જેના ઉપર રસૂલે કરીમ

ﷺની હદીષો સાક્ષી છે કે આપ ﷺ પછી જેટલા લોકો અનુસરણ કરવા પાત્ર આવ્યા હતા મોટા ભાગે તેમના નામો લઈને બતાવી દીધું છે, તે જ પ્રમાણે જેટલી ગુમરાહીઓના ઝંડેધારીઓ છે તેમની પરિસ્થિતિઓ અને સરનામાઓ એવા ખોલીને બતાવી આપ્યા છે કે થોડો વિચાર કરનાર વ્યક્તિને પણ કોઈ શંકા બાકી રહેવા ન પામશે એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اِنِّی تَرَکْتُکُمْ عَلٰی شَرِیْعَةٍ بَیْضَاءَ لَیْلُهَا وَنَهَارُهَا سَوَاءٌ એટલે કે, મેં તમને એવા પ્રકાશિત માર્ગો ઉપર છોડયા છે જેમાં રાત દિવસ સમાન છે કોઈ સમય પણ ગુમરાહીનો ભય નથી. આ આયતમાં એ વાત પણ ધ્યાન આપવાપાત્ર છે કે રસૂલે કરીમ ﷺનું જે વર્ણન ઉપરોક્ત રસૂલની સિફત સ્વરૂપે આવ્યું છે તેના માટે દેખીતી રીતે યોગ્ય એ હતું કે આગળ خَاتَمُ الرُّسُلِ (ખાતમુર્રસૂલ) અથવા خَاتَمُ الْمُرْسَلِیْنَ (ખાતમુલ મુરસલીન)ના શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હોત પરંતુ કુર્આને હકીમે તેના બદલે خَاتَمُ النَّبِیّٖنَ (ખાતમુન્નબિય્યિન)નો શબ્દ અપનાવ્યો છે.

કારણ એ છે કે જમહૂર ઉલમાના મતે નબી અને રસૂલમાં એક તફાવત છે તે એ કે નબી તો દરેક તે વ્યક્તિને કહેવામાં આવે છે જેને અલ્લાહ તઆલા મખ્લૂકની સુધારણા માટે ચૂંટી કાઢે છે અને પોતાની વહીથી પ્રતિષ્ઠિત કરે છે. ભલે, તેના માટે કોઈ આગવી કિતાબ અને આગવી શરીઅત નિશ્ચિત કરવામાં આવે અથવા પહેલેથી જ કોઈ નબીની કિતાબ અને શરીઅતના તા'બે લોકોની હિદાયત ઉપર નિમવામાં આવે, જેમકે હઝરત હારૂન (અલૈ.) તે હઝરત મૂસા (અલૈ.)ની કિતાબ અને શરીઅતના તા'બે અને તેનું માર્ગદર્શન આપવા ઉપર નિમવામાં આવ્યા હતા.

શબ્દ "રસૂલ" ખાસ તે નબી માટે બોલવામાં આવે છે જેને આગવી કિતાબ અને શરીઅત આપવામાં આવી હોય, એ જ પ્રમાણે શબ્દ "નબી"નો ભાવાર્થ શબ્દ "રસૂલ" કરતાં સામાન્યપણામાં વધારે છે તો આયતનો ભાવાર્થ એ થયો કે આપ ﷺ અંબિયા (અલૈ.)ને પૂર્ણ કરનારા અને સૌથી છેવટે છે, ભલે તે શરીઅતવાળા નબી હોય અથવા માત્ર અગાઉના નબીઓના તા'બે હોય, આથી જાણ થઈ કે નબીના જેટલા પ્રકારો અલ્લાહ નજીક હોઈ શકે છે તે બધા જ રસૂલે કરીમ ﷺ ઉપર પૂર્ણ થઈ ગયા અને રસૂલે કરીમ ﷺ પછી હવે કોઈ નબીનું આગમન થશે નહીં.

ઈમામ ઈબ્ને કષીરે પોતાની તફસીરમાં કહ્યું છે,

فَهٰـذِهِ الْاٰيَةُ فِـىْ اَنَّـهٗ لَا نَبِىَّ بَعْدَهٗ وَاِذَا كَانَ لَا نَبِىَّ بَعْدَهٗ فَلَا رَسُوْلَ بِالطَّرِيْقِ الْاَوْلٰى لِاَنَّ مَـقَامَ الرِّسَالَةِ اَخَصُّ مِنْ مَّقَامِ النُّبُوَّةِ فَاِنَّ كُلَّ رَسُوْلٍ نَبِىٌّ وَلَا يَنْعَكِسُ، بِذٰلِكَ وَرَدَتِ الْاَحَـادِيْـثُ الْـمُتَـوَاتِـرَةُ عَنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ حَدِيْثِ جَمَاعَةٍ مِّنَ الصَّحَابَةِ،

"આ આયત ઉઘાડી "નસ" છે તે અકીદા માટે કે રસૂલે કરીમ ﷺ પછી કોઈ નબી નથી અને જ્યારે નબી નથી તો દેખીતું છે કે રસૂલ પણ નથી, કારણ કે શબ્દ "નબી" સામાન્ય અને શબ્દ "રસૂલ" ખાસ છે અને આ તે અકીદહ છે જેના ઉપર મુતવાતિર હદીષો સાક્ષી છે જે સહાબએ કિરામ (રદિ.)ના એક મોટા સમૂહની રિવાયતથી આપણા સુધી પહોંચી છે."

આ આયતના શાબ્દિક ખુલાસામાં એટલા માટે વિગતપૂર્વક ચર્ચા કરવામાં આવી છે કે આપણા પ્રદેશમાં મિરઝા કાદિયાની નુબુવ્વતના દા'વેદારે આ આયતને પોતાના માર્ગનો અવરોધ સમજીને તેની તફસીરમાં જાતજાતના ફેરફારો અને સંભાવનાઓ પેદા કરી છે, પ્રસ્તુત તફસીરથી અલ્હમ્દુલિલ્લાહ તે બધાનો જવાબ થઈ જાય છે.

"ખત્મે નુબુવ્વત"નો મસ્અલો :

રસૂલે કરીમ ﷺનું "ખાતમુન્નબિય્યિન" હોવું અને આપ ﷺનું અંતિમ પયગમ્બર હોવું, રસૂલે કરીમ ﷺ પછી કોઈ નબીનું દુનિયામાં આગમન ન થવું અને દરેક નુબુવ્વતના દા'વેદારનું જુઠ્ઠા અને કાફિર હોવું એવો મસ્અલો છે જેના ઉપર સહાબએ કિરામ (રદિ.)થી લઈને આજ દિન સુધી દરેક યુગના મુસલમાનોનો ઈજ્માઅ્ અને સહમતી રહી છે એટલા માટે જરૂરત ન હતી કે તેના ઉપર કોઈ વિગતપૂર્વકની ચર્ચા કરવામાં આવે પરંતુ કાદિયાની ફિરકાએ આ મસ્અલામાં મુસલમાનોના દિલોમાં શંકા અને ભ્રમણાઓ પેદા કરવા માટે ખૂબ જોર લગાવ્યું છે, સેંકડો નાની મોટી કિતાબો પ્રકાશિત કરીને ઓછું જ્ઞાન ધરાવનાર લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કર્યો છે એટલા માટે મુજ નાચીઝે આ

મસ્અલાની સંપૂર્ણ વિગત માટે એક આગવી કિતાબ "ખત્મે નુબુવ્વત" લખી છે જેમાં એકસો આયતો અને બસોથી વધારે હદીષો અને સેંકડો નિવેદનો અને નિશાનીઓ સલફ અને ખલફથી વર્ણન કર્યા છે જેણે આ મસ્અલાની સંપૂર્ણ સ્પષ્ટતા કરી દીધી છે અને કાદિયાનીના જૂઠાણા અને શંકાઓનો વિગતવાર જવાબ આપ્યો છે, અત્રે તેમાંથી અમુક જરૂરી વાતો લખવામાં આવે છે.

રસૂલે કરીમ ﷺનું ખાતમુન્નબિય્યિન હોવું અંતિમ જમાનામાં હઝરત ઈસા (અલૈ.)ના નાઝિલ થવાનું વિરોધાભાસી નથી :

કારણ કે કુર્આને કરીમની અનેક આયતો અને મુતવાતિર હદીષોથી એ સાબિત છે કે કયામત પહેલાં અંતિમ ઝમાનામાં હઝરત ઈસા (અલૈ.) ફરી દુનિયામાં તશરીફ લાવશે અને દજ્જાલે આ'ઝમને કતલ કરશે અને તે સમયે દરેક ગુમરાહીને સમાપ્ત કરશે જેની વિગત મુજ નાચીઝની પુસ્તિકા "અત્તશ્રીહ બિમા તવાતુર ફી નુઝૂલિલ્ મસીહ"માં ઉપસ્થિત છે.

મિરઝાઈ કાદિયાનીએ હઝરત ઈસા (અલૈ.)ને જીવતા આસમાન ઉપર ઉઠાવી લેવાની અને પછી તેમના અંતિમ જમાનામાં પાછા આવવાની બાબત જે કુર્આન અને સુન્નતની અસંખ્ય નુસૂસથી સાબિત છે તેનો ઈન્કાર કરીને પોતે મસીહ મવઊદ હોવાનો દા'વો કર્યો અને દલીલમાં એ રજુ કર્યું કે જો ઈસા ઈબ્ને મરયમ બની ઈસ્રાઈલના નબીનું ફરીવાર દુનિયામાં આવવું સ્વીકારવામાં આવે તો તે રસૂલે કરીમ ﷺના ખાતમુન્નબિય્યિન હોવાનો નકાર થશે.

જવાબ બિલકુલ સ્પષ્ટ છે કે ખાતિમુન્નબિય્યિન અને આખિરુન્નબિય્યિનનો અર્થ એ છે કે રસૂલે કરીમ ﷺ પછી કોઈ વ્યક્તિ નુબુવ્વતના હોદ્દા ઉપર બિરાજમાન થશે નહીં, તેનાથી એ જરૂરી નથી બનતું કે આપ ﷺથી પહેલાં તેમને નુબુવ્વત અર્પણ કરવામાં આવી ચૂકી હતી, તેમની નુબુવ્વત મુલ્તવી થઈ જશે અથવા તેમાંથી કોઈ આ દુનિયામાં ફરી આવી નથી શકતું, અલબત્ત આપ ﷺ પછી જે પણ આપ ﷺની ઉમ્મતમાં સુધારણા અને તબ્લીગ માટે આવશે તે પોતાના નુબુવ્વતના હોદ્દા ઉપર કાયમ રહીને આ ઉમ્મતની સુધારણાની સેવા રસૂલે કરીમ ﷺની તા'લીમના તા'બે થઈને જ અંજામ આપશે જેમકે સહીહ હદીષોમાં ખુલાસો છે.

ઈમામ ઈબ્ને કષીરે આ જ આયતની તફસીરમાં ફરમાવ્યું છે,

وَالْمُرَادُ بِكَوْنِهٖ عَلَيْهِ السَّلَامِ خَاتَمَهُمْ اِنْقِطَاعُ حُدُوْثِ وَصْفِ النُّبُوَّةِ فِيْ اَحَدٍمِّنَ الثَّقَلَيْنِ بَعْدَ تَحْلِيَتِهٖ عَلَيْهِ السَّلَامُ بِهَافِيْ هٰذِهِ النَّشْأَةِ وَلَا يَقْدَحُ فِيْ ذٰلِكَ مَا اَجْمَعَتْ عَلَيْهِ الْاُمَّةُ وَاشْتَهَرَتْ فِيْهِ الْاَخْبَارُ وَلَعَلَّهَا بَلَغَتْ مَبْلَغَ التَّوَاتُرِ الْمَعْنَوِيِّ وَنَطَقَ بِهِ الْكِتٰبُ عَلٰى قَوْلٍ، وَوَجَبَ الْاِيْمَانُ بِهٖ وَاُكْفِرَ مُنْكِرُهٗ كَالْفَلَاسِفَةِ مِنْ نُزُوْلِ عِيْسٰى عَلَيْهِ السَّلَامُ اٰخِرَ الزَّمَانِ لِاَنَّهٗ كَانَ نَبِيًّا قَبْلَ اَنْ يُّحَلّٰى نَبِيُّنَا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِالنُّبُوَّةِ فِيْ هٰذِهِ النَّشْاءَةِ،

"રસૂલે કરીમ ﷺના ખાતમુલ અંબિયા હોવાથી એ ભાવાર્થ છે કે નુબુવ્વતની સિફત રસૂલે કરીમ ﷺ પછી કપાઈ જશે અને હવે કોઈને એ સિફત અથવા હોદ્દો મળશે નહીં. તેનાથી આ મસ્અલા ઉપર કોઈ અસર નથી પડતો જેના ઉપર ઉમ્મતનો ઈજ્માઅ્ છે અને કુર્આન તેના ઉપર નાતિક (ગવાહ) છે અને રસૂલે કરીમ ﷺની હદીષો લગભગ તવાતુરના દરજ્જાએ પહોંચેલ છે તે તેના ઉપર સાક્ષી છે, તે એ કે હઝરત ઈસા (અલૈ.) અંતિમ જમાનામાં નાઝિલ થશે, કારણ કે તેમને નુબુવ્વત આ દુનિયામાં આપણા નબી ﷺ પહેલાં મળી ચૂકી હતી."

નુબુવ્વતના ભાવાર્થમાં ફેરફાર કરવો; ઝિલ્લી (પડછાયો) અને બુરૂઝી (પુનર્જન્મ) નુબુવ્વત ઘડી કાઢવી :

આ નુબુવ્વતના દા'વેદાર કાદિયાનીએ નુબુવ્વતના દા'વાનો માર્ગ સમથળ કરવા માટે એક નવી ચાલ એ ચાલી કે નુબુવ્વતનો એક નવો પ્રકાર ઘડી કાઢ્યો જેનું કુર્આન અને સુન્નતમાં કોઈ અસ્તિત્વ કે સાબિતી નથી અને પછી એવું કહ્યું કે આ નુબુવ્વતના પ્રકારનો હુકમ કુર્આની ખત્મે નુબુવ્વતથી નુબુવ્વતનો નકાર કરતું નથી. તેનો ખુલાસો એ છે કે તેણે નુબુવ્વતના ભાવાર્થમાં તે માર્ગ અપનાવ્યો જે હિન્દુઓ અને અન્ય કોમોમાં પ્રચલિત છે કે એક વ્યક્તિ કોઈ બીજા વ્યક્તિનો જન્મ લઈને પુનર્જન્મ લઈ શકે છે અને પછી એ કહ્યું કે જે વ્યક્તિ રસૂલુલ્લાહ

ﷺના સંપૂર્ણ અનુસરણના કારણે આપ ﷺથી સમરસ થઈ ગયો હોય તેનું આવવું જાણે પોતે રસૂલે કરીમ ﷺનું આવવું છે અને વાસ્તવમાં આપ ﷺનો જ ઝિલ્લ (પડછાયો) અને બુરુઝ (પુનર્જન્મ) હોય છે એટલા માટે તેના દા'વાથી ખત્મે નુબુવ્વતનો દા'વો પ્રભાવિત થતો નથી પરંતુ પ્રથમ તો પોતે મનઘડત નુબુવ્વત ઈસ્લામમાં ક્યાંથી આવી તેની કોઈ સાબિતી નથી, તદુપરાંત ખત્મે નુબુવ્વતનો મસ્અલો કારણ કે ઈસ્લામી અકીદાઓમાં એક પાયાનો અકીદહ છે એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ તેને વિવિધ વિષયોથી વિવિધ સમયોમાં એવો સ્પષ્ટ કરી દીધો છે કે કોઈ ફેરફાર કરનારનો ફેરબદલ તેમાં ચાલી શકતો જ નથી, તેનો જવાબ સંપૂર્ણ વિગત સાથે મુજ નાચીઝની કિતાબ "ખત્મે નુબુવ્વત"માં જ જોઈ શકાય છે, અત્રે અમુક વસ્તુઓ આવશ્યકતા અનુસાર રજુ કરવાને પૂરતું સમજવામાં આવે છે.

સહીહ બુખારી અને મુસ્લિમ વગેરેમાં બધી જ હદીષની કિતાબોમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી આ રિવાયત સહીહ સનદ સાથે આવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

اِنَّ مَثَلِىْ وَمَثَلَ الْاَنْبِيَاءِ مِنْ قَبْلِىْ كَمَثَلِ رَجُلٍ بَنٰى بَيْتًا فَاَحْسَنَهٗ وَاَجْمَلَهٗ اِلَّا مَوْضِعَ لَبِنَةٍ مِّنْ زَاوِيَةٍ فَجَعَلَ النَّاسُ يَطُوْفُوْنَ بِهٖ وَيُعْجَبُوْنَ لَهٗ وَيَقُوْلُوْنَ هَلَّا وُضِعَتْ هٰذِهِ اللَّبِنَةُ وَاَنَا خَاتَمُ النَّبِيِّيْنَ، رَوَاهُ اَحْمَدُ وَ النَّسَائِى وَالتِّرْمِذِىُّ وَفِىْ بَعْضِ اَلْفَاظِهٖ فَكُنْتُ اَنَا سَدَدْتُّ مَوْضِعَ اللَّبِنَةِ وَخُتِمَ بِىَ الْبُنْيَانُ،

"મારું ઉદાહરણ અને મારાથી અગાઉના અંબિયા (અલૈ.)નું ઉદાહરણ એવું છે જેણે એક મકાન બનાવ્યું હોય અને તેને ખૂબ મજબૂત કર્યું હોય અને શણગાર્યું હોય પરંતુ તેના એક ખૂણામાં ભીંતની એક ઈંટની જગ્યા ખાલી છોડી દીધી હોય તો લોકો તેને જોવા માટે તેમાં ચાલે ફરે અને બાંધકામને પસંદ કરે પરંતુ બધા આ કહે કે આ મકાન બનાવનારાએ આ ઈંટ પણ કેમ રાખી ન દીધી ? જેથી બાંધકામ બિલકુલ સંપૂર્ણ થઈ ગયું હોત ! રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે (નુબુવ્વતના મહેલની) તે અંતિમ ઈંટ હું છું. અને હદીષના અમુક શબ્દોમાં છે કે મેં તે ખાલી જગ્યાને પૂરીને નુબુવ્વતના મહેલને સંપૂર્ણ કરી દીધો."

આ શ્રેષ્ઠ ઉદાહરણનો ખુલાસો એ છે કે નુબુવ્વત એક આલિશાન મહેલ જેવી છે જેના વિભાગો અંબિયા (અલૈ.) છે. રસૂલે કરીમ ﷺથી પહેલાં આ મહેલ બિલકુલ તૈયાર થઈ ચૂક્યો હતો અને તેમાં માત્ર એક ઈંટ સિવાય કોઈ અન્ય પ્રકારની સંભાવના બાંધકામમાં બાકી રહી ન હતી. રસૂલે કરીમ ﷺએ આ સ્થળને પૂર્ણ કરીને નુબુવ્વતના મહેલની પૂર્ણતા કરી દીધી, હવે તેમાં ન કોઈની નુબુવ્વતની ગુંજાઈશ છે અને ન જ રિસાલતની. જો નુબુવ્વત અથવા રિસાલતના અમુક પ્રકારો માની પણ લેવામાં આવે તો હવે તેમાંથી કોઈ પ્રકારની સંભાવના નુબુવ્વતના મહેલમાં નથી.

સહીહ બુખારી, મુસ્લિમ અને મુસ્નદે અહમદ વગેરેમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી એક બીજી હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

كَانَتْ بَنُوْ اِسْرَائِيْلَ تَسُوْسُهُمُ الْاَنْبِيَاءُ كُلَّمَا هَلَكَ نَبِىٌّ خَلَفَهُ نَبِىٌّ وَاِنَّهُ لَا نَبِىَّ بَعْدِىْ وَسَيَكُوْنُ خُلَفَاءُ فَيَكْثُرُوْنَ (اَلْحَدِيْث)

"બની ઈસ્રાઈલનું રાજકરણ અને વ્યવસ્થા પોતે અંબિયા (અલૈ.)ના હાથમાં હતી, જ્યારે એક નબીની વફાત થઈ જતી તો બીજા નબી તેના સ્થાને આવી જતા હતા અને મારા પછી કોઈ નબી નથી અલબત્ત મારા ખલીફા હશે જે ઘણા બધા હશે."

આ હદીષે એ પણ સ્પષ્ટ કરી દીધું કે રસૂલે કરીમ ﷺ કારણ કે ખાતિમુન્નબિય્યિન છે અને રસૂલે કરીમ ﷺ પછી કોઈ નબીનું આગમન થવાનું નથી તો ઉમ્મતની હિદાયતની વ્યવસ્થા કેવી રીતે થશે તેના વિશે ફરમાવ્યું કે રસૂલે કરીમ ﷺ પછી ઉમ્મતની તા'લીમ અને હિદાયતની વ્યવસ્થા રસૂલે કરીમ ﷺના ખલીફાઓ દ્વારા થશે જે રસૂલે કરીમ ﷺના ખલીફા હોવાના સ્વરૂપે નુબુવ્વતના હેતુઓને પૂરા કરશે, જો ઝિલ્લી કે બુરુજી નુબુવ્વતનો કોઈ પ્રકાર હોત અથવા "ગેરતશરીઈ નુબુવ્વત" બાકી હોત તો જરૂરી હતું કે અહીંયાં તેનું વર્ણન કરવામાં આવ્યું હોત કે જો કે જાહેર નુબુવ્વત ખતમ થઈ ચૂકી પરંતુ ફલાણા ફલાણા પ્રકારની નુબુવ્વત બાકી છે જેનાથી આ દુનિયાની વ્યવસ્થા થશે.

આ હદીષમાં સ્પષ્ટ અને ખુલ્લા શબ્દોમાં બતાવવામાં આવ્યું છે કે નુબુવ્વતનો કોઈ પ્રકાર રસૂલે કરીમ ﷺ પછી બાકી નથી અને મખ્લૂકની

હિદાયતનું કામ જે પાછલી ઉમ્મતોમાં બની ઈસ્રાઈલના અંબિયા (અલૈ.)થી લેવામાં આવ્યું હતું તે આ ઉમ્મતમાં રસૂલે કરીમ ﷺના ખલીફાઓ દ્વારા લેવામાં આવશે.

સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી હદીષ છે,

لَمْ يَبْقَ مِنَ النُّبُوَّةِ اِلَّا الْمُبَشِّرَاتُ،

"નુબુવ્વતમાંથી કંઈ બાકી ન રહ્યું માત્ર مُبَشِّرَاتُ (મુબશ્શિરાત) સાચા સપનાઓ સિવાય."

મુસ્નદે અહમદમાં હઝરત આયશા સિદીકા (રદિ.) અને ઉમ્મે કુરઝલ કઅબિય્યહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

لَا يَبْقٰى بَعْدِىْ مِنَ النُّبُوَّةِ شَىْءٌ اِلَّا الْمُبَشِّرَاتُ قَالُوْا يَارَسُوْلَ اللّٰهِ وَمَا الْمُبَشِّرَاتُ قَالَ الرُّؤْيَا الصَّالِحَةُ يَرَاهَا الْمُسْلِمُ اَوْتُرٰى لَهٗ (طبرانی نے اس حدیث کو صحیح کہا ہے كَذَا فِى الْكَنْز)

"મારા પછી નુબુવ્વતમાંથી કંઈ બાકી ન રહ્યું માત્ર મુબશ્શિરાત (સાચા સપનાઓ) સિવાય ! સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! મુબશ્શિરાત શું વસ્તુ છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, સાચા સપનાઓ જે મુસલમાનો પોતે જુએ અથવા તેના વિશે કોઈ બીજો જુએ."

આ હદીષે એટલી બધી સ્પષ્ટતાઓ કરીને બતાવી દીધું છે કે નુબુવ્વતનો કોઈ પ્રકાર તશરીઈ અથવા ગેરતશરીઈ અને મિરઝા કાદિયાનીના કહેવા પ્રમાણે ઝિલ્લી અથવા બુરુઝી રસૂલે કરીમ ﷺ પછી હવે બાકી નથી, માત્ર મુબશ્શિરાત એટલે કે સાચા સપનાઓ લોકોને આવશે કે જેનાથી અમુક જાણકારી પ્રાપ્ત થશે.

મુસ્નદે અહમદ અને તિરમિઝીમાં હઝરત અનસ બિન માલિક (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

اِنَّ الرِّسَالَةَ وَالنُّبُوَّةَ قَدِ انْقَطَعَتْ فَلَارَسُوْلَ بَعْدِىْ وَلَا نَبِىَّ،

(رَوَاهُ التِّرْمِذِىُّ وَقَالَ هٰذَا حَدِيْثٌ صَحِيْحٌ)

"બેશક ! રિસાલત અને નુબુવ્વત મારા પછી કપાઈ ચૂકી છે, મારા પછી ન તો કોઈ રસૂલ થશે અને ન જ નબી."

આ હદીષે સ્પષ્ટ કરી દીધું કે ગેરતશરીઈ (નવા નિયમ પ્રમાણેની) નુબુવ્વત પણ રસૂલે કરીમ ﷺ પછી બાકી નથી અને ઝિલ્લી તથા બુરુઝી તો નુબુવ્વતનો કોઈ પ્રકાર જ નથી અને ન જ ઈસ્લામમાં આ પ્રકારની કોઈ વસ્તુ પ્રચલિત છે.

આ સ્થળે ખત્મે નુબુવ્વતના મસ્અલાની હદીષો એકઠી કરવાનો હેતુ નથી, તે તો ૨૦૦ થી વધારે કિતાબ "ખત્મે નુબુવ્વત"માં એકઠી કરવામાં આવી છે, માત્ર અમુક હદીષોથી એ બતાવવાનો હેતુ હતો કે મિરઝાઈ કાદિયાનીએ જે નુબુવ્વતને બાકી રાખવા માટે ઝિલ્લી અને બુરુઝીના વિષયો ઘડી કાઢ્યા છે, પ્રથમ તો ઈસ્લામમાં તેનો કોઈ અસલ પાયો જ નથી અને કલ્પના કરો કે કદાચ હોત તો પણ પ્રસ્તુત હદીષોએ એ બતાવી આપ્યું છે કે રસૂલે કરીમ ﷺ પછી નુબુવ્વતનો કોઈપણ પ્રકાર બાકી નથી.

એટલા માટે જ સહાબએ કિરામ (રદિ.)થી લઈને આજદિન સુધી ઉમ્મતે મુસ્લિમહના બધા જ વર્ગોનો ઈજ્માઅ્ આ અકીદહ ઉપર રહ્યો છે કે રસૂલે કરીમ ﷺ પછી કોઈ પ્રકારના નબી અથવા રસૂલ નથી હોઈ શકતા, જે દા'વો કરે તે જૂઠો, કુર્આનનો ઈન્કારી અને કાફિર છે તથા સહાબએ કિરામ (રદિ.)નો સૌથી પહેલાં ઈજ્માઅ્ આ જ મસ્અલા ઉપર થયો જેની રૂએ મુસયલમા કઝ્ઝાબ નુબુવ્વતના દા'વેદારને અને તેના માનનારાઓને પ્રથમ ખલીફા હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ના શાસનકાળમાં જિહાદ કરીને કતલ કરવામાં આવ્યા.

અઈમ્મએ સલફ અને ઉલમાએ ઉમ્મતના નિવેદનો અને ખુલાસાઓ પણ આ વિષયમાં ખત્મે નુબુવ્વત કિતાબના ત્રીજા ભાગમાં ખૂબ વિગતપૂર્વક લખવામાં આવ્યા છે, આ સ્થળે માત્ર અમુક વાક્યો વર્ણન કરવામાં આવે છે.

ઈબ્ને કષીર (રહ.)એ પોતાની તફસીરમાં આ જ આયત હેઠળ લખ્યું છે,

اَخْبَرَ اللّٰهُ تَعَالٰى فِىْ كِتَابِهٖ وَرَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهِ عَلَيْهِ وَسَلَّمَ فِى السُّنَّةِ الْمُتَوَاتِرَةِ

عَنْهُ اَنَّهُ لَا نَبِىَّ بَعْدَهُ لِيَعْلَمُوْا اَنَّ كُلَّ مَنِ ادَّعٰى هٰذَاالْمَقَامَ بَعْدَهُ فَهُوَ كَذَّابٌ اَفَّاكٌ

دَجَّالٌ ضَالٌّ مُضِلٌّ وَلَوْ حَرَّقَ وَشَعْبَدَ وَاَتٰى بِاَنْوَاعِ السِّحْرِ وَالطَّلَاسِمِ وَالنِّيْرَ

نُجِيَاتِ فَكُلُّهَا مُحَالٌ وَضَلَالٌ عِنْدَ أُولِى الْأَلْبَابِ كَمَا أَجْرَى اللّٰهُ سُبْحَانَهُ عَلٰى يَدِ الْأَسْوَدِ الْعَنْسِيِّ بِالْيَمَنِ وَمُسَيْلَمَةَ الْكَذَّابِ بِالْيَمَامَةِ مِنَ الْأَحْوَالِ الْفَاسِدَةِ وَالْأَقْوَالِ الْبَارِدَةِ مَاعَلِمَ كُلُّ ذِىْ لُبٍّ وَفَهْمٍ وَحِجًى أَنَّهُمَا كَاذِبَانِ ضَالَّانِ لَعَنَهُمَا اللّٰهُ تَعَالٰى وَكَذٰلِكَ كُلُّ مُدَّعٍ لِذٰلِكَ إِلٰى يَوْمِ الْقِيٰمَةِ حَتّٰى يُخْتَمُوْا بِالْمَسِيْحِ الدَّجَّالِ، (اِبْنِ كَثِير)

"અલ્લાહ તઆલા પોતાની કિતાબમાં અને રસૂલે કરીમ ﷺની હદીષોમાં મુતવાતિર રીતે ખબર આપી છે કે રસૂલે કરીમ ﷺ પછી કોઈ નબી નથી જેથી લોકો સમજી લે કે રસૂલે કરીમ ﷺ પછી જે વ્યક્તિ આ નુબુવ્વતના સ્થાનનો દા'વો કરે તે જૂઠો, ધોકાબાજ, દજ્જાલ, માર્ગ ભટકેલો, માગ ભટકાવનારો છે, ભલે તે કેટલીય યુક્તિઓ કરી રહ્યો હોય અને પ્રકાર પ્રકારના જાદૂ અથવા તિલિસ્મની રંગીનીઓ બતાવે, તે બધી બુદ્ધિશાળીઓ સમીપ ખોટી માન્યતાઓ અને ગુમરાહી છે, જેમકે અલ્લાહ તઆલાએ અશ્વદે અનસી (નુબુવ્વતના જૂઠા દા'વેદાર)ના હાથ ઉપર યમનમાં અને મુસયલમા કઝ્ઝાબ (નુબુવ્વતના જૂઠા દા'વેદાર)ના હાથ ઉપર યમામામાં આ પ્રમાણેની જૂઠી પરિસ્થિતિઓ અને વાહિયાત નિવેદનો જાહેર કરાવ્યા જેને જોઈને સાંભળીને દરેક બુદ્ધિશાળી અને સમજદાર વ્યક્તિ સમજી લે કે આ બંને જૂઠાઓ અને ગુમરાહ છે, અલ્લાહ તેમના ઉપર ફિટકાર વરસાવે. એ જ પ્રમાણે જે વ્યક્તિ પણ કયામત સુધી નુબુવ્વતનો દા'વો કરે તે જૂઠો અને કાફિર છે એટલે સુધી કે નુબુવ્વતના દા'વેદારોનો આ ક્રમ મસીહ (અલૈ.) અને દજ્જાલ ઉપર પૂર્ણ થશે."

ઈમામ ગિઝાલી (રહ.)એ પોતાની કિતાબ "અલ ઈકતિસાદ ફિલ એઅ્તેકાદ"માં પ્રસ્તુત આયતની તફસીર અને ખત્મે નુબુવ્વતના અકીદહ વિશે આ શબ્દો લખ્યા છે.

وَلَيْسَ فِيْهِ تَاوِيْلٌ وَلَا تَخْصِيْصٌ وَمَنْ اَوَّلَهُ بِتَخْصِيْصٍ فَكَلَامُهُ مِنَ الْهَذَيَانِ لَا يَمْنَعُ الْحُكْمَ بِتَكْفِيْرِهٖ لِاَنَّهُ مُكَذِّبٌ لِهٰذَا النَّصِّ الَّذِىْ اَجْمَعَتِ الْاُمَّةُ عَلٰى اَنَّهُ غَيْرُ مُاَوَّلٍ وَلَا مَخْصُوْصٍ،

"આ આયતમાં કોઈ તા'વીલ અથવા બાંધછોડની સંભાવના નથી અને જે વ્યક્તિ તા'વીલ કરીને તેમાં કોઈ રસ્તો કાઢે તેનું નિવેદન ગાંડપણના બકવાસ પ્રકારનું છે અને આ તા'વીલ તેને કાફિર કહેવાથી નથી રોકી શકતી કારણ કે તે આ આયતને જૂઠાડી રહ્યો છે જેના વિશે ઉમ્મતનો ઈજ્માઅ્ છે કે તે સંદીગ્ધ અથવા અસ્પષ્ટ (મર્યાદિત અર્થવાળી) બિલકુલ નથી."

અને કાઝી અયાઝ (રહ.)એ પોતાની કિતાબ "શિફા"માં નબીએ કરીમ ﷺ પછી નુબુવ્વતનો દા'વો કરનારને કાફિર અને જૂઠો તથા રસૂલે કરીમ ﷺને જૂઠાડનાર અને પ્રસ્તુત આયતનો ઈન્કારી કહીને આ લખ્યું છે,

وَاَجْمَعَتِ الْاُمَّةُ عَلٰى حَمْلِ هٰذَا الْكَلَامِ عَلٰى ظَاهِرِهٖ وَاَنَّ مَفْهُوْمَهُ الْمُرَادُبِهٖ دُوْنَ تَاْوِيْلٍ وَلَا تَخْصِيْصٍ فَلَا شَكَّ فِىْ كُفْرِ هٰٓؤُلَاءِ الطَّوَائِفِ كُلِّهَا قَطْعًا اِجْمَاعًا وَّسَمْعًا،

"ઉમ્મતે ઈજ્માઅ્ કર્યો છે કે આ કલામને એટલું સ્પષ્ટ અને ખુલ્લું કરવામાં આવે અને તેના ઉપર કે આ આયતનો પ્રાસંગિક ભાવાર્થ જ અર્થ તરીકે છે, ન જ તેમાં કોઈ તા'વીલ અથવા મર્યાદિત અર્થ છે એટલા માટે તે બધા જ ફિરકાઓના કુફ્રમાં કોઈ શંકા નથી (કે જેઓ કોઈ નુબુવ્વતના જૂઠા દા'વેદારની પેરવી કરે) બલકે, તેમનું કુફ્ર કતઈ રીતે ઈજ્માએ ઉમ્મત અને નકલ એટલે કે કિતાબ અને સુન્નતથી સાબિત છે."

રિસાલએ ખત્મે નુબુવ્વતના ત્રીજા ભાગમાં દીનના ઈમામો અને દરેક વર્ગના મહાન ઉલમાના ઘણા બધા નિવેદનો એકઠા કરવામાં આવ્યા છે અને જે અત્રે જે વર્ણન કરવામાં આવ્યું છે તે એક મુસલમાન માટે પૂરતું છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૪૧ થી ૪૮)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوا اللّٰهَ ذِكْرًا كَثِيْرًا ﴿٤١﴾ وَّسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا ﴿٤٢﴾ هُوَ الَّذِىْ
يُصَلِّىْ عَلَيْكُمْ وَمَلٰٓئِكَتُهٗ لِيُخْرِجَكُمْ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۭ وَكَانَ بِالْمُؤْمِنِيْنَ

رَحِيمًا ﴿٤٣﴾ تَحِيَّتُهُمْ يَوْمَ يَلْقَوْنَهُ سَلَامٌ ۚ وَأَعَدَّ لَهُمْ أَجْرًا كَرِيمًا ﴿٤٤﴾ يَا أَيُّهَا النَّبِيُّ إِنَّا
أَرْسَلْنَاكَ شَاهِدًا وَمُبَشِّرًا وَنَذِيرًا ﴿٤٥﴾ وَدَاعِيًا إِلَى اللَّهِ بِإِذْنِهِ وَسِرَاجًا مُنِيرًا ﴿٤٦﴾
وَبَشِّرِ الْمُؤْمِنِينَ بِأَنَّ لَهُمْ مِنَ اللَّهِ فَضْلًا كَبِيرًا ﴿٤٧﴾ وَلَا تُطِعِ الْكَافِرِينَ وَالْمُنَافِقِينَ
وَدَعْ أَذَاهُمْ وَتَوَكَّلْ عَلَى اللَّهِ ۚ وَكَفَىٰ بِاللَّهِ وَكِيلًا ﴿٤٨﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહને યાદ કરો, ઘણી યાદ. (૪૧) અને પવિત્રતા વર્ણન કરતા રહો સવાર અને સાંજ. (૪૨) તે જ છે જે તમારા ઉપર રહમત (કૃપા) અને તેના ફરિશ્તા મોકલે છે જેથી તમને અંધારાઓમાંથી અજવાળાઓમાં કાઢે અને ઈમાનવાળાઓ ઉપર મહેરબાન છે. (૪૩) તેમની દુઆ (આવકાર) જે દિવસે તેઓ તેને (અલ્લાહને) મળશે "સલામ" છે અને તેમના માટે સન્માનનીય બદલો તૈયાર રાખ્યો છે. (૪૪) હે નબી (صلى الله عليه وسلم) ! અમે તમને ગવાહી આપનાર અને ખુશખબરી સંભળાવનાર અને ડરાવનાર બનાવી મોકલ્યા છે (૪૫) અને અલ્લાહ તરફ તેના હુકમથી બોલાવનાર અને ઝળહળિત (પ્રકાશિત) ચિરાગ ! (૪૬) અને ખુશખબરી સંભળાવી આપો ઈમાનવાળાઓને કે તેમના માટે અલ્લાહ તરફથી મોટી શ્રેષ્ઠતા છે. (૪૭) અને ઈન્કારીઓનું કહેવું ન માનો અને દગાબાજો (મુનાફિકો)નું અને તેમની સતામણી(ની યાદ)ને પડતી મૂકો અને (માત્ર) અલ્લાહ ઉપર જ ભરોસો કરો અને અલ્લાહ પૂરતો કાર્યસાધક છે. (૪૮)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમે (અલ્લાહના અહેસાનોને ખાસ કરીને આવા સંપૂર્ણ રસૂલના આગમનના અહેસાનને યાદ કરીને તેનો શુક્ર અદા કરો કે) અલ્લાહને ખૂબ વધારે પ્રમાણમાં યાદ કરો (તેમાં બધી જ આજ્ઞાઓનું પાલન આવી ગયું) અને (આ યાદ અને આજ્ઞાના પાલન ઉપર કાયમ ટકી રહો, બસ) સવાર અને સાંજ (એટલે કે કાયમી ધોરણે) તેના વખાણ (અને પવિત્રતા વર્ણન) કરતા રહો (એટલે કે દિલથી પણ અને શરીરથી પણ અને જીભથી પણ, બસ

મતલબ કે પ્રથમ વાક્યથી જાહેર સામાન્ય અમલો અને આજ્ઞાઓનો અને બીજા વાક્યમાં સામાન્ય રીતે મૌખિક અને સમય પણ જાણ થઈ એટલે કે ન તો એવું કરવામાં આવે કે કોઈ હુકમ માને અને કોઈ ન માને અને ન જ એવું કરો કે કોઈ દિવસે કોઈ કામ કરી લીધું, કોઈ દિવસે ન કર્યું અને જેવા તેણે તમારા ઉપર ઘણા બધા અહેસાનો કર્યા છે અને ભવિષ્યમાં પણ કરતો રહેવાનો છે, બસ તે ઝિક્ર અને શુક્રનો અવશ્ય હકદાર છે) તે એવો (દયાળુ) છે કે તે (પોતે પણ) અને (તેના હુકમથી) તેના ફરિશ્તાઓ (પણ) તમારા ઉપર રહમત મોકલતા રહે છે (અને આ રહમત મોકલવું તો કૃપા કરવી છે અને ફરિશ્તાઓની કૃપા એ રહમતની દુઆ કરવી છે, જેમકે كَمَا قَالَ الَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ (اِلٰى قَوْلِهٖ) وَقِهِمُ السَّيِّاٰتِ અને આ રહમત મોકલવી એટલા માટે છે કે) જેથી અલ્લાહ તઆલા (આ રહમતની બરકતથી) તમને (અજ્ઞાનતા અને ગુમરાહીના) અંધકારમાંથી (જ્ઞાન અને હિદાયતના) પ્રકાશ તરફ લઈ આવે (એટલે કે અલ્લાહની રહમત અને ફરિશ્તાઓની દુઆની બરકત છે કે તમને જ્ઞાન અને હિદાયતની તવફીક તથા તેના ઉપર કાયમીપણું પ્રાપ્ત થયેલ છે કે દરેક સમયે તેનું નવીનીકરણ થતું રહે છે) અને (આથી સાબિત થયું કે) અલ્લાહ તઆલા મો'મિનો ઉપર ઘણો મહેરબાન છે (અને આ રહમત તો મો'મિનોની હાલત ઉપર દુનિયામાં છે અને આખિરતમાં પણ તે રહમતનું કારણ બનશે એટલા માટે) તેઓ જે દિવસે અલ્લાહથી મળશે તો તેમને જે સલામ હશે તે એ હશે કે (અલ્લાહ તઆલા પોતે તેમને ઈરશાદ ફરમાવશે) "અસ્સલામુ અલયકુમ" (કે પ્રથમ પણ પોતે સલામ જ સન્માન અને પ્રતિષ્ઠાની નિશાની છે, પછી જ્યારે કે તે પોતે અલ્લાહ તઆલા તરફથી સલામ હોય, كَمَا قَالَ سَلَامٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ અને હદીષમાં છે કે અલ્લાહ તઆલા પોતે જન્નતવાળાઓથી ફરમાવશે, "અસ્સલામુ અલયકુમ" –રવાહુ ઈબ્ને માજહ વગેરે અને આ સલામ તો રૂહાની–આધ્યાત્મિક ઈનામ છે જેનો હેતુ સન્માન છે) અને (આગળ શારીરિક ઈનામની ખબર તો જાહેર છે કે) અલ્લાહ તઆલાએ તે (મો'મિનો માટે) ઉત્તમ બદલો (જન્નતમાં) તૈયાર કરી રાખ્યો છે (કે તેમના જવાની જ વાર છે, આ ગયા અને તે મળ્યું. આગળ રસૂલે કરીમ ﷺને સંબોધન છે કે) હે નબી (ﷺ) ! (તમે વાંધા ઉઠાવનાર અને પીડા પહોંચાડનારાઓના મ્હેણાં ટોણાઓથી દિલગીર ન થાઓ અને આ મંદબુદ્ધિના

લોકો જો તમને ન ઓળખે તો શું થયું ? અમે તો તેમને મોટી મોટી નેઅ્મતો અને રહમતોના કે જે મો'મિનોના સંબોધનમાં ઉપસ્થિત છે તમારા માટે જ બનાવ્યું છે અને આપ ﷺના વિરોધીઓની સજા માટે પોતે તમારું વર્ણન પૂરતું ઠરાવી દેવામાં આવ્યું છે કે તેમના મુકાબલામાં તમારી પાસેથી સાબિતી લેવામાં આવશે નહીં, બસ તેનાથી દેખીતું છે કે તમે અમારા નજીક પ્રિય અને સ્વીકૃત છો એટલા માટે) અને બેશક ! આપ (ﷺ)ને એવી શા'નના રસૂલ બનાવીને મોકલ્યા છે કે તમે (કયામતના દિવસે ઉમ્મતના આધારે પોતે સરકારી) ગવાહ હશો (કે આપ ﷺના વર્ણન પ્રમાણે તેમનો ફેંસલો થશે, كَمَا قَالَ اِنَّا اَرْسَلْنَآ اِلَيْكُمْ رَسُوْلًا شَاهِدًا عَلَيْكُمْ અને દેખીતું છે કે પોતે એક પક્ષકારને બીજા પક્ષકારની બાબતમાં ગવાહ ઠરાવવામાં આવે તો તે ઉચ્ચ કક્ષાની ઈજ્જત અને સન્માન છે કે જેની કયામતના દિવસે જાહેરાત થશે) અને (દુનિયામાં જે આપ ﷺના વિશેષ લક્ષણો અને સિફતો દેખીતા છે તે એ છે કે) તમે (મો'મિનોને) ખુશખબરી આપનારા છો અને (કાફિરોને) ડરાવનારા છો અને (સામાન્ય રીતે સૌને) અલ્લાહ તરફ તેના હુકમથી બોલાવનારા છો (અને આ મોટા ભાગે તે દા'વત અને તબ્લીગની પદ્ધતિ છે) અને (આવું પોતે પોતાની જાત અને સિફતો અને વિશેષતાઓ અને ઈબાદતો અને આદતો વગેરે પરિસ્થિતિઓના આધારે) તમે (માથાથી પગ સુધી હિદાયતના નમૂના હોવામાં) એક રોશન ચિરાગ છો (કે તમારી દરેક પરિસ્થિતિઓ નૂર–પ્રકાશની દ્યોતક છે અને પગથી માથા સુધી હિદાયત છે, બસ કયામતમાં તે મો'મિનો ઉપર જે કંઈ રહમત થશે તે તમારી આ સિફતો એટલે કે ખુશખબરી આપનાર અને ડરાવનાર તથા દાઈ–પ્રચારક અને સિરાજમ મુનીર–પ્રકાશિત ચિરાગના કારણે છે. બસ, તમે ગમ અને પરેશાનીને દૂર કરો) અને (પોતાના હોદ્દાના કામમાં લાગેલા રહો એટલે કે) મો'મિનોને ખુશખબરી આપો અને તેમના ઉપર અલ્લાહ તઆલા તરફથી મોટી કૃપા થવાની છે અને (એ જ પ્રમાણે કાફિરો અને મુનાફિકોને ડરાવતા રહો જેને એક ખાસ વિષયથી ઓળખાવવામાં આવ્યું છે તે એ કે) કાફિરો અને મુનાફિકોનું કહ્યું ન કરો (રસૂલુલ્લાહ ﷺથી આ બાબતની સંભાવના જ ન હતી કે આપ ﷺ કાફિરો અને મુનાફિકોના કહ્યામાં આવીને દા'વત અને તબ્લીગનું કાર્ય છોડી દે પરંતુ લોકોના મ્હેણાં ટોણાથી બચવા માટે શક્ય હતું કે આપ ﷺ જે હઝરત ઝયનબ

રદિ.ના નિકાહ દ્વારા અમલી તબ્લીગના હેતુ હતો તેમાં કોઈ સુસ્તી કરે તેને કાફિરોનું કહ્યું માનવાથી ઓળખાવવામાં આવ્યું) અને તેઓ (કાફિરો અને મુનાફિકો) તરફથી જે (કોઈ) કષ્ટ પહોંચે (જેમકે આ નિકાહમાં કે પ્રવૃત્તિ દ્વારા કરવામાં આવેલ તબ્લીગ છે તેમાં મૌખિક નિવેદનોથી કષ્ટ પહોંચતું હોય) તેનો ખયાલ ન કરો અને (કોઈ કામ દ્વારા તેમની પીડાનો ભય ન સેવો અને જો એ વસવસો આવે તો) અલ્લાહ ઉપર ભરોસો કરો અને અલ્લાહ પૂરતો કાર્યસાધક છે (તે આપ ﷺને અવશ્ય બચાવશે અને જો તબ્લીગમાં કોઈ જાહેર નુકસાન પહોંચે છે તો પણ તે ગુપ્ત રીતે નફો જ હોય છે).

મસ્અલા અને બોધપાઠ :

અગાઉ આવી ચૂકેલી આયતોમાં રસૂલે કરીમ ﷺના સન્માન અને ઈજ્જત તથા આપ ﷺને પીડા પહોંચવાથી બચવા માટે માર્ગદર્શનના સંદર્ભમાં હઝરત ઝયનબ (રદિ.)ના કિસ્સા અને તેના અનુસંધાને રસૂલે કરીમ ﷺનું ખાતિમુન્નબિય્યિન હોવાનું વર્ણન થયું છે, આગળ પણ રસૂલે કરીમ ﷺની વિશિષ્ટ સિફતોનું વર્ણન આવનાર છે અને રસૂલે કરીમ ﷺની વ્યક્તિગત જાત અને સિફતો (લક્ષણો) બધું મુસલમાનો માટે દુનિયામાં સૌથી મોટી નેઅ્મત છે અને આ શુક્ર અદા કરવા માટે પ્રસ્તુત આયતમાં અલ્લાહનો ઝિક્ર (અલ્લાહની યાદ) ખૂબ વધારે પ્રમાણમાં કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

અલ્લાહનો ઝિક્ર એવી ઇબાદત છે જે દરેક પરિસ્થિતિમાં ફરજ અને તેને વધારે પ્રમાણમાં કરવાનો હુકમ છે :

يَآَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوا اللّٰهَ ذِكْرًا كَثِيْرًا હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે અલ્લાહે પોતાના બંદાઓ ઉપર ઝિક્રુલ્લાહ સિવાય કોઈ એવો ફરજ લાગુ નથી પાડ્યો જેમાં કોઈ ખાસ હદ નક્કી ન હોય. પાંચ વખતની નમાઝ અને દરેક નમાઝ.... ની રકાતો નિશ્ચિત છે, રમઝાનના રોઝા નિશ્ચિત છે, હજ્જ પણ ખાસ સ્થળે અને ખાસ અરકાનો સહિત નક્કી છે, એ જ પ્રમાણે ઝકાત પણ વર્ષમાં એક જ વખતે ફરજ થાય છે પરંતુ અલ્લાહનો ઝિક્ર એવી ઇબાદત છે કે ન તો તેની કોઈ હદ અને સંખ્યા નક્કી છે અને ન જ કોઈ ખાસ સમય અને ન જ કોઈ ચોક્કસ યુગ નક્કી છે, ન તો તેના માટે કોઈ ખાસ પ્રકારની શારીરિક પરિસ્થિતિ

અથવા બેઠક લગાવવી નિશ્ચિત છે અને ન જ તેના માટે બિલકુલ પાક અને વૂઝુ સાથે હોવાની શરત છે. દરેક સમયે દરેક પરિસ્થિતિમાં અલ્લાહ તઆલાનો ઝિક્ર વધારે પ્રમાણમાં કરવાનો હુકમ છે, સફર હોય કે સ્થાયી, તંદુરસ્તી હોય કે બીમારી, ભૂમિ ઉપર હોય કે દરિયામાં, રાત હોય કે દિવસ, દરેક હાલતમાં અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવાનો હુકમ છે.

એટલા માટે તેને છોડવામાં મનુષ્યનું કોઈ બહાનું સ્વીકાર્ય નથી એ સિવાય કે તેની બુદ્ધિ, સમજશક્તિ અને સભાનાવસ્થા જ ઠેકાણે ન રહી હોય, તદુપરાંત બીજી ઈબાદતોમાં બીમારી અને મજબૂરીની પરિસ્થિતિઓમાં માનવીને લાચાર ઠરાવીને ઈબાદતોમાં ટૂંકાણ અને કમી અથવા મા'ફીની છૂટછાટ પણ છે પરંતુ અલ્લાહના ઝિક્ર માટે અલ્લાહ તઆલાએ કોઈ શરત નથી રાખી એટલા માટે તેને છોડવામાં કોઈ પરિસ્થિતિ, કોઈ બહાનું સ્વીકાર્ય પણ નથી અને તેની ફઝીલતો અને બરકતો પણ બેશુમાર છે.

ઈમામ અહમદ (રહ.)એ હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ સહાબા (રદિ.)ને સંબોધન કરીને ફરમાવ્યું કે શું હું તમને તે વસ્તુ ન બતાવી આપું જે તમારા બધા અમલોમાં ઉત્તમ અને તમારા માલિક નજીક સૌથી વધારે સ્વીકૃત છે ? અને તમારા દરજ્જાઓ ઊંચા કરનાર છે અને તમારા માટે સોના ચાંદીના સિક્કાની ખયરાતથી વધારે બહેતર છે અને એનાથી પણ બહેતર છે કે તમે અલ્લાહના માર્ગમાં જિહાદ માટે નીકળો અને તમારો તમારા દુશ્મનથી મુકાબલો થાય, તમે તેમની ગરદનો મારો અને તે તમારી. સહાબા (રદિ.)એ અરજ કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! એ કઈ વસ્તુ છે ? અને કયો અમલ છે ? રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, ذِكْرُ اللّٰهِ عَزَّوَجَلَّ એટલે કે અલ્લાહ તઆલાની યાદ (ઝિક્ર). *(ઈબ્ને કસીર)*

વળી, ઈમામ અહમદ (રદિ.) અને તિરમિઝીએ રિવાયત કરી છે કે હઝરત અબૂ હુરયરહ (રદિ.)એ ફરમાવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ પાસેથી એક દુઆ સાંભળી છે જેને હું ક્યારેય નથી છોડતો, તે આ છે,

اَللّٰهُمَّ اجْعَلْنِىْ اُعَظِّمُ شُكْرَكَ وَاَتَّبِعُ نَصِيْحَتَكَ وَاُكْثِرُ ذِكْرَكَ وَاَحْفَظُ وَصِيَّتَكَ (ابن كثير)

"યા અલ્લાહ ! મને એવો બનાવી આપ કે હું તારો ખૂબ આભાર માનું અને તારા બોધપાઠના તા'બે રહું અને તારો ઝિક્ર મોટા પ્રમાણમાં કર્યા કરું અને તારી વસિય્યતને સુરક્ષિત રાખું." *(ઈબ્ને કષીર)*

એમાં રસૂલે કરીમ ﷺએ અલ્લાહ તઆલાથી એ બાબતની દુઆ કરી છે કે અલ્લાહના ઝિક્રને મોટા પ્રમાણમાં કરવાની તવફીક અર્પણ થાય.

એક અરબી ગામડિયાએ રસૂલુલ્લાહ ﷺને વિનંતી કરી કે ઈસ્લામના અમલો, ફરજો અને વાજિબો તો ઘણા બધા છે (પરંતુ) તમે મને કોઈ એવી ટૂંકી અને સચોટ વાત બતાવી આપો કે હું તેને મજબૂતીથી અપનાવી લઉં. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

لَا يَزَالُ لِسَانُكَ رَطْبًا بِذِكْرِ اللّٰهِ تَعَالٰى، (مُسْنَدِ اَحْمَدْ، اِبْنِ كَثِيْر)

"તારી જીભ હંમેશા અલ્લાહના ઝિક્રથી તરોતાઝહ (રત) રહેવી જોઈએ."
(મુસ્નદે અહમદ, ઈબ્ને કષીર)

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

اُذْكُرُوا اللّٰهَ تَعَالٰى حَتّٰى يَقُوْلُوْا مَجْنُوْنٌ (اِبْنِ كَثِيْر اَزْمُسْنَدِ اَحْمَدْ)

"તમે અલ્લાહનો ઝિક્ર એટલો કરો કે જોનાર તમને દીવાનો કહેવા લાગે."
(ઈબ્ને કષીર, મુસ્નદે અહમદ)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે જે લોકો કોઈ મજલિસમાં બેસે જેમાં અલ્લાહનો ઝિક્ર ન આવે તો કયામતના દિવસે આ મજલિસ તેમના માટે હસરત (અફસોસ) સાબિત થશે.
(રવાહુ અહમદ, ઈબ્ને કષીર)

وَسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا એટલે કે, "અલ્લાહ તઆલાની પવિત્રતા વર્ણન કરો સવાર અને સાંજ." સવાર અને સાંજથી ભાવાર્થ તે બધા જ સમયો છે અથવા પછી સવાર અને સાંજ એટલા માટે નક્કી કરવામાં આવ્યું છે કે આ સમયોમાં અલ્લાહના ઝિક્રની તાકીદ પણ વધારે છે અને બરકત પણ, નહિતર અલ્લાહનો ઝિક્ર કોઈ ખાસ સમય સાથે નિશ્ચિત અને મર્યાદિત નથી.

هُوَ الَّذِىْ يُصَلِّىْ عَلَيْكُمْ وَمَلٰٓئِكَتُهٗ એટલે કે, જ્યારે તમે અલ્લાહના ઝિક્રને મોટા પ્રમાણમાં કરવાની ટેવવાળા થઈ ગયા અને સવાર અને સાંજની તસ્બીહ ઉપર નભવા લાગ્યા તો તેની પ્રતિષ્ઠા અને સન્માન અલ્લાહ સમીપ એ હશે કે અલ્લાહ તઆલા તમારા ઉપર રહમત નાઝિલ કરશે અને તેના ફરિશ્તા તમારા માટે દુઆ કરશે.

પ્રસ્તુત આયતમાં શબ્દ صَلٰوةٌ (સલાહ) અલ્લાહ તઆલા માટે પણ ઉપયોગ કરવામાં આવ્યો છે અને ફરિશ્તાઓ માટે પણ પરંતુ "સલાત" અલગ અલગ ઠેકાણે અલગ અલગ રીતે લાગુ પડે છે, અલ્લાહની સલાત તો એ છે કે તે રહમત નાઝિલ કરે અને ફરિશ્તા પોતે તો કોઈ કામ કરવા માટે શક્તિ ધરાવતા નથી એટલા માટે તેમની સલાત એ છે કે તેઓ અલ્લાહ તઆલા પાસે રહમત નાઝિલ કરવાની દુઆ માંગે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે સલાત અલ્લાહ તરફથી રહમત છે અને ફરિશ્તાઓ તરફથી મા'ફીની યાચના, એટલે કે મગફિરતની દુઆ અને પરસ્પર એકબીજા તરફથી દુઆ. શબ્દ "સલાત" આ ત્રણ અર્થોને સામેલ કરે છે જે મોટે ભાગે સરખા અને જાઈઝ ઠરાવે છે. તેમની નજીક આ શબ્દના અર્થમાં عُمُوْم مُشْتَرَك (ઉમૂમે મુશ્તરક) અને ત્રણેનો ભાવાર્થ એ છે જે સામાન્ય રીતે અરબીના કાયદાની રૂએ "ઉમૂમે મુશ્તરક" જાઈઝ સમજતા નથી, તે عُمُوْم مَجَاز (ઉમૂમે મજાઝ) સ્વરૂપે છે. આ બધા અર્થો ઉપર શબ્દ "સલાત" લાગુ પડેલો ઠરાવવામાં આવશે.

تَحِيَّتُهُمْ يَوْمَ يَلْقَوْنَهٗ سَلٰمٌ આ તે જ સલાતનો ખુલાસો અને વિવરણ છે જે અલ્લાહ તરફથી મો'મિન બંદાઓ ઉપર થઈ છે, એટલે કે જે દિવસે આ લોકો અલ્લાહ તઆલાને મળશે તો તેના તરફથી તેમની પ્રતિષ્ઠા સ્વરૂપે સંબોધન "સલામ"થી કરવામાં આવશે એટલે કે અસ્સલામુ અલયકુમ કહેવામાં આવશે. અલ્લાહ તઆલાને મળવાનો દિવસ કયો હશે ? ઈમામ રાગિબ વગેરે ફરમાવ્યું કે તેનાથી ભવાર્થ કયામતનો દિવસ છે અને અમુક તફસીરના ઈમામોએ ફરમાવ્યું કે જન્નતમાં પ્રવેશનો સમય ભાવાર્થ તરીકે છે, ત્યાં તેમને અલ્લાહ તરફથી સલામ પહોંચશે અને બધા ફરિશ્તાઓ પણ સલામ કરશે અને અમુક તફસીરકારોએ

અલ્લાહ તઆલાને મળવાનો દિવસ મોતનો દિવસ ઠરાવ્યો છે કે તે દિવસ સમગ્ર દુનિયાથી છૂટીને માત્ર એક અલ્લાહ સામે હાજરીનો દિવસ છે જેમકે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે મલિકુલ મોત જ્યારે કોઈ મો'મિનની રૂહ કબ્જે કરવા આવે છે તો પ્રથમ તેને એ સંદેશ પહોંચાડવામાં આવે છે કે તારા પરવરદિગારે તને સલામ કર્યા છે.

શબ્દ لِقَاءُ (લિકાઅ્) આ ત્રણે પરિસ્થિતિઓ ઉપર ફિટ બેસે છે એટલા માટે આ નિવેદનોમાં કોઈ વિરોધાભાસ નથી હોઈ શકતો કે અલ્લાહ તઆલા તરફથી આ સલામ ત્રણે પરિસ્થિતિઓમાં હોય છે. *(રૂહુલ મઆની)*

મસ્અલો :

આ આયતથી સાબિત થયું કે મુસલમાનોના પરસ્પર એકબીજાના આવકારવાનો શબ્દ "અસ્સલામુ અલયકુમ" હોવો જોઈએ, ભલે મોટા તરફથી નાના માટે હોય અથવા નાના તરફથી મોટા માટે હોય.

રસૂલે કરીમ ﷺની ખાસ સિફતો (લક્ષણો) :

يَآيُّهَاالنَّبِىُّ اِنَّآ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ○ وَدَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَسِرَاجًا مُّنِيْرًا

આ આયત રસૂલે કરીમ ﷺની ખાસ અને વિશિષ્ટ સિફતો તરફ અંગૂલી નિર્દેશ કરે છે, તેમાં રસૂલે કરીમ ﷺના પાંચ લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે. શાહિદ (ગવાહ), મુબશ્શિર (ખુશખબરી આપનાર), નઝીર (ડરાવનાર), દાઈ (અલ્લાહ તરફ આમંત્રણ આપનાર) અને સિરાજમ્મુનીર (પ્રકાશિત ચિરાગ). "શાહિદ"નો ભાવાર્થ એ છે કે રસૂલે કરીમ ﷺના કયામતના દિવસે ઉમ્મત માટે ગવાહી આપશે જેમકે સહીહ બુખારી, નસાઈ, તિરમિઝી વગેરેમાં હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી એક લાંબી હદીષ રિવાયત થઈ છે, તેના અમુક શબ્દો એ છે કે કયામતના દિવસે નૂહ (અલૈ.) રજુ થશે તો તેમને પ્રશ્ન કરવામાં આવશે કે શું તમે અમારો સંદેશ પોતાની ઉમ્મતને પહોંચાડી આપ્યો હતો ? તેઓ વિનંતી કરશે કે મેં પહોંચાડી આપ્યો, પછી તેમની ઉમ્મત રજુ થશે અને તે તેનાથી ઇન્કાર કરશે અને કહેશે કે તેમણે અલ્લાહનો કોઈ સંદેશ પહોંચાડયો ન હતો. તે સમયે હઝરત નૂહ (અલૈ.)ને પૂછવામાં આવશે કે તમે જે સત્યનો સંદેશ પહોંચાડવાનો દા'વો

કરો છો તેના ઉપર આપનો કોઈ જવાબ પણ છે ? અને તેઓ વિનંતી કરશે કે મુહમ્મદ ﷺ અને તેમની ઉમ્મત ગવાહ છે અને અમુક રિવાયતોમાં છે કે તેઓ ગવાહીમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને રજુ કરશે, આ ઉમ્મત તેમના સાચા હોવાની ગવાહી આપશે ત્યારે નૂહ (અલૈ.)ની ઉમ્મત તેમને એ પ્રશ્ન કરશે કે તમે આ બાબતે અમારા મા'મલામાં કેવી રીતે ગવાહી આપી શકો છો તમે તો તે સમયે પેદા પણ થયા ન હતા ? અમારા સમય પછી ખૂબ લાંબી મુદ્દત પછી પેદા થયા છે. આ પ્રશ્નનો જવાબ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને પૂછવામાં આવશે, તેઓ એ જવાબ આપશે કે બેશક ! અમે તે સમયે મોજૂદ ન હતા પરંતુ અમે આ ખબર અમારા રસૂલ ﷺથી સાંભળી હતી જેના ઉપર અમારું ઈમાન અને શ્રદ્ધા છે. તે સમયે રસૂલે કરીમ ﷺ પાસેથી તેમની ઉમ્મતના આ નિવેદનની ખરાઈ માટે ગવાહી લેવામાં આવશે.

ખુલાસો એ છે કે રસૂલે કરીમ ﷺ પોતાની ગવાહી દ્વારા પોતાની ઉમ્મતનું સમર્થન અને તેમના સાચા હોવાની ગવાહી આપશે કે બેશક મેં તેમને આ ખબર આપી હતી.

ઉમ્મત ઉપર ગવાહ હોવાનો એક ભાવાર્થ સામાન્ય રીતે એ પણ હોઈ શકે છે કે રસૂલે કરીમ ﷺ પોતાની ઉમ્મતના બધા વ્યક્તિઓના સારા, ખરાબ અમલોની ગવાહી આપશે અને આ ગવાહી એ બીના ઉપર હશે કે ઉમ્મતના અમલો રસૂલે કરીમ ﷺ સામે દરરોજ સવાર અને સાંજ અને અમુક રિવાયતોમાં અઠવાડિયામાં એક વખતે રજુ થાય છે અને આપ ﷺ ઉમ્મતના એક એક વ્યક્તિને તેના અમલો દ્વારા ઓળખે છે એટલા માટે કયામતના દિવસે આપ ﷺને ઉમ્મતના ગવાહ બનાવવામાં આવશે.

(રવાહુ ઈબ્નુલ મુબારક અન સઈદ ઈબ્ને મુસયબ, મઝહરી)

"મુબશીર"નો અર્થ "ખુશખબરી આપનાર" થાય છે, ભાવાર્થ એ છે કે રસૂલે કરીમ ﷺ પોતાની ઉમ્મતના નેક અને શરીઅતના પાબંદ લોકોને જન્નતની ખુશખબરી સંભળાવનારા છે અને "નઝીર"નો અર્થ "ડરાવનાર" થાય છે, તેનો ભાવાર્થ એ છે કે રસૂલે કરીમ ﷺ ઉમ્મતના લોકોને વિરોધ વંટોળ કરવાના સ્વરૂપમાં અને નાફરમાનીના કારણે અઝાબથી ડરાવનારા પણ છે.

"દાઈ ઈલલ્લાહ"નો ભાવાર્થ એ છે કે રસૂલે કરીમ ﷺ ઉમ્મતને અલ્લાહ તઆલાના અસ્તિત્વ, તવહીદ તથા આજ્ઞાપાલન તરફ આમંત્રણ આપનારા છે. دَاعِيًا اِلَى اللّٰهِ (દાઈયન ઈલલ્લાહિ) ને بِاِذْنِهٖ (બિઈઝનિહી)ની સાથે શરતી ઠરાવવામાં આવ્યું કે રસૂલે કરીમ ﷺને લોકો માટે અલ્લાહ તરફ દા'વત આપનાર અને બોલાવનાર છે અલ્લાહના હુકમ અને પરવાનગીથી; આ શરતનો વધારો એ ઈશારા માટે છે કે તબ્લીગ અને દા'વતની સેવા અતિમુશ્કેલ છે તે અલ્લાહ તઆલાના હુકમ અને મદદ વિના મનુષ્યના કાબૂમાં નથી આવી શકતી.

"સિરાજ"નો અર્થ "ચિરાગ" (દીવો) અને "મુનીર"નો અર્થ "પ્રકાશિત કરનાર" થાય છે. રસૂલે કરીમ ﷺની પાંચમી સિફત એ વર્ણન કરવામાં આવી કે રસૂલે કરીમ ﷺ પ્રકાશિત કરનાર ચિરાગ છે અને અમુક લોકોએ "સિરાજમ્મુનીર"નો ભાવાર્થ "કુર્આન" લીધો છે પરંતુ વાતચીતની લઢણ અને શૈલીથી એ જ વધારે નિકટ લાગે છે કે આ પણ રસૂલે કરીમ ﷺની સિફત છે.

બયહકી અને હઝરત કાઝી ષનાઉલ્લાહ (રહ.)એ તફસીરે મઝહરીમાં ફરમાવ્યું કે રસૂલે કરીમ ﷺની સિફત "દાઈ ઈલલ્લાહ" (અલ્લાહ પ્રતિ આમંત્રણ આપનાર) તો જાહેર અને મૌખિક સ્વરૂપે છે અને "સિરાજમ્મુનીર" રસૂલે કરીમ ﷺનું લક્ષણ આપના હૃદય મુબારકના આધારે છે કે જે રીતે સમગ્ર દુનિયા સૂર્યથી પ્રકાશ પ્રાપ્ત કરે છે એ જ પ્રમાણે બધા જ મો'મિનોના દિલો રસૂલે કરીમ ﷺના દિલના નૂરથી પ્રકાશિત થાય છે એટલા માટે સહાબએ કિરામ (રદિ.) જેમણે આ દુનિયામાં રસૂલે કરીમ ﷺનો સંગાથ પામ્યો તેઓ સમગ્ર ઉમ્મતથી શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાના ઠરાવવામાં આવ્યા કારણ કે તેમના દિલોએ રસૂલે કરીમ ﷺના દિલથી પ્રત્યક્ષ ફૈઝ અને પ્રકાશ પ્રાપ્ત કર્યો, બાકી ઉમ્મતને આ પ્રકાશ સહાબએ કિરામ (રદિ.)ના માધ્યમથી વંશ દર વંશ પ્રાપ્ત થતો રહ્યો..... અને એવું પણ કહી શકાય છે કે તમામ અંબિયા (અલૈ.) ખાસ કરીને રસૂલે કરીમ ﷺ આ દુનિયાથી રુખ્શત થયા પછી.... પણ પોતાની કબ્રમાં જીવંત છે, તેમની આ હદીષ બરઝખમાં સામાન્ય લોકોની બરઝખી જિંદગીથી વધારે ઉચ્ચ પ્રકારની અને વિશિષ્ટ હોય છે જેની વાસ્તવિકતા માત્ર અલ્લાહ તઆલાને જ ખબર છે.

આ જિંદગીના કારણે કયામત સુધી મો'મિનોના દિલો રસૂલે કરીમ ﷺના દિલ મુબારકથી નૂર (પ્રકાશ)નો લાભ ઉઠાવતા રહેશે અને જેટલી મહોબ્બત અને સન્માન તથા દુરૂદ શરીફની જેટલી વધારે કાળજી રાખશે તે પ્રકાશનો વધારે હિસ્સો પામશે.

રસૂલે કરીમ ﷺના પ્રકાશને ચિરાગ સમકક્ષ બતાવવામાં આવ્યો જ્યારે કે રસૂલે કરીમ ﷺનું અંદરનું નૂર સૂર્યના પ્રકાશથી કેટલુંય ઘણું વધારે છે, સૂર્ય તો માત્ર દુનિયાને જાહેર સ્વરૂપે પ્રકાશિત કરે છે પરંતુ રસૂલે કરીમ ﷺના દિલ મુબારકથી સમગ્ર દુનિયાનું બાતિન અને મો'મિનોના દિલો પ્રકાશિત થાય છે. આ સમાનતાનું કારણ એ જણાય છે કે ચિરાગના પ્રકાશથી લાભ ઉઠાવવો ઈચ્છાવર્તી હોય છે, દરેક સમયે લાભ ઉઠાવી શકાય છે અને તે સરળતાથી પણ મળી શકે છે. તેને પ્રાપ્ત કરવો પણ સરળ છે, તેનાથી વિપરીત સૂર્ય કે ત્યાં સુધી પહોંચવું અશક્ય છે અને તેનો લાભ દરેક સમયે નથી ઉઠાવી શકાતો.

રસૂલે કરીમ ﷺની આ સિફતો જે કુર્આનમાં આવી છે, કુર્આનથી પહેલાં તવરાતમાં પણ ઉપસ્થિત છે જેમકે ઈમામ બુખારી (રહ.)એ નકલ કર્યું છે કે હઝરત અતાઅ્ બિન યસાર (રદિ.) ફરમાવે છે કે મેં એક દિવસે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર બિન આસ (રદિ.)થી મુલાકાત કરી તો તેમને પ્રશ્ન કર્યો કે રસૂલુલ્લાહ ﷺની જે સિફતો તવરાતમાં આવી છે તે મને બતાવો. તેમણે કહ્યું, બેશક હું કહું છું, અલ્લાહની કસમ ! રસૂલુલ્લાહ ﷺની અમુક સિફતો જે કુર્આનમાં ઉપસ્થિત છે તે તવરાતમાં પણ મોજૂદ છે અને પછી ફરમાવ્યું,

إِنَّا أَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا وَّحِرْزًا لِّلْأُمِّيِّيْنَ أَنْتَ عَبْدِيْ وَرَسُوْلِيْ سَمَّيْتُكَ الْمُتَوَكِّلَ لَيْسَ بِفَظٍّ وَّلَا غَلِيْظٍ وَّلَا سَخَّابٍ فِي الْأَسْوَاقِ وَلَا يَدْفَعُ السَّيِّئَةَ بِالسَّيِّئَةِ وَلٰكِنْ يَعْفُوْ وَيَغْفِرُ لَنْ يَّقْبِضَهُ اللّٰهُ تَعَالٰى حَتّٰى يُقِيْمَ بِهِ الْمِلَّةَ الْعَوْجَآءَ بِأَنْ يَّقُوْلُوْا لَآ إِلٰهَ إِلَّا اللّٰهُ وَيَفْتَحُ بِهِ أَعْيُنًا عُمْيًا وَّاٰذَانًا صُمًّا وَّقُلُوْبًا غُلْفًا،

"હે નબી ﷺ ! અમે તમને ગવાહ બનાવીને અને ખુશખબરી આપનાર અને ડરાવનાર અને શરણ અને ઉમ્મિય્યિનની હિફાઝત એટલે કે અરબની

(હિફાઝત), તમે મારા બંદા અને રસૂલ છો, મેં તમારું નામ મુતવક્કિલ (એટલે કે અલ્લાહ ઉપર ભરોસો કરનાર) રાખ્યું છે, ન તમે તુન્દ મિજાઝી છો, ન જ કઠોર સ્વભાવના અને ન તો બજારોમાં શોરબકોર કરનાર છે અને તમે બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા બલકે મા'ફ કરી આપો છો, તમને અલ્લાહ તઆલા દુનિયામાંથી તે સમય સુધી પાછા નહીં લાવે જ્યાં સુધી કે તમારા દ્વારા વંકાયેલી ઉમ્મત સીધી ન કરી આપે, તેઓ લા ઈલાહા ઈલ્લલ્લાહ કહેવા લાગે, તમારા દ્વારા અલ્લાહ તઆલા આંધળી આંખો, બહેરા કાનો અને બંધ દિલોને ખોલી નાંખશે."

આયત : (સૂરએ અહઝાબ : આયત નં. ૪૯)

يَآَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا نَكَحْتُمُ الْمُؤْمِنٰتِ ثُمَّ طَلَّقْتُمُوْهُنَّ مِنْ قَبْلِ اَنْ تَمَسُّوْهُنَّ
فَمَا لَكُمْ عَلَيْهِنَّ مِنْ عِدَّةٍ تَعْتَدُّوْنَهَا ۚ فَمَتِّعُوْهُنَّ وَسَرِّحُوْهُنَّ سَرَاحًا جَمِيْلًا ﴿٤٩﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે મુસલમાન સ્ત્રીઓને નિકાહમાં લાવો પછી તેમને હાથ લગાવ્યા પહેલાં જ છોડી દો તો બસ તેમના ઉપર તમને ઈદ્દતમાં બેસાડવાનો અધિકાર નથી કે ગણતરી પૂરી કરાવો, બસ તેમને કંઈક લાભ આપો અને ભલી રીતે રવાના કરો. (૪૯)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! (તમારા નિકાહના હુકમોમાંથી તો એક હુકમ એ છે કે) જ્યારે તમે મુસલમાન સ્ત્રીઓ સાથે નિકાહ કરો (અને) પછી તેમને હાથ લગાવતા પહેલાં (કોઈ કારણે) તલાક આપી દો તો તમારી તેના ઉપર કોઈ ઈદ્દત (વાજિબ) નથી જેને તમે ગણવા લાગો (જેથી તેમને આ ઈદ્દતમાં બીજા નિકાહ કરવાથી અટકાવી શકો, જેમકે બીજી વાજિબ ઈદ્દત હોવાના સ્વરૂપમાં આ રીતે અટકાવવું શરઈ રીતે જાઈઝ હોય છે બલકે વાજિબ છે અને જ્યારે આ સ્વરૂપમાં ઈદ્દત નથી) તો તેમને કંઈ (માલ) મતા આપી દો અને ભલાઈની સાથે તેમને રુખસદ કરો (અને મો'મિન સ્ત્રીઓની જેમ અહલે કિતાબની સ્ત્રીઓનો પણ આ

જ હુકમ છે આયતમાં مُـؤْمِـنَـاتٌ શરત સ્વરૂપે નથી, બલકે એક પ્રોત્સાહિત માર્ગદર્શન છે કે મો'મિનોને પોતાના નિકાહમાં મુસલમાન સ્ત્રીઓની જ વરણી કરવી બહેતર છે.

અને હાથ લગાવવું એક ઈશારો છે સોહબતનું, ભલે વાસ્તવિક અથવા પરોક્ષ કે જ્યારે પરસ્પર યોગ્ય એકાંત થઈ જાય તો આ પણ સોહબતના હુકમમાં છે અને હકીકત હોય કે પરોક્ષ રીતે બંને સ્વરૂપોમાં ઈદ્દત વાજિબ છે. –કઝા ફિલ હિદાયા વગેરે. અને જે મહેર નક્કી થઈ ચૂકી છે તો આ માલ અડધી મહેરની અદાયગી છે અને પ્રચલિત ભલી બાબત એ છે કે તેમને હક વિના રોકી ન રાખો અને જે માલ આપવો વાજિબ છે તે અદા કરી દો અને આપ્યો હોય તો પાછો ન લો અને જીભથી પણ કોઈ કઠોર વાત ન કહો).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં રસૂલે કરીમ ﷺની અમુક વિશિષ્ટ અને તેમની ખાસ શા'નનું વર્ણન હતું, આગળ પણ તેમની આવી જ વિશિષ્ટતાઓનું વર્ણન આવવાનું છે જે નિકાહ અને તલાકની બાબતમાં રસૂલે કરીમ ﷺની સાથે એક પ્રકારે વિશિષ્ટતા ધરાવે છે અને સામાન્ય ઉમ્મત કરતાં રસૂલે કરીમ ﷺને તેમાં એક વિશેષતા પ્રાપ્ત છે, તેનાથી પહેલાં પ્રસ્તાવના સ્વરૂપે એક જાહેર હુકમ તલાક વિશે વર્ણન કરવામાં આવ્યો છે જે બધા મુસલમાનો માટે સર્વસામાન્ય છે.

પ્રસ્તુત આયતોમાં તેના વિશે ત્રણ હુકમો વર્ણન કરવામાં આવ્યા છે.

પહેલો હુકમ :

કોઈ સ્ત્રીથી નિકાહ કરી લીધા પછી "ખિલવતે સહીહા" (યોગ્ય એકાંત) પહેલાં જ કોઈ કારણે તલાકની નોબત આવી જાય તો તલાક પામેલ સ્ત્રી ઉપર કોઈ ઈદ્દત વાજિબ નથી, તે તરત જ બીજા નિકાહ કરી શકે છે. પ્રસ્તુત આયતમાં હાથ લગાવવાનો ભાવાર્થ સમાગમ અથવા સમાગમ માટેની વાસ્તવિક પરિસ્થિતિ અથવા પરોક્ષ પરિસ્થિતિ બંને એક જ હુકમમાં હોવાનું તફસીરના ખુલાસાથી જાણ થઈ ચૂકી છે અને પરોક્ષ સમાગમ એટલે કે યોગ્ય એકાંત થઈ જવું પૂરતું છે.

બીજો હુકમ :

તલાક પામેલ સ્ત્રીને શરાફત અને સદ્વ્યવહાર સાથે અમુક સામાન આપીને રુખસદ કરવામાં આવે, અમુક સામાન આપીને રુખસદ કરી દેવું દરેક તલાક પામેલ સ્ત્રી માટે મુસ્તહબ અને મસ્નૂન તરીકો છે અને અમુક સ્વરૂપોમાં વાજિબ છે જેની વિગત તફસીરના ખુલાસામાં આવી ચૂકી છે અને સૂરએ બકરહની આયત لَا جُنَاحَ عَلَيْكُمْ اِنْ طَلَّقْتُمُ النِّسَآءَ مَالَمْ تَمَسُّوْهُنَّ હેઠળ વર્ણન થઈ ચૂક્યું છે અને તે કુર્આનના શબ્દોમાં શબ્દ مَتَاعٌ (મતાઅ્) અપનાવવો કદાચ એ હિકમતના કારણે હોય કે આ શબ્દ પોતાના ભાવાર્થના આધારે સર્વસામાન્ય છે દરેક એવી વસ્તુ માટે જેનાથી લાભ ઉઠાવવામાં આવે, તેમાં સ્ત્રીના વાજિબ હકો મહર વગેરે પણ સામેલ છે કે જો હજુ સુધી મહર આપવામાં ન આવી હોય તો તલાકના સમયે ખુશીથી અદા કરી દે અને ગેરવાજિબ હકો દાખલા તરીકે તલાક પામેલ સ્ત્રીને રવાના કરતી વેળા કપડાંઓની એક જોડ આપીને રુખસદ કરવી એ પણ સામેલ છે જે દરેક તલાક પામેલ સ્ત્રીને આપવું મુસ્તહબ છે. (કઝા ફિલ મબસૂત વલ મુહીત, રૂહ) આ આધારે.... مَتِّعُوْهُنَّ નું સર્વનામ જાહેર હુકમની પ્રેરણા અને પ્રોત્સાહન માટે છે જેમાં વાજિબ અને વાજિબ ન હોય તે બંને પ્રકારો સામેલ છે. *(રૂહ)*

હદીષના ઈમામ અબ્દ બિન હુમૈદે હઝરત હસનથી રિવાયત કરી છે કે مُتْعَةٌ (મુત્અહ) એટલે કે, مَتَاعٌ (મતાઅ્) એટલે કે સામાન આપવો દરેક તલાક પામેલ સ્ત્રી સાથે છે ભલે તેની સાથે યોગ્ય એકાંત થયું હોય અથવા ન થયું હોય ભલે તેની મહર નક્કી થઈ હોય અથવા ન થઈ હોય.

તલાકના સમયે "મુત્અહ" એટલે કે કપડાં આપવાનો ખુલાસો :

"બદાયેઅ્"માં છે કે "મુત્અહ તલાક"થી ભાવાર્થ તે કપડાં છે જે સ્ત્રી ઘરથી નીકળતી સમયે અવશ્ય ઉપયોગ કરે છે, તેમાં ઈજાર, કુરતો, ઓઢણી અને એક મોટી ચાદર જે માથાથી પગ સુધી શરીરને ઢાંકી શકે સામેલ છે અને કારણ કે પહેરવેશ કિંમતના આધારે મોંઘો, હલકો, મધ્યમ કક્ષાનો દરેક કક્ષાનો હોય શકે છે એટલા માટે ફુકહાએ તેની આ વિગત ફરમાવી છે કે જો પતિ પત્ની બંને માલદાર ઘરમાંથી છે તો કપડાં ઉચ્ચ પ્રકારના આપવામાં આવે અને બંને ગરીબ

છે તો કપડાં હલકા પ્રકાના આપવામાં આવે અને એક ગરીબ અને બીજું માલદાર છે તો કપડાં મધ્યમ કક્ષાના આપવામાં આવે. (كَذَاقَالَ الْخَصَّافُ فِى النَفَقَاتُ)

ઇસ્લામમાં સામાજિક ભલાઈની અજોડ તા'લીમ :

દુનિયામાં હકોની અદાયગી સામાન્ય રીતે માત્ર મિત્રો, સગાં વહાલાંઓ સુધી અને વધુથી વધુ સામાન્ય લોકો સુધી મર્યાદિત રહે છે. સદ્‌વર્તાવ, ભલી સામાજિકતાનું સમગ્ર જોર માત્ર અહીંયાં સુધી જ ખર્ચ થાય છે, પોતાના વિરોધીઓ અને દુશ્મનોના પણ હકો ઓળખવા તેમના માટે કાયદાઓ બનાવવા માત્ર ઈસ્લામી શરીઅતનું જ કાર્ય છે, હાલના યુગમાં જો કે માનવ અધિકારોની સુરક્ષા માટે દુનિયામાં ઘણી બધી આગવી સંસ્થાઓ સ્થાપવામાં આવી છે અને તેના માટે અમુક નિયમો અને કાયદાઓ પણ બનાવવામાં આવ્યા છે, આ હેતુઓ માટે દુનિયાની કોમો પાસેથી લાખો રૂપિયાની મૂડી પણ એકઠી કરવામાં આવે છે પરંતુ પ્રથમ તો આ સંસ્થાઓ ઉપર રાજકીય હેતુઓ છવાયેલા હોય છે જે અમુક પીડીત વ્યક્તિઓની મદદ કરવામાં આવે છે તે પણ નિઃસ્વાર્થ અને દરેક સ્થળે નથી, બલકે જ્યાં પોતાના રાજકીય લાભ પૂરા થતા હોય છે અને ધારો કે આ સંસ્થાઓ બિલકુલ સાચી રીતે મખ્લૂકની સેવા કરી રહી છે તો તેમાં વધુથી વધુ તેમને તે સમયે પહોંચી શકે છે જ્યારે પૃથ્વીના કોઈ ભૂ ભાગ ઉપર કોઈ જાહેર પ્રાકૃતિક આપદા, તોફાન, બીમારી, ચેપી રોગો વગેરે ફેલાય છે. લોકોને કોમોની મુસીબત તથા તકલીફની કોને ખબર હોય છે ? કોણ મદદ માટે પહોંચી શકે છે ? શરીઅતે ઈસ્લામની હિકમતપૂર્ણ તા'લીમ જુઓ કે તલાકનો મા'મલો દેખીતો છે કે પરસ્પર વિરોધ, ક્રોધ અને નારાજગીથી પેદા થાય છે અને તેના પરિણામ મોટા ભાગે એ હોય છે કે જે સંબંધ અત્યંત એકતા અને મહોબ્બત તથા લાગણીના આધાર ઉપર સ્થાપિત થયો હતો તો હવે તેના બદલે નફરત, સૂગ, દુશ્મની અને બદલાની ભાવનાનું કારણ બની જાય છે. કુર્આને કરીમની પ્રસ્તુત આયત અને આ જ પ્રકારની ઘણી બધી આયતોમાં તલાકના મોકા ઉપર જે મુસલમાનોને સૂચના આપવામાં આવી છે તે જ એવી છે કે તેમનામાં સારી ભાવના અને સારી સામાજિકતાની સંપૂર્ણ કસોટી હોય છે, નફ્સનો તકાદો હોય છે કે જે સ્ત્રીએ મને સતાવ્યો, તકલીફ આપી એટલે સુધી કે સંબંધ તોડવા માટે મજબૂર કર્યો તેને ખૂબ

અપમાનિત કરીને કાઢવામાં આવે અને જે પણ બદલો તેનાથી લઈ શકાતો હોય લેવામાં આવે.

પરંતુ કુર્આને કરીમે સામાન્ય તલાક પામેલ ત્યકતા સ્ત્રીઓ માટે તો એક મોટી પાબંદી ઈદ્દતની અને ઈદ્દતના દિવસોને પતિના મકાનમાં પસાર કરવાની લગાવી દીધી, તલાક આપનાર ઉપર અરજ કરવામાં આવ્યું કે આ મુદ્દતની અંદર સ્ત્રીને પોતાના ઘરમાંથી ન કાઢે અને તેણીને પણ પાબંદ બનાવી કે ઈદ્દતના દિવસોમાં તે ઘરમાંથી ન નીકળે, બીજું પતિ ઉપર ફરજ કરવામાં આવ્યું કે તલાક આપવા છતાં આ ઈદ્દતના સમયનું ભરણ પોષણ કાયદેસર ચાલુ રાખે. ત્રીજું, પતિના માટે મુસ્તહબ કર્યું કે ઈદ્દતની મુદ્દત પછી જ્યારે તેને રુખસદ કરે તો મતાઅ્ એટલે કે કપડાં આપીને સન્માન સાથે રવાના કરે, માત્ર તે સ્ત્રીઓ જેમની સાથે ફક્ત નિકાહના બોલ પઢવામાં આવ્યા હતા રુખ્સતી અથવા એકાંત કે સોહબતની નોબત આવી ન હતી તે ઈદ્દતથી બાકાત ઠરાવવામાં આવી પરંતુ તેમને "મતાઅ્"ની તાકીદ બીજી ઔરતો કરતાં વધારે કરવામાં આવી. તેની સાથે

ત્રીજો હુકમ આ આપવામાં આવ્યો, سَرِّحُوهُنَّ سَرَاحًا جَمِيلًا એટલે કે, તેમને ખુબીની સાથે રુખસદ કરો જેમાં એ પાબંદી લગાવવામાં આવી કે જીભથી પણ કોઈ સખત વાત ન કહો, મહેણા ટોણાની પદ્ધતિ ન અપનાવો.

વિરોધના વખતે વિરોધીના હકોની જાળવણી તે જ વ્યક્તિ કરી શકે છે જે પોતાના નફસની ભાવનાઓ ઉપર કાબૂ રાખે, ઈસ્લામની બધી જ તા'લીમમાં આ બાબતની કાળજી રાખવામાં આવી છે.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૫૦-૫૧-૫૨)

يٰٓاَيُّهَا النَّبِيُّ اِنَّآ اَحْلَلْنَا لَكَ اَزْوَاجَكَ الّٰتِيْٓ اٰتَيْتَ اُجُوْرَهُنَّ
وَمَا مَلَكَتْ يَمِيْنُكَ مِمَّآ اَفَاۗءَ اللّٰهُ عَلَيْكَ وَبَنٰتِ عَمِّكَ وَبَنٰتِ عَمّٰتِكَ
وَبَنٰتِ خَالِكَ وَبَنٰتِ خٰلٰتِكَ الّٰتِيْ هَاجَرْنَ مَعَكَ ۡ وَامْرَاَةً مُّؤْمِنَةً

إِنْ وَهَبَتْ نَفْسَهَا لِلنَّبِيِّ إِنْ أَرَادَ النَّبِيُّ أَنْ يَسْتَنْكِحَهَا ۖ خَالِصَةً لَّكَ
مِنْ دُونِ الْمُؤْمِنِينَ ۗ قَدْ عَلِمْنَا مَا فَرَضْنَا عَلَيْهِمْ فِي أَزْوَاجِهِمْ وَمَا
مَلَكَتْ أَيْمَانُهُمْ لِكَيْلَا يَكُونَ عَلَيْكَ حَرَجٌ ۗ وَكَانَ اللَّهُ غَفُورًا
رَّحِيمًا ﴿٥٠﴾ تُرْجِي مَنْ تَشَاءُ مِنْهُنَّ وَتُؤْوِي إِلَيْكَ مَنْ تَشَاءُ ۖ وَمَنِ ابْتَغَيْتَ
مِمَّنْ عَزَلْتَ فَلَا جُنَاحَ عَلَيْكَ ۚ ذَٰلِكَ أَدْنَىٰ أَنْ تَقَرَّ أَعْيُنُهُنَّ وَلَا يَحْزَنَّ
وَيَرْضَيْنَ بِمَا آتَيْتَهُنَّ كُلُّهُنَّ ۚ وَاللَّهُ يَعْلَمُ مَا فِي قُلُوبِكُمْ ۚ وَكَانَ اللَّهُ عَلِيمًا
حَلِيمًا ﴿٥١﴾ لَا يَحِلُّ لَكَ النِّسَاءُ مِنْ بَعْدُ وَلَا أَنْ تَبَدَّلَ بِهِنَّ مِنْ أَزْوَاجٍ وَلَوْ أَعْجَبَكَ
حُسْنُهُنَّ إِلَّا مَا مَلَكَتْ يَمِينُكَ ۗ وَكَانَ اللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ رَقِيبًا ﴿٥٢﴾ ع

તરજુમો :

હે નબી (ﷺ) ! અમે તમારા માટે તમારી સ્ત્રીઓ હલાલ રાખી છે જેમની મહર તમે આપી ચૂકયા છો અને જે તમારા હાથનો માલ (લોંડીઓ) છે જેને તમારા હાથમાં તમારો અલ્લાહ (ગનીમતમાં) મેળવી આપે અને તમારા કાકાની પુત્રીઓ અને ફોઈની પુત્રીઓ અને તમારા મામાની પુત્રીઓ અને તમારી માસીની પુત્રીઓ જેમણે તમારી સાથે વતન છોડયું (હિજરત કરી) અને જે સ્ત્રી મુસલમાન હોય જો (તે) પોતાની જાત નબીને બખ્શી આપે જો નબી ઈચ્છે તો તેને નિકાહમાં લાવે, આ તમારા માટે બધા મુસલમાનો કરતાં ખાસ છે, અમને ખબર છે જે અમે તેમના ઉપર તેમની ઔરતોની બાબતમાં નક્કી કરી દીધું છે અને તેમના હાથના માલમાં (લોંડીઓ બાબતમાં) જેથી તમારા ઉપર તંગી ન રહે અને અલ્લાહ બખ્શનારો મહેરબાન છે. (૫૦) તમે તેમનામાંથી જેને ઈચ્છો દૂર રાખો અને જેને ઈચ્છો પોતાની પાસે જગ્યા આપો અને તેમનામાંથી જેના વિશે તમારું મન ચાહે (પાસે બોલાવી લો) જેને અળગા કરી દીધાં હતા તો તમારા ઉપર કોઈ ગુનોહ નથી, એમાં નિકટ છે કે તેમની આંખો ઠંડી રહે અને ગમ ન કરે અને તમે જે તે બધાને આપ્યું તેના

ઉપર રાજી રહે અને અલ્લાહ જે કંઈ તમારા દિલોમાં છે જાણે છે અને અલ્લાહ સઘળું જાણનારો ઘણો સહનશીલ છે. (૫૧) તે સિવાયની ઔરતો તમારા માટે હલાલ નથી અને ન એ કે તેમને બીજી સ્ત્રીઓથી બદલ્યા કરો અને ભલે (તે અન્ય સ્ત્રીઓ) તમને મોહક લાગે પરંતુ જે માલ તમારા હાથનો (લોંડીઓ) છે અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર દેખરેખ રાખનાર છે.(૫૨)

તફસીર :

હે નબી ! (ﷺ અમુક હુકમો તમારી સાથે ખાસ છે જેનાથી તમારી વિશિષ્ટતા અને આગવી પ્રતિષ્ઠા પણ સાબિત થાય છે તેમાંથી અમુક આ છે, પ્રથમ હુકમ એ કે) અને તમારા માટે તમારી આ પત્નીઓ (કે જે અત્યારે તમારી સેવામાં ઉપસ્થિત છે અને) જેને આપ (ﷺ) તેમની મહર આપી ચૂક્યા છો (ચારથી વધારે હોવા છતાં) હલાલ કરી છે (બીજો હુકમ એ કે) અને તે સ્ત્રીઓ પણ (ખાસ રીતે હલાલ કરવામાં આવી છે) જે તમારી માલિકીની છે જે અલ્લાહે તમને ગનીમતમાં અપાવી છે (અને આ ખાસ પ્રકારનું વર્ણન.... આગળ તફસીરના ખુલાસામાં આવશે. ત્રીજો હુકમ એ કે) અને તમારા કાકાની પુત્રીઓ અને તમારી ફોઈની પુત્રીઓ (તેનો ભાવાર્થ આપ ﷺના પિતાના કુટુંબની પુત્રીઓ છે એટલે કે તે બધાને) પણ (અલ્લાહ તઆલાએ આપ ﷺ માટે હલાલ કરી છે પરંતુ આ કુટુંબની સ્ત્રીઓ સદંતર નહીં બલકે તેમાંથી માત્ર તે જ) જેમણે તમારી સાથે હિજરત કરી હોય ("સાથે"નો મતલબ એ છે કે આ હિજરતના અમલમાં સમાનતા ધારણ કરી હોય અને સમય કે મુદતની કોઈ શરત લગાવી નથી અને આ શરતથી તે નીકળી ગયા જે મુહાજિર ન હોય. ચોથો હુકમ એ કે) અને તે મુસલમાન સ્ત્રીઓને પણ (તમારા માટે હલાલ કરવામાં આવી) જેમણે વિના વળતરે (એટલે કે મહર વિના) પોતાની જાતને પયગમ્બરને આપી દીધી (એટલે કે નિકાહમાં આવવા ઈચ્છે) એ શરતે કે પયગમ્બર તેમને નિકાહમાં લાવવા ઈચ્છે (અને મુસલમાનની શરતથી કાફિર સ્ત્રીઓ નીકળી ગઈ કે નબીએ કરીમ ﷺના તેમનાથી નિકાહ દુરુસ્ત નથી અને આ હુકમ પાંચમો થયો અને) આ બધા (હુકમો) તમારા માટે ખાસ કરવામાં આવ્યા છે ન જ અન્ય મો'મિનો

માટે (કે તેમના માટે બીજા હુકમો છે એટલા માટે) અમને તે હુકમો ખબર છે (તથા આયતો અને હદીષો દ્વારા અન્યના હુકમો જણાવી આપીએ છીએ) જે અમે તેમના (એટલે કે સામાન્ય મો'મિનો) ઉપર તેમની પત્નીઓ અને લોંડીઓ વિશે નક્કી કર્યા છે (જે આ હુકમોથી વિશિષ્ટ અને ભિન્ન પ્રકારના છે જેમાંથી નમૂના સ્વરૂપે ઉપર આયત اِذَا نَكَحْتُمُ માં લખ્યું છે જેમાં فَمَتِّعُوْهُنَّ થી નિકાહ માટે મહર જરૂરી હોવાનું સાબિત થાય છે, ભલે વાસ્તવિક રીતે અથવા પરોક્ષ રીતે અને ભલે પરસ્પર સમજૂતીથી હોય અથવા શરઈ હુકમથી અને નબવી નિકાહનો ચોથો હુકમ મહરથી ખાલી છે અને આ વિશિષ્ટતા એટલા માટે છે કે) જેથી તમારા ઉપર કોઈ પ્રકારની તંગી ન રહે (બસ જે વિશિષ્ટ હુકમોમાં અન્યો કરતાં વિશિષ્ટતા પાપ્ત છે જેમકે પ્રથમ હુકમ અને ચોથા હુકમ તેમાં તો તંગી ન હોવું દેખીતું છે અને તેમાં જાહેર શરતો અને બંધનો લાદયા છે જેમકે ત્રીજા અને પાંચમાં હુકમમાં; તો ત્યાં તંગી ન હોવાનો અર્થ એ છે કે અમે આ શરતો આપ ﷺની અમુક મસ્લિહતો માટે લગાવી છે, જો આ શરતો ન હોત તો આપ ﷺની તે મસ્લિહત છૂટી ગઈ હોત અને તે સમયે તમને તંગી થઈ હોત જે અમને ખબર છે એટલા માટે આ મસ્લિહતની કાળજી રાખવામાં આવી જેથી તે તંગી ઉપસ્થિત ન થાય અને બીજા હુકમ વિશે તફસીરના ખુલાસામાં આવશે) અને (આ તંગી દૂર કરવાની કાળજી આ ખાસ હુકમો સાથે જ નથી બલકે સામાન્ય મો'મિનો વિશે જે હુકમો છે તેમાં પણ આ બાબત ઉપસ્થિત છે કારણ કે) અલ્લાહ તઆલા મોટો બખ્શનાર રહમતવાળો છે (બસ, પોતાની કૃપાથી હુકમોમાં સહૂલતની કાળજી રાખે છે અને સહેલા હુકમોમાં પણ ઉણપ રહી જવાથી મા'ફ કરી આપે છે જે તેની મહાન કૃપાની દલીલ છે જે હુકમોની સરળતા અને અવરોધોને દૂર કરવાની બાબત છે અને આ તો તે સ્ત્રીઓના પ્રકારોનું વર્ણન હતું જે આપ ﷺ માટે હલાલ કરવામાં આવ્યું. આગળ તેનું વર્ણન છે કે જે હલાલના પ્રકારોનું કરવામાં આવ્યું તેમાંથી જેટલી સ્ત્રીઓ જે વખતે આપ ﷺની પાસે હોય તેમના શું હુકમો છે ? બસ, છઠ્ઠો હુકમ આ કરવામાં આવ્યો છે કે) તેમાંથી તમે જેમને ઈચ્છો (અને જ્યાં સુધી ઈચ્છો) પોતાનાથી દૂર રાખો (એટલે કે તેમને વારો ન આપો) અને જેને ઈચ્છો (અને જ્યાં સુધી ઈચ્છો) પોતાની પાસે રાખો (એટલે કે તેમને વારો આપો) અને જેમને દૂર કરી રાખ્યા હતા તેમાંથી ફરી કોઈને બોલાવો તો પણ

તમારા ઉપર કોઈ ગુનોહ નથી (મતલબ એ થયો કે પત્નીઓમાં રાતવાસાનો વારો વગેરેની રિઆયત આપ ﷺ ઉપર વાજિબ નથી અને તેમાં એક મોટી જરૂરી મસ્લિહત છે તે એ કે) તેમાં વધારે આશા છે કે તેઓ (પત્નીઓ)ની આંખો ઠંડી રહેશે (એટલે કે ખુશ રહેશે) અને દિલગીર ન થશે અને જે કંઈ પણ તમે તેમને આપશો તેના ઉપર બધા જ રાજી રહેશે (કારણ કે ગમનું કારણ મોટા ભાગે પોતાના હકનો દા'વો હોય છે અને જ્યારે જાણ થઈ જશે કે જે કંઈ માલ અને ધ્યાન આપવામાં આવ્યું હતું તે માત્ર ઈનામ છે, અમારો વાજિબ હક નથી તો કોઈને કોઈ પ્રકારની ફરિયાદ ન રહેશે અને લોંડીઓનો વારામાં હક ન હોવો તો બધાને જ ખબર છે) અને (હે મુસલમાનો ! આ ખાસ હુકમો સાંભળીને દિલમાં એવો વિચાર ન ઘડી લેશો કે આ હુકમો જાહેર હુકમો કેમ નથી ? જો એવું કરશો તો) અલ્લાહ તઆલાને તમારા લોકોની બધી વાતો ખબર છે (આવો વિચાર ઘડી લેવાથી તમને સજા આપશે કારણ કે આ અલ્લાહ તઆલા ઉપર વાંધો ઉઠાવવું છે અને રસૂલુલ્લાહ ﷺની ઈર્ષ્યા છે જે અઝાબનું કારણ બને છે) અને અલ્લાહ તઆલા (આ જ શું) બધું જ જાણનાર છે (અને વાંધાઓ ઉઠાવનારને અહીંયાં સજા ન થઈ તો તેનાથી આ જાણકારીનો નકાર જરૂરી નથી બનતો બલકે એ જરૂરી છે કે તે) સહનશીલ (પણ) છે (એટલા માટે ક્યારેક સજામાં ઢીલ આપે છે, આગળ બાકીના ખાસ હુકમો ઈરશાદ ફરમાવે છે જેમાં અમુક તો ઉપરોક્ત હુકમોનું પરિણામ છે અને અમુક નવા હુકમો છે. ઈરશાદ છે કે ઉપર જે ત્રીજા અને પાંચમાં હુકમમાં નિકાહમાં લાવવા માટે સ્ત્રીઓ માટે હિજરત અને ઈમાનની શરત લગાવી છે બસ) તેમના સિવાય અન્ય સ્ત્રીઓ (જેમનામાં આ શરત ન હોય) તમારા માટે હલાલ નથી (એટલે કે સગાંઓમાંથી જે મુહાજિર નથી તે હલાલ નથી અને બીજી સ્ત્રીઓમાંથી જે મો'મિન નથી તે હલાલ નથી, આ તો ઉપરોક્ત હુકમોની પૂર્ણતા થઈ) અને (આગળ નવો સાતમો હુકમ એ છે કે) ન જ એ યોગ્ય છે કે તમે તે (ઉપસ્થિત) પત્નીઓની જગ્યાએ બીજી પત્નીઓ કરી લો (એ રીતે કે તેમનામાંથી કોઈને તલાક આપી દો અને તેના બદલે બીજી કરી લો અને તેમનામાંથી કોઈને તલાક આપ્યા વિના જો કોઈનાથી નિકાહ કરી લો તો તેની મનાઈ નથી, એ જ પ્રમાણે જો કોઈને તલાક આપી બીજીને લાવવાનો ઈરાદો ન હોય તો તેનાથી પણ પ્રતિબંધ સાબિત નથી થતો, બલકે શબ્દ تَبَدَّلَ આ

બાબતની મનાઈ ઉપર દલીલ છે. બસ, આ تَبَــــدُّل ની મનાઈ છે) ભલે તમને તેઓ (અન્ય સ્ત્રીઓ)નું સૌંદર્ય સારું લાગે પરંતુ જે તમારી માલિકી હેઠળ હોય (કે તે પાંચમાં અને સાતમાં બંને હુકમોથી બાકાત છે એટલે કે તે અહલે કિતાબની સ્ત્રી હોવાથી પણ હલાલ છે અને તેમાં تَبَــــدُّل પણ દુરુસ્ત છે) અને અલ્લાહ તઆલા દરેક વસ્તુ(ની હકીકત અને નિશાનીઓ અને મસ્લિહતો)નો સંપૂર્ણ દેખરેખ રાખનાર છે (એટલા માટે આવા બધા હુકમોમાં મસ્લિહતો અને હિકમતો છે, ભલે સામાન્ય લોકોને તે નક્કી કરીને બતાવવામાં ન આવે તેથી કોઈને પ્રશ્ન ઉઠાવવાનો અથવા વાંધો ઉઠાવવાનો અધિકાર કે સત્તા નથી).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં નિકાહ અને તલાક વિશે તે સાત હુકમોનું વર્ણન છે જે રસૂલે કરીમ ﷺ માટે ખાસ છે અને આ વિશિષ્ટતા રસૂલે કરીમ ﷺની એક આગવી શા'ન અને આગવી પ્રતિષ્ઠાની નિશાની છે તેમાંથી અમુક હુકમો તો એવા છે કે તેમની વિશિષ્ટતા રસૂલે કરીમ ﷺ સાથે બિલકુલ ખુલ્લી અને દેખીતી છે અને અમુક એવા છે, જો કે બધા મુસલમાનો માટે સામાન્ય છે પરંતુ તેમાં અમુક શરતો અને મર્યાદાઓ રસૂલુલ્લાહ ﷺ માટે પણ ખાસ છે તેની વિગત જુઓ.

પ્રથમ હુકમ :

اِنَّـا اَحْلَلْنَا لَكَ اَزْوَاجَكَ الّٰتِىْٓ اٰتَيْتَ اُجُوْرَهُنَّ એટલે કે, અમે તમારા માટે તમારી બધી ઉપસ્થિત પત્નીઓને હલાલ કરી દીધી જેની મહર તમે અદા કરી ચૂક્યા છો. આ હુકમ દેખીતી રીતે દરેક મુસલમાન માટે સર્વસામાન્ય છે પરંતુ તેમાં વિશિષ્ટતાનું કારણ એ છે કે આયતના નાઝિલ થવાના સમયે રસૂલે કરીમ ﷺના નિકાહમાં ચારથી વધારે સ્ત્રીઓ મોજૂદ હતી અને સામાન્ય મુસલમાનો માટે ચારથી વધારે સ્ત્રીઓને એકી સાથે નિકાહમાં ભેગી કરવી હલાલ નથી તો આ રસૂલે કરીમ ﷺની વિશેષતા હતી કે ચારથી વધારે સ્ત્રીઓને નિકાહમાં રાખવી રસૂલે કરીમ ﷺ માટે હલાલ કરવામાં આવ્યું.

અને આ આયતમાં الّٰتِــىْٓ اٰتَيْــتَ اُجُوْرَهُــنَّ કહેવામાં આવ્યું છે, આ કોઈ શરત અથવા હલાલ હોવા માટેની મર્યાદા નથી બલકે આ બાબતની જાહેરાત છે કે જેટલી સ્ત્રીઓ રસૂલે કરીમ ﷺના નિકાહમાં આવી બધાની મહર રસૂલે કરીમ

ﷺએ રોકડ ચૂકવી દીધી, ઉધાર નથી રાખી. રસૂલે કરીમ ﷺની મુબારક ટેવ એ હતી કે જે વસ્તુનું આપવું રસૂલે કરીમ ﷺના શિરે જવાબદારી હોય તેને તરત જ આપીને તેનાથી મુક્ત થઈ જતા હતા, વિના જરૂરતે મોડું કરતા ન હતા, આ બાબત જાહેર કરવામાં સામાન્ય મુસલમાનોને પણ એવું કરવાની પ્રેરણા આપવામાં આવી.

બીજો હુકમો :

وَمَا مَلَكَتْ يَمِيْنُكَ مِمَّا اَفَاءَ اللّٰهُ عَلَيْكَ એટલે કે, "તમારા માટે તે સ્ત્રીઓને હલાલ કરવામાં આવી જે તમારી મિલકતમાં હોય." એ જ પ્રમાણે કે અલ્લાહ તઆલાએ તમને તેમના માલિક બનાવી દીધા હોય. આ આયતમાં શબ્દ اَفَاءَ (અફાઅ) એ فَيْءٌ (ફઈ)થી બનેલ છે, પારિભાષિક અર્થના આધારે તે માલ જે કાફિરો પાસેથી યુદ્ધ વિના સુલેહ સ્વરૂપે પ્રાપ્ત થઈ જાય અને ક્યારેક સદંતર માલે ગનીમતને પણ فَيْءٌ (ફઈ)થી ઓળખાવવામાં આવે છે. આ આયતમાં તેનું વર્ણન કોઈ શરત સ્વરૂપે નથી કે તમારા માટે માત્ર તે લૌંડીઓ હલાલ થશે જે "ફઈ" અથવા ગનીમતના માલમાંથી તમારા હિસ્સામાં આવી હોય, બલકે જેને તમે કિંમત આપીને ખરીદી હોય તે પણ આ હુકમમાં સામેલ છે.

પરંતુ આ હુકમમાં દેખીતી રીતે રસૂલે કરીમ ﷺ માટે કોઈ ખાસ બાબત નથી સમગ્ર ઉમ્મત માટે આ જ બાબત છે, જે કનીઝ ગનીમતના માલના હિસ્સામાં આવે અથવા જેની કિંમત આપીને ખરીદવામાં આવે તે તેમના માટે હલાલ છે અને આ બધી જ આયતોની દેખીતી શૈલી એ જ બતાવે છે કે તેમાં જે હુકમો આવ્યા છે તે કંઈને કંઈ રસૂલે કરીમ ﷺની સાથે વિશિષ્ટતા ધરાવે છે. એટલા માટે રૂહુલ મઆનીમાં કનીઝોના હલાલ વિશે પણ રસૂલે કરીમ ﷺની એક વિશિષ્ટતા એ બતાવી છે કે જે પ્રમાણે આપ ﷺ પછી આપ ﷺની અઝ્વાઝે મુતહ્હરાત રદિ. (પવિત્ર પત્નીઓ)માંથી કોઈની સાથે પણ નિકાહ કોઈપણ ઉમ્મતી માટે હલાલ નથી, એ જ પ્રમાણે જે કનીઝ રસૂલે કરીમ ﷺ માટે હલાલ કરવામાં આવી છે રસૂલે કરીમ ﷺ પછી તે કોઈના માટે હલાલ ન થશે, જેમકે હઝરત મારિયહ કિબતિયહ (રદિ.) છે જેમને મકોકિસ (Muqauqis) રૉમના બાદશાહે આપ ﷺ માટે ભેટ સ્વરૂપે મોકલ્યા હતા,

તેમના પણ નિકાહ કોઈના માટે જાઈઝ રાખવામાં આવ્યા નથી, આ આધારે مَا مَلَكَتْ اَيْمَانُهُمْ માં હલાલ હોવામાં પણ રસૂલે કરીમ ﷺની એક વિશિષ્ટતા સાબિત થઈ ગઈ.

સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત કુદ્દીસ્સિર્રૂહુએ અન્ય બે વિશિષ્ટતાઓ બયાનુલ કુર્આનમાં વર્ણન કરી છે જે પ્રસ્તુત વિશિષ્ટતાથી વધારે સ્પષ્ટ છે.

પ્રથમ એ કે રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલા તરફથી એ ખાસ અધિકાર આપવામાં આવ્યો હતો કે ગનીમતના માલની વહેંચણી પહેલાં રસૂલે કરીમ ﷺ તેમાંથી કોઈ વસ્તુને પોતાના માટે નક્કી કરી લે તો તે તેમની ખાસ મિલકત થઈ જતી હતી. આ ખાસ વસ્તુને પરિભાષામાં صَفِيُّ النَّبِيِّ કહેવામાં આવતું હતું, જેમકે ગઝ્વએ ખૈબરની ગનીમતમાંથી રસૂલે કરીમ ﷺએ હઝરત સફિય્યહ (રદિ.)ને પોતાના માટે ખાસ કરી લીધાં હતાં તો હાથની માલિકી (કનીઝો)ના મસ્અલામાં એ માત્ર આપ ﷺની વિશિષ્ટતા છે.

બીજી વિશિષ્ટતા એ છે કે દારુલ હરમમાંથી કોઈ ગેરમુસ્લિમ તરફથી જો કોઈ ભેટ મુસલમાનોના અમીરુલ મુઅ્મિનીનના નામ ઉપર આવે તો શરીઅતનો હુકમ એ છે કે તેનો માલિક અમીરુલ મુઅ્મિનીન નથી હોતો બલકે તે શરઈ બયતુલ માલની મિલકત ઠરાવવામાં આવે છે, તેનાથી વિપરીત નબીએ કરીમ ﷺની વિશેષતા એ છે કે આવી ભેટ આપ ﷺ માટે વિશિષ્ટ સ્વરૂપે હલાલ કરવામાં આવી છે, જેમકે હઝરત મારિયહ કિબતિયહ (રદિ.)ની બાબત છે કે મકોકિસે તેમને ભેટ સ્વરૂપે રસૂલે કરીમ ﷺની સેવામાં રજુ કરી તો તેમને આપ ﷺની મિલકત ઠરાવવામાં આવી. વલ્લાહુ અઅ્લમુ.

ત્રીજો હુકમ :

....بَنٰتِ عَمِّكَ وَبَنٰتِ عَمّٰتِكَ આ આયતમાં عَمّ (અમ) અને خَال (ખાલ)ને એકવચન અને عَمّٰت (અમ્માત) અને خٰلٰت (ખાલાત)ને બહુવચનમાં લાવવાના ખુલાસાઓ ઉલમાએ ઘણા બધા લખ્યા છે, તફસીરે રૂહુલ મઆનીમાં અબૂ હય્યાને તેનો ખુલાસો એ અપનાવ્યો છે કે અરબના રૂઢિપ્રયોગમાં આ જ પ્રમાણે છે. અરબની શાયરીઓ એના ઉપર ગવાહ છે કે, عَم (અમ)ના બહુવચનનો ઉપયોગ થતો નથી તેને એકવચનમાં જ ઉપયોગ કરે છે.

આયતનો અર્થ એ છે કે રસૂલે કરીમ ﷺ માટે કાકા અને ફોઈની દિકરીઓ અને મામા માસીની દિકરીઓ નિકાહ માટે હલાલ કરવામાં આવી, કાકા ફોઈમાં પિતાના કુટુંબની બધી દિકરીઓ અને મામા માસીની દિકરીઓમાં માં ના કુટુંબની બધી દિકરીઓ સામેલ છે અને તેમનાથી નિકાહ હલાલ હોવું તો આપ ﷺની સાથે કોઈ ખાસ નથી, બધા જ મુસલમાનો માટે એ ખાસ છે પરંતુ તેમાં ખાસ એ શરત કે તેમાંથી જેમણે આપ ﷺની સાથે મક્કએ મુકર્રમહથી હિજરત કરી હોય આ રસૂલે કરીમ ﷺની વિશિષ્ટતા છે, તેનો ખુલાસો એ છે કે સામાન્ય ઉમ્મત માટે તો પિતા અને માતાના કુટુંબની આ દિકરીઓ કોઈ શરત વિના હલાલ છે ભલે તેમણે હિજરત કરી હોય કે ન કરી હોય પરંતુ રસૂલે કરીમ ﷺ માટે તેમાંથી માત્ર તે હલાલ છે જેમણે આપ ﷺ સાથે હિજરત કરી હોય, સાથે હિજરત કરવા માટે એ જરૂરી નથી કે મુસાફરીમાં રસૂલે કરીમ ﷺ સાથે કાફલામાં રહી હોય અથવા એક જ સમયે હિજરત કરી હોય બલકે તેનો ભાવાર્થ હિજરતની પ્રવૃત્તિમાં સમાનતા ધારણ કરી હોય, તેમનામાંથી જેણે કોઈ કારણે હિજરત નથી કરી તેનાથી રસૂલે કરીમ ﷺના નિકાહ હલાલ રાખવામાં આવ્યા નથી, જેમકે રસૂલે કરીમ ﷺના કાકા અબૂતાલીબની દિકરી ઉમ્મે હાની (રદિ.)એ ફરમાવ્યું કે મારાથી રસૂલે કરીમ ﷺના નિકાહ એટલા માટે હલાલ ન હતા કે મેં મક્કાથી હિજરત કરી ન હતી બલકે મારી ગણતરી طُلَقَاءْ (તુલકાઅ્)માં થતી હતી. طُلَقَاءْ તે લોકોને કહેવામાં આવે છે જેમને ફત્હે મક્કાના સમયે રસૂલે કરીમ ﷺએ આઝાદ કરી દીધા હતા, ન તો તેમને કતલ કર્યા અને ન જ ગુલામ બનાવ્યા. *(રૂહુલ મઆની અને જસ્સાસ)*

રસૂલે કરીમ ﷺથી નિકાહ માટે મુહાજિરત હોવાની શરત માત્ર પોતાના માતા પિતાના કુટુંબની પુત્રીઓમાં હતી, સામાન્ય ઉમ્મતની સ્ત્રીઓમાં હિજરતની શરત ન હતી બલકે તેમનું માત્ર મુસલમાન હોવું પૂરતું હતું અને કુટુંબની છોકરીઓમાં હિજરતની શરત લગાવવામાં કદાચ એ હિકમત હોય કે સામાન્ય રીતે કુટુંબની દિકરીઓને પોતાના કુટુંબનો એક નાઝ અને ગર્વ હોય છે અને રસૂલે કરીમ ﷺના નિકાહ માટે એ યોગ્ય ન હતું એટલા માટે તેનો ઈલાજ હિજરતની શરત લગાવી કરવામાં આવ્યો, કારણ કે હિજરત માત્ર તે જ સ્ત્રી કરશે જે અલ્લાહ અને રસૂલ ﷺની મહોબ્બતને પોતાના સમગ્ર કુટુંબ, વતન અને

જાયદાદની મહોબ્બત ઉપર છવાયેલી રાખશે. વળી હિજરત સમયે માનવીને જાત જાતની તકલીફો પડતી હોય છે અને અલ્લાહના માર્ગમાં જે તકલીફ અને કષ્ટ ઉઠાવવામાં આવે તેની અમલોની સુધારણામાં ખાસ દખલગીરી છે.

ખુલાસો એ છે કે માતા અને પિતાના કુટુંબની દિકરીઓથી નિકાહમાં રસૂલે કરીમ ﷺ માટે એક ખાસ શરત એ છે કે તેમણે મક્કાથી હિજરત કરવામાં રસૂલે કરીમ ﷺનો સાથ આપ્યો હોય.

ચોથો હુકમ :

وَامْرَاَةً مُّؤْمِنَةً اِنْ وَّهَبَتْ نَفْسَهَا لِلنَّبِيِّ اِنْ اَرَادَ النَّبِيُّ اَنْ يَّسْتَنْكِحَهَا خَالِصَةً لَّكَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ

એટલે કે (હે નબી ﷺ !) જો કોઈ મુસલમાન સ્ત્રી પોતાની જાતને તમારા માટે હિબહ (ભેટ) કરી આપે એટલે કે મહર વિના તમારી સાથે નિકાહ કરવા ઈચ્છે જો તમે તેને નિકાહમાં લાવવાનો ઈરાદો કરો તો તમારા માટે મહર વિના પણ નિકાહ હલાલ છે અને આ ખાસ હુકમ તમારા માટે છે, બીજા મો'મિનો માટે નથી.

આ બાબતની વિશિષ્ટતા રસૂલે કરીમ ﷺની સાથે બિલકુલ સ્પષ્ટ છે કારણ કે સામાન્ય લોકો માટે નિકાહમાં મહર જરૂરી શરત છે એટલે સુધી કે જો નિકાહના સમયે કોઈએ મહરનું વર્ણન નકાર સાથે કર્યું કે સ્ત્રીએ એવું કહ્યું છે કે મહર લઈશ નહીં અથવા પુરુષે એવું કહ્યું કે નિકાહ એ શરતે કરું છું કે મહર નહીં આપું, બંને સ્વરૂપોમાં તેમનું કહેવું અને શરઈ હેસિયતથી વ્યર્થ થશે અને શરઈ "મહરે મિસ્લ" વાજિબ થશે, માત્ર રસૂલે કરીમ ﷺના નિકાહ વગર મહરે હલાલ કરવામાં આવ્યા છે જ્યારે કે સ્ત્રી મહર વિના નિકાહ કરવાની ઈચ્છા પ્રગટ કરે.

ખુલાસો :

આ હુકમ કે જે સ્ત્રી પોતાને આપ ﷺ માટે હિબહ કરે એટલે કે વિના મહરે નિકાહ કરવા ઈચ્છે તે રસૂલે કરીમ ﷺ માટે હલાલ છે, તેમાં ઉલમાનો

મતભેદ છે કે કોઈ આવી ઘટના બની પણ હતી કે નહીં! અમુકે કહ્યું કે કોઈ એવી સ્ત્રીના રસૂલે કરીમ ﷺ સાથે નિકાહ થયા હોય એવું સાબિત નથી જેનો ખુલાસો એ છે કે આપ ﷺએ કોઈ હિબહવાળી સ્ત્રીથી નિકાહ નથી કર્યા અને અમુક લોકોએ અમુક આવી સ્ત્રીઓથી નિકાહ થયાનું સાબિત કર્યું છે. *(રૂહુલ મઆની)*

આ જ હુકમની સાથે જે વાક્ય خَالِصَةً لَّكَ નું છે તેને અમુક લોકોએ માત્ર આ જ પ્રથમ હુકમની સાથે ખાસ હોવાનું કહ્યું છે અને ઝમખશરી વગેરે તફસીરકારોએ આ વાક્યને તે બધા જ હુકમોની સાથે લગાવ્યું છે જે ઉપર વર્ણન થયા છે કે આ બધી વિશિષ્ટતાઓ નબીએ કરીમ ﷺની છે, તેના અંતે ફરમાવ્યું, لِكَيْلَا يَكُونَ عَلَيْكَ حَرَجٌ એટલે કે, આ વિશિષ્ટ હુકમો રસૂલે કરીમ ﷺ માટે એટલા માટે આપવામાં આવ્યા છે કે તેમના ઉપર કોઈ તંગી ન થાય, જે વિશિષ્ટ હુકમો ઉપર વર્ણન થયા છે તેમાં પ્રથમ હુકમ એટલે કે ચારથી વધારે પત્નીઓ રસૂલે કરીમ ﷺ માટે હલાલ કરવામાં આવી અને ચોથા હુકમમાં વિના મહરે નિકાહ હલાલ કરવામાં આવ્યા, તેમાં તો તંગી દૂર થયાનું અને વધારે સહૂલત આપવાનું દેખીતું છે પરંતુ બાકી ત્રણ હુકમ એટલે કે બીજો, ત્રીજો અને પાંચમો, તેમાં તો દેખીતી રીતે આપ ﷺ ઉપર કોઈ વિશેષ શરતો લગાવવામાં આવી જેનાથી તંગી ઔર વધવી જોઈએ પરંતુ તેમાં ઈશારો કર્યો છે કે જો કે દેખીતી રીતે આ શરતો એક તંગી વધારે છે પરંતુ તેમાં રસૂલે કરીમ ﷺ માટે એવી સહૂલતો....ની કાળજી રાખવામાં આવી છે કે આ શરતો ન હોત તો રસૂલે કરીમ ﷺને ઘણી તકલીફ પડી હોત જે દિલગીર થવાનું સ્વરૂપ બની હોત એટલા માટે વધારાની શરતોમાં પણ રસૂલે કરીમ ﷺની તંગી દૂર કરવાનો જ હેતુ છે.

પાંચમો હુકમ :

પ્રસ્તુત જવાબોમાં મો'મિનો એટલે કે મુસલમાન સ્ત્રીની શરતથી એ વિચાર ઉત્પન્ન થાય છે કે જો કે સામાન્ય મુસલમાનો માટે યહૂદી અને નસારાની સ્ત્રીઓ એટલે કે અહલે કિતાબની સ્ત્રીઓ સાથે નિકાહ કુર્આનની નસથી હલાલ છે પરંતુ રસૂલે કરીમ ﷺ માટે સ્ત્રીનું મો'મિન હોવું શરત છે'અહલે કિતાબની સ્ત્રીઓ સાથે રસૂલે કરીમ ﷺના નિકાહ નથી થઈ શકતા.

આ પાંચ હુકમોની વિશિષ્ટતા નબીએ કરીમ ﷺ સાથે વર્ણન કર્યા પછી

સામાન્ય મુસલમાનોનો હુકમ ટૂંકમાં વર્ણન કર્યો છે, قَدْ عَلِمْنَا مَافَرَضْنَا عَلَيْهِمْ فِيْ أَزْوَاجِهِمْ وَمَا مَلَكَتْ أَيْمَانُهُمْ એટલે કે, પ્રસ્તુત હુકમો રસૂલે કરીમ ﷺ માટે ખાસ છે બાકી મુસલમાનો માટે જે અમે ફરજ કર્યું છે તે અમે જાણીએ છીએ. દાખલા તરીકે સામાન્ય મુસલમાનોના નિકાહ મહર વિના નથી થઈ શકતા અને અહલે કિતાબ સાથે તેમના નિકાહ થઈ શકે છે એ જ પ્રમાણે પાછલા હુકમોમાં જે શરતો અને મર્યાદાઓ રસૂલે કરીમ ﷺના નિકાહ માટે જરૂરી ઠરાવવામાં આવી છે તે અન્યો માટે નથી.

અંતે ફરમાવ્યું, لِكَيْلَا يَكُوْنَ عَلَيْكَ حَرَجٌ એટલે કે નિકાહના મા'મલામાં રસૂલે કરીમ ﷺ માટે આ વિશિષ્ટ હુકમો એટલા માટે છે કે રસૂલે કરીમ ﷺ ઉપર કોઈ તંગી ન થાય અને જે શરતો અને મર્યાદાઓ રસૂલે કરીમ ﷺ ઉપર અન્ય મુસલમાનો કરતાં વધારે લગાવવામાં આવી છે જો કે દેખીતી રીતે એ એક પ્રકારની તંગી છે પરંતુ મસ્લિહતો અને હિકમતોને નજર સમક્ષ રાખીને આ શરતો લગાવવામાં આવી છે, તેમાં વિચાર કરીએ તો તે પણ રસૂલે કરીમ ﷺની રૂહાની પરેશાની અને તંગદિલીને દૂર કરવા માટે જ છે.

અહીંયાં સુધી નિકાહ વિશે પાંચ હુકમો આવ્યા છે જે રસૂલે કરીમ ﷺ સાથે કોઈને કોઈ પ્રકારે વિશેષતા ધરાવે છે, આગળ બે હુકમો આ જ પાંચ હુકમોના સંદર્ભમાં વર્ણન કર્યા છે, દાખલા તરીકે....

છઠ્ઠો હુકમ :

تُرْجِيْ مَنْ تَشَآءُ مِنْهُنَّ وَتُؤْوِيْٓ اِلَيْكَ مَنْ تَشَآءُ

તેમાં શબ્દ تُرْجِيْ (તુરજી) એ اِرْجَاءٌ (ઈર્જા)થી બને છે, જેનો અર્થ "પાછળ કરવા"નો થાય છે અને تُؤْوِيْ (તુઅ્વી) એ اِيْوَاءٌ (ઈવાઅ્)થી બને છે, જેનો અર્થ "નજીક-પાસે" કરવાનો થાય છે, મતલબ એ છે કે રસૂલે કરીમ ﷺનો અધિકાર છે કે પવિત્ર પત્નીઓમાંથી જેને ઇચ્છે પાછળ કરી દે અને જેને ચાહે પોતાની પાસે નજીક કરી દે. આ રસૂલ ﷺ માટે વિશિષ્ટ હુકમ છે, સામાન્ય ઉમ્મતના લોકો માટે જ્યારે એક કરતાં વધુ સ્ત્રીઓ હોય તો બધામાં બરાબરી કરવી જરૂરી છે તેનાથી વિરુદ્ધ કરવું હરામ છે, બરાબરીથી ભાવાર્થ

ભરણ પોષણની સમાનતા અને રાત પસાર કરવાની સમાનતા છે, એટલે કે જેટલી રાતો એક પત્ની સાથે પસાર કરે એટલી જ બીજી અને ત્રીજી સાથે પસાર કરવી જોઈએ, ઓછું વત્તું કરવું નાજાઇઝ છે પરંતુ નબીએ કરીમ ﷺને આ બાબતમાં સંપૂર્ણ અધિકાર આપી દેવામાં આવ્યો અને બધી જ પત્નીઓની બરાબરીના હુકમથી બાકાત કરવામાં આવ્યા અને આયતના અંતે એ પણ અધિકાર આપ્યો કે જે પત્નીને એક વખતે દૂર રાખવાનો ઈરાદો કરી લીધો પછી જો ઈચ્છે તો તેને પણ નજીક કરી શકે છે. وَمَنِ ابْتَغَيْتَ مِمَّنْ عَزَلْتَ فَلَا جُنَاحَ عَلَيْكَ નો આ જ ભાવાર્થ છે.

અલ્લાહ તઆલાએ નબીએ કરીમ ﷺને એ પ્રતિષ્ઠા અર્પણ કરી કે અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)માં બરાબરી કરવાના હુકમથી બાકાત કર્યા પરંતુ રસૂલે કરીમ ﷺએ આ છૂટછાટ અને પરવાનગી છતાં પોતાની પ્રવૃત્તિમાં હંમેશા સમાનતાની જ કાળજી રાખી, ઈમામ અબૂબક્ર જસ્સાસ (રદિ.)એ કહ્યું કે હદીષની રિવાયત એ જ છે કે નબીએ કરીમ ﷺ આ આયતના નાઝિલ થયા પછી પણ પવિત્ર પત્નીઓમાં સમાનતાની કાળજી હંમેશા રાખતા હતા પછી પોતાની સનદો સાથે હઝરત્ આયશા સિદીકા (રદિ.)થી આ હદીષ નકલ કરી જે મુસ્નદે અહમદ, તિરમિઝી, નસાઈ અને અબૂ દાવુદ વગેરેમાં પણ ઉપસ્થિત છે.

كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقْسِمُ فَيَعْدِلُ فَيَقُوْلُ اَللّٰهُمَّ هٰذَا قَسْمِىْ فِيْمَا

اَمْلِكُ فَلَا تَلُمْنِىْ فِيْمَا لَا اَمْلِكُ قَالَ اَبُوْدَاوُدَ يَعْنِى الْقَلْبَ،

"રસૂલે કરીમ ﷺ બધી પત્નીઓમાં બરાબરી કરતા હતા અને આ દુઆ કર્યા કરતા હતા કે યા અલ્લાહ ! જે વસ્તુમાં મને અધિકાર છે તેમાં તો મેં બરાબરી કરી લીધી એટલે કે ભરણ પોષણ અને રાતવાસો વગેરેમાં પરંતુ જેમાં મારો અધિકાર નથી તે મા'મલામાં મને મલામત ન કરજો. (ભાવાર્થ દિલની મહોબ્બત છે, કોઈનાથી વધારે, કોઈનાથી ઓછી હોવી વ્યક્તિના કાબૂમાં નથી)."

સહીહ બુખારીમાં હઝરત આયશા સિદીકા (રદિ.)થી રિવાયત છે કે જો રસૂલે કરીમ ﷺને કોઈ પત્નીના વારામાં તેમના ત્યાં જવાથી કોઈ કારણ હોતું તો

રસૂલે કરીમ ﷺ તેમનાથી પરવાનગી લઈ લેતા હતા જ્યારે કે આ આયત પણ નાઝિલ થઈ ચૂકી હતી. ....تُــــــوِئُ اِلَيْكَ (જેમાં..... પત્નીઓમાં બરાબરી કરવાનો ફરજ આપ ﷺને મા'ફ કરવામાં આવ્યો.)

આ હદીષ પણ બધી હદીષની કિતાબોમાં પ્રખ્યાત છે કે મરણ પથારીમાં જ્યારે રસૂલે કરીમ ﷺને અઝ્વાઝે મુતહ્હરાત (રદિ.)ના ઘરોમાં દરરોજ જવું મુશ્કેલ થઈ ગયું તો રસૂલે કરીમ ﷺએ બધા પાસે પરવાનગી પ્રાપ્ત કરીને હઝરત આયશા (રદિ.)ના ઘરમાં બીમારીના દિવસો પસાર કરવાનું અપનાવ્યું હતું.

અંબિયા (અલૈ.) ખાસ કરીને સય્યિદુલ અંબિયા ﷺની મુબારક ટેવ એ જ હતી કે જે કાર્યોમાં રસૂલે કરીમ ﷺને અલ્લાહ તઆલા તરફથી કોઈ છૂટછાટ તેમની સરળતા માટે આપવામાં આવતી હતી તો તેનો આભાર માનવા સ્વરૂપે રસૂલે કરીમ ﷺ મોટે ભાગે પૂર્વવત્ અમલ કરતા હતા અને છૂટછાટને માત્ર જરૂરતના સમયે ઉપયોગ કરતા હતા.

ذٰلِكَ اَدْنٰـى اَنْ تَقَـرَّ اَعْيُنُهُنَّ وَلَا يَحْـزَنَّ وَيَـرْضَيْنَ.... આ છઠ્ઠા હુકમમાં એટલે કે નબીએ કરીમ ﷺની અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ની સમાનતા ફરજ હોવાનું ઉઠાવી દેવું અને રસૂલે કરીમ ﷺને દરેક પ્રકારનો અધિકાર આપી દેવું તેનું કારણ અને હિકમતનું વર્ણન છે. રસૂલે કરીમ ﷺને આ સામાન્ય અધિકાર આપવાની મસ્લિહત એ છે કે બધી અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ની આંખો ઠંડી રહે અને તે પોતાના હિસ્સા ઉપર રાજી રહે.

અત્રે એ શંકા થઈ શકતી હતી કે અઝ્વાજે મુતહ્હરત (રદિ.)ની ઇચ્છા અને મરજી વિરુદ્ધ આ તેમના રંજનું કારણ બની શકે છે તેને અઝ્વાજે મુતહ્હરત (રદિ.)ની ખુશીનું કારણ કેવી રીતે ઠરાવવામાં આવ્યું ? તેનો જવાબ તફસીરના ખુલાસામાં ઉપર આવી ચૂક્યો છે અને અસલ નારાજીનું મૂળ કારણ પોતાનો હક હોય છે, જે વ્યક્તિ વિશે મનુષ્યને એ ખબર હોય કે મારો ફલાણો હક તેના માથે વાજિબ છે જો તે તેની અદાયગીમાં ઉણપ રાખે તો રંજ ગમ થાય છે અને જે વ્યક્તિ ઉપર આપણો કોઈ વાજિબ હક ન હોય પછી તે જે કંઈ પણ કૃપા કરે તે ખુશી હોય છે, અહીંયાં પણ જ્યારે એ બતાવવામાં આવ્યું કે પવિત્ર પત્નીઓમાં

બરાબરી કરવી રસૂલે કરીમ ﷺ ઉપર વાજિબ નથી બલકે રસૂલે કરીમ ﷺ મુખ્તિયાર છે તો હવે જે પત્નીને જેટલો હિસ્સો રસૂલે કરીમ ﷺના ધ્યાન અને સંગાથનો મળશે તે તેઓ એક અહેસાન અને ભેટ સમજીને ખુશ થશે.

અંતે ફરમાવ્યું, وَاللّٰهُ يَعْلَمُ مَافِىْ قُلُوْبِكُمْ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَلِيْمًا એટલે કે, અલ્લાહ તઆલા જાણે છે જે કંઈ તમારા દિલોમાં છે અને તે સર્વજ્ઞ અને ઘણો સહનશીલ છે. પ્રસ્તુત આયતોમાં ઉપરથી અહીંયાં સુધી એ હુકમોનું વર્ણન ચાલ્યું આવે છે જે રસૂલે કરીમ ﷺની નિકાહ વિશે કોઈને કોઈ પ્રકારે વિશિષ્ટતા ધરાવે છે, આગળ પણ આવા જ અમુક હુકમોનું વર્ણન આવી રહ્યું છે. વચ્ચે આ આયત કે અલ્લાહ તઆલા તમારા દિલોની હાલત જાણે છે, તે સઘળું જાણનાર અને સહનશીલ છે, તે દેખીતી રીતે પૂર્વાપર સંદર્ભમાં મેળ ખાતું નથી. રૂહુલ મઆનીમાં ફરમાવ્યું કે પ્રસ્તુત હુકમોમાં રસૂલે કરીમ ﷺ માટે ચારથી વધારે પત્નીઓની પરવાનગી અને વિના મહરે નિકાહની પરવાનગીથી કોઈના દિલમાં શયતાની વસવસાઓ અને ભ્રમણાઓ પેદા થઈ શકતી હતી એટલા માટે વચ્ચે આ આયતે એ માર્ગદર્શન આપી દીધું કે મુસલમાનો પોતાના દિલોની આવા વસવસાઓથી હિફાઝત કરે અને તેના ઉપર ઈમાનને પાકું કરે કે આ બધી વિશિષ્ટતાઓ અલ્લાહ તરફથી છે જે ઘણી બધી હિકમતો અને મસ્લિહતો ઉપર આધારિત છે, પોતાની મનેચ્છાઓની પૂર્ણતાનો અત્રે કોઈ અવકાશ નથી.

• રસૂલે કરીમ ﷺનું સંઘર્ષરત જીવન તેની સાથે પત્નીઓની સાથે સંખ્યાનો વિષય :

ઈસ્લામના દુશ્મનોએ હંમેશા પત્નીઓની સંખ્યાના વિષયને અને ખાસ કરીને રસૂલે કરીમ ﷺની પત્નીઓની સંખ્યાને ઈસ્લામના વિરોધમાં ચર્ચાનો વિષય બનાવ્યો છે પરંતુ રસૂલે કરીમ ﷺના સમગ્ર જીવનને નજર સમક્ષ રાખવામાં આવે તો કોઈ શયતાનને પણ રિસાલતની શા'ન વિરુદ્ધ વસવસો પેદા કરવાની ગુંજાયશ નથી રહેતી, જેનાથી સાબિત છે કે રસૂલે કરીમ ﷺએ સૌથી પહેલાં નિકાહ પચ્ચીસ વર્ષની ઉંમરે હઝરત ખદીજા (રદિ.) સાથે કર્યા જે વિધવા, પ્રોઢ અને બાળકો ધરાવતાં સ્ત્રી હતા અને બે પતિઓના નિકાહમાં રહ્યા પછી રસૂલે કરીમ ﷺના નિકાહમાં આવ્યા હતા અને પચાસ વર્ષની ઉંમર સુધી આ

એક જ પ્રોઢ સ્ત્રી સાથે પોતાની યુવાનીના કાળનો સંપૂર્ણ સમય પસાર કર્યો. આ પચાસ વર્ષો મક્કાની જિંદગીના સમયના લોકોની સામે પસાર થયા, ચાલીસ વર્ષની ઉંમરમાં નુબુવ્વતના એ'લાન પછી શહેરમાં રસૂલે કરીમ ﷺનો વિરોધ શરૂ થયો અને વિરોધીઓએ રસૂલે કરીમ ﷺને સતાવવા અને તેમના ઉપર ઐબ લગાવવામાં કોઈ કસર બાકી ન છોડી. જાદૂગર કહ્યા, શાયર કહ્યા, પાગલ કહ્યા (નઊઝુબિલ્લાહ), પરંતુ કોઈ દુશ્મનને પણ રસૂલે કરીમ ﷺ તરફ કોઈ એવી વસ્તુનો સંબંધ જોડવાની તક ન મળી શકી જે તકવા અને પવિત્રતાને શંકાસ્પદ બનાવી શકે.

પચાસ વર્ષની જિંદગી પસાર થયા પછી અને હઝરત ખદીજા (રદિ.)ની વફાત પછી હઝરત સૌદહ (રદિ.) નિકાહમાં આવ્યા તેઓ પણ વિધવા હતા.

મદીનાની હિજરત અને જિંદગીના ૫૪ વર્ષો પસાર થઈ ગયા પછી સન હિજરી બે માં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની રુખ્સતી રસૂલે કરીમ ﷺના ઘરમાં થઈ, તેના એક વર્ષ પછી હઝરત હફસા (રદિ.)થી અને અમુક દિવસો પછી હઝરત ઝયનબ બિન્તે ખુઝયમા (રદિ.)થી નિકાહ થયા, આ હઝરત ઝયનબ (રદિ.) અમુક મહિનાઓ પછી મૃત્યુ પામ્યા. સન હિજરી ચારમાં હઝરત ઉમ્મે સલમા (રદિ.) જે અવલાદવાળા અને વિધવા હતા રસૂલે કરીમ ﷺના નિકાહમાં આવ્યા. સન હિજરી પાંચમાં હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)થી અલ્લાહના હુકમ અનુસાર નિકાહ થયા જેનું વર્ણન સૂરએ અહઝાબની શરૂઆતમાં આવી ચૂક્યું છે, તે સમયે રસૂલે કરીમ ﷺની જિંદગી ૫૮ વર્ષની હતી, અંતિમ પાંચ વર્ષમાં બાકીની પવિત્ર પત્નીઓ આપ ﷺના હરમમાં સામેલ થઈ. પયગમ્બર ﷺનું ખાનગી જીવન અને ઘરગૃહસ્થીની બાબત દીનના હુકમોનો એક મોટો ભાગ હોય છે, આ નવ અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)થી જે પ્રમાણે દીનનો પ્રચાર થયો તેનો અંદાજો માત્ર તેનાથી જ થઈ શકે છે કે માત્ર હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી બે હજાર બસો દશ હદીષો અને હઝરત ઉમ્મે સલમહ (રદિ.)થી ત્રણસો અડસઠ હદીષની ભરોસાપાત્ર રિવાયતો હદીષની કિતાબોમાં નોંધાયેલ છે, હઝરત ઉમ્મે સલમહ (રદિ.)એ જે હુકમો અને ફતાવા લોકોને બતાવ્યા તેના વિશે હઝરત હાફિઝ ઈબ્ને કય્યિમ (રહ.)એ "અઅ્લામુલ મૂકિઈન"માં લખ્યું છે કે જો તેને ભેગી કરવામાં આવે તો એક આગવી કિતાબ

બની જાય, બસોથી વધારે સહાબા (રદિ.) હઝરત આયશા સિદીકા (રદિ.)ના વિદ્યાર્થીઓ છે જેમણે હદીષ અને ફિકૂહ તથા ફતાવા તેમનાથી શીખ્યા છે.

ઘણી બધી પત્નીઓને નબીએ કરીમ ﷺના હરમમાં સામેલ કરવામાં તેમના કુટુંબોને ઈસ્લામ તરફ લાવવાની હિકમત પણ હતી, રસૂલે કરીમ ﷺની જિંદગીમાં આ સંપૂર્ણ નકશાને સામે રાખવામાં આવે તો શું કોઈને કહેવાની સંભાવના રહી શકે છે કે આ પત્નીઓની વધારે સંખ્યા કોઈ જાતીય વિષયપૂર્તિ માટે અથવા મહેચ્છાઓ પૂર્ણ કરવા માટે હતી ? જો એવું જ હોત તો સમગ્ર જિંદગી પ્રોઢા અને વિધવા સાથે પસાર કર્યા બાદ જિંદગીના અંતિમ પડાવને આ કામ માટે કેમ ચૂંટી કાઢવામાં આવે ? આ વિષય એક સંપૂર્ણ વિગત સાથે વળી પત્નીઓની સંખ્યાના મૂળ મસ્અલા ઉપર શરઈ અને બૌદ્ધિક તથા તાર્કિક અને આર્થિક હેસિયતની સંપૂર્ણ ચર્ચા "મઆરિફુલ કુર્આન (ગુજરાતી)"ની ત્રીજી જિલ્દમાં સૂરએ નિસાઅ્ની ત્રીજી આયત હેઠળ આવી ચૂકી છે, ત્યાં જોઈ લેવામાં આવે.

સાતમો હુકમ :

لَا يَحِلُّ لَكَ النِّسَآءُ مِنْۢ بَعْدُ وَلَا اَنْ تَبَدَّلَ بِهِنَّ مِنْ اَزْوَاجٍ وَّلَوْ اَعْجَبَكَ حُسْنُهُنَّ

એટલે કે ત્યારબાદ રસૂલે કરીમ ﷺ માટે બીજી સ્ત્રીઓથી નિકાહ હલાલ નથી અને એ પણ હલાલ નથી કે મોજૂદ પત્નીઓમાંથી કોઈને તલાક આપીને તેની જગ્યાએ બીજી બદલે.

આ આયતમાં શબ્દ مِنْۢ بَعْدُ (મિન બઅ્દ)ની... બે તફસીર થઈ શકે છે, એક એ કે "મિન બઅ્દ"નો ભાવાર્થ તે સ્ત્રીઓ કે જેઓ તે સમયે રસૂલે કરીમ ﷺના નિકાહમાં છે હવે અન્ય કોઈની સાથે આપ ﷺના નિકાહ હલાલ નથી, અમુક સહાબા (રદિ.) અને તફસીરના ઈમામોથી પણ આ જ તફસીર નકલ કરવામાં આવી છે, જેમકે હઝરત અનસ (રદિ.)એ ફરમાવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને અધિકાર આપ્યો કે દુનિયાની પ્રાપ્તિ માટે રસૂલે કરીમ ﷺથી જુદાઈ અપનાવે અથવા પછી તંગી અને છૂટછાટ જે કંઈ સામે આવે તેના ઉપર કામ ચલાવીને રસૂલે કરીમ ﷺના પત્નીત્વમાં રહે તો બધી અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)એ પોતાના ભરણ પોષણ વધારવાની માંગણી

છોડી દીધી અને આ જ હાલતમાં પત્ની સ્વરૂપે રહેવાનું પસંદ કર્યું તો તેના ઉપર ઈનામ સ્વરૂપે અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺની મુબારક જાતને પણ આ જ અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.) માટે ખાસ કરી દીધા અને તેમના સિવાય કોઈનાથી નિકાહ જાઈઝ ન રહ્યા. *(રવાહુલ બયહકી ફિ સુનનહુ કઝા ફિલ રૂહ)*

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે જે રીતે અલ્લાહ તઆલાએ અઝ્‌વાજે મુતહ્‌હરાત (રદિ.)ને રસૂલે કરીમ ﷺ માટે ખાસ કરી દીધા કે તેમના પછી પણ તે કોઈના નિકાહમાં નથી રહી શકતા એ જ પ્રમાણે રસૂલે કરીમ ﷺને પણ તેમના માટે ખાસ કરી દીધા કે આપ ﷺ તેમના સિવાય અન્ય કોઈ નકાહ નથી કરી શકતા, હઝરત ઈકરીમા (રહ.)થી પણ એક રિવાયતમાં આ જ વિવરણ નકલ થયું છે.

હઝરત ઈકરીમા (રહ.), ઈબ્ને અબ્બાસ (રદિ.) અને મુજાહિદ (રહ.) તફસીરના ઈમામોથી એક રિવાયતમાં શબ્દ "મિન બઅ્‌દ"ની આ તફસીર નકલ કરવામાં આવી છે કે, مِنْ بَعْدِ الْاَصْنَافِ الْمَذْكُوْرَةِ એટલે કે, આયતની શરૂઆતમાં રસૂલે કરીમ ﷺના માટે જેટલા પ્રકારની સ્ત્રીઓ નિકાહ માટે હલાલ કરવામાં આવી છે ત્યાર પછી એટલે કે તેમના સિવાય કોઈ અન્ય પ્રકારની સ્ત્રીઓ સાથે રસૂલે કરીમ ﷺના નિકાહ હલાલ નથી, દાખલા તરીકે આયતની શરૂઆતમાં પોતાના કુટુંબની સ્ત્રીઓમાંથી માત્ર તે સ્ત્રીઓ હલાલ કરવામાં આવી જેમણે મક્કા મુકર્રમહમાંથી મદીના તય્યિબહ હિજરત કરવામાં રસૂલે કરીમ ﷺનો સાથ આપ્યો હતો, કુટુંબની સ્ત્રીઓમાં જે મુહાજિર નથી તેમના નિકાહ રસૂલે કરીમ ﷺ સાથે હલાલ રાખવામાં નથી આવ્યા. એ જ પ્રમાણે મો'મિનહની શરત લગાવીને રસૂલે કરીમ ﷺ માટે અહલે કિતાબની સ્ત્રીઓ સાથે નિકાહ નાજાઈઝ ઠરાવવામાં આવ્યા તો આયતના વાક્ય "મિન બઅ્‌દ"નો મતલબ એ છે કે જેટલા પ્રકારની સ્ત્રીઓ રસૂલે કરીમ ﷺ માટે હલાલ કરવામાં આવી છે માત્ર તેમનામાંથી જ રસૂલે કરીમ ﷺના નિકાહ થઈ શકે છે, સામાન્ય સ્ત્રીઓમાં તો મુસલમાન હોવાની જ શરત છે અને કુટુંબની સ્ત્રીઓમાં મુસલમાન હોવાની સાથે સાથે મુહાજિરહ હોવાની શરત પણ છે, જેમાં આ બે શરતો ઉપસ્થિત ન હોય તેમની સાથે રસૂલે કરીમ ﷺના નિકાહ હલાલ નથી, આ તફસીર પ્રમાણે આ વાક્ય કોઈ નવો હુકમ નથી બલકે પહેલા હુકમની જ તાકીદ

અને ખુલાસો છે જે શરૂઆતની આયતમાં વર્ણન થયો છે અને આ આયતના કારણે નવ પછી કોઈ અન્ય સ્ત્રી સાથે નિકાહ હરામ નથી કરવામાં આવ્યા બલકે ગેરમો'મિનહ અને જેણે હિજરત નથી કરી એવી કુટુંબની સ્ત્રી સાથે નિકાહની મનાઈ થઈ છે જે પ્રથમથી જ જાણ થઈ ચૂકી છે. બાકી સ્ત્રીઓથી વધારે નિકાહ આપ ﷺના અધિકારમાં રહ્યું, હઝરત આયશા સિદીકા (રદિ.)ની એક રિવાયતમાં પણ આ બીજી તફસીરનું સમર્થન થાય છે કે રસૂલે કરીમ ﷺ માટે વધારે નિકાહની પરવાનગી રહી છે. વલ્લાહુ અઅ્લમુ.

وَلَآ اَنۡ تَبَدَّلَ بِهِنَّ مِنۡ اَزۡوَاجٍ પ્રસ્તુત આયતની જો બીજી તફસીર અપનાવવામાં આવે તો આ વાક્યનો ભાવાર્થ સ્પષ્ટ છે કે જો કે રસૂલે કરીમ ﷺની હાલની પત્નીઓ ઉપરાંત બીજી સ્ત્રીઓથી નિકાહ પ્રસ્તુત શરતો સાથે જાઇઝ છે પરંતુ એવું જાઇઝ નથી કે એકને તલાક આપીને બીજીને બદલે, એટલે કે માત્ર બદલવાની નિય્યતથી કોઈ નિકાહ જાઇઝ નથી. કોઈ પ્રકારની આવી બદલવાની નિય્યત અથવા ઇચ્છા વિના જેટલા ચાહે નિકાહ કરી શકે છે.

જો પ્રસ્તુત આયતની પ્રથમ તફસીર ભાવાર્થ તરીકે લેવામાં આવે તો અર્થ એ થશે કે હવે પછી ન તો કોઈ સ્ત્રીનો વધારો હાલના અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)માં આપ ﷺ કરી શકે છે અને ન જ કોઈને બદલી શકે છે કે તેને તલાક આપીને તેના બદલે બીજી કોઈ સ્ત્રી સાથે નિકાહ કરી લે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૫૩-૫૪-૫૫)

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَدۡخُلُوۡا بُيُوۡتَ النَّبِىِّ اِلَّاۤ اَنۡ يُّؤۡذَنَ لَـكُمۡ اِلٰى طَعَامٍ غَيۡرَ
نٰظِرِيۡنَ اِنٰٮهُ ۙ وَلٰـكِنۡ اِذَا دُعِيۡتُمۡ فَادۡخُلُوۡا فَاِذَا طَعِمۡتُمۡ فَانۡتَشِرُوۡا وَلَا مُسۡتَاۡنِسِيۡنَ
لِحَدِيۡثٍ ؕ اِنَّ ذٰلِكُمۡ كَانَ يُؤۡذِى النَّبِىَّ فَيَسۡتَحۡىٖ مِنۡكُمۡ وَاللّٰهُ لَا يَسۡتَحۡىٖ مِنَ الۡحَـقِّ ؕ
وَاِذَا سَاَلۡتُمُوۡهُنَّ مَتَاعًا فَسۡـئَلُوۡهُنَّ مِنۡ وَّرَآءِ حِجَابٍ ؕ ذٰ لِكُمۡ اَطۡهَرُ لِقُلُوۡبِكُمۡ
وَقُلُوۡبِهِنَّ ؕ وَمَا كَانَ لَـكُمۡ اَنۡ تُؤۡذُوۡا رَسُوۡلَ اللّٰهِ وَلَاۤ اَنۡ تَنۡكِحُوۡۤا اَزۡوَاجَهٗ
مِنۡۢ بَعۡدِهٖۤ اَبَدًا ؕ اِنَّ ذٰ لِكُمۡ كَانَ عِنۡدَ اللّٰهِ عَظِيۡمًا ﴿۵۳﴾ اِنۡ تُبۡدُوۡا شَيۡـئًا اَوۡ تُخۡفُوۡهُ

فَاِنَّ اللّٰهَ كَانَ بِكُلِّ شَیْءٍ عَلِيْمًا ﴿٥٤﴾ لَا جُنَاحَ عَلَيْهِنَّ فِيْۤ اٰبَآىِٕهِنَّ وَلَاۤ اَبْنَآىِٕهِنَّ
وَلَاۤ اِخْوَانِهِنَّ وَلَاۤ اَبْنَآءِ اِخْوَانِهِنَّ وَلَاۤ اَبْنَآءِ اَخَوٰتِهِنَّ وَلَا نِسَآىِٕهِنَّ وَلَا مَا
مَلَكَتْ اَيْمَانُهُنَّ ۚ وَاتَّقِيْنَ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَیْءٍ شَهِيْدًا ﴿٥٥﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! નબીના ઘરોમાં ન જાઓ પરંતુ જો તમને ખાવા માટે હુકમ થાય (ત્યારે પણ) ખાણું તૈયાર થવાની રાહ ન જોયા કરો પરંતુ જ્યારે તમને બોલાવે ત્યારે જાઓ, પછી જ્યારે ખાઈ ચૂકો તો પોતાની આપમેળે ચાલ્યા આવો અને પરસ્પર વાતોમાં દિલ લગાવીને બેસી ન રહો, તમારી આ વાતથી નબી (ﷺ)ને તકલીફ હતી, પછી તમારાથી શરમ કરે છે અને અલ્લાહ સાચી વાત બતાવવામાં શરમ નથી કરતો અને જ્યારે (નબી ﷺની) પત્નીઓ પાસે કોઈ કામની વસ્તુ માંગવા જાઓ તો પડદાની બહારથી માંગી લો, તેમાં તમારા અને તેમના દિલને ખૂબ પવિત્રતા છે અને તમારા માટે શોભાસ્પદ નથી કે અલ્લાહના રસૂલ (ﷺ)ને તકલીફ આપો અને ન જ એ કે તેમની પત્નીઓથી તેમના પછી ક્યારેય નિકાહ કરો, અલબત્ત તમારી આ વાત અલ્લાહના ત્યાં મોટો ગુનોહ છે. (૫૩) જો તમે કોઈ વસ્તુને ખોલીને કહો અથવા છુપાવો, બસ અલ્લાહ દરેક વસ્તુને જાણનારો છે. (૫૪) તે સ્ત્રીઓને પોતાના પિતાઓની સામે આવવામાં ગુનોહ નથી અને ન જ પોતાના પુત્રોની અને ન તો પોતાના ભાઈઓની અને ન જ પોતાના ભાઈઓના દિકરાઓની અને ન તો પોતાની બહેનના દિકરાઓની અને ન જ પોતાની સ્ત્રીઓની અને ન જ પોતાના હાથના માલ (કનીઝો)ની (સામે આવવામાં); અને હે સ્ત્રીઓ અલ્લાહથી ડરતી રહો, નિઃશંક અલ્લાહની સામે દરેક વસ્તુ છે. (૫૫)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! નબી (ﷺ)ના ઘરોમાં (વિના બોલાવ્યે) ન જાઓ પરંતુ જે સમયે તમને ખાવા માટે (આવવાની) પરવાનગી આપવામાં આવે, (તો

જવામાં વાંધો નથી પરંતુ ત્યારે પણ જવાનું) એ રીતે (હોય) કે એ (ખાણું) તૈયાર થવાની રાહ ન જોતા રહો (એટલે કે દા'વત વિના ન જાઓ પરંતુ જો દા'વત હોય ત્યારે પણ પ્રથમથી જ ત્યાં જઈને ન બેસી જાઓ) પરંતુ જયારે તમને બોલાવવામાં આવે (કે ચાલો, હવે ખાવા તૈયાર છે) ત્યારે જાઓ, પછી જ્યારે ખાણું ખાઈ ચૂકો તો ઉઠીને ચાલ્યા જાઓ અને વાતોમાં મન લગાવીને ન બેસી રહો, (કારણ કે) આ વાતથી નબી (ﷺ)ને અણગમો થાય છે, બસ તે તમારો લિહાજ રાખે છે (અને તે જીભથી કંઈ કહેતા નથી કે ઉઠીને ચાલ્યા જાઓ) અને અલ્લાહ તઆલા સાફ વાત કહેવાથી (કોઈનો) લિહાજ નથી કરતો (એટલા માટે સાફ સાફ કહી દેવામાં આવ્યું) અને (હવેથી આ હુકમ આપવામાં આવે છે કે રસૂલે કરીમ ﷺની પત્નીઓ તમારાથી પડદો કર્યા કરશે માટે હવેથી) જ્યારે તમે તેમની પાસે કોઈ વસ્તુ માંગો તો પડદાની બહાર (ઊભા થઈને ત્યાં)થી માંગ્યા કરો (એટલે કે વિના જરૂરતે પડદાની પાસે જઈને વાત પણ ન કરવી જોઈએ પરંતુ જરૂરતના સમયે વાતચીતમાં વાંધો નથી પરંતુ એકબીજાને જોવા ન જોઈએ) આ વાત (કાયમ માટે) તમારા દિલો અને તેમના દિલોને પાક રહેવાનું ઉત્તમ માધ્યમ છે (એટલે કે જે રીતે કે અત્યાર સુધી બંનેના દિલો પાક છે તેનાથી હવે પછી પણ પવિત્રતા ભ્રષ્ટ થવાથી રક્ષણ થઈ ગયું કે જે ગેરમાસૂમ હોવાના કારણે પ્રાકૃતિક સંભવિત હોઈ શકે છે) અને (અલ્લાહના નબીને કષ્ટ પહોંચાડવું હરામ હોવું માત્ર ફુઝૂલ વાતચીતમાં બેસી રહેવાના સ્વરૂપ ઉપર જ આધારિત નથી, બલકે આ ખુલ્લો હુકમ છે કે) તમને (કોઈ બાબતમાં) જાઈઝ નથી કે રસૂલુલ્લાહ (ﷺ)ને તકલીફ પહોંચાડો અને ન જ એ જાઈઝ છે કે તમે આપ (ﷺ) પછી તેમની પત્નીઓથી ક્યારેય નિકાહ કરો, આ અલ્લાહ સમીપ ભારે (ગુનાહની) વાત છે (અને જે પ્રમાણે આ નિકાહ જાઈઝ નથી એ જ પ્રમાણે તેને જીભથી વર્ણન કરવું અથવા દિલમાં ઈરાદો કરવો બધું ગુનોહ છે, બસ) જો તમે (તેના વિશે) કોઈ વસ્તુને (જીભથી) જાહેર કરશો અથવા તે (ઈરાદા)ને (દિલમાં) ગુપ્ત રાખશો તો અલ્લાહ તઆલા(ને બધી ખબર હશે કારણ કે તે) દરેક વસ્તુને સારી પેઠે જાણે છે (બસ, તમને તેના ઉપર શિક્ષા આપશે અને અમે જે ઉપર હિજાબ-પડદાનો હુકમ આપ્યો છે તેમાંથી અમુક બાકાત પણ છે જેમનું વર્ણન એ છે કે) પયગમ્બરની પત્નીઓ ઉપર પોતાના પિતાઓ (સામે હોવાના) વિશે કોઈ

ગુનોહ નથી અને ન જ પોતાના દિકરાઓના (એટલે કે જેને પુત્ર હોય) અને ન તો પોતાના ભાઈઓના અને ન જ પોતાના ભત્રીજાઓના અને ન તો પોતાના ભાણિયાઓના અને ન જ પોતાની (સહધર્મી) સ્ત્રીઓના અને ન જ પોતાની કનીઝોના (એટલે કે તેમની સામે આવવું જાઇઝ છે) અને (હે પયગમ્બરની પત્નીઓ ! આ પ્રસ્તુત હુકમોના અમલમાં) અલ્લાહથી ડરતી રહો (કોઈ હુકમનો વિરોધ ન થવા પામે) બેશક ! અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર દેખરેખ રાખનાર છે (એટલે કે તેનાથી કોઈ વસ્તુ ગુપ્ત નથી, જે તેનો વિરોધ કરે તેણે સજાથી ડરવું જોઈએ).

મંસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં ઈસ્લામિક સમાજના અમુક શિષ્ટાચાર અને હુકમોનું વર્ણન છે જેનો સંબંધ પાછલી આયતો સાથે એ છે કે જે શિષ્ટાચારની આ આયતોમાં તાકીદ કરવામાં આવી છે તે શરૂઆતમાં રસૂલે કરીમ ﷺના મકાન અને આપ ﷺની અઝ્વાજે મુતહ્હરાત (પવિત્ર પત્નીઓ) રદિ. વિશે નાઝિલ થયા છે, જો કે આ હુકમો આપ ﷺની જાત સાથે ખાસ નથી.

પ્રથમ હુકમ જમવાની દા'વત અને મહેમાનગીરીના અમુક શિષ્ટાચાર અને અદબો :

يَـاَيُّهَاالَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ اِلَّآ اَنْ يُّؤْذَنَ لَكُمْ اِلٰى طَعَامٍ غَيْرَ نٰظِرِيْنَ اِنٰهُ وَلٰكِنْ اِذَا دُعِيْتُمْ فَادْخُلُوْا فَاِذَا طَعِمْتُمْ فَا نْتَشِرُوْا وَلَا مُسْتَاْنِسِيْنَ لِحَدِيْثٍ،

તેમાં ખાવાની દા'વત અને મહેમાનગીરી વિશે ત્રણ હુકમોનું વર્ણન છે અને આ હુકમો જો કે બધા મુસલમાનો માટે સર્વસામાન્ય છે પરંતુ આયત ઊતરવાનું કારણ એક ખાસ ઘટના સંબંધિત રસૂલે કરીમ ﷺના મકાનમાં બન્યું એટલા માટે વિષયમાં بُيُوْتَ النَّبِيِّ (બુયૂતુન્નબીય્યિ) "નબીના ઘરો"નું વર્ણન કરવામાં આવ્યું. પ્રથમ એ કે નબી ﷺના મકાનોમાં પરવાનગી વિના પ્રવેશ ન કરો.

لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ اِلَّا اَنْ يُّؤْذَنَ لَكُمْ

બીજો શિષ્ટાચાર એ છે કે જ્યારે પ્રવેશ કરવાની પરવાનગી મળે બલકે

જમવાની દા'વત પણ હોય તો સમય પહેલાં આવીને ખાણું તૈયાર થવાની રાહ જોઈને બેસી ન જાઓ. غَيْرَ نَاظِرِيْنَ اِنٰهُ માં શબ્દ نَاظِرُ (નાઝિર)નો અર્થ આ સ્થળે "રાહ જોવું" થાય છે અને શબ્દ اَنَـا એ બ કસરે હમ્ઝહ ખાવા પકાવવાને કહે છે. આ આયતમાં لَا تَدْخُلُوْا (લા તદ્ખુલૂ)થી એક અપવાદ તો اِلَّا اَنْ يُّؤْذَنَ لَكُمْ ને اِلَّا (ઈલ્લા) શબ્દથી વર્ણન કરવામાં આવ્યો છે અને બીજો અપવાદ શબ્દ غَيْــــرَ (ગયૂર) છે જેનો ભાવાર્થ એ થયો કે ન તો વિના પરવાનગીએ પ્રવશે કરો અને ન જ સમયથી પહેલાં આવીને ખાણું તૈયાર થવાની રાહ જુઓ, બલકે સમય ઉપર જ્યારે બોલાવવામાં આવે તે સમયે મકાનમાં દાખલ થાઓ. وَلٰكِنْ اِذَا دُعِيْتُمْ فَادْخُلُوْا

ત્રીજો શિષ્ટાચાર એ છે કે જ્યારે જમવાથી પરવારી ચૂકો તો પોતપોતાના કાર્યોમાં વિખેરાઈ જાઓ, દા'વતના ઘરમાં પરસ્પર વાતો કરવા માટે અડીંગો જમાવી ન બેસો. فَاِذَا طَعِمْتُمْ فَانْتَشِرُوْا وَلَا مُسْتَاْنِسِيْنَ لِحَدِيْثٍ

મસ્અલો :

આ સામાન્ય પરિસ્થિતિઓમાં જ્યાં સ્વાભાવિક રીતે મહેમાનોને ખાધા પછી મોડે સુધી બેસી રહેવું મેજબાન (દા'વત આપનાર) માટે તકલીફનું કારણ હોય છે ભલે એટલા માટે કે તે ફારિગ થઈને બીજા કામોમાં લાગવા ઈચ્છે છે અથવા એટલા માટે કે તેમને ફારેગ કરીને બીજા મહેમાનોને ખવડાવવાનો મકસદ છે અને જ્યાં પરિસ્થિતિઓ અને સ્વાભાવિક રીતે એ જાણ થાય કે ખાધા પછી મહેમાનોનું મોડે સુધી પરસ્પર વાતોમાં પ્રવૃત્ત રહેવું મેજબાન માટે તકલીફનું કારણ નથી તો તે આનાથી બાકાત છે જેમકે આજકાલ પાર્ટીઓ અને દા'વતોમાં રિવાજ થઈ ગયો છે, તેની દલીલ આયતનું આગલું વાક્ય છે જેમાં ફરમાવવામાં આવ્યું છે. اِنَّ ذٰلِكُمْ كَانَ يُؤْذِى النَّبِىَّ فَيَسْتَحْيِىْ مِنْكُمْ وَاللّٰهُ لَا يَسْتَحْيِىْ مِنَ الْحَقِّ એટલે કે, ખાધા પછી વાતોમાં મશ્ગૂલ થવાની મનાઈનું કારણ એ છે કે એવું કરવાથી નબીએ કરીમ ﷺને તકલીફ પહોંચતી હતી, કારણ કે મહેમાનોના ખાવાની વ્યવસ્થા સ્ત્રીઓના મકાનમાં થતી હતી, ત્યાં મહેમાનોનું મોડે સુધી રોકાયેલા રહેવું ઘરવાળાઓ માટે તકલીફનું કારણ બનવું દેખીતું છે.

આયતમાં એ પણ ઈરશાદ ફરમાવ્યો કે નબીએ કરીમ ﷺને જો કે મહેમાનોની આ રીતભાતથી તકલીફ પહોંચે છે કારણે કે તેઓ પોતાના ઘરમાં

મહેમાન છે તો એ પરિસ્થિતિમાં તેમને શિષ્ટ અને અદબ શિખવાડવાથી હયા અને શરમ અવરોધ બને છે પરંતુ સત્ય વાતની જાહેરાતમાં અલ્લાહ તઆલા શરમ કરતો નથી.

મસ્અલો :

આ વાક્યથી મહેમાનોની ઈજ્જત અને સન્માન તથા તેમની સેવા સુશ્રુષાની કેટલી કાળજી રાખવાની હોય છે તે જાણ થઈ, જો કે મહેમાનગીરીના શિષ્ટાચાર શિખવાડવા આપ ﷺના ફરજોમાંથી હતું પરંતુ પોતાના મહેમાન હોવાની પરિસ્થિતિમાં રસૂલે કરીમ ﷺએ તેને પણ મોકૂફ કર્યું ત્યાં સુધી કે પોતે અલ્લાહ તઆલાએ કુર્આનમાં આ શિષ્ટાચાર શિખવાડવાની કાળજી લીધી.

બીજો હુકમ; સ્ત્રીઓનો પડદો :

وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَاسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ ط ذٰلِكُمْ اَطْهَرُ لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ

તેમાં પણ જો કે આયત ઊતરવાની પૂર્વભૂમિકા એક ખાસ ઘટનાની બીના ઉપર છે અને વ્યાખ્યામાં ખાસ અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)નું વર્ણન છે પરંતુ આ હુકમ સમગ્ર ઉમ્મત માટે સર્વસામાન્ય છે, હુકમનો ખુલાસો એ છે કે સ્ત્રીઓથી જો અન્ય પુરુષોને કોઈ વપરાશની વસ્તુ, વાસણો, કપડાં વગેરે લેવું જરૂરી હોય તો સામે આવીને ન લે બલકે પડદાની પાછળથી માંગે અને ફરમાવ્યું કે આ પડદાનો હુકમ પુરુષો અને સ્ત્રીઓ બંનેના દિલોને જાતીય ભ્રમણાઓ અને વસવસાઓથી પવિત્ર રાખવા માટે આપવામાં આવ્યો છે.

સ્ત્રીઓના પડદાનું ખાસ મહત્ત્વ :

આ સ્થળે એ વાત ધ્યાન આપવાપાત્ર છે કે આ પડદાના હુકમો જે સ્ત્રીઓ અને પુરુષોને આપવામાં આવ્યા છે તેમનામાં સ્ત્રીઓ તો અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) છે જેમના દિલોને પાક સાફ રાખવાની પોતે અલ્લાહ તઆલાએ જવાબદારી લીધી છે જેનું વર્ણન આનાથી આગલી આયત لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَيْتِ માં વિગતવાર આવી ચૂક્યું છે. બીજી બાજુ જે પુરુષોને સંબોધન છે તે રસૂલે કરીમ ﷺના સહાબએ કિરામ (રદિ.) છે જેમનામાં ઘણા બધા લોકોનું સ્થાન ફરિશ્તાઓથી પણ આગળ છે.

પરંતુ આ બધી બાબતો હોવા છતાં તેમના દિલોની પવિત્રતા જાળવવા અને મનની ભ્રમણાઓથી બચવા માટે એ જરૂરી સમજવામાં આવ્યું કે પુરુષ અને સ્ત્રી વચ્ચે પડદો કરાવવામાં આવે, આજે કોણ છે જે પોતાના નફ્સને સહાબએ કિરામ (રદિ.)ના પવિત્ર નફ્સથી અને પોતાની સ્ત્રીઓને અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ના નફ્સથી વધારે પવિત્ર હોવાનો દા'વો કરી શકે છે અને એ સમજે કે અમારું સ્ત્રીઓની સાથે હળવું મળવું કોઈ ખરાબીનું કારણ નથી ?

પ્રસ્તુત આયતો ઊતરવાની પૂર્વભૂમિકા :

આ આયતોના સબબે નુઝૂલ (પૂર્વભૂમિકા)માં અમુક ઘટનાઓ વર્ણન કરવામાં આવે છે જેમાં કોઈ વિરોધાભાસ નથી હોઈ શકતો કે બધી ઘટનાઓ પણ આયતો ઊતરવાનું કારણ હોઈ શકે છે, આયતની શરૂઆતમાં જે મહેમાનગીરીના શિષ્ટાચાર વર્ણન થયા કે બિન બોલાવ્યે ખાવા માટે ન જાઓ અને ખાણું તૈયાર થવાની રાહમાં ન બેસી રહો, તેનો સબબે નુઝૂલ ઈબ્ને અબી હાતિમે સુલયમાન ઈબ્ને અરકમ (રહ.)થી એ નકલ કર્યો છે કે આ આયત તે અસંસ્કારી લોકો વિશે નાઝિલ થઈ જે દા'વત વિશે કોઈના મકાનમાં જઈને બેસી જાય અને ખાવાની રાહ જુએ.

ઈમામ અબ્દ ઈબ્ને હુમૈદ (રહ.)એ હઝરત અનસ (રદિ.)થી રિવાયત કરી છે કે આ આયત અમુક તે લોકો વિશે નાઝિલ થઈ છે કે રાહ જોતા રહેતા અને ખાવાના સમય પહેલાં રસૂલુલ્લાહ ﷺના મકાનમાં જઈને બેસી જતા અને પરસ્પર વાતોમાં મશ્ગૂલ થઈ જતા ત્યાં સુધી કે ખાણું તૈયાર થઈ જતું તો તેમાં સામેલ થઈ જતા હતા, આવા લોકો માટે એ માર્ગદર્શન આપવામાં આવ્યું જે આયતની શરૂઆતમાં ઉપસ્થિત છે, આ ઘટનાઓ પડદાના હુકમો નાઝિલ થતાં પહેલાંની છે જ્યારે સામાન્ય રીતે પુરુષ અને સ્ત્રીઓ મકાનમાં આવતા જતા રહેતા હતા.

બીજો હુકમ જે સ્ત્રીઓના પડદા વિશે છે તેની આયત ઊતરવાની પૂર્વભૂમિકામાં ઈમામ બુખારી (રહ.)ની બે રિવાયતો છે, એક રિવાયત હઝરત અનસ (રદિ.)થી એ છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)એ નબીએ કરીમ ﷺને એ વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! તમારી પાસે ભલા અને બુરા દરેક

પ્રકારના વ્યક્તિઓ આવે જાય છે, જો તમે અઝ્‌વાજે મુતહ્હરાત (રદિ.)ને પડદાનો હુકમ આપી દો તો બહેતર જણાય છે, ત્યારબાદ આ "આયતે હિજાબ" (પડદાની આયત) નાઝિલ થઈ.

સહીહૈન, બુખારી અને મુસ્લિમમાં હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નું આ નિવેદન નકલ થયેલ છે કે તેમણે ફરમાવ્યું,

وَافَقْتُ رَبِّىْ فِىْ ثَلٰثٍ قُلْتُ يَارَسُوْلَ اللّٰهِ لَوِاتَّخَذْتَ فِىْ مَقَامِ اِبْرٰهِيْمَ مُصَلًّى فَاَنْزَلَ اللّٰهُ تَعَالٰى وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرٰهِيْمَ مُصَلًّى وَقُلْتُ يَارَسُوْلَ اللّٰهِ اِنَّ نِسَآءَكَ يَدْخُلُ عَلَيْهِنَّ الْبَرُّ وَالْفَاجِرُ فَلَوْ حَجَبْتَهُنَّ فَاَنْزَلَ اللّٰهُ اٰيَةَ الْحِجَابِ وَقُلْتُ لِاَزْوَاجِ النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا تَمَالَأْنَ عَلَيْهِ فِى الْغَيْرَةِ عَسٰى رَبُّهٗ اِنْ طَلَّقَكُنَّ اَنْ يُّبْدِلَهٗ اَزْوَاجًا خَيْرًا مِّنْكُنَّ فَنَزَلَتْ كَذٰلِكَ،

"મેં મારા પરવરદિગારની સાથે ત્રણ વસ્તુઓમાં મુવાફિકત કરી, એક એ કે મેં રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે મકામે ઈબ્રાહીમને પોતાની નમાઝની જગ્યા બનાવી લો તેના ઉપર અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرَاهِيْمَ مُصَلًّى *અને મેં રસૂલે કરીમ ﷺને એ વિનંતી કરી કે આપ ﷺની અઝ્‌વાજે મુતહ્હરાત (રદિ.)ની સામે દરેક ભલા અને બુરા વ્યક્તિ આવે છે બહેતર થાય કે આપ તેમને પડદો કરાવો, તેના ઉપર "આયતે હિજાબ" નાઝિલ થઈ અને જ્યારે અઝ્‌વાજે મુતહ્હરાત (રદિ.)માં પરસ્પર ગયરત અને રશ્ક (માનવ સ્વભાવગત ઈર્ષ્યા) વધવા લાગ્યા તો મેં તેમને કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ તમને તલાક આપી દે તો અસંભવ નથી કે અલ્લાહ આપ ﷺને તમારાથી બહેતર પત્નીઓ અર્પણ કરે એટલા માટે ઠીક તે જ શબ્દો સાથે કુર્આન નાઝિલ થયું."*

ખુલાસો :

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ના પોતાના વાક્યમાં શિષ્ટાચાર ધ્યાનપાત્ર છે કે દેખીતી રીતે કહેવું એ હતું કે ત્રણ વસ્તુઓમાં મારા પરવરદિગારે મારી વાતનું સમર્થન કર્યું.

એક બીજી ઘટનામાં હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી સહીહ બુખારીમાં એ આવ્યું છે કે હઝરત અનસ (રદિ.)એ ફરમાવ્યું કે આયતે હિજાબની હકીકતથી હું બધાથી વધારે વાકેફ છું, કારણ કે હું આ ઘટના સમયે હાજર હતો જ્યારે કે હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.) નિકાહ પછી વિદાય લઈને નબી ﷺના હરમમાં દાખલ થયા અને મકાનમાં રસૂલે કરીમ ﷺની સાથે મોજૂદ હતા, રસૂલે કરીમ ﷺએ વલીમા માટે કંઈ ખાણું બનાવડાવ્યું અને લોકોને દા'વત આપી, ખાધા પછી અમુક લોકો ત્યાં જ અડીંગો જમાવી પરસ્પર વાતો કરવા માટે બેસી ગયા. તિરમિઝીની રિવાયતમાં છે કે રસૂલે કરીમ ﷺ પણ ત્યાં હાજર હતા અને ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત ઝયનબ (રદિ.) પણ તે જ સ્થળે મોજૂદ હતા જેઓ હયા અને શરમના કારણે ભીંત તરફ પોતાનો ચહેરો ફેરવીને બેઠા હતા. આ લોકોના આ રીતે મોડે સુધી બેસવાથી રસૂલે કરીમ ﷺને તકલીફ થઈ, રસૂલે કરીમ ﷺ ઘરની બહાર તશરીફ લાવ્યા અને બીજી અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) પાસે મુલાકાત અને સલામ માટે ચાલ્યા ગયા, જ્યારે રસૂલે કરીમ ﷺ ફરી ઘરમાં પાછા આવ્યા તો આ લોકો ત્યાં જ બેઠા હતા, રસૂલે કરીમ ﷺના પાછા વળ્યા પછી તે લોકોને અહેસાસ થયો તો વિખેરાઈ ગયા, રસૂલે કરીમ ﷺ મકાનની અંદર તશરીફ લાવ્યા તો થોડો સમય પસાર થયો હતો કે રસૂલે કરીમ ﷺ ફરી બહાર પાછા આવ્યા, હું ત્યાં મોજૂદ હતો. રસૂલે કરીમ ﷺએ આ આયતે હિજાબ જે તે જ સમયે નાઝિલ થઈ હતી પઢીને સંભળાવી,

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ....

હઝરત અનસ (રદિ.)એ આ ઘટના વર્ણન કરીને ફરમાવ્યું કે આ આયતો નાઝિલ થવામાં હું સૌથી વધારે નજીક છું કે મારી સામે જ તે નાઝિલ થઈ છે.

(તિરમિઝી કિતાબુત્તફસીર)

આયાતે હિજાબના નાઝિલ થવાના કારણોમાં આ ત્રણ ઘટનાઓ હદીષની રિવાયતોમાં ઉપસ્થિત છે જેમાં કોઈ વિરોધાભાસ નથી હોઈ શકતો કે ત્રણે ઘટનાઓ એકસામટી જ આ આયતો નાઝિલ થવાનું કારણ બની હોય.

ત્રીજો હુકમ :

અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ના રસૂલે કરીમ ﷺની વફાત પછી કોઈની

સાથે નિકાહ જાઈઝ નથી. وَمَا كَانَ لَكُمْ اَنْ تُؤْذُوْا رَسُوْلَ اللّٰهِ وَلَا اَنْ تَنْكِحُوْا اَزْوَاجَهٗ مِنْ بَعْدِهٖ اَبَدًا તેના પ્રથમ વાકયમાં તો સામાન્ય શબ્દોમાં આવી દરેક પ્રવૃત્તિ અને નિવેદનને હરામ કરી દેવામાં આવ્યું જેનાથી રસૂલે કરીમ ﷺને કષ્ટ અને તકલીફ પહોંચે, ત્યારબાદ એ હુકમ આપવામાં આવ્યો કે રસૂલે કરીમ ﷺની અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)થી રસૂલે કરીમ ﷺની વફાત પછી કોઈના નિકાહ હલાલ નથી.

પ્રસ્તુત આયતમાં ઉપર જેટલા હુકમો આવ્યા છે તેમાં જો કે સંબોધન રસૂલે કરીમ ﷺ અને આપ ﷺની અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને થયું છે પરંતુ હુકમ સર્વસામાન્ય છે, સમગ્ર ઉમ્મત માટે છે તે અંતિમ હુકમ સિવાય કે સામાન્ય ઉમ્મત માટે કાયદો એ છે કે પતિના મૃત્યુ પછી જ્યારે ઈદ્દત પસાર થઈ જાય તો તેની પત્ની બીજા વ્યક્તિ સાથે નિકાહ કરી શકે છે, અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) માટે આ ખાસ હુકમ છે કે તેઓ રસૂલે કરીમ ﷺની વફાત પછી કોઈની સાથે નિકાહ કરી શકતી નથી.

તેનું કારણ એ પણ હોઈ શકે છે કે તેઓ કુર્આનની નસથી ઉમ્મહાતુલ મુઅ્મિનીન છે અને જો કે તેમના ઉમ્મતની માતાઓ હોવાનો પ્રભાવ તેમની રૂહાની અવલાદ ઉપર નથી પડતો કે તે બધા બહેન ભાઈ બનીને પરસ્પર નિકાહ જ ન કરી શકે, પરંતુ તેમની પોતાની જાતની મર્યાદા સુધી આ નિકાહ પ્રતિબંધિત હોવાનો હુકમ આપવામાં આવ્યો.

એવું પણ કહી શકાય છે કે રસૂલે કરીમ ﷺ પોતાની કબ્ર શરીફમાં જીવંત છે, આપ ﷺની વફાતનો દરજ્જો એવો છે જેમકે કોઈ જીવીત પતિ ઘરમાંથી ગાયબ હોય એટલા માટે રસૂલે કરીમ ﷺની વારસા વહેંચણી નથી થઈ, આ જ બીનાએ રસૂલે કરીમ ﷺની અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ની તે પરિસ્થિતિ નથી જે સામાન્ય પતિઓના મૃત્યુ પછી તેમની પત્નીઓની હોય છે.

એ હિકમત પણ છે કે શરઈ કાયદાથી જન્નતમાં દરેક સ્ત્રી પોતાના અંતિમ શોહરની સાથે રહેશે, હઝરત હુઝયફા (રદિ.)એ પોતાની પત્નીને વસિય્યત કરી હતી કે જન્નતમાં સ્ત્રીઓ પોતાના અંતિમ પતિને મળશે. *(કુર્તુબી)*

એટલા માટે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને જે પ્રતિષ્ઠા અલ્લાહ તબારક

વ તઆલાએ દુનિયામાં રસૂલે કરીમ ﷺના પત્નીત્વની અર્પણ કરી છે તેને આખિરત અને જન્નતમાં પણ બાકી રાખવા માટે તેમના નિકાહ કોઈ અન્ય સાથે હરામ કરવામાં આવ્યા.

તદુપરાંત સ્વાભાવિક રીતે પણ કોઈ પતિ તેને પસંદ નથી કરતો કે તેની પત્ની કોઈ અન્યના નિકાહમાં જાય પરંતુ આ સ્વાભાવિક ઇચ્છા પૂર્ણ કરવી સામાન્ય લોકો માટે શરઈ રીતે જરૂરી નથી રસૂલે કરીમ ﷺની આ સ્વાભાવિક ઈચ્છાનું પણ અલ્લાહ તઆલાએ સન્માન કર્યું, આ રસૂલે કરીમ ﷺની ખાસ પ્રતિષ્ઠા છે.

મસ્અલો :

એ બાબત ઉપર તો ઉમ્મતની સહમતી છે કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) રસૂલે કરીમ ﷺની વફાત સુધી આપ ﷺના હરમમાં રહે તે બધાનો આ જ હુકમ છે પરંતુ જેમને આપ ﷺએ તલાક આપી દીધી અથવા કોઈ બીજા કારણે તેઓ રસૂલે કરીમ ﷺના પત્નીત્વથી અલગ થઈ ગઈ તો તેના વિશે ઉમ્મતના ફુકહાના વિવિધ નિવેદનો છે જેને કુર્તુબીએ વિગતવાર લખ્યા છે.

إِنَّ ذَٰلِكُمْ كَانَ عِندَ اللَّهِ عَظِيمًا એટલે કે, રસૂલે કરીમ ﷺને કોઈપણ રીતે પીડા કે તકલીફ પહોંચાડવી, આપ ﷺની વફાત પછી આપ ﷺના અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) સાથે નિકાહ કરવા અલ્લાહ નજીક મોટો ગુનોહ છે.

إِن تُبْدُوا شَيْئًا أَوْ تُخْفُوهُ فَإِنَّ اللَّهَ كَانَ بِكُلِّ شَيْءٍ عَلِيمًا ۝ અંતિમ આયતમાં ફરી આ વિષયનું પુનરાવર્તન કરવામાં આવ્યું કે અલ્લાહ તઆલા દિલોના ઈરાદાઓ અને વિચારોથી પણ વાકેફ છે અને કોઈ વસ્તુને છુપાવો અથવા જાહેર કરો અલ્લાહ તઆલા સામે બધું જ જાહેર છે, તેમાં તાકીદ છે કે પ્રસ્તુત હુકમોમાં કોઈ પ્રકારનો શક અથવા સંદેહ દિલમાં પેદા ન થવા દે અને પ્રસ્તુત હુકમોનો વિરોધ કરવાથી સંપૂર્ણ કાળજી રાખે.

પ્રસ્તુત આયતોમાં ત્રણ કામો વર્ણન કરવામાં આવ્યા છે તેમાં સ્ત્રીઓના પડદાનો મસ્અલો ઘણા કારણોથી વિગતવાર છણાવટ માંગી લે છે એટલા માટે તેને આવશ્યકતા અનુસાર અત્રે લખવામાં આવે છે.

પડદાના હુકમો :

નિર્લજ્જતાને નિર્મૂળ કરવાની ઇસ્લામી વ્યવસ્થા :

નિર્લજ્જતા, વ્યભિચાર, વાસના અને તેની પ્રસ્તાવના દુનિયાની તે અતિઘાતક બુરાઈઓમાંથી છે જેનો ઘાતક પ્રભાવ માત્ર વ્યક્તિઓ કે સામાન્ય માણસ સુધી નથી હોતો બલકે કુટુંબો અને ખાનદાનોને અને અમુક સમયે મોટા મોટા દેશોને તબાહ કરી દે છે અત્યારે દુનિયામાં જેટલી ખૂનામરકીની ઘટનાઓ જોવા મળે છે જો સાચું સંશોધન કરવામાં આવે તો મોટા ભાગની ઘટનાઓની પ્રશ્ચાત ભૂમિકામાં કોઈ સ્ત્રી અથવા જાતીય વાસના લોલુપતાનું જાળ નજરે પડશે, એ જ કારણ છે કે જ્યારથી દુનિયા પેદા થઈ છે તેમાં કોઈ કોમ, કોઈ ધર્મ, કોઈ પ્રદેશ એવો નથી જે આ બુરાઈ અને તે ઘાતક અને અતિ ખતરનાક દુષણ હોવા ઉપર સહમત ન હોય.

દુનિયાના આ અંતિમ પડાવમાં યુરોપની કોમોએ પોતાના ધર્મની હદો અને પ્રાચીન તથા કોમી રીત રસમો બધું તોડીને જો કે વ્યભિચારને પોતાની જાતમાં કોઈ ગુનોહ જ નથી રહેવા દીધો અને પ્રગતિ છતાં સમાજને એવા બીબામાં ઢાળી દીધો છે કે જેમાં પ્રત્યેક કદમ ઉપર જાતીયતા અને નિર્લજ્જતાનું આમંત્રણ મળે છે પરંતુ જેના ફળ અને પરિણામોને તે પણ ક્રાઈમથી બાકાત ન કરી શક્યા, ઈજ્જતનું લીલામ, બળાત્કાર, જાહેરમાં અશ્લીલ હરકતોને સજાપાત્ર ગુનોહ ઠરાવી દેવો પડ્યો તેનું ઉદાહરણ એના સિવાય કંઈ નથી કે કોઈ વ્યક્તિ આગ લગાવવા માટે ઘાસ ભેગું કરે પછી તેના ઉપર ઘાસતેલ છાંટે, પછી તેમાં આગ લગાવે અને જ્યારે તેના ભડકા ઊઠવા લાગે ત્યારે આ ભડકા ઉપર પાબંદી લગાવે અને તેને રોકવાની ફિકર ચિંતા કરે, હાંડલી પકાવવા માટે તેની નીચે આગ સળગાવે, પછી જ્યારે તે ઉકળવા માંડે ત્યારે તેના ઊભરાતા જુસ્સાને રોકવા ઈચ્છે.

એનાથી વિપરીત ઈસ્લામે જે વસ્તુઓને ગુનાહ અને માનવતા માટે નુકસાનકર્તા ઠરાવીને સજાપાત્ર ક્રાઈમ કહ્યો છે તેની પ્રસ્તાવનાઓ ઉપર પણ પાબંદીઓ લાગુ પાડી છે અને તેમને પ્રતિબંધિત જાહેર કરી દીધી છે, આ બાબતમાં અસલ હેતુ વ્યભિચાર અને વાસનાપૂર્તિથી બચવાનો હતો તો તેને દષ્ટિ

નીચી રાખવાના કાયદાથી શરૂ કર્યું, સ્ત્રીઓ પુરુષોના સરેઆમ મેળ મિલાપને રોક્યો, સ્ત્રીઓને ઘરોની ચાર દિવાલોમાં મર્યાદિત રાખવાની સૂચના આપવામાં આવી અને આવશ્યકતાના સમયે બહાર નીકળવા માટે પણ બુરખો અથવા લાંબી ચાદરથી સંપૂર્ણ શરીર ઢાંકીને નીકળવા અને સડકના કિનારે ચાલવાની સૂચના આપવામાં આવી, સુગંધિત પદાર્થો લગાવવા અથવા સંગીત અવાજ કરનારા (ઘુઘરીઓવાળા) ઘરેણાઓ પહેરીને નીકળવાની મનાઈ કરવામાં આવી, પછી જે વ્યક્તિ આ બધી મર્યાદાઓ અને બંધનો તથા પાબંદીઓની અવગણના કરીને બહાર નીકળી જાય તેના ઉપર એવી સખત બોધપાત્ર શિક્ષા લાગુ પાડવામાં આવી કે એક વખતે કોઈ વ્યભિચારી ઉપર જો લાગુ પાડવામાં આવે તો સમગ્ર કોમને સંપૂર્ણ શીખ મળી જાય છે.

યુરોપવાળાઓ અને તેમના અનુયાયીઓએ પોતાની નિર્લજ્જતાને ન્યાયોચિત્ ઠરાવવા માટે સ્ત્રીઓના પડદાને સ્ત્રીઓના સ્વાસ્થ્ય, આર્થિક તથા સામાજિક રીતે સમાજ માટે નુકસાનકર્તા સાબિત કરવા અને વિના પડદે રહેવાના લાભો ઉપર ચર્ચાઓ કરી છે તેનો વિગતવાર જવાબ ઘણા ઉલમાએ આધુનિકતાવાદીઓને વિસ્તૃત પુસ્તકોમાં લખીને આપ્યો છે, તેના વિશે અત્રે એટલું સમજી લેવું પૂરતું છે કે લાભ અને ફાયદાથી કોઈ ગુનોહ અથવા અપરાધ ખાલી નથી, ચોરી, લૂંટફાટ, ધોકાબાજી, દગાબાજી એક સ્વરૂપે મોટો લાભ પહોંચાડનાર કારોબાર છે પરંતુ જ્યારે તેના ફળો અને પરિણામોથી આવનાર ઘાતક અસરો સામે આવે છે તો કોઈ વ્યક્તિ તેને લાભદાયક કારોબાર કહેવાની હિંમત નથી કરતો, બેપર્દગીમાં જો અમુક આર્થિક લાભો હોય પરંતુ જ્યારે સમગ્ર કોમને હજારો ફિત્ના અને ફસાદ (અરાજકતા)માં સંડોવી દે પછી તેને લાભદાયક કહેવું કોઈ બુદ્ધિશાળીનું કામ નથી હોઈ શકતું.

અપરાધને અટકાવવા માટે ઇસ્લામનો "સદ્દે જરાયેઅ્" (અપરાધના મૂળના નિકંદન)નો મજબૂત સિદ્ધાંત અને તેમાં મધ્યમ માર્ગ :

જે પ્રમાણે અકીદહના સિદ્ધાંતો તવહીદ, રિસાલત, આખિરત... બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં સમાન અને એક સરખા ચાલ્યા આવે છે એ જ પ્રમાણે સામાન્ય અપરાધો અને નિર્લજ્જતા તથા ગુનાહો દરેક શરીઅત અને

ધર્મમાં હરામ ઠરાવવામાં આવ્યા છે પરંતુ અગાઉની શરીઅતોમાં તેમના મૂળ અને કારણો તથા માધ્યમોને સદંતર હરામ ઠરાવવામાં આવ્યા ન હતા જ્યાં સુધી કે તે માધ્યમો દ્વારા કોઈ અપરાધ કરવામાં ન આવે.

શરીઅતે મુહમ્મદિય્યહ ﷺ કારણ કે કયામત સુધી રહેનારી શરીઅત છે એટલા માટે તેની સુરક્ષાની અલ્લાહ તઆલા તરફથી ખાસ કાળજી એ રાખવામાં આવી કે અપરાધ અને ગુનાહો તો હરામ હતા જ, આ ગુનાહોના કારણો અને માધ્યમોને પણ હરામ ઠરાવી દેવામાં આવ્યા જે સ્વાભાવિક રીતે મોટે ભાગે આ ગુનાહો સુધી પહોંચાડનાર હોય છે, દાખલા તરીકે દારૂ પીવાને હરામ ઠરાવવામાં આવ્યું તો દારૂ બનાવવું, વેચવું, ખરીદવું અને કોઈને આપવું પણ હરામ ઠરાવી દેવામાં આવ્યું, બસ વ્યાજને હરામ કરવું હતું તો વ્યાજથી મળતા બધા જ વ્યવહારો પણ નાજાઇઝ કરી દેવામાં આવ્યા એટલા માટે ફુકહાએ બધા જ ખોટા વ્યવહારોથી પ્રાપ્ત થનાર લાભોને વ્યાજની જેમ જ નાપાક માલ ઠરાવી દીધો, શિર્ક અને મૂર્તિપૂજાને કુર્આને મહાન અત્યાચાર અને મા'ફ ન થઈ શકે તેવો ગુનોહ ઠરાવી દીધો તો તેના કારણો અને માધ્યમો ઉપર પણ સખત પાબંદીઓ લગાવી દીધી, સૂર્ય ઊગવા અને આથમવા તથા વચ્ચેના મધ્યાહ્ન (ઝવાલ)ના સમયે કારણ કે મુશ્રિકો સૂર્યની પૂજા કરતા હતા એટલા માટે આ સમયોમાં નમાઝ પઢવામાં આવે તો સૂર્યના પૂજારીઓની સાથે એક પ્રકારની સમયની સામ્યતા થઈ જતી હતી પછી આ સામ્યતા કોઈ વખતે પોતે શિર્કમાં સપડાવવાનું કારણ બની શકતી હતી એટલા માટે શરીઅતે આ સમયોમાં નમાઝ અને સિજ્દહને પણ હરામ અને નાજાઇઝ ઠરાવી દીધો, મૂર્તિઓના પૂતળાંઓ અને ફોટાઓ કારણ કે મૂર્તિપૂજા નજીક લઈ જવાનું માધ્યમ હતું એટલા માટે મૂર્તિઓ કંડારવી અને સજીવોની ફોટોગ્રાફી હરામ ઠરાવી અને તેના ઉપયોગને પણ નાજાઇઝ ઠરાવી દીધો.

એ જ પ્રમાણે જ્યારે કે શરીઅતે વ્યભિચારને હરામ ઠરાવી દીધું તો તેના બધા જ કારણો અને તેની નજીક પહોંચાડનાર માધ્યમોને હરામમાં સામેલ કરી દીધું, કોઈ અજનબી સ્ત્રી અથવા પુરુષ ઉપર વાસનાની દૃષ્ટિ નાંખવાને આંખોનો વ્યભિચાર ઠરાવી દીધો, તેની વાતચીત સાંભળવાને કાનોનો, તેને સ્પર્શ કરવાને હાથોનો... તેના માટે મહેનત કરી ચાલવાને પગનો વ્યભિચાર ઠરાવ્યો, જેમકે

સહીહ હદીષમાં આવ્યું છે કે આ જ અપરાધોથી બચવા માટે સ્ત્રીઓ માટે પડદાના હુકમો નાઝિલ થયા.

પરંતુ કારણો અને માધ્યમોનો નજીક અને દૂર એક લાંબો ક્રમ છે, જો દૂર સુધી આ ક્રમને રોકવામાં આવે તો જિંદગી જીવવી મુશ્કેલ બની જાય અને અમલમાં ઘણી તંગી પડે જે આ શરીઅતની પ્રકૃતિ વિરુદ્ધ છે, કુર્આને કરીમે તેના વિશે ખુલ્લું એ'લાન આ કર્યું કે, مَا جَعَلَ عَلَيْكُمْ فِي الدِّينِ مِنْ حَرَجٍ એટલે કે, દીનમાં તમારા ઉપર કોઈ તંગી નથી નાંખવામાં આવી એટલા માટે કારણો અને માધ્યમો વિશે એ હિકમતપૂર્ણ ફેંસલો કરવામાં આવ્યો કે જે પ્રવૃત્તિઓ અને અમલો કોઈ ગુનાહનું એવું નજીકનું કારણ હોય કે સામાન્ય ટેવના આધારે તે માધ્યમોનો ઉપયોગ કરનાર આ ગુનાહમાં અવશ્ય સંડોવાય જ જાય છે, એવા નજીકના કારણોને ઈસ્લામે મૂળ ગુનાહની સાથે સંલગ્ન ઠરાવીને તેને પણ હરામ ઠરાવી દીધા અને જે કારણો દૂરના છે કે તેને ઉપયોગ કરનારનું ગુનાહમાં સંડોવાઈ જવું સ્વાભાવિક રીતે જરૂરી નથી બનતું પરંતુ કંઈને કંઈ ગુનાહની અસર જરૂર રહે છે એવા કારણો અને માધ્યમોને મકરૂહ ઠરાવી દીધા અને જે માધ્યમો તેનાથી પણ વધારે દૂરના છે ગુનાહમાં તેમની દખલગીરી ભાગ્યે જ કદી કદાચ જોવા મળે છે તેમને ઉપેક્ષિત કરીને મુબાહમાં સામેલ કર્યા.

પ્રથમ બાબતનું ઉદાહરણ દારૂ વેચવું છે કે આ દારૂ પીવાનું નજીકનું કારણ છે, તેને પણ શરીઅતે એટલા માટે હરામ કરી દીધું જે રીતે કે દારૂ પીવું હરામ છે, કોઈ પરાઈ સ્ત્રીને વાસનાથી હાથ લગાવવો જો કે ખુલ્લો વ્યભિચાર નથી બલકે તે વ્યભિચારની બિલકુલ નજીકનું કારણ છે, શરીઅતે તેને પણ એ જ પ્રમાણે હરામ ઠરાવી દીધું.

અને બીજી બાબતનું ઉદાહરણ એવું છે કે કોઈ એવા વ્યક્તિને દ્રાક્ષ વેચવી જેના વિશે ખબર છે કે તે તેનાથી દારૂ જ બનાવે છે, તેનો ધંધો એ જ છે અથવા તે ખુલ્લમ ખુલ્લું કહે છે કે હું આ દ્રાક્ષ શરાબ બનાવવા માટે ખરીદી રહ્યો છે, જો કે આ દ્રાક્ષ વેચવી દારૂ વેચવાના દરજ્જામાં તો નથી પરંતુ મકરૂહ અને નાજાઇઝ એ પણ છે. આ જ હુકમ સિનેમાઘરો બનાવવાનો અથવા વ્યાજુ લેનદેનવાળી બૅન્ક ચલાવવા માટે જમીન અથવા મકાન ભાડે આપવાનો છે કે મા'મલાના સમયે

જ્યારે જાણ થાય કે આ તે મકાનને નાજાઇઝ કામ માટે લઈ રહ્યો છે તો તેને ભાડે આપવું મકરૂહે તહરીમી અને નાજાઇઝ છે.

ત્રીજા દરજ્જાનું ઉદાહરણ એ છે કે સામાન્ય લોકોને દ્રાક્ષ વેચવામાં આવે જેમાં એ પણ શક્યતા છે કે કોઈ વ્યક્તિ તેનાથી દારૂ બનાવશે પરંતુ ન તો તેણે તેની જાહેરાત કરી છે અને ન જ તે આપણી જાણમાં છે કે તે એવો વ્યક્તિ છે જે દારૂ બનાવે છે તો શરઈ રીતે તેની સાથે આ પ્રમાણેનું ખરીદ વેચાણ મુબાહ અને જાઇઝ ઠરાવવામાં આવ્યું.

જરૂરી ખુલાસો :

અત્રે આ વાત યાદ રાખવી જરૂરી છે કે ઈસ્લામી શરીઅતે જે કાર્યોને ગુનાહની નજીકનું પ્રથમ દરજ્જાનું કારણ ઠરાવીને હરામ કરી દીધું તે હરામના હુકમ પછી તે બધાના માટે સદંતર હરામ છે, ભલે તે ગુનાહનું કારણ બને અથવા ન બને, હવે તે પોતે એક શરઈ હુકમ છે જેના વિરુદ્ધ કરવું હરામ છે.

આ પ્રસ્તાવના પછી એ સમજી લો કે સ્ત્રીઓનો પડદો પણ શરઈ રીતે એ જ "સદ્દે જરાયેઅ્"ના સિદ્ધાંત આધારિત છે કે પડદો છોડવાથી ગુનાહમાં સંડોવાઈ જવાના અને તેમાં પણ પ્રસ્તુત કારણો અને પ્રકારોના હુકમો લાગુ પડશે, દાખલા તરીકે કોઈ યુવાન પુરુષ સામે યુવાન સ્ત્રીએ પોતાના શરીરને ખોલવું ગુનાહનું એવું નજીકનું કારણ છે કે સ્વાભાવિકપણે જ તેના ઉપર ગુનોહ લાગુ પડવો જરૂરી જ છે એટલા માટે આ તો શરઈ રીતે વ્યભિચારની જેમ હરામ થઈ ગયું કારણ કે શરઈ રીતે આ અમલને નિર્લજ્જતા ઠરાવી દેવામાં આવ્યું છે હવે તે સદંતર હરામ છે, જો કે કોઈ નિર્દોષ સાથે મા'મલો હોય અથવા કોઈ વ્યક્તિ પોતાની મનેચ્છાઓ ઉપર સંપૂર્ણ કાબૂ રાખવાના કારણે સંતોષિત હોય કે ગુનાહથી બચી જશે, ઈલાજ અને બીમારીઓના ઈલાજ જેવા જરૂરતની બાબતો તેમાંથી બાકાત હોવી તે અલગ બાબત છે, તેનાથી મૂળ હરામ હોવાના હુકમ ઉપર પ્રભાવ પડતો નથી, આ મસ્અલો સમય અને પરિસ્થિતિઓથી પણ પ્રભાવિત નથી થતો, શરૂઆતના ઈસ્લામના સમય (કુરૂને ઊલા)માં પણ તેનો હુકમ તે જ હતો જે આજે નિર્લજ્જ અને ફસાદના દોરમાં પણ લાગુ છે.

પડદો છોડવાનો બીજો દરજ્જો એ છે કે ઘરોની ચાર દિવાલોથી બહાર

બુરખા અથવા લાંબી ચાદરથી શરીર છુપાવીને નીકળવું એ ફિત્નાનું કારણ છે પરંતુ ઘણું દૂરનું કારણ છે, તેનો હુકમ એ છે કે જો આવું કરવું ફિત્નાનું કારણ હોય તો નાજાઇઝ છે અને જ્યાં ફિત્નાનો ડર ન હોય ત્યાં જાઇઝ છે એટલા માટે તેનો હુકમ પરિસ્થિતિ અને સમય અનુસાર બદલાતા પ્રવાહમાં બદલાઈ શકે છે, રસૂલે કરીમ ﷺના સમયમાં આ પ્રમાણેનું સ્ત્રીઓનું ઘરની બહાર નીકળવું ફિત્નાનું કારણ ન હતું એટલા માટે રસૂલે કરીમ ﷺએ સ્ત્રીઓને બુરખા વગેરેથી સમગ્ર શરીર છુપાવીને મસ્જિદોમાં આવવાની અમુક શરતો સાથે પરવાનગી આપી હતી અને તેમને મસ્જિદમાં આવવાથી રોકવાની મનાઈ કરી હતી, જો કે તે સમયે પણ તેમને એ જ બાબતનું પ્રોત્સાહન આપવામાં આવતું હતું કે તેઓ નમાઝ પોતાના ઘરોમાં અદા કરે કારણ કે તેમના માટે મસ્જિદોમાં આવવાથી વધારે સવાબ ઘરમાં પઢવાથી મળે છે પરંતુ ફિત્નાનો ડર ન હોવાના કારણે મનાઈ કરી ન હતી, રસૂલે કરીમ ﷺની વફાત પછી સહાબએ કિરામ (રદિ.)એ જોયું કે હવે મસ્જિદોમાં સ્ત્રીઓનું આવવું ફિત્નાથી ખાલી નથી રહ્યું ભલે બુરખો, ચાદર વગેરે લપેટીને આવે તો તે લોકોએ ઈજ્માઅ્ અને સહમતીથી સ્ત્રીઓને મસ્જિદોમાં આવવાથી અટકાવી દીધી, હઝરત આયશા સિદીકા (રદિ.)એ ફરમાવ્યું કે જો રસૂલે કરીમ ﷺએ આજની હાલતને જોઈ હોત તો અવશ્ય સ્ત્રીઓને મસ્જિદોમાં આવવાથી અટકાવી દીધી હોત, આથી જાણ થાય છે કે સહાબએ કિરામ (રદિ.)નો ફેંસલો રસૂલે કરીમ ﷺના ફેંસલાથી અલગ ન હતો બલકે રસૂલે કરીમ ﷺએ જે શરતોની બીનાએ પરવાનગી આપી હતી હવે તે શરતો ન રહી તો હુકમ રસૂલે કરીમ ﷺના ફેંસલાથી જ બદલાઈ ગયો.

સ્ત્રીઓના પડદાનું વર્ણન કુર્આને કરીમની સાત આયતોમાં આવ્યું છે, ત્રણ સૂરએ નૂરમાં પસાર થઈ ચૂકી છે, ચાર આયતો સૂરએ અહઝાબમાં છે જેમાંથી એક પ્રથમ આવી ચૂકી છે, એક અત્યારે દષ્ટિ સમક્ષ છે અને બાકી આગળ આવશે જેમાં પડદાના દરજ્જાઓને નક્કી કરવા અને હુકમોની વિગતો અને જે તેનાથી બાકાત છે તેનું વિગતવાર વર્ણન છે, એ જ પ્રમાણે રસૂલે કરીમ ﷺની સિત્તેરથી વધારે હદીષોમાં મૌખિક અને અમલી રીતે પડદાના હુકમો બતાવવામાં આવ્યા છે, તે બધાને એક સ્થળે જાણવા માટે મુજ નાચીઝે એક આગવી કિતાબ "તફસીલુલ ખિતાબ ફી તફસીર આયાતુલ હિજાબ" લખી છે જે અરબી ભાષામાં

અહકામુલ કુર્આન, સૂરએ અહઝાબના ભાગ સ્વરૂપે પ્રકાશિત થઈ ચૂકી છે. આ તફસીર કુર્આનની તફસીરમાં દરેક આયતની તફસીર તો પોતપોતાના સ્થળે આવે છે, બાકીના વિષયો આ કિતાબમાંથી અમુક જરૂરી ટૂંકાણ સાથે અત્રે લખવામાં આવે છે.

હિજાબ (પડદા)ની આયતો ઊતરવાનો ઇતિહાસ :

સ્ત્રીઓ અને પુરુષોના એક સ્થળે કોઈ મર્યાદા વિના પરસ્પર એકઠા થવાને તો દુનિયાના સમગ્ર ઈતિહાસમાં હઝરત આદમ (અલૈ.)થી લઈને ખાતમુલ અંબિયા ﷺ સુધી કોઈપણ સમયમાં યોગ્ય સમજવામાં નથી આવ્યું અને માત્ર શરીઅતવાળાઓએ જ નહીં દુનિયાના સામાન્ય સંસ્કારી કુટુંબોએ પણ આવી રીતે મર્યાદા વિના એકઠા થવાને યોગ્ય સમજ્યું નથી.

હઝરત મૂસા (અલૈ.)એ મદયનની મુસાફરી વખતે જે સ્ત્રીઓને પોતાની બકરીઓને પાણી પીવડાવવા માટે અલગથી ઊભેલી જોયાનું વર્ણન છે તેનું કારણ એ જ બતાવવામાં આવે છે કે તે સ્ત્રીઓએ પુરુષોના ટોળામાં ઘુસવાનું પસંદ ન કર્યું, સૌથી પાછળ બચેલા પાણીને પૂરતું ગણ્યું. હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.) જેમના નિકાહ સમયે પ્રથમ આયતે હિજાબ નાઝિલ થઈ છે તેના ઊતરતા પહેલાં પણ જામેઅ્ તિરમિઝીમાં તેમના ઘરની બેઠકની આ પરિસ્થિતિ વર્ણન કરવામાં આવી છે. وَهِىَ مُوَلِّيَةٌ وَجْهَهَا اِلَى الْحَائِطِ એટલે કે, તેઓ પોતાનું મોઢું દિવાલ તરફ ફેરવીને બેઠા હતા.

આથી જાણ થઈ કે હિજાબની આયતના નાઝિલ થતાં પહેલાં પણ સ્ત્રીઓ અને પુરુષોને પણ મર્યાદારહિત એકઠા થવાનું અને વિના રોકટોક મુલાકાત કે વાતચીતનો રિવાજ સંસ્કારી અને નેક લોકોમાં ક્યાંય ન હતો, કુર્આને કરીમમાં જે પ્રથમ જાહિલિયત અને તેમાં સ્ત્રીઓના શણગાર અને દેખાવ કરવાનું વર્ણન છે તે પણ અરબના સંસ્કારી કુટુંબોમાં ન હતું બલકે કનીઝો અને અલ્લડ આવારા સ્ત્રીઓમાં એ રિવાજ હતો, અરબના સંસ્કારી કુટુંબો તેને અસભ્ય અને અસંસ્કારી સમજતા હતા, અરબનો સમગ્ર ઈતિહાસ તેનો સાક્ષી છે. ભારતમાં હિન્દુઓ, બૌદ્ધો અને અન્ય મુશ્રિક ધર્મવાળાઓમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે મર્યાદારહિત એકઠા થવાને પસંદ કરવામાં આવ્યું ન હતું, પુરુષો સાથે ખભેખભા

મિલાવી કામ કરવાનો દા'વો કરનાર તથા બજારો અને સડકો ઉપર પરેડ કરવાથી માંડી શિક્ષણથી લઈને જિંદગીના દરેક ક્ષેત્રમાં પુરુષો સાથે વિના રોકટોકની મર્યાદા રહિત ભેળસેળ, પાર્ટીઓ અને ક્લબોમાં બેરોકટોક મુલાકાતોનો ક્રમ માત્ર યુરોપની કોમોની નિર્લજ્જતા અને બેહયાઈની પેદાવાર છે જેમાં આ કોમો પણ પોતાના ભૂતકાળથી હટી ગયા પછી સંડોવાઈ ચૂકી છે પ્રાચીન સમયમાં તેમની પણ આવી પરિસ્થિતિ ન હતી, અલ્લાહ તઆલાએ જે રીતે સ્ત્રીઓની શારીરિક બાંધણીને પુરુષોથી અલગ એક વિશિષ્ટ સ્વરૂપે રાખી છે એ જ પ્રમાણે તેમના સ્વભાવોમાં પણ એક પ્રાકૃતિક શરમ અને હયાનો નૈતિક શણગાર પણ મૂક્યો છે જે તેમને સ્વાભાવિક રીતે સામાન્ય રીતે પુરુષોથી અલગ ઠલગ રહેવા અને તેમનાથી દૂર રહેવા પ્રેરે છે અને આ સ્વભાવિક તથા પ્રાકૃતિક હયાનો પડદો સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે માનવ ઉત્પત્તિની શરૂઆતથી જ રહ્યો છે, ઈસ્લામની શરૂઆતમાં પણ પરસ્પર પડદાનું આ જ સ્વરૂપ હતું.

સ્ત્રીઓના પડદાનું આ ખાસ સ્વરૂપ કે સ્ત્રીઓનું મૂળ ઠેકાણું ઘરોની ચાર દિવાલો હોવી જોઈએ અને જ્યારે કોઈ શરઈ જરૂરતથી બહાર નીકળવાનું હોય તો સંપૂર્ણ શરીરને છુપાવીને નીકળે એ મદીનાની હિજરત પછી સન હિજરી ૬ માં લાગુ પડ્યું છે.

જેની વિગત એ છે કે ઉલમાએ ઉમ્મતની સહમતીથી પડદા વિશે પ્રથમ આયત તે છે જે ઉપર વર્ણન થઈ છે. لَا تَدْخُلُوا بُيُوتَ النَّبِيِّ અને આ આયત હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.)ના નિકાહ અને તેમના નબી ﷺના હરમમાં સામેલ થવાના સમયે નાઝિલ થઈ છે, આ નિકાહના ઈતિહાસમાં હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ "અસાબહ"માં અને ઈબ્ને અબ્દુલ બર્ર (રહ.)એ "ઈસ્તીઆબ"માં બે નિવેદનો નકલ કર્યા છે કે સન હિજરી ત્રણમાં થઈ અથવા સન હિજરી પાંચમાં થઈ; હાફિઝ ઈબ્ને કષીર (રહ.)એ સન હિજરી ત્રણને અગ્રિમતા આપી છે, ઈબ્ને સઈદ (રહ.)એ હઝરત અનસ (રદિ.)થી પણ હિજરી સન ત્રણ નકલ કરી છે, હઝરત આયશા સિદીકા (રદિ.)ની અમુક રિવાયતોથી પણ તેને જ અગ્રિમતા હોવાની જાણ થાય છે. વલ્લાહુ અઅ્લમુ.

પ્રસ્તુત આયતમાં સ્ત્રીઓને પડદા પાછળ રહેવાનો હુકમ આપવામાં આવ્યો અને પુરુષોને એ હુકમ મળ્યો કે જો તેમને કોઈ વસ્તુ માંગવી હોય તો

પડદા પાછળથી માંગે, તેમાં પડદાની ખાસ તાકીદ જોવા મળે છે કે વિના જરૂરતે તો પુરુષો અને સ્ત્રીઓએ અલગ જ રહેવું જોઈએ પરંતુ જરૂરતના સમયે પણ તેમની સાથે વાત કરવી હોય તો પડદા પાછળથી કરી શકે છે.

કુર્આને કરીમમાં સ્ત્રીઓના પડદા અને તેની વિગતો વિશે સાત આયતો નાઝિલ થઈ છે, ચાર સૂરએ અહઝાબમાં અને ત્રણ સૂરએ નૂરમાં પસાર થઈ ચૂકી છે એના ઉપર બધાની સહમતી છે કે પડદા વિશે સૌ પ્રથમ નાઝિલ થનારી આયત આ છે, ...لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ اِلَّآ اَنْ يُّؤْذَنَ لَكُمْ સૂરએ નૂરની ત્રણ આયતો અને સૂરએ અહઝાબની શરૂની આયત જેમાં અઝ્વાજે મુતહ્હરાતને આ હુકમ આપવામાં આવ્યો છે કે પોતાના ઘરોમાં બેસે, وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ આ બધું જો કે કુર્આનના ક્રમમાં પહેલું છે પરંતુ ઊતરવાના આધારે પાછળનું છે, સૂરએ અહઝાબની પ્રથમ આયતમાં તેનો ખુલાસો મોજૂદ છે કે આ હુકમ તે સમયે આપવામાં આવ્યો છે જ્યારે કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને અલ્લાહ તરફથી અધિકાર આપવામાં આવ્યો હતો કે જો દુનિયાની છૂટછાટ ઇચ્છતા હોય તો રસૂલે કરીમ ﷺથી તલાક લઈ લે અને જો આખિરતને અગ્રિમતા આપીને દુનિયાની આર્થિક પરિસ્થિતિની ઉપસ્થિત હાલત ઉપર કરકસર કરે તો નિકાહમાં રહે.

આ تَخْيِيْرُ ની ઘટનામાં આ પણ ઉપસ્થિત છે કે જે પવિત્ર પત્નીઓ (રદિ.)ને આ અધિકાર આપવામાં આવ્યો હતો તેમાં હઝરત ઝયનબ બિન્તે જહશ (રદિ.) પણ સામેલ હતાં, તેનાથી જાણ થઈ કે તેમના નિકાહ આ આયત પહેલાં થઈ ચૂક્યા હતા. આ આયત પાછળથી નાઝિલ થઈ છે, એ જ પ્રમાણે સૂરએ નૂરની આયતો જેમાં પડદા વિશે વિગતો આવી છે એ જો કે કુર્આનના ક્રમમાં અગ્રસ્થાને છે પરંતુ નાઝિલ થવાના આધારે તે પણ ત્યાર પછીના કિસ્સએ ઈફ્ક قِصَّةُ اِفْك ની સાથે નાઝિલ થઈ છે અને શરઈ પડદાના હુકમો તે સમયથી લાગુ પડેલા છે જ્યારે કે હઝરત ઝયનબ (રદિ.)ના નિકાહમાં પડદાની આયત નાઝિલ થઈ, સૂરએ નૂરની હિજાબ વિશેની આયતો સૂરએ નૂરની તફસીરમાં વર્ણન થઈ ચૂકી છે.

સ્ત્રીના સતર (શરઈ શરીર ઢાંકવાની હદ)ના હુકમો અને સ્ત્રીઓના હિજાબ (પડદા)માં તફાવત :

પુરુષ અને સ્ત્રીના શરીરનો તે ભાગ જેને અરબીમાં عَوْرَتْ (ઔરત) અને

ઉર્દૂ ફારસીમાં سَتر (સતર) કહેવામાં આવે છે જેને સૌથી છુપાવવું શરઈ પ્રાકૃતિક અને બૌદ્ધિક તાર્કિક સ્વરૂપે પણ ફરજ છે અને ઈમાન પછી સૌ પ્રથમ ફરજ જેના ઉપર અમલ જરૂરી છે તે સ્ત્રીઓનું સતર એટલે કે સ્ત્રીઓના શરીરના અવયવો (અંગો-ઉપાંગો)ને છુપાવવું છે, આ ફરજ તો જગતની ઉત્પત્તિથી જ ફરજ છે. બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં ફરજ રહ્યું છે બલકે શરીઅતોના અસ્તિત્વ પહેલાં પણ જ્યારે જન્નતમાં પ્રતિબંધિત ઝાડ ખાઈ લેવાના કારણે હઝરત આદમ અને હવ્વા (અલૈ.)નો જન્નતી પોષાક ઊતરી ગયો અને સતર ખુલી ગયું તો ત્યાં પણ હઝરત આદમ (અલૈ.)એ સતર ખુલ્લું રાખવાનું જાઈઝ નથી સમજ્યું એટલા માટે હઝરત આદમ અને હઝરત હવ્વા (અલૈ.) બંનેએ જન્નતના પાંદડા પોતાના શરીર ઉપર બાંધી લીધા طَفِقَا يَخْصِفَانِ عَلَيْهِمَا مِنْ وَّرَقِ الْجَنَّةِ નો હેતુ જ દુનિયામાં આવ્યા પછી હઝરત આદમ (અલૈ.)થી લઈ ખાતમુલ અંબિયા (અલૈ.) સુધી દરેક પયગમ્બર (અલૈ.)ની શરીઅતમાં સતર છુપાવવું ફરજ રહ્યું છે, સ્ત્રીઓના સતરના અવયવોને નિર્ધારિત કરવામાં મતભેદ હોઈ શકે છે કે સતરની હદ ક્યાંથી ક્યાં સુધી છે પરંતુ મૂળ સ્ત્રીનું સતર ફરજ હોવું બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં હતું અને આ ફરજ દરેક મનુષ્ય પુરુષ અથવા સ્ત્રી ઉપર વ્યક્તિગત રીતે લાગુ પડે છે કોઈ અન્ય જોનાર હોય કે ન હોય, એટલા માટે જો કોઈ વ્યક્તિ અંધારી રાતમાં નગ્ન હાલતમાં નમાઝ પઢે જ્યારે કે સતર છુપાવવાપાત્ર કપડું તેની પાસે મોજૂદ હોય તો આ નમાઝ સર્વસહમતીથી નાજાઈઝ છે જ્યારે કે તેને નગ્ન જોનાર કોઈ હાજર નથી. (બહરુર્રાઈક) આ જ પ્રમાણે નમાઝ જો કોઈ એવી જગ્યાએ પઢી જ્યાં બીજો કોઈ જોનારો વ્યક્તિ નથી તે સમયે પણ જો નમાઝમાં સતર ખુલી ગયું તો નમાઝ તૂટી જશે.

(બધી જ ફિક્હની કિતાબો પ્રમાણે)

નમાઝની હાલત પછી પણ લોકો સામે સતર છુપાવવું ફરજ હોવામાં તો કોઈ મતભેદ જ નથી પરંતુ એકાંતમાં જ્યાં કોઈ અન્ય વ્યક્તિ જોનારો ઉપસ્થિત ન હોય ત્યાં પણ સાચું નિવેદન એ જ છે કે નમાઝની બહારની પરિસ્થિતિમાં પણ શરઈ જરૂરત વિના અથવા સ્વાભાવિક આવશ્યકતા વગર સતર ખોલીને નગ્ન બેસવું જાઈઝ નથી. *(કમા ફિલ્ બહ્ર અન શરહુલ મુનિયા)*

આ હુકમ તો સ્ત્રીઓનો હતો જે ઈસ્લામથી પહેલાં બલકે જગતની

ઉત્પત્તિથી તમામ અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં ફરજ રહ્યો છે જેમાં પુરુષ અને સ્ત્રી બંને સમાન છે, એકાંત હોય કે જાહેરમાં, બધું એક સરખું છે જેમકે લોકોની સામે નગ્ન થવું જાઇઝ નથી એવી જ રીતે એકાંતમાં પણ વિના જરૂરતે નગ્ન રહેવું જાઇઝ નથી.

બીજો મસ્અલો :

હિજાબ અને પડદા વિશે બીજો મસ્અલો એ છે કે સ્ત્રીઓ અજનબી પુરુષોથી પડદો કરે, આ મસ્અલામાં એટલી વાત તો અંબિયા (અલૈ.), સુલહા (રહ.) અને સંસ્કારી લોકોમાં હંમેશાથી રહી છે કે અજનબી પુરુષો સાથે સ્ત્રીઓનું બેરોકટોક હળવું ભળવું ઠીક નથી. હઝરત શુઅયૂબ (અલૈ.)ની બે દિકરીઓનો કિસ્સો જે કુર્આને કરીમના ૨૦માં સિપારામાં આવ્યો છે તેમાં તે દિકરીઓ પોતાની બકરીઓને પાણી પીવડાવવા માટે વસ્તીના કુવા ઉપર ગઈ જ્યાં લોકોની ભીડ હતી, તેઓ પોતપોતાના જાનવરોને પાણી પીવડાવી રહ્યા હતા તો કુર્આને કરીમમાં છે કે આ છોકરીઓ એક તરફ અલગ થઈને ઊભી થઈ ગઈ અને હઝરત મૂસા (અલૈ.) તે સમયે અચાનક એક મુસાફર તરીકે ત્યાંથી પસાર થયા તો તેમણે આ છોકરીઓને અલગ ઊભેલી જોઈને કારણ પૂછ્યું તો તે પુત્રીઓએ બે વાતો બતાવી.

પ્રથમ એ કે આ સમયે અત્યારે અહીંયાં પુરુષોની ભીડ છે અમે પોતાના પ્રાણીઓને પાણી તે સમયે પીવડાવીશું જ્યારે આ લોકો પરવારીને ચાલ્યા જશે.

બીજી વાત એ પણ બતાવી કે અમારી પિતા અશક્ત અને વૃદ્ધ છે જેનાથી ઈશારો એ તરફ છે કે જાનવરોને પાણી પીવડાવવા માટે નીકળવું સામાન્ય સ્વાભાવિક રીતે સ્ત્રીઓનું કામ ન હતું પરંતુ પિતાની કમજોરી અને મજબૂરી તથા બીજો કોઈ વ્યક્તિ હાજર ન હોવાના કારણે આ કામ અમારે કરવું પડે છે.

આ હાલત કુર્આનમાં હઝરત શુઅયૂબ (અલૈ.)ની દિકરીઓની બતાવવામાં આવી છે જેનાથી જાણ થઈ કે તે સમયમાં અને તેમની શરીઅતમાં પણ સ્ત્રીઓ અને પુરુષોનું ખભેખભા મેળવી ચાલવું અથવા મર્યાદા વિહોણી ભેળસેળ પસંદ ન હતી અને એવું કાર્ય જેમાં પુરુષોની સાથે હળવુ ભળવું પડે તે કાર્ય સ્ત્રીઓને સોંપવામાં આવતું ન હતું, અલબત્ત આ બધી વિગતથી એ જાણ

થાય છે કે સ્ત્રીઓને કાયદેસર પડદામાં રહેવાનો હુકમ તે સમયે ન હતો, એ જ પ્રમાણે ઈસ્લામની શરૂઆતમાં પણ આ જ સ્વરૂપ રહ્યું, સન હિજરી ત્રણમાં અથવા સન હિજરી પાંચમાં સ્ત્રીઓ ઉપર અજનબી પુરુષોનો પડદો કરવો ફરજ કરી દેવામાં આવ્યું જેની વિગતો આગળ આવે છે.

આથી એ જાણ થઈ કે સ્ત્રીનું સતર અને સ્ત્રીઓનો પડદો આ બે મસ્અલાઓ જુદા જુદા છે, સ્ત્રીનું સતર હંમેશા ફરજ છે અને સ્ત્રીઓનો પડદો સન હિજરી ત્રણમાં ફરજ થયો, સતર પુરુષ અને સ્ત્રી બંને ઉપર ફરજ છે અને પડદો ફક્ત સ્ત્રીઓ ઉપર. સતર લોકોની સામે અથવા એકાંતમાં બંને સ્વરૂપોમાં ફરજ છે, હિજાબ (પડદો) માત્ર અજનબીઓની ઉપસ્થિતિમાં ફરજ છે. આ વિગત એટલા માટે લખવામાં આવી છે કે આ બંને બાબતોને ભેળસેળ કરી દેવાથી મસ્અલાઓ અને કુર્આનના હુકમો સમજવામાં ઘણા બધા સંદેહો અને ભ્રમણાઓ પેદા થઈ જાય છે, દાખલા તરીકે સ્ત્રીનો ચહેરો અને હથેળીઓ ઈજ્માઅ્થી "સતરે ઔરત"માંથી બાકાત છે એટલા માટે નમાઝમાં ચહેરો અને હથેળીઓ ખુલ્લી હોય તો સર્વસહમતીથી અને ઈજ્માઅ્થી જાઈઝ છે, ચહેરો અને હથેળીઓ નસથી "સતરે ઔરત"માંથી બાકાત છે. قَدَمَيْن (કદમય્ન)ને ફુકહાએ તેના ઉપર કયાસ કરીને બાકાત ઠરાવી દીધું છે.

પરંતુ અજનબી પુરુષોથી પડદામાં પણ ચહેરો અને હથેળીઓ બાકાત છે અથવા નહીં તેની વિગત સૂરએ નૂરની આયત لَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا હેઠળ પસાર થઈ ચૂકી છે જેનો ખુલાસો આગળ આવે છે.

શરઈ હિજાબના દરજ્જાઓ અને તેના હુકમોની વિગત :

સ્ત્રીઓના પડદા વિશે કુર્આને કરીમની સાત આયતો અને હદીષની સિત્તેર રિવાયતોનો ખુલાસો એ જણાય છે કે અસલ શરીઅતની ઈચ્છનીય બાબત "હિજાબે અશ્ખાસ" (પુરુષોથી પડદો) છે, એટલે કે સ્ત્રીઓનું અસ્તિત્વ અને તેમનું હળવું ફરવું પુરુષોની નજરોથી છુપું રહે, જે ઘરોની ચાર દિવાલો અથવા તંબૂઓ અથવા લટકાવેલા પડદાઓ દ્વારા શક્ય બની શકે છે, તદુપરાંત પડદાના જેટલા સ્વરૂપો વર્ણવવામાં આવ્યા છે તે બધા જરૂરતની બીનાએ અને જરૂરતના સમયે અમુક જરૂરતો પ્રમાણે શરતી છે.

એ જ પ્રમાણે પડદાનો પ્રથમ દરજ્જો જે શરીઅતમાં આવશ્યક છે તે પુરુષોથી પડદો છે કે સ્ત્રીઓ પોતાના ઘરોમાં રહે પરંતુ શરીઅતે ઈસ્લામ એક સર્વગ્રાહી અને સંપૂર્ણ વ્યવસ્થા છે, જેમાં માનવીની બધી જ જરૂરિયાતોની કાળજી અને સંભાળ સંપૂર્ણ રીતે રાખવામાં આવી છે અને એ દેખીતું છે કે સ્ત્રીઓને આવી જરૂરિયાતો સામે આવવી આવશ્યક છે જેથી તે કોઈ વખતે ઘરોએથી નીકળે તો પડદાનો બીજો દરજ્જો કુર્આન અને સુન્નતની રૂએ એ જાણ થાય છે કે માથાથી પગો સુધી બુરખા અથવા લાંબી ચાદર વડે સંપૂર્ણ શરીરને ઢાંકીને નીકળે, માર્ગ જોવા માટે માત્ર આંખો ખુલ્લી રાખે અથવા બુરખામાં જે આંખો સામે જાળીનો ઉપયોગ કરવામાં આવે છે તે લગાવી લે, જરૂરતના સમયે પડદાનો બીજો દરજ્જો પણ પ્રથમ દરજ્જાની જેમ જ બધા ઉલમા અને ફુક્હા દરમિયાન સર્વસહમત અને નિર્વિવાદ છે.

એક ત્રીજો દરજ્જો પણ અમુક રિવાયતોથી ભાવાર્થ સ્વરૂપે છે જેમાં સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને ઉમ્મતના ફુક્હાનો અભિપ્રાય વિવિધ પ્રકારનો છે તે એ કે સ્ત્રીઓ જ્યારે જરૂરતના કારણે ઘરોએથી બહાર નીકળે તો તે પોતાનો ચહેરો અને હથેળીઓ પણ લોકોની સામે ખોલી શકે છે એ શરતે કે સમગ્ર શરીર ઢાંકેલું હોય, શરઈ પડદાના આ ત્રણ દરજ્જાઓની વિગત આ પ્રમાણે છે.

પ્રથમ દરજ્જો વ્યક્તિગત પડદો અથવા ઘરોમાં બેસવું :

કુર્આન અને સુન્નતની રૂએ અસલ હેતુ આ જ દરજ્જો છે, સૂરએ અહઝાબની પ્રસ્તુત આયત وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَاسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ તેની સ્પષ્ટ દલીલ છે અને તેનાથી વધારે સ્પષ્ટ સૂરએ અહઝાબની જ શરૂઆતની આયત وَقَرْنَ فِىْ بُيُوْتِكُنَّ છે. આ આયતો ઉપર જે પ્રમાણે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું તેનાથી તેનો વધારે ખુલાસો સામે આવી જાય છે.

ઉપરોક્ત ચર્ચામાં એ જાણ થઈ ચૂકી છે કે સ્ત્રીઓના પડદા વિશે પ્રથમ આયત હઝરત ઝયનબ (રદિ.)ના નિકાહ સમયે નાઝિલ થઈ, હદીષની રિવાયતોમાં હઝરત અનસ (રદિ.)એ ફરમાવ્યું કે હું આ પડદાની ઘટનાને અન્ય કરતાં વધારે એટલા માટે જાણું છું કે હું તે સમયે રસૂલે કરીમ ﷺની સેવામાં

ઉપસ્થિત હતો જ્યારે પડદા માટે આ આયત નાઝિલ થઈ તો આપ ﷺએ પુરુષોની સામે એક ચાદર નાંખીને હઝરત ઝયનબ (રદિ.)ને પડદે કરી દીધા, એવું નથી કર્યું કે તેમને બુરખા અથવા ચાદરમાં ઢાંકી દીધા, શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા)માં જે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)ના કિસ્સાનું ઉપર વર્ણન થઈ ચૂક્યું છે તેનાથી પણ એ જ જાણ થાય છે કે હઝરત ઉમર (રદિ.)નો હેતુ એ હતો કે ઉમ્મહાતુલ મુઅ્મિનીન (રદિ.) પુરુષોની નજરોથી અલગ અંદર રહે જેમકે તેમના આ શબ્દોથી જાણ થાય છે يَدْخُلُ عَلَيْكَ الْبَرُّ وَالْفَاجِرُ

સહીહ બુખારી ગઝ્વએ મુતામાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની રિવાયત છે કે જ્યારે રસૂલે કરીમ ﷺએ હઝરત ઝૈદ બિન હારિષા (રદિ.) અને જાફર તથા અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા (રદિ.)ની શહાદતની ખબર મળી તો આપ ﷺ મસ્જિદે નબવીમાં હાજર હતા, રસૂલે કરીમ ﷺના ચહેરા ઉપર સખત રંજ અને આઘાતના ચિહ્નો હતા, હું હુજરાની અંદર દરવાજાની એક તિરાડમાંથી બધું દૃષ્ય જોઈ રહી હતી.

આથી એ સાબિત થાય છે કે ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.) આ ઘટનાના સમયે પણ બહાર આવીને બુરખાની સાથે મજમામાં સામેલ ન થયા, બલકે દરવાજાની તિરાડથી આ સભાને જોઈ.

સહીહ બુખારી કિતાબુલ મગાઝી ઉમરતુલ કઝાના વિષયમાં છે કે હઝરત ઉરવહ ઈબ્ને ઝુબૈર (રદિ.) હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ના ભાણા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) મસ્જિદે નબવીમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ના હુજ્રા (ઓરડા)ની બહાર અડીને હાજર હતા અને રસૂલે કરીમ ﷺના ઉમરાઓ વિશે પરસ્પર વાતચીત કરી રહ્યા હતા, હઝરત ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે એ જ દરમિયાનમાં અમે હઝરત આયશા સિદ્દીકા (રદિ.)નો દાંતણ કરવાનો અને ગળું સાફ કરવાનો અવાજ હુજરાની અંદરથી સાંભળ્યો. આગળની ઘટનામાં નબીએ કરીમ ﷺના ઉમરાઓનું વર્ણન છે, આ રિવાયતથી પણ જાણ થાય છે કે હિજાબની આ આયતો નાઝિલ થયા પછી અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)નો નિત્યક્રમ એ થઈ ગયો હતો કે ઘરોમાં રહીને જ પડદો કરતાં હતાં.

એ જ પ્રમાણે સહીહ બુખારી ગઝ્વતુત્તાઇફમાં એક હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ એક પાણીના વાસણમાં કોગળો કરીને હઝરત અબૂ મૂસા અને હઝરત બીલાલ (રદિ.)ને આપ્યો કે તેને પી લો અને પોતાના ચહેરા ઉપર ચોપડી લો, ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત ઉમ્મે સલમા (રદિ.) પડદાની પાછળથી આ ઘટના જોઈ રહ્યા હતા તેમણે અંદરથી અવાજ આપીને આ બંને વડીલોને કહ્યું કે આ બરકતમાંથી કંઈ પોતાની માં એટલે કે ઉમ્મે સલમા (રદિ.) માટે પણ છોડી દો.

આ હદીષ પણ ગવાહ છે કે હિજાબની આયત નાઝિલ થયા પછી અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) ઘરો અને પડદાની અંદર જ રહેતા હતા.

ખુલાસો :

આ રિવાયતમાં એ વાત પણ ધ્યાનપાત્ર છે કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) પણ રસૂલે કરીમ ﷺના તબર્રુકાત (વપરાશ કરેલ વસ્તુઓ)ના એવા જ શોખીન હતા જેમકે અન્ય મુસલમાનો. એ પણ રસૂલે કરીમ ﷺની પવિત્ર જાતની જ વિશેષતા હતી નહિતર પત્ની સાથે જે બેતકલ્લુફ સંબંધ પતિનો હોય છે તેની સાથે તેમની પવિત્રતા અને સન્માનનો આ દરજ્જો કાયમ રહેવો સ્વાભાવિક રીતે અશક્ય છે.

સહીહ બુખારી કિતાબુલ અદબમાં હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે તેઓ અને હઝરત અબૂ તલ્હા (રદિ.) એક વખતે રસૂલે કરીમ ﷺની સાથે ક્યાંક જઈ રહ્યા હતા, રસૂલે કરીમ ﷺ ઊંટ ઉપર સવાર હતા, આપ ﷺની સાથે ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત સફિય્યા (રદિ.) પણ સવાર હતાં, માર્ગમાં અચાનક ઊંટને ઠોકર વાગી અને હઝરત અબૂ તલ્હા (રદિ.)ના વર્ણન પ્રમાણે રસૂલે કરીમ ﷺ અને હઝરત સફિય્યા (રદિ.) ઊંટ ઉપરથી પડી ગયા તો હઝરત અબૂ તલ્હા (રદિ.) રસૂલે કરીમ ﷺની પાસે હાજર થયા અને વિનંતી કરી, અલ્લાહ તઆલા મને તમારા ઉપર કુરબાન કરી આપે, તમને કંઈ વાગ્યું તો નથી ને ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, નહીં ! તમે સ્ત્રીની ખબર લો. હઝરત અબૂ તલ્હા (રદિ.)એ પ્રથમ તો પોતાનો ચહેરો કપડાંથી ઢાંક્યો, પછી હઝરત સફિય્યા (રદિ.) પાસે પહોંચ્યા અને તેમના ઉપર કપડું નાંખ્યું તો તેઓ ઊભા થઈ

ગયાં તો તે જ પ્રમાણે પડદામાં છુપાઈને તેમને તેમની સવારી ઉપર સવાર કર્યા.

આ ઘટનામાં કે જે એક દુર્ઘટના સ્વરૂપે અચાનક બની હતી સહાબએ કિરામ (રદિ.) અને અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ના.... પડદાના મા'મલામાં આટલી કાળજી તેની મોટી અગત્યતાની ગવાહ છે.

જામેઅ્ તિરમિઝીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اِذَا خَرَجَتِ الْمَرْأَةُ اسْتَشْرَفَهَا الشَّيْطٰنُ (قَال التِّرْمِذِيُّ هٰذَاحَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ غَرِيْبٌ) ભાવાર્થ એ છે કે "સ્ત્રી જ્યારે ઘરમાંથી નીકળે છે તો શયતાન તેની તાકમાં હોય છે." (એટલે કે તેને મુસલમાનોમાં બુરાઈ ફેલાવવાનું માધ્યમ બનાવે છે).

હઝરત ઈબ્ને ખુઝયમા (રદિ.) અને હઝરત ઈબ્ને હબ્બાને આ હદીષમાં આ શબ્દો પણ નકલ કર્યા છે, وَاَقْرَبُ مَاتَكُوْنُ مِنْ وَجْهِ رَبِّهَا وَهِيَ فِيْ قَعْرِبَيْتِهَا એટલે કે, સ્ત્રી પોતાના પરવરદિગારથી સૌથી વધારે નજીક તે સમયે હોય છે જ્યારે તે પોતાના ઘરમાં પડદામાં હોય.

આ હદીષમાં પણ તે ગવાહી મોજૂદ છે કે અસલ સ્ત્રીઓ માટે એ જ છે કે તે પોતાના ઘરોમાં બેસે, બહાર ન નીકળે. (જરૂરતના સમયો તેમાંથી બાકાત છે).

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, لَيْسَ لِلنِّسَآءِ نَصِيْبٌ فِي الْخُرُوْجِ اِلَّا مُضْطَرَّةً (رَوَاهُ الطَّبْرَانِيُّ كَذَافِي الْكَنْزِ، ص ٢٦٣ ج ٨) એટલે કે, સ્ત્રીઓને બહાર નીકળવા માટે કોઈ હિસ્સો નથી એ સિવાય કે બહાર નીકળવા માટે કોઈ લાચારીનું સ્વરૂપ સામે આવી જાય.

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુથી રિવાયત છે કે એક દિવસે હું રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર હતો, આપ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને પ્રશ્ન કર્યો, اَيُّ شَيْءٍ خَيْرٌ لِّلْمَرْأَةِ (ઔરત માટે કઈ વસ્તુ બહેતર છે?) સહાબએ કિરામ (રદિ.) મૌન રહ્યા, કોઈ જવાબ ન આપ્યો, પછી જ્યારે હું ઘરમાં ગયો અને હઝરત ફાતિમા (રદિ.)ને આ જ પ્રશ્ન કર્યો તો તેમણે જવાબ આપ્યો, لَا يَرَيْنَ الرِّجَالَ وَلَا يَرَوْنَهُنَّ એટલે કે, સ્ત્રીઓ માટે ઉત્તમ એ છે કે ન તો તેઓ પુરુષોને જુએ અને ન જ પુરુષ તેમને જુએ. મેં તેમનો આ જવાબ રસૂલે કરીમ ﷺ સામે નકલ કર્યો તો રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, તેમણે સાચું કહ્યું, صَدَقَتْ اِنَّهَا بِضْعَةٌ مِّنِّيْ બેશક! તેઓ મારો એક ભાગ છે.

ઈફ્કની ઘટનામાં જે કારણ હઝરત આયશા સિદ્દીકા (રદિ.)નું જંગલમાં રહી જવાનું બન્યું હતું તે એ જ હતું કે અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)નો પડદો માત્ર બુરખો કે ચાદર જ ન હતાં બલકે તેઓ મુસાફરીમાં પણ પોતાની પાલખીમાં રહેતા હતા, આ પાલખી જ ઊંટણી ઉપર સવાર કરી દેવામાં આવતી હતી અને એ જ પ્રમાણે ઊતારી લેવામાં આવતી હતી, પાલખી મુસાફર માટે એક મકાન જેવી હોય છે. આ ઘટનામાં જ્યારે કાફલો ચાલવા લાગ્યો તો ટેવ પ્રમાણે સેવકોએ પાલખીને એવું સમજીને ઊંટ ઉપર સવાર કરી દીધી કે ઉમ્મુલ મુઅ્મિનીન તેની અંદર મોજૂદ છે અને ઘટના એ બની હતી કે તેઓ તેમાં ન હતાં બલકે કુદરતી હાજત માટે બહાર ગયા હતા, આ ભૂલના કારણે કાફલો રવાના થઈ ગયો અને ઉમ્મુલ મુઅ્મિનીન (રદિ.) જંગલમાં એકલા રહી ગયા.

આ ઘટના પણ એ વાતની મજબૂત સાક્ષી છે કે શરઈ હિજાબનો ભાવાર્થ રસૂલે કરીમ ﷺ અને અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)એ એ જ સમજ્યો હતો કે સ્ત્રીઓ પોતાના મકાનોમાં અને મુસાફરીમાં હોય તો પોતાની પાલખીઓમાં રહે, તેમના અસ્તિત્વને પુરુષો સામે ન આવવા દે અને જ્યારે મુસાફરીની હાલતમાં વ્યક્તિગત હિજાબની આ કાળજી લેવામાં આવતી હતી તો સ્થાનિક કક્ષાએ કેટલી કાળજી હશે તે સમજી શકાય છે.

બીજો દરજ્જો; હિજાબ અથવા બુરખો :

જરૂરતના સમયે જ્યારે સ્ત્રીને ઘરેથી બહાર જવું પડે તો તે સમયે કોઈ બુરખા અથવા લાંબી ચાદરને માથાથી પગ સુધી ઓઢીને નીકળવાનો હુકમ છે જેમાં શરીરનો કોઈ ભાગ જાહેર ન થાય. આ સૂરએ અહઝાબની આ આયતથી સાબિત છે તે આગળ આવી રહ્યું છે. يَـٰٓأَيُّهَا ٱلنَّبِىُّ قُل لِّأَزْوَٰجِكَ وَبَنَاتِكَ وَنِسَآءِ ٱلْمُؤْمِنِينَ يُدْنِينَ عَلَيْهِنَّ مِن جَلَـٰبِيبِهِنَّ એટલે કે, હે નબી ﷺ ! તમે પોતાની અઝ્વાજે મુતહ્હરાત (રદિ.) અને પવિત્ર પુત્રીઓને અને સામાન્ય મુસલમાનોની સ્ત્રીનોઓને હુકમ આપો કે પોતાના جَلَـٰبِيبِ (જલબાબ)નો ઉપયોગ કરે, "જલબાબ" તે લાંબી ચાદરને કહે છે જેનાથી સ્ત્રી માથાથી પગ સુધી ઢંકાય જાય.

(ઈબ્ને અબ્બાસ રદિ.ની રિવાયત પ્રમાણે)

ઈબ્ને જરીર (રહ.)એ પોતાની સનદ સાજે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

અબ્બાસ (રદિ.)થી જલબાબના ઉપયોગનું સ્વરૂપ એ નકલ કર્યું છે કે સ્ત્રી માથાથી પગો સુધી તેમાં લપેટાયેલી હોય અથવા ચહેરો અને નાક પણ તેમાં ઢંકાયેલું હોય માત્ર આંખો માર્ગ જોવા માટે ખુલ્લી હોય, આ આયતની સંપૂર્ણ તફસીર આગળ આવે છે, અત્રે માત્ર એ બતાવવામાં આવે છે કે જરૂરતના સમયે જ્યારે સ્ત્રી ઘરેથી નીકળવા મજબૂર હોય તો તેણે પડદાનો એ દરજ્જો અપનાવવો જરૂરી છે કે જલબાબ વગેરેમાં માથાથી પગ સુધી ઢંકાયેલું હોય અને ચહેરો પણ આંખો સિવાય છુપાવેલો હોય.

આ સ્વરૂપ પણ ફુક્હાએ ઉમ્મતની સહમતીથી જરૂરતના સમયે જાઈઝ છે પરંતુ સહીહ હદીષોમાં આ સ્વરૂપ અપનાવવા ઉપર પણ અમુક મર્યાદાઓ બાંધવામાં આવી છે કે સુગંધિત પદાર્થ ન લગાવેલ હોય, અવાજ કરનાર (રણકતા) કોઈ ઘરેણા ન પહેર્યા હોય, માર્ગના કિનારા ઉપર ચાલે, પુરુષોની ભીડમાં પ્રવેશ ન કરે વગેરે...

શરઈ ત્રીજો દરજ્જો જેમાં ફુક્હાનો મતભેદ છે :

ત્રીજો દરજ્જો એ છે કે માથાથી પગ સુધી સમગ્ર બદન ઢંકાયેલું હોય, માત્ર ચહેરો અને હથેળીઓ ખુલ્લી હોય, જે લોકોએ إِلَّا مَا ظَهَرَ (ઈલ્લા મા ઝહર)ની તફસીર "ચહેરા અને હથેળીઓ"ની કરી છે તેમના સમીપ કારણ કે ચહેરો અને હથેળીઓ હિજાબથી બાકાત થઈ ગઈ એટલા માટે તેને ખુલ્લું રાખવું જાઈઝ થઈ ગયું. (હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ની રિવાયત પ્રમાણે) અને જે લોકોએ مَا ظَهَرَ "મા ઝહર"નો ભાવાર્થ બુરખો અથવા જલબાબ (લાંબી ચાદર) વગેરે લીધો છે તે તેને નાજાઈઝ કહે છે. (હઝરત ઈબ્ને મસઊદ રદિ.ની રિવાયત પ્રમાણે) જેમણે જાઈઝ કહ્યું છે તેમના સમીપ પણ એ શરત છે કે ફિત્નાનો ભય ન હોય પરંતુ કારણ કે ઔરતના શણગારનું સમગ્ર કેન્દ્ર સ્ત્રીનો ચહેરો છે એટલા માટે તેને ખોલવામાં ફિત્નાનો ભય હોય છે એટલા માટે પરિણામે સામાન્ય પરિસ્થિતિઓમાં તેમના સમીપ પણ ચહેરો વગેરે ખોલવું જાઈઝ નથી.

ચારેય ઈમામોમાંથી ઈમામ માલિક (રહ.), ઈમામ શાફઈ (રહ.) અને ઈમામ અહમદ બિન હંબલ (રહ.); ત્રણ ઈમામોએ તો પ્રથમ અભિપ્રાયને અપનાવીને ચહેરો અને હથેળીઓ ખોલવાની સદંતર પરવાનગી નથી આપી,

ભલે ફિત્નાનો ડર હોય અથવા ન હોય. ઈમામે આ'ઝમ હઝરત અબૂ હનીફહ (રહ.)એ જો કે બીજા અભિપ્રાયને અપનાવ્યો છે પરંતુ ફિત્નાનો ડર ન હોવું શરત ઠરાવી દીધું અને કારણ કે સ્વાભાવિક રીતે આ શરત ઉપસ્થિત ન હોવાના કારણે હનફી ફુકહાએ પણ ગેરમહરમો સામે ચહેરો અને હથેળીઓ ખોલવાની પરવાનગી નથી આપી.

ચારેય ઈમામોના આ બાબતના મતની રિવાયતો તે મસ્લકની પ્રમાણભૂત કિતાબોના હવાલાથી પુસ્તિકા "તફસીલુલ ખિતાબ"માં અહકામુલ કુર્આનના ભાગ તરીકે વિગતવાર વર્ણન કરવામાં આવી છે. હનફીઓનો મૂળ મત કારણ કે ચહેરો અને હથેળીઓ હિજાબથી બાકાત હોવાનું છે એટલા માટે આ સ્થળે હનફી મસ્લકની અમુક રિવાયતો નકલ કરવામાં આવે છે જેમાં ફિત્નાના ડરના કારણે પ્રતિબંધિત કરવાના હુકમો ઉપસ્થિત છે.

اِعْلَمْ اَنَّهٗ لَا مُلَازَمَةَ بَيْنَ كَوْنِهٖ لَيْسَ عَوْرَةً وَجَوَازِ النَّظَرِ اِلَيْهِ فَحِلُّ النَّظَرِ مَنُوْطٌ لِعَدَمِ خَشْيَةِ الشَّهْوَةِ مَعَ انْتِفَآءِ الْعَوْرَةِ، وَلِذَا حُرِّمَ النَّظَرُ اِلٰى وَجْهِهَا وَوَجْهِ الْاَمْرَدِ اِذَاشَكَّ فِى الشَّهْوَةِ وَلَا عَوْرَةَ،

"સમજી લો કે કોઈ અવયવનું સતરમાં સામેલ ન હોવું અને તેના તરફ નજર નાંખવી જાઈઝ હોવામાં કોઈ ફરજિયાતપણું નથી કારણ કે નજર નાંખવાનું જાઈઝ હોવું તો તેના ઉપર અવલંબિત છે કે વાસનાનો ભય ન હોય જ્યારે કે તે અવયવ શરીરમાં સામેલ નથી એટલા જ માટે અજનબી સ્ત્રીનો ચહેરો અથવા કોઈ દાઢી મૂંછ વિનાના છોકરાના ચહેરા તરફ નજર નાંખવી હરામ છે જ્યારે કે વાસના પેદા થવાનો સંદેહ હોય જ્યારે કે ચહેરો સતરમાં સામેલ નથી."

(ફત્હુલ કદીર, પેજ : ૧૮૧, જિલ્દ : ૧)

ફત્હુલ કદીરમાં પ્રસ્તુત લખાણથી વાસનાના ભયની આ તફસીર પણ જાણ થઈ કે, જો કે ખરી રીતે કોઈ વાસનાની નિય્યત ન હોય પરંતુ એવો વિચાર પેદા થવાની શંકા હોય, જ્યારે એવી શંકા હોય તો ન જ માત્ર અજનબી સ્ત્રીઓને બલકે દાઢી મૂંછ વિનાના યુવાન છોકરાઓના ચહેરાને જોવું પણ હરામ છે અને વાસનાનો વિચાર પેદા થવાનો ખુલાસો જામિઉલ રુમૂઝમાં આ પ્રમાણે છે કે

મનમાં તેની પાસે જવાનું આકર્ષણ પેદા થઈ જાય અને એ દેખીતું છે કે મનમાં એટલું આકર્ષણ પણ પેદા ન થાય, આ વસ્તુ તો પુરોગામી બુઝૂર્ગોના સમયમાં પણ અશક્ય જેવી હતી, હદીષમાં હઝરત ફઝલને એક સ્ત્રી તરફ જોતાં રસૂલે કરીમ ﷺનું તેમના ચહેરાને પોતાના હાથથી બીજી તરફ ફેરવી દેવું એ બાબતની સ્પષ્ટ દલીલ છે તો આ ફિત્ના ફસાદના યુગમાં કોણ કહી શકે છે કે તે આ ભયથી ખાલી છે ?

શમશુલ અઈમ્મહ સરખસી (રહ.)એ આ બાબતની વિગતવાર ચર્ચા લખી છે.

وَهٰذَا كُلُّهُ اِذَا لَمْ يَكُنِ النَّظَرُ عَنْ شَهْوَةٍ فَاِنْ كَانَ يَعْلَمُ اَنَّهُ اِنْ نَظَرَ اِشْتَهٰى لَمْ يَحِلُ

لَهُ النَّظَرُ اِلٰى شَئٍ مِّنْهَا، (مَبْسُوْط، ص ١٥٢ ج ١٠)

"આ ચહેરો અને હથેળીઓ તરફ નજર નાંખવું જાઈઝ હોવું માત્ર એવા સ્વરૂપમાં છે જ્યારે કે આ નજર વાસનાની ન હોય અને જો જોનાર જાણે છે કે ચહેરો જોવાથી ખરાબ વિચારો પેદા થઈ શકે છે તો તેણે સ્ત્રીની કોઈ વસ્તુ તરફ પણ નજર નાંખવી હલાલ નથી."

અલ્લામહ શામી (રહ.)એ "રદ્દુલ મુખ્તાર કિતાબુલ કરાહિયહ"માં લખ્યું છે,

فَاِنْ خَافَ الشَّهْوَةَ اَوْشَكَّ اِمْتَنَعَ النَّظَرُ اِلٰى وَجْهِهَا فَحِلُّ النَّظَرِ مُقَيَّدَةٌ بِعَدَمِ الشَّهْوَةِ وَاِلَّا فَحَرَامٌ، وَهٰذَا فِىْ زَمَانِهِمْ وَاَمَّا فِىْ زَمَانِنَا فَمُنِعَ مِنَ الشَّابَّةِ اِلَّا النَّاظِرُ لِحَاجَةٍ كَقَاضٍ وَشَاهِدٍ يَحْكُمُ وَيَشْهَدُ وَاَيْضًا قَالَ فِىْ شُرُوْطِ الصَّلٰوةِ وَتُمْنَعُ الشَّابَّةُ مِنْ كَشْفِ الْوَجْهِ بَيْنَ رِجَالٍ لَا لِاَنَّهُ عَوْرَةٌ بَلْ لِّخَوْفِ الْفِتْنَةِ،

"જો વાસનાનો ભય અથવા શંકા હોય તો સ્ત્રીના ચહેરા તરફ નજર પ્રતિબંધિત થશે કારણકે નજરનું હલાલ હોવું વાસનાથી ન હોવાની સાથે શરતી કરવામાં આવ્યું છે અને જ્યારે આ શરત ન હોય તો હરામ છે અને એ વાત સ્પષ્ટ છે કે સલફના ઝમાનામાં હતી પરંતુ આપણા સમયમાં તો સદંતર સ્ત્રી તરફ નજર પ્રતિબંધિત છે પરંતુ એ કે કોઈ શરઈ જરૂરિયાતના કારણે નજર કરવી પડે,

જેમકે કાઝી અથવા ગવાહ જેમને કોઈ મા'મલામાં આ સ્ત્રી વિશે ગવાહી અથવા ફેંસલો આપવો પડે તથા "શુરૂતુસ્સલાહ"માં ફરમાવ્યું કે યુવાન સ્ત્રીઓએ (અજનબી) પુરુષો સામે ચહેરો ખોલવો પ્રતિબંધિત છે એટલા માટે નહીં કે તે ઔરત છે બલકે ફિત્નાના ભયના કારણે."

આ ચર્ચાનો ખુલાસો અને ફુકહાના મતભેદો એ છે કે ઈમામ શાફઈ (રહ.), ઈમામ માલિક (રહ.) અને ઈમામ અહમદ બિન હંબલ (રહ.)એ નવયુવાન સ્ત્રીઓ તરફ નજર નાંખવાની સામાન્ય ટેવની બીનાએ તેને ફિત્નાનું કારણ ઠરાવીને તેનાથી સદંતર મનાઈ કરી, ભલે વાસ્તવમાં ફિત્નો થાય કે ન થાય, જેમકે શરીઅતના ઘણા બધા હુકમોમાં તેના દાખલાઓ મોજૂદ છે. દાખલા તરીકે મુસાફરી કારણ કે મહેનત અને તકલીફનું કારણ હોય છે એટલા માટે પોતે મુસાફરીને જ તકલીફનો હુકમ આપીને બધા જ છૂટછાટના હુકમો મુસાફરીમાં લાગુ પાડવામાં આવ્યા, ભલે કોઈ વ્યક્તિને મુસાફરીમાં કંઈ પણ તકલીફ ન પડે બલકે પોતાના ઘરથી વધારે આરામ મળે પરંતુ નમાઝ કસર કરવી પડશે અને રોઝાની છૂટછાટ વગેરેના હુકમો પણ તેમાં સામેલ છે, એ જ પ્રમાણે ઊંઘની પરિસ્થિતિમાં કારણ કે માનવી બેખબર હોય છે અને સ્વાભાવિક રીતે વા-છૂટ થઈ જાય છે એટલા માટે પોતે ઊંઘને જ વા-છૂટના સ્થાને ગણીને ઊંઘથી વુઝૂ તૂટી જવાનો હુકમ આપવામાં આવ્યો ભલે વાસ્તવમાં વા-છૂટ થયો હોય કે ન થયો હોય.

પરંતુ ઈમામે આ'ઝમ હઝરત અબૂ હનીફહ (રહ.)એ સ્ત્રીના ચહેરા અને હથેળીઓ ખોલવાનો એ દરજ્જો નથી રાખ્યો કે ચહેરો ખોલવાને જ ફિત્નાના સ્થાને ઠરાવ્યું હોય બલકે તેના ઉપર હુકમ લાગુ પાડયો કે જ્યાં ફિત્નો એટલે કે સ્ત્રીની પાસે જવાનું આકર્ષણ પેદા થવાનો ભય અથવા સંભાવના હોય ત્યાં મનાઈ છે અને જ્યાં આ સંભાવના ન હોય ત્યાં જાઈઝ છે પરંતુ ઉપર જાણ થઈ ચૂકી છે કે હાલના સમયમાં આવી સંભાવના ન હોવી અશક્ય જેવું છે એટલા માટે પાછળથી આવનાર હનફી ફુકહાએ પણ અંતે એ જ હુકમ આપ્યો જે ઉપર બતાવ્યા મુજબ ત્રણ ઈમામોએ આપ્યો છે કે યુવાન સ્ત્રીના ચહેરા અથવા હથેળીઓ તરફ પણ નજર નાંખવી પ્રતિબંધિત છે.

તેનો ખુલાસો એ થયો કે હવે ચારેય ઈમામોની સહમતી આ પડદાના

ત્રીજા દરજ્જા ઉપર પ્રતિબંધ વિશે થઈ ગઈ કે જેમાં સ્ત્રી બુરખો, લાંબી ચાદર વગેરેમાં સંપૂર્ણ શરીરને છુપાવે પરંતુ માત્ર ચહેરો અને હથેળીઓને ખોલીને પુરુષો સામે આવવાની છૂટ હતી એટલા માટે હવે પડદાના માત્ર પ્રથમ દરજ્જા જ રહી ગયા, એક મૂળ હેતુ એટલે કે સ્ત્રીઓને ઘરોની અંદર રહેવું અને વિના આવશ્યકતાએ બહાર ન નીકળવું અને બીજું એટલે કે બુરખો વગેરેની સાથે નીકળવું અને જરૂરતના સમયે માત્ર જરૂરત પ્રમાણે બહાર નીકળવું.

મસ્અલો :

પ્રસ્તુત પડદાના હુકમોના અમુક સ્વરૂપો બાકાત પણ છે દાખલા તરીકે અમુક પુરુષો એટલે કે મહરમો પડદાથી બાકાત છે અને અમુક સ્ત્રીઓ દાખલા તરીકે ઘણી ઘરડી સ્ત્રી કે તે પણ પડદાના સામાન્ય હુકમથી અમુક સ્વરૂપે બાકાત છે તેની અમુક વિગત તો સૂરએ નૂરમાં પસાર થઈ ચૂકી છે, અમુક આગળ સૂરએ અહઝાબની આ આયતોમાં આવશે જેમાં આ અપવાદોનું વર્ણન છે.

પડદાના મસ્અલાની અગત્યતા દૃષ્ટિ સમક્ષ રાખી પોતાની પુસ્તિકા "તફસીલુલ કિતાબ ફી અહકામિલ હિજાબ"નો અમુક ખુલાસો અત્રે લખવામાં આવ્યો છે જે સામાન્ય જનતા માટે પૂરતો છે, સમગ્ર તહકીક જોવા ઈચ્છતા હોય તો પ્રસ્તુત પુસ્તિકામાં જોઈ શકાય છે. આ પુસ્તિકા અહકામુલ કુર્આનની તફસીર સૂરએ અહઝાબના ભાગ સ્વરૂપે પ્રકાશિત થઈ ચૂકી છે. વલ્લાહુ અઅ્લમુ.

આયત : (સૂરએ અહઝાબ : આયત નં. ૫૬)

إِنَّ اللَّهَ وَمَلَٰٓئِكَتَهُۥ يُصَلُّونَ عَلَى النَّبِيِّ ۚ يَٰٓأَيُّهَا الَّذِينَ ءَامَنُوا۟ صَلُّوا۟ عَلَيْهِ وَسَلِّمُوا۟ تَسْلِيمًا ﴿٥٦﴾

તરજુમો :

નિ:શંક અલ્લાહ અને તેના ફરિશ્તા નબી (ﷺ) ઉપર રહમત મોકલે છે, હે ઈમાનવાળાઓ તેમના ઉપર રહમત મોકલો અને સલામ મોકલો, સલામ કહીને. (૫૬)

તફસીર :

બેશક ! અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા રહમત મોકલે છે તે

પયગમ્બર (ﷺ) ઉપર, હે ઈમાનવાળાઓ ! તમે પણ તેમના ઉપર રહમત મોકલ્યા કરો અને ખૂબ સલામ મોકલ્યા કરો (જેથી આપ ﷺનો સન્માનનો હક જે તમારા માથે છે તે અદા થાય).

મસ્અલા અને બોધપાઠ :

આનાથી આગલી આયતોમાં રસૂલે કરીમ ﷺની અમુક વિશેષતાઓ અને ખુસૂસિયાતોનું વર્ણન હતું જેના સંદર્ભમાં અઝ્વાજે મુતહ્હરાત (રદિ.)ને પડદાનો હુકમ આવ્યો હતો અને આગળ પણ અમુક પડદાના હુકમો આવશે, વચ્ચે તે બાબતનો હુકમ આપવામાં આવ્યો જેના માટે આ બધી વિશેષતાઓ અને ખુસૂસિયાતો રાખવામાં આવી છે તે રસૂલે કરીમ ﷺની મહાન શા'નની જાહેરાત અને આપ ﷺનું સન્માન અને મહોબ્બત તથા આજ્ઞાપાલનની પ્રેરણા છે.

આયતનો મૂળ હેતુ મુસલમાનોને એ હુકમ આપવાનો હતો કે રસૂલે કરીમ ﷺ ઉપર સલાતો સલામ મોકલ્યા કરો પરંતુ તેની વ્યાખ્યા વર્ણનમાં એ રીતે કરી છે કે પ્રથમ અલ્લાહ તઆલાએ પોતે અને પોતાના ફરિશ્તાઓનો રસૂલે કરીમ ﷺ માટે સલાતો સલામનું વર્ણન કર્યું, ત્યારબાદ સામાન્ય મુસલમાનોને એ હુકમ આપવામાં આવ્યો જેમાં રસૂલે કરીમ ﷺની પ્રતિષ્ઠા અને સન્માનને એટલી ઉચ્ચ કક્ષાની બનાવી દીધી કે રસૂલે કરીમ ﷺની શા'નમાં જે કાર્યનો હુકમ મુસલમાનોને આપવામાં આવ્યો છે તે કાર્ય એવું છે કે પોતે અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓ પણ આ કામ કરે છે અને સામાન્ય મો'મિનો જેમના ઉપર રસૂલે કરીમ ﷺના અગણિત ઉપકારો છે તેમને તો આ પ્રવૃત્તિની ખૂબ કાળજી રાખવી જોઈએ અને એક ખુલાસો આ વ્યાખ્યામાં એ પણ છે કે તેનાથી દુરૂદો સલામ મોકલનાર મુસલમાનોની એક મહાન પ્રતિષ્ઠા એ સાબિત થઈ કે અલ્લાહ તઆલાએ તેમને આ કાર્યમાં સામેલ કરી લીધા જે કામ અલ્લાહ તઆલા પોતે પણ કરે છે અને તેના ફરિશ્તાઓ પણ.

"સલાતો સલામ"નો અર્થ :

શબ્દ صَلٰوةٌ (સલાત) અરબી ભાષામાં અમુક અર્થો માટે ઉપયોગ થાય છે, "રહમત" (કૃપા), દુઆ, વખાણ અને તા'રીફ માટે પ્રસ્તુત આયતમાં અલ્લાહ તઆલા તરફ જે "સલાત"નો સંબંધ જોડવામાં આવ્યો છે તેનો ભાવાર્થ

"રહમત" ઊતારવી છે અને ફરિશ્તાઓ તરફથી "સલાત" તેમની આપ ﷺ માટે દુઆ કરવી છે અને સામાન્ય મુસ્લિમો તરફથી "સલાત"નો ભાવાર્થ દુઆ, વખાણ અને તા'રીફનું મિશ્રણ છે, સામાન્ય વિવરણકારોએ આ જ અર્થ લખ્યો છે.

ઈમામ બુખારી (રહ.)એ અબૂલ આલિયહથી એ નકલ કર્યું છે કે અલ્લાહ તઆલાની સલાતનો ભાવાર્થ રસૂલે કરીમ ﷺનું સન્માન અને ફરિશ્તાઓ સામે વખાણ અને તા'રીફ છે તથા અલ્લાહ તઆલા તરફથી રસૂલે કરીમ ﷺનું સન્માન દુનિયામાં તો એ છે કે આપ ﷺને ઉચ્ચ મરતબો અર્પણ કર્યો કે ઘણા પ્રસંગોએ દાખલા તરીકે અઝાન અને ઈકામત (નમાઝ)માં અલ્લાહ તઆલાના ઝિક્રની સાથે રસૂલે કરીમ ﷺનું વર્ણન સામેલ કરી દીધું છે અને એ કે અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺના દીનને દુનિયાભરમાં ફેલાવી દીધો અને વર્ચસ્વ આપ્યું અને તેમની શરીઅત ઉપર કયામત સુધી અમલ ચાલુ રાખ્યો, તેની સાથે સાથે તેમની શરીઅતને સુરક્ષિત રાખવાની જવાબદારી અલ્લાહ તઆલાએ લઈ લીધી અને આખિરતમાં તેમનું સન્માન એ છે કે તેમનું સ્થાન સમગ્ર મખ્લૂકથી ઉચ્ચ બનાવ્યું અને જે સમયે કોઈ પયગમ્બર અને ફરિશ્તાને શફાઅત (ભલામણ) કરવાની મજાલ નહીં હોય એવી હાલતમાં રસૂલે કરીમ ﷺને શફાઅતનું સ્થાન અર્પણ કર્યું જેને "મકામે મહમૂદ" કહેવામાં આવે છે.

આ અર્થ ઉપર એ સંદેહ થઈ શકે છે કે "સલાતો સલામ"માં તો હદીષની રિવાયતો પ્રમાણે રસૂલે કરીમ ﷺની સાથે રસૂલે કરીમ ﷺની અવલાદ અને સહાબા (રદિ.)ને પણ સામેલ કરવામાં આવે છે, અલ્લાહ તઆલાના સન્માન, વખાણ અને તા'રીફમાં રસૂલે કરીમ ﷺ સિવાય કોઈને સામેલ કરી શકાય છે કે કેમ આ શંકાનો જવાબ રૂહુલ મઆની વગેરેમાં એ આપવામાં આવ્યો છે કે સન્માન, વખાણ અને તા'રીફ વગેરેના ઘણા બધા દરજ્જાઓ છે, રસૂલે કરીમ ﷺને તેનો ઉચ્ચ કક્ષાનો દરજ્જો પ્રાપ્ત છે અને એક દરજ્જામાં તેમની અવલાદ, અસ્હાબ અને સામાન્ય મુસલમાનો પણ સામેલ છે.

એક શંકાનો જવાબ :

એક શબ્દ صَلٰوةٌ (સલાત)ને એકી સાથે અનેક અર્થો રહમત, દુઆ, સન્માન અને વખાણનો ભાવાર્થ લેવું જે પરિભાષામાં સામાન્ય રીતે સમાનાર્થી

કહેવાય છે અને અમુક લોકો સમીપ તે જાઇઝ નથી એટલા માટે એ ખુલાસો થઈ શકે છે કે શબ્દ "સલાત"નો આ સ્થળે એક જ અર્થ લેવામાં આવે એટલે કે આપ ﷺનું સન્માન અને વખાણ તથા શુભેચ્છા, પછી આ અર્થ જ્યારે અલ્લાહ તઆલા તરફ જોડવામાં આવતો હોય તો તેનો હેતુ રહમત થશે અને ફરિશ્તાઓ તરફ જોડાતો હોય તો તે દુઆ અને ઈસ્તિગફાર હશે, સામાન્ય મુસલમાનો તરફ સંબંધ જોડવામાં આવે તો તે દુઆ વખાણ, તા'રીફ અને સન્માનનું મિશ્રણ હશે.

અને શબ્દ سَلَامٌ (સલામ) ક્રિયાપદ اَلسَّلَامَةُ (અસ્સલામત)ના અર્થમાં છે, જેમકે مَلَامٌ (મલામ) એ مَلَامَتٌ (મલામત)ના અર્થમાં ઉપયોગ થાય છે અને તેનો ભાવાર્થ એ છે કે દરેક પ્રકારની ઉણપ, ક્ષતિ અને આફતોથી સલામત રહેવું અને "અસ્સલામુ અલયક"નો અર્થ એ છે કે ક્ષતિઓ અને આફતોથી સલામતી આપ ﷺની સાથે રહે તથા અરબી ભાષાના કાયદા પ્રમાણે અહીંયાં શબ્દ عَلٰی (અલા)નું સ્થાન નથી પરંતુ કારણ કે શબ્દ "સલામ" વખાણના અર્થનો સમાનાર્થી છે એટલા માટે શબ્દ "અલા"ની સાથે عَلَيْكَ (અલયક) અથવા عَلَيْكُمْ (અલયકુમ) કહેવામાં આવે છે.

અમુક લોકોએ અહીંયાં શબ્દ "સલામ"નો ભાવાર્થ અલ્લાહ તઆલાની જાત લીધી છે કારણ કે સલામ અલ્લાહના અસ્માએ હુસ્ના (પવિત્ર નામો)માંથી છે તો ભાવાર્થ "અસ્સલામુ અલયક"નો એ થશે કે અલ્લાહ તઆલા રસૂલે કરીમ ﷺના રક્ષણ અને કાળજી ઉપર સંરક્ષક અને કફીલ તરીકે પૂરતો છે.

સલાતો સલામનો તરીકો :

સહીહ બુખારી અને મુસ્લિમ વગેરે બધી હદીષની કિતાબોમાં આ હદીષ આવી છે કે હઝરત કઅ્બ બિન ઉજ્રહ (રદિ.)એ ફરમાવ્યું કે, (જ્યારે આ આયત નાઝિલ થઈ તો) એક વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને પ્રશ્ન કર્યો, (આયતમાં અમને બે વસ્તુઓનો હુકમ થયો છે, સલાત અને સલામ) સલામનો તરીકો તો અમને જાણ થઈ ચૂકી છે (એટલે કે اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَاالنَّبِیُّ "અસ્સલામુ અલયક અય્યુહન્નબી" કહીએ છીએ) "સલાત"નો તરીકો પણ બતાવી આપો. રસૂલે કરીમ ﷺએ કહ્યું કે આ શબ્દો કહ્યા કરો,

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى اِبْرٰهِيْمَ وَعَلٰى اٰلِ اِبْرٰهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ، اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰى اِبْرٰهِيْمَ وَعَلٰى اٰلِ اِبْرٰهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

બીજી રિવાયતોમાં તેમાં અમુક વધારે શબ્દો પણ નકલ થયા છે, સહાબએ કિરામ (રદિ.)નું પ્રશ્ન કરવાનું કારણ લગભગ એ હતું કે તેમને સલામ કરવાનો તરીકો તો تَشَهُّدْ (તશહ્હુદ) એટલે કે, "અત્તહિય્યાત"માં પ્રથમ શિખવાડવામાં આવી ચૂક્યો હતો કે اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ કહેવામાં આવે. એટલા માટે શબ્દ સલાતમાં તેમણે પોતાના તરફથી શબ્દો નક્કી કરવાનું પસંદ કર્યું નહીં, પોતે રસૂલે કરીમ ﷺને પૂછીને સલાતના શબ્દો નિશ્ચિત કરાવ્યા એટલા માટે નમાઝમાં સામાન્ય રીતે આ જ શબ્દો સાથે સલાતને અપનાવવામાં આવી છે પરંતુ આ કોઈ એવું નિર્ધારણ નથી જેમાં પરિવર્તન પ્રતિબંધિત હોય કારણ કે પોતે રસૂલે કરીમ ﷺ દ્વારા સલામ એટલે કે દુરૂદ શરીફના ઘણા બધા વિવિધ પ્રકારના શબ્દો નકલ થયા છે અને પ્રમાણિત છે, સલાતો સલામના હુકમ ઉપર અમલ દરેક તે શબ્દો સાથે થઈ શકે છે જેમાં સલાતો સલામના શબ્દો હોય અને એ પણ જરૂરી નથી કે તે શબ્દો રસૂલે કરીમ ﷺ દ્વારા જેમના તેમ નકલ થયા હોય બલકે જે લખાણમાં પણ સલાત અને સલામના શબ્દો નકલ કરવામાં આવે એ હુકમના અમલ કરવાનો અને દુરૂદ શરીફનો સવાબ પ્રાપ્ત થાય છે પરંતુ એ દેખીતું છે કે જે શબ્દો પોતે રસૂલે કરીમ ﷺથી નકલ થયા છે તે વધારે બરકતવાળા અને વધારે સવાબનું કારણ છે એટલા માટે સહાબએ કિરામ (રદિ.)એ સલાતના શબ્દો આપ ﷺથી નક્કી કરાવવા માટે પ્રશ્ન કર્યો હતો.

મસ્અલો :

નમાઝના કાયદામાં તો કયામત સુધી સલાત અને સલામના શબ્દો એ જ પ્રમાણે કહેવા સુન્નત છે જે પ્રમાણે ઉપર દુરૂદ શરીફ નકલ થયું છે અને નમાઝની બહાર જ્યારે રસૂલે કરીમ ﷺને પોતે સંબોધન થતું હોય જેમકે આપ ﷺના સમયકાળમાં તો ત્યાં તે જ શબ્દો اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ અપનાવવામાં આવે, રસૂલે કરીમ ﷺની વફાત પછી રોઝએ અકદસ (આપ ﷺની કબ્ર મુબારક)ની

સામે અને જ્યારે સલામ અરજ કરવામાં આવે તો તેમાં પણ અસ્સલામુ અલયકના શબ્દો અપનાવવા સુન્નત છે તદુપરાંત જ્યાં "ગાઈબાના સલાતો સલામ" પઢવામાં આવે તો સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને ઉમ્મતના ઈમામોના ઉપસ્થિત ન હોવાના સર્વનામનો ઉપયોગ કરવું નકલ થયું છે, દાખલા તરીકે صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જેમકે સામાન્ય હદીષવેત્તાઓની કિતાબો તેનાથી ભરી પડી છે.

સલાતો સલામની પ્રસ્તુત રીતની હિકમત :

જે સલાતો સલામની રીત રસૂલે કરીમ ﷺની જીભ મુબારક અને તેમના અમલથી સાબિત થઈ તેનો ખુલાસો એ છે કે આપણે બધા મુસલમાન રસૂલે કરીમ ﷺ માટે અલ્લાહ તઆલાથી રહમત અને સલામતીની દુઆ કરીએ, અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આયતનો હેતુ તો એ હતો કે આપણે આપ ﷺના સન્માન અને ઈજ્જતનો હક સારી રીતે અદા કરીએ પરંતુ તરીકો એ બતાવવામાં આવ્યો કે અલ્લાહ તઆલાથી દુઆ કરીએ, તેમાં ઈશારો તે તરફ છે કે રસૂલે કરીમ ﷺનો સન્માનનો અને આજ્ઞાપાલનનો સંપૂર્ણ હક અદા કરવો આપણા કોઈના બસમાં નથી એટલા માટે આપણા ઉપર એ જરૂરી કરવામાં આવ્યું કે અલ્લાહ તઆલાથી દુઆ કરીએ. *(રૂહુલ મઆની)*

સલાતો સલામના હુકમો :

નમાઝના અંતિમ કાયદામાં બધાના મતે સલાત (દુરૂદ શરીફ) "સુન્નતે મુઅક્કદહ" છે, ઈમામ શાફી (રહ.) અને ઈમામ અહમદ બિન હંબલ (રહ.)ના મતે વાજિબ છે જેના છોડવાથી નમાઝનો વાજિબ છૂટી જશે.

મસ્અલો :

એ બાબતે પણ જમહૂર ફુક્હાની સહમતી છે કે જ્યારે આપ ﷺનું વર્ણન કરે અથવા સાંભળે તો તેના ઉપર દુરૂદ વાજિબ થઈ જાય છે, કારણ કે હદીષમાં આપ ﷺના વર્ણન સમયે દુરૂદ શરીફ ન પઢવા ઉપર ચેતવણીઓ આવી છે, જામેઅ્ તિરમિઝીમાં આવ્યું છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, رَغِمَ اَنْفُ رَجُلٍ ذُكِرْتُ عِنْدَهٗ فَلَمْ يُصَلِّ عَلَيَّ તે વ્યક્તિ ઝલીલ (અપમાનિત) થાય જેની સામે મારું વર્ણન થાય અને તે મારા ઉપર દુરૂદ ન મોકલે. (قَالَ التِّرْمِذِيُّ حَدِيْثٌ حَسَنٌ وَرَوَاهُ ابْنُ السُّنِّيِّ بِاِسْنَادٍ جَيِّدٍ)

એક હદીષમાં ઈરશાદ છે, اَلْبَخِيْلُ مَنْ ذُكِرْتُ عِنْدَهٗ فَلَمْ يُصَلِّ عَلَيَّ એટલે કે બખીલ તે વ્યક્તિ છે જેની સામે મારું વર્ણન થાય અને તે મારા ઉપર દુરૂદ ન મોકલે. *(રવાહુત્તિરમિઝી, હસન સહીહ હદીષ)*

મસ્અલો :

જો એક મજલિસમાં રસૂલે કરીમ ﷺનું વર્ણન વારંવાર આવે તો એક વખતે દુરૂદ શરીફ પઢવાથી વાજિબ અદા થઈ જાય છે પરંતુ મુસ્તહબ એ છે કે જેટલીવાર તેમનું વર્ણન પોતે કરે અથવા કોઈનાથી સાંભળે દરેક સમયે દુરૂદ શરીફ પઢે, મુહદ્દીસોથી વધારે કોણ રસૂલે કરીમ ﷺનું વર્ણન કરી શકે છે કે તેમની દરેક સમયની પ્રવૃત્તિ જ રસૂલે કરીમ ﷺની હદીષ છે જેમાં દરેક સમયે રસૂલે કરીમ ﷺનું વર્ણન આવે છે, બધા જ હદીષના ઈમામોનો રિવાજ એ જ રહ્યો છે કે દરેક સમયે દુરૂદ શરીફ પઢે અને લખે છે, બધી જ હદીષની કિતાબો આ બાબતની સાક્ષી છે. તેમણે તેની પણ પરવા કરી નહીં કે આ પુનરાવર્તિત સલાતો સલામથી કિતાબનું કદ ઘણું વધી જાય છે, કારણ કે મોટે ભાગે નાની નાની હદીષો વધારે આવે છે જેમાં એક બે લીટીઓ પછી રસૂલે કરીમ ﷺનું નામ મુબારક આવે છે અને અમુક જગ્યાએ તો એક લીટીમાં એકથી વધારે વાર રસૂલે કરીમ ﷺનું નામ આવતું હોય છે છતાં મુહદ્દીસોએ ક્યાંય સલાતો સલામ છોડ્યું નથી.

મસ્અલો :

જે રીતે જીભથી વર્ણન કરતી વખતે મૌખિક સલાતો સલામ વાજિબ છે એ જ પ્રમાણે કલમથી લખતી વખતે સલાતો સલામને કલમથી લખવું પણ વાજિબ છે અને તેમાં જે લોકો શબ્દોનું ટૂંકાણ કરીને صلعم (સલઅમ) લખી આપે છે તે પૂરતું નથી સંપૂર્ણ સલાતો સલામ લખવી જોઈએ.

મસ્અલો :

રસૂલે કરીમ ﷺના વર્ણન મુબારક સમયે શ્રેષ્ઠ અને ઉચ્ચ કક્ષાનું મુસ્તહબ તો એ જ છે કે સલાત અને સલામ બંને બોલવા અને લખવામાં આવે પરંતુ જો કોઈ વ્યક્તિ તેમાંથી માત્ર એક એટલે કે સલાત અથવા માત્ર સલામ ઉપર બસ કરે તો જમહૂર ફુકૂહાના મતે કોઈ ગુનોહ નથી, શયખુલ ઈસ્લામ

નવવી (રહ.) વગેરેએ બંનેમાં માત્ર એક ઉપર બસ કરવાને મકરૂહ કહ્યું છે. ઈબ્ને હજર હયષમી (રહ.)એ કહ્યું કે તેમનો ભાવાર્થ કરાહતનું પ્રથમ સ્થાન હોવું છે જેને પરિભાષામાં "મકરૂહે તન્ઝીહી" (ઓછું સૂગપાત્ર) કહેવામાં આવે છે અને ઉલમાએ ઉમ્મતનો સાતત્યપૂર્ણ ક્રમ તેના ઉપર ગવાહ છે કે તેઓ બંનેને એકઠું કરે છે અને અમુક સમય માત્ર એક ઉપર બસ કરી લે છે.

મસ્અલો :

શબ્દ "સલાત" અંબિયા (અલૈ.) સિવાય કોઈના માટે ઉપયોગ કરવો જમહૂર ઉલમાના મતે જાઇઝ નથી, ઈમામ બયહકી (રહ.)એ પોતાની સુનનમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નો આ ફત્વો નકલ કર્યો છે. لَا يُصَلّٰى عَلٰى اَحَدٍ اِلَّا عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لٰكِنْ يدعٰى لِلْمُسْلِمِيْنَ وَالْمُسْلِمٰتِ بِالْاِسْتِغْفَارِ

ઈમામ શાફઈ (રહ.) સમીપ ગેરનબી માટે શબ્દ સલાતનો ઉપયોગ આગવી રીતે મકરૂહ છે, ઈમામે આ'ઝમ અબૂ હનીફહ (રહ.) અને તેમના સાથીઓનો પણ આ જ મત છે અલબત્ત સ્વાભાવિકપણે જાઇઝ છે, એટલે કે રસૂલે કરીમ ﷺ ઉપર સલાતો સલામની સાથે અવલાદ અને અસ્હાબ તથા સમગ્ર મો'મિનોને સામેલ કરી લે તો તેમાં વાંધો નથી.

ઈમામ જુવયની (રહ.)એ ફરમાવ્યું કે જે હુકમ શબ્દ સલાતનો છે તે જ શબ્દ સલામનો પણ છે કે ગેરનબી માટે તેનો ઉપયોગ દુરુસ્ત નથી, એ સિવાય કે કોઈને સંબોધન કરવાના સમયે આવકાર સ્વરૂપે "અસ્સલામુ અલયકુમ" કહેવામાં આવે એ જાઇઝ અને સુન્નત છે પરંતુ કોઈ ઉપસ્થિત ન હોય એવા ગેરહાજર વ્યક્તિના નામની સાથે અસ્સલામુ અલયકુમ કહેવું અને લખવું ગેરનબી માટે દુરુસ્ત નથી. *(ખસાઈસે કુબરા, સુયૂતિ જિલ્દ : ૨, પેજ : ૨૬૨)*

અલ્લામહ લિકાઈ (રહ.)એ કહ્યું કે કાઝી અયાઝે ફરમાવ્યું છે કે મુહક્કિક ઉલમાએ ઉમ્મત એ મત ધરાવે છે અને મારા સમીપ પણ એ જ સાચું છે અને તેને જ ઈમામ માલિક (રહ.), સુફિયાન અને ઘણા બધા ફુક્હા તથા મુતકલ્લિમીને અપનાવ્યું છે કે સલાત અને સલામ નબીએ કરીમ ﷺ તથા અન્ય અંબિયા (અલૈ.) માટે ખાસ વિશિષ્ટ સ્વરૂપે છે કોઈ ગેરનબી માટે તે જાઇઝ નથી, જેમકે શબ્દ سُبْحَانَهٗ (સુબ્હાનહુ) અને શબ્દ تَعَالٰى (તઆલા) માત્ર અલ્લાહ જલ્લ

શા'નુહૂ માટે ખાસ છે, અંબિયા (અલૈ.)ના સિવાય સામાન્ય મુસલમાનો માટે મગફિરત અને રઝાની દુઆ હોવી જોઈએ જેમકે કુર્આનમાં સહાબા (રદિ.) વિશે આવ્યું છે, رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ (રદિયલ્લાહુ અન્હુમ વ રદૂ અન્હુ).

(રૂહુલ મઆની)

સલાતો સલામના હુકમોની સંપૂર્ણ ચર્ચા મુજ નાચીઝે "તન્કિહુલ કલામ ફિ અહકામિ સલાત વસ્સલામ"માં કરી છે જે અરબી ભાષામાં અહકામુલ કુર્આનમાં સૂરએ અહઝાબના ભાગ સ્વરૂપે પ્રકાશિત થઈ ચૂકી છે.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૫૭-૫૮)

إِنَّ الَّذِينَ يُؤْذُونَ اللّٰهَ وَرَسُولَهُ لَعَنَهُمُ اللّٰهُ فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَأَعَدَّ لَهُمْ عَذَابًا مُّهِينًا ﴿٥٧﴾ وَالَّذِينَ يُؤْذُونَ الْمُؤْمِنِينَ وَالْمُؤْمِنَاتِ بِغَيْرِ مَا اكْتَسَبُوا فَقَدِ احْتَمَلُوا بُهْتَانًا وَإِثْمًا مُّبِينًا ﴿٥٨﴾ ع

તરજુમો :

બેશક ! જે લોકો અલ્લાહને અને તેના રસૂલ (ﷺ)ને સતાવે છે તેમના ઉપર અલ્લાહે દુનિયા અને આખિરતમાં લા'નત કરી અને તેમના માટે ઝિલ્લતનો અઝાબ તૈયાર રાખ્યો છે. (૫૭) અને જે લોકો મુસલમાન પુરુષોને અને મુસલમાન સ્ત્રીઓને તેમના ગુનાહ કર્યા વિના તોહમત લગાવે છે તો તેમણે તોહમતનો અને ઉઘાડા ગુનાહનો ભાર ઉઠાવ્યો. (૫૮)

તફસીર :

બેશક ! જે લોકો અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺને (જાણીબૂઝી) કષ્ટ આપે છે અલ્લાહ તઆલા તેમના ઉપર દુનિયા અને આખિરતમાં લા'નત કરે છે અને તેમના માટે ઝલીલ કરનારો અઝાબ તૈયાર કરી રાખ્યો છે અને (એ જ પ્રમાણે) જે લોકો ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓને તેમના ગુનાહ કર્યા વિના (કે જેનાથી તેઓ સજાના હકદાર થાય) કષ્ટ પહોંચાડે છે તો તેવા લોકો બોહતાન અને ઉઘાડા ગુનાહનો (પોતાના ઉપર) ભાર લાદે છે (એટલે કે જો

તેઓ મૌખિક કષ્ટ આપે છે તો તે બોહતાન છે અને કોઈ કાર્યવાહી તો ઉઘાડો સદંતર ગુનોહ છે જ).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં મુસલમાનોને તે વસ્તુઓ ઉપર ચેતવણી આપવામાં આવી હતી જેનાથી રસૂલે કરીમ ﷺને કષ્ટ અને તકલીફ પહોંચતી હતી પરંતુ અમુક મુસલમાન નાવાકેફ હોવાના કારણે અથવા ધ્યાન ન આપવાના કારણે વિના ઈરાદે પીડા પહોંચાડવામાં સંડોવાઈ જતા હતા, જેમકે આપ ﷺના મકાનોમાં દા'વત વિના ચાલ્યા જવું અથવા દા'વતના સમયે ઘણા પહેલાં આવીને બેસી જવું અથવા તો જમ્યા પછી રસૂલે કરીમ ﷺના ઘરમાં પરસ્પર વાતચીતમાં મશ્ગૂલ થઈને મોડું કરવું વગેરે જેના ઉપર આ આયતમાં ચેતવણી આપવામાં આવી છે ....يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَدْخُلُوا۟ بُيُوتَ ٱلنَّبِىِّ તે કષ્ટ એ હતું જે વિના ઈરાદે અને ગફલતથી પહોંચી જતું હતું, તેના ઉપર તો માત્ર ચેતવણી આપવાનું પૂરતું સમજવામાં આવ્યું, પ્રસ્તુત બે આયતોમાં તે કષ્ટ અને તકલીફનું વર્ણન છે જે ઈસ્લામ વિરોધીઓ કાફિરો અને મુનાફિકો તરફથી જાણીબૂઝીને રસૂલે કરીમ ﷺને પહોંચાડવામાં આવતું હતું એટલા માટે તફસીરના ખુલાસામાં અત્રે "જાણીબૂઝી"નો શબ્દ કૌંસમાં વધારવામાં આવ્યો છે જેમાં શારીરિક ઈજાઓ પણ સામેલ છે જે વિવિધ સમયો ઉપર કાફિરોના હાથે રસૂલે કરીમ ﷺને પહોંચી છે અને રૂહાની ઈજાઓ પણ જે રસૂલે કરીમ ﷺ ઉપર મહેણા ટોણા અને અઝ્‌વાજે મુતહ્હરાત (રદિ.) ઉપર તોહમતો લગાવવાથી પહોંચાડવામાં આવ્યું ઉપરોક્ત આયતોમાં તે ઈજા પહોંચાડનારાઓ ઉપર લા'નત અને સખત અઝાબની ચેતવણીઓ પણ આવી છે.

આ આયતની શરૂઆતમાં જે આ ઈરશાદ થયો કે જે લોકો અલ્લાહ તઆલાને ઈજા પહોંચાડે છે તેમાં ઈજા પહોંચાડવાનો ભાવાર્થ તે પ્રવૃત્તિઓ અને નિવેદનો છે જે મોટે ભાગે ઈજા અને કષ્ટનું કારણ બનતા હોય છે, જો કે અલ્લાહ તઆલાની જાત પાક દરેક પ્રકારના પ્રભાવો અને અસરોથી ઉચ્ચ છે, કોઈની મજાલ જ નથી કે ત્યાં સુધી કોઈ તકલીફ પહોંચાડી શકે પરંતુ એવી પ્રવૃત્તિઓ જેનાથી સ્વાભાવિકપણે ઈજા અને કષ્ટ પહોંચ્યા કરતું હોય છે તેને અલ્લાહ તઆલાની ઈજા તરીકે ઓળખાવવામાં આવ્યું છે.

એમાં તફસીરના ઈમામોમાં મતભેદ છે કે અત્રે અલ્લાહ તઆલાને ઈજા આપવાનો શું ભાવાર્થ છે ? અમુક તફસીરના ઈમામો તે પ્રવૃત્તિઓ અને નિવેદનોને તેનું કારણ ઠરાવ્યું છે જેના વિશે રસૂલે કરીમ ﷺની મૌખિક હદીષોમાં બતાવવામાં આવ્યું છે કે આ અલ્લાહ તઆલાની ઈજાનું કારણ છે, દાખલા તરીકે મુશ્કેલીઓ અને આફતોના સમયને બુરું કહેવું હકીકતમાં વાસ્તવિક કર્તા અલ્લાહ તઆલા છે, આ લોકો સમયને કર્તા સમજીને ગાળો આપતા હતા તો તે હકીકતમાં તે વાસ્તવિક કર્તા સુધી પહોંચતી હતી અને અમુક રિવાયતોમાં છે કે સજીવ વસ્તુઓની તસ્વીરો બનાવવી અલ્લાહ તઆલાને ઈજા પહોંચાડવાનું કારણ છે તો અલ્લાહ તઆલાને ઈજા અને કષ્ટ પહોંચાડવાનો ભાવાર્થ તે નિવેદનો અને પ્રવૃત્તિઓ થયા.

બીજું તફસીરના ઈમામોએ ફરમાવ્યું કે અહીંયાં વાસ્તવમાં રસૂલે કરીમ ﷺને પીડા આપવાથી રોકવા માટે ધમકી આપવાનો હેતુ છે પરંતુ આયતમાં રસૂલ ﷺની પીડા અને ઈજાને અલ્લાહ તઆલાની ઈજાના વિષયથી ઓળખાવવામાં આવ્યું કારણ કે રસૂલે કરીમ ﷺને ઈજા પહોંચાડવું વાસ્તવમાં અલ્લાહ તઆલાને જ ઈજા પહોંચાડવા સમાન છે જેમકે આગળ હદીષમા આવે છે અને કુર્આનની વર્ણનશૈલીથી પણ આ બીજા નિવેદનને જ અગ્રિમતા હોવાની જાણ થાય છે, કારણ કે પહેલાં પણ રસૂલે કરીમ ﷺની ઈજાનું વર્ણન હતું અને આગળ પણ તેનું જ વર્ણન આવી રહ્યું છે તથા રસૂલે કરીમ ﷺની ઈજાને અલ્લાહ તઆલાની ઈજા હોવું હઝરત અબ્દુર્રહમાન બિન મગફલ મુઝની (રહ.)ની રિવાયતથી સાબિત છે,

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَللّٰهَ اَللّٰهَ فِىْ اَصْحَابِىْ لَا تَتَّخِذُوْهُمْ غَرَضًا مِنْ بَعْدِىْ فَمَنْ اَحَبَّهُمْ فَبِحُبِّىْ اَحَبَّهُمْ وَمَنْ اَبْغَضَهُمْ فَبِبُغْضِىْ اَبْغَضَهُمْ وَمَنْ اٰذٰهُمْ فَقَدْ اٰذَانِىْ وَمَنْ اٰذَانِىْ فَقَدْ اٰذَى اللّٰهَ وَمَنْ اٰذَى اللّٰهَ يُوْشِكُ اَنْ يَّاْخُذَ، (ترمذی)

"રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મારા સહાબા (રદિ.) વિશે અલ્લાહથી ડરો, અલ્લાહથી ડરો, તેને મારા પછી પોતાના વિવાદ અને ટીકા ટિપ્પણીનું નિશાન ન બનાવો કારણ કે તેમનાથી જેમણે મહોબ્બત કરી મારી મહોબ્બતના કારણે

કરી અને જેમણે અદાવત રાખી મારી અદાવતના કારણે રાખી અને જેણે તેમને ઈજા પહોંચાડી તેમણે મને ઈજા પહોંચાડી અને જેમણે મને ઈજા પહોંચાડી તેમણે અલ્લાહને ઈજા પહોંચાડી અને જેમણે અલ્લાહને ઈજા આપી તો નિકટ છે કે અલ્લાહ તઆલા તેની પકડ કરશે." *(તિરમિઝી)*

જેમકે આ હદીષથી જાણ થઈ કે રસૂલે કરીમ ﷺની ઈજાથી અલ્લાહ તઆલાને ઈજા થાય છે એ જ પ્રમાણે એ પણ જાણ થઈ કે સહાબએ કિરામ (રદિ.)માંથી કોઈને ઈજા અને કષ્ટ પહોંચાડવું અથવા તો તેમની શા'નમાં ગુસ્તાખી કરવી રસૂલે કરીમ ﷺને ઈજા પહોંચાડવા સમાન છે.

આ આયતના શા'ને નુઝૂલ વિશે અનેક રિવાયતો છે, અમુકમાં છે કે હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ઉપર બોહતાન લગાવવા વિશે નાઝિલ થઈ છે. જેમકે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત છે કે જે સમયમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ઉપર તોહમત લગાવવામાં આવી તો અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુનાફિકના ઘરમાં અમુક લોકો એકઠા થયા અને આ તોહમતને ફેલાવવાની અને પ્રચાર કરવાની વાતો કરવા લાગ્યા, તે સમયે રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)થી તેની ફરિયાદ કરી કે આ લોકો મને કષ્ટ પહોંચાડે છે. *(મઝહરી)*

અમુક રિવાયતોમાં છે કે હઝરત સફિય્યહ (રદિ.)ના નિકાહ વખતે અમુક મુનાફિકોએ કટાક્ષ કર્યો, તેના વિશે નાઝિલ થઈ અને સાચી વાત એ જ છે કે આ આયત દરેક એવી ઘટના વિશે ઊતરેલી છે જેનાથી રસૂલે કરીમ ﷺને તકલીફ પહોંચે, તેમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.) ઉપર તોહમત પણ સામેલ છે અને હઝરત સફિય્યહ (રદિ.) તથા હઝરત ઝયનબ (રદિ.)ના નિકાહ વિશે મહેણા ટોણા મારવું પણ સામેલ છે, બીજું સહાબએ કિરામ (રદિ.)ને બુરું કહેવું અને તેમના ઉપર લાનતાન કરવું પણ સામેલ છે.

રસૂલે કરીમ ﷺને કોઈપણ રીતે કષ્ટ પહોંચાડવું કુફ્ર છે :

મસ્અલો :

જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺને કોઈપણ પ્રકારની પીડા પહોંચાડે, આપ ﷺની જાત અથવા સિફતોમાં કોઈ ખામીઓ કાઢે, ભલે સ્પષ્ટ રીતે હોય અથવા ઈશારાથી તે કાફિર થઈ ગયો અને આ આયતની રૂએ તેના ઉપર અલ્લાહ

તઆલાની લા'નત દુનિયામાં પણ થશે અને આખિરતમાં પણ.

(કાઝી ષનાઉલ્લાહની તફસીરે મઝહરી પ્રમાણે)

બીજી આયતમાં સામાન્ય મુસલમાનોને ઈજા પહોંચાડવું હરામ અને તોહમત અતિગંભીર હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે જ્યારે કે તે શરઈ રીતે તેનો હકદાર ન હોય. સામાન્ય મો'મિનોની આ શરત એટલા માટે લગાવવામાં આવી છે કે તેમાં બંને સ્વરૂપો હોઈ શકે છે, એ પણ હોઈ શકે છે કે કોઈ એવું કામ કર્યું છે જેના બદલામાં તેને સજા આપવી શરઈ રીતે વાજિબ છે અને પ્રથમ આયતમાં કારણ કે મા'મલો અલ્લાહ અને રસૂલે કરીમ ﷺને કષ્ટ પહોંચાડવાનો હતો તેમાં કોઈ શરત લગાવવામાં આવી નથી એટલા માટે કે ત્યાં આવી સજા જાઈઝ હોવાની લેશમાત્ર સંભાવના નથી.

શરઈ કારણ વિના દુઃખ પહોંચાડવું હરામ છે :

પ્રસ્તુત આયતમાં اَلَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ (الٰى) بُهْتَانًا થી કોઈ મુસલમાનને શરઈ કારણ વિના કોઈ પ્રકારની પીડા અથવા દુઃખ પહોંચાડવું હરામ સાબિત થયું અને રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો,

اَلْمُسْلِمُ مَنْ سَلِمَ الْمُسْلِمُوْنَ مِنْ لِّسَانِهٖ وَيَدِهٖ وَالْمُؤْمِنُ مَنْ اَمِنَهُ النَّاسُ عَلٰى

دِمَآئِهِمْ وَاَمْوَالِهِمْ (رَوَاهُ التِّرْمِذِىُّ عَنْ اَبِىْ هُرَيْرَةؓ ، مَظْهَرِى)

“મુસલમાન તો માત્ર તે વ્યક્તિ છે જેના હાથ અને જીભથી સૌ સુરક્ષિત હોય, કોઈને તકલીફ ન પહોંચે અને મો'મિન તો માત્ર તે જ છે જેનાથી લોકો પોતાના ખૂન અને માલની બાબતમાં સુરક્ષિત અને સલામત રહે.”

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૫૯ થી ૬૨)

يٰۤاَيُّهَا النَّبِىُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ

مِنْ جَلَابِيْبِهِنَّ ؕ ذٰلِكَ اَدْنٰٓى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۵۹﴾

لَئِنْ لَّمْ يَنْتَهِ الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ فِىْ قُلُوْبِهِمْ مَّرَضٌ وَّالْمُرْجِفُوْنَ فِى الْمَدِيْنَةِ

لَنُغْرِيَنَّكَ بِهِمْ ثُمَّ لَا يُجَاوِرُونَكَ فِيهَا إِلَّا قَلِيلًا ﴿٦٠﴾ مَّلْعُونِينَ ۖ أَيْنَمَا ثُقِفُوا

أُخِذُوا وَقُتِّلُوا تَقْتِيلًا ﴿٦١﴾ سُنَّةَ اللَّهِ فِي الَّذِينَ خَلَوْا مِن قَبْلُ ۖ وَلَن تَجِدَ

لِسُنَّةِ اللَّهِ تَبْدِيلًا ﴿٦٢﴾

તરજુમો :

હે નબી (ﷺ) પોતાની પત્નીઓને અને પોતાની પુત્રીઓને અને મુસલમાનોની સ્ત્રીઓને કહી આપો, પોતાના ઉપર પોતાની ચાદરો થોડી નીચી લટકાવી લે, તેમાં ઘણું નિકટ છે કે ઓળખાય જાય તો તેમને કોઈ સતાવે નહીં અને અલ્લાહ મહાન મા'ફ કરનારો મહાદયાળુ છે. (૫૯) અલબત્ત જો મુનાફિકો અને જેમના દિલમાં રોગ છે અને મદીનામાં જૂઠી ખબરો ઉડાવનારા (શરારતોથી) અટકે નહીં તો અમે તમને તેમની પાછળ લગાવી દઈશું, પછી તેઓ તમારી સાથે આ શહેરમાં રહેવા નહીં પામે પરંતુ થોડા દિવસ. (૬૦) ફિટકાર પામેલ (સ્થિતિમાં), જ્યાં જોવામાં આવ્યા પકડવામાં આવ્યા અને જાનથી માર્યા ગયા. (૬૧) અલ્લાહનો તે લોકો માટે આ નિયમ રહ્યો છે જેઓ પ્રથમ થઈ ચૂક્યા છે અને તમે અલ્લાહના નિયમ (સુન્નતુલ્લાહ)ને બદલાતો નહીં જુઓ. (૬૨)

તફસીર :

હે પયગમ્બર (ﷺ) ! પોતાની પત્નીઓને અને દિકરીઓને અને મુસલમાનોની સ્ત્રીઓને પણ કહી આપો કે (માથાથી) પોતાની ચાદરો (પોતાના ચહેરાની) ઉપર સહેજ નીચી કરી લે, તેનાથી જલદી ઓળખાઈ જશે તો કષ્ટ પહોંચાડવામાં નહીં આવે (એટલે કે કોઈ જરૂરતના કારણે બહાર નીકળવું પડે તો ચાદરથી માથું અને ચહેરાને પણ છુપાવી લેવામાં આવે, જેમકે સૂરએ નૂરમાં غَيْرَ مُتَبَرِّجَٰتٍ بِزِينَةٍ તેની તફસીર રિવાયત દ્વારા વર્ણન થઈ ચૂકી છે, કારણ કે કનીઝો માટે માથું સતરમાં સામેલ નથી અને ચહેરો ખોલવામાં તેમને આઝાદ સ્ત્રીઓથી વધારે છૂટછાટ છે જેનું કારણ એ છે કે તેઓ પોતાના માલિકની સેવામાં લાગેલી રહેતી હોય છે એટલા માટે કામકાજ માટે તેમને બહાર નીકળવાની અને

ચહેરો વગેરે ખોલવાની વધારે જરૂર પડે છે. તેનાથી વિપરીત આઝાદ સ્ત્રીઓ કે તેઓ એટલી મજબૂર નથી હોતી અને કારણ કે શરારતખોર લોકો આઝાદ સ્ત્રીઓની છેડતી કરવાની હિંમત તેમના કુટુંબના દબદબા અને ડરના કારણે કરતા ન હતા, કનીઝોની છેડતી કરતા હતા. અમુક સમયે કનીઝો સમજીને આઝાદ સ્ત્રીઓની પણ છેડતી કરવા લાગતા હતા એટલા માટે આ આયતે આઝાદ સ્ત્રીઓને કનીઝોથી અલગ તારવવા માટે પણ અને એટલા માટે પણ કે માથું અને ગળું વગેરે તેમના સતરમાં સામેલ છે રસૂલે કરીમ ﷺની પત્નીઓ અને સ્ત્રીઓ અને સામાન્ય મુસલમાનોની સ્ત્રીઓને એ હુકમ આપવામાં આવ્યો કે ચાદરોમાં ઢંકાઈને નીકળે જેને માથાથી સહેજ નીચે ચહેરા ઉપર લગાવ્યા કરે જેને ઘૂંઘટ કહેવામાં આવે છે. આ હુકમથી શરઈ પડદાના હુકમોની બજવણી પણ થઈ જશે અને ઘણી સહૂલતની સાથે શરારતખોર અને આવારા લોકોથી સુરક્ષા પણ પ્રદાન થશે. હવે, રહી ગઈ કનીઝો; તો બસ તેમની સુરક્ષાની વ્યવસ્થા આગલી આયતમાં આવશે) અને (આ ચહેરા અને માથાને ઢાંકવામાં જો કોઈ ઉણપ અથવા વિના ઈરાદે નિષ્કાળજી થઈ જાય તો) અલ્લાહ તઆલા મહાન બખ્શનારો મહાદયાળુ છે (તેને મા'ફ કરી દેશે, આગળ તે લોકોને ચેતવણી આપવામાં આવી છે જેઓ કનીઝોની છેડતી કર્યા કરતા હતા અને તે લોકોને પણ જેઓ એક બીજી શરારત પણ કરતા હતા કે મુસલમાનો વિરુદ્ધ ખોટી અફવાઓ ફેલાવીને તેમને પરેશાન કરવા ઈચ્છતા હતા, ફરમાવવામાં આવ્યું) અને (સામાન્ય મુનાફિકોમાંથી) તે લોકો જેમના દિલોમાં (વાસના અને વિષય લોલુપતાની) ખરાબી છે (જેના કારણે કનીઝોની છેડતી કરી તેમને પરેશાન કર્યા કરે છે) અને (તે જ મુનાફિકોમાં) તે લોકો જેઓ મદીનામાં (જૂઠી અને પરેશાન કરનારી) અફવાઓ ઉડાવ્યા કરે છે (આ લોકો) જો (પોતાની આ પ્રવૃત્તિઓથી) અટકશે નહીં તો અવશ્ય (કોઈક દિવસે) અમે તેમના ઉપર તમને થોપી દઈશું (એટલે કે તેમને મદીનામાંથી કાઢી મૂકવાનો હુકમ આપીશું) પછી (આ હુકમ પછી) આ લોકો તમારી પાસે મદીનામાં ઘણું ઓછું રહેવા પામશે તે પણ (દરેક તરફથી) ફિટકાર પામેલ (સ્થિતિમાં, એટલે કે મદીનામાંથી નીકળી જવાનો સામાન કરવા માટે જે કંઈ થોડી મુદત નિશ્ચિત કરવામાં આવશે તે મુદતમાં તો તેઓ અહીંયાં રહી લેશે અને તે મુદતમાં પણ દરેક તરફથી અપમાનિત અને

ઝલીલ થશે, પછી બહાર કાઢી મૂકવામાં આવશે અને પછી કાઢી મૂક્યા પછી પણ ક્યાંય શાંતિ સલામતી પામશે નહીં બલકે) જ્યાં મળશે પકડી લેવામાં અને મારવામાં આવશે (કારણ એ છે કે તે મુનાફિકોના કુફ્રનો તકાદો એ જ હતો પરંતુ નિફાકની આડમાં તેમને શરણ મળ્યું છે, જ્યારે ખુલ્લમ ખુલ્લો આવો વિરોધ કરવા લાગશે તો તે અવરોધ ઉઠી ગયો એટલા માટે તેમની સાથે પણ કુફ્રના મૂળ તકાદા પ્રમાણે વ્યવહાર થશે કે તેમનો દેશનિકાલો અથવા કેદ અને કતલ બધું જાઇઝ છે અને જો તેમને કાઢી મૂકવા માટે અમુક મુદ્દત નક્કી થઈ જાય તો આ મુદ્દતની અંદર કરારના કારણે સુરક્ષિત રહેશે, ત્યાર પછી જ્યાં મળશે કરાર પૂર્ણ થઈ જવાની બીનાએ તેમને કતલ કરવાની અથવા કેદ પકડવાની પરવાનગી હશે, મુનાફિકોને જે આ ધમકી આપવામાં આવી છે તેમાં કનીઝોને છેડતીથી બચાવવાની પણ વ્યવસ્થા કરવામાં આવી અને બીજી શરારતો અને અફવાહો ફેલાવવાની બાબતમાં પણ તોડ કરવામાં આવ્યો.

આયતનો ભાવાર્થ એ થઈ ગયો કે જો આ લોકો ખુલ્લમ ખુલ્લા હુકમોનો વિરોધ અને મુસલમાનોના વિરોધની પ્રવૃત્તિઓથી અટકી ગયા, ભલે પોતાની ગુપ્ત દોગલાપણાની ચાલબાજીઓમાં લાગેલા રહે.... તો આ સજા લાગુ ન થશે, નહિતર પછી સામાન્ય કાફિરોના હુકમમાં સામેલ થઈને શિક્ષાના હકદાર બની જશે અને ફસાદ તથા શરારતો ઉપર સજા લાગુ કરવી કંઈ તેઓની જ સાથે ખાસ નથી. બલકે) અલ્લાહ તઆલાએ તે (ફસાદી) લોકોમાં પણ પોતાનો આ જ સિદ્ધાંત (ચાલુ) રાખ્યો છે જે (તેમનાથી) પહેલાં થઈ ચૂક્યા છે (કે તેમને આસમાની શિક્ષાઓ આપી અથવા અંબિયા અલૈ.ના હાથથી જિહાદ દ્વારા સજાઓ અપાવી છે, બસ જો પહેલાં આવું ન થઈ ચૂક્યું હોત તો આવી શિક્ષામાં કોઈ બાંધછોડ થઈ શકતી હતી અને હવે તો તેની કોઈ સંભાવના જ નથી) અને તમે અલ્લાહ તઆલાના નિયમમાં (કોઈ વ્યક્તિ તરફથી) પરિવર્તન જોવા પામશો નહીં (કે અલ્લાહ તઆલાએ તો કોઈ હુકમ લાગુ પાડવા ઇચ્છ્યું અને કોઈ તેને રોકી શકે. શબ્દ سُنَّةَ اللّٰهِ "સુન્નતુલ્લાહ"માં તેની જાહેરાત કરી દીધી કે અલ્લાહ તઆલાની ઇચ્છા અને ઇરાદાથી પહેલાં કોઈ કાર્ય થઈ શકતું નથી અને وَلَنْ تَجِدَ لِسُنَّةِ اللّٰهِ تَبْدِيْلًا માં એ બતાવવામાં આવ્યું કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ વસ્તુનો ઇરાદો કરી લે છે તો તેને કોઈ રોકી નથી શકતું).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં સામાન્ય મુસલમાનો, પુરુષો અને સ્ત્રીઓને ઈજા પહોંચાડવાનું હરામ અને ગુનાહે કબીરા (જઘન્ય અપરાધ) હોવાનું અને વિશેષતઃ સય્યિદુલ મુઅ્મિનીન રસૂલે કરીમ ﷺને કષ્ટ પહોંચાડવું કુફ્રનું અને લા'નતનું કારણ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે. મુનાફિકો તરફથી બે પ્રકારની તકલીફો બધા મુસલમાનોને અને રસૂલે કરીમ ﷺને પહોંચતી હતી. પ્રસ્તુત આયતોમાં આ પીડાઓના તોડની વ્યવસ્થા છે અને તેના સંદર્ભમાં સ્ત્રીઓના પડદાના અમુક વિશેષ હુકમોનું વર્ણન એક યોગ્યતા આધારે આવ્યું છે જે આગળ જાણ થશે અને બંને પ્રકારની પીડાઓમાંથી એક એ હતી કે મુનાફિકોના સામાન્ય અને આવારા પ્રકારના લોકો મુસલમાનોની કનીઝોને કે જ્યારે તેઓ કામકાજ માટે બહાર જતી હતી ત્યારે તેમની છેડતી કર્યા કરતા હતા અને ક્યારેક કનીઝો સમજીને સ્વતંત્ર આઝાદ સ્ત્રીઓને પણ સતાવતા હતા જેના કારણે સામાન્ય મુસલમાનોને અને રસૂલે કરીમ ﷺને કષ્ટ પહોંચતું હતું.

બીજા પ્રકારની પીડા એ હતી કે આ લોકો હંમેશા એવી જૂઠી ખબરો ઉડાવતા હતા કે હવે ફલાણો આક્રમણકારી મદીના ઉપર ચઢાઈ કરનારો છે તે બધાનો નાશ કરી નાંખશે, પ્રસ્તુત આયતોમાં પ્રથમ પ્રકારની પીડાથી حَـــرَائِـــرُ (હરાઈર) ''સ્વતંત્ર આઝાદ સ્ત્રીઓ''ને બચાવવાની તાત્કાલિક અને સહેલી વ્યવસ્થા એ હોઈ શકતી હતી કે તેમને આ લોકો તેમના કુટુંબના દબદબા અને સમર્થનના કારણે ઈરાદાપૂર્વક છેડતી કરવાની હિંમત કરતા ન હતા ક્યારેક કનીઝો સમજીને તેઓ પણ તેમની છેડતીનો ભોગ બની જતી હતી, જો તેઓની ઓળખાણ થઈ જાય તો આ નોબત આવતી ન હતી એટલા માટે આવશ્યકતા પડી કે ''હરાઈર''ને કોઈ ખાસ વિશેષતા આપવામાં આવે જેથી સરળતા સાથે આપમેળે ઓછામાં ઓછું ''હરાઈર'' તો આ શરારતખોરોની ફસાદથી તાત્કાલિક ધોરણે સુરક્ષિત થઈ જાય અને કનીઝોની બીજા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે.

બીજી બાજુ શરીઅતે ઈસ્લામે હરાઈર અને કનીઝોના શરઈ પડદામાં જરૂરત પ્રમાણે એક તફાવત પણ રાખ્યો છે કે કનીઝોનો શરઈ પડદો તે છે કે જે હરાઈરનો પોતાના મહરમોની સામે હોય છે કે દાખલા તરીકે ચહેરો વગેરે ખોલવું

જે હરાઈર માટે પોતાના મહરમોની સામે જાઈઝ છે કનીઝો માટે બહાર પણ તેની પરવાનગી એટલા માટે આપવામાં આવી કે તેમનું કામ જ પોતાના માલિક અને તેમના ઘરની સેવા છે જેમાં તેમને બહાર પણ વારે ઘડીએ નીકળવું પડતું હોય છે તથા ચહેરો અને હાથ છુપાવી રાખવું મુશ્કેલ હોય છે, તેનાથી વિપરીત હરાઈર કે તેમને કોઈ જરૂરતથી બહાર નીકળવું પણ પડે તો કદી કદાચ જ હશે જેમાં સમગ્ર પડદાની કાળજી રાખવી મુશ્કેલ નથી એટલા માટે હરાઈરને આ હુકમ આપવામાં આવ્યો કે તેઓ લાંબી ચાદર જેમાં પોતાને ઢાંકીને નીકળે છે તેને પોતાના માથા ઉપરથી ચહેરાની સામે સહેજ લટકાવી લે જેથી અજનબી પુરુષો સામે ચહેરો ન આવે અને તેમનો પડદો પણ સંપૂર્ણ થઈ ગયો તથા બાંદીઓ કનીઝોથી વિશિષ્ટતા પણ પ્રાપ્ત થઈ ગઈ જેના કારણે તે શરારતખોર લોકોની છેડછાડથી આપમેળે સુરક્ષિત થઈ ગઈ અને કનીઝોની સુરક્ષાની વ્યવસ્થા આ મુનાફિકોને સજાની ધમકી સંભળાવીને કરવામાં આવી છે કે જો તેઓ તેનાથી અટકશે નહીં તો અલ્લાહ તઆલા તેમને દુનિયામાં પણ પોતાના નબી અને મુસલમાનોના હાથે સજા અપાવશે.

પ્રસ્તુત આયતમાં حُـــرَّةٌ (હુર્રહ) "આઝાદ સ્ત્રીઓ"ને પડદા માટે આ હુકમ આપવામાં આવ્યો છે, يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ તેમાં يُـدْنِيْنَ (યુદની-ન) એ اِدْنَــــاءٌ (ઈદનાઊન)થી બનેલ છે જેનો મૂળ શાબ્દિક અર્થ "નજીક કરવા"નો થાય છે અને શબ્દ عَـلَيْهِنَّ (અલયહિન્ન)નો અર્થ "પોતાના ઉપર" અને جَلَابِيْب (જલાબીબ) એ جَـلْبَـابٌ (જલબાબ)નું બહુવચન છે જે એક ખાસ લાંબી ચાદરને કહેવામાં આવે છે, આ ચાદરના સ્વરૂપ વિશે હઝરત ઈબ્ને મસઊદ (રદિ.) ફરમાવે છે કે તે ચાદર તે છે જે ઓઢણીની ઉપર ઓઢવામાં આવે છે. (ઈબ્ને કષીર) અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ તેનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણન કર્યું છે,

اَمَرَ اللّٰهُ نِسَآءَ الْمُؤْمِنِيْنَ اِذَا خَرَجْنَ مِنْ بُيُوْتِهِنَّ فِىْ حَاجَةٍ اَنْ يُّغَطِّيْنَ وُجُوْهَهُنَّ مِنْ فَوْقِ رُءُوْسِهِنَّ بِالْجَلَابِيْبِ وَيُبْدِيْنَ عَيْنًا وَّاحِدَةً (اِبْنِ كَثِيْر)

"અલ્લાહ તઆલાએ મુસલમાનોની સ્ત્રીઓને હુકમ આપ્યો કે જ્યારે તેઓ કોઈ જરૂરતથી પોતાના ઘરોએથી નીકળે તો પોતાના માથાઓની ઉપરથી આ

ચાદર લટકાવીને ચહેરાને છુપાવી લે અને માત્ર એક આંખ (માર્ગ જોવા માટે) ખુલ્લી રાખે."

ઈમામ મુહમ્મદ બિન સિરીન (રહ.) ફરમાવે છે કે મેં હઝરત ઉબયદહ સલમાની (રહ.)થી આ આયતનો અર્થ અને જલબાબનું સ્વરૂપ પૂછ્યું તો તેમણે માથાની ઉપરથી ચાદર..... ચહેરા ઉપર લટકાવીને છુપાવી લીધી અને માત્ર ડાબી આંખ ખુલ્લી રાખીને يُدْنِيْنَ جَلَابِيْبِ ની તફસીર પ્રાયોગિક સ્વરૂપે બતાવી.

માથા ઉપરથી ચહેરા ઉપર ચાદર લટકાવવી જે હઝરત ઈબ્ને અબ્બાસ અને હઝરત ઉબયદહ સલમાની (રદિ.)ના વર્ણનમાં આવ્યું છે એ શબ્દ عَلَيْهِنَّ (અલયહિન્ન)ની તફસીર છે કે પોતાના ઉપર ચાદરને નજીક કરવાનો ભાવાર્થ ચાદરને માથા ઉપરથી ચહેરા ઉપર લટકાવવું છે.

આ આયતે સ્પષ્ટ રીતે ચહેરાને છુપાવવાનો હુકમ આપ્યો છે તેમાંથી એ વિષયને સંપૂર્ણ સમર્થન મળે છે જે ઉપરોક્ત હિજાબની પ્રથમ આયતની નીચે વિગતવાર વર્ણન થઈ ચૂક્યું છે કે ચહેરા અને હથેળીઓ જો કે પોતે સતરમાં સામેલ નથી પરંતુ ફિત્નાના ડરના કારણે તેનું છુપાવવું પણ જરૂરી છે, માત્ર મજબૂરીના સ્વરૂપમાં તે બાકાત છે.

જરૂરી ખુલાસો :

આ આયતમાં حُرَّة (હુર્રહ) સ્ત્રીઓ એટલે કે આઝાદ સ્ત્રીઓને એક ખાસ પ્રકારના પડદાની સૂચના આપવામાં આવી છે કે ચાદરને માથા ઉપરથી લટકાવીને ચહેરાને ઢાંકી લે જેથી સામાન્ય બાંદીઓથી તેમની વિશિષ્ટતા થઈ જાય અને તેઓ બદમાશ અને શરારતખોર લોકોના ફિત્નાથી સુરક્ષિત થઈ જાય, પ્રસ્તુત વર્ણનમાં એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે તેનો એ ભાવાર્થ કદાપિ નથી કે ઈસ્લામે ઈસ્મત અને ઈફ્ફત (શીલરક્ષા અને પવિત્રતા)ની સુરક્ષામાં હરાઈર અને કનીઝો વચ્ચે કોઈ તફાવત કરી લીધો કે હરાઈરની સુરક્ષા કરી અને બાંદીઓને છોડી દીધી બલકે વાસ્તવમાં આ તફાવત આવારા શરારતખોર લોકોએ પોતે કરી રાખ્યો હતો કે હરાઈરની છેડતી કરવાની હિંમત કરતા ન હતા પરંતુ اِمَاء એટલે કે કનીઝોની છેડતી કરતા હતા, શરીઅતે ઈસ્લામે તેમને આપેલ આ તફાવતના અધિકારથી આ ફાયદો ઉઠાવ્યો કે સ્ત્રીઓનો મોટો ભાગ તો પોતે તેમના આ

મસ્અલા ઉપર અમલ કરવાના માધ્યમ દ્વારા.... આપોઆપ સુરક્ષિત થઈ જાય, બાકી રહ્યો કનીઝોનો મા'મલો તો તેમની ઈસ્મતની હિફાઝતનો મા'મલો પણ ઈસ્લામમાં એવો જ ફરજ અને જરૂરી છે જેમકે હરાઈરની બાબતમાં પરંતુ તેના માટે સખત કાયદો લાગુ પાડવા વિના છૂટકો નથી તો આગલી આયતમાં તેનો કાયદો બતાવ્યો કે જે લોકો પોતાની આ હરકતથી અટકે નહીં તેમને કોઈપણ રીતે મા'ફ કરવામાં નહીં આવે બલકે જ્યાં મળશે પકડવામાં આવશે અને કતલ કરવામાં આવશે, તેનાથી કનીઝોની ઈસ્મત પણ સુરક્ષિત કરવામાં આવી.

આથી સ્પષ્ટ થઈ ગયું કે અલ્લામહ ઈબ્ને હઝમ વગેરેએ જે પ્રસ્તુત શંકાથી બચવા માટે આયતની તફસીર જમહૂર ઉલમાથી અલગ પ્રકારે કરવાની તા'વીલ કરી છે તેની કોઈ આવશ્યકતા નથી, શંકા તો ત્યારે થઈ શકે છે જ્યારે કે કનીઝોની સુરક્ષાની કોઈ વ્યવસ્થા ન કરવામાં આવી હોય.

જે વ્યક્તિ મુસલમાન થઈ ગયા પછી મુર્તદ થઈ જાય તેને મોતની સજા આપવામાં આવશે :

પ્રસ્તુત આયતમાં પણ મુનાફિકોની બે પ્રકારની શરારતોનું વર્ણન કરીને તેનાથી ન અટકવાના સ્વરૂપમાં જે સજાનું વર્ણન કરવામાં આવ્યું છે, ફરમાવ્યું مَلْعُوْنِيْنَ اَيْنَمَا ثُقِفُوْا اُخِذُوْا وَقُتِّلُوْا تَقْتِيْلًا એટલે કે આ લોકો જ્યાં રહેશે લા'નત અને ફિટકાર તેમની સાથે હશે અને જ્યાં પણ મળશે ધરપકડ કરવામાં આવશે અને કતલ કરવામાં આવશે. આ સજા સામાન્ય કાફિરોની નથી અનેક કુર્આન અને સુન્નતની નુસૂસ તેના ઉપર સાક્ષી છે કે સામાન્ય કાફિરો માટે શરીઅતે ઈસ્લામમાં આ કાયદો નથી, બલકે કાયદો એ છે કે પ્રથમ તેમને ઈસ્લામની દા'વત આપવામાં આવે, તેમની શંકાઓ દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે તેના ઉપર પણ તેઓ ઈસ્લામ ન લાવે તો તેઓને મુસલમાનોના તા'બે જિમ્મી બનીને રહેવાનો હુકમ આપવામાં આવે, જો તેઓ તેનો સ્વીકાર કરી લે તો તેમની જાન અને માલ તથા આબરૂની સુરક્ષા મુસલમાનો ઉપર મુસલમાનોની જેમ જ ફરજ થઈ જાય છે, હા ! જો તેને પણ કબૂલ ન કરે અને યુદ્ધ કરવા માટે તૈયાર થઈ જાય તો તેમના મુકાબલામાં યુદ્ધ કરવાનો હુકમ છે.

આ આયતમાં તે લોકો વિશે જેલ અને કતલની સજા સંભળાવવામાં આવી

છે તેનું કારણ એ છે કે આ મા'મલો મુનાફિકોનો હતો જે પોતાને મુસલમાન કહેતા હતા અને જ્યારે કોઈ મુસલમાન ઈસ્લામના હુકમોનો ખુલ્લો વિરોધ અને ઈન્કાર કરવા માંડે તો તે શરીઅતની પરિભાષામાં મુર્તદ કહેવાય છે, તેની સાથે શરીઅતે ઈસ્લામમાં કોઈ સુલેહ નથી એ સિવાય કે તે તવબહ કરીને ફરી મુસલમાન બની જાય અને ઈસ્લામના હુકમોને પોતાના અમલોથી અને મૌખિક રીતે પણ સ્વીકાર કરી લે નહિતર પછી તેને કતલ કરવામાં આવશે, જેમકે રસૂલે કરીમ ﷺના સ્પષ્ટ આદેશો અને સહાબએ કિરામ (રદિ.)ના સામૂહિક અમલોથી સાબિત છે. મુસયલમા કઝ્ઝાબ અને તેના ટોળા વિરુદ્ધ સહાબાના ઈજ્માઅ્ અને સહમતીથી યુદ્ધ અને જિહાદ તથા મુસયલમાને કતલ કરવું વગેરે તેની પૂરતી સાક્ષી છે અને આયતના અંતમાં તેને અલ્લાહ તઆલાની કાયમી સુન્નત અને નિયમ ઠરાવવામાં આવ્યો છે, જેનાથી જાણ થાય છે કે અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં પણ મુર્તદની સજા કતલ જ હતી.

પ્રસ્તુત તફસીરના ખુલાસામાં તે સજાઓને સામાન્ય કાફિરો ઉપર લાગુ પાડવા માટે જે ખુલાસાઓ કરવામાં આવ્યા છે ઉપરોક્ત ચર્ચાથી તેની કોઈ આવશ્યકતા રહેતી નથી.

અમુક મસ્અલાઓ :

(૧) સ્ત્રીઓને જ્યારે કોઈ જરૂરતના કારણે ઘરેથી નીકળવું પડે તો લાંબી ચાદરથી સમગ્ર શરીર ઢાંકીને નીકળે અને આ ચાદરને માથાની ઉપરથી લટકાવીને ચહેરો પણ છુપાવીને ચાલે, બુરખો પણ તેના સ્થાને છે.

(૨) મુસલમાનોમાં એવી અફવાઓ ફેલાવવી હરામ છે જેનાથી તેમને ચિંતા અને પરેશાની થાય અને નુકસાન પહોંચે.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૬૩ થી ૬૮)

يَسْئَلُكَ النَّاسُ عَنِ السَّاعَةِ ؕ قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ ؕ وَمَا يُدْرِيْكَ لَعَلَّ السَّاعَةَ
تَكُوْنُ قَرِيْبًا ﴿۶۳﴾ اِنَّ اللّٰهَ لَعَنَ الْكٰفِرِيْنَ وَاَعَدَّ لَهُمْ سَعِيْرًا ﴿۶۴﴾ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ۚ لَا

يَجِدُوْنَ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿٦٥﴾ يَوْمَ تُقَلَّبُ وُجُوْهُهُمْ فِي النَّارِ يَقُوْلُوْنَ يٰلَيْتَنَآ
اَطَعْنَا اللّٰهَ وَاَطَعْنَا الرَّسُوْلَا ﴿٦٦﴾ وَقَالُوْا رَبَّنَآ اِنَّآ اَطَعْنَا سَادَتَنَا وَكُبَرَآءَنَا فَاَ
ضَلُّوْنَا السَّبِيْلَا ﴿٦٧﴾ رَبَّنَآ اٰتِهِمْ ضِعْفَيْنِ مِنَ الْعَذَابِ وَالْعَنْهُمْ لَعْنًا كَبِيْرًا ﴿٦٨﴾ ع

તરજુમો :

લોકો તમને કયામત વિશે પૂછે છે, તમે કહો ! તેની ખબર અલ્લાહની જ પાસે છે અને તમે શું જાણો કદાચ તે ઘડી નિકટ જ હોય ?! (૬૩) બેશક ! અલ્લાહે કાફિરોને ફિટકાર આપ્યો છે અને તેમના માટે ધગધગતી આગ (તૈયાર) રાખી છે. (૬૪) તેમાં જ હંમેશા રહ્યા કરે, કોઈ હિમાયતી ન પામે અને ન જ કોઈ મદદગાર. (૬૫) જે દિવસે તેમને ઊંધા મોંઢે આગમાં નાંખવામાં આવશે; કહેશે, કેવું સારું થાત જો અમે કહ્યું માન્યું હોત અલ્લાહનું અને કહ્યું માન્યું હોત રસૂલ (ﷺ)નું ! (૬૬) અને કહેશે, હે પરવરદિગાર! અમે પોતાના સરદારોનું અને પોતાના મોટાઓનું કહ્યું માન્યું, પછી તેમણે અમને માર્ગથી ભટકાવી દીધા. (૬૭) હે પરવરદિગાર ! તેમને બમણો અઝાબ અને ફિટકાર આપ, તેમને મોટો ફિટકાર (લા'નત આપ) ! (૬૮)

તફસીર :

(હે નબી ﷺ !) આ (ઇન્કારી) લોકો તમને કયામત વિશે સવાલ કરે છે (કે ક્યારે આવશે ?) તમે (તેમને જવાબમાં) કહી આપો કે તે(ના વખત)ની ખબર માત્ર અલ્લાહની જ પાસે છે અને તમને શું ખબર (કે ક્યારે છે ? બલકે તે લોકોએ ટૂંકમાં એટલું જાણી લેવું જોઈએ કે) અજબ નથી કે કયામત નજીકમાં જ આવી પડે ! (કારણ કે જ્યારે કોઈ સમય નિશ્ચિત નથી તો નજીકના સમયમાં તેની આવી પડવાની સંભાવના ઉપેક્ષિત કરી શકાતી નથી જેનો તકાદો એ હતો કે આ લોકો પરિણામથી ડરે અને તેની તૈયારીમાં લાગી જાય અને ઇન્કારયુક્ત સવાલો તથા ઠેકડી ઉડાવવાથી બચે.

અને કયામત નજીક હોવાનું કહેવાનું કારણ એ પણ હોઈ શકે છે કે કયામત દરરોજ નજીક જ આવતી જઈ રહી છે અને જે વસ્તુ સામેથી આવી રહી

હોય તેને નજીક જ સમજવામાં સમજદારી છે અને આ આધારે કયામતને પણ નજીક કહી શકાય છે કે કયામતની ભયાનક ઘટનાઓ અને મુશ્કેલીઓ સામે આ દુનિયાની સમગ્ર જિંદગી પણ ઘણી ઓછી લાગશે અને હજારો વર્ષોની આ કઠણાઈ સામે દુનિયાની જિંદગી અમુક દિવસો જેટલી હોવાની અનુભૂતિ થશે) બેશક ! અલ્લાહ તઆલાએ કાફિરોને રહમતથી દૂર કરી રાખ્યા છે અને તેમના માટે આતિશે સોઝાં (ધગધગતી આગ) તૈયાર કરી રાખી છે જેમાં તેઓ હંમેશા હંમેશ રહેશે, (અને) ન તો કોઈ દોસ્ત પામશે અને ન જ કોઈ મદદગાર, જે દિવસે તેમના ચહેરા દોઝખમાં અલટ પલટ કરવામાં આવશે (એટલે કે ચહેરાઓભેર ખસેડવામાં આવશે ત્યારે ચહેરાની આ બાજુએ તો ક્યારેક બીજી બાજુએથી અને તે સમયે અફસોસના માર્યા તેઓ) એવું કહેશે, હે કાશ ! અમે (દુનિયામાં) અલ્લાહનું આજ્ઞાપાલન કર્યું હોત ! અને અમે રસૂલનું આજ્ઞાપાલન કર્યું હોત (તો આજે આ મુસીબતમાં સપડાયા ન હોત) અને (અફસોસની સાથે પોતાને માર્ગ ભટકાવનારાઓ ઉપર ગુસ્સો આવશે ત્યારે) એવું કહેશે કે હે અમારા પરવરદિગાર ! અમે પોતાના સરદારોની વાત (એટલે કે સત્તાધીશોની વાત) અને પોતાના વડીલોનું (તેમનામાં કોઈ બીજા કારણે આ ખાસિયત જોવા મળતી હતી કે તેમની વાત માનવી અને અનુસરણ કરવું અમારા શિરે જરૂરી હતું, એટલે) કહ્યું માન્યું હતું, બસ તેમણે અમને (સીધા) માર્ગથી ભટકાવી દીધા હતા, હે અમારા પરવરદિગાર ! તેમને બમણી સજા આપજે અને તેમના ઉપર મોટી લા'નત કરજે (આ એવો વિષય છે જેમકે સૂરએ અઅ્રાફમાં ચોથા રુકૂઅ્માં આવી ચૂક્યું છે, رَبَّنَا هٰٓؤُلَآءِ اَضَلُّوْنَا فَاٰتِهِمْ عَذَابًا ضِعْفًا فِي النَّارِ જેનો જવાબ તે જ આયતમાં આ વર્ણન કરવામાં આવ્યો છે, لِكُلٍّ ضِعْفٌ)

મસ્અલા અને બોધપાઠ :

અગાઉની આયતોમાં અલ્લાહ તઆલા અને રસૂલ ﷺનો વિરોધ કરનારાઓને દુનિયા અને આખિરતની લા'નત (ફિટકાર) અને અઝાબની ધમકીઓ સંભળાવવામાં આવી હતી તથા કાફિરોના ઘણા ફિરકાઓ પોતે કયામત અને આખિરતના જ ઈન્કારી હતા અને ઈન્કારના કારણે તેઓ હાંસી કરવા અને ઠેકડી કરવા માટે પૂછ્યા કરતા હતા કે કયામત ક્યારે આવશે ? સૂરતના અંતે તેનો જવાબ પ્રસ્તુત આયતોમાં આપ્યો છે જેની તફસીર ઉપર આવી ચૂકી છે.

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૬૯-૭૦-૭૧)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ اٰذَوْا مُوْسٰى فَبَرَّاَهُ اللّٰهُ مِمَّا قَالُوْا ؕ وَكَانَ
عِنْدَ اللّٰهِ وَجِيْهًا ﴿٦٩﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا ﴿٧٠﴾ يُّصْلِحْ
لَكُمْ اَعْمَالَكُمْ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ فَازَ فَوْزًا عَظِيْمًا ﴿٧١﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમે તેમના જેવા ન થાઓ જેમણે મૂસા (અલૈ.)ને સતાવ્યા પછી તેમને અલ્લાહે તે લોકોના કહેલા (આરોપો)થી દોષમુક્ત બતાવ્યા અને અલ્લાહના ત્યાં તે આબરૂવાળા હતા. (૬૯) હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરતા રહો અને સીધી વાત કહો. (૭૦) કે તમારા માટે તમારા કર્મો શણગારી આપે અને તમને તમારા ગુનાહ મા'ફ કરી દે અને જે કોઈ અલ્લાહના અને તેના રસૂલના કહ્યા ઉપર ચાલ્યો તેણે મહાન મુરાદ (સફળતા) પામી લીધી. (૭૧)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમે તે લોકો જેવા ન થજો જેમણે (અમુક તોહમતો ઘડી કાઢીને) મૂસા (અલૈ.)ને પીડા આપી હતી, બસ તેમને અલ્લાહ તઆલાએ (તે આક્ષેપથી) દોષમુક્ત સાબિત કરી દીધા (એટલે કે હઝરત મૂસા અલૈ.ને તો કંઈ જ નુકસાન ન પહોંચ્યું બલકે તોહમત લગાવનારાઓ જ જૂઠા અને સજાના હકદાર ઠર્યા) અને તે (એટલે કે હઝરત મૂસા અલૈ.) અલ્લાહ સમીપ ઘણા સન્માનનીય (પયગમ્બર) હતા (એટલા માટે અલ્લાહ તઆલાએ તેમના દોષમુક્ત હોવાની જાહેરાત કરી, જેમકે અન્ય અંબિયા અલૈ.ની આ પ્રમાણેની તોહમતોથી મુક્તિ સાબિત કરવામાં આવી. ભાવાર્થ એ છે કે તમે રસૂલ ﷺનો વિરોધ કરીને તેમને કષ્ટ ન પહોંચાડજો કારણ કે તેમનો વિરોધ અલ્લાહનો વિરોધ છે, નહિતર તેના પરિણામમાં તમારું પોતાનું જ નુકસાન કરી બેસસો એટલા માટે દરેક કાર્યમાં અલ્લાહ અને રસૂલ ﷺનું આજ્ઞાપાલન કરજો જેનો હુકમ આગળ આવે છે કે) હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો (એટલે કે દરેક કાર્યમાં તેની

આજ્ઞાનું પાલન કરો) અને (ખાસ કરીને વાતચીત કરવામાં તેમની ઘણી આમાન્યા જાળવો કે જ્યારે વાત કરો) સીધી વાત કહો (જેમાં ન્યાય અને મધ્યમ કક્ષાને ન ઓળંગો) અલ્લાહ તઆલા (તેના બદલામાં) તમારા અમલોને કબૂલ કરશે અને તમારા ગુનાહ મા'ફ કરી આપશે (અમુક તેમના અમલોની બરકતથી અને અમુક તવબહની બરકતથી જે તકવા અને قَوْلِ سَدِيْد માં સામેલ છે) અને (આ આજ્ઞાપાલનનો બદલો છે અને આજ્ઞાપાલન એવી વસ્તુ છે કે) જે વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલ (ﷺ)ની આજ્ઞાનું પાલન કરે તો મોટી સફળતાએ પહોંચશે.

મસ્અલા અને બોધપાઠ :

આનાથી આગલી આયતોમાં અલ્લાહ તઆલા અને રસૂલ ﷺને કષ્ટ પહોંચાડવું ભયાનક અને ખતરનાક હોવાનું વર્ણન કરવામાં આવ્યું હતું, આ આયતમાં ખાસ સ્વરૂપે મુસલમાનોને અલ્લાહ તઆલા અને રસૂલ ﷺના વિરોધ કરવાથી બચવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કારણ કે આ વિરોધ તેમને કષ્ટ પહોંચવાનું કારણ છે.

પ્રથમ આયતમાં એક ઘટના હઝરત મૂસા (અલૈ.)ની છે જેમાં તેમની કોમે તેમને પીડા પહોંચાડી હતી, તે બાબતને વર્ણન કરીને મુસલમાનોને ચેતવણી આપવામાં આવી છે કે તમે એવું ન કરશો એટલા માટે એ જરૂરી નથી કે મુસલમાનોથી કોઈ એવું કામ થઈ ગયું હોય બલકે આગલાઓના બોધયુક્ત કિસ્સા સ્વરૂપે તેમને આ ઘટના સંભળાવીને માર્ગદર્શન આપવામાં આવ્યું છે અને એક રિવાયતમાં જે અમુક સહાબા (રદિ.)નો કિસ્સો નકલ થયો છે તેમાં સંભાવના એ જ છે કે તેમનું તે સમયે આ બાજુ ધ્યાન ગયું નહીં હોય કે આ વાક્યો રસૂલે કરીમ ﷺને કષ્ટ પહોંચવાનું કારણ છે, જાણીબૂઝીને ઈરાદાપૂર્વક કોઈ સહાબી (રદિ.) દ્વારા રસુલે કરીમ ﷺને કષ્ટ પહોંચાડવાની કોઈ સંભાવના નથી, જેટલા કિસ્સાઓ ઈરાદાપૂર્વક કષ્ટ પહોંચાડવાના છે તે બધા મુનાફિકોના છે અને હઝરત મૂસા (અલૈ.)નો કિસ્સો પોતે રસૂલે કરીમ ﷺએ વર્ણન કરીને આ આયતની તફસીર કરી દીધી છે જેને ઈમામ બુખારી (રહ.)એ "કિતાબુત્તફસીર" અને "કિતાબુલ અંબિયા (અલૈ.)"માં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત

કરી છે કે હઝરત મૂસા (અલૈ.) ખૂબ શરમાળ અને પોતાના શરીરને ઢાંકનારા હતા, તેમના શરીરને કોઈ જોતું ન હતું, જ્યારે ગુસ્લ (સ્નાન)ની જરૂરત પડતી તો પડદાની અંદર ગુસ્લ કરતા હતા, તેમની કોમ બની ઈસ્રાઈલમાં સામાન્ય રીતે એવો રિવાજ હતો કે પુરુષ બધાની સામે નગ્ન થઈને સ્નાન કરતા હતા તો અમુક બની ઈસ્રાઈલ કહેવા લાગ્યા કે હઝરત મૂસા (અલૈ.) જે કોઈની સામે નહાતા નથી તેનું કારણ એ છે કે તેમના શરીરમાં કોઈ ઐબ છે અથવા તો بَـــرَص છે અથવા તો خُـــصْيَتَيْن ખૂબ વધેલ છે અથવા કોઈ અન્ય તકલીફ છે, અલ્લાહ તઆલાએ ઈરાદો કર્યો કે હઝરત મૂસા (અલૈ.)ને આ પ્રકારની ખામીઓથી છૂટકારાની જાહેરાત કરી દે એટલા માટે એક દિવસે હઝરત મૂસા (અલૈ.)એ એકાંતમાં ગુસ્લ કરવા માટે પોતાના કપડાં એક પથ્થર ઉપર મૂકી દીધા જ્યારે ગુસ્લથી પરવારીને પોતાના કપડાં લેવા ઈચ્છ્યું તો આ પથ્થર (અલ્લાહના હુકમથી ચાલવા માંડ્યો અને) કપડાં લઈને નાસવા લાગ્યો, હઝરત મૂસા (અલૈ.) પોતાની લાઠી ઉઠાવી પથ્થર પાછળ એવું કહેતા કહેતા ચાલ્યા ثَوْبِىْ حَجَرُ ثَوْبِىْ حَجَرُ એટલે કે હે પથ્થર મારા કપડાં ! હે પથ્થર મારા કપડાં ! એટલે સુધી કે આ પથ્થર એવી જગ્યાએ જઈને થોભ્યો જ્યાં બની ઈસ્રાઈલની એક ભીડ હતી, તે સમયે બની ઈસ્રાઈલે હઝરત મૂસા (અલૈ.)ને માથાથી પગ સુધી નગ્ન હાલતમાં જોઈ લીધા તો તેમનું સંપૂર્ણ સ્વસ્થ અને ખામી રહિત શરીર જોયું (જેના વિશે તેઓ કહ્યા કરતા હતા તેવી કોઈ ઉણપ કે ખામી ન હતી) આ પ્રમાણે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.)ને તમામ પ્રકારની ખામીઓથી દોષમુક્ત હોવાની જાહેરાત બધાની સામે કરી દીધી, પથ્થર ત્યાં પહોંચીને થોભી ગયો હતો, હઝરત મૂસા (અલૈ.)એ પોતાના કપડાં ઉઠાવીને પહેરી લીધા, પછી મૂસા (અલૈ.)એ પથ્થરને લાઠીથી મારવાનું શરૂ કર્યું. અલ્લાહની કસમ ! આ પથ્થરમાં હઝરત મૂસા (અલૈ.)ની મારથી ત્રણ અથવા ચાર અથવા પાંચ અસરો સ્થાપિત થઈ ગઈ.

આ ઘટના વર્ણન કરીને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કુર્આનની આ આયતનો આ જ અર્થ છે, એટલે કે પ્રસ્તુત આયત كَالَّذِيْنَ اٰذَوْا مُوْسٰى નો. પ્રસ્તુત આયતમાં હઝરત મૂસા (અલૈ.)ને જે પીડા પહોંચાડવાનું વર્ણન છે તેની તફસીર આ કિસ્સામાં પોતે રસૂલે કરીમ ﷺ તરફથી નકલ થઈ છે, હઝરત મૂસા

(અલૈ.)ના કિસ્સા વિશે અમુક સહાબએ કિરામ (રદિ.)થી અન્ય વાત પણ મશ્હૂર છે તે પણ તેની સાથે જરૂર સંલગ્ન છે પરંતુ આયતની તફસીર તે જ પ્રચલિત છે જે મરફૂઅ્ હદીષમાં મોજૂદ છે.

وَكَانَ عِنْدَ اللّٰهِ وَجِيْهًا એટલે કે, હઝરત મૂસા (અલૈ.) અલ્લાહની નજીક સન્માનનીય હતા, અલ્લાહ સમીપ કોઈના સન્માનનીય અને આદરણીય હોવાનો મતલબ એ છે કે અલ્લાહ તેમની દુઆ કબૂલ કરે, તેમની ઈચ્છાઓને રદ ન કરે એટલા માટે હઝરત મૂસા (અલૈ.)નું "મુસ્તજાબુદઅ્વાત" (જેની બધી જ દુઆઓ કબૂલ થતી હોય તે) હોવું કુર્આનમાં તે અનેક ઘટનાઓથી સાબિત છે જેમાં તેમણે કોઈ વસ્તુની દુઆ માંગી અને અલ્લાહ તઆલાએ એ જ પ્રમાણે તેને કબૂલ કરી. તેમાં સૌથી વધોર આશ્ચર્યજનક એ બાબત છે કે હારૂન (અલૈ.)ને પયગમ્બર બનાવવાની દુઆને અલ્લાહ તઆલાએ કબૂલ કરીને તેમને હઝરત મૂસા (અલૈ.)ની સાથે રિસાલતમાં ભાગીદાર બનાવી દીધા, જ્યારે કે નુબુવ્વતનો હોદ્દો કોઈની સિફારસ કે ભલામણ ઉપર આપવામાં આવતો નથી. *(ઈબ્ને કષીર)*

અલ્લાહની સુન્નત એ છે કે અંબિયા (અલૈ.)ને એવી શારીરિક ખામીઓથી પણ મુક્ત રાખ્યા હતા જે સ્વાભાવિક સૂગપાત્ર હોય :

આ ઘટનામાં કોમની ઐબ લગાવવા ઉપર તેમના દોષમુક્ત હોવાને કાળજી સાથે ફરમાવ્યું. (મોઅ્જિઝા સ્વરૂપે પથ્થર કપડાં લઈને નાઠો અને મૂસા અલૈ. મજબૂરીથી લોકોની સામે નગ્ન આવી ગયા). આ બાબત એ બાબતની સૂચના આપે છે કે અલ્લાહ તઆલા પોતાના અંબિયા (અલૈ.)ના શરીરોને પણ સૂગપાત્ર અથવા નિમ્ન કક્ષાની ખામીઓથી મોટે ભાગે પવિત્ર અને દોષમુક્ત રાખે છે જેમકે બુખારીની હદીષથી આ વાત સાબિત થાય છે, અંબિયા (અલૈ.) બધા જ સન્માનનીય વંશમાં પેદા કરવામાં આવે છે કારણ કે ઘણું ખરું જે વંશ અને કુટુંબને લોકો તુચ્છ સમજે છે તેમની વાત સાંભળવા અથવા માનવા માટે તેમનું તૈયાર થવું મુશ્કેલ હોય છે, એ જ પ્રમાણે અંબિયા (અલૈ.)ના ઈતિહાસમાં કોઈ પયગમ્બર આંધળા, બહેરા, ગૂંગા, હાથ પગથી અપંગ હોવું સાબિત નથી અને હઝરત ઐયૂબ (અલૈ.)ના કિસ્સામાં એ બાબત ઉપર વાંધો નથી ઉઠાવી શકાતો, કારણ કે તેઓ અલ્લાહ તઆલાની હિકમતથી એક ખાસ પ્રકારની કસોટી અને

પરીક્ષા માટે અમુક દિવસ તકલીફમાં રહ્યા હતા પછી તે તકલીફને સમાપ્ત કરી દેવામાં આવી. વલ્લાહુ અઅ્લમુ.

يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا ٱتَّقُوا ٱللَّهَ وَقُولُوا قَوْلًا سَدِيدًا ۝ يُصْلِحْ لَكُمْ أَعْمَـٰلَكُمْ وَيَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ ۗ

قَوْل سَدِيْد (કવલન સદીદા)ની તફસીર અમુકે સચ્ચાઈની સાથે અને અમુકે સીધો માર્ગ અને અમુકે સવાબ વગેરે કરી છે, ઈબ્ને કષીર (રહ.)એ બધું નકલ કરીને ફરમાવ્યું કે બધું જ હક છે, ભાવાર્થ એ થયો કે કુર્આને કરીમે આ સ્થળે صَادِق (સાદિક) "સાચું" અથવા مُسْتَقِيْم (મુસ્તકીમ) "સીધો માર્ગ" વગેરેના શબ્દો છોડીને سَدِيْد (સદીદ)નો શબ્દ અપનાવ્યો છે, કારણ કે શબ્દ "સદીદ" આ બધા જ.... લક્ષણોનું મિશ્રણ છે એટલા માટે કાશફીએ રૂહુલ બયાનમાં કહ્યું કે "કવલે સદીદ" તે કૌલ છે જે સાચું નિવેદન હોય, જૂઠની તેમાં કોઈ ગંધ સુદ્ધા ન હોય, સવાબ હોય, જેમાં ભૂલ કે ઉણપની કોઈ છાંટ ન હોય, સાચી વાત ઉપર هَزْل (હિઝ્લ) એટલે કે મઝાક મશ્કરી અથવા દિલ્લગી ન હોય, વિનમ્ર વાતચીત હોય, મનને અખડે એવી વાતચીત ન હોય.

જીભની સુધારણા બાકી બધા અવયવોની સુધારણામાં પ્રભાવકારક માધ્યમ છે :

આ આયતમાં બધા મુસલમાનોને મૂળ હુકમ એ આપવામાં આવ્યો છે કે اِتَّقُوا اللّٰه એટલે કે, તકવો અપનાવો ! જેની વાસ્તવિકતા તમામ ઈલાહી હુકમોમાં સંપૂર્ણ આજ્ઞાપાલન છે કે બધા જ હુકમોનું અનુસરણ કરે અને બધા જ હરામ અને સૂગપાત્ર કામોથી બચે અને દેખીતું છે કે આ કાર્ય મનુષ્ય માટે સરળ નથી એટલા માટે اِتَّقُوا اللّٰهَ (ઈત્તકુલ્લાહ) પછી એક ખાસ અમલનું માર્ગદર્શન છે. એટલે કે, પોતાના નિવેદનની દુરુસ્તી અને સુધારણા. એ પણ જો કે એક તકવાનો જ ભાગ છે પરંતુ આ એવું અંગ છે કે જો તેના ઉપર કાબૂ પામી લેવામાં આવે તો તકવાના બાકી ભાગો આપોઆપ પ્રાપ્ત થતા ચાલ્યા જશે, જેમકે પ્રસ્તુત આયતમાં قَوْل سَدِيْد (કવલે સદીદ) અપનાવવાથી તેના પરિણામ સ્વરૂપે يُصْلِحْ لَكُمْ أَعْمَالَكُمْ નો વાયદો છે, એટલે કે જો તમે પોતાની જીભને ભૂલોથી

રોકી લીધી અને દુરુસ્ત વાતચીત અને સીધી વાત કહેવાની ટેવ ધરાવનારા બની ગયા તો અલ્લાહ તઆલા તમારા બધા અમલોની સુધારણા કરશે અને બધાને ઠીક કરી દેશે.... અને આયતના અંતે આ વાયદો ફરમાવ્યો કે, يَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ એટલે કે, જે વ્યક્તિએ પોતાની જીભ ઉપર કાબૂ પામી લીધો, સીધી વાતચીત અને સાચી વાતચીત કરવાનો આદી બની ગયો તો અલ્લાહ તઆલા તેના બાકી અમલોની પણ સુધારણા કરી દેશે અને જે ભૂલચૂક તેનાથી થઈ છે તેને મા'ફ કરી દેશે.

કુર્આની હુકમોમાં સરળતાની ખાસ કાળજી :

કુર્આને કરીમની સામાન્ય શૈલીમાં વિચાર કરવાથી જાણ થાય છે જ્યાં કોઈ હુકમ આપવામાં આવ્યો જેના અમલમાં કંઈક મહેનત અને અઘરાપણું હોય તો સાથે જ તેને સરળ કરવાની પદ્ધતિ પણ બતાવી દેવામાં આવી છે અને કારણ કે સમગ્ર દીનનો ખુલાસો તકવા (અલ્લાહનો ડર અને નીતિમત્તા) છે અને તેમાં પૂરા ઊતરવું ઘણું અઘરું છે એટલા માટે સામાન્ય રીતે જ્યાં "ઈત્તકુલ્લાહ"નો હુકમ આપવામાં આવ્યો છે ત્યાર પછી જ કોઈ અમલ એવો બતાવવામાં આવ્યો છે કે જેને અપનાવવાથી તકવાના બાકી અંગો ઉપર અમલ કરવું અલ્લાહ તરફથી સરળ કરી દેવામાં આવે છે, તેનું જ એક દષ્ટાંત આ આયતમાં اتَّقُوا اللّٰهَ પછી قُوْلُوْا قَوْلًا سَدِيْدًا ની તાકીદ છે અને તેનાથી આગલી આયતમાં اتَّقُوا اللّٰهَ પછી وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ آذَوْا مُوْسٰى કહીને એ વાત તરફ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે તકવાના માર્ગમાં સૌથી મોટો અવરોધ અલ્લાહ તઆલાના નેક અને સ્વીકૃત બંદાઓને કષ્ટ પહોંચાડવું છે તેને છોડી દો તો તકવા અપનાવવો સરળ બની જશે.

એક આયતમાં ઈરશાદ ફરમાવ્યો, اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ તેમાં તકવાને સરળ કરવા માટે એવા લોકોના સંગાથ અને સભામાં બેસવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા જેઓ વાતના સાચા હોય અને તેમના અમલ પણ સાચા હોય જેનો ખુલાસો અલ્લાહ તઆલાના વલી હોવું છે અને બીજી આયતમાં اتَّقُوا اللّٰهَ ની સાથે وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ વધારી દેવામાં આવ્યું, જેનો અર્થ એ છે કે દરેક મનુષ્યને એ બાબતની ફિકર હોવી જોઈએ કે તેણે આવતીકાલ માટે એટલે કે મહશરના દિવસ માટે શું સામાન મોકલ્યો છે ? જેનો ખુલાસો

આખિરતની ફિકર છે અને આ ફિકર તકવાના બધા જ વિભાગોને અપનાવવું સરળ કરી આપનારી વસ્તુ છે.

જીભ અને વાતચીતનું ઠીક હોવું દીન અને દુનિયાના બધા જ કામોને ઠીક કરનારી બાબત છે :

હઝરત શાહ અબ્દુલ કાદિર સાહબ દહેલ્વી (રહ.)એ આ આયતનો જે તરજુમો કર્યો છે તેનાથી એ જાણ થાય છે કે આ આયતમાં જે સીધી વાતની ટેવ ધરાવનાર હોવા ઉપર અમલોની સુધારણાનો વાયદો છે તે માત્ર દીની અમલો જ નહીં બલકે દુનિયાના બધા કામ પણ તેમાં સામેલ છે, જે વ્યક્તિ કવલે સદીદ એટલે કે સત્ય વાતને કરવાનો આદી થઈ જાય એટલે કે ક્યારેય જૂઠું ન બોલે, સોચી વિચારીને વાતચીત કરે, જે ભૂલ અને ચૂકથી પવિત્ર હોય, કોઈને ધોકો ન આપે, દિલને ઠેસ પહોંચે એવી વાત ન કરે, તેના આખિરતના અમલો દુરુસ્ત થઈ જશે અને દુનિયાના કામો પણ બની જશે. હઝરત શાહ સાહબનો તરજુમો આ છે કે (કહો સીધી વાત કે શણગારી આપે તમને તમારા કામ !)

આયતો : (સૂરએ અહઝાબ : આયત નં. ૭૨-૭૩)

إِنَّا عَرَضْنَا الْأَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَالْأَرْضِ وَالْجِبَالِ فَأَبَيْنَ أَنْ يَّحْمِلْنَهَا
وَأَشْفَقْنَ مِنْهَا وَحَمَلَهَا الْإِنْسَانُ ۖ إِنَّهُ كَانَ ظَلُومًا جَهُولًا ﴿٧٢﴾ لِّيُعَذِّبَ
اللّٰهُ الْمُنٰفِقِيْنَ وَالْمُنٰفِقٰتِ وَالْمُشْرِكِيْنَ وَالْمُشْرِكٰتِ وَيَتُوْبَ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ
وَالْمُؤْمِنٰتِ ۗ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٧٣﴾ ع

તરજુમો :

બેશક ! અમે અમાનત બતાવી આસમાનોને અને જમીનને અને પહાડોને પછી કોઈએ તેનો સ્વીકાર ન કર્યો કે તેને ઉઠાવે અને તેના (ઉઠાવવા)થી ડરી ગયા; અને તેને માનવીએ ઉઠાવી લીધું, બેશક આ છે ઘણો દયાહીન (પરિણામથી) અજ્ઞાન ! (૭૨) પરિણામે અલ્લાહ અઝાબ આપે મુનાફિક

પુરુષોને અને સ્ત્રીઓને અને શિર્ક કરનારા પુરુષોને અને સ્ત્રીઓને અને અલ્લાહ મા'ફ કરે ઈમાનવાળા પુરુષોને અને સ્ત્રીઓને અને અલ્લાહ મોટો મા'ફ કરનાર મહાદયાળુ છે. (૭૩)

તફસીર :

અમે આ અમાનત (એટલે કે હુકમો કે જે એક પ્રકારની અમાનત જ છે) આસમાનો અને જમીન અને પહાડોની સામે રજુ કરી હતી (એટલે કે તેમનામાં સમજદારી પેદા કરીને કે જે હમણા પણ છે તેની રૂબરૂ પોતાના હુકમો અને તેને માનવાના સ્વરૂપમાં તેના ઉપર ઈનામ અને માન સન્માન અને ન માનવાથી તેના ઉપર અઝાબ અને અપમાન રજુ કરીને તેને અપનાવવા અથવા ન અપનાવવાનો અધિકાર આપ્યો અને આવું કરવાનો ખુલાસો એ હતો કે જો તમે આ હુકમોને પોતાના માથે રાખતા હોય તો તે પ્રમાણે અમલ કરવાના સ્વરૂપમાં તમને સવાબ મળશે અને તેનો વિરોધ કરવાના સ્વરૂપમાં અઝાબ થશે અને જો નહીં લો તો તમને જવાબદાર નહીં બનાવવામાં આવે અને તમે સજા અને અઝાબના હકદાર બનશો નહીં, તમને બંને પ્રકારનો અધિકાર છે કે તેને ન લેવાથી નાફરમાન નહીં થાઓ, જે પ્રમાણે તેમને સમજ આપવામાં આવી હતી તે ટૂંકમાં આ પ્રમાણેનો વિષય સમજી લેવા માટે પૂરતી હતી, કારણ કે તેમને અધિકાર આપવામાં આવ્યો હતો) બસ તેમણે (ડર અને અઝાબની સંભાવનાના કારણે સવાબ અને ઈનામથી પણ હાથ ઊંચા કરી દીધા અને) તેની જવાબદારીથી ઈન્કાર કરી દીધો અને તે(ની જવાબદારી)થી ડરી ગયા (કે અલ્લાહને ખબર, શું પરિણામ આવે ? અને જો તે પોતાના શીરે જવાબદારી સ્વરૂપે સ્વીકારી લીધું હોત તો મનુષ્યોની જેમ તેમને પણ બુદ્ધિ અર્પણ કરવામાં આવી હોત જે હુકમો તથા સવાબ અને અઝાબની બાબતોને વિગતવાર સમજવા માટે જરૂરી છે, કારણ કે તેમણે આ બાબત મંજૂર ન કરી એટલા માટે તેમને બુદ્ધિની પણ આવશ્યકતા ન થઈ, મતલબ કે તેમણે તો પોતાની અશક્તિ જાહેર કરી દીધી) અને (જ્યારે આ આસમાનો, જમીન અને પહાડો પછી મનુષ્યને પેદા કરીને તેને આ જ વાત પૂછવામાં આવી તો) મનુષ્યએ (તેનું અલ્લાહના ઈલ્મમાં ખલીફા બનવાનું નિશ્ચિત હતું) તેને પોતાના શીરે લઈ લીધું (લગભગ તે સમય સુધી તેમાં એટલી જ જરૂરત પૂરતી જ સમજ હશે અને લગભગ આ રજુ કરવું "મીષાક" કરારે અજલી વાત છે અને તે મીષાક આ જ

અમાનતના ભાર ઉઠાવવાનો એક ભાગ છે અને તે મીષાક સમયે તેમાં બુદ્ધિ અર્પણ કરવામાં આવી હશે અને આ કોઈ ખાસ મનુષ્ય એટલે કે માત્ર આદમ અલૈ.ને પૂછવામાં નહીં આવ્યું હોય, બલકે જે રીતે ઉલ્લેખ સમગ્ર માનવજાતિનો કરવામાં આવ્યો હતો આ બાબતે પણ બધા જ માનવોને પૂછવામાં આવ્યું હશે અને તેની જવાબદારી પણ સર્વસામાન્ય હતી. બસ આસમાનો, ધરતી અને પહાડો તેના જવાબદાર ન બન્યા અને આ મનુષ્યને તેનો જવાબદાર ઠરાવી દેવામાં આવ્યો. આ આયતમાં તે બાબતને જ યાદ અપાવવી કદાચ તે જ હિકમતથી છે જેમકે મીષાક યાદ અપાવ્યો, એટલે કે તે હુકમોને તમે પોતે તમારા શીરે લીધા છે તો પછી તેને નિભાવવા જોઈએ અને કારણ કે તેના જવાબદાર જિન્નાતો પણ છે એટલા માટે કદાચ તે આ સહમતી અને ભાર ઉઠાવવાની જવાબદારીમાં સામેલ છે પરંતુ મનુષ્યનું ખાસ વર્ણન એટલા માટે છે કે આ સ્થળે વાતચીત માનવી સાથે જ થઈ રહી છે પછી તેની જવાબદારી પછી માનવીની પરિસ્થિતિ બધા વ્યક્તિઓના આધારે એ થઈ કે) તે (મનુષ્ય અમલોમાં) જાલિમ છે (અને અમલોમાં), જાહિલ છે (એટલે કે બંને બાબતોમાં એટલે કે અમલોમાં પણ અને અકીદાઓમાં પણ વિરોધ વંટોળ કરે છે, આ તો ઘણા વ્યક્તિઓની પરિસ્થિતિ છે બાકી સમગ્ર માનવજાતના આધારે તેની જવાબદારીનું) પરિણામ એ થયું કે અલ્લાહ તઆલા મુનાફિક પુરુષો અને મુનાફિક સ્ત્રીઓ અને શિર્ક કરનારા પુરુષો અને શિર્ક કરનારી સ્ત્રીઓને (કે આ લોકો હુકમોને બરબાદ કરનારા છે) સજા આપશે અને મો'મિન પુરુષો અને મો'મિન સ્ત્રીઓ ઉપર ધ્યાન (અને રહમત) કરશે અને (અમુક વિરોધ પછી પણ જો કોઈ તવબહ કરી પાછો ફરે તો પછી તેને પણ મો'મિન પુરુષો અને મો'મિન સ્ત્રીઓના વર્ગમાં સામેલ કરી લેવામાં આવશે કારણ કે) અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનાર મહાદયાળુ છે.

મસ્અલા અને બોધપાઠ :

આ સમગ્ર સૂરતમાં રસૂલ ﷺનું સન્માન અને આદરની જાળવણી તથા તેમની આજ્ઞાનું પાલન કરવા ઉપર ભાર આપવામાં આવ્યો છે. સૂરતના અંતે આ આજ્ઞાપાલનનું ઉચ્ચ સ્થાન અને તેનો દરજ્જો બતાવવામાં આવ્યો છે, તેમાં અલ્લાહ અને તેના રસૂલ ﷺના આજ્ઞાપાલન અને તેમના હુકમો ઉપર અમલ કરવાને અમાનત તરીકે ઓળખાવવામાં આવ્યું છે, જેનું કારણ આગળ આવશે.

અમાનતથી શું ભાવાર્થ છે ? :

આ સ્થળે શબ્દ "અમાનત"ની તફસીરમાં તફસીરના ઈમામો, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) વગેરેના ઘણા નિવેદનો નકલ થયા છે, શરીઅતની ફરજો, સીલ રક્ષા, માલની અમાનત, જનાબતનું (ફરજ) ગુસ્લ, નમાઝ, ઝકાત, રોઝા, હજ્જ વગેરે, એટલા માટે જમહૂર તફસીરકારોએ ફરમાવ્યું કે દીનના બધા જ અરકાનો અને અમલો તેમાં સામેલ છે. *(કુર્તુબી)*

તફસીરે મઝહરીમાં ફરમાવ્યું છે કે શરીઅતની બધી જ ફરજો અને પ્રતિબંધોની તકલીફોનું મિશ્રણ અમાનત છે, અબૂ હય્યાને બહરે મુહીતમાં ફરમાવ્યું,

اَلظَّاهِرُ اَنَّهَا كُلُّ مَايُؤْتَمَنُ عَلَيْهِ مِنْ اَمْرٍ وَنَهْيٍ وَشَانٍ وَدِيْنٍ وَدُنْيَا وَالشَّرْعُ كُلُّهٗ اَمَانَةٌ وَهٰذَا قَوْلُ الْجُمْهُوْرِ،

"દરેક તે વસ્તુ જેમાં માનવી ઉપર ભરોસો કરવામાં આવે છે એટલે કે "અમ્ર અને નહી" (કરવું અને ના કરવું) તથા દરેક પરિસ્થિતિ જેનો દીન અને દુનિયા સાથે સંબંધ હોય અને પૂરેપૂરી શરીઅત "અમાનત" છે. આ જ જમહૂરનો અભિપ્રાય છે."

ખુલાસો એ છે કે અમાનતનો ભાવાર્થ શરીઅતના હુકમોના જવાબદાર અને તેના બંધનકર્તા હોવું છે જેમાં પૂરા ઊતરવાથી જન્નતની કાયમી નેઅ્મતો અને તેના વિરુદ્ધ અથવા તેમાં ઉણપ રાખવાથી જહન્નમનો અઝાબ નિશ્ચિત થયેલ છે અને અમુક લોકોએ કહ્યું કે અમાનતનો ભાવાર્થ અલ્લાહના હુકમોનો ભાર ઉઠાવવાની ક્ષમતા અને શક્તિ છે જે બુદ્ધિ અને સમજદારીની ખાસ કક્ષા ઉપર અવલંબિત છે અને પ્રગતિ તથા અલ્લાહ તઆલાની ખિલાફતનો હક આ જ ખાસ ક્ષમતા ઉપર અવલંબિત છે, જે મખ્લૂકોમાં આ ક્ષમતા નથી તે પોતાના સ્થળે ગમે એટલું ઊંચું અને શ્રેષ્ઠ કક્ષાનું સ્થાન ધરાવતા હોય પરંતુ તે આ સ્થાનેથી પ્રગતિ કરી શકતા નથી, એ જ કારણે આસમાન અને જમીન વગેરેમાં એટલે સુધી કે ફરિશ્તાઓમાં પણ પ્રગતિ નથી, જેમનું જે નિકટતતાનું સ્થાન છે બસ તે જ રહે છે, તેમની હાલત مَا مِنَّا اِلَّا لَهٗ مَقَامٌ مَّعْلُوْمٌ છે. એટલે કે, "અમારામાંથી કોઈ નથી

જેમનું નિશ્ચિત સ્થાન ન હોય.''

અમાનતના આ ભાવાર્થમાં હદીષની બધી જ રિવાયતો જે અમાનત વિશે આવી છે તેનું જોડાણ અને સુમેળ સધાઈ જાય છે, જમહૂર તફસીરકારોના નિવેદનો ત્યાંથી લગભગ સહમત થઈ જાય છે.

સહીહેન, બુખારી અને મુસ્લિમ તથા મુસ્નદે અહમદમાં હઝરત હુઝયફા (રદિ.)ની રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ અમને બે હદીષો સંભળાવી હતી, તેમાંથી એકને તો અમે પોતે આંખોથી જોઈ લીધું અને બીજાની રાહ જોઈએ છીએ.

પ્રથમ હદીષ એ છે કે પ્રથમ દીનવાળા પુરુષોના દિલોમાં અમાનત નાઝિલ કરવામાં આવી, પછી કુર્આન ઉતારવામાં આવ્યું તો ઈમાનવાળાઓએ કુર્આનથી ઈલ્મ પ્રાપ્ત કર્યું અને સુન્નતથી અમલ મેળવ્યો.

ત્યારબાદ બીજી હદીષ આ સંભળાવી કે (એક સમય એવો આવવાનો છે જેમાં) વ્યક્તિ સૂઈને ઉઠશે તો તેના દિલમાંથી અમાનત જપ્ત કરી લેવામાં આવશે અને તેની કંઈક અસર અને નિશાન એવું રહી જશે જેમકે તમે કોઈ આગના અંગારાને પોતાના પગ ઉપર સરકાવો (તો તે અંગારો તો ચાલ્યો ગયો પરંતુ) તેનો પ્રભાવ પગ ઉપર સોજો અથવા ચાંદા સ્વરૂપે રહી ગયો, જ્યારે કે તેમાં આગનું કોઈ પાસું નથી. (اِلٰى قَوْلِهٖ) અહીંયાં સુધી કે લોકો પરસ્પર વ્યવહારો અને કરારો કરશે પરંતુ કોઈ અમાનતનો હક અદા કરશે નહીં અને (અમાનતદાર પ્રામાણિક માણસનો એવો દુષ્કાળ પડશે કે) લોકો એવું કહ્યા કરશે કે ફલાણા કબીલામાં એક વ્યક્તિ અમાનતદાર (પ્રામાણિક) હતો.

આ હદીષમાં અમાનત એક એવી વસ્તુને ઠરાવવામાં આવી છે જેનો સંબંધ માનવીના દિલ સાથે છે અને તે જ શરીઅતની તકલીફો તથા દીનની જવાબદારીઓ માટે બંધનકર્તા હોવાની ક્ષમતા અને સલાહિયત ધરાવે છે.

મુસ્નદે અહમદમાં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર (રદિ.)થી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે ચાર વસ્તુઓ એવી છે કે તે જ્યારે તમને પ્રાપ્ત થઈ જાય તો દુનિયાની અન્ય કોઈ વસ્તુ ન મળે તો કોઈ અફસોસની વાત નથી. (તે ચાર વસ્તુઓ આ છે) અમાનતની હિફાઝત, વાતની સચ્ચાઈ, સારી વર્તણૂક અને હલાલ કોળિયો. *(ઈબ્ને કષીરમાંથી)*

અમાનતની સુરક્ષા અને અમાનત સોંપણીના માર્ગનું સંશોધન :

પ્રસ્તુત આયતમાં એ ઈરશાદ છે કે અમે અમાનતને આસમાનો ઉપર, ધરતી ઉપર અને પહાડો ઉપર રજુ કરી તો બધાએ તેનો ભાર ઉઠાવવાથી ઈન્કાર કરી દીધો અને એનાથી ડરી ગયા કે અમે તેનો હક અદા કરી શકીશું નહીં અને મનુષ્યએ આ ભાર ઉઠાવી લીધો.

અહીંયાં આ વાત વિચારપાત્ર છે કે આસમાન, જમીન, પહાડ જે રૂહ વિનાના અને દેખીતી રીતે જ્ઞાનવિહોણા અને સમજ વિહોણા છે તેમની સામે રજુ કરવાની અને તેમના જવાબ આપવાની શું પરિસ્થિતિ હોઈ શકે છે ? અમુક લોકોએ તો તેને રૂપક અને ઉદાહરણ ઠરાવ્યું જેમકે કુર્આને કરીમે એક સ્થળે એક દષ્ટાંત સ્વરૂપે لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ફરમાવ્યું, એટલે કે "અમે આ કુર્આન પહાડ ઉપર નાઝિલ કર્યું હોત તો તમે જોયું હોત કે તે પણ તેના ભારથી ઝૂકી ગયો હોત અને અલ્લાહના ડરથી ટૂકડે ટૂકડા થઈ ગયો હોત." તેમાં એક ધારણા સ્વરૂપે આ દષ્ટાંત આપવામાં આવ્યું છે, એવું નથી કે વાસ્તવમાં કુર્આને કરીમને પહાડ ઉપર ઉતાર્યું હોત, આ લોકોએ આયત اِنَّا عَرَضْنَا ને પણ આ જ દષ્ટાંત અને રૂપક ઠરાવ્યું છે.

પરંતુ જમહૂર ઉલમા સમીપ એ સાચું નથી, કારણ કે જે આયતથી દષ્ટાંત ઉપર દલીલ લાવવામાં આવી છે ત્યાં તો કુર્આને કરીમે શબ્દ لَوْ (લવ)ની સાથે વર્ણન કરીને તેનો કિસ્સો કાલ્પનિક હોવાનું પોતે સ્પષ્ટ કર્યું છે અને આયત اِنَّا عَرَضْنَا (ઈન્ના અરદના)માં એક ઘટનાની સાબિતી છે જેને રૂપક અથવા ઉદાહરણ તરીકે ધારવું કોઈ દલીલ વિના જાઇઝ નથી અને જો દલીલમાં એવું કહેવામાં આવે કે આ વસ્તુઓ રૂહ વિનાની અને સમજ વિનાની છે અને તેમનાથી સવાલ જવાબ નથી થઈ શકતો તો આ કુર્આનની બીજી સ્પષ્ટતાઓથી નીંદનીય ધારણા છે, કારણ કે કુર્આનનો સ્પષ્ટ ઈરશાદ છે, وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ એટલે કે કોઈ વસ્તુ એવી નથી જે અલ્લાહના વખાણ અને તસ્બીહ પઢતી ન હોય અને દેખીતું છે કે અલ્લાહ તઆલાને ઓળખવો અને તેના સર્જનહાર તથા માલિક અને સૌથી ઉચ્ચ અને મહાન જાણીને તેની તસ્બીહ કરવી સમજ વિના શક્ય નથી એટલા માટે આ આયતથી સાબિત થયું કે સમજની એક કક્ષા દરેક મખ્લૂકમાં

એટલે સુધી કે નિર્જીવોમાં પણ મોજૂદ છે, આ જ સમજશક્તિની બીનાએ તેમને સંબોધન પણ કરવામાં આવે છે અને તે જવાબ પણ આપી શકે છે, જવાબના સ્વરૂપો વિવિધ પ્રકારના હોઈ શકે છે, શબ્દ અને ભાષા દ્વારા પણ હોઈ શકે છે, તેમાં કોઈ બૌદ્ધિક અડચણ નથી કે અલ્લાહ તઆલાએ તે નિર્જીવ આસમાન, જમીન કે પહાડો ઉપર અમાનતની જવાબદારી વાસ્તવિક રીતે આપવાની વાત કહી હોય અને તેમણે પોતાની લાચારી જાહેર કરી દીધી હોય, તેમાં કોઈ દષ્ટાંત અથવા રૂપક નથી.

અમાનતની સોંપણી કરવાની વાત સ્વૈચ્છિક હતી તે બળજબરીપૂર્વક ન હતું :

રહ્યો એ પ્રશ્ન કે જ્યારે અલ્લાહ તઆલા શા'નુહૂએ આસમાન અને જમીન વગેરે ઉપર આ અમાનતને પોતે રજુ કરી તો તેમની ઈન્કાર કરવાની મજાલ કઈ રીતે થઈ ? અલ્લાહ તઆલાના હુકમથી મોઢું ફેરવ્યું હતું તો તેમને નેસ્તનાબૂદ થઈ જવું જોઈતું હતું, તદુપરાંત તે આસમાન અને જમીન આજ્ઞાપાલક અને ફરમાનના તા'બેદાર હોવું કુર્આને કરીમની આયત اَتَيْنَا طَآئِعِيْنَ થી પણ સાબિત છે, એટલે કે જ્યારે અલ્લાહ તઆલાએ આસમાન અને જમીનને હુકમ આપ્યો કે (અમારા હુકમ ઉપર અમલ માટે) આવી જાઓ ભલે પોતાની ખુશીથી અથવા જબરદસ્તીથી તો બંનેએ એ જવાબ આપ્યો કે અમે હુકમના અમલ માટે ખુશીથી હાજર છીએ.

તેનો જવાબ એ છે કે પ્રસ્તુત આયતમાં તેમને એક હિકમતપૂર્ણ પાબંદીનો હુકમ આપવામાં આવ્યો હતો જેમાં એ પણ કહેવામાં આવ્યું હતું કે તમે આ હુકમ ઉપર દિલથી રાજી હોય કે ન હોય દરેક પરિસ્થિતિમાં તમારે આ હુકમ માનવો પડશે ! તેનાથી વિપરીત આ آیتِ عَرْضِ اَمَانَتْ (આયતે અરજે અમાનત) "અનામતની સોંપણીની આયત" છે, તેમાં અમાનતને રજુ કરીને તેમને અધિકાર આપવામાં આવ્યો હતો કે તેનો સ્વીકાર કરે અથવા ન કરે.

ઈબ્ને કસીરે વિવિધ સનદો સાથે અનેક સહાબાઓ (રદિ.) અને તાબિઈન (રહ.), ઈબ્ને અબ્બાસ (રદિ.), હસન બસરી (રહ.), મુજાહિદ (રહ.) વગેરેથી અરજે અમાનતની આ વિગત નકલ કરી છે કે અલ્લાહ તઆલાએ પ્રથમ

આસમાન ઉપર, પછી જમીન ઉપર, પછી પહાડો ઉપર સ્વૈચ્છિક સ્વરૂપે એ રજુ કર્યું કે અમારી અમાનત (એટલે કે હુકમોના આજ્ઞાપાલન)નો ભાર ઉઠાવો તે વળતર સાથે જે તેના માટે નક્કી છે. દરેકે પ્રશ્ન કર્યો કે વળતર શું છે ? તો બતાવવામાં આવ્યું કે અમાનત (એટલે કે હુકમોનું આજ્ઞાપાલન) તમે સંપૂર્ણ રીતે કર્યું તો તમને બદલો અને સવાબ અને અલ્લાહ તઆલા નિકટ ખાસ પ્રતિષ્ઠા મળશે અને જો હુકમો ઉપર અમલ ન કર્યો અથવા તેમાં ઉણપ રાખી તો અઝાબ અને સજા મળશે. આ બધી મોટી મોટી મહાકાય મખ્લૂકે આ સાંભળીને જવાબ આપ્યો કે હે અમારા પરવરદિગાર ! અમે હમણા પણ તારી આજ્ઞાના તા'બા હેઠળ જ ચાલી રહ્યા છે પરંતુ (જ્યારે અમને અધિકાર આપવામાં આવ્યો તો) અમે તે ભારને ઉઠાવવાથી પોતાને લાચાર પામીએ છીએ, અમને ન તો સવાબ જોઈએ છે અને ન જ અમે અઝાબ વેઠી શકીએ છીએ.

તફસીરે કુર્તુબીમાં હકીમ તિરમિઝીના હવાલાથી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની આ રિવાયત નકલ કરી છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે (આસમાન, જમીન વગેરે ઉપર અરજે અમાનત અને તેના જવાબ પછી) અલ્લાહ તઆલાએ હઝરત આદમ (અલૈ.)ને સંબોધન કરીને ફરમાવ્યું અને કહ્યું કે, અમે પોતાની અમાનત આસમાન, જમીનની સામે રજુ કરી તો તે તેનો ભાર ઉઠાવવાથી લાચાર થઈ ગયા તો તમે આ અમાનતના ભારને તે વસ્તુની સાથે જે તેની સાથે છે ઉઠાવશો ? તો હઝરત આદમ (અલૈ.)એ પ્રશ્ન કર્યો કે હે પરવરદિગાર ! તે વસ્તુ જે તેની સાથે છે તે શું છે ? જવાબ મળ્યો કે જો અમાનત ઉઠાવવામાં પૂરા ઊતર્યા (એટલે કે સંપૂર્ણ આજ્ઞાપાલન કર્યું) તો તમને બદલો મળશે (જે અલ્લાહ તઆલાની નિકટતા અને તેની ખુશી તથા જન્નતની કાયમી નેઅ્મતોના સ્વરૂપમાં હશે) અને જો આ અમાનતને બરબાદ કરી તો સજા મળશે. હઝરત આદમ (અલૈ.)એ (અલ્લાહ તઆલાની નિકટતા અને તેની ખુશીમાં પ્રગતિ થવાના શોખમાં) તેને ઉઠાવી લીધી એટલે સુધી કે અમાનતનો ભાર ઉઠાવવા ઉપર એટલો સમય પણ પસાર થયો ન હતો કે જેટલો ઝુહ્રથી અસ્ર સુધી હોય છે કે તેમાં શયતાને તેમને પ્રખ્યાત ભૂલથાપમાં સંડોવી દીધા અને જન્નતમાંથી બહાર કાઢવામાં આવ્યા.

અરજે અમાનતની ઘટના કયા સમયમાં થઈ :

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની જે રિવાયતો ઉપર પસાર થઈ છે તેનાથી જાણ થાય છે કે આ અરજે અમાનત આસમાન, જમીન વગેરે ઉપર હઝરત આદમ (અલૈ.)ના સર્જન પહેલાં ઘટેલ ઘટના હતી, પછી જ્યારે હઝરત આદમ (અલૈ.)ને પેદા કરવામાં આવ્યા તો તેમની સામે એ પણ વર્ણન કરવામાં આવ્યું કે તમારાથી પહેલાં આસમાન અને જમીન ઉપર પણ આ અમાનત રજુ કરવામાં આવી હતી જેને ઉઠાવાવની તેમનામાં શક્તિ ન હતી એટલા માટે તેમણે અશક્તિ જાહેર કરી.

અને દેખીતું એ છે કે આ અરજે અમાનતની ઘટના "મિષાકે અજલ" (અજલમાં માનવજાતિ પાસેથી આજ્ઞાપાલનનો લેવામાં આવેલા કરાર)થી પહેલાં એટલે કે, عَهْدِ اَلَسْتُ (અહ્દે અલસ્ત)થી પહેલાંનો છે, કારણ કે આ عَهْدِ اَلَسْتُ بِرَبِّكُمْ તે જ અમાનતના ભારની પ્રથમ કડી અને પોતાના હોદ્દાની શપથ લેવાના સ્થાને છે.

ખિલાફતે અરઝી (પૃથ્વીની ખિલાફત) માટે અમાનતનો ભાર ઉઠાવવાની ક્ષમતા જરૂરી છે :

અલ્લાહ તઆલાએ તકદીરે અજલીમાં હઝરત આદમ (અલૈ.)ને જમીનમાં પોતાના ખલીફા બનાવવાનું નક્કી કર્યું હતું અને આ ખિલાફત તેને જ સોંપવામાં આવી શકતી હતી જે અલ્લાહના હુકમોની આજ્ઞાપાલનનો ભાર ઉઠાવે, કારણ કે આ ખિલાફતનો હેતુ જ એ છે કે જમીન ઉપર અલ્લાહના કાયદાઓ લાગુ કરે, અલ્લાહ તઆલાની મખ્લૂકને અલ્લાહના હુકમોના આજ્ઞાપાલન ઉપર બાધ્ય કરે એટલા માટે તકવીની રીતે હઝરત આદમ (અલૈ.) આ અમાનતને ઉઠાવવા માટે તૈયાર થઈ ગયા જ્યારે કે બીજી મોટી મોટી મખ્લૂકો તેનાથી લાચાર થઈ ગઈ હોવાનું જાણ થઈ ચૂકી હતી. *(મઝહરી અને બયાનુલ કુર્આન)*

اِنَّهٗ كَانَ ظَلُوْمًا جَهُوْلًا માં શબ્દ ظَلُوْم (ઝલૂમ)નો ભાવાર્થ પોતાની જાત ઉપર અત્યાચાર કરનારા અને جَهُوْل (જહૂલ)નો ભાવાર્થ "પરિણામથી બેખબર" થાય છે, આ વાક્યથી દેખીતી રીતે એવું સમજાય છે કે આ સામાન્ય રીતે મનુષ્યની ટીકા માટે આવ્યું છે કે આ નાદાને પોતાની જાત ઉપર અત્યાચાર

કર્યો કે આટલો મોટો ભાર ઉઠાવી લીધો જે તેની શક્તિથી બહાર હતું પરંતુ કુર્આની ખુલાસાઓ પ્રમાણે ઘટના એમ નથી, કારણ કે મનુષ્યથી ભવાર્થ હઝરત આદમ (અલૈ.) હોય અથવા સમગ્ર માનવજાત તેમાં હઝરત આદમ (અલૈ.) તો માસૂમ નબી છે, તેમણે જે ભાર ઉઠાવ્યો હતો તેનો હક પણ ચોક્કસ રીતે અદા કરી દીધો, તેના જ પરિણામમાં તેમને અલ્લાહ તઆલાના ખલીફા બનાવીને જમીન ઉપર મોકલવામાં આવ્યા, તેમને ફરિશ્તાઓ પાસે સિજ્દહ કરાવવામાં આવ્યો અને આખિરતમાં તેમનું સ્થાન ફરિશ્તાઓથી પણ ઉચ્ચ કક્ષાનું રાખવામાં આવ્યું છે અને જો મનુષ્યજાતિ જ ભાવાર્થ સ્વરૂપે હોય તો આ સમગ્ર જાતિમાં લાખો અંબિયા (અલૈ.) છે અને કરોડો તે નેક સાલિહીન અને અવલિયા અલ્લાહ છે જેમના ઉપર ફરિશ્તા પણ નાઝ કરે છે, જેમણે પોતાના અમલથી સાબિત કરી દીધું છે કે તે આ અલ્લાહની અમાનતના ભારના યોગ્ય અને હકદાર હતા, તે જ અમાનતના હકને અદા કરનારાઓની બીનાએ કુર્આને હકીમે મનુષ્યજાતિને અશ્રફુલ મખ્લૂકાત (સમગ્ર સર્જનમાં શ્રેષ્ઠ) ઠરાવી. وَلَقَدْ كَرَّمْنَا بَنِيْٓ اٰدَمَ આનાથી સાબિત થયું કે ન તો હઝરત આદમ (અલૈ.) ટીકાપાત્ર છે અને ન જ સમગ્ર મનુષ્યજાતિ, એટલા માટે તફસીરકારોએ ફરમાવ્યું કે આ વાક્ય ટીકા માટે નથી બલકે લોકોના મોટા પ્રમાણના આધારે વર્ણનશૈલી આ પ્રમાણેની રાખવામાં આવી છે. ભાવાર્થ એ છે કે મનુષ્યજાતિની બહુમતી અજ્ઞાન અને અત્યાચારી સાબિત થઈ જેણે આ અમાનતના હકને અદા ન કર્યો અને નુકસાનમાં પડ્યા, કારણ કે બહુમતીની એવી હાલત હતી એટલા માટે તેનો સંબંધ મનુષ્યજાતિ સાથે જોડી દેવામાં આવ્યો.

ખુલાસો એ થયો કે આયતમાં "ઝલૂમ" અને "જહૂલ" માનવજાતમાંથી ખાસ તે વ્યક્તિઓને કહેવામાં આવ્યું છે, જે શરીઅતના આજ્ઞાપાલનમાં પૂરા ન ઊતર્યા.... અને અમાનતનો હક અદા ન કર્યો, એટલે કે ઉમ્મતના કાફિરો અને મુનાફિકો તથા ફાસિકો અને ફાજિરો તથા ગુનેહગાર મુસલમાન. આ તફસીર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), હઝરત ઈબ્ને ઝુબૈર (રદિ.), હઝરત હસન બસરી (રહ.) વગેરેથી નકલ થઈ છે. *(કુર્તુબી)*

અમુક લોકોએ ફરમાવ્યું કે શબ્દ "ઝલૂમ" અને "જહૂલ" આ સ્થળે ભોળા લોકોના અર્થમાં એક લાગણી સ્વરૂપે સંબોધન થયેલ છે કે તેમણે અલ્લાહ જલ્લ

શા'નુહૂની મહોબ્બત અને તેના નિકટતાના સ્થાન પ્રાપ્ત કરવાના શોખમાં અન્ય કોઈ પરિણામ વિશે ન વિચાર્યું, એ જ પ્રમાણે આ શબ્દ સંપૂર્ણ માનવજાતિ માટે પણ હોઈ શકે છે. તફસીરે મઝહરીમાં હઝરત મુજદ્દીદ અલ્ફે ષાની (રહ.) અને બીજા સુફિયાએ કિરામથી આ જ પ્રમાણેનો વિષય નકલ થયો છે.

لِّيُعَذِّبَ اللّٰهُ الْمُنٰفِقِيْنَ وَالْمُنٰفِقٰتِ.... એટલે કે, "ત્યાં સુધી કે અઝાબ આપશે અલ્લાહ તઆલા મુનાફિક પુરુષો અને મુનાફિક સ્ત્રીઓને અને મુશ્રિક પુરુષો અને સ્ત્રીઓને અને રહમત તથા મગફિરતથી નવાઝશે મો'મિન પુરુષો અને મો'મિન સ્ત્રીઓને." لِّيُعَذِّبَ (લિયુઅઝ્ઝિબ)માં શબ્દ لِ (લામ) એ હેતુ અથવા શરત માટે નથી બલકે અરબી ભાષાની પરિભાષાના અધારે لَامِ بَيَان عِلَّت (લામે ઈલ્લત) નથી પણ لَامِ عَاقِبَت (લામે આકીબત) છે. એટલે કે, જે કોઈ વસ્તુનું પરિણામ વર્ણન કરે; જેમકે એક અરબી શે'રમાં છે, لِدُوْا لِلْمَوْتِ وَابْنُوْا لِلْخَرَابِ એટલે કે, "પેદા થાઓ મોત માટે અને બાંધકામ કરો વેરાન થવા માટે." ભાવાર્થ એ છે કે દરેક પેદા થનારનું પરિણામ મોત અને દરેક બાંધકામનું પરિણામ ખંડેર છે.

આ વાક્યનો સંબંધ حَمَلَهَا الْاِنْسَانُ થી છે, એટલે કે મનુષ્યના અમાનતનો ભાર ઉઠાવવાનું પરિણામ એ આવશે કે મનુષ્યજાતિમાં બે પક્ષો પડી જશે, એક કાફિરો અને મુનાફિકો વગેરે જે અલ્લાહની આજ્ઞાપાલનથી બળવો કરીને અમાનતને બરબાદ કરનારા થશે, તેમને અઝાબ આપવામાં આવશે. બીજા મો'મિન પુરુષો અને મો'મિન સ્ત્રીઓ જે શરીઅતના હુકમોના આજ્ઞાપાલન દ્વારા અમાનતનો હક અદા કરી ચૂક્યા તેમની સાથે રહમત અને મગફિરતનો વર્તાવ થશે.

આ અંતિમ વાક્યમાં પણ ''ઝલૂમ'' અને ''જહૂલ''ના શબ્દોનું આ તફસીરથી સમર્થન થાય છે જે મોટા ભાગના તફસીરના ઈમામો દ્વારા ઉપરોક્ત વર્ણન કરવામાં આવ્યું છે કે સમગ્ર માનવજાતિ માટે આ નથી, બલકે ખાસ તે લોકો માટે જેમણે અલ્લાહની અમાનતને બરબાદ કરી. વલ્લાહુ અઅ્લમુ.

સૂરએ અહઝાબ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ! મુહર્રમુલ હરામે, હિજરી ૧૩૯૨

□□□□□□□□□□□

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ અહઝાબનો અનુવાદ પૂર્ણ થયો.

તારીખ : ૨૩ જૂન ૨૦૧૦ મુતાબિક ૧૦ રજબ હિજરી સન ૧૪૩૧

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

અનુક્રમણિકા

● અનુક્રમણિકા ●

કિતાબનું નામ : મઆરિફુલ કુર્આન (ગુજરાતી)

ભાગ : ૮ (આઠ)

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)
૪૬, રહમત નગર સોસાયટી,
આબાદ નગરની મસ્જિદ સામે,
બાયપાસ રોડ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ –૩૯૨૧૫૦
ફોન નં. (૦૨૬૪૪) ૨૨૧૪૮૬, મો. ૯૮૯૮૭૯૭૩૯૪

પ્રત સંખ્યા : ૧૧૦૦ (અગિયારસો)

પ્રકાશક : હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહબ (દા.બ.)
સ્થાપક તથા મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ,
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ,
(ગુજરાત–ઈન્ડિયા)
ફોન નં.: (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨
પ્રેસિડેંટ : મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલઃ લંડન–યુ.કે.
પ્રેસિડેંટ : મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત (લંડન–યુ.કે.)

પ્રકાશન વર્ષ : જુલાઈ ૨૦૧૩ બ મુતાબિક રમઝાન હિજરી ૧૪૩૪

હદિયો :

ટાઇપ સેટિંગ : સફવાન ઈલ્યાસ પટેલ (ખાનપુરી)
સાલેહ પ્રિન્ટર્સ, મો. ૭૫૬૭૯૩૪૪૩૬

Printed By : Rabbani Offset Printers, Motia Park, Bhopal.
Mo. 09303137321, (O) (0755) 3064655

મેળવવાનું સ્થળ

:: ઇન્ડિયામાં ::
જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ
ફોન નંબર :
(૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨

:: ઇંગ્લેન્ડમાં ::
Maulana Ismail Bhuta
101, Windsor Road,
London E7 ORA (U.K.)
Ph. (Fax) 020 8471 7866



કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

મઆરિફુલ કુર્આન


ગુજરાતી


મૂળ લેખક

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

અનુવાદક

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)





પ્રકાશક

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ, ગુજરાત (ઇન્ડિયા)